ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૨૨

સોમવાર, તા. ૨૭મી માર્ચ, ૨૦૦૬
ચૈત્ર ૬, ૧૯૨૮ શાકે

થી

બુધવાર તા. ૨૯મી માર્ચ, ૨૦૦૬
ચૈત્ર ૮, ૧૯૨૮ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**અગિયારમી ગુજરાત વિધાનસભા**

**નવમું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **સોમવાર, તા. ૨૭મી માર્ચ, ૨૦૦૬ / ચૈત્ર ૬, ૧૯૨૮ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩ - ૭૦ |
| ગૃહ મંત્રીશ્રીનું નિવેદન | ૭૧ - ૭૨ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૭૩ - ૭૩ |
| મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૬ | ૭૭ - ૭૭ |
| ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર (સુધારા) વિધેયક, ૨૦૦૬ | ૭૮ - ૮૧ |
| ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક, ૨૦૦૬ | ૮૨ - ૮૫ |
| મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૬ | ૮૬ - ૯૨ |
| ગુજરાત શિક્ષણ ઉપ-કર (સુધારા) વિધેયક, ૨૦૦૬ | ૯૩ - ૯૫ |
| મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક,૨૦૦૬ | ૯૬ - ૯૮ |
| ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ વિધેયક,૨૦૦૬ | ૯૯ - ૧૦૮ |
| **મંગળવાર, તા.૨૮મી માર્ચ, ૨૦૦૬ / ચૈત્ર ૭, ૧૯૨૮ શાકે** | |
| ટૂંકી મુદતનો પ્રશ્ન | ૧૦૯ - ૧૦૯ |
| તારાંકિત પ્રશ્નો | ૧૧૦ - ૧૨૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨૩ - ૧૬૧ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૧૬૨ - ૧૬૨ |
| ગૃહ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૧૬૩ - ૧૬૩ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૬૪ - ૧૬૪ |
| ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૦૬ | ૧૬૫ - ૧૭૧ |
| ગુજરાત વખાર વિધેયક, ૨૦૦૬ | ૧૭૨ - ૧૭૨ |
| ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ વિધેયક, ૨૦૦૬ | ૧૭૩ - ૧૮૯ |

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| ગુજરાત લગ્ન-નોંધણી વિધેયક, ૨૦૦૬ | ૧૯૦ - ૧૯૮ |
| ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર (રદ કરવા બાબત) વિધેયક, ૨૦૦૬ | ૧૯૯ - ૧૯૯ |
| ગુજરાત માળખાકીય વિકાસ (સુધારા)વિધેયક,૨૦૦૬ | ૨૦૦ - ૨૦૧ |
| ગુજરાત વ્યવસાયી બાંધકામ ઈજનેર વિધેયક, ૨૦૦૬ | ૨૦૨ - ૨૦૯ |
| ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, ૨૦૦૬ | ૨૧૦ - ૨૧૨ |
| મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) (ગુજરાત રદ કરવા બાબત) વિધેયક, | ૨૧૩ - ૨૧૩ |
| બિન સરકારી વિધેયકો | ૨૧૪ - ૨૧૫ |


## બુધવાર, તા. ૨૯મી માર્ચ, ૨૦૦૬ / ચૈત્ર ૮, ૧૯૨૮ શાકે


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૨૧૬ - ૨૨૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૨૯ - ૩૭૩ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૩૭૪ - ૩૭૪ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૩૭૫ - ૩૭૭ |
| ગૃહ(જેલ) મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૩૭૮ - ૩૭૮ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ -૪૪) | ૩૭૯ - ૩૭૯ |
| નાણા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૩૮૦ - ૩૮૦ |
| અધ્યક્ષશ્રીનો નિર્ણય | ૩૮૧ - ૩૮૧ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૩૮૨ - ૩૮૨ |
| ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક,૨૦૦૬ | ૩૮૩ - ૩૮૫ |
| નિયમ-૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ | ૩૮૬ - ૩૯૪ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ ( નિયમ-૧૦૨) | ૩૯૫ - ૪૦૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૦૯ - ૪૬૩ |
| સભ્યશ્રીઓનું હાજરી પત્રક | ૪૬૪ - ૪૭૦ |


*********

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૨૭મી માર્ચ, ૨૦૦૬**
**ચૈત્ર ૬, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી, પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**તત્કાલ ખેત વીજ જોડાણ અન્વયેની બનાસકાંઠા જિલ્લાની તાલુકાવાર પડતર અરજીઓ**

***૧૭૯૦૯ શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) બનાસકાંઠા જિલ્લામાં તત્કાલ ખેત વીજ જોડાણ યોજના અન્વયે તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી અરજીઓ તાલુકાવાર પડતરમાં છે અને

(૨) આવા તત્કાલ વીજ જોડાણ કેટલા સમયમાં આપવામાં આવશે?

**ઉર્જા મંત્રીશ્રી:**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તત્કાલ ખેત વીજ જોડાણ યોજના અન્વયે તા. ૩૧-૧-૦૬ સુધીની પડતર અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબની છે.

| તાલુકો | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|
| પાલનપુર | ૨૫૦ |
| અમરીગઢ | ૨૧૨ |
| દાંતીવાડા | ૨૧૩ |
| ધાનેરા | ૮૧૫ |
| ડીસા | ૪૭૭ |
| વડગામ | ૨૨૨ |
| કાંકરેજ | ૧૦૪ |
| ભાભર | ૩૩ |
| દીયોદર | ૮૨ |
| થરાદ | ૧૦૧૨ |
| વાવ | ૧૩ |
| દાંતા | ૮૨ |
| કુલ | ૩૫૧૫ |

(૨) પડતર અરજીઓમાં તબક્કાવાર વીજ જોડાણો આપવાનું આયોજન છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા જવાબમાં કહ્યું છે કે તબક્કાવાર વીજ જોડાણો આપવાનું આયોજન છે. તત્કાલ યોજના એવી છે કે ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ આપવા માટે સરકારશ્રીએ છાપામાં જાહેરાત આપી હતી કે આટલા દિવસની અંદર જે અરજી કરશે તેને તત્કાલ વીજ જોડાણ આપવામાં આવશે. તેની સાથે સાથે લખ્યું હતું કે જ્યાં જ્યાં કૂવા અથવા બોરમાં પાણી ઉપલબ્ધ હશે તેને જ આપવામાં આવશે. ૧૯૯૦-૯૧માં આર.ઈ.સી.ની રાહતવાળી અરજીઓ ખેડૂતોની પડી હતી તેને રદ કરીને એ જ સરવે નંબરમાં, કારણ કે ૨૦ વર્ષ સુધી મળે એવી તેમને આશા ન લાગી એટલે એ રદ કરાવીને તત્કાલ યોજનામાં ફેરવીને સરકારનું કમિટમૅન્ટ હતું. છાપામાં જાહેરાત આપી હતી એ મુજબ તેમણે અરજી કરી. અરજી આપી અને કૂવા અને બોર બનાવ્યા. એક બોરનો ઓછામાં ઓછો પાંચ લાખ રૂપિયા ખર્ચ કર્યો. ૩૫૧૫ બોર બનાસકાંઠામાં કર્યા. ૧૭૫ કરોડ રૂપિયા ખેડૂતોએ વ્યાજે લાવીને સરકારના કહેવા મુજબ, સરકારની જાહેરાત મુજબ ૧૭૫ કરોડ રૂપિયા ખર્ચીને બોર બનાવ્યા.

**અધ્યક્ષશ્રી** : ગોવાભાઈ, પ્રશ્ન ઉપર આવો.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : આજે એક વર્ષથી જોડાણ આપવાની કોઈ વાત નથી. જ્યારે પૂછીએ ત્યારે કહે કે તત્કાલ આપવામાં આવશે. ઑફિસમાં અધિકારી પાસે જઈએ તો કહે કે સરકારની હાલ ના છે. જેણે બોર કર્યા છે તે બોર પડ્યો પડ્યો ફેઈલ થઈ જાય. તો શું આ ૧૭૫ કરોડ રૂપિયાના બોર ફેઈલ થશે તેના સરકાર પૈસા આપશે? આનું વ્યાજ આપશે અથવા તો તત્કાલ યોજનામાં ક્યારે આપવા માગે છે? કેટલા સમયમાં આપવા માગે છે કે આ ખેડૂત જીવી શકે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગોવાભાઈએ મોટા ભાગની જે વાતો કરી તે સૂચન છે. તેમણે બીજો પ્રશ્ન પૂછયો કે ક્યારે આપવામાં આવશે? તો તેમાં લખ્યું છે કે તબક્કાવાર જોડાણ આપવામાં આવશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : એક વર્ષથી બોર બંધ પડ્યા છે. ટ્યૂબવેલ એક વર્ષથી બંધ રહે, ફેઈલ થઈ જાય, ખેડૂત બરબાદ થઈ જાય. કેટલા સમયમાં આપશો? તેનો સમય આપો, જેમ જેમ બીજી યોજનાઓ ચાલે.

**શ્રી સૌરભ પટેલ** : મારે સભ્યશ્રીને એ કહેવું છે કે સીધો સવાલ પૂછે. રાજકીય અવલોકન ન કરે. હું સીધા સવાલનો સીધો જવાબ આપવા તૈયાર છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : કેટલા સમયમાં જોડાણ આપશો?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લો એ બીજા બધા જિલ્લા કરતાં થોડી એની પરિસ્થિતિ જૂદી છે. ગુજરાત રેગ્યુલેટરી કમિશને સૂચન કર્યુ છે કે વી.આર. ૮ ટકા હોવો જોઈએ અને એ વી.આર. ૮ ટકા લાવવા માટે ઈલેકટ્રીસીટી બોર્ડ પૂરેપૂરો પ્રયાસ કરી રહ્યું છે. હું થોડીક માહિતી આપું છું કે વી.આર. ન મળે ખરેખર તો મોટર ઉપડતી નથી. મોટર ગરમ થાય છે. બળી જતી હોય છે. લાઈન બ્રેકેજ થતી હોય છે. ટ્રીપીંગ થતું હોય છે અને ફયુઝ બંધ થતા હોય છે. ટ્રાન્સફોર્મર બળી જાય છે. આ બધા પ્રશ્ન ઉપસ્થિત થતા હોય છે. વી.આર. બનાસકાંઠાની અંદર (અંતરાય). વી.આર. ન મળવાને કારણે આ પરિસ્થિતિ ઉભી થાય છે અને વી.આર. લાવવા માટે આપણે નવા સબસ્ટેશનો ઉભા કર્યા છે. ખાલી આપને દાખલો આપું કે ૨૦૦૪-૦૫ની અંદર ૭ નવા સબસ્ટેશનો પંચાડા, અમીરગઢ, જાગોર, દેવસાની.. (અંતરાય)

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે તો વી.આર. મળે આ જે આપશ્રીનું (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રેગ્યુલેટરી કમિશનનો ઑર્ડર હોય છે કે વી.આર. મળ્યા વગર આપવાનું નહીં, તત્કાલ યોજનાની અંદર સામાન્ય સંજોગોમાં તત્કાલની સમયમર્યાદામાં આપવાનું હોય છે. અસામાન્ય સંજોગો હોય એની અંદર સમયમર્યાદા વધારવાની હોય છે. આ અસામાન્ય સંજોગો છે અને અસામાન્ય સંજોગોને કારણે આપણે આપી શકયા નથી અને મારે એ કહેવું છે કે અમે સામાન્ય સંજોગો કરવા ઈચ્છીએ છીએ એના કારણે અમે હાથમાં કામ લીધું છે. હું ચોકકસપણે કહુ છું કે આવતા દિવસોની અંદર ઘ ણીબધી લાઈનો વી.આર. મળશે. ૨૦૦૪-૦૫ની અંદર અમે ૭ નવા સબસ્ટેશનો લીધા છે. ૨૦૦૫-૦૬ની અંદર ૭ સબસ્ટેશનો અને ૧- ૨૨૦ કે.વી.નું એમ કરીને ૮ સબસ્ટેશનો ઉભા કર્યા છે. ૨૦૦૬-૦૭માં પણ આ પ્રમાણેનું આયોજન છે. વી.આર. લાવવા માટે જૂના સબસ્ટેશનોમાં ૨૦૦૪-૦૫ની અંદર ૧૦ એમ.વી.એ.નું ૧ સબસ્ટેશન ઓગ્યુમેંટ કર્યુ એટલે નવું ઉભું કર્યુ. ૨૦૦૫-૦૬ની અંદર ૪ નવા સબસ્ટેશનો ૧૦ એમ.વી.એન.નું ઓગમેંન્ટેશન કર્યુ એટલે ૪ જૂના થાય. કેપેસીટી વધારી, ૨૦૦૬-૦૭ની અંદર આ વર્ષે ૮ નવા સબસ્ટેશનોની કેપેસીટી વધારવાનું આપણે આયોજન કર્યુ છે એટલે હું માનનીય સભ્યશ્રીને કહેવા માગુ છું કે વી.આર. લાવવાની પૂરેપૂરી કોશિશ છે અને વી.આર. આવશે એટલે નવા કનેકશનો આપવાનું ચાલુ કરીશું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનનીય અધ્યક્ષશ્રી, આમાં જવાબ નથી મળતો( અંતરાય)(સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હવે ન આપી શકે જવાબ તો નહીં આપે પ્લીઝ..(અંતરાય) એમ નહીં એમણે જવાબ આપ્યો કે વી.આર. મળશે એટલે આપશે. (અંતરાય) તમને ચાન્સ આપું છું પ્લીઝ બેસો.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત જાણવા માગું છું માનનીય મંત્રીશ્રી પાસેથી કે તત્કાલ યોજનાના નિયમો માગણી કરવાના નિયમો કેવા છે અને એની જાહેરાત આવે તો કેટલા રૂપિયા ભરીને રજીસ્ટ્રેશન થાય, પછી કેટલા દિવસમાં સરવે થાય અને કેટલા દિવસમાં કનેકશન આપવામાં આવે છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ તત્કાલ યોજના આપણે જયારે કાઢી ત્યારે સ્વપ્ને પણ કોઈને ખ્યાલ નહોતો કે આટલી બધી અરજીઓ આવશે. હકીકતે એવું હતું કે રાજય સરકારે જે પ્રમાણે ચેકડેમો વગેરે બનાવ્યા એ પ્રમાણે પાણીના તળ ઉંચા આવ્યા એના કારણે ખેડૂતોની માગણી માટે એક મહિનો ખુલ્લુ રાખ્યું હતું આપણે એના કારણે ૬૪હજાર અરજીઓ આવી આખા રાજયની અંદરથી, એના કારણે આપણે તબકકાવાર તત્કાલ યોજના આપવાનું કામ નકકી કર્યુ. તબકકાવાર આપવાને કારણે પહેલો આપણો હપ્તો પૂરો થયો છે અને એટલું મોટું કામ હતું કે એક સાથે આટલું મોટું કામ કરી શકાય એવી પરિસ્થિતિ નહોતી એટલે ટૂંક સમયમાં બીજો હપ્તો આપણે ચાલુ કરીશું અને આખા રાજયમાં તત્કાલ યોજના માટે આવતા દિવસોમાં કનેકશન આપવાનું ચાલુ કરીશું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જે જવાબ છે એ જ્યોતિગ્રામ યોજનાની ચર્ચા ચાલતી હતી તેમાં પણ માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો હતો અને એમણે વાત કરી એ જ પ્રમાણે માગણીઓ વખતે ૩૫૩ અરજીઓ પેન્ડીંગ છે એવી વાત કરતા હતા. આમાં ૩૫૧૫ કહ્યું છે તો આમાં કયો જવાબ સાચો રાખવો? એ વખતનો જવાબ સાચો કે પ્રશ્નોત્તરીમાં જવાબ આપ્યો છે એ સાચો રાખવો?

**શ્રી સૌરભ પટેલ** : બન્ને વિષય જુદા હતા.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : તત્કાલ યોજના વિશેની વાત હતી.

**શ્રી સૌરભ પટેલ** : રેકર્ડ તપાસ કરાવી જોઈ લો.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય મંત્રીશ્રીએ જ્યારે આ તત્કાલ યોજના બહાર પાડી ત્યારે આ યોજનાનું મુખ્ય કારણ જે ખર્ચ થાય એ જી.ઈ.બી. ન ભોગવી શકે અને એ અનુસંધાને ખેડૂતો પાસેથી આ યોજનાનો ખર્ચ લેવામાં આવે છે. જો એસ્ટિમેટ ૭૦ હજારથી લઈને એક લાખ કે બે લાખ થાય ત્યારે મારે પૂછવું છે કે તત્કાલ યોજના ૩૦ દિવસમાં આપવાની આપની વ્યાખ્યા હતી. એસ.આર. ન મળતા હોય, વી.આર. ન મળતા હોય સબ સ્ટેશન નથી ત્યારે ૧૭૫ કરોડ રૂપિયા જે ખેડૂતોએ ભર્યા છે એનું વ્યાજ માનનીય મંત્રીશ્રી

ચૂકવવા માગે છે? બીજું કે આ કનેકશન ૩૦ દિવસમાં નથી આપ્યા તો એવા અધિકારી સામે શું પગલાં લેવા માગે છે?

**શ્રી સૌરભ પટેલ** : મેં હમણાં જ જવાબ આપ્યો કે કયા કારણોસર આપણે નથી લઈ શક્યા. આટલી બધી અરજીઓ એકી સાથે ન કરી શકાય એના કારણે. બીજો પ્રશ્ન છે કે વ્યાજ આપવા માગો છો કે કેમ? તો એ સૂચન છે. એમાં વિચારીશું અને યોગ્ય લાગશે તો આગળ વિચારીશું.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ બેસો. ૧૦ મિનિટ થઈ ગઈ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓની લાગણી એટલી છે કે તત્કાલ યોજના છે એ તત્કાલ કામ કરવા માટેની યોજના છે અને એમાં ખેડૂતોએ પોતે સંપૂર્ણ ખર્ચ આપ્યો છે અને પછી પાવર પણ મિટર પ્રથાથી આપવાનો છે. તો બધાની માગણી એવી છે કે ક્યાં તત્કાલ યોજના છે એનો અર્થ તત્કાલ થાય છે એ પ્રમાણે સમય મર્યાદા આપી એનો અમલ કરે. નહિ તો પછી તત્કાલમાં તત્કાલ યોજના લાવીને કંઈ કરવા માગે છે કે કેમ? પ્રશ્ન ઉડાવી દે એ વાજબી વાત નથી. ૩૫૦૦ જેટલી અરજીઓ બાકી છે. સમય મર્યાદા આપવી જોઈએ. તત્કાલ નામ આપ્યું છે, ખેડૂતોના નામે વાત થઈ છે અને ત્યારે ખેડૂતો પોતે પૈસા આપવા માગે છે ત્યારે આની સમય મર્યાદા આપના મારફત જાણવા માગું છું.

**શ્રી સૌરભ પટેલ** : આજની તારીખમાં તત્કાલ યોજનામાં કોઈ સમય મર્યાદા નથી. કોઈ જી.આર.માં લખેલ નથી. સભ્યશ્રીએ વાત કરી એ સૂચન છે. સામાન્ય સંજોગો એવું બહુ સ્પષ્ટ લખ્યું છે. સામાન્ય સંજોગોમાં ૩૦ દિવસમાં એસ્ટિમેટ આપવાનું હોય છે. આ અસામાન્ય સંજોગો છે અને અસામાન્ય સંજોગોને સામાન્ય બનાવવા પડે અને પછી ૩૦ દિવસમાં આપવું પડે.

## રાજ્યમાં ટપક સિંચાઈ પદ્ધતિનો ખેડૂતોને આપેલ લાભ

***૧૫૯૫૩ શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્યમાં ટપક સિંચાઈ ખેડૂતોને લાભ આપવા માટે કેટલા રૂપિયાનું આયોજન નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬માં કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને ટપક સિંચાઈ યોજનાનો લાભ આપવામાં આવેલ?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા) :**

(૧) ટપક સિંચાઈ માટે વર્ષ ૨૦૦૫-૦૬માં રૂા. ૭૬.૫૯ કરોડનું આયોજન કરવામાં આવેલ છે.

(૨) સુરત જિલ્લાના ૧૨ તાલુકાના ૩૮૦ ખેડૂતોને ૭૩૮ હેકટર વિસ્તારમાં ટપક સિંચાઈનો લાભ આપવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે. તાલુકાવાર માહિતી પત્રકમાં સામેલ છે.

### પત્રક

### ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ, વડોદરા

સુરત જિલ્લામાં તાલુકાવાર (તા. ૩૧-૧-૦૬ સુધી) ખેડૂતોને ટપક સિંચાઈ યોજનાનો લાભ આપવામાં આવેલ અરજીઓની વિગત.

| ક્રમ | સુરત જિલ્લાના તાલુકા | તા. ૩૧-૧-૦૬ સુધીમાં ખેડૂતોના લાભાર્થે મંજૂર કરેલ અરજીની વિગતો. | |
|---|---|---|---|
| | | નંબર | વિસ્તાર (હેકટર) |
| ૧ | બારડોલી | ૩૫ | ૮૫.૨ |
| ૨. | માંગરોલ | ૧૯ | ૫૩.૦૧ |
| ૩ | ચોર્યાસી | ૮ | ૮.૫૧ |
| ૪ | કામરેજ | ૧૦૦ | ૧૬૬.૦૫ |
| ૫ | મહુવા | ૩૮ | ૭૦.૯૯ |
| ૬ | માંડવી | ૧૨ | ૨૯.૪૪ |
| ૭ | નીઝર | ૧૦ | ૨૩.૭૦ |
| ૮ | ઓલપાડ | ૪૨ | ૯૭.૫૬ |
| ૯ | પલસાણા | ૨૪ | ૩૯.૫૩ |
| ૧૦ | સોનગઢ | ૧ | ૪.૬૦ |
| ૧૧ | વાડોલ | ૪૩ | ૮૧.૯૫ |
| ૧૨ | વ્યારા | ૩૮ | ૭૭.૮૪ |
| | **કુલ.....** | **૩૮૦** | **૭૩૮.૩૩** |

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા અરજીઓ મંજૂર થઈ હોય તે પૈકી નાના અને સીમાંત કેટલા ખેડૂતોને લાભ મળ્યો છે અને ખાતર અને પાણીની કેટલી બચત થઈ છે. મારો બીજો પ્રશ્ન છે કે મોટા ખેડૂતો હોય,

જમીન વધારે ધારણ ધરતા હોય તો કેટલા વિસ્તાર માટે આ ટપક સિંચાઈ યોજનાનો લાભ આપવામાં આવે છે? ત્રીજો પ્રશ્ન કે સુરત જિલ્લામાં કેટલી અરજીઓ બાકી છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક રાજ્ય સરકારની મહત્ત્વાકાંક્ષી યોજના છે. ગ્રીન રીવોલ્યુશન કંપનીની રાજ્ય સરકારે સ્થાપના કરી છે. અત્યાર સુધી માન્યતા હતી કે મોટા ખેડૂતો આનો ઉપયોગ કરે છે. પરંતુ અનુભવમાં જુદું આવ્યું છે. મોટા ખેડૂતો ઉપરાંત સીમાંત ૪૧ ટકા ખેડૂતો અને નાના ૩૦ ટકા ખેડૂતો આનો લાભ લે છે અને પ્રવાહ ખાતામાં ૨૫ ટકા આ પદ્ધતિ દ્વારા બચત થાય છે અને પાણીની બચત ૬૦ થી ૭૦ ટકા થાય છે. સુરત જિલ્લામાં ૬૨૨ અરજીઓ આવેલી અને એમાંથી ૩૮૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને અત્યાર સુધીમાં સુરત જિલ્લામાં ૫૫ લાખ રૂપિયાની સબસિડી ચૂકવવામાં આવી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે ટપક સિંચાઈ માટે વર્ષ ૨૦૦૫-૦૬માં રૂા.૭૬.૫૯ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. મારા ધ્યાન પર એક વાત આવી હતી એ આપના મારફત મૂકીને હું મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ૨૦૦૫-૦૬ની અંદર જેટલા ખેડૂતોએ અરજી કરેલી એમાંના એક પણ ખેડૂતને આ યોજનાનો લાભ ગત વર્ષમાં એટલે કે માર્ચ પૂરો થાય, એટલે કે ચાલુ વર્ષમાં એક પણ ખેડૂતને આ યોજનાનો લાભ નથી મળ્યો. રાજકોટ જિલ્લાની અંદર ૨૦૦૫-૦૬માં કુલ કેટલી અરજીઓ આવેલી અને એમાંથી કેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ આપ્યો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં ૨૧૮ અરજીઓ આવી અને ૧૩૧ અરજીઓ મંજૂર કરવામાં આવી અને અત્યારે માનનીય સભ્યશ્રીએ કહ્યું છે કે કોઈને લાભ નથી આપવામાં આવ્યો. મારે સભ્યશ્રીને જાણકારી માટે કહેવું છે કે અત્યાર સુધી ૫૮ કરોડ રૂપિયાની સબસિડી ચૂકવવામાં આવી છે અને ૨૯,૩૫૭ લાભાર્થીઓને આનો લાભ આપવામાં આવ્યો છે અને ૫૮ કરોડ રૂપિયાની સબસિડી ચૂકવવામાં આવી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : રાજકોટ જિલ્લામાં કેટલી સબસિડી ચૂકવવામાં આવી એ હું જાણવા માગું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : રૂા.૩,૫૨,૩૭૯/-.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમનો જવાબ આપ્યો છે કે વર્ષ ૨૦૦૫-૦૬માં ૭૬.૫૯ કરોડ રૂપિયાનું આયોજન ટપક સિંચાઈ માટે કરવામાં આવ્યું હતું. માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે વર્ષ ૨૦૦૫-૦૬ દરમિયાન ૩૧ જાન્યુઆરીની સ્થિતિએ કુલ કેટલી રકમનો આ યોજના નીચે ખર્ચ કરવામાં આવ્યો છે અને જો ખર્ચ ઓછું થયું હોય તો એ ઓછું ખર્ચ થવાના કારણો શું છે? એટલા માટે કે મેં એનો હિસાબ કર્યો તો ૭૬.૫૯ કરોડના ખર્ચની સામે તરાંકિત પ્રશ્નોત્તરીમાં જવાબ આપ્યો છે કે ૫.૪૫-૪૬ ટકા કુલ ખર્ચ ૩૧ જાન્યુઆરી અંતિત કરવામાં આવ્યો છે તો આ ટારગેટ કિલઅર નહિ થવાના કારણો શું છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ જવાબ આપું છું એ છેલ્લી માહિતી પ્રમાણે આપું છું. ચૂકવેલ હોય અને પાઈપલાઈનમાં મંજૂર થવા પાત્ર થતા હોય એ કુલ મળીને ૫૮ કરોડ રૂપિયાનું ખર્ચ થયું છે અને જે પડતર હશે એની ચકાસણી ચાલતી હશે અને અરજી કર્યાના ૬૦માં દિવસે એ અરજદાર લાભાર્થીના ખેતરમાં સેટ ફીટ થઈ જાય એની બધી કાર્યવાહી આ કંપની દ્વારા કરવામાં આવે છે.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ટપક સિંચાઈ પદ્ધતિમાં વડોદરા જિલ્લાની કેટલી અરજીઓ આવી અને એમાં કેટલી અરજીઓ મંજૂર થઈ છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૬૨૪ આવી તેમાંથી ૩૯૮ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું આપના થકી એ જાણવા માગું છું કે પાણીની અછતવાળા જે જિલ્લા છે એમાં ડ્રીપ ઈરિગેશનનો લાભ આપેલ છે કે કેમ? અને આ યોજનામાં કુલ જોગવાઈ કેટલી છે અને એમાં આ વર્ષે કેટલી જોગવાઈ છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સરકારનો હેતુ પાણીની અછતવાળા વિસ્તારવાળા વધારે ખેડૂતો લાભ લે એજ છે અને એ હેતુ એ રાજયના ખેડૂતો બરાબર લાભ લઈ રહ્યા છે. સાબરકાંઠામાં- ૭૪૪ લાભાર્થી ખેડૂતો છે, આ પાણીની અછતવાળા વિસ્તારોની વાત કરુ છું બનાસકાંઠામાં- ૫૬૫, મહેસાણામાં- ૧૫૯, જુનાગઢમાં ૧૧૯૨, રાજયમાં સૌથી વધારે લાભ જુનાગઢ જિલ્લાના ખેડૂતોએ લીધો છે. કચ્છમાં- ૨૫૭, રાજકોટમાં - ૧૩૧, પંચમહાલમાં -૧૫, સુરેન્દ્રનગરમાં-૧૫૫ અને પોરબંદરમાં - ૧૬૯, આ બધા પાણીની અછતવાળા વિસ્તારો છે, કુલ આ યોજના પાછળ રાજય સરકારે ૧૫૦૦ કરોડ રૂપિયાનું આયોજન કર્યુ છે, આ વર્ષે ૭૬ કરોડ રૂપિયા અને આવતા વર્ષે એટલે કે, ૨૦૦૬-૦૭માં ૧૫૦ કરોડ રૂપિયા અને આવી રીતે વધારેમાં વધારે ફાળવણી કરતા જઈશું, આટલી ફાળવણી કરી છે પરંતુ વધારે માગણી આવશે તો વધારે પણ ફાળવણી કરવાની રાજય સરકારની તૈયારી છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નાના ખેડૂતો અને સીમાંત ખેડૂતો સિવાય જે મોટા ખેડૂતો છે, રાજયમાં નાના ખેડૂતોને કેટલો, સીમાંત ખેડૂતોને કેટલો લાભ આપવામાં આવ્યો અને નાના અને સીમાંત તથા મોટા ખેડૂતોને કેટલો લાભ આપવા માગીએ છીએ ?

બીજો પ્રશ્ન એ છે કે, જે સુકા જિલ્લા અને તાલુકાઓ છે એને પ્રાયોરિટી ધોરણે આ ટપક સિંચાઈ પદ્ધતિનો લાભ આપવા માગો છો કે કેમ ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : નાના, સીમાંત અને મોટા ખેડૂતોને સમાન લાભ આપવામાં આવે છે અને પ્રાયોરિટીમાં આ સુકા વિસ્તારોને લેવામાં આવે છે.

**શ્રી બાલુભાઈ તંતી** : આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ યોજનાનું ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની દ્વારા અમલીકરણ કરવાનું આયોજન છે એમાં આ જે ડ્રીપ પદ્ધતિના સાધનો જે પાઈપો અને અન્ય મટિરિયલ એના માટેના કોઈ કંપનીના આઈ.એસ.આઈ. સ્ટાન્ડર્ડ નક્કી થયેલા છે કે કેમ અને કેટલી કંપનીઓ આમાં માન્યતા ધરાવે છે ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : અત્યાર સુધીમાં સાત કંપનીઓને આ કામ આપવામાં આવ્યું છે જેમાં

**અધ્યક્ષશ્રી .** : નામો આપવાની જરૂરિયાત નથી, આઈ.એસ.આઈ. છે કે કેમ ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : આઈ.એસ.આઈ. છે.

## રાજયની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ રિસોર્સ સૅન્ટર તરીકે જાહેર કરવા અંગે

***૧૭૩૪૧ શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજયની ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરીને તેની ફોરેન્સીક સાયકોલોજીની નિપુણતાને ધ્યાને લઈ કેન્દ્ર સરકારે નેશનલ રિસોર્સ સૅન્ટર તરીકે જાહેર કરેલ હોવાની વિગત સાચી છે કે કેમ, અને
(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ):**

(૧) હા, જી.
(૨) કેન્દ્ર સરકાર દ્વારા રાજયના ફોરેન્સીક સાયકોલોજી વિભાગને જાહેર કરેલ " નેશનલ રિસોર્સ સૅન્ટર"નું મુખ્ય કાર્ય સાયન્ટિફિક ઈન્ટ્રોગેશન પદ્ધતિ વિષે ન્યાયાલય/ પોલીસ/ ફોરેન્સીક સાયન્સના અધિકારીઓ જેવી તપાસ સંસ્થાઅ ોને ન્યાયીક પુરાવા તરીકે જાણકારી આપવાનું છે. આ સૅન્ટર અન્ય રાજયોને આ પ્રકારની સવલતો પુરી પાડશે.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : આ જે "નેશનલ રિસોર્સ સૅન્ટર" આપણા ગુજરાત રાજયને મળ્યું છે તો આ નેશનલ રિસોર્સ સૅન્ટર આપવા માટેના ધોરણો કયાં છે? આ આપવા માટેની પદ્ધતિ એટલે કોણ આ મંજૂર કરતું હોય છે, કઈ રીતે મંજૂર કરતા હોય છે અને તેનાથી કઈ સુવિધા ઓ પ્રાપ્ત થાય છે.

**શ્રી અમિત અ. શાહ** : ભારતમાં સૌ પ્રથમ ફોરેન્સિક સાયકોલોજી વિભાગ શરૂ કરવાની અને સ્થાપિત કરવાનું શ્રેય, કોઈ એક એફ.એસ.એલ.ને જતું હોય તો આપણી એફ.એસ.એલ.ને જાય છે. આપણું જે ફોરેન્સિક સાયકોલોજી વિભાગ છે એને રાષ્ટ્રીય કક્ષાના રિસોર્સ સૅન્ટર તરીકે ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા માન્ય કરવામાં આવ્યું છે. આ રિસોર્સ સેન્ટરનું મુખ્ય કાર્ય સાયન્ટિફીક ઈન્ટ્રોગેશન માટેની પદ્ધતિઓ વિશે ન્યાયાલયો, પોલીસ અને તપાસ સંસ્થાઓના અધિકારીઓ અને ફોરેન્સિક અધિકારીઓ દેશભરના બધાને પૂરેપૂરી જાણકારી આપવી અને ન્યાયના પુરાવા તરીકે ઉપયોગ કઈ રીતે થાય એની સમજણ આપવાનું કામ છે અને કેન્દ્ર સરકાર દ્વારા આ રિસોર્સ સૅન્ટરને ૩૮.૮૦લાખ મંજૂર કરવામાં આવ્યા છે. આ રિસોર્સ સૅન્ટર અન્ય રાજયોને પણ આ પ્રકારની જો સગવડો ઊભી કરવી હોય તો એ માટે મદદરૂપ થવાનું છે, આપણા તજજ્ઞો બીજા રાજયમાં જઈને ત્યાંની એફ.એસ.એલ.ના અધિકારીઓને પણ ટ્રેઈનિંગ માટેનું કામ કરવાના છે અને નેશનલ રિસોર્સ સૅન્ટરનો દરજ્જો જે પ્રાપ્ત થયો એના લીધે નારકો એનાલીસીસ માટેનું અદ્યતન ઓપરેશન થિયેટર, કમ્પ્યુટરાઈઝ પોલી ગ્રાફ મશીન, લાયબ્રેરી માટેની અદ્યતન જનરલો, લાઈ ડિટેકશન તથા બ્રેઈન-ફિંગર પ્રિન્ટિંગ માટેના જરૂરી વધારાના સાધનો, રિર્સચ તાલીમ અને ડેટા એના માટેના રિસર્ચ ફેલોની નિમણૂક કરવાના છીએ અને આ નેશનલ રિસોર્સ સૅન્ટર તરીકેનો જે દરજ્જો મળ્યો છે એ આંતરરાષ્ટ્રીય કક્ષાની કામગીરી હોઈ આપણી જ એફ.એસ.એલ.ને મળ્યો છે એ આપણા માટે ગૌરવની વાત છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયની એફ.એસ.એલ.નું ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ કરી પ્રોફેશનલ કોર્સિસ શરૂ કરવાનું સરકારની વિચારણામાં છે કે કેમ? જો હોય તો તેની વિગતો શી છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરની પ્રયોગશાળાને ગુજરાત યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક સંશોધનને લગતી કાર્યવાહી માટેની માન્ય સંસ્થા તરીકે રજીસ્ટેશન માટેની કાર્યવાહી હાથ ધરી છે. આ

પ્રકારનું રજીસ્ટ્રેશન થયા વગર આપણે એનો ઉપયોગ શૈક્ષણિક કાર્યમાં કરી શકીએ તેમ નથી. આ રજીસ્ટ્રેશન થવાથી આપણે તુરત જ આ કાર્યવાહી કરી શકીશું. આપણે એવું માનીને ચાલીએ છીએ કે જુન-૨૦૦૬માં ડિપ્લોમા ઈન ફોરેન્સીક સાયકોલોજી જેવા કોર્સ શરૂ કરવા માટે સક્ષમ થયા છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે રાજયની એફ.એસ.એલ. દેશના ઘણા રાજયોમાં અલગ અલગ કામ કરી રહી છે. અન્ય રાજયની એફ.એસ.એલ.માં એવા પરીક્ષણો ન થતા હોય અથવા ઓછા થતા હોય તેવા કયા કયા પરીક્ષણો આ રાજયની એફ.એસ.એલ.માં થાય છે. હમણા ખૂબ ચર્ચાસ્પદ જેસિકા લાખ ખૂન કેસ થયો એમાં આ રાજયની એફ.એસ.એલ.ની ભૂમિકા હતી કે કેમ? અને ચાલુ વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા મદદરૂપ થયા હોય એવા અગત્યના ચર્ચાસ્પદ કેસની ટૂંકી વિગત આપશે તો સભાગૃહને ઉપયોગી થશે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ જગ્યાએ ન થયા હોય અને આપણે ત્યાં થયા હોય એવા ટેસ્ટમાં સાયકોલોજીકલ પ્રોફાઈલીંગ, ફોરેન્સીક રીહેબીલીટેશન, ફેમીલી કોર્ટ માટેના રીકન્સીલીએશન, મેન્ટલ એકટ ઓથોરીટીની સહાય આ બધા છે. બહુ ઓછી જગ્યાએ થતા હોય એમાં ડી.એન.એ. finger print, brain finger print, Narco-polygraphic test, authentication, lie-detector આ કેસ બહુ ઓછા થાય છે. જેસિકા લાલ કેસનો સવાલ છે ત્યાં સુધી અત્યાર સુધી તો આપણી પાસેથી એમણે કોઈ મદદ લીધી નહોતી, પરંતુ જે રીતે કેસ સાબિત કરવામાં નિષ્ફળતા મળી એ જોતાં વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતે ગંભીર નોંધ લીધી તા.૨૧-૨-૦૬ના રોજ એ લોકોને છોડી મૂકવામાં આવ્યા એ પછી ઉચ્ચકક્ષાની રેફરલ સમિતિની રચના કરવામાં આવી છે.એમાં આપણી એફ.એસ.એલ.ના નિયામક શ્રી જે.એમ. વ્યાસની કેન્દ્ર સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવી છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે જે ૩૮લાખ આપ્યા છે એમાં કેટલો ખર્ચ થયો અને હમણાં મંત્રીશ્રીએ મૌખિક જવાબ આપ્યો છે. એમાં ૩૮.૮૦લાખ જણાવ્યું છે તો લેખિત જવાબ સાચો છે કે મૌખિક?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, લખેલો જવાબ સાચો માનીને ચાલવું પડે પણ એની પાછળ ગૃહને ગેરમાર્ગે દોરવાનો મારો આશય નથી. ખર્ચનો સવાલ છે ત્યાં સુધી હમણાં માન્યતા પ્રાપ્ત થઈ છે એટલે ખર્ચનો પ્રશ્ન નથી.

### ગેરકાયદેસર દસ્તાવેજો અને ટ્રાવેલ ડોકયુમેન્ટ બનાવી લોકોને વિદેશ મોકલવાના કૌભાંડ પકડવા અંગે

***૧૭૩૩૮ શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં તા.૩૧/૧/૦૬ સુધીમાં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે ગેરકાયદેસર દસ્તાવેજો અને ટ્રાવેલ ડોકયુમેન્ટ બનાવી લોકોને વિદેશ મોકલવાના કૌભાંડ પકડી પાડેલ હોવાની હકીકત ખરી છે કે કેમ?

(૨) જો હા, તો આ કૌભાંડના સૂત્રધારો કોણ છે, અને

(૩) આ સુત્રધારો સામે સરકારે કયાં કયાં પગલાં લીધાં છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**:

(૧) હા, જી.

(૨) આ કૌભાંડના સૂત્રધારો નીચે જણાવ્યા મુજબ છે.

૧. સલીમ અલીભાઈ પટેલ, રહે.ફતેગંજ, વડોદરા.
૨. હારૂનભાઈ રહે. લંડન (વોન્ટેડ)
૩. યોગેશ રહે. આણંદ (વોન્ટેડ)
૪. મહેન્દ્રભાઈ પટેલ, રહે. મહેસાણા (વોન્ટેડ)
૫. કનુભાઈ મણીલાલ પટેલ, રહે. ઘાટલોડીયા
૬. ધવલ ભુપેન્દ્ર શાહ, રહે. વડોદરા.
૭. ગભુર ભાઈ રહે. જમાલપુર (વોન્ટેડ)
૮. ધર્મેન્દ્ર નટવરલાલ શાહ(વડોદરા ખાતે ગુડ વિન્ડ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની ઓફીસ ધરાવે છે)
૯. મહેન્દ્ર જશવંતલાલ પટેલ, રહે. રાણીપ, સાબરમતી.
૧૦.સૌમ્ય અખિલભાઈ ચોકસી, રહે. થલતેજ.
૧૧.અમરીશ હસમુખલાલ પ્રજાપતિ, રહે. શાહપુર.
૧૨.વિપુલ વિનોદરાય કંસારા, રહે. નારણપુરા.
૧૩.શૈલેષ ત્રિભોવનદાસ પટેલ, રહે. મેઘાણીનગર.

(૩) આ સુત્રધારો સામે ક્રાઈમ બ્રાન્ચમાં ગુન્હા દાખલ કરવામાં આવેલ છે.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે અમદાવાદમાં આના માટે એકશન પ્લાન કર્યો એ રીતે ગુજરાતના બીજા ભાગોમાં કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : પ્રશ્ન ફરીથી પૂછો.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે અમદાવાદમાં કામગીરી કરી તેવી રાજયના બીજા ભાગોમાં પણ કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયમાં કોઈપણ જગ્યાએથી સૂચના મળે તો તરત જ આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે. આ પ્રકારની કાર્યવાહી પણ થઈ રહી છે. પ્રશ્ન અમદાવાદ પૂરતો સીમિત છે એટલે જવાબ અમદાવાદની ઘટના પૂરતો આપ્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, ગેરકાયદેસર રીતે બીજા દેશમાં જવાનું ઘણા વર્ષોથી ચાલે છે. અને એમાં બે વર્ગો ચાલે છે. એક આ કૌભાંડ અને રેકેટ ચલાવનાર લોકો અને એક એનો લાભ લઈને વિદેશ જનારા લોકો. જે બીજા દેશમાં રેકેટની અંદર જઈને એ દેશમાં અમુક વર્ષો પછી એમને નેશનાલીટી આપવામાં આવે છે. એમને પકડવામાં પણ નથી આવતા. સમય સમય પ્રમાણે કલેમેન્સી આપીને ત્યાંના નાગરિક બનાવવામાં આવે છે. જ્યારે આ નાગરિકો ફરી પાછા આપણા દેશમાં આવે છે, ત્યારે કેન્દ્ર સરકારના અને રાજ્ય સરકારના અમુક અધિકારીઓ એને બ્લૅક મેઈલિંગ કરી અને અહીંયાં દેશની અંદર આવતા ડરાવવામાં આવે છે, રોકવામાં આવે છે, એના કારણે જે આપણા એન.આર.આઈ. વર્ગ છે, ત્યાં ખૂબ ટેન્શનમાં રહે છે. આખું અમેરિકા છે, એ વસાહતીઓનું બનેલું છે અને મારે રાજકીય અવલોકન નથી કરવું, એટલે જે ચિંતા છે, આપણા બધાની છે. ત્યાંના થોડા ઘણા અહીયા આવે અને એરપોર્ટ ઉપર ઉતરે ત્યાંથી શરૂ કરીને કસ્ટમ વિભાગ, પોલીસ વિભાગ એ પોતાના વતનમાં જાય ત્યારે આઈ.બી. વિભાગ બ્લૅક મેઈલિંગ કરી પૈસા પડાવે છે, એટલે મારે આપના મારફત રાજ્ય સરકારને પૂછવું છે કે જ્યાં રાષ્ટ્રીય સલામતીનો બહુ પ્રશ્ન ન હોય ત્યાં માત્ર વસાહતી તરીકેનો લાભ લેવા માટે નાની મોટી ભૂલ કરી હોય એ દેશના લોકોએ એને માન્યતા આપી હોય, નાગરિકત્વ આપ્યું હોય, ત્યારે આપણી પોલીસ, આપણું વહીવટી તંત્ર એની અંદર હેરાન પરેશાન ન કરે, એટલા માટે આની ચોક્કસ ડી.એસ.પી. થી નીચેના અધિકારી તપાસ ન કરે એ પ્રકારનું કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે જ્યાં સુધી રાષ્ટ્રીય સલામતી સાથે પ્રશ્ન ઊભો ન થતો હોય ત્યાં સુધી આની જે ફરિયાદ છે, એ પણ ઉચ્ચ કક્ષાના અધિકારી, ડી.એસ.પી. થી નીચે ન હોય તેવા અધિકારી આની તપાસ ન કરે તે બાબતનો નિર્ણય કરવા માગો છો કે કેમ? ત્રીજો પ્રશ્ન જે લોકો ત્યાં હોય એની પાસે પાસપોર્ટ આવી ગયો હોય, સિટિઝન થઈ ગયા હોય, સ્થિર થઈ ગયા હોય આવા લોકોને પરેશાન કરનાર અધિકારીઓની સામે પગલાં લેવાં માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : રાષ્ટ્રીય સલામતી જોડે સંકળાયેલ છે કે નહિ એ આઈડેન્ટીફાઈ કરવું અઘરું હોય છે, પણ જ્યાં સુધી ગુજરાત સરકારનો સવાલ છે, ત્યાં સુધી ઈમિગ્રેશન કાર્યવાહી કેન્દ્રની પોલીસ સંભાળે છે. ગુજરાત સરકારની જગ્યાએ આ બધાં સૂચનો ભારત સરકારને મોકલી આપવાં પડે. ત્યાં આગળ એમના જ પક્ષની સરકાર છે, એટલે એમનાં સૂચનોનો સ્વીકાર થશે. ઈમિગ્રેશનની કાર્યવાહી કેન્દ્ર સરકાર સંભાળે છે. બરાબર સાચી હકીકત કહી દઉં છું, એમાં ખોટી વાત નથી. બીજી વાત આ કેસ છે એ બનાવટી પાસપોર્ટ, બોગસ પાસપોર્ટનો ઉપયોગ કરીને વિદેશ જવાનો છે. જે તે વખતે ઈમિગ્રેશન કાર્યવાહી આપણી પોલીસ સંભાળતી હતી, એટલે આ કેસ ઊભો થયો છે, પરંતુ એક વાત અર્જુનભાઈએ કરી કે રાષ્ટ્રીય સલામતી જોડે જોડાયેલ છે, એની એપેરન્ટ તપાસ દ્વારા માની લેવું બહું અઘરું હોય છે. કાર્યવાહી જોઈએ તો રાષ્ટ્રની સલામતીના હિત જોડે ચોક્કસ ચેડાં થવાની શક્યતા પડેલી છે. એમ છતાં આખે આખી વિગત સુધારો કરવો હોય તો કેન્દ્ર સરકાર જ કરી શકે.

**શ્રી બલદેવજી ચં. ઠાકોર** : હું આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વિદેશથી આવતા જે આપણા દેશના નાગરિકો હોય, એમની પાસેથી પૈસા લેવામાં આવે છે તે વાત સાચી છે કે ખોટી?

**શ્રી અમિત અ. શાહ** : આ વાત ખોટી છે અને જો સભ્યશ્રી જોડે માહિતી હોય તો મારું ધ્યાન દોરવું જોઈતું હતું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : મારો ઈમિગ્રેશનની કાર્યવાહી અંગેનો પ્રશ્ન નહોતો. માત્રને માત્ર જુનિયર સિટિઝન બીજા દેશમાં ગયેલા એ લોકો પાછા આવે ખાસ કરીને અમારા પોરબંદર જિલ્લાના, મહેસાણા જિલ્લાના, આણંદ જિલ્લાના, બરોડા જિલ્લાના, સુરત જિલ્લાના આ બધા જિલ્લાના નાગરિકો પાછા આવે ત્યારે એમને કેન્દ્રનું કોઈ ડિપાર્ટમૅન્ટ બહું હેરાન કરતું નથી, પરંતુ સ્થાનિક પોલીસના નાના અધિકારીઓ છે. એમાંય અમે સિનિયર અધિકારીઓને ડી.એસ.પી. કક્ષાના અધિકારીઓને ફરિયાદ કરી છે, ત્યારે પગલાં લીધાં છે. માત્ર બ્લૅક મેઈલિંગ કરવા માટે નાના અધિકારીઓ હેરાન-પરેશાન કરે છે એ અટકાવાય, એટલા માટે આની તપાસ છે તે ડી.એસ.પી.થી નીચેના કક્ષાના અધિકારીઓ ન કરે, એ પ્રકારનાં પગલાં લેવા માગો છો કે કેમ? બીજો જ્યારે રાષ્ટ્રીય સલામતીનો પ્રશ્ન હોય એમાં એમની પાસે જ્યારે કેસ હાથમાં આવે ત્યારે ખબર પડતી હોય છે, રાષ્ટ્રીય સલામતી સાથે સંકળાયેલ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માત્રને માત્ર કોઈ દેશના નાગરિક થવા માટે રેકેટ છે તેનો આ નાગરિકો ભોગ બનેલા છે. હું રૅકેટ કરવાવાળાની સામે પગલાં લેવાય તેમાં કોઈ વાંધો નથી. પણ ભોગ બનનાર છે તેની સામે કોઈ પ્રોટેકશન મળે અને આની તપાસ ઉચ્ચ કક્ષાના અધિકારી કરે તેવા કોઈ પગલાં લેવા માગે છે કે નહીં?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પાસપોર્ટ એકટ અને ઈમીગ્રેશન એકટ એ બંને કેન્દ્ર સરકારના એકટ છે. પહેલાં તેની ગુજરાત સરકાર દ્વારા ચકાસણી કરવામાં આવતી હતી હવે તે કેન્દ્ર સરકાર પાસે ગયું છે. મારી વાત સાંભળો. વિદેશથી નાગરિક આવે અને અહીં ઉતરે તેના દસ્તાવેજો બરાબર છે કે નહીં તેની ચકાસણી પણ હવે આપણી પોલીસ કરતી નથી. આપણી પોલીસને કોઈ ગુનો રજિસ્ટર કરવાનો પ્રશ્ન ઉભો થતો નથી. કેન્દ્ર સરકારના ઈમીગ્રેશન અધિકારી ગુનો નોંધાવે, ફરિયાદ થાય તો પોલીસે ગુનો નોંધ્યા સિવાય કોઈ વિકલ્પો રહેતા નથી. પહેલાં મેં કહયું તે પ્રમાણે દસ્તાવેજો પોલીસે ચેક કરવાના હતા. હવે દસ્તાવેજો ઈમીગ્રેશન અધિકારીઓ ચેક કરે છે એટલે આ આપણી જોડેથી કેન્દ્ર સરકાર જોડે તબદીલ થઈ ગયું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી જ વાત છે કે અને તે વાત સાચી છે કે ઈમીગ્રેશન અને પાસપોર્ટની ચકાસણી કેન્દ્ર સરકારના વિભાગમાં ગઈ છે. આ ગૃહની અંદર બેઠેલા મોટા ભાગના સભ્યો પાસે માહિતી છે કે સ્થાનિક પોલીસ અને તેમાં પણ નીચલા દરજ્જાના અધિકારી હેડ કોન્સ્ટેબલ કે પી.એસ.આઈ. દરજ્જાના હોય તે બ્લેક મેઈલીંગ કરવા માટે આ લોકોને હેરાન કરે છે અને તેઓને ખોટા પાસપોર્ટ બનાવવાના અને બીજા ગુના હેઠળ ધરપકડ કરે છે. હમણાં સુધી એક મહિના પહેલાં અને બધા લોકોને ખબર છે કે તપાસ ભલે કરે પણ ડી.એસ.પી. દરજ્જાના અધિકારીથી નીચેના લોકો ન કરે તેવું કંઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે. ઉચ્ચ કક્ષાના અધિકારીઓ જોડે આ સૂચનની વ્યવહારિકતાની બાબતમાં ચકાસણી કરીને આનો નિર્ણય લેવામાં આવશે.

**ઘોઘા ખાતે અલંગ મરીન પ્રા.લિ.ને જે હેતુ માટે જમીન મળી છે તે સિવાયના હેતુ માટે થતા ઉપયોગ અંગે**

***૧૮૦૦૨ શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે,

(૧) ઘોઘા ખાતે અલંગ મરીન પ્રા.લિ.ને શીપ રીપેરીંગ અને શીપ બિલ્ડીંગના હેતુસર જ જમીન વાપરવી અને ફાળવેલ જમીન અન્ય પ્રવૃત્તિઓ માટે વાપરવી નહીં તેવી સ્પષ્ટતા હોવા છતાં તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અહીં અન્ય હેતુસર બોટો લાંગરતી હોવાની કેટલી ફરિયાદ મળી છે, અને

(૨) આ શરતભંગ બદલ રાજય સરકારે શાં પગલાં લીધાં છે?

**મુખ્ય મંત્રીશ્રી (બંદરો):**

(૧) એક.

(૨) બોટ ચલાવનાર કંપનીને ગુજરાત મેરીટાઈમ બોર્ડ એકટ અને ઈન્ડિયન પોર્ટ એકટ હેઠળ કારણદર્શક નોટિસ આપવામાં આવી છે અને માત્ર ભાવનગર બંદરેથી જ બોટ ચલાવવા સૂચના આપવામાં આવી છે તેમજ બંદર અધિકારીશ્રી અલંગને પણ ઘટતી કાર્યવાહી કરવા જણાવેલ છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન ક્રમાંક-૭માં મારા તરફથી પૂછવામાં આવ્યું છે કે ઘોઘા ખાતે અલંગ મરીન પ્રા.લિ.ને શીપ રીપેરીંગ અને શીપ બિલ્ડીંગના હેતુસર જ જમીન વાપરવી અને તેના માટે ફાળવેલ જમીન અન્ય પ્રવૃત્તિઓ માટે વાપરવી નહીં તેવુ સ્પષ્ટ છે. મેં અલંગ મરીન પ્રાઈવેટ લિમિટેડને ફાળવવામાં આવેલી જમીનની બાબત અને તેના સંદર્ભમાં પ્રશ્ન પૂછયો હતો. તો મને જવાબ મળ્યો છે કે એક ફરિયાદ મળી છે અને બોટ ચલાવનાર કંપનીને ગુજરાત મેરીટાઈમ બોર્ડ એકટ અને ઈન્ડિયન પોર્ટ એકટ નીચે નોટિસ આપવામાં આવી છે. આવો જવાબ મને મળ્યો છે. મેં પ્રશ્ન પૂછયો છે કે અલંગ મરીન પ્રાઈવેટ લિમિટેડના સંદર્ભમાં. તેમની જમીન છે તે સંદર્ભમાં. મેં બોટ ચલાવનાર કંપનીના સંદર્ભમાં પ્રશ્ન પૂછયો જ નથી.

બીજું મારે એટલા માટે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે અને મારો અનુભવ છે કે રાજય સરકારનો બંદર વિભાગ તાત્કાલિક પગલાં લે છે તે માટે બંદર વિભાગને અભિનંદન આપું છું. ગુજરાત મેરીટાઈમ બોર્ડ કક્ષાએ જે થાય છે. મારે ખાસ ધ્યાન એટલા માટે દોરવું છે કે આ ખૂબ ગંભીર પ્રશ્ન છે, રાજયની અને રાષ્ટ્રની સલામતિનો પ્રશ્ન છે. એટલા માટે ત્યાં જે એન્કર પોઈન્ટ આવ્યો છે. ભાવનગર પોર્ટ અને ઘોઘાની વચ્ચે એન્કર પોઈન્ટ છે ત્યાંથી બોમ્બે અને દહેજ નજીક છે. ત્યાં પ્રાઈવેટ જેટી અને બંદર ઉભા કરવાના પ્રયત્નો થઈ રહયા છે. મેં આ બાબતે ફરિયાદ કરી હતી અને જાન્યુઆરી-૨૦૦૫માં બંદર વિભાગે રદ કરી છે અને મને તે બાબતનો પત્ર પણ આપેલ છે. બંદર વિભાગ તાત્કાલિક પગલાં લે છે. તેમ છતાં ગુજરાત મેરીટાઈમ બોર્ડના અધિકારીઓએ નોટીસો આપી છે કે અલગં જતાં જહાજોને ઘોઘાના એન્કર પોઈન્ટ ઉપર આ ઘોઘાની કંપની

બોલાવે છે. તેનાથી ખાતાને રેવન્યુ આવક મળતી નથી. ત્યાં મેસર્સ અલંગ મરીન પ્રાઈવેટ લિમિટેડમાં કોઈ તપાસ પણ કરવા જઈ શકતું નથી. ઈલીગલ કન્સ્ટ્રક્શન અને શંકાસ્પદ પ્રવૃત્તિઓ છે તેમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડના અધિકારીઓ તપાસ કરવા જઈ શકતા નથી. તેમ છતાં તેમની આવેલી સેફકેટ બોટને હાર્બર ક્રાફટ લાઈસન્સ આપ્યા પછી અનેકવાર રદ કર્યા છે. હમણાં ૨૦૦૬ જાન્યુઆરીમાં ફરીથી લાઈસન્સ રીન્યુ કરી દીધું છે. એની ઉપર સતત ભાવનગર પૉર્ટથી અલંગ જવાની મંજૂરી હતી, ઘોઘાથી નહીં, ઘોઘાનું કોઈ પૉર્ટ નથી, જેને પોતાને ત્યાંથી લેન્ડીંગ કરે છે. બોર્ડિંગ કરે છે. અને સંખ્યાબંધ પ્રવૃત્તિઓ કરે છે એ રેડિયો રજિસ્ટરમાં પણ નોંધાયેલ છે, અહીંયા ભલે એક ફરિયાદ હોય પણ પૉર્ટમાં જ રેડિયો રજિસ્ટર મેઈન્ટેનન્સ થાય છે ત્યાં રોજેરોજ એટલું લેન્ડીંગ થતું હોય, જેટલું બોર્ડિંગ થતું હોય એ નોંધાય છે, ત્યારે આ પૂર્વભૂમિકા પછી મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, સેઈફ કેટનું હાર્બર ક્રાફટ લાઇસન્સ સતત એમણે ઉલ્લઘંન કર્યુ છે એ છતાં આપવામાં આવ્યું છે તો એ રદ કરવા માગે છે કે કેમ? અને બીજું, આ જગ્યા ઉપર સતત કાયદાનું ઉલ્લંઘન થાય છે ત્યારે એ જગ્યાની માન્યતા રદ કરવા અને કંપનીની એ જગ્યા પરત મેળવી લેવા માગે છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, નીચેથી ના હોવા છતાં, અધિકારીઓએ ના પાડી હોવા છતાં જે અધિકારીએ સતત ઉલ્લંઘન કરીને એને પરમીશન આપી છે, હાર્બર ક્રાફટ લાયસન્સ આપ્યું છે, સેઈફ કેટ બોટ ચલાવવા આપી છે એના ઉપર કોઈ પગલાં લેવા માગે છે કે કેમ અને રાજયમાં સોમનાથ ટગથી માંડીને ઘણી અન્ય ટગ જીએમબીની પોતાની છે એ અહીંયાં ચલાવવા માગે છે કે કેમ? (અંતરાય)

## પૉઈન્ટ ઑફ ઑર્ડર
## આક્ષેપ કરવા અંગે

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે, આ ગંભીર આક્ષેપ છે, કંપનીવાળા મળી જાય, (અંતરાય) અમે નથી કરતા અમે તો રાષ્ટ્રની સલામતી જ્યાં જોખમાય ત્યાં લડવા માટે અમે ભારતીય જનતા પાર્ટીના સંસ્કારવાળા લોકો છીએ, એમણે કહ્યું કે, કંપનીવાળા મળી જશે, મારા ઓળખીતા છે (અંતરાય) રાષ્ટ્રની સલામતી માટે તો અમે લડીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ, આપે એવો આક્ષેપ નહીં કરવો જોઈએ,

## તારાંકિત પ્રશ્નો (ક્રમશઃ)

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે લાગણી વ્યક્ત કરી એ મુજબ અલંગ મરીનને આ પ્રકારની એક જગ્યા પ્રાપ્ત થઈ અને મહદ્અંશે એ જગ્યા શીપ બાંધવા માટેના કામ માટે પ્રાપ્ત થયેલી છે જે સભ્યશ્રીએ લાગણી વ્યક્ત કરી એ મુજબ સેઈફકેટ ટગ ત્યાં રહેલી છે અને ટગનો જે ઉપયોગ કરે છે, માનનીય સભ્યશ્રીને મારે જણાવવું છે કે, સેઈફ કેટનો તા. ૩૦-૩-૦૬ સુધીનું ડાયરેક્ટર, જનરલ ઑફ શીપીંગ પાસેથી એમને પ્રમાણપત્ર મળેલું છે, બાકીની પ્રક્રિયા અત્યારે જે ચલાવે છે, એમાં કયાંય પણ માનનીય સભ્યશ્રીની લાગણી છે એ મુજબનું ખોટું થતું હશે અથવા તો નિયમ વિરુદ્ધનું થતું હશે તો બંદર વિભાગ ચોક્કસપણે તપાસ કરાવીને માનનીય સભ્યશ્રી જે કોઈ સૂચન કરશે એ પ્રમાણે તપાસ કરાવીને જેણે ખોટું કર્યુ હોય એની સામે કાયદેસરની કાર્યવાહી કરશે. માનનીય સભ્યશ્રીએ જે કહ્યું એ પ્રમાણે જય સોમનાથ ટગ જે રહેલી છે એ ટગ રાજય સરકારની છે અને એનો ઉપયોગ પ્રતિબંધિત હોવાથી આ સેઈફ કેટનો ઉપયોગ આપણે કરી રહ્યા છીએ અને જય સોમનાથ ટગ વહેલામાં વહેલી શરૂ થાય એ પ્રકારનો પ્રયત્ન કરવામાં આવશે અને એ શરૂ થતાં જે બાકીની માનનીય સભ્યશ્રીની લાગણી છે એ પણ સંતોષાશે કે અલંગ મરીન જે પ્રમાણે ટગ ઉપરથી વ્યવહાર કરે છે એ સરકારી અને બાકીના જેને પણ જરૂર હોય એ બધા જ સોમનાથ ટગનો ઉપયોગ કરી શકશે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : ભાવનગરથી અલંગની જ્યારે પરમીશન આપી છે ત્યારે ભાવનગરથી લઈને અલંગની આપી છે, ઘોઘા પોતે કોઈ પ્લૅટફૉર્મ નથી. કોઈ જેટી નથી, કોઈ બંદર નથી, આમ છતાં ઘોઘાથી ચાલે છે એ માટે અગાઉ હાર્બર ક્રાફટ લાયસન્સ રદ કરેલું છે, તો શું કામ નવું આપ્યું છે એ ખબર પડતી નથી અને એટલે આ રદ તાત્કાલિક અસરથી કરવા માગે છે કે નહીં, સોમનાથ જ્યારે શરૂ થાય ત્યારે પણ બીજી ટગો બંદર વિભાગ પાસે છે અને ઉપરાંત આ જમીન સતત.. એ જીએમબીનું રેકર્ડ જોશે તો ખ્યાલ આવશે કે કાયદાનું અને નિયમોનું ઉલ્લંઘન કર્યુ છે અને છતાં મંજૂરી વગર ૧૪ પાઈલ્સ નાખ્યા હતા, પ્લૅટફૉર્મ બનાવવા માટે, જેટી બનાવવા માટે અને છતાં હજી એ ચાલુ છે અને ફરીથી લાયસન્સ સતત આપ્યે જ જાય છે એ અધિકારી તો એની સામે પગલાં લેવા માગો છો કે કેમ અને આ જગ્યા પરત મેળવી અને આ લાયસન્સ રદ કરવા માગો છો કે કેમ ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે લાયસન્સ આપેલું છે એ લાયસન્સ વગર ચાલે નહીં. ગુજરાત મેરી ટાઈમ બોર્ડ, કસ્ટમ્સ વિભાગ અને જે જનરલ શીપીંગ એ લોકોએ એનું લાયસન્સ આપેલું છે, ત્રણ વિભાગોની લાયસન્સની પ્રક્રિયા પૂર્ણ થયેલી છે અને મેં કહ્યું એ મુજબ જે લાયસન્સ ડાયરેક્ટર જનરલ ઑફ શીપીંગ પાસેથી કંપનીને પ્રાપ્ત થયું છે. તા.૩૦-૩-૦૬ સુધીનું પ્રાપ્ત થયું છે અને એ પછી

પુનઃ:વિચારણા કરીશું ત્યારે માનનીય સભ્યશ્રીએ જે મુદ્દાઓ ઊભા કર્યા છે એની વિચારણા કરીશું અને અત્યારના તબક્કે લાયસન્સ આપેલું છે અને લાયસન્સ મુજબની એ પ્રક્રિયા એ કરી રહ્યા છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, લાયસન્સ રદ થયેલું છે. (અંતરાય)

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, લાયસન્સ રદ કરેલું નથી. લાયસન્સ સોમનાથનું રદ કરેલ હતું સેફઈટગનું લાયસન્સ ચાલું હતું. એમણે કહ્યું એ મુજબ સમયાંતરે સેઈફટગને મંજૂરી મળેલી છે અને ૩૦ માર્ચ, ૨૦૦૬ સુધી ડાયરેકટર જનરલ ઓફ શિપિંગ, કસ્ટમ વિભાગ અને બાકીના બધાની મંજૂરી મળેલી છે. વ્યવહાર માટેનો સવાલ છે એના માટે તપાસ કરાવીશું અને જે કોઈ પગલાં ભરવાના જરૂરી હશે એ ભરીશું.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે પણ આ બાબતમાં માનનીય મંત્રીશ્રીને જુદો સવાલ પૂછવો છે કે, આ જે કંપની છે એને જમીન અપાય છે એ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિમાં સંડોવાયેલ છે એવો રિપોર્ટ ભાવનગરના કલેકટરશ્રીએ મોકલ્યો છે એ મેરિટાઈમ બોર્ડ અને બંદર વિભાગના ધ્યાન ઉપર આવો કોઈ રિપોર્ટ આવ્યો છે કે કેમ? અને એ રિપોર્ટ મળ્યા પછી ધારાસભ્યશ્રીઓની કેટલી ફરિયાદ આ બાબતમાં મળી છે? અને ત્યાર પછી જે કંપની શિપ બિલ્ડીંગનું એક પણ વખત કોઈ પણ કામ ન કર્યું હોય એને શરતભંગ ગણીને આજ સુધી લીઝ રદ ન કરવાના શું કારણો છે ? બીજો સવાલ એ છે કે, આ કંપનીએ પાંચ કરોડ રૂપિયા કરતાં વધારે ખોટી બોગસ કંપની ઊભી કરીને શેર ભંડોળ એકઠું કર્યું છે. ભાવનગરના એક નાગરિકે ઈકોનૉમિક વિરોધી સેલમાં ફરિયાદ લખાવી છે અને આ બાબત મેરિટાઈમ બોર્ડના અધિકારીઓને ફરિયાદમાં ધ્યાન દોરવા ધારાસભ્ય તરીકે આપ્યા પછી પણ એમના ઉપર આજ સુધી કોઈ તપાસ નહીં, અને જમીન હજુ પણ લીઝ ઉપર રીન્યુ કરી આપવાનું શું કારણ છે? ૧૭-૩-૦૫ એ આ લાયસન્સ રદ થયેલું છે એ રેકર્ડ ઉપર છે છતાં ના પાડવાનું પણ શું કારણ છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે કલેકટરશ્રીના રિપોર્ટની વિગતો મારી પાસે નથી અને એની મને કોઈ માહિતી નથી. રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિનો કલેકટરશ્રીનો કોઈ પણ રિપોર્ટ હશે તો તાત્કાલિક અસરથી ગૃહ ખાતાને જાણ કરીને તપાસ કરાવીશું અને કોઈ પણ વ્યકિતને સરકાર છોડવા માગતી નથી. કોઈ પણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હશે તો કડકમાં કડક પગલ ભરવામાં આવશે અને અધિકારીઓ સંડોવાયેલ હશે તો પણ પગલા ભરીશું.

## ધોળકા વિસ્તારમાં મળેલ ખનીજ તેલનો જથ્થો

***૧૭૨૫૨ શ્રી ધીરુભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજયના ધોળકા વિસ્તારમાં ખનીજ તેલ અને ગેસનો જથ્થો મોટા પ્રમાણમાં મળી આવ્યો તેવી સરકારે જાહેરાત કરેલી તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો આ ખનીજ તેલ અને ગેસનો જથ્થો કેટલા પ્રમાણમાં છે અને કોઈ એજન્સી દ્વારા આ જથ્થો પ્રમાણિત કરવામાં આવેલ છે કે કેમ, અને
(૩) આ ખનીજ તેલ અને ગેસનું ઉત્પાદન તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલું થયું અને આનાથી રાજયને કેટલો આર્થિક લાભ થયો?

**મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) :**

(૧) હાલ ખનીજ તેલનો જથ્થો મળી આવેલ છે
(૨) જીએસપીસીના તાંત્રિક નિષ્ણાતોના અહેવાલ મુજબ આશરે ૫૦૦ લાખ બેરલ ખનીજ તેલનો અનામત જથ્થો મળી આવેલ છે. જેની અંદાજીત કિંમત રૂા.૨૦૦૦/- કરોડ કરતાં વધારે છે ત્રાહિત વ્યકિતને આ જથ્થો તબદીલ કરવાનું કોઈ આયોજન ન હોઈ અન્ય કોઈ એજન્સી પાસે આ જથ્થો પ્રમાણિત કરવો જરૂરી નથી.
(૩) ૪૬,૦૦૦ બેરલ ખનીજ તેલનું ઉત્પાદન થયેલ છે. જીએસપીસીને રૂા.૬૨૯.૮૬ લાખની આવક થઈ છે. રાજયને વેચાણવેરા અને રોયલ્ટી પેટે કુલ રૂા.૯૯.૯૨ લાખ મળેલ છે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, ધોળકા વિસ્તારમાં ગેસ મળ્યો એ બાબતમાં પ્રશ્ન પૂછયો છે. એમાં આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજયમાં ધોળકા વિસ્તારમાં ખનીજ તેલ-ગેસનો જથ્થો મોટા પ્રમાણમાં મળી આવ્યો એવી જાહેરાત સરકારે કરેલી એ હકીકતમાં સાચી છે? જવાબ આપ્યો છે, 'હાલમાં ખનીજ તેલનો જથ્થો મળી આવેલ છે.' ત્યારે હું જાણવા માગુ છું કે આ ખનીજ તેલનો જથ્થો મળી આવ્યો ત્યાં સાર કામ કરવામાં આવ્યું એ કયારે કરવામાં આવ્યું? કયારે સરવે કરવામાં આવ્યો અને એનો કૉન્ટ્રૅક્ટ કયારે આપવામાં આવ્યો અને કઈ કંપનીને આપવામાં આવ્યો? અને આ જથ્થો જે મળી આવ્યો એના સાર કામ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? અને કુલ કેટલું ઉત્પાદન થયું? એના જવાબમાં જણાવેલ છે કે, ૪૬,૦૦૦ બેરલ ખનીજ તેલનું ઉત્પાદન થયેલ છે. અને જીએસપીસીને રૂા.૬૨૯.૮૬ લાખની આવક થઈ છે.

રાજયના વેચાણવેરા અને રોયલ્ટી પેટે ૯૯.૯૨ લાખની આવક જમા કરાવાય છે. તો આ ઉત્પાદનમાં રોજનું ઉત્પાદન કેટલું થાય છે અને ઉત્પાદન વધારવા માટે સરકારના કયા કયા પ્રયત્નો છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ધોળકા ઑઈલ ફિલ્ડનો એક ઇતિહાસ એવો છે કે ૧૯૭૦ની અંદર ઓએનજીસીએ આ ફિલ્ડ હાથમાં લીધું હતું અને ઓએનજીસીએ આ ફિલ્ડ હાથમાં લીધું તેની અંદર એ લોકોએ ૨૮ વેલ કર્યા હતા અને ૧૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો પણ એમાંના આ ૨૮ કૂવા ડ્રાય નીકળ્યા હતા. જાહેર ખબર એન.ઈ.એલ.પી. બ્લૉક-ટુ ની કેન્દ્ર સરકારે ડિસેમ્બર, ૨૦૦૦માં આપી અને એની અંદર ઓએનજીસી, નાઈકો, એચઓઆઈસી આ બધી ઘણી કંપનીઓની હરીફાઈની અંદર જીએસપીસી અને ગેઈલ જોડે ભાગીદારીમાં અને એક મે. જોષી કંપની હતી એ વખતે ટેક્નોલૉજિસ્ટ એ લોકોની સાથે ભાગીદારી કરી. એ લોકોએ આ કૂવા હાથમાં લીધા એમાં ૪૦ ટકા જીએસપીસી અને ૪૦ ટકા ગેઈલ અને ૨૦ ટકા મે. જોષી કંપની, આ પ્રમાણે એ લોકોએ આગળ કામ ચાલુ કર્યુ. એમાં જોષી કંપનીને ૨૦૦૩ની અંદર એમ લાગ્યું કે આમાંથી કંઈ નીકળશે નહિ એટલે ૧૦ ટકા જીએસપીસીને અને ૧૦ ટકા ગેઈલને ભાગીદારી આપીને એ લોકો નીકળી ગયા. આપણે હિંમતપૂર્વક આગળ કામ ચાલુ કર્યુ અને આનંદ સાથે કહેવાનું થાય છે કે આપણે જે ડ્રીલીંગ કર્યુ એની અંદર આપણે એમ કહ્યું હતું કે અગિયાર કૂવા આપણે ડ્રીલીંગ કરીશું આપણે અગિયાર કૂવામાંથી આજની તારીખે સાત કૂવાનું ડ્રીલીંગ ચાલુ કર્યુ અને સાતમાંથી ત્રણ કૂવાની અંદર આપણને સફળતા મળી. એમાં પીકેટુ જે વેલ છે એ વેલની અંદર સંપૂર્ણપણે સફળતા મળી અને ઉત્પાદન ચાલુ કર્યુ હતું એક વેલનો અંદાજે ખર્ચ નવ કરોડ રૂપિયાનો થયો હતો એ ઉપરાંત સેસ્મીક ડેટાનો કુલ ખર્ચ એ સાત વેલ ઉપર કુલ ૧૦૦ કરોડ રૂપિયાનો કરવામાં આવ્યો છે. આજની તારીખમાં જે પીકેટુ નો જે વેલ છે એ ચાલુ છે એની અંદર જે ઉત્પાદન થઈ રહ્યું છે એ કુલ એકજ વેલનું ઉત્પાદન છે એ ઉત્પાદન ૩૬૦ બૅરલ પર ડેનું છે જેની કિંમત ૭.૬૫ લાખ પર ડે છે એની આજુબાજુના બીજા કૂવા આવતા દિવસોની અંદર આપણે કરવાના છીએ અને જ્યારે પાંચ કૂવા કરીશું ત્યારે ૧૬૦૦ બૅરલ પર ડે એટલે ૩૫ લાખ રૂપિયાનું આપણને પર ડે ઉત્પાદન મળશે આ જે માલ મળે છે એ આપણે આઈ.ઓ.સી.ને વેચી નાખીએ છીએ. આઈઓસી આપણને દૂબઈ ક્રુડ ઑઈલના જે પ્રાઈસ છે એના ૭૦ ટકા આપણને તરત જ વળતર આપે છે અને આજની તારીખમાં આ ઑઈલની કવોલિટિ માટે ઓએનજીસી અને યુ.કે. ની ફર્મને આપણે નમૂના મોકલી આપ્યા છે એટલે એ જે પ્રમાણે ગણશે એટલે બાકીના પૈસા એ લોકો એ વખતે આપશે જે સેસ્મીક ડેટાની જે માહિતી આપી છે થ્રી ડી સેસ્મીક ડેટા અને જીજી કંપની, ફ્રાન્સની પાસે કરાવ્યું છે અને ડ્રીલીંગની જે આપી એ ડાલમા એન્જીનીયરીંગ કંપની, દુબઈ કરે છે.

**રાજયની માલિકીનું નવું હવાઈ જહાજ ખરીદવાની કાર્યવાહી**

*** ૧૭૫૬૩ શ્રી રાકેશ રાવ (માતર)** : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ રાજય સરકારે પોતાની માલિકીનું નવું હવાઈ જહાજ ખરીદવા માટેની કાર્યવાહી કરી હોવાની હકીકત ખરી છે,
(૨) આ હવાઈ જહાજ કઈ કંપનીનું, કેટલી સીટનું આવેલું છે,
(૩) આ હવાઈ જહાજ ખરીદવા માટે રાજ્ય સરકારને કેટલો ખર્ચ કરવો પડશે, અને
(૪) આ હવાઈ જહાજ માટે પાયલોટને ટ્રેનિંગ આપવાનો કેટલો ખર્ચ થશે, અને તે કોણ ભોગવશે?

**નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી**

(૧) નવું હૅલિકૉપ્ટર ખરીદવા માટેની કાર્યવાહી ચાલે છે.
(૨) આ હૅલિકૉપ્ટર ફ્રાન્સ ખાતેની મે. યુરોકોપ્ટર કંપનીનું છે, અને તે ૬ સીટનું છે.
(૩) અંદાજે રૂા.૩૯.૨૫ કરોડ,
(૪) પાયલોટને ટ્રેનિંગ આપવાનો ખર્ચ અંદાજે રૂા.૧૧,૫૦,૦૦૦/- જેટલો થશે અને તે હૅલિકૉપ્ટરની ઉત્પાદક કંપની, મે. યુરોકોપ્ટર, ફ્રાન્સ ભોગવશે.

**શ્રી રાકેશ રાવ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકારની જે હાલ નવું હૅલિકૉપ્ટર ખરીદવાની કાર્યવાહી ચાલે છે એની અંદર કેટલી આંતરરાષ્ટ્રીય કંપનીઓ પાસેથી આપણે ટેન્ડરો મંગાવ્યા છે અને આ યુરોકેપ્ટર કંપનીની આંતરરાષ્ટ્રીય ઉત્પાદનની શાખ શું છે અને એ બાબતે રાજય સરકારે શું તપાસ કરી છે? પાયલોટને ટ્રેનિંગ આપવાનો ખર્ચ અત્યારે જે નવા પાયલોટ છે હાલમાં આપણી રાજય સરકાર પાસે એમને ટ્રેનિંગ આપવાનો ખર્ચ છે કે નવા પાયલોટને તાલીમ આપવાનો ખર્ચ છે અને છેલ્લે આ ટ્રેનિંગનો ખર્ચ ઉત્પાદક કંપની ભોગવશે તેવું મને જવાબમાં જણાવવામાં આવ્યું છે તો આ અંગેનો કરાર થયો છે કે મૌખિક ખાતરી આપવામાં આવી છે?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર હાલ જે હૅલિકૉપ્ટર છેલ્લાં ૧૮ વર્ષથી મહાનુભાવો તેમજ કુદરતી હોનારતોમાં રાહત અને બચાવની કામગીરી માટે જે ઉપયોગમાં લઈ રહેલ છે તેથી એ ૨૦ વર્ષથી વધારે જૂનું થયું છે એટલે વર્ષમાં બે વખત એર વર્ધીનેસનું પ્રમાણપત્ર ફરજિયાત લેવું પડતું હોય છે અને જેની અંદર સ્પેર પાર્ટસ બદલવાનો ખર્ચ ખૂબ વધી જવાના કારણે હૅલિકૉપ્ટરની મરામત અને

જાળવણીનો ખર્ચ ખૂબ અતિશય વધારે થતો હોય છે. આ જે હૅલિકૉપ્ટર જે કંપની પાસેથી લેવાનું નક્કી કર્યુ છે આ જ પ્રકારના હૅલિકૉપ્ટર દેશના પાંચ રાજયો મહારાષ્ટ્ર, કર્ણાટકા, પંજાબ, બિહાર, અને ગુજરાત આ પાંચ આ જ પ્રકારનું હૅલિકૉપ્ટર વાપરે છે. તે સિવાય છત્તીસગઢ, વેસ્ટ બેંગાલ અને ઓરિસ્સાના રાજયો પણ આ જ હૅલિકૉપ્ટર વાપરે છે. એટલે કે હૅલિકૉપ્ટરની જે સ્વીકૃતિ છે તે જ સમગ્ર દેશની અંદર સૌથી વધારે થયેલી છે. આનો નિર્ણય કરતાં પહેલાં જે evaluaation કરવામાં આવેલું તેમાં Augusta A-૧૦૯ model Bel model, Dolphin એટલે આ જે આપણે નક્કી કર્યુ છે એચ.પી.એલ.જે આપણું બેંગ્લોરનું HAL નું લાઈટ હૅલિકૉપ્ટર છે અને Sputnik નું એક હૅલિકૉપ્ટરની પણ આપણે તેની કમ્પેરીઝન કરવામાં આવી હતી જે તાલીમ આપવાનો પ્રશ્ન છે માનનીય સભ્યશ્રીનો પાયલોટની તાલીમનો ખર્ચ છે તે આપણે જે પાયલોટરને તાલીમ આપવા ઇચ્છતા હોઈએ છીએ તેને તે તાલીમ તે લોકો આપશે, આપણા નિયમિત પાયલોટને પણ કારણકે આપણે સરકારી કોઈ પાયલોટ હોતા નથી પણ આપણે જેમને ઓપરેટીંગ કોન્ટ્રાકટ આપીએ છીએ તેના પાયલોટ મારફતે તેને તાલીમ આપવામાં આવતી હોય છે એટલે આ જે મૉડલ છે તે મૉડલ આધુનિક મૉડલ હોવાથી તેને અંગેની પાયલોટ તાલીમ પણ જરૂરી હોય છે અને તે આ કિંમતના ભાગરૂપે વધારાની કોઈ પણ કિંમત ચૂકવ્યા સિવાય તાલીમ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં આપ્યું છે કે, મે.યુરોકોપ્ટર કંપની દ્વારા આ હૅલિકૉપ્ટર ખરીદવામાં આવી રહ્યું છે ત્યારે આપના મારફતે પૂછવા માગું છું કે, આ હૅલિકૉપ્ટરના માટે થઈને કોઈ બીડ,ટેન્ડરો કેટલી કંપની પાસેથી આપણી રાજય સરકારને પ્રાપ્ત થયા અને કઈ ગુણવત્તાના આધારે આ કંપનીનું હૅલિકૉપ્ટર ખરીદવાની પસંદગી કરી ? પહેલા પૅરામાં આપ્યું છે કે નવું હૅલિકૉપ્ટર ખરીદવા માટેની કાર્યવાહી રાજય સરકાર દ્વારા ચાલી રહી છે ત્યારે પૂછવા માગું છું કે, આ હૅલિકૉપ્ટર ખરીદવાનું એક સ્વપ્ન લાવીને શું આખે આખી સરકાર હવામાં ઉડવા માગે છે કે શું ?

**અધ્યક્ષશ્રી** : પરેશભાઈ એવું નહીં.

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના છેલ્લા પ્રશ્નનો હું પહેલા જવાબ આપીશ. ભારત દેશના ૧૫ રાજયોની પાસે એક યા બીજા પ્રકારનું હૅલિકૉપ્ટર છે જેમાં દરેક પક્ષની સરકારો આવી જાય છે. એટલે દરેક પક્ષની સરકારો હવામાં ઉડવાનું કામ કરે છે એવું માનનીય સભ્યશ્રી માનતા હોય એમ લાગે છે. ધરતી ઉપર કોણ છે અને કોણ ઉડી ગયું ગુજરાતની પ્રજા બહુ સારી રીતે જાણે છે અને સમજે છે. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન એ પણ હતો કે આ જ કંપનીની પસંદગી કેમ કરવામાં આવી ? આ કંપનીનું આપણી પાસે જ્યારે એક પૂરાનું હૅલિકૉપ્ટર હોય ત્યારે સરકારે આ નિર્ણય કરતાં પહેલાં આ જે પૂરાનું હૅલિકૉપ્ટર છે તે પાંચ કરોડ અને છ લાખ રૂપિયામાં ખરીદવામાં આવ્યુ હતું. તે હૅલિકૉપ્ટરને પરત સામે એકસ્ચેન્જમાં પરત આપીને કારણકે આપણે બે હૅલિકૉપ્ટર રાખવા માગતા નહોતા. ..અંતરાય.. માનનીય સભ્યશ્રીનું સૂચન ધ્યાને લેવામાં આવશે કે એક હૅલિકૉપ્ટર વિપક્ષ માટે વિચારણામાં લઈ શકાય.

**અધ્યક્ષશ્રી** : જવાબ પૂરો થાય છે, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, ભવાનભાઈની સલાહ લીધી કે નહીં ? કારણકે તે નિષ્ણાત છે.

**અધ્યક્ષશ્રી** : ભવાનભાઈ, તમે સલાહ આપેલી છે કંઈ ?

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, ના, મેં એવું કહ્યું સાહેબ કે નવું તમે રાખો જૂનું અમારા એલ.ઓ.પી.નેતાને આપો. એટલે આ બધી ટેન્ડરની મગજમારી દૂર થઈ જાય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : પણ તમારું હૅલિકૉપ્ટર ના ચાલે તે દિવસે ભવાનભાઈના હાંઢીયાનો ઉપયોગ કરજો.

## પાયરેટેડ સોફટવેર બનાવવાનું કૌભાંડ પકડાવા અંગે

***૧૭૩૩૫ શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે તાજેતરમાં અમૅરિકન સોફટવેર કંપનીના પાયરેટેડ સોફટવેર બનાવવાનું કૌભાંડ પકડી પાડેલ હોવાની વાત ખરી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કૌભાંડમાં કોણ કોણ સંડોવાયેલ છે અને તેઓ પાસેથી જપ્ત કરાયેલ મુદ્દામાલની વિગત શી છે?

(૩)

**મુખ્યમંત્રીશ્રી(ગૃહ) :**

(૧) ના,જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.**

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## પોલીસ દળને વધુ અસરકારક બનાવવા જુદા જુદા સંવર્ગમાં ભરતી કરવા અંગે

૧૭૩૪૫**શ્રી કાંતિભાઇ પટેલ (વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પોલીસ દળને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકાર જુદા જુદા સંવર્ગોમાં ભરતી કરવા માંગે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા સંવર્ગમાં કેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવનાર છે ? | (૨) (૧) ૩૦૦૦ અને ૧૦૬૪ - લોકરક્ષકો<br>(૨) ૧૮૬-સીધી ભરતીના પો. સ. ઇ.<br>(૩) ૧૮૯-ખાસ બઢતીના પો. સ. ઇ.<br>(૪) ૧૯૧-સીનીયોરીટી ક્મ મેરીટના ધોરણે પો.સ.ઇ.માં બઢતી માટે કાર્યવાહી ગતિમાં છે. |

-----------

## કરાઈ ખાતે અદ્યતન પોલીસ તાલીમ સંસ્થામાં તાલીમ

૧૭૮૦૯**શ્રીમતી જયોત્સનાબેન સોમાણી (વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના કરાઈ ખાતે અદ્યતન પોલીસ તાલીમ સંસ્થા સ્થાપવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ તાલીમી સંસ્થામાં કઈ કક્ષાના અધિકારી/કર્મચારીને ક્યા ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવનાર છે ? | (૨) પ્રોબેશનર આઈપીએસ, પોલીસ સબ ઇન્સપેક્ટર, નાયબ પોલીસ અધિક્ષકોને તથા પોલીસ કોન્સ્ટેબલથી એએસઆઇને તાલીમ અપાય છે.<br><br>નીચે મુજબની તાલીમ આપવામાં આવે છે :-<br>➢ ડીસ્ટ્રીકટ પ્રેકટીકલ ટ્રેનીંગ<br>➢ બેઝીક તાલીમ / રીફ્રેશર / ઇન્ડકશન / કમાન્ડો તાલીમ / કોમ્પ્યુટર તાલીમ.<br>➢ બેન્ડની તાલીમ/ફોટોગ્રાફીની તાલીમ/બોમ્બ ડીસ્પોઝલની તાલીમ/યોગાસન અને અનાર્મ્ડ કોમ્બેટ. |

-------------

## વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના મીઠાના અગરોની સંખ્યા

૧૭૯૧૫ **શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં મીઠાના અગરો કુલ કેટલા આવેલા છે અને આ અગરો ઉપર કામ કરતા મજૂરો માટે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | પાંચ (૫) અગરો<br>ખર્ચ રૂા. ૨૧,૪૨,૧૪૪. |

-----------

## મુખ્ય મંત્રી અને મંત્રીમંડળના સભ્યો માટે ખરીદવામાં આવેલ વાહનો પાછળ થયેલ ખર્ચ

૧૭૯૮૮ **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રાજ્યમાં મુખ્યમંત્રીશ્રી અને મંત્રીમંડળના સભ્યો માટે ક્યા પ્રકારની કેટલી ગાડીઓ ખરીદવામાં આવી, ખરીદી પાછળ કેટલી રકમ ખર્ચ થઈ, અને

(૨) પ્રતિ માસ મુખ્યમંત્રીશ્રી, મંત્રીમંડળના સભ્યોના વાહનો પેટ્રોલ-ડીઝલનો કેટલો ખર્ચ થાય છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં સ્કોર્પિઓ એક અને શેવરોલેટ ઓપ્ટ્રા ૩૪ એમ કુલ ૩૫ વાહન રૂા. ૨,૩૦,૧૫,૯૮૪-૨૯ની કિંમતે ખરીદવામાં આવેલ છે.

(૨) માન. મુખ્યમંત્રીશ્રીના ઉપયોગ માટેના બે વાહનો માટે વાહન દીઠ પ્રતિ માસ રૂા. ૬૫૭૮/-નો સરેરાશ ખર્ચ થયો છે.

મંત્રીમંડળના માન. મંત્રીશ્રીઓ તેમણે કરેલા પ્રવાસનું માઇલેજ ભથ્થું મેળવતા હોઇ પેટ્રોલ-ડીઝલના ખર્ચનો હિસાબ અલગ રીતે રાખવામાં આવતો નથી.

-----------

## કેશોદ એરપોર્ટને વિકસાવવા અંગે

૧૮૦૫૬ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૬ના પ્રવાસન વર્ષ નિમિત્તે અને રાજ્ય સરકારના પ્રવાસન ઉદ્યોગના વિકાસને વેગ આપવાની પ્રવૃત્તિને ધ્યાને લઈ, કેશોદ એરપોર્ટને વિકસાવવા માટે રાજ્ય સરકાર વિચારે છે,

(૨) જો હા, તો આ અંગે કેન્દ્ર અને રાજ્ય સરકાર શું શું કામગીરી કરવા માંગે છે, અને

(૩) કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : કેશોદ એરપોર્ટ ભારત સરકારની એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડીયા હસ્તક હોઇ, આ ઓથોરીટી દ્વારા જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવશે.

-----------

## મેઘરજ મુકામે જી. આઈ. ડી. સી. ની સ્થાપના

૧૭૯૧૬**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મેઘરજ મુકામે જી.આઈ.ડી.સી. માટે જમીન સંપાદન થયેલ છે છતાં તા. ૩૧-૧-૦૬ સુધી કોઈ કાર્યવાહી થયેલ નથી તો શું આ જી.આઈ.ડી.સી. શરુ કરવાનું આયોજન છે કે કેમ,

(૨) હાલ આ કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) કામ ક્યારે શરુ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) મેઘરજ તાલુકાના ગામ પહાડીયા મુકામે જી.આઈ.ડી.સી. વસાહત માટે આયોજન કરવામાં આવેલું. જમીન સંપાદનની કાર્યવાહી હાથ ઉપર લેવામાં આવેલી, પરંતુ સ્થાનિક ખેડૂતોના વિરોધના હિસાબે સંપાદનની કામગીરી પડતી મૂકવાનો નિર્ણય લેવાયેલ છે.

(૨) અને (૩) : આમ છતાં ડીમાન્ડ સર્વે કરીને લોકોની માંગણી હશે તો વૈકલ્પિક જમીન સુનિતિ કરી વસાહત સ્થાપવાની કાર્યવાહી હાથ ધરી શકાશે.

-----------

## કચ્છ જિલ્લાની કુલ વીજ માંગ અને પુરવઠો

૧૭૯૮૫ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫ના કેલેન્ડર વર્ષની કચ્છ જિલ્લાની કુલ વીજ માંગ કેટલી હતી,

(૨) આ વીજ માંગ સામે કુલ કેટલી વીજળી પૂરી પાડવામાં આવેલ હતી,

(૩) આ પૂરી પાડવામાં આવેલ વીજ માંગ કચ્છ જિલ્લામાં ઉત્પાદન થયેલ કુલ વીજ ઉત્પાદન કરતાં કેટલી ઓછી હતી, અને

(૪) કચ્છમાં ઉત્પાદન થતી વીજળી કરતાં ઓછી વીજળી પૂરી પાડવાના શા કારણો છે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫ના કેલેન્ડર વર્ષની કચ્છ જિલ્લાની કુલ મહત્તમ વીજ માંગની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે :-

| વર્ષ | વીજ માંગ મે. વો. માં |
|---|---|
| ૨૦૦૩ | ૩૦૭ |
| ૨૦૦૪ | ૪૪૯ |
| ૨૦૦૫ | ૪૩૦ |

(૨) આ વીજ માંગ સામે ૨૦૦૩માં ૨૪૭૬૧.૬૫ લાખ યુનિટ, વર્ષ ૨૦૦૪માં ૨૮૨૮૯.૨૦ લાખ યુનિટ, અને વર્ષ ૨૦૦૫માં ૩૧૯૬૬.૮૦ લાખ યુનિટ વીજળી પૂરી પાડવામાં આવશે.

(૩) આ પૂરી પાડવામાં આવેલ વીજ માંગ કચ્છ જિલ્લામાં ઉત્પાદન થયેલ કુલ વીજ ઉત્પાદન કરતાં વધુ હતી.
વર્ષ ૨૦૦૩માં ૧૪૬૬૧.૬૦ લાખ યુનિટ
વર્ષ ૨૦૦૪માં ૧૯૬૬૯.૩૧ લાખ યુનિટ અને
વર્ષ ૨૦૦૫માં ૨૫૯૫૦.૮૧ લાખ યુનિટ વીજળી જિલ્લા બહારથી મેળવીને પૂરી પાડવામાં આવેલ.

(૪) કચ્છમાં ઉત્પાદન થતી વીજળી કરતાં ઓછી નહી પરંતુ વધુ વીજળી પૂરી પાડવામાં આવે છે.

-----------

## ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને અદ્યતન બનાવવા થયેલ ખર્ચ

૧૭૮૧૦**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને અદ્યતન બનાવવા માટે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આ ખર્ચ પેટે કેન્દ્ર સરકારની કોઈ સહાય મળેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) રૂા. ૮,૫૩,૩૮,૫૨૮/-

(૨) હા, જી.

------------

## ઓ.એન.જી.સી. ના કાચા તેલની ચોરીનું કોભાંડ પકડવા બાબત

૧૭૩૩૩ **શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના આતંકવાદ વિરોધી દળે ઓ.એન.જી.સી.ના કાચા તેલની મોટા પ્રમાણમાં ચોરીના કેલેન્ડર વર્ષ-૨૦૦૫માં કેટલા કોભાંડો પકડી પાડેલ છે,

(૨) આ કોભાંડોમાં કોણ કોણ સંડોવાયેલા છે, અને

**જવાબ**

(૧) એક

(૨) ૧. દિપક ચંદ્રકાન્ત શાહ, આણંદ
૨. જગદીશકુમાર નાથાલાલ શાહ, આણંદ
૩. જાહીદખાન માજીદખાન પઠાણ, ચાંદખેડા, ગાંધીનગર.
૪. ધનજીભાઈ જેઠાજી રાઠોડ, કુબેરનગર,

અમદાવાદ.
૫. કાળુસિંહ શ્રીલક્ષ્મીસિંહ રાજપુત, જેઠીપુરા, ગાંધીનગર.
૬. સીરાજ અહેમદ અસફાક હુસેન મનસુરી, દુધેશ્વર, અમદાવાદ.
૭. પેથાજી ધનાજી રાઠોડ, કુબેરનગર, અમદાવાદ.
૮. અલ્પેશ પ્રહલાદભાઈ પટેલ, શાહીબાગ, અમદાવાદ.
૯. અરવિંદ નીહાલચંદ જૈન, સેટેલાઈટ, અમદાવાદ.
૧૦.નવીન ઉર્ફે બન્ટી અરવિંદભાઈ જૈન, સેટેલાઈટ, અમદાવાદ.
૧૧.રાજુ ઉર્ફે પ્રભુભાઈ વલ્લભભાઈ દક્ષીણી, સુરેન્દ્રનગર.
૧૨.મનીષ ભુપેન્દ્રભાઈ શાહ, રહે. થાનગઢ, દરબાર શેરી, તા. ચોટીલા, જી. સુરેન્દ્રનગર.
૧૩.નરેન્દ્ર બુધાલાલ જૈન, મેમનગર, અમદાવાદ.
૧૪.સત્તુસિંહ સવાસિંહ, ચાંદખેડા, ગાંધીનગર.
૧૫.કિશનસિંહ માલસિંહ શેખાવત, ચાંદખેડા, ગાંધીનગર.

(૩) આ કૌભાંડોમાં કેટલી રકમના તેલની ચોરી કરવામાં આવી છે ?

(૩) રૂા. ૪,૨૦,૦૦૦/-ના ઓઈલની ચોરી કરવામાં આવી હતી. જે ઓ.એન.જી.સી.ને પરત કરવામાં આવેલ છે.

------------

### બગોદરા-બરવાળા રોડ ઉપર માર્ગ અકસ્માત

૧૭૮૯૯ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ બગોદરા-બરવાળા રોડ ઉપર કુલ કેટલા માર્ગ અકસ્માતો થયા, | (૧) ૧૪૦ |
| (૨) તેમાં કુલ કેટલા ઘાયલ થયા, અને | (૨) ૧૭૪ વ્યક્તિઓ |
| (૩) કુલ કેટલા મૃત્યુ થયા ? | (૩) ૫૬ વ્યક્તિઓ |

------------

### વલસાડ જિલ્લાના વીજળી વગરના તાલુકાવાર ગામો

૧૭૮૨૬ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામો વીજળી વગરના છે, અને<br>(૨) આ ગામોને જ્યોતિગ્રામ યોજનામાં સમાવવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૧) અને (૨) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના ચાર ગામો વીજળીના ગ્રીડ સાથે જોડાયા વિનાના છે. જેને સોલર સીસ્ટમ હેઠળ આવરી લીધેલ છે તથા ગ્રીડ સાથે જોડીને સમાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. |

------------

## મહેસાણા જિલ્લામાં ખૂન અને આત્મહત્યાના બનાવો

૧૭૯૨૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૬ના રોજ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા ખૂન અને આત્મહત્યાના બનાવો બન્યા, અને | (૧) ખૂનના ૭૨ આત્મહત્યાના ૨૨૯ |
| (૨) કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી ? | (૨) ખૂનના બનાવોમાં કુલ ૭૩ ઈસમોની ધરપકડ કરવામાં આવેલ છે. જ્યારે આત્મહત્યાના બનાવોમાં ભોગ બનનાર જાતે આપઘાત કરતા હોય ધરપકડ કરવાની રહેતી નથી. |

------------

## દક્ષિણ ગુજરાતમાં ટપક પધ્ધતિથી આવરી લીધેલ જિલ્લાઓ અને કરેલ ખર્ચ

૧૩૯૧૦**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ દક્ષિણ ગુજરાતના કેટલા જિલ્લાઓને ભારત સરકાર અને રાજ્ય સરકારની સ્કીમ અન્વયે ટપક પધ્ધતિથી આવરી લેવામાં આવ્યા છે ? | તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓને ભારત સરકાર અને રાજ્ય સરકારની સ્કીમ અન્વયે ટપક પધ્ધતિથી આવરી લેવાયા છે. |

-----------

## વઘઈ ચેક પોસ્ટની આવક

૧૭૩૨૭**પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વાહન વ્યવહાર ખાતાની વઘઈ ચેક પોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧) વાહન વ્યવહાર ખાતાની વઘઈ ચેક પોસ્ટની તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક નીચે મુજબ છે.

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૦૩ | રૂા. ૧,૪૭,૩૦,૦૦૦/- (એક કરોડ સુડતાલીસ લાખ ત્રીસ હજાર) |
| ૨૦૦૪ | રૂા. ૧,૫૪,૭૫,૦૦૦/- (એક કરોડ ચોપ્પન લાખ પંચોતેર હજાર) |
| ૨૦૦૫ | રૂા. ૧,૯૬,૪૨,૦૦૦/- (એક કરોડ છન્નુ લાખ બેતાલીસ હજાર) |

(૨) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## કુખ્યાત ગુનેગાર બાબાખાનની ધરપકડ અંગે

૧૭૩૩૪**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં રાજ્યના આતંકવાદ વિરોધી દળે કુખ્યાત ગુનેગાર બાબાખાનની ધરપકડ કરી હોવાની વિગત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે ક્યા ક્યા પ્રકારના ગુન્હાઓમાં સંડોવાયેલ છે, અને | (૨) ગેરકાયદેસર હથિયારોની હેરાફેરી, હત્યા અને હત્યાનો પ્રયાસ. |

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) આરોપીની ધરપકડ કર્યા બાદ કાયદેસરની કાર્યવાહી ગતિમાં છે.

-----------

**મોરબી અને વાંકાનેર તાલુકાના સીરામીક ઉદ્યોગોને ફ્રી ટ્રેડ ઝોન હેઠળ મૂકવા અંગે**

૧૭૫૫૫ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના મોરબી અને વાંકાનેર તાલુકામાં આવેલ સીરામીક ઉદ્યોગોને ફ્રી ટ્રેડ ઝોન (એ. સી. ગ્રેડ) હેઠળ સમાવેશ કરવા રાજ્ય સરકારે આયોજન કરેલ છે,

(૨) જો હા, તો કેટલા સમયમાં કામગીરી પૂર્ણ કરાશે, અને

(૩) ક્યારથી અમલવારી કરાશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : મોજે વઘાસિયા મુકામે પ્રોડક્ટ સ્પેસીફીક સીરામીક સ્પેશીયલ ઈકોનોમીક ઝોન ઉભો કરવા ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમ દ્વારા હાલ વિચારણા ચાલુ છે.

-----------

**રાજ્યમાં નોંધાયેલા એટ્રોસીટીના કેસ**

૧૭૧૨૨ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ નાણાકીય વર્ષ : ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન એટ્રોસીટીના કુલ કેટલા કેસ નોંધાયેલ છે, અને

(૨) આવા બનાવો બનતા રોકવા રાજ્ય સરકાર દ્વારા શું પગલાંઓ ભરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | એટ્રોસીટીના બનાવોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૦૮૩ |
| ૨૦૦૫-૦૬ (જાન્યુઆરી, ૨૦૦૬ સુધી) | ૯૫૩ |
| કુલ : | ૨૦૩૬ |

(૨) (૧) અધિક પોલીસ મહાનિદેશકશ્રીના તાબા હેઠળ એટ્રોસીટી એક્ટ હેઠળ બનતા ગુનાઓનું મોનીટરીંગ અને નિયંત્રણ કરવા માટે "ખાસ સેલ"ની રચના કરવામાં આવેલ છે.

(૨) જિલ્લા લેવલે આ કાયદાની અસરકારક અમલવારી માટે રાજ્ય સરકાર દ્વારા ૧૫ નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓની એસ. સી./એસ. ટી. સેલની નિમણૂંક કરવામાં આવેલ છે. એટ્રોસીટીના ગુનાની તપાસ કરવા માટે નાયબ પોલીસ અધિક્ષકશ્રી કક્ષાના અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. આવા ગુનાની તપાસ સીધા પોલીસ અધિક્ષકશ્રીના સુપરવિઝન હેઠળ કરવામાં આવે છે.

(૩) એટ્રોસીટીના કાયદા અને નિયમોની જાણકારી મળે તે માટે દરેક પોલીસ સ્ટેશનમાં હોર્ડિગ્સ લગાવવામાં આવે છે.

(૪) રાજ્યમાં બનતા એટ્રોસીટી એક્ટ હેઠળના ગુનાઓના આધારે સંવેદનશીલ વિસ્તારોમાં સમાજકલ્યાણ અધિકારીશ્રીઓ સાથે પરામર્શ કરી વારંવાર વિઝીટ કરવા તેમજ આવા ગુનાઓ બનતા અટકે તે માટે જરૂરી કાર્યક્રમો યોજવા પોલીસ

કમિશ્નરશ્રી / રેન્જ ઈન્ચાર્જશ્રીઓ / પોલીસ અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવી છે.

(૫) એટ્રોસીટીના કેસો ચલાવવા માટે ખાસ કોર્ટો ઉભી કરવામાં આવેલ છે. અને જે તે જિલ્લાની સેસન્સ કોર્ટોનો સીનીયર પબ્લીક પ્રોસીક્યુટરને આ એક્ટ હેઠળ કેસો ચલાવવા ખાસ સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૬) એટ્રોસીટી એક્ટ અને નિયમોની જોગવાઈઓના અમલ માટે રાજ્યના પોલીસ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષક ક્ક્ષાના અધિકારીઓ માટે અવેરનેશ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવે છે. અને રીફ્રેશર ઈન્ડેક્ષન તાલીમ કોર્સનું આયોજન કરવામાં આવે છે.

-----------

**વાયબ્રન્ટ ગુજરાત માટે થયેલ ખર્ચ**

૧૭૬૯૬ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષોમાં વાયબ્રન્ટ ગુજરાત માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું,

(૨) આ કાર્યક્રમ અંતર્ગત કેટલાં વિદેશી મૂડી રોકાણના કરારો કરવામાં આવ્યા, અને

(૩) કેટલું મૂડીરોકાણ વાસ્તવિકપણે આવ્યું ?

**જવાબ**

(૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ માત્ર એક વખત જાન્યુઆરી-૨૦૦૫માં યોજેલ છે. જેમાં રૂા. ૧૩.૩૯ કરોડનો ખર્ચ થયેલ છે.

(૨) અને (૩) ઉક્ત કાર્યક્રમમાં રૂા. ૧૦૬૧૬૦ કરોડના એમઓયુ/જાહેરાતો થયેલ, જે પૈકી રૂા. ૪૬૫૬.૫૦ કરોડના વિદેશી મૂડી રોકાણના એમ.ઓ.યુ./જાહેરાતો થયેલ છે. જે રોકાણ ક્રમશઃ થઈ રહેલ છે.

-----------

**વડાપ્રધાન રોજગાર યોજના હેઠળ શિક્ષિત બેરોજગારોને આપવામાં આવેલ લોન**

૧૭૩૫૪ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર વડાપ્રધાન શિક્ષિત બેરોજગારોને લોન-સહાય યોજના નીચે તા. ૧-૪-૦૪થી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલાને લોન સહાય અપાઈ છે,

**જવાબ**

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | લોન સહાય સંખ્યા |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૧૫૧ |
| ૨ | ધાંગધ્રા | ૯૩ |
| ૩ | હળવદ | ૨૨ |
| ૪ | લીંબડી | ૫૬ |
| ૫ | ચોટીલા | ૨૩ |
| ૬ | સાયલા | ૧૬ |
| ૭ | મુળી | ૨૭ |
| ૮ | લખતર | ૧૪ |
| ૯ | દસાડા | ૫૩ |

| | | |
|---|---|---|
| ૧૦ | ચુડા | ૧૫ |
| | કુલ : | ૪૭૦ |

(૨) હજી કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) તા. ૩૧-૧-૦૬ના અંતે બેંક કક્ષાએ ૧૮૨ અરજીઓ પડતર છે.

(૩) આ અરજીઓ પર ક્યારે સહાય આપવામાં આવનાર છે ?

(૩) બેંક દ્વારા કેસ મંજૂર થયે સહાય ચુકવવામાં આવશે.

-----------

**ઉત્તર ગુજરાતના ઓદ્યોગિક વિકાસને વેગવંતો બનાવવા માટેનો માસ્ટર પ્લાન અંગે**

૧૭૨૩૪ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઉત્તર ગુજરાતના ઓદ્યોગિક વિકાસને વેગવંતો બનાવવા સરકાર ધ્વારા કોઈ માસ્ટર પ્લાન તેયાર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યારે, અને

(૩) આ માસ્ટર પ્લાનની વિગતો શું છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) ગુજરાતમાં ઓદ્યોગિક વિકાસને વેગવંતો બનાવવા માટે અને પછાત વિસ્તારોમાં ઓદ્યોગિક વિકાસ થાય તે સુનિતિ કરવા માટે સરકાર તરફથી સમગ્ર ગુજરાતને ૪-ભાગમાં વહેંચીને અભ્યાસ કરાવવા માટે પગલાં લેવામાં આવેલ છે જે ઓદ્યોગિક નીતિ ૨૦૦૩માં થયેલ નિર્દેશ અનુસાર છે. આ ચાર વિસ્તારો પેકી ઉત્તર ગુજરાતના અભ્યાસની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

-----------

**તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠાની આવેલ અરજીઓ અને નિકાલ**

૧૭૯૯૧ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેતી માટે પાતાળકુવામાં વીજ ક્નેક્શન માટે ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી,

(૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ આવેલ અને નિકાલ અરજીઓની સંખ્યાની જિલ્લાવાર વિગતો નીચે મુજબની છે.

| જિલ્લો | મળેલ અરજીઓ | નિકાલ કરેલ અરજીઓ |
|---|---|---|
| ગાંધીનગર | ૨૦૬ | ૧૫૭ |
| મહેસાણા | ૬૧૧ | ૩૮૧ |
| પાટણ | ૮૪ | ૭૭ |
| બનાસકાંઠા | ૪૧૮૮ | ૬૭૩ |
| સાબરકાંઠા | ૩૧૮૩ | ૧૫૧૫ |
| કુલ : | ૮૨૭૨ | ૨૮૦૩ |

(૩) પડતર અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે ?

(૩) પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવાનું આયોજન છે.

-----------

**જ્યોતિ ગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલા ભરૂચ જિલ્લાના તાલુકાદીઠ ગામો**
૧૭૨૪૩**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં જ્યોતિ ગ્રામ યોજના હેઠળ તાલુકાદીઠ કેટલા ગામોને આવરી લેવામાં આવ્યા, અને

(૨) આ યોજના હેઠળ બાકી ગામોમાં કેટલા સમયમાં કામો પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ કુલ ૪૧૭ ગામો આવરી લેવામાં આવ્યા છે, જેની તાલુકાવાર વિગતો નીચે મુજબની છે.

| તાલુકાનું નામ | કુલ ગામો | જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લીધેલ ગામો |
|---|---|---|
| અંકલેશ્વર | ૫૮ | ૫૮ |
| આમોદ | ૫૩ | ૩૮ |
| ભરૂચ | ૯૩ | ૨૯ |
| હાંસોટ | ૪૬ | ૪૬ |
| જંબુસર | ૮૧ | ૪૧ |
| વાગરા | ૬૭ | ૪૮ |
| વાલીયા | ૯૫ | ૮૯ |
| ઝગડીયા | ૧૬૪ | ૬૮ |
| કુલ : | ૬૫૭ | ૪૧૭ |

(૨) બાકી રહેલા ગામોમાં માર્ચ-૨૦૦૬ સુધીમાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**પોલીસ ખાતાના મર્હુમ કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે નોકરી આપવા સંબંધના પરિપત્ર અંગે**
૧૭૯૩૦**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ ખાતાના મર્હુમ કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે નોકરી માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત નકકી ઠરાવતો વિભાગે પરિપત્ર ર્ક્યો છે તે વાત સાચી,

(૨) જો હા, તો આવો પરિપત્ર ક્યા કારણે કોની સૂચનાથી ક્યારે કરવામાં આવ્યો,

(૩) પરિપત્ર તારીખ અગાઉનાં રહેમરાહે નોકરીના પડતર પ્રકરણોમાં પણ આ ઠરાવેલ લઘુત્તમ શૈક્ષણિક લાયકાતની જોગવાઈ લાગુ પાડવાનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ પરિપત્રમાં છે કે કેમ,

(૪) જો આવો કોઈ ઉલ્લેખ ન હોય તો એ પરિપત્ર અન્વયે પરિપત્રની તારીખથી જાન્યુ. ૦૬ દરમ્યાન ના મંજુર કરવામાં આવેલ અરજીઓ સંદર્ભે પુનઃવિચારણા હાથ ધરીને એવા ઉમેદવારોને રહેમરાહે નોકરી આપવા સરકાર વિચારી રહી છે તે હકીક્ત ખરી, અને

(૫) જો હા, તો એવી કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે અને જો ના તો તેના શું કારણો છે ?

**જવાબ**

(૧) ગૃહ વિભાગે પરિપત્ર કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ભારતમાં વીજળી ક્ષેત્રે સારી સ્થિતિ ધરાવતું રાજ્ય**

૧૭૫૫૬ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સમગ્ર ભારતમાં ઉર્જા ક્ષેત્રે અનેક રાજ્યોમાં અનેક વખત વીજ કટોકટી સર્જાય છે, તે રાજ્ય સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બીજા રાજ્ય જેવી વીજ કટોકટી ન સર્જાય તેના માટે ગુજરાત વિદ્યુત બોર્ડ આગોતરી સાવચેતી રાખે છે કે કેમ ? | (૨) આગોતરી સાવચેતી રાખવામાં આવે છે. |

-----------

**રાજ્યમાં નાગરિક અધિકાર પત્રનો અમલ**

૧૭૫૫૯**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાગરિક અધિકાર પત્રનો રાજ્યમાં ક્યારથી અમલ શરૂ કરવામાં આવ્યો છે, | (૧) તા. ૮/૧૦/૧૯૯૮થી. |
| (૨) નાગરિક અધિકારોનું જતન થાય તે માટે કેટલા જિલ્લાઓમાં રાજ્યમાં કુલ કેટલા લોક પ્રહરી નિયુક્ત કરવાનું આયોજન હતું, અને | (૨) શરૂઆતમાં રાજ્યના છ જિલ્લાઓ (અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગર)માં લોક પ્રહરી નિયુક્ત કરવાનું આયોજન હતું. |
| (૩) અત્યાર સુધીમાં ક્યા ક્યા જિલ્લાઓમાં કેટલા લોક પ્રહરીની નિયુક્તી પૂર્ણ થઈ ચૂકી છે ? | (૩) અત્યાર સુધીમાં અમદાવાદ, વડોદરા, સુરત, અને રાજકોટ ખાતે કુલ ચાર લોકપ્રહરીની નિમણૂંક કરવામાં આવી છે. તા.૨૬/૭/૨૦૦૪ના ઠરાવથી આ ચાર મૂળ જિલ્લાઓ સાથે નજીકના બે-બે જિલ્લાઓ અમદાવાદ સાથે ખેડા અને ગાંધીનગર, વડોદરા સાથે આણંદ અને રાજપીપળા, સુરત સાથે નવસારી અને વલસાડ તથા રાજકોટ સાથે જામનગર અને જુનાગઢ જોડવામાં આવેલ છે. આમ, મૂળ ૪ જિલ્લાઓ સાથે નજીકનાં ૮ જિલ્લાઓ જોડીને કુલ ૧૨ જિલ્લાઓમાં ચાર લોકપ્રહરી દ્વારા કામગીરી કરવામાં આવે છે. |

-----------

**પંચમહાલ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજનાનો અમલ**

૧૭૦૫૨ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના ક્યારથી અમલમાં આવી, | (૧) તા. ૩-૯-૨૦૦૩થી અમલમાં આવી છે. |
| (૨) તે પૈકી કેટલા ગામો જ્યોતિગ્રામ યોજના હેઠળ જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ પૂર્ણ ક્ર્યા અને કેટલા બાકી છે, | (૨) જાન્યુઆરી-૦૬ સુધીમાં ૯૪૫ ગામો પૂર્ણ ક્ર્યા છે. અને ૨૫૬ ગામો બાકી છે. |
| (૩) બાકી રહેવાના કારણો શાં છે, અને ક્યારે પૂર્ણ કરવા માંગો છો, | (૩) તબક્કાવાર કામગીરી કરવામાં આવે છે અને માર્ચ-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) જ્યોતિગ્રામ યોજનામાં પેટા પરાનો સમાવેશ કરવામાં આવે છે કે કેમ, અને | (૪) અને (૫) હા જી, ૧૧૬૬ પેટાપરા પૈકી ૭૮૨ની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી છે. |
| (૫) જો હા, તો ક્યારથી કરવામાં આવશે ? | |

-----------

**વીજ ક્ષમતામાં વધારો કરવા વીજ મથકો સ્થાપવા અંગે**

૧૭૪૫૩**શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર ધ્વારા સ્થાપિત ગુજરાત પાવર કો. લી. ધ્વારા ખાનગી મૂડી રોકાણના સંયુક્ત સાહસથી વીજ ક્ષમતામાં વધારો કરવા માટે, ગેસ, લીગાઈટ, આયાતી કોલસો, કોલસો, આધારીત વીજ મથકો, પીપાવાવ, ધુવારણ, ઘોઘા અને છત્તીસગઢ સ્થળે સ્થાપવાનું આયોજન છે તેમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ શી પ્રગતિ થયેલ છે, અને | (૧) ખાનગી મૂડી રોકાણકાર અને ગુજરાત પાવર કોર્પોરેશન લી.ના સંયુક્ત સાહસમાં ૨૫૦ મે.વો. લીગાઈટ, આધારીત વિજમથક ઘોઘા જીલ્લો ભાવનગર ખાતે સ્થાપવાનું આયોજન છે. આ ઉપરાંત ગુજરાત પાવર કોર્પો. લી. તેમજ જાહેર સાહસોના સંયુક્ત સાહસ તરીકે વીજ મથકો સ્થાપવા અંગે તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ થયેલ પ્રગતિની વિગતો પત્રક-અ માં દર્શાવ્યા પ્રમાણે છે. |
| (૨) જો નિર્ધારીત સમય મુજબ પ્રગતિ થઈ રહી હોય તો, ક્યુ વીજ મથક કેટલાં સમયમાં પ્રથમ ચાલુ કરી શકાય તેમ છે ? | (૨) ધુવારણ ખાતે સ્થપાનાર ૧૧૨.૫ મે.વો.ની ક્ષમતાવાળું સ્ટેજ-૨ ગેસ વીજ મથક જુન-૨૦૦૬માં કાર્યાન્વિત કરવાનું આયોજન છે. |

**પત્રક-અ**

(અ) ૨૫૦ મે.વો. લિગાઈટ આધારીત વીજ મથક ઘોઘા, જિલ્લો-ભાવનગર ખાતે :

તા. ૬-૧૦-૨૦૦૫ના રોજ ગુજરાત પાવર કોર્પોરેશન લિ. અને નિરમા કેમિકલ્સ વર્કસ લિ. વચ્ચે સમજુતી કરાર કરવામાં આવ્યા છે. તક્નીકી કાર્યો જેવા કે, સ્થળ પર ફેન્સીંગ, સીક્યોરીટી, ઈપીસી કોન્ટ્રાકટરની નિમણુંક્ની દરખાસ્તો તેયાર કરવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. પર્યાવરણને લગતાં રીપોર્ટ તેયાર કરવા ક્ન્સલટન્ટની નિમણૂંક કરવામાં આવી છે. પ્રોજેક્ટ માટે જરૂરી શેર હોલ્ડર્સ એગ્રીમેન્ટ (મૂડીરોકાણ કરાર)ને રાજ્ય સરકારે તાજેતરમાં મંજુરી આપી છે.

(બ) ૭૦૦ મે.વો.ની ક્ષમતાવાળું ગેસ આધારિત વીજમથક પીપાવાવ ખાતે :-

ગુજરાત પાવર કોર્પોરેશન અને ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમનું સંયુક્ત સાહસ મે. જીએસપીસી-પીપાવાવ પાવર કંપની લી. દ્વારા ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ તેયાર કરવામાં આવ્યો છે. આ યોજના માટેની જરૂરી જમીન ગુજરાત પાવર કોર્પો. લિ. દ્વારા સંપાદીત કરવામાં આવી છે. ગેસ પુરો પાડવાની પાઈપ લાઈનનું કામ જીએસપીએલ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

(ક) ૧૦૦૦ મે.વો. કોલસા આધારિત વીજ મથક પીપાવાવ ખાતે :

ગુજરાત પાવર કોર્પોરેશન લિ. અને તત્સમયના ગુજરાત વિદ્યુત બોર્ડ (હવે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.) એ ફેબ્રુઆરી-૦૪માં એનટીપીસી સાથે આ યોજનાના અમલીકરણ માટે સમજુતી કરાર કરેલ છે. અન્ય રીપોર્ટ જેવા કે, સેસ્મીક સ્ટડી, પર્યાવરણને લગતાં રીપોર્ટ, પાણીની ઉપલબ્ધિ અંગેનો રીપોર્ટ વિ.ની કાર્યવાહી હાથ પર છે.

(ડ) ૧૧૨.૫ મે.વો. ની ક્ષમતાવાળું ગેસ આધારિત વીજમથક ધુવારણ ખાતે સ્ટેજ-૨

આ મથક સ્થાપવા માટે ગુજરાત પાવર કોર્પોરેશને ગુજરાત ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ સાથે સમજુતી કરાર કરેલ છે. ઈપીસી કોન્ટ્રાક્ટ મે. ભારત હેવી ઈલેક્ટ્રીક્લ્સ લી. ને આપી દેવામાં આવ્યો છે. આ યોજના માટે જરૂરી ગેસ પુરો પાડવા માટેની બાંહેધરી ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પો.લી. દ્વારા આપવામાં આવી છે. સ્થળ પરના કાર્યો પૂર્ણ થવામાં છે.

(ઈ) ૫૦૦ મે.વા. કોલસા આધારિત વીજ મથક છત્તીસગઢ ખાતે.

આ વીજ યોજના માટે ગુજરાત સરકાર અને છત્તીસગઢ સરકાર વચ્ચે વર્ષ ૨૦૦૧ માં સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા. સમજુતી કરારની અવધિ જૂન-૨૦૦૪માં પૂર્ણ થયા બાદ ગુજરાત સરકાર દ્વારા આ અવધિ વધારવા માટે વારંવાર વિનંતી કરવામાં આવી હતી પરંતુ આજ-દિન સુધી છત્તીસગઢ સરકાર દ્વારા કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવ્યો નથી.

-----------

**ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને ઘર વપરાશની વીજળી માટે મફ્ત વીજ મીટર આપવા અંગે**

૧૭૨૫૬**શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબીજનો માટે ઘર વપરાશમાં વપરાતી વીજળી માટે મફ્ત વીજ મીટર આપવાની સરકાર કક્ષાએ કોઈ વિચારણા ચાલે છે કે કેમ, અને

(૨) જો હા, તો તેનો અમલ ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા આદિજાતિનાં લોકો જેમની વાર્ષિક આવક
રૂા. ૧૧૦૦૦થી ઓછી હોય તેમને ઘર વપરાશમાં વપરાતી વીજળી માટે હાલમાં આદિજાતિ વિસ્તારો માટે રાજ્ય સરકાર પુરસ્કૃત કુટિર જ્યોતિ યોજના હેઠળ તથા ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં ઝુંપડાઓમાં વસતા તમામ જાતિના લોકો કે જેમની વાર્ષિક આવક રૂા. ૧૧૦૦૦થી ઓછી હોય તેમના માટે ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે.

-----------

**અમદાવાદના એરપોર્ટને આંતર રાષ્ટ્રીય કક્ષાનું બનાવવા ખુટતી સુવિધાઓ**

૧૭૭૦૨ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરના એરપોર્ટને આંતર રાષ્ટ્રીય કક્ષાનું બનાવવા માટે હજુ કેવા પ્રકારની સુવિધાઓ ખૂટે છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે?

**જવાબ**

(૧) નીચે મુજબની સુવિધાઓ આવશ્યક છે.
   (૧) નવું આંતર રાષ્ટ્રીય ટર્મીનલ બિલ્ડીંગ.
   (૨) એરોબ્રીજ તથા ઓન લાઈન બેગેજીસ ચેકીંગ સિસ્ટમ.
   (૩) નવું એરાઈવલ લોન્જ.
   (૪) અન્ય અત્યાધુનિક સેવાઓ.

(૨) રૂા. ૩૪૭ કરોડનો અંદાજ છે.

-----------

**ગુજરાત વિદ્યુત બોર્ડ અને સંબંધિત કંપનીઓને વીજ વેચાણમાં મળેલ ભાવ વધારા અંગે**

૧૮૦૫૪ **શ્રી બિમલ શાહ (કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વીજ નિયંત્રણ કમિશનના વીજ ઉત્પાદન અને વેચાણે ખરીદીમાં નિયમન અને નિયંત્રણના કારણે
તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રાહકોને વીજ વેચાણ સામે ગુજરાત વિદ્યુત બોર્ડ કે સંબંધિત વિભાજીત કંપનીઓને યુનિટ દીઠ વીજ વેચાણમાં ભાવ વધારો મળેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો છેલ્લા ત્રણ વર્ષ માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વર્ષવાર જુદી જુદી કેટેગરીના વીજ વેચાણના જથ્થા અને યુનિટ દીઠ ભાવનાં આંકડા શું છે,અને

(૩) જો ના, તો સંબંધિત વર્ષમાં વીજ ઉત્પાદન અને વેચાણના યુનિટ અને રકમની માહિતી શું છે ?

**જવાબ**

(૧) ગુજરાત વીજ નિયમન પંચના તા. ૨૫-૬-૦૪ના આદેશથી ખેતી વિષયક, શેરી દિવાબત્તી તથા રેલ્વે સિવાયના ગ્રાહકોના ફિક્સ ચાર્જમાં માત્ર પાંચ ટકા વધારો કરેલ હતો.

(૨) જુદી જુદી કેટેગરીના વીજ વેચાણના જથ્થાની વિગતો અને યુનિટ દીઠ ભાવના આંકડાની વિગતો અનુક્રમે પત્રક-અ અને પત્રક-બમાં સામેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

| અ.નં. | ગ્રાહક કેટેગરી | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
|---|---|---|---|---|
| | | વીજ જથ્થો(મી.યુનિટમાં) | વીજ જથ્થો(મી.યુનિટમાં) | વીજ જથ્થો(મી.યુનિટમાં) |
| ૧ | રેસીડેન્સીયલ | ૩૫૨૩ | ૩૮૩૯ | ૩૩૫૬ |
| ૨ | કોમર્સીયલ | ૧૧૧૪ | ૧૨૪૯ | ૧૦૭૩ |
| ૩ | એલ.ટી.ઈન્ડસ્ટ્રીયલ | ૩૨૮૯ | ૩૬૪૩ | ૨૭૯૪ |
| ૪ | એચ.ટી.ઈન્ડસ્ટ્રીયલ | ૬૬૨૧ | ૭૧૭૬ | ૫૬.૮૮ |
| ૫ | પબ્લીક લાઈટ | ૧૩૬ | ૧૪૫ | ૧૦૭ |
| ૬ | રેલ્વે | ૪૨૦ | ૪૭૭ | ૩૬૭ |
| ૭ | ખેતી વિષયક | ૯૫૮૧ | ૯૯૪૪ | ૭૪૮૨ |
| ૮ | વોટર વર્ક્સ | ૬૦૭ | ૬૭૦ | ૫૩૪ |
| ૯ | લાઈસન્સી | ૩૬૬૧ | ૩૬૦૪ | ૨૮૧૮ |
| ૧૦ | કુલ | ૨૮૯૭૭ | ૩૧૦૦૫ | ૨૪૨૩૨ |

* પત્રક-બ સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.

-----------

**એલીસબ્રીજ અને નવરંગપુરા પોલીસ સ્ટેશનની હદમાં ગેરકાયદેસર તેમજ અનેતિક ધંધા માટે પાડવામાં આવેલ રેડ**

૧૭૨૨૯ **શ્રી ભાવિનભાઈ ન. શેઠ (એલીસબ્રીજ):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧-૧-૨૦૦૪ થી તા.૩૧-૧-૦૬ સુધીમાં એલીસબ્રીજ પોલીસ સ્ટેશનની હદ અને નવરંગપુરા પોલીસ સ્ટેશનની હદમાં ગેરકાયદેસર તેમજ અનેતિક ધંધામાં દર્શાવેલ પોલીસ સ્ટેશન સિવાયની પોલીસ દ્વારા કોઈ રેડ પાડવામાં આવી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે જે તે પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટરની જવાબદારી છે કે કેમ, અને | (૨) આ સંબંધે સ્થાનિક પોલીસ ઈન્સ્પેકટરની કોઈ જવાબદારી નક્કી કરવામાં આવેલ નથી. |
| (૩) જો હા, તો આ અંગે ગૃહ વિભાગ દ્વારા જવાબદાર અધિકારી સામે શું પગલાં લેવામાં આવ્યાં ? | (૩) અત્રેથી સ્થાનિક પો. ઈન્સ્પેકટરની વિરૂધ્ધમાં કોઈ પગલાં લેવામાં આવેલ નથી. |

-----------

**મુલ્કી સચિવાલયમાં સેક્શન અધિકારીનું મંજુર થયેલ મહેકમ**

૧૭૮૧૨ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ રાજ્ય સચિવાલયમાં સેક્શન અધિકારી વર્ગ-૨ની કુલ કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૪૩૧. |
| (૨) આ વર્ગ-૨ની જ્ગ્યા સામે અનુસૂચિત જનજાતિનો કેટલો બેકલોગ અને કેટલો શોર્ટ ફોલ છે, | (૨) બેકલોગ નથી.<br>સીધી ભરતીમાં-૪નો શોર્ટ ફોલ છે. |
| (૩) આ બેકલોગ અને શોર્ટફોલની જ્ગ્યાઓ સરકાર ભરવા માંગે છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો કેટલા સમયમાં ? | (૧) આગામી સીધી ભરતીના સમયે. |

-----------

**ફરજિયાત આયોડિન યુક્ત મીઠું વેચવાનો કાયદો**

૧૭૬૯૨ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત સરકારે આયોડિન યુક્ત મીઠું ફરજિયાત પણે વેચવું તેવો કાયદો કરેલ છે, એ વાત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આના લીધે મીઠું ઉત્પન્ન કરતા અગરિયાઓને સરકાર કોઈ રક્ષણ કે સહાય ચૂકવવા માગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**માનવ અધિકાર પંચની રચના**

૧૭૨૩૮**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે માનવ અધિકાર પંચની રચના કરવાનો નિર્ણય કર્યો છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ નિર્ણય ક્યારે કરવામાં આવ્યો, અને | (૨) તા. ૩-૬-૧૯૯૮ના રોજ. |
| (૩) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે શું શું કાર્યવાહી હાથ ધરી હતી ? | (૩) રાજ્ય માનવ અધિકાર પંચની રચના કરવા માટે તેના ચેરપરસનશ્રી તથા ૪ સભ્યોની નિમણૂંક કરવા તેમના નામોની ભલામણ મેળવવાની કાર્યવાહી ચાલુ છે. માનવ અધિકાર પંચની કચેરી માટે મકાન ઉપલબ્ધ કરવા, વાહનો ખરીદવા અને મહેકમની નિમણૂંક કરવા અંગેની બાબત ચકાસણી હેઠળ છે. |

-------------

**જાંબુઘોડા તાલુકાના ખાંડીવાવ ગ્રામ પંચાયત વિસ્તારમાં મેટલ તોડવાની પરમીટ**

૧૭૮૧૪**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાંબુઘોડા તાલુકાનાં ખાંડીવાવ ગ્રામ પંચાયત વિસ્તારમાંથી સર્વે નંબર ૧૩૩ તેમજ અન્ય સર્વે નંબરોમાંથી મેટલ તોડવાની પરમીટ આપવામાં આવેલ છે કે કેમ, અને | (૧) જાંબુઘોડા તાલુકાના ખાંડીવાવ ગ્રામ પંચાયત વિસ્તારમાંથી સર્વે નંબર ૧૩૩માં એક ક્વોરી પરમીટ આપવામાં આવેલ. જ્યારે અન્ય સર્વે નંબરોમાં કોઇ ક્વોરી પરમીટ આપવામાં આવેલ નથી. |
| (૨) પરમીટ રદ કરવા અંગે શું કાર્યવાહી કરવા માંગો છો, કેટલા સમયમાં ? | (૨) સર્વે નં.૧૩૩માં અપાયેલ ક્વોરી પરમીટની મુદત પુરી થઇ ગયેલ છે. જેથી પરમીટ રદ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**પી.એસ.આઈ. ભરતી બોર્ડ ભરતી કરેલ પી.એસ.આઈ.ની સંખ્યા**

૧૭૯૨૯**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ સને ૧૯૯૯માં પી.એસ.આઈ. ભરતી બોર્ડે કેટલા પી.એસ.આઈ. ભરતી સામે કેટલાની નિમણૂંક કરી, | (૧) ૨૯૬ (બસો છન્નુ) |
| (૨) વધારે ભરતી કર્યાની બોર્ડે સરકાર પાસેથી મંજૂરી | (૨) હા, જી. તા. ૨-૩-૦૧ થી તા. ૧૯-૬-૦૪ |

મેળવેલ છે કે કેમ, અને

(૩) શું આ સરકારની ભુલ છે, અને

(૪) આ બાબતે સત્તાધિકારી સામે શાં પગલાં લીધા?

દરમિયાન.

(૩) ના, જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજકોટ અને ભાવનગર જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુના**

૧૭૨૪૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ રાજકોટ અને ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યિાન ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના કેટલા ગુનાઓ નોંધાયા, અને

(૨) તે પૈકી કેટલા બનાવો ડિટેક્ટ થયા અને કેટલા તહોમતદારો પકડાયા ?

**જવાબ**

(૧)

| ગુનાનું હેડ | રાજકોટ | ભાવનગર |
|---|---|---|
| ખૂન | ૭૨ | ૧૨૧ |
| લૂંટ | ૫૪ | ૨૫૭ |
| ધાડ | ૧૫ | ૫૫ |
| બળાત્કાર | ૩૯ | ૩૫ |

(૨) તે પૈકી ૫૪૫ ગુનાઓ ડિટેક્ટ થયા અને ૧૫૬૫ તહોમતદારો પકડાયા.

-------------

**વ્યાપારી ધોરણે લિગ્નાઈટનું વેચાણ**

૧૮૦૪૪**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભાવનગર જિલ્લાના ખડસલીયા લિગાઈટ ક્ષેત્રમાં વ્યાપારી ધોરણે લિગાઈટનું વેચાણ શરૂ નહીં થવાના શાં કારણો છે ?

**જવાબ**

ભાવનગર જિલ્લાના ખડસલીયા ક્ષેત્રમાં વ્યાપારી ધોરણે કેપ્ટીવ ઉપયોગ માટે લીગાઇટની લીઝ મંજૂર કરેલ છે. જ્યારે, પાસેના સુરકાબ્લોક્ના જુદા જુદા ગામોમાં ૪,૬૯૦ હેક્ટર વિસ્તારની લીઝ ગુજરાત ખનિજ વિકાસ નિગમને મંજૂર કરવાનો ઇરાદાપત્ર આપવામાં આવેલ છે. નિગમ દ્વારા જરૂરી મંજૂરીઓ મેળવ્યા બાદ, વ્યાપારી ધોરણે લીગાઇટનું વેચાણ શરૂ કરવામાં આવશે.

-------------

**ડભોઈ વિસ્તારમાં ઓદ્યોગિક સંકુલ સ્થાપવા અંગે**

૧૭૨૫૫**શ્રી ચંદ્રકાન્ત. મો. પટેલ (ડભોઇ):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ડભોઈ તાલુકામાં નાના કે મોટા ઓદ્યોગિક સંકુલ સ્થાપવાની સરકારમાં કોઈ વિચારણા તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ચાલે છે કે કેમ, ક્યારે ?

**જવાબ**

ડભોઇ તાલુકામાં ડભોઇ ખાતે ૧૦-૮૭-૦૦ હેક્ટર જમીનમાં ઓદ્યોગિક વસાહત કાર્યરત છે. સદર વસાહતનું વિસ્તરણ કરવાનું વિચારણા હેઠળ હતું, પરંતું તેમાં સ્થાનિક ખેડૂતોના પિયતવાળી જમીનમાં વિસ્તૃતીકરણ ન કરવાની રજૂઆત હોઇ ડભોઇ શહેરમાં તથા આજુબાજુમાં બીન પિયતવાળી પડતર જમીનનું સ્થળ સ્થિતિનું નિરીક્ષણ કરી ઓદ્યોગિક વસાહત સ્થાપવાનું ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમની વિચારણા હેઠળ છે.

-------------

**દેડિયાપાડા અને સાગબારા તાલુકામાં ઈંટોના પરવાના**

૧૬૯૬૨શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા):માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ નર્મદા જિલ્લાના દેડિયાપાડા અને સાગબારા તાલુકામાં ઈંટોના ભઠ્ઠા માટે કેટલા પરવાના આપવામાં આવેલ છે, અને | (૧) એક પણ નહિ. |
| (૨) આવા પરવાનેદાર પાસેથી છેલ્લા બે વર્ષમાં કેટલી રોયલ્ટી વસુલ કરવામાં આવી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**પોલીસ સ્ટેશન વિસ્તારની બહાર જતા પી.એસ.આઈ.ને પ્રવાસ ભથ્થું આપવા અંગે**

૧૭૯૦૮**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જે તે પોલીસ સ્ટેશનનાં વિસ્તાર બહારની તપાસ માટે સરકારી કામે ગયેલા પી.એસ.આઈ.ને પ્રવાસ ભથ્થું ચૂકવવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો ના, તો તેનાં કારણો શું છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**અમદાવાદ શહેરમાં રજીસ્ટર્ડ થયેલી ઓટોરીક્ષા**

૧૭૯૯૯ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કેટલી ઓટોરીક્ષાઓ રજીસ્ટર્ડ થયેલી છે, | (૧) ૭૨,૭૧૩ રીક્ષાઓ. |
| (૨) આ પૈકી કેટલી સી.એન.જી. છે અને કેટલી પેટ્રોલથી ચાલતી રીક્ષાઓ છે, અને | (૨) સી.એન.જી. થી ચાલતી રીક્ષાઓ-૧૩૫૨૩<br>પેટ્રોલથી ચાલતી રીક્ષાઓ-૫૪૯૩૮ |
| (૩) સી.એન.જી.થી ચાલતી રીક્ષા ખરીદવા કુલ કેટલા લોકોને કેટલી સબસીડી આપવામાં આવી ? | (૩) વાહન વ્યવહાર વિભાગ દ્વારા કોઇ સબસીડી અપાતી નથી, પણ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા અમદાવાદમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ૩૯૪ લાભાર્થીઓને નવી સી.એન.જી. રીક્ષાઓ ખરીદવા માટે શ્રી વાજપેઇ બેંકેબલ યોજના તેમજ માન.વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના હેઠળ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે કુલ રૂા.૩૧,૨૮,૦૦૦-ની સબસીડી ચુકવવામાં આવી છે. |

------------

**મહુવા બંદરના પ્રાથમિક સર્વેની કામગીરી અંગે**

૧૮૦૦૮**ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના મહુવા બંદરના પ્રાથમિક સર્વે બાદ ફીઝીબીલીટી સર્વે માટે મે. હચીસન કુ. સાથે સમજુતિ કરાર થયો હતો તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આ પ્રક્રિયા ક્યા તબક્કે છે, અને

(૩) જો ના, તો સરકાર પોતે આ ફીઝીબીલીટી સર્વેનું કાર્ય કરવા માંગે છે કે કેમ ?

(૨) પ્રાથમિક અભ્યાસ બાદ કંપનીને બંદર વિકસાવવાનું યોગ્ય જણાયેલ નથી.

(૩) હાલના તબક્કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**નર્મદા જિલ્લામાં યોજાયેલ લોકદરબાર**

૧૭૩૫૧**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ, સહકાર અને માહિતીના આદાન પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોકદરબાર યોજવાનું શરુ કરવામાં આવ્યું છે, તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો નર્મદા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૫માં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| વર્ષ | યોજાયેલ લોકદરબાર |
|---|---|
| ૨૦૦૪ | ૫૬ |
| ૨૦૦૫ | ૯૧ |

-------------

**પગાર વિસંગતતા સમિતિના અહેવાલને જાહેર કરવા બાબત**

૧૭૨૪૯**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

છેલ્લા સાત ઉપરાંત વર્ષથી પડતર અને કર્મચારીઓના હક્કની બાબત એવા પગાર વિસંગતતા સમિતિના અહેવાલને સરકાર ક્યારે જાહેર કરવા ધારે છે?

**જવાબ**

મે-૧૯૯૮માં પગાર ધોરણની વિસંગતતા તપાસવા નિમાયેલ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા નિમાયેલ મંત્રીમંડળની પેટા સમિતિના અહેવાલ ઉપર નિર્ણય થયેથી યથોચિત હુકમો કરવામાં આવશે.

-------------

**કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિના વિકાસના કામોને મંજૂરી**

૧૭૪૧૦**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ આયોજન મંડળે કચ્છ જિલ્લા દ્વારા અનુસૂચિત જાતિના ભાઈઓ માટે કેટલા વિકાસના કામોની મંજૂરી આપવામાં આવી, અને

(૨) તાલુકાવાર કેટલા કામો પ્રગતિમાં છે, અને કામો ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ આયોજન મંડળ કચ્છ દ્વારા અનુસૂચિત જાતિના ભાઇઓ માટે વર્ષ ૨૦૦૪-૦૫માં ૪૯ કામો અને વર્ષ ૨૦૦૫-૦૬માં ૭૦ કામો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૦૪-૦૫નાં ૪૯ કામો પૈકી ૪૭ કામો પૂર્ણ થયેલ છે, અને વર્ષ ૨૦૦૫-૦૬માં કુલ ૭૦ કામો પૈકી ૧૧ કામો પૂર્ણ થયેલ છે, પ્રગતિ હેઠળનાં કામોની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | પ્રગતિ હેઠળનાં કામોની સંખ્યા |
|---|---|
| **વર્ષ ૨૦૦૪-૦૫** | |
| રાપર | ૧ |
| **વર્ષ ૨૦૦૫-૦૬** | |
| અબડાસા | ૨ |

| | |
|---|---|
| નખત્રાણા | ૨ |
| માંડવી | ૪ |
| અંજાર | ૩ |
| ગાંધીધામ | ૨ |

વર્ષ ૨૦૦૪-૦૫નું ૧ કામ માર્ચ-૦૬ના અંત સુધીમાં તથા વર્ષ ૨૦૦૫-૦૬નાં પ્રગતિ હેઠળના કામો જુન-૨૦૦૬ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.

-------------

**ઉના તાલુકાના સીમર બંદરને ખાનગી સાહસ દ્વારા વિકસાવવા અંગે**

૧૭૯૮૦ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લાના ઉના તાલુકાના સીમર બંદરને ખાનગી સાહસ દ્વારા વિકસાવવાનું નક્કી થયેલ તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) બંદરના વિકાસ માટે ખાનગી વિકાસકાર નક્કી કરવાની બાબત વિચારણા હેઠળ છે. |

-------------

**અગરીયાઓને સબસીડી અને લોન સ્વરૂપે સહાય આપવા અંગ**

૧૮૦૪૨**શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી અને માળીયામાં મીઠા ઉત્પાદનો માટે નાના અગરીયાઓ માટે સરકાર તરફથી કઈ કઈ યોજના મંજૂર કરવામાં આવી છે, અને | (૧) નમક મજદૂર આવાસ યોજનામાં ૫૪૦ મકાનો બાંધવા માટે રૂા. ૩૩.૪૦ લાખ, આરોગ્યની સુવિધા માટે રૂા. ૨૦ લાખ, પાણીની સુવિધા માટે રૂા. ૨૧.૮૫ લાખ, અને રક્ષણાત્મક કીટ નંગ ૨૪૬૦ માટે રૂા. ૭૭,૦૦૦/-ની યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. |
| (૨) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષની મંદીના હિસાબે અગરીયાઓને ધંધામાં યોગ્ય વળતર મળતું ન હોય, તેઓને સબસીડી અથવા વગર વ્યાજે લોન આપવા માંગો છો કે કેમ ? | (૨) અગરીયાના કલ્યાણ માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. પરંતુ પ્રશ્નમાં જણાવેલ પરિસ્થિતિ ન હોઇ સબસીડી અથવા વગર વ્યાજે લોન આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**મંત્રીશ્રીઓની ઓફિસમાં સીધી ભરતીના કર્મચારીઓને અન્ય સરકારી કર્મચારીઓને મળતા લાભ આપવા અંગે**

૧૭૪૫૮**શ્રી બાલુભાઈ તંતી (ધારી):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મંત્રીશ્રીઓની ઓફિસમાં સીધી ભરતીના કર્મચારીઓને અન્ય સરકારી કર્મચારીને મળતા તમામ લાભો મળે છે કે કેમ, | (૧) હા, જી. લાંબા ગાળાની પેશગીઓ સિવાયના લાભો આપવામાં આવે છે. |
| (૨) જો ના, તો રજામાં રોકડ રૂપાંતરની બાબત અન્ય કર્મચારીઓના રજા રોકડ રૂપાંતર સાથે કેમ સાંકળવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અંગેનો નિર્ણય સરકાર કેટલા સમયમાં લેવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**જામનગર બેડીબંદર, રોજી બંદર અને નવા બંદરને જોડતા ઉપલબ્ધ રસ્તાઓ અંગે**

૧૭૮૨૧ડૉ. **દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર બેડી બંદર, રોજી બંદર અને નવા બંદરને જોડતા કુલ કેટલા રસ્તાઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઉપલબ્ધ હતા, | (૧) બે રસ્તાઓ ઉપલબ્ધ છે. (૧) વાયા સરૂ સેકશન-બ્રુક બોન્ડ-બેડેશ્વર રોડ (૨) વાયા એરફોર્સ-ઢીચડા રોડ |
| (૨) આ રસ્તાઓમાંથી કુલ કેટલા અને ક્યા ક્યા રસ્તાઓને ભારે વાહનો માટે પ્રતિબંધિત જાહેર કરવામાં આવ્યા છે, | (૨) ઉપરોક્ત બે રોડ પૈકી (૧) વાયા સરૂ સેકશન-બ્રુક બોન્ડ-બેડેશ્વર રોડને, ભારે વાહનો માટે પ્રતિબંધિત જાહેર કરવામાં આવેલ છે. |
| (૩) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ બંદરોનો ટ્રાફીક ક્યા રસ્તેથી ભારે વાહનો પસાર થઈ રહ્યા છે, | (૩) હાલ બંદરોનો ટ્રાફિક, વાયા એરફોર્સ-ઢીચડા રોડથી થાય છે. |
| (૪) શું રસ્તા અતિ ભારે વાહનોને પસાર થવા દેવા માટેની ક્ષમતા ધરાવે છે કે કેમ, અને | (૪) ના, જી. |
| (૫) જો ના, તો તે માટે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ? | (૫) વિકલ્પે સમર્પણ હોસ્પિટલથી સીધો ઢીચડા થઇ બેડી બંદર સુધી નવો રસ્તો બનાવવાનું ગુજરાત મેરીટાઇમ બોર્ડનું આયોજન છે. |

-------------

**માંડવી તાલુકાના વાડી વિસ્તારની વસાહતોને ૨૪ કલાક વીજ પુરવઠો આપવા અંગે**

૧૭૨૩૧ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાના માંડવી તાલુકાની વાડી વિસ્તારની વસાહતોને જ્યોતિગ્રામ યોજના અંતર્ગત અલગ લાઈન દ્વારા ૨૪ કલાક વીજ પુરવઠો આપવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, | (૧) તા. ૩૧-૦૧-૨૦૦૬ની સ્થિતિએ માંડવી તાલુકાના વાડી વિસ્તારની તમામ વસાહતોને જ્યોતિગ્રામ યોજના અંતર્ગત ૪૧ ખેતીવાડી ફીડરો પર સ્પેશીયલ ડીઝાઇન ટ્રાન્સફોર્મર મૂકી ૨૪ કલાક વીજ પુરવઠો આપવાની કાર્યવાહી ચાલુ છે, તે પૈકી ૩૩ ફીડરો પરનાં એસ.ડી.ટી. કાર્યરત થઇ ગયેલ છે અને ૮ ફીડરોની કાર્યવાહી ચાલુ છે. |
| (૨) આ યોજનામાં કઈ કઈ વસાહતો-વિસ્તારોને આવરી લેવામાં આવેલ છે, અને | (૨) આ યોજનામાં ખેતીવાડી વિસ્તારમાં રહેણાંક કરતી તમામ વસાહતોને સ્પેશીયલ ડીઝાઇન ટ્રાન્સફોર્મર દ્વારા સીંગલ ફેઇઝ વીજ પુરવઠો આપવામાં આવે છે. |
| (૩) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે ? | (૩) શક્ય તેટલા વહેલા. |

-------------

**ખાણ અને ખનિજ ખાતાના રાજ્યપત્રિત સંવર્ગના અધિકારીઓ સામે વિજિલન્સ કચેરી અને લાંચ રુશ્વત વિરોધી બ્યુરો દ્વારા ચાલતી તપાસ**

૧૭૯૦૬**શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખાણ અને ખનિજ ખાતાના રાજ્યપત્રિત સંવર્ગના કુલ કેટલા અધિકારીઓ સામે વિજિલન્સ | (૧) ૨ (બે). |

ક્ચેરી દ્વારા અને લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા તપાસ ચાલી રહી છે,

(૨) આ બાબતે સરકાર શાં પગલાં ભરવા માંગે છે, અને

(૩) કેટલા સમયમાં ?

(૨) સરકાર નિયમાનુસાર પગલાં ભરવા માંગે છે.

(૩) જેમ બને તેમ જલદી.

-------------

**ચોટીલા તાલુકાના ડાક્વડલા ગામે કોઝવેનું નબળુ કામ**

૧૪૪૧૨**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા):માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના ડાક્વડલા ગામે કોઝવે તથા લાખ ચોકીયા કોઝવેના નબળા કામની ફરિયાદ મળેલ છે,

(૨) જો હા, તો નબળા કામની તપાસ કોણે કરી છે, અને શું અહેવાલ છે, અને

(૩) જવાબદાર સામે પગલાં લેવા કોઈ કાર્યવાહી થયેલ છે ?

**જવાબ**

(૧) હા. જી.

(૨) ડાક્વડલા ગામે કોઝવેની ફરિયાદની તપાસ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર દ્વારા કરવામાં આવી છે અને કામની ગુણવત્તા નબળી જણાયેલ છે અને આ કામના તાંત્રિક અધિકારીશ્રી - કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈનો વધુ તપાસની કાર્યવાહીનો અહેવાલ મંગાવવામાં આવેલ છે.

લાખ ચોકીયા કોઝવેના કામ અંગે તાલુકા વિકાસ અધિકારીશ્રી, ચોટીલાએ પ્રાથમિક તપાસ કરી છે અને કામની તાંત્રિક તપાસ તાંત્રિક અધિકારીને સોંપાયેલ છે અને તાંત્રિક અધિકારીનો વિગતવાર અહેવાલ મંગાવવામાં આવેલ છે.

(૩) ડાક્વડલાના કિસ્સામાં સુપરવાઈઝરને ફરજમોકુફ કરેલ છે. આ બન્ને કામોમાં વિગતવાર અહેવાલ મળ્યેથી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

-------------

**બારડોલી શહેરના વેચાણ વેરો ભરતા વેપારીઓ**

૧૭૪૫૭**શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ સુરત જિલ્લાના બારડોલી શહેરમાં વેચાણવેરો ભરતા હોય એવા કેટલા વેપારી નોંધાયેલ છે,

(૨) આ વેપારી પાસેથી કેટલો વેચાણ વેરો વસુલ કરવામાં આવ્યો, અને

(૩) બારડોલી ખાતે આવેલ કેટલા મોટા શો રૂમના વેપારી વેચાણવેરો ભરતા નથી તથા આવા વેપારીઓ પાસેથી વેચાણવેરો વસુલ કરવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ગુજરાત વેચાણવેરા કાયદા હેઠળ ૧૧૩૦.
કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ ૫૭૭.

(૨) રૂ. ૪.૧૩ ક્રોડ.(તા. ૧-૪-૦૫ થી તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં).

(૩) વેચાણવેરા કાયદાની જોગવાઈઓ અનુસાર જે વેપારીઓ વેરો ભરવા માટે જવાબદાર થાય છે તેમના દ્વારા વેરો ભરવામાં આવે છે.

-------------

**રાજ્યમાં થયેલ વિદેશી મૂડી રોકાણ**

**૧૭૮૧૭ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કુલ કેટલું વિદેશી મૂડી રોકાણ આવ્યું અથવા થયું, અને | (૧) |

| વર્ષ | પ્રોજેક્ટ | વિદેશી મૂડી રોકાણ (કરોડમાં) |
|---|---|---|
| ૨૦૦૪ | ૪૬ | ૧૪૪૪ |
| ૨૦૦૫ | ૧૨ | સીએમઆઈ ઈ ના અહેવાલ મુજબ ઓકટોબર-૨૦૦૫માં વિદેશી કંપની ભારતના એકમને હસ્તગત કરેલ જેની રૂ. ૧૩૨૮ કરોડની રકમ સહિતનું કુલ વિદેશી મૂડીરોકાણ રૂ. ૧૮૦૬ કરોડ છે. |

| | |
|---|---|
| (૨) આ મૂડી રોકાણો કઈ કઈ કંપનીઓ દ્વારા ક્યા દેશમાંથી આવ્યું ? | (૨) આ અંગેની વિગતો પરિશિષ્ટ-૧ ઉપર સામેલ છે. |

**પરિશિષ્ટ-૧**

**વર્ષ ૨૦૦૪માં એકમવાર વિદેશી મૂડીરોકાણની વિગતો દર્શાવતું પત્રક**

| અ.નં. | કંપનીનું નામ | ક્યા દેશમાંથી આવ્યું |
|---|---|---|
| ૧ | એડ લાઈફ મેડિક્લ ઈન્સ્ટ્યુટ લિ. | યુ.એસ.એ. |
| ૨ | એ.એફ. ઈન્ટરનેશનલ કોર્પોરેશન | યુ.એસ.એ. |
| ૩ | એ.આઈ.એ. એન્જિનિયરીંગ પ્રા.લિ. | એનઆરઈ |
| ૪ | એલફેરેઝ પ્રા. લિ. | યુ.કે. |
| ૫ | ઓલ્માઈટી સોફટવેર પ્રા.લિ. | ફીનલેન્ડ |
| ૬ | એમ્બી વિજ્ય સ્ટીલ સ્પ્લાયર્સ પ્રા. લિ. | યુ.એસ.એ. |
| ૭ | એ.એમ.જી. બીઝનેસ સોલ્યુસન પ્રા.લિ. | યુ.કે. |
| ૮ | આસ્રાલાઈફ કેર ઈન્ડિયા પ્રા.લિ. | યુ.કે. |
| ૯ | ઓડીયન્સ મેઝરમેન્ટ એન્ડ એનાલીટીક્સ પ્રા. લિ. | યુ.એસ.એ. |
| ૧૦ | બી.સી.ઈન્સ્ટુમેન્ટ ઈન્ડિયા પ્રા. લિ. | કેનેડા |
| ૧૧ | બી.જી.પીપાવાવ એલએનજી પ્રા.લિ. | યુ.કે. |
| ૧૨ | દીશમાન ફાર્માસ્યુટીક્લ્સ એન્ડ કેમિક્લ્સ | એનઆરઆઈ |
| ૧૩ | એડજફીલ્ડ સિક્યોરીટી લિ. | મોરેશીયસ |
| ૧૪ | એલાઈટ કોર ટેક્નોલોજીસ લિ. | યુ.એસ.એ. |
| ૧૫ | ગેબરીયલ ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કંપની | યુ.કે. |
| ૧૬ | ગેચર્ડ ઈલેકટ્રીક ઈન્ડિયા પ્રા.લિ. | મોરીશીયસ |
| ૧૭ | ગ્લોબલ એશિયા પાર્ટનર્સ એલ.પી. | યુ.એસ.એ. |
| ૧૮ | જી.પી.ટી. સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ લિ. | યુ.કે. |
| ૧૯ | જી.આર.સી. બીઝનેસ ડેટા પ્રોસેસીંગ પ્રા.લિ. | યુ.એસ.એ. |
| ૨૦ | ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિક્સ લિ. | એનઆરઆઈ |
| ૨૧ | ગુલબ્રાન્ડસેન કેમિક્લ પ્રા.લિ. | મોરીશીયસ |
| ૨૨ | ગુલબ્રાન્ડસેન ટેક્નોલોજી ઈન્ડિયા પ્રા.લિ. | મોરીશીયસ |
| ૨૩ | હેલ્થેક નેટવર્ક પ્રા.લિ. | યુ.એસ.એ. |
| ૨૪ | હેડજેહોગ ઓન લાઇન પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ | યુ.એસ.એ. |
| ૨૫ | હિન્દુસ્તાન ઈન્ક્સ એન્ડ રેઝીન્સ લિ. | એન.આર.આઈ. |
| ૨૬ | આઈ સર્વ સિસ્ટમ પ્રા.લિ. | ઓમન |
| ૨૭ | આઈસ-નેટ નેટ લિ. | એન.આર.આઈ. |
| ૨૮ | ઈન્કોટેક ઈન્ટરનેશનલ | નેધરલેન્ડ |
| ૨૯ | ઈન્ટ્રીગ્રેટ કોટીંગ એન્ડ સુડ ટેક (ઈન્ડિયા) | નેધરલેન્ડ |
| ૩૦ | જક્ષા ઈન્ફોટેક પ્રા. લિ. | એન.આર.આઈ. |
| ૩૧ | ક્લાડોસ પ્રા. લિ. | યુ.કે. |
| ૩૨ | ક્રીષ્મા મોજીક પ્રા. લિ. | ઈટલી |
| ૩૩ | મર્ક્સ ઈન્કોર્પો. | ડેનમાર્ક |
| ૩૪ | પેલેડીયો ગ્લાસ લિ. | ઈટલી |

| અ.નં. | કંપનીનું નામ | ક્યા દેશમાંથી આવ્યું |
|---|---|---|
| ૩૫ | પર્સોલી કોર્પો. લિ. | યુ.કે. |
| ૩૬ | પર્સટોપ કેમિકલ ઈન્ડિયા લિ. | નેધરલેન્ડ |
| ૩૭ | ક્વોન્ટમ એગ્ટેક સોલ્યુસન પ્રા.લિ. | યુ.એસ.એ. |
| ૩૮ | રીકટર થીમ્સ મેડીકેર (ઈન્ડિયા) પ્રા.લિ. | હંગેરી |
| ૩૯ | સેપકોમ ટેક. પ્રા. લિ. | યુ.એસ.એ. |
| ૪૦ | શેરનો લિ. | મોરેશીયસ |
| ૪૧ | શ્રીરામ સિમેન્ટ લિ. | એન.આર.આઈ. |
| ૪૨ | સુ-શીત બ્રસીસ પ્રા.લિ. | ઈટાલી |
| ૪૩ | સુઝલોન એનર્જી લિ. | યુ.એસ.એ. |
| ૪૪ | ટ્રાન્સડાઈન આઈટી સર્વિસ પ્રા.લિ. | સિંગાપોર |
| ૪૫ | વીડીયોકોન ઈન્ટરનેશનલ લિ. | દક્ષિણ કોરીયા |
| ૪૬ | વોકો મધરસન એડવાન્સ રબ્બર ટેક લિ. | જર્મની |

## વર્ષ ૨૦૦૫માં એકમવાર વિદેશી મૂડીરોકાણની વિગતો દર્શાવતું પત્રક

| અ.નં. | કંપનીનું નામ | ક્યા દેશમાંથી આવ્યું |
|---|---|---|
| ૧ | બેલ સિરામીક લિ. | સિંગાપોર |
| ૨ | દિનેશ રેમેડીસ લિ. | યુ.એસ.એ. |
| ૩ | એફ.જી.ટ્રેડલીંક્સ પ્રા.લિ. | યુ.એસ.એ. |
| ૪ | ગુજરાત ઈકો-માયક્રોબાયલ ટેક્નોલોજીસ | યુ.એસ.એ. |
| ૫ | ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિ. | એન.આર.આઈ. |
| ૬ | લાઈટવુડ ઈન્વેસ્ટમેન્ટ લિ. | મોરેશીયસ |
| ૭ | મોઝાર્ટ લિ. | મોરેશીયસ |
| ૮ | નરેન્દરસિંગ ચાવડા | યુ.એસ.એ. |
| ૯ | ઓસાકા ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લિ. | યુ.કે. |
| ૧૦ | સેટેલેક ઈન્ડિયા પ્રા.લિ. | ફ્રાન્સ |
| ૧૧ | સીલ્ચર ઈલેક્ટ્રોનીક્સ લિ. | યુ.એસ.એ. |
| *૧૨ | *એમ.એચ.એમ. હોલ્ડીંગ્સ, Gmbh | *જર્મની |

- CMIE ના ગુજરાત રાજ્ય અર્થતંત્ર વિશેના માસિક સમીક્ષા અહેવાલ જાન્યુઆરી-૨૦૦૬માં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૦૫-૦૬માં ઓક્ટોબર-૨૦૦૫માં આ એકમે રૂા. ૧,૩૨૮ કરોડના વિદેશી મૂડીરોકાણ સાથે ગુજરાતનું એક એકમ હસ્તગત કરેલ છે.
-

-----------

## લતીફ ગેંગના અને ટાડામાં સંડોવાયેલા આરોપીઓને પકડવા અંગે

૧૭૩૩૬ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર ):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે લતીફ ગેંગના અને ટાડામાં સંડોવાયેલા કેટલા આરોપીઓને કેલેન્ડર વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં તા. ૩૧/૧/૦૬ સુધીમાં પકડી પાડેલ છે, અને

(૨) આ આરોપીઓ કોણ કોણ છે, અને તેઓ કેવા પ્રકારના ગુન્હામાં સંડોવાયેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૫ - ૩
વર્ષ ૨૦૦૬ - ૦

(૨) આરોપીઓ :
૧. મહંમદ ઈકબાલ અબ્દુલસલીમ ઘોરી
૨. સિરાજુદ્દિન મોયુદ્દિન સૈયદ
૩. નોશાદઅલી દિલદારઅલી સૈયદ
ગેરકાયદેસર હથિયારો અને દારૂગોળા / સ્ફોટક પદાર્થોની હેરાફેરી તેમજ ત્રાસવાદ પ્રવૃત્તિના ગુનામાં સંડોવાયેલ છે.

-----------

## અગીયારમા નાણા પંચે રાજ્યને ફાળવેલ રકમ

૧૭૪૪૯**શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત સરકારને ૧૧માં નાણાપંચમાં તા. ૩૧/૧/૨૦૦૬ ની સ્થિતિએ કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) ૧૧મા નાણા પંચની મુદ્દત તા.૩૧-૩-૨૦૦૫ના રોજ પૂર્ણ થઈ ગયેલ હોય રકમ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) કેટલી ગ્રાન્ટ મળી અને કેટલી ગ્રાન્ટ બાકી રહી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેતી ગ્રાન્ટ નહીં મળવાના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## જિલ્લા અને શહેરની ક્રાઈમ બ્રાન્ચોને વધુ સુદ્રઢ બનાવવાની યોજના

૧૭૩૩૯ **શ્રી જશવંતસિંહ સોલંકી (સારસા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે ગુન્હા નિવારણ અને ગુન્હાશોધનમાં મહત્ત્વની ભુમિકા અદા કરતી જીલ્લા/શહેરની ક્રાઈમ બ્રાન્ચોને વધુ સુદ્રઢ બનાવવાની યોજના વિચારેલ હોવાની હકીક્ત ખરી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગત શી છે ? | (૨) ક્રાઈમ બ્રાન્ચોને વધુ સુદ્રઢ બનાવવા સ્પેશ્યલ ઓપરેશન ગૃપની રચના કરવા અને એ મુજબનું મહેક્મ મંજૂર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ છે.<br>ડી. સી. પી. - ૨<br>એસ. પી. - ૧<br>પો. ઈ. - ૩૫<br>પો. સ. ઈ. - ૬૩<br>હે. કો. - ૧૫૭<br>પો. કો. - ૪૦૧ |

-----------

## રાજ્યમાં જિલ્લાવાર આયોજન બોર્ડ બનાવવા અંગે

૧૬૭૧૩**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ):માનનીય આયોજન મંત્રીશ્રી**(રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં ક્યા ક્યા જિલ્લાઓમાં આયોજન બોર્ડ બનાવવામાં આવેલ છે ક્યારે, અને | (૧) રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા આયોજન મંડળની રચના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૧-૯-૧૯૮૦ ના ઠરાવથી કરેલ છે જેની પુનઃરચના વિભાગના તા. ૭-૧૨-૨૦૦૧ ના ઠરાવથી કરેલ છે. |

(૨) જો ના, તો બનાવવામાં આવેલ હોય તો તેના કારણો શાં છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ભાવનગર જિલ્લામાં યોજાયેલ લોકદરબાર**

૧૭૩૫૦ **શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ, સહકાર અને માહિતીના આદાન પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોક દરબાર યોજવાનું શરૂ કરવામાં આવ્યું છે, તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો અત્યાર સુધીમાં ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૫માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા. જી.

(૨)

| વર્ષ | યોજાયેલ લોકદરબાર |
|---|---|
| ૨૦૦૪ | ૩૦ |
| ૨૦૦૫ | ૮૬ |

-----------

**જામનગર જિલ્લામાં ખેડૂતોને ડ્રીપ ઈરીગેશન યોજનાનો લાભ**

૧૭૩૨૪**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.
-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર વર્ષ ૨૦૦૨-૦૩ થી ૨૦૦૫-૦૬ના વર્ષમાં ૩૧/૧/૦૬ સુધી કુલ કેટલા ખેડૂતોએ ડ્રીપ ઈરીગેશન યોજનાનો લાભ લીધેલ છે,

એચબી-૧૦૪૬-૯

(૨) રાજ્ય સરકાર તરફથી કુલ કેટલી રકમની સબસીડી ચૂકવવામાં આવી,

(૩) ક્યા ક્યા સ્વરૂપમાં સબસીડી આપવામાં આવી, અને

(૪) આ પધ્ધતિથી જિલ્લામાં કુલ કેટલા ટકા ઉત્પાદન વધ્યું ?

**જવાબ**

(૧) ૩૩૨ ખેડૂતોએ લાભ લીધેલ છે.

(૨) રૂા. ૯૨,૪૭,૮૫૨

(૩) (અ) નામજોગ ચેક / ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા.
(બ) એકાઉન્ટ પેથી ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા.

(૪) આશરે ૩૦ ટકા.

-----------

**અસામાજિક તત્વોના ત્રાસ અને અન્ય કારણસર માંગવામાં આવેલ પોલીસ પોઈન્ટ**

૧૭૬૯૯**શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરના મેઘાણીનગર પોલીસ સ્ટેશનના વિસ્તારમાં આવેલી અનુસૂચિત જાતિઓની હાઉસીંગ સોસાયટીઓમાંથી કઈ કઈ સોસાયટીઓએ સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧/૧/૦૬ સુધીમાં અસામાજિક તત્વોના ત્રાસ, રસ્તાઓના અવરોધ અને બીજા કારણોસર પોલીસ પોઈન્ટની માંગણીઓ કરી છે,

**જવાબ**

(૧) મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી અનુસુચિત જાતિઓની ૩૦ સોસાયટીઓ પૈકી એક પણ સોસાયટીએ અસામાજીક તત્વોના ત્રાસ, રસ્તાઓના અવરોધના કારણોસર, સને ૨૦૦૪-૨૦૦૫, ૨૦૦૫-૨૦૦૬ ના વર્ષ દરમિયાન, પોલીસ પોઈન્ટની માંગણી કરી નથી, પરંતુ રામનગર, રોહીદાસનગર અને ન્યુનારાયણનગર સોસાયટીઓ તરફથી અન્ય કારણસર પોલીસ પોઈન્ટની માંગણી કરતી રજુઆત કરવામાં આવી છે જેમાં સોસાયટીઓના સભ્યોના અંદરોઅંદરના અંગત પ્રશ્નો / ઝગડાઓના કારણસર પોલીસ પોઈન્ટની માંગણી

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | કરવામાં આવી છે. |
| (૨) અસલામતી અને રસ્તાઓના અવરોધ બાબતે ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસે પોતાનો અહેવાલ આપ્યો હોવા છતાં કાયમી ધોરણે પોલીસ પોઈન્ટ નહીં આપવાના શા કારણો છે, અને | (૨) અસલામતી અને રસ્તાઓના અવરોધ બાબતમાં ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ, ઝોન-૪ તરફથી કાયમી ધોરણે પોલીસ પોઈન્ટની માંગણી અંગે કોઈ અહેવાલ પોલીસ કમિશ્નરશ્રીને પાઠવવામાં આવેલ નથી. પરંતુ આ અંગેની રજુઆત પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ ન્યુનારાયણનગર સોસાયટી તરફથી કરવામાં આવી છે તે સબંધમાં મેઘાણીનગર પોલીસ સ્ટેશનનો અભિપ્રાય માંગવામાં આવેલ છે તે બાબતની તપાસ ચાલુ છે. |
| (૩) આ સોસાયટીઓને હવે ક્યારથી પોલીસ પોઈન્ટ આપવામાં આવનાર છે ? | (૩) હવે જે સોસાયટી દ્વારા વિધિવત પોલીસ બંદોબસ્તની માંગણી કરવામાં આવે તો તેવા કિસ્સામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના નિયંત્રણ માટે કાયદેસર રીતે બંદોબસ્ત આપવાની માંગણી અંગે વિચારણા કરી શકાય.<br>કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમાય તે સિવાયના બીજા કારણોસર વિધિવત પોલીસ બંદોબસ્તની માંગણી સરકારશ્રીના તા. ૧-૧૦-૧૯૯૯ ના ઠરાવ ક્રમાંક : મહક-૧૦૯૮૮૭૬-સ મુજબ સ્વખર્ચે જે તે માંગણીદારને બંદોબસ્ત આપી શકાય. |

-----------

**એરફીલ્ડમાં જમીન ગુમાવનાર અસરગ્રસ્ત ખેડૂતોને ખેતી વીજ જોડાણ આપવા અંગે**

૧૭૯૧૦ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં એરફીલ્ડમાં જમીન અપાયેલ છે તેવા અસરગ્રસ્ત ખેડૂતોને અગ્રતાના ધોરણે ખેતી વીજ જોડાણ આપવાનો પરીપત્ર થયેલ છે છતાં તેનો અમલ થતો નથી તે હકીક્ત સાચી છે, અને , | (૧) અસરગ્રસ્ત ખેડૂતોને ખેતી હેતુ માટે વીજ જોડાણ અગ્રતાના ધોરણે આપવાનો કોઈ પરિપત્ર બહાર પાડેલ નથી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને કેટલા સમયમાં તેનો અમલ થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**સુરત શહેર અને જિલ્લામાં નાના તથા મોટા ઉદ્યોગો સ્થાપવા માટે મળેલ અરજીઓ**

૧૭૫૫૩**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેર અને જિલ્લામાં ૨૦૦૪-૨૦૦૫ તથા ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં ઉદ્યોગો તથા મોટા ઉદ્યોગો શરુ કરવા કેટલી અરજીઓ આવેલ, અને | (૧) સુરત શહેર અને જિલ્લામાં મધ્યમ અને મોટા ઉદ્યોગો શરૂ કરવા માટે વર્ષવાર નીચે મુજબના પ્રોજેક્ટો (એલઓઆઈ + એલઓપી + આઈઈએમ)ની દરખાસ્તો ભારત સરકારમાં રજૂ થયેલ છે. |

| વર્ષ | સંખ્યા |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૮૦ |
| ૨૦૦૫-૦૬<br>(ડિસેમ્બર-૦૫ સુધીમાં) | ૧૫૫ |

કાયમી લઘુ ઉદ્યોગો નોંધણી માટે નીચે મુજબ અરજીઓ મળી હતી.

| વર્ષ | સુરત શહેર | સુરત જિલ્લો |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૩૯૬ | ૧૮૫૫ |
| ૨૦૦૫-૦૬ (૩૧-૧-૦૬ સુધી) | ૯૫૬ | ૧૨૯૬ |

(૨) તે પૈકી કેટલા ઉદ્યોગોને મંજૂરી આપવામાં આવી અને કેટલા કાર્યરત બન્યા ?

(૨) મધ્યમ અને મોટા ઉદ્યોગો સ્થાપવા માટે હવે મંજૂરી લેવાની જરૂર નથી, પરંતુ ભારત સરકારને ઈરાદાઓ જાહેર કરવાના થાય છે. ખંડ-૧માં જણાવેલ પ્રોજેક્ટો પૈકી કાર્યરત થયેલ પ્રોજેક્ટોની સંખ્યા નીચે મુજબ છે.

| વર્ષ | ઉત્પાદનમાં આવેલા પ્રોજેક્ટ | અમલીકરણ હેઠળના પ્રોજેક્ટોની સંખ્યા | કુલ કાર્યરત પ્રોજેક્ટ સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૫૨ | ૧૨૨ | ૧૭૪ |
| ૨૦૦૫-૦૬ | ૨૮ | ૧૨૭ | ૧૫૫ |
| (ડીસે.૦૫ સુધી) | | | |

નીચે જણાવેલ એકમોને કાયમી લઘુ ઉદ્યોગ નોંધણી નંબર આપવામાં આવ્યા છે.

| વર્ષ | સુરત શહેર | સુરત જિલ્લો |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૩૭૪ | ૧૮૩૨ |
| ૨૦૦૫-૦૬ (૩૧-૧-૦૬ સુધી) | ૯૪૭ | ૧૨૮૪ |

-----------

**પોલીસ દળના આધુનિકરણ માટે કરવામાં આવેલ ખર્ચ**

૧૭૩૪૨ **શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ દળના આધુનિકરણ માટે તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કુલ કેટલી રકમ ખર્ચવામાં આવી છે, અને

(૨) આ રકમ કઇ કઇ બાબતો માટે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) (૧) વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માં
રૂા. ૧,૧૯,૭૦,૪૮,૮૯૯/-
(૨) વર્ષ ૨૦૦૪-૨૦૦૫ માં
રૂા. ૧,૩૧,૮૭,૭૨,૪૮૪/-
(૩) વર્ષ ૨૦૦૫-૦૬ (૩૧-૧-૦૬ની સ્થિતિએ રૂા. ૬૧,૪૬,૭૧,૦૧૨/-

(૨) યાદી સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

-----------

**ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો દ્વારા વધુ ફી ઉઘરાવવાના કેસમાં ધરપકડ કરાયેલ આરોપીઓ**

૧૮૦૦૪**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોએ અનુસ્નાતક કક્ષાના એમ.બી.એ. તેમજ એમ.સી.એ. અભ્યાસક્રમો અંગે સને ૨૦૦૦ના વર્ષમાં ગેરકાયદેસર રીતે વધુ ઉઘરાવવામાં આવેલી ફીના સંદર્ભમાં

**જવાબ**

(૧) આ સમય દરમ્યાન આવી કોઈ પોલીસ ફરિયાદ નોંધાયેલ નથી.

નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં તા. ૧૭/૧૦/૨૦૦૩ના રોજ દાખલ કરવામાં આવેલ પોલીસ ફરિયાદના અનુસંધાને કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી,

(૨) કેટલા આરોપીઓની ધરપકડ બાકી છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ધરપકડ બાકી રહેવાનું કારણ શું છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સરદાર સરોવર યોજનાના વિસ્થાપિત કુટુંબોને પુનઃ સ્થાપન**

૧૭૯૯૦**શ્રી અમીત ચાવડા બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ નર્મદા-સરદાર સરોવર યોજનાથી કુલ કેટલા કુટુંબો વિસ્થાપિત બનેલ છે, | (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ નર્મદા-સરદાર સરોવર યોજનાથી કુલ ૪૧,૪૩૮ કુટુંબો વિસ્થાપિત બનેલ છે. |
| (૨) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ તે પૈકી કેટલા કુટુંબોનું પુનઃ સ્થાપન કરવામાં આવેલ છે, બાકીનાનું કેટલા સમયમાં પુનઃ સ્થાપન થશે, અને | (૨) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ તે પૈકી ૧૧,૫૬૬ કુટુંબોનું પુનઃસ્થાપન કરવામાં આવેલ છે. ભાગીદાર રાજ્યો દ્વારા, પુનઃવસન ઈચ્છતા કુટુંબોની ચોક્કસ વિગતો આપવામાં આવે, તેના ઉપર પુનઃવસનની કામગીરી પૂર્ણ થવાના સમયનો આધાર છે. |
| (૩) પુનઃ સ્થાપન માટે કુલ કેટલી રકમ ખર્ચ થયેલ છે ? | (૩) પુનઃસ્થાપન માટે કુલ રૂા. ૧૫૪૫.૬૨ કરોડ ખર્ચ થયેલ છે (તા. ૩૧-૧૨-૦૫ સુધીનું) |

-----------

**કૃષિ પ્રોસેસ કુટિર ઉદ્યોગની યોજના**

૧૮૦૫૭ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) :માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં કૃષિ પ્રોસેસ કુટિર ઉદ્યોગ સ્થાપવા માટે કોઈ યોજના છે અને નાણાકીય વર્ષમાં તેનું બજેટ કેટલું છે, | (૧) શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના અને વડાપ્રધાનની રોજગાર યોજના હેઠળ પાત્રતા ધરાવતા કુટિર ઉદ્યોગમાં કૃષિ પ્રોસેસ ઉદ્યોગનો સમાવેશ થાય છે. આ બંને યોજના માટે ૨૦૦૫-૦૬ના વર્ષમાં રૂા. ૧૬૮૭.૮૮ લાખની સુધારેલ બજેટ જોગવાઈ છે. |
| (૨) તા. ૩૧/૧૨/૨૦૦૫ની સ્થિતિએ કૃષિ પ્રોસેસ કુટિર ઉદ્યોગ ક્ષેત્રે કેટલા ઉદ્યોગો કાર્યરત થયા, અને | (૨) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૨૩૫૭ કૃષિ પ્રોસેસ આધારિત કુટિર ઉદ્યોગોને લોન / સહાય મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) કૃષિ પ્રોસેસ કુટિર ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારનું આગામી વર્ષમાં શું આયોજન છે ? | (૩) શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના અને વડાપ્રધાનની રોજગાર યોજના હેઠળ પાત્રતા ધરાવતાની લોન / સહાય મંજૂર કરવાનું આયોજન છે. |

------------

**કૃષ્ણા અને ગોદાવરી નદીના બેઝિનમાંથી શોધવામાં આવેલ તેલ અને ગેસનો જથ્થો**

૧૭૨૫૩ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તાજેતરમાં કૃષ્ણા-ગોદાવરી નદીના બેઝિનમાં કેટલો તેલ અને ગેસનો જથ્થો શોધી કાઢવામાં આવ્યો, | (૧) આશરે ૨૦ ટ્રિલિયન ક્યુબીક ફીટ ગેસનો અનામત જથ્થો મળી આવવાનો અંદાજ છે. હજુ સુધી તેલ મળેલ નથી. |
| (૨) આ કેટલી કિંમતનો જથ્થો છે, ક્યારથી આ તેલ અને ગેસનું ઉત્પાદન શરુ થયું કે ક્યારથી કરવામાં આવશે, | (૨) ગેસની કિંમત જેતે સમયે વેચાણ ભાવના આધારે નક્કી કરી શકાશે. ઉત્પાદન ૨૦૦૮ થી શરૂ થવાની સંભાવના છે. |
| (૩) આ તેલ અને ગેસનો જથ્થો કઈ એજન્સી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે, | (૩) હાલ સંશોધનની કાર્યવાહી ચાલુ હોઈ, યોગ્ય સમયે પ્રમાણિત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. |
| (૪) આ એજન્સી ભારતની છે કે વિદેશની, અને<br>(૫) આ એજન્સીનું મુળ કામ તેલ અને ગેસનો જથ્થો પ્રમાણિત કરવાનું છે કે કેમ ? | (૪) અને (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**અગરીયાઓના સામાજિક-આર્થિક ઉત્થાન માટે કલ્યાણકારી પ્રવૃત્તિઓ**

૧૭૫૬૪**શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ મીઠાના ઉત્પાદનમાં રોકાયેલા રાજ્યો પૈકી રાજ્ય મીઠાનું કેટલું ઉત્પાદન કરે છે, | (૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૫માં ૧૫૯.૮૦ લાખ ટન ઉત્પાદન થયું છે. જ્યારે આ કેલેન્ડર વર્ષમાં છેલ્લી અદ્યતન માહિતી પ્રમાણે જાન્યુ-૨૦૦૬માં ૧૧.૭૪ લાખ ટન ઉત્પાદન થયું છે. |
| (૨) આ ઉદ્યોગમાં રોકાયેલા શ્રમજીવી અગરીયાના શોષણની ફરિયાદો રાજ્ય સરકારને મળેલ છે, અને | (૨) ના. |
| (૩) આ ક્ષેત્રમાં છુટક મજૂરી કરતા અગરીયાનાં સામાજિક-આર્થિક ઉત્થાન માટે રાજ્ય સરકાર કેવા પ્રકારની કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરે છે ? | (૩) અગરીયાઓના સામાજિક-આર્થિક ઉત્થાન માટે રાજ્ય સરકાર નીચે મુજબની કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરે છે.<br>**(૧) આરોગ્ય :**<br>અગરીયાઓને આરોગ્ય સુવિધા ઘરઆંગણે પ્રાપ્ત થાય તે માટે ૨૧ મોબાઈલ કોમ્પ્રીહેન્સીવ વાન દ્વારા સારવાર, દવાનું વિતરણ અને વિવિધ પ્રકારના રોગો સામેના રક્ષણ માટે રસી આપવાનું વિના મૂલ્યે કરવામાં આવે છે. જે માટે રૂા. ૯૧.૫૦ લાખ મંજૂર કરાયેલ છે. આવા વિસ્તારમાં દશ આરોગ્ય પેટા કેન્દ્રોના બાંધકામ માટે રૂા. ૧૦૦/- લાખ મંજૂર કરેલ છે.<br>શ્રમ અને રોજગાર વિભાગ હેઠળના ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર દ્વારા રાજ્યના અસંગઠિત ગ્રામીણ શ્રમ યોગીઓને ગંભીર, જીવલેણ અને અસાધ્ય રોગોની સારવાર માટેની યોજનામાં આવરી લેવામાં આવેલ છે.<br>આ યોજના હેઠળ સન-૨૦૦૫ દરમ્યાન એક કિસ્સામાં રૂા. ૧૫,૦૦૦/- ની સહાય મંજૂર કરવામાં આવી છે. |

(૨) **પાણીની સુવિધા :**

પીવાના પાણીની સુવિધા માટે પાણીની પાઈપલાઈન, ટેન્કો માટે ૧૫ જિલ્લામાં રૂા. ૧૧૨૮/- લાખની યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. નાના અગરો માટે આ હેતુ માટે રૂા. ૭૬.૫૬ લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

(૩) **શૈક્ષણિક સુવિધાઓ :**

અગરીયાઓના બાળકોને પ્રાથમિક શિક્ષણ માટે શાળાના ઓરડાના બાંધકામ પેટે રૂા. ૭૨.૪૬ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. કુટુંબદીઠ બે બાળકોને ગણવેશનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

(૪) **મોબાઈલ રેશન વાન :**

અગરીયાઓને કામના સ્થળે રેશનીંગનું અનાજ ઉપલબ્ધ થાય તે હેતુસર ચાર મોબાઈલ રેશન વાન માટે રૂા. ૬૪.૬૩ લાખ મંજૂર કરવામાં આવેલ છે.

(૫) **નમક મજદૂર આવાસ યોજના :**

અગરીયાઓને ૨૨.૨ મીટરના વિના મૂલ્યે આવાસ પૂરા પાડવાની યોજના અંતર્ગત ૩૨૭૩ આવાસો બાંધવા માટે મંજૂરી આપવામાં આવી છે. આ પૈકી ૪૧૭ મકાનો તૈયાર થયેલ છે. ૧૨૧૯ મકાનોનું કામ પ્રગતિમાં છે. રાજ્ય સરકારના ફાળા પેટે અત્યાર સુધી ૨૦૨.૮૮ લાખની સહાય આપી છે.

(૬) **રક્ષણાત્મક કીટ :**

રાજ્યના ૨૫,૦૦૦ અગરીયાઓને રક્ષણાત્મક કીટ જેમાં હાથના મોજા, ગમબૂટ, માથાની કેપ અને ગોગલ્સનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે. જે માટે રૂા. ૧૦૫/- લાખની સહાય મંજૂર કરવામાં આવી છે.

(૭) **વીમા કવચ :**

અસંગઠિત શ્રમયોગીઓ માટેની શ્રમ અને રોજગાર વિભાગ હસ્તકની અકસ્માત જૂથ વીમા યોજના હેઠળ અગરીયાઓને રૂપિયા એક લાખનું વીમા કવચ પૂરું પાડવામાં આવે છે. સન-૨૦૦૫ દરમ્યાન આ યોજના હેઠળ એક કિસ્સામાં રૂપિયા એક લાખની વીમા રાશી ચૂકવી આપવામાં આવી છે.

------------

**ઓ.એન.જી.સી. ના યુનિટો અને ઈન્સ્ટોલેશનની સુરક્ષા માટે એસ.આર.પી. બટાલીયનની માંગણી**

૧૭૩૪૩**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઓ.એન.જી.સી. દ્વારા રાજ્ય સરકાર પાસે તેઓના યુનિટો અને ઈન્સ્ટોલેશનની સુરક્ષા માટે એસ.આર.પી. બટાલીયનની માંગણી કરવામાં આવી હોવાની હકિક્ત ખરી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) વિગતો નીચે મુજબ છે.<br>૧. આ બટાલીયનનો તમામ ખર્ચ ઓ.એન.જી.સી. દ્વારા ભોગવવામાં આવનાર છે. |

૨. આ બટાલીયનનું મુખ્ય મથક વડોદરા ખાતે રાખવામાં આવનાર છે.
૩. આ બટાલીયન દ્વારા ઓ.એન.જી.સી. ના એકમોનું રક્ષણ વધુ સારી રીતે થઈ શકશે.
૪. એમ.ઓ.યુ. વિચારણા હેઠળ છે.

------------

**અમદાવાદ શહેરમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટનું કાવતરું પકડવા અંગે**

૧૭૩૩૧ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના આતંકવાદ વિરોધી દળે તાજેતરમાં અમદાવાદ શહેરમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવાનું કાવતરું પકડી પાડેલ હોવાની હકિક્ત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કેસના આરોપીઓ કોણ કોણ છે, અને, | (૨) ૧. નુરૂદ્દીન ઉર્ફે નઈમ કમરૂદ્દીન શેખ<br>૨. પીર અલી ઉર્ફે અબ્દુલ મોહમદ સાકીર શેખ<br>૩. મહમદ જુનેદ સમસુદ્દીન સૈયદ મુસલમાન<br>૪. હારીશ શકીલ અહેમદ અન્સારી<br>૫. જાહીદ ખાન ઉર્ફે મુલ્લા અબ્દુલ ક્યુમખાન પઠાણ<br>૬. અલ્તાફ હુશેન મહંમદ હુશેન શેખ |
| (૩) તેઓ પાસેથી ક્યો ક્યો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે ? | (૩) પિસ્તોલ નંગ-૪, મેગજીન-૧, કારતુસ-૩૨ અને વેસ્પા કંપનીનું સ્કુટર-૧. |

------------

**કચ્છ જિલ્લામાં ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતામાં અલગ અલગ સંવર્ગની ખાલી જગ્યા**

૧૭૯૮૬ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતામાં વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ની કચ્છ જિલ્લામાં કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ખાલી જગ્યાની વર્ગવાર પરિસ્થિતિ આ પ્રમાણે છે.

| વર્ગ | ખાલી જગ્યા |
|---|---|
| ૧ | ૨ |
| વર્ગ-૧ | ૦૧ |
| વર્ગ-૨ | -- |
| વર્ગ-૩ | ૦૫ |
| વર્ગ-૪ | -- |
| કુલ : | ૦૬ |

**પ્રશ્ન**

(૨) આ જગ્યાઓ પૈકીની કઇ કઇ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૨) આ જગ્યાઓ પૈકી
૧ ભૂસ્તરશાસ્ત્રી વર્ગ-૧ની જગા (૧-૯-૦૩) થી ખાલી છે.
૨ રોયલ્ટી ઈન્સ્પેક્ટર વર્ગ-૩ની ૧ જગ્યા (૧-૬-૯૭) થી ખાલી છે.
૩ માઈન્સ સુપરવાઈઝર વર્ગ-૩ની ૧ જગ્યા (૧-૪-૦૪) થી ખાલી છે.

| | |
|---|---|
| | ૪ જુનિયર ક્લાર્ક વર્ગ ૩ની ૩ જગ્યા (૧-૮-૦૫) થી ૧ અને (૨૬-૯-૦૫) થી ૨ ખાલી છે. |
| (૩) આ જગ્યાઓ ભરવા માટે સરકારે શું આયોજન કરેલ છે, અને | (૩) આ ખાતાની તા. ૩૧-૩-૦૫ના રોજ પુનઃગઠન કર્યા પછીની ખાલી જગ્યાઓ ભરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ છે. |
| (૪) કાયમી ધોરણે આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૪) જેમ બને તેમ જલ્દીથી. |

-------------

**ધંધુકા જી.આઇ.ડી.સી.ને "સી" ગ્રેડમાં મૂકી પછાત વિસ્તારોનો લાભ આપવા અંગે**

૧૭૯૦૦**શ્રી ભરતભાઈ પંડ્યા (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ધંધુકા જી.આઇ.ડી.સી. માં પાણી આપવા માટે સરકારે શું આયોજન કરેલ છે, અને | (૧) જી. આઈ. ડી. સી.ની ધંધુકા ઓદ્યોગિક વસાહત ખાતે પ્રથમ તબક્કામાં ૨૩ હેક્ટર વિસ્તાર માટે કૂવો, વિતરણ લાઈનો, ઉંચી ટાંકી, પમ્પીંગ મશીનરી વિગેરે કામો કરીને પાણી પુરવઠાનું આયોજન કરવામાં આવેલ છે. પાણી પુરવઠો પીવાલાયક જણાયેલ નથી. આ સંજોગોમાં હાલ નિગમ દ્વારા ધંધુકા વસાહતને અપૂરતા પાણી પુરવઠાના સ્ત્રોતવાળી વસાહતોની કક્ષામાં સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૨) ધંધુકા જી.આઇ.ડી.સી.ને "સી" ગ્રેડમાં ગણીને પછાત વિસ્તાર તરીકેના આનુષાંગિક લાભ આપવા સરકાર માંગે છે કે કેમ ? | (૨) રાજ્યની ઓદ્યોગિક નીતિ, ૨૦૦૩ અનુસાર ઓદ્યોગિક પછાત વિસ્તાર આધારિત પ્રોત્સાહન નીતિને બદલે સમગ્ર રાજ્યમાં સમાન ધોરણે સહાય આપવાની નીતિ અખત્યાર કરવામાં આવી છે. તદ્નુસાર જાહેર કરેલ યોજનાઓનો લાભ ધંધુકા તાલુકાને મળવાપાત્ર છે. |

-------------

**જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલ ગામડાઓ**

૧૭૯૮૨**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્ય સરકારે તા.૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલા ગામડા જ્યોતિગ્રામ યોજનામાં સંપૂર્ણ પુરા કરેલ છે ? | ૧૫૫૮૨ ગામો તથા તા. ૫-૩-૨૦૦૬ની સ્થિતિએ ૧૬૨૧૧ ગામોની જ્યોતિગ્રામ યોજના હેઠળની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |

-------------

**સરકારે ડ્રીપ ઇરીગેશન અને ટપક પધ્ધતિ યોજના માટે કરેલ જાહેરાત**

૧૫૫૫૭**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે ગયા વર્ષના બજેટમાં કૃષિ વિભાગ દ્વારા ડ્રીપ ઇરીગેશન અને ટપક પધ્ધતિ યોજના માટે રૂા.૧૫૦૦/- કરોડની યોજના જાહેર કરેલ | (૧) હા, જી. |

તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો રાજકોટ જિલ્લાના ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં તા.૩૧-૧-૨૦૦૬ સુધીમાં કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરવામાં આવી ?

(૨) તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં રાજકોટ જિલ્લાના ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં ટપક સિંચાઈ માટે આવેલ અરજીઓ અને મંજૂર કરેલ અરજીઓની વિગત આ મુજબ છે.

| તાલુકાનું નામ | મળેલ અરજી | | મંજૂર કરેલ અરજી | |
|---|---|---|---|---|
| | સંખ્યા | વિસ્તાર હેક્ટર | સંખ્યા | વિસ્તાર હેક્ટર |
| ટંકારા | ૬ | ૭.૩૮ | ૧ | ૧.૦૫ |
| પડધરી | ૧૭ | ૩૦.૫૮ | ૧૪ | ૧૭.૬૧ |
| મોરબી | ૫ | ૧૫.૩૮ | ૪ | ૧૧.૭૪ |

-------------

**અમરેલીનું એરપોર્ટ કાયમી ધોરણે ચાલુ કરવા અંગે**

૧૬૯૨૩**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી શહેરમાં આવેલું એરપોર્ટ કાયમી ધોરણે ચાલુ કરવાનું કામ તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અમરેલી એરસ્ટ્રીપને સુધારવા તેમજ તેને આનુષંગિક અન્ય કામો જેવા કે, રન-વે, ટર્મીનલ બિલ્ડીંગ, વાયર ફેન્સીંગ, કમ્પાઉન્ડ વોલ વગેરે માર્ગ અને મકાન વિભાગ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) ટર્મીનલ બિલ્ડીંગનું રીપેરીંગ કામ, રન-વે રીસરફેંસીંગ, રન-વેની બાજુના ૫૦ ફૂટમાં ઝાડી-ઝાંખરા દુર કરવા વગેરે બાકી કામોના અંદાજો બનાવવાની કામગીરી ચાલુ છે.

-------------

**કલ્પસર યોજના માટે થયેલ ખર્ચ**

૧૬૬૪૮**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ કલ્પસર યોજના માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું, ક્યા ક્યા હેતુઓ માટે,

(૨) આ યોજના માટે કુલ કેટલા સ્ટડી અહેવાલો તૈયાર કરાયા, કેટલા ખર્ચે, અને

(૩) આ અહેવાલો પ્રમાણે કલ્પસર યોજનાનું ક્યારે અમલીકરણ થનાર છે ?

**જવાબ**

(૧) રૂા. ૨૫૦૧.૮૮ લાખ.
આ ખર્ચ આવિક્ષણ અહેવાલ, પૂર્વ શક્યતાદર્શી અહેવાલ, વિશિષ્ટ અભ્યાસો અને વિસ્તૃત યોજનાકીય શક્યતાદર્શી અહેવાલ (પ્રગતિમાં છે) તૈયાર કરવાની કામગીરી પાછળ કરવામાં આવ્યો.

(૨) ત્રણ, રૂા. ૧૮૨૬.૮૫ લાખના ખર્ચે.

(૩) યોજનાકીય શક્યતાદર્શી અહેવાલની કામગીરી પૂર્ણ થયા બાદ, યોજનાનું અમલીકરણ, વર્ષ ૨૦૦૯થી કરવાનું આયોજન છે.

-------------

**ગાંધીનગર જિલ્લામાં કરવામાં આવેલ પી.ડી.સી. જોડાણો**

૧૭૯૯૨**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષમાં ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ પી.ડી.સી. ક્નેક્શનો કેટલા કરવામાં આવ્યા,

(૨) પી.ડી.સી. ક્નેક્શનો પુનઃ જોડાણ માટે

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કુલ ૭૩૯૧ વીજ જોડાણો પી.ડી.સી. કરવામાં આવેલ.

(૨) ૧૩૭ અરજીઓ મળી.

કેટલી અરજીઓ મળી,

(૩) કેટલી અરજીનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૪) પડતર અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

(૩) ૧૦૧ પી.ડી.સી. ક્નેક્શનો પુનઃ જોડાણ કરેલ છે.

(૪) પડતર ૩૬ અરજીઓ પૈકી એસ્ટીમેટના નાણાં ન ભરવાના કારણે ૧૬ અરજીઓ રદ થયેલ છે, બાકી રહેલ ૨૦ અરજીઓ પૈકી ૦૬ (છ)ના નાણાં ભરપાઈ કરવાના બાકી હોઈ એસ્ટીમેટના નાણાં ભર્યેથી એક માસમાં તથા ૧૪ અરજીઓમાં એસ્ટીમેટ આપવાના બાકી હોઈ એક માસમાં એસ્ટીમેટ આપવાનું આયોજન છે જેના નાણાં ભરપાઈ થયા બાદ એક માસમાં અરજીઓનો નિકાલ કરવામાં આવશે.

-------------

**વાગરા તાલુકાના ઓદ્યોગિક એકમોમાં ખેડૂતોના વારસદારોને નોકરી અંગે મળેલ રજૂઆતો**

૧૬૭૪૮**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરુચ જિલ્લાના વાગરા તાલુકાના દહેજ વિસ્તારમાં જી.આઇ.ડી.સી. દ્વારા ઓદ્યોગિક હેતુ સંપાદિત કરેલ જમીનના ખેડૂતોના વારસદારોને જે તે ઓદ્યોગિક એકમોએ હજુ સુધી નોકરીઓ આપી નથી તે હકીકત અંગે કેટલી ફરીયાદો છેલ્લા બે વર્ષમાં ૩૧-૧૨-૦૫ સુધીમાં સરકારને મળી, અને

(૨) જમીન ગુમાવનાર ખેડૂતોના વારસદારોને નોકરી મળે તે માટે સરકાર કેવા પગલાંઓ સત્વરે ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) છેલ્લા ૨ વર્ષમાં બે ફરિયાદો મળેલ છે. જે પૈકી એક ફરિયાદ ૧૮ સભ્યોએ સંયુક્ત આવેદન પત્રમાં આપેલ છે.

(૨) જમીન સંપાદન ધારો, ૧૮૯૪ની જોગવાઈ અંતર્ગત જાહેર હેતુ માટે વળતર ચુક્વી જમીન મેળવવામાં આવે છે. સદર કાયદાની જોગવાઈઓમાં જમીન ગુમાવનારને નોકરી અંગેનું પ્રાવધાન નથી.

-------------

**લેખિત બાતમી છતાં બાળ લગ્નો નહીં અટકાવવા બાબત**

૧૭૯૩૧**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાળ લગ્નના ગુન્હા થનાર હોવાની પોલીસને અગાઉથી લેખિત બાતમી મળવા છતાં પોલીસ તરફથી એવા ગુન્હા અટકાવવામાં આવતા નથી તે હકીક્ત સાચી, જો હા, તો તેના શાં કારણો છે,

(૨) જો ના, તો સને ૨૦૦૫ના મે માસ દરમ્યાન બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ક્યા ગામોએ ક્યા દિવસોએ કેટલા વાગ્યાના અરસામાં આવા ગુન્હાઓ થનાર હોવાની બાતમીઓ જિલ્લા પોલીસ અધિક્ષક્ની ક્ચેરીને કઇ કઇ તારીખે કેટલા વાગ્યાના અરસામાં મળી,

(૩) મળેલ આ બાતમીઓ સંદર્ભે ક્યા ક્યા ગામે આવા થનાર ગુન્હાઓ અટકાવવામાં આવ્યા,

**જવાબ**

(૧) ના, જી.

(૨) ડીસા તાલુકામાં નીચે પ્રમાણે બે બાતમીઓ મળેલ :

-- બુરાલ ગામે તા. ૧૧-૫-૦૫ના રોજ ૧૯.૦૦ ક્લાકે બાળ લગ્ન થવાની અરજી તેજ દિવસે ૧૬.૦૦ ક્લાકે મળેલ.

-- ડીસા ખાતે તા. ૨૭-૫-૦૫ના રોજ ૧૨.૩૯ ક્લાકે બાળ લગ્ન થવાની અરજી તા. ૨૫-૫-૦૫ના રોજ મળેલ.

(૩) --બુરાલ ખાતે લગ્ન થયેલ નથી, પરંતુ સામાજિક રિવાજ મુજબ સગપણની વિધિ થયેલ છે.

--ડીસા ખાતે થનાર લગ્ન અટકાવવામાં

(૪) બાકીના ગામોએ આવા થનાર ગુન્હાઓ ન અટકાવવા પાછળના શા કારણો છે,

(૫) આવા ગુન્હા ન અટકાવવા બદલ જવાબદાર પોલીસ અધિકારીઓ સામે કોઇ પગલાં લેવાયેલ હોય તો તેની વિગતો શું છે, અને

(૬) પગલાં ન લેવાયા હોય તો તેના શું કારણો છે?

આવેલ છે.

(૪) આવો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૫) આ બાબતે કોઈ પોલીસ અધિકારીએ નિષ્કાળજી દાખવેલ હોવાની હકીક્ત ધ્યાને આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## સુરત શહેરના ડાયમંડના ધંધાને પ્રોત્સાહિત કરવા જેમ એન્ડ જ્વેલરી પાર્કની કામગીરી

૧૭૫૫૭ **શ્રી જયંતિલાલ ર. કવાડિયા (હળવદ):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત શહેરમાં ડાયમંડના ધંધાને પ્રોત્સાહિત કરવા માટે જેમ એન્ડ જ્વેલરી પાર્ક એસ.ઇ.ઝેડ તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કામ ક્યા તબક્કે ચાલુ છે,

(૨) આ જ્વેલરી પાર્ક કેટલા સમયમાં પુરા કરવા માંગો છો,

(૩) આ જ્વેલરી પાર્ક બન્યા પછી રાજ્યના અર્થતંત્રને અને રોજગારીમાં કેટલો ફાયદો થશે, અને

(૪) આ પાર્ક બનાવવામાં રાજ્ય સરકારનો સહયોગ કેટલો ?

**જવાબ**

(૧) ગુજરાત હીરા બુર્સ દ્વારા જેમ એન્ડ જ્વેલરી પાર્ક વિક્સાવવા કાર્યવાહી કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ છે.

૧. ભારત સરકારના વાણિજ્ય મંત્રાલયે તા. ૨-૧૧-૦૫ના પત્રથી આ પાર્કને એસ.ઈ.ઝેડ. તરીકે સૈધ્ધાંતિક મંજૂરી આપેલ છે.

૨. પાર્ક માટે જીઆઈડીસી દ્વારા જમીન ફાળવવામાં આવેલ છે.

૩. પાર્કના વિકાસ માટે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનું એન.ઓ.સી. મળેલ છે.

૪. લે આઉટ પ્લાન તેયાર કરવામાં આવેલ છે.

૫. રાજ્ય સરકારે પાર્કને વિધિવત મંજૂરી આપવા ભારત સરકારને ભલામણ કરેલ છે.

(૨) ભારત સરકારની વિધવત મંજૂરી મળ્યા બાદ આ એસ.ઈ.ઝેડ.ના ડેવલપર ૧૮ મહિનામાં વિકાસ કાર્યો પૂર્ણ કરશે તેવી ધારણા છે.

(૩) ગુજરાત હીરા બુર્સ તરફથી રજૂ થયેલ પ્રોજેક્ટ રીપોર્ટ મુજબ આ એસ.ઈ.ઝેડ.માં અંદાજે કુલ રૂા. ૩૮૦૪ કરોડનું મૂડીરોકાણ થનાર છે તથા પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રીતે ૨,૦૦,૦૦૦ રોજગારીની તકો ઉપલબ્ધ થશે.

(૪) રાજ્ય સરકાર દ્વારા આ એસઈઝેડના વિકાસ માટે જરૂરી તમામ સહકાર અને સહયોગ આપવામાં આવેલ છે.

ગુજરાત એસઈઝેડ એક્ટ-૨૦૦૪ અન્વયે એસઈઝેડના વિકાસકાર તથા એસઈઝેડ એકમો એક્ટની જોગવાઈ મુજબ પ્રોત્સાહન મેળવવા પાત્ર છે.

-------------

## ક્લ્પસર યોજનાની પથ રેખા

૧૭૫૬૦**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ક્લ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્લ્પસર યોજનાની પથ રેખા ક્યારે નક્કી કરવામાં આવી,

(૨) આ પથ રેખા નક્કી થયા પછી ડિસેમ્બર-

**જવાબ**

(૧) ક્લ્પસર યોજનાની પ્રથમદર્શી પથરેખા વર્ષ-૧૯૯૮માં નક્કી કરવામાં આવી.

(૨) ડીસેમ્બર-૦૫ની સ્થિતિએ છ વિશિષ્ટ

૨૦૦૫ સુધીમાં આ પ્રભાગ હેઠળ શી કામગીરી કરવામાં આવી છે, અને

અભ્યાસો અને કલ્પસર યોજનાની પથરેખાને વધુ સુદૃઢ કરવા માટે જમીન સર્વેક્ષણની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે તેમજ દરિયાઇ સર્વેક્ષણની કામગીરી પ્રગતિમાં છે.

(૩) સંપૂર્ણ ફીઝીબીલીટી રીપોર્ટ કેટલા સમય સુધીમાં આવવાનો અંદાજ છે ?

(૩) વર્ષ-૨૦૦૭.

-------------

**પંચમહાલ જિલ્લાના શહેરા ખાતે ઓદ્યોગિક વસાહત સ્થાપવા અંગે**

૧૭૬૯૫**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) :** તા.૫-૩-૦૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્માંક : ૧૪૬૯ (અ.ક્ર.૫) ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના શહેરા ખાતે ક્યારથી ઓદ્યોગિક વસાહત સ્થાપવા માટેની માંગણીઓ છે,

(૨) તે પૈકી તા.૩૧-૧-૦૬ સુધીમાં ઉદ્યોગ સ્થાપવા માટે સરકાર કક્ષાએ કોની કોની માંગણીઓ આવી,

**જવાબ**

(૧) અને (૨) ઘણા લાંબા સમયથી વસાહતો સ્થાપવા માંગણીઓ મળેલ અને તે મુજબ ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમ વસાહત સ્થાપવા કાર્યવાહી કરેલ, પરંતુ ત્યારબાદ પ્લોટ માટે નિયત અરજી પત્રકમાં કોઇ અરજી મળી નથી. વસાહતના ૨૮ પ્લોટ ફાળવવા કુલ-૩૬ ઇસમો પાસેથી સાદી રજૂઆત મળેલી, જેમાં વસાહત માટે મેળવેલી ત્રણ સર્વે નંબરની જમીન પૈકીની એક સર્વે નંબરની જમીનના જમીન માલિકોની રજૂઆત હતી.

(૩) તે પૈકી કેટલી માંગણીઓ મંજૂર કરી, અને

(૩) નિગમની તા. ૧૦-૦૨-૨૦૦૫ના રોજ મળેલી ૪૧૯મી સભામાં આ ઉદ્યોગ સાહસિકો એક કો.ઓ. સોસાયટી સ્થાપી વધારાના વળતર મેળવવા અંગેના પડતર લેન્ડ રેફરન્સ કેસ બીન શરતી પાછા ખેંચાવે તો તમામ જમીન એકી સાથે કિંમત ભરપાઇ કરવાની શરતે ""જેમ છે તેમ"" ના ધોરણે ફાળવવા નિર્ણય લેવાયો હતો. તેની જાણ કરવામાં આવેલી. પરંતુ ત્યારબાદ ઉદ્યોગો તરફથી કોઇ પ્રતિભાવ મળ્યો નથી.

(૪) ક્યારથી ઓદ્યોગિક વસાહત સ્થાપવા માંગો છો ?

(૪) વળતર અંગેના પડતર કેસોનો નિર્ણય થયા બાદ વિક્સાવવાનું આયોજન કરી શકાય તેમ છે.

-------------

**ટેક્ષટાઇલ પાર્ક તથા ઓટોમોબાઇલ પાર્કની સ્થાપના અંગે**

૧૭૪૫૪ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના પીઠડીયા ગામ પાસે નિકાસલક્ષી ટેક્ષટાઇલ પાર્ક બનાવવાનું આયોજન છે, તે કેટલા સમયમાં પૂર્ણ થશે, ટેક્ષટાઇલ પાર્ક પૂર્ણ થતાં કેટલો ટેક્ષટાઇલનો માલ નિકાસ કરવાનો લક્ષ્યાંક છે, જેના દ્વારા કેટલી રકમનું દેશને હુંડીયામણ મળશે ?

**જવાબ**

આ પાર્ક કેન્દ્ર સરકારની સ્કીમ ફોર ઇન્ટીગ્રેટેડ ટેક્ષટાઇલ પાર્ક અંતર્ગત જેતપુર સ્થિત ઉદ્યોગકારોની ખાસ કંપની દ્વારા ખાનગી ધોરણે ટેક્ષટાઇલ પાર્ક બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. પાર્ક પૂર્ણ કરવાનો સમય ઉદ્યોગકારોની તૈયારી અને તત્પરતા અને કેન્દ્ર સરકારની અનુદાનની મંજૂરી ઉપર અવલંબિત છે. ખ્યાતનામ તજજ્ઞ સંસ્થા મે.કે.એસ.એ. ટેક્નોપેક્ના અહેવાલ મુજબ જેતપુર સ્થિત એક્મોનો હાલનો વાર્ષિક વકરો રૂા. ૧૩૪૪ કરોડ (નિકાસ રૂા. ૯૪૧ કરોડ) છે તે એક અંદાજ મુજબ બમણો થવાની ધારણા છે.

-------------

**શહેરના ધારાસભ્ય દ્વારા મેચીંગ ગ્રાન્ટ ફાળવણી**

૧૭૭૦૪**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા):માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બારમા નાણાપંચની ગ્રાન્ટમાં મેચીંગ ગ્રાન્ટ શહેરના ધારાસભ્યો ફાળવી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ, | (૧) ના. જી. |
| (૨) જો વ્યવસ્થા ન કરવામાં આવી હોય તો તેના કારણો શું, અને | (૨) ભારત સરકારની ગાઇડ લાઇનમાં જોગવાઇ નથી. |
| (૩) આના સંદર્ભમાં પુનઃ વિચાર કરવાના છીએ કે કેમ ? | (૩) ભારત સરકારની ગાઇડ લાઇન હોઇ રાજ્ય સરકારે પુનઃ વિચાર કરવાનો રહે નહિ. |

-------------

**ભૂકંપથી અસરગ્રસ્ત કલા કારીગરોનાં પુનઃ સ્થાપન માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ સહાય**

૧૮૦૫૫**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર):માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ભૂકંપથી અસરગ્રસ્ત કલા કારીગરોનાં પુનઃસ્થાપન અન્વયે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ પૂરી વપરાઇ નથી કે અપાઇ નથી તે હકીકત સાચી છે, | (૧) ના. જી. |
| (૨) જો હા, તો કારણો શાં છે, અને | (૨) લાગુ પડતું નથી. |
| (૩) જો ના, તો કેન્દ્ર સરકાર તરફથી રાજ્યમાં ભૂકંપગ્રસ્ત વિસ્તારના કલાકારીગરો-વણકરોને વ્યવસાયિક પુનઃસ્થાપન માટે સહાય અને/કે લોન માટે કેટલી રકમ ક્યારે રાજ્ય સરકાર કે વિભાગને મળી અને કેટલા કારીગરોને તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ક્યારે આપવામાં આવી ? | (૩) રૂા. ૨૧૨.૫૦ લાખ તા. ૨૭-૨-૦૧<br>રૂા. ૪૧.૮૬ લાખ તા. ૧૮-૫-૦૧<br>રૂા. ૧૨૫.૦૦ લાખ તા. ૧૨-૨-૦૨<br>રૂા. ૮૭.૫૦ લાખ તા. ૧૫-૩-૦૨<br>મળી કુલ રૂા. ૪૬૬.૮૬ લાખ કેન્દ્ર તરફથી મળતાં ૫૩૯૩ કારીગરોને આ રકમ સહાય તરીકે આપવામાં આવી. |

-------------

**નિયત સમયની પરમીટ કરતાં વધારે સમય માઈક વગાડવાની નોંધાયેલ ફરિયાદો**

૧૭૨૩૦**શ્રી ભાવિનભાઈ ન. શેઠ (એલીસબ્રીજ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એલીસબ્રીજ પોલીસ સ્ટેશનની હદમાં ગરબામાં માઈક નિયત સમયની પરમીશન કરતાં વધારે વગાડવાની કોઈ ફરિયાદ છેલ્લા એક કેલેન્ડર વર્ષમાં<br>તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ પોલીસ સ્ટેશન દ્વારા નોંધવામાં આવેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કઈ કઈ કલમ હેઠળ નોંધવામાં આવેલ છે, અને | (૨) ઇ.પી.કો. કલમ ૧૮૮, ૧૧૪ અને બીપીએક્ટની કલમ-૧૩૧(૧) હેઠળ. |
| (૩) આવી ફરિયાદ કોની કોની સામે નોંધવામાં આવેલ છે ? | (૩) ચાર ઇસમો સામે. |

-------------

**ભિલોડા તાલુકાના ખેડૂતોને ડ્રીપ ઈરીગેશન માટે લોન સહાય**

૧૫૮૮૬ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના કેટલા ખેડૂતોને ડ્રીપ ઈરીગેશન માટે લોન અને સહાય ચુકવવામાં આવી,

(૨) અનુસૂચિત જનજાતિના કેટલા ખેડૂતોને આનો લાભ મળ્યો છે, અને

(૩) અન્ય પછાત વર્ગના ખેડૂતોને પણ આનો લાભ મળે તે માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ સુધીમાં ભિલોડા તાલુકાના ૬ ખેડૂતોની ૯ હેક્ટર વિસ્તાર માટેની અરજી મંજૂર કરી સ્થળ ઉપર કાર્યવાહી કરવામાં આવેલ છે. કામગીરી પૂર્ણ થયા બાદ સહાય ચૂકવવામાં આવનાર છે.

(૨) સુક્ષ્મ પિયત અંતર્ગત ભિલોડા તાલુકાના અનુસૂચિત જનજાતિના ૧૨ ખેડૂતોને સ્પ્રિંક્લર સેટ લગાવી આ યોજનાનો લાભ મળેલ છે.

(૩) રાજ્યના અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે ટ્રાયબલ સબ પ્લાન હેઠળ અને અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ખાસ અંગભૂત કાર્યક્રમ હેઠળ જોગવાઇ કરવામાં આવેલ છે.

-------------

**છાપકામ અને લેખન સામગ્રીનું ભંડોળ અને છાપકામ અંગે**

૧૭૬૯૩**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય છાપકામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારે પાછલા ત્રણ કેલેન્ડર વર્ષમાં છાપકામ અને લેખન સામગ્રી પાછળ કેટલું ભંડોળ ફાળવેલ હતું, અને

(૨) આ છાપકામ કામગીરી સરકારે પાછલા ત્રણ વર્ષમાં વર્ષવાર ક્યા ક્યા પ્રેસ પાસે કરાવેલ છે ?

**જવાબ**

(૧) સરકારે પાછલા ત્રણ કેલેન્ડર વર્ષમાં છાપકામ અને લેખન સામગ્રી ખાતાને નીચે મુજબ ભંડોળ ફાળવેલ છે.

| અ.નં. | ફાળવેલ કેલેન્ડર વર્ષ | ફાળવેલ ભંડોળ (રૂા.) |
|---|---|---|
| ૧ | તા. ૧-૧-૨૦૦૩થી તા. ૩૧-૧૨-૨૦૦૩ | ૨૯,૯૬,૧૭,૦૦૦/- |
| ૨ | તા. ૧-૧-૨૦૦૪થી તા. ૩૧-૧૨-૨૦૦૪ | ૩૦,૫૩,૨૧,૦૦૦/- |
| ૩ | તા. ૧-૧-૨૦૦૫થી તા. ૩૧-૧૨-૨૦૦૫ | ૩૬,૯૬,૯૦,૦૦૦/- |

(૨) પાછલા ત્રણ કેલેન્ડર વર્ષમાં સરકારી કચેરીઓ તરફથી અપાતા છાપકામ આ ખાતા હસ્તકના નીચે જણાવ્યા મુજબનાં પાંચ સરકારી પ્રેસોમાં જ કરવામાં આવેલ છે.

૧. સરકારી મધ્યસ્થ પ્રેસ, - ગાંધીનગર
૨. સરકારી મુદ્રણાલય - વડોદરા
૩. સરકારી મુદ્રણાલય - રાજકોટ
૪. સરકારી મુદ્રણાલય - ભાવનગર
૫. સરકારી ફોટોલીથો પ્રેસ - અમદાવાદ.

-------------

તા. ૨૭મી માર્ચ, ૨૦૦૬
અતારાંકિત પ્રશ્નો

## પોટા અને પાસા હેઠળના અટકાયતી અંગે

૧૭૨૩૯**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતના ક્યા-ક્યા જિલ્લાના કેટલા લોકોની પોટા અને પાસા હેઠળ અટકાયત કરવામાં આવી, | (૧) પોટામાં - ૨૧૪<br>પાસામાં - ૩૯૦૮<br>જિલ્લા વાઇઝ માહિતી પત્રક - અ પ્રમાણે |
| (૨) આમાંથી કેટલા આરોપીઓની કોર્ટે અટકાયત મંજૂર રાખી, અને | (૨) પોટાના આરોપી - ૨૧૩<br>પાસાના આરોપી - ૦૧ |
| (૩) કેટલા આરોપીઓને મુક્ત કરવામાં આવ્યા ? | (૩) પોટાના આરોપી - ૦૧<br>પાસાના આરોપી - ૨૪૧૫ |

**પત્રક-અ**

છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન પોટા અને પાસા હેઠળ કરવામાં જિલ્લાવાર અટકાયત અંગેની માહિતી

| ક્રમાંક | શહેર/વિસ્તારનું નામ | પોટા | પાસા |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૪ | ૧૧૪૪ |
| ૨ | રાજકોટ શહેર | - | ૨૮૭ |
| ૩ | સુરત શહેર | ૪ | ૧૦૧૫ |
| ૪ | વડોદરા શહેર | - | ૫૧૧ |
| ૫ | અમદાવાદ જિલ્લો | - | ૩૬ |
| ૬ | અમરેલી | - | ૧ |
| ૭ | આણંદ | - | ૩૭ |
| ૮ | બનાસકાંઠા | - | ૭૯ |
| ૯ | ભરૂચ | - | ૪૯ |
| ૧૦ | ભાવનગર | - | ૭૬ |
| ૧૧ | દાહોદ | - | ૨૫ |
| ૧૨ | ડાંગ | - | - |
| ૧૩ | ગાંધીનગર | ૬ | ૧૬ |
| ૧૪ | જામનગર | - | ૭ |
| ૧૫ | જૂનાગઢ | - | ૫ |
| ૧૬ | કચ્છ-ભુજ | - | ૫૧ |
| ૧૭ | ખેડા | - | ૩૧ |
| ૧૮ | મહેસાણા | - | ૯ |
| ૧૯ | નર્મદા | - | ૪ |
| ૨૦ | નવસારી | - | ૯૭ |
| ૨૧ | પંચમહાલ | ૯૦ | ૫૦ |
| ૨૨ | પાટણ | - | ૬ |
| ૨૩ | પોરબંદર | - | ૯ |
| ૨૪ | રાજકોટ | - | ૨૩ |
| ૨૫ | સાબરકાંઠા | - | ૪ |
| ૨૬ | સુરત | - | ૧૨૯ |
| ૨૭ | સુરેન્દ્રનગર | - | ૧૩ |
| ૨૮ | વડોદરા | - | ૭૦ |
| ૨૯ | વલસાડ | - | ૨૪ |
| | **કુલ :** | **૨૧૪** | **૩૯૦૮** |

-----------

## હાલોલ તાલુકાના શિવરાજપુર આઉટ પોસ્ટના પોલીસ સ્ટાફ અંગે ફરિયાદ

૧૭૮૧૫**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં હાલોલ તાલુકાના શિવરાજપુર આઉટ પોસ્ટમાં ફરજ બજાવતા પોલીસ સ્ટાફ અંગે કોઈ ફરિયાદ થયેલ છે કે કેમ, અને | (૧) હા - એક ફરિયાદ થયેલ છે. |

(૨) આ ફરિયાદ અંગે આપ શી કાર્યવાહી કરવા માંગો છો અને કેટલા સમયમાં ?

(૨) આ ફરિયાદ અંગે હાલોલ પોલીસ સ્ટેશન પ્રોહી. ગુ.ર.નં. ૫૧૫/૦૫ પ્રોહી.એક્ટ ક્લમ-૮૫(૧)(૩) ૬૬(૧) બી મુજબ તા. ૧૪-૯-૦૫ના રોજ શીવરાજપુર આઉટ પોસ્ટના અ.પો.કો. કિરણસિંહ ઉદેસિંહ જાદવ સામે ગુનો દાખલ કરી તેજ તારીખે તેઓને ક્લાક ૨૦:૧૫ વાગે અટક કરી કોર્ટ હવાલે કરવામાં આવેલ છે. અને સદર પો.કો. વિરૂધ્ધ તા. ૧૧-૧૧-૦૫ના રોજ ચાર્જશીટ કરવામાં આવેલ છે, જેનો સી.સી. નં. ૨૬૦૩/૦૫ તા. ૧૪-૧૧-૦૫ નો પડેલ છે અને ગુનો હાલ કોર્ટમાં પેન્ડીંગ છે.

-------------

**રાજકોટ જિલ્લા આયોજન મંડળમાં ફાળવેલ નાણાંમાં કાપ મૂકવા અંગે**

૧૭૨૪૭**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં જિલ્લા આયોજન મંડળમાં ફાળવાયેલ નાણા વર્ષના અંતે છેલ્લા બે વર્ષથી કાપ મૂકી પૂરતી રકમ ફાળવવામાં આવતી નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો થયેલ આયોજનના પૂરતા નાણાં નહીં ફાળવવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) અને (૨) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ વર્ષ ૨૦૦૪-૦૫માં કોઈ કાપ મુક્વામાં આવેલ નથી. વર્ષ ૨૦૦૫-૦૬માં મૂક્વામાં આવેલ કાપના હુક્મો રદ કરવામાં આવેલ છે, જેથી ફાળવાયેલ નાણાંમાં કાપનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ધારાસભ્યશ્રીઓના ફોનના જવાબ આપવા માટે અધિકારીઓ માટે નક્કી થયેલ કાર્ય પધ્ધતિ**

૧૮૦૪૫ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધારાસભ્યશ્રી ધ્વારા જિલ્લાના જે તે વિભાગના વડા કે સચિવાલયમાં નાયબ સચિવ અને તેથી ઉપરના અધિકારીને તેમની ક્ચેરીમાં ફોન કરે તેના જવાબ આપવા માટે કોઈ કાર્ય પધ્ધતિ અમલમાં છે કે કેમ, અને

(૨) અધિકારી હાજર ન હોય ત્યારે આવા ફોનની ક્ચેરીમાં નોંધ રાખી પછીથી જવાબ આપવાની લેખિત સૂચનાઓ છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી. તા. ૧૪-૩-૨૦૦૬ના પરિપત્રથી લેખીત સુચનાઓ આપવામાં આવેલ છે.

-------------

**અમદાવાદ શહેરમાં એપેરલ પાર્ક માટે મળેલ જમીનની સ્થિતિ**

૧૮૦૦૦**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં એપેરલ પાર્ક માટે મેળવેલ જમીનની શું પરિસ્થિતિ છે,

**જવાબ**

(૧) (૧) એપેરલ પાર્કને સ્પેશીયલ ઈકોનોમીક ઝોન તરીકેની મંજુરી મળેલ છે.

(૨) એપેરલ પાર્કના આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે કંપાઉન્ડ વોલ, સીમેન્ટ કોન્ક્રીટના રસ્તા, ફુટપાથ, સ્ટ્રીટ લાઈટ, વરસાદી ગટર, પાણી પુરવઠા વિગેરેની કામગીરી પૂર્ણ થઈ છે.

| | |
|---|---|
| | (૩) ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ઉદ્યોગકારો પાસેથી પ્લોટની માંગણી માટે જાહેરાત આપવામાં આવેલ છે. (૪) અરજદારોને પ્લોટ આપવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. |
| (૨) આ એપેરલ પાર્કથી કેટલી રોજગારીની તકો ઉભી થશે, અને | (૨) પાર્ક સંપૂર્ણપણે કાર્યન્વિત થયે અંદાજે દોઢ લાખની પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઉભી થશે તેમ અપેક્ષિત છે. |
| (૩) નિકાસની તકો છે કે કેમ, અને કેટલી ? | (૩) હા,અમદાવાદ એપેરલ પાર્ક નિકાસલક્ષી સ્પેશિયલ ઈકોનોમીક ઝોન છે. પાર્ક સંપૂર્ણ પણે કાર્યાન્વિત થયે, અંદાજે રૂા. ૩૫૦૦ થી ૪૦૦૦ કરોડની નિકાસ અપેક્ષિત છે. |

-------------

**કલ્પસર સંબંધમાં સમુદ્ર તળીયે ચાલતું જીઓલોજીકલ સર્વેનું કામ**

૧૮૦૦૯**ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ કલ્પસર માટે પથરેખા નિયત કરવા સમુદ્ર તળીયે જીઓલોજીકલ સર્વેનું કાર્ય ચાલુ છે તે હકીકત સાચી છે, | (૧) પ્રાથમિક જીઓલોજીકલ સર્વેની કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) જો હા, તો આ કાર્ય કેટલા સમયમાં પૂર્ણ થશે, અને | (૨) ડીસેમ્બર-૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) સંપૂર્ણ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) વર્ષ ૨૦૧૮ સુધીમાં. |

-------------

**સાબરકાંઠા જિલ્લામાં યોજાયેલ લોકદરબાર**

૧૭૩૫૨**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ, સહકાર અને માહિતીના આદાન પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોક દરબાર યોજવાનું શરૂ કરવામાં આવ્યું છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો, તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૫માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) વર્ષ યોજાયેલ લોકદરબાર<br>૨૦૦૪ ૧૩૬<br>૨૦૦૫ ૨૨૨ |

-------------

**જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલ વડોદરા જિલ્લાના તાલુકાવાર ગામો**

૧૭૨૫૦**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જ્યોતિગ્રામ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ગામોમાં તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ યોજનાનો પૂર્ણ લાભ આપવામાં આવ્યો છે, અને | (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જ્યોતિગ્રામ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કુલ-૮૮૮ ગામોમાં પૂર્ણ લાભ આપવામાં આવેલ છે. જેની વિગતો પત્રકમાં સામેલ છે. |
| (૨) બાકી રહેતા અન્ય ગામોમાં ક્યારે લાભ આપવામાં આવશે ? | (૨) બાકી રહેતા ૬૬૦ ગામોને તા.૩૧-૩-૨૦૦૬ સુધીમાં યોજનાનો લાભ આપવાનું આયોજન છે. |

**પત્રક**

## તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જ્યોતિગ્રામ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં તાલુકાવાર આવરેલ ગામોની વિગતો

| તાલુકાનું નામ | કુલ ગામ | તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જ્યોતિગ્રામ થયેલ ગામો. | જ્યોતિગ્રામ થયા સિવાયના બાકી ગામો. |
|---|---|---|---|
| છોટાઉદેપુર | ૧૪૪ | ૧૦૦ | ૪૪ |
| ડભોઈ | ૧૧૮ | ૯૦ | ૨૮ |
| જેતપુરપાવી | ૨૧૨ | ૫૫ | ૧૫૭ |
| કરજણ | ૯૩ | ૭૦ | ૨૩ |
| ક્વાંટ | ૧૩૩ | ૩૪ | ૯૯ |
| નસવાડી | ૨૧૭ | ૫૩ | ૧૬૪ |
| પાદરા | ૮૨ | ૬૦ | ૨૨ |
| સંખેડા | ૧૮૫ | ૭૭ | ૧૦૮ |
| સાવલી | ૧૩૭ | ૧૩૧ | ૦૬ |
| શિનોર | ૪૧ | ૪૧ | ૦ |
| વડોદરા | ૯૧ | ૮૯ | ૦૨ |
| વાઘોડીયા | ૯૫ | ૮૮ | ૦૭ |
| કુલ.. | ૧૫૪૮ | ૮૮૮ | ૬૬૦ |

-------------

## મુંદ્રા તાલુકામાં સ્પેશિયલ ઇકોનોમિક ઝોનની રચના અંગે

૧૮૦૪૦**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં મુંદ્રા તાલુકામાં સ્પેશિયલ ઇકોનોમિક ઝોનની સ્થાપના થવાની છે, તેમાં ક્યા ક્યા વિસ્તારોનો સમાવેશ થવાનો છે.

(૨) સ્પેશિયલ ઇકોનોમિક ઝોન થવાથી તેના ફાયદાઓ કચ્છની પ્રજાને શું મળવાના છે,

(૩) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કામાં કામ થઇ રહેલ છે, અને

(૪) કેટલા સમયમાં કામ પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) મુંદ્રા તાલુકામાં સ્પેશિયલ ઈકોનેમિક ઝોન સ્થાપવા માટે મંજુર થયેલ વિસ્તારમાં નીચેના ગામોની જમીનોનો સમાવેશ છે. વડાલા, ગોરસમા, સેખડીયા, ભદ્રેશ્વર, સિરાચા, લુણી, રાધા, નેવીનાળ, ટુંડા, બારોઈ, ગુંદાલા, મુંદ્રા, મોખા, ધ્રબ, મેધપર-કુબડી, અંજારસીમ, દેવાલીયા, કુંભારીયા, બિતાવાલાદીયા સીનોઈ.

(૨) એસલઝેડ થવાથી તેમાં ઘણાં ઉદ્યોગો સ્થાપિત થશે, જેનાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની નવી તકો ઉભી થવાની શક્યતા છે. ઉપરાંત આંતરસ્તરીય સુવિધાઓનો વિકાસ પણ થશે.

(૩) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ઝોનના વિકાસની પ્રગતિ નીચે મુજબ છે.

* ભારત સરકારે ૨૨૫૦ હેકટર વિસ્તારમાં એસઈઝેડ ફેઝ-૧ને વિધિવત મુંજરી આપેલ છે.
* ડેવલોપર દ્વારા ૮૫૪ હેકટર માટે જીઓટેક્નીકલ સર્વે અને ફીલ્ડ સર્વે પૂર્ણ કરેલ છે.
* ડેવલોપર દ્વારા ૧૪૪૪ હેકટર માટે ટોપોગ્રાફીકલ સર્વે પૂર્ણ કરેલ છે અને વધુ ૫૧૩ હેકટર માટે ચાલુ છે.
* ફેઝ-૧એના એપ્રોચ રોડનું કામ પૂર્ણ થયેલ છે.
* ફેઝ-૧એના લેન્ડ લેવલીંગનું કામ પ્રગતિમાં છે.

(૪) ડેવલપરના આયોજન મુજબ ફેઝ-૧ની કામગીરી સપ્ટેમ્બર-૨૦૦૬ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.

------------

**તત્કાલ વીજ જોડાણ યોજના અન્વયે જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પડતર ફોર્મ**

૧૭૯૮૧ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તત્કાલ વીજ જોડાણ યોજના નીચે ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા અંગેના કેટલા ફોર્મ પડતર હતા,

(૨) આવેલ ફોર્મ પૈકી કેટલાનું સર્વે કરી એસ્ટીમેન્ટ આપવામાં આવેલ છે,

(૩) એસ્ટીમેન્ટની રકમ ભરપાઇ થયા પછી પણ જોડાણ આપવામાં ન આવેલ હોય તેવા કેટલા કિસ્સા તાલુકાવાર છે, અને

**જવાબ**

(૧) (૨) અને (૩) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ યોજના નીચે ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા અંગેની ફોર્મની સંખ્યાની તાલુકાવાર વિગતો નીચે મુજબની છે.

| તાલુકો | પડતર ફોર્મની સંખ્યા | આવેલ ફોર્મ પેકી સર્વે કરીને એસ્ટીમેન્ટ આપેલ ફોર્મની સંખ્યા | એસ્ટીમેન્ટની રકમ ભરપાઈ થયા પછી પણ જોડાણ આપવામાં આવેલ ન હોય તેવા ફોર્મની સંખ્યા |
|---|---|---|---|
| ભેસાણ | ૨૫૫ | ૧૯૮ | ૦ |
| જુનાગઢ | ૧૬૯ | ૨૪૨ | ૦ |
| કેશોદ | ૩૩૧ | ૩૧૮ | ૨ |
| કોડીનાર | ૧૦૬૪ | ૨૬૪ | ૨૦ |
| માળીયા | ૪૫૩ | ૪૯૧ | ૫ |
| માણાવદર | ૪૮૮ | ૨૮૯ | ૧ |
| માંગરોળ | ૪૦૪ | ૪૫૬ | ૪ |
| મેદરડા | ૧૭૪ | ૧૮૦ | ૨ |
| સુત્રપાડા | ૧૮૦ | ૨૬૩ | ૨ |
| તાલાલા | ૨૫૧ | ૩૮૨ | ૦ |
| ઉના | ૪૧૦ | ૨૮૨ | ૧ |
| વંથલી | ૩૨૮ | ૨૨૦ | ૭ |
| વેરાવળ | ૧૭૭ | ૨૯૦ | ૩ |
| વિસાવદર | ૩૬૯ | ૨૬૧ | ૧ |
| કુલ | ૫૦૫૩ | ૪૧૩૬ | ૪૮ |

(૪) આવા બાકી માગણીદારોને વીજ ક્નેક્શન ક્યાં સુધીમાં આપવામાં આવશે?

(૪) આવા અંદાજપત્રના નાણાં ભરાયેલ ૪૮ કેસોમાં વાંધા દુર થયેથી સત્વરે નિકાલ કરવામાં આવશે.

-------------

**જ્યોતિગ્રામ યોજના હેઠળ જામનગર તાલુકાના ગામડાઓનો સમાવેશ**

૧૭૮૨૨ **ડૉ. દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર તાલુકાના કુલ કેટલા ગામોનો તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ""જ્યોતિગ્રામ"" યોજના તળે સમાવેશ કરેલ છે,

(૨) તેમાંથી કેટલા અને ક્યા ક્યા ગામોમાં જ્યોતિગ્રામ યોજના પૂર્ણ થઇ ગઇ છે કેટલા ગામોમાં યોજના કાર્યરત છે, અને કેટલા ગામોમાં યોજના

**જવાબ**

(૧) ૯૯.

(૨) તે પૈકી ૯૨ ગામોમાં જ્યોતિગ્રામ થઈ ગયેલ છે, જેની યાદી આ સાથેના પત્રકમાં સામેલ છે. ૧ ગામ સોલાર ઈલેક્ટ્રીફાઈડ છે અને બાકીનાં ૬

પ્રગતિમાં છે, હાલ ક્યા તબક્કે છે, અને

(૩) કેટલા ગામોમાં યોજના શરુ થઇ શકી નથી ક્યા કારણોસર ?

ગામોમાં કામગીરી ફેબ્રુઆરી-૨૦૦૬ દરમ્યાન પૂર્ણ થઈ ગયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જામનગર તાલુકાના જ્યોતિગ્રામ થયેલ ગામો

| અનુ.નં. | ગામનું નામ | અનુ.નં. | ગામનું નામ | અનુ.નં. | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | અલીયા | ૩૨ | જામવનથળી | ૬૩ | મોટીબાણગાર |
| ૨ | બાડા | ૩૩ | જીવાપર | ૬૪ | મુગણી |
| ૩ | બાલંભડી | ૩૪ | જુનાનાગણા | ૬૫ | નાઘેડી |
| ૪ | બાવરીયા | ૩૫ | કાનસુમરા | ૬૬ | નઘુણા |
| ૫ | બેરાજા | ૩૬ | ખંભાલીયા મોટો વાસ | ૬૭ | નાના ટાવરીયા |
| ૬ | ચાપાબેરાજા | ૩૭ | ખંભાલીયા નાનો વાસ | ૬૮ | નાની બાણગાર |
| ૭ | ચંદ્રાગા | ૩૮ | ખારાબેરાજા | ૬૯ | નાની માટલી |
| ૮ | ચંદ્રાગઢ | ૩૯ | ખારાવેઢા | ૭૦ | નારણપર |
| ૯ | ચાંગા | ૪૦ | ખીજડીયા | ૭૧ | નવાનાગણા |
| ૧૦ | ચાવડા | ૪૧ | ખીજડીયા રાવણી | ૭૨ | પસાયા |
| ૧૧ | ચેલા | ૪૨ | ખીલોસ | ૭૩ | રામપર |
| ૧૨ | દડીયા | ૪૩ | ખીમલીયા | ૭૪ | રણજીતપર |
| ૧૩ | દરેડ | ૪૪ | ખીમરાણા | ૭૫ | સચાણા |
| ૧૪ | ઢાંઢા | ૪૫ | ખોજાબેરાજા | ૭૬ | સાપર |
| ૧૫ | ધીનચડા | ૪૬ | કોન્જા | ૭૭ | સાપડા |
| ૧૬ | ધાંગડા | ૪૭ | લાખાબાવળ | ૭૮ | સારમાત |
| ૧૭ | ધુડસીયા | ૪૮ | લાખણમોટોવાસ | ૭૯ | સેખપટ |
| ૧૮ | ધુવાવ | ૪૯ | લાખણનાનોવાસ | ૮૦ | સુમરી(ભલસાણા) |
| ૧૯ | ધુતારપર | ૫૦ | લાવડીયા | ૮૧ | સુમરી(ધુતારપર) |
| ૨૦ | ડોડીયા | ૫૧ | લોઠીયા | ૮૨ | સુર્યાપરા |
| ૨૧ | ફાચરીયા | ૫૨ | મક્વાણા | ૮૩ | સુવારડા |
| ૨૨ | ફળા | ૫૩ | મસ્તીયા | ૮૪ | તમાંચા |
| ૨૩ | ગંડુકા | ૫૪ | માંટવાળ | ૮૫ | ઠેબા |
| ૨૪ | ગગવા | ૫૫ | મેડી | ૮૬ | વાગડીયા |
| ૨૫ | ગંગાજાલા | ૫૬ | મીયાત્રા | ૮૭ | વાણિયાગામ |
| ૨૬ | ગોરધનપર | ૫૭ | મોટી ભાલસણ | ૮૮ | વારણા |
| ૨૭ | હડમતીયા | ૫૮ | મોડા | ૮૯ | વાવબેરાજા |
| ૨૮ | હાપા | ૫૯ | મોડપર | ૯૦ | વેરાતીયા |
| ૨૯ | હરસદપર | ૬૦ | મોખાણા | ૯૧ | વીજરખી |
| ૩૦ | જાગા | ૬૧ | મોરકાંડા | ૯૨ | વીરપર |
| ૩૧ | જામ્બુડા | ૬૨ | મોટાં તાવરીયા | | |

-------------

## એસ.ટી.ની ખરીદવામાં આવેલ બસો

૧૭૨૩૩ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) વર્ષ ૨૦૦૫-૦૬માં જાન્યુઆરી-૦૬ સુધીમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલી એસ.ટી. ની નવી બસો ખરીદવામાં આવી, અને | | (૧) અને (૨) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા જિલ્લાવાર નવી બસોની ખરીદી કરવામાં આવતી નથી. પરંતુ રાજ્યની |

(૨) ૨૦૦૬-૦૭માં કેટલી નવી બસો ખરીદવાનો જિલ્લાવાર આયોજન છે ?

જરૂરિયાતને અનુલક્ષીને નવી બસો ખરીદવામાં આવે છે. જાન્યુઆરી-૦૬ સુધીમાં કુલ - ૩૮૯ બસો ખરીદીને નીચે મુજબ વિભાગવાર ફાળવણી કરવામાં આવેલ છે.

| વિભાગ | ફાળવેલ નવી બસોની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૧૧૬ |
| અમરેલી | ૨૦ |
| ભૂજ | ૧૫ |
| વલસાડ | ૧૫ |
| ભરૂચ | ૧૨ |
| વડોદરા | ૨૦ |
| ભાવનગર | ૨૦ |
| ગોધરા | ૧૮ |
| હિંમતનગર | ૧૯ |
| જામનગર | ૧૩ |
| જુનાગઢ | ૨૦ |
| મહેસાણા | ૨૩ |
| નડીયાદ | ૨૦ |
| પાલનપુર | ૨૩ |
| રાજકોટ | ૧૬ |
| સુરત | ૧૯ |
| કુલ........ | ૩૮૯ |

આ ઉપરાંત, ૨૦૦૬-૦૭માં તમામ જિલ્લાની જરૂરીયાતને અનુલક્ષીને ૧૦૦૦ નવી બસો ખરીદવાનું આયોજન કરવામાં આવેલ છે.

-------------

**ભાવનગર જિલ્લાના નાગરિકોને પાઈપલાઈન ધ્વારા રાંધણ ગેસનું આયોજન**

૧૭૯૯૭**શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં નાગરિકોને રાંધણ ગેસ માટે પાઈપ લાઈન ધ્વારા ગેસ મળી શકે તે માટે કોઈ આયોજન હાથ ધરવામાં આવેલ છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પાઇપ લાઇનનું ઇજનેરી કામ ચાલુ છે.

-------------

**ચોટીલા તાલુકાથી ગારીડા અને લાભ ચોકીયા કોઝવેના નબળા બાંધકામની રજૂઆત**

૧૮૧૩૨**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના ગારીડા અને લાખચોકીયા કોઝવેના નબળા કામની રજુઆત સરકારને મળેલ છે,

(૨) જો હા, તો થયેલ તપાસની વિગતો શું છે, અને

**જવાબ**

(૧) ગારીડાના કોઝવેના કામની કોઇ રજૂઆત મળેલ નથી, જ્યારે લાખચોકીયા ગામે કોઝવેના નબળા કામ અંગે રજૂઆત મળેલ છે.

(૨) લાખ ચોકીયા ગામે કોઝવેના કામના અમલીકરણ અધિકારીની પ્રાથમિક તપાસમાં કોઇ

| | |
|---|---|
| | દોષિત જણાયેલ નથી, પરંતુ તાંત્રિક તપાસણી તાંત્રિક અધિકારીને સોંપાયેલ છે, જેનો અહેવાલ આવેલ નથી. |
| (૩) કોની સામે ક્યા ક્યા પગલાંઓ લેવામાં આવેલ છે ? | (૩) અહેવાલના આધારે પગલાંની કાર્યવાહી કરવાની રહેશે. |

-------------

**નર્મદા મુખ્ય કેનાલનું પૂર્ણ થયેલ કામ**

૧૭૮૧૯**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં નર્મદા મુખ્ય કેનાલનું કેટલા કિલોમીટરનું કામ પૂર્ણ થયેલ છે. | (૧) ૩૮૩.૩૯૦ કિ.મી. |
| (૨) મુખ્ય કેનાલનું કામ કેટલા સમયમાં પૂર્ણ થશે અને ત્યારે તે કેટલી લંબાઈની કેનાલ બનશે, | (૨) ડિસેમ્બર, ૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને કુલ ૪૫૮.૩૧૮ કિ.મી. લંબાઇની બનશે. |
| (૩) તેનો અંદાજીત ખર્ચ કેટલો થનાર છે, અને | (૩) રૂા. ૫૬૬૧ કરોડ. |
| (૪) ચાલુ વર્ષના ચોમાસામાં નર્મદા મુખ્ય કેનાલમાં રાજ્યના ક્યા ક્યા જિલ્લામાં ક્યાં સુધી કેનાલમાં ગ્રેવીટીથી પાણી વહેશે ? | (૪) નર્મદા, વડોદરા, પંચમહાલ, ખેડા, ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં ગુજરાત-રાજસ્થાન સરહદ સુધી વહેવડાવવાનું આયોજન છે. |

-------------

**ઉદ્યોગોને પાઈપ લાઈન ધ્વારા ગેસ આપવા અંગે**

૧૭૪૫૧ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમીકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉદ્યોગોને પાઈપલાઈન ધ્વારા ગેસ આપવાના પ્રથમ ફેઈઝની કામગીરી હેઠળ આણંદ-થાન-મોરબી વચ્ચે સુરેન્દ્રનગર-વઢવાણના ઉદ્યોગોને આવરી લેવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) સરકારમાં કોઈ માંગણી થયેલ છે કે કેમ ? | (૨) હા, જી. |

-------------

**જિલ્લા / શહેરવાર સ્પેશીયલ ઓપરેશન ગૃપની રચના**

૧૭૩૪૦**શ્રી જશવંતસિંહ સોલંકી (સારસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આતંકવાદી ઘટનાઓ ના બને તે માટે, તકેદારીના પગલારૂપે રાજ્ય સરકારે અધ્યતન તાલીમ, શસ્ત્ર અને સાધન સામગ્રી અને વાહનોથી સુસજ્જ એવા સ્પેશીયલ ઓપરેશન ગ્રુપની જિલ્લા / શહેરવાર રચના કરવાનો નિર્ણય કરેલ હોવાની હકીકત ખરી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ગૃપની રચના ક્યાં થનાર છે, અને તેની તાલીમ શસ્ત્ર અને સાધન સામગ્રી અને વાહનોની શી વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે ? | (૨) અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ શહેર તથા તમામ જિલ્લાઓમાં ગ્રુપની રચના થનાર છે. તેની તાલીમ, શસ્ત્ર અને સાધન સામગ્રી અને વાહનોની વ્યવસ્થા ગોઠવવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવેલ છે. |

-------------

**જામનગર જિલ્લા અને તાલુકાના ગ્રાહકોને બિનપરંપરાગત ઉર્જાના સાધનો ઉપલબ્ધ કરાવવા અંગે**

૧૭૩૫૮**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન બિનપરંપરાગત ઉર્જા હેઠળના કાર્યક્રમમાં ગ્રાહકોને ક્યા ક્યા પ્રકારના ઉપકરણો ઉપલબ્ધ કરવામાં આવેલ છે,

(૨) આ યોજના હેઠળ રાજ્ય સરકારે કેટલી રકમની સબસીડી ચૂકવેલ છે, અને

(૩) વધુ લોકો આ યોજનાનો લાભ લઈ શકે તે માટે રાજ્ય સરકારે હાથ ધરેલ આયોજન શું છે ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | ઉપલબ્ધ કરવામાં આવેલ ઉપકરણ |
|---|---|---|
| ૧ | ધ્રોલ ઓખામંડળ<br>જામનગર | સુધારેલ સ્મશાન ભઠ્ઠી |
| ૨ | કલ્યાણપુર | સોર ઘરગથ્થુ લાઇટ |
| ૩ | જામનગર<br>ભાણવડ<br>જામજોધપુર<br>ખંભાળીયા | પાણી ખેંચવાની પવનચક્કી |
| ૪ | જામનગર | સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ ૩૫ ઘ.મિ. ક્ષમતા |
| ૫ | જામજોધપુર<br>ધ્રોલ<br>જોડીયા<br>દ્વારકા<br>કલ્યાણપુર<br>જામનગર<br>કાલાવડ<br>ભાણવડ<br>જામકંડોરણા<br>ખંભાળીયા<br>લાલપુર | સૂર્યકૂકર |

(૨) રૂા. ૧૬૭.૩૭ લાખની સબસીડી.

(૩) વધુ લોકો આ યોજનાનો લાભ લઇ શકે તે માટે મોબાઇલવાન પ્રદર્શન, અન્ય પ્રદર્શનો અને સાહિત્યના વિતરણ ધ્વારા તેમજ શાળાના બાળકોને બાલ ઉર્જા રક્ષક દળ હેઠળ સામેલ કરી પુનઃપ્રાપ્ય ઉર્જા સાધનોના પ્રચાર અને માહિતી પ્રસાર કરવાનું આયોજન છે.

-------------

**મુલ્કી સચિવાલયમાં કારકુનોનું મહેકમ**

૧૭૭૦૦**શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના સચિવાલય ગાંધીનગરમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા કારકુનોનું મહેકમ મંજૂર થયેલું છે,

(૨) સચિવાલયમાં વિભાગવાર કેટલા કારકુનોની જગાઓ ભરાયેલી છે અને કેટલી જગાઓ ખાલી છે,

(૩) આ ખાલી જગાઓ ક્યારે ભરવામાં

**જવાબ**

(૧) ૯૦૫.

(૨) વિભાગવાર ભરાયેલી અને ખાલી જગાઓનું પત્રક સામેલ છે.

(૩) જરૂરીયાત મુજબ.

આવશે,

(૪) સચિવાલય કેડરમાં કારકુનોની કેડર કાયમી ધોરણે રદ કરવાનું નક્કી કર્યુ છે તે હકીક્ત સાચી છે, અને

(૪) ના. જી.

(૫) આમ કરવાથી સરકારને ખર્ચમાં કેટલો બચાવ થવાનો છે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પત્રક

વિભાગવાર કારકુનની ભરાયેલી અને ખાલી જ્ગ્યાઓની વિગત (૩૧-૧-૦૬)

| અ.નં. | વિભાગ | કારકુન | | |
|---|---|---|---|---|
| | | મંજૂર જ્ગ્યાઓ | ભરાયેલી જ્ગ્યાઓ | ખાલી જ્ગ્યાઓ |
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૦૨ | ૮૪ | ૧૮ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૬૩ | ૪૦ | ૨૩ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૩૭ | ૨૮ | ૯ |
| ૪ | નાણા વિભાગ | ૭૬ | ૫૪ | ૨૨ |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૮ | ૧૦ | ૮ |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૯ | ૧૨ | ૭ |
| ૭ | આરોગ્ય અને પરિવાર વિભાગ | ૪૯ | ૩૯ | ૧૦ |
| ૮ | ગૃહ વિભાગ | ૬૨ | ૪૮ | ૧૪ |
| ૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૬ | ૨૬ | ૧૦ |
| ૧૦ | માહિતી અને પ્રસારણ વિ. | ૭ | ૫ | ૨ |
| ૧૧ | શ્રમ અને રોજગાર વિભાગ | ૧૯ | ૧૩ | ૬ |
| ૧૨ | કાયદા વિભાગ | ૩૨ | ૨૦ | ૧૨ |
| ૧૩ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ | ૮૪ | ૬૮ | ૧૬ |
| ૧૪ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૩ | ૨૩ | ૧૦ |
| ૧૫ | મહેસૂલ વિભાગ | ૯૩ | ૬૨ | ૩૧ |
| ૧૬ | માર્ગ અને મકાન વિભાગ | ૬૧ | ૪૭ | ૧૪ |
| ૧૭ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૨૯ | ૧૯ | ૧૦ |
| ૧૮ | આદિજાતિ વિકાસ વિભાગ | ૧૪ | ૧૧ | ૩ |
| ૧૯ | શહેરી વિકાસ અને શ.ગૃ. નિર્માણ વિભાગ | ૨૦ | ૧૫ | ૫ |
| ૨૦ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ | ૯ | ૭ | ૨ |
| ૨૧ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૧૧ | ૯ | ૨ |
| ૨૨ | વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ | ૧૪ | ૯ | ૫ |
| ૨૩ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૮ | ૭ | ૧ |
| ૨૪ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૪ | ૩ | ૧ |
| ૨૫ | સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ | ૫ | ૪ | ૧ |
| | **કુલ :** | **૯૦૫** | **૬૬૩** | **૨૪૨** |

-------------

## ખેડૂતોને કૃષિ વિષયક વીજ સબસીડી

**૧૭૯૧૧શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કુલ કેટલા ખેડૂતોને કૃષિ વિષયક સબસીડી આપવામાં આવી,

**જવાબ**

(૧) રાજ્ય સરકાર ધ્વારા ખેડૂતોને સીધેસીધી કૃષિ વિષયક સબસીડી આપવામાં આવતી નથી. પરંતુ વીજ કંપનીઓને ગુજરાત વિજનિયમન પંચ દ્વારા નકકી કરવામાં આવેલ કૃષિ વિષયક ટેરીફના દર અને ખેડૂતો પાસેથી હોર્સપાવર આધારિત ખરેખર વસૂલ કરવામાં આવતા વીજ બીલનો તફાવત કૃષિ વિષયક સબીસીડી તરીકે ચૂકવવામાં આવે છે. આવી સબસીડી

તમામ ખેડૂતોના વીજ વપરાશ પર અપાય છે. આવા ખેડૂતોની સર્કલવાર સંખ્યા પત્રક-અ માં દર્શાવ્યા પ્રમાણે છે.

(૨) કેટલી રકમોની સબસીડી આપવામાં આવી, અને

(૨)

| વર્ષ | કૃષિ વિષયક સબસીડીની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૧૭૩૦.૭૧૪૨ |
| ૨૦૦૪-૦૫ | ૧૫૮૧.૦૩૬૨ |
| ૨૦૦૫-૦૬ | ૧૩૧૮.૭૬૯૯ |
| (જાન્યુ.-૦૬ સ્થિતિએ) | |

(૩) કૃષિ વીજ વપરાશકારો ધ્વારા છેલ્લા બે વર્ષમાં કેટલી વીજ વપરાશ કરવામાં આવી ?

(૩)

| વર્ષ | કૃષિ વીજવપરાશ (મિલીયન યુનિટમાં) જીવીયુએન એલનો વિસ્તાર | કૃષિ વીજવપરાશ (મિલીયન યુનિટમાં) ટોરેન્ટ પાવર અ.ઇ.કું. નો વિસ્તાર |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૯૫૮૧ | ૨૧.૦૩ |
| ૨૦૦૪-૦૫ | ૯૯૪૪ | ૧૪.૩૮ |

**પત્રક-અ**

કૃષિ વીજ વપરાશકારોની વર્તુળવાર સંખ્યા દર્શાવતું પત્રક

| અ.નં. | કંપનીનું નામ/સર્કલનું નામ | ડીસેમ્બર | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ |
| | **દક્ષિણ ગુજરાત વીજ કંપની.** | | | |
| | સુરત | ૨૮૩૫૧ | ૩૦૫૪૮ | ૩૨૦૧૦ |
| | વલસાડ | ૨૯૨૧૪ | ૩૧૦૪૨ | ૩૧૬૩૯ |
| | ભરૂચ | ૧૧૪૫૫ | ૧૨૫૮૨ | ૧૩૦૪૪ |
| | કુલ | ૬૯૦૨૦ | ૭૪૧૭૨ | ૭૬૬૯૩ |
| | **મધ્ય ગુજરાત વીજ કંપની લી.** | | | |
| | વડોદરા (સં. અને નિભાવ) | ૧૪૯૦૯ | ૧૫૧૪૫ | ૧૫૭૧૧ |
| | વડોદરા સીટી | ૪૭૩ | ૪૪૬ | ૨૧૦ |
| | આણંદ | ૨૪૮૮૯ | ૨૫૫૬૫ | ૨૫૯૨૪ |
| | ગોધરા | ૧૩૫૧૪ | ૧૪૪૮૧ | ૧૫૩૦૮ |
| | કુલ. | ૫૩૭૮૫ | ૫૬૬૩૭ | ૫૭૧૫૩ |
| | **ઉત્તર ગુજરાત વીજ કંપની લી.** | | | |
| | સાબરમતી | ૧૮૨૦૭ | ૧૮૩૨૨ | ૧૮૩૦૨ |
| | મહેસાણા | ૩૧૨૪૩ | ૩૧૪૨૧ | ૩૧૫૯૫ |
| | પાલનપુર | ૭૬૭૩૯ | ૭૮૨૧૮ | ૭૮૬૭૮ |
| | હિંમતનગર | ૭૧૧૧૩ | ૭૩૪૦૦ | ૭૫૫૫૬ |
| | કુલ. | ૧૯૭૩૦૨ | ૨૦૧૩૬૧ | ૨૦૪૧૩૧ |
| | **પમિ ગુજરાત વીજ કંપની લી.** | | | |
| | પોરબંદર | ૩૭૦૭૫ | ૩૮૫૬૦ | ૩૯૪૯૩ |
| | જૂનાગઢ | ૪૧૭૬૮ | ૪૩૭૭૪ | ૪૪૬૫૪ |
| | રાજકોટ (૨૮) સીટી* | ૦ | ૦ | ૧૮૧૧૨ |
| | રાજકોટ (૪૦) રૂરલ | ૫૮૯૦૯ | ૬૨૮૭૭ | ૪૭૬૮૦ |
| | જામનગર | ૩૯૨૦૭ | ૪૨૮૮૧ | ૪૪૧૮૮ |
| | ભૂજ | ૨૪૮૮૭ | ૨૫૫૦૦ | ૨૬૧૮૩ |
| | ભાવનગર | ૪૪૨૦૮ | ૪૭૦૧૫ | ૪૮૫૯૪ |
| | સુરેન્દ્રનગર | ૨૯૧૯૭ | ૩૧૦૪૪ | ૩૧૪૬૦ |
| | અમરેલી | ૪૧૮૯૨ | ૪૪૧૧૩ | ૪૬૫૨૫ |
| | કુલ. | ૩,૧૭,૨૩૩ | ૩,૩૫,૭૬૪ | ૩,૪૬,૮૮૯ |
| | ટોરેન્ટ પાવર એઇસી લી. અમદાવાદ/ગાંધીનગર | ૪૫૪ | ૪૪૦ | ૪૩૧ |
| | ગ્રાન્ડ ટોટલ | ૬,૩૭,૭૯૪ | ૬,૬૭,૩૭૪ | ૬,૮૫,૨૯૭ |

*રાજકોટ સર્કલનું સીટી અને રૂરલ એમ બે સર્કલમાં બાઇફરકેસન સને ૨૦૦૫ ના વર્ષથી કરવામાં આવ્યું.

------------

**સોલ્ટ સેસ તથા ખનીજ રોયલ્ટી સેસની આવક**

૧૭૫૮૨**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર તરફથી સને ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં સોલ્ટ સેસ તથા ખાણ ખનીજ રોયલ્ટી સેસની કુલ કેટલી રકમ મળી, અને | (૧)<br>(૧) સોલ્ટ સેસ રાજ્ય સરકાર ધ્વારા નહિં, પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવે છે, જ્યારે રાજ્ય સરકાર સોલ્ટ ઉત્પાદન પર રોયલ્ટી લે છે. ૨૦૦૪-૦૫માં રૂા. ૫૭૬.૧૧ લાખ અને ૨૦૦૫-૦૬ ના વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં સોલ્ટ રોયલ્ટી રૂા. ૪૨૦.૯૨ લાખની રકમ મળી છે.<br>(૨) ખાણ ખનીજ રોયલ્ટી સેસ લેવાની કોઇ જોગવાઇ ન હોવાથી તે વસૂલ કરવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તે પૈકી સુરત જિલ્લામાં કુલ કેટલી રકમ મળી ? | (૨)<br>(૧) ૨૦૦૪-૦૫માં સોલ્ટ રોયલ્ટી પેટે રૂા. ૭.૮૮ લાખ અને ૨૦૦૫-૦૬માં (તા. ૩૧-૧-૦૬ સુધી) રૂા. ૯.૪૯ લાખની રકમ મળેલ છે.<br>(૨) ઉપર ખંડ-૨ અન્વયે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ધોરીમાર્ગો પર ટ્રાફીક એઈડ પોસ્ટ સ્થાપવા અંગે**

૧૮૦૦૫**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં રાજ્ય સરકારે ધોરી માર્ગો પર ટ્રાફિક એઈડ પોસ્ટ સ્થાપવાનો નિર્ણય કર્યો છે તે હકીક્ત ખરી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેમાં શું શું વ્યવસ્થા કરવાનું આયોજન છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેમાં ભાવનગર સોમનાથ હાઈવે તથા ભાવનગર ધોલેરા હાઈવેના ક્યા ક્યા સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજ્ય અનામત પોલીસ દળની સ્ટ્રેન્થ વધારવા નવી બટાલીયનની સ્થાપના અંગે**

૧૭૩૪૪ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|
| (૧) રાજ્ય સરકાર ધ્વારા રાજ્ય અનામત પોલીસ દળ (એસ.આર.પી.)ની સ્ટ્રેન્થ વધારવા, વધારાની બટાલીયન સ્થાપવામાં આવી રહેલ હોવાની હકીક્ત સાચી છે કે કેમ, અને | | (૧) હા, જી. |

(૨) જો હા, તો રાજ્ય સરકાર આવી કેટલી બટાલીયનો કઈ જ્ગ્યાએ અને ક્યારે સ્થાપવા માંગે છે ?

(૨)

| નં. | બટાલીયનનું સ્થળ | સ્થાપના |
|---|---|---|
| ૧ | કેવડીયા કોલોની, જિ. નર્મદા | જુથ-૧૪ તરીકે હાલ શરૂ થઇ ગયેલ છે. |
| ૨ | ભુટોડી, જિ. દાહોદ | સને ૨૦૦૬-૦૭માં શરૂ કરવામાં આવનાર છે. |
| ૩ | ઓ.એન.જી.સી. વડોદરા | |
| ૪ | મુડેટી જિ.સાબરકાંઠા. | ઇન્ડીયા રીઝર્વ બટાલીયન તરીકે શરૂ કરવા વિચારણા હેઠળ છે. |

-------------

## આતંક્વાદ વિરોધી દળ સાથેની ઝપાઝપીમાં માર્યો ગયેલ કુખ્યાત ગુનેગાર શોરાબુદ્દીન

૧૭૩૩૨ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં આતંક્વાદ વિરોધી દળ સાથેની ઝપાઝપીમાં કુખ્યાત ગુન્હેગાર શોરાબુદ્દીન માર્યો ગયેલ હોવાની હકિક્ત ખરી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કુખ્યાત ગુન્હેગાર ક્યા ક્યા ગુન્હાઓમાં સંડોવાયેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ સાથે પત્રક સામેલ છે.

પત્રક

| અ. નં. | શહેર-જિલ્લો | પોલીસ સ્ટેશન અને ગુ.ર.નં. ક્લમ અને વિગત |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ડી.સી.બી. ગુ.ર.નં. ૧૧-૯૪ ઇ.પી.કો.ક્લમ ૧૨૨,૧૨૩,આર્મ્સ એક્ટ ૨૫(એ) ટાડા ક્લમ ૩,૫ હેઠળ ગુનો દાખલ કરી એ.ટી.એસે. તેના વતન ઝરણીયા ગામમાં આવેલ તેના ફાર્મ હાઉસના કુવામાંથી એ.કે.૫૬ રાયફલ નંગ ૧૪ હેન્ડ ગ્રેનેડ નં. ૨૭ એ.કે.૫૬ મેગજીન નં. ૮૧ એ.કે. ૫૬ એમ્યુનિશન નં. ૫૨૬૦ કબજે લીધેલ છે. |
| ૨ | અમદાવાદ શહેર | શાહપુર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૬૯-૯૫ ઇ.પી.કો. ક્લમ ૪૬૭,૪૬૭,૪૭૧,આર્મ્સ એક્ટ ૨૫(એ) (બી), ક્સ્ટમ એક્ટ ૩,૫ મુજબ ગુનો દાખલ થયેલ છે. જેમાં શાહપુર વિસ્તારમાં આવેલ બી.ડી. પટેલ એન્ડ સન્સ જે આર્મ્સ એમ્યુનેશન વેચવાની દુકાન છે તેનો માલીક જહાંગીર પટેલ હથિયારો લાવી ખોટા લાયસન્સ ધારકોને તથા અમદાવાદ શહેરની જુદી જુદી ગેંગોને હથિયારો પુરા પાડેલ તેમાં પણ શોરાબુદ્દીન સંડોવાયેલ છે. |
| ૩ | અમદાવાદ શહેર | વેજલપુર પો.સ્ટે. ગુ.ર.નં. ૨૩૮-૦૧ ઇ.પી.કો.ક્લમ ૧૨૦ બી, ૩૮૬,૨૦૧, આર્મ્સ એક્ટ ૨૫(૧)એબી, તથા બી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ છે. જેમાં ઇબ્રાહીમ ઇમામુદ્દીન ચોહાણે તેના પાર્ટનર રફીક ચેજાર પાસેથી નીકળતા નાણાં બાબતે શરીફખાનના અમદાવાદ સ્થિત એજન્ટ શોરાબુદ્દીન પ્રફૂલ અને વિજય જે મધ્યપ્રદેશના વોંટેડ ગુનેગારો છે.તથા નુરમહંમદ નથ્થુભાઇ ચોધરી રફીક ચેજારાને મારવા નીકળતાં વાસણા ટોલનાકા પાસે હથિયાર સાથે પકડાઇ ગયેલ છે. |
| ૪ | અમદાવાદ શહેર | નવરંગપુરા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૪-૦૪ ઇ.પી.કો.ક્લમ ૩૦૭,૪૨૭,૧૧૪, આર્મ્સ એક્ટ ૨૫(૧) બીએ મુજબ સને-૨૦૦૧ની સાલમાં શોરાબુદ્દીન શેખે બીજા આરોપીઓની મદદથી પાયોનીયર ઇન્ફ્રાસ્ટક્ચરના માલીક રમણભાઇ પટેલની ઓફીસમાં ઘુસી જઇ રૂપિયાની ખંડણી બાબતે ફાયરીંગ કરી નાસી જવા બાબત. |
| ૫ | એ. ટી.એસ. અમદાવાદ | એ.ટી.એસ. પો.સ્ટે. ગુ.ર.નં. ૫-૦૫ ઇ.પી.કો.ક્લમ ૩૦૭, ૧૨૦બી, ૧૨૧, ૧૨૧એ, ૧૨૨, ૧૨૩, ૧૮૬, ૨૨૪, આર્મ્સ એક્ટ ૨૫(૧બીએ), ૨૭, બી.પી. એક્ટ ૧૩૫(૧) મુજબના ગુનાના કામે આઇ.એસ.આઇ. એજન્ટના ઇશારે ભારત દેશની અખંડીતતાને ભાંગફોડ તેમજ તોડફોડ કરવા માટે આ કામનો મરણ જનાર શોરાબુદ્દીન શેખ ગઇ તા.૨૬-૧૧-૨૦૦૫ના રોજ વહેલી સવારના ૫-૨૦ વાગે ના સુમારે નારોલ સર્કલથી વિશાલા સર્કલ જતા રોડ ઉપર પોલિસે રોકવાનો પ્રયાસ કરતાં પોલિસ ઉપર ફાયરીંગ કરેલ દરમ્યાન પોલીસ અધિકારીઓ દ્વારા સ્વબચાવમાં ફાયરીંગ કરતાં મરણ ગયેલ છે. |
| ૬ | મધ્યપ્રદેશ ઉજ્જૈન શહેર | મહીદરપુરા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૬૬-૯૫ ઇ.પી.કો.ક્લમ ૧૨૨,૧૨૩,આર્મ્સ એક્ટ ૨૫,૨૭ મુજબ |
| ૭ | મધ્યપ્રદેશ ઉજ્જૈન શહેર | નાગદા પો.સ્ટે. ગુ.ર.નં. ૨૩૭-૯૫ ઇ.પી.કો.ક્લમ ૧૨૨,૧૨૩,આર્મ્સ એક્ટ ૨૫(૧) મુજબ |
| ૮ | મધ્યપ્રદેશ ઉજ્જૈન શહેર | નાગદા ઉજ્જૈન પોલીસે તા. ૬-૭-૯૯ના રોજ શોરાબુદ્દીન વિરૂધ્ધ એન.એસ.એ.નો કેસ કરેલ છે. |
| ૯ | મહારાષ્ટ્ર | ચાંદગઢ પો.સ્ટે. ગુ.ર.નં. ૩૦-૨૦૦૦ ઇ.પી.કો.ક્લમ ૩૦૭,૧૪૭,૧૪૯,આર્મ્સ એક્ટ ક્લમ ૨૫(૧)(૩),૨૦ મુજબ |

| અ. નં. | શહેર-જિલ્લો | પોલીસ સ્ટેશન અને ગુ.ર.નં. કલમ અને વિગત |
|---|---|---|
| | (કોલ્હાપુર) | ગુનો દાખલ કરેલ છે. |
| ૧૦ | મહારાષ્ટ્ર (કોલ્હાપુર) | ચાંદગઢ પો.સ્ટે. ગુ.ર.નં. ૫૨-૨૦૦૦ ઇ.પી.કો.કલમ ૩૦૭, આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(૩),૨૭ મુજબ ગુનો દાખલ કરેલ છે. |
| ૧૧ | મહારાષ્ટ્ર (કોલ્હાપુર) | ચાંદગઢ પો.સ્ટે. ગુ.ર.નં. ૪-૨૦૦૫ ઇ.પી.કો.કલમ ૩૦૨,૧૨૦બી આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(૩),૨૭ મુજબ ગુનો દાખલ કરેલ છે. |
| ૧૨ | રાજસ્થાન (ઉદેપુર) | હાથીપોલ પો.સ્ટે.ગુ.ર.નં. ૨૧૪-૦૪ ઇ.પી.કો.કલમ ૧૪૬,૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૨,આર્મ્સ એક્ટ કલમ ૩-૨૫ મુજબ ખંડણીના રૂપિયાની ઉઘરાણી બાબતે ઉદેપુરા હાથીપોલ વિસ્તારમાં હમીદલાલા બસીરખાન પઠાણની ઉપર ફાયરીંગ કરી હત્યા કરી ગુનો દાખલ કરેલ છે. |

-------------

## કચ્છ જિલ્લામાં ૬૬ કે. વી. સબસ્ટેશનોની તાલુકાવાર મંજૂરી

૧૭૯૮૭**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬માં ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર ૬૬ કે. વી. સબસ્ટેશનો સરકારે કેટલા મંજૂર કર્યા,

(૨) આ મંજૂર થયેલ સબ સ્ટેશનો પૈકી ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ કેટલા સબસ્ટેશનો કાર્યરત થયા, અને

(૩) બાકીના સબ સ્ટેશનો ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ ૬૬ કે. વી. સબસ્ટેશનોની માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ (ડિસે. ૨૦૦૫ની સ્થિતિએ) |
|---|---|---|---|
| ભૂજ | - | ૩ | - |
| માંડવી | ૧ | ૧ | - |
| મુંદ્રા | - | - | ૨ |
| અબડાસા | - | - | ૧ |

(૨) મંજૂર થયેલ ૮ સબસ્ટેશનો પૈકી ૫ સબસ્ટેશનો ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ કાર્યરત થઈ ગયેલ છે.

(૩) બાકીના સબસ્ટેશનો માર્ચ-૨૦૦૬ સુધીમાં કાર્યરત કરવાનું આયોજન છે.

-------------

## ધંધુકા તાલુકાના ફેદરાના માર્ગ અકસ્માત સંબંધેની કાર્યવાહી ધોલેરાને બદલે ધંધુકા પોલીસ સ્ટેશનને તબદીલ કરવા અંગે

૧૭૯૦૧**શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ધંધુકા તાલુકાના ફેદરા આસપાસ થતા માર્ગ અકસ્માત બાબતે થતાં પોલીસ કેસ સંબંધીત કાર્યવાહી ધોલેરા પોલીસ સ્ટેશનમાં થાય છે, તે કાર્યવાહી ધંધુકા પોલીસ સ્ટેશન તબદીલ કરવા માટે સરકાર પાસે કોઈ માગણી આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ અંગે શી કાર્યવાહી થઈ છે, અને

(૩) આ અંગેનો નિર્ણય ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વિચારણા હેઠળ છે.

(૩) વહીવટી અનુકૂળતા મુજબ.

-------------

**ખાણ અને ખનીજ ખાતાના રાજ્ય પત્રિત સંવર્ગના અધિકારીઓ સામે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા ચાલતી તપાસ**

૧૭૯૦૭ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી ૨૦૦૩ થી ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં ખાણ અને ખનીજ ખાતાના રાજ્ય પત્રિત સંવર્ગના કુલ કેટલા અધિકારીઓ સામે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા તપાસ ચાલી રહી છે.

(૨) આ બાબતે સરકાર શાં પગલાં ભરવા માગે છે, અને

(૩) કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) ૨ (બે)

(૨) સરકાર નિયમાનુસાર પગલાં ભરવા માંગે છે.

(૩) જેમ બને તેમ જલદી.

-------------

**વિદેશી મૂડી રોકાણ માટે કરવામાં આવેલ એમ.ઓ.યુ.**

૧૭૨૪૧**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ૩૧-જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ નાણાકીય વર્ષ : ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ દરમ્યાન તા. ૩૧-૧-૦૬ સુધીમાં વિદેશી મૂડી રોકાણના કુલ કેટલી રકમનાં, કેટલા પ્રોજેકટોનાં એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તે પેકી કેટલા પ્રોજેકટોનું અમલીકરણ થયેલ છે, કેટલા રદ થયેલ છે, અને

(૩) તેમજ વર્ષવાર કુલ કેટલું વિદેશી મૂડીરોકાણ થયેલ છે ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ માં મળેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩ અને ૨૦૦૫ દરમ્યાન એન.આર.આઈ. તથા વિદેશી મૂડીરોકાણ દ્વારા થયેલ એમ.ઓ.યુ. / જાહેરાતોની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | પ્રોજેકટોની સંખ્યા | સંભવિત મૂડીરોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૧૪ | ૩૫૭૧ |
| ૨૦૦૪-૦૫ | ૪૦ | ૯૩૮૧ |
| કુલ : | ૫૪ | ૧૨૯૫૨ |
| ૨૦૦૫-૦૬ | કોઈ એમ.ઓ.યુ. થયેલ નથી. | |

(૨) જે પેકી, ૪૪ પ્રોજેકટો અમલીકરણ થયેલ છે અને ૧૦ પ્રોજેકટોએ હજુ અમલવારી ચાલુ કરી નથી.

(૩) વર્ષવાર થયેલ એમ.ઓ.યુ. સામે મૂડીરોકાણ નીચે મુજબ છે.

૨૦૦૩-૦૪ ૧૫૬૬ કરોડ રૂા.
૨૦૦૪-૦૫ ૫૭૫૦ કરોડ રૂા.

-------------

**સરદાર સરોવર ડેમની પૂર્ણ થયેલ કામગીરી**

૧૭૬૯૭ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧ જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ સરદાર સરોવર ડેમનું કુલ કેટલું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું,

(૨) ક્યા ક્યા બાંધકામો બાકી છે. આ બાંધકામો માટે અંદાજીત કેટલું ખર્ચ અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને

**જવાબ**

(૧) સરદાર સરોવર ડેમની મુખ્ય છલતીની ઉંચાઈ ૧૧૦.૬૪ મીટર સુધી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) હવે નીચેના બાંધકામો બાકી છે.

(ક) ૧૧૦.૬૪ મીટરથી ૧૨૧.૯૨ મીટર સુધી ઉંચાઈ વધારવી,

(ખ) ૧૨૧.૯૨ મીટરના સ્તરે દરવાજા ગોઠવવા, અને

(ગ) ડેમની છલતીની ઉપરના પુલની કામગીરી

ઉપરોક્ત બાંધકામો માટે અંદાજીત ખર્ચ આશરે રૂા. ૨૩૦ કરોડ ખર્ચ થશે.

નર્મદા કંટ્રોલ ઓથોરીટીએ તા. ૮-૩-૨૦૦૬ના રોજ બંધની મુખ્ય છલતીની ઉંચાઈ ૧૧૦.૬૪ મીટરથી ૧૨૧.૯૨ મીટર સુધી લઈ જવાની મંજૂરી આપેલ છે. મંજૂરી મુજબની કામગીરી, જૂન-૨૦૦૬ માં પૂર્ણ કરવાનું આયોજન છે.

| | |
|---|---|
| (૩) ૩૧ જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ડેમ માટે કુલ ખર્ચ કેટલું કરવામાં આવ્યું ? | (૩) રૂા. ૨૮૨.૭૦ કરોડ ખર્ચ ડેમ પર થયેલ છે. |

-------------

**રાજ્યમાં એક્સ કેડર (એડીશનલ કલેક્ટર) ની કુલ અને ખાલી જગ્યાઓ**

૧૭૯૯૩ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં એક્સ કેડર (એડીશનલ કલેક્ટર) ની કુલ કેટલી જગ્યાઓ છે, | (૧) ૧૪૧ |
| (૨) તે પૈકી તા. ૩૧-૧-૨૦૦૬ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ૧૭ |
| (૩) ખાલી જગ્યા ક્યારે ભરવામાં આવશે ? | (૩) શક્ય એટલું જલદી. |

**બાળ લગના બનેલ ગુનાઓ સંબંધમાં કોર્ટ કેસ નહિ કરવા અંગે**

૧૭૯૩૨**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બાળ લગના ગુન્હા થનાર હોવાની પોલીસને અગાઉથી લેખિત બાતમી મળવા છતાં એવા ગુન્હા ન અટકાવાયાના કારણે બાળ લગના બનેલ ગુન્હાઓ માટે પોલીસ તરફથી કોર્ટ કેસો કરવામાં આવતા નથી તે હકીકત સાચી, જો હા, તો તેના શા કારણો છે, | (૧) ના, જી. |
| (૨) જો ના, તો સને. ૨૦૦૫ના મે માસ દરમ્યાન બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીને મળેલ આવી બાતમીઓ પૈકીના ડીસા તાલુકાના ક્યા ક્યા ગામે બાળ લગના બનેલ ગુન્હાઓ માટે કોર્ટ કેસો કરવામાં આવ્યા, અને | (૨) મે માસ દરમ્યાન આવા કોઈ ગુન્હા બનેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યા ક્યા ગામે બનેલ આવા ગુન્હાઓ માટે કોર્ટ કેસો કરવાના તા. ૩૧-૧-૦૬ને પડતર છે અને તે માટેના શું કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ખાણ-ખનીજ ખાતાના રાજ્યપત્રિત અધિકારીઓ સામે લાંચ રુશ્વત વિરોધી બ્યુરો દ્વારા ચાલી રહેલી તપાસ**

૧૭૯૦૫ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન જાન્યુઆરી-૨૦૦૪ થી જાન્યુઆરી -૨૦૦૬ સુધીમાં ખાણ અને ખનીજ ખાતાના રાજ્ય પત્રિત સંવર્ગના કેટલા અધિકારીઓ સામે લાંચ રુશ્વત વિરોધી બ્યુરો દ્વારા તપાસ ચાલી રહી છે, | (૧) ૩ (ત્રણ) |

(૨) ખાણ અને ખનીજ ખાતાના અધિકારીઓ દ્વારા તપાસમાં સહયોગ આપવામાં આવતો નથી તે હકીક્ત સાચી છે,

(૨) આ અંગેની કોઈ રજુઆત લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો તરફથી મળેલ ન હોઈ આ બાબતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો હા, તો આ બાબતે સરકાર શું પગલાં ભરવા માંગે છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કેટલાં સમયમાં ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**વેચાણ વેરાની આવક**

૧૭૫૬૧**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ માં પ્રતિવર્ષ વેચાણ વેરાની આવક કુલ કેટલા રૂપિયા હતી,

**જવાબ**

(૧)

| વર્ષ | આવક રૂ. કરોડમાં |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૭૨૩૮.૯૭ |
| ૨૦૦૪-૦૫ | ૮૩૭૦.૪૪ |

(૨) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ માં કુલ કેટલા રૂપિયા વેચાણ વેરા આવક તરીકે આવવાનો અંદાજ હતો, અને

(૨) રૂ. ૯૧૦૦ કરોડ.

(૩) આ અંદાજ સામે ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં રાજ્ય સરકારને વેચાણ વેરાની કેટલા રૂપિયાની આવક થઈ ?

(૩) રૂ. ૭૬૧૭.૩૬ કરોડ.

-------------

**અમદાવાદ શહેરના મેઘાણીનગરમાં ટ્રાફીક સમસ્યા હલ કરવાનું આયોજન**

૧૭૭૦૫ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરના મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મેઘાણીનગર છેલ્લા બસસ્ટોપ પાસે, રામેશ્વર મહાદેવ, મેઘાણીનગર ચાર રસ્તા અને ક્લાપીનગર ચાર રસ્તા પાસે, ટ્રાફીક સમસ્યા હલ કરવા ટ્રાફીક પોલીસની વ્યવસ્થા કરવાનું સરકારે શું આયોજન કર્યું છે, અને

**જવાબ**

(૧) મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રામેશ્વર મહાદેવ, ક્લાપીનગર, સીવીલ હોસ્પિટલ, મેમેકો, ડફનાળા, કેવળ કોમ્પ્લેક્ષ વિસ્તારોનો સમાવેશ કરી અલાયદા ગૃપની રચના કરવામાં આવેલ છે. જે ટ્રાફીક નિયમન અને ટ્રાફીક ભંગના કેસમાં દંડ વસૂલાતની કાર્યવાહી અસરકારક રીતે બજાવે છે તથા વધતા જતાં વાહન-વ્યવહારના કારણે થતી ટ્રાફીક્ની સમસ્યાને અંકુશમાં રાખવા માટે મોટર વ્હીકલ એકટના ઉલ્લંઘન કરનાર વ્યક્તિઓ વિરૂધ્ધમાં અમદાવાદ શહેર ટ્રાફીક પોલીસ તરફથી અસરકારક રીતે પગલાં લેવામાં આવે છે.

(૨) વધતા જતા વાહન વ્યવહારને કારણે ટ્રાફીક્ની સ્થિતિ ગંભીર થતી જાય છે અને અકસ્માતોનું પ્રમાણ વધતું જાય છે તેથી તે નિવારવા કેટલા સમયમાં ટ્રાફીક પોઈન્ટની વ્યવસ્થા કરવામાં આવનાર છે ?

(૨) વધતા જતાં વાહન-વ્યવહારના કારણે ટ્રાફીક્ની સમસ્યાને અંકુશમાં રાખવા ઉપર દર્શાવ્યા મુજબ અસરકારક આયોજન કરેલ છે.

-------------

**મુલ્કી સચિવાલયમાં નાયબ સેક્શન અધિકારીનું મંજૂર થયેલ મહેકમ**

૧૭૮૧૩ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

| | |
|---|---|
| (૧) રાજ્ય સચિવાલયમાં નાયબ સેક્શન અધિકારી વર્ગ-૩ ની કુલ કેટલી જ્ગ્યાઓ તા. ૩૧-૧-૨૦૦૬ ની સ્થિતિએ મંજૂર થયેલ છે, | (૧) ૧૩૪૧ |
| (૨) આ વર્ગ-૩ ની જ્ગ્યાઓ સામે અનુસૂચિત જનજાતિનો કેટલો બેક્લોગ અને ઘટ છે, | (૨) બેક્લોગ નથી. સીધી ભરતીમાં - ૧૧ ની ઘટ છે. અને સેમી ડાયરેક્ટમાં ૪ ની ઘટ છે. |
| (૩) આ બેક્લોગ અને ઘટની જ્ગ્યાઓ સરકાર ભરવા માંગે છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો કેટલા સમયમાં ? | (૪) આગામી ભરતી સમયે. |

-------------

## અગરિયાઓને બારેમાસ પ્રાથમિક સુવિધા આપવા અંગે

૧૭૬૯૪ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કામ કરતા અગરિયાઓને બારેમાસ પ્રાથમિક સુવિધા જેવી કે છાંયો, પાણી, આરોગ્ય સુવિધા તથા તેમનાં બાળકોને શિક્ષણ વગેરેની સરકારે શી કાળજી લીધી છે કે લેવા માગે છે, | (૧) અગરિયાઓને બારેમાસ પ્રાથમિક સુવિધા જેવી કે છાયો, પાણી, આરોગ્ય સુવિધા તથા તેમના બાળકોના શિક્ષણ માટે સરકાર નીચે મુજબની કાળજી લે છે. |

(૧) **છાંયા માટે નમક મજદૂર આવાસ યોજનાઃ-**

અગરિયાઓને ૨૨.૨ મીટરના વિના મૂલ્યે આવાસ પૂરા પાડવાની યોજના અંતર્ગત ૩૨૭૩ આવાસો બાંધવા માટે મંજૂરી આપવામાં આવી છે. આ પેકી ૪૧૭ મકાનો તેયાર થયેલ છે. ૧૨૧૯ મકાનોનું કામ પ્રગતિમાં છે. રાજ્ય સરકારના ફાળા પેટે અત્યાર સુધી રૂા. ૨૦૨.૮૮ લાખની સહાય આપી છે. (૨)

**પાણીની સુવિધાઃ-**

પીવાના પાણીની સુવિધા માટે પાણીની પાઈપલાઈન, ટેન્કો માટે ૧૫ જિલ્લામાં રૂા. ૧૧૨૮/- લાખની યોજનાઓ
મંજૂર કરવામાં આવી છે. નાના અગરો માટે આ હેતુ માટે રૂા. ૭૬.૫૬ લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

(૩) **આરોગ્ય :-**

અગરિયાઓને આરોગ્ય સુવિધા ઘરઆંગણે પ્રાપ્ત થાય તે માટે ૨૧ મોબાઈલ કોમ્પ્રીહેન્સીવ વાન દ્વારા સારવાર, દવાનું વિતરણ અને વિવિધ પ્રકારના રોગો સામેના રક્ષણ માટે રસી આપવાનું વિના મૂલ્યે કરવામાં આવે છે. જે માટે રૂા. ૯૧.૫૦ લાખ મંજૂર કરાયેલ છે. આવા વિસ્તારમાં દશ આરોગ્ય પેટા કેન્દ્રોના બાંધકામ માટે રૂા. ૧૦૦/- લાખ મંજૂર કરેલ છે.

(૪) **શૈક્ષણિક સુવિધાઓ :-**

અગરિયાઓના બાળકોને પ્રાથમિક શિક્ષણ માટે શાળાના ઓરડાઓના બાંધકામ પેટે રૂા. ૭૨.૪૬ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. કુટુંબદીઠ બે બાળકોને ગણવેશનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

(૫) **મોબાઈલ રેશન વાન :-**

અગરિયાઓને કામના સ્થળે રેશનીંગનું

અનાજ ઉપલબ્ધ થાય તે હેતુસર ચાર મોબાઈલ રેશન વાન માટે રૂા. ૬૪.૬૩ લાખ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) સરકારે આ માટે કોઈ અલગ ભંડોળ ફાળવેલ છે, તો કેટલું,

(૨) હા, જી.
વર્ષ ૨૦૦૫-૦૬માં રૂા. ૧૫ કરોડની જોગવાઈ છે અને વર્ષ ૨૦૦૬-૦૭ માટે રૂા. ૨૦ કરોડની જોગવાઈ
સૂચવી છે.

(૩) સરકાર તરફથી આ બાબતે કોઈ સર્વે કે તપાસ કરવામાં આવેલ છે, અને

(૩) હા, જી.

(૪) રાજ્યમાં આવા કેટલા અગરિયાઓ કામ કરે છે ?

(૪) આશરે ૭૦,૦૦૦ અગરિયા.

-------------

**જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં નોંધાયેલ વિવિધ ગુના**

૧૭૯૭૬**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં માંગરોળ તાલુકામાં છેલ્લા એક વર્ષમાં દારૂ - જુગાર અને ખૂનના કેટલા બનાવો
તા. ૩૧-૧-૦૬ સુધીમાં પોલીસ દફતરે નોંધાયા, અને

(૨) આ વિસ્તારમાં પોલીસની નબળી કામગીરી સામે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧)

| ગુનાનો પ્રકાર | ગુનાની સંખ્યા |
| --- | --- |
| દારૂ | ૨૪૭ |
| જુગાર | ૧૫ |
| ખૂન | ૦૧ |

(૨) ગત વર્ષની સરખામણીએ દારૂ તેમજ જુગારના વધુ કેસો શોધી કાઢવામાં આવેલ છે તેમજ ખૂનના હેડ નીચે ગુનાનો ઘટાડો નોંધાયેલ છે કોઈ કોમી બનાવ કે દેશ વિરોધી પ્રવૃતિનો બનાવ બનેલ નથી, આમ પોલીસની કામગીરી સંતોષકારક હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**શહેરી વિસ્તારોમાં નડતર રૂપ વીજ થાંભલા અને ટ્રાન્સફોરમર્સ ચાર્જ લીધા વગર ઉઠાવવા બાબત**

૧૭૯૭૪**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરી વિસ્તારોમાં ગુજરાત વીજ કંપની દ્વારા નડતર રૂપ વીજળીના થાંભલાઓ અને ટ્રાન્સફોરમર્સ ચાર્જ લીધા સિવાય શિફટ કરવાનું સરકારશ્રીએ શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ માં નક્કી કરેલ હતું તે હકીક્ત સાચી છે,

(૨) પંચમહાલ જિલ્લાનાં હાલોલ નગરપાલિકા વિસ્તારમાં સન ૨૦૦૫ના શહેરી વિકાસ વર્ષમાં નડતર રૂપ વીજ થાંભલાઓ અને ટ્રાન્સફોરમર્સ હજી સુધી શિફટ કરેલ નથી તે ચાર્જ લીધા સિવાય શિફટ કરવામાં આવશે, અને

(૩) જો હા, તો ક્યાર સુધી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : હાલોલ નગરપાલિકા દ્વારા ૧૦૨ વીજ થાંભલા તથા ૧૧ ટ્રાન્સફોર્મર સેન્ટર ખસેડવા માટે મળેલ રજૂઆત પૈકી ૪૨ વીજ થાંભલા તથા પાંચ ટ્રાન્સફોર્મર સેન્ટર કોઈપણ ચાર્જ વિના ખસેડવામાં આવેલ છે. બાકીના ૬૦ થાંભલા તથા ૬ (છ) ટ્રાન્સફોર્મર સેન્ટર ત્રણ માસમાં કોઈપણ ચાર્જ સિવાય ખસેડવાનું આયોજન છે.

-------------

## રાજકોટ, જૂનાગઢ અને જામનગર જિલ્લાની કુટિર ઉદ્યોગ માટે મંજૂર કરવામાં આવેલ અરજીઓ

૧૭૨૪૮**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા કેલેન્ડર દરમિયાન રાજકોટ, જૂનાગઢ અને જામનગર જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે કેટલી અરજીઓ આવી, અને

(૨) કેટલાને મંજૂરી આપી શરૂ કરવા આર્થિક સહાય આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| | રાજકોટ | જૂનાગઢ | જામનગર |
|---|---|---|---|
| શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના | ૧૭૩૩ | ૨૧૧૫ | ૧૬૮૫ |
| વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૭૯૪ | ૯૭૬ | ૬૫૦ |

(૨)

| | રાજકોટ | જૂનાગઢ | જામનગર |
|---|---|---|---|
| શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના | ૯૧૪ | ૯૧૧ | ૭૦૯ |
| વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૧૯૬ | ૨૩૮ | ૩૦૨ |

-------------

## અમદાવાદ શહેરમાં નવા પોલીસ સ્ટેશનની રચના

૧૮૦૦૧**ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં નવા પોલીસ સ્ટેશનની રચનાનો નિર્ણય ક્યારે થયો છે,

(૨) કેટલા અને ક્યા નવા પોલીસ સ્ટેશનોની રચનાનો નિર્ણય થયો હતો, અને

**જવાબ**

(૧) તા. ૧૬/૯/૨૦૦૪ના રોજ અમદાવાદ શહેરના હયાત પોલીસ સ્ટેશનોનું વિભાજન કરી નવા પોલીસ સ્ટેશનની રચનાનો સૈધ્ધાંતિક નિર્ણય લેવામાં આવેલ છે.

(૨) નીચે દર્શાવેલ વિગત મુજબ ૧૯ પો.સ્ટે.નું વિભાજન કરી નવા ૧૮ પો.સ્ટે.ની રચના કરવાનો સૈધ્ધાંતિક નિર્ણય લેવામાં આવેલ છે.

| ક્રમ | વિભાજન કરવાના પોલીસ સ્ટેશન. | | નવા બનાવવાના પોલીસ સ્ટેશનનું નામ |
|---|---|---|---|
| ૧<br>૨ | વેજલપુર<br>એલીસબ્રીજ | ૧ | વાસણા |
| ૩ | સેટેલાઈટ | ૨ | વસ્ત્રાપુર |
| ૪ | ઘાટલોડીયા | ૩ | મેમનગર |
| ૫ | સોલા | ૪ | ચાંદલોડીયા |
| ૬ | નવરંગપુરા | ૫ | ગુજરાત યુનિવર્સિટી |
| ૭ | નારણપુરા | ૬ | વાડજ |
| ૮ | સાબરમતી | ૭ | રાણીપ |
| ૯ | માધુપુરા | ૮ | ઈદગાહ |
| ૧૦ | શહેર કોટડા | ૯ | સરસપુર |
| ૧૧ | શાહીબાગ | ૧૦ | સીવીલ |
| ૧૨ | સરદારનગર | ૧૧ | કુબેરનગર |
| ૧૩ | નરોડા | ૧૨ | કૃષ્ણનગર |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | મેઘાણીનગર | ૧૩ | ચમનપુરા |
| ૧૫ | બાપુનગર | ૧૪ | ડાયમંડ પો. સ્ટે. |
| ૧૬ | અમરાઈવાડી | ૧૫ | રામોલ |
| ૧૭ | ઓઢવ | ૧૬ | રાજેન્દ્રનગર |
| ૧૮ | મણીનગર | ૧૭ | ઈસનપુર |
| ૧૯ | વટવા | ૧૮ | નારોલ |

(૩) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ અમલીકરણ અંગે શી પરિસ્થિતિ છે ?

(૩) વિચારણા હેઠળ છે.

-------------

**વડોદરા શહેર અને જિલ્લામાં સી.એન.જી. ફીલીંગ સ્ટેશનો નહીંવત હોવા અંગે**

૧૭૨૫૧**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા શહેર અને જિલ્લામાં પર્યાવરણ અને નાગરિકોના આર્થિક હિતને લાભદાયી એવા સી.એન.જી. ફીલીંગ સ્ટેશનો નહીંવત હોવાની બાબતે સરકાર માહિતગાર, છે ખરી, અને

(૨) જો હા, તો આવા ફીલીંગ સ્ટેશનો પૂરતા પ્રમાણમાં સ્થપાય તે માટે સરકારે કરેલ આયોજનની વિગતો શું છે ?

**જવાબ**

(૧) અને (૨) વડોદરા શહેરમાં હાલ બે સી.એન.જી. સ્ટેશનો કાર્યરત છે, અને વર્ષ ૨૦૦૬ના અંત સુધીમાં વધારાના ૫ (પાંચ) સી.એન.જી. સ્ટેશનો શરૂ કરવાનું આયોજન છે.

-------------

**શિહોર અને ગારીયાધાર તાલુકાના બંધ પડેલ ઉદ્યોગો**

૧૭૯૯૮ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૦૬ ની સ્થિતિએ શિહોર અને ગારીયાધાર તાલુકામાં નાના અને મોટા કેટલા ઉદ્યોગો કેટલા સમયથી બંધ પડેલ છે,

(૨) આ નાના અને મોટા ઉદ્યોગો બંધ થવાના કારણો શું છે, અને

(૩) આ બંધ પડેલ ઉદ્યોગોને પુનઃચાલુ કરવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે નહીં ?

**જવાબ**

(૧) અને (૨) : શિહોર અને ગારીયાધાર તાલુકામાં જીબીઆઈએફઆરમાં તા. ૧-૧-૦૬ની સ્થિતિએ કોઈ માંદુ એકમ નોંધાયેલ નથી. પરંતુ શિહોર-ગારીયાધાર સહિતના વિસ્તારોમાં નાના અને મોટા ઉદ્યોગો બંધ પડવાના મુખ્ય કારણો આ મુજબ છે.

-મંદીના લીધે.

-ગ્લોબલ સ્પર્ધા/હરીફાઈના લીધે.

-ઉદ્યોગકારોની પોતાની નાણાંકીય, માર્કેટીંગ અને વહીવટી મુશ્કેલીના લીધે.

(૩) નવી ઓદ્યોગિક નીતિ હેઠળ રાજ્ય સરકારે બીઆઈએફઆર અને જીબીઆઈએફઆરમાં નોંધાયેલા એકમો માટે તા. ૧૨-૫-૨૦૦૪ના ઠરાવથી રાહતો જાહેર કરેલ છે, જે મુજબ માંદા એકમોને બાકી સરકારી લેણાં માટે ઓટીએસ અને ભવિષ્યના વેચાણવેરો અને વીજળી શુલ્કની ચૂકવણીમાં ૫૦ ટકા વિલંબીત ચૂકવણીની રાહતો ઠરાવની જોગવાઈને આધીન મળવાપાત્ર છે.

-------------

**ભારે વરસાદના કારણે નર્મદા યોજના આધારિત કેનાલોમાં પાણી ભરાતાં તૂટી જવા બાબત**

૧૮૦૩૩ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) છેલ્લા ચોમાસામાં ભારે વરસાદના કારણે નર્મદા યોજના આધારિત કેટલી કેનાલોમાં પાણી ભરાતા માઈનોર કેનાલો તૂટી ગઈ, અને | (૧) છેલ્લા ચોમાસામાં ભારે વરસાદના કારણે નર્મદા યોજનાની કુલ ૬૬૫ માઈનોર કેનાલોને ત્રુટક ત્રુટક નુક્સાન થયેલ છે. |
| (૨) તે ક્યારે મરામત કરવામાં આવશે અને અંદાજીત ખર્ચ કેટલો થશે ? | (૨) મરામતની કામગીરી પ્રગતિ હેઠળ છે, મે-૨૦૦૬ સુધીમાં તબક્કાવાર પૂર્ણ કરવાનું આયોજન છે અને અંદાજિત રૂા. ૬૩૧.૭૭ લાખનો ખર્ચ થશે. |

-------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

**અધ્યક્ષશ્રી :** માનનીય સભ્યશ્રી શિવજીભાઈ આહીર ...... (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

# ગૃહ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

**રાજય સરકારની દરિયાઈ વિસ્તારની સુરક્ષા યોજના, રણ વિસ્તારની સુરક્ષા યોજના તથા મેગાસીટી માટેની યોજનાનો ભારત સરકાર દ્વારા સ્વીકાર કરવા અંગે**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસો, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની ૫૧૨ કિલોમીટર ભૂમિગત આંતરરાષ્ટ્રીય સીમા પાકિસ્તાન સાથે જોડાયેલ છે અને ૧૬૦૦ કિલોમીટર લાંબી દરિયાઈ પટ્ટી અરબી સમૃદ્ર સાથે આવેલ છે, જે પાકિસ્તાનથી એકદમ નજીકના અંતરે છે. રાજય અને રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિને સરહદ પારના આ દેશમાંથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સમર્થન-પ્રોત્સાહન સાંપડતું હોવાના અનેક પુરાવાઓ આપણી ઈન્ટેલીજન્સ એજન્સીઓને મળ્યા છે, ત્યારે રાજયની આ સરકારે રાજયની શાંતિ, સલામતિ અને સુરક્ષાના હેતુસર **દરિયાઈ વિસ્તારની સુરક્ષા માટેની રૂપિયા ૩૨૭ કરોડની યોજના, રણ વિસ્તારની સુરક્ષા માટેની રૂપિયા ૭૬.૧૪ કરોડની યોજના અને અમદાવાદને મેગાસીટી તરીકે વધુ સારી પોલીસીંગની વ્યવસ્થાઓ પ્રાપ્ત થાય તે હેતુથી રૂપિયા ૩૬૫.૨૪ કરોડની યોજના** તૈયાર કરીને કેન્દ્ર સરકાર સમક્ષ રજૂ કરેલ હતી.

રાજય સરકારના અથાક પ્રયાસો અને યોજનાની અગત્યતાને ધ્યાને લઈને **ભારત સરકારે દરિયાઈ વિસ્તારની સુરક્ષા યોજના માટે પ્રથમ તબકકે રૂપિયા ૫૫ કરોડ મંજૂર કરેલ છે.** આ યોજના અંતર્ગત ૧૦ નવા કોસ્ટલ પોલીસ સ્ટેશન, ૪૬ આઉટપોસ્ટ, ૨૫ ચેકપોસ્ટના બાંધકામના કામો તથા જુદા જુદા પ્રકારના ૧૫૧ વાહનો ખરીદીને તે વિસ્તારની પોલીસ વ્યવસ્થાને મજબૂત બનાવવામાં આવનાર છે. આ ઉપરાંત ૧૦ નવા કોસ્ટલ પોલીસ સ્ટેશન માટે અદ્યતન સાધન સામગ્રી માટે **પોલીસ સ્ટેશન દીઠ રૂા. ૧૦.૦૦ લાખ પ્રમાણે રૂા. ૧.૦૦ કરોડ મંજૂર કરેલ છે. આ યોજના ૨૦૦૫-૦૬ થી શરૂ કરીને આગામી પાંચ વર્ષમાં તેનો અમલ થશે.**

આ યોજના અંતર્ગત જરૂરી મહેકમ પૂરું પાડવાની જવાબદારી રાજય સરકારની છે. અને તેથી **રાજય સરકારે સન ૨૦૦૬-૨૦૦૭ ના અંદાજપત્રમાં કુલ ૩૭૩ નવી જગ્યા ઉભી કરવા રૂા. ૩૬૧ લાખની જોગવાઈ કરેલ છે.**

વધુમાં રાજય સરકારે દર્શાવેલ સંવેદનશીલતાને ધ્યાને લઈ, આ યોજના અંતર્ગત દરિયાઈ વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓને તાલીમ આપવા માટે મરીન પોલીસ ટ્રેનિંગ સેન્ટર સ્થાપવાનું પણ ભારત સરકાર વિચારી રહી છે. જેને માટે રાજય સરકારે પોરબંદર, દ્વારકા, જખૌ, નારાયણ સરોવર વગેરે દરિયાઈ વિસ્તારોમાં આવેલ કેટલાક સ્થળોએ આવું તાલીમ કેન્દ્ર સ્થાપવા માટે ભારત સરકારને સૂચવવાનું વિચારેલ છે.

મરીન પોલીસની ભરતી માટે ભારત સરકાર દ્વારા જે પેટા સમિતિ રચવામાં આવેલ છે, તેના સંકલન માટે ભારત સરકારે રાજયના ગૃહ વિભાગના અગ્ર સચિવની નિમણૂંક કરી છે.

આમ, દરિયાઈ સુરક્ષા યોજના હેઠળ પ્રથમ તબકકામાં આ મુજબના કામો હાથ ધરવામાં આવશે.

૨. **ડેઝર્ટ એરીયા પોલીસીંગ.**

કચ્છનું રણ ભારત-પાકિસ્તાન સરહદને અલગ કરે છે અને આ રણ રાજયના ૪ (ચાર) જિલ્લાઓમાં એટલે કે કચ્છ, બનાસકાંઠા, પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લામાં પથરાયેલ છે. સરહદી વિસ્તારના ગામડાઓમાં

વસતા નાગરિકો સીમાપાર વસતા નાગરિકો સાથે સામાજિક, સાંસ્કૃતિક રીતે રીવાજોની સામ્યતા ધરાવે છે. જેનો ગેરલાભ કેટલાક નાપાક તત્વો ઉઠાવતા હોવાનું ધ્યાન પર આવેલ છે. સાધનો અને સંપર્કની અપૂરતી વ્યવસ્થા ધરાવતા આ અતિ વિશાળ રણક્ષેત્રમાં પોલીસનું સંખ્યાબળ અપૂરતું છે, તેમજ આ વિસ્તારમાં નીચે મુજબની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવાની જરૂરિયાત જણાયેલ છે.

(૧) રણ વિસ્તારમાં અસરકારક પેટ્રોલીંગ કરી શકે તે માટે પોલીસ દળ
(૨) બાયનોક્યુલર્સ, નાઈટવિઝન ડિવાઈસ, અન્ય અદ્યતન સાધનો, વાહનો અને નવા પોલીસ સ્ટેશન, આઉટ પોસ્ટ, પોલીસ ચોકી, હાઈવે ચેકપોસ્ટ, વોચ ટાવર ખોલવા તેમજ કાર્યરત પોલીસ સ્ટેશનને આધુનિક સાધનોથી સુસજ્જ કરવા.

આ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાથી રાષ્ટ્ર વિરોધી તત્વોની ઘૂસણખોરી, રાષ્ટ્રદ્રોહી પ્રવૃત્તિ, હથિયાર દારૂગોળાની દાણચોરી, નારકોટીક્સ, બનાવટી ચલણી નોટો ઘૂસાડવાની પ્રવૃત્તિઓ પર અસરકારક અંકુશ લાવી શકાશે.

આ બાબતોને ધ્યાનમાં રાખીને **રાજય સરકારે ભારત સરકારને રૂા. ૭૬.૧૪ કરોડનો ડેઝર્ટ પોલીસ પ્લાન મોકલી આપેલ હતો.** જેમાં નીચેની મહત્વની બાબતોનો સમાવેશ થાય છે.

૧. ૬ પોલીસ ઈન્સ્પેકટર, ૧૪ પોલીસ સબ ઈન્સ્પેકટર, ૪૪ આસી. સબ ઈન્સ્પેકટર, ૧૨૮ હેડ કોન્સ્ટેબલ, ૪૮૭ પોલીસ કોન્સ્ટેબલ તેમજ ૧૫ પગી મળી ૬૯૪નું નવું મહેકમ ઉભું કરવું.
૨. ૬ નવા પોલીસ સ્ટેશન અને ૨૫ નવી આઉટપોસ્ટ ઉભી કરવી.
૩. ટેલીફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન, તેમજ હેન્ડસેટ પૂરા પાડવા.
૪. ૬ પોલીસ સ્ટેશન, ૨૨ આઉટ પોસ્ટ તેમજ ૧૮ અધિકારી માટે અને ૫૯૦ કર્મચારીઓ માટે રહેણાંકના મકાનો બાંધવા.
૫. ૨૨ લાઈટ મોટર વ્હીકલ્સ, ૬ હેવી મોટર વ્હીકલ્સ, ૫ મીની બસ, ૧ હોવરક્રાફટ તેમજ ૪૭ મોટર સાયકલની ખરીદી કરવી.
૬. કરન્સી ડીટેકટર, મેટલ ડીટેકટર, બાયનોક્યુલર્સ, નારકોટીક્સ ડીટેકટર, ડીઝીટલ વીડીઓ કેમેરા, વોટર સ્ટોરેજ ટેન્કર, ઉંટ, સ્નીફર ડોગ તેમજ ટ્રેકટર વીથ ટ્રોલીની ખરીદી કરવી.

રાજય સરકારની દરખાસ્તની અગત્યતા તથા સંવેદનશીલતા પારખીને ભારત સરકારે આ યોજના હેઠળ ૭૫ % હિસ્સો ભારત સરકારનો અને ૨૫ % હિસ્સો રાજય સરકારનો રાખીને તથા મહેકમ સંબંધી સઘળો ખર્ચ રાજય સરકારે ભોગવવાનો રહેશે તે શરતે આ યોજના અંતર્ગત ચાલુ સાલે ભારત સરકારે તેના હિસ્સા પેટે રૂા. ૨ કરોડ મંજૂર કર્યા છે. જયારે રાજય સરકારના હિસ્સા પેટે રૂા. ૬૬ લાખની જોગવાઈ મળી કુલ રૂા. ૨.૬૬ કરોડ આ યોજના હેઠળ મળવાપાત્ર થશે. આ રૂા. ૨.૬૬ કરોડની રકમમાંથી જુદા જુદા પ્રકારનાં કુલ ૭૯ વાહનો તથા ૧૬૯ નંગ જુદા જુદા પ્રકારના વાયરલેસ સેટસ, ૧૦ નંગ ડિજિટલ વિડિયો કેમેરા અને ૧૦ નંગ જનરેટર ખરીદ કરવાનું રાજય સરકારે વિચારેલ છે.

આમ, ડેઝર્ટ એરિયા પોલિસિંગ ક્ષેત્રે પ્રથમ તબકકામાં ઉપર મુજબની કામગીરી હાથ ધરવામાં આવશે.

**૩. અમદાવાદ મેગા સીટી યોજના**

કેન્દ્ર સરકારે અમદાવાદને મેગા સીટી તરીકે વિકસાવવા કરેલ જાહેરાત રાજય માટે એક આગવી ઓળખની સાબિતી છે.

અમદાવાદમાં ૨૬૦ ચો.મિ. વિસ્તાર, વસતિ પર લાખ, દેશના સૌથી મોટા શહેરોમાં ૭ મું સ્થાન, ૩૫ જેટલી આંતરરાષ્ટ્રીય ફલાઈટસ્નું અઠવાડિક ઉતરાણ તથા આંતરરાષ્ટ્રીય ગુનાઓ વગેરે જોતાં પોલીસ તંત્રને વધુ મજબૂત બનાવવું જરૂરી થશે. આ ઉપરાંત અમદાવાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ તથા કોમી સંવેદનશીતા ધ્યાને રાખીને મેગાસીટીને અનુરૂપ કાયદો અને વ્યવસ્થાની જાળવણી મહત્વની હોઈ, રાજય સરકારે મેગાસીટી પોલિસિંગ માટે રૂા. ૩૬૫.૨૪ કરોડની યોજના બનાવીને ભારત સરકાર સમક્ષ રજૂ કરી હતી. આ યોજના પૈકી ટૂંકાગાળાની યોજના પેટે રૂા. ૫૫.૨૯ કરોડ કે જેમાં ૯૦૪ જેટલા જુદા જુદા વાહનો માટે રૂા. ૨૯.૮૬ કરોડ, કાયદો અને વ્યવસ્થા, ગુના નિયંત્રણ, ઈન્ટેલિજન્સ, આંતકવાદ વિરોધી એકમ તથા ઈમીગ્રેશન માટે સાધન સામગ્રી માટે રૂા. ૭.૮૯ કરોડ, મુખ્ય મથક ખાતે કોમ્પ્યુટર, પ્રિન્ટર, સર્વર રૂમ, ડિજિટલ વિડિયો કેમેરા અને અન્ય સાધન સામગ્રી માટે રૂા. ૨.૩૭ કરોડ અને શહેરની ટ્રાફિક વ્યવસ્થા સંદર્ભે રૂા. ૧૫.૩૯ કરોડ જરૂરી બનશે.

મધ્યમગાળાની યોજના પેટે સ્માર્ટકાર્ડ સિસ્ટમ, એર સર્વેલન્સ હેલીકોપ્ટર, ડ્રોપ ગેપ કોમ્યુનિકેશન સિસ્ટમ, બચાવ અને રાહત સાધનો, ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ, ગુના નિયંત્રણ, ગુના સંશોધન સાધનો, મકાનો અને સંદેશા વ્યવહારનાં સાધનો માટે આશરે રૂા. ૨૩૦.૪૩ કરોડ જરૂરી બનશે.

જયારે લાંબાગાળાની યોજના માટે મકાન-ફર્નિચર, જોઈન્ટ ઈન્ફોર્મેશન સેન્ટર, ઈમરજન્સી પેટ્રોલકાર અને સંદેશા વ્યવહાર સાધનો માટે રૂા. ૭૯.૫૨ કરોડ જરૂરી બનશે.

રાજય સરકાર આ પ્રમાણે અમદાવાદને મેગાસીટી બનાવવા તરફ ઝડપથી પગલાં લેવા આયોજન કરી રહેલ છે. આ માસની શરૂઆતમાં કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય ખાતે મળેલ બેઠકમાં ચર્ચા થયા મુજબ ચાલુ વર્ષે રૂા. ૪.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવનાર છે. જે પૈકી ૭૫% લેખે કેન્દ્ર સરકાર રૂા. ૩ કરોડ અને રાજયના ફાળા તરીકે રૂા. ૧ કરોડ તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં ખર્ચવાના રહેશે, જે પેટે પોલીસ ખાતાએ કુલ ૨૮૩ જુદા જુદા પ્રકારનાં વાહનો ખરીદવાનું આયોજન કરેલ છે.

મેગાસીટી માટે જે મેન પાવર જરૂરી બનશે તેનો ખર્ચ રાજય સરકારે ભોગવવાનો રહેશે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમનો સન ૨૦૦૪-૨૦૦૫ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.નો વાર્ષિક અહેવાલ

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૧-૨૦૦૨ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૦૩-૨૦૦૪ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## ગુજરાત રાજય હાથસાળ અને હસ્તકલા વિકાસ નિગમનો સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક અહેવાલ

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય હાથસાળ અને હસ્તકલા વિકાસ નિગમનો સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઑડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક વહિવટી અહેવાલ

**શ્રી રમણલાલ ઈ. વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક વહિવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહિવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક વહિવટી અહેવાલ

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક વહિવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહિવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

# સરકારી વિધેયકો

## સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૨
## મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૬
## મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક ૧૨, મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૬ને, હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૦૬નું મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ, નાણા મંત્રી તરીકે વિધાનસભા ગૃહ સમક્ષ રજૂ કરેલ આ વર્ષના અંદાજપત્રમાં મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ ૧૯૫૮ની જોગવાઈઓ ઉપર દ્વિ-ચક્રી વાહનો ઉપર હાલ વાહન વેરાનો દર વાહનોના વજનના આધારે ઉચ્ચક નક્કી કરવામાં આવેલ છે તે પદ્ધતિમાં સુધારો કરી અને દ્વિ-ચક્રી વાહનો ઉપર ૬ ટકાના દરે વાહન વેરો લેવાની દરખાસ્ત લાવ્યા હતા. તેના પરિણામ સ્વરૂપે દ્વિ-ચક્રી વાહનો ખરીદતા મધ્યમ વર્ગના લોકોને પાંચ કરોડ રૂપિયાની રાહતો મળવાનો સંભવ છે. અને સંગતતા રહે તેના માટે ટ્રાન્પોર્ટેશન માટે વપરાતા પેટ્રોલ વાહનો સિવાયના તમામ પેટ્રોલના વાહનો ઉપર પણ આ વેરો ૬ ટકા કરવાની દરખાસ્ત છે. તેના માટે કાયદામાં જરૂરી સુધારા કરવાના છે તે સુધારા આ બિલ મારફત હું સભાગૃહ સમક્ષ આવ્યો છું. મધ્યમ વર્ગના માણસને સહાય કરવાની આ સુધારાથી નેમ છે. હું માનનીય સભ્યશ્રીઓની ચર્ચા માટે આ બિલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું અને એના ઉપર એમના વિચારો રજૂ કરવા માટે વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ (પોરબંદર)**: માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈ મોટર વાહન વેરા વિધેયક ૨૦૦૬, (ગુજરાત સુધારા) વિધેયક તરીકે માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. બજેટ વખતે જે વજન આધારિત ફોર્મ્યુલા હતી તે સુધારી અને કિંમત આધારિત ફોર્મ્યુલા અહીં બિલમાં લાવ્યા છે, જે જૂની ફોર્મ્યુલા હતી તેમાં જે વાહન ધરાવનારા હતા તે ધરાવનારા લોકોને લાંબે ગાળે ફાયદો થતો હતો. અને તેના બદલે જ્યારે ૬ ટકા નિશ્ચિત કરી દેવામાં આવ્યું છે ત્યારે તેની કિંમત ઉપર જે વખતો વખત વધારો થાય તે વધારાનો પણ આ વાહન વેરામાં, આર.ટી.ઓ. ટેક્સમાં પણ એ જ પ્રમાણે લાંબા સમય સુધી એની અસરો રહેવાની છે. અમસ્તુ જે આપણું આર.ટી.ઓ. ડિપાર્ટમેન્ટ છે એ વાહન માલિકો પ્રત્યે એમનું જે વલણ છે એ ૧૮મી સદીનું રહ્યું છે. અને એના કારણે આજે વાહન માલિકો છે એ વાહન માલિકોની ગુજરાતમાં જે પરેશાની છે એ પરેશાની બીજા રાજયો કે બીજા દેશની સાથે સરખાવી ન શકાય તે પ્રકારની છે. જે વાહનો છે એ આર.ટી.ઓ. ટેક્સ હોય કે પછી આર.ટી.ઓ.ના નિયમો મુજબની ચકાસણી વખતે હોય એ તમામ વખતે આ ડિપાર્ટમેન્ટ છે તે માત્રને માત્ર એમના તરફથી પરેશાની સિવાય બીજું કંઈ નથી. આટલો બધો ટેક્સ આપતા હોવા છતાં રીટર્નમાં કંઈ મળતું નથી દરેક સ્ટેટ હાઈવે હોય રાજયના મોટા હાઈવે હોય એ હાઈવે ઉપર જે ચેક પોસ્ટો હોય છે એ ચેક પોસ્ટો ભ્રષ્ટાચાર કરવા સિવાય બીજું કંઈ કામ કરતી નથી. વાહન માલિકો અને એના ડ્રાઈવરો દિવસ રાજ ઉજાગરા કરીને આ ધંધો ચલાવે છે. એ ટ્રાન્સપોર્ટેશન એ દેશની ધોરીનશ કહેવાય છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની ચર્ચા છે એમાં ચેક પોસ્ટોની કોઈ વાત આવતી નથી. બિલ છે જે વાહનો છે એમાં પહેલા વજન ઉપર ટેક્સ હતો એના બદલે હવે કિંમત ઉપર ટેક્સ લેવાનો છે. એ સિવાય બીજી કોઈ વાત આમાં છે જ નહિ. માનનીય અર્જુનભાઈ અત્યારે જે ચર્ચા કરી રહ્યા છે એ મારા વિભાગની ચર્ચા ચાલતી હતી ત્યારે કહ્યું હોત તો બરાબર હતું હું તે વખતે એનો જવાબ પણ આપી શક્યો હોત.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલનો સ્કોપ કેટલો હોય અને કેટલો ન હોય એ આપને પણ ખ્યાલ છે. ટેક્સને લગતું આ બિલ છે એમાં સુધારા વધારા લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે અને જ્યારે રાજયની અંદર મોટા પ્રમાણમાં વાહનો ધરાવનાર લોકો હોય એ બધા જ ટેક્સ આપતા હોય. માનનીય મંત્રીશ્રી એમ કહેતા હોય કે આ ટેક્સની આવક વધી છે. આવક વધી હોય એની સામે વાંધો નહિ આપણે જે ટેક્સ લઈએ છીએ એટલું જ એને અપમાનજનક સ્થિતિમાં ન મુકાવું પડે એ વાહન ધરાવનાર

---

* **વિધેયક તા.૧૪મી માર્ચ, ૨૦૦૬ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.**

લોકો અપેક્ષા રાખે છે. ઓવર લોડીંગની વાત આવે તો એમાં જે જગ્યાએથી ઓવર લોડીંગ થાય છે ત્યાંથી એને રોકતા નથી.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ટ્રાન્સપોર્ટની વાત આવતી નથી. ટ્રાન્સપોર્ટેશનના વાહનોનો આ બિલમાં ઉલ્લેખ જ નથી. એનો આમાં સમાવેશ થતો જ નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતા બોલતા હોય ત્યારે બીજી વાત ન હોય, પૂર્વ ભૂમિકાની તક હોવી જોઈએ એની ના નથી. નાણાકીય બિલની ચર્ચા વિભાગની માગણી વખતે થઈ ગઈ હોય છે એટલે એના આધારે આ બિલ આવતું હોય છે. તેથી એની અંદર જે કંઈ સૂચનો હોય એ સાથેની વાત થાય અને બિલને અનુરૂપ થાય તેવી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને માનનીય મંત્રીશ્રીની વિનંતી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : એ વાત સાથે હું પણ સંમત છું. ટેક્સ કલેકશન સાથે ગ્રાહકની શું અપેક્ષા હોય છે એની હું વાત કરી રહ્યો છું. ટ્રક કે બીજા કોઈપણ કોર્મશિયલ વાહનો હોય એ નીકળે ત્યારે એના સોસ ઉપર કન્ટ્રોલ હોવો જોઈએ. ફેકટરીમાંથી માલ લઈને બહાર આવે ત્યાર પછી ૨૫ જગ્યાએ હપતા લેવા માટે વાહનને ઊભું રખાવવામાં આવે છે. કોઈપણ વાહન કે કોઈપણ મશીનરીએ એમનો ટેક્સ છે એ ભર્યો ન હોય એમને રોકવામાં આવે એ વાત બરાબર છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ નક્કી કર્યુ લાગે છે કે વિક્ષેપ કર્યા વગર બોલવું નહિ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : મને એમ લાગે છે કે આપે નક્કી કર્યું હશે કે મારે શું બોલવાનું.

**શ્રી અમિત અ. શાહ** : મારી વાત તો કહી શકું. આખું બિલ વાહન ખરીદી કરતી વખતે જે વેરા હોય તેના ટેક્સનું છે. દંડનું કે એનું નથી. એ સમગ્ર વાત દંડની પ્રક્રિયાની કર્યે જાય છે જ્યારથી બિલની ચર્ચા ચાલુ કરી ત્યારથી. હું જે વાત કરું છું એ આખું બિલ જ્યારે નાગરિકે વાહન ખરીદવું પડે..

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ, તમે ફરીથી આ બિલનો હેતુ સમજાવી દો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મે શરૂઆતમાં હેતુ બહુ સ્પષ્ટ સમજાવ્યો. દ્વિચક્રી વાહન..

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ છે જેમાં સુધારો લઈને આવ્યા છે "vehicles like moped, scooter, motor cycle, on the basis of their weight.' એના ઉપરનો સુધારો છે. નાનકડો સુધારો છે. પછી તેમાં દંડની પ્રકિયા અને આ બધું નથી આવતું. એટલા માટે. અમને કે અમારા મંત્રીશ્રીને વાંધો નથી. કદાચ બિલ વાંચ્યા વગર આવ્યા હોય અને વાત કરતા હોય તો કરી શકે પણ મુખ્ય મુદ્દો આ છે એટલું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : તમે જે કહો છો એ જ મુદ્દા ઉપર હું આવું છું. મારે સમજફેર નથી થઈ. માનનીય અધ્યક્ષશ્રી, આ વાહન છે તેની નોંધણી થવી જોઈએ અને વાહનની નોંધણી ન થાય તો તેના ઉપર દંડ લેવાની જોગવાઈ પણ થવી જોઈએ. ગુજરાતમાં વાહન નોંધણી ન થઈ હોય અને તેના પછી દંડની પ્રક્રિયા કરવાની આવે ત્યારે પણ દિવસોના દિવસો સુધી આ નોંધણી થતી નથી. તેના કારણે જે વાહનની નોંધણી નથી થઈ તે અને જે વાહન તે વહનની અંદર હોય તે બન્ને વાહનોને દિવસોના દિવસો સુધી કોઈને કોઈ જગ્યાએ રોકી રાખવામાં આવે અને તેના કારણે એવું થાય છે કે બહારના રાજયોમાંથી નોંધાયા વગરના અથવા તો એ રાજયોમાં નોંધાયેલા વાહનો આપણાં રાજયમાં આવે તો આજે કોઈ વાહન કે બીજી મશીનરીઓ લાવવા માટે તૈયાર નથી. એટલા ખાતર જે આપણે ત્યાં વાહન માલિકો છે તેને જે દબાવવાની, તેને હેરાન-પરેશાન કરવાની વૃત્તિ ખૂબ જ અમાનવીય છે અને તેના કારણે ગુજરાતમાં જેટલા વાહનોની નોંધણી થવી જોઈએ તે વાહનની નોંધણી તેના કારણે થતી નથી અને મોટા વાહનો તો ગુજરાતમાં આવતા જ નથી. એટલા માટે તેની દંડ આપવા માટેની તૈયાર હોય, ટેક્સ આપવા માટેની તૈયારી હોય પણ આપણી એસ્ટીમેટ આપવાની તૈયારી ન હોય અને તેના કારણે આ ભ્રષ્ટાચાર કરનાર અધિકારીઓની ક્યારેક જો ફરિયાદ થાય તો ફરિયાદ પણ લેવામાં આવે નહીં. તેના ઉપર એન્ટી કરપ્શન દ્વારા દરોડા પાડીને પકડવામાં આવે તો પણ તેને સજા કરવામાં ન આવે. તેને પ્રાઈમપોસ્ટ આપવામાં આવે. આ મનોવૃત્તિ છે એ મનોવૃત્તિ રોકવા માટે આ બિલમાં કોઈ જોગવાઈ હોત તો તેને અમે ચોક્કસ આવકારત પણ અહીં આવક વધારવી છે, તેની સામે ના નથી. રાજયની આવક વધવી જોઈએ. પણ આવકની સામે જે લોકો આવક આપે છે અને એ પણ રાજયની કુલ આવકના હિસ્સામાં મોટી આવક છે એ આ વિભાગની છે અને આ વિભાગની હોય ત્યારે તેમના પ્રત્યે માનવીય અભિગમ અપનાવીએ અને જે આ પ્રકારના અધિકારીઓ છે જેનાથી રાજય સરકારની અંદર બેઠેલાં લોકો પણ ત્રાહિમામ છે. તેમને કંટ્રોલમાં રાખીને માનવીય અભિગમ અપનાવે અને જે વ્યવસ્થા છે તે પારદર્શક રીતે ચોક્કસ સમયમાં જે વાહનો નોંધવાના છે અને નોંધાયા વગરના હોય તો તેની દંડ લેવાની પ્રક્રિયા છે તેના પણ ચોક્કસ નિયમો રાખીને તેનો ૨૪ કલાક કે ૪૮ કલાકમાં નિર્ણય લેવાય અને જે અહીં ગુજરાતમાં નોંધાવા માટે બહારથી આવેલા, બહારના રાજયોમાં નોંધાયેલા વાહનો અહીં આવે તેમને પણ પરેશાની ન થાય તે પ્રકારની વ્યવસ્થા ગોઠવાય એ ખૂબ ઇચ્છનીય છે અને આ બિલ જ્યારે લઈ આવ્યા છે ત્યારે આવી કંઈક વ્યવસ્થા હોત તો તેને જરૂરથી આવકાર્યું હોત અને જો ૬ ટકા લેવાના જ હતા તો એ આજના દરે સ્થિર કરીને ૬ ટકા લેવાતા હોત તો તેને આવકાર્યું હોત. એટલે આ દરખાસ્ત છે એ માત્ર અને માત્ર એકતરફી રીતે રાજય સરકારની આવક વધારવી છે એ આવકાર્ય છે પણ એની

સામે જે વાહન માલિકો છે એ સ્વમાનથી લઈ શકે એવી વ્યવસ્થા આ બિલમાં લઈ આવ્યા નથી. આમાંથી ઘણા સભ્યો બીજા દેશોમાં, બીજા રાજયોમાં મુંબઈ જેવા શહેરોમાં ગયા છે અને ત્યાં વાહન માલિકો સાથે કયા પ્રકારનો વહેવાર થાય છે અને આપણા રાજયની અંદર વાહન માલિકો સાથે કેવા પ્રકારનો વહેવાર થાય છે એ બધાએ અનુભવ્યું છે એટલે આ વ્યવસ્થા થતી નથી એટલા માટે આ બિલની દરખાસ્તો સાથે સંમત થઈ શકાય એમ નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે વેરા કાયદા ૧૯૫૮ પ્રમાણે ઉચ્ચક વેરો લેવાતો હતો એની અંદર સરકારે જાહેરાત કરી કે જે વજન પ્રમાણે પહેલા નકકી હતું એ પ્રમાણે વેરો લેવાતો હતો હવે ટકાવારી પ્રમાણે વેરો લેવાનો છે આ બાબત નાણામંત્રીશ્રી લઈને આવ્યા છે. માનનીય મંત્રીશ્રીએ એ જાહેરાત કરી છે કે નાના વાહનો ઉપર અમે વેરો ૬ ટકા કર્યો એનાથી લોકોને ૫ કરોડ રૂપિયાના ફાયદાની વાત કરી. મારે ખાસ એ વાત કરવી છે કે સરકારે આજની સ્થિતિએ હાલનો જે વેરો લાગતો હોય એ મોટર સાઈકલ, સ્કૂટર હોય, ૫૦ કિલોનું વજન હોય તો એમના ઉપર ૬૦૦ રૂપિયા ઉચ્ચક વેરો લાગતો હતો, ૫૦ થી ૧૦૦ કિલો વજન હોય તો ૧૫૦૦ રૂપિયા વેરો લાગતો હતો. ૧૦૦ થી વધારે હોય તો ૩૫૦૦ રૂપિયા વેરો લાગતો હતો. અને ટ્રાઈસીકલ આવતી હતી એનો ૩૫૦૦ વેરો અને સાઈડ કાર ટેકસ સાથેનો વેરો હતો એ ૧હજાર લાગતો હતો. સરકાર એ કહેવા માગે છે કે આ જે વેરો અમે લગાવતા હતા એના બદલાની અંદર અમે ૬ ટકા વેરો લાવ્યા છીએ એના કારણે ગુજરાતની જનતાને મોટો ફાયદો થવાનો છે, બિલકુલ આ વાત ખોટી છે, એટલા માટે ખોટી છે કે રાજયમાં દર વર્ષે ૪૦લાખ ટુવ્હીલર ખરીદાય છે, નાના નાના સાધનો ખરીદાય છે, અને ડીસેમ્બર ૨૦૦૫માં છેલ્લા એક વર્ષમાં ૫ લાખ અને ૪૦ હજાર ટુવ્હીલર મોટર સાઈકલ ખરીદાયા છે અને એક મોપેડ છે એની કિંમત ૬૩હજારથી વધારે એટલે જે વજન ઉપર ફાયદો થતો હતો, આજે આપણે જોયું છે કે હીરોહોન્ડા અને મોટી મોટી બધી મોટરસાઈકલો છે એ જે ખરીદવામાં આવે છે અને એનો ટેકસ ગણવામાં આવે તો હાલનો દર છે એના કરતા આજની તારીખે તેનો ટેકસ વધી જાય છે માટે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે. મારે ખાસ સૂચન કરવું છે કે આપ એવો કંઈક ઉચ્ચક વેરો નક્કી કરો જેના કારણે જે આ ફાયદાની વાત કરો છો તો ૫૦ હજાર રૂપિયા ધારાધોરણ ઉપરનો વેરો લેવાય તો જ મોટરસાઈકલ અને એ લોકોને ફાયદો થાય અને આવનાર સમયે તો ૬ ટકા કરી દીધા. દિનપ્રતિદિન કિંમતો વધતી જવાની છે જેના કારણે ખરેખર આપણે બિલમાં બતાવ્યું છે કે ગુજરાત સરકારમાં ફાયદો અમે કરવાના છીએ મને નથી લાગતું કે આમાં ફાયદો થવાનો છે તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ૫૦ હજાર રૂપિયા ઉપર થાય તો એને ઉચ્ચક વેરો કરવામાં આવે એવું મારું સૂચન છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતા અને દંડકશ્રી બલવંતસિંહજી બંનેએ આ વિધેયકની ચર્ચા ઉપર ભાગ લીધો છે. પહેલા હું સ્પષ્ટતા કરી દઉં કે આ જે બિલ છે એ બિલ જયારે નાગરિક વાહન ખરીદે તો એ વખતે લગતા વેરાનું બિલ છે એટલે આ વેરો ન એણે ભરવા જવાનું છે કે ન કશું કરવાનું છે. ત્યાં એ તો બિલમાં લાગી જાય પરંતુ અર્જુનભાઈએ આખું ભાષણ કર્યુ એ તો દંડ અને પછી પકડાય એની પ્રક્રિયાનું કર્યુ, એ પ્રક્રિયાને અને આ બિલને સ્નાન સૂતકનો સંબંધ જ નથી એટલે આ વાતની વધારે વિગતમાં નથી ઉતરતો પણ માનનીય બલવંતસિંહભાઈએ જે વાત કરી એનો ચોક્કસ જવાબ આપીશ કે જે મેં કહ્યું ૫ કરોડ રૂપિયા બચશે. આ રાજય સરકારે એમની સાથે રાજય સરકારના વિભાગ પાસે જે જૂદા જૂદા આકડા છે છેલ્લા ૫ વર્ષની ખરીદીના છે, રાજયના નાગરિકો જે દ્વિચક્રી વાહનો ખરીદ્યા હોય એના જે આકડા છે એમાં ઉચ્ચક વેરો અને ૬ ટકાના દરથી વેરો બંનેની ગણતરી કર્યા પછી નક્કી કરેલો આંકડો છે. ૫ કરોડ રૂપિયા બચશે. કદાચ કોઈ એક જગ્યાએ એવું થાય કે કોઈ નાગરિકને થોડુંક વધારે ચૂકવવું પડે તો બીજાને થોડું ઓછું ચૂકવવું પડે પણ કુલ જે સરવાળો થવાનો છે એ સરવાળો ૫ કરોડ રૂપિયાની બચતનો થવાનો છે એટલે આનાથી મધ્યમવર્ગના નાગરિકને ફાયદો થવાનો જ છે. કદાચ મોંઘી મોટર સાઇકલના રેટથી ગણતરી કરવામાં આવે તો એ શકય છે કે વેરો વધે પરંતુ કુલ મળીને એને ફાયદો થવાનો છે.એટલે હું વિનંતી કરું છું કે આ બિલને બધા જ સભ્યશ્રીઓ સમર્થન કરે અને પસાર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૦૬ના મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૧૧, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૦૬ના મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૦૬ના મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.**

**સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૫**
**મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૬**
**મુંબઈ વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૦૬ના મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૦૬ના મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક્નું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા બજૅટમાં ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીમાં રાહત આપવામાં આવી હતી. એ જે બધી રાહતો આપી છે તે આ બિલ દ્વારા પ્રસ્તુત કરી છે. શહેરી વિસ્તારમાં રહેઠાણ માટે અને શિક્ષણ માટે ૩૫ ટકા ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી હતી એ ઘટાડીને ૩૦ ટકા કરવામાં આવી છે. આમ ૬૫ કરોડની રાહત આશરે ૭૦ લાખ ગ્રાહકોને મળશે. નાની દુકાનો જેવી કે, એસ.ટી.ડી. પી.સી.ઓ., પ્રાઈવેટ લેબોરેટરી, ફોટો કોપીઅર, વેજિટેબલની દૂકાન, બુક સ્ટોલ, પાનનો ગલ્લો આ બધા રેસિડયુઅલ કેટેગરીમાં અમે ૫ ટકાની ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીમાં ઘટાડો કર્યો છે. આમ કરીને ૪૭ કરોડની રાહત આ બિલ દ્વારા આપવામાં આવી છે. જે હોલ, ઓડિટોરિયમ, થિયેટરની કેટેગરી હતી એમાં ૩૫ માંથી ૩૦ ટકા કર્યા છે. ટુરિઝમ ઈયરને ધ્યાનમાં રાખીને હોટલ અને રેસ્ટોરન્ટમાં ૩૫ ટકામાંથી ૩૦ ટકા કર કરવામાં આવ્યો છે. આવી રીતે કુલ રાહત ૧૨૦ કરોડની આપી આશરે ૮૦ થી ૮૩ લાખ ગ્રાહકોને લાભ મળશે. મેક્સિમમ ઈલેક્ટ્રિસિટી ડયૂટી જે ૩૫ ટકા હતી એ ૩૦ ટકા કરવામાં આવી છે. આ રાહતો કરવામાં આવી છે એને સર્વાનુમતે પસાર કરો એવી વિનંતી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે, હાલ ૨૦૦૫માં એમણે વિગતો કહી છે કે ૪૫ ટકાના બદલે ૩૫ ટકા કરી છે. હાલમાં ૩૫ ટકામાંથી ૩૦ ટકા કરી છે. કરોડો રૂપિયાની રાહતોની વાતો થાય છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આપણે જે શહેરી વિસ્તારના રહેઠાણ અને શિક્ષણ યોજના માટે આપણે કર્યું હતું અને એના અંદર જે રાહતો આપવામાં આવી છે, ગ્રામલક્ષી વિસ્તારમાં એકપણ ગ્રાહકને આમાં લાભ મળવાનો નથી. આ બધું જે છે એ શહેરી વિસ્તારલક્ષી છે. ખાસ કરીને આની અંદર કેશુભાઈ સાહેબની સરકારમાં બે વર્ષ ૧૦૦ યુનિટ માટે ૫૦ ટકા રાહત આપવાની વાત કરી હતી એ પણ પાછી ખેંચીને આજે મલ્ટિનેશનલ હોટલના માલિકોને અને સંચાલકોને આનો લાભ થવાનો છે. કોઈપણ સરકાર એના બજેટની અંદર એવું કંઈક લઈને આવે જેના કારણે ૭૦ ટકા લોકો જે ગામડાંમાં રહેતા હોય એને ફાયદો થવો જોઈએ. આજે જે સરકાર રાહતો ગણાવે છે એ માત્ર અમુક ટકાના લોકોને જ ફાયદો થવાનો છે. ૭૦ ટકા લોકો જ્યારે ગામડાંમાં રહેતા હોય ત્યારે સરકારે આ બાબતની કોઈ યોજના એની અંદર દાખલ કરી નથી. નાના નાના દુકાનદારોને જે રાહત આપવાની વાત કરી છે પણ જે પ્રમાણમાં સિનેમાગૃહો એટલે પ્રેક્ષકને ૧૦ કરોડની રાહત આપી છે. માત્ર મંત્રીશ્રીને વધારે નહિ કહેતા રિકવેસ્ટ કરું છું કે આ બિલની અંદર સરકારે જે રાહત આપી છે એને આવકારીએ છીએ પણ જે ગ્રામ્ય વિસ્તારને જો રાહત આપી હોત તો અમને એમ થાત કે સરકાર ખરેખર ચિંતા કરે છે. આટલી મોટી રાહતો બીજી રીતે અપાતી હોય અને જે યોજના કેશુભાઈ સરકારમાં ચાલતી હતી એ પણ બંધ કરી છે તો હું સરકારને વિનંતી કરું છું ગ્રામ્ય વિસ્તારમાં પણ અમારું ખાસ સૂચન સ્વીકારે અને એમાં પણ રાહત આપવામાં આવે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બલવંતસિંહજીએ જે વાત કરી, વર્ષોથી જો કોઈએ રાહત આપી હોય તો આ છેલ્લા પાંચ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે. કોંગ્રેસ જ્યારે રાજ કરતું હતું ત્યારે ૪૫ વર્ષમાં એમણે તો વીજળીના electricity duty વધારી વધારીને લોકો પાસેથી લીધા છે. એક જમાનો હતો કે ૬૫ ટકા આજની તારીખમાં જે રૂરલની વાત કરી રહ્યો છું. હું સ્પષ્ટપણે કહું કે residuary એટલે કે જે ગણીએ residuary એ ગામડાંમાં પણ આવે, પાનનો ગલ્લો આવે, દુકાન ગામડાંમાં પણ આવે એટલે એ લોકોને પણ લાભ મળવાનો છે. ગામડાંના ઈલૅક્ટ્રીસિટી જે રેટ છે એ પહેલાથી ઘણા ઓછા કર્યા છે એટલે આ વખતે residential શહેરના બાકી રહ્યા હતા એ કરવામાં આવ્યા છે, residuary જે મોટાભાગના છે એ ગામડાંના છે એટલે જે ચિંતા વ્યકત કરી છે એ અમને પણ છે. ધીમે ધીમે હજુ પણ ઘટાડીશું એવું અમારું આખું આયોજન છે અને જે ૬૦-૬૫ નું ૩૦ ટકા કરવામાં આવ્યું એ આવતા દિવસોમાં આનાથી પણ ઓછું કરવાના છીએ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

---

* વિધેયક તા.૧૮મી માર્ચ, ૨૦૦૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૫ નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૫ નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક:૧૫ નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૭.
## ગુજરાત (હોટૅલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર (સુધારા) વિધેયક, ૨૦૦૬
## ગુજરાત (હોટૅલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૦૬નું ગુજરાત (હોટૅલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર (સુધારા) વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૦૬નું ગુજરાત (હોટૅલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ જાહેર કરેલ છે ત્યારે આ પ્રવાસન વર્ષમાં ગુજરાતની હોટૅલો અને ખાસ કરીને ઓછા ભાડેથી આપવામાં આવતી રૂમો ઉપર ટેક્સનું સરળીકરણ કરવા માટેની એક વિચારણા ચાલતી હતી અને એના અનુસંધાને કર માળખાની વ્યવસ્થા સરળ બનાવવાની સાથોસાથ બાકીના જે આ પ્રકારના ઉદ્યોગો સાથે સંકળાયેલા છે એમને પણ વહિવટી સરળતા પ્રાપ્ત થાય એ પ્રકારે અને પ્રવાસન વર્ષને ઉત્તેજન મળે, પ્રવાસન વર્ષમાં તેને વધુ સક્ષમતા તરફ આગળ લઈ જઈ શકીએ, અનેક-વિધ વિચારણા સાથે આ હોટૅલોના સુખ સુવિધા કરમાં ઘટાડા સાથે રાજય સરકાર ગુજરાત સુખ સુવિધા કર વિધેયક ૨૦૦૬ લઈને અહીંયા આવી છે. આ બીલથી રૂપિયા ૫૦૦થી ઓછા રૂમ ટૅરિફ ધરાવતી હોટૅલને સુખ સુવિધા કરમાંથી સંપૂર્ણ મૂકિત આપવામાં આવી છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ રજૂ કરેલા ૨૦૦૬-૦૭ના અંદાજપત્રીય પ્રવચનમાં સુખ સુવિધા કર માળખામાં સરળીકરણ કરવા ઉપર ભાર મૂકીને સુખ સુવિધા કરના દરોમાં મોટા પ્રમાણમાં ઘટાડો કરવાની જાહેરાત કરેલી. સુખ સુવિધા કર હાલ વ્યકિત દીઠ લેવાય છે તેના બદલે રૂમ દીઠ, રૂમની જાહેર કરેલ ટૅરિફ ઉપર ઉચ્ચક કર લેવા તથા હાલના કર માળખાને સરળ બનાવવા હેતુસર આ દરખાસ્ત અત્રે આ બીલમાં કરાયેલ છે. આ દરખાસ્તથી રૂમ દીઠ દરરોજ રહેવાનો ચાર્જ રૂપિયા ૫૦૦ સુધીનો હોય ત્યાં કોઈપણ પ્રકારનો કર રહેશે નહીં અને સંપૂર્ણપણે કરમાંથી મૂકિત આપવાની દરખાસ્ત છે. રૂમ દીઠ દરરોજ રહેવાનો ચાર્જ રૂપિયા ૫૦૦થી વધારે હોય પરંતુ ૨૦૦૦થી વધુ ન હોય તો જાહેર કરેલ સરેરાશ ટૅરિફની પચાસ ટકા ઓકયુપન્શી મુજબ કરેલ એકત્રિત ચૂકવણી ઉપર ૫ ટકા કર લેવાની દરખાસ્ત છે. રૂમ દીઠ દરરોજ રહેવાનો ચાર્જ રૂપિયા ૨૦૦૦થી વધારે હોય તો જાહેર કરેલ સરેરાશ ટૅરિફની પચાસ ટકા ઓકયુપન્શી મુજબ કરેલ એકત્રિત ચૂકવણી ઉપર ૮ ટકા કર લેવાની દરખાસ્ત છે. જાહેર કરેલ ટૅરિફ ખરેખર એકયુપન્શી મુજબની ચૂકવણી ઉપર પણ જો એ ધારે તો એ પ્રકારનો લાભ કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, હોટૅલ એસોસિએશનની ઘણા લાંબા સમયથી એમની એક માગણી હતી કે, જે બીલ બનાવવામાં આવે છે એમાં ટેલિફોન જે કોઈ ગ્રાહકોએ કર્યા હોય તો એ ટેલિફોન ચાર્જીસ ઉપર સુખ સુવિધા કર ન લેવો જોઈએ, આ બીલમાં એ બાબતનો સમાવેશ કરવામાં આવ્યો છે. ટેલિફોન ચાર્જ ઉપર ચૂકવેલ કર ન વસુલવાનો સુધારો અહીંયા લઈને આવ્યા છીએ. પત્રકો જે ભરવામાં આવતા હતા એમાં પણ સરળીકરણ કરવાનું કર્યુ છે સાથોસાથ જે હોટૅલોમાં કમ્પ્યુટરાઈઝેશનની વ્યવસ્થા નથી એમને કમ્પ્યુટરાઈઝેશનને પ્રોત્સાહન આપવાની સગવડ પણ આ બીલથી કરવામાં આવી છે. આ બીલના કારણે લગભગ રાજય સરકારને ત્રણ કરોડની આવક ગુમાવવાનો અંદાજ છે પરંતુ સાથોસાથ સુખ સુવિધા કરનો બોજો ઓછો થશે, પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન મળશે, પ્રવાસીઓ વધારે આવશે. તો બાકીની રાજય સરકારની આવકમાં પણ વેગ પ્રાપ્ત થાય અને ખરેખર સાચા અર્થમાં એને આપણે યોગ્ય સ્વરૂપમાં મૂકી શકીએ એ પ્રકારનો આ બીલમાં હાર્દ રહેલો છે. ટેલિફોન ચાર્જનો

---

* વિધેયક તા.૨૧મી માર્ચ, ૨૦૦૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સમાવેશ, નિવાસ ચાર્જમાંથી રદ કરવાનો રહેશે અને એની સૈદ્ધાંતિક મંજૂરી માટેની આમાં જોગવાઈ કરેલી છે. આ ઉપરાંત જે હોટેલો પાસે કમ્પ્યુટરાઈઝેશનની સુવિધા નથી તેવા એકમોને કમ્પ્યુટરાઈઝેશન માળખાની જાળવણી, હાર્ડવેર માટે ખરેખર ખર્ચ સામે રૂપિયા ૩૦,૦૦૦ની મર્યાદામાં સુખ સુવિધા કરની માસિક ભરવા પાત્ર કરમાંથી ત્રણ ટકા લેખે ક્રમશઃ પ્રોત્સાહન આપવાની પણ આ બીલમાં જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હોટલના રૂમનું બુકીંગ કરવામાં ગ્રાહકોને આને કારણે સરળતા રહેશે. એની સાથેસાથે હિસાબી પદ્ધતિ પણ પારદર્શક બનશે. એમાં કુલ ત્રણ સુધારા કરવામાં આવ્યા છે. રૂમના દર જે પ્રકારના રહેલા છે જેમાં ૫૦૦ રૂપિયાવાળાને સંપૂર્ણપણે કરમુકિત, ૨૦૦૦ ઉપરનાને બંને વિકલ્પ આપ્યા છે. એને વિકલ્પ પસંદગી અને સરળીકરણની સાથેસાથે કોમ્પ્યુટરાઈઝ પદ્ધતિ અને ટેલિફોન ચાર્જમાંથી મુકિત. આ બીલને કારણે ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન મળશે અને લોકો આગળ આવશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત હોટેલ અને નિવાસગૃહ સુખ સુવિધા કર અંગેનું જે માનનીય મંત્રીશ્રી બીલ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું. આપણે પ્રવાસન વર્ષ ઉજવી રહ્યા છીએ અને જ્યારે આવનારા વર્ષોમાં હોસ્પિટાલીટી ઈન્ડસ્ટ્રી અને લીઝર ઈન્ડસ્ટ્રી એ ખૂબ જ મહત્વનો, રોજગારી આપતો ઉદ્યોગ બનવાનો છે ત્યારે એના માટે ખૂબ દીર્ઘદ્રષ્ટિ વાપરી અને નવી નીતિ, નવી કરમાળખાકીય વ્યવસ્થા ખૂબ અગત્યની હોય છે. ૫૦૦ રૂપિયા સુધીના જે રૂમો છે એને કરમાંથી મુકિત આપી છે. એ આવકારદાયક પગલું છે. આપણે જાણીએ છીએ એ રીતે ગુજરાતે આ ક્ષેત્રમાં ઘણું બધું કરવાનું બાકી છે. ગુજરાત પાસે પોટેન્શીયલ ખૂબ મોટો છે. પોટેન્શીયલ મોટો હોય તો એને exploit કરવા માટે બીલ એ પ્રકારે આવેલ હોવું જોઈએ કે જે આ ઉદ્યોગને ચાલકબળ પૂરું પાડે અને સુખ સુવિધા કર પણ જે સુખ સુવિધા વધારે આપે એ પ્રમાણે એને મોટીવેશન પણ આપતું હોવું જોઈએ. માત્ર ટેક્ષનું માળખું સુધારવાથી કે ૫૦૦ રૂપિયા સુધીના રૂમને મુકિત આપવાથી આ ઉદ્યોગને એનો ફાયદો મળવાનો નથી. માત્ર ૧-૨ વ્યકિત કે વ્યકિતગત ફાયદો અચૂક થશે. પણ સુખ સુવિધા કર છે એ હોટેલમાં સુખ સુવિધા કેટલી વધારે અપાય છે, કેટલી વેલ્યુએડેડ સર્વીસ વધારે આપે છે. એને સાંકળીને સુખ સુવિધાનું માળખું એ પ્રકારે ગોઠવેલું હોવું જોઈએ અને આપણે ત્યાં જે આ પ્રકારના ઉદ્યોગો છે, આ પ્રકારના વ્યવસાય છે એ કોમ્પીટીટીવ નથી. આપણા કરતાં પણ જે રાજયો પાછળ છે, પછાત છે એ રાજયોની હોસ્પિટાલીટી ઈન્ડસ્ટ્રી છે એ ખૂબ સારું કામ કરે છે. એને કારણે એમાં ટુરીસ્ટ પોટેન્શીયલ વધે છે. મંત્રીશ્રીએ હેતુ બતાવ્યો અને નાણામંત્રીશ્રીએ બજેટ પ્રવચનમાં એમ કહ્યું કે આ વર્ષ પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાના છીએ અને એને ભાગરૂપે સુખ સુવિધા કરની જે દરખાસ્ત છે એમાં ફેરફાર કરવાના છે પણ આ દરખાસ્તોથી આપણી જે હોસ્પિટાલીટી ઈન્ડસ્ટ્રી છે એને કોઈ ચાલકબળ મળવાનું નથી અને સુખ સુવિધા એટલે જે હોટલ છે, યુનિટ છે એમાં વેલ્યુએડેડ સર્વીસ કેટલી અપાય છે, જે વેલ્યુએડેડ સર્વીસ વધારે આપતા હોય તો ટેક્ષના માળખામાં વધારે રાહત આપવાની જરૂર છે. જે હોટેલમાં પાર્કિંગ ન હોય, જેની અંદર સેનીટેશન વ્યવસ્થા બરાબર ન હોય, મનોરંજન બાબતની વધારે સુવિધા ન હોય છતાં એ બેનીફીટ લે એ વ્યાજબી નથી. પણ આ જ યુનિટો એની અંદર expand કરે. વ્યવસ્થાની અંદર થોડો ઘણો તો એને સુખ સુવિધા કરની અંદર રાહતો અપાવવી જોઈએ. આ માળખાની અંદર આ પ્રકારની મોટીવેશનનો સંપૂર્ણ અભાવ છે.

દરિયા કિનારો ૧૬૦૦ કિ.મી. જેટલો આપણી પાસે છે. આખા ભારતનો ૧/૩ દરિયા કિનારો આપણી પાસે છે. અનેક હિલ સ્ટેશનો આપણી પાસે છે. આ દેશનું જે રણ પ્રદેશ છે, એમાં સૌથી વધારે જો રણ પ્રદેશ ધરાવતું રાજ્ય હોય તો એ આપણું રાજ્ય છે. આપણે ત્યાં નેશનલ પાર્ક પણ આવેલા છે અને એ નેશનલ પાર્ક જોવા માટે બહારથી લોકો આવે છે. આ જગ્યાએ જો હોટલો હોય અને એ પણ ખૂબ મોટી ગજાની છે. જે આખી એક આઈકોન બની શકે એ પ્રકારનો ઉદ્યોગ કોઈ સ્થાપવા માગતા હોય એ પ્રકારની Leisure ઈન્ડસ્ટ્રિઝ, આખો કોમ્પ્લૅક્ષ બનાવવા માગતા હોય એને કોઈ સુવિધા વધારાની આપવાની, કોઈ રાહતો આપવાની આ બિલની અંદર કોઈ જોગવાઈ નથી. દરિયા કિનારો છે, એના ઉપર હોટેલો નવી આવે અને સ્પૉર્ટસ રિલેટેડ હોટલ, સ્પૉર્ટસ ઈન્ડસ્ટ્રિઝ બનાવતા હોય તો સંપૂર્ણ માફી આપવી જોઈએ. એ આની અંદર જોગવાઈ નથી અને જ્યાં ટુરિસ્ટ માટેના સ્પૉર્ટસ છે, ત્યાં હોટેલ આવેલ છે, એ હોટેલ હંમેશા સિઝનલ ચાલતી હોય છે અને એનો રેટ સામાન્ય રીતે બીજાના રેટ કરતા થોડો વધારે હોય પણ સિઝનલ હોય છે અને મોટે ભાગે આ પ્રકારની ટુરિસ્ટ સ્પૉર્ટસ પરની જે હોટેલો છે, એને ઓક્યુપન્સી રેટ ૩૫, ૪૦ ટકા આવતો હોય છે અને એના કારણે આ ટેક્સના જે નવા માળખાની અંદર ૫૦૦ ઉપરના ૫૦ ટકા કરતા ૫૦ ટકાનો સ્લેબ ગણી જે ફિક્સ રેટ રાખ્યો છે, એના કારણે આ ઉદ્યોગ સાથે ટુરિસ્ટ ઉદ્યોગની જે હોટેલો એ એમની સાથે સંકળાયેલી છે, એમને નુકસાન જવાનું છે, પણ જે રુટિન હોટેલ છે, જે ટુરિસ્ટ કરતા વ્યવસાયની સાથે આવનારા લોકો સાથે અથવા કોઈ કામે વ્યવસાયિક બીજાં કારણોસર ઉપયોગ થાય છે, એ હોટેલને વધારે ફાયદો મળવાનો છે, જ્યારે ટુરિસ્ટ સાથે સંકળાયેલ હોટેલ, યુનિટોને નુકસાન જવાનું છે. રાજ્યના હિતની અંદર ટુરિસ્ટ પ્રમોશન જો આપણે મોટા પાયે કરવું હશે તો એ માત્ર ઉત્સવના કારણે નહિ આવે, એમાં ભલે આપણું સેલ્ફ પ્રમોશન થતું હશે, રાજ્યના ટુરિસ્ટ ઉદ્યોગનું પ્રમોશન હશે તો એના માટે જે લોકો વેલ્યુ એડેડ સર્વિસીસ આપે એમને ચોક્કસ મોટા પાયે રાહતો

આપવી જોઈએ અને જો મોટા પાયે રાહતો આપીએ તો ગુજરાત ટુરિસ્ટ ઉદ્યોગની અંદર બીજાં રાજ્ય કરતાં પાછળ છે, એની અંદર રાજ્યને લાભ મળી શકે અને એનાથી આપણે ત્યાં રોજગારી માટેનું એક ભવિષ્યની અંદર નિમાર્ણ કરવા માટેનો એક મોટો ઉદ્યોગ બનાવી શકીશું અને એની અંદર પણ આપણે ફાયદો કરાવી શકીએ અને ટુરિસ્ટ સ્પૉર્ટસ છે, એવી જગ્યા ઉપર આવેલ છે, જે જગ્યાની અંદર મોટા ભાગે ઉદ્યોગ આવતા હોય, આદિવાસી બેલ્ટ હોય, રણ વિસ્તાર હોય, દરિયાકિનારાનો વિસ્તાર હોય તો એ જગ્યા ઉપર પોટેન્શિયલ વધારે છે. હું આપના મારફત રાજ્ય સરકારને વિનંતી કરવા માગું છું કે આખું રેશનલાઈઝ માળખું એવી રીતે લેવામાં આવે કે જે સુખ સુવિધા કર છે, એનો ઉપયોગ એ આ નવા યુનિટો સ્થાપવામાં એ યુનિટોને વેલ્યુ એડેડ સર્વિસીસ આપવામાં અને આખા ટુરિસ્ટ મેપને ધ્યાને લઈને કરવામાં આવે તો અમે જરૂરથી આવકારીશું, પરંતુ આ તો માત્ર જે ટુરિસ્ટ સાથે સંકળાયેલ યુનિટો નથી એને ધ્યાનમાં રાખી માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે ૩ કરોડનો સરવાળે ફાયદો થવાનો છે, પણ એવો કોઈ ફાયદો મળવાનો નથી. જે ઉલટાનું ટુરિસ્ટ પ્લેસીસ ઉપર હોટેલ ઉદ્યોગ છે, એમને તો આનાથી નુકસાન જવાનું છે, એટલે આ દરખાસ્ત સાથે સંમત થઈ શકાય એમ નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત હોટલ અને નિવાસગૃહ સુખ સુવિધા કર સુધારા વિધેયક લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઈને આવ્યા છે તેમાં આજની તારીખમાં જે કર ચાલતા હતા તે ૨૦૧ થી ૪૦૦ રૂપિયા સુધીના ૭.૫ ટકા હતા અને તેની અંદર આપણે એવો સુધારો કર્યો છે કે ૫૦૧ થી ૨૦૦૦ રૂપિયા સુધીમાં ૫૦ ટકા રૂમોમાં ૫ ટકા અને ૪૦૧ થી ૬૦૦ સુધીની અંદર આપણે ચાલુ કર જે દસ ટકા લેવાતો હતો અને ૨૦૦૧ થી ૫૦ ટકા રૂમોમાં ૮ ટકા કર્યો છે અને ૬૦૧ થી ૧૫ ટકા હતા તેની ઉપર ગમે તેટલો હોય તેના ૧૨.૫ ટકા કર્યો છે. એક બીજું એવું બતાવવામાં આવ્યું કે કરની રાહત આપીએ છીએ. માનનીય મંત્રીશ્રીનું મારે ધ્યાન દોરવું છે કે જ્યારે આપણે ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઉજવતા હોય ત્યારે અને સમગ્ર ભારતની અંદર જઈને આપણે બધા લોકોને કહીએ કે ગુજરાતમાં આવો અને ગુજરાતના અમારા પ્રવાસધામ જુઓ. તેમાં આપણે ઘણા લોકોને કહીએ છીએ કે અમે સુવિદ્યા કરતા હોઈએ છીએ. ત્યારે મારે એક બાબત પ્રત્યે ધ્યાન દોરવું છે કે ૨૦૦૧ના આંકડા પ્રમાણે ૨૦૫૭૩ હોટલો અને રેસ્ટોરન્ટો છે. તેમાં ખાસ કરીને અમારા ગ્રામ્ય વિસ્તારમાં ૮૦૫૩ છે અને શહેરી વિસ્તારમાં ૧૨૫૨૦ છે. જે વિસ્તાર મોટા ભાગનો છે તે શહેરી વિસ્તાર છે. ખાસ કરીને મોટી મોટી જગ્યાઓ આવેલ છે તે અમદાવાદમાં ૨૬૫૧, રાજકોટમાં ૧૧૪૮, જામનગરમાં ૧૦૯૯, વડોદરામાં ૧૦૪૮ જે મોટી મોટી જગ્યાઓ આવેલ છે ત્યાં મોટી મોટી હોટલો છે. મારો કહેવાનો ઉદ્દેશ એ છે કે ઘણી વખત છેલ્લા બે-ત્રણ-ચાર વર્ષમાં કર તરફ અને આવકો તરફ જોયું તો ૨૦૦૩માં ૧૦ કરોડ ૧૩ લાખ આવક થઈ, ૨૦૦૩-૦૪માં ૧૩ કરોડ ૯૪ લાખ થઈ અને ૨૦૦૪-૦૫ માં ૧૭ કરોડ ૯૪ લાખ થઈ. આપણે જયારે પ્રવાસન વર્ષ ઉજવીએ છીએ તેવા સમયમાં ૨૦૦૫-૦૬ના નવેમ્બરની પાંચ તારીખ સુધીમાં ૧૪ કરોડ અને ૮૫ લાખ આમ આમાં વધઘટ થતી હોય છે. મારું સૂચન છે કે પહેલાં વ્યકિતદીઠ વેરો લેવાતો હતો તે આજની તારીખે રાજય સરકારે રૂમદીઠ કર્યો છે. ખરેખર એક વ્યકિત હોય તેને ફાયદો થાય. આજની પરિસ્થિતિમાં રૂમદીઠ થઈ જવાથી વેરાની અંદર એક વ્યકિતને નુકસાન થાય છે. તેમાં માત્ર થોડો સુધારો રાજય સરકારને સૂચવું છું. રાજય સરકારે હાલ હોટલ, લોજ, રેસ્ટોરન્ટ અને ગેસ્ટહાઉસની અંદર વ્યકિતદીઠ લેવાને બદલે રૂમદીઠ ઉચ્ચક વેરો જાહેર કર્યો છે તેમાં કંઈક નક્કી કરવું જોઈએ તો ફાયદો થાય. ફાઈવ સ્ટાર હોટલો, મોટી હોટલોમાં ૧૨.૫ ટકા કર્ટો છે. પણ અમારા જે ગામડાના વ્યકિતઓ આવવાના હોય ત્યાં સાહેબ પહેલાં વેરો ન હતો તેની જગ્યાએ રૂમદીઠ વેરો ભરવાનું નક્કી કરવાથી તેને નુકસાન થાય છે. તો તેમાં ઉચ્ચક વેરાઓ નક્કી કરવા જોઈએ તેવું સૂચન છે. આજે ગામડાઓ અને શહેરોમાં જે તફાવત છે તો આ જે હોટલો છે તેમાં વધુ પડતી રાહતો આપવામાં આવે તેવું મારું સૂચન છે. જે પ્રમાણે રૂમો પ્રમાણે ટૅરિફનું આયોજન કર્યુ છે એટલે ટકા પ્રમાણે ઉચ્ચક પહેલેથી જ ભરવાનું નક્કી કર્યુ છે. તેમાં એક નમૂનો આપું છું. રાજય સરકારે ૫૦૧ થી ૨૦૦૦ રૂપિયા સુધી રૂમવાળા ભાડાની હોટલોમાં રૂમ ૫૦ હોય તો ઉચ્ચક વેરો ૫ ટકા જાહેર કર્યો છે. એટલે ૧૦૦ રૂમો હોય તો ટકાવારી પ્રમાણે ઘણો મોટો તફાવત થાય છે. દા.ત. ૫૦૦ રૂપિયાવાળા ૫૦ રૂમ છે અને ૧૦૦૦ રૂપિયાવાળા ૨૫ રૂમ છે અને ૨૦૦૦ રૂપિયાવાળા ૨૫ રૂમ છે તેમાં સરેરાશ વેરો છે તે સાહેબ ૧૧૬૬ રૂપિયા થાય. એટલે કે ૫૦ રૂમોવાળી હોટલમાં જે ૨૫ રૂમો ઉપયોગમાં લેવાય છે તેમાં વેરાની જોગવાઈ કરવામાં આવી છ. તો આ કયા પ્રકારનું છે? ખાસ સૂચન કરવું છે કે રાજ સરકાર જોગવાઈમાં નવો ઉમેરો કર્યો છે તે પ્રમાણે કલમ-૩(ખ) ની અંદર દરેક માલિકે દરેક રૂમના સંબંધે હોટલમાં આપતા સુખ સુવિધા કર દર કલેકટરને લેખીતમાં કરવા પડશે.

મારે એ સુધારો કરવવો છે કે આ જોગવાઈ આવકારદાયક છે, પરંતુ રાજય સરકારનો હોટલના માલિકોનો જે જવાબ લેખિત આપે તો એના કારણે હોટલની બધી જાહેરાત/ધંધો તો એ થઈ જાય તો એ આપી શકાય કે કેમ, હોટલમાં કોણ આવ્યો, કોણ રોકાયા હતા, શું હતું, ફલાણું હતું એ બધી વિગતો આપવામાં આવે તો આ એક છે અને હું તો આ પ્રમાણે એક સુધારો મૂકું છું કોઈ માલિક, હોટલમાં આપવામાં આવતી કોઈ

સુખ સુવિધા માટેના ચાર્જનો દર સુધારવા માગતો હોય ત્યારે, તેણે એવા સુધારેલા દર અમલી બનાવવાની તારીખથી સાત દિવસ પહેલાં કલેક્ટરને તેની જાણ કરવી જોઈશે . આવા શબ્દો મૂક્યા છે એમાં મારે સુધારો મૂકવો છે કે મારા મતે ચાર્જ સુધારવા માગતા હોય તો કલેકટરશ્રીની મંજૂરી લેવી અને મંજૂરી મળ્યા બાદ સુધારેલા દર -કર ભરવાની જવાબદારી રહેશે નહીં તો ભાવ વધારી શકશે નહીં.

છેલ્લે, રાજય સરકારે રૂમ દીઠ ચાર્જ- કર દીઠ આપવા માટે હોટલો-ઉદ્યોગોને રાહતો માટેનો પ્રયત્ન કર્યો છે. એનાથી નાના નાના હોટલો- ઉદ્યોગોને નામ માત્રનો ટેક્સ કરવો પડશે. એટલે ખાસ કરીને મારે એટલું જ કહેવું છે કે, રાજય સરકારે આમાં કરની વાત કરી છે કે અમે રાહત આપી છે પણ મારી દૃષ્ટિએ આમાં રાહતો આપવામાં આવતી નથી અને ખાસ કરીને મારે સૂચન એ કરવું છે કે, પ્રવાસ ધામ હોય તો કમસેકમ પ્રવાસધામના ત્યાં આગળ જે રેસ્ટોરંટો અને એ બધા છે એની અંદર જો ટેક્સ માફ કરવાનો, માનનીય અધ્યક્ષશ્રી, તમામ હોટલના ત્યાં આગળ કર્યો હોત તો મને લાગત કે ખરેખર આ સુવિધા સારી કરી છે, ખાસ કરીને હું સિધ્ધપુરનું ઉદાહરણ આપું તો સિધ્ધપુર એ માતૃક્રિયાનું સ્થળ છે ત્યાં આગળ આવી સુવિધાઓ આપવામાં આવી હ ોત તો મને એમ લાગત કે આ બિલ ખરેખર આવકારદાયક છે એટલે આ રાહતો આપવાની જે વાત છે એ મને યોગ્ય લાગણી નથી એટલા માટે હું આ બિલની સાથે સહમત થઈ શકતો નથી.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હોટલ સુખ સુવિધા કરમાં જે ફેરફાર સાથીની દરખાસ્ત આ બિલમાં લાવ્યા છીએ એમાં વિપક્ષના નેતાશ્રી અને માનનીય સભ્યશ્રી બલબંતસિંહે એમના વિચારો વ્યક્ત કર્યા છે. રાજયમાં પ્રવાસન વર્ષ ૨૦૦૬ ઉજવી રહ્યા છીએ અને પ્રવાસન વર્ષ દરમિયાન એક જનભાગીદારીને જોડીને ગુજરાતના પ્રવાસન ઉદ્યોગોને ઉત્તેજન આપવા માગીએ છીએ એવા સમયે બંનેના જે કોઈ હકારાત્મક વિચારો છે એની મેં નોંધ લીધી છે અને એને ઉપયોગમાં લઈ શકાય એ માટેના પ્રયત્ન ચોક્કસપણે કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણેની રાહતો આપી છે એ સ્પષ્ટપણે જણાઈ આવે છે કે પહેલાં ૨૦૦ રૂપિયા સુધીનો માનનીય બળવંતસિંહે ઉલ્લેખ કર્યો હતો એ મુજબ માફી હતી અત્યારે ૫૦૦ની માફ થઈ છે એટલે એમણે જે કહ્યું એ મને ખબર નથી કે એ માનનીય સભ્યશ્રી આંકડા કયાંથી લાવ્યા છે? સુખ સુવિધા કર ભરતી હોટલ ૬૨૫ જેટલી છે અને એમાં આ ૫૦૦ રૂપિયા દર સુધીના રુમ ધરાવતી હોટલો અનેક પ્રકારની છે એને સીધો જ ફાયદો ડોમેસ્ટીક ટુરીઝમને અને સ્થાનિક નાના નાના ઉદ્યોગકારોને પ્રાપ્ત થવાનો છે, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે લાગણી વ્યક્ત કરી એમાં કદાચ મને લાગે છે કે, એમણે બિલ ઉપર પૂરી દૃષ્ટિ નાખી નથી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓના હાર્દ સાથે હું સહમત છું પણ ૨૦૦૦થી ઉપરના રૂમના જે ચાર્જ છે એમાં જાહેર કરેલા સરેરાશ ટૅરિફ પ્રમાણે રોકાણના ૫૦ ટકાના આધારે કરાયેલ એકત્રિત ચૂકવણી પરની સાથે વિકલ્પ પણ આપેલ છે સરેરાશ ઓકયુપંચની ચૂકવણી ઉપર પણ એ પોતે વેરો ભરી શકશે એટલે આ રીતે એની પાસે બે વિકલ્પો રહેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, કલેક્ટર જે જિલ્લામાં આની ઓથોરિટી અને બાકીની રહે છે..(અંતરાય) માનનીય અર્જુનભાઈના હાર્દ સાથે હું સહમત છું કે હોટલમાં જેટલી પણ વધારે ચાહે હોટલ હોય એની વેલ્યુએડીશન કરવામાં આવશે ત્યારે ફાયદો તો પ્રવાસન ઉદ્યોગને થવાનો છે. એમના સૂચનો પણ ચોક્કસપણે પ્રવાસન વર્ષ નિમિત્તે ધ્યાનમાં રાખ્યા છે, સાથે સાથે બંનેના જે સૂચનો છે એ રાજય સરકારે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અને માનનીય પ્રવાસન મંત્રીશ્રીએ પણ બજૅટના પ્રવચનમાં અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એમણે બજૅટ રજૂ કરતી વખતે કહેલું જ હતું કે એવા પ્રવાસન સ્થળો રહેલા છે કે અત્યાર સુધી ત્યાં રહેવા માટેની વ્યવસ્થા નથી, પ્રવાસન વર્ષમાં આપણો મુખ્ય આશય રહેલો છે કે સમગ્ર દેશમાં અને વિશ્વમાંથી પ્રવાસીઓ આવે અને જુએ અને કોઈપણ સ્વરૂપે કોઈને કોઈ પ્રવાસના સ્થળે ઊતરે અને એક બે રાત રોકાય અને એ રોકાશે તો જ ટુરીઝમ સૅકટર ડેવલપ થવાના છે અને એવા સ્વરૂપે આવા જે પ્રવાસન સ્થળો રહેલા છે એવા સ્થળો આઈડેન્ટીફાઈ કરીને ત્યાં આ પ્રકારના હોટલ ઉદ્યોગો આવે એના માટેની વ્યવસ્થા પણ આ બિલના કારણે પણ ઊભી થશે, એકંદરે ગુજરાતના આ પ્રકારના કાર્યથી લોકોને લગભગ ત્રણ કરોડ રૂપિયાનો ફાયદો થવાનો છે. આ ફાયદાના કારણે લોકો હોટૅલમાં વધારે ઊતરશે, આ ઉદ્યોગને પ્રોત્સાહન મળશે અને સાથે સાથે કર સુવિધાનું માળખું છે, ચાહે કૉમ્પ્યુટરાઇઝડ સિસ્ટમ હોય કે ચાહે અન્ય બાબત હોય એ સુવિધા અને સરલીકરણના કારણે આ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોને અને પ્રવાસીઓને ચોક્કસપણે ફાયદો થશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૦૬નું ગુજરાત (હોટૅલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૭, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૦૬નું ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૭નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક.૧૬.
## ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક, ૨૦૦૬
## ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી,હું •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક.૧૬ સન ૨૦૦૬ના ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક.૧૬ સન ૨૦૦૬ના ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, મનોરંજન કર અધિનિયમ હેઠળ મનોરંજન કરના દરોમાં સુધારો કરવા બાબતનું આ બિલ રહેલું છે. રાજયમાં આ વ્યવસાયમાં ૩૯૫ જેટલા સિનેમા ગૃહો, ૨૨ જેટલા મલ્ટીપ્લેક્સ સિનેમા ગૃહો અને ૭૫૮ જેટલા વિડિયો ગૃહો અત્યારે છે. રાજય સરકાર દ્વારા સરળ વહીવટ, પારદર્શકતા અને આવકનું માળનું-કરનું માળખું યોગ્ય સ્વરૂપમાં જળવાય રહે એ માટે જુદા જુદા સુધારાઓ સૂચવવા માટે મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં એક કમિટીની રચના કરવામાં આવી હતી. સાથે સાથે ભારત સરકાર તરફથી પણ State Ministers of Information and Cinematographyની બેઠકમાં રાજય સરકાર દ્વારા ૬૦ ટકા કરતા વધુ મનોરંજન કરના દરો ન રાખવા જોઈએ એવું બધા રાજયોને સૂચન કરવામાં આવેલ. આ બધી જ બાબતો ધ્યાનમાં લઈને, સાથે સાથે આ ઉદ્યોગ સાથે સંકળાયેલ જે કોઈ મનોરંજન માટેની બાબત છે એવા ઉદ્યોગને પ્રોત્સાહન મળે એ માટે થઈને મનોરંજન કરના દર ૫૦ ટકાથી ઘટાડી ૨૫ ટકા કરવા માટેની આ દરખાસ્ત લઈને આવ્યા છીએ. જેને કારણે સિનેમા ઉદ્યોગ જે ઘણાં બધા અંશે મૃતઃપાય જેવી સ્થિતિમાં જઈ રહ્યો છે એને નવી તાકાત પ્રાપ્ત થશે અને યોગ્ય સ્વરૂપમાં કાર્યવાહી કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે પહેલ કરીને આ ૨૫ ટકા જેટલો મનોરંજનનો કર દાખલ કર્યો છે એવા સ્વરૂપમાં મધ્યમ વર્ગના લોકો કે જે સિનેમા ગૃહોમાં ટિકિટ લઈને ત્યાં પ્રવેશ પ્રાપ્ત કરે છે એના માટે આશીર્વાદરુપ રહેશે, સાથે સાથે આ ઉદ્યોગ માટે પણ ખૂબ સરલીકરણ થશે. વિડિયો ઉપર લેવાતા કરોમાં જે સુધારા સૂચવ્યા છે એમાં ઉચ્ચક માસિક દર છે એમાં સુધારો બિલમાં સૂચવેલ છે. ખાસ કરીને મનોરંજન કરમાં જે પ્રવતર્માન ૫૦ ટકાના દરો છે. એના ૨૫ ટકા દર કરતા પ્રાથમિક રીતે લગભગ અઢાર કરોડ રૂપિયા જેટલો ઘટાડો થાય એ પ્રકારની શક્યતા છે પણ એની સાથે સાથે પ્રવાસન ઉદ્યોગ અને મનોરંજન બન્ને એકબીજા સાથે સંકળાયેલા છે એવા સ્વરૂપમાં આ મનોરંજન કરમાં આ ફેરફારને કારણે આ ઉદ્યોગની સાથે પ્રવાસન બાબતોને પણ વેગ મળશે. રાજયમાં લગભગ ૭૦૦ થી ૭૫૦ જેટલા વીડીઓ ગૃહ આવેલા છે એના ઉચ્ચક દરમાં ફેરફારની અહીંયા કાર્યવાહી સૂચવેલ છે. મૂળતયા સામૂહિક રીતે મનોરંજન કરમાં સારાએ દેશમાં બધાજ રાજયોએ આ પ્રકારની સરળતા અપનાવી છે એવી કેન્દ્ર સરકારે પણ જે અપેક્ષા વ્યક્ત કરી છે એમાં ગુજરાતની સરકારે આ પહેલ કરી છે અને એ ૨૫ ટકાના દરોના કારણે આ પ્રકારના ઉદ્યોગોને પ્રોત્સાહન પ્રાપ્ત થશે.

---

• **વિધેયક તા.૨૧ માર્ચ ૨૦૦૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું. માનનીય મંત્રીશ્રીએ જે પ્રમાણે કર રાહતોની વાત કરી છે અને આજનો જે સિનેમાગૃહ ઉદ્યોગ છે એના ફાયદાની જે વાત કરી છે હમણાં જ માનનીય મંત્રીશ્રી આંકડાઓ બોલતા હતા. ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને એ વાત કરવી છે કે જે પ્રમાણેના ફાયદા આપ ગણાવો છો, એમાં ૨૦૦૫-૦૬માં ૩૯૫માંથી ૬૬ થિયેટર આજે બંધ થયા છે, મલ્ટીપ્લેક્સ ૨૦૦૪-૦૫માં ૧૬ હતા ૨૦૦૫-૦૬માં ૨૨ હતા એમાં ૬ નો વધારો થયો છે અને ૬૧૦ વીડીઓ ગૃહો હતા એની અંદર પણ આજે ૮૫નો વધારો થયો છે. માનનીય મંત્રીશ્રી જે વાત કરે છે કર રાહતોની જેની ક્ષમતા પ્રમાણેની જે માસિક ૧૫૦૦ હતા ૩૦ સીટ વાળાના એના ૩૦૦૦ રૂપિયા કર્યા છે, ૩૦ થી ૫૦ સીટવાળાના ૨૦૦૦ના ૪૦૦૦ રૂપિયા કર્યા છે, ૫૦ થી ૭૫ સીટવાળાના ૨૫૦૦ના ૫૦૦૦ રૂપિયા કર્યા છે અને ૭૫ થી ૧૦૦ સીટવાળાના ૩૦૦૦ના ૬૦૦૦ રૂપિયા કર્યા છે અને ૧૦૦ થી ૧૨૫ સીટવાળાના ૪૦૦૦ના ૮૦૦૦ રૂપિયા એ પ્રમાણે કરવામાં આવ્યા છે પણ કલમમાં જે ફાયદા બતાવવામાં આવેલ છે એ મોટા મલ્ટીપ્લેક્સ સિનેમાઓને જ આ ફાયદો થવાનો છે આજે જે લોકો ગામડામાં રહે છે અને જે નાના લોકો મધ્યમ વર્ગના છે એમાં ખાસ કરીને આપણે ત્યાં જે ચેનલો આવતી હોય છે એની અંદર સરકારે વધારો કર્યો છે પણ જે લોકો સુખી સંપન્ન છે જે લોકો ૧૫૦-૨૦૦-૫૦૦ રૂપિયાની ટિકિટ ખર્ચી શકે એમ છે એ સિનેમાગૃહનોને કરરાહતોનો મોટો ફાયદો આપ્યો છે અને એને કારણે એને રાજય સરકારે ઘણો બધો ફાયદો કરાવી આપ્યો છે અને જ્યાં નાના આવા થિયેટરો છે અમારે ત્યાં આગળ આવીને જૂઓ એક થિયેટર હોય કે બે થિયેટર હોય એની અંદર વધારો થવાના બદલે એની અંદર નાના શહેરોમાં આ થિયેટરો બંધ થયા છે આ બે ધારી સરકારની નીતિ એક બાજુ આપણે ફાયદાની વાત કરતા હોઈએ અને ગરીબ પ્રજા જ્યાં રહે છે જેને ખરેખર મનોરંજનની જરૂરિયાત છે સવારથી સાંજ સુધી મજૂરી કરતા હોય એને ઘેર આવીને એમ મન થાય કે જઈને મનોરંજન જોઈશું તો ત્યાં આગળ પણ જે ચેનલો ચાલે છે એની અંદર જબરજસ્ત વધારો કરવામાં આવ્યો છે જે મનોરંજન અધિનિયમની કલમ-૬ પેટા કલમ-૩માં જણાવ્યું છે કે કોઈપણ માલિકને કર ભરવાનો હોય ભરવાપાત્ર થતી રકમના ૫૦ ટકાથી વધુ તેટલા દરો અઠવાડિયાના દર થતો હોય તે પછી ગમે તેટલો થતો હોય ગમે તેટલા અઠવાડિયા કર્યા છે મારે એ જણાવવું છે કે મોટા મોટા સિનેમાની અંદર આપણા સિનેમાગૃહ ઉદ્યોગમાં જોઈએ છીએ કે ઘણા બધાના કર બાકી હોય છે હવે આપણે આના બદલામાં આ સુધારો કર્યો છે પણ એક્ચ્યુઅલી મોટા ઉદ્યોગોને ફાયદો થવાનો છે મારે તો સરકારને સૂચન કરવું છે, સરકાર સારી રીતે જાણે છે કે આ બધામાં જેમાં ખરેખર આપણે જે વધાર્યા છે એ ઘટાડવા જોઈએ અને જે સુખી સંપન્ન લોકો ૨૦૦-૫૦૦ રૂપિયા ખર્ચી શકે એમ છે ટિકિટના અને જે મોટા થિયેટરોમાં જઈ શકે એમ છે એ મોટા થિયેટરોને ફાયદો થવાનો છે એને ફાયદાની જે રાહત આપી છે એને નહિ આપીને બીજા નાના થિયેટરોને ફાયદો આપો એવું મારું સરકારને આ પ્રસંગે સૂચન છે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય મંત્રીશ્રી મનોરંજન કરનું બિલ લાવ્યા છે તેને હું આવકારું છું. હું મારા સૂચનો કરું તો આજે શહેરની અંદર મનોરંજન સસ્તું હોવું જોઈએ. મનોરંજનને સરકાર જ્યારે પ્રોત્સાહન આપતું હોય અને મનોરંજનનું માધ્યમ આજે ચેનલો પણ બની ગઈ છે, નાના થિયેટરો પણ બની ગયા છે અને મધ્યમ કક્ષાના અગાઉ જે થિયેટરો હતા તે બંધ થવા લાગ્યા છે અને મલ્ટીપ્લેક્સ થિયેટરો થવા લાગ્યા છે. મલ્ટીપ્લેક્સ થિયેટરોને ખૂબ સરકારે લાભ કર્યો છે. જ્યારે મનોરંજન કરની અંદર નાનો, સામાન્ય, મધ્યમ અને ગરીબ વર્ગ તે ચેનલો દ્વારા પોતાનું મનોરંજન મેળવે છે. આજે ચેનલો દ્વારા જ્યારે તેના કર માળખાની અંદર કલેક્ટર ઑફિસમાં જ્યારે જોઈએ તો કલેક્ટર ઑફિસમાં તેમની સંખ્યા હોય છે અને વર્તમાન શહેરની અંદર પરિસ્થિતિ હોય તેમાં મોટો તફાવત હોય છે. કર માળખું એવુ હોવું જોઈએ કે કયારેય પણ કરદાતાને ચોરી કરવાની ઇચ્છા ના થાય તો એ કર કાયમી ભરી શકે. અમારા સુરત શહેરની વાત કરું ચેનલ દ્વારા જે મનોરંજન કર લેવામાં આવે છે ચેનલોની અંદર સંખ્યા જે કલેક્ટરની અંદર ભરવામાં આવે છે અને ઘરમાં, ઑફિસમાં, રેસ્ટોરન્ટોમાં, દુકાનોમાં તમામ જગ્યાએ આજે ચેનલોના જોડાણ થઈ ગયા છે. કોઈ જગ્યા એવી નથી કે શહેરનું કારખાનું હોય, ઑફિસ હોય, ધંધાકીય સ્થળ હોય, રહેઠાંણ હોય કે ઑફિસમાં કયાંય દુકાન કે ગલ્લા બાકી ના હોય પરંતુ આજના દિવસની અંદર ચેનલના જે ઑપરેટરો હોય તે પોતાના કરના માળખાને સમતુલન રાખવા છૂપાવતા હોય છે. આ સમતુલા છૂપવાવી શું કામ જોઈએ ? જો કરનું માળખું સસ્તું હોય તો એ છુપાવે નહીં. આની અંદર એક મોટો ડિફરન્સ જોવા મળે છે અને ઘણી વખત તેની અંદર માળખાકીય રીતથી મોટી અસમતુલા જોવા મળે તો આમની અંદર આ સામાન્ય કરદાતાને મનોરંજન પૂરું મળે અને તેની અંદર તેને ચોરી કરવાની ઇચ્છા ન થાય તે રીતનું કર માળખું હોવું જોઈએ. અમારા ગુજરાતની અંદર સુરત શહેરની અંદર એટલા વિડિયો થિયેટરો છે કે આખા ગુજરાતમાં નથી અને તેમની પાસે ઘણાં કારણો છે કારણકે ઔદ્યોગિક સ્થિતિ છે. આખા ગુજરાતમાં જ્યારે સૌથી વધારે યુવાન વર્ગ જોવા મળતો હોય તો સુરત શહરેમાં જોવા મળે છે. ૨૦ થી માંડીને ૩૦ વર્ષ સુધીના યુવાનો ગુજરાતમાં કોઈ શહેરમાં નહીં હોય એટલા અમારા સુરત શહેરમાં છે કારણકે તમામ ધંધા ટૅક્સટાઈલનો ઉદ્યોગ હોય, હીરાનો ઉદ્યોગ હોય કે ઝરી ઉદ્યોગ હોય કે અન્ય ધંધાથી સંકળાયેલા આ યુવાનો છે. તે યુવાનો રોજગારી મેળવવા માટે આવ્યા હોય પછી તે

ગુજરાતના હોય કે ગુજરાતની બહારના હોય જેથી કરીને વિડિયો થિયેટરોની અંદર મનોરંજનો માણતા હોય છે પણ વિડિયો થિયેટરોની અંદર મારે દુ:ખ સાથે કહેવું છે કે પાંચ સાત વર્ષથી આ વિડિયો થિયેટરોની અંદર ખૂબ જ બીભત્સ ફિલ્મો બતાવીને ખૂબ સંસ્કારનું હનન કરવામાં આવે છે. અવાર-નવાર રેડ પડે છે અને ઘણી વખત એક વખત માનનીય મંત્રીશ્રી, ગૃહ મંત્રીશ્રીની રૂબરૂમાં તેમજ પોલીસ અધિકારીઓની રૂબરૂમાં મિટિંગ બોલાવી અને ત્યારે પણ પોલીસ અધિકારીઓએ કહ્યું કે ચાલુ પીક્ચરમાં જે કંઈ પાંચ મિનિટની કેસૅટ એવી બીભત્સ ફિલ્મોની મૂકતા હોય છે કે આ યુવાનો ત્યાર બાદ શહેરની અંદર આ બાબતમાં બળાત્કારના કેસો વધતાં હોય છે. ઉલટું મનોરંજનની અંદર આ જે વિડિયો થિયેટરોની અંદર જે કર માળખું તેવી રીતે વિડિયો થિયેટરોની અંદર આવી બીભત્સ ફિલ્મો બતાવનારાઓને બાદમાં કોર્ટનો આશરો મળતો હોય છે, બીજી ભલામણોનો આશરો મળતો હોય છે. રેડ પડ્યા પછી પાછાં તેના ઈન્સ્ટુમેન્ટ છૂટી જતાં હોય છે અને ફરીથી વિડિયો થિયેટરો ચાલુ થતાં હોય છે. આખા બરોડામાં એક પણ વિડિયો થિયેટર નથી અને સુરત શહેરમાં ૬૦૦ વિડિયો થિયેટરો છે. આ યુવા વર્ગની અંદર સૌથી વધારે સંસ્કારનું હરણ થાય છે. દરરોજ આપણે સંસ્કારની વાતો કરતાં હોઈએ, ચારિત્ર્યની વાતો કરતાં હોઈએ ત્યારે આવા વિડિયો થિયેટરોની અંદર યુવાનો જાય અને આની ચેનલો ચાલતી હોય છે. પાંચ દશ મિનિટની અંદર બીભત્સ ફિલ્મો જોવા, માનનીય ગૃહ મંત્રીશ્રી અહીંયા છે ગૃહ મંત્રીશ્રીની રૂબરૂમાં પોલીસ અધિકારીઓએ સ્વીકાર્યુ અને અવાર-નવાર હું ફરિયાદ પણ કરું છું ત્યારે આવા વિડિયો થિયેટરોની અંદર રેડ પડે છે, યુવાનો પકડ્યા છે અને પેપરોમાં આવે છે. ત્યારે આવી કાર્યવાહી થાય છે પણ કોઈ પણ વિડિયો થિયેટરોના આજે સીલ નથી રહ્યાં. આ બાબતની કર માળખાની જેમ એક મનોરંજનની જેમ સંસ્કારનું હરણ ના થાય, સંસ્કારનું વસ્ત્રહરણ ના થાય તે આપણી એક જોવાની ફરજ છે કારણકે આવી બીભત્સ ફિલ્મો દ્વારા સંસ્કારનું હરણ થતું હોય છે.

**અધ્યક્ષશ્રી** : કર અંગે કંઈ કહેવું છે ?

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : આ ટાઇમે જ સૂચન કરવાનો મોકો મળે છે. મને ખબર છે કર માળખાનું પણ આ વિડિયો થિયેટરોનું આવ્યું છે માટે મને સૂચન કરવાનો મોકો મળ્યો, એટલે સૂચન કરું છું કે આવી રીતે આપણાં વિડિયો થિયેટરો ઉપર આપણો કંઈક અંકુશ પણ હોવો જોઈએ અને કર માળખું પણ સસ્તુ કરવું જોઈએ કે જેથી કરીને કર માળખાનીં આવક પણ વધે. મધ્યમ થિયેટરો બંધ થાય મલ્ટીપ્લેક્સને સૌથી મોટાં લાભો થાય પણ તે લાભો મેળવી જાય છે તેવી મનોરંજન કરની સેવા શહેરને મળતી હોતી નથી તે મલ્ટીપ્લેક્સ થિયેટરો આજે બનવા લાગ્યા તેને ટેક્સ માફ કરીએ અને વીજળી ડયુટીની અંદર માફી આપીએ તેના બીજા ટેક્ષીસની અંદર માફી આપીએ પણ તેને તે આપીએ છીએ તે મારી દ્રષ્ટિએ યોગ્ય નથી.

**શ્રીજીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, કર ઉપર બોલે.

**અધ્યક્ષશ્રી** : મેં કહ્યું, પણ કહે છે કે મને ચાન્સ મળ્યો છે તો ચાન્સ લઈ લઉં.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : એટલે કહેવા માગું છું અને આ ગૃહ મંત્રીશ્રી હાજર છે એટલે મેં કહ્યું ગૃહ મંત્રીશ્રીને પૂછો, મારી રૂબરૂમાં સ્વીકારેલું. ગૃહ મંત્રીશ્રીને મારી રજૂઆતને આધારે આ મારી રજૂઆત પહોંચાડવા માટે પ્રયત્ન કરું છું આ બિલને આધારે.

**અધ્યક્ષશ્રી** : ધીરુભાઈ, ઓ.કે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : આ કર માળખાનું બિલ મંત્રીશ્રી લાવ્યા છે તેને આવકારું છું પણ આ બાબતમાં સંસ્કારનું હરણ ના થાય અને મોટા મલ્ટીપ્લેક્સને સૌથી મેકસીમમ લાભ મળે છે તે પણ ના થવો જોઈએ એવી મારી લાગણી છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા બાપુ સાહેબ, જે બિલ લઈને આવ્યા છે, એમાં મનોરંજન માટે કરની વાત છે. મનોરંજનમાં સારા પીક્ચરો બતાવતા હોય તો સારું. ધાર્મિક. તમે તો ભગત છો બધા. ધાર્મિક બનો તો સારું. આપણી યુવાન પેઢી બગડે એવા પીક્ચરો ન બતાવો અને બગડે નહીં એવા પીક્ચરો બતાવો તો સારું.

અમુક થીએટરો મંજૂરી વગર ચાલે છે. એવા જે થીએટરોને મંજૂરી આપી નથી, એવા નાના નાના થીએટરોને મંજૂરી આપવામાં આવે તો સરકારને કરની આવક પણ થાય. મેં પ્રશ્ન પણ પૂછેલો, આ વખતે. એટલે એમાં થોડું કર્યુ છે,ખરેખર એ રીતે ન ચાલવા જોઈએ. એવા થીએટરોને મંજૂરી આપી દેવી જોઈએ. સરકારને આવક પણ થાય. એટલે સારી રીતે ચાલે અને કર પણ ઓછા હોવા જોઈએ. સારા પીક્ચરો...

**અધ્યક્ષશ્રી** : તમારા વિસ્તારમાં આવે છે ને. કેવા પીક્ચરોને સારા ગણો છો, એ કહો.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : રામ, હનુમાન, ભીમ, કૃષ્ણ. બધા એવા પીક્ચરો છે. જે ધાર્મિક પીક્ચરો છે, જેમાંથી આપણા સમાજને જાણવાનું મળે. સમાજ આગળ આવે, મનોરંજન પણ મળે. સમાજને એમાંથી કંઈક જાણવા શીખવાનું મળે. • (xxxxx)

**અધ્યક્ષશ્રી** : માનનીય ગોવાભાઈ, આ મનોરંજન કર અંગેનું બિલ છે.

---

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે મનોરંજન કર સુધારા વિધેયક લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મનોરંજનની અંદર કર હોવા જોઈએ, એમાં વાંધો નથી, પરંતુ અત્યારે એ કરની જે વ્યાખ્યા છે, કે એર-કન્ડિશનની અંદર બેસવાવાળા માણસો, મોટા મોટા કોસ્ટલી થીએટરો બને છે, ત્યાં કર ઓછો અને ફ્રી કરે છે. જયારે બીજી બાજુ ગામડામાં આજુબાજુ નાનકડું એક થીએટર આવેલું હોય, ગામડાના માણસો એમાં ધાર્મિક પીકચરો જૂએ, એટલે એ તો એમ જ સમજે કે અમે આખી દુનિયા જોઈ લીધી. એવા નાનકડા થીએટરને કર માટે સીલ મરાઈ જાય છે. તેં ટેકસ નથી ભર્યો, પાવતી ખોટી ભરી છે. સાહેબ, ગામડામાં તો ખાલી હોય તો ૫, ૨૫ માણસો મફત પણ બેસી જતા હોય છે. રેડ પડે ત્યારે આની ટીકીટ નથી ફાડી, અને પૈસા એમને એમ લીધા છે, એમ કરી દંડ કરે. અમારા ડીસામાં તો આવી રીતે સીલ પણ માર્યુ હતું. ગામડા જેવું જૂનામાં જૂનું થીએટર છે. તો કર માટે ખરેખર જેમ સારી ફિલ્મો, સાંસ્કૃતિક ફિલ્મો હોય છે. ગુજરાતી ફિલ્મો માટે કરમૂકિત આપીએ છીએ, એ રીતે થીએટર જે ગામડાના લોકો માટે છે, જયાં ગામડાનો ગરીબ માણસ જાય છે અને એના મનોરંજન માટે એનો ઉપયોગ થાય છે, તો જેમ ગુજરાતી ફિલ્મોને કરમૂકત કરીએ છીએ તેમ આ જાતના નાના થીએટરોને કરમૂકત થીએટરો જાહેર કરવા જોઈએ.

આથી મારું માનનીય મંત્રીશ્રીને સૂચન છે કે નાના અને ગરીબ માણસો જયાં ફિલ્મો જૂએ છે, તેવા થીએટરો, ખાસ કરીને રૂરલ એરિયામાં આવેલા નાના થીએટરોને કરમૂકત જાહેર કરવા જોઈએ અને મંત્રીશ્રી એવી જાહેરાત કરશે એવી હું આશા રાખું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપણે અઢી વાગે આ વિધેયક પૂરું કરીએ છીએ.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, આ ઉદ્યોગને મહદ્અંશે ટકાવી રાખવો જોઈએ લગભગ એ પ્રકારનાં સૂચન બન્ને પક્ષના સભ્યશ્રીઓનાં રહયાં છે અને સરકાર પણ એ દિશામાં જ જઈ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મનોરંજનની ખૂબ જરૂરિયાત રહેલી છે. એક પ્રશ્નોત્તરીના જવાબમાં માનનીય અશોકભાઈએ વલ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનો દાખલો આપીને કહયું હતું કે આગામી દિવસોમાં સ્ટ્રેસ એ સૌથી વધુ તકલીફવાળો રોગ પૂરવાર થવાનો છે, એવા સંજોગોમાં મનોરંજન મળવું જોઈએ અને એ સંદર્ભમાં ગયા વર્ષે પણ એમાં કેટલાક સુધારા કર્યા હતા અને અત્યારે પણ અન્ય રાજયોમાં જોઈએ તો મહારાષ્ટ્રમાં ૪૫ ટકા, બિહારમાં ૬૦ ટકા, દિલ્હીમાં ૬૦ ટકા, છત્તીસગઢમાં ૭૫ ટકા,ગોવામાં ૬૦ ટકા, યુ.પી.માં ૧૦૦ ટકા છે એ સ્વરૂપમાં આ ઉદ્યોગમાં ગુજરાતમાં ૨૫ ટકા જેટલો સરેરાશ ટેકસ દાખલ થાય આ રીતનું આ બિલ છે અને એના કારણે આ ઉદ્યોગને જીવતદાન પ્રાપ્ત થવાનું છે. એની સાથે સાથે સભ્યશ્રીઓએ ચિંતા વ્યકત કરી છે એ મનોરંજન માટેનાં યોગ્ય સાધનો પણ પ્રાપ્ત થવાનાં છે. ગુજરાતી ફિલ્મ માટેની વાત કરી તો રાજય સરકારનું માહિતી વિભાગે ગયા વર્ષે કરમાં છૂટછાટ અપેલ છે. એવરેજ મારે છેલ્લે એટલું કહેવું છે કે મનોરંજન કરમાં સુધારો ૨૫ ટકા થવાનો છે, પરંતુ એવરેજ હું ગયા વર્ષે એક વિધેયક લઈને આવ્યો હતો એ પ્રમાણે એવરેજ ગણતરી કરીએ તો ખરેખર ૨૦ ટકા કર જ પ્રાપ્ત થવાનો છે અને આ બધી જ ફેસિલિટીના કારણે આ ઉદ્યોગને જીવતદાન મળશે અને ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં પણ મનોરંજન માટે યોગ્ય સાધનો પ્રાપ્ત થશે. મારી સભ્યશ્રીઓને વિનંતી છે કે આ બિલને સભાગૃહ પસાર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬ નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૬ નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪, કલમ ૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬ નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૬ નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી:** સન ૨૦૦૬ નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૬ નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**
**સભાગૃહ બપોરના ૩-૧૫ કલાકે મળ્યું.**
**સભાપતિ શ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને**

**સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૯**
**મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૬**
**મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું * રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક સન ૨૦૦૬-સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૯ માં કલમ- ૫માં પેટા કલમ- ૪ માં પેટા ખંડો ઝ, ટ અને ઠ ને બદલે અનુક્રમ ઝ(ક) ઝ(ખ) અને ઝ તરીકે વાંચી વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૦૬નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)**-: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એમના અંદાજપત્ર પ્રવચનમાં આ સમગ્ર ગુજરાતમાં વેચાણ, બક્ષિસ, અદલાબદલી, ગીરો, બૉન્ડના લેખો, વહેંચણી, લગ્ન નોંધણી, એફિડેવિટ અને સ્ટેમ્પ વિભાગમાં વધારે પડતું સ્ટૅમ્પનું ભારણ, એમાં થતી અનિયમિતતા, ગેરરીતિઓ, ભ્રષ્ટાચાર વગેરેના ઉકેલ માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં સરકારની કર માળખાકીય આવકમાં ઘ ટાડો ન થાય, સમયે સમયે રૂટિંગમાં મળતો રહે અને લોકો ઉપર કરનું ભારણ વધારે ન પડે તેવા કન્સેપ્ટથી આ રાજય સરકાર તમામ વિભાગમાં જે નિર્ણયો લે છે તે પ્રમાણે મારા વિભાગમાં પણ સ્ટેમ્પમાં ૮.૪૦ એકત્રિત સ્ટેમ્પ ડ્યૂટી હતી તે ઘટાડીને એકત્રિત ૫.૯૫ કરવાનો એમણે એમના પ્રવચનમાં ઉલ્લેખ કર્યો હતો. આ વિષયને લગતી આશરે ૧૯૫ કરોડ રૂપિયાની કુલ રાહતોની માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જાહેરાત કરી છે.મારે આ સભાગૃહનું ખાસ એ ધ્યાન દોરવું છે કે આખા દેશમાં પ્રથમ વખત સ્ટૅમ્પ ડ્યૂટીના જે પ્રવર્તમાન દરો હોય છે તે અલગ અલગ રાજયોમાં જુદા જુદા હોય છે, ગુજરાતમાં તર્ક સંગત રેશનાલાઈઝ દરો ગુજરાતમાં કરવામાં આવી રહ્યા છે. ૧૯૫૮ અને અનુસૂચિ એકટની કુલ ૫૯ આર્ટિકલમાંથી ૨૭ જાતના દરો અમલમાં હતા. તેને રેશનાલાઈઝ કરીને ફક્ત ૯ જેટલા દરો હવે અસ્તિત્વમાં રાખ્યા છે. એથી લોકોને સમજવામાં સરળતા થાય, ગેરરીતિ ન થાય, ખોટું અર્થઘટન ન થાય તેના માટે અવારનવાર રજૂઆતો સરકાર પાસે આવતી હતી. તેને ધ્યાનમાં રાખીને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ બે મહત્ત્વના નિર્ણયો કર્યા છે. એક ૮.૪૦ એકત્રિત જે સ્ટેમ્પ ડ્યૂટી હતી તેમાંથી ૫.૯૫ એકત્રિત ડ્યૂટી કરવાનો નિર્ણય કર્યો છે અને બીજું જે ૨૭ જાતના જુદા જુદા દરો હતા તેમાંથી ૯ જેટલા જ દરો રાખવાની જાહેરાત કરી છે. આનાથી જે લોકોને ફાયદો થવાનો છે તેમાં વેચાણ, બક્ષિસ, અદલાબદલી જેવા લેખોમાં ૮.૪૦ ટકાથી ઘટીને ૫.૯૫ ટકા કરવાની જાહેરાત કરી છે. એમાં ૧૯૫ કરોડ રૂપિયા જેટલો આ કેટેગરીમાં જે લોકો આવે છે તેમને ફાયદો થવાનો છે. બીજો મોટો ફાયદો ગીરો, બૉન્ડના લેખો, આર્ટિકલ ૬, ૧૪, ૨૭, ૩૬ અને ૪૦ માં રાહતો આપવામાં આવી છે. એમાં વર્તમાન દર અત્યારે જે હાલમાં ચાલુ છે તે દર ૦.૫ ટકા થી બે ટકાનો દર હતો. તે ઘટાડીને ૧૦ કરોડ સુધી .૨૫ (પોઈન્ટ પચ્ચીસ) અને મહત્તમ રૂપિયા ૧ લાખ. મહત્તમ એક લાખ રૂપિયા. દસ કરોડથી વધુ રકમ માટે .૫૦ ટકા મહત્તમ ત્રણ લાખ રૂપિયા ઠરાવવામાં આવે છે. આ દરને કારણે રહેણાંકની સુવિધા માટે ધિરાણ મેળવવા માગતી સામાન્ય પ્રજાને તથા નાના એકમો સંસ્થાઓને સ્ટેમ્પ ડ્યૂટીના દરમાં રાહત આપવામાં આવી છે. સાથે સાથે આ દરોનું તાર્કિકરણ કરીને આવા સમાન પ્રકારના લેખોમાં સ્ટેમ્પ ડ્યૂટીનો એક સરખો દર ઠરાવવામાં આવે છે. જેના કારણે અર્થઘટન અંગેના ગૂંચવાડા તથા વિવાદો ઘટશે અને પારદર્શિતા આવશે. ત્રીજો ફાયદો થવાનો છે વહેંચણીના લેખો થાય છે. કૌટુંબિક મિલકતની વહેંચણીના લેખો ઉપર આર્ટિકલ ૪૩ મુજબ હાલ છ ટકા પ્રમાણે સ્ટેમ્પ ડ્યૂટી લાગે છે. આ સરકારે કૌટુંબિક મિલકતની વહેંચણીના લેખોમાં પણ ઘણી મોટી રાહત આપી છે. આ લેખ ઉપર સ્ટેમ્પ ડ્યૂટીના દર છ ટકાથી ઘટાડીને રૂપિયા દસ કરોડ સુધી .૨૫ ટકા મહત્તમ રૂપિયા એક લાખ અને દસ કરોડથી વધુ રકમ હોય તો .૫૦ ટકા મહત્તમ રૂપિયા ત્રણ લાખ. એટલે આની અંદર પણ આ ડ્યૂટીના દરમાં ઘટાડો થતાં ભાઈ ભાઈ વચ્ચે કુટુંબના સભ્યો વચ્ચે થતી વહેંચણીના લેખોમાં પણ સ્ટેમ્પ ડ્યૂટીની વિશેષ રાહત મળશે.

લગ્ન નોંધણીની વાત કરું તો આ સરકાર લગ્ન રજીસ્ટ્રેશન ફરજિયાત બનાવવા જઈ રહી છે. ત્યારે વર્તમાન નોંધણી દર ૨૫૦ રૂપિયા છે એ ઘટાડીને ૧૦૦ રૂપિયા કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. એફિડેવિટ નોટરીનું લખાણ, કદાચ આ કેટેગરીની અંદર બહુ જ લોકોને આનો ઉપયોગ કરવો પડતો હોય છે. સામાન્ય માણસને પણ એફિડેવિટ અને નોટરીના લખાણ માટે જવું પડતું હોય છે. એનો વર્તમાન દર ૨૦ રૂપિયા છે એનો એ યથાવત આ બિલની અંદર રાખ્યો છે. આ બિલને લઈને આવવાનું મૂળ પ્રયોજન આ રાજય સરકારની

વિધેયક તા.૨૩મી માર્ચ, ૨૦૦૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

કામ કરવાની પદ્ધતિ છે કે રાજય સરકારની કર માળખાકીય ઓછું ન થાય સરળતા થાય અનિયમિતતા ન થાય, ગેરરીતિ ન થાય, ભ્રષ્ટાચારને અવકાશ ન રહે અને રીઝનેબલ જો સરકારી કર હોય તો લોકો ભરવા પ્રેરાય એનું એક ઉદાહરણ આ તબક્કે હું આપવા માગું છું. ૫-૪-૦૩થી ૧૪.૮૦ એકત્રિત સ્ટેમ્પ ડ્યૂટી દર હતો. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ૧-૪-૦૩ થી ૧૧.૨૦ કર્યો. ૧૧-૬-૨૦૦૪ થી ૮.૪૦ કર્યો અને ૧-૪-૨૦૦૬ થી ૫.૯૫ ટકા જે દરખાસ્ત લઈને હું આવ્યો છું. એટલે કે તબક્કાવાર ત્રણ વર્ષની અંદર ૧૪.૮૦ થી ૫.૯૫ કરેલ છે. આટલો મોટો ડિફરન્સ કર રાહતમાં રાજય સરકારે આપ્યો છે. એમાં લોકોને સરળતાથી કર ભરવાની ભાવના થાય એવો રાજય સરકારનો અભિગમ કામ કરવાનો અને ભ્રષ્ટાચાર અને અનિયમિતતા દૂર કરવાના એના ભાગરૂપે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમના અંદાજપત્ર પ્રવચનમાં વાત કરી છે. એને અનુમોદન આપવા માટે આ સભાગૃહ સમક્ષ લઈને આવ્યો છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય મંત્રીશ્રી મુંબઈ સ્ટેમ્પ ડ્યૂટી ગુજરાત સુધારા વિધેયક લઈને આવ્યા છે. આમ તો આ બિલ બજેટ ઉપરનું માનનીય મુખ્યમંત્રીશ્રીનું જે પ્રવચન હતું અને એમાં જે સુધારા અને જે દરખાસ્તો બજેટની અંદર હતી એના ભાગરૂપે આ બિલ આવેલું છે. જે નીતિ ઘડવૈયાઓ છે એ તો એવું વિચારે છે કે જમીન અને બીજી સ્થાવર મિલકતો છે એ સ્થાવર મિલકતોની તરલતા છે અથવા એનો ઉપયોગ છે એ કરન્સી નોટોની જેમ થવો જોઈએ. અને એમ થાય તો રાજયની આવકો વધે છે એટલું જ નહિ પરંતુ જે સ્થાવર મિલકતોના માલિકો છે એ માલિકો સરળતાથી એનું સ્થાનિકરણ એક હાથમાંથી બીજા હાથમાં પ્રોપર્ટી જવી જોઈએ એમાં ખૂબ રૂકાવટ આવે છે. રુકાવટ જો ઓછી કરવી હોય અને તેની તરલતા વધારવી હોય, સોદાઓની સંખ્યા વધે તો તેની તરલતા પણ વધે અને જો એમ થાય તો રાજયની આવક પણ વધે. આખી દુનિયામાં પોતાની સ્થાવર મિલકતો છે. તે મિલકતોમાં જે રાજયોમાં સ્ટૅમ્પ ડયુટીનું પ્રમાણ ઓછું છે એ તમામ રાજયની અંદર પ્રોપર્ટીની તરલતા ખૂબ વધારે રહી છે અને જે સોદાઓ છે એ ન નોંધવાની ઘટનાઓ એ પણ ખૂબ ઓછી થતી હોય છે. આપણે ત્યાં જે આ વિચાર પૉલિસી ઘ ડનારા લોકોએ આપ્યો તેના પછી પ્રગતિ ખૂબ ઓછી થઈ અને તેના કારણે બેનામી અથવા તો ચિઠ્ઠી ઉપરના સોદાઓ ખૂબ વધે છે. તેમાં રાજય પોતાની આવક ગુમાવે છે અને વચ્ચેના બ્રોકરો એ કાળું નાણું વધારીને ખરેખર જમીન ધારકો છે તેના હાથમાં મોંઘી જમીનો આવે છે. અપેક્ષાઓ એવી રખાઈ હતી કે ગુજરાતમાં જે આખા દેશે એક સિદ્ધાંત સ્વીકારેલો હતો કે સ્ટૅમ્પ ડયુટીનો દર ચાર ટકાથી ઓછો હોવો જોઈએ. એ દર તરફ ગતિ કરીને આ વખતે આ સુધારાઓ છે તેમાં ચાર ટકા સુધી લઈ આવી શકાશે અને તેમાં પણ અપેક્ષાઓ ખાસ કરીને મોટા પ્રમાણમાં જીવનમાં એકાદ વખત ખરીદવાની અપેક્ષા રાખતા હોય છે, નાના પ્લોટ ધારકો. ૫૦ વાર, ૧૦૦ વાર ૨૦૦ વાર, તેમને ખૂબ મોટી અપેક્ષાઓ હતી. પણ તેમને આ જે આઠ ટકા ઉપરનો દર હતો તે ઘ ટાડીને છ ટકા સુધી લાવ્યા છે. તમામ લોકોને તેનાથી નીચા દર સુધી લાવવામાં આવ્યા નથી. મારી આપના મારફત એટલી વિનંતી છે કે રાજય સરકારને આવક વધારવી હશે તો આ દર નીચા લઈ આવવા પડશે અને બાનાખત પણ અડધો ટકો, પા ટકો લઈને પણ એ દસ્તાવેજને કાયદેસરતા મળે અને જે બાનાખત નાના લોકો કરે છે તેની કાયદેસર વેલ્યુ રહેતી નથી, તો તેની કાયદેસર વેલ્યુ રહે એવું થવું જોઈએ. આજે તો એવું છે કે જે લોકો ગેરકાયદેસર જમીનનો ધંધો-વેપાર કરે છે અને ચિઠ્ઠી ઉપર એગ્રીમૅન્ટ કરીને સ્ટૅમ્પ ગરીબ માણસોને બતાવીને જે જમીનના પોતે માલિક હોતા નથી એવી સરકારી જમીન અથવા તો જે જમીન વેચવા પાત્ર ન હોય એવી જમીન આપીને છટકી જાય છે. ગેરકાયદેસર બાંધકામ હોય, ગેરકાયદેસર જમીન હોય તેમ છતાં તેમાં સ્ટૅમ્પનો ઉપયોગ થાય છે અને ગરીબ માણસોને છેતરવામાં આવે છે. તેના કારણે હંમેશા ટાઈટલ વગરની જમીન લેવાવાળા રાજયની અંદર ગરીબ માણસો વધારે હોય છે એ દંડાય છે અને આ પ્રકારના જમીનના સોદાઓ કરનાર, ગેરકાયદેસર ધંધા કરનારાઓને ખૂબ મોટા પાયે પ્રોત્સાહન મળે છે. હું આપના મારફત એ વિનંતી કરવા માગું છું કે આ પ્રકારે સ્ટૅમ્પનો દુરુપયોગ કરે છે, જમીનની અંદર એવું દેખાવા પ્રેરે છે કે જમીન કાયદેસરની છે. કારણ કે સ્ટૅમ્પનો ઉપયોગ કરીને સ્ટૅમ્પમાં લખાયેલું છે એટલે ગરીબ માણસ લે છે. આવા પ્રકારનો દુરુપયોગ કરનારા લોકો સામે કડક પગલાં લેવાય, તેને જેલની સજા થઈ શકે એવી કોઈ જોગવાઈ આવે તો આ પ્રકારે જમીન લેનારા પાસેથી પૈસા લઈને જે જમીન કોઈકની માલિકીની હોય છે, સરકારની માલિકીની હોય છે અથવા બિન ખેતી થયેલ હોતી નથી અથવા તો સરકારી પ્લોટ હોય છે. તેને સ્ટૅમ્પમાં લખીને ગરીબ માણસ પાસે એવો આભાસ ઉભો કરવામાં આવે છે કે આ કાયદેસર જમીન છે. અમે તમને સ્ટૅમ્પ ઉપર લખી આપીએ છીએ. એમ કરીને હજારો લોકો છેતરાય છે. તેના ઉપર મકાનો બાંધે છે અને પછી એ મકાનો ઉપર બુલ્ડોઝર ફરે છે. ગરીબ માણસને સહન કરવાનો વારો આવે છે. લખી દેનાર માણસની સામે કોઈ પગલાં લેવામાં આવતાં નથી. તેના માટે એકદમ કડકમાં કડક જોગવાઈ થાય એવો કાયદો લાવવો જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત સૂચન કરું છું કે રાજય સરકાર આ પ્રકારે સ્ટૅમ્પનો દુરુપયોગ કરતા હોય એની સામે ૫-૭ વર્ષની કેદની જોગવાઈ થઈ શકે એ પ્રકારનો કાયદો લઈ આવે તો હું એવું માનું છું કે આ ગેરકાયદેસર જમીનનો ધંધો કરનારા લોકો છે, જમીનના જે માફીયા છે એની ઉપર કંઈક કંટ્રોલ રાખી શકાશે. રાહતની વાત આવી છે, રાહત આપી હોત તો આનંદ થાત પણ માત્ર ૨૫ ટકા જેટલી રાહત આપી

અને જંત્રીના ભાવ લગભગ બમણા કે એનાથી વધારે ૩ ગણા કરવામાં આવનાર છે. રાજય સરકાર જે હમણાં એમ કહે છે કે નવી જંત્રીઓ તૈયાર થઈ રહી છે. નવી જંત્રીઓ તૈયાર થાય, જેટલી સરકાર આવક ગુમાવશે એના કરતા બમણા ત્રણ ગણી આવક આમાં મળવાની છે એટલે એમની સ્ટૅમ્પ ડ્યૂટીની આવક ઘટાડે નહીં તો વાંધો નહીં પણ એ જળવાઈ રહે એ પ્રમાણે જો આમાં ચાર ટકા કર્યુ હોત તો જમીનની તરલતા છે એ વધારી હોત અને જે આપણે ત્યાં ઘરનું એક મકાન હોય પ્લોટ હોય એ માણસ મુશ્કેલી વેઠીને એક જગ્યાએથી બીજી જગ્યાએ એટલા માટે જતો નથી કે આપણા ત્યાં જયાં કામનું સ્થળ છે ત્યાં મકાન કે જમીન લેવાની મનોવૃત્તિ ડેવલપ નથી થઈ કે એમણે એ જગ્યા વેચી અને ધંધા રોજગારીના સ્થળની નજીક જવા માટે આપણે પ્રોત્સાહન મળે એવી નીતિ બનાવી નથી અને એના કારણે એવું થાય છે કે અમદાવાદ, વડોદરા, સુરત જેવા મોટા શહેરોની અંદર જે ધંધા રોજગારનું સ્થળ હોય એના કરતા એનું રહેવાનું સ્થળ ૧૫-૨૦-૨૫ કિલોમિટર દૂર હોય છે. ટ્રાન્સપોર્ટની અંદર એની આવક પણ જાય છે. રાજયને પણ રસ્તા ઉપર એના કારણે ટ્રાન્સપોર્ટ ઉપર અને બીજા ઉપર ભારણ ખૂબ વધે છે. આજે આ જ કારણોસર રાજયની અંદર એક શહેરથી બીજા શહેરમાં અપ-ડાઉન કરનારા લોકોની સંખ્યા એટલા માટે વધી છે કે આપણા ત્યાં એવી નીતિ બનાવવામાં આવતી નથી કે જે કામ કરનાર માણસો છે એ કામ કરનાર માણસોને એના કામ કરવાના સ્થળની આજુબાજુ રહેઠાણનું યોગ્ય સ્થળ, યોગ્ય જગ્યા છે એ વ્યાજબી ભાવથી તરત મળી જાય. એટલા માટે નથી મળતી કે તરલતા છે જ નહીં અને તરલતા નથી એટલા માટે આજે ખાલી મકાનો છે, ખૂબ પડયા રહ્યા છે એનો ઉપયોગ થતો નથી, એનો પ્રોડકટીવ ઉપયોગ થતો નથી એની જગ્યાએ મકાનના વાંકે એ માણસોને બીજા શહેરથી અપડાઉન કરવું પડે છે અને અપડાઉન એક ગામથી બીજે ગામે આવતા એના કારણે ટ્રાફિકથી માંડીને અનેક ભારણો બીજા પ્રકારના ઉભા થયા છે એટલા માટે હું આપના મારફત વિનંતી કરુ છું કે અમે આ રીડકશનને આવકારીએ છીએ, જમીનની અને સ્થાવર મિલકતોની તરલતા વધે, નાના લોકોને ફાયદો થાય એ ખૂબ જરૂરી છે. જો ૬ ટકામાંથી ૪ ટકા કરે સરકાર તો પણ એની આવક વધવાની છે એ વધવાની છે. ઘટવાની નથી તો ૪ ટકાનું સૂચન સ્વીકારે અને આ બાબતની અંદર જો ૪ ટકા થાય તો અમે બિલને સમર્થન કરવા તૈયાર છીએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે મુંબઈ સ્ટૅમ્પ સુધારા ૨૦૦૬ લઈને આવ્યા છે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ એ દિવસે જાહેરાત કરી હતી, અમને બધાને એમ લાગતું હતું કે કદાચ આ બિલની અંદર એક સરસ જાહેરાત થશે જેના કારણે નાનામાં નાની વ્યકિતને પણ ફાયદો થશે . જયારે જાહેરાત થઈ ત્યારે અમને એમ લાગ્યું કે ખરેખર મુખ્યમંત્રીશ્રીએ જે જાહેરાત કરી, પણ એ જાહેરાતની અંદર નાના લોકોના ફાયદાના બદલામાં મોટી લોબીને ફાયદો થશે. હમણાં કૌશિકભાઈસાહેબ કહેતા હતા કે ૨૦૦૪-૦૫ની અંદર ૧૧.૨૦ હતી એ ૨૦૦૬-૦૭માં ૮.૪૦માંથી ૬ ટકા મૂકી રાજય સરકારે આ ડ્યૂટી ઘટે જેને કારણે સ્ટૅમ્પ પ્રોફેશનને ઉત્તેજન મળે, ધીરાણ થાય લોકોને ફાયદો થાય એના માટે આ સરકારને એમ થતું હશે કે આ યોજનામાં ૬ ટકાને કારણે આટલા લોકોને લાભ થવાનો છે.

મારે સરકારને પૂછવું છે કે જે પ્રમાણે સ્કીમ મૂકી એ સ્કીમના અંદર પણ એમ થતું હતું કે નાના માણસને માટે એવી સ્કીમ લાવવામાં આવે તો ફાયદો થાય. જે એમ્નેસ્ટી સ્કીમ મૂકવામાં આવી, મારે પૂછવું છે કે બે લાખથી વધારે કેસો આજે સરકારમાં પેન્ડીંગ છે. આ કયા લોકોના કેસો પેન્ડીંગ છે? જે લોકો પાસે મોટામાં મોટી લોબી છે એને આનો ફાયદો થવાનો છે. જે બાંધકામ સાથે સંકળાયેલા લાભાર્થીઓ છે, ઉદ્યોગપતિઓ છે એમને ૨૦૦ કરોડનો ફાયદો થવાનો છે. એક બાજુ સ્ટેમ્પની સરળતા માટેની વાતો કરતા હોય, તમે ૨૭માંથી ૯ની વાત કરી પણ ૧૮ જગ્યાએ સ્ટેમ્પ ડ્યૂટી વધે છે. કદાચ માનનીય મંત્રીશ્રી સારી રીતે જાણતા હશે. સ્ટેમ્પ ડ્યૂટીમાં ઘટાડાની વાત કરીએ તો કેટલી જગ્યાએ આનો ફરક પડવાનો છે એ મહત્ત્વની વાત છે. વેચાણની ગીરોની અથવા વ્યવસ્થાની બાબતમાં કરેલ દસ્તાવેજોમાં વધારો છે. મિલકતની હેરાફેરીના દસ્તાવેજ ઉપર, દત્તક પત્રક પર, સરકારી જમીન ખરીદ કે વેચાણ સંબંધી દસ્તાવેજ પર, તેલિબીયાના ખરીદ વેચાણ સંબંધી દસ્તાવેજ પર, કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસિએશન પર, રદ કરવાના દસ્તાવેજો પર, લેખ અને બીજા નક્કર દસ્તાવેજો પર, માલ સંબંધી ડિલિવરીના ઓર્ડરોના દસ્તાવેજો પર, ભાડાપટ્ટાના દસ્તાવેજો ઉપર, બાંહેધરી પત્રક અને લાઈસન્સ પત્રક પર, ચિઠ્ઠી અથવા યાદી લેખો પર એટલે કે દલાલો દ્વારા જે ધંધો થાય છે એના ઉપર, નોન પ્રોફિટ ટેક્સ છે એના ઉપર, વેચાણવેરાના લેખો પર, પ્રોટેસ્ટ ઓફ બિલ પર, ગીરો મુકાયેલ મિલકતને ફરી મિલકતના વખતમાં, આમ ૧૮ વસ્તુઓ એવી છે કે જેમાં વેરાઓ વધવાના છે. આપણે એક બાજુ મોટી રાહતો આપવાની વાતો કરતા હોઈએ, રાજ્ય સરકાર અને મુખ્યમંત્રીશ્રી એક બાજુ જાહેરાત કરે કે અમે બિલકુલ સરળતા લાવવા માગીએ છીએ અને આ નાનામાં નાની વસ્તુઓ ઉપર કરનો વધારો થવાનો છે. આ સ્ટેમ્પ ડ્યૂટીથી કોને ફાયદો થવાનો છે? એ લોકોને માત્ર ફાયદો છે, કબૂલાતના દસ્તાવેજો કરનારા છે એને ફાયદો થવાનો છે. સોનીનો ધંધો કરનારાને ફાયદો થવાનો છે. સ્થાવર મિલકત અને બાંધકામ કરનાર કોન્ટ્રાકટનો ધંધો કરનારાને, જાહેર ઉદ્યોગ સાથે સંકળાયેલાને ફાયદો થવાનો છે. હક્ક પત્રક અનામત મૂકવાના દેવા અંગેના કરાર અંગેનો ફાયદો થવાનો છે. જેનું બીલ વીલ ન કર્યું હોય એવા દસ્તાવેજો અને શેર બજારના ધંધા માટે. આમાં ક્યાંય ગરીબ કે નાનો માણસ આજે પણ આવતો નથી. કદાચ એવો તફાવત રાખ્યો હોત, અમારા વિપક્ષના

નેતાશ્રીએ કહ્યું કે તમે ૪ ટકા કરો. દેશના ઘણા બધા રાજ્યોમાં આનાથી પણ સ્ટેમ્પ ડ્યૂટી નીચી છે. જો ૪ ટકા કરી હોત તો સરળતાથી લોકો એનો ઉપયોગ કરી શકતા. જે પ્રમાણે સ્ટેમ્પ ડ્યૂટી છે અને જે પ્રમાણે એની ગુંચવાડાભરી પરિસ્થિતિ હતી એ નિવારવા સરકાર બિલ લાવી છે. એવું બિલ લાવ્યા હોત કે બિલકુલ સરળ પ્રથા થઈ હોત તો સ્ટેમ્પ ડયૂટીની આવકમાં ચોક્કસ વધારો થયો હોત. જંત્રીની વાત થતી હોય, એકબાજુ એક ખૂણે દસ્તાવેજ એક લાખનો હોય અને છેલ્લે ખૂણે જમીન હોય અને ૧૦૦ નંબર અંદર આવી જતો હોય એને છેલ્લા ખૂણાવાળાને પણ સ્ટેમ્પ ડ્યૂટી એક લાખ આપવી પડે એવું નિર્માણ થતું હોય ત્યારે, ખરેખર જમીનના ભાવ એટલા ન હોય તો પણ જમીનના દસ્તાવેજ પાછળ આટલા બધા પૈસા આપવા પડે. નાના માણસો આમાં ફેરફાર કરવા માગતા હોય તો પણ કરી શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે સરકાર વહેલામાં વહેલી તકે જે ૬ ટકા કર્યા છે એના ૪ ટકા કરે. આ સ્કીમો છે એમાં પણ નાના માણસોના ખરેખર આવી તકલીફવાળા કેસો પડી રહ્યા છે, મોટા લોકોને ચોક્કસ ફાયદો થવાનો છે પણ નાના કેસો છે અને તકલીફમાં પડેલા છે એવા લોકોને ફાયદો થાય એવું બિલ લઈને આવ્યા હોત તો ચોક્કસ અમે પણ સમર્થન આપી શક્યા હોત. તેમ છતાં ૪ ટકા થાય તો આજે પણ અમે સમર્થન આપી શકીએ.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૦૬ લઈને આવ્યા છે. રેવન્યુ વિભાગમાં અવાર નવાર સુધારાઓ આ વિધાનસભામાં આવ્યા છે. આ સુધારાઓ જ્યારે વિધાનસભામાં આવે ત્યારે સ્વાભાવિકપણે સુધારો જ્યારથી રજૂ થાય, બિલ આવે, વિધેયક આવે ત્યારે સમસ્ત ગુજરાતની પ્રજાની લાગણી એવી હોય કે આ સુધારાને કારણે નાનામાં નાના માણસને ક્યાંક ફાયદો થશે, આ બિલના ઉદ્દેશની માનનીય મંત્રીશ્રીએ પણ વાત કરી, સ્થાવર મિલકત તબદીલીના જુદાજુદા પ્રકારના લેખો પર લેવામાં આવતી સ્ટેમ્પ ડ્યૂટી સરવે અને એના ભાવ સરખા રહે, ઘટાડો કરવામાં આવે એના માટે આગળ જઈને એમની એક વાત એવી છે કે ઉદ્યોગમાં બહારની હરીફાઇમાં આપણે ટકી શકીએ અને બહારથી જે ઉદ્યોગ આવે છે એમાં સામાન્ય વધુ ઉદ્યોગ આવે પ્રોત્સાહિત થાય અને સામાન્ય અને મધ્યમ વર્ગના લોકોને આ રાહતરૂપ થાય એવો માનનીય મંત્રીશ્રીનો ઉદ્દેશ છે. આજે સ્ટેમ્પ ડ્યૂટીનો હાલનો જે દર છે એ એકત્રિત ૮.૪૦ ટકાનો છે એ ઘટાડીને ૬ ટકા કરવાનું નક્કી કરીને આવ્યાં છે ત્યારે કહેવું છે કે આ સુધારા વિધેયક આજે લાવ્યાં છે એ પહેલા ૨૦૦૪માં સુધારા વિધેયક સ્ટેમ્પ ડ્યૂટી લઈને આવ્યાં હતાં. સમયનો ગાળો બહુ નથી. માનનીય વિરોધપક્ષના નેતાએ હમણાં આગળ કહ્યું એમ જંત્રીની છેલ્લા તબક્કાની તૈયારીઓ ચાલી રહી છે અને નવી જંત્રીઓ માટે માનનીય મંત્રીશ્રી જ્યારે છેલ્લા તબક્કાની તૈયારી કરી રહ્યાં છે ત્યારે મારે એમ કહેવું છે કે રાજ્યભરમાં જમીનો અને મકાનોના સાદાઓમાં સ્ટેમ્પ ડ્યૂટી ઓફિસમાં નોંધવામાં આવશે કારણ કે છેલ્લે જંત્રીનો ૩૨-ક નિયમ છે એ પ્રમાણે અને તેના લીધે સરકારને કરોડો રૂપિયાનો ભાવ આવવાનો છે. કેમ કે નવી જંત્રી આવી રહી છે. મૂળ આપણે ૨૦૦૪માં સુધારા વિધેયક આવ્યું એ વિધેયક સાથે આને સરખાવવામાં આવશે, કોઈપણ શહેરની જમીન અને મકાનના સોદા થાય ત્યારે રાજ્ય સરકારે પ્રમાણિત કરેલ ભાવ મુજબ કરવાના થાય છે. જ્યારે આ નિયમ છે. વધારે જમીનના ભાવ ક્યો નક્કી? સ્ટેમ્પ ડ્યૂટી કોના પર ભરવી? તો રાજ્ય સરકાર જે ભાવ નક્કી કરે એ ભાવ પર સ્ટેમ્પ ડ્યૂટી ભરવાની થાય આ એક પ્રમાણિત મુજબ થશે ત્યારે આ ભાવને જંત્રી કહેવાશે. જંત્રીમાં દરેક શહેર અને વિસ્તારના જુદા જુદા ભાવ હોય છે. જો નિયત ભાવ કરતા ઓછી સ્ટેમ્પ ડ્યૂટી લગાડશે તો ૩૨-ક ની કલમનો ઉપયોગ થશે. છેલ્લે એક બાજુ સ્ટેમ્પ ડ્યૂટી ઘટાડવાની વાત, બીજી બાજુ નવી જંત્રીની છેલ્લા તબક્કાની તૈયારીઓ ચાલે છે ત્યારે મારે એમ કહેવું છે કે નવી જંત્રી પ્રમાણે આ વિભાગ માનનીય મંત્રીશ્રીએ હમણાં ચલાવે છે તેમ મેં પણ ૩ વર્ષ ચલાવ્યો છે. ૩૨-ક, હૈદ્રાબાદ, બીજા ઘણાં બધા સુધારા આજે વિભાગ લાવ્યું છે પણ આ નવી જંત્રી અને ૨૦૦૪માં સુધારા છે એ પ્રમાણે મારી દૃષ્ટિએ સો થી બસો ટકા જેટલો વધારો થવાનો છે અને આ નવી જંત્રી લઈને આવવાના છે એ છેલ્લા તબક્કામાં છે, છેલ્લી પ્રક્રિયામાં છે ત્યારે આવું બિલ લાવવાની અત્યારે જરૂર નહોતી, આ સુધારા લાવવાની જરૂર નહોતી નવી જંત્રી પ્રમાણે સુધારા આવે એવી અમારી લાગણી હતી. માનનીય મંત્રીશ્રીને મારે એક વાત કહેવી છે સુધારા લઈને આવે એ પછી જૂના સુધારા, નવા સુધારાની પરિસ્થિતિ શું એનું પણ આપણે ધ્યાન રાખવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪ના અધિનિયમ ક્રમાંક-૮માં આપ સુધારો લઈને આવ્યા ત્યારે આપના દ્વારા ગુજરાત હાઉસિંગ બોર્ડ, ગુજરાત ગંદા વસવાટ નાબૂદી બોર્ડ, ઔદ્યોગિક વિકાસ નિગમે કરેલ કોઈપણ જેની અંદર અવેજેબલનો વિષય હોય તેવી મિલકતની ખરીદી બજાર કિંમતે ગણાશે. ૨૦૦૪ સુધારા માનનીય મંત્રીશ્રી લઈને આવે તે જોગવાઈ તા.૩૦-૯-૯૧ ના પરિપત્રમાં હતી. ૨૦૦૪માં લાવ્યાં ૩૦-૯-૯૧નો જે પરિપત્ર હતો એમાં તો આ જોગવાઈ હતી એ જોગવાઈ પછી ૧-૯-૨૦૦૩ના જાહેરનામાથી આ જોગવાઈને રદ કરી દીધી હતી. જોગવાઈ રદ કરી પાછી જોગવાઈ લાવ્યાં ત્યારે મારે એક વાત કરવી છે કે જોગવાઈ આ રદ કર્યા પછી અને ૨૦૦૪ના સુધારા પછી ૧-૯-૦૩ અને ૧૦-૬-૦૪ ના સમયગાળામાં જે દસ્તાવેજો થયા છે અથવા જે સમય

ગાળા દરમિયાન ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા જે ગરીબ નાના માણસોના મકાનો છે કોઈ મોટા માણસોના બંગલા કે બિલ્ડર લોબી નથી પણ આ જે મકાનો છે એના જે તે વખતે દસ્તાવેજ હતા.
ત્યારે ૩૨-કની કલમ આપે લગાડી કેમ કે એ નવો પિરિયડ હતો, એ ૩૨-કની કલમ લગાડીને આજે પણ એના ઉપર ટોર્ચરિંગ ચાલુ છે તો એ ૩૨-ક લગાવ્યા પછી આપ શું કરવા માગો છો ? એ સમયગાળાની અંદર આ હાઉસિંગ બોર્ડની જે પ્રક્રિયાઓ થઈ છે એનું શું કરવા માગો છો ? મારી એક વાત કહું છું કે, અવારનવાર સુધારાઓ થાય છે.

મારે બીજી વાત પણ કરવી છે કે, જાહેરાતો થાય, મને ખબર છે કે, માનનીય મંત્રીશ્રી જ્યારે ઊર્જા વિભાગ ચલાવતા હતા ત્યારે એમને તત્કાલ યોજના ચાલુ કરી એ તત્કાલ યોજનાની જાહેરાતો થઈ પણ પરિણામ શું આવ્યું ? મારે નમ્ર વિનંતી સાથે કહેવું છે કે, આપણે જુદા જુદા હેતુપૂર્વક, જુદા જુદા આશય માટે ક્યાંક નાના, ગરીબ માણસોને સગવડતા મળે એ માટે સરકારની જમીનો કરોડો રૂપિયાની મિલકત આપણે બીજા વિભાગોને આપીએ છીએ. હાઉસિંગ બોર્ડની કરોડો રૂપિયાની જમીનો આપણે આપી છે. આ હાઉસિંગ બોર્ડ, જુદા જુદા બોર્ડોને અપાયેલી મિલકતો બેફામ પ્રમાણમાં વેચાય છે આની સામે સરકાર કઈ કલમ લગાડવાની છે, કઈ સ્ટેમ્પ ડ્યૂટી લેવાના છો? ત્યારે મારે એક કહેવું છે કે, બેનંબરના દસ્તાવેજોવાળા અને આ પ્રક્રિયાઓમાં બિલ્ડરોને કેટલો ફાયદો થવાનો અને ગરીબ માણસને કેટલો ફાયદો થવાનો, અને નવી જંત્રી પ્રમાણે શું કરવા માગો છો, એની સ્પષ્ટતા કરે?, ચાર ટકા પ્રમાણે કર્યું હોત તો મને એમ લાગે છે કે, નવી જંત્રીની સમકક્ષ થાત.

**સભાપતિશ્રી** : મોહંમદફારુખભાઈ.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૯સન-૨૦૦૬નું મુંબઈ સ્ટૅમ્પ (ગુજરાત સુધારા) વિધેયક માનનીય મંત્રીશ્રી લઈ આવ્યા છે એમાં મારા અમુક સૂચનો રજૂ કરું છું. એમાં એવું છે કે, ૧૯૮૮-૮૯માં અશાંત ધારો કોંગ્રેસની સરકાર લાવી હતી આ બંને કોમને ફાયદો કરવા માટે, હવે એ વાતને ૧૮ વર્ષ થઈ ગયા, ૧૮ વર્ષના ગાળામાં કેટલીય મિલકતો વેચાવાની હતી એ બધી વેચાઈ ગઈ ( અંતરાય) સ્ટૅમ્પ ડ્યૂટી અત્યાર સુધી પાવર ઑફ એટર્ની ઉપર થાય છે અત્યારે અમદાવાદ શહેરમાં કોઈ દસ્તાવેજો થતા નથી ખાલી પાવર ઑફ એટર્ની (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ**: માનનીય અધ્યક્ષશ્રી, અશાંત ધારો આમાં ન આવે, આ સ્ટૅમ્પ ડ્યૂટી ઉપર બજૅટ ઉપરનું બીલ છે એટલા માટે અને ફારુકભાઈ સિનિયર સભ્ય છે એટલે એમને ખબર હોય કે આ કાયદાના બીલમાં જ્યારે ચર્ચા થતી હોય ત્યારે ( અંતરાય ) બોલે એનો મને જરાય વાંધો નથી, માનનીય સભ્યશ્રી પોતે શું બોલે છે એની એમને ખબર હોવી જોઈએ, સ્ટૅમ્પ ડ્યૂટી ઉપર બોલવાનું હોય, એટલા માટે હું કહું છું.

**સભાપતિશ્રી .** : ફારુકભાઈ, આપ સ્ટૅમ્પ ડ્યૂટી ઉપર બોલો.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : ૧૮ વર્ષથી અમદાવાદ શહેરના કાલુપુર, દરિયાપુર, પાલડી અને શાહપુરમાં જે હિન્દુ-મુસલમાનોની જે મિલકતો હતી એના આજ સુધી દસ્તાવેજો થયા નથી એ ખાલી પાવર ઑફ એટર્ની ઉપર જ વેચાણ થાય છે, જો એ દસ્તાવેજો થઈ જાય તો કરોડો રૂપિયાનો ફાયદો સરકારને થાય, પણ સરકાર કરવા માગતી નથી કેમ કે બધી પ્રોપર્ટી એમને એમ પડી છે, અમુક કુટુંબોમાં ઝઘડાઓ ચાલે છે, આ દસ્તાવેજો ના થવાના કારણે, મારું સૂચન છે કે, આ દસ્તાવેજો તાબડતોબ થાય અને લોકોને રાહત થાય એવી મારી ઈચ્છા છે.

**સભાપતિશ્રી** : માનનીય બાબુભાઈ.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ધ બૉમ્બે સ્ટૅમ્પ એમેન્ડમેન્ટ બીલ ૨૦૦૬, બીલ નંબર-૧૯ જે લાવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ટૅમ્પ ડ્યૂટી એ રાજય સરકારની સીધા કરવેરા સિવાયની આવકોનું એક મુખ્ય આવકોનું સ્ત્રોત છે. એક હજાર કરોડ કરતાં વધુ આવક આજે આપણને સ્ટૅમ્પ ડ્યૂટી મારફતે થાય છે એના કરમાં, દરમાં ૧૦ટકાથી ક્રમે ક્રમે ૮ ટકા અને ૬ ટકાનો કરવામાં આવેલ છે એ સારું છે પણ આ સ્ટૅમ્પ ડ્યૂટીની જે આકારણી જે છે એના ઉપર કોઈ દિવસે ધ્યાન આપવામાં આવ્યું છે ખરું? મેં પત્ર લખેલો છે. મારા ધ્યાન ઉપર કેટલાક દસ્તાવેજોની કિંમત આવી અને ત્યારે એ બજાર ભાવે માત્ર એક ટકો દર્શાવવામાં આવેલો. ભુજ શહેરની બાજુમાં ૨૦ એકર જમીનના માત્ર ૩ લાખ ૮૦ હજારનો દસ્તાવેજ ઓકટોબર, ૨૦૦૪માં થાય ૩,૮૦,૦૦૦નો દસ્તાવેજ ઑકટોબર-૨૦૦૪માં થયો. ૨૦૦૫માં એનો નોન એગ્રીકલ્ચર માટે દસ્તાવેજ થાય. એટલે કાચી જમીન અને પાકી જમીનના દસ્તાવેજમાં જયાં ૨૦લાખ એકરનો ભાવ કાચી જમીનનો ચાલતો હોય ત્યાં માત્ર ૨૦હજાર એકરના દર્શાવવામાં આવ્યા એટલે ૯૯ ટકા સ્ટેમ્પ ડયુટીની ચોરી થાય. મેં ત્યાંના તંત્રનું ધ્યાન દોર્યું. સ્ટેમ્પ ડયુટી કમિશ્નરનું ધ્યાન દોરેલું. આજે રાજય સરકારની અંદર જે આવકના સાધન હોય ત્યાં પૂરતા પ્રમાણમાં અધિકારીઓ મૂકવામાં આવતા નથી. એટલા માટે કે કચ્છમાં સ્ટેમ્પ ડયુટીના ડેપ્યુટી કલેકટરની જગ્યા ખાલી છે અને પોરબંદરના સ્ટેમ્પ ડયુટી કલેકટરને એનો ચાર્જ આપ્યો છે. પોરબંદર અને કચ્છ વચ્ચેનું અંતર કેટલું છે? વચ્ચે કેટલા જિલ્લા આવે? એ ડેપ્યુટી કલેકટર સ્ટેમ્પ ડયૂટી જયારે આવે ત્યારે એના ઉપર ધ્યાન આપે. કરોડો રૂપિયાની રાજય સરકારની આવક ડ્રેન આઉટ થાય છે. રાજયનું કરજ વધતું જતું હોય ત્યાં

આ પ્રકારના આવકના સ્ત્રોત પૂરક બને એ જરૂરી છે. ચંદ્રિકાબેને કહ્યું આપણે સરકારી જમીન પાણીના ભાવે આપી દઈએ અને એ જયારે વેચાણ થાય ત્યારે એના ઉપર સ્ટેમ્પ ડયુટીમાંથી માફી આપી દઈએ. ઔદ્યોગિકરણને વેગ આપવાની લ્હાયમાં અને જેને જમીન મળી હોય એક રૂપિયાના ભાવની જમીન એક હજારમાં વેચાય તો સ્ટેમ્પ ડયૂટી લેવામાં આવતી નથી. કિંમત વધે અને આવક વધે ત્યારે એનો ભાગ આ રાજય સરકારની તિજોરીની અંદર સ્ટેમ્પ ડયૂટી મારફત મેળવવાની માત્ર આપણા રાજયની નહીં પણ દરેક ઠેકાણે નોન ટેક્સ રેવન્યુ મેળવવાની હોય છે. મહારાષ્ટ્ર આપણું પડોશી રાજય છે. આપણે એમ કહીએ કે આગળ છે પણ પડોશી રાજયમાં ૨૪૦૦કરોડની સ્ટેમ્પ ડયૂટીની આવક છે. રીયલ એસ્ટેટ નહીં પણ જમીનના ભાવ વધતા હોય, વિકસતો વિસ્તાર હોય ત્યાં જમીનના ભાવ વધતા જતા હોય અને આપણે એ જમીન ફરીથી એને તબદીલ કે ટ્રાન્સફર કે હેતુ ફેર કરવાની હોય ત્યારે એને પરિવર્તન, રૂપાંતર થયેલ હોય છે. નોન એગ્રીકલ્ચરમાં એને બદલે આપણે એગ્રીકલ્ચરને જંત્રીના ભાવમાં જઈએ છીએ. જંત્રીના ભાવમાં વખતોવખત ફેરફાર થાય છે. પરંતુ પાંચ સાલી વેચાણ થયું હોય અને આજુબાજુના વેચાણના આંકડા ટાઉન પ્લાનર ભાવની આકારણી કરતા હોય છે. ભાવ નકકી કરતા હોય ત્યારે એની પાસે આંકડા હોય છે. મારી પાસે આંકડા આવેલ કે ૨૩૦ રૂપિયા વારનો ભાવ જયાં હોય એટલે એકરનો ભાવ ૪૦૦૦ ગણીએ તો લગભગ ૮ લાખ હોય ત્યાં આપણે હેતુ ફેર માટે ૨૦ રૂપિયાના ભાવે જમીન આપી દઈએ. ઓછા ભાવે અપાય એટલે આપણી સ્ટેમ્પ ડયુટીની આવક જાય છે. કયાં એંસી હજાર રૂપિયે એકર અને કયાં આઠ લાખ રૂપિયે એકર. સરકાર તરફથી આ પ્રકારની બેદરકારી દાખવાતી હોય એને કારણે સ્ટેમ્પડયૂટીની આવક ઘટતી હોય ત્યારે આ ગૃહને ચિંતા હોવી જોઈએ. રાજયની આવક વધે એ માટે હંમેશા આપણે સૂચનો કરતા હોઈએ છીએ. મારા પત્રનો જવાબ પણ હજુ સુધી આપેલ નથી. મેં સૂચન કરેલ કે આ ભુજ શહેરમાં અસરગ્રસ્તોને જમીન આપી શકતા નથી. આપણી પાસે જમીન નથી અને સરકારી કર્મચારીઓને વર્ષોથી પ્લોટ આપી શકતા નથી. આ જમીન ૧૫ટકા વધુ ભાવ એકવીઝેશન કરીને લઈ લો એની રકમ સ્વૈચ્છિક સંસ્થા આપવા માટે તૈયાર છે. ૪-૫-૬લાખ એની અંદર ૮૦૦ અસરગ્રસ્ત કે ૮૦૦ સરકારી કર્મચારીઓને તમે માત્ર ચાર હજારના ભાવે પ્લોટ આપી શકો. આવું કરી શકે. ઈન્કમટેકસમાં જો કિંમત ઓછી આંકવામાં આવી હોય તો ૧૫ટકા વધુ ચૂકવીને એક ફલેટ કે પ્રોપર્ટીનું એકવીઝેશન થઈ શકે છે તો આમાં એકવીઝેશન કરવામાં. એનો કાયદો સુધારવાનો અને ન હોય તો બનતા સુધી આની અંદર હોય કોઈપણ જગ્યાએ આવકો ઓછી ધરાવતા હોય તો સરકારને એ ઓછી આવકની સામે પગલાં લેવાનાં અધિકારો છે અને એ જ્યાં સુધી નહિ થાય ત્યાં સુધી તમે સ્ટૅમ્પ ડ્યૂટીની રકમ વધારો, ઘટાડો, પણ આજે આપણી આવક વધતી જાય છે. સારી વાત છે, કારણ કે રાજ્યનો વિકાસ થતો હોય, પ્રોપર્ટીનો વિકાસ થતો હોય, અમદાવાદ શહેરની અંદર જ્યાં જમીનના ભાવ ૨૦,૦૦૦ રૂપિયા વાર કરતા વધુ હોય અને એક દાખલો આપું. કોઈએ સ્ટૅમ્પ ડ્યૂટીની ચોરી કરેલ હતી એવું લાગ્યું, એટલે સ્ટૅમ્પ ડ્યૂટી કલેક્ટરે એની સામે ફરિયાદ કરી અને એના કારણે ધરપકડ થઈ. એ જામીન ઉપર છૂટવા માટે નામદાર હાઈકોર્ટમાં ગયા, ત્યારે નામદાર હાઈકોર્ટે એમની પાસેથી પૈસા ભરાવ્યા પછી શરતી જામીન આપ્યા હતા. આ મહેસૂલ મંત્રીશ્રીને ખ્યાલ હશે કે અમદાવાદનો તાજેતરનો ૬-૮ મહિનાનો જ કિસ્સો છે. આવા પ્રકારની જમીનની કિંમતની અંદર સરકાર સાથેની છેતરપિંડી કરતા હોય, એની સામે કડક હાથે પગલાં લેવાય તો જ આ બિલની સાર્થકતા ગણાશે એટલું કહેવું છે, એટલા માટે થઈને રાજ્યની સ્ટૅમ્પ ડ્યૂટીની મારફત આવક એક હજાર કરોડ નહિ, પણ ડબલ થાય, તો પણ ઓછી ગણાય, એટલી જમીનો, સરકારી જમીનો હોય કે ખાનગી જમીનની લેવડ દેવડ ખૂબ મોટા પ્રમાણમાં થાય છે. ટેક્સનું ભારણ ઓછું થાય એ પ્રમાણેનું ડિક્લેરેશન ખૂબ વધું થતું હોય છે, એટલે આમાં ઓછો દર કરવામાં આવેલ છે, એ સ્તુત્ય પગલું છે.

મહારાષ્ટ્રના બજેટની અંદર પણ ન માત્ર સ્ટૅમ્પ ડ્યૂટીમાં ઘટાડો કરવામાં આવ્યો, પરંતુ જે એના શેર ટ્રાન્સફર પ્રોપર્ટીની અંદર ભાગલા, એની અંદર પણ રૂપિયાના ૧૦ પૈસા કરવામાં આવ્યા. જે હતા એના ૧૦માં ભાગના કરવામાં આવ્યા. હજુ આની અંદર ટેક્સ ઓછો કરવા જેવો લાગતો હોય તો કરવામાં આવશે તો રાજ્યની આવક વધશે, કેમ કે લોકોને ઓછી કિંમત દર્શાવીને જોખમ લેવામાંથી મુક્ત કરી શકાશે, એટલું આપની મારફત કહેવું છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ સભાગૃહમાં જે બિલ લઈને આવ્યો છું, એની અંદર સિનિયર ધારાસભ્યશ્રીઓએ એના ઉપર પ્રકાશ પાડ્યો છે. મંત્રી મંડળમાં ભૂતકાળમાં રહી ચૂકેલા જે બે-ચાર બાબતની ચર્ચા કરી, એમને મેં એક તો આંકડો આપ્યો, એ પ્રમાણે ભૂતકાળમાં ૧૯૯૩ માં ૧૪.૮૦ હતી, તે ત્યાંથી ઘ ટાડીને ૧-૪-૨૦૦૩ માં અમારી સરકારમાં ૧૧.૨૦, ૮.૪૦, ૫.૯૫ ૩ વર્ષના ટૂંકા ગાળામાં અર્ધા કરતા પણ ઓછી ડ્યૂટીનો દર કર્યો. એમની વાત છે કે હજુ ઓછી કરી દો. આ વાત છે. બીજા આંકડા આપું તો આ ડ્યૂટીના દર ઘટાડ્યા પછી પણ ૨૦૦૨-૨૦૦૩ માં ૬૫૦ કરોડની, ૨૦૦૩-૦૪ માં ૮૨૫ કરોડની, ૨૦૦૪-૦૫ માં ૯૬૩ કરોડની અને ફેબ્રુઆરી ૨૦૦૬ સુધીમાં ૧,૦૨૪ કરોડની આવક, એટલે લોકોને સરકારી કરનો બોજો ન પડે અને આ સિસ્ટમમાં કર ભરવા પ્રેરાય, અનિયમિતતાની વાત કરી, ગેરરીતિની વાત કરી, પણ આ સ્ટૅમ્પ ડ્યૂટી હમણાની છે નહિ, વર્ષોથી છે. આ બે-ત્રણ વર્ષમાં થયેલ છે, માનનીય બાબુભાઈને યાદ દેવડાવું છું.

જંત્રીની વાત કરી. એક બાજુ કહેવાય છે કે ડબલ જંત્રી થઈ જશે. બાબુભાઈની કાયમ વાત હોય છે કે સરકાર જમીન મફતમાં આપી દે છે. જંત્રી ૧૯૯૮ની સાલની છે, એને અપગ્રેડ કરીને વ્યવસ્થિત કરવાની છે. ૧૯૯૮ પછી રાજ્યની પરિસ્થિતિ બદલાઈ છે. આપણને ખબર છે કે ડી.એલ.પી.સી. પ્રાઈસ નક્કી કરે છે, આની અંદર જે સિસ્ટમ છે, એને આધારે જમીન વેચીએ છીએ. એક સાયન્ટિફિક ફૉર્મ્યુલા જંત્રીમાં લાવવા માગીએ છીએ કે એ ફૉર્મ્યુલાની અંદર બાબુભાઈને ચિંતા છે, એ ચિંતા દૂર કરવાનું કામ અમારે કરવાનું છે. કાયમ કહો છો કે પાણીના ભાવે આપી દીધી. આ સાયન્ટિફિક કરવાની વાત છે. કાયમી વાત છે, એટલે જંત્રીની બાબતમાં સાયન્ટિફિક રીતે આ રાજ્ય સરકાર આગળ વધી રહી છે. સાયન્ટિફિક જંત્રીના ભાવથી જે અત્યારે એક્ઝિસ્ટિંગ વ્યવસ્થા છે, જંત્રી અવેઈલેબલ છે. તેમાં જે સ્ટૅમ્પ ડ્યૂટી લેવાય છે. જે કંઈ જમીનો વેચાય છે તે ડીએલપીસીના ભાવે વેચાય છે. બીજી જંતરીની વાત કરી તો તેમાં જંતરી ડીકલેર, ફાઈનલ થયા પછી વિચાર કરવામાં આવશે. વિરોધપક્ષના નેતાશ્રીએ ચાર ટકાની વાત કરી. મારે તેમનું ધ્યાન દોરવું છે કે અમે જુદી જુદી નવ કેટગરીઓ પાડી રેશનલાઈઝ કરીને. તેમાં અમુક કેટેગરીમાં ૨૦ રૂપિયા, અમુક કેટેગરીમાં ફક્ત ૬ રૂપિયા અને ત્રીજા નંબરની કેટેગરીમાં પોઈન્ટ ૦૧ ટકા એટલે કે ૪ ટકા કરતાં ઘણા ઓછા થાય છે. અમુક કેટેગરીમાં પોઈન્ટ ૧ એટલે કે ૪ ટકા કરતાં ઘણા ઓછા થાય છે. અમુક કેટેગરીમાં પોઈન્ટ ૨૫ એટલે એક ટકો પણ નહીં, અમુક કેટેગરીમાં પૉઈન્ટ ૫૦ એટલે કે એક ટકો પણ નહીં. અમુક કેટેગરીમાં એક ટકો અને અમુક કેટેગરીમાં ૨ ટકા અને આ જે ૧૯૫ કરોડ રૂપિયાની રાહતો આપવાની છે તેના બેઝીકમાં તો ૪.૨૫ છે. પણ ૫.૯૫ ટકા એટલે થાય છે કે તેમાં એડીશ્નલ લાગે છે. બેઝીક ૪.૨૫ એટલે વિરોધપક્ષના નેતા બોલ્યા કે ૪ ટકા સુધી હો તો અમે સમર્થન આપીએ. આ મેં આંકડાકીય માહિતી આપી છે. અમે ૪ ટકા નજીક છીએ. આમ ૪.૨૫ ટકા બેઝીકની નજીક છીએ. અહીંયાં માનનીય અધ્યક્ષશ્રી, મહારાષ્ટ્રનો ઉલ્લેખ થયો છે. મહારાષ્ટ્ર નહીં આ ટાઈપનું રેશનલાઈઝેશન આખા દેશમાં કયાંય થયું નથી. પહેલીવાર ગુજરાતની અંદર રેશનલાઈઝેશન કરીને લાવ્યા છીએ. એમનેસ્ટી સ્કીમની વાત. જૂના કેસો ગઈ સાલ આપણે એમનેસ્ટી સ્કીમની જાહેરાત કરી હતી. આ વખતે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કલમ-૩૨(ક)ના કેસો અને ગેરરીતિઓ આ બધા પ્રશ્નોનો સાચો જવાબ અને સાહેબ તે જવાબના મૂળમાં અમે ગયા છીએ. જવાબના મૂળની અંદર એમનેસ્ટી સ્કીમની આ વખતે પણ જાહેરાત કરી છે. હાઉસિંગ બોર્ડની વાત કરી. હાઉસિંગ બોર્ડમાં કલમ-૩૨(ક) નો જે પરિપત્ર સુધાર્યો છે. કાયદામાં સુધાર્યો છે અને આ બેની વચ્ચે પંદર વીસ દિવસનો ગાળો છે તેના સિવાય માનનીય ચંદ્રિકાબેને જે વાત કરી આજે પણ હાઉસિંગ બોર્ડના દસ્તાવેજો ૩૨(ક) માં નથી લઈ જતા. આ જે વચલો ગાળો છે તેની પ્રોસીજર પાઈપ લાઈનમાં છે. ટૂંક સમયમાં પૂરી થઈ જશે. તે બાબત અમારા ધ્યાનમાં છે. તે ટેકનિકાલીટીની બાબત છે. ટૂંક સમયમાં પૂરી કરવામાં આવશે.

મહિલા રજીસ્ટ્રેશન દસ્તાવેજોમાં ગઈ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી. આ સ્કીમનો પ્રતિભાવ કેવો છે? તા. ૧૧-૬-૨૦૦૪થી મહિલાઓની તરફેણમાં સ્થાવર મિલકતની તબદીલીની નોંધણી અર્થે રજૂ થતા લેખોમાં ૧.૫ ટકા નોંધણી ફી સંપૂર્ણ માફ કરવામાં આવી હતી અને આ એક વર્ષની અંદર ૧,૭૬,૫૩૧ દસ્તાવેજો મહિલાઓને પ્રોત્સાહનની વાત કરી પણ મહિલાઓને પ્રોત્સાહન માટે આ વર્ષમાં જે કામ કર્યું છે તેમાં રાજય સરકારે ૩૭ કરોડ ૮૨ લાખ રૂપિયાની મુકિત આપેલ છે ટેકસમાં. એટલે રાજય સરકારે તમામ બાબતોમાં પ્રયત્ન કરીને આ વખતે પણ જે કંઈ રજૂઆતો આવી છે. બીજા રાજયોમાં જે કંઈ રૅશનલાઇઝેશન માટે અને સ્ટૅમ્પ ડ્યૂટી ઘટાડવા માટે પ્રયત્નો કર્યા હતા તેના કરતાં વધુ પ્રયત્નો રાજય સરકારે કરીને આ બિલ લાવ્યા છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેમના અંદાજપત્રમાં કહ્યું હતું કે આ જે ગુજરાતની પ્રજા છે તેને આ બિલની અંદર રાહતની વાત કરી છે. હું માનું છું ત્યાં સુધી જેટલી મેકસીમમ કહેવાય. કોઈને દાખલો આપવો હોય તો મેકસીમમ લેવલે કામગીરી કરી છે. ફરીથી મારા તરફથી વિરોધપક્ષના નેતા અને સૌ સાથે મળીને આ ગુજરાતના લોકોનું, સામાન્ય પ્રજાનું અને ગરીબ લોકો પણ આમાં આવી જાય છે. તે લોકો જેટલી રકમના જયાં જયાં દસ્તાવેજો કરે છે તે બધાને આમાં લાભ મળવાનો છે. હવે વાત ૪ ટકાની છે. આપણે ૪.૨૫ ટકા સુધી પહોંચ્યા છીએ. તો હું માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને વિનંતી કરીશ કે મારી વાત ધ્યાને લઈ આ બિલને સપોર્ટ આપી પાસ કરે. આભાર.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૯નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૫, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક: ૧૯નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તે મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી** : સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક ૧૯નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની કામકાજની યાદીમાં મૂકેલા તમામ વિધેયકોનું કામકાજ પૂરું થાય તે માટે થઈને એક કલાક સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી હું દરખાસ્ત કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો ૪-૦૫ વાગ્યા છે હજી એક કલાક બાકી છે, પછી જોઈશું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : આપણે ત્રણ દિવસમાં કામ પૂરું કરવાનું છે અને એમાં અમારો આપને સહકાર રહેશે અને બીજા બિલોમાં અમે બોલવાનું પણ ટૂંકાવીશું અને હજું તો પરમ દિવસ છે એટલે ત્યારે આપણે એકાદ કલાક એવું હશે તો વધારીશું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એગ્રીડ .

**સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૩**
**ગુજરાત શિક્ષણ ઉપ-કર (સુધારા) વિધેયક, ૨૦૦૬**
**ગુજરાત શિક્ષણ ઉપ-કર અધિનિયમ, ૧૯૬૨ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક: ૧૩ સન ૨૦૦૬નું ગુજરાત શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયક આપની અનુમતિથી હું દાખલ કરું છું

**સભાપતિશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક : ૧૩- સન ૨૦૦૬નું ગુજરાત શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, જુદી જુદી મહાનગરપાલિકાઓમાં રેટેબલ વેલ્યુ તરીકે ગણીને શિક્ષણ ઉપકરની આકારણી કરવામાં આવે છે. સમગ્ર દેશમાં શહેરી ક્ષેત્રમાં કારપૅટ એરિયા બેઝ પ્રોપર્ટી ટેક્સ ડેવલપ કરવો એ પ્રકારની એક દિશા નક્કી થયેલી છે અને એની શરૂઆત ગુજરાતે કરેલી છે અમદાવાદ, વડોદરામાં કારપૅટ એરિયા બેઝ પ્રોપર્ટી ટેક્સ સામેલ થયો છે અને બાકીની મહાનગરપાલિકાઓમાં ડિસૅમ્બર, ૨૦૦૬ના અંત સુધીમાં સંપૂર્ણ પ્રકિયા પૂર્ણ કરવાના વિચાર સાથે આપણે આગળ ચાલી રહ્યા છીએ, એ સ્વરૂપે આ બધી જ મહાનગરપાલિકાઓમાં કારપૅટ એરિયા આધારિત મિલકત વેરો લેવામાં આવતો હોય ત્યાં શિક્ષણ ઉપકર પણ કારપૅટ એરિયાના ધોરણે વસૂલ થવો જોઈએ, એવા હેતુસર આ એક સુધારો લઈને હું આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે ૭૪ના બંધારણીય સુધારાને ધ્યાને લઈને આનુષાંગિક જે કંઈ સુધારાઓ કરવાના છે એ સુધારાઓનો આ બિલમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ ઉપકર અધિનિયમમાં મિલકતના દર વાર્ષિક ભાડાની કિંમતના આધારે અત્યાર સુધી દર્શાવવામાં આવે છે એના બદલે તમામ મહાનગરપાલિકાઓમાં આ પ્રકારે કારપૅટ એરિયાની વ્યાખ્યા ઉમેરવામાં આવે અને કારપૅટ એરિયા અને જમીનોના વિસ્તારના ચોરસ મીટર દીઠ લેવાનો સુધારો કરવામાં આવે એવું આ બિલમાં સૂચવવામાં આવ્યું છે. આ સિવાય અન્ય જે કંઈ નાના નાના સુધારા બંધારણીય રીતે જરૂરી છે એનો સમાવેશ કરવામાં આવ્યો છે એની સાથે સાથે કોઈ અપંગ કે વિધવા વ્યકિત હોય, કુટુંબ હોય તો એને જે કંઈ ધોરણસરની માફી આપવાની જે હોય એની સત્તાઓ કમિશનરને માફી કે રિફંડ આપવા માટેની આ બિલમાં જોગવાઈ કરવામાં આવી છે. મહાનગરપાલિકાઓ દ્વારા શિક્ષણ ઉપકર ઉઘરાવવા બદલ એને જે ખર્ચ થાય છે એ ખર્ચ પણ મહાનગરપાલિકાઓને આપવામાં આવે એ પ્રકારનો સુધારો લઈને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એકંદરે વહીવટી સરળીકરણ માટેની બાબત છે, કારપૅટ એરિયા બેઝ પ્રોપર્ટી ટેક્સ પદ્ધતિને અમદાવાદે તો સ્વીકારી પણ સમગ્ર દેશે પણ સ્વીકારી છે. કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકારમાં હમણા સ્ટેટ કૉન્ફરન્સ થઈ ત્યારે પણ કેન્દ્રના મંત્રીશ્રીએ એ વાતનો ઉલ્લેખ કર્યો છે કે, કારપૅટ એરિયા પ્રોપર્ટી ટેકસ પદ્ધતિ તમામે તમામ નગરપાલિકા અને મહાનગરપાલિકામાં લાવવી જોઈએ. ગુજરાતે એના માટે પહેલ કરી છે અને એના માટે પણ ગુજરાતને આવકાર આપ્યો છે. અમદાવાદમાં દૃષ્ટાંત તરીકે અત્યારે જે પ્રોપર્ટી ટેકસ ભાડા

* વિધેયક તા. ૧૬મી માર્ચ,૨૦૦૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

પદ્ધતિથી લઈએ છીએ એમાં ૨૫ કરોડ રૂપિયાની લગભગ પ્રોપર્ટી ટેકસની આવક છે. અત્યારે કારપૅટ એરિયા બેઝ પ્રોપર્ટી ટેક્સ કરીશું તો એના કારણે ૨૩ કરોડ રૂપિયાની આવક થશે એટલે ૨ કરોડ રૂપિયાનો લોકોને લાભ પ્રાપ્ત થવાનો છે. પરંતુ એની સાથે સાથે સૌથી મોટી બાબત સરલીકરણ આ કાર્યને કારણે થવાનું છે. ગૃહના સન્માનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, આ સરલીકરણથી શહેરોની પ્રક્રિયા છે એને અને આ પ્રકારની પ્રક્રિયાથી લોકોને પણ રાહત થવાની છે.એની સાથે સાથે વહિવટી સક્ષમતા વધવાની છે અને આ કાર્યથી જ્યારે ટેકસને આપણે કારપૅટ એરિયા બેઝ કરીશું ત્યારે શિક્ષણ ઉપકર પણ એજ આધારે દાખલ થાય એ પ્રકારનો આ બિલમાં સુધારો લઈને આવ્યા છીએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત શિક્ષણ ઉપકર સુધારા વિધેયક ૨૦૦૬ લઈને આવ્યા છે, ત્યારે માનનીય મંત્રીશ્રીએ જે રીતે વાત કરી હતી, મેં માનનીય મંત્રીશ્રીને હંમેશા જે રીતે જોયા છે અને આજે જે પ્રમાણે એમણે વાત કરી છે ત્યારે એમના હૃદયમાં એમ થતું હશે કે ખરેખર જે આ બિલ લઈને આવ્યો છું એમાં લોકોને કેટલો લાભ થવાનો છે? એમણે ગોળગોળ ભાષામાં વાત કરી અને લોકો ઉપર કેટલા કરોડ રૂપિયાનો બોજો નાંખી દીધો એ આ બિલમાં બતાવ્યું છે.

માનનીય મંત્રીશ્રીએ જે પ્રમાણે વાત કરી ખાલી શહેરી વિસ્તારમાં જમીન અને મકાન ઉપર વાર્ષિક ભાડાની કિંમત પર વધારે વેરો શિક્ષણ ઉપકર વસૂલ કરવામાં આવશે. ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ ૧૯૬૨ પ્રમાણે છે. આ નિયમ મુજબ ગુજરાત બૉમ્બે મ્યુનિસિપલ કોરપોરેશન, ગુજરાત (સુધારા) અધિનિયમ ૧૯૯૯માં કરેલ સુધારો ધ્યાનમાં લઈને મ્યુનિસિપલ કોરપોરેશનમાં મકાન જમીનો ઉપર વાર્ષિક ભાડા કિંમત એના ઉપર કારપૅટ એરિયાની જમીન વેચાણ કર વસૂલ કરવાની સત્તા આપતું બિલ લઈને આવ્યા છે એ મિલકત ઉપર સરચાર્જનો વધારે વેરો પડશે. એક વેરો લવાય છે અને એ લેવાની સત્તા રાજય સરકાર માટે આ વિધેયકમાં લઈને આવ્યા છે. ખાસ કરીને આ વેરાની જે મહત્ત્વની બાબત છે કે આ પૈસા અમે શિક્ષણને ઉત્તેજન આપવા માટે વાપરવાના છીએ. ત્યારે મારે એ કહેવું છે કે, અમદાવાદ સીટીમાં જે પ્રમાણે વેરો લેવામાં આવે છે એમાં કારપૅટ એરિયા બેઝ વેરો લેશે એટલે રાજય સરકાર આ કારપૅટ એરિયા બેઝ વધારાનો વેરો આજની તારીખથી લેવાની છે. ખાસ કરીને મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, અત્યાર સુધી વેરો માત્ર અમદાવાદ ઉપર લાગુ પડતો હતો એમાં મારે આ સન્માનીય સભાગૃહના સભ્યશ્રીઓને જણાવવું છે કે, જે લોકો નાના નાના શહેરમાંથી આવે છે એ લોકોને નવાઈ લાગશે કે, માત્ર અમદાવાદમાં આ વેરો લેવાતો હતો એ હવે સમગ્ર મહાનગરપાલિકાની સાથે સાથે આ વેરો નાના નાના સિદ્ધપુર જેવા શહેરો છે એમાં તમામમાં લેવામાં આવશે. (અંતરાય) મારા શહેરમાં આજે આવો વેરો લેવામાં આવતો નથી. હવે પછી મારા શહેર ઉપર આ બોજો વધવાનો છે એટલે સ્વાભાવિક રીતે મને એમ લાગે છે કે, સરકારે આટલો બધો ટેકસ નાંખ્યો છે ત્યારે બીજી બાજુ સરકાર એમ કહે છે કે, સરકાર વેરો ઘટાડી રહી છે, લોકોને માટે સુવિધા પ્રાપ્ત કરી છે. આમ કહીને પાછલા બારણે આપ ટેકસ લાગુ પાડવા માટેનું બિલ લાવ્યા છો ત્યારે એના કરતા ખુલ્લું કહેવું જોઈએ કે અમે આ પ્રમાણેનો વેરો લેવા માગીએ છીએ. સિદ્ધપુરને યાદ એટલા માટે કરું છું કે ત્યાં અત્યારે નથી લેવાતો પણ હવે આ બિલને કારણે લાગવાનો છે. આપના અમદાવાદમાં છે. ખાસ કરીને અત્યાર સુધી આ વેરો લેવામાં આવતો હતો એ પોતાની મિલકત હોય, જમીન હોય કે મકાન હોય એના ઉપર લેવામાં આવતો હતો. પણ આ સરકારે કેટલી યોજનાબધ્ધ રીતે હવે જે ભાડે આપશે એની પાસેથી પણ આ લેવામાં આવશે. એટલે સરકાર ભાડામાંથી પણ કર લેશે. જેની પોતાની મિલકત છે એ મિલકત કોઈને ભાડે આપશે તો એના ઉપર પણ સરકાર આ પ્રકારનો વેરો લેવાની છે અને વેરામાં કેટલાય એવા લોકોને અસર થવાની છે.

ગુજરાત રાજયમાં કુલ જે મકાનો છે એ એક કરોડ પચીસ લાખ, ગ્રામ્ય વિસ્તાર છે એ ૭૫ લાખ, ગ્રામ્ય તો આમાં આવતું નથી. શહેરી વિસ્તારના જ ૪૯ લાખ લોકોને આ વસ્તુની અસર થવાની છે. માનનીય મંત્રીશ્રી જે પ્રમાણે કહેતા હોય એ બે પ્રકારનો ટેક્સ કોઈ દિવસ હોઈ શકે નહિ, જ્યારે આપણે બીજા બધા વેટ અને એ બધામાં ચાલતા હોઈએ અહીંયા આગળ રહેઠાણના જે મકાનો છે એમાં બે પ્રકારના વેરા લાગે છે કે આજે ૨૦૦ થી ૫૦૦ રૂપિયા.. એના પર આજે સરચાર્જ પાંચ ટકા લાગે છે, ૫૦૦ થી ૩ હજાર એટલે એના ૧૦ ટકા મુજબ ૫૦ રૂપિયાથી ૩૦૦ થાય અને ૩૦૦૦ થી વધારે એમાં ૧૫ ટકા વેરો લાગે છે. મારે આ સરકારને વિનંતી કરવી છે કે રાજય સરકારે તમામ શહેરોમાં જમીન અને મિલકત પર જે વેરો ભરે છે તેના પર સરચાર્જ જે ૧૦ ટકાનું ભારણ વધાર્યુ છે એટલે ઔદ્યોગિક અને વાણિજ્યક હેતુ માટેની મિલકત ઉપર પણ વધવાનો છે એટલે સરેરાશ ૨૦ ટકા જેટલો ઓટોમેટીકલી જ્યારે વેરો થાય છે ત્યારે આ સરકારને મારું એકજ નમ્ર સૂચન છે કે આ સરચાર્જ છે એ નાબૂદ કરવો જોઈએ આ ૧લી એપ્રિલ, ૨૦૦૬થી અમલમાં આવવાનો છે અને આ વેરાના જે પૈસા જે રીતે વપરાવાના છે મને એમ લાગે છે કે આ જેટલા કરોડો રૂપિયાનો જે ટેક્સ લાગીને શિક્ષણના હેતુ માટે જે વાપરવાની વાત છે મને ચોક્કસ આનંદ થાય કે શિક્ષણમાં પૈસા વપરાય આપણી સરકારની જે યોજના છે એ યોજના માટે શિક્ષિત થાય પણ આ વેરો આડકતરી રીતે જે પાછળથી એક ના બદલે બે બે પ્રકારનો જે ટેક્સ લગાવ્યો છે અને સરકારની જે નીતિ સ્પષ્ટ થાય છે કે એક બાજુ આપણે રાહતો

આપવાની વાતો કરીએ છીએ અને બીજી બાજુ પાછલા બારણે આ બધા વેરા લગાવવામાં આવે છે તો મારું સૂચન છે કે આ જે સરચાર્જ છે એ નાબૂદ કરવો જોઈએ.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત શિક્ષણ ઉપકર સુધારા વિધેયક, ૨૦૦૬ અને વિધેયક ક્રમાંક: ૧૩ લઈને આવ્યા છે એના પર હું મારી વાત કરું છું. આ ગુજરાત શિક્ષણ ઉપકર એ શહેરી વિસ્તાર માટેનું બિલ છે, પરંતુ શિક્ષણ ઉપકરનું પ્રમાણ લગભગ ગત વરસોમાં પચીસ ગણું કરી નાંખવામાં આવેલું છે. ૧૯૯૭માં અમે મહેસૂલ માફ કર્યો પણ શિક્ષણ ઉપકર દ્વારા પાછલે રસ્તેથી જે આવક વધારવા માટે થઈને બોજો નાંખવામાં આવેલ છે આ શિક્ષણ ઉપકરનો એના કારણે જે બોજો વધેલો છે એ બોજો કેટલો વધ્યો છે એના આંકડા આપે તો ખબર પડે. એમણે કહ્યું કે ૩૫૦૦ કરોડ રૂપિયા અને એમણે એના કરતાં અનેકગણો બોજો અહીંયા ભરવો પડે છે. ૨૫ ગણા દર એની અંદર વધારવામાં આવેલ છે આ સુધારાઓની અંદર કારપૅટ એરિયાના હિસાબે, કોઈક ઠેકાણે એકરના હિસાબે હોય એની ગણતરી ન થાય અને ફૂટના હિસાબે કારપૅટ એરિયાની અંદર પછી તમે સુપર બિલ્ટ અપ લેશો કે કયું માપ લેશો કારણકે એની અંદર જે આકારણી કરવા માટે જે અધિકારી જતા હોય છે એ એક્રોસ ધ ટેબલ કેટલીય અઘટિત બાબતો બનતી હોય છે અને એના માટે અપીલમાં જવાનું હોય છે અને એ અપીલની અંદર પણ જે અધિકારીઓને અધિકારો આપવામાં આવેલા છે એની અંદર ખૂબજ વિસંગતતાઓ નજરે ચડે છે સ્ટૅમ્પ ડ્યૂટીના અગાઉના બિલમાં જે કહ્યું એના કરતાં આની અંદર ઊલટી વસ્તુ છે એટલા માટે થઈને સ્પષ્ટતા થાય કે આ સુધારા જે લાવવા માટેનું જરૂરી હોય કે એની અંદર પચાસ પૈસા કરતાં ઓછી રકમ એ માફ કરે અને પચાસ પૈસા કરતાં વધુ હોય એને રૂપિયામાં ગણતરી કરવી એનો પણ ઉલ્લેખ કર્યો છે આની અંદર એટલા માટે થઈને જ્યારે જે બિલ લાવવામાં આવે ત્યારે એના કારણે ઉપભોક્તાને વપરાશકારને આનો કેટલો લાભ થશે અને સરકારની આવક કેટલી વધશે અને એની અંદર કનડગત વધે નહિ એની સ્પષ્ટતા ખૂબ જરૂરી છે એનો આ બિલની અંદર કયાંય ઉલ્લેખ કરવામાં આવેલ નથી કે એના જે હેતુ છે ઉદ્દેશો અને કારણો એની અંદર પણ એ કહેવામાં આવેલ નથી કે આ બિલ શા કારણે લાવવું પડેલ છે. યથા પ્રસંગ સ્થાનિક સત્તા મંડળે તેના બદલે મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કૉર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ હેઠળ સન ૧૯૬૨ના ઑગસ્ટ મહિનાની પહેલી તારીખ અથવા ત્યાર પછી મિલકત વેરાની છૂટ મળી હોય અથવા માફી અથવા રિફંડ મંજૂર કરવામાં આવેલ હોય તો યથા પ્રસંગ શહેરના મ્યુનિસિપલ કૉર્પોરેશને આ શબ્દના આંકડા મૂકવા અને જે શબ્દો મૂકવામાં આવે છે તેને બદલે સરચાર્જ જે શબ્દ મૂકવો એટલે પાછલા રસ્તે પાછલા કેસો પણ ઉકેલવા માટેનો એક મોકો આપણે આપવા માગીએ છીએ અને માનનીય મંત્રીશ્રી એટલા માટેની સ્પષ્ટતા કરે કે આ બિલ જે છે તેની સાર્થકતા કેટલી છે તે સ્પષ્ટતા કરે તે ખૂબ જરૂરી છે.

## અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સભ્યશ્રી માનનીય બલવંતભાઈ રૂપાળા પણ છે, હોંશિયાર પણ છે આંકડા સારા તૈયાર કરીને લાવે છે પણ આજે મને લાગે છે કે બિલમાં ટપ્પો પાડવામાં કંઈક તકલીફ થઈ હોય એવું લાગે છે. આ કોઈ વેરાનો વધારો નથી. વેરાની પદ્ધતિમાં બદલાવ કરીએ છીએ. સમગ્ર દેશમાં મેં કહ્યું કે યુ.પી.ની કેન્દ્રની સરકારે જ્યારે National Urban Renewal Mission ની ઘ ોષણા કરી અને કેટલાક રિફોર્મ્સ માટેનો અતિ આગ્રહ રાખ્યો છે બધા રાજયો માટે તેમાં carpet area based property tax નગરપાલિકા વિસ્તારમાં લાવવો જોઈએ તે માટેનું એક તેમણે બધાને સૂચન કર્યુ છે. National Urban Renewal Mission ની પહેલાં અમદાવાદ જેવા મહાનગરપાલિકાએ તો carpet area based property tax પદ્ધતિ દાખલ કરી દેશના અન્ય રાજયો, મહાનગરો તે પદ્ધતિને જોવા આવે છે. એક દ્રષ્ટાંત આપું કે carpet area based property tax લાવવાથી વ્યકિત પોતે પોતાના વેરાનું સરળીકરણ પોતાની જાતે કેટલાં ચોરસ મીટરનું તેનું મકાન છે તેની પોતે ગણતરી કરી શકે કે મારે કેટલો ટેક્સ આવશે અને તેના કારણે કદાચ કરોડ બે કરોડની આવક ઓછી થાય છે અને અત્યારે પણ થાય છે. મેં કહ્યું અમદાવાદ મહાનગરપાલિકાને દાખલો આપ્યો કે carpet area based property tax માં ૨૫ કરોડની પહેલાં આવક થતી હતી રેન્ટલ આધારિત તેના બદલે carpet area based property tax માં ૨૩ કરોડની આવક એટલે ૨ કરોડનો ઘટાડો થાય છે પરંતુ સાથોસાથ એક સરળીકરણની પ્રક્રિયા થઈ છે અને સરળીકરણની પ્રક્રિયાની સાથોસાથ અત્યાર સુધી છેલ્લા ૧૦ વર્ષ કે ૧૫ વર્ષનો રૅકૉર્ડ લઈએ તો કોર્ટ કેસો જે હતા તેમાં બિલકુલ નિરાકરણ આવ્યું છે અને પહેલું વર્ષ અમદાવાદ મહાનગરપાલિકાનું એવું હશે કે area based property tax ના કારણે વિવાદોમાંથી બહાર રહ્યું છે.

સભ્યશ્રીએ બીજો વિચાર વ્યક્ત કર્યો અમદાવાદની સાથે બીજી મહાનગરપાલિકાઓનો સમાવેશ એટલા માટે આપણે કરીએ છીએ રાજય સરકારે મેં મારી બજૅટની ડિમાન્ડના સમયે જ મારા વક્તવ્યમાં મેં કહ્યું હતું કે caarpet area based property tax ને આપણે ધીરે ધીરે બધીજ મહાનગરપાલિકા અને નગરપાલિકામાં લઈ જવા માગીએ છીએ અને તેમાં કોઈ મુશ્કેલી કે વધારાનો વેરો નહીં પરંતુ એક જાતની સરળીકરણની પ્રક્રિયા છે અને સરળીકરણની પ્રક્રિયાને આપણે આગળ લઈ જવા માગીએ છીએ. એટલા માટે એકલી અમદાવાદ

મહાનગરપાલિકા નહીં તમામ મહાનગરપાલિકાને આના ઉપર દાખલ કરવા માગીએ છીએ. બીજી ભાડા પદ્ધતિની વાત કરી ભાડા પદ્ધતિ તો પહેલાં હતી પહેલાં ટેક્સ તે પ્રમાણે લેવાતો હતો કે વ્યકિત પોતે કોઈ ભાડે મકાન આપ્યું હોય તો તે અને ના હોય તો તેનું કેટલું ભાડું ઉપજી શકે તેનો અંદાજ કરીને તેનું ટેક્સ સ્ટ્રકચર નક્કી થતું હતું અને તેના ઉપર શિક્ષણ ઉપકર લાગતો હતો. શિક્ષણ ઉપકર કંઈ આ સરકાર આવી છે અને વધારાનો લાદી દીધો છે તો તો આ સરકારે અત્યારે વધારાનો એક રૂપિયો લાદી દીધો છે એવી બાબત નથી. અત્યારે શિક્ષણ ઉપકરની બાબતમાં એક પણ રૂપિયાનો કોઈ વધારો અમે કરતા નથી ફક્ત અને ફક્ત વેરો ભરવાની પદ્ધતિ હતી તે પદ્ધતિમાં બદલાવ થયો છે અને તે પદ્ધતિને કારણે જે શિક્ષણ ઉપકર ઉઘરાવવાનો થાય છે તે carpet area based property tax ના કારણે તે પદ્ધતિમાં જ ફક્ત બદલાવ થાય છે. Carpet area based property tax પદ્ધતિને બધાજ લોકોએ જ્યારે સ્વીકારી છે ત્યારે માનનીય બાબુભાઈ શિક્ષણ ઉપકરમાં વધારો કરે તે બાબત મારા તો ધ્યાન ઉપર આવી નથી કે શિક્ષણ ઉપકરમાં વધારો કર્યો પરંતુ જ્યાં જ્યાં પ્રોપર્ટી વધતી હોય ત્યાં ટેક્સ વધતો હોય, ટેક્સનું સ્ટ્રકચર વધે, ટેક્સની આવક વધે તેમ શિક્ષણ ઉપકર આપોઆપ વધવાનો છે એવા સ્વરૂપમાં આ પદ્ધતિમાં, આ બિલમાં કોઈ પણ એક રૂપિયાનો વધારાનો અમે વેરો નાખતા નથી. કોઈ સરચાર્જ નાંખતા નથી. જે શિક્ષણ ઉપકર હાલમાં રાજયમાં ચાલી રહ્યો છે તે શિક્ષણ ઉપકર ઉઘરાવવાની જે પદ્ધતિ છે તે અત્યાર સુધી રેન્ટલ એરિયા મુજબ હતી તેના બદલે carpet area based property tax મુજબ અમે લાવવા માગીએ છીએ.

કમિશનરને સત્તા આપવાની વાત કરવામાં આવી. એ કમિશનરની સત્તામાં પણ સરળીકરણ કરીએ છીએ. વિધવા બહેનને માફી આપવાની હોય, અપંગોને માફી આપવાની હોય, રીફંડની પ્રક્રિયામાં પણ કમિશનરને સત્તા આપીએ છીએ, જેથી ઝડપથી ન્યાય મળે અને તરત જ એ કરી શકે. જેથી આ બિલ રાજયના શહેરી ક્ષેત્રના હિતમાં છે અને શિક્ષણ ઉપકર ઉઘરાવવાની પદ્ધતિમાં સરળીકરણ પ્રાપ્ત થાય અને શિક્ષણ ઉપકર ઉઘરાવવાનો જે ખર્ચ થવાનો છે, એ પણ મહાનગરપાલિકાઓને પ્રાપ્ત થવાનો છે. આમ આ સરળીકરણની પ્રક્રિયા છે અને ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે શહેરી ક્ષેત્રના હિતમાં આને સૌ માન્ય રાખે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬ ના વિધેયક ક્રમાંક:૧૩- સન ૨૦૦૬ ના ગુજરાત શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**કલમ ૨ થી ૧૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬ ના વિધેયક ક્રમાંક: ૧૩- સન ૨૦૦૬ ના ગુજરાત શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને વિધેયકને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી .** : સન ૨૦૦૬ ના વિધેયક ક્રમાંક: ૧૩- સન ૨૦૦૬ ના ગુજરાત શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૬ નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૪
## મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક,૨૦૦૬
## મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ વધુ સુધારવા અને લીધેલા અમુક પગલાં અથવા કરેલા કૃત્યોને માન્ય ઠરાવવા બાબત વિધેયક.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસો, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજપત્રમાં• અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૬ ના વિધેયક ક્રમાંક:૪, સન ૨૦૦૬ ના મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

• વિધેયક તારીખ ૨૦ મી ફેબ્રુઆરી-૨૦૦૬ ના રોજ ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી અમિત અ. શાહ**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંકઃ૪, સન ૨૦૦૬ના મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક ટેકનિકલ પ્રકારનું વિધેયક છે. જે લોક રક્ષકની ભરતી થઈ રહી છે, એને કોન્સ્ટેબલની વ્યાખ્યામાં ઉમેરવા માટે હું ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. હું આશા રાખું છું કે સુરક્ષાને લગતો પ્રશ્ન છે, એટલે બધા સંમતિ આપે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે આ બિલમાં સુધારો લઈને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ એ પ્રકારનો સુધારો છે કે ખરેખર લોક રક્ષક દળ જે નામ છે. આજની તારીખમાં ગુજરાતની અંદર ૬૫ ટકા લોકો ગામડામાં રહે છે. ત્યાં આગળ જઈને એવું કહીએ કે ગામ રક્ષક દળ, એટલે બધાને નવાઈ લાગે કે ગામ રક્ષક દળ શું? આપણી આગવી પરંપરા મુજબનો શબ્દ છે, પોલીસ. એટલે બધાને ખ્યાલ આવે કે પોલીસ આવી માટે મારે આ બિલમાં મેં સુધારો મૂકયો હતો. અને એ પણ વાત કરી હતી કે ગામ રક્ષક દળ જે છે, એની જગ્યાએ પોલીસ શબ્દ વાપરવો જોઈએ. એટલા માટે કે લોકોને ખબર પડે કે આ ગામ રક્ષક દળ જે છે, એ પોલીસ છે. આજે ૬૫ થી ૭૦ ટકા લોકો જયારે ગામડામાં રહે છે, એટલા માટે હું વાત કરું છું કે રાજસ્થાનમાં શિક્ષક લખે છે. જેમ આપણા વિદ્યા સહાયક છે તો એની ભરતી થાય તો આપણને ખબર પડે કે વિદ્યા સહાયકની ભરતી થાય છે. ગ્રામ રક્ષક દળ અને પોલીસ આખી જુદી વસ્તુ છે અને આખા ગુજરાતની પરિસ્થિતિ જુદી રીતની હોય છે ત્યારે આ જે વાત થાય છે એનાથી અવ્યવસ્થા થાય અને ભરતીનું નામ બદલાઈ જાય એ શું કામ ? આપણી ૫૦ વર્ષથી આ નામની પરંપરા ચાલી આવી છે અને પોલીસ કોન્સ્ટેબલ અને પી.એસ.આઈ. એ રીતના આપણે પોલીસમાં શબ્દ વાપરીએ છીએ. દરેક પ્રક્રિયામાં નામ બદલવાનું આ રીતે? તેમણે એક જ લીટીમાં કહયું કે આ ટેકનીકલ બિલ છે તો એક જ લીટીમાં મારી પણ વિનંતી છે કે ગ્રામ્ય રક્ષક દળની જગ્યાએ પોલીસ જ રાખે એટલું મારું સૂચન છે.

**શ્રી અમિત અ. શાહ** : આમાં ગ્રામ રક્ષક દળ એ રીતે કરવાનો બિલમાં ઉલ્લેખ જ નથી. (અંતરાય) માનનીય બાબુભાઈને બોલવું હોય તો બોલી લે, પછી હું મારી વાત કરીશ.

**શ્રી બાબુભાઈ મે. શાહ રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા જૂના મિત્રો હંમેશાં નામ બદલવા માટે એક થોડીક ઈચ્છા રાખતા હોય છે અને એ કયાંય ના થયું હોય તો અહીંયાં લઈને આવે. એ લોકો કર્ણાવતી નામ પણ બદલાવી શકયા નહીં.

**અધ્યક્ષશ્રી** : આમાં એ કયાં આવશે?

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એમણે ખૂબ મહેનત કરી નામ બદલવા માટે પરંતુ બદલાવી શકયા નથી (અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે તો આખેઆખી પાર્ટી જ બદલાવી નાંખી છે, ભારતીય જનતા પાર્ટીમાંથી કોંગ્રેસમાં આવી ગયા છે, રાજપમાં ગયા હતા અને આ રીતે નામની જગ્યાએ એમણે પાર્ટી જ બદલી નાંખી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આનાથી પોલીસ ફોર્સની ફરજમાં કોઈ ફેર પડવાનો છે? છેલ્લા દરજજાનો પોલીસ અધિકારી એ શબ્દો કહે છે ત્યારે ખબર પડે કે કોઈ કામ આપણે વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ હોય છે એમાં છેલ્લા દરજ્જાની કોઈ વાત કરતા નથી. આજે અમારા બલવંતસિંહ વાત કરતા હતા કે ગ્રામ્ય વિસ્તારમાં આપણું જે ગ્રામ રક્ષક દળ હોય, હોમ ગાર્ડઝ હોય અને આ પોલીસ દળ એનો એક મોભો જુદો જ હોય છે, પોલીસની પોતાની વર્દી હોય છે, એની એક જુદી જ છાપ હોય છે. એટલે આ તમે નામ બદલવાની વાત કરી છે એ તો તમે કરી શકશો, પરંતુ આ જે તમારી વૃત્તિ છે અને કર્ણાવતી નામ તો તમે બદલી શકયા નથી તો આટલું તો બદલીએ અને આ બદલવું હોય તો એ સમજ તમને મુબારક એટલું જ મારે કહેવાનું છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એના સમર્થનમાં બે શબ્દો કહેવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના માનનીય દંડકશ્રી કહેતા હતા કે ગ્રામ રક્ષક અને હોમ ગાર્ડ તો આ તો આખો વિષય જ જુદો છે. પોલીસ અને ગ્રામ રક્ષક દળમાં ફેર છે એ સૌથી પહેલાં એમણે સમજવાની જરૂર છે. ગ્રામ રક્ષક દળ, હોમગાર્ડઝ અને પોલીસ તો આ ગ્રામ રક્ષક દળની વ્યાખ્યા એકદમ સ્વયંસ્પષ્ટ છે કે લોકો દ્વારા માત્ર અમૂક માનદં વેતનથી કામ કરનાર લોકો એ ગ્રામ રક્ષક હોય છે, જયારે પોલીસને તો નિયુકિત કરીને એમને પગારથી રાખવામાં આવે છે. એટલે આ બન્ને વસ્તુ જુદી જ છે અને એ દ્રષ્ટિએ તેમાં ગ્રામ રક્ષક દળ અને હોમગાર્ડ વિષય એમાં આવતો નથી, પરંતુ જે ભરતી કરવામાં આવે છે એમાં પોલીસનો દરજજો આપવાની વાત જ આવે છે એટલે આ વાત એમણે સમજવાનો પ્રયત્ન કર્યો નથી કે આમાં શું કહેવા માગે છે. આ જે બિલ લઈને આવ્યા છે એમાં સમર્થન આપવું જોઈએ નહીં કે વિરોધ કરવાનો. આમાં પોલીસનું નામ

બદલવાનો વિષય આવતો જ નથી. એટલે મારું કહેવું છે કે મંત્રીશ્રી આ જે બિલ લઈને આવ્યા છે એમાં હું સમર્થન આપું છું અને આ વિષય એ સમજે એટલું મારે માનનીય સભ્યશ્રીને કહેવું છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ટેકનાલીટી માટે થઈને આ બિલ લાવ્યા છે તો આ ટેકનીકલ શબ્દ એમણે કેમ વાપર્યો ? મારી અગાઉના આ ગૃહના સભ્યશ્રીઓએ કહયું કે નામ બદલવાની વાત છે. તો આને લોક રક્ષક નામ અપ્યું, પર્રતુ લોક રક્ષક નામ આપે, પોલીસ નામ ન આપે, આખરે તો કાયદો અને વ્યવસ્થા જાળવવા માટેની પ્રક્રિયા અને પોલીસને આ જે ગુનાખોરી તત્વો છે એને પકડવા અને એનાથી રાજયને ફાયદો થાય, પરંતુ મારે આમાં જુદું જ કહેવું છે કે મારે આ ટેકનીકલ શબ્દ માટે એક વાત કરવી છે કે લોક રક્ષક દળની ભરતી થઈ ગઈ, લોક રક્ષક દળના નામે ભરતી કરી લેવામાં આવી. ભરતી થઈ ગઈ ત્યાં સુધી કોઈના મગજમાં એ વાત ન આવી કે આ લોકરક્ષકને પગાર કઈ રીતે આપીશું, જ્યારે પગાર આપવાની વાત આવી, ત્યારે સ્વાભાવિક એમ થયું કે પગાર આપીશું એટલે એ.જી.નું ઑડિટ આવશે, ઑડિટ પૅરા આવશે અને ઑડિટનો પૅરા આવ્યા પછી આ પગાર ન આપી શકાય. એટલે માનનીય મંત્રીશ્રીએ ટેકનિકલ રીતે આ બિલ લાવ્યા છે એમ કહ્યું છે. આ કલમમાં સુધારો કર્યા પછી જે લોકરક્ષકની ભરતી કરી છે તેમને નિયમિત કરશે અને પગાર કરશે. તો આવડું મોટું ડિપાર્ટમેન્ટ, આટલા અધિકારીઓ આપણી પાસે છે, સેક્રેટરી છે ત્યારે ભરતી કરતાં પહેલા આ વાત મગજમાં કેમ ન આવી ? શા માટે આવું કર્યુ છે અને આ ટેકનિકલ છે એમ શા માટે કહેવું પડે છે? શા માટે આ ટેકનિકલ સુધારો કરવો પડ્યો છે તે મને કહે.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા આ વિધેયકમાં બે ત્રણ વાત માનનીય સભ્યશ્રીઓએ ઉપસ્થિત કરી છે, પહેલા તો વિરોધપક્ષના દંડકશ્રીએ જે વાત કરી એમાં ગ્રામ રક્ષક દળની વાત કરી, આ ગ્રામ રક્ષક દળની વાત નથી, પોલીસની જ વાત છે. દળનું નામ પોલીસ દળ જ રહેવાનું છે. (અંતરાય) જેમ પી.એસ.આઈ. હોય, પી.આઈ. હોય, અને ડી.વાય.એસ.પી. હોય, કોન્સ્ટેબલ હોય, એમ લોક રક્ષકનો આ નવો દરજ્જો ઉમેરવાનો છે. કોન્સ્ટેબલ પછી ઉમેરવાનો છે, માનનીય બાબુભાઈએ કહ્યું કે છેલ્લા દરજ્જાનો પોલીસ કર્મચારી એ શબ્દ બરાબર નથી, એ અમારો ઉમેરેલો શબ્દ નથી, માનનીય બાબુભાઈ, એ તમારી પાર્ટીનું શાસન હતું તે વખતે એમણે ઉમેરેલ શબ્દ છે. અને આ બિલમાં ખંડ-૪ માં અંતે એવું લખ્યું છે કે છેલ્લા દરજ્જાનો પોલીસ અધિકારી એ શબ્દ પછી આ શબ્દ ઉમેરવો, એટલે તે શબ્દ તો છે જ. એમાં નવું નથી ઉમેરવાનું, અને એમાં પણ એમને વાંધો હોય તો એમની પાર્ટીએ કરેલ કામ છે, એટલે ખોટો વાંધો ઊભો કરે છે. માનનીય ચંદ્રિકાબહેને કહ્યું કે ભરતી થઈ ગઈ છે, હજુ સુધી કોઈ ભરતીની પ્રક્રિયા પૂરી નથી થઈ. મૌખિક ઈન્ટરવ્યુ ચાલી રહ્યા છે. પગાર આપવાનો પ્રશ્ન તો એપોઈન્ટમેન્ટ લેટર આપ્યા પછી ઊભો થાય. હજુ એક પણ લોક રક્ષકને એપોઈન્ટમેન્ટ આપી જ નથી. એટલે એમને પાશ્ચાતવર્તી અસર આપવાનો પણ પ્રશ્ન ઊભો થતો નથી. અને એપોઈન્ટમેન્ટ ન આપી હોય, પગાર ચૂકવવાનો બાકી હોય તે વખતે ઑડિટ પૅરા કઈ રીતે આવે? અને કઈ રીતે આમાં વાંધો આવે? તે જ મને સમજાતું નથી. પરંતુ દરેક બિલમાં કંઈક બોલવું પડતું હોય છે એમ એ રીતે માનનીય સભ્યશ્રીઓએ જે કંઈ સૂચનો કર્યા છે તેને હું આવકારું છું. અહીં આ બિલ પસાર કરવામાં સહયોગ આપે તેવી વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬ નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૦૬નું મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**કલમ ૨ અને કલમ ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૦૬નું મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૪ નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૮
## ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ વિધેયક,૨૦૦૬
## ગુજરાત રાજયમાં ખાદી અને ગ્રામોદ્યોગના ઉત્તેજન, સંયોજન, વિકાસ અને નિયમન કરવાની અને સદરહુ ઉદ્દેશો પાર પાડવા માટે એક અથવા તેથી વધુ બોર્ડ રચવાની જોગવાઈ કરવા બાબત વિધેયક

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ●રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૦૬નું ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરુ છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૦૬નું ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખાદી અને ગ્રામોદ્યોગની વાત આવે ત્યારે ગુજરાતના સપૂત અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના વ્યકિતત્વને યાદ કરવાની તીવ્ર ઇચ્છા હું રોકી શકતો નથી. ખાદી એક વસ્ત્ર નથી પણ એક વિચાર છે એવા પૂજ્ય બાપુના વિચારને જ્યારે આર્થિક સ્વાતંત્ર્યમાં શ્રમના મહત્ત્વમાં નિહિત હોય આર્થિક સમાનતા માટેની પ્રવૃત્તિ તરીકે વિકસાવવા માટે બાપુએ આપણને આઝાદીના ચળવળના સમયે સંદેશો આપ્યો હતો. ૧૯૬૦માં ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની રચના વૈદ્યાનિક રીતે બોમ્બે ખાદી અને ગ્રામોદ્યોગ એકટ દ્વારા કરવામાં આવી હતી. ઓછા મૂડી રોકાણમાં વધુ લોકોને રોજગારી મળે, વિકેન્દ્રિત ઉદ્યોગનો ઝડપી વિકાસ થાય અને સ્થાનિક સ્તરે ઉત્પાદિત વસ્તુઓ ઓછા ખર્ચે ઉપલબ્ધ થાય અને સ્વમાનભેર રોજગારીની તકો ઘર આંગણે ઊભી કરવા માટે બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી. ખાદી અને ગ્રામોદ્યોગનું કામ કરતી રજિસ્ટર સંસ્થાઓ મંડળીઓ વ્યકિતઓ બોર્ડ દ્વારા ચાલતી વિવિધ યોજના હેઠળ આર્થિક તેમજ ટેકનિકલ મદદ આપવાનું અને ઊંડાણના વિસ્તારમાં આવેલ આદિવાસી પછાત વિસ્તારના જરૂરિયાતવાળાને રોજગારી પૂરી પાડવાનું કામ આ માધ્યમ દ્વારા થઈ રહ્યું છે. ઘર આંગણે રોજગારીની સુનિશ્ચિતતા સાથે માનવીય ટેકનોલોજીનો વિનિયોગ અને પર્યાવરણની જાળવણી સાથે શ્રમ ગૌરવ પ્રસ્થાપન કરી ગ્રામીણ અર્થતંત્રની કાયાપલટ કરવાની તથા ગ્રામજનોનું શહેરોમાં થતું સ્થળાંતર રોકવાનો મુખ્ય હેતુ આની પાછળ રહેલો છે.

ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની પ્રવૃત્તિ બે ભાગમાં વહેંચવામાં આવી છે. હાથ દ્વારા કાંતેલ ખાદી અને બીજી હાથશાળ ઉપર વણાટ કરેલા વસ્ત્રો અને ગ્રામોદ્યોગ જે નાના પાયે ગ્રામ કક્ષાના ઉદ્યોગો મારફતે રોજગારીની તકો ઊભી કરવા માટેની યોજનામાં વાર્ષિક આશરે ચાર કરોડ જેટલું રિબેટ આપીને ખાદીના વેચાણને પ્રોત્સાહન આપવાનું કામ સરકાર દ્વારા કરીએ છીએ. ખાદી ગ્રામોઉદ્યોગ બોર્ડની ૨૯૪ સંસ્થાઓ અને ગ્રામ ઉદ્યોગની ૪૬૬ સંસ્થાઓ આ બોર્ડ સાથે જોડાયેલી છે. ખાદીમાં ૧૨ હજાર જેટલા કાંતનાર અને ચાર હજાર જેટલા વણકરભાઈઓ જોડાયેલા છે. ગ્રામોદ્યોગ ક્ષેત્રે ૪૦ હજાર જેટલા લોકો રોજગારી મેળવે છે અને આ ગ્રામોદ્યોગનું કુલ વેચાણ ૨૦૦૧માં ૧૪૯ કરોડ હતું તે વધીને ૨૦૦૪-૦૫માં ૧૮૦ કરોડ રૂપિયા જેટલું થવા આવ્યું છે અને એમાં ૫૦ કરોડ રૂપિયા માત્ર રોજગારી તરીકે ચુકવવામાં આવે છે.

● વિધેયક, તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે.

<#FN/SBP૧૬૪૫-AW.DOC/FN#>

માનનીય અધ્યક્ષશ્રી, ૫૬,૦૦૦ની રોજગારી ટકાવવાની સાથે વધારાની અંદાજીત ૧૫,૦૦૦ જેટલી નવી રોજગારીની તકો ઉભી કરવાનું પણ આયોજન છે અને આ પ્રકારના ઉદ્યોગોમાં સાબુ, શેમ્પુ, મધ, મસાલા વગેરે બહોળા પ્રમાણમાં વેચાય છે. આ વિધેયક આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવવા માટેનો જે મુખ્ય આશય છે તે એક તો ગુજરાત રાજયની સ્થાપના થયે ૪૬ વર્ષ થયા છે. આજ દિન સુધી અન્ય કેટલાક કાયદાઓની જેમ ખાદી અને ગ્રામોદ્યોગ માટેના કાયદા માટે પણ બૉમ્બે ખાદી અને વિલેજ ઈન્ડસ્ટ્રીઝ એકટ ૧૯૬૦ તરીકે અમલમાં છે. ગુજરાતની અસ્મિતા માટે બિલમાં બૉમ્બે શબ્દના બદલે દરેક જગ્યાએ ગુજરાત શબ્દ કરવામાં આવેલ છે. એ સમયની જરૂરિયાત મુજબ એકટમાં ગ્રામીણ વિસ્તારની વસતિ ૧૦,૦૦૦ નક્કી કરવામાં આવી હતી. જેમાં વસતિ વધારાને કારણે ભારત સરકારના ખાદી કમિશનની જોગવાઈઓ (સુધારેલ) પ્રમાણે ૨૦,૦૦૦ની વસતિને ગણતરીમાં લેવામાં આવી છે. પ્રતિરોજગાર મૂડી રોકાણ ૧૫,૦૦૦નું હતું તે ૫૦,૦૦૦ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. એકટની જોગવાઈમાં બોર્ડની સભ્ય સંખ્યા સરકાર નક્કી કરે તે છે તેના બદલે દરેક જિલ્લામાંથી એક સભ્યની પસંદગી કરવામાં આવશે. આ મુજબની જોગવાઈઓ સાથે આ વિધેયક લઈને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું ત્યારે ખાદી અને ગ્રામોદ્યોગના વિશિષ્ટ વિધેયકને ધ્યાને લઈને સભાગૃહ સર્વાનુમતે આ વિધેયક પસાર કરે એવી મારી નમ્ર વિનંતી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ વિધેયક-૨૦૦૬ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, ત્યારે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. આ બિલને ગૃહ સમક્ષ મૂકતાં માનનીય મંત્રીશ્રીએ જે વાતો કહી એ વાતોમાં ઉદ્યોગમંત્રી છે તેમણે આ ખાદીના માટે થઈને ખૂબ સારા શબ્દો કહ્યા. મહાત્મા ગાંધીજીને પણ યાદ કર્યા. આ ખાદી યોજનાને કારણે ગ્રામોદ્યોગને કારણે કેટલી રોજગારીમાં વધારો થયો છે એ પુરવાર કરી શક્યા નથી. તેમણે કહ્યું કે ૫૦,૦૦૦ લોકોને રોજગારી આપવા માટેનો પ્રયાસ હશે પણ જે ગત વર્ષોમાં ૨૦૦૨-૦૩માં ઉત્પાદન ૧૯ કરોડનું, વેચાણ ૩૦ કરોડનું અને ૧૨,૩૧૪ લોકોને રોજગારી. ૨૦૦૩-૦૪માં ૧૮ કરોડનું ઉત્પાદન અને વેચાણ ૩૨ કરોડનું અને ૧૨,૦૦૦ લોકોને રોજગારી. આગલા વર્ષમાં ૧૨,૩૧૪. ૨૦૦૪-૦૫માં ૧૮ કરોડના ઉત્પાદન સામે ૩૪ કરોડનું વેચાણ અને ૧૩,૦૦૦ લોકોને તેમાં રોજગારી. ૪૬૬ સંસ્થાઓ આ ગાંધીના ગુજરાતમાં આ પ્રવૃત્તિમાં જોડાયેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે સ્ટાર કલ્ચરમાં ઔદ્યોગિકરણના અજવાળામાં પાયાનું કામ કરનારી સંસ્થાઓને સાવ વિસારે પાડી દઈએ છીએ. ખાદી એ ૧૨,૦૦૦ લોકોને રોજગારી આપતો ઉદ્યોગ હોય અને ગ્રામોદ્યોગમાં તો ૪૦,૦૦૦ લોકોને રોજગારી આપવામાં આવે છે અને ૧૪૯ કરોડનું વેચાણ એ ૨૦૦૪-૦૫માં તેનાથી પહેલાં ૨૦૦૨-૦૩માં ૧૨૨ કરોડ રૂપિયાનું વેચાણ અને આપણે તેને સહાય માત્ર ચાર કરોડની આપીએ તેમાં જશ લઈએ કે ચાર કરોડની સહાય આપીએ છીએ. ૧૨,૦૦૦ લોકોને રોજગારી આપવામાં આવે તેમાં મીનીમમ વેજીસ પણ મળે છે ખરા? ખાદીના પોષક ભાવોથી ખાદી વેચાય તે માટે સબસિડી આપવાના ધોરણોમાં આપણી ઉદાસીનતા છે. કેટલીક સંસ્થાઓ પ્રત્યેનો ગમો-અણગમો.એ આમાં કારણભૂત હોય છે. કેટલીક સંસ્થાઓની સબસીડી રોકી રાખવામાં આવે, ગુજરાતની એક ટ્રેડીશન રહી છે કે ભારત સરકાર અને ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા જે નીતિ ઘડવામાં આવે એનું અમલીકરણ કરવામાં હંમેશા ગુજરાત એ મોખરે હોય છે. આઝાદીના ૫૦ વર્ષ પૂરા થયા એ નિમિત્તે ભારત સરકારે વધારાના ૫ ટકાનું જે વળતર આપેલું છે, આપણે એડીશનલ ૫ ટકા વળતર ગુજરાતે આપ્યું એ ચાલુ રાખ્યું છે ખરું? માત્ર નામ બદલવાથી આપણે આ પ્રવૃત્તિને મદદરૂપ ન થઈ શકીએ. સાચા અર્થમાં એ ખાદી બોર્ડ જે છે એની અંદર જાહેર જીવનના નિષ્ઠાવાન આગેવાનોને આપણે આ બોર્ડની અંદર મુકતા ત્યારે આ બોર્ડની અંદર કોણ છે? ખાદીના પાયાના જે કાર્યકરો છે, સૌરાષ્ટ્ર, કચ્છ, આંતરિયાળ વિસ્તારો એ બધાની અંદર જે ૪૬૬ સંસ્થાઓ આ ખાદીની પ્રવૃત્તિ સાથે સંકળાયેલી સંસ્થાઓ છે. આતો સીધી રોજગારીના આકડા છે. એના ઉપર જે અવલંબીત લોકો છે એનો આંકડો લેવા જો જઈએ તો ભારતભરની અંદર૧૪હજાર કરોડ રૂપિયાના વેચાણ સામે સીધી રોજગારી ૨૦ લાખ લોકોને આપીએ અને એની આડકતરી રોજગારી ૪૦ લાખ લોકો કરતા વધારે હશે. આ જે રેશીયો ગુજરાતની અંદર હશે અને આ વર્ગ જે આવે છે દબાયેલો, કચડાયેલો વર્ગ, આદિવાસી, દલિતો બધા ઉત્પાદનની સાથે સંકળાયેલા હોય, એના વેચાણ માટેની અનુકૂળતા, એની હાટ, હાથવણાટ, હાથસાળથી જે કપડુ વણાતુ હોય એને આપણે આની અંદર લઈએ છીએ. મશીનના હેન્ડલુમને આપણે આની અંદર લેતા નથી પણ હાથવણાટથી વણાતુ કપડુ એના રંગાટકામ, એનું ઉનીકામ અને એ કારીગરોને આપણે ભૂતકાળની અંદર જે કમીટ કરેલ છે એ લોકોને આપ્યું છે ખરું? હું હમણાં દિલ્હી, સુરતમાં પ્રદર્શનમાં ગયેલ અને કારીગરોએ એમની વિટંબણા રજૂ કરી કે અમને વણાટ કામ માટે હાથશાળ આપવામાં આવી. (અંતરાય) બિલની અંદર બોલુ છું. ખાદી ઉપર બોલુ છું. બીજા કશામાં બોલતો નથી. મારી એકાગ્રતા ભંગ કરવાની એમની પરંપરા છે, ચાલુ રાખે એમાં મને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : તમારો ભંગ એ શીવના જેવો છે, તરત ત્રીજું નેત્ર ખુલી જાય છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એમને રાજય સરકાર તરફથી ૧૦હજાર રૂપિયાની સહાય આપવાની હતી. આજે ઉનનું વણાટકામ કરનાર કારીગરો હતા એમને ભારત સરકારના ટેકસટાઈલ વિભાગ તરફથી આ હાથશાળો આપવામાં આવી એની સાથે ૧૦હજાર આપવામાં કેટલાક લોકોના પૈસા ગ્રાન્ટના અભાવે બાકી રહી ગયા હતા. લગભગ ૫૦૦ કારીગરોના ૫૦ લાખ રૂપિયા એ ઘણા લાંબા સમયથી મળતા નહોતા એટલે એની તપાસ કરી અને હવે તો ખૂબ લાંબો સમય થઈ ગયો છે. હવે કોઈને નહીં આપવાનો સરકારે ઠરાવ કર્યો છે. મારે આપના મારફત ઉદ્યોગમંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આ બાબતમાં તપાસ કરે કે જો આપવાનું આપણું કમિટમેન્ટ હોય તો પૂરું કરવું જોઈએ. ખૂબ લાંબો સમય થઈ ગયો હોય તો આપવામાં માંડવાળ કરવાની? લેવામાં માંડવાળ કરી શકતા હોઈએ છીએ પણ આપવામાં કેમ કરી શકાય? આ કારીગરોએ બહારથી ઉધાર લઈને એમનો વહેવાર સાચવેલ છે ત્યારે આ ક્ષેત્રની અંદર એ સબસીડીનું પ્રમાણ ઉદ્યોગોને આપણે કરોડ, બે કરોડ અને ટેકસેશનની અંદર બે-બે હજાર કરોડ રુપિયા સુધી લીમીટ આપીએ છીએ ત્યારે આ કારીગરોને સીધી રોજગારી મેળવતા કારીગરો ૧૨હજાર અને ૪૦ હજાર એટલે ૫૨ હજાર વચ્ચે આપણે ૪ કરોડ રૂપિયા માત્ર એને મદદરૂપ કે રાહતરુપ કે જે કંઈ સબસીડી ગણોએ આપીએ છીએ. કદાચ આજે ખાદીના વેચાણ ઉપર રાજ્ય સરકારનું જે રિબેટ હશે એ ગણવામાં આવ્યું નથી ને? જે ખાદીના વેચાણનો પિરિયડ હોય છે એ વખતે ખૂબ મોટું મન રાખીને પણ ખાદી ખરીદાય તો એના ઉત્પાદકોનો ઉત્સાહ રહેશે. ખાદીના વણાટ માટેના અને ઉત્પાદન માટેના આ ક્ષેત્રમાં વર્ષોથી ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ઘણા અમારા આ ગૃહના સાથી સદસ્યશ્રીઓ રસ લેતા હશે. કોઈ ખાદી પહેરતું હોય કે ન પહેરતું હોય પરંતુ ગ્રામોદ્યોગનું પ્રદર્શન જ્યાં થાય છે ત્યાં અનેરું આકર્ષણ હોય

છે અને દેશ અને પરદેશના લોકો આ ગ્રામ હાટ, ગ્રામ્ય વિસ્તારમાંથી જેમણે ઉત્પાદકતા મેળવી હોય છે એની વસ્તુઓ હોંશે હોંશે ખરીદવા જાય છે. હમણાં જ અહીં ગાંધીનગરમાં આપણો જે ફેસ્ટિવલ હતો એના અંદર પણ જે હાટો હતા એમાં દેશભરના કારીગરો અહીંયા આવેલા અને હું જે વિસ્તારમાંથી અને જે જિલ્લામાંથી આવું છું ત્યાં રાષ્ટ્ર કક્ષાએ સંખ્યાબંધ કારીગરોને ઈનામો મળેલા છે. માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી, આ કારીગરોને એમની કારીગરીનો વ્યાપ વધે એ પ્રકારના એમના વેચાણો માટે એમના એક્ઝિબિશન છે એને નવો શેપ આપીને સાચા અર્થમાં આ બોર્ડની રચના થાય એ જરૂરી છે. ભૂતકાળમાં એમાં રચનાત્મક કાર્યકરોને સ્થાન આપવામાં આવતું હતું, માત્ર અધિકારીઓ સંચાલન કરે એમ નહિ અને અધિકારીઓ પણ આ વિચાર સાથેના જો હોય તો આ પ્રવૃત્તિને વેગ મળશે. કારણ કે આ દેશમાં ગાંધીવાદને ઓળખવાનો આપણે હંમેશા અધકચરો પ્રયાસ કરીએ છીએ. આ ખાદી જે છે, સુતરના તાંતણે સ્વરાજ આવ્યું હતું એ વાતને યાદ રાખનાર પેઢી આજે પૂરી થવા આવી છે ત્યારે આવતી પેઢીને આ ખાદી ઉદ્યોગ દ્વારા એક સ્વાશ્રયી સમાજ અને ભાંગતા ગામડાંની અંદર આ કારીગર ઉત્પાદન મેળવે છે એ વાતની સમજ આપવાની જરૂર છે. આ બિલને હું હકારાત્મક રીતે એના અંદરની જે ભાવના વ્યક્ત કરાયેલ છે એ સાચા અર્થમાં સાકાર થાય એવી ખાતરી માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી પાસેથી અપેક્ષિત છું. આ બિલ છે એ સાચા અર્થમાં ગુજરાતના ખાદી ઉદ્યોગમાં રસ લેતા તમામને માટે એક આદર્શ બિલ બની રહે એ ભાવનાને મૂર્તિમંત કરે એટલી આશા વ્યક્ત કરું છું.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા (જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ખાદી અને ગ્રામોદ્યોગ વિધેયક ૨૦૦૬ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારી વાત કરવા ઊભો થયો છું. માનનીય મંત્રીશ્રી અનિલભાઈએ પોતાની વાતમાં ખૂબ સરસ રીતે જે આ રાજ્ય સરકારનો રચનાત્મક અભિગમ સ્પષ્ટ કર્યો અને મહાત્મા ગાંધીજીને યાદ કરીને એમણે આ ખાદીને અને ગ્રામોદ્યોગને પુન:જીવિત કરવા માટેની જે સંકલ્પના કરી છે એને હું આવકારું છું અને ધન્યવાદ પાઠવું છું. ખાદી માત્ર પહેરવેશ નથી, એક પહેચાન છે અને આ પહેચાનને ટકાવી રાખવા માટે આપણે જેટલા પ્રયત્નો કરીએ એટલા ઓછા રહેશે. કૃષિ પછી આ દેશના ગામડાંને ધબકતું અને જીવંત રાખી શકે અને માનવીને પોતાના પગ ઉપર ઊભો રાખીને સ્વમાનભેર ગુજરાન ચલાવી શકે એવી તાકાત ખાદી અને ગ્રામોદ્યોગમાં પડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રત્યેક કોમ આપણા હિંદુ ધર્મની અંદર, આપણા સમાજની અંદર, આપણા ભારતીય સમાજમાં પ્રત્યેક કોમ પાસે પોતાના બાબદાદાનું કામ, પોતાનો ઉદ્યોગ છે, ગૃહ ઉદ્યોગ છે પોતાની આવડત, પોતાની કુનેહ છે. આ કુનેહ, આ આવડતને પ્રસ્થાપિત કરીને, પ્રોત્સાહિત કરીને આ વારસાગત બાપિકા ગૃહઉદ્યોગમાં પોતાનું પેટિયું રળી શકે એવી માતબર ક્ષમતા સમાયેલી હોવા છતાં મારે આ ગૃહ સમક્ષ એ વાત નારાજગી સાથે વ્યકત કરવી છે કે પૂ.મહાત્મા ગાંધીજીનો વિચાર ખાદી ગ્રામોદ્યોગને જીવંત રાખીને ગામડાં ધબકતા કરવા. આ દેશ આબાદ ત્યારે થશે જ્યારે આ ગામડાં આબાદ થશે. આ ગામડાંને આબાદ રાખવાના આધાર સ્તંભને આપણે ખતમ કરતા ગયા. આઝાદીના ૫૦ વર્ષ પછી આજે જ્યારે ખાદી અને ગ્રામોદ્યોગની આપણે ચિંતા કરી છે. હું રાજ્ય સરકારને ધન્યવાદ આપું છું. ૧૯૬૦-૬૨ નો કાયદો આજે લઈ આવી અને એનું વિચાર ગઠન કરીને આ રાજ્યની જનતા અને આ રાજ્યના હજારો હજારો, લાખો લાખો વારસાગત ગૃહઉદ્યોગ કરનારા બેરોજગાર લોકોને આજે આશ્વાસન આપીને ઊભો કરવાની નેમ લાવી છે અને મેં ઘણો અભ્યાસ કર્યો છે, ખૂબ તૈયારી પણ મેં કરી હતી. આ હાથશાળ ખાદી ક્ષેત્ર એટલું વિરાટ ક્ષેત્ર છે કે આ ક્ષેત્રની અંદર લાખો લાખો વણકરોને આપણે એના ઘેર બેઠાં કામ આપી શકીએ. આઝાદી આવી ત્યાર બાદ ૧૯૪૭માં માત્ર મહેસાણા જિલ્લામાં ૪૭૦૦૦ હાથશાળ પર વણનારા કારીગરો હતા અને ગુજરાતની અંદર પાંચ લાખથી વધુ વણકર કારીગરો કામ કરતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી છે એ હું મંત્રીશ્રી સમક્ષ રજૂ કરવા માગું છું અને આ ઉદ્યોગ દિનપ્રતિદિન ખતમ થતો ગયો. વણકરનો છોકરો બેકાર અને બેરોજગાર થતો ગયો, હું આપને અને આ ગૃહ મારફતે માનનીય મંત્રીશ્રીને, રાજ્ય સરકારને કહેવા માગું છું. આ ઉદ્યોગ ગામડાંની અંદર પુન:સ્થાપિત થઈ શકે એવું સાચું ગામડું આજે નિર્માણ પામ્યું છે. પાવર અને પાણી વગર ચાલે એવો ઉદ્યોગ, ઓછામાં ઓછું પાણી અને ઓછામાં ઓછા પાવરથી ચાલે એવો ઉદ્યોગ એક મોટા ઉદ્યોગને આપણે જેટલું આપીએ એના ૧૦૦માં ભાગનું પણ આ ઉદ્યોગની પાછળ ખર્ચીએ, બેરોજગાર કારીગરો પાછળ ખર્ચીએ તો આપણે લાખો લોકોને કામ આપી શકીએ એવી ક્ષમતા રહેલી છે. મારે આ રાજ્યના ઉદ્યોગ મંત્રીને કહેવું છે કે આ ખાદીક્ષેત્રે આપણે ૪૦૦૦ વણકરોને રોજગારી આપવાનો જે લક્ષ્યાંક નક્કી કર્યો છે એમાં આપ વધારી શકો એવી ક્ષમતા રહેલ છે. જો ખાદીવાદ બોર્ડ સાચા અર્થમાં દિલ લગાડીને કામ કરે તો વણકરોને પોતાની રોજગારી મળે એની તાતી જરૂર છે. આવનારા મોંઘવારીના દિવસોમાં પેટિયું રળવા ગામડાં છોડીને શહેરમાં જઈ ગંદી ઝૂંપડપટ્ટીમાં પડીને કામ કરતો વણકરનો દીકરો અને ગ્રામોદ્યોગમાં બેઠેલા માણસને ગામમાં જ કામ મળી જાય તો કામ કરવા આતુર છે. મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે હાથશાળ ક્ષેત્રે, ખાદી ક્ષેત્રે પોતે ધ્યાન આપીને એમાં લક્ષ્યાંક વધારે અને હું ચોક્કસ માનું છું કે ૧૦,૦૦૦થી પણ વધુ લક્ષ્યાંક એક વર્ષ માટે વધારે તો એ વધારે અને એના માટે ફાળવણી કરવામાં આવે, પુરતી તકો આપવામાં આવે તો મને ચોક્કસ ખાતરી છે કે આ શક્ય બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક વાત કરીને મારી વાત પૂરી કરવા માગું છું કે બીજા રાજ્યોમાં આટલી બધી હાથશાળનો ખૂબ સરસ વિકાસ થયો છે. કલકત્તી ખાદી, બાવટાસિલ્ક તમે જુઓ તો તમને પસંદ પડે એવી ખાદી વણાય છે અને એટલી બધી કીમતી ખાદી આપણે પહેરીએ છે એ નેતાનો પોશાક બની ગઈ છે. હકીકતે ખાદી એ નેતાનો પોશાક નથી અને એટલે કોંગ્રેસના મિત્રોને પહેલા અમે કહેતા હતા કે આ ખાદી તમારી નથી, ખાદી અમારી છે. તમે પહેરતા થયા અને એની વગોવણી થઈ ગઈ. આજે ખાદી પહેરવી એટલે થોડો સંકોચ લોકો અનુભવે અને એના કારણે ખાદીનું ઉત્પાદન તો ઠીક પણ વેચાતી ઓછી થઈ ગઈ. આ ના પહેરાય આ તો પેલા લોકો પહેરે, આપણાથી ખાદી ના પહેરાય. એટલે મારે એના માટે •(xxxxx) કે એવા શબ્દનો પ્રયોગ કરવો નથી પણ આ ખાદીની પ્રતિષ્ઠા ખતમ થઈ ગઈ છે અને પુનઃસ્થાપિત કરવી છે અને ચોથા વર્ગનો જ કર્મચારી નહીં, આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓ જ ખાદી પહેરે એવું નહીં, આ રાજયના સચિવ, સેક્રેટરી પણ પહેરી શકે એવો ખાદીનો મોભો પુનઃસ્થાપિત કરી શકાય એવું ચોક્કસ વાતાવરણ આ રાજયના આદરણીય માનનીય મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ગુજરાતમાં સર્જાયુ છે. કારણ કે, આજે જ્યોતિ ગ્રામ યોજનાના માધ્યમથી ચોવીસ કલાક ગામમાં વીજળી મળે છે, આજે પીવાના પાણીની પણ પૂરતી સગવડ છે, ઉદ્યોગો થઈ શકે એવી પૂરેપૂરી ક્ષમતા ગામડામાં ઊભી થઈ છે ત્યારે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે, આ કોંગ્રેસના હાથે ખતમ થયેલો આ ઉદ્યોગ ફરીવાર પુનઃપ્રસ્થાપિત થાય અને આવતા દિવસોમાં વણાટ ક્ષેત્રે કારીગરોને વધુ ને વધુ કામ મળે એવી ક્ષમતા આધારિત કાર્યક્ષેત્ર વિકસાવવા વિનંતી સાથે વિરમું છું.

**ડૉ. દિનેશ પરમાર જામનગર (૩૨૯)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ વિધેયક ૨૦૦૬ લઈ આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના ખાદી અને ગ્રામોદ્યોગને ઉત્તેજન આપવા એનું સંયોજન, વિકાસ અને નિયમન કરવાના અને સદરહુ ઉદ્દેશ્યો પાર પાડવા માટે એક અથવા તેથી વધુ બોર્ડ રચવાની જોગવાઈ કરવાના ઉદ્દેશ્યથી આ સરકાર મુંબઈ ખાદી ગ્રામોદ્યોગ અધિનિયમ ૧૯૬૦ પુનઃગઠિત કરી મુંબઈ રાજયમાં લાગુ પડતો હતો તેને પહેલી મે, ૧૯૬૦થી જ્યારે ગુજરાત અલગ થયું ત્યારે આ કાયદો હવે ગુજરાત રાજય માટેનો પોતાનો કાયદો હોવાના ઈરાદાથી લાવ્યા છે ત્યારે મારે કહેવું છે કે, મહાત્માગાંધીએ આ દેશના લોકોને ખાદીના કપડાં પહેરવા માટેની અપીલ કરી એની પાછળનો ઉદ્દેશ્ય એ હતો કે, આ દેશના લોકો આત્મનિર્ભર બને, આ દેશવાસીઓમાં એકતા પ્રસ્થાપિત થાય અને ગાંધીજીએ ચરખો અને રેંટિયો કાંતિને દેશને સ્વનિર્ભર અને સ્વદેશી વસ્તુઓના વપરાશ તરફ વાળવા માટેનો પ્રયત્ન કર્યો.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : વિધેયક ૮ અને ૯ પસાર થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : મારી પણ વિનંતી છે કે, આટલું બીલ પૂરતું જે બોલી લે બધા અને પછી આપણે પૂર્ણ કરીએ.

**અધ્યક્ષશ્રી .** : નહીં, કાલે પછી વધારે પડશે. ૮ અને ૯મું બીલ લઈ લઈએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : નવમું આજે નહીં સાહેબ, આજે કોઈએ તૈયારી કરી નથી, બધા સભ્યોની લાગણી છે કે, કાલે આપણે બે કલાક વધારીને પણ પૂરું કરીશું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક ક્રમાંકઃ ૮ પરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**ડૉ. દિનેશ પરમાર** : ગાંધીજીએ લખ્યું છે કે, સ્વદેશી વગરનું સ્વરાજ એ પ્રાણ વગરના પીંજરા જેવું છે. એટલે કે, સ્વદેશી વસ્તુઓ ડોમેસ્ટીક પ્રોડક્શનને સ્વરાજનો પ્રાણ કહ્યો છે તેમાં ખાદીને સ્વદેશીનું હાર્દ કહ્યું છે. સ્વદેશી મૂવમેન્ટ જે લોકો ચલાવી રહ્યા છે એ જાતની સ્વદેશી નહીં, ગાંધીજીએ સ્વદેશીએ ચીંધેલા સ્વદેશી બાબતમાં આ દેશની આઝાદી લાવવામાં સફળતા પ્રાપ્ત કરવા માટેનું જે કાર્ય કરવામાં આવ્યું એવા સ્વદેશીની વાત કરું છું. ખાદી આ દેશની આઝાદી અને ક્રાંતિ ચલાવવાનું પ્રતીક છે. ખાદી એ વિદેશીઓ સામેના પ્રતીકારનું એક પ્રતીક છે અને ખાદી એ આ દેશની ઓળખનું પણ એક પ્રતીક છે. આપણા પ્રાચીન ભારતમાં મેઘધારું ઋષિએ હાથે કાંતેલ અને હાથે વણાટ કરેલ કપડા વણવાની વિદ્યા શીખવી અને તાણા-વાણા વટાણ કરવાની વિદ્યા માતંગ ઋષિએ શિખવાડી અને એ રીતે સમગ્ર ઋષિકુળમાં સૌથી પહેલો વ્યવસાય જો શરૂ થયો હોય તો એ વણાટ વિદ્યાનો વ્યવસાય શરૂ થયો અને એ વણાટ વિદ્યાના વ્યવસાયમાં ઋષિકુળમાં અભ્યાસ કરવા ગુરુકુળમાં આવતા વિદ્યાર્થીઓને પણ આ વિદ્યા શીખવવામાં આવતી.

ખાદી એટલે હાથે કાંતેલું અને હાથે વણાટ કરેલું કપડું. પ્રાચીન ભારતમાં લગ્ન પ્રસંગે કન્યાને પહેરાવાતું અને ધાર્મિક રીતે પવિત્ર ગણવામાં આવતું. એ રીતે ઈતિહાસ કહે છે કે ભારતીય કપડાને ઈમ્પોર્ટ કરવાની રકમનો ઉલ્લેખ રોમન ગોલ્ડ દ્વારા કરવામાં આવ્યો છે. રોમન ગોલ્ડ નામના માણસે ઉલ્લેખ કરેલો ૩૨૭ બીફોર ક્રાઈસ એલેકઝાંડર ધ ગ્રેટ આપણા દેશમાં ધસી આવ્યો ત્યારે આપણા વિવિધ કપડાંથી અંજાઈ ગયેલો

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે

અને એણે ઉલ્લેખ કરેલો કે કપડાના યાન બનાવવાની કપડાની પ્રીન્ટીંગની કલાથી પ્રભાવિત થયેલા એ બાબતનો મેક્રોપોલોએ ભારત દર્શન વખતે ઉલ્લેખ કરેલો. ગાંધીજીએ ૧૯૨૧માં આંદોલનના સ્વરૂપે movement launch કરી તમારું કપડું તમે વણો અને હાથ વણાટનું કપડું ખરીદવા ઉપર ભાર મૂકયો. આમ ખાદી દેશની સ્વતંત્રતાના સંગ્રામનો તાર બની ગયો અને હવે તો ખાદી the fabric of freedom, not only fabric of freedom, but it is the fabric of the nation બની ગઈ છે ત્યારે મારે કહેવું છે કે અસહકારના આંદોલનના ભાગરૂપે ખાદીનો યુનિફોર્મ અને ખાદીની ટોપી Indo-British આર્થિક યુદ્ધના મંડાણ હતા અને જેમાં દેશના હાથ વણાટ કરતા વણકરો દ્વારા માન્ચેસ્ટરના મિલના માલિકો અને લુમના માલિકો સામે પડકાર હતો અને આ ગોરા લોકો સામે આ દેશના સામાન્ય ગરીબ ગામડાંમાં રહેતો માણસ ચેલેન્જ આપીને કઈ રીતે એના અર્થતંત્રને ભાંગીને ભુકો કરી નાખે છે એનો જીવતો જાગતો દાખલો એટલે ખાદીની ચળવળ હતી. ખાદી આધુનિક ભારતની ઓળખ બની ગઈ છે. ખાદીના તાંતણા સંવેદના સાથે જોડાયેલા છે. તેથી તો પંડિત જવાહરલાલ નહેરૂએ તેમની એકની એક લાડકવાયી પુત્રી ઈન્દીરા ગાંધીના લગ્નમાં હાથે વણેલી સલમોન પીંક કલરની લગ્નની સાડી પહેરીને લગ્ન કરાવેલું એટલું જ નહીં પણ ઈટાલીની દીકરી જે અત્યારે ભારતની નારી બનીને બેઠા છે એણે પણ આ જ સાડી પહેરીને લગ્ન કરેલા. એના ઉપરથી તમે કલ્પના કરી શકો છો કે આ દેશની અંદર સંવેદના, લાગણી ગાંધી-નહેરૂ પરિવાર સાથે છે એ કદાપિ ભુલી શકાય તેમ નથી. હવે પણ જેના લગ્ન નહેરૂ પરિવારમાં થાય છે એ સ્ત્રી આ સાડી પહેરીને જ લગ્ન કરે છે. આ એક વિશેષતા છે. ૧૯૫૩માં ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની રચના કરવામાં આવી ત્યારે માત્ર ૧૫૬ રજિસ્ટર સંસ્થા હતી. આ વિધેયક ટેકનીકલ સુધારા પૂરતું છે. આ પ્રસંગે રાજયના સેંકડો ગામો, ખાસ કરીને ગ્રામ્ય બહેનો વણકરોને સ્વરોજગારી મળશે. આ ઉદ્યોગ ફરીથી ચેતનવંતો બને એ જરૂરી છે. સરકારી સભ્યની નિમણૂક નથી, બીન સરકારી હોદ્દેદારો પણ બોર્ડમાં નથી. એટલી ઉપેક્ષા જયારે થાય છે ત્યારે ગાંધીજીના ગુજરાતમાં જયાં ગાંધીજીએ જન્મ લીધો છે ત્યાં ખાદીએ જન્મ લીધો છે. ગુજરાતમાં ગંભીરતાથી વિચારવાની જરૂર છે કે ખાદીના ૯૦ દિવસમાંથી ૧૦૮ દિવસનું વળતર આપવાનું ભારત સરકારે નકકી કર્યું છે. છેલ્લા બે વર્ષથી ગુજરાત સરકાર ૮૦માંથી ૧૦૮ દિવસ કરતી નથી. એ કેટલી ગંભીર બાબત છે. રાજય સ્તર ઉપર ગુજરાત અને પરપ્રાંતમાંથી ખાદી આવે છે એમાં ગુજરાતમાં વળતર આપવામાં આવતું નથી. જયારે બીજા રાજયો તરફથી દેશમાં ઉત્પન્ન થયેલી કોઈપણ ખાદી ઉપર વળતર આપવામાં આવે છે. ખાદી એકતાનું પ્રતીક છે. એમાં ભેદભાવ ન હોઈ શકે, અંતર ન હોઈ શકે. ખાદી જયારે બીજા રાજયમાં એકસચેન્જમાં આપવાની હોય ત્યારે ત્યાંના લોકોને ખાદીનું વળતર મળતું નથી. ધંધો ચાલતો નથી. એટલે અહીંથી ખાદી રોકાઈ રહે છે. અહીંનું સુતર ત્યાં લેતા નથી એ લોકો કારણકે સુતરમાં પણ વળતર મળતું નથી. માટે આ જાતનો ભેદભાવ દૂર કરવો જોઈએ. કમ સે કમ ગાંધીના ગુજરાતમાં તો આવું જ ચાલવું જોઈએ. એ રીતે કોઈપણ જાતના ભેદભાવ વગર ખાદી ઉપર વળતર આ રાજયના હોય કે બીજા રાજયના એને આપવું જોઈએ. The fabric of freedom, ખાદી એકતાના પ્રતીક જેવી છે. એમાં ભેદભાવ ન ચાલે. સંસ્થા અને સ્વરોજગારી મેળવનારના પ્રશ્નોના નિરાકરણ કરવા માટે સરકારી સભ્ય તરીકે કુટિર ઉદ્યોગના વડા ચેરમેન તરીકે છે. હજી સુધી બીન સરકારી ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવતી નથી. બીન સરકારી સભ્યોની પણ નિમણૂક કરવામાં આવી નથી. જેથી એ લોકોના પ્રશ્નો હલ કરવામાં મુશ્કેલી પડે છે અને સરકારી અધિકારી એનું મોટું ખાતું સંભાળીને બેઠા હોવાને લીધે એના ઉપર કાર્યભાર એટલો હોવાને કારણે ઈચ્છા હોવા છતાં ન્યાય પૂરેપૂરો આપી શકતા નથી. જેથી તાત્કાલિક અધ્યક્ષ અને બીજા જવાબદાર લોકોની નિમણૂક થવી જોઈએ. ખાદી ગ્રામોદ્યોગની અંદર ગામડાંમાં જે નાના નાના ઉદ્યોગો છે એને પૂરું પ્રોત્સાહન મળવું જોઈએ. પ્રોત્સાહન નહીં મળવાને લીધે અથવા તો સરકારી તંત્ર દ્વારા જે ખરીદી કરવામાં આવતી હોય. એમાં જે ઉત્પાદકનું શોષણ કરવામાં આવતું હોય એના ઉપર જો પૂરેપૂરું ધ્યાન આપવામાં આવે અને ફૅશન અને ડિઝાઈનિંગની દ્રષ્ટિએ એ લોકોને પ્રોત્સાહિત કરી આગળ વધારવા જો પ્રયત્ન કરવામાં આવે તો આપણા અર્થતંત્ર ઉપર મોટી અસર થાય તેમ છે. જેટલા હાથે એને રોજીરોટી મળી શકે તેવા સંજોગો છે. ગામડાની અંદર આપણા લોકો રોજીરોટી રળતા થાય, કમાતા થાય. આજના વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના જમાનાની અંદર જ્યારે મોટી મોટી મિલો, મોટા મોટા ઉદ્યોગો આગળ વધી રહ્યા છે, ત્યારે ડોમેસ્ટિક પ્રોડકશન ઉપર ભાર નહિ મૂકીએ તો ખોવાઈ જઈશું, ખતમ થઈ જઈશું. આ દિશાની અંદર ગંભીરતાથી વિચારી ખાદી ઉપર સહાનુભૂતિ રાખી. કોઈપણ જાતની ખાદી એટલે કોંગ્રેસનું પ્રતીક છે, એવું નહિ માનો, પણ ખાદી એ આ દેશનું પ્રતીક છે, ખાદી એકતાનું પ્રતીક છે. ખાદી એ કોઈ ભેદભાવ વાળી વસ્તુ નથી, એ રીતે પૂરી લાગણીથી અને સહાનુભૂતિથી ખાદી ઉપર ધ્યાન આપી, ગ્રામોદ્યોગ ઉપર ધ્યાન આપી વિકાસ કરવા માટેની પૂરી તક આપો, વિશાળ હૃદય રાખી કાર્ય કરો તો સો ટકા આ રાજ્યનું ભલું થશે એવું મને લાગે છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી આ ગૃહ સમક્ષ ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ વિધેયક ૨૦૦૬ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

મારે સૌ પ્રથમ માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપવાં છે કે માત્ર નામ દેવાના આશયથી પણ ભલે આ ખાદી નામની વસ્તુની એક ઓળખ આ ગુજરાતે આપી છે, યાદ કરી છે, એટલા માટે

આ સરકારને અભિનંદન આપું છું. આ રાજ્યના પનોતા પુત્ર પૂજ્ય મહાત્મા ગાંધીએ ખાદીથી આ દેશને ગાદી અપાવી છે અને એનું સુખ આજે આપણે સૌ પ્રાપ્ત કરી રહ્યા છીએ. આ ખાદી એ સમયે ખાદી નામના પ્રતીકે ભારતીયોને પોતે ભારતીય છે, પોતે હિન્દુસ્તાની છે, એની ઓળખ અપાવવાનું કામ કર્યુ છે. આ એ ખાદી છે કે જેનાથી આ દેશની પ્રજાજનોને સ્વ નિર્ભર થવાનો પૂજ્ય મહાત્મા ગાંધીએ સંદેશો આપ્યો છે. એ ખાદીના ઉદ્ધાર માટેની આપણે ચર્ચા કરી રહ્યા છીએ. આ એ ખાદી છે કે જેણે સ્વદેશી વસ્તુ વાપરવા માટે થઈને આપણને સૌને જાગૃત કર્યા છે. મુંબઈ ખાદી અને ગ્રામોદ્યોગ અધિનિયમ ૧૯૬૦ એને ગુજરાત રાજ્ય માટે તેનો પોતાનો કાયદો હોવો જોઈએ, એવો અહેસાસ કરાવવા માટે થઈને ઉદ્યોગ મંત્રીશ્રી આ બિલ સન્માનનીય ગૃહ સમક્ષ લઈને આવ્યા છે. હું બિલ વાંચતો હતો, એની થોડીક કલમોની બાબતોમાં ઉદ્યોગ મંત્રીશ્રી પાસે મારે માર્ગદર્શન જોઈએ છીએ. કલમ-૬ ની અંદર પૅરા-૧ માં આપ્યું છે કે હોદાની રૂએ સભ્યો હોય તે સિવાયના બોર્ડના સભ્યો રાજ્ય સરકારની મરજી હોય ત્યાં સુધી તેઓ હોદો ધરાવશે. હોદાની રૂએ સભ્ય હોય તે સિવાયના બોર્ડના સભ્યે રાજ્ય સરકારને પોતાનું રાજીનામું લેખિતમાં સોંપીને પોતાના હોદા ઉપરથી રાજીનામું આપી શકશે, એટલે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું કે આ જે ગુજરાત ખાદી અને ગ્રામાદ્યોગ વિધેયક લઈને આવ્યા છે અને એમાં પ્રકરણ-૨ માં ૪ નંબરની કલમ છે, એમાં બિલમાં સૂચિત કર્યુ છે કે બોર્ડ, રાજ્ય સરકારે નીમેલા સરકારી સભ્યો ઉપરાંત, રાજ્યના દરેક જિલ્લામાંથી એક એવા બિનસરકારી સભ્યોથી બનશે, એટલે આ બોર્ડના સભ્યની અવધિ રાજ્ય સરકારે નક્કી કરવાની છે કે કેમ? એવું માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરે. બીજું પ્રકરણ-૨ ની કલમ-૬ ના પૅરા-૨ નંબરના મુદ્દામાં રાજીનામું આપશે અને રાજ્ય સરકાર સ્વીકારશે ત્યારે સભ્ય નિવૃત્ત થશે તો રાજ્ય સરકાર આની ચોક્કસ એક વર્ષ, બે વર્ષ, ૩ વર્ષ કે પાંચ વર્ષની અવધિ નક્કી કરવા માગે છે કે કેમ?

આ બાબતમાં થોડો પ્રકાશ પાડે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ મારફતે રાજયની અંદર ૫૨ હજાર જેટલા લોકોને રોજગારી પ્રાપ્ત થાય છે તેવું માનનીય મંત્રીશ્રીએ તેઓની રજૂઆતમાં જણાવ્યું છે. અમારા મુરબ્બી બાબુભાઈ શાહે પણ થોડા અવલોકનો કર્યા છે. તો મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આ ખાદીએ આ દેશને પોતાની ઓળખ આપી છે. આ રાજયમાંથી તેની ઉત્પત્તિની શરૂઆત થઈ છે ત્યારે માનનીય મંત્રીશ્રી આજની તારીખે તેનું અનુકરણ વધું સારી રીતે થઈ રહે અને બીજી વાત કરું કે ખાદીનો વધુમાં વધુ ઉપયોગ થાય અને આ વ્યવસાય સાથે સંકળાયેલ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો છે તેઓને વધુમાં વધુ રોજગારી પ્રાપ્ત થાય અને ખાદીનું વધુમાં વધુ વેચાણ થાય તેવા પ્રયાસો આ બોર્ડ મારફતે ચોક્કસ થાય. આ રાજય સરકાર એક દૃઢ સંકલ્પ કરવા માગતી હોય તો સરકારી કચેરીઓની અંદર અને હું તો આપના માધ્યમ દ્વારા વિનંતી કરું છું કે આ સન્માનનીય વિધાનસભાની અંદર એક ડ્રેસકોડ નક્કી થાય અને લોકો ફરજિયાત ખાદી પહેરે તેવો સંકલ્પ થાય તો વધુ આનંદ થશે. રાજય સરકાર જયારે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની રચના કરી રહી છે ત્યારે માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આ રાજય સરકારના તાબા નીચેના અધિકારીઓ-કર્મચારીઓ છે તેઓ વર્ષમાં ઓછામાં ઓછી બે જોડી ખાદી ખરીદે તેવું ફરજિયાત કરવામાં આવશે તો મને લાગે છે કે આ વ્યવસાય સાથે સંકળાયેલા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વધુમાં વધુ રોજગારી પ્રાપ્ત થશે. માનનીય મંત્રીશ્રી મારા આ સૂચનો સ્વીકારે તેટલી અપેક્ષા સાથે મારી વાત પૂરી કરું છુ.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ખાદી ગ્રામોદ્યોગ વિધેયક ક્રમાંક-૮ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીના ગુજરાતમાં ગાંધીજીના વિચારોને જીવંત રાખવા માટે આ વિધેયક જ્યારે લઈને આવ્યા છે ત્યારે તેમાં થોડી બાબતો તરફ ધ્યાન દોરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જે રીતે ખાદી મોંઘી થઈ રહી છે અને જ્યારે આજે ખાદી એક ફેશન બની છે. ગુજરાતની ખાદીની સાડી અઢી હજાર, પાંચ હજાર રૂપિયામાં મળે છે તે ખાદીને આજે લોકો ફેશનના રૂપમાં સ્વીકારતા થયા છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં આ વણાટકામ સાથે સંકળાયેલા અને ખાદી કામ કરતી જે મંડળીઓ છે તે ઉદ્યોગને પ્રોત્સાહિત કરવાની સરકાર વાત કરે છે અને બીજી તરફ આ ખાદી ઉદ્યોગ સાથે સંકળાયેલ મંડીળીઓનું રજીસ્ટ્રેશન રદ કરવાનું જે પાછલા બારણે ષડયંત્ર રચાયું છે તે અને વર્ષ ૨૦૦૦-૦૧ના વળતર માટેની સરકારની જે ભાવના હોવી જોઈએ તેને વળતર મળવું જોઈએ તે નથી આપતા. પરંતુ જે મંડળીઓ અસ્તિત્વમાં હતી તેની માન્યતા રદ કરવામાં આવી છે. આજે સાહેબ ૧૬૫ જેટલી મંડળીઓની માન્યતા રદ કરી છે. તેની સામે અમુક મંડળીઓને પૈસાની લેતીદેતી કરીને ફરીથી માન્યતા આપવામાં આવી છે. ગુજરાતમાં ગાંધીજીની ખાદીને પ્રોત્સાહિત કરવાની વાત હોય અને બીજી તરફ અને સાહેબ આ ખોટું હોય તો મેજ ઉપર મૂકવા તૈયાર છું. આમ આવી મંડળીઓની માન્યતા રદ કરીને વળતર આપ્યું નથી. આમ જયારે માનનીય મંત્રીશ્રી નવું વિધેયક લઈને આવ્યા હોય ત્યારે ખાદીના ઉદ્યોગ સાથે સંકળાયેલ છે તેમને પ્રોત્સાહન આપવું જોઈએ. બીજું કે વિદ્યાર્થીઓને જે ગણવેશ આપવામાં આવે છે તે રોકડ રૂપમાં આપવામાં આવે છે. પણ આ જે ઉદ્યોગકારો છે અને ખાદી ઉદ્યોગ સાથે સંકળાયેલ હોય તેઓની પાસેથી સરકાર ખાદી ખરીદી અને જે રીતે માનનીય કેન્દ્રીય મંત્રીશ્રી લાલુપ્રસાદ યાદવે રેલવેના પડદા અને રેલવેમાં જે કાપડ હોય એમાં ફરજિયાત રીતે ખાદીનો ઉપયોગ

કરવાના સૂચનો કર્યા છે, આવી રીતે આ સરકારે પણ ખાદીને પ્રોત્સાહિત કરવી જોઈએ, માત્ર ગુજરાતનું આ મુંબઈ નામ બદલવાથી આ પછાતવર્ગોનું અને જે લોકો આ ઉદ્યોગ સાથે જોડાયેલા છે એમનું કંઈ ભલું થવાનું છે આવતા દિવસોમાં આને વધારેને વધારે પ્રોત્સાહિત કરી અને ખાદી સસ્તી થાય અને માનનીય પરેશભાઈએ વાત કરી એમ વિધાનસભાના તમામ માનનીય સભ્યશ્રીઓ આ સન્માનનીય ગૃહમાં બેસે છે એ બધા ખાદી પહેરતા થાય એવું કોઈ બિલ લાવ્યા હોત તો મને વધારે આનંદ થાત, મારી તો તૈયારી છે. (અંતરાય) • (xxxxx) એટલે એમને જરા કહો. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ જે લઈને આવ્યા છે એમાં માનનીય મંત્રીશ્રી આ અંગે વિચારે, એટલું કહીને મારું વક્તવ્ય પૂરું કરું છું.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે બોલ્યા છે એ શબ્દો રેકર્ડ ઉપર રહેશે એટલે એ કાઢી નાખવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, એ શબ્દો નહીં રહે, એ શબ્દો કાઢી નાખવામાં આવશે.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ શ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ વિધેયક લઈને હું આવ્યો છું આ વિધેયક અંગે આ સભાગૃહના કેટલાક માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે એ વિચારોના હાર્દની મેં ખાસ નોંધ લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ મેં જણાવ્યું હતું તેમ આ એક મર્યાદિત સુધારા વિધેયક છે, જેમાં જે જોગવાઈઓ છે એ જોગવાઈઓ ખાદી અને ગ્રામોદ્યોગની પ્રવૃત્તિને વિશેષ ઉત્તેજન મળે એવા ઉદ્દેશથી આ જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખાદીનો વપરાશ વધે એના માટે ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩માં પોરબંદર ખાતે ખાસ મીટના આયોજનથી એક ફૅશન શો કરીને સૌ પ્રથમવાર યુવાનો અને યુવતીઓમાં ખાદી કેવી રીતે લોકપ્રિય થાય એ કામગીરી સમગ્ર ભારતમાં પ્રથમવાર કરવાના સૂચન અને એનું અમલીકરણ આ સરકારે કરેલું છે. ખાદી ખરીદવા માટે ભાજપના બધાય કાર્યકરો પોતાના સૌ સાથે મળીને ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની દુકાને જઈ, દર વર્ષે દરેક કાર્યકર બે બે જોડી ખાદીના કપડાં પહેરે, આ પ્રકારનું માર્ગદર્શન પણ ગુજરાતના આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌ કાર્યકરોને આપેલું છે એટલે હું લંબાણપૂર્વક આ વાતમાં ઊંડાણમાં જવા માગતો નથી, માનનીય પરેશભાઈએ કેટલીક કલમો વિશે જે વાત કરી, તો આમાં કલમો સ્વયં સ્પષ્ટ કલમો છે, મને લાગે છે કે આમાં કંઈ વધારે એની સ્પષ્ટતા કરવી પડે એવી નથી, માનનીય અધ્યક્ષશ્રી, કે રાજયના દરેક જિલ્લાનું પ્રતિનિધિત્વ મળે એટલા માટે હોદ્દાની રૂએ સિવાયના દરેક જિલ્લાના પ્રતિનિધિને એમાં સમાવેશ કરી શકાય અને કોઈપણ રાજીનામુ આપે, પછી રાજીનામુ રાજય સરકાર મંજૂર કરે તે તારીખથી એ રાજીનામુ અમલીકરણમાં આવે, આ પ્રકારની જોગવાઈ છે એમાં કોઈ ટૅક્નીકલ ગૂંચ મને દેખાતી નથી એટલે જે આ વિધેયકને હું લઈને આવ્યો છું એ વિધેયકને સન્માનનીય સભાગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર કરે કારણ કે ખાદી અને ગ્રામોદ્યોગ એ આખાય દેશનો પ્રિય વિષય છે, એના માટે મારી દૃષ્ટિથી કોઈ વિરોધાભાસ ન હોય એ બહુ જરૂરી છે. એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૦૬ના ગુજરાત ખાદી અને ગ્રામદ્યોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

**કલમ ૨ અને કલમ ૩ વિધેયકનો ભાગ બની**

**કલમ-૪ પરનો સુધારો**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સુધારો રજૂ કરું છું કે, કલમ ૪માં પેટા કલમ (૧)માં, "વિકાસને લગતી બાબતોમાં" એ શબ્દો પછી, "વેચાણ, ઉત્પાદન અને વહીવટમાં ઓછામાં ઓછો ૧૦ વર્ષનો" એ શબ્દો દાખલ કરવા.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, સુધારાનો જે સમાવેશ કર્યો છે એ ખાસ કરીને અગાઉ એમ કહ્યું હતું કે, અનુભવ વગરના લોકોને પણ આમાં નિમણૂક કરવી. પણ આવા કામ સાથે જોડાયેલા લોકોને ૧૦ વર્ષનો કમસેકમ ઉત્પાદન, વેચાણ અને વહીવટમાં અનુભવ હોય એ રીતે સમાવેશ થયો છે એ ખૂબ સારી બાબત છે. અનેક મિત્રોએ આ ખાદી ઉપર પોતાના વિચારો રજૂ કર્યા છે ત્યારે મારે કોઈ લાંબી વાત નથી કરવી. બધા એક બાબતમાં સર્વ સંમત છે પણ પોતાનાથી શરૂઆત કરે એવું પણ હું ઈચ્છું ખરો. ખાદીનું મૂળ સ્થળ વિજાપુર વિસ્તાર છે. મહાત્મા ગાંધીજીનો જે ખાદીનો રેટિયો મળ્યો એ વિજાપુરમાંથી મળ્યો. મહાત્મા ગાંધીજીએ જે કાર્યક્રમો આપ્યા એમાં ખાદીના રેટિયાને સૂર્યની જગ્યાએ મૂક્યો છે અને બાકીની બધી જ પ્રવૃત્તિને એની સાથે

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

સંલગ્ન કરી. મહાત્મા ગાંધીજીએ સ્વરાજ આપ્યું ત્યારે એમ કહ્યું હતું કે, હું દેશના લોકોને એક જડીબુટ્ટી આપવા માગું છું "આ દેશમાં સ્વરાજ તમારે ટકાવવું છે? તો હું તમારી સમક્ષ એક વાત કરવા માગું છું. પ્રથમ તો લેજો ખાદી અને ગ્રામોદ્યોગ, એનાથી ગામડાંઓનો બેકારીનો પ્રશ્ન ઉકેલાશે. બીજું લેજો અસ્પૃશ્યતા નિવારણ, એનાથી સમાજની સમરસતા ઊભી થશે. ત્રીજી વાત તમે લેજો બૈઝિક એજ્યુકેશન અને ચોથી વાત લેજો આ દેશની મોટી કોમો હિંદુ-મુસ્લિમ એકતા." આ એમણે વાત કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીજી વિશે અનેક વાતો થઈ છે એટલે એમાં બહુ વાત મારે કરવી નથી. પણ દુનિયાના ૫૦ નોબલ પ્રાઈસ વિજેતાઓ જ્યારે ભેગા થયા અને એણે વિચાર્યું કે દુનિયાની સમસ્યાનો ઉકેલ શું? ત્યારે એ નોબલ પ્રાઈસ વિજેતાઓએ એક જ અવાજે એમ કહ્યું કે, 'બેક ટુ ગાંધી' 'ગાંધીના માર્ગે પાછા જાવ.' આમાં જ બધી સમસ્યાનો ઉકેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાદી માટે જે બોમ્બેનું બોર્ડ છે એ બોર્ડની જે રીતે રચના થઈ અને જે રીતે માનનીય મંત્રીશ્રી બિલ લઈને આવ્યા છે એમાં બે-ત્રણ વાત તરફ મારે ધ્યાન દોરવું છે. એક વાત તો એ છે કે કમિટેડ લોકો આ વિચાર સાથે જાણીતા લોકો, એક બે દાખલા જ આપીશ કે સૌ પ્રથમ આ રાજયના એક જમાનાના મુખ્યમંત્રીશ્રી બાબુભાઈ જશભાઈ પટેલ એ ખાદી બોર્ડના અધ્યક્ષ રહી ચૂકેલા, આઝાદીની ચળવળના કેટલાક અગ્રિમ આગેવાનોમાં સૌરાષ્ટ્રના વજુભાઈનું નામ અગ્રિમ હરોળમાં આવી શકે, જયાબેન પણ આ બોર્ડના અધ્યક્ષ રહી ચૂકેલા. કૃષ્ણવદન મહેતા આવા કસાયેલા પુરુષો ચેરમેન તરીકે રહેલા. આજે છેલ્લા ત્રણ વર્ષથી આ બોર્ડના અધ્યક્ષની નિમણૂંક થતી નથી અને એ ચાર્જમાં ચાલે છે એટલું જ નહિ એક લાખ લોકોની રોજી ખાદી ગ્રામોદ્યોગમાંથી અને આ બધા વિભાગોમાંથી આજે લગભગ ઘટતા ઘટતા આપણે ચાળીસ હજાર પચાસ હજાર પર આવી ગયા છે. આવી બુનિયાદમાં એક નમૂનેદાર ચાલતી ગરીબ લોકોની છેવાડાના માણસો માટેની એ પ્રવૃત્તિમાં દિનપ્રતિદિન ઘટાડો થઈ રહેલો છે, એટલે હું માનનીય મંત્રીશ્રી સમક્ષ મારી ચિંતા વ્યક્ત કરું છું આમાં વધારે ગતિશીલતા લાવે. બોર્ડમાં એક જમાનામાં ૩૧૭ કર્મચારીઓ અધિકારીઓ સાથે કામ કરતા હતા, આજે ૭૫ કર્મચારીઓ જ કામ કરે છે આજે પણ ખાદી બોર્ડની અંદર બે મોટા વિભાગો છે ખાદી વિભાગ અને ગ્રામોદ્યોગ વિભાગ, એમાં નિયામક, નાયબ નિયામક, ટૅક્નીકલ આસિસ્ટંટ આ બધા જ કર્મચારીઓ રિટાયર્ડ થયાં અને એ જગ્યાઓ આજસુધી ભરાઈ નથી એજ સ્થિતિ ગ્રામોદ્યોગ વિભાગમાં પણ છે એટલે મારી વિનંતી છે કે આ બધી અનિયમિતતા નિવારીને માનનીય મંત્રીશ્રી આને વધારે વેગ આપે અને આ મારો સુધારો સ્વીકારે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એકજ સભ્યશ્રી બોલી શકે. આમાં નહિ બોલી શકાય, પ્લીઝ. આમાં જેનો સુધારો હોય એ જ સભ્યશ્રી બોલશે.(અંતરાય) જેમણે સુધારો મૂક્યો હોય એ જ બોલી શકશે, માનનીય મંત્રીશ્રી એમને વિનંતી કરો.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે સુધારો લઈને આવ્યા છે એ સુધારાનું જે હાર્દ છે એને હું સમજું છું એમના સુધારાના કારણે જે મર્યાદિત એનાથી સંકુચિતતા ઊભી થાય છે. ૧૦ વર્ષથી ઓછા અનુભવીને નિમણૂંક ન કરી શકાય, વધારે ડાયનેમીક હોય એટલે છતાં, સામાન્ય રીતે આવા પ્રકારની નિમણૂંક અનુભવને ધ્યાને લઈને જ કરવામાં આવતી હોય છે. ૧૦ વર્ષના અનુભવવાળાને જ આમાં નિમણૂંક કરવી, આવો સુધારો એ સ્વીકારી શકાય તેવો નથી માનનીય અધ્યક્ષશ્રી જે એમણે બીજો સુધારો.

**અધ્યક્ષશ્રી** એ પછી. પછી એ આગળ આવશે.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જ છે,

**અધ્યક્ષશ્રી** : એ પછી મૂકાશે, હા એ પછી મુકાશે, પહેલો સુધારો પાછો ખેંચી લે એવી વિનંતી કરો, એમને.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા સુધારાને અમે સ્વીકારી શકતા નથી અને એ સુધારો પાછો ખેંચી લેવાની હું એમને વિનંતી કરું છું અને જે બીજી ચિંતા માનનીય સભ્યશ્રીએ જે વ્યક્ત કરી છે એમાં પણ..

**અધ્યક્ષશ્રી** : બીજો સુધારો પછી આવશે, અત્યારે પહેલો સુધારો પાછો ખેંચી લો એ પછી આવશે.હવે એમણે આપને વિનંતી કરી છે કે આ જે પહેલો સુધારો છે એ આપ પાછો ખેંચી લો, આવી વિનંતી કરી છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ આ ગામડાંઓ સાથે જોડાયેલું કામ છે અનુભવ તો વર્ષો પછી આવે એક દિવસમાં કોઈ માણસ એક્સપર્ટ બની જતો નથી ભણ્યા એટલે એક્સપર્ટ બની જાય એવું નથી પણ જ્યારે એ વહીવટમાંથી પસાર થાય ત્યારે એને અનુભવ આવે એટલે એનો જે હાર્દ છે એ હાર્દ સાથે સ્વીકારતા હોય તો મને એનો વાંધો નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલું વાચન જ્યારે વિના વિરોધે પસાર કર્યુ છે ત્યારે હું પણ માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું કે માનનીય મંત્રીશ્રીએ હાર્દ સ્વીકાર્યો છે ત્યારે આપ આપનો સુધારો પાછો ખેંચી લો.

**અધ્યક્ષશ્રી** : આપ આપનો સુધારો પાછો ખેંચી લો.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા હાર્દ સાથે માનનીય મંત્રીશ્રી સંમત થતાં હોય તો મારો સુધારો પાછો ખેંચું છું..

**અધ્યક્ષશ્રી** : હવે આપ બોલો, આપને સાહિત્ય આપ્યું છે એ વાંચો.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત કરું છું કે સભાગૃહ મારો સુધારો પાછો ખેંચી લેવાની મને પરવાનગી આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો પાછો ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : સુધારો પાછો ખેંચવામાં આવે છે.

**કલમ-૪ વિધેયકનો ભાગ બની**

**કલમ-૫ થી ૪૧ વિધેયકનો ભાગ બની**

**"અનુસૂચિ ઉપરનો સુધારો "**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિ ઉપરનો મારો નીચે પ્રમાણે મારો સુધારો રજૂ કરું છું.

અનુસૂચિમાં, શિર્ષક " જૂથ-૬ : કાપડ ઉદ્યોગ(ખાદી સિવાય)" હેઠળની નોંધ ૮૬માં, " કોઈ બે " એ શબ્દને બદલે " કોઈ એક " એ શબ્દ ઉમેરવા.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીને તેમનો સુધારો પરત ખેંચવા માટે વિનંતી કરું છું.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીની વિનંતીને માન આપીને મારો સુધારો પાછો ખેંચવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો પાછો ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : સુધારો પાછો ખેંચવામાં આવે છે.

**અનૃસૂચિ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૮, સન ૨૦૦૬નું ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : વિધેયકનું ત્રીજુ વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

મારે સભાગૃહને એક વિનંતી છે કે આપણે લગભગ ૮ બિલ થયાં છે, ૧૪ બિલ સુધીનો ક્રમ છે. બીજા ચાર બિલો આવતીકાલે છે, એટલે ઘણું બધું કામ છે. આવતીકાલે ઘણો લાંબો સમય થાય એવી સ્થિતિ છે. એકાદ કલાક જો આજે બેસીને બે-ત્રણ બિલ આજે પસાર કરી શકીએ તો ઉત્તમ થશે. તમારી બધાની ઇચ્છા હોય તો મારી લાગણી આવી છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દંડકશ્રી નવમું બિલ જે છે, ગુજરાત વખાર વિધેયક તે મુંબઇનું ગુજરાત કરીએ છીએ બીજું તેમાં કંઈ જ નથી અને મુંબઇનું ગુજરાત થાય તે બાબુભાઈને તો ગમશે. કાલે અડધો દિવસ જ છે. માત્ર અર્ધો કલાક બેસીએ તો, ક્રમ બદલી નાંખીએ. ૯ અને ૧૨ એ બે અત્યારે લઈ લઈએ. બાકી આવતીકાલે લઈએ. પા કલાકમાં બે બિલ પતી જાય તેવાં છે. ૧૨ માં રદ કરવાનું છે,

**શ્રી ભીખાભાઈ ગ. જોષી (બેઠાબેઠા)** : ઈશ્વરભાઈને બોલવા નથી દીધા, એનું શું?

**શ્રી અશોક ભટ્ટ** : એ ચર્ચા અત્યારે રહેવા દઈએ, ભીખાભાઈ. કામની વાત કરીએ. ૯ અને ૧૨ એ બે લઈએ.

**ડૉ. દિનેશ પરમાર** : કાલે લઈ લઈશું. ૫, ૧૦ મિનિટમાં.

**શ્રી અશોક ભટ્ટ** : કાલે ચર્ચાને પૂરો અવકાશ રહે, એટલા માટે.

**અધ્યક્ષશ્રી** : બેસો હવે, માનનીય અશોકભાઈ.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૪૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૨૮ મી માર્ચ, ૨૦૦૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર તા.૨૮મી માર્ચ, ૨૦૦૬**
**ચૈત્ર ૭, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# ટૂંકી મુદતનો પ્રશ્ન

**રાજકોટ ખાતે નકલી ઘી બનાવવાનું કારખાનું પકડાવા બાબત**

*** ટૂં.મુ.૨૧૧ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તાજેતરમાં રાજકોટ ખાતે નકલી ઘી ની ફરિયાદ મળતાં દરોડા પાડતાં નકલી ઘી બનાવવાનું કારખાનું પકડી પાડયું છે તે હકીકત સાચી છે, અને

(૨) જો, હા તો આ નકલી ઘી બનાવતા કારખાના દ્વારા કોને કોને મોટા પાયે નકલી ઘીનું વેચાણ કરવામાં આવ્યું?

**આરોગ્ય મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) ઘી ના વેચાણની વિગતો પ્રાપ્ત થવી શકય નથી. સ્થળ પર ભેળસેળયુકત ૫૧ ડબ્બા તથા ૪૦ લિટરના ૧૬ બરણા તથા ૫૦ કિલોની ક્ષમતાવાળા પ્લાસ્ટિકના ૩ કેરબા ઘી ભરેલા મળેલ. ઉપરાંત ભેળસેળ માટે ૩ ડબ્બા વૅજિટેબલ ઘી તથા સૂરજમુખી તેલ ૪ ડબ્બા તથા પ્લાસ્ટિક કન્ટેનરમાં મલાઈનો જથ્થો મળેલ. કુલ ૧૫૦૦ કિલોગ્રામ જથ્થાનો વેન્ડરની હાજરીમાં નાશ કરેલ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં રાજકોટ શહેર અને રાજકોટ જિલ્લાની અંદર નકલી ઘી બનાવવા માટેનું કારખાનું પકડાયું. એ લગભગ છેલ્લા દોઢેક વર્ષ દરમિયાન મેં આના માટે રાજય સરકારમાં આરોગ્ય મંત્રીશ્રીને અને કમિશનર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર એમને ઘણી વખત પત્રો લખેલા અને આ ફરિયાદ મારા ધ્યાનમાં રાજકોટ શહેરમાંથી આવી ત્યારે મેં જાતે બહુમાળી નામની કચેરીમાં અધિકારીઓને રૂબરૂ મળીને વાત કરેલી અને આરોગ્ય મંત્રીશ્રીને પત્ર લખીને જણાવેલ. રાજકોટ શહેરની અંદર અને આજુબાજુમાંથી ડુપ્લીકેટ અને નકલી ઘી બનાવીને તેનો વેપાર થાય છે, પણ મારે દુઃખ સાથે એટલા માટે કહેવું પડે છે કે, ધારાસભ્યશ્રીઓના પત્રો હોય છે. એ રાજય સરકારની અંદર ગંભીરતાથી લેવામાં આવતા નથી. અથવા તો કોઈપણ ધારાસભ્યનું આ રાજય સરકારમાં કશું ઉપજતું નથી એવું મને લાગે છે. કોઈપણ રીતે આરોગ્ય સાથે ચેડાં થતાં હોય એવી કોઈ પ્રવૃત્તિ કરતું હોય તો કોઈપણ ધારાસભ્ય ફરિયાદ કરે તો એને ગંભીરતાથી લઈને આ રાજય સરકાર એની ઉપર પગલાં લે એ ખૂબ જરૂરી છે. આ પત્ર સરકારમાં આવ્યા પછી પણ કાંઈ ઉપજતું ન હોઈ ઘેર જઈએ છીએ ત્યારે ઘરના પણ એમ કહે છે કે તમારું સરકારમાં જ કાંઈ ચાલતું નથી, તો ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દો. તેથી અમારું ઘરમાં પણ કાંઈ ચાલતું નથી. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, રાજકોટ શહેર અને(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : આપ પ્રશ્ન પર આવો. ઘરની વાત ગૃહમાં ન કહેવાય.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : ધારાસભ્યોનું ઘરમાં પણ નથી ચાલતું.

**અધ્યક્ષશ્રી** : ઘરની વાત ઘરમાં જ રહે. ગૃહમાં ન કહેવાય.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમારું સરકારમાં ન ચાલે. હું એ જાણવા માગું છું કે, રાજકોટ શહેર અને જિલ્લામાં છેલ્લા એકાદ વર્ષ દરમિયાન ખોરાક અને ઔષધ નિયમન તંત્રને ભેળસેળયુકત અથવા બનાવટી ઘી અંગેની કેટલી ફરિયાદો મળી અને એના અનુસંધાને કેટલા દરોડા પાડ્યા? (અંતરાય) હું રાજકોટની વાત કરું છું. મારો બીજો સવાલ એ છે કે, જે બનાવટી ઘી બજારમાં આવતું બંધ થાય તે માટે કાયમી ઉકેલ આવે એના માટે આ તંત્ર શું કરવા માગે છે? ત્રીજો પ્રશ્ન, જે જવાબદાર અધિકારીઓને આ પત્ર મળ્યો હોય અને જે જગ્યાએ ખાસ કરીને મારા ધ્યાન ઉપર આવ્યું છે કે, જયારે ફરિયાદ કરીએ ત્યારે એ દુકાને જાય નમૂના લે અને એ ઘીવાળો વેપારી એની સાથે સમજી લે તો કાંઈ નમૂનામાં આવે નહીં અને નમૂના બદલાઈ પણ જાય. જે નમૂના લેવાયા છે એમાં જે કાંઈ ક્ષતિ જણાઈ હોય એ વેપારી ઉપર અધિકારી શું પગલાં લેવા માગે છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ટૂંકી મુદતનો છે. એમણે માહિતી આપી હોય તો, કારણ કે, માહિતી આપનારનું નામ અમે જાહેર કરતા નથી. રાજકોટ મ્યુનિસિપલ કૉર્પોરેશનને જે માહિતી મળી એ માહિતી આપનારનું નામ જાહેર કરતા નથી. એમણે માહિતી આપી હોત તો એમનું ઉપજતું હોત. ઘરમાં ઉપજતું હોય, ગૃહમાં ઉપજતું હોય, બહાર પણ ઉપજતું હોય. પરંતુ જે માહિતી મળી રાજકોટ મ્યુનિસિપલ કૉર્પોરેશન તંત્રને એ તા.૧૮-૩-૦૬ દોઢથી સાડા ત્રણ વાગ્યા સુધીમાં માતૃછાયા કોઠારીયા કોલોની નં.૮ વોર્ડ નં.૩ની

ઓફિસ પાસે હરેશભાઈ લક્ષ્મણભાઈ ગજેરા, અને મનસુખભાઈ ભીખાભાઈ વેકરીયા એમના ત્યાંથી ઘી, ભેળસેળ માટે તાવડા, વજનકાંટા, ચૂલા , તવેથા વગેરે બીજી વસ્તુ જે સાધનસામગ્રી મળી તે ભેળસેળયુકત ૫૧ તેલના ડબ્બા, ૪૦ લિટરના ૧૬ બરણા, ૫૦ કિલોની ક્ષમતાવાળા પ્લાસ્ટિકના ૩ કેરબા, ભેળસેળથી ભરેલા ૩ ડબ્બા વૅજિટેબલ ઘી તથા સૂરજમુખી તેલ-ઘી તથા પ્લાસ્ટિક કન્ટેનરમાં મલાઈનો જથ્થો અને આ સિવાય જે બાકીનો જથ્થો હતો તે ફુડ ઈન્સ્પેકટરશ્રી આચાર્ય દ્વારા ભેળસેળયુકત ઘીના જથ્થાના સેમ્પલ વડોદરા મોકલી આપવામાં આવ્યા હતા અને વડોદરા લેબોરેટરીએ સેમ્પલનો રિપોર્ટ તૈયાર કરીને મ્યુનિસિપલ કોર્પોરેશનને મોકલ્યો અને ગઈકાલે જ ભકિતનગર પોલીસ સ્ટેશનમાં આ લોકો સામે ફરિયાદ પણ દાખલ થઈ ગઈ છે. રાજકોટ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ સમગ્ર રાજયની અંદર એમને ઘીના નમૂનાની વિગતો આપી દઉં કે તા: ૧/૧/૦૫થી ૨૮/૨/૦૬ સુધી ૧૪ માસના ગાળામાં કુલ ૪૩૬ નમૂના ચકાસ્યા અને તેમાંથી ૨૩ નમૂનાઓ ભેળસેળવાળા નીકળતા તમામની સામે કેસ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવેલી છે એટલે આ રાજયની અંદર ભેળસેળ કરનાર કોઈપણ વ્યકિત હોય એની સામે સખતમાં સખત પગલાં ભરવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે આ બનાવટી ઘીનો રિપોર્ટ આવ્યો એ રિપોર્ટની અંદર અખાદ્ય એટલે શરીરને નુકસાનકર્તા વસ્તુ ભેળવાઈ હોય એવા નમૂના આ રિપોર્ટમાં જાણવા મળ્યા?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એના રિપોર્ટની અંદર આવ્યું કે એ અખાદ્ય ચીજોનું ભેળસેળ છે અને રિપૉર્ટ આવતાની સાથે જ એની સામે પગલાં લેવામાં આવ્યાં છે અને જે જથ્થો હતો એનો સ્થળ ઉપર જ નિકાલ કરી દેવામાં આવ્યો છે.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું એ જાણવા માગુ છું કે આ પહેલા પણ રાજકોટ જિલ્લામાંથી બહુ મોટા પાયા પર બનાવટી ઘી પકડાયું હતું એની સામે શું કાર્યવાહી થયેલી એ હું જાણવા માગુ છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, જૂદો પ્રશ્ન પૂછાય કારણ કે આજે તો ટૂંકી મુદતનો પ્રશ્ન છે પણ એમને વિગતો જોઈતી હશે તો હું રાજકોટ જિલ્લાની સંપૂર્ણ વિગતો કાઢી અને એમને મોકલી આપીશ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઘીની ભેળસેળનું ઘણું ચાલે છે , તો રાજકોટમાં જે પકડયું છે તો કવોલીટી કંટ્રોલવાળાનો આખો વિભાગ છે, કવોલીટી કંટ્રોલની અંદર કદી એ માણસોએ આવું પકડાયું કે કેમ? અને ભેળસેળ કર્યુ તો કઈ ચીજની અંદર ભેળસેળ કરી છે અને એની સામે કવોલીટી કંટ્રોલવાળાએ કયારેક તો એના રિપોર્ટ તો લીધા હશેને, ધંધો કાયમનો કરે છે એટલે તો કઈ ચીજની ભેળસેળ કરી છે અને કવોલીટી કંટ્રોલવાળાએ આની સામે શું કર્યુ છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્યાંથી ઘીની ભેળસેળ માટેના વનસ્પતિ ઘી, મલાઈનો જથ્થો, સૂરજમુખી તેલ આ બધું ત્યાં પકડાયેલ હતું અને એ પકડાયેલ વસ્તુનું પંચનામું કર્યુ છે. (અંતરાય)

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, ઘીમાં શું ભેળસેળ હતી?

**શ્રી અશોક ભટ્ટ** : સાહેબ, ટેસ્ટ ફોર ધ વનસ્પતિ માટે અને ઓઈલ એમાંથી નીકળ્યું છે તો એ પોઝિટીવ મળ્યું છે. આઈ.એસ.આઈ.ના સ્ટાન્ડર્ડ પ્રમાણેનું નહોતું એ પણ ફુડ એનાલીસીસની અંદર મળ્યું છે. બંને રિપોર્ટ મળતા હોય એમની સામે ફરીયાદ દાખલ કરવામાં કરવામાં આવી છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે માનનીય મોહનભાઈએ પણ એ વાત કરી અને માનનીય ગોવાભાઈએ પણ વાત કરી કે આ ભેળસેળયુકત ઘી છે તો એમાં કઈ વસ્તુ એવી ભેળવાઈ છે? અને આવી કોઈ વસ્તુ ભેળવાઈ છે કે જેથી માનવ શરીરને ખૂબ હાનિ થતી હોય અને ગંભીર રોગો એમાંથી ઉભા થતા હોય એવી કોઈ વસ્તુની ભેળસેળ થાય છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આના ટેસ્ટની અંદર શુદ્ધ ઘીની અંદર વનસ્પતિ ઘી અને ઓઈલ મળી આવ્યું છે એટલા માટે એની સામે પગલાં ભરવામાં આવ્યા છે.

# તારાંકિત પ્રશ્નો

### એઈડસના રોગને અટકાવવા કરેલ પ્રયાસો

***૧૮૦૧૮ શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વર્ષ ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬માં ૩૧મી ડિસેમ્બર-૨૦૦૫ના અંતે રાજયમાં એઈડસના કેટલા દર્દીઓ મળેલ છે, અને

(૨) સરકારે આ રોગને અટકાવવા શા પ્રયાસો કરેલ છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી શ્રી :**

(૧) સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૧૩૭૧ અને સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં ૧૧૩૬ એઈડસના દર્દીઓ મળેલ છે.

(૨) ૧. લોકોને આ રોગ વિષે જાગૃત કરવા લોક માધ્યમો દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

૨. જોખમી વ્યવહાર ધરાવતા જૂથોમાં સલામત વ્યવહાર અપનાવે તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

૩. રાજયની સરકારી મેડીકલ કૉલેજો અને જિલ્લા હૉસ્પિટલોમાં કાઉન્સેલીંગ સેન્ટરો શરુ કરવામાં આવ્યા છે.

૪. લોકોને સલામત લોહી મળી રહે તે માટે સરકારી અને સ્વૈચ્છિક સંસ્થા દ્વારા સંચાલિત કુલ-૫૭ બ્લડ બેંકોનું આધુનિકરણ કરવામાં આવ્યું છે.

૫. એઈડસના દર્દીઓને સારવાર આપવા માટે સરકારી હૉસ્પિટલોના તબીબોને તાલીમ આપવામાં આવે છે અને દવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે.

૬. સરકારી મૅડિકલ કૉલેજો તેમજ જિલ્લા હોસ્પિટલોમાં જાતિય રોગોની સારવાર માટે જરૂરી સાધનો, દવાઓ તથા આર્થિક સહયોગ પૂરો પાડવામાં આવે છે.

૭. શાળાકીય એઈડસ શિક્ષણ કાર્યક્રમ હેઠળ સરકારી તેમજ ખાનગી શાળાઓના ધોરણ ૯ અને ૧૧ના બાળકોને એઈડસનું શિક્ષણ આપવામાં આવે છે.

૮. એચ.આઈ.વી./એઈડસ વિષે માહિતી મળી રહે તે માટે મુખ્ય શહેરોમાં નિ:શુલ્ક ટેલિફોન હેલ્પ લાઈન -૧૦૫૧ સેવા શરુ કરવામાં આવી છે.

૯. બી.જે. મેડીકલ કૉલેજ, અમદાવાદ ખાતેથી એઈડસના દર્દીઓને એન્ટીરીટ્રોવાયરલ દવાઓ મળી રહે તે માટે એક સૅન્ટર શરૂ કરવામાં આવ્યું છે.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આવનારા વર્ષોમાં એઈડસ એક સામાજિક સમસ્યા ઉભી થશે. આ અટકાવી શકાય એવા અસાધ્ય રોગ માટે નાર્કો અને ડી.એફ.આઈ.ડી. દ્વારા ગ્રાન્ટ મળતી હોય છે. જવાબમાં એમ છે કે ૨૦૦૪-૦૫માં ૧૩૭૧ અને ૨૦૦૫-૦૬મા ૧૧૩૬ એઈડસના દર્દી મળેલ છે. આ મળેલા સિવાય સમાજમાં અનેક લોકો ફરતા હશે ત્યારે આ રોગને અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કઈ કઈ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે? મારો બીજો પ્રશ્ન છે કે મહદ્અંશે આ લોક શિક્ષણનો એક ભાગ બનાવવો જોઈએ જેથી કરીને એઈડ્ઝ વિશે આપણે જાણકારી આપી શકીએ. તો આ લોક શિક્ષણના માધ્યમ માટે સ્વયંસેવી સંસ્થાઓનો સહયોગ કઈ રીતે લેવામાં આવે છે? મારો ત્રીજો પ્રશ્ન છે કે આ વલ્નેરેબલ ગૃપ જે લોકોને થઈ શકે એવું ગૃપ ટ્રક ડ્રાઈવરોમાં મોટા ભાગે જોવા મળે છે. સમસ્ત ગુજરાત અને પર પ્રાંતમાંથી આવતા આ ટ્રક ડ્રાઈવરોની તપાસ કરીને એમણે જાણ કરવામાં આવે છે કે કેમ? મારો ચોથો પ્રશ્ન છે કે થેલેસિમિયા જેવા રોગના દર્દીને હંમેશા લોહીની વારંવાર જરૂર પડતી હોય છે ત્યારે આ થેલેસિમિયાના દર્દીને ચોખ્ખું લોહી મળી રહે એની કોઈ વ્યવસ્થા રાજ્ય સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : પહેલા તો ટ્રક ડ્રાઈવરોની વિગતો આપીશ કે, વર્ષ ૨૦૦૩-૦૪માં ૨૦૫૧, વર્ષ ૨૦૦૪-૦૫માં ૫૧૨૮ અને વર્ષ ૨૦૦૫-૦૬માં ૪૨૭૦ ટ્રક ડ્રાઈવર્સના આ પ્રકારના જાતીય રોગની ચકાસણી પણ કરવામાં આવી છે અને એમાં એની રોગ પ્રતિકારક શક્તિ વધે એ માટે ગુજરાતમાં સારવાર અપાઈ છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે એઈડ્ઝને રોકવા માટે છેલ્લા બે વર્ષ દરમિયાન કઈ કઈ એજન્સી દ્વારા કેટલી ગ્રાન્ટ આપણને સેંક્શન થઈ છે અને એમાંથી કેટલી વપરાઈ છે? મારો બીજો પ્રશ્ન છે કે માનનીય જીતુભાઈએ પૂછ્યું એ પ્રમાણે થેલેસિમિયા મેજરના બાળકોને દર ૧૫ દિવસે કે મહિને બ્લડ ચડાવવું પડે છે. આવા બાળકોને બ્લડ ચડાવ્યા પછી એઈડ્ઝ થયો છે કે કેમ? અને થયો હોય તો કેટલા બાળકોને થયો છે?

**શ્રી અશોક ભટ્ટ** : જુદા જુદા હેડ નીચે નાકો (NACO) તરફથી અમદાવાદ શહેરને ગ્રાન્ટ મળે છે. આ ગ્રાન્ટનો એક્ઝેટ આંકડો હાલમાં નથી એટલે ટેબલ ઉપર મૂકી દઈશ. પરંતુ રાજ્યની લગભગ ૨૦૦ કરતાં પણ વધુ સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ લઈએ છીએ. થેલેસિમિયા જુદા પ્રકારનો રોગ છે એ બન્ને ડોકટરો જાણે છે. આ પ્રશ્ન માત્ર એઈડ્ઝનો છે. બન્ને સભ્યશ્રીઓની ચિંતા છે એટલે કહું કે ૨.૮૨ લાખ યુનિટ બ્લડ જુદી જુદી બેંકો દ્વારા મેળવવામાં આવ્યું છે અને થેલેસિમિયાના દર્દીઓને અમદાવાદ રેડક્રોસ સોસાયટી અને ગુજરાત રેડક્રોસ સોસાયટી દ્વારા મદદ કરીએ છીએ. રાજ્યમાં જે ગ્રાન્ટ મળી છે એમાં એકશન પ્લાનમાં વર્ષ ૨૦૦૫-૦૬માં વિશ્વબેંક તરફથી આપણને ૬૫૯ લાખ અને ડી.એફ.આઈ.ડી. તરફથી ૨૬૧૩ લાખ રૂપિયાની રકમ મળેલ છે.

**ડૉ. અતુલ કે.પટેલ** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બ્લડ ટ્રાન્સફ્યુઝનથી કેટલા લોકો એઈડ્ઝના પોઝિટીવ બન્યા અને સોશ્યલ સ્વીકૃતિ માટે સરકારે શું શું પ્રયત્નો કર્યા છે?

**શ્રી અશોક ભટ્ટ** : સામાજિક સિક્યોરિટી માટે ગુજરાત સરકારે કરેલા પ્રયત્નોનો માત્ર આંકડાથી જવાબ આપું તો ગુજરાતમાં સામાજિક સિક્યોરિટી એટલે ખાસ કરીને ફીમેલ સેક્સ વર્કરોમાં શું પરિણામો આવ્યા છે એ જણાવું તો આપણા પ્રયત્નોના કારણે ગુજરાતમાં ફીમેલ સેક્સ વર્કર્સ ૧૯૯૯માં ૧૧.૯૦ ટકા એચ.આઈ.વી. પોઝિટીવ હતા એ હવે ઘટીને અમદાવાદ શહેરમાં ૩.૮, સુરતમાં ૨૦૦૦ના વર્ષમાં ૪૩.૨૦ ટકા હતા એ ૨૦૦૫માં ૧૩.૨૦ થયા. વડોદરામાં એ ૯.૨ હતા એ ઘટીને ૬.૮ થયા અને અમદાવાદમાં ૩.૨. સેક્સ વર્કરોમાં આટલા ટકાનો આપણે ઘટાડો કરી શક્યા છીએ. રાજ્યના જુદા જુદા પ્રયત્નોના કારણે આ થયું છે. બ્લડ ટ્રાન્સફ્યુઝનના કારણે દેશમાં ૭૮ ટકા કરતા વધારે સેઈફ બ્લડ આપી શક્યા છીએ. સમગ્ર દેશમાં રક્તદાન પ્રવૃત્તિમાં આપણે સૌથી મોખરે રહ્યા છીએ.પહેલા એક લાખ યુનિટ આપણે ભેગું કરતા હતા એ આ વર્ષે ૫,૮૩,૦૦૦ યુનિટ બ્લડ સ્વૈચ્છિક રક્તદાતાઓ દ્વારા મળ્યું છે એને પરિણામે આપણે કહી શકીએ તેમ છીએ કે ગુજરાત એક સલામત રાજ્ય એઈડસ અને એચ.આઈ.વી.ની દૃષ્ટિએ આપણે સલામતી પ્રાપ્ત કરી શક્યા છીએ નાકો અને ઓલ ઈન્ડિયા કોન્ફરન્સની અંદર પણ ગુજરાતની આ અંગે ખૂબ પ્રસંશા થઈ છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ દર્દ માટે ધારોકે કેન્સર માટે મોટી મોટી જાહેરાતો આપવામાં આવે છે. ગળાનું કેન્સર,મોંનું કેન્સર અથવા જડબું ફૂલી ગયું હોય ત્યારે • (XXXX)

**શ્રી અશોક ભટ્ટ** : સાહેબ, માનનીય શંકરભાઈ આવો પ્રશ્ન પૂછતા હોય તો આવા જ ફોટા અગાઉ એમના મુખ્યમંત્રીશ્રીઓના હતા અને મારે એ અંગેની કોઈ ટીકા નથી કરવી, પણ શંકરભાઈ ફોટા કોના છે એ અગત્યનું નથી ફોટાની અંદર જે સંદેશો છે એને પરિણામને કારણે ચોક્કસ પરિણામો જે આવ્યાં છે. કેટલાક ફોટા એવા હોય છે કે જે ફોટાના કારણે પરિણામો આવે છે બીજા રાજ્યની અંદર અને દેશની અંદર આવા ફોટા જાહેરખબરોની અંદર છપાય છે મારે એના નામો નથી કહેવા, એના કારણે એ રાજ્યમાં એઈડસનું પ્રમાણ વધ્યું છે. અહીંયા આ જે ફોટા છપાયા છે એની સાથે જાહેરાતનો જે સંદેશો છે એ સંદેશાની અંદર સંયમ, સાવચેતી અને કોન્ડમ વાપરો. અમે ત્રણ વસ્તુઓ કહી છે એ ત્રણ વસ્તુઓના કારણે ગુજરાતની અંદર જાતિય સંબંધોથી ૬૩.૭૩ નો દર છે. લોહીના દ્વારા ૬.૨૨ છે પ્રમાણ ઘટતું જાય છે. ચેપી ઈન્જેકશનના કારણે ૦.૧૮ થાય છે, ગર્ભવતી માતા આખા દેશની અંદર સૌથી ઓછું પ્રમાણ એ ૦.૨૬ છે, કારણ નથી જાણવા મળ્યું એવા ૨૧ આ ગુજરાતની અંદર એવા ૫-૬ વર્ગીકરણ છે. એટલે હવે મને આ જણાવતા આનંદ થાય છે. આ જે ફોટા છે એ દેશમાં છપાયા તો અત્યારે જે દેશમાં એઈડસની જાહેરાતમાં ફોટા છપાયા છે તેના કરતા દેશની અંદર એડઈસનું પ્રમાણ ઘટાડાની અંદર આ ફોટા સફળકારક નીવડશે એવું હું કહી શકું.

## અમરેલી જવાહર નવોદય વિદ્યાલય માટે માંગણી મુજબની જમીન ફાળવવા અંગે

***૧૭૩૬૯ શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) અમરેલી જિલ્લામાં જવાહર નવોદય વિદ્યાલય માટે જમીન ફાળવવાની દરખાસ્ત રાજ્ય સરકારને મળેલ છે કે કેમ,
(૨) જો હા, તો ક્યારે,
(૩) માગણી મુજબની જમીન ફાળવવા રાજ્ય સરકારનું શું આયોજન છે, અને
(૪) કેટલા સમયમાં જમીન ફાળવવામાં આવશે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) હા, જી.
(૨) તા.૨૭-૪-૨૦૦૫
(૩) જમીન ફાળવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.
(૪) બનતી ત્વરાએ.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લાના કોડિનાર મુકામે જવાહર નવોદય વિદ્યાલય ચાલતું હતું. પરંતુ જિલ્લાના વિભાજન ભોગના સ્વરૂપે જુનાગઢ જિલ્લામાં જતા અમરેલી જિલ્લામાં હાલ જવાહર નવોદય વિદ્યાલયની કોઈ શાખા નથી. માનનીય મંત્રીશ્રીને મેં એવી અપેક્ષા સાથે આ પ્રશ્ન રજૂ કર્યો હતો કે આપનો જવાબ મળશે કે આ જમીન ફાળવી દીધી છે અને નવા સત્રથી સ્કૂલ ચાલુ થઈ જશે. મંત્રીશ્રીના ધ્યાન પર મૂકવા માગું છું કે તા.૧૫-૧૨-૨૦૦૫ ના પત્રથી માનનીય કલેકટરશ્રી અમરેલી દ્વારા ઉકત જમીનની માગણી મુજબની દરખાસ્તમાં આવી છે કે સ્પષ્ટ અભિપ્રાય થઈને આવી ગયો છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગું છું કે અમરેલી જિલ્લાની જવાહર નવોદય વિદ્યાલયને જમીન ફાળવણી માટે રાજ્ય

• **(XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

સરકારને કોના મારફત દરખાસ્ત મળી છે. છેલ્લા એક વર્ષમાં આ અંગે સરકાર દ્વારા શું શું કાર્યવાહી કરવામાં આવી અને ક્યારે ક્યારે કરવામાં આવી અને કેન્દ્ર સરકારે આ વિદ્યાલયને મંજૂરી આપી છે તો રાજ્ય સરકાર દ્વારા જમીન અંગેનો નિર્ણય કયા કારણોસર પેન્ડિંગ છે અને આ માગણી અન્વયે હવે શૈક્ષણિક સત્રની શરૂઆત થાય તે પહેલા જમીન ફાળવવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય અંર્તગત દેશના તમામ જિલ્લામાં એક જવાહર નવોદય વિદ્યાલય ખોલવાનો એમનો કાર્યક્રમ છે. આ રાજ્ય સરકારમાં, ગુજરાતમાં જેટલી પણ માગણીઓ આવે, અત્યાર સુધીમાં લગભગ ૧૦ થી ૧૨ આવી છે એ તમામ માગણીઓ વહેલામાં વહેલી તકે પૂરી થાય અને આ યોજનામાં કેન્દ્ર સરકારે જે આદેશ આપ્યો છે. ૩૦ એકર જેટલી જમીન વિનામૂલ્યે આપવાની છે એટલે જમીન જે પસંદ કરે છે એમના ડાયરેક્ટર જનરલ એ જમીન કેવી પસંદ કરે છે, કઈ કરે છે આ બધા વિષયોમાં સમય માગી લેતો હોય છે, અમરેલી જિલ્લાની સ્પેશિફિક વાત કરી છે ૨૭-૪-૦૫ના રોજ જેવી દરખાસ્ત આવી મહેસૂલ વિભાગે તુરત જ એજ દિવસે દરખાસ્ત અસ્પષ્ટ હોવાથી એજ દિવસે પરત કરી અને કલેક્ટર પાસેથી ડિટેઈલ ચેકલીસ્ટ મુજબની દરખાસ્ત મોકલો એવી વાત કરી, ૧૫-૫-૦૫ના પત્રથી કલેક્ટરશ્રીની સ્પષ્ટતા સાથેની દરખાસ્ત આવી એમાં પણ જમીન સંકળાયેલ વિષય હોવાથી, જમીન આપવાની હોવાથી માગણીવાળી જમીનની બાજુમાં ખાર આવેલ છે, તળાવ ઓવર ફ્લો થાય છે ત્યારે પાણી આવે છે અને જમીનમાંથી મહી-પરિએજની પીવાના પાણીની પાઈપ લાઈન પસાર થાય છે આ બધા જમીન આપવાના પરિબળો છે એને ધ્યાનમાં રાખીને અને ભૂતકાળમાં જે જે અરજીઓ આવી છે તુરત જ એનો અમે નિકાલ કર્યો છે અને અમરેલીનું પણ બનતી ત્વરાએ, આ શિક્ષણનું કામ છે રાજય સરકાર ચોક્કસ આ શિક્ષણ સંસ્થા થાય એવું ઈચ્છે છે અને વહેલામાં વહેલી તકે આપીશું.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય મંત્રીશ્રીએ જે જમીનનું વર્ણન કર્યુ પરંતુ ૧૫-૫-૦૫ના પત્રમાં કલેક્ટરશ્રી અમરેલીએ જે અભિપ્રાય આપ્યો છે એના શબ્દો ક્વોટ કરું છું

**અધ્યક્ષશ્રી** : વાંચવાની જરૂર નથી

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : આમાં સ્પષ્ટ બાબત છે, કોઈ રાજકીય બાબત નથી, મોટા બદરિયાની જે જમીનની માગણી કરી છે એ કલેક્ટરશ્રી અમરેલી દ્વારા સ્પષ્ટ અભિપ્રાય આવ્યો છે તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છું કે, આ નવા શૈક્ષણિક સત્ર પહેલાં જો આ મંજૂરી મળી જાય તો એ શાળા અમે ચાલુ કરી શકીએ આ બાર-તેર જેટલી સંસ્થાઓમાં આ જિલ્લામાં મહત્ત્વની છે એમાં પરિસ્થિતિ એવી છે કે, જવાહર નવોદય વિદ્યાલયના જે નીતિ નિયમો છે એ મુજબ એ લોકો ભાડું આપી શકતા નથી એટલે એમને તાત્કાલિક શાળા ચાલુ કરવી હોય તો વગર ભાડાની એમને કોઈ મિલકત પણ પ્રાપ્ત થતી નથી એટલે આવા સંજોગોમાં સમગ્ર રાજયમાં કેન્દ્રિય શાળાઓનું જે શિક્ષણ પ્રાપ્ત થાય છે એ થઈ શકતું નથી માટે મંત્રીશ્રીએ વિનંતી કરું છું કે, આવી જેટલી પણ માગણીઓ આવી હોય અને સ્પષ્ટ અભિપ્રાય સાથે હોય તો આને નવા શૈક્ષણિક સત્ર પહેલાં નીતિ વિષયક બાબત છે એનો નિર્ણય કરી મંજૂરી આપવામાં આવે તો રાજયમાં શિક્ષણનો દર છે એને સુધારણામાં સફળતા પ્રાપ્ત થઈ શકે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : રાજય સરકાર પાસે માગણી આવે તુરત જ અમે આપીશું અને આ પણ અમરેલીને વહેલામાં વહેલી તકે મળી જાય, શિક્ષણનું કાર્ય છે, રાજય સરકાર એનો પ્રયત્ન કરશે.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ જે વિદ્યાલય બનવાની છે એની પાછળ કેટલો ખર્ચ થનાર છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : રાજય સરકારે તો ફક્ત વિના મૂલ્યે ૩૦ એકર સુધીની મર્યાદામાં જમીન આપવાની હોય છે આ તમામ ખર્ચ બાકીનો કેન્દ્ર સરકાર ભોગવતી હોય છે.

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અમરેલી જિલ્લાની માફક અન્ય કયા કયા જિલ્લાઓ તરફથી આવી દરખાસ્તો મળેલી છે ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આમાં અમરેલી જિલ્લાનો જ પ્રશ્ન પૂછ્યો છે, રાજય સરકારને જે જિલ્લાઓમાંથી દરખાસ્તો મળી છે ત્યાં અપાઈ ગઈ છે.

**શ્રી બાલુભાઈ તંતી** : અમરેલી શહેરની આસપાસ કોઈ સરકારી જમીન કે આવી બહુ ઓછી જમીન હવે પડતર રહેલી છે અને જ્યારે આ નવોદય વિદ્યાલયનો સવાલ છે ત્યારે અમરેલીમાં કેટલીક એવી શૈક્ષણિક સંસ્થાઓ છે જે વર્ષોથી ભાડાપટ્ટાની જમીન ધરાવે છે એ જમીન એમની પાસેથી લઈ આપવા માગો છો કે નહીં અથવા સરકાર ખરીદી અને શહેરની નજીકની જમીન આ જવાહર નવોદય વિદ્યાલય માટે આપવા માગે છે કે નહિ ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : એમાં કેન્દ્ર સરકારની સાઈટ સિલેક્શન કમિટી હોય છે અને એના ચેરમેન અને કમિટીના બધા સભ્યો સાઈટ પસંદ કરે છે, શિક્ષણ માટેનું મોટું સંકુલ બનાવવાનું છે ભવિષ્યમાં એને શિક્ષણમાં બીજા કોઈ ટૅક્નીકલ પ્રોબ્લેમ ન આવે એટલા માટે આ જમીન જોવાનો અર્થ હોય છે.

**ડાંગ જિલ્લાના સુબીર ગામે શબરી ધામના વૃક્ષોની કાપણી અને વૃક્ષો ઉછેરવાનું આયોજન**

***૧૮૦૭૬ ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ડાંગ જિલ્લાના સુબીર ગામે શબરી ધામની આજુબાજુ કુલ કેટલી જમીનમાંથી કુલ કેટલા વૃક્ષો તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાપવામાં આવ્યા,

(૨) શબરી ધામની આજુબાજુના કેટલા એકરનો વિસ્તાર ઝાડ વગરનો છે,

(૩) ફરી કેટલા વૃક્ષો ઉછેરવાનું સરકારનું આયોજન છે, અને

(૪) કેટલા સમયમાં ?

**વન મંત્રીશ્રી :**

(૧) શબરી ધામની આજુબાજુ છેલ્લા બે વર્ષમાં વર્કિંગ પ્લાનની જોગવાઈ મુજબ તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ૧૯૩૪ વૃક્ષો કાપવામાં આવેલ છે.

(૨) શબરી ધામની આજુબાજુનો વિસ્તાર ઝાડ વગરનો નથી.

(૩) કુલ-૨૭૫૦૦ વૃક્ષો.

(૪) વર્ષ ૨૦૦૬-૨૦૦૭ દરમિયાન.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : જવાબ આપ્યા મુજબ પણ સુપ્રીમ કોર્ટમાં આ કોર્ટમેટર થયેલી છે એટલે આ પ્રશ્નની ચર્ચા ન કરો એવી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : આ જે નોટિસ મળી છે, એ જોઈ છે, કોર્ટમાં કેસ છે, એટલે આગળ ચર્ચા ન થાય, પ્રશ્ન ક્રમાંક-૫ ( અંતરાય) નો, નો, પ્લીઝ, કોર્ટની નોટિસ મને બતાવી છે, મેં જોઈ છે. ( અંતરાય )

**મહેસાણા અને પાટણ જિલ્લામાં હડકવા નાબૂદીની રસી અંગે**

**શ્રી *૧૭૯૪૭નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) મહેસાણા અને પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૦૫ દરમિયાન જાન્યુઆરી, ૨૦૦૫થી ડિસેમ્બર, ૨૦૦૫ સુધીમાં હડકવાના કેટલા કેસ સિવિલ હોસ્પિટલ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં નોંધાયા છે,

(૨) હડકવાથી કેટલા માણસોના મૃત્યુ થયાં છે,

(૩) હડકવા નાબૂદીની રસી કેટલા વ્યકિતઓને આપવામાં આવી છે, અને

(૪) હડકવા નાબૂદીની રસી હોસ્પિટલોમાં હયાત છે કે કેમ ?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) મહેસાણા અને પાટણ જિલ્લામાં જાન્યુઆરી-૨૦૦૫થી ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં હડકવાના ૩ કેસ નોંધાયા છે.

(૨) હડકવાથી એક વ્યકિતનું મૃત્યું થયું છે.

(૩) મહેસાણા અને પાટણ જિલ્લાની હોસ્પિટલો તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે કુલ ૭૩૬૧ વ્યકિતઓને હડકવા નાબૂદીની રસી આપવામાં આવેલ છે.

(૪) હા, જી.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા આરોગ્ય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પહેલા પ્રશ્નના જવાબમાં ત્રણ હડકવાના કેસ નોંધાયા છે એમ એમણે કીધું. હડકવાથી એકનું મૃત્યુ થયું અને બીજા પ્રશ્નમાં કહયું કે ૭૩૬૧ વ્યકિતને હડકવા નાબૂદીની રસી આપવામાં આવી. ૩ કેસ નોંધાયા તો આ ૭૩૬૧ કેસો નોંધાયા વગર રસી આપવામાં આવી? બીજું, જે વ્યકિતનું મૃત્યું થયું એને સરકાર વળતર આપવા માગે છે કે કેમ? અને ખુશીની વાત એ છે કે પ્રશ્ન પૂછયા પછી સમગ્ર જિલ્લામાં હડકવા નાબૂદીની રસી પહોંચી ગઈ એ બદલ અભિનંદન.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, કુતરું કરડયા પછી હડકવા બહુ ઓછા લોકોને થાય છે. એના પ્રીવેન્ટીવ મેજર્સ તરીકે રસી આપવાનું કાર્ય થાય છે. બંને જિલ્લામાં ૭૩૬૧ વ્યકિતને હડકવા નાબૂદીની રસી આપવામાં આવી. જાન્યુઆરી-૨૦૦૫ થી ડિસેમ્બર-૨૦૦૬ના સમયગાળામાં ૨૪૪૨ લોકોને હડકવા નાબૂદીની રસી આપવામાં આવી. એમાં ત્રણ મૃત્યુ થયા. મહેસાણામાં શ્રી નરેશ ધીરાજી ઠાકોર, એમણે તાત્કાલિક સારવાર લીધી નહોતી એને કારણે, ભગુભાઈ આંજણા વિસનગરના છે અને ત્રીજા, ઉંઝાના ઈશ્વર રબારી છે. આ ત્રણને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રીફર કર્યા હતા. પાટણમાં એક પણ મૃત્યુ થયું નથી. પ્રીવેન્ટીવ મેજર્સ તરીકે તુરત જ રસી લઈ લેવામાં આવે તો આ થતું નથી. એટલે રાજયના બધા સ્થાનમાં પહોંચાડી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે દર્દીને હડકવા લાગે છે એ લાગ્યા પછી એને મૅડિકલ ટ્રિટમૅન્ટ બહુ અઘરી અને ખર્ચાળ હોય છે. કોઈ સામાન્ય પરિવારની વ્યકિતને આ પ્રમાણે હડકવા લાગ્યો હોય અને આપણી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે તો એની સારવારના સંદર્ભમાં સરકાર દ્વારા મદદ કરવા માગો છો કે કેમ? અને બીજું, જવાબ-૧માં આપ્યું છે કે

હડકવાના ત્રણ કેસો નોંધાયા છે અને જવાબ-૨માં લખ્યું છે કે હડકવાથી એક વ્યકિતનું મૃત્યુ થયું છે. મારા માન્યા પ્રમાણે હડકવા થયો હોય એનું બચવું અશકય છે. તો આના સંદર્ભમાં મંત્રીશ્રી શું કહેવા માગે છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, યોગ્ય સારવાર માટેની ચિંતા કરી તો આ દર્દીને જેવી ગંભીર પરિસ્થિતિ લાગી તો મહેસાણાથી અમદાવાદ લાવ્યા અને એમને તાત્કાલિક સારવાર આપવામાં આવી. મૃત્યુ ન થાય એટલા માટે હડકવાની રસી આપવામાં આવે છે પરંતુ ઘણીવાર અજ્ઞાનતાના કારણે ડોઝ પૂરો કરતા નથી. કેટલીક વાર મહીના પછી રસી લેવામાં આવે છે આને કારણે આવી પરિસ્થિતિ થાય છે. જે કેસમાં દર્દીને એક માસ પહેલા કુતરૂં કરડયું અને પછી રસી મુકાવી. હું આ સભાગૃહ દ્વારા કહું છું કે તાત્કાલિક સારવાર લઈ લે તો આ પરિસ્થિતિ ન થાય. કદાચ કોઈ જગ્યાએ ન હોય તો એના પગલાં તરીકે અમે સી.એચ.સી. ના ડોકટર અને સિવિલ હોસ્પિટલના ડોકટરને લોકલ પરચેઝ માટે ૫૦૦૦ રૂપિયાની રકમ એમના હસ્તક મૂકી છે અને પી.એચ.સી.માં ૨૫૦૦ ની રકમ એના હસ્તક મૂકી છે એટલે ખલાસ થઈ જાય એ કારણ પણ ન રહે. એ પણ ખરીદીને આપી શકે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સૌ પ્રથમ આ સત્રની અંદર મોટાભાગના ધારાસભ્યોએ પ્રશ્ન પૂછયા પછી જ કામનું અમલીકરણ થાય છે. એ પ્રસ્થાપિત થઈ ગયું છે. જે હડકવાથી એક માણસનું મૃત્યુ થયું છે એને પ્રથમવાર હડકવા થયો અને હોસ્પિટલમાં ગયા ત્યારે એને હડકવાનું ઈન્જેકશન મળેલ હતું કે કેમ અને હડકવાના ઈન્જેકશનની જરૂરિયાત પૂરી પાડવામાં આવી હતી કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, જે પહેલા કેસની વિગત મારી પાસે છે એ દર્દી પોતે જ એ.આર.વી. રસી લેવા માટે એક મહીના પછી આવ્યો હતો. કુતરું કરડયા પછી. બીજું કારણ એ છે કે આ સભાગૃહમાં ધારાસભ્ય પૂછે એ પહેલા પણ કેટલીક કાર્યવાહી થતી જ હોય છે અને કોઈને એમ લાગે કે આ નથી થતું. કોઈને એમ લાગે કે આ નથી થયું તો આ સભાગૃહની અંદર કહે તો એના માટેની સંપૂર્ણ રીતે, સરકાર એ વાતને અમલમાં મુકવાની દિશામાં અને જો એ અમલમાં મુકવા જેવી દિશામાં જો કોઈ વસ્તુ હોય તો અમલમાં મુકવા માટે સરકાર આ સભાગૃહમાં સંકલ્પબદ્ધ હોય છે.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : મારે આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે હડકવા એ અસાધ્ય રોગ છે. એક વાર હડકવા લાગે પછી દર્દી બચી શકતો નથી. આ ૩ કેસને હડકવા લાગ્યો છે અને એકનું મૃત્યું થયું છે, એટલે નિદાનમાં ભૂલ થઈ છે કાં તો હકીકત દોષ ક્યાંક સુધારી લેવાની જરૂર છે, કારણ કે વિધાનસભા ગૃહની અંદર જવાબમાં કહેવામાં આવે ત્યારે હડકવાના ૩ દર્દીઓ પ્રસ્થાપિત થયેલ હોય તો તેને બચાવવા માટે મારા જ્ઞાન મુજબ આજ સુધી કોઈ સારવાર નથી, એને સો ટકા અટકાવી શકાય છે. આના વિષે મંત્રીશ્રીને તપાસ કરાવે એટલી વિનંતી છે.

**શ્રી અશોક ભટ્ટ** : પહેલા વિગત આપું કે એક કેસની અંદર એક મહિના પછી રસી લીધેલ હતી. જે મૃત્યુ પામ્યા છે એ વિસનગરના છે, એને હડકવાની..

**અધ્યક્ષશ્રી** : જોઈ લેજો.

**શ્રી અશોક ભટ્ટ** : ચોક્કસ જોઈ લઈશ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અશોકભાઈ સાહેબે જવાબ આપ્યો કે હડકવાની રસી હયાત છે, તો સિદ્ધપુરમાં કઈ તારીખે આપી?

**શ્રી અશોક ભટ્ટ** : હું આખાં મહેસાણા જિલ્લાનાં બધાં જ સેન્ટરો છે, એની તારીખવાર આપવા તૈયાર છું.

**અધ્યક્ષશ્રી** : આવી ગઈ છે. સંતોષ છે.

### પરામર્શ સમિતિની મળેલ બેઠકો અને સભ્યોની હાજરી અંગે

***૧૭૫૬૮ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે: :

(૧) જાન્યુઆરી-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લી બે વર્ષ દરમ્યાન આરોગ્ય અને પરિવાર કલ્યાણની પરામર્શ સમિતિની મિટિંગ કેટલી વખત અને ક્યારે ક્યારે બોલાવવામાં આવી, અને

(૨) તે પૈકી મિટિંગ વખતે ક્યા ક્યા સભ્યો હાજર રહેલ ?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) એક વખત મળી, તા. ૮-૨-૨૦૦૫ ના રોજ

(૨) હાજર રહેલ માન. ધારાસભ્યશ્રીઓ

| | |
|---|---|
| ૧ | શ્રી ઈન્દ્રવિજયસિંહ કિશોરસિંહ જાડેજા-મા.મંત્રીશ્રી(આ) |
| ૨ | શ્રી નરેન્દ્રસિંહ માધવસિંહજી જાડેજા- અબડાસા-કચ્છ |
| ૩ | શ્રી મનહરલાલ એમ. મકવાણા - દસાડા-સુરેન્દ્રનગર |
| ૪. | **શ્રી આર.સી. ફળદુ-કાલાવાડ- જામનગર** |
| ૫. | શ્રી મૂળુભાઈ બેરા-ભાણવડ-જામનગર |

તા.૨૮મી માર્ચ, ૨૦૦૬
તારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| ૬ | શ્રી કનુભાઈ મેપાભાઈ ભલાલા-વિસાવદર-જૂનાગઢ |
| ૭ | શ્રી કાન્તીલાલ ધરમદાસ કચોરિયા-પાલનપુર-બનાસકાંઠા |
| ૮ | શ્રી બિમલભાઈ શાહ- કપડવંજ-ખેડા |
| ૯ | શ્રી સુંદરસિંહ મલાભાઈ ચૌહાણ- મહેમદાવાદ |
| ૧૦ | શ્રી રાકેશભાઈ નટવરલાલ રાવ-માતર-ખેડા |
| ૧૧ | શ્રી જિતેન્દ્રભાઈ રતિલાલ સુખડિયા-સયાજીગંજ-વડોદરા |
| ૧૨ | શ્રી પૂનમભાઈ ગામીત-વ્યારા-સુરત |
| ૧૩ | શ્રી અનિલકુમાર મોહનભાઈ પટેલ-બારડોલી-સુરત |
| ૧૪ | શ્રી ધીરુભાઈ હરિભાઈ ગજેરા-સુરત શહેર(ઉત્તર) |
| ૧૫ | શ્રી છનાભાઈ કોલુભાઈ ચૌધરી-ધરમપુર-વલસાડ |

આમંત્રિત સભ્ય તરીકે માન.સંસદ સભ્યશ્રી
૧. ડો.એ.કે. પટેલ
૨. શ્રી હરિભાઈ પટેલ

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : સામાન્ય રીતે મારા જાણવા મુજબ જે તે વિભાગની પરામર્શ સમિતિઓનું રાજ્ય સરકારે જે આયોજન કર્યું છે, એમાં ખાસ કરીને જે તે વિભાગનાં કોઈ સૂચનો, નીતિ વિષયક ચર્ચા કરવાની હોય અથવા જે તે વિસ્તારને લગતા કોઈ મુદ્દાઓ હોય એ મુદ્દાઓ રજૂ કરી એનો વહેલામાં વહેલી તકે નિકાલ આવે એના માટે ધારાસભ્યની પરામર્શ સમિતિની રચના થઈ હોય છે. મેં આરોગ્ય અને પરિવાર કલ્યાણની પરામર્શ સમિતિનો પ્રશ્ન પૂછયો એમાં એક વખત આ સમિતિની બેઠક બોલાવી તે ૮-૨-૨૦૦૫ ના રોજ તો હું જાણવા માગું છું કે રાજ્ય સરકારે નક્કી કર્યા મુજબ જે પરામર્શ સમિતિ હોય છે, એની એક વર્ષમાં બેઠક કેટલી વખત બોલાવવાનું નક્કી કરેલ છે. બીજું, તા. ૮-૨-૨૦૦૫ ની ધારાસભ્યશ્રીની પરામર્શ સમિતિ વખતે જે મુદ્દા રજૂ થયેલ, તો આ મુદ્દામાંથી કેટલા પ્રશ્નનું નિરાકરણ આવેલું અને બાકી રહેલા પ્રશ્નોનું નિરાકરણ કયાં સુધીમાં લાવવા માગે છે?

**શ્રી અશોક ભટ્ટ** : પહેલી વસ્તુ તા. ૮-૨-૨૦૦૫ ના રોજ જે પરામર્શ સમિતિ મળી હતી, એમાં મેડિકલ કોલેજના એડમિશન માટેનો પ્રશ્ન હતો. એ અંગેના લગભગ આઠેક પ્રશ્ન છે. આપ કહેતા હોય તો ટેબલ ઉપર મૂકું નહિ તો વાંચી જઉં.

**અધ્યક્ષશ્રી** : વાંચવાની જરૂર નથી. ટેબલ ઉપર મૂકજો.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : પરામર્શ સમિતિ એક વર્ષમાં કેટલી વખત બોલાવવાનો નિયમ છે? અથવા નક્કી શું ધોરણો કર્યા છે?

**શ્રી અશોક ભટ્ટ** : લગભગ ૩ મહિને એક વાર. હમણાં મળી (અંતરાય) એમણે પ્રશ્ન પૂછ્યો જાન્યુઆરીની સ્થિતિએ તા. ૧૮-૧-૨૦૦૬ ના નવા ઠરાવથી આરોગ્ય વિભાગની સમિતિ મળી એની પહેલી બેઠક તા. ૨૦-૨-૨૦૦૬ ના રોજ મળી. બીજી બેઠક તા. ૯-૩-૨૦૦૬ ના રોજ એટલે ૧૫ દિવસના ગાળામાં બે વખત મળી છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું કે વર્ષમાં ત્રણ ત્રણ મહિને એકવાર પરામર્શ સમિતિની બેઠક બોલાવવાની હોય છે. રાજય સરકારે જે પરામર્શ સમિતિઓ બનાવી છે તેનો બહુ શુભ આશય છે. નીતિ વિષયક પ્રશ્નો હોય તેનો સમયસર ઉકેલ આવે તેના માટે આ સમિતિઓ બનાવી છે. મોટા ભાગના વિભાગોમાં પરામર્શ સમિતિની વર્ષમાં એક વખત બેઠક મળે છે અને તે પણ વિધાનસભાનું સત્ર હોય તેના પહેલાં બેઠક બોલાવવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે હવે બીજી જે સમિતિઓ છે તે નિયમિત રીતે ત્રણ મહિને બોલાવવામાં આવે તેવું રાજય સરકાર કંઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગની પરામર્શ સમિતિ ૧૮-૧-૨૦૦૬ના રોજ થઈ હતી અને ૨૦-૨-૨૦૦૬ તથા ૯-૩-૨૦૦૬ના રોજ બેઠક બોલાવી હતી. આવતી બેઠક આવનારા ત્રણ મહિના પછી બોલાવવામાં આવશે.

## સુરત જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં પોસ્ટમોર્ટમની સુવિધા અંગે

***૧૮૦૧૦ શ્રી ધીરુભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સુરત જિલ્લાના કયા કયા તાલુકાના કયા કયા આરોગ્ય કેન્દ્રો ખાતે પોસ્ટમોર્ટમ કરવાની સુવિધા છે, અને

(૨) જિલ્લાના બાકીના આરોગ્ય કેન્દ્રોમાં પોસ્ટમોર્ટમની સુવિધા ઉભી કરવા સરકારનું શું આયોજન છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) પોસ્ટમોર્ટમની ઉપલબ્ધ સુવિધાના કેન્દ્રો.

(૨)

| તાલુકાનું નામ | સ્સામૂહિક આરોગ્ય કેન્દ્રનું નામ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ |
|---|---|---|
| ઓલપાડ | ઓલપાડ | એરથાણ |

| | | |
|---|---|---|
| | સાયણ | મોર |
| | | કીમ |
| પલસાણા | પલસાણા | કણાવ |
| | | ગંગાધરા |
| બારડોલી | બારડોલી | સરભોણ |
| | | વાસકુઈ |
| | | કડોદ |
| કામરેજ | કામરેજ | સેવણી |
| | | ઓરણા |
| | | કઠોર |
| | | વલણ |
| મહુવા | મહુવા | ખરવાણ |
| | અનાવલ | |
| ઉચ્છલ | ઉચ્છલ | ચિતપુર |
| વાલોડ | વાલોડ | બુહારી |
| | | કલમકુઈ |
| વ્યારા | વ્યારા | ચાપાવાડી |
| સોનગઢ | સોનગઢ | વિરથવા |
| | | બોરદા |
| | | અગાસવાણ |
| નિઝર | નિઝર | વેલધા |
| | | ગંગથા |
| | | કુકરમુન્ડા |
| માંગરોળ | માંગરોળ | વેલાછા |
| | ઝંખવાવ | |
| માંડવી | માંડવી | પાતલ |
| | અરેઠ | તડકેશ્વર |
| | | સઠવાવ |
| ઉમરપાડા | | કેવડી |
| | | વડપાડા |
| | | |

(૨) જરૂરિયાતને ધ્યાને લઈ આયોજન કરવામાં આવશે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત શહેર અને સુરત જિલ્લામાં કેટલા તાલુકાઓમાં કયા કયા આરોગ્ય કેન્દ્રોમાં પોસ્ટમોર્ટમની સુવિધા છે તો તેનો જવાબ આપ્યો છે તેમજ બીજા કેન્દ્રો ખોલવા માટે સરકારનું શું આયોજન છે તો તેનો પણ જવાબ આપ્યો છે કે જરૂરિયાતને ધ્યાને લઈ આયોજન કરવામાં આવશે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પોસ્ટ મોર્ટમની સુવિધા વિકસાવવા માટે બીજા તાલુકાઓમાં માટે તેમની પાસે કોઈ સરવે કરવામાં આવ્યું છે અને બીજો પ્રશ્ન એ છે કે સુરત શહેરની અંદર કોઈપણ જગ્યાએ અકસ્માત થાય તથા અપમૃત્યુ થાય અને બપોરના બે-ત્રણ વાગ્યા હોય એટલે તેના સગા સંબંધીઓ અને પરિવારજનોને જાણ થાય પછી તે લોકો આવે તેની વિભાગીય કાર્યવાહી થાય અને પંચકયાસને એ બધુ થાય એટલે સાંજના છ વાગે સિવિલ હોસ્પિટલ ખાતે લાશ પહોંચે છે. હવે છ વાગ્યા પછી સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમની સુવિધા નથી. એટલે બીજા દિવસે સવારે ૮.૦૦ વાગે થાય છે. આવા સંજોગોમાં તેના સગા સંબંધીઓ અને પરિવારજનોને ચોવીસ કલાક સુધી રાહતનો દમ મળતો નથી. એટલે મેટ્રોપોલિટન શહેર સુરત જેવા બીજા શહેરોમાં આવા અકસ્માત થાય અને આવા સમયે માણસનો સમય બહુ કિમતી હોય છે ત્યારે આ સુવિધા સુરત શહેરમાં અને બીજા શહેરોમાં રાત્રિ પોસ્ટમોર્ટમની સુવિધા વિકસાવવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વસ્તુ એવી છે કે પોસ્ટમોર્ટમના જે કેન્દ્રો સુરત જિલ્લામાં કહ્યા છે તેમાં વધારવાની જરૂર પડે નહીં અને હું ઈચ્છું કે વધારાના કેન્દ્રો ખોલવાની જરૂરિયાત પેદા ન થાય. તેમ છતાં માનનીય સભ્યશ્રીએ કહયું કે કોઈ જગ્યાએ વધારે કેસો બને છે તો તેવા કેસ દૂર લઈ જવા પડે છે તો ત્યાં આવા કેન્દ્રની વ્યવસ્થા કરવામાં આવશે. રાત્રિની બાબતમાં બે વસ્તુ ચોકકસ છે. ડે લાઈટ હોય ત્યાં છૂટ આપવામાં આવી છે. આમાં સાહેબ ડીલે થવાનું કારણ એ છે કે જે અકસ્માત થાય છે તેમાં સાહેબ કેટલાક ફોરેન્સીક સવાલો પેદા થાય છે. એટલે આવા કેસોમાં ઈન્કવેસ્ટ ભરાય નહીં ત્યાં સુધી પોસ્ટમોર્ટમ ન થાય. એટલે તેનો ઈન્કવેસ્ટ રિપોર્ટ આવી ગયા પછી અને આમાં મહિલાઓ અને અમૂક બળી ગયેલા કેસો હોય તેમાં આવા ગંભીર પ્રકારના કાનૂની મુદ્દા ઉપસ્થિત ન કરે તો ડેલાઈટની વ્યવસ્થા કરીને રાત્રે પોસ્ટમોર્ટમ કરવામાં આવશે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, કયા પ્રકારના ગંભીર મુદ્દા છે કે રાત્રે પોસ્ટમોર્ટમ થતું નથી. આમાં સાહેબ રાત્રે પોસ્ટમોર્ટમ થતું નથી. અકસ્માત થયો હોય એમાં તો સાહેબ સામસામે વાહન ભટકાય છે. તેવા કેસોમાં ચોવીસ કલાક પોસ્ટમોર્ટમની સુવિધા કરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે શબ પરિક્ષણ માટેનો પરિપત્ર બહાર પાડયો છે. તેમને આપી દઈશ એટલે આપને વિગતવાર ખબર પડી જશે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૧-૯૨માં એવો ઠરાવ કરવામાં આવેલો કે રાત્રી દરમ્યાન પોસ્ટમોર્ટમ થઈ શકે. હવે તો સાહેબ લાઈટની જે વ્યવસ્થા છે તે ડેલાઈટ જેવી સુવિધાવાળી છે. માત્ર પોઈઝનના કેસોમાં જયાં ચામડીનું ડીસ્કલરેશન થઈ ગયું હોય અને તેના ઉપરથી નિદાન અને પરિક્ષણમાં ફેર પડે તેમ હોય તે કેસો પૂરતું બાકાત રાખવામાં આવે. બાકી રાત્રિના પોસ્ટમોર્ટમ થઈ શકે. પરંતુ લગભગ પોસ્ટમોર્ટમ માટે વિનંતી કરવા છતાં રાત્રે પોસ્ટમોર્ટમ કરવામાં આવતું નથી. તો સાંજના છ વાગ્યા પછી તેના રીલેટીવ ઈચ્છે ત્યારે પોસ્ટમોર્ટમ કરવા માટેનો પરિપત્ર સરકારશ્રી એકેએક જગ્યાએ મોકલવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા** : માનનીય અધ્યયક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાત્રે પોસ્ટમોર્ટમ નહીં કરવાના કારણો શું છે, પોસ્ટમોર્ટમ પ્રક્રિયામાં વિલંબ થવાના કારણો શું છે?

**શ્રી અશોક ભટ્ટ** : પહેલું કારણ એ છે કે, પોલીસનો ઈન્કવેસ્ટ રિપોર્ટ આવ્યા પછી શબ પરીક્ષણ કરી શકાય છે, આ સૌથી મોટું છે અને જેવું એ આવી જાય ત્યાર પછી ફોરેન્સીકના કેટલાક કારણસર અને માનનીય દિનેશભાઈએ કહ્યું એ પ્રમાણે તેવા પ્રકારના મૃત્યુ છે કે નહીં એવા અપમૃત્યુ કેસમાં ખૂબ ગંભીરતાપૂર્વક પરીક્ષણ કરવું પડતું હોય છે એટલે રાત્રે પોસ્ટમોર્ટમ કરવાની સલાહ નથી અને કેટલીક કોર્ટોના એ પ્રકારના ઓડર્સ પણ છે, કે પરીક્ષણ રાત્રી દરમિયાન થયેલા હોય છે અને પછી એ ક્રોસ એકઝામીન જ્યારે થાય છે ત્યારે કેટલીક પરિસ્થિતિ પૉઈઝનના કેસમાં અને કેટલાક અપમૃત્યુના કેસમાં પેદા થાય છે પણ અકસ્માતના કેસ જ્યારે આવે, એની અંદર પણ રાત્રે કરી દેવાનો પરિપત્ર ૧૯૯૨નો છે, ૨૦૦૩નો છે અને ફરીથી એ પરિપત્ર છે એ રાજયની બધી જ સિવિલ હૉસ્પિટલો અને જ્યાં જ્યાં શબ પરીક્ષણ થાય છે ત્યાં મોકલી આપવામાં આવશે.

**ડૉ. અતુલ કે.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક વખત ડૉકટરો પોસ્ટમોર્ટમ માટે અવલેબલ હોતા નથી, તો દરેક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ડૉકટરોને પોસ્ટમોર્ટમ કરવા માટેનું આયોજન કરવા માગો છો કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ** : અત્યારે જે આયોજન છે એ પર્યાપ્ત છે અને જ્યાં ડૉકટરો નથી ત્યાં ભરતી કરીને ડૉકટરો મૂકવા કારણ કે ખાલી જગ્યાઓના પ્રશ્નો છે એ આની સાથે સંકળાયેલ છે એટલે પૂર્ણ કરવાની બાબતમાં છે.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : એકસીડેન્ટના કેસમાં એકસીડેન્ટ થયા પછી પંદર વીસ દિવસ એની દવાખાનામાં ટ્રિટમૅન્ટ કરવામાં આવે છે અને ત્યાર પછી એ દર્દી મૃત્યુ પામે અને એના વારસદાર હોય, પોતાના મા-બાપ કે દીકરો હોય એ પોસ્ટમોર્ટમ ન કરાવવા માગતા હોય અને પોલીસ પણ એમાં સહમત હોય તો એમાં માનનીય મંત્રીશ્રી શું કહેવા માગે છે?

**શ્રી અશોક ભટ્ટ** : હું તો એટલું જ કહેવા માગું છું કે, આ કાનૂની પ્રશ્નો છે અને જ્યાં કાનૂની પ્રશ્નો પેદા થતા હોય ત્યાં આગળ શબ પરીક્ષણ અનિવાર્ય હોય, મંત્રીશ્રી કે પોલીસનો અભિપ્રાય ન ચાલે, કાનૂની અભિપ્રાય પ્રમાણે જે કેસમાં મૃત્યુનું કારણ સ્પષ્ટપણે જાણવા ન મળ્યું હોય ત્યાં શબ પરીક્ષણ કરવું જરૂરી છે.

## બેરોજગાર યુવાનોને રોજગારી

***૧૭૩૮૦ શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બેરોજગાર યુવાનોમાં વધારો થયો છે તે હકીકત સાચી છે ?

(૨) જો હા, તો કયા કારણોસર અને આવા બેકાર યુવાનોને રોજગાર પૂરો પાડવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૩) તેનો અમલ કઈ રીતે કરવા માગો છો ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** ( રાજ્યકક્ષા) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્ન પૂછ્યો હતો કે રાજયમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બેરોજગાર યુવાનોમાં વધારો થયો છે કે કેમ, એના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ ના, જી કહ્યું છે. તો માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં કોઈપણ પ્રકારના બેરોજગારોમાં વધારો થયો જ નથી અને જો એ વધારો ન થયો હોય તો એ કયા કારણસર, અને આ બેરોજગારોની વ્યાખ્યા કઈ છે, અને કેવા લોકોને બેરોજગાર ગણવામાં આવે છે અને એવા બેરોજગારોને ધંધો આપવા માટે કે રોજગારી આપવા માટે સરકારશ્રીનું આયોજન શું છે ?

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં જે નોંધાયેલ બેરોજગારો છે એમાં વધારો થયો નથી અને એમાં સતત ઘટાડો થયો છે, બેરોજગારોની વ્યાખ્યામાં શિક્ષિત બેરોજગાર અને અર્ધ શિક્ષિત બેરોજગાર પણ આવે છે. એના આંકડા જોઈએ તો ૨૦૦૩ના વર્ષમાં ૯,૯૯,૧૮૮ બેરોજગાર નોંધાયેલ છે, ૨૦૦૪ના વર્ષમાં ૯,૨૧,૭૬૮ બેરોજગારો નોંધાયેલ છે, ૨૦૦૫ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં ૮,૫૫,૨૨૬ બેરોજગારો નોંધાયેલ છે, બેરોજગારોને ઘટાડો કરવા માટે રોજગારી આપવા માટે જે પ્રયત્નો કર્યા છે. એમાં જોઈએ તો ઔદ્યોગિક વિસ્તારમાં ભરતી મેળા, મેગાજોબફેર, સ્વ રોજગારી માટેની શિબિરો, કેરિયર કૉર્નર એવાં જે પગલાં સરકારે લીધાં છે એના કારણે સતત આપણે આપણા રાજયમાં બેરોજગારો છે એને ખાનગી એકમોમાં ઔદ્યોગિક મૂડી-રોકાણ આપણા રાજયમાં વધારે આવે છે એના કારણે ખાનગી એકમોમાં ઔદ્યોગિક ભરતી મેળા અને મેગા જોબ ફેરને કારણે ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી મળે છે અને એના કારણે બેરોજગારીમાં ઘટાડો થયો છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૩૧-૧૨-૨૦૦૫ની છેલ્લી સ્થિતિએ ૩ વર્ષના ૨૦૦૩-૨૦૦૫ના આંકડા આપ્યા એમાં ઘટાડો બતાવ્યો છે પણ મારે એ પૂછવું છે કે, છેલ્લા ૩ વર્ષમાં ઘટાડો થયો એમાં કેટલી સરકારી અને કેટલી અર્ધ-સરકારી નોકરીઓમાં રોજગારી મળી અને કેટલી ખાનગી નોકરીઓ મળી? બીજો પ્રશ્ન એ છે કે, જેવી રીતે નોંધણીની પ્રક્રિયા છે કે બેકાર યુવાનો પોતાના નામનું રજીસ્ટ્રેશન એમ્પ્લોયમેન્ટ કચેરીમાં કરાવે છે પણ પછી નોકરી મળી ગઈ છે એનો આધાર નકકી કરવાનું કોઈ માપદંડ છે કે જેના કારણે બેકારોમાં વધારો કે ઘટાડો થયો છે એ માપી શકાય?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, નોકરી આપી છે એમાં છેલ્લા વર્ષમાં એટલે કે ૨૦૦૫-૨૦૦૬નું વર્ષ છે એમાં ૮૬,૩૦૫ જે નોકરીઓ મળી છે એ ખાનગી નોકરીઓ મળી છે અને ૬,૫૮૭ સરકારી નોકરીઓ મળી છે. અને એમણે પૂછયું કે માપદંડ શું છે? તો જે જગ્યાએ સરકારી લોકલ બોર્ડ, અર્ધ-સરકારી નોકરીઓ આપતા હોય છે એની માહિતી છે એ મેળવતા હોઈએ છીએ અને અમારી ભલામણ, રોજગાર વિભાગની ભલામણ હોય એને નોકરી મળી હોય એનું લાઈવ રજિસ્ટ્રર હોય છે એમાંથી આ સંખ્યા બાદ કરવામાં આવે છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારું પૂછવું એ છે કે, એવી કોઈ પદ્ધતિ કે પ્રક્રિયા છે કે જેથી ખાનગી કંપનીઓમાં આમાં કહ્યું છે કે આટલા લોકોને નોકરી મળી છે, તો એની કોઈ મોનિટરિંગ સિસ્ટમ છે કે આટલા લોકોને ખાનગી કંપનીઓમાં નોકરી મળી છે એ જાણી શકાય?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર વિનિમય કચેરી દ્વારા રોજગારી આપવામાં આવે છે એના ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા દર વર્ષે આંકડા પ્રકાશિત કરવામાં આવે છે. દેશની રોજગાર કચેરી મારફત રોજગારી અપાય છે એમાં આપણા રાજયમાં આખા દેશની સરખામણીએ ૪૬ ટકા રોજગારી અપાય છે. છેલ્લે ૨૦૦૫ના વર્ષમાં ૫૦ ટકા આપણા ગુજરાત રાજયે દેશની સરખામણીમાં રોજગારી આપી છે.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં ૨૬ લાખ બેરોજગારો નોંધાયેલા છે. હવે જો બેરોજગારોમાં વધારો ન થયો હોય તો ૨૬ લાખ લોકોને રોજગારી અપાઈ ગઈ હશે, તો હું એ પૂછવા માગું છું કે છેલ્લા વર્ષમાં ૨૬ લાખ લોકોને રોજગારી અપાય છે ખરી?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૬ લાખ લોકો હું બોલ્યો જ નથી. ૨૦૦૫ના વર્ષ સુધી અત્યાર સુધીના આપણી પાસે નોંધાયેલા બેરોજગારો ૮,૫૫, ૨૬૬ છે.

### સંખેડા સામૂહિક આરોગ્ય કેન્દ્રનું મહેકમ

***૧૮૦૬૮ શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ સંખેડા તાલુકામાં આવેલા સંખેડા સામૂહિક આરોગ્ય કેંદ્રમાં વર્ગ-૩ અને ૪નું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) આ મહેકમમાં કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માગો છો કે કેમ, અને ક્યારે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી:**

**(૧) સંવર્ગવાર મંજૂર મહેકમ**

| સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|
| વર્ગ'૩ | ૧૩ |
| વર્ગ-૪ | ૧૦ |

(૨) **સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

| સંવર્ગ | ખાલી જયાઓ |
|---|---|
| વર્ગ-૩ | ૩ |
| વર્ગ-૪ | ૩ |

(૨) હા, જી. સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

**શ્રી કાંતિભાઈ ભા. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન હતો કે ૩૧-૧-૦૬ની સ્થિતિએ સંખેડા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૩ અને વર્ગ-૪નું મહેકમ કેટલું છે? એમાં બતાવ્યું છે કે વર્ગ-૩માં ૧૩ જગ્યા છે અને વર્ગ-૪માં ૧૦ જગ્યા છે એની સામે ખાલી જગ્યા બતાવી છે એ વર્ગ-૩માં ૩ અને વર્ગ-૪માં પણ ૩ છે. છેલ્લે ત્રીજા પ્રશ્નના જવાબમાં બતાવ્યું છે કે, સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ જગ્યાઓ ભરવામાં આવશે. તો મારે એ જાણવું છે કે વર્ગ-૩ની કઈ જગ્યાઓ છે અને એનું લાયકાતનું ધોરણ શું છે? અને વર્ગ-૪ની કઈ કઈ જગ્યાઓ છે અને એનું લાયકાતનું ધોરણ શું છે? અને આ જગ્યાઓ ભરવા માટે કયારે અને કેટલા પ્રયત્નો કરવામાં આવ્યા છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ-૩ની જે ૩ જગ્યા ખાલી છે એમાં એક સિનિયર ક્લાર્કની ખાલી છે ત્યાં આગળ હેડ ક્લાર્ક કમ સિનિયર ક્લાર્કની જગ્યા ભરેલી છે, સિનિયર ક્લાર્કની જગ્યા પ્રમોશનથી ભરાય છે અને અત્યારે એ ખાલી છે ત્યારપછી એક્સ-રે ટેકનિશિયનની એક જગ્યા ખાલી છે, એક્સ-રે ટેકનિશિયન માટે એક્સ રે ટેકનિશિયનનો ટૅક્નીકલ કોર્સ કરેલો હોવો જોઈએ અને એની ઉપલબ્ધતા ઓછી હોય છે, સ્ટાફ નર્સની એક જગ્યા ખાલી છે એમાં સાતમાંથી છ ભરેલી છે અને એક ખાલી છે અને સ્ટાફ નર્સની પૂર્તતા અમે ટૂંક સમયમાં કરી દઈશું ત્યારપછી સ્વીપરની એક જગ્યા ખાલી છે અને એ ડભોઈથી પ્રતિ નિયુક્તિ પર મોકલ્યા છે અને એની પાસેથી એ કામ લેવાય છે, પાર્ટટાઈમ વોચમેનની અને પાર્ટટાઈમ સ્વીપરની જગ્યાઓમાં સ્વીપરની બે જગ્યા અને એક વોચમેનની એમાં સ્વીપરની જગ્યા આઉટ સોર્સીંગથી ભરી શકાય તેમ છે અને એ માટેના પ્રયત્ન કરીશું.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા** : હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ જગ્યાઓ ભરવા માટે કેટલા પ્રયત્નો કરવામાં આવ્યા છે અને પ્રવર્તમાન નીતિ નિયમ શું છે અને ક્યારે ભરવામાં આવશે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્સની જે જગ્યા ખાલી છે એ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આપણે ભરતીની પ્રક્રિયા કરીએ છીએ અને એની જાહેરાત આપી દીધેલી છે. ક્લાર્કની જગ્યા નથી અહીંયા સિનિયર ક્લાર્કની જગ્યા છે એ બઢતીથી ભરવાની હોય છે અને એ માટેનો પ્રોસેસ ચાલુ છે. સ્વીપરની જે જગ્યા ખાલી છે એ હવે આઉટ સોર્સીંગથી ભરવાની છૂટ આપવામાં આવશે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સંખેડા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ભરતી માટે કાર્ય ભારણ અને લાયકાતવાળા લોકો ઉપલબ્ધ થયેથી એમ જણાવેલ છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવું છે કે, કાર્ય ભારણમાં એક્સ-રે ટેકનિશિયન ન હોય તો એક્સ-રે લેવાતો ન હોય એટલે કઈ રીતે આપણે કાર્ય ભારણ નક્કી કરી શકીએ કે કયાં કામનો બોજો છે ભરતી કરવી કે ના કરવી અને બીજું લાયકાત માટે મને લાગે છે કે વર્ગ-૩ અને વર્ગ-૪ ની લાયકાતના લોકો ઉપલબ્ધ નથી એવું જો સરકાર કહેતી હોય તો એ કોઈ દિવસ સ્વીકારી શકાય તેવી બાબત નથી એટલે ખરેખર ગંભીરતાથી ગામડાંની પ્રજાના ગરીબ માણસો સરકારી દવાખાના સિવાય કોઈ જગ્યાએ જઈ શકતા નથી આવા લોકોના માટે જે સુવિધા ઉપલબ્ધ છે એ ઉપલબ્ધ સુવિધા માટે જે તંત્ર ગોઠવેલું છે, જે સેટ અપ ગોઠવેલો છે એનો પૂરેપૂરો ઉપયોગ થાય એ હેતુથી સરકાર ગંભીરતાથી આ બધી જગ્યાઓ ભરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ગંભીરતાથી બરાબર ધ્યાન રાખેલું છે એટલા માટે જ સંખેડાની અંદર આપણે જોઈશું તો સિનિયર ક્લાર્ક અને હેડકલાર્ક છે એમાં એકમાંથી એક જગ્યા ભરેલી છે, લેબ. ટેકનિશિયન એકમાંથી એક ભરેલી છે, જુનિયર ફાર્માસિસ્ટ એકમાંથી એક ભરેલી છે, સ્ટાફ નર્સ સાતમાંથી છ ભરેલી છે, ડ્રાયવર એકમાંથી એક ભરેલી છે આ જગ્યાઓ ભરેલી છે કુલ ૧૩માંથી ૧૦ ભરાયેલી જગ્યાઓ છે. પટાવાળામાં એકમાંથી એક જગ્યા ભરેલી છે, ડ્રેસર એકમાંથી એક ભરેલી છે, વૉર્ડ બોય ૨ માંથી બે ભરેલા છે, આયા એકમાંથી એક ભરેલ છે, પાર્ટ ટાઈમ વોચમેન બે માંથી એક જગ્યા ભરેલી છે અને પાર્ટ ટાઈમ સ્વીપરમાં બે માંથી એક જગ્યા ભરેલી છે આ બતાવે છે કે ગરીબ માણસો માટે આ રાજયની સરકાર કેટલી કટિબદ્ધ છે અને કેટલી સંકલ્પબદ્ધ છે. મારે એ નથી કહેવું કે એમના વખતમાં આ જગ્યાઓ કેટલી ખાલી હતી એના આંકડા જોઈતા હશે તો પણ હું આપીશ.

**જંગલોના દવ અટકાવવા અંગે**

***૧૮૦૬૫ શ્રી કાંતિભાઈ ત્રિ. ભીલ (નસવાડી): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ગુજરાતના જંગલોમાં લાગતો દવ કાયમી ધોરણે અટકાવવા કોઈ ખાસ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તે માટેની યોજનાઓ શી છે?

વન અને પર્યાવરણ મંત્રીશ્રી

(૧) હાજી,

(૨) જંગલોમાં દવ અટકાવવા માટે જુદી જુદી યોજનાઓ હેઠળ નીચે મુજબ પગલાં લેવામાં આવે છે.

૧. ફાયર લાઈન
૨. વાયરલેસ નૅટવર્ક
૩. દવગાર્ડની જોગવાઈ
૪. વાહન વ્યવહારની સુવિધા
૫. લોકોના સહયોગ માટે ગોઠવણ
૬. લોકોને આગ બાબતમાં જાણકારી આપવી.

**શ્રી કાંતિભાઈ ત્રિ. ભીલ**: માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, જંગલમાં દવ કયા કારણોસર લાગે છે. સહભાગી વન વ્યવસ્થા મંડળીઓ અસ્તિત્વમાં છે તો આ દવ લાગે છે એના નિયંત્રણ માટે મંડળી માટે કોઈ જોગવાઈ કરવામાં આવી છે કે કેમ. બીજો પ્રશ્ન એ છે કે, જંગલ વેસ્ટ છે એમાંથી સેંદ્રિય ખાતર અને બળતણ માટે કોલસા માટેની કોઈ યોજના બનાવવામાં આવી છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જંગલમાં દવ લાગવાના અનેક કારણો છે. એક તો એ વિસ્તારમાંથી પસાર થતી વખતે ઘણીવાર માણસ ચાલતા ચાલતા બીડી પીતો હોય અને એ ચાલુ બીડી ફેંકે તો એનાથી આગ લાગે છે, મહુડાના ફૂલ એકત્ર કરવા લોકો ભેગાં થતાં હોય તો તે વખતે ઝાડની નીચે કંઈ બાળવામાં આવે છે એનાથી પણ આગ લાગતી હોય છે, ખેતરની વાડ જે હોય છે એમાં કોઈ વાર વાડ બાળતા હોય અને બાજુમાં વન હોય તો તેમાં તે રીતે પણ આગ લાગે છે. કેટલીકવાર અંધશ્રદ્ધાથી પણ આગ લાગતી હોય છે. આદિવાસીઓમાં ડુંગરો નવડાવવાની એક પ્રથા છે અને એટલા માટે એ પ્રથાના અમલથી આગ લાગે. બીજો પ્રશ્ન જે છે તેમનો કે સહભાગી વન સમિતિઓ જે છે ગુજરાતમાં જે સહભાગી વન સમિતિ છે આજુબાજુમાં જ્યાં વન સમિતિઓ હોય તેનો અમે ઉપયોગ કરીએ છીએ એટલે આગ ઓલવવામાં તેનો ઉપયોગ થાય છે. ત્રીજો પ્રશ્ન છે તેમાં તેનું સૂચન છે.

**શ્રી કનુભાઈ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢના ગીરના જંગલમાં દર વર્ષે દવ લાગવાનો એકાદ બનાવ બને છે જેમાં દવ લાગવાના કોઈ કારણો જાણવા મળેલ છે કે કેમ ? અથવા આવા કારણો જાણવા મળ્યા પછી વિભાગે શું પગલાં લીધાં ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દવ ઘણીવાર આ ઉનાળાના સમયમાં જે પાંદડાઓ, ઘાસ ભેગું થયેલું હોય તેના કારણે લાગે છે અને ઝાડનું જે ઘર્ષણ થાય છે તેમાંથી પણ આગ લાગવાનો સંભવ છે .

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, આ દવ લાગવાથી બાલ વૃક્ષોનું જે નિકંદન નીકળી જાય છે ત્યારે સ્થાનિક કર્મચારીઓની આ જવાબદારી ફીકસ કરવા માગો છો કે કેમ ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દવ ગમે ત્યારે લાગે છે તેને માટે તરતજ સમાચાર મળે તેને માટે અમે વોચ ટાવરની પણ વ્યવસ્થા કરેલી છે.જેવી આગ લાગે તેવા સમાચાર મળે એટલે તરત કર્મચારીઓ આગ ઓલવવા પહોંચી જાય છે.

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, ફાયર લાઈન સુરત જિલ્લામાં અને ડાંગમાં આ વ્યવસ્થા નથી તો આ વ્યવસ્થા કયા જિલ્લામાં કરવામાં આવી છે? હું તે જ વિસ્તારમાંથી આવું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દવ અટકાવવા માટેના અનેક પગલાં ભરાય છે. દવ રેખા બનાવવામાં આવે છે. ઘણી વખત એવો વિસ્તાર છે ત્યાં વચ્ચેથી એકદમ સપાટ સાફ કરી નાંખવામાં આવે છે. બીજી દવ રેખાની જાળવણી કરવામાં આવે છે. વચ્ચેથી એક બાળી દેવામાં આવે જેથી આગ પ્રસરે નહીં, લાગે નહીં તેના માટેના પ્રયત્ન થાય છે. દવ રક્ષણ માટે અદ્યતન સામગ્રીનો પણ ઉપયોગ કરીએ છીએ. વાયરલેસ, વોકી-ટોકીનો પણ અમે ઉપયોગ કરીએ છીએ. દવ લાગવાની જાણકારી સમયસર મળે તે હેતુ માટે વોચ ટાવરની પણ વ્યવસ્થા કરેલી છે. દવ સિઝનમાં ફાયર વોચમેન અને રોજમદારની પણ વ્યવસ્થા લોક સહકાર માટે તેને

ઓલવવાની કાર્યવાહી પણ લોકોમાં પણ શિબિર કરીને તેની જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો અમારા વિભાગમાંથી થાય છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આગ ઓલવવા માટે વાહન-વ્યવહારનો ઉપયોગ આવો એક જવાબ આપ્યો છે માનનીય મંત્રીશ્રી આ વાહન-વ્યવહારની અંદર ફાયર ટેન્કરની વ્યવસ્થા છે અને હોય તો તેને પહોંચાડવા માટે જંગલમાં રસ્તો બનાવવાની યોજના છે કે નહીં ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા કર્મચારી-અધિકારીઓના વાહનોના ઉપયોગ થાય છે અને બીજું તેમનું સૂચન છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, જે દવ લાગે છે તે વખતે પહેલાં દરેક રાઉન્ડમાં જે દવગાળો પાસે નગારા હતા દવ લાગે એટલે તરત જાહેર કરતાં તો આખું ગામ દોડી જતું હતું. તો તે રીતે કરવા માગો છો કે કેમ ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આગળ કહ્યું તેમ વોચ ટાવર ગુજરાતમાં લગભગ ૬૫ જેટલાં જુદા જુદા જિલ્લામાં રાખવામાં આવેલાં છે અને જેવા સમાચાર મળે એટલે કર્મચારીઓ અને ગામનાં લોકો તેને ઓલવવા માટેના પ્રયત્નો કરે છે

## બાલાસિનોર વિરપુર તાલુકામાં ગેરકાયદેસર વૃક્ષછેદન

***૧૮૧૧૧ શ્રી રાજેશભાઈ પાઠક (બાલાસિનોર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બાલાસિનોર-વિરપુર તાલુકામાં તેમજ પંચમહાલ જિલ્લામાંથી ગેરકાયદેસર વૃક્ષ છેદન દ્વારા વૃક્ષો કપાઈને કઠલાલ-નડિયાદ-અમદાવાદની સો-મિલોમાં જાય છે જે રાજય સરકારના ધ્યાનમાં છે,
(૨) વૃક્ષછેદનકારો સરકારી અને ખાનગી માલિકીના વૃક્ષો સરકારની મંજૂરી વિના કાપે છે જે સરકારના ધ્યાનમાં છે કે કેમ, અને
(૩) જો હા, તો શું પગલાં લેવા માગો છો ?

**વન મંત્રીશ્રી :**

(૧), (૨) અને (૩) : તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બાલાસિનોર-વીરપુર તાલુકામાં તેમજ પંચમહાલ જિલ્લામાંથી ગેરકાયદેસર વૃક્ષ છેદન દ્વારા કપાતા વૃક્ષોનો માલ જુદી જુદી જગ્યાએ જાય છે. જે સરકારશ્રીની જાણમાં છે, અને જ્યારે પણ આવા ગુના પકડવામાં આવે છે ત્યારે ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ તથા સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન ધારો ૧૯૫૧ની જોગવાઈ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

**શ્રી રાજેશભાઈ પાઠક** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પાડોશમાં આવેલા પંચમહાલ જિલ્લો તેમજ મારા મત વિસ્તારના બાલાસિનોર વિરપુરમાંથી દરરોજ સેંકડો જેટલાં વાહનોમાં લીલા ગેરકાયદેસર વૃક્ષો કપાય અને સો મિલોમાં જાય છે તે અંગે અવાર-નવાર રજૂઆતો પણ થયેલી છે. મારે જાણવું છે કે સૌરાષ્ટ્રમાં વૃક્ષ છેદન ધારો ૧૯૫૧માં વૃક્ષ દીઠ એક હજાર રૂપિયા જેટલી દંડની જોગવાઈ હતી તો આનાથી વધારે કડક કાયદો વિભાગ લાવવા માગે છે કે કેમ ? બીજું આ પ્રવૃત્તિમાં સંડોવાયેલા ઈસમો સામે પાસા જેવા કે બીજા કોઈ પગલાં લેવા માગો છો કે કેમ ?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**અગિયારમી ગુજરાત વિધાનસભા**

**નવમું સત્ર, ૨૦૦૬ તારાંકિત્ત પ્રશ્નો મંગળવાર, તા. ૨૮ મી માર્ચ, ૨૦૦૬**

**રાજ્યમાં ઓદ્યોગિક તાલીમ સંસ્થાને મંજૂરી**

૧૭૯૪૩**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૩ થી ૨૦૦૫ ના વર્ષ દરમિયાન ગુજરાતમાં કેટલી નવી આઇ.ટી.આઈ.ને મંજૂરી આપવામાં આવી, | (૧) ૫-સરકારી આઇ.ટી.આઇ., અને ૫-ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.સી. ૯૯-સ્વનિર્ભર આઇ.ટી.સી. |
| (૨) જેને મંજૂરી આપવામાં આવી છે તેમાં કેટલી આઇ.ટી.આઇ. ને ગ્રાન્ટેડની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) ૫ (પાંચ) |
| (૩) ગ્રાન્ટેડ આઇ.ટી.આઇ. કઇ છે ? | (૩) ૧. જય સિતારામ કેળવણી મંડળ, સુખસર, તાલુકો ફતેપુરા, જિ.દાહોદ.<br>૨. શ્રી રવજી લાલજી છાડવા, વિસા ઓસવાલ જૈન બોર્ડીંગ, ભચાઉ, જિ.કચ્છ.<br>૩. ધી સોસાયટી ફોર ફીઝીકલ હેન્ડીકેપ્ડ, અમદાવાદ.<br>૪. સરદાર પટેલ એજ્યુ. ટ્રસ્ટ, રામપુરા, કાંકણપુર, જિ. પંચમહાલ.<br>૫. પ્રશિક્ષણ અનુસંધાન કેન્દ્ર, ક્વાંટ, જિ.વડોદરા. |

-----------

**છોટા ઉદેપુર તાલુકામાં પી.ટી.સી. કોલેજના બાંધકામ અંગે**

૧૬૭૫૮**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના છોટા ઉદેપુર તાલુકામાં પી.ટી.સી. કોલેજ મકાન બાંધકામ માટે શું આયોજન છે, | (૧) કોઇ આયોજન નથી. |
| (૨) તે અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવી કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો તે અંગેની શું વિગતો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ઓરેટ પ્રોજેક્ટ હેઠળ રાજ્ય જિલ્લાવાર હોસ્પિટલોમાં સાધનોના ખર્ચ અંગે**

૧૭૩૬૦**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ):માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુ. ૦૬ની સ્થિતિએ ઓરેટ હેઠળ રાજ્યની જિલ્લાવાર કેટલી હોસ્પિટલોમાં કેટલી રકમના સાધનો આપવામાં આવ્યા, | (૧) - જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ ઓરેટ પ્રોજેક્ટ હેઠળ રાજ્યની કુલ-૬૫ હોસ્પિટલોને રૂા.૨૦૦.૦૦ કરોડની કિંમતના સાધનો ફાળવવામાં આવેલા છે. |

- ઓરેટના સાધનો ફાળવેલ હોસ્પિટલોની જિલ્લાવાર યાદી આ સાથે સામેલ છે.

- આ સર્વગ્રાહી પ્રોજેક્ટ હોઇ તેમાં સાધનોની અલગ અલગ કિંમત આપેલ ન હોઇ જિલ્લાવાર હોસ્પિટલોને ફાળવેલ સાધનોની કિંમત નક્કી થઇ શકે નહીં.

(૨) આ પૈકી કેટલા સાધનો બંધ હાલતમાં છે, ક્યારથી છે, અને

(૨) જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ કુલ ૪૪ સાધનો બંધ હાલતમાં હતાં, તે પૈકીના નીચે જણાવેલ કુલ ૧૪ સાધનો સિવાયના તમામ સાધનો હાલમાં ચાલુ હાલતમાં છે.

| ક્રમ | સાધનનું નામ | ક્યારથી બંધ છે. |
|---|---|---|
| ૧. | સીટી સ્કેન મશીન - ૧ | જુલાઇ-૨૦૦૫ |
| ૨. | ડી.એસ.એ.આઇ.આઇ.ટી.વી.-૧ | જુલાઇ-૨૦૦૫ |
| ૩. | એમ. આર. એસ. મશીન-૨ | જુલાઇ-૨૦૦૩ |
| ૪. | ઓટોમેટિક ફિલ્મ પ્રોસેસર-૧ | જુલાઇ-૨૦૦૩ |
| ૫. | ક્રોટરી મશીન-૪ | સપ્ટેમ્બર-૨૦૦૪ |
| ૬. | સીગ્મોઇડોસ્કોપ-૧ | એપ્રિલ-૨૦૦૪ |
| ૭. | હેમોડાયાલીસીસ મશીન-૧ | ડિસેમ્બર-૨૦૦૩ |
| ૮. | વેન્ટીલેટર્સ-૧ | ફેબ્રુઆરી-૨૦૦૪ |
| ૯. | એલીઝારીડર-૧ | માર્ચ-૨૦૦૨ |
| ૧૦ | યુ.ડી.એસ.મશીન-૧ | ઓકટોબર-૨૦૦૪ |

(૩) આ અંગે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા શું શું કાર્યવાહી કરવામાં આવી ?

(૩) આ અંગે રાજ્ય સરકાર દ્વારા ઓરેટ પ્રોજેક્ટ હેઠળના અગત્યના રેડીયોલોજી અને યુરોલોજીને લગતા સાધનોને કાર્યરત રાખવા માટે તા.૧-૧૦-૦૪થી એક વર્ષ માટે અને ત્યારબાદ તા.૨-૨-૦૬થી એક વર્ષ માટે જાળવણીનો કરાર કરવામાં આવેલ છે.

## જાન્યુ. ૦૬ની સ્થિતિએ ઓરેટ પ્રોજેક્ટ હેઠળ રાજ્યની જિલ્લાવાર કેટલી હોસ્પિટલોમાં સાધનો આપવામાં આવેલ છે તેની યાદી દર્શાવતુ પત્રકઃ-

| અ. નં. | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | જનરલ હોસ્પિટલ, ગાંધીનગર<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, માણસા |
| ૨ | અમદાવાદ | ન્યુ સીવીલ હોસ્પિટલ, અમદાવાદ<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, વિરમગામ,<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, ધંધુકા<br>સીવીલ હોસ્પિટલ, સોલા |
| ૩ | ખેડા | સીવીલ હોસ્પિટલ, ખેડા,<br>સીવીલ હોસ્પિટલ, નડીયાદ<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, ડાકોર |
| ૪ | આણંદ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, પેટલાદ |
| ૫ | વડોદરા | એસ. એસ. જી. હોસ્પિટલ, વડોદરા<br>જમનાબાઈ હોસ્પિટલ, વડોદરા,<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, છોટાઉદેપુર |
| ૬ | વલસાડ | સીવીલ હોસ્પિટલ, વલસાડ<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, ધરમપુર<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, ચીખલી |
| ૭ | સુરત | મેડીકલ કોલેજ, સુરત<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, વ્યારા<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, માંડવી |
| ૮ | ભરૂચ | સીવીલ હોસ્પિટલ, ભરૂચ<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, જંબુસર |
| ૯ | નવસારી | સીવીલ હોસ્પિટલ, નવસારી |
| ૧૦ | નર્મદા | સીવીલ હોસ્પિટલ, રાજપીપળા |
| ૧૧ | પંચમહાલ | સીવીલ હોસ્પિટલ, ગોધરા<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, હાલોલ<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, સંતરામપુર |
| ૧૨ | દાહોદ | જનરલ હોસ્પિટલ, દાહોદ |
| ૧૩ | ડાંગ | સીવીલ હોસ્પિટલ, આહવા |
| ૧૪ | પાટણ | સીવીલ હોસ્પિટલ, પાટણ<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, રાધનપુર |
| ૧૫ | બનાસકાંઠા | સીવીલ હોસ્પિટલ, પાલનપુર<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, દિયોદર |
| ૧૬ | સાબરકાંઠા | સીવીલ હોસ્પિટલ, હિંમતનગર<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, ખેડબ્રહ્મા<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, ભિલોડા<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, શામળાજી |
| ૧૭ | મહેસાણા | સીવીલ હોસ્પિટલ, મહેસાણા<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, વિજાપુર |
| ૧૮ | રાજકોટ | સીવીલ હોસ્પિટલ, રાજકોટ<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, ગોંડલ<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, વાંકાનેર<br>સીવીલ હોસ્પિટલ, મોરબી |
| ૧૯ | જામનગર | મેડીકલ કોલેજ, જામનગર<br>સીવીલ હોસ્પિટલ, જામખંભાળીયા<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, દ્વારકા |
| ૨૦ | જુનાગઢ | સીવીલ હોસ્પિટલ, જુનાગઢ<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, માંગરોળ<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, માણાવદર<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, ઉના |
| ૨૧ | પોરબંદર | સીવીલ હોસ્પિટલ, પોરબંદર |
| ૨૨ | કચ્છ | સીવીલ હોસ્પિટલ, ગાંધીધામ<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, માંડવી<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, અંજાર |
| ૨૩ | અમરેલી | સીવીલ હોસ્પિટલ, અમરેલી<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, રાજુલા |
| ૨૪ | ભાવનગર | મેડીકલ કોલેજ, ભાવનગર<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, ગઢડા<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, પાલીતાણા |
| ૨૫ | સુરેન્દ્રનગર | સીવીલ હોસ્પિટલ, સુરેન્દ્રનગર<br>સીવીલ હોસ્પિટલ, લીંબડી<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, ચોટીલા<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, ધ્રાંગધ્રા |

**લીંબડી તાલુકામાં ખેડૂતોના પાકને બચાવવા તારની વાડ**

૧૭૩૨૨**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લીંબડી તાલુકામાં નીલગાય, ખચ્ચર તથા અન્ય જંગલી પશુઓથી ખેડૂતોના પાક્ને બચાવવા તારની વાડ બનાવવા તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ચાલુ નાણાકીય વર્ષમાં કેટલા ખેડૂતોને સહાય આપવામાં આવી છે, | (૧) કોઇ ખેડૂતને સહાય આપવામાં આવેલ નથી. |
| (૨) આ અંગે કુલ કેટલા ખેડૂતોએ અરજીઓ કરી છે, | (૨) એક પણ ખેડૂતે અરજી કરેલ નથી. |
| (૩) આ સ્થિતિએ કેટલા ખેડૂતોને સહાય આપવાની બાકીમાં છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ સહાય ક્યારે આપવામાં આવનાર છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ઓદ્યોગિક ભરતી મેળાની સંખ્યા**

૧૭૩૬૨ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૫ દરમ્યાન રાજ્યમાં કુલ કેટલા ઓદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવ્યા, અને | (૧) ૪૧૨ |
| (૨) આ ઓદ્યોગિક ભરતી મેળા દ્વારા કેટલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી ? | (૨) ૭૪૪૬૨ |

-----------

**કાયદા વિભાગ અને તેની સંલગ્ન કચેરીમાં અનુસૂચિત જનજાતિની જ્ગ્યાએ નિમણૂક કરવા અંગે**

૧૭૩૭૪**શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) :માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કાયદા વિભાગ તથા તેને સંલગ્ન વિભાગ/ખાતામાં સેક્શન અધિકારી (કાયદા)ની કેટલી જ્ગ્યાઓ ભરાયેલ છે, | (૧) ૧૭ (સત્તર) જ્ગ્યાઓ. |
| (૨) અનુસૂચિત જનજાતિની કેટલી જ્ગ્યાઓ ભરાયેલ છે, | (૨) એક્પણ નહી. |
| (૩) જો અનુ. જનજાતિની જ્ગ્યાઓ ખાલી હોય તો તેના શાં કારણો છે, અને | (૩) વહીવટી. |
| (૪) આ જ્ગ્યાઓ ક્યારે ભરવા માંગો છો ? | (૪) ટૂંક સમયમાં. |

------------

**વ્યારા તાલુકામાં પૂર્ણા નદી-ધામણદેવી ઉપર કોઝવે કમ ચેકડેમના નાણા**

૧૭૯૬૯**શ્રી પુનાભાઈ ઢે. ગામીત (વ્યારા):માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના વ્યારા તાલુકામાં પૂર્ણા નદી-ધામણદેવી ઓવારા ઉપર કોઝવે કમ ચેકડેમ ક્યારે મંજૂર થયેલ છે, | (૧) તા. ૧૨-૧-૦૬ના રોજ મંજૂર કરવામાં આવેલ છે. |

(૨) મંજૂર થયા પછી તેના નાણા વન વિભાગ હસ્તક ક્યારે મુકવામાં આવ્યા, અને

(૨) તેના નાણાં તા. ૨૩-૨-૨૦૦૬ અને તા. ૭-૩-૨૦૦૬ના રોજ નાયબ વન સંરક્ષકશ્રી, વ્યારા હસ્તક મૂકવામાં આવેલ છે.

(૩) આ કાર્યવાહી હાલ ક્યા તબક્કે છે ?

(૩) હાલ પાયા ખોદવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

------------

**મીઠું પકવવા મોટા ઉદ્યોગોને આપવામાં આવેલ જમીન બીજાને વેચી ન શકવા અંગેની જોગવાઇ**

૧૮૦૪૬**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) મોટા ઉદ્યોગો કે જેને મીઠું પકવવા માટે જમીન રાજ્ય સરકારે આપેલ હોય તે તેમના પોતાના ઉપયોગ સીવાય બીજાને વેચી ન શકે તેવી જોગવાઇ મહેસૂલ વિભાગે કરેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉદ્યોગ વિભાગને છેલ્લા ત્રણ વર્ષમાં ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ આવી કેટલી ફરિયાદ મળી છે, કોની કોની સામે અને તેમાંથી કેટલા એકમો ઉપર શું પગલાં ભરવામાં આવ્યા ?

(૨) ઉદ્યોગ વિભાગે જણાવ્યા મુજબ આવી કોઇ ફરીયાદ મળી નથી.

------------

**ઉના તાલુકાની સબ રજીસ્ટ્રાર કચેરીના દસ્તાવેજોને રેવન્યુ દફતરે નોંધ લેવા અંગે**

૧૮૧૨૨ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જુનાગઢ જિલ્લાના ઉના તાલુકાની સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજોની નોંધણી થઇ ગયા બાદ સબ રજીસ્ટ્રાર કચેરી દ્વારા રેવન્યુ દફતરે નોંધ પાડવા માટે પત્રક-એફ, પત્રક-સીટીએસ, પત્રક-એ મોકલવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નોંધણી થયેલા દસ્તાવેજો પેકી રેવન્યુ દફતરે કેટલી નોંધો પાડવામાં આવી,

(૨) ૧૪૪૪

(૩) કેટલી બાકી છે, અને

(૩) ૧૩૦૩

(૪) બાકી રહેવાનાં કારણો શાં છે ?

(૪) મળેલ પત્રકોની તપાસ અને ખરાઇ માટે પક્ષકારો તરફથી જરૂરી માહિતી અને પુરાવા રજૂ ન થવાના કારણે.

------------

**બનાસકાંઠા જિલ્લામાં ખેતમજૂરોને વિમા રક્ષણ અન્વયેના લાભાર્થીઓ**

૧૭૪૬૩**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ખેતમજૂરોને વિમા રક્ષણ આપવા માટેની યોજના પ્રમાણે બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેતમજૂરોને લાભ આપવામાં આવેલ છે, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ખેત શ્રમિકોને વીમા રક્ષણ આપવાની યોજના પ્રમાણે યોજના શરૂ થઇ ત્યારથી (૧૯૯૬ થી) તાલુકાવાર લાભ આપવામાં આવેલ ખેત શ્રમિકોની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૩૪ |
| ૨ | વડગામ | ૩૧ |
| ૩ | દાંતા | ૧૮ |
| ૪ | ડીસા | ૨૮ |
| ૫ | ધાનેરા | ૦૫ |
| ૬ | થરાદ | ૦૬ |
| ૭ | વાવ | ૧૦ |
| ૮ | દીયોદર | ૨૬ |
| ૯ | રાધનપુર | ૦૨ |
| ૧૦ | સાંતલપુર | ૦૯ |
| ૧૧ | કાંકરેજ | ૩૨ |
| ૧૨ | અમીરગઢ | ૧૦ |
| ૧૩ | દાંતીવાડા | ૦૫ |
| ૧૪ | ભાભર | ૦૭ |
| | **કુલ......** | **૨૨૩** |

(૨) તાલુકાવાર કેટલા ખેતમજૂરોને લાભ આપવાનો બાકી છે ?

(૨) બનાસકાંઠા જિલ્લામાં જે ખેત શ્રમિકોને વીમા રક્ષણનો લાભ આપવાનો બાકી છે તેવા ખેત શ્રમિકોની તાલુકાવાર સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૦૧ |
| ૨ | વડગામ | ૦૪ |
| ૩ | દાંતા | ૦૪ |
| ૪ | ડીસા | ૦૧ |
| **અ.નં.** | **તાલુકો** | **સંખ્યા** |
| ૫ | ધાનેરા | ૦૩ |
| ૬ | થરાદ | ૦૧ |
| ૭ | વાવ | -- |
| ૮ | દીયોદર | ૦૩ |
| ૯ | રાધનપુર | -- |
| ૧૦ | સાંતલપુર | -- |
| ૧૧ | કાંકરેજ | -- |
| ૧૨ | અમીરગઢ | ૦૧ |
| ૧૩ | દાંતીવાડા | ૦૧ |
| ૧૪ | ભાભર | ૦૧ |
| | **કુલ......** | **૨૦** |

------------

**હાલોલ અને જાંબુઘોડા તાલુકામાં જમીન દસ્તાવેજની સ્ટેમ્પ ડ્યુટીની આકારણીમાં ફેર વિચારણા**

૧૮૦૧૭ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં જંત્રી પ્રથા અમલમાં આવતાં પહેલાં જે ખેતી અને બીન ખેતીની જમીનોના દસ્તાવેજ માટે સ્ટેમ્પ ડ્યુટીની આકારણી વધારે પડતી કરવામાં આવેલ

**જવાબ**

આ પ્રકારના કોઈ કેસો પડતર નથી.

તેના કેટલા કેસો હાલોલ તેમજ જાંબુઘોડા તાલુકાઓમાં ૩૧-૧-૦૬ના રોજ પડતર છે ?

------------

**જુનાગઢ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી મેળવવા શિબિર/ભરતી મેળાના આયોજન અંગે**

૧૮૦૭૨**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત બેરોજગારોના નામ નોંધાયા,

**જવાબ**

(૧) ૩૭૧૮૫

તાલુકાવાર નોંધાયેલા શિક્ષિત બેરોજગારોની માહિતી

| અ. નં. | તાલુકાનું નામ | શિક્ષિત બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ભેંસાણ | ૭૫૬ |
| ૨. | જૂનાગઢ | ૧૦૨૨૫ |
| ૩. | કોડીનાર | ૨૪૬૬ |
| ૪. | કેશોદ | ૩૫૯૭ |
| ૫. | મેંદરડા | ૧૧૫૦ |
| **અ. નં.** | **તાલુકાનું નામ** | **શિક્ષિત બેરોજગારોની સંખ્યા** |
| ૬. | માંગરોળ | ૩૬૫૩ |
| ૭. | માળીયા હાટીના | ૨૧૨૧ |
| ૮. | માણાવદર | ૨૮૫૦ |
| ૯. | સુત્રાપાડા | ૯૮૯ |
| ૧૦. | તલાલા | ૧૪૧૩ |
| ૧૧. | ઉના | ૨૨૬૦ |
| ૧૨. | વંથલી | ૧૮૨૬ |
| ૧૩. | વેરાવળ | ૨૬૪૮ |
| ૧૪. | વિસાવદર | ૧૨૩૧ |
| | **કુલ :** | **૩૭૧૮૫** |

(૨) વર્ષ ૨૦૦૫ દરમ્યાન જિલ્લામાં રોજગારી મેળવવા કોઈ શિબિર કે ભરતી મેળાનું આયોજન થયેલ, અને

(૨) હા, જી.

(૩) શિક્ષિત બેકારોને રોજગારી આપવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩) ઓદ્યોગિક વિસ્તારમાં ભરતીમેળા, લશ્કરી ભરતી મેળા, સ્વરોજગાર શિબિરો અને શાળા કોલેજોમાં કેરીયર કોર્નર ચલાવવામાં આવે છે.

------------

**દેવગઢ બારિયા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનની મંજૂરી અંગે**

૧૮૧૮૦ **શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાન બાંધકામની મંજૂરી ક્યારે આપવામાં આવી,

**જવાબ**

(૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાન બાંધકામની મંજૂરી

| પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ | મંજૂરીનું વર્ષ |
|---|---|
| અંતેલા | ૨૦૦૦-૦૧ |
| ભથવાડા | ૨૦૦૧-૦૨ |
| કુવાબેણા | ૨૦૦૫-૦૬ |

| | |
|---|---|
| દુધિયા | ૨૦૦૫-૦૬ |
| ગુણા | ૨૦૦૫-૦૬ |
| ભુવાલ | ૨૦૦૫-૦૬ |

(૨) કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મકાન બાંધકામની અંદાજી રકમ

| **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ** | **મંજૂર થયેલ અંદાજી રકમ** |
|---|---|
| અંતેલા | ૩૩,૬૯,૧૨૧ |
| ભથવાડા | ૧૯,૧૦,૦૦૦ |
| **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ** | **મંજૂર થયેલ અંદાજી રકમ** |
| કુવાબેણા | ૧૯,૫૩,૩૦૦ |
| દુધિયા | ૧૯,૯૮,૮૫૦ |
| ગુણા | ૧૯,૯૮,૮૫૦ |
| ભુવાલ | ૧૯,૯૮,૮૫૦ |

(૩) તે કામ શરૂ નહિ થવાના કારણો શું છે, અને

(૩) (૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, અંતેલાના મકાનનું કામ પૂરતી નાણાકીય ઉપલબ્ધતા ન હોવાથી શરૂ નહી કરેલ, પરંતુ હવે તા. ૧-૩-૦૬થી વર્કઓર્ડર આપેલ છે.

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ભથવાડાના મકાનનું બાંધકામ પૂરતી નાણાકીય જોગવાઈ ન હોવાથી શરૂ નહી કરેલ, પરંતુ હવે આ કામના ટેન્ડર બહાર પાડેલ છે.

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, કુવાબેણા, દુધિયા, ગુણા, અને ભુવાલના કામો ચાલુ વર્ષે મંજૂર થયેલ હોઈ અને ટેન્ડર બહાર પાડેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ક્યાર સુધી પૂરૂ કરવા માંગો છો ?

(૪) ઉપર દર્શાવેલ હકીક્ત ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બાંધકામ હાથ ધરી પુર્ણ કરવામાં આવશે.

------------

**મહેસૂલ સચિવ (વિવાદ) પાસે પડતર કેસો**

૧૭૪૬૦ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસૂલ સચિવ (વિવાદ) પાસે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા સમયથી કેટલા કેસો પડતર છે, અને

(૨) પડતર કેસોના વહેલાસર નિકાલ થાય તે માટે સરકાર શું કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ૧૯૯૦ થી ૯૧૪૪ કેસો પડતર છે.

(૨) સત્વરે નિકાલ થાય તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

------------

**ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા થયેલ ખર્ચ**

૧૭૨૩૫**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી):માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી ધ્વારા ડીસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમોનું ખર્ચ કરવામાં આવ્યુ,

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં જીએસડીએમએ ધ્વારા કરવામાં આવેલ ખર્ચ

| **વર્ષ** | **ખર્ચ રૂા. કરોડમાં** |
|---|---|

| | |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૬૭૬.૬૧ |
| ૨૦૦૫-૦૬ | ૪૬૯.૯૦ |
| (૩૧-૧૨-૦૫ની સ્થિતિએ) **કુલ :** | **૧૧૪૬.૫૧** |

(૨) આ માટે કેટલી રકમો ફાળવવામાં આવી,

(૨) આ માટે નાણાં વિભાગ ધ્વારા જીએસડીએમએને છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબ રકમ ફાળવવામાં આવી

| **વર્ષ** | **ફાળવેલ રકમ રૂા. કરોડમાં** |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૫૭૪.૪૧ |
| ૨૦૦૫-૦૬ | ૫૬૨.૦૪ |
| (૩૧-૧૨-૦૫ની સ્થિતિએ) **કુલ :** | **૧૧૦૯.૪૫** |

(૩) આ ઓથોરીટીને છેલ્લા બે વર્ષમાં કઈ કઈ આપત્તિઓ માટે કેટલી સહાયો કેન્દ્ર સરકારની મળી હતી,

(૩) આ ઓથોરીટીને કેન્દ્ર સરકાર તરફથી વાવાઝોડા, ભારે વરસાદ અને અન્ય કુદરતી આપત્તિમાં બચાવની કામગીરીના ભાગ રુપે શોધ અને બચાવના સાધનો ખરીદવા છેલ્લાં બે વર્ષમાં નીચેની વિગતે સહાય મળેલ છે.

| **વર્ષ** | **કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ રૂા. કરોડમાં** |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૧.૩૩ |
| ૨૦૦૫-૦૬ | ૧.૬૦ |
| (૩૧-૧૨-૦૫ની સ્થિતિએ) **કુલ :** | **૧૨.૯૩** |

(૪) કેટલી રકમોનું ખર્ચ કરવામાં આવ્યું, અને

(૪) કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ પૈકી છેલ્લાં બે વર્ષમાં નીચેની વિગતે ખર્ચ કરવામાં આવ્યું

| **વર્ષ** | **ફાળવેલ રકમ રૂા. કરોડમાં** |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૦.૦૮૦ |
| ૨૦૦૫-૦૬ (૩૧-૧૨-૦૫ની સ્થિતિએ) | ૧.૪૪૮ (ફાળવણી કરેલ છે) |

(૫) ક્યા ક્યા હેડ હેઠળ અને ક્યા ક્યા જિલ્લાઓમાં ?

(૫)

| બજેટ હેડ | ફાળવેલ રકમ (રૂા. કરોડમાં) | વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૨૨૩૫ કુદરતી આફતો અંગે રાહત | ૦.૦૮૦ | નેચરલ ડિઝાસ્ટાર મેનેજમેન્ટ તાલીમ કાર્યક્રમોમાં ખર્ચવામાં આવેલ છે. |
| -સદર- | ૧.૪૪૮ | સામેલ પત્રક મુજબ |

**પ ત્ર ક**

**શોધ અને બચાવના સાધનોની ખરીદી માટે ફાળવવામાં આવેલ રકમ**

| ક્રમ | કચેરીનું નામ | વિગત/હેતુ | ફાળવેલ રકમ |
|---|---|---|---|
| 1 | કલેકટર-અમદાવાદ | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 1000000 |
| 2 | કલેકટર-અમરેલી | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 3 | કલેકટર-આણંદ | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 4 | કલેકટર-બનાસકાંઠા | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 5 | કલેકટર-ભરૂચ | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 1500000 |
| 6 | કલેકટર-ભાવનગર | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 7 | કલેકટર-દાહોદ | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 8 | કલેકટર-ડાંગ | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 100000 |
| 9 | કલેકટર-ગાંધીનગર | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 10 | કલેકટર-જામનગર | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 11 | કલેકટર-જૂનાગઢ | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 12 | કલેકટર-ખેડા | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 1000000 |
| 13 | કલેકટર-કચ્છ | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 250000 |
| 14 | કલેકટર-મહેસાણા | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 250000 |
| 15 | કલેકટર-નર્મદા | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 16 | કલેકટર-નવસારી | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 1000000 |
| 17 | કલેકટર-પંચમહાલ | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 18 | કલેકટર-પાટણ | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 250000 |
| 19 | કલેકટર-પોરબંદર | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 20 | કલેકટર-રાજકોટ | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 21 | કલેકટર-સાબરકાંઠા | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 250000 |
| 22 | કલેકટર-સુરત | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 1500000 |
| 23 | કલેકટર-સુરેન્દ્રનગર | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 24 | કલેકટર-વડોદરા | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 1500000 |
| 25 | કલેકટર-વલસાડ | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 1000000 |
| 26 | અમદાવાદ મ્યુ. કોર્પોરેશન | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 27 | ભાવનગર મ્યુ. કોર્પોરેશન | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 250000 |
| 28 | જામનગર મ્યુ. કોર્પોરેશન | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 250000 |
| 29 | જૂનાગઢ મ્યુ. કોર્પોરેશન | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 100000 |
| 30 | રાજકોટ મ્યુ. કોર્પોરેશન | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 31 | સુરત મ્યુ. કોર્પોરેશન | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 32 | વડોદરા મ્યુ. કોર્પોરેશન | ઈમરજન્સી રેસ્ક્યુ કીટ | 500000 |
| 33 | નોકા તાલીમ કેન્દ્ર, વડોદરા | રેસ્ક્યુ કીટ ફોર પાર્ટીસીપન્ટ | 600000 |
| 34 | કંટ્રોલ રૂમ | મોબાઈલ ઈન્સ્ટુમેન્ટ | 22596 |
| | **TOTAL** | | **19322596** |

એચબી-૧૯૭૩૫

ઉપરોક્ત રકમ રૂા. ૧.૯૩ કરોડમાં { રૂા. ૧.૪૪૮ કરોડની રકમ કેન્દ્રમાંથી ૭૫ ટકાના હિસ્સાના ધોરણે મળેલ છે.
રૂા. ૦.૪૮૨ કરોડની રકમ રાજ્ય સરકારમાંથી ૨૫ ટકાના હિસ્સાના ધોરણે ફાળવેલ છે.

**રૂા. ૧.૯૩૦ કરોડ**

------------

**નવી જંત્રીની પધ્ધતિ બહાર પાડવા અંગે**

૧૮૦૫૯**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જંત્રી પધ્ધતિ ક્યારે અમલમાં આવી, | (૧) તા. ૧-૫-૮૪ થી |
| (૨) સરકારે છેલ્લી જંત્રી ક્યારે બહાર પાડી, અને | (૨) તા. ૩૦-૧૦-૯૯ના રોજ |
| (૩) સરકાર નવી જંત્રી પધ્ધતિ બહાર પાડવા માંગે છે તે વાત સાચી છે ? | (૩) હા જી. |

------------

**મેલેથીઓન પાવડરની જુનાગઢ ખાતેની લેબોરેટરી ધ્વારા ચકાસણી**

૧૮૧૫૦ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં જૂનાગઢની એગ્રીકલ્ચરલ લેબોરેટરીનાં પરિક્ષણમાં પાસ થયેલ મેલેથીયન પાવડરના સેમ્પલો ફરી ચકાસણી કરવા નિર્ણય લેવાયેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ફરી ચકાસણી કરવાના કારણો ક્યાં છે, અને | (૨) ગુણવત્તા અંગેની ફરિયાદો મળતાં ભારત સરકાર માન્ય લેબોરેટરીમાં ફરીવાર ચકાસણી કરાવવામાં આવેલ છે |
| (૩) જો ના, તો ઉપરોક્ત સમયગાળામાં જુનાગઢની એગ્રીકલચરલ લેબોરેટરીમાં પરિક્ષણ થયેલ મેલેથીયન પાવડરના ક્યા ક્યા સેમ્પલોની ચકાસણીને ક્યારે ક્યારે માન્ય રાખવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ખેડા જિલ્લામાં લોક અદાલતો અન્વયે સમાધાનના કેસો**

૧૭૯૪૦ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧-૨૦૦૪થી તા. ૩૧-૫-૨૦૦૫ સુધીમાં ખેડા જિલ્લામાં કેટલી લોકઅદાલતો યોજવામાં આવી, | (૧) કુલ - ૭૪૨ |
| (૨) તેમાં સમાધાન માટે કેટલા કેસો રજૂ કરવામાં આવ્યા, અને | (૨) કુલ - ૨૫૬૮૪ |
| (૩) એ પેકી કેટલા કેસોનું સમાધાન કરવામાં આવ્યુ ? | (૩) કુલ - ૯૭૩૨ |

------------

**શહેરા અને લુણાવાડા તાલુકામાં બેરોજગારોને રોજગારી આપવા અંગે**

૧૭૭૧૦**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શહેરા અને લુણાવાડા તાલુકામાં તા. ૩૧.૧. ૦૬ની સ્થિતિએ બેરોજગારોની સંખ્યા કેટલી, | (૧) શહેરા... ૪૦૨૦<br>લુણાવાડા... ૪૪૧૭ |

| | |
|---|---|
| (૨) આવા બેરોજગારોને સરકાર રોજગારી આપવા કોઈ ચોક્કસ પ્રકારના પગલાં ભરવા વિચારણા કરવા માંગે છે કે કેમ, અને | (૨) ઓદ્યોગિક વિસ્તારમાં ભરતી મેળા, લશ્કરી ભરતી મેળા, સ્વરોજગાર શિબીરો અને શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો ચલાવવામાં આવે છે. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં ? | (૩) ખંડ-(૨) નો જવાબ ધ્યાને લેતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ચામડીના રોગ અન્વયે લીધેલ પગલાં**

૧૭૩૬૪ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યના નાગરિકોમાં વધતા જતાં ચામડીના રોગ એવા ""સોરાયસીસ"" ને નાથવા સરકારે લીધેલ પગલાંની વિગતો શું છે. | - સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં<br>- જિલ્લા કક્ષાની હોસ્પિટલોમાં<br>- તબીબી મહાવિદ્યાલય સંલગ્ન સિવિલ હોસ્પિટલોમાં તથા<br>- આર્યુવેદની હોસ્પિટલોમાં અને આર્યુવેદ દવાખાનાઓમાં<br>- સોરાયસીસ રોગની સારવાર આપવામાં આવે છે. |

------------

**અંબાજી ખાતે નર્સિંગ શાળાની મંજૂરી અંગે**

૧૭૬૩૮**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) :માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા આદિજાતિ તથા બક્ષીપંચના વિદ્યાર્થીઓ નર્સિંગનો કોર્સ કરી શકે તે હેતુથી અંબાજી મુકામે નર્સિંગ સ્કુલની માંગણી કરવામાં આવી છે તે હકીક્ત સાચી, | (૧) ના, જી |
| (૨) જો હા, તો તેની મંજૂરી ક્યા તબક્કે પડતર છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) એ પડતર રહેવાના શું કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ઉમરગામ તાલુકાના ત્રણ જી.આઈ.ડી.સી. ધ્વારા કામદારો પાસેથી વધુ કામ લેવા અંગે**

૧૭૯૪૮ **શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ત્રણ જી. આઈ. ડી. સી. ઓમાં કામદારો પાસેથી નિયત સમય કરતાં વધુ કામ લેવામાં આવે છે તેવી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, | (૧) એક |
| (૨) તે અન્વયે કેટલા કેસો પકડવામાં આવ્યા, અને | (૨) છ (૬) |

(૩) સમય કરતાં વધુ કામ લેનાર માલિકો સામે સરકારે શાં પગલાં લીધાં ?

(૩) કોર્ટમાં કેસો દાખલ કરેલ છે.

------------

**આણંદ અને ખેડા જિલ્લાની ગ્રામ વન ઉછેરની ઉપજેલ રકમ**

૧૭૨૭૯**શ્રી અમીત ચાવડા (બોરસદ):માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પટ્ટી વાવેતર ગ્રામવન ઉછેરમાંથી ઉપજેલ રકમ આણંદ અને ખેડા જિલ્લાની તાલુકા પંચાયત દીઠ કેટલી મળવાપાત્ર છે,

**જવાબ**

(૧) તાલુકા પંચાયત દીઠ કુલ રૂપિયા ૩૮,૫૧,૨૬૫/-નીચે મુજબ મળવાપાત્ર છે.

| અ.નં. | જીલ્લાનું નામ | તાલુકા પંચાયતનું નામ | તાલુકા પંચાયતને મળવાપાત્ર રકમ (રૂા.) |
|---|---|---|---|
| ૧. | આણંદ | ૧. પેટલાદ | ૯,૪૩,૦૬૧ |
| | | ૨. આણંદ | ૨,૦૩,૩૫૧ |
| | | ૩. ખંભાત | ૨૩,૭૫૭ |
| | | ૪. બોરસદ | ૬૮,૧૭૯ |
| | | ૫. ઉમરેઠ | ૩૫,૪૦૭ |
| ૨. | ખેડા (નડીયાદ) | ૬. નડીયાદ | ૫,૪૨,૪૯૧ |
| | | ૭. માતર | ૧,૧૬,૫૩૯ |
| | | ૮. ઠાસરા | ૧૯,૧૮,૪૮૦ |
| | | **કુલ રૂા.....** | **૩૮,૫૧,૨૬૫** |

(૨) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ તાલુકાદીઠ ક્યા વર્ષથી કેટલી ફાળવવામાં આવેલ છે, અને

(૩) બાકી રકમ કેટલી છે ક્યા કારણોસર બાકી છે અને કેટલા સમયમાં ફાળવવામાં આવશે ?

(૨) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કોઈ રકમ તાલુકા પંચાયતને ફાળવવામાં આવેલ નથી.

(૩) આણંદ જીલ્લાની તાલુકા પંચાયતોને રૂા. ૧૨,૭૩,૭૫૫/- તથા ખેડા જીલ્લાની તાલુકા પંચાયતોને રૂા. ૨૫,૭૭,૫૧૦/- મળી કુલ રૂા. ૩૮,૫૧,૨૬૫/- વહીવટી કારણોસર બાકી છે. જે કાર્યવાહી પૂર્ણ થયેથી ફાળવણી થઈ શકશે.

------------

**ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે ગોચર જમીનમાં દબાણ**

૧૮૦૮૪**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટીંટોડા તાલુકાના ગાંધીનગરના ગોચર કે સરકારી પડતર ગામતળની જમીનમાં ગેરકાયદેસર દબાણ થયેલ છે તેવી ફરિયાદ ક્લેક્ટરશ્રી સમક્ષ થયેલ છે, અને

(૨) જો હા, તો ક્લેક્ટરશ્રી ગાંધીનગર દ્વારા શું

**જવાબ**

(૧) હા, જી.

(૨) ગોચર તથા ગામતળની જમીનમાં દબાણ

| | |
|---|---|
| પગલાં લેવામાં આવ્યા ? | હોય તો તે દબાણો દૂર કરવાના અધિકારો જીલ્લા વિકાસ અધિકારીશ્રીને હોવાથી મળેલ રજૂઆતો જીલ્લા વિકાસ અધિકારીશ્રી ગાંધીનગરને જરૂરી કાર્યવાહી કરવા મોકલી આપવામાં આવેલ છે. |

------------

**કડી તાલુકાના ઓદ્યોગિક એકમો દ્વારા સ્થાનિક રોજગારીના ભંગ અંગે**

૧૮૦૮૬**શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકાના કેટલા ઓદ્યોગિક એકમોએ ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી આપી, | (૧) ૮૮. |
| (૨) બે વર્ષમાં કેટલા એકમોએ આ નિયમનો ભંગ કર્યો, અને | (૨) ૦૩. |
| (૩) સ્થાનિક લોકોને નિયમ મુજબ રોજગારી ન આપતાં એકમો સામે સરકારે શું પગલાં ભર્યા ? | (૩) (૧) સ્થાનિક ભરતીના ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા ખાનગીક્ષેત્રના ઉત્પાદનલક્ષી એકમોની યાદી ઉદ્યોગ કમિશ્નરશ્રીને મોકલી પ્રોત્સાહિત એકમો સામે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવેલ છે.<br>(૨) બિન પ્રોત્સાહિત એકમો સામે પગલાં લેવાની ઠરાવમાં કોઈ જોગવાઈ નથી.<br>(૩) મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં રાજ્ય કક્ષાની મોનીટરીંગ સમિતિની બેઠકમાં આ અંગે સમીક્ષા કરવામાં આવે છે. |

------------

**સાવરકુંડલા તાલુકામાં વારસાઈ એન્ટ્રીની અરજીઓ**

૧૮૧૦૮**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વારસાઈ એન્ટ્રી પાડવા માટે કેટલી અરજી આવી છે, | (૧) ૭૩૧. |
| (૨) તેમાંથી કેટલી વારસાઈ એન્ટ્રી પાડવામાં આવેલ છે, અને | (૨) તમામ. |
| (૩) ના મંજૂર કરવામાં આવેલ હોય તો તેના શું કારણો છે ? | (૩) ૯ એન્ટ્રીઓ નીચેના કારણોસર નામંજૂર કરવામાં આવેલ છે.<br>૧. તમામ વારસદારોના નામ ન દર્શાવવાના કારણે<br>૨. ખોટી વિગતો રજૂ કરેલ હોવાના કારણે<br>૩. સીધી લીટીના વારસદારો ન હોવાના કારણે<br>૪. કોલમ-૧૩૫(ડી) ની નોટીસ બજેલ ન હોવાના કારણે<br>૫. વારસદારો છુપાવ્યા હોવાના કારણે. |

------------

**ભાવનગર જિલ્લામાં બાળકોના આરોગ્યનું સર્વેક્ષણ**

૧૭૩૮૧**ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તાજેતરમાં ભાવનગર જિલ્લાનાં બાળકોના આરોગ્યનો સર્વેક્ષણ કરવામાં આવ્યો છે તેમાં કેટલી વય જૂથના કેટલા બાળકોને આવરી લેવામાં આવ્યા છે, | (૧) (અ) નવજાત શિશુથી ૫ વર્ષ સુધી૧૦૫૬૧૬ આંગણવાડીના બાળકો<br>(બ) ૬ વર્ષથી ૧૪ વર્ષના પ્રાથમિક ૪૧૨૬૨૬ શાળાએ જતા<br>(ક) ૬ વર્ષથી ૧૪ વર્ષના શાળાએ ન ૨૨૨૩૧ જતાં બાળકો |
| (૨) આ સર્વેક્ષણમાં બાળકોમાં ક્યા ક્યા રોગો માલુમ પડ્યા છે, | (૨) આ સર્વેક્ષણમાં પાંડુરોગ, આંત્રકૃમિ, દાંત, આંખ, કાન, નાક, ગળાની તકલીફ, પેટ, ચામડી, શ્વસન તંત્ર, ચેતાતંત્ર, અસ્થિતંત્ર, વિકલાંગતા, હ્નદયરોગ, કીડની તથા કેન્સરના રોગો માલુમ પડ્યા છે. |
| (૩) ગંભીર પ્રકારની બિમારીમાં સપડાયેલા કેટલા બાળકો છે, અને | (૩) ગંભીર પ્રકારની બિમારી પેકી હ્નદયની બિમારીના ૧૭૫, કીડની બિમારીના ૧૫ તથા કેન્સરની બિમારીના ૪ બાળકો મળી આવેલ છે. |
| (૪) આવા બાળકોનાં આરોગ્યની સારવાર માટે સરકારે શું ઉપાયો લીધા છે ? | (૪) ગંભીર રોગો પેકીના હ્નદય, કીડની તથા કેન્સરના રોગો માટે રાજ્યની હોસ્પિટલોમાં તજજ્ઞ દ્વારા સંપૂર્ણ સારવાર આપવામાં આવે છે.<br>રાજ્યની હોસ્પિટલોમાં સારવાર શક્ય ન હોય તેવા બાળકોને રાજ્ય બહારની હોસ્પિટલોમાં વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે. |

------------

**રાજ્યમાં સ્ત્રી : પુરુષનો રેશિયો**

૧૭૭૧૧ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં દિન-પ્રતિદિન સ્ત્રીઓની વસ્તીનું પ્રમાણ ઘટતું જાય છે તે સરકાર જાણે છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સ્ત્રી પુરુષનું પ્રમાણ કેટલું છે, અને | (૨) રાજ્યમાં ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ દર હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ ૯૨૦ છે. |
| (૩) સ્ત્રીઓની વસ્તીમાં ઘટાડો ન થાય તે માટે સરકારે કેવા પગલાં લીધાં છે ? | (૩) સ્ત્રીઓની વસ્તીમાં ઘટાડો ન થાય તે માટે સરકારશ્રીએ પી એન ડી ટી એક્ટની જોગવાઈ અન્વયે ગર્ભની જાતિય પરીક્ષણ કરવા પ્રતિબંધ મુકેલ છે અને આ એક્ટનો અસરકારક અમલ કરે છે. રાજ્યમાં ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ માં તારીખ ૩૧-૧-૦૬ની સ્થિતિએ કુલ ૪૯ ડૉક્ટરો સામે કાર્યવાહી કરી **૫૨** સોનોગ્રાફી મશીનો સીલ કરેલ છે. અને આ જ સમય દરમ્યાન રાજ્યમાં કુલ ૨૨ કોર્ટ કેસો કરેલ છે. લોકોમાં સ્ત્રીભૃણ હત્યા અટકાવવા જન જાગૃતિ લાવવા અસંખ્ય સેમિનારો/કાર્યશાળાઓ તેમજ વિવિધ પ્રચાર-પ્રસારની પ્રવૃત્તિઓ કરેલ છે. |

**ભાવનગર જિલ્લામાં ડૉકટરોની ખાલી જગાઓ**

૧૭૫૭૨ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં જુદા જુદા કેટલા ડૉકટરોની જગા જાન્યુઆરી, ૨૦૦૫ની સ્થિતિએ ખાલી છે.

**જવાબ**

(૧) જાન્યુઆરી--૨૦૦૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટરોની ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | કેન્દ્રનું નામ | કેન્દ્રોની સંખ્યા | સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રથમિક આરોગ્ય કેન્દ્ર | ૭ | વર્ગ-૨ | ૭ |
| ૨ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૯ | વર્ગ-૧ | ૧૦ |
| ૩ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૫ | વર્ગ-૨ | ૫ |

(૨) આ ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી રહેવા પામેલ છે, અને

(૨)

- ❖ વર્ગ-૧ની જગાઓ તા. ૨૮-૨-૮૯ થી તા. ૬-૯-૯૩ના સમયગાળા દરમ્યાન જુદા જુદા સમયે ખાલી પડેલ છે.
- ❖ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૨ની જગાઓ તા. ૬-૩-૦૪ થી તા. ૨૫-૧-૦૫ના સમયગાળા દરમ્યાન જુદા જુદા સમયે ખાલી પડેલ છે.

  સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૨ની જગાઓ તા.૩-૨-૦૨ થી તા.૧૬-૧૦-૦૪ના સમયગાળા દરમ્યાન જુદા જુદા સમયે ખાલી પડેલ છે.

(૩) આ જગાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે, સરકારે શું નિર્ણય કરેલ છે ?

(૩) વર્ગ-૧ની સંવર્ગની અને તબીબી અધિકારી, વર્ગ-૨ની ખાલી જગાઓ ભરવા અંગે દર મંગળવારે કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય), ગાંધીનગરની તેમજ વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓની ક્ચેરી ખાતે વોક-ઈન-ઈન્ટરવ્યુનું તેમજ ઓપન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે, તેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તેમજ રાજ્યની મેડીકલ કોલેજોમાંથી કરારબધ્ધ તબીબી સ્નાતકો ઉપલબ્ધ થયેથી અથવા ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે પસંદ થયેલા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તુરત જ.

-----------

**ધરમપુર હોસ્પિટલના અધિક્ષકની કામગીરી**

૧૮૧૨૧ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વલસાડ જિલ્લાના ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં અધિક્ષક તરીકે સ્ત્રી રોગ નિષ્ણાંત ફરજ બજાવે છે, | (૧) હા, જી. |
| (૨) તેમણે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧/૧/૦૬ સુધીમાં કેટલા દર્દીઓ (ઓ.પી.ડી.)માં તપાસ્યા અને ડીલીવરી કેટલી કરી અને ઓપરેશન કેટલા કર્યા, | (૨) -દર્દીઓ તપાસ્યા--૧૦૮૧ (ઓ.પી.ડી. માં)<br>-ડીલીવરી -૨<br>-ઓપરેશન ૧૪ |
| (૩) સિવીલ હોસ્પિટલ વલસાડમાં કેટલા કેસ રીફર કરવામાં આવ્યા, અને | (૩) ૮૨. |
| (૪) કેસ રીફર કર્યા તો તેના કારણો શું ? | (૪) એનેસ્થેટીસ્ટની જગા ન હોવાના કારણે કેસો વલસાડ રીફર કરવામાં આવેલ હતા. |

-----------

**રાજ્યમાં જિલ્લાવાર સ્ત્રી : પુરુષનો રેશિયો અને ખર્ચ**

૧૭૭૦૮**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ જિલ્લાવાર સ્ત્રી : પુરુષ (જાતિ પ્રમાણ) કેટલું છે, અને | (૧) જાતિ પ્રમાણની ગણતરી દસ વર્ષે હાથ ધરાતી વસતી ગણતરીના પરિણામોને આધારે કરવામાં આવે છે.<br>છેલ્લી ૨૦૦૧ની વસતી ગણતરી મુજબ (દર હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા) જિલ્લાવાર જાતિ પ્રમાણ નીચે મુજબ છે.<br>કચ્છ-૯૪૨, બનાસકાંઠા-૯૩૦, પાટણ-૯૩૨, મહેસાણા-૯૨૭, સાબરકાંઠા-૯૪૭, ગાંધીનગર-૯૧૨, અમદાવાદ-૮૯૨, સુરેન્દ્રનગર-૯૨૪, રાજકોટ-૯૩૦, જામનગર-૯૪૧, પોરબંદર-૯૪૬, જુનાગઢ-૯૫૫, અમરેલી-૯૮૭, ભાવનગર-૯૩૭, આણંદ-૯૧૦, ખેડા-૯૨૩, પંચમહાલ-૯૩૮, દાહોદ-૯૮૫, વડોદરા-૯૧૯, નર્મદા-૯૪૯, ભરૂચ-૯૨૧, સુરત-૮૩૫, ડાંગ-૯૮૭, નવસારી-૯૫૫ અને વલસાડ-૯૨૦. |
| (૨) ક્યા ક્યા જિલ્લાઓમાં પુરુષ કરતાં સ્ત્રીઓની સંખ્યા છે, આ સંખ્યા વધારવા અંગે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે શું પગલાં હાથ ધર્યા, કેટલાં ખર્ચ ? | (૨) ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ રાજ્યના તમામ ૨૫ જિલ્લાઓમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે. પુરુષો કરતાં સ્ત્રીઓનું ઘટતું પ્રમાણ સુધારવા રાજ્ય સરકારે પીએનડીટી એકટની જોગવાઈ મુજબ જાતિય ગર્ભ પરીક્ષણ ઉપર પ્રતિબંધ મુકેલ છે અને સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા જનજાગૃતિ લાવવા વિવિધ સેમિનાર, વર્કશોપ તથા પ્રચાર અને પ્રસારની પ્રવૃત્તિઓ કરેલ છે. પીએનડીટી એકટની જોગવાઈઓનો કડક અમલ કરી છેલ્લા બે વર્ષમાં **૫૨** સોનોગ્રાફી મશીન શીલ કરેલ છે. ૪૯ તબીબો/સંસ્થાઓ સામે કાર્યવાહી કરેલ છે. તે પૈકી |

૨૭ તબીબો/સંસ્થાઓ સામે કોર્ટ કેસ કરેલ છે. રાજ્ય સરકારે સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા તથા ઘટતી જતી સ્ત્રીઓની સંખ્યા પરત્વે જનજાગૃતિ લાવવા હાથ ધરેલ વિવિધ પ્રચાર-પ્રસાર કાર્યક્રમો પાછળ છેલ્લા બે વર્ષ દરમ્યાન રૂા. ૨૩.૩૫ લાખનો ખર્ચ કરેલ છે.

-----------

**મેડીકલ પ્રવાહમાં પ્રવેશ અંગે એન્ટ્રન્સ ટેસ્ટનો નિર્ણય**

૧૭૫૨૦**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહમાંથી મેડીકલ પ્રવાહમાં પ્રવેશ મેળવવા માટે એન્ટ્રન્સ ટેસ્ટ લેવાનો નિર્ણય ક્યારે કરેલ છે, અને

(૨) એન્ટ્રન્સ ટેસ્ટના ગુણાંક તથા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ગુણાંક પધ્ધતિથી મેડીકલ વિભાગમાં પ્રવેશ આપવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૨૮-૭-૦૫ના ઠરાવથી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવાનું નક્કી કરેલ.

(૨) હા, જી.

-----------

**જુનાગઢ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૧૮૧૧૪**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતના બેરોજગાર યુવાનોને ક્યા ક્યા ક્ષેત્રમાં રોજગારીની કેટલી તકો પ્રાપ્ત થઈ, અને

(૨) તેમાં જુનાગઢ જિલ્લાના બેરોજગાર યુવાનોને ક્યા ક્યા ક્ષેત્રમાં કેટલા પ્રમાણમાં રોજગારી પ્રાપ્ય થઈ?

**જવાબ**

(૧)

| ક્ષેત્ર | વર્ષ ૨૦૦૩ | વર્ષ ૨૦૦૪ | વર્ષ ૨૦૦૫ |
|---|---|---|---|
| રાજ્ય સરકાર | ૨૧૭૩૭ | ૧૬૬૫૩ | ૧૯૯૯૩ |
| કેન્દ્ર સરકાર | ૫૮૦૦ | ૭૭૮૫ | ૮૫૦૩ |
| રાજ્ય સરકાર હસ્તક (અર્ધસરકારી) | ૧૫૭૧૮ | ૧૯૩૦૮ | ૨૪૦૦૬ |
| કેન્દ્ર સરકાર હસ્તક (અર્ધસરકારી) | ૧૦૭૪૩ | ૬૯૨૭ | ૮૯૪૦ |
| લોકલ બોડી | ૨૯૪૩૪ | ૭૯૬૨ | ૧૦૯૭૨ |
| ખાનગી | ૧૬૧૬૭૧ | ૧૮૮૯૨૦ | ૨૭૧૯૯૮ |
| કુલ | ૨૪૫૧૦૩ | ૨૪૭૫૫૫ | ૩૪૪૪૧૨ |

(૨)

| ક્ષેત્ર | વર્ષ ૨૦૦૩ | વર્ષ ૨૦૦૪ | વર્ષ ૨૦૦૫ |
|---|---|---|---|
| રાજ્ય સરકાર | ૧૧ | ૪૩ | ૬ |
| કેન્દ્ર સરકાર | ૩ | -- | ૧૫ |
| રાજ્ય સરકાર હસ્તક (અર્ધસરકારી) | ૬ | -- | ૮૯ |
| કેન્દ્ર સરકાર | ૧ | -- | ૧ |

| | | | |
|---|---|---|---|
| હસ્તક (અર્ધસરકારી) | | | |
| લોકલ બોડી | ૨૦૯ | ૧૪૪ | ૬૨૯ |
| ખાનગી | ૧૫૪૧ | ૧૯૯૦ | ૧૫૫૨ |
| કુલ | ૧૭૭૧ | ૨૧૭૭ | ૨૨૯૨ |

----------

**મે. અલંગ મરીન પ્રા. લી. અને પેટ્રોનેટ એલ.એન.જી. પ્રોજેકટની ફાળવેલ જમીન પરત લેવા અંગે**

૧૮૦૭૯**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના કલેકટરશ્રીએ તા. ૨૪-૨-૦૩ના હુકમથી મે. અલંગ મરીન પ્રા.લી.ને પેટ્રોનેટ એલ.એન.જી. પ્રોજેક્ટના પથ્થરોના પરિવહન કામગીરી પૂર્ણ થતાં સુધીના ખાસ હેતુસર અને તત પુરતી જમીનની ફાળવણી કરેલ પરંતુ હવે આ હેતુસરની કામગીરી રહેતી નથી ત્યારે આ જમીન પરત મેળવવા કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ, અને | (૧) હાલના તબક્કે પથ્થર પરિવહનની કામગીરી બંધ જણાતાં જમીન પરત મેળવવા કારણદર્શક નોટીસ પાઠવવામાં આવી છે. |
| (૨) જો ના, તો ક્યારે થશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સુરેન્દ્રનગર અને રાજકોટ શહેરમાં નર્સની ખાલી જગ્યાઓ**

૧૮૦૯૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને રાજકોટ શહેરમાં ઓ.એન.એમ. (નર્સ)ની કટેલી જગ્યાઓ છે, | (૧) સુરેન્દ્રનગર શહેર ખાતે બે અને રાજકોટ શહેર ખાતે પાંચ જગ્યા છે. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, | (૨) તે પૈકી સુરેન્દ્રનગર શહેરમાં ૧ જગ્યા તા.૧૬-૬-૦૧થી તેમજ રાજકોટ શહેરમાં ૧ જગ્યા તા.૨૫-૯-૦૨થી ખાલી છે. |
| (૩) ખાલી જગ્યા માટે માંગણીથી બદલવા કેટલી અરજીઓ આવેલ છે, અને | (૩) સુરેન્દ્રનગર શહેરમાં એક અરજી આવેલ છે. |
| (૪) જગ્યાઓ ન ભરવાના કારણો ક્યા ક્યા છે? | (૪) ૨૦ ટકા કાપમાંથી મુક્તિ મળેલ ન હોવાથી. |

------------

**કચ્છ જિલ્લામાં જમીન માપણી**

૧૭૮૩૧**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં જમીન માપણી છેલ્લે ક્યારે થઈ, | (૧) કચ્છ જિલ્લામાં જમીન માપણી છેલ્લે સને ૧૯૭૪ દરમ્યાન કરવામાં આવેલ છે. |
| (૨) હવે પછી આ માપણી કરવાની કાર્યવાહી સરકાર ક્યારે કરવા માંગે છે, | (૨) હાલમાં કોઈ આયોજન નથી. |
| (૩) આ જવાબદારી ક્યા ખાસ અધિકારીને સોંપવામાં આવી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૪) તે પૂર્ણ કરવાનું શું આયોજન છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ગીરના સિંહોને કચ્છ જિલ્લામાં ખસેડવા અંગે**

૧૭૩૭૧**શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ગીરના સિંહોને કચ્છ જિલ્લામાં ખસેડવાની બાબત સરકાર વિચારે છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) આવી કેટલી માંગણીઓ સરકારને એક વર્ષમાં મળી, (૩) આ બાબતે કોઈ શક્યતાઓ વિચારવામાં આવી છે કે કેમ, અને (૪) આવી માંગણીઓ ક્યારે અને કોણે કરી? | (૨), (૩) અને (૪) : આ અંગેનું એક સૂચન માન. ધારાસભ્યશ્રી (માંડવી) કચ્છ તરફથી તા.૧૮-૧-૨૦૦૬ ના પત્રથી કરાયેલ છે. જે ચકાસણી હેઠળ છે. |

------------

**ભરૂચ જિલ્લામાં દબાણો દૂર કરવા અન્વયે યુનીફોર્મ પોલીસીની સગવડ**

૧૮૧૧૬ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં સરકારી જમીન પરના દબાણો દુર કરવા માટે કેટલા કિસ્સાઓમાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કાર્યવાહી ચાલે છે, | (૧) ૩૬૭૨. |
| (૨) આ દબાણોમાં યુનીફોર્મ પોલીસી અપનાવવામાં આવતી નથી જેના કારણે ઘણા બધા મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગને નુકશાન થાય છે તે હકિક્તથી સરકાર વાકેફ છે, અને | (૨) નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવી છે. |
| (૩) જો હા, તો આ બાબતે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**જિલ્લા જમીન રેકર્ડ ભાવનગર ખાતે સંવર્ગવાર મહેકમ**

૧૮૦૯૦**શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ભાવનગર ખાતે આવેલ ડી.એલ.આર. ઓફિસમાં સંવર્ગવાર કેટલુ મહેકમ મંજૂર થયેલ છે, | (૧) તા. ૧-૧-૦૬ની સ્થિતિએ ભાવનગર ખાતેની ડી.ઇ.લે.રે. કચેરીમાં સંવર્ગવાર નીચે મુજબનું મહેકમ મંજૂર થયેલ છે. |

| સંવર્ગ | મંજૂર થયેલ જગ્યા |
|---|---|
| ડી.ઈ.લે.રે. | ૦૧ |
| શિરસ્તેદાર | ૦૩ |
| મેન્ટેનન્સ સર્વેયર | ૦૧ |
| સર્વેયર | ૩૨ |
| કારકુન | ૦૪ |
| પટાવાળા | ૨૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) મંજૂર થયેલ મહેકમમાંથી કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) મંજૂર થયેલ મહેકમમાંથી નીચેની વિગતે સંવર્ગવાર જગ્યાઓ ખાલી છે. |

| સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|

| | |
|---|---|
| શિરસ્તેદાર | ૦૧ |
| સર્વેયર | ૧૪ |
| કારકુન | ૦૩ |
| પટાવાળા | ૦૫ |

(૩) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) ખાલી જગ્યાઓ આંતરિક ફેરબદલીથી તથા સરકારશ્રીની સ્થાયી સૂચનાઓ અનુસાર ભરવામાં આવશે.

------------

**એમ. પી. શાહ મેડીકલ કોલેજ જામનગર ખાતે ખાલી જગાઓ બઢતીથી ભરવા નિયમોમાં પુન : વિચારણા કરવા અંગે**

૧૭૮૨૭**ડૉ. દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જામનગર જી. જી. હોસ્પિટલ સંલગ્ન એમ. પી. શાહ મેડીકલ કોલેજમાં ટીચીંગ સ્ટાફમાં પ્રોફેસર, એસો. પ્રોફેસર, આસી. પ્રોફેસર અને ટ્યુટર તરીકેની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) કુલ-૯૪ |
| (૨) આ અનેક ખાલી જગ્યાઓ બાબતે પ્રમોશનથી ખાલી જગ્યાઓ ભરવામાં સરકારના સી.આર.ને લગતા નવા નિયમો અડચણરુપ છે તે સરકાર જાણે છે, | (૨) હા, જી. |
| (૩) આ નવા નિયમો બાબતે સરકાર પુનઃ વિચારણા કરવા માંગે છે કે કેમ, અને | (૩) ના, જી, પરંતુ ઉપરોક્ત જગ્યાઓ ભરવા માટે પ્રશ્નનું નિરાકરણ સરકારની વિચારણા હેઠળ છે. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે? | (૪) માન્ય ભરતી પધ્ધતિ અનુસાર લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયે. |

------------

**સ્વનિર્ભર મેડિકલ અને ડેન્ટલ કોલેજોની મંજુરી અને ફી**

૧૮૦૧૯ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-'

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ, સ્વનિર્ભર મેડિકલ કોલેજો અને ડેન્ટલ કોલેજોને ક્યાં ક્યાં મંજુરી આપી,

(૨) ૩૧-૧-૦૬ની સ્થિતિએ, રાજ્યમાં મેડિકલ અને ડેન્ટલની કેટલી સંસ્થાઓ ઉપલબ્ધ છે, અને

(૩) આ કોલેજોને કેટલી ફી ઉઘરાવવાની મંજૂરી આપેલ છે?

**જવાબ**

(૧) <u>વર્ષ ૨૦૦૪-૦૫માં</u>
(૧) કેસરસાલ મેડિકલ કોલેજ-અમદાવાદને અને
<u>વર્ષ ૨૦૦૫-૦૬માં</u>
(૧) ડી.ડી.આઈ.ડેન્ટલ કોલેજ-નડીયાદ
(૨) કર્ણાવતી ડેન્ટલ કોલેજ-ઉવારસદને ભારત સરકારે મંજૂરી આપી.

(૨) સ્વનિર્ભર મેડીકલ કોલેજો--૭
સ્વનિર્ભર ડેન્ટલ કોલેજો--૫

(૩) જસ્ટીસ આર. જે. શાહ (નિવૃત્ત) ફી કમીટી દ્વારા સૂચિત મંજૂર થયેલ વાર્ષિક ફી

| ક્રમ | મેડીકલ કોલેજનું નામ | વાર્ષિક ફી રૂા. |
|---|---|---|
| ૧. | પ્રમુખસ્વામી મેડિકલ કોલેજ-કરમસદ | ૧,૪૫,૦૦૦ |
| ૨. | સી. યુ. શાહ મેડિકલ કોલેજ-સુરેન્દ્રનગર | ૧,૩૦,૦૦૦ |
| ૩. | બી. કે. શાહ મેડિકલ કોલેજ-વાઘોડીયા | ૧,૩૦,૦૦૦ |
| ૪. | કેસરસાલ મેડિકલ કોલેજ-અમદાવાદ | ૧,૩૦,૦૦૦ |

૫. સુરત મ્યુનિસિપલ મેડીક્લ કોલેજ-સુરત ૧,૩૫,૦૦૦
૬. શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ ૧,૩૫,૦૦૦ મેડીક્લ કોલેજ-અમદાવાદ
૭. સ્વામી વિવેકાનંદ મેડિક્લ કોલેજ-વાલીયા વર્ષ૨૦૦૪-૦૫ માં પ્રવેશ વખતે લઘુત્તમ નક્કી થયેલ ફી લેવામાં આવી છે.

બધી ડેન્ટલ કોલેજ માટે સમિતિ દ્વારા રૂા. ૧,૧૦,૦૦૦/-નક્કી કરવામાં આવેલ છે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં ખેતમજૂરોના રક્ષણ અન્વયેના લાભાર્થી ખેત મજૂરો

૧૭૯૪૪ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ""ખેતમજૂરોને રક્ષણ"" યોજના નીચે કેટલા ખેત મજૂરોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) કઈ કઈ વિમા યોજના હેઠળ ખેતમજૂરોને લાભ આપવામાં આવે છે?

**જવાબ**

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાંબરકાંઠા જિલ્લામાં ખેતશ્રમિકોને ""અકસ્માત વીમા રક્ષણ"" આપવાની યોજના હેઠળ ૨૮ ખેત શ્રમયોગીઓને લાભ આપવામાં આવેલ છે.

(૨) ખેત શ્રમયોગીઓને ""શ્રમિક સુરક્ષા અકસ્માત વીમા"" યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા લાભ આપવામાં આવે છે.

------------

## સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં નર્સોની ખાલી જગ્યાઓ

૧૮૦૭૮ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૩ નર્સોની જગ્યાઓ કુલ કેટલી મંજૂર થયેલ છે,

(૨) આ જગ્યાઓમાંથી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે,

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર ભરવા માંગે છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૩૦ જ્યારે સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૧૫૫ જગ્યાઓ મંજુર થયેલ છે.

(૨) આ જગ્યાઓ પૈકી

| | ભરેલી | ખાલી |
|---|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૧૬ | ૧૪ |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૧૩૧ | ૨૪ |

(૩) હા, જી.

(૪) બનતી ત્વરાએ.

------------

**આઈ.પી.ડી. પ્રોજેક્ટ હેઠળના કાઉન્સીલરોને જિલ્લા પ્રોગ્રામ કો ઓર્ડીનેટરમાં સમાવેશ કરવા અંગે**

૧૮૧૫૨**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| એન.જી.ઓ. દ્વારા આઈ.પી.ડી. પ્રોજેક્ટ હેઠળ કાઉન્સીલરોને આર.સી.એચ. ફેઝ-રમાં જિલ્લા પ્રોગ્રામ કો-ઓર્ડીનેટરમાં સમાવવા સરકારનું આયોજન છે કે કેમ? | તા.૩૦-૬-૨૦૦૫ના રોજ આઈ.પી.ડી. પ્રોજેક્ટ પૂર્ણ થયેલ હોઈ કાઉન્સીલરોને આર.સી.એચ. ફેઝ-રમાં સમાવવાનું કોઈ આયોજન નથી. |

------------

**વડોદરા જિલ્લામાં બેરોજગારોની નોંધણી તેમજ રોજગારી**

૧૭૩૭૦ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર):માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન વડોદરા જિલ્લામાં કેટલા બેરોજગારોએ રોજગાર વિનિમય કચેરીમાં રોજગારી માટે નોંધણી કરાવી.

**જવાબ**

(૧)

| વર્ષ | નોંધણી | |
|---|---|---|
| ૨૦૦૩ | ૨૨૬૪૬ | ડીસેમ્બર-૨૦૦૩ અંતિત |
| ૨૦૦૪ | ૧૨૨૯૧ | ડીસેમ્બર-૨૦૦૪ અંતિત |
| ૨૦૦૫ | ૧૦૭૦૮ | ડીસેમ્બર-૨૦૦૫ અંતિત |

(૨) તેમાંથી છોટા ઉદેપુર અને ક્વાંટ તાલુકામાંથી કેટલા, અને

(૨)

| વર્ષ | છોટા-ઉદેપુર | ક્વાંટ | |
|---|---|---|---|
| ૨૦૦૩ | ૮૭૫ | ૬૯૬ | ડીસેમ્બર-૨૦૦૩ અંતિત |
| ૨૦૦૪ | ૩૮૩ | ૪૬૯ | ડીસેમ્બર-૨૦૦૪ અંતિત |
| ૨૦૦૫ | ૩૦૭ | ૩૩૪ | ડીસેમ્બર-૨૦૦૫ અંતિત |

(૩) તેમાંથી કેટલાને રોજગારી મળી ?

(૩)

| વર્ષ | વડોદરા જિલ્લામાં | છોટા ઉદેપુર તાલુકામાં | ક્વાંટ તાલુકામાં |
|---|---|---|---|
| ૨૦૦૩ | ૭૨ | ૫ | - |
| ૨૦૦૪ | ૫૮ | ૪ | ૧ |
| ૨૦૦૫ | ૧૦૧ | ૧ | - |
| કુલ | ૨૩૧ | ૧૦ | ૧ |

-------------

**રાજ્યમાં મોબાઈલ ડિસ્પેન્સરીમાં સંવર્ગવાર જગાઓ અને વાહનો**

૧૭૫૭૦**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ):માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ હાઈવે પર થતા અકસ્માત વખતે તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ઉભી કરાયેલ મોબાઈલ ડિસ્પેન્સરી ક્યાં ક્યાં કાર્યરત છે, | (૧) રાજ્યના ધોરી માર્ગ પર સંભવિત અકસ્માતના કિસ્સાઓમાં ઘવાયેલાઓને તાકીદની સારવાર માટે મોબાઈલ ડિસ્પેન્સરી નહિ પરંતુ જીવનરક્ષા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ. આ જીવનરક્ષા કેન્દ્રોની કામગીરી નહિવત હોવાથી તા. ૨૫-૭-૦૫થી બંધ કરવામાં આવેલ છે. |

(૨) તેમાં કેટલા સંવર્ગની જગ્યાઓ ભરાયેલ છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) વાહનો ચાલુ કંડીશનમાં છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**સુરત જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવા મળેલ માંગણીઓ**

૧૮૦૧૨ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર(ઉત્તર):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત શહેર અને જિલ્લામાં તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવા માટે કેટલી માગણીઓ આવી,

| (૧) તાલુકાનું નામ | આવેલ માગણીઓ |
|---|---|
| સુરત શહેર | ૦૦ |
| ચોર્યાસી | ૯૯૬ |
| પલસાણા | ૪૪૯ |
| કામરેજ | ૪૨૨ |
| ઓલપાડ | ૫૩૦ |
| માંડવી | ૩૭૧ |
| માંગરોળ | ૮૧૪ |
| ઉમરપાડા | ૧૦૭ |
| મહુવા | ૪૦૨ |
| વાલોડ | ૧૩૧ |
| વ્યારા | ૩૯૩ |
| બારડોલી | ૬૪૨ |
| સોનગઢ | ૧૬૭૦ |
| ઉચ્છલ | ૦૯ |
| નિઝર | ૫૮ |
| કુલ.. | ૬૯૯૪ |

(૨) આવેલ માગણીઓમાંથી કેટલી માંગણીઓ પર શરતભંગ થઈ છે,

(૨) એકપણ નહિ.

(૩) તે પૈકી કેટલી માગણીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) ૫૯૭૪

(૪) બાકી માગણીઓમાં વિલંબ થવાના શાં કારણો છે, અને

(૪) ૧૦૧૮ કેસોમાં પટની રકમ ભરપાઈ ન થવાના કારણે તથા ૨ કેસો હુકમ કરવા ઉપર બાકી છે.

(૫) કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૫) સત્વરે.

-----------

**સામુહિક આરોગ્ય કેન્દ્ર માંગરોળ ખાતે ડોકટરની ખાલી જગા**

૧૮૦૧૪**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ):માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જુનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે આવેલ સી.એચ.સી. દવાખાનામાં ડોકટરની જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૧)

| ક્રમ | સંવર્ગ | જગ્યા | ક્યારથી ખાલી (તારીખ) |
|---|---|---|---|
| ૧ | ગાયનેકોલોજીસ્ટ | ૧ | ૧૬-૧૧-૯૨ |
| ૨ | પેડીયાટ્રીશીયન | ૧ | ૧-૪-૯૧ |

(૨) આ ખાલી જગ્યા ભરવા સરકારે શું કાર્યવાહી કરી ?

(૨) દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરી યોગ્ય લાયકાત ધરાવતા ઉપલબ્ધ થતા ઉમેદવારોને

પસંદગીની જ્ગ્યાએ એડહોક ધોરણે નિમણુંક આપી જ્ગ્યા ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે

-----------

**નસવાડી તાલુકાના ગામોના ખેડૂતોને જમીનના માલિક બનાવવા અંગે**

૧૮૦૬૭**શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ (નસવાડી) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નસવાડી તાલુકાના ખોડીયા, પોચંબા અને પાલા ગામના આદિવાસી ખેડૂતોને શ્રીમંત સરકારે આપેલી જમીનના માલિક બનાવવા માંગે છે કે કેમ, અને | (૧) નસવાડી તાલુકાના ખોડીયા, પોચંબા અને પાલા ગામના આદિવાસી ખેડૂતોને શ્રીમંત સરકારે જમીન આપેલ નથી. પરંતુ મુંબઈ સરકારે તેમના તા. ૧૯/૬/૧૯૫૧ ના ઠરાવથી સહકારી ધોરણે ખેતી કરવા માટે સામુદાયિક સહકારી મંડળીઓને જમીન આપેલ છે. જેથી ઉપરોક્ત ત્રણ ગામોના આદિવાસી ખેડૂતોને વ્યક્તિગત રીતે જમીન માલિક બનાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**બાલાસિનોર ખાતે ગોચર સર્વે નં. ૬૭૧ ઉપર થયેલા દબાણો દૂર કરવા અંગે**

૧૮૧૧૨**શ્રી રાજેશ પાઠક (બાલાસિનોર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બાલાસિનોર નગરપાલિકાના ગોચર સર્વે નંબર ૬૭૧ માં થયેલા દબાણો દૂર કરવા રાજ્ય સરકારને સને ૨૦૦૫ માં ફરિયાદ મળેલ છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા તો ઉક્ત સર્વે નંબર ૬૭૧ ના દબાણો રાજ્ય સરકાર ક્યા સુધીમાં દૂર કરવા માંગે છે ? | (૨) મોજણી પૂરી થયેથી તેમજ કાયદેસરની કાર્યવાહી કર્યા બાદ |

-----------

**બેરોજગારોને રોજગારી માટે લીધેલ પગલાં**

૧૭૩૬૩ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર):માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર બેરોજગારી માટે ચિંતીત છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રોજગાર ખાતા દ્વારા શાં પગલા લેવામાં આવ્યા છે ? | (૨) ઓદ્યોગિક વિસ્તારમાં ભરતીમેળા, લશ્કરી ભરતીમેળા, સ્વરોજગાર શિબીરો અને શાળા કોલેજોમાં કેરીયર કોર્નર ચલાવવામાં આવે છે. |

-----------

તા.૨૮મી માર્ચ, ૨૦૦૬
અતારાંકિત પ્રશ્નો

**જિલ્લા રોગી કલ્યાણ સમિતિ સુરત દ્વારા મળેલ બેઠકો અંગે**
૧૭૩૭૬ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી):માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત સિવિલ હોસ્પિટલમાં જિલ્લા રોગી કલ્યાણ સમિતિની રચના થયા બાદ તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી બેઠક બોલાવવામાં આવી, | (૧) એક પણ નહીં. |
| (૨) બોલાવવામાં આવેલી આ સમિતિની બેઠકમાં ધારાસભ્યોને કેમ નથી બોલાવવામાં આવ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બેઠક ન બોલાવવામાં આવી હોય તો તેનું કારણ શાં છે ? | (૩) રોગી કલ્યાણ સમિતિનું રજિસ્ટ્રેશન તા. ૧૪/૦૩/૦૬ ના રોજ થયેલ હોવાથી. |

-----------

**વ્યારા તાલુકામાં મંજૂર થયેલ કોઝવે કમ ચેકડેમના નાણા**
૧૭૯૭૧ **શ્રી પુનાભાઈ ઢે. ગામીત (વ્યારા) :માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના વ્યારા તાલુકાના આસોપાલવ-કોતરપુર-કોઝવે કમ ચેકડેમ મંજુર થયેલ છે તેના કામના નાણા વન વિભાગ હસ્તક ક્યારે મુક્વામાં આવ્યા, અને | (૧) તા. ૨૩-૧-૨૦૦૬ અને ૨૭-૨-૨૦૦૬ ના રોજ નાયબ વન સંરક્ષકશ્રી વ્યારા હસ્તક ગ્રાન્ટ મુક્વામાં આવેલ છે. |
| (૨) આ કામગીરી હાલ ક્યા તબક્કે છે ? | (૨) હાલ પાયા ખોદકામની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. |

-----------

**સામુહિક આરોગ્ય કેન્દ્ર ઉના તેમજ ગીરગઢડા ખાતે સંવર્ગવાર મંજૂર મહેકમ અને ખાલી જગાઓ**
૧૮૧૨૩ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના):માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સામુહિક આરોગ્ય કેન્દ્ર ઉના તથા ગીરગઢડાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ કેટલી છે,

**જવાબ**

(૧) સંવર્ગવાર મંજૂર જગ્યાઓ

| સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | સંવર્ગવાર મંજૂર જગ્યાઓ | | | |
|---|---|---|---|---|
| | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
| ઉના | ૩ | ૩ | ૧૩ | ૧૦ |
| ગીરગઢડા | ૦ | ૨ | ૧૩ | ૧૦ |

**પ્રશ્ન**

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૨) સંવર્ગવાર ખાલી જગ્યાઓ.
સામુહિક આરોગ્ય કેન્દ્ર, ઉના

| સંવર્ગનું નામ | ખાલી જગ્યા | કેટલા સમયથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૧ | ૨ | તા. ૧-૮-૦૪ થી |
| વર્ગ-૩ | ૪ | તા. ૩-૩-૮૮ થી તા. ૪-૨-૦૪ દરમ્યાનથી ખાલી છે, જે પૈકી લેબોરેટરી ટેક્નીશીયન તથા સીનીયર ક્લાર્કની ખાલી જગ્યાની કામગીરી વૈકલ્પિક |

| | | |
|---|---|---|
| | | વ્યવસ્થાથી લેવામાં આવે છે. |
| વર્ગ-૪ | ૧ | તા. ૧-૧૧-૦૪ થી |

સામુહિક આરોગ્ય કેન્દ્ર, ગીરગઢડા

| સંવર્ગનું નામ | ખાલી જગ્યા | કેટલા સમયથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૨ | ૧ | તા. ૨૦-૩-૦૫ થી |
| વર્ગ-૩ | ૫ | તા. ૪-૧-૦૪ થી તા. ૧-૮-૦૫ દરમ્યાનથી |
| વર્ગ-૪ | ૩ | તા. ૪-૧-૦૧ થી |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) (૧) વર્ગ-૧ તથા વર્ગ-૨ ની જગ્યાઓ નિયમિત તેમજ એડહોક ધોરણે ભરવા ઉપરાંત વોક-ઈન-ઈન્ટરવ્યુથી ભરવા પ્રયત્ન કર્યા.

(૨) વર્ગ-૩ તથા વર્ગ-૪ની જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગતિમાં છે.

(૪) કેટલા સમયમાં આ ખાલી જગાઓ ભરવામાં આવશે ?

(૪) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

-----------

**બનાસકાંઠા જિલ્લામાં મહેસૂલી ગામ અન્વયેની પડતર રજૂઆતો**

૧૮૧૦૩ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા(પાલનપુર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) મહેસૂલી ગામ માટે પ્રપોઝલ ઘણા લાંબા સમયથી પડતર હોય તેવી બનાસકાંઠા જિલ્લામાં ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ કેટલી, અને

(૧) ૭ (સાત)

(૨) આવી પડતર દરખાસ્તોનો સત્વરે નિર્ણય ન થવાના કારણો શાં છે ?

(૨) ભારત સરકારના ડીલીમીટેશન કમિશનના બાનના કારણે સત્વરે નિર્ણય થઈ શકેલ નથી.

-----------

**વ્યવસાયલક્ષી તાલીમની સંસ્થાઓ અને અભ્યાસક્રમોના આયોજન અંગે**

૧૮૦૭૩ **શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) પ્રવર્તમાન (આઈ.ટી.)ના યુગને ધ્યાને રાખી રાજ્ય સરકારે વ્યવસાયલક્ષી તાલીમ આપવાનું આયોજન હાથ ધરેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી સંસ્થામાં આવા અભ્યાસક્રમો તા. ૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શરુ કરવામાં આવ્યા છે, અને

(૨) ૨૫ -- સરકારી આઈ.ટી.આઈ.માં
૦૭ -- ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.સી. માં,
૨૪ -- સ્વનિર્ભર આઈ.ટી.સી.માં

(૩) કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવી ?

(૩) સરકારી આઈ.ટી.આઈ.માં.. ૧૭૭૯૮
ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.સી.માં.. ૪૨૪૫
સ્વનિર્ભર આઈ.ટી.સી.માં.. ૧૬૮૩
કુલ... ૨૩૭૨૨

-----------

**ગાંધીનગર જિલ્લામાં પ્રસુતિના સમયે બાળ મરણના કિસ્સાઓ**

૧૮૦૬૦ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં પ્રસુતિ વખતે બાળ

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં પ્રસુતિ વખતે વર્ષ

મરણ કેટલાં થયાં, અને

૨૦૦૩-૨૦૦૪માં ૩૧, વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં ૨૮, અને વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં ૩૨ બાળ મરણ થયેલ છે.

(૨) આ મરણ થવાનાં શું કારણો છે ?

(૨) આ મરણ થવાનાં કારણો નીચે મુજબ છે :-
જન્મ સમયે બાળકનું ઓછું વજન.
અધૂરા માસે બાળકનો જન્મ.
કુ. પોષણ.
જન્મજાત ખોડ ખાંપણ.

-----------

**મેલેથીઓન પાવડરના સેમ્પલની ચકાસણી અને એક્ટ અન્વયે લીધેલ પગલાં**

૧૮૧૫૧**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૨) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં મેલેથીઓન પાવડરના કેટલાક સેમ્પલોની ચકાસણી પછી આ પાવડરની અપ્રમાણિક્તાનો રીપોર્ટ આપેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ક્યા ક્યા સેમ્પલોની અપ્રમાણિક્તા કઈ તારીખે, વિભાગના ધ્યાન પર આવી, અને ઈમ્સેક્ટીસાઈડ એક્ટ નીચે કોની સામે ક્યાં પગલાં ક્યારે લેવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) મેસર્સ પ્રકાશ પલ્વરાઈઝીંગ મિલ્સ, અલ્વર અને મેસર્સ સ્વસ્તીક પેસ્ટીસાઈડ લી. મુઝફ્ફરનગર દ્વારા પુરા પાડવામાં આવેલ મેલેથીયોન પૈકી અપ્રમાણિત બેચોની જાણ નીચે મુજબ થેયલ છે.

| **પેઢીનું નામ** | **બેચોની સંખ્યા** | **જાણ થયાની તારીખ** |
|---|---|---|
| મેસર્સ પ્રકાશ | ૪ | ૨૮-૩-૨૦૦૫ |
| પલ્વરાઈઝીંગ | ૯ | ૩-૬-૨૦૦૫ |
| મિલ્સ, અલ્વર | ૧ | ૧૦-૬-૨૦૦૫ |
| | ૭ | ૧૮-૮-૨૦૦૫ |
| મેસર્સ સ્વસ્તીક પેસ્ટસાઈડ લી. મુઝફ્ફરનગર | ૧૪ | ૧૮-૮-૨૦૦૫ |

મેસર્સ પ્રકાશ પલ્વરાઈઝીંગ મીલ્સ, અલ્વરના રૂ. ૩૯.૬૫ લાખ પેમેન્ટ રોકવામાં આવેલ છે, અને બન્ને પેઢીઓની સિક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવેલ છે.

બંને પેઢીઓની અપ્રમાણિત થયેલ બેચો રીપ્લેસ કરવા નોટીસ આપવામાં આવેલ છે.

ઉક્ત બંને પેઢીઓને બ્લેક લીસ્ટ કરવા માટે ભારત સરકારશ્રીને જાણ કરેલ છે.

મેસર્સ પ્રકાશ પલ્વરાઈઝીંગ મીલ્સ, અલ્વરની નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ પીટીશનના સંદર્ભમાં હાઈકોર્ટ આપેલ સુચના અનુસાર જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

મેસર્સ સ્વસ્તીક પેસ્ટીસાઈડ લી. દ્વારા ગુજરાત

| | |
|---|---|
| | નામદાર હાઈકોર્ટમાં દાખલ કરેલ પીટીશનના સંદર્ભમાં આખરી ચુકાદો થયેલ નથી. |
| (૩) જો ના, તો આ ગાળા દરમ્યાન પરિક્ષણ થયેલ મટીરીયલનાં સપ્લાયર અને ચકાસણી કરનાર સંસ્થા અને રીપોર્ટની વિગત શી છે ? | (૩) જવાબ ખંડ-૨માં જણાવ્યા મુજબ પેઢીઓ સામે પગલાં લેવામાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**તબીબી પ્રવાહના પ્રવેશ નિયમોમાં ફેરફાર**

૧૬૮૦૦ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય):માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોરણ ૧૨ પછી તબીબી પ્રવાહમાં તાજેતરમાં પ્રવેશના નિયમોમાં ફેરફારથી વિદ્યાર્થીઓના જોખમાયેલા હિતથી અને વિદ્યાર્થી-વાલીઓમાં વ્યાપેલા રોષથી સરકાર માહિતગાર છે ખરી, | (૧) પ્રવેશ નિયમોમાં ફેરફારથી વિદ્યાર્થીઓનું હિત જોખમાયેલ નથી. |
| (૨) જો હા, તો આ ફેરફારના કારણો શું છે, અને | (૨) ફેરફારના કારણો<br>- ચાલુ સાલ રાજ્યમાં કોમન એન્ટ્રન્સ ટેસ્ટ અમલમાં આવવાથી<br>- ઉચ્ચ ગુણવત્તાવાળા વિદ્યાર્થીઓ મળી રહે તે માટે |
| (૩) વિદ્યાર્થીઓના હિતના રક્ષણાર્થે સરકારે લીધેલ પગલાંની વિગતો શું છે? | (૩) પ્રવેશ નિયમોમાં ફેરફારથી વિદ્યાર્થીઓનું હિત જોખમાયેલ નથી. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**૭/૧૨ના ઉતારામાં ""નવી શરત"" શબ્દ રદ કરવા અંગે**

૧૮૦૬૨ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કાયદેસરના કોઈપણ આધાર વિના ખેતીની જમીનોના ગામ નમુના નંબર ૭/૧૨માં લખાયેલ હોય એવા ""નવી શરત"" શબ્દ રદ કરીને સરકાર, ખેડૂતોને રાહત આપવા વિચારી રહેલ છે તે વાત સાચી, અને<br>(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને જો ના, તો તેનાં શું કારણો છે? | (૧) અને (૨) જ્યારે કોઈપણ વ્યક્તિને પોતાની મિલ્કત પરત્વે પાડવામાં આવેલી નોંધ વિષે વાંધો હોય તો તેઓની રજૂઆતને અનુસંધાને રેકર્ડ ઓફ રાઈટસના ધોરણે કાયદેસરની કાર્યવાહી કરીને જે તે નિર્ણય કરવામાં આવતો હોય છે જ, જેથી અન્ય કોઈ વિચારણા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**આણંદ અને ખેડા જિલ્લામાં લોકલ બોર્ડના દવાખાના, ફાળવેલ ગ્રાન્ટ અને કર્મચારીઓના પગાર અંગે**

૧૮૧૦૫**શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ આણંદ-ખેડા જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ ચાલતા લોકલ બોર્ડના દવાખાના ક્યાં ક્યાં આવેલા છે, | (૧) **લોકલ બોર્ડના દવાખાના**<br>**આણંદ જિલ્લો** |

| તાલુકાનું નામ | દવાખાનાનું નામ |
|---|---|
| ઉમરેઠ | થામણા |
| આંક્લાવ | બીલપાડ |
| પેટલાદ | સુણાવ |
| સોજીત્રા | પીપળાવ |

**ખેડા જિલ્લો**

| | |
|---|---|
| નડીયાદ | વસો |
| કપડવંજ | પુનાદરા |

(૨) કર્મચારીઓના પગાર, ગ્રાન્ટ વિગેરે પેટે તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ કેટલા સમયથી ચૂક્વવાની બાકી છે, અને

(૨) આણંદ જિલ્લાના રૂા. ૪૯,૯૭,૫૪૬/- તથા ખેડા જિલ્લાના રૂા. ૪૫,૮૧,૮૫૩/- ગ્રાન્ટ પેટે ચૂક્વવાના બાકી છે.

(૩) વિલંબના શાં કારણો છે?

(૩) આણંદ અને ખેડા જિલ્લા પંચાયત તરફથી ખર્ચના ઓડિટેડ યુટીલાઈઝેશન સર્ટીફીકેટ નહી મળવાના કારણે.

------------

**ગાંધીનગર જિલ્લામાં શૈક્ષણિક હેતુસર ફાળવેલ જમીન બાબત**

૧૮૦૮૫**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે કેટલી સંસ્થાઓને તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીનની ફાળવણી કરી, અને

(૧) ૩ (ત્રણ)

(૨) કેટલી સંસ્થાઓ/ટ્રસ્ટોની છેલ્લા બે વર્ષથી માંગણી પડતર છે?

(૨) ૭ (સાત)

-----------

**કડી તાલુકામાં સાર્વજનિક/ખાનગી સંસ્થાઓને ફાળવેલ જમીન**

૧૮૦૮૭**શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકાઓની કેટલી સંસ્થાઓએ સાર્વજનિક કે ખાનગી હેતુ માટે જમીનની માંગણી કરી, અને

(૧) ૧૦ (દસ) સંસ્થાઓએ

(૨) આ પેકી કેટલી માંગણીઓ અને કોની માંગણીઓ મંજુર કરવામાં આવી?

(૨) પ્રમુખશ્રી, ગુરૂકૃપા કેળવણી મંડળની અને ચીફ ઓફીસર, કડી, નગરપાલિકાની એમ બે માંગણીઓ મંજુર કરવામાં આવી.

------------

**અમરેલી જિલ્લામાં નીલગાયનો ત્રાસ અન્વયે તારની ફેસીંગની સહાય**

૧૮૧૦૯**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં નીલગાયના ત્રાસથી ખેડૂતની ખેતીમાં નુક્સાન થતા કેટલા ખેડૂતને તાર

(૧) સને ૨૦૦૪માં ૧૨ ખેડૂતોએ તાર ફેન્સીંગ માટેની ૫૦% રકમ જમા કરાવેલી હોવાથી અગાઉની

ફેંસીંગ કરવા માટે વન વિભાગ દ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી છે,

યોજના મુજબ ખાતા દ્વારા રૂા. ૫.૨૯ લાખના ખર્ચે તારની વાડ બનાવી આપવામાં આવેલ છે અને સને ૨૦૦૫માં ૪૧ ખેડૂતોને તારની વાડ બનાવવા માટેની સહાય આપવાની યોજના મુજબ રૂા. ૪.૧૦ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

(૨) કેટલા ખેડૂતની તાર ફેંસીંગ સહાય મેળવવા અરજીઓ કરેલ હતી, અને

(૨) તા. ૨૦-૫-૨૦૦૫ના ઠરાવથી લોખંડની કાંટાળા તારની વાડ બનાવી આપવાની યોજનામાં સુધારો કરીને ૫૦ % સહાય ચુકવવાનું ઠરાવેલ હોવાથી સને ૨૦૦૫માં ૩૫૬ ખેડૂતોએ સહાય માટેની કુલ ૮૦ અરજીઓ કરેલ હતી.

(૩) તેમાંથી કેટલી અરજીઓ મંજુર કરેલ કેટલી ના મંજુર કરેલ તેના શું કારણો હતાં?

(૩) તે પૈકી ૬ અરજીઓ મંજુર કરવામાં આવેલ છે. ૫૩ અરજીઓ અધુરી માહિતીવાળી હોવાથી ખેડૂતોને પરત કરેલ છે. જ્યારે બાકીની અરજીઓ વિચારણા હેઠળ છે.

------------

**ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના નિકોલ બંધારા વનીકરણ માટે મંજૂર કરેલ રકમ અને ખર્ચ**

૧૭૩૮૨ **ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા):માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના નિકોલ બંધારા વનીકરણ માટે વર્ષ ૨૦૦૪-૦૫માં કેટલી રકમ મંજુર કરવામાં આવી છે, અને

(૨) તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના નિકોલ બંધારા ખાતે વનીકરણ માટે વર્ષ ૨૦૦૪-૦૫માં રૂા. ૨.૯૭ લાખની રકમ મંજુર કરવામાં આવી છે

(૨) જે પૈકી ૨.૯૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

------------

**રાજ્યમાં એઈડ્સના દર્દીઓની બિમારીને રોકવા લીધેલ પગલાં**

૧૭૭૧૩ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ એઈડસના કેટલા દર્દીઓ માલુમ પડ્યા છે,

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં એઈડસના દર્દીઓમાં કેટલો વધારો થાય છે, અને

(૩) એઈડસની બિમારીને રોકવા સરકારે કેવા પગલાં લીધાં છે?

**જવાબ**

(૧) ૬૮૪૭

(૨)

| વર્ષ | નોંધાયેલ દર્દીઓ | દર્દીઓની સંખ્યામાં થયેલ વધારો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૨૦૦૨ | ૧૦૩૦ | -- |
| ૨૦૦૩ | ૧૧૨૪ | ૯૪ |
| ૨૦૦૪ | ૧૪૧૬ | ૨૯૨ |
| ૨૦૦૫ | ૧૪૬૭ | ૫૧ |

(૩) આ રોગને રોકવા સરકારે નીચે મુજબના પગલાં લીધા છે.

૧. લોકોને આ રોગ વિષે જાગૃત કરવા લોક માધ્યમો દ્વારા પ્રયો કરવામાં આવી રહ્યા છે.

૨. જોખમી વ્યવહારો ધરાવતા જુથોમાં સલામત વ્યવહારો અપનાવે તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત પ્રયો કરવામાં આવી રહ્યા છે.

૩. રાજ્યની સરકારી મેડીકલ કોલેજો અને જિલ્લા હોસ્પિટલોમાં કાઉન્સેલીંગ સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે.

૪. લોકોને સલામત લોહી મળી રહે તે માટે સરકારી અને સ્વેચ્છિક સંસ્થા દ્વારા સંચાલિત કુલ-૫૭ બ્લડ બેંકોનું આધુનિકરણ કરવામાં આવ્યું છે.

૫. એઇડસના દર્દીઓને સારવાર આપવા માટે સરકારી હોસ્પિટલોના તબીબોને તાલીમ આપવામાં આવે છે અને દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

૬. સરકારી મેડિકલ કોલેજો તેમજ જિલ્લા હોસ્પિટલોમાં જાતિય રોગોની સારવાર માટે જરૂરી સાધનો, દવાઓ તથા આર્થિક સહયોગ પુરો પાડવામાં આવે છે.

૭. શાળાકીય એઇડસ શિક્ષણ કાર્યક્રમ હેઠળ સરકારી તેમજ ખાનગી શાળાઓના ધોરણ ૯ અને ૧૧ ના બાળકોને એઇડસનું શિક્ષણ આપવામાં આવે છે.

૮. એચ.આઇ.વી./એઇડસ વિષે માહિતી મળી રહે તે માટે મુખ્ય શહેરોમાં નિઃશુલ્ક ટેલીફોન હેલ્પ લાઇન-૧૦૫૧ સેવા શરૂ કરવામાં આવી છે.

૯. બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતેથી એઇડસના દર્દીઓને એન્ટીરીટ્રોવાયરલ દવાઓ મળી રહે તે માટે એક સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે.

-----------

## રાજ્યની ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં વહીવટી સમિતિની કામગીરી અંગે

૧૭૭૦૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શું રાજ્યની તમામે તમામ આઈ.ટી.આઈ.માં ઈન્સ્ટીટયુશનલ મેનેજમેન્ટ કમિટિ છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યારથી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કમિટિ મુખ્યત્વે શું કામગીરી કરે છે? | (૩) પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના અભિગમ હેઠળ, ઓદ્યોગિક તાલીમ સંસથાઓમાં આપવામાં આવતી તાલીમની ગુણવત્તાની સુધારણા થાય, ઉદ્યોગોની જરૂરીયાત પ્રમાણેનું કુશળ માનવબળ તેયાર થાય તે માટે, આ કમિટી સંસ્થાની તાલીમી પ્રવૃત્તિઓમાં જરૂરી સુધારા સુચવીને માર્ગદર્શન તથા સહયોગ આપવાની મુખ્યત્વે કામગીરી કરે છે. |

------------

## સુરત જિલ્લામાં જમીન માપણી

૧૭૫૬૬ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના જમીન દફતર વિભાગમાં સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે | (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમા એક ગામની સીટી સરવે |

વર્ષમાં કેટલાં ગામોની અને શહેરમાં સીટી સર્વે દ્વારા જમીન માપણી કરવામાં આવેલ છે, અને

(૨) જે પૈકી કેટલા ગામોની ઈન્ક્વાયરી કરવામાં આવેલ છે?

જમીન માપણી કરવામાં આવેલ છે.

(૨) જે પૈકી કોઈપણ ગામની ઈન્ક્વાયરી (હક્ક ચોક્સી) કરવામાં આવેલ નથી.

------------

**ગામતળની જમીન અન્વયે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને નાણાંકીય હિસ્સો આપવા અંગે**

૧૮૧૧૫**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગામતળની જમીનો સરકાર જ્યારે સાર્વજનિક હેતુઓ માટે પમિ ગુજરાત વિદ્યુત કંપની લી. ટેલીફોન/પાણી પુરવઠા બોર્ડ/પોલીસ વગેરેને આપે છે ત્યારે જે નાણાકીય આવક થાય છે તેમાંથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા (ગ્રામ પંચાયત) કોઈ નાણાકીય હિસ્સો આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલો હિસ્સો અપાય છે?

**જવાબ**

(૧) હા, જી.

વિકાસ કામો માટે સહાયક અનુદાન ગ્રામ પંચાયતને આપવામાં આવે છે.

(૨) પૂરેપૂરો હિસ્સો.

------------

**ઘોઘા ખાતે અલંગ મરીન પ્રાઈવેટ લિમિટેડને ફાળવેલ જમીનના વપરાશ અંગ**

૧૮૦૮૦ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઘોઘા ખાતે આવેલ મે. અલંગ મરીન પ્રાઈવેટ લિમીટેડને તે હેતુ માટે જમીન ફાળવવામાં આવી હોય તે સિવાયના હેતુસર જમીન વપરાશની કેટલી ફરીયાદો તા. ૧-૨-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ૩ (ત્રણ) વર્ષમાં સરકારને મળી છે,

(૨) આ અંગે કોઈ તપાસ કરવામાં આવી છે, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) એક

(૨) હા.

(૩) મે. અલંગ મરીન લી. દ્વારા ગુજરાત મેરીટાઈમ બોર્ડની મંજૂરીથી દરિયાઈ વિસ્તારમાં બંધ (પાળો) બાંધવામાં આવી રહ્યો છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડના રીપોર્ટ મુજબ કોઈ નવું બાંધકામ ચાલતું નથી.

------------

**કચ્છ જિલ્લામાં નિલગાય દ્વારા ખેતીના પાકને નુકશાન**

૧૭૩૭૨**શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નિલગાયની સંખ્યા વધી જતાં ખેતીમાં થતાં નુકશાન રોકવા સરકારે કોઇ આયોજન કર્યુ છે કે કેમ,

(૨) નિલગાયથી ખેતીને રક્ષણ પુરું પાડવા શાં શાં આયોજન કરવામાં આવ્યા છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) નીચે મુજબનું આયોજન કરેલ છે :-

(૧) નિલગાયથી ખેતીના પાકને રક્ષણ પુરું પાડવા માટે કાંટાળા તારની વાડ બનાવવાની યોજના અમલમાં છે. જેમાં ખેડૂતને ૫૦ ટકા રકમ સહાય તરીકે આપવામાં આવે છે.

(૨) અમરેલી, જામનગર અને પાટણ જિલ્લામાં રોઝને પકડવાના અખતરા કરવામાં આવેલાં છે, અને

હાલ પ્રયત્ન ચાલુ જ છે.

(૩) રોઝ ખેતીનાં પાકમાં નુકશાન કરે ત્યારે સુગ પેદા કરે તેવા જૈવિક નિયંત્રણની દવા ખેતીના પાકમાં છાંટી રોઝને દૂર રાખવાનાં પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

(૩) નિલગાયની વસ્તી ઉપર અંકુશ મુકવા શાં શાં પગલાં ભરવામાં આવશે ?

(૩) નિલગાયોની વસતિને અંકુશમાં લાવવા માટે ખસીકરણ કરવા સારું બનાસકાંઠા જિલ્લાના દીયોદર તાલુકાના લવાણા ગામ તથા રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ભાડલા ગામમાં વાડા બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

------------

**ભરૂચ જિલ્લામાં ગોચરમાંથી ગામતળમાં જમીન નીમ કરવા અંગે**

૧૮૧૧૭ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગોચરમાંથી ગામતળમાં જમીન નીમ કરવા કેટલી દરખાસ્તો રાજ્ય સરકારને મળી, | (૧) ૧૬ (સોળ) |
| (૨) તે પૈકી કેટલી દરખાસ્તને મંજુરી આપવામાં આવી, અને | (૨) ૪ (ચાર) |
| (૩) કેટલી નામંજુર કરવામાં આવી ? | (૩) ૩ (ત્રણ) |

------------

**જી. જી. હોસ્પિટલ જામનગર ખાતે સી.ટી.સ્કેન મશીન**

૧૭૮૨૮ ડૉ. **દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ જામનગર જી.જી. હોસ્પિટલમાં રાખવામાં આવેલ સી.ટી.સ્કેન મશીન છેલ્લા બે વર્ષમાં કઇ કઇ તારીખે કેટલા દિવસમાં બંધ પડી ગયેલ હતું, | (૧) છેલ્લા બે વર્ષમાં ૪૮૪ દિવસ બંધ રહેલ છે. તારીખવાર પત્રક સામેલ છે. |
| (૨) બંધ હાલતમાં મશીન હોય ત્યારે સીરીયસ દર્દીઓ માટે વૈકલ્પિક શું વ્યવસ્થા કરવામાં આવેલ, અને | (૨) નજીકની રાજકોટ સરકારી હોસ્પિટલ કે અમદાવાદની હોસ્પિટલમાં રીફર કરવામાં આવે છે. બી.પી.એલ. પેશન્ટોને ફ્રી એમ્બ્યુલન્સ સેવા આપવામાં આવે છે. |
| (૩) બી.પી.એલ. પરિવારના સભ્યો સી.ટી. સ્કેનનો ખર્ચ ખાનગી ધોરણે ઉપાડી શકે તેમ નથી તેઓ માટે સરકારે ખર્ચની રકમ માટે શું જોગવાઇ કરી છે ? | (૩) બી.પી.એલ. પરિવારના સભ્યોને સરકારી હોસ્પિટલમાં સી.ટી.સ્કેનના ખર્ચમાં સંપૂર્ણ માફી આપવામાં આવે છે. બી.પી.એલ. પરિવારના સભ્યો ખાનગી ધોરણે સી.ટી.સ્કેન કરાવે તેમાં રાહતની કોઇ જોગવાઇ નથી. |

**પ ત્ર ક**

| ક્રમ | મશીન બંધ થયાની તારીખ | કેટલા દિવસમાં બંધ પડયું | દિવસ |
|---|---|---|---|
| ૧ | તા.૧૦-૧-૦૪ | તા.૧૧-૧-૦૪ | ૧ |
| ૨ | તા.૭-૨-૦૪ | તા.૭-૨-૦૪ | ૦ |
| ૩ | તા.૧૦-૨-૦૪ | તા.૧૨-૨-૦૪ | ૨ |
| ૪ | તા.૧૮-૨-૦૪ | તા.૧૮-૨-૦૪ | ૦ |
| ૫ | તા.૫-૩-૦૪ | તા.૮-૩-૦૪ | ૩ |
| ૬ | તા.૨૧-૩-૦૪ | તા.૨૪-૧૦-૦૪ | ૨૧૭ |
| ૭ | તા.૨૭-૧૦-૦૪ | તા.૩૧-૧૦-૦૪ | ૪ |

| | | | |
|---|---|---|---|
| ૮ | તા.૩-૧૧-૦૪ | તા.૨૬-૧૧-૦૪ | ૨૩ |
| ૯ | તા.૨૮-૧૧-૦૪ | તા.૧-૧૨-૦૪ | ૪ |
| ૧૦ | તા.૩-૧૨-૦૪ | તા.૬-૧૨-૦૪ | ૩ |
| ૧૧ | તા.૮-૧૨-૦૪ | તા.૨૬-૧-૦૫ | ૪૯ |
| ૧૨ | તા.૧૪-૨-૦૫ | તા.૧૪-૨-૦૫ | ૪ |
| ૧૩ | તા.૧૧-૩-૦૫ | તા.૧૮-૩-૦૫ | ૭ |
| ૧૪ | તા.૨૭-૫-૦૫ | તા.૨૮-૫-૦૫ | ૧ |
| ૧૫ | તા.૨૫-૬-૦૫ | તા.૨૬-૬-૦૫ | ૧ |
| ૧૬ | તા.૨૯-૬-૦૫ | તા.૮-૭-૦૫ | ૯ |
| ૧૭ | તા.૧૫-૭-૦૫ | તા.૨૨-૭-૦૫ | ૭ |
| ૧૮ | તા.૨૮-૭-૦૫ | તા.૩૦-૭-૦૫ | ૨ |
| ૧૯ | તા.૧૨-૮-૦૫ | તા.૨૫-૮-૦૫ | ૧૩ |
| ૨૦ | તા.૩૦-૮-૦૫ | તા.૧૨-૯-૦૫ | ૧૨ |
| ૨૧ | તા.૧૨-૯-૦૫ | તા.૧૩-૯-૦૫ | ૧ |
| ૨૨ | તા.૧૩-૯-૦૫ | તા.૧૬-૯-૦૫ | ૩ |
| ૨૩ | તા.૫-૧૦-૦૫ | તા.૩-૧-૦૬ | ૧૧૮ |
| | | કુલ .... | ૪૮૪ દિવસ |

------------

**માંગરોળ તાલુકાના શીલ ગામે લીંક કોર્ટ**

૧૮૦૧૫ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ):માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના શીલ ગામે લીંક કોર્ટની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૧) આવી કોઇ દરખાસ્ત વિચારણા હેઠળ નથી. |
| (૨) કેટલા સમયમાં તે પૂર્ણ થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**પ્રવાસન વર્ષ નિમિતે પ્રતિનિધિ મંડળે કરેલો અન્ય રાજ્યોનો પ્રવાસ**

૧૪૮૬૦**શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકારે ૨૦૦૬ નું વર્ષ પ્રવાસન વર્ષ તરીકે જાહેર કર્યુ છે એ વાત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો તેના ભાગરૂપે કેટલા પ્રતિનિધિ મંડળ ક્યા ક્યા રાજ્યોના પ્રવાસે પ્રવાસન વર્ષની જાહેરાત કરવા ગયા, | (૨) પ્રતિનિધિ મંડળે પ્રવાસીઓને આકર્ષવા તેમજ બિન નિવાસી ગુજરાતીઓ સાથે સંપર્ક સેતુ મજબુત કરવા તેમજ જે તે રાજ્યોમાં થયેલા પ્રજાકીય કામોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવા માટે કુલ દશ ટીમોએ નીચેના રાજ્યોનો પ્રવાસ કર્યો હતો.<br>૧. મહારાષ્ટ્ર-મુંબઇ-પુના<br>૨. મહારાષ્ટ્ર-નાશિક-ઓરંગાબાદ<br>૩. રાજસ્થાન<br>૪. મધ્યપ્રદેશ<br>૫. દિલ્હી<br>૬. પમિ બંગાળ<br>૭. કેરાલા<br>૮. તામિલનાડુ<br>૯. કર્ણાટક<br>૧૦. બિહાર-ઝારખંડ |
| (૩) આ પ્રવાસ દરમ્યાન કેટલો ખર્ચ કરવામાં | (૩) આ પ્રવાસ દરમ્યાન તા.૨૪-૨-૨૦૦૬ |

આવ્યો, અને

(૪) આ પ્રવાસથી રાજ્યને કેટલો લાભ થયો ?

સુધીમાં કુલ ૪૨,૬૮,૮૫૭ નો ખર્ચ થયો છે.

(૪) આ પ્રવાસથી આવનારા દિવસોમાં ઘણો લાભ થવાની ધારણા છે.

-----------

## પાલનપુર સિવિલ હોસ્પિટલની નર્સિંગ કોલેજ ચાલુ કરવા મળેલ રજુઆતો

૧૮૧૦૪ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પાલનપુર સિવિલ હોસ્પિટલની ચાલતી નર્સિંગ કોલેજ, હાલમાં ક્યાં ચાલે છે, અને | (૧) પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે નર્સિંગ કોલેજ નથી. |
| (૨) પાલનપુરથી તે નર્સિંગ કોલેજ પાલનપુર ખાતે ક્યાં સુધીમાં સરકાર ચાલુ કરવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## જૂનાગઢ જિલ્લામાં શ્રમિક કાયદાના ભંગ અન્વયે લીધેલ પગલાં

૧૮૦૭૪ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં વિવિધ શ્રમકાયદાઓના ભંગ બદલ કોઇ ફરીયાદ સરકારને મળેલ છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા, તો આવી ફરીયાદોની સંખ્યા કેટલી છે, અને | (૨) ૫૦ |
| (૩) તંત્ર દ્વારા આવી ફરીયાદો અન્વયે શું પગલાં લેવામાં આવેલ છે ? | (૩) જવાબદાર જણાયેલ સંસ્થાઓ સામે ફોજદારી કેસો કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. |

-----------

## જમીન ખરીદીના પ્રવર્તમાન નિયમ અન્વયે થતો ભ્રષ્ટાચાર અંગે

૧૭૩૬૫**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| જમીન ખરીદવા ""ખેડૂત"" હોવાના પ્રવર્તમાન નિયમ અને તેને કારણે તંત્રમાં વ્યાપેલા વ્યાપક ભ્રષ્ટાચારને નાબૂદ કરવા સરકારે લીધેલ કે લેવા ધારેલ પગલાંની વિગતો શું છે ? | રાજ્યના ખેડૂત ખાતેદારને ખેડૂત હોવાનું પ્રમાણપત્ર મેળવવા માટેની પ્રક્રિયાને સરળ બનાવવા તેમજ ભ્રષ્ટાચારને કોઇ અવકાશ ન રહે તે સારું રાજ્ય સરકારે તા.૨૦-૧૦-૯૪, તા.૧-૬-૨૦૦૦, તા.૨૨-૧-૦૨, તા.૨૪-૧-૦૩, તા.૭-૬-૦૩ તેમજ તા.૨૯-૩-૦૫ના ઠરાવોથી પ્રમાણપત્ર આપવાની સમગ્ર કાર્યવાહીને સમયબધ્ધ કરી, આ સૂચનાઓનું પાલન ન કરનાર કર્મચારી/અધિકારીશ્રી સામે ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ અંતર્ગત શિસ્તકીય કાર્યવાહી હાથ ધરવાની સૂચનાઓ બહાર પાડેલ છે. |

-----------

**અમીરગઢ તાલુકા મથકે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સુપ્રિન્ટેડન્ટની જગા અંગે**

૧૮૦૬૩ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા):માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આદિજાતિ વિસ્તારના અમીરગઢ તાલુકા મથકે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સુપ્રિન્ટેન્ડેન્ટની જગ્યા રદ કરવામાં આવેલ છે તે વાત સાચી, | (૧) આ જગ્યા રદ કરેલ નથી, પરંતુ સામુહિક આરોગ્ય કેન્દ્ર, થરા, જિ.બનાસકાંઠા ખાતે તબદીલ કરેલ છે. |
| (૨) જો હા, તો તેનાં શું કારણો છે, | (૨) ઉપરની હકીક્તે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો સદરહુ જગ્યા ન પુરાવાનાં શું કારણો છે, અને | (૩) આરોગ્ય સેવાઓને સુદઢ કરવાના હેતુથી કાર્યભારણ, ભૌગોલિક પરિસ્થિતિ, વાહન વ્યવહારની સુવિધાઓ અને જનસમુદાયની આરોગ્ય વિષયક જરૂરીયાતોને ધ્યાને લઇ, જગ્યા તબદીલ કરેલ હોઇ, જગ્યા ભરવાની થતી નથી. |
| (૪) આ કારણોના નિવારણ માટે શું કાર્યવાહી થયેલ છે ? | (૪) ઉપરની હકીક્તે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**મહેસાણા જિલ્લામાં સ્ત્રી ભૃણ હત્યા અન્વયે લીધેલ પગલાં**

૧૮૦૮૮**શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ""સ્ત્રી ભૃણ હત્યા કરતા"" કેટલા ડૉકટરો પકડાયા, અને | (૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં સ્ત્રી ભૃણ હત્યા કરતા એકપણ તબીબ પકડાયા નથી પરંતુ પીએનડીટી એકટની જોગવાઇઓના ભંગ બદલ ૬ (છ) તબીબો સામે કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| (૨) ભૂતિયા ડૉકટરો દ્વારા કરવામાં આવતી સ્ત્રી ભૃણ હત્યા રોકવા સરકારે શું પગલાં ભર્યા ? | (૨) સ્ત્રી ભૃણ હત્યા રોકવા માટે સરકારશ્રીએ પીએનડીટી એકટની જોગવાઇ મુજબ જાતિય ગર્ભ પરિક્ષણ કરવા ઉપર પ્રતિબંધ મુકેલ છે અને તેનો અસરકારક અમલ ચાલુ કરેલ છે તેમજ લોકોમાં સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા જનજાગૃતિ લાવવા અસંખ્ય સેમિનારો/કાર્યશાળાઓ તેમજ વિવિધ પ્રચાર-પ્રસારની પ્રવૃત્તિઓ કરેલ છે. જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરીટી દ્વારા ઓચિંતી ચકાસણી કરવામાં આવે છે. |

-----------

**સાવરકુંડલા તાલુકામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની અરજીઓ**

૧૮૧૧૦ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકાના મહેસૂલ વિભાગ દ્વારા તા.૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં નવી શરતમાંથી જૂની શરતમાં જમીન ફેરવવા માટે કેટલી અરજીઓ આવેલ છે, | (૧) ૧૧૬ |
| (૨) તો તેમાંથી કેટલી અરજીઓ મંજૂર રાખવામાં આવેલ છે, અને | (૨) તમામ |
| (૩) કેટલી અરજી નામંજૂર કરેલ, અને | (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૪) નામંજૂર કરવાના શાં કારણો છે ?

------------

**ભાવનગર જિલ્લામાં મહેસૂલ હસ્તકની સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

**૧૭૩૮૩ ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર મહેસૂલ વિભાગમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) પત્રક-અ અને પત્રક-બ મુજબ.

(૨) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી, ફાજલ એકમમાંથી, આંતરિક ફેરબદલીથી તથા સરકારશ્રીની સ્થાયી સૂચનાઓ અનુસાર ભરવામાં આવશે.

**પ ત્ર ક : અ**

ભાવનગર જિલ્લામાં મહેસૂલી સંવર્ગની વર્ગ-૩ અને ૪ ની તાલુકાવાર ખાલી જગ્યાઓની માહિતી

| ક્રમ | કચેરી | તાલુકો | નાયબ મામલતદાર | ક્લાર્ક | કેસ વર્કર કમ ક્લાર્ક | ગુજરાતી ટાઇપીસ્ટ | ક્લાર્ક કમ ટાઇપીસ્ટ | ડ્રાયવર | પટાવાળા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | સીટી મામલતદાર કચેરી | ભાવનગર શહેર | - | ૦૧ | - | - | - | - | - |
| ૨ | તાલુકા મામલતદાર કચેરી | ભાવનગર તાલુકો | - | ૦૧ | ૦૧ | - | - | - | - |
| ૩ | મામલતદાર કચેરી | શિહોર | - | ૦૫ | ૦૧ | ૦૧ | - | - | ૦૨ |
| ૪ | મામલતદાર કચેરી | ઘોઘા | - | ૦૨ | ૦૧ | - | - | - | ૦૧ |
| ૫ | મામલતદાર કચેરી | વલ્લભીપુર | - | ૦૫ | ૦૧ | - | - | - | ૦૧ |
| ૬ | મામલતદાર કચેરી | પાલીતાણા | - | ૦૭ | ૦૧ | - | - | - | ૦૨ |
| ૭ | મામલતદાર કચેરી | ગારિયાધાર | ૦૧ | ૦૫ | ૦૧ | ૦૧ | - | - | ૦૨ |
| ૮ | મામલતદાર કચેરી | ગઢડા | - | ૦૫ | - | - | - | - | ૦૩ |
| ૯ | મામલતદાર કચેરી | બોટાદ | - | ૦૪ | - | - | ૦૦ | ૦૧ | ૦૩ |
| ૧૦ | મામલતદાર કચેરી | ઉમરાળા | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૧ | - | - | ૦૨ |
| ૧૧ | મામલતદાર કચેરી | મહુવા | - | ૦૫ | - | - | - | - | ૦૨ |
| ૧૨ | મામલતદાર કચેરી | તળાજા | - | ૦૪ | - | - | - | - | ૦૨ |
| | **કુલ ...** | | **૦૨** | **૪૮** | **૦૭** | **૦૩** | **૦૦** | **૦૧** | **૨૦** |

**પ ત્ર ક : બ**

સેટલમેન્ટ કમિશનરની કચેરી

| | | ડી.ઇ.એલ.આર. | શિરસ્તેદાર | મે.સર્વેયર | કારકુન | સર્વેયર | પટાવાળા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભાવનગર તાલુકો | ૨ | ૧ | - | ૮ | ૧૬ | ૦૫ |
| ૨ | શિહોર તાલુકો | - | - | - | - | ૦૨ | - |
| ૩ | મહુવા તાલુકો | - | - | - | - | ૦૧ | - |
| ૪ | તળાજા તાલુકો | - | - | - | - | ૦૧ | - |
| ૫ | ગઢડા તાલુકો | - | - | - | - | ૦૧ | - |
| | **કુલ ..** | **૨** | **૧** | **-** | **૮** | **૨૧** | **૫** |

**નોંધણી સર નિરીક્ષકની કચેરી :**

| | | | | | | કારકુન | પટાવાળા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | તળાજાતાલુકો | - | - | - | - | ૧ | ૧ |
| ૨ | ગઢડા તાલુકો | - | - | - | - | ૧ | - |
| ૩ | મહુવા તાલુકો | - | - | - | - | - | ૧ |
| ૪ | બોટાદ તાલુકો | - | - | - | - | - | ૧ |
| | **કુલ ..** | - | - | - | - | ૨ | ૩ |

------------

**બનાસકાંઠા જિલ્લામાં શહેરી ગરીબોને ૨૫ ચો.મીટરના પ્લોટની ફાળવણી**

**૧૭૮૩૯શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ક્યા ક્યા શહેરોમાં કેટલા શહેરી ગરીબોને ૨૫ ચો.મીટરના જમીનના પ્લોટો તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ આપવાના બાકી છે, અને

**જવાબ**

(૧) કોઇ પ્લોટ આપવાના બાકી નથી.

| | |
|---|---|
| (૨) આ બાકી રહેલા શહેરી ગરીબોને સરકાર કેટલા સમયમાં પ્લોટો ફાળવી આપવા માંગે છે ? | (૨) પ્લોટ આપવાના બાકી ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સુરત જિલ્લામાં સરકારી અને સ્વનિર્ભર ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ**

૧૭૫૬૭**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૦૫ અંતિત કેટલી સરકારી આઇ.ટી.આઇ.ઓ અને સ્વનિર્ભર આઇ.ટી.આઇ.ઓ આવેલ છે, અને | (૧) ૧૨ સરકારી આઇ.ટી.આઇ. અને ૮ સ્વનિર્ભર આઇ.ટી.આઇ. |
| (૨) તે પૈકી સુરત શહેરમાં આવેલ આઇ.ટી.આઇ. માં જુદા જુદા ટ્રેડોમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ? | (૨) સરકારી આઇ.ટી.આઇ. માં ૨૦૭૨, અને સ્વનિર્ભર આઇ.ટી.આઇ. માં ૧૪૧. |

**ઘોઘા ખાતે મે. અલંગ મરીન પાસેથી લીઝની બાકી રકમ અંગે**

૧૮૦૮૧**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઘોઘા ખાતે આવેલ મે. અલંગ મરીન પ્રા.લી. પાસે તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ લીઝની બાકી રકમ કેટલી છે, અને | (૧) રૂા.૨,૧૧,૩૯,૬૮૮/- (અંકે રૂપિયા બે ક્રોડ અગિયાર લાખ ઓગણચાલીસ હજાર છસો અઠયાશી પુરા) |
| (૨) આ રકમ વસુલવા રાજ્ય સરકારે લીધેલા પગલાંની વિગત શી છે ? | (૨) જમીન મહેસૂલ કાયદાની કલમ-૧૫૨ હેઠળ નોટીસ આપવામાં આવેલ છે. |

-------------

**એપ્રેન્ટીસ કાઉન્સીલની રચના, હેતુ અને અભ્યાસક્રમો અંગે**

૧૬૭૨૫ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા સ્ટેટ એપ્રેન્ટીસ કાઉન્સીલની રચના ક્યારે કરવામાં આવી, | (૧) તા.૧૬-૧૨-૦૪ ના નોટીફીકેશન થી |
| (૨) આ કાઉન્સીલનો મુખ્ય હેતુ શું છે, | (૨) ઉદ્યોગોની જરૂરીયાત મુજબના નવા અભ્યાસક્રમો દાખલ કરવા તથા તાલીમની ગુણવતા સુધારવા અને એપ્રેન્ટીસ તાલીમ યોજનાના સરળ અમલીકરણ માટેના યોગ્ય સૂચનો સેન્ટ્રલ એપ્રેન્ટીસશીપ કાઉન્સીલને કરવા. |
| (૩) આ કાઉન્સીલે રાજ્યમાં ક્યા અભ્યાસો કર્યા છે, અને | (૩) કોઇ અભ્યાસ કરેલ નથી. |
| (૪) આ કાઉન્સીલે રાજ્ય સરકારને કોઇ અહેવાલો સુપરત કર્યા છે કે કેમ ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજ્યમાં શિક્ષિત બેરોજગારોને રોજગારી માટે કરેલ આયોજન**

૧૮૧૧૮ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા બેરોજગારો શિક્ષિત અને અર્ધશિક્ષિત નોંધાયેલા છે, અને | (૧) શિક્ષિત.. ૭,૪૪,૧૬૦<br>અર્ધશિક્ષિત.. ૧,૧૨,૧૯૧ |
| (૨) આવા બેરોજગારોને રોજગારી મળી રહે તે માટે સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ? | (૨) ઓદ્યોગિક વિસ્તારમાં ભરતી મેળા, લશ્કરી ભરતીમેળા, સ્વરોજગાર શિબિરો અને શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો ચલાવવામાં આવે છે. |

-------------

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## પ્રશ્નોના સ્તર અંગે

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર એ સંદર્ભમાં છે કે વિધાનસભાની પ્રશ્નોત્તરીની ચર્ચા દરમ્યાનનું સ્તર આજની ઘટનામાં માનનીય સિનિયર સભ્ય શ્રી શંકરભાઈ માટે અમને બધાને માન છે, •(XXXX) આવા શબ્દો જો સંસદીય રેકર્ડમાં રહે, આપણી ચર્ચાનું સ્તર એકદમ નીચું છે. હું બીજું કહેવા માગું છું. નિયમ છે, દાખલ કરવા માટે.

**અધ્યક્ષશ્રી** : એ સ્વીકારે છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** :સ્વીકારે છે?

**અધ્યક્ષશ્રી** :હા.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : મેં એમ કહ્યું કે આ જાહેર ફોટા એમના આગેવાનોના છે, તો અમારે શું સમજવું?

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : ના, ના. એમણે એમ નથી કહ્યું, એમણે એમ કહ્યું કે એમને લાગુ પડયો છે કે કેમ? હું નિયમને ટાંકીને કહું છું. વિધાનસભાના નિયમોના નિયમ ૭૮માં દાખલ કરતી વખતે આપણે કેટલાક નિયમો કર્યા છે. એમાં દલીલો, અનુમાનો, આળ, વક્રોકિત, વિશેષણો, બદનક્ષીવાળા વિધાનો હોવા જોઈએ નહીં. બીજું એમાં કાલ્પનિક બાબતના ઉકેલની માગણી હોવી જોઈએ નહીં. ત્રીજું વર્તણૂક. માત્ર ટીકા કરી શકાય, પરંતુ વ્યકિતની ચારિત્રયની વર્તણૂક બાબતમાં આક્ષેપ કરેલો હોવો જોઈએ નહીં. નજીવી બાબતની માગણી એમાં હોવી જોઈએ નહીં. ઉપલભ્ય છે કે, ઉપલભ્ય હોય એવા લખાણો, ઉપલભ્ય છે જાહેર જનતા માટે, એવા દસ્તાવેજોમાંથી મળી રહેતી માહિતી પણ માગવી જોઈએ નહીં. એટલે મારે કહેવું છે કે આવા પ્રકારની ચર્ચાને કમસેકમ પ્રશ્તોત્તરીમાં આપણું સ્તર આટલું નીચું ન જાય, એટલા માટે કે અહીંયા બધા સન્માનનીય સભ્યો છે. એટલે એ રેકર્ડ ઉપરથી દૂર કરવા વિનંતી.

**અધ્યક્ષશ્રી** : સામાન્ય રીતે ગૃહમાં યોગ્ય શબ્દોનો ઉપયોગ કરવો જોઈએ. અહીંયાં માનનીય ગોરધનભાઈએ જે નિયમ બતાવ્યો, એમાં એવા શબ્દો, એવા વાકયોનો ઉપયોગ કરવો જોઈએ નહીં. જે હલકા પ્રકારના શબ્દો છે, વાકયો છે, જેમાંથી સેન્સ જુદા પ્રકારનો નીકળે છે, એવા વાકયો જે અહીંયા વપરાયા છે, એ હું રેકર્ડમાંથી દૂર કરું છું.

---

• (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

# ગૃહ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

### ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને આંતરરાષ્ટ્રીય કક્ષાની માન્યતા અંગે/BS#>

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસો, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની આપણી ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી સમગ્ર દેશમાં ઘણીબધી બાબતોમાં ચડીયાતી છે અને તેની કેટલીક પરિક્ષણ પદ્ધતિઓ સમગ્ર દેશમાં અજોડ છે. રાજયની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીની અજોડતામાં તાજેતરમાં વિશેષ ઉમેરો થયો છે અને તેની વાત કરવા આજે હું આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હેઠળની સ્વાયત્ત સંસ્થા 'નેશનલ એક્રેડીએશન બોર્ડ ઓફ ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન લેબોરેટરીઝ' (એન.એ.બી.એલ.) દ્વારા દેશમાં કાર્યરત વિવિધ પ્રકારની પ્રયોગશાળાઓને કામગીરીની ગુણવત્તાના આધારે માન્યતા આપવામાં આવે છે. જે પ્રયોગશાળા આંતરરાષ્ટ્રીય સ્તરના નિયત થયેલા ધારાધોરણો સંપુર્ણપણે સંતોષતી હોય તેને એન.એ.બી.એલ.દ્વારા આવી માન્યતા આપવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય ધારાધોરણોમાં (૧) સ્કોપ (૨) વહિવટી જરૂરિયાતો (૩) કવોલિટી સીસ્ટમ (ગુણવત્તાની જાળવણી) (૪) દસ્તાવેજોનું નિયંત્રણ (૫) કેલીબ્રેશન (માપ આંકણી) (૬) અનિશ્ચિતતાનું માપ (૭) ખરીદી અને સપ્લાય (૮) ગ્રાહક પ્રત્યેની સેવાઓ (૯) ફરિયાદો (૧૦) સુધારા પ્રક્રિયા (૧૧) અવરોધક પગલાં (૧૨) રેકર્ડનું નિયંત્રણ (૧૩) આંતરીક ઓડિટ (૧૪) મેનેજમેન્ટ રીવ્યુ (૧૫) મહેકમની તાંત્રિક કાર્યક્ષમતા (૧૬) સ્વસ્થ અને રોગમૂકત વાતાવરણ (૧૭) પરિક્ષણ પદ્ધતિઓનું વેલિડેશન (૧૮) ડેટા નિયંત્રણ (૧૯) સાધન સામગ્રી (૨૦) પરિણામોની વિશ્વસનિયતા (૨૧) તાલીમ અને વિકાસ (૨૨) ગુણવત્તા ચકાસણી અને અધિકાર સામર્થ્ય વિગેરેનો મુખ્ય સ્વરૂપે એન.એ.બી.એલ.ની નિષ્ણાત ટીમ દ્વારા અભ્યાસ કરવામાં આવે છે.

ગુજરાત રાજયની ગાંધીનગર ખાતેની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા આ માન્યતા મેળવવા માટે ૬ માસ પહેલાં એન.એ.બી.એલ., નવી દિલ્હીને અરજી કરવામાં આવેલ હતી. આ કચેરીની કામગીરીની ચકાસણી/એસેસમેન્ટ/ માટે જુદા જુદા ક્ષેત્રના ૮ નામાંકિત નિષ્ણાતોની ટીમે તા. ૧૭ અને ૧૮ માર્ચ, ૨૦૦૬ ના રોજ મુલાકાત લીધેલ. સદરહુ ટીમમાં રસાયણશાસ્ત્ર, એકસ્પલોઝિવ, નાર્કોટીકસ, ડી.એન.એ., બ્રેઈન ફીંગર પ્રિન્ટીંગ, નાર્કોએનાલીસ, લાઈ ડિટેકટર, બ્લડ આલ્કોહોલ, ડોકયુમેન્ટસ, સાયબરક્રાઈમ, ફીંગર પ્રિન્ટર, ભૌતિકશાસ્ત્ર તેમજ બેલેસ્ટીક ક્ષેત્રના દેશના નામાંકિત નિષ્ણાતોનો સમાવેશ થયેલ હતો. આ નિષ્ણાતો દ્વારા આ કચેરીના તમામ વિભાગોની કામગીરીની વિસ્તૃત ચકાસણી કરવામાં આવેલ. ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓને અજાણ્યા નમૂનાઓ આપી તપાસ કરાવી તેઓની કાર્યદક્ષતાની ચકાસણી કરવામાં આવેલ. તદ્દઉપરાંત આંતરાષ્ટ્રીય ધારાધોરણો માટે એન.એ.બી.એલ.ની શરતો મુજબની અન્ય તમામ બાબતો પણ તપાસવામાં આવેલ. તા. ૧૮-૩-૨૦૦૬ ના રોજ સાંજે આ તપાસ પૂરી થયા બાદ સદરહુ ટીમના વડાએ તમામ નિષ્ણાતોની ભલામણોને લક્ષમાં લઈને આ કચેરીને ISO/IEC ૧૭૦૨૫-૨૦૦૫ અને એન.એ.બી.એલ. ૧૧૩ તેમજ ૧૧૩-એ હેઠળ માન્યતા આપવા માટેની જાહેરાત કરેલ હતી.

આમ, ગુજરાત રાજયની ગાંધીનગર ખાતેની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીને આંતરાષ્ટ્રીય કક્ષાના ધારાધોરણો જાળવવા બદલ એન.એ.બી.એલ. દ્વારા માન્યતા આપવામાં આવેલ છે, જે ગુજરાત માટે ગૌરવની બાબત છે.

આ માન્યતાથી આ પ્રયોગશાળાની વિશ્વસનીયતામાં ઘણો વધારો થશે અને દેશભરમાંથી તપાસ માટે આવતા કેસોના પરિક્ષણ અહેવાલો નામદાર કોર્ટમાં પુરાવા તરીકે ગ્રાહય રાખવાનું સરળ બનશે. ગાંધીનગર ખાતે હાલ ઉપલબ્ધ તમામ વિભાગોને માન્યતા મળેલ છે, જેની વિગતો નીચે મુજબ છે.

(૧) બ્રેઈન ફીંગર પ્રિન્ટીંગ (૨) નારકોએનાલીસીસ (૩) લાઈ ડિટેકટર (૪) ડી.એન.એ. ફીંગર પ્રિન્ટસ (૫) પેટ્રોલિયમ ટેસ્ટિંગ (૬) નારકોટિકસ (૭) એકસ્પલોઝિવ્સ (૮) બ્લડ આલ્કોહોલ્સ (૯) સાઈબર ક્રાઈમ (૧૦) ફીઝીકસ (૧૧) બેલેસ્ટીકસ (૧૨) ઓડીયો-વિડિયો સિસ્ટમ (૧૩) કવેશ્ચન્ડ ડોકયુમેન્ટસ એકઝામિનેશન (૧૪) ફીંગર પ્રિન્ટ

હાલ ઉપલબ્ધ અદ્યતન ટેકનોલોજી ધરાવતા તમામ વિભાગોની એન.એ.બી.એલ. માન્યતા મેળવનાર દેશની આ પ્રથમ એફ.એસ.એલ. બનેલ છે. ઉપરાંત ISO/IEC ૧૭૦૨૫-૨૦૦૫ મુજબની માન્યતા મેળવનાર પણ દેશની આ પ્રથમ એફ.એસ.એલ. બનેલ છે જે સમગ્ર ગુજરાત માટે ગૌરવ અને આનંદની વાત છે.

# મહેસૂલ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

### રજવાડાના વખતે અપાયેલ મિલકતોને જૂની શરતના હકકો આપવા અંગે

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૌરાષ્ટ્રના ૭ જિલ્લાઓની લગભગ ૩ા લાખ જેટલી મિલકતોની પ્રોપર્ટીનો છેલ્લા ૬૦ વર્ષ જૂના પ્રશ્ન માટેની જાહેરાત કરી છે એના અંગે નિવેદન કરવા માટે હું ઉભો થયો છું.

સૌરાષ્ટ્ર વિસ્તારના ગામડાંઓ તથા શહેરોમાં જૂના રજવાડાઓ તરફથી જે તે લોકોને વસવાટના મકાનો તથા વસાવટ માટે જમીનો જુદા જુદા મર્યાદિત હકકો જેવા કે ચવ, કરામી, ઉભડ, રાવળા જેવા હક્કોથી ગ્રાન્ટ કરવામાં આવેલ હતી.

આવા મર્યાદિત હક્કોને જે લોકો કાયમી/અધાટ/જૂની શરત તરીકે વેચાણ હકક મેળવવા માગતા હોય તેમને તા.૧૧.૮.૫૩ ના પરિપત્ર મુજબ ગ્રામ્ય વિસ્તારમાં વસતિના ધોરણ પ્રમાણેની કબજા કિંમત લઈ બેઠી કિંમતે જૂની શરતના હક્કો આપવામાં આવતા હતા. જયારે મ્યુનિસિપલ વિસ્તારમાં બજાર કિંમત ધ્યાને લઈ આવા કેસો જૂની શરતમાં રૂપાંતર કરી આપવામાં આવતા હતા.

સૌરાષ્ટ્ર વિસ્તારના કુલ સાત જેટલા જિલ્લાઓમાં આવી મિલકતોની સંખ્યા આશરે ૩,૦૫,૧૦૨ જેટલી છે. આ મિલકતોમાં કુલ અંદાજે ૫,૬૫,૮૩,૭૨૮ ચો.મિ. જેટલું ક્ષેત્રફળ સમાયેલ છે. આ મિલકત ધારણ કરનારાઓ વર્ષોથી આવા મર્યાદિત હક્કવાળા ખોરડા(મકાનો)માં રહે છે. તેઓ પાસે જૂના સમયના કોઈ માલિકી હક્ક આધાર ન હોઈ તેઓ વેચાણ કરી શકતા નથી. જયારે કેટલાક લોકો કાયદાને બાજુએ મૂકી સરકારને બેઠી કિંમત/બજાર કિંમત ભર્યા વિના પણ ગેરકાયદેસર રીતે તબદિલ કરે છે. તેથી આ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવાના હેતુથી અને રજવાડાના વખતથી જે લોકો આ મકાનોમાં રહે છે તેઓને પોતાની માલિકીના હક્કો પૂરા પાડવાના હેતુથી આ બધા કિસ્સાઓમાં સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી નજીવી કિંમતે/બેઠી કિંમતે ગ્રામ્ય વિસ્તાર, નગરપાલિકા વિસ્તાર તથા મહાનગરપાલિકા વિસ્તારના રહેણાંક અને વાણિજ્યિક બાંધકામો નિયમિત કરી તેઓને કાયમી/જૂની શરતના હક્કો આપવાનો સરકારે નિર્ણય કરેલ છે.

રાજય સરકારના આ નિર્ણયથી માનનીય ગૃહને હું વાકેફ કરું છું.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો ઓડિટ અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)**: માનનીય અધયક્ષશ્રી, હું ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૪-૨૦૦૫ ના વર્ષનો ઓડિટ અહેવાલ (મૂલ્કી) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત વિદ્યુત બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત બોર્ડનો સન ૨૦૦૪-૨૦૦૫ નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**કૃષિ અને સહકાર વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયેની કૃષિ અને સહકાર વિભાગની

(ક) તા. ૯-૩-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક : જીએચકેએચ/૧૨/૨૦૦૬/સીડીઈ/૧૦/૨૦૦૨/૨૨૫૯/ચ

(ખ) તા. ૯-૩-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક : જીએચકેએચ/૧૩/૨૦૦૬/સીડીઈ/૧૦/૨૦૦૨/૨૨૫૯/ચ

(ગ) તા. ૯-૩-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક : જીએચકેએચ/૧૧/૨૦૦૬/નસબ/૧૬/૨૦૦૩/૨૯૮૪/ચ

અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની અધિસૂચના**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા અધિનિયમ અન્વયેની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની તા.૨૧-૨-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: કેવી/૨૦૦૬નો ૫૫-એનપીએલ-૪૫૯૪-૪૬૦૯-ભાગ-૩-એમ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ગૃહ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની અધિસૂચના ક્રમાંક

(ક) સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયેની

(૧) તા. ૧૩-૦૨-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક : જીજી-૦૯-૨૦૦૬-ડીએનએસ-૨૦૦૪-૨૮૯૭-ઈ.૧

(૨) તા. ૨૦-૦૨-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક : જીજી-૧૩-૨૦૦૬-ડીએનએસ-૨૦૦૫-૪૨૩-ઈ.૧

(૩) ગુજરાત કેદની સજાને બદલે સમાજસેવા કરાવવા (બૉન્ડનો નમૂનો, સમાજસેવાનો પ્રકાર અને બોલીઓ અને શરતો ઠરાવવા) બાબત નિયમો, ૨૦૦૫ ઘડતી તા. ૧૭-૦૨-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક :જીજી- ૧૨-૨૦૦૬-બીપીએ-૨૦૦૩-સી-૨૦-ઈ.૧

(ખ) સન ૨૦૦૩ના મુંબઈ નશાબંધી (સુધારો) અધિનિયમ અન્વયેની તા. ૧૭-૦૨-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: જીજી-૧૦-૨૦૦૬-બીપીએ-૨૦૦૩-સી-૨૦-ઈ.૧

(ગ) સન ૨૦૦૫ના મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) અધિનિયમ અન્વયેની તા. ૧૭-૦૨-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક : જીજી-૧૧-૨૦૦૬-બીપીએ-૨૦૦૪-૪૦૩૭-ઈ.૧ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૪૮૭૨ અન્વયે વધારાની માહિતી**

**શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૭-૨-૨૦૦૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી ધીરૂભાઈ ગજેરાનો "સુરત શહેરની સિવિલ હોસ્પિટલનો વહીવટ અને મરણના કિસ્સાઓ અંગે લીધેલ પગલાં" બાબતનો તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૪૮૭૨ (અગ્રતા ક્રમ-૪) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### નાણાંકીય સમિતિઓના ચૂંટણી કાર્યક્રમ અંગે જાહેરાત

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે, અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિની ચૂંટણી માટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું. નામ-નિર્દેશનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય, બુધવાર તા. ૫-૪-૨૦૦૬ સાંજના ૬-૦૦ વાગ્યા સુધી, નામ-નિર્દેશનપત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ શુક્રવાર, તા. ૭-૪-૨૦૦૬ સાંજના ૫-૩૦ વાગે, નાયબ સચિવશ્રી મહેન્દ્ર જે. પરમારની ચેમ્બરમાં, નામ-નિર્દેશનપત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ અને સમય ગુરુવાર, તા. ૧૩-૪-૨૦૦૬ સાંજના ૫-૦૦ વાગ્યા સુધી, મતદાન, જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે. આ ચૂંટણી માટેના નામ નિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલી સમિતિ શાખા-૧ માંથી મળી શકશે.

## સરકારી વિધેયકો

### સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૪.

## ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૦૬

**સન ૨૦૦૭ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૦૬નું ગુજરાત વિનિયોગ વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

* વિધેયક, તા. ૨૪મી માર્ચ ૨૦૦૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬નું વિધેયકો ક્રમાંક ૨૪-સન ૨૦૦૬નું ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### વિનિયોગ વિધેયક ઉપરની ચર્ચા માટે સમય ફાળવવા અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે. આજે વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાનું છે, આ ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૧૨ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપેલ છે. આજે ગૃહની બેઠકનો સમય બપોરના ૧૨-૦૦ વાગ્યાથી ૫-૧૫ વાગ્યા સુધીનો છે. આથી વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩) અન્વયે એક કલાક પહેલા એટલે કે સાંજના ૪-૧૫ વાગ્યે વિનિયોગ વિધેયક પરની સઘળી ચર્ચા સમાપ્ત કરી બધી બાબતો સભાગૃહના મત ઉપર મૂકવાની થાય. પરંતુ આ વિધેયક ઉપરાંત અન્ય સરકારી વિધેયકો તથા બિન સરકારી વિધેયકો પણ હાથ ધરવાનાં હોઈ નિયમોમાં છૂટછાટ મૂકી વિનિયોગ વિધેયકની ચર્ચા અને મતદાન માટે બપોરના ૨-૦૦ વાગ્યા સુધીનો સમય સમય ઠરાવું છું તથા આ વિધેયક ઉપરની ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર સભ્યશ્રીઓની સંખ્યા જોતા દરેક સભ્યશ્રીને ચર્ચા માટે ૩ મિનિટનો સમય ઠરાવું છું. તદ્અનુસાર આ મુદ્દાઓ પરની ચર્ચા સમાપ્ત થયા બાદ વિનિયોગ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

## ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૦૬ (ક્રમશઃ)

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૬માં ૨૪મીનું બજેટ આ વિધાનસભામાં મૂકવામાં આવ્યું હતું. કુલ ૧૦૬ ડિમાન્ડોની અંદરથી બાવન ડિમાન્ડો ઉપર બાર દિવસ ચર્ચા ચાલી અને તે પછી પસાર કરવામાં આવી હતી. બાકીની ૫૨ ડિમાન્ડો ગિલોટીન દ્વારા પસાર કરવામાં આવી હતી. આમ ૨૭૨૧૯ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. ૧૦૫૯૦ કરોડ Charge Appropriationમાં આવે છે અને એના કારણે ગુજરાત Appropriation Act. ૨૦૦૬ ના ૩૭૮૧૦ કરોડ રૂપિયા થાય છે. Cabinet and His Excellency Governor નુ sanction માં આવ્યું છે અને એના કારણે આજે હું વિનંતી કરુ છું કે સર્વાનુમતે પસાર કરવામાં આવે.

**ડૉ. દિનેશ પરમાર(જામનગર(રુરલ)**: માનનીય અધ્યક્ષશ્રી, જામનગરમાં વિદ્યુત સ્મશાનગૃહને અપાતી વીજળી સહાય બંધ થવાથી પડતી હાડમારી સત્વરે દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા બાબતે મારે એ કહેવું છે કે આ વરસોથી સુવિધા ઉપલબ્ધ હતી. એ સુવિધા અચાનક બંધ કરી લોકોને એક સબ બાળવા પાછળ ૫૦૦ રૂપિયા ખર્ચ કરવાનું કાર્ય કરાવવામાં આવી રહ્યું છે આ હરગીજ યોગ્ય નથી. પર્યાવરણની દૃષ્ટિએ લાકડા બળાય અને એના લીધે વૃક્ષો કપાય એમાંથી બહાર આવવા માટે આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના જમાનાની અંદર આપણે માણસના શબને dispose off કરવા માટેની જુદી જુદી પ્રક્રિયા છે. એમાં વિદ્યુત સ્મશાન દ્વારા માણસના શરીરને બાળવા માટેની કાર્યવાહી છે એ શ્રેષ્ઠ ગણવામાં આવી છે. મનુષ્યની અંતિમ ક્રિયા માટે પાણીમાં વહેવડાવી દેવામાં આવે, દાટી દેવામાં આવે, બાળી નાખવામાં આવે છે અથવા જંગલની અંદર જનાવરો શરીરને ખાઈ જાય એના માટેની જુદી જુદી પ્રક્રિયા હોય છે. પરંતુ અત્યારના યુગની અંદર જ્યારે જુદા જુદા jurisprudence ની દૃષ્ટિએ જુદા જુદા complications થતા હોય જંગલમાં હાડકા મળી આવે એના લીધે ખૂન થયું છે એવી પરિસ્થિતિ નિર્માણ ન થાય એટલા માટે બાળવાની પ્રક્રિયા શ્રેષ્ઠ ગણવામાં આવે છે. વિદ્યુત સ્મશાનની સુવિધા ઉપલબ્ધ છે એ સાવ નજીવા ખર્ચે ઉપલબ્ધ હોય તેવે વખતે એનો પૂરેપૂરો ઉપયોગ કરવા માટે સરકારે સાર્વજનિક દૃષ્ટિને નજરમાં રાખીને વીજળી બિલને નજરમાં રાખીને અને એ કોમર્શિયલ organization છે જ નહિ પરંતુ એને થોડા ઘણા social responsibility અદા કરવાની દૃષ્ટિએ પણ થોડો ખર્ચ નિભાવવા તૈયાર થાય તો એમાં બહુ જાઝો વાંધો આવે તેમ નથી. અનેક લોકો વીજળીની ચોરી કરે છે એના લીધે સજ્જન લોકોને બિલ ભરવું પડે છે. કારણ કે વીજળીનો ઉત્પાદન ખર્ચ ગ્રાહક પાસેથી વસૂલ કરવામાં આવે છે ત્યારે આવી બાબતમાં મારે એ કહેવું છે કે તંત્ર આ ચોરી પકડવામાં નિષ્ફળ ગયેલ છે ત્યારે તેમાં થોડીક કડકાઈ વાપરીએ ચોરીને સખત હાથે દાબી દેવાથી એમાંથી નફો થતો હોય એમાંથી આ પૈસા માફ આપવામાં આવે તો એ સર્વશ્રેષ્ઠ ગણાશે. એટલી માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી કરુ છું કે આ લાગણીનો સવાલ છે, આ સંવેદનાનો સવાલ છે ત્યારે આ બાબતમાં ઉદાર દિલ રાખીને ગુજરાતના જેટલા પણ વિદ્યુત સ્મશાન ગૃહ હોય એટલા જ નહિ પરંતુ મોટા શહેરોમાં વધુમાં વધુ વિદ્યુત સ્મશાન ગૃહો બને અને એને પ્રોત્સાહન મળે એ માટે આ ખર્ચની જવાબદારી સરકારે ઉપાડી લેવી જોઈએ એ બાબતની અંદર માનનીય મંત્રીશ્રી અને તંત્ર વિચારે, યોગ્ય રીતે વિચારીને આ ગૃહમાં જાહેર કરે જેથી ગુજરાતની પ્રજાને કમસેકમ મૃત્યુ પછી આફતનો સમય ન આવે, મુશ્કેલીનો સમય ન આવે કે ૫૦૦ રૂપિયા કયાંથી કાઢવા એવી દશામાંથી મુકત કરશો તેવી અપેક્ષા સાથે વિરમું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં બંધ પડેલા ઉદ્યોગોને પુનઃ ચાલુ કરવામાં તંત્ર નિષ્ફળ ગયું છે. લઘુ ઉદ્યોગો બંધ પડવામાં ભારતની અંદર ગુજરાત ચોથે ક્રમે આવે છે. ૨૦૦૧ની દૃષ્ટિએ જોઈએ તો ૨ લાખ ૪૩ હજાર ઉદ્યોગોમાંથી ૨૦ ટકાથી વધારે ઉદ્યોગો બંધ પડયા હતા. મોટા ઉદ્યોગોની વાત કરીએ તો કુલ ૨૦૫૯ ઉદ્યોગોમાંથી ૬૦૦ ઉદ્યોગો ઉદ્યોગો બંધ પડયા છે. એટલે કે ૨૫ ટકા બંધ પડયા છે. આ રીતે દર વરસે મોટા ઉદ્યોગોની સંખ્યા ઘટતી જાય છે. એ જ રીતે નાના પાયાના ઉદ્યોગો છે એની સંખ્યા પણ ઘટતી જાય છે. ૧૯૯૯માં ૧૪૪૩૭ હતા જે ૨૦૦૫માં ૧૦૩૩૬ એટલે એમાં પણ મોટા પ્રમાણમાં ઘટાડો થયો છે. ત્યારે સરકારે આ બાબતે કંઈક વિચારવું જોઈએ કે આપણે મોટા મોટા ઉદ્યોગોને કરોડો રૂપિયાની સબસિડી આપતા હોઈએ અને મોટા મોટા ઉદ્યોગોને સ્થાપિત કરવા માટે મોટી મોટી જમીનો આપતા હોઈએ ત્યારે ચાલુ ઉદ્યોગો કોઈ કારણવશાત્ નબળા પડતા હોય છે. સરકારની નીતિ બહુ મહત્ત્વની હોય છે. કેન્દ્રની કે આજુબાજુના રાજયોની નીતિને કારણે આ તકલીફ પડતી હોય છે. એટલે મારે મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આપણાં નાના ઉદ્યોગો માટે કોઈક નીતિ નક્કી કરવી જોઈએ. જેવી રીતે રાજસ્થાનમાં ખાદ્ય પદાર્થ માટે સરકારનો ટેક્સ હતો, વેટમાં કેન્દ્ર સરકારનો વેરો એક ટકા કર્યો. તે રીતે અનેક પ્રકારની ટેક્સની સીચ્યુએશન છે અને બંધ પડે છે તેમાં રાજયની નિગમોની અને બેંકોની લોન હોય છે તેમાં પણ રાજય સરકારે કોઈકને કોઈક અંશે મદદ કરવી જોઈએ અને ઉદ્યોગો ફરીથી કેવી રીતે બેઠા થાય તેવી રીતે તંત્ર ગોઠવીને વ્યવસ્થિત કરવું જોઈએ. એવું મારું સૂચન છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, નશાબંધી અંગેના કાયદાનો ભંગ કરનારની સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં દારૂબંધીનો અમલ કરવામાં આવ્યો છે અને પ્રજાની સુખાકારી અને શાંતિ માટે દારૂબંધીનો અમલ ખૂબ જરૂરી છે. આજે રાજયની અંદર ખુલ્લેઆમ ઠેરઠેર દારુનું વેચાણ આપણને જોવા મળે છે. તેમાં દારૂબંધીનું રક્ષણ કરવાવાળા જ તેની સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલા હોય છે. તેના કારણે નશાબંધીનો કડકપણે અમલ થઈ શકતો નથી. હું દાખલા સાથે, ઉદાહરણ સાથે કહેવા માગું છું. પોલીસના ૩૫થી ૪૦ ટકા કર્મચારી-અધિકારી દારુ પીવે છે. તેની સાથે સાથે ૫૦ ટકા પોલીસના માણસો દારુના વ્યવસાય સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલા હોય છે. તો જ આ નશાબંધીની અમલવારી કરી શકતા નથી. છેલ્લા એક વર્ષ દરમ્યાન ઈંગ્લીશ દારુની ખેપ મારતા હોય એવા ૧૪ પોલીસના માણસો પકડાયેલા છે. પોલીસનો સાવ ઓછો પગાર હોય છે અને ઓછા પગારમાં ક્લાસ-૧,૨ની જેમ સાહ્યબી ભોગવતા હોય છે. આનું બીજું કોઈ કારણ નથી. જે નશાબંધીનો અમલ કરાવવાવાળા લોકો છે એ જ આની સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલા હોય છે. એટલા માટે રાજય સરકારના આંકડાઓ સાથે કહેવા માગું છું કે છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન આ રાજયની અંદર કેટલી કિંમતના નશાબંધી દ્રવ્યો અને ખાદ્ય પદાર્થો પકડાયા છે તેના આંકડા ફ્લોર પર મૂકવા માગું છું. દેશી દારુ ૭,૯૨,૦૬,૭૧૪ રૂપિયાનો પકડાયો. વિદેશી દારુ ૭૦,૯૩,૨૩,૪૦૦ એવા કુલ ૯૪,૦૦,૭૧,૭૯૨ રૂપિયાના નશાબંધી દ્રવ્યો પકડાયા છે. તેની અમલવારી થાય તેના માટે નશાબંધીનો અમલ કરવો જોઈએ.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામીણ વિકાસના કામો માટે પૂરતું અનુદાન ફાળવવામાં તંત્રની નિષ્ફળતા.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતમાં કોઈ આવકનો સ્ત્રોત નથી. એટલે વિકાસના કામો થઈ શકતા નથી. સરકાર ગામડાઓના જુદા જુદા નામ બદલે છે. ગોકુળ ગામ યોજના, સમરસ યોજના, તીર્થ ગ્રામ, ઈ-ગ્રામ એવા નામો બદલવાથી એ ગામડાંનો વિકાસ થઈ જવાનો નથી. સરકારે છેલ્લા થોડાક વર્ષોથી વિકાસ માટેની જે યોજનાઓ કરી છે તેમાં ૮૦-૨૦ની છે, ૬૦-૪૦ની છે. ૯૦-૧૦ની યોજનાઓ ચાલુ કરી છે. એટલે લોક ભાગીદારી અને લોકફાળો કરવો પડે છે. પંચાયતો લોકફાળો ભરી શકતી નથી તેના લીધે તેનો વિકાસ થઈ શકતો નથી. ગામડાંની અંદર રસ્તાઓ છે અને પીવાના પાણીની સગવડ મળી શકતી નથી. ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આ ગામડાંઓના માટે સ્પેશ્યલ બજૅટ ફાળવો તો પૂરેપૂરું ફાળવો. ગામડાંઓને શહેરની સાથે સરખાવવા નહીં. શહેરની સાથે સરખાવવાથી આ ગામડાંનો વિકાસ અટક્યો છે. ત્યારે મંત્રીશ્રીને વિનંતી કે આ વિસ્તારો માટે પૂરતું બજેટ ફાળવે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, નશાબંધી વિભાગમાં નિમણૂક માટે પસંદગી પામેલા પોલીસ કર્મચારીઓના હુકમો સત્વરે કરવામાં તંત્રની નિષ્ફળતા. માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીએ એમ કહ્યું હતું કે મને જો આ દેશમાં સરમુખત્યાર બનાવે અને મને જો એટલો સમય આપે કે હું લીંબુ ઉછાળું અને નીચે પડે તેમાં પહેલી સહી કરવાની આવે તો હું નશાબંધી ઉપર કરું. આ ગુજરાતની શાંતિના માધ્યમો છે એમાં નશાબંધીનો અમલ એ બહુ મહત્ત્વનો અમલ છે. આજે પણ આ રાજય સરકાર છૂટથી જે પરમિટ આપે છે. રાજયમાં ગેરકાયદેસર દારૂ ગળાઈ રહ્યો છે એમાં કાબૂ મેળવવો હોય તો નશાબંધી વિભાગનો અપૂરતો સ્ટાફ છે. જેના કારણે નશાબંધીનો અસરકારક અમલ થઈ શકતો નથી. નશાબંધી વિભાગના પોલીસ કર્મચારીઓની દરખાસ્ત ઉચ્ચ અધિકારીઓ પાસે જાય છે ત્યારે એમાં ઠીક ઠીક વિલંબ થાય છે. આ વિલંબને

કારણે કેટલાક સમય સુધી યાદી પડતર પડી રહે છે. આ યાદી તાત્કાલિક મંજૂર થાય અને નશાબંધીની કામગીરી સારી રીતે થાય એના માટે યોગ્ય પગલાં લે એવી મારી વિનંતી છે.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, આ વખતના બજેટમાં વીજ ઉત્પાદનમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વાત કહી એ ધ્યાને મૂકવા માગું છું. " સમગ્ર દેશમાં એવી પ્રથમ ઘટના હશે કે ખોટ કરતી સરકારી કંપનીને માત્ર ૩ વર્ષમાં ખોટમાંથી બહાર કાઢી નફો કરતી કરવામાં આવી છે. ૪૯ કરોડનો નફો કરેલ છે અને માર્ચ- ૨૦૦૬ના અંતે રૂ.૨૦૦ કરોડ કરવાની ધારણા છે." આ એક વાત બજેટમાં કહેવાઈ છે. બીજી વાત, આ જ કંપની વીજ નિયમન પંચ સમક્ષ જી.ઈ.બી. દ્વારા મૂકવામાં આવેલી ભાવ વધારાની દરખાસ્તમાં જી.ઈ.બી.ની પેટા કંપની ૨૦૦૫-૦૬ના વર્ષમાં ૧૬૨૨.૧૪ કરોડની ખોટ હોવાનું જણાવ્યું છે. આપના દ્વારા સરકારને કહેવા માગું છું કે, આંકડાની માયાજાળ અને આંકડાને ક્યાં કેવી રીતે ગોઠવવા અને સતત પ્રસિદ્ધિ માટે સમગ્ર દેશમાં નંબર વન રહેવાની વાત કરતા હોય ત્યારે બે વાત છે જ્યારે મુખ્યમંત્રીશ્રી બજેટમાં બીજું બોલે છે અને વીજ નિયમન પંચ ૧૬૨૨ કરોડની ખોટ આ વર્ષે થવાની અને આવતા વર્ષે ખોટનો આંકડો વધવાનો હોય ત્યારે સરકારશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, આવા *(XXXX) અને ખોટી વાતો પ્રજાને ન કહે અને જે સત્ય હકીકતો છે.

**અધ્યક્ષશ્રી .** : (XXXX) શબ્દ દૂર કરું છું.

**શ્રી જગદીશ ઠાકોર** : આ શબ્દ આપ અહીંથી દૂર કરો છો પણ જે હકીકત છે એ માલજીભાઈ એમ કહે છે કે, આ એટલા માટે કહેવું પડે છે કે, આ બાબતમાં ક્યાંક ન થતું હોય તો આપણી કહેવાય નથી થતું, ન પહોંચાતું હોય તો કહેવાય કે, નથી પહોંચાતું. માત્રને માત્ર એક બાજુ વાત મૂકીએ છીએ ત્યારે પ્રગતિની મૂકીએ અને જ્યારે ભાવ વધારો કરવાનો હોય ત્યારે ખોટ બતાવી પૈસા વધારે કેવી રીતે લેવાય અને સમગ્ર ગુજરાતના ખેડૂતો અને ઔદ્યોગિક વિકાસને રૂંધતી વાત આ સરકારના ધ્યાને મૂકવા માગું છું.

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સરકારી કર્મચારીઓની સેવા અંગે ન્યાય મળતો નથી. નામદાર હાઈકોર્ટની અંદર જાય છે અને ત્યાંથી ચુકાદો મળે છતાં પણ રાજય સરકાર એનો સમયસર ૩ મહિના, ૪ મહિના, ૬ મહિના, સુધી એને ન્યાય આપી શકાતો નથી. આ રાજયની અંદર એવા અનેક વિભાગો છે કે જ્યાં કર્મચારીઓ નછૂટકે રાજય સરકારનો ન્યાય ન મળવાના કારણે નામદાર કોર્ટમાં જઈને ન્યાય મેળવે છે અને ત્યાં મેરીટાઈમ બોર્ડ પ્રમાણે એનો લાભ એ કર્મચારીઓને મળે અને તાત્કાલિક એમને આશરો મળે એવી આપના દ્વારા વિનંતી છે. આ વિલંબ થાય છે એ કયા કારણોસર થાય છે અને વિલંબ કરનાર અધિકારીઓ સામે આ સરકાર પગલાં લેવા માગે છે કે કેમ?

**ડૉ.સી. જે. ચાવડા(ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય ઇન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે પ્રથમ નંબરથી ત્રીજા નંબરે ધકેલાઈ ગયું છે. વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૦૩ અને ૨૦૦૫ દ્વારા કરોડો રૂપિયાના મૂડી રોકાણના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા. છેલ્લા ૪ વર્ષમાં સ્થપાયેલ ઉદ્યોગો માટે મૂડીરોકાણની જો વાર્ષિક સરેરાશ લેવામાં આવે તો પહેલા છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાં આવેલ મૂડીરોકાણની વાર્ષિક સરેરાશ કરતાં ઘણી ઓછી છે એટલે ગુજરાતમાં એમ.ઓ.યુ. કરવાનો ઉદ્યોગ સૌથી મોટો ઉદ્યોગ ખીલ્યો હોય એવું અમને લાગે છે. નો ડાઉટ સરકારશ્રીએ નવરાત્રી મહોત્સવ અને પતંગ મહોત્સવ દ્વારા મૂડીરોકાણને આકર્ષવાના, દેશ વિદેશના ઉદ્યોગપતિઓને આકર્ષવાના પ્રયત્ન કર્યા પણ એમાં સરેઆમ નિષ્ફળતા મળી છે એટલું જ નહીં પણ ફકત રીલાયન્સ, એસ.આર. નિરમા કે અદાણી ગૃપ જેવા ઔદ્યોગિક જૂથોએ ગુજરાતમાં વિસ્તરણની કામગીરી હાથ ધરી અને કચ્છ જિલ્લામાં કેન્દ્ર સરકાર દ્વારા જે રાહતો આપવામાં આવી એના કારણે કેટલાક ઉદ્યોગો સ્થપાયા, બાકી બીજા કોઈ ઉદ્યોગો ગુજરાત રાજયમાં નવા સ્થપાયા નથી કે મૂડીરોકાણ એટલું બધું વિશેષ આવ્યું નથી અને કેટલાક ઔદ્યોગિક ગૃહો તો ફકત જમીન હડપ કરવા માટે ગુજરાત રાજયમાં આવ્યા છે એવું પ્રતિપાદિત થયેલ છે તેથી ગુજરાત રાજયમાં કેટલા ઉદ્યોગો સ્થપાયા, કયા સ્થળે સ્થપાયા, કેટલું મૂડીરોકાણ થયું અને ગુજરાતના બેરોજગાર યુવાનોને કેટલી રોજગારી મળી એવા આંકડા સંપૂર્ણપણે ગુજરાત સરકારે જાહેર કરી અને ગુજરાતની પ્રજાને સાચી માહિતી આપવી જોઈએ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર સેવા સહકારી મંડળી રેવન્યુ વિલેજમાં એક જ બનાવવી એવો સરકારનો પરિપત્ર છે. કોઈપણ જિલ્લો એવો નથી કે એક એક ગામમાં ચાર ચાર કે પાંચ પાંચ મંડળીઓ થાય. ખુલ્લેઆમ આ પરિપત્રનું સરકારના નિયમોનું ઉલઘન થાય એની ફરિયાદો થાય, સુવોમોટોની અપીલ કરે ડી.ડી.ઓ. આજે એક-એક વર્ષથી એનો નિકાલ આવે નહીં અને ત્યાં રોજરોજ મંડળીઓ બન્યા જ કરે કાં તો એ પરિપત્ર રદ કરી નાખે તો કોઈ તમને કહેશે નહીં કે શેના માટે કર્યો છે. છૂટ કરવી હોય એટલી કરે ઘરદીઠ મંડળી કરે પરંતુ જયારે સરકાર નિયમો બનાવે છે, પરિપત્રો કરે છે કે રેવન્યુ વિલેજમાં એક જ સેવા સહકારી મંડળી હોવી જોઈએ, સેવા સહકારી મંડળી બનાવવાના જે તે વખતે નિયમો થયા છે કે મંડળી બનાવતા પહેલા એની દરખાસ્ત જિલ્લાના ડી.આર., ડી.ડી.ઓ. અને જે સહકારી બેંક છે જિલ્લા

---

* (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો છે.

સહકારી બેંક એના એમ.ડી. આ ત્રણની કમિટી એની ચકાસણી કરે, ચકાસણી કરીને એ જિલ્લાની સમિતિમાં મૂકે અને સમિતિના સચિવ એ પૂરેપૂરા કાગળો હોય તો એને ચકાસીને એને મંજૂરીમાં મૂકતો હોય છે. આમાંથી કોઈ વસ્તુ નથી થતું, કોઈ ડી.આર. જાણતો નથી. ડી.ડી.ઓ. જાણતો નથી. એમ.ડી. જાણતો નથી અને ખુલ્લેઆમ પ્રમુખસ્થાનેથી ૫૦-૫૦ મંડળીઓને સિકકા મારે, આ તો એક સહકારી માળખાને ખતમ કરવાની ચીજ છે. આખા ગામને ગામ ભાંગી નાખવાની ચીજ છે. એ કહે તો સરકાર એને છૂટ કરી દે અથવા એના પરિપત્રનો ચુસ્તપણે અમલ કરાવે બાકી આખું સહકારી માળખુ તૂટી જશે. ગામમાં એક મંડળી ચાલતી હોય અને એનું ધીરાણ ન ભરે અને બીજી મંડળી માંથી લે અને બીજી મંડળીના નામે બીજું ધીરાણ લે, બેંક તૂટી જશે. મંડળીઓ તૂટી જશે અને આખું માળખું સહકારીતંત્ર આખું ખોરવાઈ જશે અને માણસાનું તંત્ર આખું ખોરવાઈ જશે. સરકાર એનો નિર્ણય મકકમતાથી કરે નહીંતર છૂટ આપી દે કારણ કે આ બે બાબત વચ્ચે ન રાખે અને સુવોમોટો અધિકારીના વિરુદ્ધમાં, સરકારના વિરુદ્ધમાં કોઈપણ નિર્ણય લેવાય, તો અપીલ કરતા હોય છે સુવોમોટોના નામે એ પણ તપાસ કરો તો ૩-૩ વર્ષથી સુવોમોટોમાંથી નીકળતી જ નથી કે શું કરવાનું છે? હા કે ના, સરકારના નિયમોમાં આવતું હોય તો હા પાડીને આપી દો, ના આવતુ હોય તો ના પાડો એને શેના માટે રોકીને બેઠા છો? તમે રોકીને એને જવાબ આપતા નથી માટે રોજના સિકકા મરાય છે અને આ રીતે ચાલે છે એમાં માનનીય મંત્રીશ્રી ખાસ અંગત રસ લે, સહકારી માળખું એ ખેડૂતો માટે એનું જે ગણો એ સહકારી માળખુ જ છે અને એ માળખું તૂટી જશે તો ખેડૂતોને બહુ મુશ્કેલી પડશે. ખેડૂતને કોઈ આધાર નથી રહ્યો એ સહકારી માળખું ભાંગી પડશે તો ખેડૂતનું જીવવાનું ભારે થઈ જશે કે એક-એક ગામમાં ૧૦-૧૫ મંડળીઓ છે. મારા વિસ્તારમાં જ એક ગામમાં ૧૧ મંડળીઓ છે. મેં અપીલ કરી છે. અપીલમાં રદ કરી તો પછી સચિવે સ્ટે આપી દીધો. તમે નિયમ જુઓ છો તો પણ સચિવે સ્ટે આપી દીધો.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, વીજ કંપનીઓ દ્વારા થતા વીજ ભાવવધારા સંબંધે પ્રજાજનો ને ઉદ્યોગકારો, ખેડૂતોની રજૂઆતો પ્રત્યે પૂરતું ધ્યાન આપવામાં તંત્ર ઉદાસીનતા દાખવી રહ્યું છે. રાજયમાં જ્યારે જ્યારે વીજળીનો ભાવ વધારો અને વીજ કંપનીઓ દ્વારા વીજ નિયમન પંચ સમક્ષ દરખાસ્ત કરવામાં આવી છે ત્યારે રાજયના ખેડૂતો, વેપારીઓ, ઔદ્યોગિક સંગઠનો દ્વારા ભાવવધારા સામે પોતાની તાર્કીક દલીલો સાથે વિરોધ વ્યકત કરવામાં આવે છે. રજૂઆત કરવામાં આવે છે પરંતુ આ સંગઠનોની વાજબી અને પૂરતી દલીલો, સચોટ વિગતો રજૂ કરવામાં આવતી હોવા છતાં વીજ નિયમનપંચ તરફથી આવી વેપારીજગત, ગૃહ વપરાશકારો તરફથી જે તે બાબતોની વાજબી રજૂઆતો, સાચી રજૂઆતો કરવામાં આવી હોય તેને ધ્યાનમાં લીધા વગર તેને ધ્યાનમાં લીધા વિના• (XXXX) કન્સીડર કરવામાં આવતી નથી, સ્વીકારવામાં આવતી નથી. (XXXX) હું માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે હમણાં જ આપણે જે પી.જી.વી.સી.એલ.ના નિયમો કર્યા એમાં કલમ-૧૩૫ નીચે અરજદાર પોતે વીજ મિટર ધરાવતો હોવા છતાં એના ઉપર ફેકનો કેસ લગાડવામાં આવે અને પછી એના ઉપર અપીલ કરવાની પણ જોગવાઈ નથી. પુન: કનેકશન ચાલું કરવું હોય તો ફોજદારી ફરિયાદ ન કરવા માટે આર્થિક દંડની જોગવાઈ કરવામાં આવી છે. આવા કારણોસર માલ પ્રેક્ટિસ બીઝનૅસનો વ્યાપ વધ્યો છે. આ વીજ નિયમન પંચ લોકો અને સરકાર વચ્ચેની જે વાસ્તવિક વાત છે એ સ્વીકારીને જે નિર્ણય રજૂ કરે એના અનુસંધાને ભાવ વધારવા કે ઘટાડવા એનું નિયમન થતું હોય છે. (XXXX) (XXXX) (XXXX) આવા સંજોગોમાં પુન:વિચારણા કરીને તાજેતરમાં ભાવ વધારવામાં આવ્યા છે એ ઘટાડવા માટે રાજ્ય સરકાર યોગ્ય પગલાં ભરે એવી વિનંતી કરું છું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, દબાણ હટાવવા માટે જિલ્લા પંચાયતોને પૂરતી નાણાકીય વ્યવસ્થા કરવા માટેનો મારો મુદ્દો છે. રાજ્યમાં દબાણ માટે જિલ્લા પંચાયતમાં દબાણ શાખા કામ કરે છે. ગ્રામ પંચાયતો તરફથી જે દબાણ દૂર કરવા માટે પંચાયત ધારામાં જુદી જુદી જોગવાઈઓની રીતે સત્તાઓ આપવામાં આવેલ છે. પણ દબાણ નક્કી કરવાનું કામ જિલ્લા પંચાયતની દબાણ શાખા મારફતે માપણી કરાવવામાં આવે છે, સરવે કરીએ છીએ ત્યારે દબાણ કેટલું થયું છે એ નક્કી કરવામાં આવે છે. જિલ્લા પંચાયતની દબાણ શાખા પાસે પૂરતા પ્રમાણમાં સર્વેયર અને સ્ટાફ ન હોવાના કારણે જે દબાણો થયા છે અથવા જે ગ્રામ પંચાયતો તરફથી દબાણ સરવે કરી એની માપણી કરવાની જ્યારે રજૂઆત જિલ્લા પંચાયતમાં કરવામાં આવે છે ત્યારે જિલ્લા પંચાયતની દબાણ શાખા મારફતે સમયસર એની માપણી થઈ શકતી નથી અને એને પહોંચી શકાતું નથી. મોટા ભાગના કિસ્સામાં દબાણ દૂર કરવાનો મુદ્દો જ્યારે ઊભો થાય છે ત્યારે કોર્ટમાં પણ કિસ્સાઓ જતા હોય છે. એક યા બીજા બહાના નીચે કોર્ટમાં જઈને મનાઈ હુકમ મેળવવામાં આવતો હોય છે. એના કારણે જિલ્લા પંચાયતે પણ કોર્ટમાં જવું પડતું હોય છે અને એ લાંબા સમય સુધી પ્રક્રિયા ચાલે છે અને પરિણામે વકીલોને ફી ચૂકવવામાં પણ જિલ્લા પંચાયતને મોટી નાણાકીય રકમ ચૂકવવી પડતી હોય છે. રાજ્ય

• **(XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

સરકારને હું આપના મારફત કહેવા માગું છું કે જે જિલ્લા પંચાયતની દબાણ શાખા છે એને વ્યવસ્થિત રીતે સંગીન બનાવવામાં આવે, વધારાનો પૂરતો સ્ટાફ, વધારાના સર્વેયરની જોગવાઈ કરવામાં આવે અને જ્યાં જ્યાં દબાણો થયા છે એ દબાણોની વહેલી તકે માપણી થાય અને જગ્યા ખુલ્લી કરવામાં આવે. કોર્ટ કેસ હોય તો એ કેસ લાંબો ન થાય એ પ્રકારની વ્યવસ્થા કરવા માટે રાજ્ય સરકાર જિલ્લા પંચાયતને વ્યવસ્થિત રીતે સ્ટાફથી માંડીને જે જરૂરિયાતો હોય, જે સાધનોની જરૂરિયાત હોય એ તમામ સાધનો પૂરા પાડી અને એ માટે સંપૂર્ણ નાણાકીય વ્યવસ્થા કરે એવો માનનીય મંત્રીશ્રી અને રાજ્ય સરકારને હું અનુરોધ કરું છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દિનેશભાઈ પરમારે ઈલેક્ટ્રિકલ ક્રિમિનેશન માટેની જે વાત કરી એમાં મારે જણાવવું છે કે વર્ષ ૨૦૦૪માં ૧,૨૭,૩૮૪ રૂપિયા જામનગર કોરપોરેશનને આપવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૫માં ૧૬,૧૨,૮૮૫ રૂપિયા આપવામાં આવ્યા હતા.

<#FN/SST૧૩૪૦-U.DOC/FN#>

૫૫ લાખ ૨૨ હજારનું પ્રોવિઝન ૨૦૦૪-૦૫માં કરવામાં આવ્યું હતું. ૨૦૦૫-૦૬માં ૧ કરોડ ૭૧ લાખનું પ્રોવિઝન કરવામાં આવ્યું છે. જે કોઈ પેન્ડિંગ બિલો હશે એ બજેટરી પ્રોવિઝન દ્વારા આપવામાં આવશે. રાજ્ય સરકાર એવું ક્યારેય નથી ઈચ્છતી કે આ બંધ કરવામાં આવે, આ ચાલુ રહેશે. સાચું પૂછો તો મુખ્યમંત્રીશ્રીએ વિભાગને સૂચના આપી છે કે આવતા દિવસોમાં જ્યારે ગેસ દરેક શહેરોમાં આપવામાં આવે ત્યારે ઈલેક્ટ્રિસિટીમાં નહિ પણ ગેસ દ્વારા પણ આવતા દિવસોમાં આ કામગીરી કરવામાં આવે અને સૂચના દ્વારા ત્યાં સુધી કહ્યું છે કે જેજે પ્રાઈવેટ સંસ્થા હોય એમને હ્યુમન ગ્રાઉન્ડ પર આ ગેસ મફત આપવો જોઈએ એવી સૂચના પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપી દીધેલી છે. માનનીય બલવંતસિંહજીએ વાત કરી કે નાના ઉદ્યોગો બંધ થયા છે. ઉદ્યોગ બંધ થવાના ઘણા બધા કારણો હોય છે. ઘણી વખત ટેકનોલોજી ખરાબ હોય છે, ઘણી વખત આર્થિક પરિસ્થિતિ ખરાબ હોય છે, ઘણી વખતે લેબરના પ્રોબ્લેમ હોય છે એવા ઘણા બધા કારણો હોય છે. સરકારે સેલ્સટેક્સ હોય, ઈલેક્ટ્રિસિટી હોય એની અંદર વ્યાજની પણ રાહત આપી છે. લોનમાં પણ ઈન્સ્ટોલમેન્ટ આપવાની ઘણી બધી યોજના બહાર પડતી હોય છે. એટલે સરકારના જે લેણા બાકી હોય છે એની અંદર સરકાર પૂરેપૂરી મદદ કરે છે. આવતા દિવસોમાં નાના ઉદ્યોગોને, ગૃહ ઉદ્યોગને બચાવવા માટે જે કાંઈ મદદ કરવી પડશે એ સંપૂર્ણપણે કરીશું એવી ખાતરી આપું છું. જે પ્રોહિબિશન પોલિસીની વાત કરી જે કહું કે આ પ્રોહિબીશન પોલિસીનું કડકાઈથી અમલીકરણ થાય છે એના કારણે આટલા બધા લોકો પકડાય છે. આજે આપ જુઓ તો ખાલી ૨૦૦૫માં ૯૫,૯૮૯ offences પકડ્યા અને આના કારણે જે મુદ્દામાલ કબજે કર્યો, country liquor કર્યો, foreign liquor કર્યો, rotten gur કર્યો, narcotics કર્યો, વાહનોના કેસ બધું કર્યું. ૬૧,૯૫,૩૯,૪૮૨નું એટેચમેન્ટ રહ્યું હતું. આ સંપૂર્ણપણે બતાવે છે કે આના કારણે કડકમાં કડક અમલીકરણ Prohibition Department દ્વારા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાની જે ચિંતા વ્યકત કરી. માનનીય સભ્યશ્રીએ બે કારણોમાં આપણે બે પૈસા જિલ્લા પંચાયત દ્વારા પણ આપવામાં આવે છે અને ડાયરેકટ વિભાગ દ્વારા પણ કરવામાં આવે છે. જિલ્લા પંચાયત દ્વારા સંપૂર્ણપણે ગ્રાન્ટ આવે છે એને સંપૂર્ણપણે ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવે છે અને એના કામો D.D.O. દ્વારા monitoring કરવામાં આવે છે. જે department કહીએ કે rural development દ્વારા બને એટલું બજેટની અંદર જોગવાઈ કરી આપણે ગામડાંમાં રસ્તા કર્યા છે, પાણી પુરવઠા દ્વારા પાણીની પાઈપલાઈનો નાંખવામાં આવી છે. વીજળી માટે જ્યોતિગ્રામ યોજના દ્વારા ગામડે ગામડે વીજળી, પાણી અને રોડ-રસ્તા કરી નાના ઉદ્યોગો આ ગામડાંમાં સંપૂર્ણપણે develop થાય અને આ ચાલુ પણ થઈ ગયા છે કે ૨૪ કલાક વીજળી હોવાથી ગૃહ ઉદ્યોગ મોટા પ્રમાણમાં ચાલુ થઈ ગયા છે અને એના કારણે રોજગારીની તકો પણ ઊભી થઈ છે.. માનનીય સભ્યશ્રી prohibition માટે સ્ટાફ શોર્ટેઝ છે નહિ, સ્ટાફ શોર્ટેઝ માટે ૧૮૦૦ માણસો Police Department એ Prohibition Department ને ત્રણ વર્ષ માટે deputation માટે આપ્યાં છે અને એના કારણે જ્યારે પણ Prohibition Department માગણી કરે છે ત્યારે Police Department દ્વારા allocation કરવામાં આવે છે, એટલે જરૂર પૂરતો સ્ટાફ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોરે ઘણો ગંભીર આક્ષેપ કર્યો. આક્ષેપ એવો કર્યો કે મુખ્યમંત્રીશ્રીએ આ હાઉસને ખોટા રસ્તે દોર્યું છે. જગદીશભાઈને મેં સાહેબ વિનંતી કરી હતી કે સાંભળવા માટે હાજર રહે પણ માણસ ખોટું બોલે ત્યારે એને guilty bite થતું હોય એટલે એને સાચો જવાબ સાંભળવા માટે એની તૈયારી હોતી નથી એટલે જતા રહ્યાં. માનનીય અધ્યક્ષશ્રી, માફ કરજો એમને ખબર નથી કે Regulatory Commission માં શું અપાય છે. Regulatory Commission ની અંદર કોઈ દિવસ નૂકસાનના આંકડા અપાતા નથી. તમારી મહેસૂલી જરૂરિયાત અપાય છે એટલે કે અમારે આવતા વર્ષે મહેસૂલી જરૂરિયાત આટલી છે અને એના કારણે અમારા વીજળી દર નક્કી કરો એની અંદર મહેસૂલી જરૂરિયાતની અંદર ૮૦૦, માટે reasonable return પણ આપવામાં આવે છે કે અમારું reasonable return on investment છે. ૮૫૧ કરોડ રૂપિયાનું reasonable return હતું એના કારણે ૧૬૨૨ કરોડમાંથી ૮૫૧ કરોડ બાકી કરીએ તો ૭૭૧

બાકી રહ્યાં. આ વર્ષની શરૂઆતમાં આપવામાં આવ્યાં છે. આ જરૂરિયાતના આધારે કે આવતા વર્ષે શું reflect કર્યુ. આનંદ, તમારે રાજી થવું જોઈએ આની અંદર બોર્ડે, ઊર્જા વિકાસ નિગમે પોતાના ખર્ચમાં ૨૧૩ કરોડનો ઘટાડો કર્યો, આ આપ્યા પછી અને આવકમાં ૮.૭ કરોડનો વધારો કર્યો અને એના કારણે આ નફો આવવાનો છે અને આ વર્ષે ૩૧મી માર્ચના ચાલુ વર્ષમાં સો ટકા જે મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે નફો આવવાનો છે એટલે રેગ્યુલેટરી કમિશનને મહેસૂલી જરૂરિયાતના આંકડા આપવામાં આવે છે એટલે પૂરી એમને માહિતી કે ખબર જ નહતી કે, રેગ્યુલેટરી કમિશનનું ફંક્શન શું છે એ જાણ્યા વગર એમણે ખોટી માહિતી અને ખોટી રીતે મુખ્ય મંત્રીશ્રી ઉપર આક્ષેપ કર્યો, હું વિનંતી કરું સભ્યશ્રીઓને કે એમને આ માહિતી આપશે અને ન સમજણ પડે તો મારી પાસે મોકલજો હું એમને અભ્યાસ પૂરો ક્લાસમાં બેસાડીશ એટલે બીજી વખત કાલે ઊઠીને અહીંયા ખોટા આક્ષેપો ના કરે. માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે જજમૅન્ટ ઇસ્યુ કર્યુ કર્મચારીઓનું, મારે કહેવું છે કે, જે કોઈ જજમૅન્ટ આવ્યા છે અને એ અમલીકરણ થાય છે કોઈ વિકલ્પ કરવામાં આવતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી સી.જે.ચાવડાએ જે વાત કરી નંબર વનની, ઘણા બધા વિશે વાત કરી કે, માહિતી મળતી નથી એડમિનિસ્ટ્રેશન દ્વારા. ઉદ્યોગ કમિશનરશ્રી ગુજરાત રાજયે એક ચોપડી બહાર પાડી છે "ઈન્ડિસ્ટ્રીઝ ઈન ગુજરાત-૨૦૦૪" આમાં સંપૂર્ણપણે માહિતી મળે છે અને જો થોડી માહિતી કે રાજય સરકાર કેવુંકામ કરે છે એ પણ જાણવું હોય તો મહારાષ્ટ્રની સરવે બૂક જોઈ લે તો એમાં પણ ગુજરાતની પ્રગતિ વિશે માહિતી મળશે. સભ્યશ્રી ગોવાભાઈએ વાત કરી એ સરક્યુલર ચોક્કસપણે નિકળ્યો છે, એનું અમલીકરણ કરીએ છીએ. જ્યાં કોઈ જગ્યાએ એક જ ગામડામાં જ્યારે બીજી મંડળી ઊભી થાય છે ત્યારે પહેલી મંડળીએ એન.ઓ.સી. આપવું પડે છે અને આજની તારીખમાં સુપરવિઝન કમિટી જે જિલ્લા લેવલે પંચાયતો છે એ મંજૂરી આપે પછી જ થાય છે અને કદાચ જો અન્યાય થયો હોય તો રજીસ્ટ્રાર કો-ઓપરેટીવ સોસાયટીની ઑફિસ ગાંધીનગરમાં ફરિયાદ કરે, એમાં ફરિયાદ સાંભળવામાં આવે છે એટલે ટોટલ ન્યાય આપવાની જોગવાઈ કરેલ છે ( અંતરાય ) આપની સાથે અમે સંમત છીએ, જે કોઈ આવી મંડળીઓ દસ કે પંદર હોય, આપ મંત્રીશ્રીના ધ્યાન પર મૂકજો (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી પરેશભાઈ ધાનાણીએ રેગ્યુલેટરી કમિશન સામે ઘણા આક્ષેપો કર્યા. રેગ્યુલેટરી કમિશન એ કવોસી જયુડિશિયલ બોડી કહેવાય, એમના વિશે આવી રીતે વાત કરીએ, ખોટા આક્ષેપો કરીએ એ વાજબી નથી. મારી વિનંતી છે કે, આપ જરા રેકર્ડ જોઈ લેજો અને આપને લાગે કે આક્ષેપો ના કરાય તો એ રેકર્ડ ઉપરથી દૂર કરજો કે આમની સામે આપણે આક્ષેપ ન કરી શકીએ. જી.ઈ.આર.સી. સામે આપણે ભાવ વધારા માટેની વાત કરી છે પણ તમે જેઓ કે છેલ્લા વર્ષોમાં ક્યારે ભાવ વધાર્યો, કેટલો ભાવો વધાર્યો, એની થોડી વિગતોમાં ગયા હોત તો એ વધારે સારું જાણી શક્યા હોત. એવા કોઈ ભાવ વધારા માટે આપણે કોઈ માગણી કરી નથી, કોઈ ભાવ વધારો કર્યો નથી. આપણી જે કોઈ માગણી છે એ સિસ્ટમમાં ફેરફાર માગ્યો છે. વધારે મારે કહેવું છે કે, આજના છાપામાં જુઓ, ગઈ કાલે જ વિધાનસભામાં બીલ પસાર કર્યુ ૧૨૦ કરોડની જે રાહતો આપી છે ઈલેકટ્રિસિટી ડયૂટીમાં એટલે ભાવ વધારાનો પ્રશ્ન નથી, ભાવ ઘટાડો કર્યો એનાથી લાખો ગ્રાહકોને ફાયદો થયો છે એ બીલ ગઈકાલે જ આપણે પસાર કર્યુ છે પણ એમણે જે કોલસામાં ભાવ વધારો થયો, ફ્રેઈટનો ભાવ વધારો થયો, ગેસનો ભાવ વધારો થયો, કેન્દ્રની નીતિના કારણે વધારો થયો છે એવો કોઈ જ ઉલ્લેખ ન કર્યો પણ રાજય સરકાર વધારે છે એવા જે આક્ષેપો કર્યા એ સાવ ખોટા હતા. બીજું જે દબાણોની વાત કરી સ્પેશિયલ સેલ ઊભો કરવામાં આવ્યો છે. અમદાવાદ, વડોદરા, બનાસકાંઠા, મહેસાણા, પંચમહાલ, ખેડા અને જે કોઈ જરૂરિયાત હોય છે કન્સર્ન ઑફિસરને એને અમે એમની માગણી મુજબ મોકલી આપીએ છીએ. જે જાહેરખબરોની વાત કરી જે કોઈ નૅગેટિવ જાહેરખબરો આવે છે એના કલ્પિંગ હોય એ ગૃહ વિભાગને પણ આગળની કાર્યવાહી માટે મોકલી આપીએ છીએ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૪ - સન- ૨૦૦૬નું ગુજરાત વિનિયોગ વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૪- સન- ૨૦૦૬નું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** :સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૨૪- સન ૨૦૦૬નું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક- ૯

# ગુજરાત વખાર વિધેયક, ૨૦૦૬

**ગુજરાત રાજયમાં અમુક માલને વખારમાં રાખવાનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**શ્રી <#Miભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકાર મંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૦૬નું ગુજરાત વખાર વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૦૬નું ગુજરાત વખાર વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની અલગ સ્થાપના થયા પછી બૃહદ મુંબઈ રાજયના નામે જે કાયદો અસ્તિત્વમાં હતો તેને બદલીને ગુજરાતના નામથી જ ઓળખાવવા માટેના કાયદા તૈયાર કરવાના રાજય સરકારના અભિગમને સાર્થક કરવા માટે ધ વેર હાઉસીંગ કોર્પોરેશન એકટ ૧૯૬૨ જે મુંબઈ વખાર અધિનિયમ તરીકે ઓળખાય છે. તેના બદલે હવે ગુજરાત વખાર અધિનિયમ તરીકે નામાભિધાન કરવા માટેનું વિધેયક છે. મુંબઈ વખાર અધિનિયમમાં જયાં જયાં જે જે કલમમાં મુંબઈ શબ્દનો ઉપયોગ થયો છે તેના બદલે ગુજરાત શબ્દનો ઉપયોગ હવેથી કરવાનો રહેશે. આ અધિનિયમમાં બીજા કોઈ સુધારા નથી. માત્ર મુંબઈના બદલે ગુજરાત કરવાથી આ અધિનિયમનો હેતુ બર આવશે. મારી સભ્યશ્રીઓને વિનંતી છે કે મુંબઈના બદલે ગુજરાત જ કરવાનું છે એટલે વિષય ઉપર બોલીને સર્વાનુમતે બીલને પસાર કરવામાં આવે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, એક વાત સારી છે કે મુંબઈમાંથી આપણે ગુજરાત કરતા હોઈએ ત્યારે આવડું મોટું બીલ આપણે લાવીએ ત્યારે મંત્રીશ્રીએ એમાં પણ જે જુના સુધારા છે એ પણ કરવા જોઈએ. જયારે આપણે નામ બદલતા હોઈએ ત્યારે ઘણી બધી ખામીઓ એમાં પણ હોય છે. ૧૯૬૨માં બન્યું હશે ત્યારે એમાં ઘણા સૂચનો પણ હોય છે એ આમાં ઉમેરો કરવામાં આવે તો બહુ સારી વાત છે. ગુજરાત રાજયના ૪૧ સ્થળોએ ગુજરાત વેર હાઉસીંગનું આમાં કામ થતું હોય છે. આ ગુજરાત રાજય સ્થળ ભાડે આપવાનું અને ગોડાઉન બાંધીને સેવા કરવાનું કામ કરતું હોય છે. એમાં થોડા સૂચનો, આમ તો બહુ સૂચનો છે એટલા માટે કરું કે ખરેખર આ જરૂરી છે. (અંતરાય)

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં શબ્દશઃ ઉપયોગ કર્યો છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : મારું એ જ કહેવું છે.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી, એમને બોલવું હોય એ બોલવા દો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ અધિનિયમમાં અન્ય કોઈ સુધારા નથી. પછી શું બોલવાનું હોય?

**અધ્યક્ષશ્રી** : એમની લાગણી એવી છે કે ભવિષ્યમાં સુધારા કરો તો આ ધ્યાને રાખજો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : હાજી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આપણે નામ બદલ્યું છે. આવું બિલ લાવતા હોય તો થોડો ફેરફાર કરીએ તો સારું રહે. કલમ નં. ૪ ની ૧ માં વખારના કામકાજ માટેના લાઈસન્સ માટેની અરજી કર્યા પછી અધિકારી લાઈસન્સ આપશે તે અંગેની કોઈ સ્પષ્ટતા કરી નથી. કેટલી ફી લેવામાં આવશે તે અંગે સ્પષ્ટતા કરી નથી. સાથે મારે વિનંતી કરવી છે કે કલમ-૫ હેઠળ જ્યાં વખાર લાઈસન્સ માટે જામીનગીરી જે લેવામાં આવે છે, તે ખેત ઉત્પાદન સંઘમાં આજે પણ જામીનગીરી લેવામાં આવતી નથી. ખરેખર કલમ-૫ છે તે ખાસ કરીને દૂર કરવી જોઈએ અને કલમ-૧૪ હેઠળ વખાર રક્ષકમાં આવેલ માલ નુકસાન માટેની એક પણ જવાબદારી ઘડવામાં આવી નથી, તો આ વખાર રક્ષક બાબતમાં ફરજો હેઠળ મુકવામાં આવે તેવી મારી વિનંતી છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ભવિષ્યમાં જ્યારે પણ સુધારા સાથે આવીશ ત્યારે માનનીય સભ્યશ્રીએ સૂચન કર્યુ છે એને ચોક્કસ ધ્યાનમાં લઈશ.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

---

- **વિધેયક તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૦૬નું ગુજરાત વખાર વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૪૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૦૬નું ગુજરાત વખાર વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી .** : સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૦૬નું ગુજરાત વખાર વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૦

## ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ વિધેયક, ૨૦૦૬

શૈક્ષણિક ટ્રિબ્યુનલોને લગતા કાયદા એકત્રિત કરવા અને તે સુધારવા જેથી કરીને તેમાં એકરૂપતા આવે અને રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓના અધ્યાપકીય અને બિન-અધ્યાપકીય સ્ટાફના સભ્યોની સેવાની શરતોને લગતી તકરારોનો નિર્ણય કરવાના હેતુ માટે ટ્રિબ્યુનલની રચના માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૦૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૦૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** :ગુજરાતમાં શૈક્ષણિક સેવા ટ્રિબ્યુનલો ૬ છેઃ ગુજરાત યુનિવર્સિટી સર્વિસીસ ટ્રિબ્યુનલ, ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન ટ્રિબ્યુનલ, ગુજરાત પ્રાથમિક શિક્ષણ ટ્રિબ્યુનલ, ગુજરાત હાયર સેકન્ડરી એજ્યુકેશન ટ્રિબ્યુનલ, ગુજરાત એફિલિયેટેડ કોલેજ સેવા ટ્રિબ્યુનલ અને ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન ટ્રિબ્યુનલ આમ ૬ ટ્રિબ્યુનલ ગુજરાતની અંદર અસ્તિત્વ ધરાવે છે.

આમ છ ટ્રિબ્યુનલો ગુજરાતમાં અસ્તિત્વ ધરાવે છે. આ જે છ ટ્રિબ્યુનલો છે તે જુદા જુદા અધિનિયમ હેઠળ ઉભી થયેલ છે અને દરેક ટ્રિબ્યુનલ સ્વતંત્ર છે. આ દરેક ટ્રિબ્યુનલમાં એક જ વ્યકિતની ટ્રિબ્યુનલ તરીકે નિમણૂક થાય છે અને તે ન્યાયિક સેવા અને ન્યાયિક અનુભવ ધરાવતી વ્યકિતથી ભરવાની જોગવાઈ છે. તેમાં વહિવટી સેવા અનુભવ ધરાવતી વ્યકિતની નિમણૂક કરવાની જોગવાઈ ન હતી. જે રાજય સરકારની સર્વિસ ટ્રિબ્યુનલમાં આવી જોગવાઈ છે તે મુજબ જોગવાઈ કરવી જરૂરી હતી. રાજયમાં શિક્ષણ વિભાગના નિયંત્રણ હેઠળ સિવાયની ટ્રિબ્યુનલોમાં ટ્રિબ્યુનલના અધ્યક્ષ અને બીજાઓની ટ્રિબ્યુનલના સભ્યો તરીકે નિમણૂક થાય તેવી જોગવાઈ છે. તેથી આમાં પણ આવી જોગવાઈ લાગુ પાડવી જરૂરી બની છે. શિક્ષણ વિભાગની આ ટ્રિબ્યુનલમાં નિમણૂકની મુદત, સવલતો અને સ્ટાફ પેટર્નમાં કોઈ એકસૂત્રતા નથી તેથી એકસૂત્રતા લાવવી પણ જરૂરી છે. હાલમાં દરેક ટ્રિબ્યુનલમાં નિમણૂક પામેલ જજશ્રી તેમજ ટ્રિબ્યુનલ પૂરતી કામગીરી કરે છે તેમને અન્ય ટ્રિબ્યુનલોની કામગીરી સોંપી શકાય નહીં. આથી એક વોટર ટાઈટ કંપાર્ટમેન્ટ જેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. ઉપરોકત સંજોગો જોતાં દરેક ટ્રિબ્યુનલમાં અલગ અલગ પ્રકારના ચુકાદાઓ આવે છે અને તે ચુકાદાઓમાં એકસૂત્રતા રાખી શકાતી નથી. કારણકે દરેક ટ્રિબ્યુનલ વ્યકિતગત રીતે કામ કરે છે. આ પરિસ્થિતિનું નિવારણ દરેક ટ્રિબ્યુનલમાં બે જજશ્રીની નિમણૂક કરવી જરૂરી બનેલ છે અને જો ચુકાદો આપતાં પહેલાં અથવા તો ત્યારબાદ પણ કોઈ નીતિ વિષયક પ્રશ્ન ઉભો થાય તો ત્રણ જજશ્રીની ટ્રિબ્યુનલ બનાવી શકાય અને યોગ્ય હુકમો

* વિધેયક તા.૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૬ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

થઈ શકે તેવી વ્યવસ્થા છે. કૉમન ટ્રિબ્યુનલ એક બનાવવાથી નિમણૂક પામતા જજશ્રીઓ જરૂરિયાત મુજબ અને ટ્રિબ્યુનલના અધ્યક્ષશ્રીના આદેશ મુજબ અલગ અલગ વિષયની કામગીરી સંભાળી શકે છે. દા.ત. પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને યુનિવર્સિટીને લગતી. અનુભવે એવું જણાયું છે કે રાજય સરકારના સેવા વિષયક પ્રશ્નો અંગે સિવિલ સર્વિસીસ ટ્રિબ્યુનલ કામગીરી કરી રહી છે અને તેના ચુકાદાઓના અનુસંધાને ગુજરાતની વડી અદાલતમાં જવાના કિસ્સાઓ જૂજ સંખ્યામાં નોંધાયા છે. કારણકે આ ટ્રિબ્યુનલમાં વહિવટી જ્ઞાન ધરાવતા અધિકારીને પણ ટ્રિબ્યુનલ તરીકે મૂકવામાં આવે છે. આવી જોગવાઈ શિક્ષણ વિભાગની સૂચિત ટ્રિબ્યુનલમાં કરવામાં આવી છે અને આ સૂચિત ટ્રિબ્યુનલમાં વહિવટી જ્ઞાન ધરાવતા અધિકારીની નિમણૂક થવાથી સરકાર પક્ષે અધિકારીઓ દ્વારા કેસના બચાવમાં જે ઠરાવો અને પરિપત્રોનો સંદર્ભ આપી દલીલો કરવામાં આવે છે અને તે અનુસંધાને ટ્રિબ્યુનલ તરીકે વહિવટી અધિકારી પણ કામ કરતા હોય તો બંને પક્ષે અર્થઘટનના પ્રશ્નો ઓછા થાય છે અને તેના કારણે ટ્રિબ્યુનલના હુકમો બાદ વડી અદાલતમાં જવાના કેસોની સંખ્યા ઘટી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે સૂચિત ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રિબ્યુનલની રચના ગુજરાત સિવિલ સર્વિસીસ ટ્રિબ્યુનલના ધોરણે કરવાનું નક્કી કર્યુ છે અને તે મુજબ હાલમાં સિવિલ સર્વિસીસ ટ્રિબ્યુનલમાં અધ્યક્ષશ્રી અને રાજય સરકાર નક્કી કરે  તેટલા સભ્યોને નિમણૂક આપવાની જોગવાઈ છે અને તે મુજબ બેંચ બનાવીને ટ્રિબ્યુનલ તેનું કાર્ય કરશે. સૂચિત ટ્રિબ્યુનલમાં સિવિલ સર્વિસીસ ટ્રિબ્યુનલના ધોરણે ન્યાયિક અને શાસકીય અનુભવ ધરાવતી વ્યકિતની નિમણૂક કરવાની જોગવાઈ છે. સૂચિત શિક્ષણ ખાતા હેઠળની ટ્રિબ્યુનલમાં ડિસ્ટ્રિક્ટ જજ અને વહિવટી અનુભવ ધરાવતા સભ્યોની નિમણૂક થવાના કારણે તેમના ચુકાદાઓને ન્યાયિક રીતે યોગ્ય વેઈટેજ પ્રાપ્ત થશે. તેથી આ ચુકાદાઓ સામે ઉપલી અદાલતમાં અપીલો થવાની સંખ્યામાં ઘટાડો થશે. ન્યાયિક સેવા તથા વહિવટી સેવા બંનેમાંથી સમાંતર નિમણૂક કરવામાં આવશે જેથી બંને ક્ષેત્રનું જ્ઞાન ધરાવતા ટ્રિબ્યુનલ ઉપલબ્ધ બનશે. જોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે જ નિમણૂક કરી શકાશે. બીજા પાંચ વર્ષ માટે બીજી ટર્મ માટે નિમણૂક આપી શકાશે. પરંતુ ત્રીજી ટર્મ માટે કોઈપણ સંજોગોમાં નિમણૂક આપી શકાશે નહીં. થયેલ નિમણૂકોમાં ન્યાયિક ક્ષેત્રમાંથી અથવા આવતા ટ્રિબ્યુનલ કે જે બધાનાથી સિનિયર હોય તે ટ્રિબ્યુનલના પ્રમુખ તરીકે કામગીરી કરશે અને બાકીના ટ્રિબ્યુનલો પાસેથી પ્રમુખ કામ લઈ શકશે. વહિવટી કામગીરી માટે એક ઑફિસ રચવાની રહેશે અને તેમની પાસેથી પ્રમુખશ્રી કામગીરી લેશે. તેથી પણ યોગ્ય રીતે કામગીરીની વહેંચણી થઈ શકશે. આ ટ્રિબ્યુનલનું મુખ્ય મથક કયાં રાખવું તે હવે પછી નક્કી કરવામાં આવશે. આ ટ્રિબ્યુનલની હકૂમત ગુજરાત રાજય રહેશે. આ કાયદા નીચે યોગ્ય વિનિમયો રાજય સરકાર તરફથી ઘડવામાં આવશે. જયાં સુધી આ વિનિમયો બહાર પાડવામાં ન આવે ત્યાં સુધી હાલના ટ્રિબ્યુનલ પૈકી એક ટ્રિબ્યુનલના વિનિમયો કામચલાઉ ધોરણે સ્વીકારવાના રહેશે. આ કેસમાં બે ટ્રિબ્યુનલના વિરોધાભાસી અભિપ્રાય હોય તેવા કેસમાં પ્રમુખશ્રી સમક્ષ રેફરન્સ કરવાની જોગવાઈ છે અને તે મુજબ નિર્ણય કરવામાં આવશે. જો કોઈ કેસમાં રાજય સરકારને વધારે અસરકર્તા નીતિ વિષયક બાબતો હોય તેવા કેસમાં રાજય સરકારના અધિકારીને સાંભળીને ત્યારબાદ ટ્રિબ્યુનલ નિર્ણય લેશે. ટ્રિબ્યુનલને રીવ્યુ કરવાની પણ સત્તા આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્રિબ્યુનલ તરફથી આપવામાં આવેલા ચુકાદા દિવાની કોર્ટમાં પડકારી શકાશે નહીં, આ ટ્રિબ્યુનલને દીવાની કોર્ટની જે સત્તાઓ મળી છે તે સત્તાઓ આપવામાં આવેલી છે જેમાં સંબંધિતોને હાજર રાખવાની ફરજ પાડવી, સોગંધનામુ કરાવવું, દસ્તાવેજો રજૂ કરાવવા, ફરમાન આપવું, જુબાની લેવી વગેરે બાબતોનો સમાવેશ થાય છે, આ ટ્રિબ્યુનલ અંગેનો અધિનિયમ પસાર થતાં હાલની ટ્રિબ્યુનલમાં પડતર કેસોમાં જે તે પરિસ્થિતિમાં આપોઆપ આ નવી ટ્રિબ્યુનલને તબદીલ થયેલ ગણાશે. ટ્રિબ્યુનલની કામગીરીમાં પણ વિશાળ સત્તાઓ અને હકૂમતો આપવામાં આવી છે જૂના કાયદામાં માત્ર શાળા સંચાલકો અને કર્મચારી વચ્ચેની ખાનગી તકરારના વિવાદોની હકૂમત હતી, નવા કાયદામાં તેનો વ્યાપ વધારીને જિલ્લા શિક્ષણાધિકારીના હુકમના વિવાદો સાંભળવાની જોગવાઈ પણ કરવામાં આવી છે, આ ઉપરાંત સરકારી ઠરાવોની  અર્થઘટનની  કાનૂની જોગવાઈ કરવાની પણ આ વિધેયકની અંદર કરવામાં આવી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, જે શિક્ષકો સમાજનું ઘડતર કરે છે એ શિક્ષકોના સેવાના ક્ષેત્રોને આવરી લેતા આ મહત્ત્વના બિલ ઉપર મારો અભિપ્રાય આપવા માટે હું ઊભો થયો છું

**માનનીય અધ્યક્ષશ્રી, આપણી સાંસ્કૃતિક પરંપરાઓ તો એ છે કે, ગુરુઓને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે, જ્યારે એમને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું હોય ત્યારે  એમના માન, સન્માન અને એમની મર્યાદા છે એ ખૂબ જ મહત્ત્વના છે. માનનીય અધ્યક્ષશ્રી, વખતો વખત પે-કમિશનો આવ્યાં અને પે કમિશનોના કારણે જે શિક્ષક બિચારો કહેવાતો હતો એ શિક્ષક સમાજમાં મોભાદાર રીતે અને માનભેર રહી શકે એ પ્રકારના પે સ્કેલો એમને આપવામાં આવ્યા છે એના કારણે આજે જે અમુક વર્ષો પહેલાં શિક્ષકોના જે પગાર ધોરણ હતા  એ પગાર ધોરણો અને સેવાઓ એ ઓછા હતા એમાં ઘણો બધો સુધારો થયો.**

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જે ગ્રાન્ટ લેતી સંસ્થાઓ હોય કે ખાનગી સંસ્થાઓ હોય એ સંસ્થાઓમાં પણ સંચાલકોના દયાના આધારે શિક્ષકો કામ કરતા હતા. શિક્ષણ જગતની સાથે મેં પણ લગભગ વીસ વર્ષ સક્રિયપણે કામ કર્યુ છે, માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ આજ દિવસ સુધી આ શિક્ષણના કામ સાથે

સક્રિયપણે જોડાયેલા છો, આપે પણ આ બધા તબક્કાઓ પસાર કરેલા છે, એક સમય એવો હતો કે સંચાલક નક્કી કરે કે કાલ સવારથી ન આવતા ત્યારે એ શિક્ષક બીજા દિવસે એ શાળાનો કે કૉલેજનો દરવાજો જોઈ શકતો નહીં, એના પછી ગ્રાન્ટના નવા નિયમો આવ્યા, નીતિઓ ઘડાઈ અને નીતિઓ ઘડાયા પછી શિક્ષકોને ડાયરૅક્ટ પેમેન્ટમાં મૂક્યા, આખા ભારતમાં કદાચ આપણું રાજય એવું હશે કે જ્યાં શિક્ષકોને સરકારી ગ્રાન્ટ લેતી હોય એ શાળાઓ હોય, કૉલેજો હોય એમને એમના સીધા જ ખાતામાં એને પગાર મળે છે, એના પગાર માટે એને કોઈની દયા ઉપર જીવવું પડતું નથી અને એને કારણે શિક્ષકો છે એને સ્વમાનભેર જીવવા આ અધિકારો પણ અપાયા, માનનીય અધ્યક્ષશ્રી, સરકારીકરણ જ્યાં છે ત્યાં શિક્ષણમાં જે એની પ્રગતિ થવી જોઈએ એ થતી નથી પણ આપણા રાજયમાં એવી પરિસ્થિતિ કરાઈ કે શિક્ષકોને પગાર સીધો મળે જ પણ સાથે સાથે પ્રજાકીય અવાજ રહે, પ્રજાના પ્રતિનિધિઓ આ શિક્ષણના કાર્યમાં સક્રિય રસ લે એટલા માટે બાકીની બાબતમાં સંચાલક મંડળ છે એને પણ કેટલાક અધિકારો આપવામાં આવ્યા, જ્યાં સુધી લાગેવળગે છે એકેડેમિક બાબતોને ત્યાં સુધી એકેડેમિક બાબતની વાત આવે તો એમાં યુનિવર્સિટીઓ અને એના મંડળો એ નિર્ણય લે એ પ્રકારની ઉમદા વ્યવસ્થા આપણા પૂર્વજોએ વિચારેલી અને એમાં પણ વખતો વખત શિક્ષકને કોઈ જગ્યાએ ફરિયાદ કરવાની વાત આવે તો ફરિયાદ કરવા માટે કોર્ટ કચેરીના ધક્કા થતા હતા એના નિવારણ માટે પણ વખતો વખત આપણે ત્યાં જુદા જુદા એકટ દ્વારા એની ટ્રિબ્યુનલ બનાવીને રચના કરવામાં આવી, ૧૯૮૨થી શરૂ કરીને બીજી ૬ ટ્રિબ્યુનલની રચના થઈ. એ રચના પણ વિવિધ તબક્કામાં થઈ છે અને એના કારણે શિક્ષકોને કોઈ અન્યાય થાય તો એના માટે રચાયેલી ટ્રિબ્યુનલમાં એ જાય અને ન્યાય માગે અને સમયસર એને ન્યાય મળે. શિક્ષકોને આપણે સન્માન ન આપીને એને બિચારો બનાવીશું તો આપણે જે રાજયનું મિશન નક્કી કર્યું છે એ મિશનને પ્રાપ્ત કરી શકીશું નહીં. અહીંયા ગુજરાતમાં આપણું હાયર એજ્યુકેશન હોય કે પ્રાથમિક એજ્યુકેશન હોય દરેકમાં પાછળ છીએ એના માટે શિક્ષકોને ચાલક બળ પૂરું પાડવાની જરૂર છે. લિટરસીમાં મેં કહ્યું તેમ આપણે ૧૫માં સ્થાને છીએ અને હાયર એજ્યુકેશનમાં આજે રાજય જે કારભાર સંભાળે છે એમાં પણ આપણે પાછળ છીએ. ગુજરાતની અંદર ઘણાં બધા ક્ષેત્રનો વિકાસ થયો છે પણ આઈ.ટી. ક્ષેત્રમાં વિકાસ એટલા માટે નથી થયો કે આપણું હાઈય એજ્યુકેશન છે એમાં આઈ.ટી.ના અભ્યાસ ક્રમો દ્વારા કે બીજા સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજીના અભ્યાસ ક્રમો દ્વારા જે ગતિ આપવી જોઈએ એ અપાતી નથી એટલે અહીં સારા શિક્ષકોને સારી શરતોથી લાવવા માટે આકર્ષણ પૂરું પાડવું જરૂરી છે. બહારના શિક્ષકો, બીજા રાજયના શિક્ષકો દોડીને અહીં આવે એવું વાતાવરણ ઊભું કરવાની જરૂર છે. આ બિલ લાવ્યા છે એ પ્રાઈમરી એજ્યુકેશનમાં જે ગ્રાન્ટ ન લેતી ખાનગી શાળાઓ છે જે શિક્ષકોનું શોષણ કરે છે એના માટે લાવ્યા હોત તો મેં જરૂરથી એને આવકાર્યું હોત. આજે આપણે ત્યાં ખાનગી સ્કૂલો છે એમાં શિક્ષકો ૫૦૦ રૂપિયામાં નોકરી કરે છે અને સંચાલક મંડળ છે એ તગડો નફો કરે છે એના ઉપર કંટ્રોલ મૂકવાની વાત નથી. ખાનગી માધ્યમિક શાળાઓ ગ્રાન્ટ લેતી નથી અને તગડી ફી લે છે એ પણ એના શિક્ષકોને ૧૦૦૦ થી માંડીને ૨૦૦૦ રૂપિયા પગાર આપે છે એના માટે બિલ લાવ્યા હોત તો હું એમ માનત કે જે શોષણ કરે છે એ શોષણ અટકાવવા માટે સારું કામ થયું છે. પણ એના માટે કોઈ પણ નિયંત્રણ નથી થયું. પ્રાઈમરી સ્કૂલ ખાનગી ધોરણે ચાલતી હોય ત્રણ માળિયા મકાનમાં કે ચાર માળિયા મકાનમાં, રમત-ગમતનું મેદાન ન હોય, બગીચો ન હોય એના માટે કોઈ જોગવાઈ નથી અને એના શિક્ષકો છે એનું શોષણ ચાલુ રહેવાનું છે. જે તગડી ફી લઈને અને પ્રાઈમરી એજ્યુકેશન પછીના બીજા કોર્સીસ ચલાવતા હોય, ધોરણ ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ના જે શિક્ષકો છે એના માટેના રક્ષણની જોગવાઈ નથી અને જોગવાઈ હોય તો એનો કોઈ અમલ થતો નથી. આખા રાજયની પ્રજાને ખબર છે કે આ લોકોને ૫૦૦ રૂપિયાથી માંડીને ૨૦૦૦ રૂપિયા સુધીનો પગાર અપાય છે. એ પગાર એને ડાયરૅક્ટ અપાય એવી બિલમાં કોઈ સરકાર જોગવાઈ કરવા માગતી નથી. આમાં તો લૂંટ કરવાની છૂટ અપાય છે. સરકારની ગ્રાન્ટથી જે સંસ્થાઓ ચાલે છે અને જે શિક્ષકો છે એ સ્વમાનથી જીવે છે એનું સ્વમાન લઈ લેવા માટે અને ગુલામીનું ખત શિક્ષકો પાસે લખાવવા માટેનું આ બિલ લઈને આવ્યા છે. શિક્ષકોને કહેવામાં આવશે કે તમે કામ કરો, અમે કહીએ એ જગ્યાએ જાવ, અમે ઈચ્છીએ એવા નિર્ણયો લઈએ પણ અમારી સામે કોઈ આંગળી ઊંચી ન કરી શકે. આ પ્રકારની જોગવાઈ આ બિલમાં મૂકાઈ છે.

અત્યારે ભલે પાંચ ટ્રિબ્યુનલ હોય કે છ ટ્રિબ્યુનલ હોય, છ એ છ ટ્રિબ્યુનલો પોતાના ક્ષેત્રો જે છે એના અધિકાર હેઠળના ક્ષેત્રમાં જે સેવાની શરતો છે એ શરતો પ્રમાણે એને નિર્ણય લેવાના. પ્રાથમિક શાળાના શિક્ષકો છે એની શરતો જુદી છે, પ્રાથમિક શિક્ષકો માટેની ટ્રિબ્યુનલ એના માટેનો નિર્ણય લે, એ જ રીતે માધ્યમિક, એ જ રીતે યુનિવર્સિટીઓ, એ જ રીતે કૉલેજો એ જ રીતે વહિવટી કર્મચારીઓ છે એમના માટે, બધા માટે અલગ અલગ ટ્રિબ્યુનલો છે અને અલગ સેવાના નિયમો છે એટલા માટે અલગ અલગ બનાવેલી છે અને સાચી વાત એ છે કે આ ટ્રિબ્યુનલ છે એના ટ્રિબ્યુનલના ચેરમેન તરીકે એવા લોકો બેઠા છે કે જે હાઈકોર્ટ જજ રિટાયર્ડ થયેલા હોય અથવા તો હાઈકોર્ટ જજ થવાની પાત્રતા ધરાવતા હોય એવા લોકો હોય છે એટલે સરકાર કહે એમ ચુકાદા એ લોકો આપતા નથી એ તો જે શિક્ષકો માટેની સેવાના નિયમો છે એ નિયમો પ્રમાણેજ આપે. પરંતુ સરકાર ઇચ્છે છે એવી રીતે કે અમે કહીએ એ પ્રમાણે તમે ચુકાદા આપો એ ન આપે એટલા માટે

આ એક સરકારના વિભાગ તરીકે કામ કરે એવું એક બિલ લઈ આવી અને એવી ટ્રિબ્યુનલ નામ પૂરતી બનાવવા માગે છે એટલા માટે આ કાયદો આવ્યો છે. અત્યાર સુધી શિક્ષકોએ ફરિયાદ નથી કરી કે આ ટ્રિબ્યુનલ અમને ન્યાય નથી આપતી આ એક પણ ટ્રિબ્યુનલોએ એમ કહ્યું નથી કે અમને આ પ્રકારની ટ્રિબ્યુનલ નવી ટ્રિબ્યુનલ આપો. ટ્રિબ્યુનલનો કાયદો એટલા માટે લઈને આવ્યા છે કે આ ટ્રિબ્યુનલ તો એવી સુનાવણી કરે છે કે જેમાં શિક્ષણ મંત્રી હોય, શિક્ષણ સચિવ હોય કે ક્યારેક મુખ્ય સચિવ હોય એમને પણ સુનાવણી સમયે એમનો જવાબ આપવા માટે આવવાની ફરજ પડે એવા મજબૂત આધાર બળ વાળી ટ્રિબ્યુનલ હતી એને નાબૂદ કરવા માટે આ ટ્રિબ્યુનલ લાવવામાં આવી છે અને કેવી જોગવાઈ કરી કે આ ટ્રિબ્યુનલના ચેરમેન તરીકે કે મેમ્બર તરીકે સચિવ કક્ષાના અધિકારીને બેસાડી શકાય. સરકારની અંદર ઉચ્ચ શિક્ષણ કમિશનર હોય કે કમિશનર હોય કે સેક્રેટરી હોય કે પ્રિન્સિપાલ સેક્રેટરી દરજ્જાની વ્યકિત હોય અને ત્યાં બેસે એ સચિવ કક્ષાના અથવા તો રિટાયર્ડ સચિવ હોય એમને બેસાડે અથવા તો એમાં ઓર પણ રાખ્યું છે કે એમાં ડિસ્ટ્રિક્ટ જજ કક્ષાની વ્યકિતને બેસાડી શકે પણ આ સરકાર કોઈ દિવસ ડિસ્ટ્રિક્ટ જજને લઈ આવી અને એમને બેસાડે નહિ એમનો ઇરાદો સચિવ કક્ષાના અધિકારીને બેસાડી અને અહીંયાથી હુકમ કરે કે આ પ્રકારના હુકમો તમે લખી આપજો એવી વ્યકિતને બેસાડવા માટે આ બિલ લઈને આવેલા છે એની અંદર સૌથી મહત્ત્વની જોગવાઈ એવી કરી છે કે સરકાર ઇચ્છે તો જ સુનાવણી થઈ શકે સરકારની સામે. પહેલેથી જ નક્કી કરેલ છે કે સરકારની સામેની સુનાવણીમાં સરકાર કહે કે આમાં જરૂરી છે તો જ સુનાવણી કરવાની તો પછી આ ટ્રિબ્યુનલનો અર્થ શું રહેવાનો છે? માત્રને માત્ર શિક્ષકોને સાંભળી લેવાના એને અહીંયા આવે એટલે. અત્યારસુધી એવું હતું કે, એમાં સ્ટૅમ્પ કે બીજી કોઈ ટિકિટ લગાવવાની જોગવાઈ નહોતી, હવે તો સ્ટૅમ્પ લગાવવાની, ટિકિટ લગાવવાની, ખરચા કરવાના, બધું કરવાનું અને છતાંયે ટ્રિબ્યુનલની અંદર ટ્રિબ્યુનલના પ્રૅસિડેન્ટ કહે એ પ્રમાણે નહિ પણ સરકાર કહે કે આ સુનાવણી જરૂરી છે તો જ સુનાવણી થઈ શકે નહિ તો સરકાર સામે સુનાવણી થઈ શકે નહિ એટલા માટે જે શિક્ષકો છે એ શિક્ષકોની ગુલામીના ખત જેવો આ એકટ આવેલ છે અને બીજી અનેક જોગવાઈ એવી છે કે જે જોગવાઈ શિક્ષકોને ન્યાય આપી શકે એવી આની અંદર કોઈ જોગવાઈ મૂકી નથી મને એ સમજાતું નથી કે આ પાંચ કે છ ટ્રિબ્યુનલ હતી એ ટ્રિબ્યુનલની જગ્યાએ આ ટ્રિબ્યુનલ લઈ આવવાની જરૂર કયાં પડી? એટલા માટે કે જૂના જે નિમણૂંક પામેલા અત્યારની ટ્રિબ્યુનલોના ચેરમેન છે એની મુદત ટૂંકાવી શકવાની જોગવાઈ નથી એટલા માટે અથવા તો એ પોતે કહે એ પ્રમાણે ચુકાદા નથી લખી આપતા એના કારણે અથવા તો શિક્ષકો છે એ રાજયના શિક્ષકો સ્વતંત્ર છે અને કોઈપણ કાયદા પ્રમાણે ન્યાય ન મળી શકે. ના ટ્રિબ્યુનલમાં મળે કે ના દીવાની કોર્ટો જે છે તેની અંદર જવાનો અધિકાર તો લઈ લેવામાં આવ્યો છે. જ્યારે અધિકાર લેવામાં આવ્યો હોય તો ટ્રિબ્યુનલ પાસે દીવાની કોર્ટો જેવી સત્તા હોય એવી ટ્રિબ્યુનલ હોવી જોઈએ. તે ટ્રિબ્યુનલની અંદર આ એક સરકારી વિભાગથી વિશેષ કશું નથી. એટલા માટે ભલે આજે રાજય સરકારને એમ લાગતું હોય કે અમે શિક્ષકોને નમાવવા માટે ટ્રિબ્યુનલનો વારંવાર ઉપયોગ કરીશું પણ તેનાથી રાજયનો સાક્ષરતાનો દર વધશે નહીં. રાજયના યુવાનો છે તેને જે મજબૂત જ્ઞાનથી સમૃદ્ધ કરવાના છે તેને સમૃદ્ધ કરી શકાશે નહીં અને રાજયનું intellectual property છે આપણી intellectual લોકો છે તેને જે મોકળાશ આપવી જોઈએ તે મોકળાશ આપી શકીશું નહીં અને આનાથી શિક્ષકોની અંદર નિરાશા વ્યાપશે. તેને કોઈ પણ પ્રકારના ન્યાય મેળવવાના તમામ અધિકારો છે તે અધિકારોથી વંચિત રહેવાના છે અને શોષણ છે તે સૌથી વધારે થશે એટલે આ બિલમાં કોઈ સંજોગોમાં સંમત થઈ શકાય નહીં. હું આપના મારફતે પણ વિનંતી કરીશ કે આ બિલ છે તેની અંદર ભલે એક ટ્રિબ્યુનલ બનાવે પણ તેના મેમ્બર કે ચેરમેન તરીકે માત્ર અને માત્ર ડિસ્ટ્રિક્ટ જજની કક્ષાના અથવા તો હાઈકોર્ટ જજને લાયક વ્યકિત હોય એવી વ્યકિતઓને નીમવા જોઈએ. સુનાવણીનો અધિકાર છે તે સરકારને કોઈ સંજોગોમાં હોઈ શકે નહીં. તે અધિકાર તો ટ્રિબ્યુનલનો પોતાનો છે. તે તેમની પાસે રહેવો જોઈએ અને આ બધા સુધારા માટે આ બિલ છે તે કાં તો પડતું મૂકે નહીંતર તો પ્રવર સમિતિને સોંપે એવી વાત સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ગુજરાત શૈક્ષણિક સેવા સંસ્થા ટ્રિબ્યુનલ વિધેયક ૨૦૦૬ લઈને આવ્યા છે તેને હું અભિનંદન આપું છું, હું અનુમોદન આપું છું અને તે અંગે મારા વિચારો વ્યક્ત કરું છું.

ગુજરાતમાં છ ટ્રિબ્યુનલો અલગ અલગ સ્થાને કામ કરે છે અને આ ટ્રિબ્યુનલોમાં જે કાયદા હેઠળ આવતા કેસો એટલે કે કર્મચારીઓની સેવાને લગતા વિવાદોનો ન્યાય અને નિર્ણય આ ટ્રિબ્યુનલોમાં થાય છે. અર્જુનભાઈએ કહ્યું કે બિચારો શિક્ષક, મને બહુ દુ:ખ થતું હતું કે શિક્ષકને તો બિચારો બનાવી દીધો હતો તેમાંથી બહાર આવી શકે. શિક્ષકના સમય, શકિત અને પૈસાનો બચાવ થાય એટલા માટે આ નિર્ણય ખૂબ અગત્યનો છે એમ હું માનું છું. હું શિક્ષણ ક્ષેત્રે કાર્યરત છું જેથી હું આ બાબતે જાણું છું તે મુજબ અલગ અલગ ટ્રિબ્યુનલોમાં અલગ અલગ જગ્યાએ અને અલગ અલગ રીતે આ ટ્રિબ્યુનલો કામ કરે છે. જો આવા વિકેન્દ્રીકરણના કારણે જે સમય, શકિત અને પૈસાનો વ્યય થાય છે તેમાં ક્યારેક તો એવું બને છે કે, તેમાં સભ્યશ્રી એટલે કે ન્યાયાધીશ ના હોય તો તેને કારણે નવી નિમણૂક ના થાય ત્યાં સુધી આ ન્યાયિક પ્રક્રિયા છે. તે

ન્યાયિક પ્રક્રિયા ટલ્લે ચડે છે, ઠપ્પ થઈ જાય છે અને મારી માહિતી મુજબ ટ્રિબ્યુનલો પાસે બહુ કામ પણ નથી. મને લાગે છે કે આ વિધેયકની ચર્ચા કરતા પહેલાં વિપક્ષના નેતા જો આ ટ્રિબ્યુનલના કેટલાક કેસ જોઈ ગયા હોત તો તેમણે જે વાત કરી છે તે કદાચ ના કરત. પરંતુ બિન જરૂરી મુદ્દતો લેવાને કારણે કે પક્ષકારોની પણ સક્રિયતા ના હોવાને કારણે આ કામમાં ઝડપ નથી આવતી અને કેસોનો કહેવાતો ભરાવો તે માત્ર દેખાવ પૂરતો કરાતો હોય છે. આ તમામ બાબતોને આપણે જોઈએ એક તરફ વાપી હોય, એક તરફ દ્વારકા હોય, બીજી તરફ પૂના હોય અને એક તરફ ઉત્તર ગુજરાત હોય તો આ તમામ જગ્યાના જે કર્મચારીઓ છે તે કર્મચારીઓના હિતમાં જે હાલ પ્રક્રિયા છે તે હાલની પ્રક્રિયા હોતી નથી. અલગ અલગ ટ્રિબ્યુનલો દ્વારા અલગ અલગ પ્રકારના નિર્ણયોથી જબરી દ્વિધા પ્રવર્તે છે અને અનેક કર્મચારીઓ આવા કારણોથી યોગ્ય સ્પષ્ટતા અને પરિસ્થિતિને કારણે હેરાન થતાં હોય છે. દા.ત. શાળાનો એક પટાવાળો હોય તેનો કેસ જુદી જુદી કોર્ટમાં ચાલે. લેબર કોર્ટમાં ચાલે અને કોલેજનો પટાવાળો હોય તો તેનો કેસ એવા નિર્ણય ઉપર આવે કે આવો કેસ ચલાવવાની લેબર કોર્ટ કે ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલને સત્તા નથી. લાંબા સમય સુધી આ પ્રક્રિયા ચાલુ રહે અને કામનો પ્રકાર લગભગ એક જ સરખો હોવા છતાં આ નિર્ણયના સ્થાન અને પ્રક્રિયાઓ અલગ અલગ હોય અને આવી દ્વિધાભરી પરિસ્થિતિને કારણે અને યોગ્ય કાયદાકીય માર્ગદર્શનને અભાવે શૈક્ષણિક સંસ્થાનો કોઈ પણ કર્મચારી હોય
તે માત્ર ટેકનીકલ કારણોસર હેરાનગતિ ભોગવતો હોય છે. આવી પરિસ્થિતિનો ઉકેલ કરવા માટે આવી પરિસ્થિતિનો ઉકેલ કરવા માટે સરકારશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રી અને માનનીય શિક્ષણમંત્રીશ્રીએ આ વિધેયક લાવીને મને લાગે છે કે ખૂબ પ્રશંસનીય કાર્ય કર્યુ છે. આ વિધેયક વિકેન્દ્રીત ન્યાયિક સત્તાને કેન્દ્રીત કરવાનું છે અને આવા કેન્દ્રીકરણને કારણે કર્મચારીઓને યોગ્ય દિશા, માર્ગદર્શન અને ન્યાય ઝડપી રીતે મળવાનો છે. હમણા માનનીય વિપક્ષના નેતા વાત કરતા હતા ત્યારે મને એમ લાગતું હતું કે જો આ વિધેયક એમણે વાંચ્યુ હોત અને વિધેયક વાંચીને એમાં જે મુદ્દા છે, એની ચર્ચા કરી હોત તો મને આનંદ થાત, પરંતુ વિરોધ નોંધાવતા હતા ત્યારે વિપક્ષના નેતાને બદલે વિરોધની ગહનતા કે ભૂમિકા સમજવાના બદલે વિરોધનું અર્થઘટન માત્ર વિરોધ કરવો એટલે જ વિરોધ કર્યો હોય એવું લાગ્યું. સરકાર ગમે તેટલા સારા કામ કરે, ગમે તે સારા વિધેયક લાવે, પણ આપણે તો ટીકા જ કરવી, મને લાગે છે કે એવા નકારાત્મક અભિગમથી, એવા દૃષ્ટિકોણથી ભવિષ્યની પેઢીને નુકસાનકર્તા અસરો થશે એવું મને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને મનમાં વિચાર આવતો હતો. હમણાં વાત કરવામાં આવી કમિટેડ જયુડિશયરીની. એટલે વિચાર આવતો હતો કે આઝાદી પછીના, સાંભળજો દિનેશભાઈ, તમેય બોલવાના છો, મને ખબર છે. આઝાદી પછી પોતાને આઝાદી માટે લડનારા એકમાત્ર પક્ષ તરીકે ઓળખાવનારા મારા આ ભાઈઓ કે જેઓ માત્ર ભૂતકાળને વાગોળીને ગૌરવ લેતા ફરે છે. આઝાદી અમે અપાવી છે એવું. બરાબર ને? આઝાદી પછી વર્ષો સુધી તેનાં ફળ આપણે ખાધા છે. વર્ષો ગણી લેજો તમે. (અંતરાય) બધાએ નથી ખાધા. અમે તો હમણા આવ્યા. (અંતરાય) આપણે ભૂલી જઈએ છીએ કે ભૂતકાળમાં તેમની કેન્દ્રીય અને રાજયની સરકારોએ આ ન્યાયતંત્રને કમિટેડ કરવા માટે શું શું કર્યુ છે અથવા શું શું નથી કર્યુ એ જગજાહેર વાત છે. અવારનવાર જગજાહેર થયેલી ઘટનાઓ છે કે ન્યાયતંત્રને કહ્યાગરું કરવા માટે, કમિટેડ કરવા માટે આ દેશના સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની સિનિયોરિટી, અનુભવ અને લાયકાતને કોરાણે મૂકીને પોતાના માનીતા અને કહ્યાગરા ન્યાયાધીશોની નિમણૂક એકથી વધારે વખત દેશની સર્વોચ્ચ અદાલતોમાં અને સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવામાં આવી છે. નામ આપું? અને આવા માનભંગના કારણે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોએ પણ રાજીનામાં આપી દેવાં પડયાં છે. આ કંઈ છૂપાવવાની વાત નથી. વિચારીએ છીએ કે કરીએ છીએ કે કર્યુ છે, એ અહીંયા આમાં દેખાય છે. એટલે મને લાગે છે કે મારા ભાઈઓ તેમના આવા કલંકિત ભૂતકાળ નહીં કહું, પરંતુ તેમના આવા ભૂતકાળને વર્તમાન સરકારના સારા કાર્યોની મૂલવણી કરવામાં પેલો જે દૃષ્ટિકોણ હતો, એ પહેલાના દૃષ્ટિકોણથી મૂલવણી કરે છે. એમણે જે કર્યુ છે અને આજે જે કરી રહ્યા છે, તેવું જ આ સરકારના કાર્યોમાં એમને દેખાઈ રહ્યું છે. આપણે કર્યુ હતું એવું આપણને દેખાય છે. સાહેબ, મને કબીરની વાણી યાદ આવે છે.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટ બાકી છે.

**શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી** : સાહેબ, પાંચ મિનિટ આપજો.

**અધ્યક્ષશ્રી** :બે મિનિટ બાકી છે.

**શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી** : હા, બે મિનિટ. કબીરની વાણી છે.

બૂરા દેખને મૈં ચલા, બૂરા ન મિલા કોઈ,
જો દિલ ખોજા અપના, મુઝસે બૂરા ન કોઈ.

મારે કહેવું છે કે ભલા માણસ, હવે તો સ્વદેશી દૃષ્ટિ, ભારતીય દૃષ્ટિથી જૂઓ. ભાજપમાં ઘણા સારા કામ કરવાવાળા મારા ભાઈઓ અને મંત્રીઓ છે. તમે શિક્ષણના હેતુને રાજકારણ સાથે ન જોડો. અમે આ વિધેયક લાવીને રાજકારણ સાથે જોડયું નથી. અમારા સંસ્કાર છે, શિક્ષણને અમે રાષ્ટ્રનું ઘડતર સમાજનું ઘડતર, નાગરિકોનું ઘડતર કરવામાં આવશ્યક ગણ્યું છે. અને તમે વિચારો છો, એવો ઉપયોગ કરવાનું અમને સ્વપ્ન પણ

ન આવી શકે. આવું અમને સ્વપ્ન પણ ન આવે. એમના ઘડેલા કાયદાઓ અને ટ્રિબ્યુનલોને જોઈ જશે, મારે ખરી વાત હવે કરવાની છે. એમના ઘડેલા કાયદા અને ટ્રિબ્યુનલોને જોઈ જશે, તો જણાશે કે તમામની શરૂઆત એમણે આ રીતે વિધેયક લાવીને કરી છે. સાહેબ, મારું રહી જાય તે પહેલા કહી દઉં કે ગુજરાત સિવાય એમના જે રાજયો છે, જયાં એમની સરકારો છે, ત્યાં આ જ વિધેયક છે. ત્યાં ૫ ટ્રિબ્યુનલો નથી. તો ત્યાં આંદોલન કરવાના છો? ત્યાં કોમન છે. વિધેયક પણ. એટલે બીજા રાજયોનો અભ્યાસ કરી લીધો હોત તો આજે અમારા ભાઈઓ ન બોલી શકયા હોત. ગુજરાત સર્વિસિસ ટ્રિબ્યુનલ એકટને જે તમે બનાવેલો હતો, એને ભૂલી ગયા છો. એટલે એમાં પણ, એ એકટમાં પણ સચિવ દરજજાના વ્યકિતને ટ્રિબ્યુનલના સભ્ય બનાવવાની જોગવાઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ એકટ પણ અમે બનાવેલો હતો. તે અમે બનાવેલો હતો, એ આ જ વિધેયકના બેઈઝ લઈને બનાવેલો છે. વિધેયક જરા વાંચી જજો.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. વિરામ પછી સભાગૃહ ૩-૧૫ કલાકે ફરી મળશે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**
**સભાપતિશ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને**

**પ્રો. વસુબેન ત્રિવેદી (ક્રમશ:)**: માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત આગળ વધારું તો હાલ જે પાંચ ટ્રિબ્યુનલો અસ્તિતવમાં છે કે જે પાંચ ટ્રિબ્યુનલોનું અસ્તિત્વ કોંગ્રેસની સત્તા વખતે પણ હતું અને એમના બનાવેલા કાયદાઓ દ્વારા જ આ ટ્રિબ્યુનલો અસ્તિત્વમાં આવી હતી. જો એ વખતે ખરેખર વિચાર કર્યો હોત, જેમ આપની સરકાર બીજા રાજયોમાં ચાલે છે અને એમણે એ વખતે વિચાર કર્યો હતો એવો વિચાર તમે કર્યો હોત તો આ વિધેયક લાવવાની અમને જરૂર ના પડી હોત.

માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે જે માહિતી છે એ મુજબ પ્રાથમિક શિક્ષણ ટ્રિબ્યુનલ અને હાયર એજયુકેશન ટ્રિબ્યુનલ પાસે તો લગભગ નહીંવત જ કામ છે અને અન્ય ટ્રિબ્યુનલો પાસે પણ ઘણું જ ઓછું કામ છે. જયારે એ ટ્રિબ્યુનલોમાં સભ્ય તરીકે નિમાયેલ વ્યકિતને હાઈકોર્ટના ન્યાયાધીશ જેટલો પગાર અને સુખ સગવડો આપવામાં આવે છે. ગાડી અને બંગલો પણ આપવામાં આવે છે. તો આ તમામ કોના પૈસામાંથી આપવામાં આવે છે? આ પ્રજાના પૈસાનો વ્યય નથી તો શું છે? તો આ વિધેયક અમે શું કામ લાવ્યા એની આ વાત કરું છું. આટલા માટે આ પ્રજાના પૈસાનો વ્યય થતો અટકાવવા માટે અમારે આ વિધેયક લાવવું પડયું છે. આ પ્રજાના પૈસા વ્યય કરવાનું ચાલુ રાખતા આ કોંગ્રેસના મારા મિત્રોને દુ:ખ કેમ થતું નથી એ મને સમજાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટી બિલ દ્વારા ૧૯૮૪ થી ૨૦૦૩ સુધીમાં ૩૦૦૦, ૨૦૦૪ માં માત્ર ૫૩, ૨૦૦૫ માં માત્ર ૨૫, ૨૦૦૬ માં માત્ર ૩ અરજીઓ દાખલ થઈ હતી. અને કોલેજ ટ્રિબ્યુનલમાં તો ૧૦૦ થી વધારે અરજી દાખલ થઈ નથી અને મેં હમણાં જ માહિતી મેળવી તો કુલ ૩૦૦ કેસ અને યુનિવર્સિટી લેવલના માત્ર ૩ જ કેસો જ પડતર છે. તો આટલું ઓછું કામ હોય અને આટલા બધા પગાર અને ભથ્થાંમાં પૈસા બરબાદ થતા હોય એ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાય નહીં કારણ કે અમે તો નેમ લીધી છે કે પ્રજાના પૈસાના પૈસાનો આવો વ્યય થવા દેવો નહીં. ભૂતકાળમાં આપણા લોકોને સાચવવા અને આપણું ધાર્યુ કરાવવા માટે જે લોકોએ આ બધું શરૂ કર્યુ હતું એને અમારે તો કોઈપણ સંજોગોમાં બંધ કરાવવું જ પડે. મારી માહિતીમાં એવું પણ આવ્યું છે અને માનનીય દિનેશભાઈ રિસેસમાં વાત કરતા હતા કે અમે આંદોલન કરીશું, તો કરો ને કોણ ના પાડે છે? હું તો ઉદાહરણ સહિત કહી શકું તેમ છું કે ભારતના બંધારણમાં રાજય દીઠ એક હોઈકોર્ટની જોગવાઈ છે અને હાઈકોર્ટના જજનો દરજ્જો, મોભો કે પગારની સવલતો એ બાકીના બીજા કોઈને સવલતો આપી શકાય નહીં, છતાં પણ ભૂતકાળની કોંગ્રેસ સરકારે મિત્રતાના દાવે •* (શ્રી મહેશ દવેને) આ લાભ અપાવ્યો હતો અને હવે અમને અત્યારે ભાંડો એનો મતલબ નથી. આવાં તો ઘણાં ઉદાહરણ મારી પાસે છે, પરંતુ એમાં હું પડતી નથી. એમની આંદોલન કરવાની વાત હતી એ વાત કરું કે...

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ હમણાં નામ આપીને વાત કરી તો એ રીતે નામ લઈ શકાય નહીં.

**શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી** : નામ તો લઈ શકાય જ, પરંતુ હું મારા એ શબ્દો પાછા ખેંચી લઉં છું. આ તો હું ઉદાહરણ આપું છું અને મારી પાસે આટલાં બધાં નામ છે એ મારી પાસે આવીને જોઈ લેજો.(અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, હવે આવી વાતને મજાકમાં લેવામાં આવે એનાથી મને તો બહુ જ દુ:ખ થાય છે કે આવી ગંભીર બાબતને આ લોકો કેમ હસવામાં લઈ લે છે? પહેલાં નવનિર્માણની વાત કરી તો નવનિર્માણ વખતે ત્યારે હું કોલેજમાં ભણતી હતી અને મને જરાક યાદ આવ્યું કે રાજકીય ઈતિહાસમાં જબરજસ્ત ક્રાંતિ આંદોલન દ્વારા લવાઈ હતી. આવું આંદોલન કરવું હોય તો મારે કહેવું જોઈએ કે એ વખતનું આંદોલન એ તમારી સામે હતું. મોંઘવારી અને ભ્રષ્ટાચાર સામેનું એ આંદોલન હતું અને એ આંદોલન એ એક આદર્શરૂપ આંદોલન હતું.

---

**• * (    ) માનનીય સભ્યશ્રીએ આ શબ્દો પાછા ખેંચી લીધા છે.**

તો અહીંયાં કયો આદર્શ જાળવવો એ મને સમજાતું નથી. તમારે આ ટ્રિબ્યુનલના વિધેયકની સામે નવનિર્માણ જેવું આંદોલન કરવું હોય તો તમારી તાકાત હોય તો કરી જુઓ, તમે સફળતા પ્રાપ્ત નહીં કરી શકો. એના માટેનો પ્રજાનો વિશ્વાસ અને સાથ સહકાર જોઈએ અને આપે તો એ ગુમાવી દીધો છે, આપ એ નગરપાલિકાની ચૂંટણીઓમાં જોઈ લો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે કે હમણાં વિરોધપક્ષના માનનીય નેતાશ્રી કહેતા હતા કે ન્યાયતંત્રને દાસી બનાવી છે કે કહયાગરું બનાવી દીધું છે અને એના માટે સન્માનનીય કોંગ્રેસના વડીલો કોઈ કાર્યક્રમ કે ધરણાં પણ કરી રહયા છે એ ધ્યાનમાં નથી, પરંતુ કરવાના છે એવું જાણ્યું હતું. તો માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અત્યારે હાજર નથી, એ હાજર હોત તો મારે વાત કરવી હતી કે રાજયના મુખ્યમંત્રીશ્રી, ભાજપના મહામંત્રી હતા, હું સેનેટની ચૂંટણી લડતી હતી (અંતરાય) સારું કર્યું, મને યાદ કરાવ્યું એટલે યાદ આવ્યું. ત્યારે કોણ સત્તામાં હતું અને કોની સત્તામાં આ થયું છે તેનો અનુભવ મને છે. હું સેનેટનું ઈલેકશન લડતી હતી, એ વખતે મારી સામે કોંગ્રેસે યુનિવર્સિટીને કબજામાં લઈ લીધી હતી, અત્યારે જેમ કે. એસ. શાસ્ત્રી જેવા છે એ રીતે, એ વખતે ડી. એમ. પટેલ મારી સામે સેનેટની ઈલેકશન લડ્યા, એ વખતે છબીલભાઈની સરકાર હતી, અને તે ડી. એમ. પટેલ સેનેટના ઈલેકશનમાં હારેલા હતા તે ડી. એમ. પટેલને આ યુનિવર્સિટીમાં પ્રો વાઈસ ચાન્સેલર બનાવી દીધા હતા. તો આ કોણે સત્તાનો ઉપયોગ કર્યો હતો? આ યુનિવર્સિટીમાં આવું રાજકારણ કોણે ઘૂસાડ્યું હતું? મને આ જાહેર કરતાં દુ:ખ થાય છે કે મારે આ સભાગૃહમાં આ સાચી વાત કહેવી પડે છે. આ આપે કરેલી શરૂઆત છે. યુનિવર્સિટીમાં આ જે રાજકારણ ઘૂસાડ્યું છે તેને મિટાવવા માટે અમારો આ પ્રયાસ છે. મારે બીજું કંઈ ન કહેતા એટલું જ કહેવું છે કે ભૂતકાળને સામે રાખ્યા વગર તમે હકારાત્મક રચનાત્મક અભિગમ સાથે જે કંઈ થઈ રહ્યું છે તે પ્રમાણિકતાથી થઈ રહ્યું છે ત્યારે એક જવાબદાર પક્ષના સભ્યો તરીકે જોડાઈ અને આ બિલને અનુમોદન આપ આપો એવી મારી લાગણી વ્યક્ત કરું છું. વિશેષ લાગણી એ વ્યક્ત કરું છું કે ખરેખર આ વિધેયક છે તે વિધેયકમાં જે કલમો છે એ કલમોનો અભ્યાસ કરશો તો આજના શિક્ષકો, આજના પ્રાધ્યાપકો કે એમાં જોડાયેલા જેમને પણ આ લાગુ પડવાનું હશે તે તમામ કર્મચારીઓએ ખરેખર આશિર્વાદ આપ્યા હશે. આપે કહ્યું એમ શિક્ષક સામાન્ય નથી, શિક્ષક સાધારણ પણ નથી, અને દરેક શિક્ષકોના અમને અભિનંદનના કાગળો પણ મળ્યા છે કે આવું વિધેયક લાવીને તમે બહુ સારું કામ કર્યુ છે.

**ડૉ. દિનેશ પરમાર (જામનગર(રૂરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી, ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ વિધેયક ૨૦૦૬ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકમાં જે કન્સેપ્ટ લખ્યો છે, "શૈક્ષણિક ટ્રિબ્યુનલને લગતા કાયદા એકત્રિત કરવા અને તે સુધારવા જેથી કરીને તેમાં એકરૂપતા આવે અને રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓના અધ્યાપકીય અને બિન-અધ્યાપકીય સ્ટાફના સભ્યોની સેવાની શરતોને લગતી તકરારોનો નિર્ણય કરવાના હેતુ માટે ટ્રિબ્યુનલની રચના માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક". માનનીય અધ્યક્ષશ્રી, આ લખ્યું છે એવું હોત તો કોઈ જાતનો વાંધો હતો જ નહીં, પણ વીસ વર્ષથી ૩૪ વર્ષ સુધી ચાલતી આ ટ્રિબ્યુનલ, કે જેની સામે કોઈ પણ જાતનો વાંધો કે વિરોધ નથી, કોઈ જાતની ફરિયાદ નથી, અને તે ટ્રિબ્યુનલને રાતો રાત બદલી નાખી અને એક ટ્રિબ્યુનલ બનાવવાનું કૃત્ય છે તેની પાછળ સરકારનો ઈરાદો ઉમદા હોય તેવું દેખાતું નથી. એમાં લખ્યું છે કે રાજયમાં માન્ય પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, સંલગ્ન કોલેજો, યુનિવર્સિટીનો શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફના સભ્યોની સેવાની શરતો સંબંધી તકરારોનો નિર્ણય જુદા જુદા કાયદાઓ હેઠળ રચાયેલા વિવિધ ટ્રિબ્યુનલો કરે છે. આ શેક્ષણિક ટ્રિબ્યુનલો સંબંધી કાયદાઓમાં એકરૂપતા લાવવા અને તેને એકત્રિત કરવાનો સરકારનો ઉદ્દેશ છે એમ જણાય છે. પણ મને એવું લાગે છે કે સરકારનો ઉદ્દેશ બિલકુલ સારો લાગતો નથી. (અંતરાય) બહેન, આપને અભિનંદન આપશે, આપ સારું બોલ્યા છો એટલે, આપી દે, એટલે પછી મને ખલેલ ન પહોંચે. માનનીય અધ્યક્ષશ્રી, .

**સભાગૃહનો સમય લંબાવવા બાબત**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આજના બિલો ઉપરની ચર્ચા પૂરી થાય અને બિન સરકારી વિધેયકો ઉપરના કામકાજ પૂરા થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી વિનંતી કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ ટાઈમ ફિક્સ થાય તો સારું, નહીંતર અમે તો પુરું થાય ત્યાં સુધી બેસીશું.

**શ્રી અશોક ભટ્ટ** : સભાગૃહનું કામકાજ જે પ્રમાણે આગળ જાય તે પ્રમાણે, ગઈકાલના બાકી રહેલા બિલો અને આજના કામકાજના જે બિલો છે તે આપણે પૂરા કરીએ ત્યાંસુધી લંબાવવામાં આવે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : ગઈકાલના છ બાકી છે અને હજુ તો આ બીજું ચાલે છે,

**શ્રી અશોક ભટ્ટ** : સાત સાડા સાત સુધીમાં તો પૂરા થઈ જશે, એટલે આવતી કાલે એક બિલ પણ છે અને ૧૦૧નો પ્રસ્તાવ પણ છે એટલે પૂરતો સમય આવતી કાલે પણ મળશે. એટલે ગઈકાલના જે બાકી રહેલા

બિલો છે તે અને આજના હાથ .પર લીધા છે તે પૂરા થાય અને ત્યાર પછી બિન સરકારી સભ્યોના બિલો પૂરા થાય ત્યાં સુધી આપણે સમય લંબાવીએ.

**સભાપતિશ્રી** : સૌ સંમત છે? (થોડીવાર બાદ) તમામ સરકારી બિલોનું કામકાજ પૂરું થાય તથા બિન સરકારી બિલોનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**ડૉ. દિનેશ પરમાર** : આ બિલનો મેં અભ્યાસ કર્યો છે. એ કર્યા પછી એવું લાગ્યું કે આ બિલ • * (XXXX) પરિબળોના માનસની પેદાશ હોય તેવું લાગે છે. આ બિલ ફ્યુડલ હોય તેવું લાગે છે. ન્યાય વિરુદ્ધનું બિલ લાગે છે. શિક્ષણ વિરુદ્ધનું બિલ હોય તેવું લાગે છે. સરકાર દ્વારા કટોકટીનું સર્જન કરનાર પગલાના આજના દિવસે મંડાણ કરાતાં હોય તેવું દેખાય છે. આ ટ્રિબ્યુલના કાયદાનો ઉપયોગ બંધારણની વિરુદ્ધ થશે એની મને દહેશત છે. એમાં કયાંય પ્રજાનું હિત દેખાતું નથી. આવી ટ્રિબ્યુનલ સ્વતંત્ર, તટસ્થ અને નિર્ભિક હોવી જોઈએ. એવી ટ્રિબ્યુનલની કાર્ય પદ્ધતિ પારદર્શક અને ઝડપી તથા ઓછોમાં ઓછા ખર્ચે હોવી જોઈએ. સબંધિત પક્ષકારોનો સમય શકિત વેડફાય નહિ એની જવાબદારી આપણી સૌની બને છે. (અંતરાય) તમે લોકો કટોકટીથી કેમ ડરો છો એ મને સમજાતું નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, * (XXXX) શબ્દ કાર્યવાહીમાંથી દૂર કરવો જોઈએ.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, એવા કોઈ શબ્દો પાછા ખેંચવાની જરૂર નથી* (XXXX) ફ્યુડલ શબ્દ વાપરી શકાય છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય શબ્દોની યાદીની અંદર બહુ સ્પષ્ટ કહ્યું છે કે * (XXXX) શબ્દ ન વપરાય. પ્રવચનમાં સત્તાધારી પક્ષને સંબોધીને આ શબ્દ ન વાપરી શકાય. આ દેશમાં લોકશાહી ચલાવવા માગતા નથી એમ કહેવું અસંસદીય છે. એમાં આ જે શબ્દનો પ્રયોગ કર્યો એ શબ્દ અસંસદીય ગણીને દૂર કરવો જોઈએ.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પક્ષ માટે મેં કહ્યું નથી.

**સભાપતિશ્રી .** * (XXXX) શબ્દને રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સબંધિત પક્ષકારોનો સમય અને શકિત વેડફાઈ નહિ એની જવાબદારી આપણી છે. શિક્ષણની પ્રગતિ થાય, એની સંવાદિતા જળવાય અને એવું વાતાવરણ પેદા કરવાની શિક્ષણ જગતનું નહિ પણ સમગ્ર સમાજનું ભલુ કરવાની જવાબદારી પણ આપણે ઉપાડવાની છે. આ બિલ જોતાં વહીવટી તંત્રનું ન્યાય તંત્ર ઉપરનો * (XXXX) હુમલો હોય તેવું મને પોતાને લાગે છે.

આ બિલ શિક્ષણ વિભાગ તરફથી લાવવામાં આવ્યું એટલે એમ વિચારવામાં આવતુ હતું અને અપેક્ષા પણ બહુ મોટી હતી કે કંઈક નવા વિચારો હશે, કંઈક નવી કલ્પનાઓ હશે, કંઈક નવા કલેવર હશે અને માનનીય શિક્ષણમંત્રીશ્રી લાવતા હોય ત્યારે નવી દિશા અને દૃષ્ટિ હશે. આ બિલ જેવું નબળુ ડ્રાફટીંગ મેં કદી જોયું નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દિનેશભાઈ તો સિનિયર સભ્ય છે, બહુ વિદ્વાન છે ત્યારે એમણે •* (XXXX) શબ્દ પણ ન વાપરવો જોઈએ.

**સભાપતિશ્રી** : * (XXXX) શબ્દ પણ રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય સભ્યશ્રી ડોકટર છે, વિદ્વાન પુરુષ છે, સિનિયર સભ્ય છે (અંતરાય) માનનીય ભીખાભાઈ, તમારા માટે ચાલે, પરંતુ માનનીય દિનેશભાઈ માટે ન ચાલે.

**સભાપતિશ્રી .** : આપણે એ શબ્દને રેકર્ડમાંથી દૂર કરેલ છે, હવે માનનીય દિનેશભાઈ, આગળ ચાલો.

**ડૉ. દિનેશ પરમાર** : નબળામાં નબળું ડ્રાફટીંગ આ બિલનું છે. આ શિક્ષકોનો દસ્તાવેજ છે, એના દસ્તાવેજમાં વિચારોનું તત્વજ્ઞાન હોય, ભાષામાં અને ગ્રામર ઉત્કૃષ્ટ કોટીનું હોવું જોઈએ એ આ બિલમાં દેખાતું નથી. એની ઊણપ દેખાય છે પ્રજાકીય વહીવટ અને સરકારી વિવેકમાં કાયદો અને ન્યાય, શિક્ષણ અને સમાજને લાગેવળગે છે તે રીતે જોતાં ખૂબજ નબળો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હોય તેવું મને લાગે છે. આ ટ્રિબ્યુનલ સરકારની ચાવીરૂપ ચાલતું રમકડું ન બને એ જોવાની જવાબદારી આપણા સૌની રહેશે. અને King Martin Luther Junior કહ્યું છે, He has quoted that - "Injustice anywhere is a threat to justice everywhere." Sir, independent judiciary may be an eye of sure but the option will be blindness. એટલે માનનીય મંત્રીશ્રીએ આ બિલમાં આંખો મીંચીને સહી કરી છે કે કેમ એ મને એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે. અધિકારીઓ કોઈ મુસદ્દો તૈયાર કરી દે અને અધિકારી અમલદારશાહી રીતે કોઈ કાર્ય કરવા માગતા હોય તેમાં આપણે આપણી વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને, આપણું માઈન્ડ એપ્લાય કરીને જો કાર્ય કરવા પ્રયત્ન કર્યો હોત તો આ જે વર્ષોથી ચાલતી પાંચ-પાંચ ટ્રિબ્યુનલો કે જેની અંદર હાઈકોર્ટના સિનિયર નિવૃત્ત જજ અથવા તો એ કક્ષાના જજોને મૂકીને જે કાર્ય કરવામાં આવતું હતું એ કાર્યમાં કોઈ જાતની ફરિયાદ નહોતી.

---

• * (XXXX) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

• * (XXXX) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સિનિયર, મેચ્યોર લોકોએ આપેલા જજમૅન્ટથી હાઈકોર્ટમાં જવાના બનાવો પણ બનતા નહોતા અને જવલ્લે કોઈ બનાવ બને તો એ બનાવોમાં સુપ્રીમ કોર્ટે પણ આ જજમેન્ટોના વખાણ કર્યા છે અને કહ્યું છે, બિરદાવ્યા છે કે સારામાં સારા કાર્ય તમારા લેવલની ટ્રિબ્યુનલો દ્વારા કરવામાં આવે છે તો આ ટ્રિબ્યુનલો રાતોરાત બદલવાની જરૂર કેમ પડી? શું સરકારને કોઈ ભીંસ પડી છે આ ટ્રિબ્યુનલની વિશ્વસનીયતા ઉપર? શું આ ટ્રિબ્યુનલના આપેલા જજમેન્ટો ઉપરથી સરકારને ક્યાંક ખૂંચે છે કે કોઈ પણ જગ્યાએ સરકારને કયાંય સમન્સ બજાવવામાં આવ્યો છે? સરકારને હાજર થવા માટેની ફરજ પડી છે? કન્ટેમ ઑફ ધ કોર્ટ કરવા માટેના કોઈ આદેશો આપવામાં આવ્યા છે? શું જરૂર પડી છે અને લાંબી મુદત સુધી ચાલતા આ ટ્રિબ્યુનલોના પ્રમુખોને મુદતની અંદર સમય મર્યાદામાં પસંદ કરવાના અને એ પણ ત્રણ વર્ષના એવા અધિકારીઓ, માત્ર કહ્યાગરા અધિકારીઓ દ્વારા આ કામ ચલાવવાનું છે. એ દ્વારા ઇચ્છા પ્રમાણેના જજમેન્ટો આપવા માટેનું કામ શું સરકાર કરવા માગે છે? આ ઉપરથી મને એમ થાય છે કે યુનિવર્સિટીઓમાં જે ચાલતું હોય છે સિદ્ધાંતના નામે, તેનાથી આપણને દુ:ખ થાય, ખેદ થાય. જામનગર આયુર્વેદ યુનિવર્સિટીમાં ભરતીના કૌભાંડ થાય, બધા જ નિયમો નેવે મૂકવામાં આવે. તેની નોકરી માટેની શરતો નેવે મૂકવામાં આવે. ખોટા અભ્યાસના સર્ટિફિકેટો રજૂ કરીને, ખોટા સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટો રજૂ કરીને ખોટા ઉંમરના દાખલા આપીને ૬૧ જણાની ભરતી થઈ હોય અને જ્યારે અમારા દ્વારા કે સેનેટ મેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવે ત્યારે એવા આઠ-આઠ જણા ઉપર ફોજદારી કેસ દાખલ કરીને છૂટા કરે, પણ હજુ ઘણાં બધાં ત્યાં તેની અંદર બેઠેલા છે. યુનિવર્સિટીમાં મળેલી વાઈસ ચાન્સેલરની જે સત્તા છે એ સત્તાઓના અનુસંધાને જે રીતે કલમ-૧૧ (૪)નો ઉપયોગ કરવાનો હોય પણ એ તો બહુ ઈમરજન્સી પરિસ્થિતિ નિર્માણ થઈ હોય ત્યારે આ કલમનો ઉપયોગ વાઈસ ચાન્સેલરે કરવાનો હોય તેને બદલે તે માણસ વીસ-વીસ વખત તેનો ઉપયોગ કરીને અને એ પણ કૉલેજમાં વિદ્યાર્થીઓની ટ્રાન્સફર કરવા જેવી મામૂલી બાબતમાં.(અંતરાય) આ તો દાખલો આપું છું. આ તો દ્દષ્ટાંત આપું છું.

**સભાપતિશ્રી** : દિનેશભાઈ, ઝડપથી પ્રવચન પૂરું કરો.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ગેરરીતિ કરવા બદલ પ્રિન્સિપાલને સસ્પૅન્ડ કર્યા હોય, તેની ત્રણ-ત્રણ ઈન્કવાયરી બેસાડી હોય, આયુર્વેદ યુનિવર્સિટીમાં તેના પાંચ-પાંચ ઈન્ક્રીમૅન્ટ બંધ કર્યા હોય અને ત્યાર પછી આ સરકાર આવ્યા પછી તેની આ લાયકાત ગણાતી હોય કે શું? તેને પાછા પ્રિન્સિપાલ તરીકેની જવાબદારી સોંપવામાં આવે. આ જ લાયકાતના ધોરણો છે શું? આ ટ્રિબ્યુનલો આ નિર્ણય લેવાની અંદર કયાંય ખૂંચે છે કે તમારું મન પડે એવું કાર્ય કરવાની એ છૂટ નથી આપતી. સુપ્રીમ કોર્ટે પણ આદેશ આપ્યો છે કે એડમિશનમાં કોઈ પણ જગ્યાએ સરકારની સીટ ચાલતી નથી અને સરકાર દ્વારા કોઈ સેલ્ફ ફાયનાન્સ કે કોઈ પણ જગ્યાએ સીટ નથી. તો શ્રીલેખાબેન ચિત્રે તેને સરકાર દ્વારા કઈ રીતે સીધા હુકમો કરવામાં આવ્યા અને તેને કલીનીકલ રજિસ્ટ્રાર તરીકેની લાયકાત ન હોવા છતાં પણ નિમણૂક આપવામાં આવે અને નિમણૂક સામે કોઈ ચેલેન્જ કરવા પ્રયત્ન કરે, કારણ કે માત્ર બી.એ.એમ.એસ. છે. એમ.ડી. આયુર્વેદ હોય અને મૂક્યા હોય તો બરાબર છે. પણ બધા જ ભરતીના નિયમોને નેવે મૂકીને તેમને કલીનીકલ રજિટ્રાર તરીકેની નિમણૂક આપવામાં આવે. આવા જો મનસ્વી હુકમો સરકારે કરવા હોય અને એ ચલાવી લેવાવાળા માણસો, યસ મેનોને જો આ ટ્રિબ્યુનલના પ્રમુખ તરીકે બેસાડવા હોય તો મને કોઈ જાતનો વાંધો નથી. પણ આ લોકશાહી દેશ છે. ભૂલવું ન જોઈએ. મારે એ પણ કહેવું છે કે તેમાં એમ કહ્યું છે કે- "Government can appoint and re-appoint, can terminate, can fix the terms and conditions, can approve and disapprove, by Rules, of the functioning of the Tribunal, may appear or not appear before the Tribunal even after the notice is issued by the Tribunal." ટ્રિબ્યુનલે નોટિસ આપી હોય છતાં સરકાર હાજર થઈને કે ન થઈને એ સરકાર નક્કી કરી શકે છે. તો મારે એ કહેવું છે કે, પ્રથમ શબ્દનો ઉપયોગ કર્યો એ ફરીવાર કરવા માગતો નથી. આ લોકશાહી દેશ છે અને લોકશાહી દેશ કાયદાથી અને બંધારણથી ચાલતું રાજય છે. એની અંદર મન પડે એવા કાયદા બનાવી અને મન પડે એવા લોકોને બેસાડીને કાર્ય કરવાનું હોય તો ભવિષ્યની અંદર શિક્ષણ તંત્ર ઉપર જે જાતની પરિસ્થિતિ નિર્માણ થવાની છે, જે ભ્રષ્ટાચાર ઊભો થવાનો છે અને જેને આપણે ગુરુનો દરજ્જો આપ્યો છે એને ગુલામ બનાવવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે ત્યારે મારે એટલું કહેવું જોઈએ કે, ઉચ્ચતર માધ્યમિક ટ્રિબ્યુનલ ૩૪ વર્ષથી ચાલે છે, કૉલેજનું ટ્રિબ્યુનલ ૨૪ વર્ષથી ચાલે છે અને વીસેક વર્ષથી બીજા ટ્રિબ્યુનલ ચાલે છે. આ ટ્રિબ્યુનલોના ન્યાયની બાબતમાં કોઈ શંકા નથી. આ રાતોરાત કાયદો બદલવામાં આવે છે ત્યારે એ કહેવાનો વિચાર છે કે, શું કાંઈ તમારી ઈચ્છાપ્રમાણેનું કામ થાય એ તમારી ઈચ્છા છે કે નિર્ણયોમાં વિલંબ, ફાઈલોની ફાઈલો અભરાઈએ ચડાવવા માટેની વૃત્તિઓ જેવી માનસિકતા, કર્મચારીઓની કાર્યક્ષમતા અને લેણાં ચૂકવવાની અંદર વિલંબ, આ બાબતો કરવા માટે થઈને તમારા અધિકારીઓ ટ્રિબ્યુનલ પાસે જતાં પગ ધ્રૂજે છે એ બંધ કરવાનો કીમિયો છે કે શું છે ? આ કારણોસર અમલદારશાહોની માનસિકતા જાગૃત થતી હોય એવું મને લાગે છે. ટ્રિબ્યુનલોના જુદા જુદા કાયદા જુદા જુદા લેવલે જરૂરી છે. જે ટ્રિબ્યુનલો વ્યવસ્થિત રીતે કામ કરતા હોય અને એને બદલાવી જે કાર્ય કરવાનું નક્કી થયેલ છે. એમાં કેટલા બધા સિનિયર જજો આવેલા અને કેવી કેવી નવી નવી પ્રણાલિકાઓ પ્રસ્થાપિત કરેલી છે અને જયુડીશીયરીને સલામ કરવાનું મન થાય એ જાતના

નિર્ણયો આપ્યા છે. એની અંદર માત્ર મન પડે એવા નિર્ણયો અપાવવા માટેનું કામ કરવાનું હોય અને નિષ્પક્ષતા અને નિર્ભિકતાના તત્ત્વને દૂર કરવાનો જો પ્રયત્ન કરવાનો હોય તો સર્વીસને લગતા કેસોના નિર્ણય લેતી વખતે સર્વીસ લોની જાણકારી હોવી જરૂરી છે. એ ચોક્કસ પ્રકારનો અભિગમ સર્વીસ લોના કાયદાનું વિશિષ્ટ અર્થઘટન તેની બાબત બહુ મહત્વની છે. સર્વીસ લોથી અજાણ એવા ન્યાયાધીશો, એમાં પણ ખાસ કરીને સચિવ કક્ષાના માણસ જો જજ તરીકે નિમાશે તો એની અંદર મોટા ભાગના કેસો કોર્ટની અંદર, હાઈકોર્ટની અંદર,સુપ્રીમ કોર્ટની અંદર જશે. સરકારની જવાબદારી વધી જશે. આ કાયદો વાજબી રીતે બનાવવા માગતા હોય તો તેને જાહેરમાં ચર્ચા માટે મૂકવાની જરૂર હતી અને બધા નિષ્ણાતોને, શિક્ષણના નિષ્ણાત તજજ્ઞોનો અભિપ્રાય લઈ, જાણીને આ કાર્ય કર્યું હોત તો સારું હતું. મને પોતાને લાગે છે કે, આ ઉતાવળે પગલું ભરવાને બદલે પ્રવર સમિતિને સોંપવામાં આવે અને એના ઉપર અભ્યાસ કરવામાં આવે અને લોકો પાસે, જુદા જુદા ટ્રસ્ટો પાસેથી, જુદા જુદા ટ્રસ્ટી મંડળો હોય, કોલેજ હોય, યુનિવર્સિટી હોય, આચાર્ય સંઘ હોય, કર્મચારી મંડળો હોય એ લોકો પાસેથી માહિતી મેળવી, પુખ્ત વિચારણાના અંતે આ કાયદો લાવવાનું કામ કર્યું હોત તો ખૂબ સારું કાર્ય થયું ગણાત અને શિક્ષણ જેવી બાબતની અંદર, " યેશાં ન વિદ્યા તપો ન ધનમ્, ન જ્ઞાનમ્, શિલ્પ મત્સ્ય લોકો, ભૂમિ ભાર ભૂતા મનુષ્ય રૂપેણ મૃગા ચરન્તા." એવા મનુષ્યને મનુષ્ય બનાવવાનું કાર્ય થઈ રહ્યું છે. જે જગ્યાએ કમસે કમ એનાથી રાજકારણને દૂર કરવાનો વહીવટી તંત્રને અભડાવવાનો પ્રયત્ન ન કરો. એટલું કહીને વિરમું છું. આભાર.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ વિધેયક ૨૦૦૬ લઈને આવ્યા છે. આ વિધેયકને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં તમામ ક્ષેત્રની અંદર પાયાના પરિવર્તનો કરી અને ગુજરાતને નંબર વન બનાવવા માટેનો ભગીરથ પ્રયત્ન આજે સફળ થતો હોય એવું લાગે છે. "કેળવે તે કેળવણી"નું શિક્ષણ, જેના દ્વારા આ જગતને અમૂલ્ય ચિંતન આપ્યું છે. આઝાદીના આટલા વર્ષો પછી શિક્ષણ વિભાગનું ચિંતન કરી તજજ્ઞોની સલાહ લઈ અને આ જે વિધેયક લાવવામાં આવ્યું છે એ ખરેખર હું માનું છું કે, એકવીસમી સદીનો આ પ્રશંસનીય પ્રયાસ છે. એ માટે માનનીય શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ શિક્ષણ વિભાગ પ્રાથમિક શિક્ષણથી માંડીને કન્યા કેળવણીથી માંડીને પરીક્ષા સુધારણાથી માંડીને અનેક સુધારણા માટેની યોજનાઓ લાવ્યા છે અને આજે આ બિલ લાવીને જે સફળ પ્રયોગ કર્યો છે. એના માટે જો શિક્ષણ વિભાગમાં સફળતા આ વિધેયકને આપવી હોય તો ખરેખર હું પોતે એવું માનુ છું કે વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, સંસ્થા અને સરકારે સહિયારા પ્રયાસ કરવા જોઈએ અને શિક્ષણ વિભાગે મોટી સંખ્યાની અંદર કર્મચારીઓની ભરતી કરી છે. કર્મચારી નિર્ભક બને, કર્મચારીની ફરજોને રક્ષણ મળે અને એની ગુણવત્તા સુધરે એના માટે આ સેવા નિયમો જે નવા લાવવામાં આવ્યા છે ખરેખર એકરૂપતા કરવામાં આવી છે એ આવકારદાયક છે. ભૂતકાળની અંદર આ ચાલુ નિયમો અને કાયદા હતા, પરંતુ ભૂતકાળની સરકારોએ આ શિક્ષણના હિતમાં આ કાયદા રહેવા ન દીધા અને માત્ર અને માત્ર ભૂતકાળની સરકારોએ એમના સંગઠનોના નેતાઓને રોટલા રળવાનું સાધન કરી આપ્યું છે આજે ચૂંક એટલા માટે આવે છે. આ વિધેયકનો વિરોધ એટલા માટે થાય છે કે પગમાં રેલો આવશે. કેટલાક કર્મચારીઓ કર્મયોગી ન બનતા આંદોલનકારી માણસો સાથે મળી જઈને આજે આંદોલનો કરી રહ્યા છે આ વિધેયકની સામે. હજી તો વિધેયક પસાર પણ નથી થયું કે ચર્ચામાં નથી આવ્યું એના ગુણદોષ પણ નથી જોયા ત્યારે આ વિધેયકનો વિરોધ થઈ રહ્યો છે ત્યારે આ કેવો વિરોધ થઈ રહ્યો છે કારણ વગરનો ? હું ખરેખર પોતે એવું માનું છું કે આ શિક્ષણ જગતને એક મોટું નુકસાન છે. કર્મચારીની ફરજોને બાધ કરવા માટે આવા આંદોલનકારી લોકોને પણ બાઘ કરવા માટે આ વિધેયક આવશ્યક છે એવું હું પોતે માનું છું. સમાજની પણ માગણી અને લાગણી છે એના માટે જે કમિટી રચી છે સરકારે તજજ્ઞોની સલાહ લીધી અને એક ઉત્તમ ઉપાય શોધી કાઢ્યો છે. એના આશયની વાત કરી, સંકુચિત આશય નથી.

કોઈપણ વિધેયક કે કોઈ નિયમ હોય તો એનું પાલન કરાવનાર તો સરવાળે ટ્રિબ્યુનલ છે. ટ્રિબ્યુનલ કાયમીક છે. કોઈપણ પક્ષની સરકાર કાયમીક નથી તો શા માટે આ વિધેયકનો વિરોધ થાય છે? આ બિલથી કર્મચારીઓ, મેનેજમેંટ વચ્ચેના વિવાદો છે એનો ઝડપી નિકાલ આવશે અને જે લોકોની નોકરી છે જે કર્મચારીઓની સલામતી અને દ્રઢતાપૂર્વક હું એવું માનું છું કે શુદ્ધ બુદ્ધિથી આ બિલ લાવવામાં આવી રહ્યું છે. ગુજરાતની બહારની પણ વાત કરી, સમગ્ર દેશમાં આવી ટ્રિબ્યુનલો છે. આ પહેલા આપણે ગુજરાતમાં નથી અને ગુજરાત હાઈકોર્ટની વાત કરું કે ભારતના બંધારણની વાત કરું તો ભારતના બંધારણમાં નિયમ છે કે દરેક રાજયની અંદર એક હાઈકોર્ટ હોય અને હાઈકોર્ટના જજોનો દરજજો, એનો મોભો સમકક્ષ બીજી ટ્રિબ્યુનલને આપી શકાય નહીં. આજની જે આ ટ્રિબ્યુનલો છે એ હાઈકોર્ટ સમકક્ષ આજે હોદ્દો માગી રહ્યા છે એટલી સવલતો માગી રહ્યા છે ત્યારે મારે કહેવું છે કે આવી જે ટ્રિબ્યુનલો છે, આજે એમણે કહ્યું કે આ તો ૩૪ વર્ષથી ચાલે છે. દિનેશભાઈ કહેતા હતા, કોઈ ફરિયાદ નથી, હું વકીલ છું. હું ફરિયાદની વાત કરું તો ઢગલાબંધ ફરિયાદ આજ દીન સુધીમાં આપણને મળી છે અને એની વાત સેકંડ રહે, સેકન્ડરી ટ્રિબ્યુનલની વાત કરું તો હજારો કેસો પડતર છે, એમની કાર્યપદ્ધતિની વાત કરું તો એમણે પોતે કાર્યપદ્ધતિ બનાવી છે પણ એનાથી

વિમુખ કાર્યપદ્ધતિ કરી રહયા છે. ૧૧-૦૦ થી ૫-૦૦નો સમય કોર્ટનો સમય હોય તો એ સમયની મર્યાદા પણ જળવાતી નથી. રવિવારની રજાના બદલે પૂનમના દિવસે રજા પડે, એમને પૂનમ ભરવા જવી હોય તો આવું ટ્રિબ્યુનલની અંદર આજે ચાલી રહ્યું છે. વાત કરીએ એની કાર્યવાહીની એની અંદર એવી ટીકાઓ થાય કે ચાલુ કોર્ટ બીનજરૂરી રાજકારણની વાત થાય, ધર્મની વાત થાય, બીજા કાયદાની વાત થાય, સરકારની ટીકા થાય, રામાયણની કથા સુધીની વાતો આ કોર્ટમાં મેં સાંભળેલી છે. આના માટે આવો કાયદો લાવી અને આ બદી દૂર કરવાની પણ જરૂર હતી એવું હું પોતે માનું છું. મારે નામ નથી આપવું કૃપા ત્રિવેદી પણ દઉ છું , પણ આની નિમણૂક કોણે કરી, આટલો મોટો વિવાદ જેની હાઈકોર્ટે પણ ટીકા કરી છે, એની કાર્યપદ્ધતિની આવી ટ્રિબ્યુનલની વાત કરું ત્યારે એની કાર્યરીતિ, પક્ષકાર અને તમામ જાતના બધા વકીલોને એમના વિરુદ્ધ અસંતોષ થતો હતો. આજે નામદાર હાઈકોર્ટે પણ એની નોંધ લીધી છે અને નૉન જયુડીશીયલ કોમેંટો કરી છે એના માટે પણ ટીકાઓ કરી છે. આ બિલની અંદર હમણાં વાત કરતો હતો કે આ સન્માનનીય સભાગૃહના વિરોધ પક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા કહે કે સરકાર ઈચ્છે તો જ સુનાવણી થઈ શકે એવું નથી. આ સત્તા પડાવી લેવા માટેનો આક્ષેપ કર્યો છે એવું નથી. આ બિલના અધિનિયમની કલમ- ૧૨-૧ ની અંદર આવું સ્પષ્ટ લખ્યું છે કે અમુક કિસ્સામાં રાજય સરકારની સુનાવણી કરવા બાબતનું જે કોલમ છે એ અધિનિયમ છે એ વાંચો. ટ્રિબ્યુનલ સમક્ષની કોઈ કાર્યવાહીમાંના કોઈ પણ તબક્કે, ટ્રિબ્યુનલને એમ જણાય કે કાર્યવાહીમાં કાયદાના અર્થઘટનને લગતો કોઈ પ્રશ્ન ઊભો થયો છે, જે એવા પ્રકારનો અને એવી જાહેર અગત્ય ધરાવે છે કે જેથી રાજ્ય સરકારને નોટિસ આપવી ઈષ્ટ છે, તો ટ્રિબ્યુનલ રાજ્ય સરકારને નોટિસ આપશે અને રાજ્ય સરકાર, પોતાને યોગ્ય જણાય તો ટ્રિબ્યુનલ સમક્ષ હાજર થશે અને પછી ટ્રિબ્યુનલ પ્રશ્નનો નિર્ણય કરતાં પહેલાં રાજ્ય સરકારની સુનાવણી કરશે. આમ, નિર્ણય કરવાની આ અધિનિયમમાં સત્તા આપવામાં આવેલ છે. દિવાની કોર્ટની અદાલતની નીતિ રીતિની વાત કરું તો આજે આ વિધેયકમાં અમૂક કક્ષાએ અદાલતની સત્તા આપેલ છે. જેથી કરીને આ ટ્રિબ્યુનલ એક ન્યાયિક સિદ્ધાંતોનું પાલન કરી શકે. કોર્ટ ફીની પણ વાત કરું તો કોર્ટ ફી બહુ જ નજીવી લેવામાં આવતી હતી એમાં એકરૂપતા લાવી ગુજરાત કોર્ટ ફી અધિનિયમ ૨૦૦૪ પ્રમાણે ફી લેવાનું આ અધિનિયમમાં નક્કી કરવામાં આવ્યું છે. વકીલોની વાત કરું તો વકીલોમાં કોઈ અસંતોષ નથી, વકીલોના પ્રતિનિધિમંડળ દ્વારા રજૂઆત આજે પણ ચાલુ છે. એમને પણ ન્યાયિક પ્રક્રિયાનો કોઈ અવરોધ ઉપસ્થિત થયો નથી. આ વિધેયકને હું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**સભાપતિશ્રી** : બધા સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે હવે આપણી પાસે સમય બહુ મર્યાદિત છે. દરેક સભ્યશ્રી પોતાના મંતવ્યો બે-પાંચ મિનિટમાં પૂરા કરે.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રી અને રાજ્ય સરકાર જે ટ્રિબ્યુનલની રચનાની વાત લઈને આવ્યા છે એમાં હું મારું દુ:ખ વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રાથમિક શાળાથી યુનિવર્સિટી સુધી શિક્ષણ ક્ષેત્રના ૬ લાખ કર્મચારીઓ અને એમના પરિવારોને સાંકળતા જયારે આ શૈક્ષણિક ટ્રિબ્યુનલની વાત હોય ત્યારે આ શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ ૨૦૦૬ આખા રાજ્યમાં ભૂકંપ સર્જશે એની આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને ચેતવણી આપું છું. ગુજરાત સંલગ્ન કોલેજ સેવા ટ્રિબ્યુનલ ૧૯૮૨ અને એવા ૬ ટ્રિબ્યુનલો એકી સાથે કોમન કરીને, જો કે વચનો જુદા આપ્યા છે, કોમન સિવિલ કોડ આપે અને કામ કરે કોમન યુનિવર્સિટી એક્ટ, કોમન ટ્રિબ્યુનલ એક્ટ. જે કરવાનું છે એ કરતા નથી, વચનો પાળતા નથી અને ૬ લાખ કર્મચારીઓ અને એમના પરિવારોને અસર કરે એવું કરે છે. એમાં ૬ લાખ કર્મચારીઓના પરિવારોના દુ:ખ સાથે મારા દુ:ખની લાગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક કાયદા અને કેટલાક નિયમો બહુમતિના જોરે નહિ પણ લાગણી અને પ્રજાની માગણીના જોરે કરવાના હોય છે એ વાત કરવા માગું છું. આ સરસ્વતિના ઉપાસકોની વાત છે. "ગુરુદેવો ભવ:" આ સરસ્વતિના ઉપાસકોના પરિવારોની વાત છે અને કોંગ્રેસે ખૂબ વિચાર વિમર્શ પછી આ ટ્રિબ્યુનલો રચીને ન્યાય આપ્યો હતો. રાજા રાવણના રાજમાં સરસ્વતિના ઉપાસક વિભિષણનું સન્માન જળવાતું હતું અને ન્યાય મળતો હતો. પણ આજના રાજ્યમાં આ ૬ લાખ વિભિષણોને ન્યાય મળતો નથી એનું ભારોભાર દુ:ખ છે. આજે વિભિષણ અને મંદોદરીની જગ્યા લેવાના બદલે સરકાર મામા મરીચ અને શુર્પણખાને લઈ રહી છે ત્યારે આ પ્રશ્ન અને લોકોની લાગણી સાથે મારું દુ:ખ વ્યક્ત કરું છું. આમાં એવી કાળી કલમ ઉમેરવામાં આવી છે કે ન્યાયધીશની કાર્યવાહી કરતા કરતા અદાલત પૂર્ણ થઈ હોય કે ન થઈ હોય પણ સરકાર ઈચ્છે ત્યારે એને રદ કરી શકશે કે કાઢી શકશે. આ ન્યાયધીશને લગતી બાબત છે. ગુજરાતના ન્યાયતંત્રને લગતી બાબત છે. આ કાળી લીટીનો ઉપયોગ કરીને બહુમતિના જોરે, સત્તાના જોરે એક અમલદારશાહી પદ્ધતિ લાવવાની ચેષ્ટા થઈ છે. કેટલાક નિવૃત્ત થતા સચિવોને આ જગ્યા આપવા માટે, એમના સારા સારા કામો એ સરકારને કરી આપે એને પ્રોત્સાહન કે બદલો આપવા માટે આ ટ્રિબ્યુનલ કરીને નિવૃત્ત અધિકારીઓને બદલો આપવા માટે જે જગ્યા ઊભી કરવામાં આવી છે એના માટે ગુજરાતની પ્રજા વતી, ગુજરાતના શૈક્ષણિક જગત વતીથી દુ:ખ વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપખૂદ સરકારની કેટલીક આ એક એવું જગત હતું અને કોંગ્રેસે એવી કિલ્લેબંધી કરી હતી કે આ જગત માટે સરકાર એમાં ચંચૂપાત ના કરી શકે એને સ્વાયત્તતા આપવામાં આવી હતી એવા શૈક્ષણિક જગતની સ્વાયત્તતા દૂર કરવા માટે આ સરકારે આ જે અભિગમ અપનાવ્યો છે, આ અમલદારશાહીનો અભિગમ અપનાવ્યો છે, આ હિટલરશાહી શાસન પદ્ધતિનો જે અભિગમ અપનાવ્યો છે એ માટે પણ પ્રજાવતી અને શૈક્ષણિક જગત વતી સરકારનું ધ્યાન દોરવા માગું છું કે જે આપણે મહાભારતનું યુદ્ધ જોયું હતું, દુર્યોધને એક ઈંચ જમીન નહિ આપું, કારણ કે એમની પાસે બહુમતી હતી એ બહુમતીના જોરે, ૧૦૦ કૌરવોની બહુમતીના જોરે એવી વાત કરી હતી કે ન્યાયની વાત હોય તો પણ એક ઈંચ જમીન નહિ આપું અને મહાભારતનું યુદ્ધ થયું એ એટલા માટે વાત કરું છું કે આ કલમ, અધિનિયમ દ્વારા મહાગુજરાતનું સર્જન થશે, નવનિર્માણનું આંદોલન થશે અને પ્રજા આખા રાજ્યમાં અશાંતિ તરફ ધકેલાઈ જશે એ વાત હું આપની સમક્ષ મૂકવા માગું છું. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, રામ મંદિરની વાત કરવાવાળાની આ વાત છે, વચન આપીને ભૂલી જવાવાળાની આ વાત છે. .(અંતરાય) આ બિલની લાગણીની જ વાત કરું છું

**સભાપતિશ્રી** : બિલની કલમો ઉપર આવી જાવ.

**ડૉ. સી. જે. ચાવડા** : ૬ લાખ કર્મચારીઓ અને એના પરિવારની વાત છે. જે શિક્ષણ જગતના કેટલાક કામો કરવાના બાકી છે. શિક્ષણ જગતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત રાજ્યને અંધારાની ખાઈમાં ધકેલી દેવામાં આવ્યું છે. બેનમૂન સ્ટડી સેન્ટર શરૂ કરવામાં આવે, બોગસ યુનિવર્સિટી સાથે સંલગ્ન થઈને લાખો અને કરોડો રૂપિયાની કમાણી કરવામાં આવે એવા લોકોની સામે કોઈ પગલા ભરવાનો કોઈ અધિનિયમ લાવવામાં આવતો નથી અને જે કર્મચારીઓ, પ્રોફેસર, લેકચરર, પ્રાથમિક શાળાના શિક્ષક આખા ગુજરાતનો વિકાસ શૈક્ષણિક જગત અને ગુજરાતને વેગ આપી રહ્યો છે. ભવિષ્યની પેઢી ઘડી રહ્યાં હોય તેમના પર કેમ તરાપ મારવી અને સરકાર એમના પર કેમ રોફ જમાવવા કેમ * (XXXX) જમાવવી એવું સહકારી ક્ષેત્રે મળ્યું નથી એટલા માટે અમે આ બિલની સાથે કોઈ પણ રીતે સંમત નથી, અમે મૂક સાક્ષી બનીને (અંતરાય) * (XXXX) વાત નથી, સીડીની વાત નથી (અંતરાય)

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી એમ કહે છે કે - સરકાર રોફ જમાવીને [*]* (XXXX) જમાવવા માગે છે. આ * (XXXX) શબ્દ અસંસદીય શબ્દ હોઈ દૂર કરવો જોઈએ.

**સભાપતિશ્રી** : એ અસંસદીય શબ્દ રેકર્ડ પરથી દૂર કરું છું. પૂરું કરો.

**ડૉ. સી. જે. ચાવડા** : આ બિલમાં અમે કોઈપણ સંજોગોમાં મૂક સાક્ષી થઈ શકીએ નહિ. (અંતરાય) કારણ કે ભીષ્મપિતામહને બાણશૈયા પર સૂવું પડ્યું હતું, એટલે અમે કોઈ બાણ શૈયા પર સૂવા માગતા નથી. આ બિલનો અમે વિરોધ કરીએ છીએ. જો સરકાર નહિ માને તો આ આંદોલન ગલીએ ગલીએ અને શેરીએ શેરીએ લઈ જઈને મહાગુજરાત કે નવનિર્માણનું આંદોલન કરીશું એ વાત આપની સમક્ષ મૂકવા માગું છું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, સી.ડી. પટેલ શિક્ષણ જગતની વાત છે, સહકારની વાત નથી. ગુજરાતના ઈતિહાસમાં આ કાયદો એ 'કાળોકાયદો' ઓળખાશે. રોલેકટ એકટ કરતા પણ ખરાબ કાયદો, ૧૯૧૯ કરતાં પણ આ કાયદો વધારે ભયંકર અને ક્રૂર લેખાઈ રહ્યો છે ત્યારે એમની વાત, એમની લાગણીની વાત, એમની અમલદારશાહી પદ્ધતિમાં કોઈપણ સામેલ થઈ શકે નહિ અને જરૂર પડે તો અમે આંદોલન કરીશું, આ વિધાનસભા ના ચાલે એવી કાર્યવાહી કરીને અમારો વિરોધ વ્યકત કરવા માગીએ છીએ. (અંતરાય)

**સભાપતિશ્રી** : પરેશ ધાનાણી, (અંતરાય) રાજકીય અવલોકન જ કરવા, બિલ પર બોલવું જ નહિ. આપને પણ મારે (અંતરાય) પ્લીઝ, જગદીશભાઈ. જ્યારે બિલ પર ચર્ચા ચાલતી હોય ત્યારે એની કલમો બાબતની વાત કરવાને બદલે માત્ર પૂરેપૂરો સમય આપ રાજકીય અવલોકનો કરો એ બરાબર નથી. એક બાજુ સમયની મર્યાદા છે. આ બિલ પર બોલો તો વાંધો નથી, આપને સમયનો પણ ખ્યાલ હોવો જોઈએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આમાં બે બાજુ હોય ને? પેલા વકીલ બોલે, બેન બોલે (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : ના, બોલે, એનો વાંધો નથી. આ તો કલયુગના કૌરવો - પાંડવો પોતાની જાતને ઓળખાવે છે.(અંતરાય)

**સભાપતિશ્રી** : હું બંને પક્ષને કહું છું કે જ્યારે બીલ ઉપર ચર્ચા કરતા હોઈએ ત્યારે બીલના સંદર્ભમાં જ વાત કરવી જોઈએ.

**ડૉ. સી. જે. ચાવડા** : મહાભારતમાં બહુમતીમાં કોણ હતા એ આપણે જાણીએ છીએ. આ બીલમાં એક કલમ એવી રાખવામાં આવી છે કે, કોર્ટ ફી સ્ટૅમ્પ લેવામાં આવે, જ્યારે સરકાર ઇચ્છે ત્યારે એ પાર્ટી થઈ શકે, કાયદાનું અર્થઘટન કરવાનું થતું હોય ત્યારે સરકાર ઇચ્છે ત્યારે પાર્ટી થઈ શકે અને જજ પોતે સરકારને કાયદાના અર્થઘટન માટે પાર્ટી થવા ઈચ્છતા હોય તો પણ સરકાર ઈચ્છે, ન ઈચ્છે એની મરજીની વાત છે, એક બાજુ છ લાખ કર્મચારીઓ હોય અને બીજી બાજુ શૈક્ષણિક જગતના એક અધિકારી કે એક મંત્રીશ્રી હોય, કોણે કઈ તરફ

---

[*] * (XXXX) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ટ્રિબ્યુનલને જવું? અને ટ્રિબ્યુનલમાં એવા જજોની નિમણૂક કરવાની વાત બાજુએ રાખીને પેલા નિવૃત્ત થતા અધિકારી કે સચિવકક્ષાના ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા અધિકારીને આમાં મૂકીને આખી અમલદારશાહી પ્રવૃત્તિનો ઉપયોગ કરવાની જે વાત લઈને આવ્યા છે એને કોઈપણ સંજોગોમાં અમે ચલાવી લેવા માગતા નથી અને સપોર્ટ આપી શકતા નથી. આ જે સંસ્થાઓ શૈક્ષણિક જગતમાં સંસ્થાઓ કામ કરી રહી છે એવી દોઢ લાખ સંસ્થાઓનો પ્રશ્ન આમાં સંકળાયેલો છે, દોઢ લાખ સંસ્થાના કેસો પણ આ ટ્રિબ્યુનલમાં ચલાવવામાં આવે છે અને જે સંસ્થાઓ ચલાવતા હશે એના માલિકો અને સંચાલકોને કેમ હેરાન કરવા, કેમ કરીને એને ભીડવવા, કેમ કરીને આપણી વાતમાં એમણે સાંકળવા, કેમ કરીને આપણી વાતોમાં એમને લાવવા, એ કરવામાં આવશે એની અમને બરાબર બીક છે અને જો આમ જ કરતા રહેશે અને આ અધિનિયમને પસાર કરવામાં આવશે તો ગુજરાતના શૈક્ષણિક જગતમાં બહુ મોટો ખળભળાટ મચી જશે અને શિક્ષકો જેને ગુરુદેવો ભવ: કહીએ છીએ એવા શિક્ષકો આવતી કાલથી જ આ આંદોલનનો આરંભ કરશે એની અમને બીક છે એટલે ગુજરાતમાં સુખ, શાંતિ જળવાઈ રહે એટલા માટે, કોંગ્રેસથી જે ટકી રહયા છે સુખ, શાતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે એના માટે સરકારનું ધ્યાન દોરવા માગીએ છીએ, તેમ છતાં સરકાર જો બહુમતીના જોરે આ અધિનિયમ પાસ કરશે તો આ અધિનિયમને અમે હરગિજ ચલાવી લઈશું નહીં અને અમારી વાત આટલાથી અટકશે પણ જો નિર્ણય કરશે તો અમે આંદોલનના માર્ગે જઈને, પ્રજા સમક્ષ જઈને, પ્રજાની વચ્ચે જઈને અમે આ અધિનિયમનો વિરોધ કરીશું એ વાત આપની સમક્ષ મૂકું છું.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય શિક્ષણ મંત્રીશ્રી, સન્માનીય ગૃહ સમક્ષ ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ વિધેયક ૨૦૦૬ લઈ આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું નિરાંતે સન્માનીય ગૃહ સમક્ષ થતી ચર્ચાઓ સાંભળતો હતો, ઘણા અમારા મિત્રોએ આ વિધેયકની કલમોની વિગતવાર ચર્ચાઓ કરી પરંતુ મારું તો એવું મંતવ્ય છે કે, આ કલમો વિશે ચર્ચા કરવા માટે થઈને આ વિધેયકને સન્માનીય ગૃહ સમક્ષ લાવવામાં આવ્યું નથી. જો કલમો અને એની કલમોની અંદર જે જૂના ટ્રિબ્યુનલો પાંચ જેટલા હતા એમાં એમના સભ્યશ્રીઓને મળેલા અધિકારની રૂએ જ્યારે કોઈ વિવાદની બાબત આવે તો એમાં એ ટ્રિબ્યુનલના સભ્યશ્રી સરકારના કોઈ સચિવશ્રીને, સરકારના વિભાગના વડાને, સરકારના મંત્રીશ્રીને નોટિસ કાઢી શકતા હતા, પરંતુ આ વિધેયકની જોગવાઈના અનુસંધાને હવે આ જે ટ્રિબ્યુનલ રચાઈ રહી છે એમાં એ સભ્ય તરીકે સરકારના કોઈ સચિવની નિયુક્ત કરવાના માત્ર આશયથી આ ટ્રિબ્યુનલોનું સરકારીકરણ કરવાના આશયથી સન્માનીય ગૃહ સમક્ષ આ વિધેયક લાવવામાં આવ્યું છે. હું આપના દ્વારા એ વાત ધ્યાન પર લાવવા માગુ છું કે, અગાઉ મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨, ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શાળા સેવા ટ્રિબ્યુનલ-૧૯૮૩, ગુજરાત સંલગ્ન કૉલેજ સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ-૧૯૮૨ અને ગુજરાત યુનિવર્સિટી સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ-૧૯૮૩ મુજબ શૈક્ષણિક ટ્રિબ્યુનલો સ્થપાઈ હતી. આ ટ્રિબ્યુનલોમાં ટ્રિબ્યુનલોની રચના વખતે ઉચ્ચ લાયકાતના ધોરણે સેવામાં ચાલુ હોય તેવા હાઈકોર્ટના જજ, નિવૃત્ત હાઈકોર્ટના જજો અથવા તેની સમક્ક્ષ લાયકાત ધરાવતા જિલ્લા ન્યાયાધીશો માટેની લાયકાત ધરાવતી વ્યકિત એની જ માત્ર નિયુક્ત કરવામાં આવતી હતી પરંતુ આ વિધેયક ૨૦૦૬ના અનુસંધાને એની કલમ ૪ (૧) મુજબ આ ટ્રિબ્યુનલોમાં સભ્ય તરીકેની જે લાયકાત નક્કી કરવામાં આવેલ છે તે અને હાલનો કાર્યરીતિ શૈક્ષણિક ટ્રિબ્યુનલના સભ્યની લાયકાતો ધ્યાને લેતાં નવા વિધેયક્ને મંજૂર ન કરવામાં આવે તેવી હું લાગણી વ્યક્ત કરું છું. સરકારશ્રીની જોગવાઈ મુજબ જજના બદલે સરકારના સચિવને ટ્રિબ્યુનલના સભ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવશે તો સચિવ કક્ષાના અધિકારીની, સરકારના અધિકારીની નિમણૂક ટ્રિબ્યુનલના સભ્ય તરીકે કરવામાં આવે તો શૈક્ષણિક સંસ્થાઓના કર્મચારીઓના મોટાભાગના પ્રશ્નો સરકારશ્રીના હુકમો સામે હોય છે અને સચિવ કક્ષાના સરકારના અધિકારીઓ આવા કેસમાં સાચો ન્યાય આપી શકતા નથી. છેલ્લા થોડા વર્ષોમાં એવો ટ્રેન્ડ ચાલુ થયો કે સરકારને જયાં જયાં અગવડતા ઉભી થઈ, સરકાર પોતાની મુનસફી કરવા માગતી હોય અને એમાં કાયદો અગવડરૂપ થાય તો કાયદો અથવા કાયદાની કલમ સંપૂર્ણપણે નાબૂદ કરવાના આશયના ભાગરૂપે આ વિધેયક ગૃહ સમક્ષ લાવ્યા હોય તેમ લાગે છે. મને ખ્યાલ છે ત્યાં સુધી શૈક્ષણિક ટ્રિબ્યુનલ પૈકીના એક સભ્યશ્રીએ સરકાર સામે નોટિસ કાઢી એનો જવાબ ફાઈલ નહીં થતા સચિવ, સરકારના વિભાગના વડા અને માનનીય શિક્ષણ મંત્રીશ્રીને ટ્રિબ્યુનલ સમક્ષ હાજર થવાનું સમન્સ કાઢયું હતું. આ સમન્સ સામે શિક્ષણ મંત્રીશ્રીને ટ્રિબ્યુનલ સમક્ષ હાજર થવાનું થયું એટલે આ કાયદાને અને કાયદાની કલમને જડમૂળથી ફેંકી દેવાના આશયથી આ બીલ સભાગૃહ સમક્ષ લાવવામાં આવ્યું છે એવું લાગે છે. આ બીલ સભાગૃહમાં મંજૂર થશે તો એવી પરિસ્થિતિ નિર્માણ થશે કે * * (XXXX)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો આશય એવો છે હું કોઈ કહે છે એવું નથી કહેતો.

**શ્રી અશોક ભટ્ટ** : સાહેબ, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**સભાપતિશ્રી** : એ શબ્દો બોલાતા નથી. એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી છે કે એ શબ્દો પાછા ખેંચાવો. માનનીય અધ્યક્ષશ્રી, તેઓ જે શબ્દો બોલ્યા (અંતરાય)

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, શબ્દો પાછા ખેંચી લઉં છું પણ એનાથી આશયમાં કોઈ ફેર પડતો નથી. મારી એવી વિનંતી છે કે જયારે ટ્રિબ્યુનલને સ્વાયત્તતા આપવામાં આવી ત્યારે આ રાજયના ૬ લાખ જેટલા શિક્ષકોને આશા હતી કે એને એવો ન્યાય મળતો હતો કે સરકારનો કોઈ વિભાગ એની વિરુદ્ધમાં નિર્ણય કરશે તો ટ્રિબ્યુનલમાં સ્વતંત્ર રીતે પડકારી શકશે અને કોંગ્રેસના શાસનમાં જે ટ્રિબ્યુનલને સ્વતંત્રતા આપવામાં આવી એનાથી આ શૈક્ષણિક સ્વતંત્રપણાના હકકનો ઉપયોગ કરી શકતા હતા. જયારે સરકારશ્રી તરફથી આ હકક છીનવવામાં આવતો હોય ત્યારે શિક્ષણ મંત્રીશ્રીને પણ ટ્રિબ્યુનલ સમક્ષ હાજર થવાના સમન્સ કઢાવી શકતા હતા. પરંતુ આજના બીલથી એ પરિસ્થિતિ નિર્માણ થશે કે હવે પછી સરકારના કોઈપણ વિભાગમાં સરકારનું ચાલશે તો આ સરકારની નીતિ વિરુદ્ધ કોઈ ન્યાય અદાલતમાં જજમેન્ટ આપવામાં આવશે તો એ જજને દૂર કરી દેવાના, કાયદાને દૂર કરી દેવાનો. આનાથી લોકશાહીનું ધોળા દિવસે ખૂન થવાનું છે, માટે આની સાથે સંમત થઈ શકતો નથી. હું શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી કરું છું કે અમારા ભા.રા.કોંગ્રેસના સન્માનનીય અધ્યક્ષા કાયદાનું, બંધારણનું ચુસ્તપણે પાલન કરવા માટે લોકોએ એમને મત દ્વારા અધિકારથી પાર્લામેન્ટમાં સ્થાન આપ્યું હતું એનો કયાંક ભંગ થતો હોય, કયાંક આ બાબતે પ્રશ્નાર્થ ઉભો થતાં તેઓએ સ્વૈચ્છિક રીતે રાજીનામું આપી દીધું. સરકારની સામે વોરંટ નીકળ્યું હોય તો એનાથી બચવા માટે આવા બીલનો ઉપયોગ આ ગૃહમાં થતો હોય તો હું વિનંતી કરવા માગું છું કે સરકાર આ અધિકાર ન આપી શકતી હોય તો શિક્ષણ મંત્રીશ્રીએ રાજીનામું આપી દેવું જોઈએ.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, ૬-૭ ધારાસભ્યશ્રીઓએ પોતાના મંતવ્યમાં (અંતરાય) હવે મારી વાત સાંભળો શાંતિથી. (અંતરાય) બિલકુલ નહીં કોઈ ખેંચવાનું નથી અહીં અમે પસાર કર્યું છે.કોઈ વિધેયક પાછું નથી ખેંચાવાનું. વિધેયક હાઉસમાં પસાર કરીશું.

( આ તબક્કે સભાગૃહમાં હાજર રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર શરૂ કર્યા )

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : આ બિલ પ્રવર સમિતિને સોંપાય તેવું અમારું સૂચન છે. આ બિલ શિક્ષકોની વિરુદ્ધનું છે. ખૂબ અંધાધૂંધી થવાની છે, એના કારણે મારું સૂચન એવું છે કે આ બિલ પ્રવર સમિતિને સોંપાય અને એની અંદર તમામ પક્ષોને સરખા અધિકારો મળે, શિક્ષકોને અને સરકારને બંનેને સુનાવણી કરવાના અધિકારો મળે એમાં ન્યાયાધીશોની નિમણૂક થાય એવી જોગવાઈ માટે થઈને આ બિલ પ્રવર સમિતિને સોંપાય તેવી મારી વિનંતી છે.

**શ્રી અશોક ભટ્ટ** : વિરોધ પક્ષના નેતાને ખબર હોવી જોઈએ કે પ્રવર સમિતિને સોંપવા માટે (અંતરાય) એ કઈ પળે કહેવાનું ખબર નથી.

**સભાપતિશ્રી .** : બધા બેસો. આપના નેતા વાત કરે છે. આપ વાત કરી લો. પછી અશોકભાઈને સાંભળી લો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : અમારી માગણી એ છે કે આ બિલ છે, જેમાં મારા માનનીય સભ્યશ્રીઓએ કહ્યું તે પ્રમાણે માત્ર જે નોટિસ શિક્ષણ મંત્રીશ્રી, શિક્ષણ સચિવશ્રીને અપાય છે, એ કારણસર એ હોદાઓ, કલમો નાબૂદ કરવા માટે આ બિલ લાવવામાં આવેલ છે, એમાં શિક્ષકોને ખૂબ મોટો અન્યાય થવાનો છે અને એના કારણે જે સમાન અધિકારો દીવાની કોર્ટની અંદર મળતા હતા, એ અધિકારો ટ્રિબ્યુનલને આપ્યા છે, ત્યારે સમાન અધિકારો, સમાન સુનાવણીઓ એવી જોગવાઈ નથી. એ કારણસર માત્ર વિનંતી એટલી છે કે આ બિલ છે એ પ્રવર સમિતિને સોંપવું જોઈએ અને પ્રવર સમિતિને સોંપાય અને એનો અભ્યાસ થાય અને એના પછી આ બિલ ગૃહમાં આવે તો એમાં ચર્ચા કરવાની તૈયારી છે.

**સભાપતિશ્રી** : બીજા વાચનના તબક્કામાં આવે.

**શ્રી અશોક ભટ્ટ** : હું નિયમોની ચોપડીઓ, સંસદીય પ્રણાલિકાઓ બધું વિરોધપક્ષ નેતાશ્રીને ભેટ આપું તો સારું નહિ લાગે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : તમારા કોઈ મિત્ર તમારું માનતા નથી. તમે શું કામ ભાષણ આપો છો?

**શ્રી અશોક ભટ્ટ** : તમે નિયમ પ્રમાણે કહોને. પ્રવર સમિતિને સોંપવા માટેનો નિયમ-૧૩૨ છે. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી આપને ખબર ન હોય તો આ નિયમ પ્રમાણે પહેલા વાંચન પછી કહેવાય. પહેલું વાંચન પૂરું થયા પછી. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય શિક્ષણ મંત્રીશ્રી ખાતરી આપે તો બેસવા માટેની તૈયારી છે.

**સભાપતિશ્રી .** : બીજા વાંચન પછી. પહેલું વાંચન પૂરું થઈ જવા દો.

**શ્રી અશોક ભટ્ટ** : રેલ્વે સ્ટેશન ઉપર ગાડી આવે તે પહેલા બેસવાની વાત કરે છે.

(આ તબક્કે વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલા સભ્યો દ્વારા 'કાળો કાયદો દૂર કરો' ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા)

**સભાપતિશ્રી** : અર્જુનભાઈ આપ પહેલા બેસો. પ્લીઝ, હું ઊભો છું આપ બેસો.(અંતરાય)

(આ તબક્કે વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલા સભ્યો દ્વારા 'શિક્ષણમંત્રીશ્રી રાજીનામું આપે' તેવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા)

**સભાપતિશ્રી** :મારે નિયમોની જોગવાઈની વાત કરવાની છે. આપ જે પ્રવર સમિતિને સોંપવાની વાત કરો છો. પ્રથમ વાંચન વખતે આવતું નથી. બીજા વાચન વખતે કહી શકો, ત્યારે જે નિર્ણય મંત્રીશ્રી કે સરકારે લેવો હશે તે લેશે, પ્રથમ વાચન તો મંત્રીશ્રીએ નિયમની જોગવાઈ પ્રમાણે પ્રવચન કરવાનું હોય છે, એ કરવું પડે. નિયમની જોગવાઈની બહાર કેમ આપણે જઈ શકીશું?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : વાત એટલી છે કે સરકાર પક્ષે બહુમતી છે, એટલે અમે કદાચ પ્રવર સમિતિની માગણી કરીએ તો પણ સ્વીકારવાના નથી. મારી ફરી વિનંતી છે કે માનનીય મંત્રીશ્રી અમને ખાત્રી આપે કે પ્રવર સમિતિને સોંપવાનું છે તો સાંભળવાની તૈયારી છે.

**સભાપતિશ્રી** : તે તબક્કો આવવા દો. એડવાન્સમાં કેમ કહે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : જે ઈરાદાથી બિલ આવ્યું છે (અંતરાય) એ ઈરાદાથી ખોટા સંકેતો સોસાયટીને આપે છે, એટલા માટે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શાળાના શિક્ષકો, માધ્યમિક શાળાના શિક્ષકો......... (અંતરાય)

(વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલા સભ્યશ્રીઓ **"રાજીનામું આપે, રાજીનામું આપે, શિક્ષણમંત્રી રાજીનામું આપે" અને "દૂર કરો દૂર કરો, કાળો કાયદો દૂર કરો."** એવા સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શાળાથી માંડીને યુનિવર્સિટી સુધીના કર્મચારીઓની સંખ્યા લગભગ પાંચ લાખ જેટલી છે. કર્મચારીઓની સર્વિસને લગતા જે કંઈ પ્રશ્નો છે તે આ સર્વિસ ટ્રિબ્યુનલમાં આવતા હોય છે. હમણાં જે દુહાઈ કોંગ્રેસના સભ્યશ્રીઓ કરતા હતા . સાહેબ, મેં છેલ્લા ૩૨ વર્ષ સુધી શિક્ષણ જગતમાં કામ કર્યુ છે. એકપણ સાલ એવી બાકી નથી કે શિક્ષકોના પ્રશ્નો લઈને માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ ની અને ધોરણ-૧૨ની જયારે પરીક્ષાઓ આવે ત્યારે શિક્ષકો આંદોલનો કરતા હતા. વિદ્યાર્થીઓને બાનમાં લેતા હતા ત્યાં સુધી તેમના પ્રશ્નોનું સોલ્યુશન લાવવા માટે આ કોંગ્રેસની આંખ ઉઘડતી ન હતી.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષકો માટે ચાણકયે કહયું છે કે **"શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદમેં ખેલતે હૈ."** આ રાજય સરકારે શિક્ષકોના પ્રશ્નો સ્થળ ઉપર ઉકેલવાનો પ્રયત્ન કર્યો છે અને તેના જ કારણે આજે શૈક્ષણિક શાંતિ પૂરા ગુજરાતની અંદર પ્રર્વતી રહી છે. છેલ્લા છ વર્ષની અંદર એકપણ હડતાલ શિક્ષણમાં કયાંય પડી નથી. તેમના પ્રશ્નો માટે કયાંય હડતાલ પડી નથી. તે જ બતાવે છે કે શિક્ષકોના પ્રશ્નો ટ્રિબ્યુનલમાં જાય તે પહેલાં રાજય સરકારે અને શિક્ષણ વિભાગે ઉકેલ્યા છે અને તેમને સંતોષ થાય, ન્યાયિક રીતે તેમને અન્યાય ન થાય અને તેમને ન્યાય મળી રહી તેના માટેના સતત પ્રયત્નો આ રાજય સરકારે કર્યા છે. એટલું જ નહીં પરંતુ શૈક્ષણિક સંઘો, પ્રાથમિક સંઘ હોય, માધ્યમિક શૈક્ષણિક સંઘ હોય, આચાર્ય સંઘ હોય, સંચાલકોના સંઘ હોય આ બધાને ડી.ઓ. કેચેરીમાં દર મહિનાની અંદર એક દિવસ નિશ્ચિત કરી આપવામાં આવેલ છે કે તેમના કોઈપણ પ્રશ્નો હોય અને કોઈ જી.આર.નું અર્થઘટન ખોટું થયું હોય અને શિક્ષક અને શાળાને અન્યાય થયો હોય તો ડી.ઓ. કચેરીની અંદર બેસીને પ્રશ્નોનું સોલ્યુશન લાવે આ પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દર ત્રણ મહિને શિક્ષણ મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં આ બધા સંઘો પોતાના પ્રશ્નો લઈને મારી પાસે આવે છે અને તેમના પ્રશ્નો ઉકેલવાનો પ્રયત્ન કરીએ છીએ. આજે તેમની સાંભળવાની તૈયારી ન હતી એટલે જતા રહ્યા છે. વ્યવસાયલક્ષી પ્રવાહ ગુજરાતમાં આવ્યો અને કેન્દ્ર સરકારે વ્યવસાયલક્ષી શિક્ષણ શરૂ કર્યુ ત્યારે આ જ કોંગ્રેસીઓ ભેગા મળીને મળતિયાઓને વ્યવસાયી શિક્ષણની શાળાઓ આપી દીધી અને તેમના લોકોને શાળાઓમાં શિક્ષકો તરીકે દાખલ કરવામાં આવ્યા અને કૌભાંડો કર્યા એટલું જ નહીં વધારાના શિક્ષકો રોકી દીધા. વધારાના ભૂતિયા વર્ગો આપી દીધા અને ૧૯૯૮ની અંદર જયારે આ શિક્ષણ વિભાગ મારી પાસે આવ્યો ત્યારે ૪૮૦૦ શિક્ષકો ફાજલ થઈ ઘેર બેઠા પગાર લેતા હતા. આ સ્થિતિ પ્રવર્તતી હતી. તે વખતે તેમને પ્રશ્નો ઉકેલવામાં રસ ન હતો. ટ્રિબ્યુનલો હતી. ટ્રિબ્યુનલોની અંદર થોકડા પ્રશ્નોના અને કેસોના પડ્યા હતા. તેમ છતાં આ પ્રશ્નો ન ઉકેલ્યા. આ રાજય સરકારે આવ્યા પછી શિક્ષણ વિભાગની સાથે, શૈક્ષણિક વિભાગની સાથે બેસી તેમના પ્રશ્નોનો નિકાલ લાવીને ૪૮૦૦ ફાજલ શિક્ષકોને ગુજરાતની અંદર તેમની ઇચ્છા અનુસાર મૂકીને તેમના પ્રશ્નો ઉકેલવાનું કામ આ રાજય સરકારે કર્યુ છે. આજે મને કહેતાં આનંદ છે કે મારા શિક્ષક

જગતની અંદર આ ટ્રિબ્યુનલનો વિરોધ કર્યો હોય તેવો એક દાખલો તો બતાવો મારા ભાઈ. કયા કયા શિક્ષકોએ અને કયા કયા સંઘોએ તેનો વિરોધ કર્યો છે. માત્ર કે.એસ.શાસ્ત્રીને બચાવવા માટે આ ધંધો તમે શરૂ કર્યો છે કે જેમણે ગુજરાત યુનિવર્સિટીને બાનમાં રાખી હતી. છેલ્લા ત્રીસ-ત્રીસ વર્ષથી ગુજરાત યુનિવર્સિટીને બાનમાં રાખનાર કયા તત્ત્વો હતા? કોણ સમર્થન કરતું હતું? જે આજે હડતાલ ઉપર બેઠા છે, ધરણા ઉપર જે લોકો બેઠા છે તેમને બચાવવા નીકળ્યા છો. આ જ રાજય સરકારે પ્રયાસ કરીને ગુજરાત યુનિવર્સિટીના * (XXXX) પૂર્વ વી.સી. હતા તે સમયે લગભગ ત્રણ કરોડ રૂપિયા, સાહેબ ત્રણ કરોડ રૂપિયા એમ.બી.એ. અને એમ.સી.એ.ના વિદ્યાર્થીઓ પાસેથી વધારાની ફી પડાવી લીધી હતી અને આ ત્રણ કરોડ રૂપિયાનો હિસાબ કિતાબ કરીને તમામ વિદ્યાર્થીઓને ત્રણ કરોડ રૂપિયાની ફી બાય ચેકથી આપવાનું કાર્ય કર્યુ હોય તેવી આ રાજય સરકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, •* (XXXX) * (XXXX) * (XXXX) નૉન-ગ્રાન્ટેડ શાળાઓ હોય ત્યાં અધ્યાપકો હોય, નૉન-ગ્રાન્ટેડ શાળાના અધ્યાપકો હોય, કૉલેજના અધ્યાપકો હોય, બધા આ ટ્રિબ્યુનલની અંદર જઈ શકે છે અને એમનો અધિકાર છે, પોતાને થતો અન્યાય જો હોય તો ટ્રિબ્યુનલની અંદર જઈને તેઓ ન્યાય માગી શકે છે. દરેક જિલ્લાઓની અંદર જ્યારે પણ મારો પ્રવાસ થાય ત્યારે લોક દરબારો શિક્ષકોના પ્રશ્નો માટે અમે યોજીએ છીએ અને સ્થળ ઉપર એમના પ્રશ્નોનો નિકાલ થાય છે એટલે જ તો છેલ્લા ચાર વર્ષથી ટ્રિબ્યુનલમાં જે કેસોનો ભરાવો થતો હતો એમાં માત્ર સો કેસ કે પચાસ કેસ કે પચીસ કેસ આજે ટ્રિબ્યુનલની અંદર આવ્યા છે અને એ જ આ બતાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે યુનિવિર્સિટીની અંદર યુ.જી.સી.નું જ્યારે પગાર પંચ આવ્યું ત્યારે પાંચમા પગાર પંચમાં જે નિયમો બનાવ્યા હતા કે તમારે આ પગાર લેવો હશે તો તમારે આટલા નિયમો પાળવા પડશે, તમારે સોળ કલાકનું કામ કરવું પડશે, આ નિયમો હતા, * (XXXX) * (XXXX) માત્ર બે લૅક્ચરો લેવાને કારણે રાજય સરકાર ઉપર કેટલું મોટું બર્ડન પડતું હતું. અમે બે વર્ષ ઉપર પ્રયાસ કર્યો, બધા જ અધ્યાપકોને સાથે રાખ્યા, યુનિવર્સિટીની અંદર એની ગણતરી કરવામાં આવી અને ૫૦૦ અધ્યાપકો ફાજલ પડ્યા કારણ કે વર્કલોડ ન જ હતો, દરેકને બે લૅક્ચર વધારે આપવામાં આવ્યા, યુ.જી.સી.નો પગાર લેવાનો, નહીં તો કામ નહીં કરવાના હોય તો બરાબર નથી પણ મને કહેતાં આજે આનંદ થાય છે કે જ્યાં અધ્યાપકો * (XXXX) લીધે હડતાલ ઉપર જતા હતા, એમને ખબર જ નહોતી કે કયા કારણોસર આ હડતાલો પડે છે એ જ અધ્યાપકો બધા જ લૅક્ચરો લઈને બે બે લૅક્ચરો વધારે લઈને ૫૦૦ અધ્યાપકોને ફાજલ કર્યા અને ૫૦૦ અધ્યાપકો આજે જુદી જુદી યુનિવર્સિટીની અંદર જ્યાં પણ એમનો સબજેકટ એમની નિયુકિત કરવામાં આવી જ્યાં આજે પણ તેઓ બાળકોને અભ્યાસ કરાવી રહ્યા છે અને ૫૦૦ ફાજલ અધ્યાપકોમાંથી માત્ર ૧૩ કેસો ટ્રિબ્યુનલની અંદર ગયા છે, આ ૧૩ કેસો જે ટ્રિબ્યુનલમાં ગયા છે, એમાં પણ થોડાક સમયમાં એનો પણ ઉકેલ લાવવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દિનેશભાઈ, એકટની અંદર ભાષાની વાત કરે, અલંકારિક ભાષા, ફલાણી ભાષા, ઢીંકણી ભાષા, માનનીય અધ્યક્ષશ્રી, આ તો એકટ છે એની અંદર ટૅક્નીકલ બાબતો હોય એની અંદર ન્યાયની કલમો હોય, આપ આ એક એકટ જોશો તો કલમ પ્રમાણે સ્વયમ્ સ્પષ્ટ છે, તેની અંદર કોઈ ખોટું અર્ઘદ ટન કરી શકે તેવી સ્થિતિમાં અને એટલા માટે આ ન્યાયી બાબતોની અંદર કોઈ ભાષાકીય વાત કોઈ હ્સ્વ " ઈ " કે દીર્ઘ " ઈ "ની વાત ચર્ચામાં અહીં કરવામાં આવે એ ઠીક નથી લાગતું. આ જે ટ્રિબ્યુનલ એકટ છે એ માત્રને માત્ર શૈક્ષણિક સંસ્થાઓ જે છે, શિક્ષણ વિભાગની ચાલતી જે શૈક્ષિણિક સંસ્થાઓ છે એને જ લાગુ પડે છે, માનનીય સભ્યશ્રીએ તો જામનગરની આયુર્વેદિક યુનિવર્સિટીની વાત કરી, મને એ સમજ નથી પડતી કે જે પ્રકારનું આ બિલ હોય એ બિલ ઉપર બોલવાને બદલે જુદી જુદી બાબતો લાવીને અહીં ખડી કરી દેવી પછી રાજય સરકાર ઉપર ગમે તેવા આક્ષેપો કરવાના અને ગમે તેવા આક્ષેપો કરીને એનો જવાબ આપીએ ત્યારે ગમે તેવી ભાષાનો ઉપયોગ કરવાનો એ ઠીક નથી લાગતું અને એટલા માટે જામનગરની આયુર્વેદિક યુનિવર્સિટીનો પ્રશ્ન અહીંયાં આવતો જ નથી, એ તો હેલ્થ ડિપાર્ટમૅન્ટ નીચે આવે છે, શિક્ષણ વિભાગમાં એ આવે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, આખાય ટ્રિબ્યુનલની ચર્ચા એ સંબંધિત લોકો સાથે કરવામાં આવી છે, બધા જ અભિપ્રાયો લેવામાં આવ્યા છે અને અનેક વ્યકિતઓએ પોતાના અભિપ્રાયો આ શિક્ષણ વિભાગ પાસે પણ મોકલી આપ્યા હતા અને બધાએ જે કોઈ અભિપ્રાયો, એ બધાયના અભિપ્રાયોને સંબંધિત કરીને આ એકટ બનાવવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં હડતાલની વાત કરી દીધી છે એટલે એ વાત નહીં કરું,• * (XXXX) * (XXXX) આજે છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાત યુનિવર્સિટીમાં જે પ્રમાણે કાયદાનું રાજ ચાલી રહ્યું છે, વિદ્યાર્થીઓની પરીક્ષા સમયસર થવી, એનું પરિણામ સમયસર આવવું, નવા સીલેબસ એની અંદર દાખલ કરવા એ બધું જ કામ આજે ગુજરાત યુનિવર્સિટીમાં સારી રીતે ચાલી રહ્યું છે. રાજકારણનો અડ્ડો બનાવનાર * (XXXX) જેવી વ્યકિતને જેલના સળિયા પાછળ જવું પડ્યું છે અને ત્રણ મહિના જેલની હવા ખાયને પાછા

• * (XXXX) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં છે.

• * (XXXX) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ વાકયો/ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

આવ્યા છે. આ કૌરવોની હિંમત ન થઈ, કૉન્ગ્રેસના શાસનમાં આ બધું ચાલતું હતું કેમ એમની હિંમત ન હતી આ બધું સુધારવાની? અને જ્યારે સુધારો થઈ રહ્યો છે ત્યારે ગુજરાતની અંદર જો વિદ્યાર્થીઓ તૈયાર થાય અને એ સમગ્ર દેશના અને વિશ્વના વિદ્યાર્થીઓ સાથે ખભે ખભા મિલાવીને આગળ વધી શકે એના માટે જ્યારે રાજય સરકાર પ્રયત્ન કરી રહી છે ત્યારે એમને આ પસંદ નથી. સ્વાભાવિક છે કે એમને આ પસદ ન પડે કારણ કે ગુજરાતનો વિદ્યાર્થી બહાર જઈને આ ગુજરાતનું ગાણું ગાતો થાય, ગુજરાતની પ્રશંસા કરતો થાય, ગુજરાતની સિદ્ધિઓનું વર્ણન કરતો થાય જે એમના પેટમાં દુ:ખે છે અને એટલા માટે એમને આ પસંદ નથી. અને એટલે તેઓ વિરોધ કરીને અહીંથી ચાલ્યા ગયા. એમણે એ પણ ધમકી આપી કે નવનિમાર્ણ થશે. ભાઈ, એ દિવસો યાદ કરો, હું એ વખતે શાળામાં સર્વીસ કરતી હતી. નવનિર્માણનું આંદોલન શા માટે થયું હતું? મિત્રો તમે જ શોધો. તમે ઊંડા ઊતરો કે તમારા કયા પાપને કારણે નવનિર્માણનું આંદોલન થયું હતું? એવું નવનિર્માણનું આંદોલન ફરી કરવા માટેની ધમકી આપે છે. આ રાજય સરકારને ત્યારે મારે કહેવું છે કે, તમારા આંદોલનમાં ગુજરાતની પાંચ કરોડની જનતા જોડાવાની નથી એટલું યાદ રાખી લેજો મિત્રો, એટલું જ નહીં પણ ગુજરાતનો કોઈ પણ શિક્ષક એમના આંદોલનમાં છે નહીં માત્ર ગણ્યા ગાઠયા જેમના નીચેથી ધરતી સરકી રહી છે એવા લોકો કયાંક પાંચ-પચ્ચાસ બેસીને આંદોલન કરી રહ્યા છે અને આ રાજય સરકારને એ ધમકી આપી રહ્યા છે કે નવનિર્માણનું આંદોલન અમે કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી અમારે તો નવનિર્માણનું આંદોલન નથી કરવું, શિક્ષણની અંદર નવનિર્માણ કેવી રીતે થાય, શિક્ષણની અંદર પરિવર્તન કેવી રીતે આવે, શિક્ષણની અંદર વિદ્યાર્થી આગળ કેવી રીતે વધી શકે. શિક્ષક કર્મચારી નહીં પણ કર્મયોગી બનીને સારું કામ કેવી રીતે કરી શકે એ અમારો વિચાર છે અને આ વિચારને ધ્યાનમાં રાખીને અમે નવા નવા પ્રયોગો શિક્ષણ જગતમાં કરી રહ્યાં છીએ. એટલું જ નહીં પણ આ ૬ ટ્રિબ્યુનલો હતી એ ૬ ટ્રિબ્યુનલની અંદરથી અમે એક ટ્રિબ્યુનલ કરવા માગીએ છીએ. જે રીતે દરેક મંત્રાલય છે એની અંદર સર્વીસ ટ્રિબ્યુનલ ચાલે છે એજ રીતે આની અંદર સર્વીસ ટ્રિબ્યુનલ ચાલવી જોઈએ. કોઈ પણ ટ્રિબ્યુનલ પોતાને આપેલી હકૂમતની બહાર જઈને કોઈ પણ જજમૅન્ટ ન આપી શકે એ સર્વ સામાન્ય સિદ્ધાંત છે અને એ સૌએ સ્વીકારવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી અહીં હાઉસમાં ગમે તે વખતે ગમે તેવા આક્ષેપો મંત્રી ઉપર કરવામાં આવે છે, હાઉસની અંદર કોઈ પણ મંત્રી ઉપર એમણે આક્ષપો કરવા હોય તો અગાઉથી એને જાણ કરવી જોઈએ અને એની પરમીશન લેવી જોઈએ. આ રીતે ગમે તેવા આક્ષેપો કરીને હાઉસમાં પોતે છાઈ જવાનો પ્રયત્ન કરે છે, સસ્તી પ્રસિદ્ધિ મેળવવા માટેનો પ્રયત્ન કરે છે એ એક સારા સંસદીય ગૃહમાં આપણને શોભતું નથી. દરેક ધારાસભ્યશ્રીએ પોતે બોલતી વખતે વિચાર કરવો જોઈએ. વાણી અને ભાષા ઉપર સંયમ રાખવો જોઈએ કારણ કે, * (XXXX) પરંતુ ૫ કરોડની જનતાના એક પ્રતિનિધિ તરીકે જ્યારે આપણે અહીંયા આવીએ છીએ ત્યારે આપણને શોભે એવા શબ્દો વાપરવા જોઈએ. શિક્ષણને શોભે એવા શબ્દો વાપરવા જોઈએ. વાણી ઉપર સંયમ રાખીને બોલવું જોઈએ. વાત બીજી બીજી કરવાની અને પછી આક્ષેપો કરવાના એ બરાબર નથી ત્યારે કહું છું કે અહીં બેઠેલા એક-બે ધારાસભ્યો એવા છે કે જેમણે પોતાની કૉલેજો બંધ કરવી પડી કારણ કે, ખોટું ચલાવતા હતા. પગાર ઓછો આપીને અધ્યાપકો અને શિક્ષકોની સહીઓ કરાવી લેતા હતા અને જ્યારે એના ઉપર તપાસ થવા માંડી એટલે રાતો રાત કૉલેજો બંધ કરી દેવી પડી. અહીં છે નહીં રાતો રાત કૉલેજો બંધ કરવા વાળા અત્યારે. એ વાત હું જાહેરમાં બોલવા નથી માગતી સાહેબ, અને અહીં આવીને સારી સારી વાતો કરવાની એ શોભાસ્પદ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ જ્યારે અહીં રજૂ થયું છે ત્યારે હું સૌ ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, બિલ પાસ કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૦નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૨૬, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકિંટગ ફોર્મ્યૂલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૦નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી :** સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૦નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૪

# ગુજરાત લગ્ન-નોંધણી વિધેયક, ૨૦૦૬

ગુજરાત રાજયમાં લગ્નની નોંધણી માટે અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષાંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક

**શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૪, સન ૨૦૦૬નું ગુજરાત લગ્ન નોંધણી વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**સભાપતિશ્રી . :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૪, સન ૨૦૦૬નું ગુજરાત લગ્ન નોંધણી વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એક ખૂબ અગત્યનું અને દેશને દિશા બતાવનારું અને અનેક લોકોએ આઝાદી મળી ત્યારથી સમાન સિવિલ કોડની જે કલ્પના કરી હતી એ કલ્પનાને મૂર્તિમંત કરતું આ વિધેયક લઈને આવ્યો છું. આપણે ત્યાં લગ્નને પવિત્ર માન્યું છે અને એ લગ્નને પવિત્ર માન્યા પછી કોઈપણ કોમ એટલે કે હિન્દુ મૅરેજ એકટ, ૧૯૩૯ નીચે, સ્પેશ્યલ મૅરેજ એકટ નીચે, પારસી કોમ્પ્યુનિટિના લગ્નના કાયદા નીચે, મુસ્લિમ મૅરેજ એકટ, ૧૯૩૯ના કાયદા નીચે, ક્રિશ્ચિયન મૅરેજ એકટ, ૧૮૭૨ના કાયદા નીચે આ બધા કાયદા પ્રમાણે લગ્ન થયા હોય તો એના માટે એક પ્રકારની નોંધણી કમ્પલસરી અને સમાન હોવી જોઈએ. એવું એક સીમા વિરુદ્ધ અશ્વિનીકુમારના કેસમાં સુપ્રીમ કોર્ટે તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ જે જજમૅન્ટ આપ્યું એની અંદર કહ્યું હતું કે, "we are of the view that all persons who are the citizens of India belong to various religions should be made compulsorily registerable in their respective States where the marriage is solemnised."

માનનીય અધ્યક્ષશ્રી, આ વાત સુપ્રીમ કોર્ટે કહ્યા પછી ગુજરાત વિધાનસભાની અંદર અને ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર આ વિધેયક દેશની અંદર સુપ્રીમ કોર્ટના આદેશ પછી સૌથી પહેલા લાવનારી સરકાર આ સરકાર છે અને હવે ત્રણ મહિનાની અંદર દેશના બીજા રાજયોએ આ કાયદાને અનુસરીને પોતાને ત્યાં એ કરવું પડશે. આ વિધેયક લાવવા પાછળનું બીજું એક કારણ એ હતું કે, રાજયની સરકારે, ૨૦૦૦ની સાલની અંદર જે વસતિ નીતિ મૂકી હતી એમાં પણ લગ્ન નોંધણીને ફરજિયાત કરવાનું નક્કી કર્યું હતું આમ આ વિધેયક હું લાવી રહ્યો છું ત્યારે આ સભાગૃહના સર્વ લોકોનો ટેકો મળે તે જરૂરી છે. મારી ચોક્કસ માન્યતા ઊભી થઈ છે વિરોધ પક્ષ માટે મને એમ હતું કે આ વિધેયકની અંદર તો આવીને તે આપણને સમર્થન આપશે અને બીજા વિધેયક્ની અંદર ચર્ચા આપી હતી ત્યારે પણ આ સત્ર મળ્યું ત્યારથી અગાઉના સત્રોની અંદર પણ હું વિરોધપક્ષના નેતાશ્રીને અને વિરોધપક્ષની વોક આઉટ કરીને ચાલી જવાની, બિલ ચાલતુ હોય ત્યારે ચાલી જવાની જે ઘટનાઓ છે તેના ઉપરથી મને તેની ચાલી જવાની પ્રવૃત્તિ તે આનંદીબેનના બિલના વિરોધમાં ગયા છે એવું માનતો જ નથી. કારણકે ગુજકોકનું બિલ આવ્યું ત્યારે તેમણે વોક આઉટ કર્યો. આ સભાગૃહની અંદર ગુજકોકને લાવીને કેન્દ્ર સરકારે મંજૂર કરવો એવો બિન સરકારી પ્રસ્તાવ આવ્યો ત્યારે તેમણે વોક આઉટ કર્યો અને આજે જ્યારે આ બિલની નીચે પારસી કોમમાં લગ્ન થાય, મુસ્લિમ લગ્ન ધારા હેઠળ લગ્ન થાય, ક્રિશ્ચિયન લગ્ન ધારા હેઠળ લગ્ન થાય ત્યારે કે હિન્દુ લગ્ન ધારા હેઠળ લગ્ન થાય ત્યારે કોઈ પણ કન્યાને તેના લગ્ન પછી તેનો મહિલા અધિકાર મળે તે જાતનું આ બિલ લઈને અમે જ્યારે આવ્યા છીએ ત્યારે જે લોકો કટ્ટર મુસ્લિમવાદના ખુશામતખોરી કરનારા છે, એટલા માટે આ બિલની ચર્ચા થાય તે પહેલાં વિરોધપક્ષે વોક આઉટ કર્યો કારણકે તે આ ચર્ચામાં ભાગ લે તો કટ્ટર મુસ્લિમવાદીઓના વિરોધી બને અને એટલા માટે માત્ર આ ટ્રિબ્યુનલના બિલની વિરુદ્ધ માટે બહાર નીકળ્યા છે એવું કોઈ માનવાને કારણ નથી. તેના પછીનું જે બિલ આવતું હતું તેના માટે બહાર નીકળી ગયા છે. અત્યારે આવી શક્યા હોત. માત્ર શિક્ષણના ટ્રિબ્યુનલના બિલનો વિરોધ હોત તો તે ચોક્કસ આવી શકત પરંતુ આ સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે ભારતીય જનતા પાર્ટીએ આ દેશની પ્રજાને ૧૯૫૨માં આપેલા વચન પ્રમાણે આ દેશની અને આ રાજયના મુખ્યમંત્રીશ્રી જ્યારે પાંચ કરોડની જનતાની વાત કરે છે ત્યારે મુસ્લિમ કોમની મહિલા, પારસી કોમની મહિલા, ક્રિશ્ચિયન કોમની મહિલા કે હિન્દુ કોમની મહિલાને આ રાજયના મુખ્યમંત્રીશ્રી એકસરખી માને છે અને સૌની સલામતી માટે ગુજરાત લગ્ન નોંધણી ધારાનું બિલ લાવ્યો છું, એટલે આની ચર્ચા થાય અને તે ચર્ચાના અંતે આપણે દેશની અંદર એક નવી દિશા

---

* **વિધેયક તારીખ ૧૭મી માર્ચ, ૨૦૦૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.**

બતાવનારું વિધેયક પસાર કરીએ અને આજનો દિવસ તે મહિલા અધિકારના ગૌરવવંતો દિવસ બનશે તે શ્રદ્ધાથી હું આ બિલ મૂકું છું.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત લગ્ન નોંધણી વિધેયક ૨૦૦૬ આ સન્માનીય ગૃહમાં રજૂ કર્યુ છે, તેમાં મારા વિચારો વ્યક્ત કરવા અને તેનું સમર્થન કરવા ઉપસ્થિત થયો છું.

આપણા દેશમાં લગ્ન ગૃહસ્થાશ્રમ માટે આપણે ત્યાં ખૂબ પુરાણકાળથી અનેક ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિભાષા છે. લગ્ન એક સંસ્કાર છે. બાળક જન્મે ત્યારે આપણે તેના ઉપનયન સંસ્કાર, વિવાહ સંસ્કાર અને માણસ જ્યારે મૃત્યુ પામે ત્યારે અંતિમ સંસ્કાર એમ લગ્ન ભારતમાં એક સંસ્કાર છે અને એવી જ રીતે લગ્ન જીવન પણ એક આશ્રમ છે. જેમ આપણે ત્યાં ગૃહસ્થાશ્રમ, વૃદ્ધાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ એમ લગ્ન તે ભારતની અંદર સાંસ્કૃતિક એક પરિભાષા છે. ગૃહસ્થાશ્રમ માટે ખૂબ પુરાણકાળમાં કહ્યું છે " યદાનદી નદા: સર્વે સઈ સાગરે યાન્તિ સંસ્થિતામ્, તથૈવ આશ્રમાળિ: સર્વે ગૃહસ્થે યાન્તિ સંસ્થિતામ્ " જેમ તમામ નદીઓ સમુદ્રને મળીને સ્થિર થાય છે તેમ તમામ આશ્રમો ગૃહસ્થાશ્રમમાં સ્થિર થાય છે. આ માટે અનેક સંતોએ પણ કહ્યું છે વેદાધાનજીના પુસ્તક Enlighten citizenship માં કહ્યું છે ના ગૃહમ ગૃહમાત્યાહુ, મકાન એ ઘર નથી. ગૃહિણી ગૃહમ્ ઉચ્યેત્, જે મકાનમાં સ્ત્રી રહે છે તેને ઘર કહેવાય છે. ગૃહમ્ કા ગૃહિણીમ્, સ્ત્રી વિનાનું ઘર અરણ્યા સદ્ર્શમ્ ગતમ્ " સ્ત્રી વગરનું ઘર તે અરણ્યમ જેવું છે. જંગલ જેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે લગ્નજીવન એ સ્ત્રીના વગરનું અધૂરું છે, એમ આપણે ત્યાં બહુ પૂરાણા કાળમાં કહેવાયું છે, કે "a young boy or girl goes to Guru for education, living with his Guru for ૧૨ years as Brahmachari or Brahmacharini, after completing education he or she comes back, he or she gets married and becomes gruhasta, that is called Gruhasthashram. માનનીય અધ્યક્ષશ્રી, અથર્વવેદના ૧૮ માં કાંડમાં ૫૮મા શ્લોકમાં કહ્યું છે કે,

સંગચ્છસ્વ પિતૃભિ: સંયમેનેષ્ટા વૃર્તન પરમત્વોમાન્
હિત્વાવદમ્ પુનસ્તમેહિ સંગચ્છતામ્ તન્વા સુર્વયા: ॥

માનનીય અધ્યક્ષશ્રી, મનુષ્ય માટે ઉત્તમ છે કે બ્રહ્મચર્ય અને તપ પછી વિદ્વાન માણસ પાસેથી વિદ્યા મેળવીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ મેળવી શકે છે. એટલા માટે આ વિધેયક જે લાવ્યા છે, એની પાછળનું ખૂબ સારું ઉદ્દાત મહત્વ છે. એનું ધ્યેય ખૂબ સારું છે અને ભારતીય કુટુંબ વ્યવસ્થામાં ખૂબ ઉચ્ચ આદર્શો પ્રસ્થાપિત કરવા માટે લગ્નજીવન એ કુટુંબ પૂરતું મર્યાદિત ન રહેતા વિશ્વને પણ આપણે તો કુટુંબ કીધું છે. નૈતિક મૂલ્યોનું અધ:પતન અત્યારે થઈ રહ્યું છે. Social morale and value are deteriorating day by day, એટલા માટે લગ્ન કયારેક કયારેક એક નાટક એવું બની જાય છે કે જેમાં માત્ર સ્ત્રીને જીંદગીભર સુધી સહન કરવું પડે છે અને એટલે કયારેક તો એવું લાગે છે કે આ ભૌતિકવાદમાં સપડાયેલો સમાજ અર્થ ઉપાર્જન માટે જેમ જુદી જુદી પ્રગતિ કરીને નૈતિક મૂલ્યોને નેવે મૂકે છે, એમ લગ્નજીવનમાં પણ વિદેશમાંજતી કેટલીયે છોકરીઓ લગ્નની લાલચ આપીને આપણી ભારતની દીકરીઓને આજીવન જીંદગીને દોજખમાં સપડાવા મજબૂર કરે છે. ૧૯૫૩ ના મુંબઈ લગ્ન ધારામાં એટલી જોગવાઈ નથી કે એના કારણે એ લગ્નની સાબિતી આપી શકે. એટલા માટે જેટલી પણ દીકરીઓ આ લોભ લાલચના કારણે વિદેશમાં લગ્ન કરીને ન લઈ જાય, કેમ કે એને પણ સહન કરવું પડે છે, એટલે ભારતમાં અનેક પ્રકારના સંપ્રદાયો છે અને લગ્નના પણ જુદા જુદા કાયદા ભારતના સંવિધાને કહ્યા છે.

સુપ્રીમ કોર્ટે હમણાં ચુકાદો આપ્યો છે કે "there shall be common civil code in the country" અને આર્ટિકલ, આપણે ત્યાં ભારતના સંવિધાનમાં કહ્યું છે એ પ્રકારે આપણા દેશમાં પણ પહેલી જોગવાઈ આ ગુજરાતમાં સાચા અર્થમાં સમાન સીવીલ કોડની દિશામાં થઈ રહી છે. ભારતના બંધારણમા The directive principles of State Policy, it says, "uniform civil code for the citizens - The State shall endeavour to secure for the citizens a uniform civil code throughout the territory of India," માનનીય અધ્યક્ષશ્રી, બંધારણે પણ કહ્યું છે કે બધી જ બાબતમાં સમાન કાનુન હોવા જોઈએ. When a uniform is made compulsory for school boys, why cannot be there a uniform civil code in this country ? અને માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારની આપણે ત્યાં જયારે વ્યવસ્થાઓ છે, ત્યારે આ ગૃહમાં વિશેષ ધ્યાન એટલા માટે આપવું છે કે ૧૯૫૩નો મુંબઈ લગ્ન નોંધણી ધારો અત્યારે અમલમાં છે. કોંગ્રેસના મિત્રો અત્યારે નથી, નહીંતર કહેત કે આ કાયદો શું કામ લાવવો પડે છે? એટલા માટે લાવવો પડે છે કે કાયદાની કડક જોગવાઈ નથી. કેટલાક છેલબટાઉ છોકરાઓ મોટર સાયકલ લઈને નીકળે અને દીકરીઓને ભગાડી જાય. કોઈ મૂલ્લા, મૌલવી વગર રજીસ્ટરે એના લગ્ન કરી નાંખે અને એને બ્લેકમેઈલ કરવામાં આવે અને એનો ભોગ નિર્દોષ બાળકી પોતાની મુગ્ધાવસ્થામાં બને. અમદાવાદ શહેરમાં કેટલાયે બનાવો આવા બને છે. એટલે રજીસ્ટર કરવામાં જુદી જુદી પદ્ધતિઓ અને શરિયતના કાનુનની અંદર રજીસ્ટર પણ અલગ રાખે.

ગઈકાલે એક ચોંકાવનાનો કિસ્સો આ દેશના ધ્યાન ઉપર આવ્યો છે. આપણે બધાએ એની ચિંતા કરવા જેવી છે. માનનીય અધ્યક્ષશ્રી, પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં એક આફતાબ અંસારી નામના માણસે ૨૫ વર્ષ પહેલાં લગ્ન કર્યા હતાં અને એનાથી ઉંઘમાં ત્રણવાર 'તલ્લાક' 'તલ્લાક' 'તલ્લાક' એમ બોલાઈ ગયું અને એની પત્નીએ એ સાંભળ્યું અને એણે ભોળાભાવે એની બહેનપણીને આ વાત કરી અને એની બહેનપણીએ જઈને મુલ્લા મૌલવીને આ વાત કરી અને એમાં તો આખી હોહા મચી ગઈ અને એક એવો ફતવો બહાર પાડવામાં આવ્યો કે આ કન્યાએ સો દિવસ સુધી એના પતિથી અલગ રહેવું ,બીજા પુરુષ સાથે સંબંધ બાંધવો અને સો દિવસ પછી એની સાથે છૂટાછેડા લેવા અને પછી પરણવું એ લગ્ન કાયદેસર છે. આ ભારત દેશમાં આઝાદીના ૫૮ વર્ષ પછી પણ હું તો કહીશ કે આ કાયદો માત્ર હિન્દુ મહિલાઓ માટેનો જ કાયદો નથી, પણ મુસ્લિમ મહિલાઓને ખોટી રીતે ત્રણવાર તલ્લાક તલ્લાક તલ્લાક એમ બોલીને એમને ત્લ્લાક આપીને તેમની જીંદગી બરબાદ કરતા આપણે રોકી શકીશું અને રજીસ્ટ્રેશન નહીં હોવાને લીધે આ બહેનોનું જે રીતે શોષણ થઈ રહયું છે એને બચાવવા માટેનો આ એક સુંદર પ્રયાસ છે અને એની અંદર કોઈએ એટલા માટે ચિંતા કરવાની જરૂર નથી કે એમાં નિમણૂક કરવામાં આવશે એ રજીસ્ટાર હશે એમની પાસે ૩૦ દિવસમાં મેરેજ રજીસ્ટર કરાવવું પડશે અને એમણે એ લગ્ન રજીસ્ટર કરવું પડશે અને એમાં કોઈ છૂપાવશે,કાગળિયાં ફાડી નાંખશે, કોઈ કાંઈ ખોટાં કાગળીયાં બનાવશે તો બે વર્ષની સજા અને ૧૦ હજાર રૂપિયાના દંડની પણ જોગવાઈ એમાં છે.પહેલાં તો આ કાયદો નહોતો અને કેટલાક એવા અધિકાર છે કે આપણે ત્યાં લગ્નના આધારે ઘણીવાર (અંતરાય) ઘ ણીવાર એવું ડોકયુમેન્ટ બનાવે છે, જેવી રીતે જન્મનું ડોકયુમેન્ટ, મરણનું ડોકયુમેન્ટ એમ આ લગ્નનું પણ એક ડોકયુમેન્ટ બનશે અને પોતાના જીવન માટે ગમે ત્યારે એ વાપરી શકશે. આ બિલ માનનીય મંત્રીશ્રી લાવ્યા છે એની પાછળ એમની ખૂબ સારી ભાવના છે એટલે હું એટલું કહેવા માગું છું કે આ દેશમાં કેટલાક એવા લોકો છે કે પોતાની જાતને બિનસાંપ્રદાયિક બનાવવા માટે બીજું કાંઈ કરવું પડતું નથી. જમ્મુ કાશ્મીરમાં એક માજી મુખ્યમંત્રીશ્રી ઈસાઈને પરણે તો બિનસાંપ્રદાયિકતાને વાંધો નથી, એમનો દીકરો મુસ્લિમ મહિલાને પરણે તો વાંધો નથી, એમની દીકરી હિન્દુને પરણે તો સાંપ્રદાયિકતાને નુકસાન થાય છે અને તેને નાત બહાર મૂકે, આ દેશમાં ભારતમાં અને એ ૬૫ વર્ષના મુસ્લિમે ૫૪ મી વાર એની પહેલી પત્ની સાથે નિકાહ કર્યો, આવો દેશ આપણે બનાવવા માગીએ છીએ? ૫૪ મી વખત લગ્ન કરીને ૫૪ મી વાર પહેલી પત્નિ સાથે ૬૫ વર્ષની ઉંમરે લગ્ન કરે અને એ રીતે આખા ભારત દેશની પરંપરાને તોડી છે અને એટલે મારે બીજું પણ કહેવું છે કે સામેના લોકો નથી નહીં તો હું કહેત કે what type of secularism you are doing ? આ દેશમાં Sanskrit is communal, but Urdu is secular, Mandir is communal, Masjid is secular, Sadhu is communal, but Imam is secular, BJP is communal, Muslim League is secular, Hindutva is communal, Jehadi is secular, Bharat is communal, Italy is secular. આ જે પરંપરા લાવ્યા છે એ આ દેશને બહુ મોટું નુકસાન કરશે અને હું માનું છું કે પહેલવહેલો આ વિધાનસભાના સન્માનનીય ગૃહમાં ગુજરાતની મહિલાઓને રક્ષણ આપતો કાયદો આ ગુજરાતની દરેક કોમ, દરેક જ્ઞાતિ, જાતિ, પંથ, પ્રાંત, ભાષા, સંપ્રદાય એ બધા જ આપણી બહેનોનું રક્ષણ કરનાર આ બિલને હું સમર્થન કરું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટ ગુજરાત લગ્ન નોંધણી વિધેયક, ૨૦૦૬ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે હજારો વર્ષ જૂની આપણી ભારતીય સંસ્કૃતિ અને એ ભારતીય સંસ્કૃતિ મુજબ જન્મથી મરણ સુધી સોળ સંસ્કારોનું જીવનમાં ભારે મહત્વ હોય છે અને એ સોળ સંસ્કારોમાં લગ્ન એક પવિત્ર પ્રસંગ છે અને એ લગ્નની પવિત્રતાને નુકસાન થાય એવી ઘણી બાબતો અત્યારે પ્રવેશી ચૂકી છે જેના કારણે સમાજ અને વ્યકિતઓને એની દૂરોગામી અસરો ભોગવવી પડે છે. આવી અસરોને નાબૂદ કરવા માટે અટકાવવા માટે હાલના કાયદામાં આવી કોઈ જોગવાઈ નથી. એના નિરાકરણ અને નિયંત્રણ માટે આ કાનૂની જોગવાઈ પર્યાપ્ત ન હોવાથી આ વિધેયક મારફત નવું વિધેયક લઈને આવ્યા છે. જેનાથી આપણી રાષ્ટ્રીય વસતિ નીતિ ૨૦૦૦ પ્રમાણે જન્મ, લગ્ન અને મરણની ફરજિયાત નોંધણી કરવી પડે. એ જ પ્રમાણે રાજય વસતિ નીતિનો પણ એક મહત્ત્વનો મુદ્દો હતો કે બધા જ લગ્નોની ફરજિયાત નોંધણી કરવી. The Bombay Registration of Marriage Act, ૧૯૫૩ હતો પણ આ બિલમાં શિક્ષાત્મક જોગવાઈ ન હોવાને કારણે આ બિલ બિન અસરકારક નીવડ્યું, હમણાં માનનીય અશોકભાઈ ભટ્ટ સાહેબે કહ્યું કે સુપ્રીમ કોર્ટમાં સીમા વિરુદ્ધ અશ્વિની કુમારના કેસમાં સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો અને તેના કારણે લગ્નની તારીખ અને સંબંધિત પક્ષકારોના દસ્તાવેજ ન હોવાને કારણે સર્જાનારા પ્રશ્નોનું નિરાકરણ માટે અને લાંબા ગાળાના બહુહેતુક લાભોની દ્રષ્ટિએ ૩ મહિનામાં તમામ રાજ્યોએ આ કાયદો પસાર કરવો, જેના ભાગરૂપે આપણે આ કાયદો લાવ્યા છીએ. તે કાયદાના અનેક લાભો છે. આનાથી સામાજિક સમસ્યાઓનું નિરાકરણ માટે અનેક ઉપયોગિતા ઊભી થવાની છે. આપણે જાણીએ છીએ કે છૂટાછેડા અને છૂટા છેડા પછી ભરણપોષણના જે કિસ્સા ઊભા થાય છે એમાં લગ્નની નોંધણી ન હોય તો અનેક વિકટ સમસ્યાઓ સર્જાય છે. વારસાઈના કિસ્સાઓ હોય, સંતાનોના, બાળકોના વાલીપણાના કિસ્સા હોય કે કાનૂની ગૂંચના નિરાકરણ માટે પણ આ લગ્નની

નોંધણીથી અનેક ફાયદા થાય છે. આપણે પાસપોર્ટ વિઝા કઢાવવા માટે લગ્નની નોંધણીના પ્રમાણપત્રની ફરજિયાત જરૂરિયાત પડતી હોય છે. નોંધણી પ્રમાણપત્રથી સરકારી કામમાં ઘણી સરળતા રહેશે. આપણને સૌને ખબર છે કે આજ-કાલ અમેરિકાથી વિઝા ધરાવતા યુવાનો અહીં ઊતરી પડે છે અને એમનો પરિવાર અહીં લગ્ન કરાવે છે, તેવા લોકોના ત્યાં પણ ક્યાંક ને ક્યાંક લગ્ન કરેલા હોય છે. આવા સંજોગોમાં આપણી દીકરીઓને ત્યાં ગયા પછી અનેક મુશ્કેલીઓનો ભોગ બનવું પડે છે, કેટલાક કિસ્સામાં તો દીકરીઓને અમૅરિકા તેડાવતા જ નથી. તેવા સંજોગોમાં આપણો આ લગ્ન નોંધણી કાયદો છે તે કાયદો ઉપયોગી નીવડવાનો છે. આ દેશની અંદર ૧૯૨૯ થી બાળ લગ્ન અંકુશ ધારો હોવા છતાં એક સર્વે પ્રમાણે આ દેશની ૫૭ ટકા કન્યાઓના લગ્ન ૧૮ વર્ષ કરતા ઓછી ઉમરે થાય છે અને આ ૧૮ વર્ષ કરતાં ઓછી ઉમરે જેમના લગ્ન થાય છે એમાંથી ૪૩.૨ ટકા આવી સગીર યુવતીઓ અઢાર વર્ષથી ઓછી ઉમરે માતા બનતી હોય છે. આપણે સૌ જાણીએ છીએ કે સગીર વયની આ ઓછી ઉમરની દીકરીઓ ઓછી ઉમરના કારણે પોતે પોતાની જવાબદારી પણ વહન ન કરી શકતી હોય તેવા સંજોગોમાં એમને અનેક જવાબદારીઓ અને અનેક નવા પ્રશ્નોનું સર્જન થાય છે. માનનીય ગોરધનભાઈએ કહ્યું એમ અનેક હિન્દુ ભોળી યુવતીઓની ઉઠાંતરી કરીને કેટલાક તત્ત્વો દ્વારા મુલ્લાઓ અને મૌલવીઓ મારફત લગ્ન કરાવવામાં આવે છે. તેના ઉપર પણ અંકુશ આવશે. પરિવારના ધ્યાન બહાર જે લગ્નો થતા હોય છે તેના ઉપર પણ અંકુશ આવશે. અને બોગસ લગ્નો અટકાવવા માટે પણ આ કાયદો ઉપયોગી થશે. બહુપત્નીત્વ કે દ્વિ-પત્નીત્વને પણ આના કારણે અટકાવી શકાશે. લગ્નની ફરજિયાત નોંધણીથી રાજયમાં થયેલ લગ્નોની સંખ્યાની પણ ચોક્કસ સ્થિતિને લગતા વિશ્વાસપ્રદ આંકડાઓ અને સંબંધિત વસતિની સંખ્યાની વિગતો પણ પૂરી પાડી શકાશે. અને તેમાંથી રાજયનું સામાજિક અને આર્થિક આયોજન ઉપર પણ આધાર રાખી શકાશે. આના કારણે કુટુંબ નિયોજન, શિક્ષણ, દહેજ, છૂટાછેડા જેવી સામાજિક સમસ્યાઓ અંગેની જાણકારી પણ મળી શકશે. અત્યારે ચાર રાજ્યમાં માત્ર આ જૂનો કાયદો હતો, પરંતુ Special Marriage Act, ૧૯૫૧, પારસી લગ્ન અને છૂટાછેડા ધારો ૧૯૩૬, અને ભારતીય ક્રિશ્ચિયન મૅરેજ એકટ ૧૯૭૨, Bombay Registration of Marriages Act, આ કાયદાઓ હતા, પણ આ કાયદાઓનો અમલ આપણે કરી શકતા નહોતા, સુપ્રીમ કોર્ટે જજમૅન્ટમાં કહ્યું કે Who are citizens of India belonging to various religions. તમામ રાજ્યોએ આ કાયદો લાવવો જોઈએ. આપણા સૌની ઇચ્છા છે કે આ દેશના તમામ નાગરિકો માટે એકજ કાયદો હોવો જોઈએ. એવા કોમન સિવિલ કાયદાની શરૂઆત થશે.

થોડા વર્ષ અગાઉ યુ.એન.ની કન્વેન્શન ઓન એલીમીનેશન ઓફ ઓલ ફોર્મ્સ ઓફ ડિસ્ક્રિમિનેશન અગેઈસ્ટ વ્યુમનની પરિષદ મળી હતી. એમાં ભારત સરકારના પ્રતિનિધિ હાજર હતા. જેમણે કરેલ કરાર પ્રમાણે કલમ ૧૬(૨) પ્રમાણે તમામ દેશની અંદર લગ્ન નોંધણી ફરજિયાત બનાવવાની છે. કાયદાની અંદર ૩૦ દિવસમાં લગ્ન નોંધણી કરાવવાની રહેશે. જો એમાં પૂરા દસ્તાવેજો નહિ હોય તો નોટિસ આપીને પૂરા દસ્તાવેજોની ખરાઈ કરીને પછી નોંધણી કરાવવામાં આવશે.

થોડા દિવસ પહેલા આપણને ખબર છે કે એક કિસ્સો બન્યો હતો. અમારા ભા.જ.પ.ના આગેવાન કાર્યકર અજય પટેલ અને ટેસ્ટ ક્રિકેટર પાર્થિવ પટેલ. આ પાર્થિવ પટેલ એના લગ્ન રાજકોટની મામલતદાર કચેરીએ કોઈ યુવતી સાથે થઈ ગયા. પાર્થિવને કે એના પરિવારને ખબર પણ નહિ. આ કાયદાથી કોઈ બોગસ નોંધણી કરાવી નહિ શકાય. એટલે ખોટા લગ્નને કારણે પરિવારને મુશ્કેલી થાય એ અટકાવી શકાશે. હમણાં આપણે સૌ ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે મને લાગે છે કે કોંગ્રેસના મિત્રો આજે સભાત્યાગ કરી ગયા છે. તેઓ આ લગ્ન નોંધણી કાયદાનું ખોટું અર્થઘટન નથી સમજ્યાને કે અમારે પણ તાત્કાલિક નોંધણી કરાવવી પડશે તો બહુ પત્નીત્વ અને દ્વિપત્નીત્વની વાત મૂકવી પડશે.

જ્યારે પણ નોંધણી થાય ત્યારે નોંધણી વખતે આ યુગલ યુવક અને યુવતી પાસે સ્ત્રીભૃણ હત્યા, કુટુંબ નિયોજન અને આરોગ્ય અંગેનું જરૂરી લિટરેચર આપીને એમને મદદરૂપ થવું જોઈએ.

છેલ્લે મારું એક સૂચન છે કે યુવક અને યુવતી લગ્ન પછી હનીમુન પર જતા હોય છે. તેથી એક મહિનાની અવધી આપવામાં આવી છે એ લંબાવવી જોઈએ એવું મારું સૂચન છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૦૬નું ગુજરાત લગ્ન નોંધણી વિધેયક લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

લગ્ન સંસ્થા એ સાચા અર્થમાં મારા પૂર્વ વકતાએ કહ્યું એ પ્રમાણે વિશ્વની મૂળભૂત સાર્વજનિક સંસ્થા છે. બાર સંસ્કાર પૈકી વિવાહને એક સંસ્કાર ગણવામાં આવ્યો છે. લગ્નને પશ્ચિમમાં કરાર ગણવામાં આવે છે જ્યારે આપણે ત્યાં લગ્ન એક સંસ્કાર છે. પરંતુ ધાર્મિક સંસ્કૃતિને હિસાબે લગ્ન કરવામાં આવે છે એટલા જ માટે પતિ પત્ની એકબીજાના પૂરક છે અને દરેક ધાર્મિક કાર્યમાં બંનેનું સરખું યોગદાન હોય છે. ઋગ્વેદમાં લગ્ન શબ્દને ઊંચા મૂલ્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ તકે હું રાજા રામ મોહનરાયને નહિ ભૂલી શકું. સતી પ્રથાને નાબૂદ કરવામાં અને બાળ વિવાહના પ્રતિબંધમાં એમનો આ દેશમાં ઘણો મોટો ફાળો છે. એમણે ક્રાંતિકારી પહેલ કરી હતી તેથી તેઓને આપણે ભૂલવા નહિ જોઈએ. રાજા રામ મોહનરાય સાચા અર્થમાં બાળ

વિવાહ અને બાળ વિવાહથી થતા નુકસાનને માટે પહેલી વખત ક્રાંતિકારી શરૂઆત કરી હતી. આજે દુ:ખ એ વાતનું છે કે આઝાદીના ૫૮ વર્ષ પછી પણ વી આર ફાઈટીંગ ફોર જેન્ડર ઈકવાલિટી આ આપણા માટે દુ:ખનો વિષય હોવો જોઈએ. લગ્ન નોંધણી માટે યુનિફોર્મ લો આપણા દેશમાં નથી. દરેક ધર્મ માટે જુદો લો. આ કાયદાની પ્લુરલ સિસ્ટમ છે. ક્રિશ્ચિયન માટે અલગ લો, પારસી માટે અલગ લો, મુસ્લિમ માટે અલગ લો. હિન્દુ લગ્ન અંગે કાયદો ૧૯૫૫માં બન્યો. પરંતુ હિન્દુ લગ્નમાં નોંધણી માટેનો કાયદો પાંચ રાજયોમાં જ થયો છે. ૧૯૫૩માં ગુજરાત અને મહારાષ્ટ્રમાં બન્યો. કર્ણાટકમાં ૧૯૭૬માં બન્યો, હિમાચલ પ્રદેશમાં ૧૯૯૭માં બન્યો અને છેલ્લે આંધ્ર પ્રદેશમાં ૨૦૦૨ની સાલમાં બન્યો. એ સિવાયના કોઈપણ રાજયમાં હિન્દુ મેરેજ રજિસ્ટ્રેશન એકટ કયાંય નથી.

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

ગુજરાતમાં ૧૯૫૩માં મૅરેજ રજિસ્ટ્રેશન એકટ આવ્યો. પરંતુ તેમાં પણ ખામીઓ હોવાને કારણે લગ્ન નોંધણીની સાર્થકતા કયાંય જણાઈ નહીં. તેને કારણે લગ્ન નોંધણી થાય એવી ન થઈ. કેન્દ્ર સરકારે જન્મ અને મરણ નોંધણી ફરજિયાત કરી. પણ લગ્ન નોંધણી કરવાની એવો કોઈ પણ રાજયને નિર્દેશ આપ્યો નહીં. એટલે જન્મ નોંધણી અને મરણ નોંધણી થવા માંડી પણ લગ્નની નોંધણી ન થઈ. સામાજિક વ્યવસ્થાનો ઢાંચો જો બદલવો હોય તો સ્ટ્રોંગ વીલ પાવર જોઈએ અને રાજકીય ઈચ્છાશકિત વગર કયારેય સમાજમાંથી કુરીતિઓ દૂર કરી શકાતી નથી અને સમાજમાં પ્રવર્તેલી કુરીતિઓ દૂર કરવી હોય તો તેમાં રાજકીય ઈચ્છાશકિતની આવશ્યકતા હોય છે અને આ રાજકીય ઈચ્છાશકિત એ વખતે રાજા રામમોહન રાયમાં હતી અને અત્યારે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ રાજકીય ઈચ્છાશકિતને લઈને આવ્યા છીએ. સદ્‌નસીબે તા. ૧૫-૨-૨૦૦૬ના રોજ સુપ્રીમ કોર્ટે નિર્દેશન આપ્યું, નહીં તો આ મતોના રાજકારણમાં, મતોના તુષ્ટિકરણના રાજમાં મહિલાઓનું જે અહિત થઈ રહ્યું છે તેની કોઈએ ચિંતા ન કરી હોત. દરેકને મત જોઈએ છે. મુસ્લિમના મત જોઈએ, ખ્રિસ્તીના મત જોઈએ, હિંદુના મત જોઈએ, પારસીના મત જોઈએ પણ એક મહિલાનો કયારેય વિચાર કરવામાં ન આવે અને તેના જ કારણે મૅરેજનો યુનિફૉર્મ લો ન આવી શક્યો. સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે કે કાયદો બનાવો, તેના નિયમો બનાવો અને નિયમોને ખુલ્લા મૂકો. ચર્ચા કરવા માટે તેના સૂચનો મગાવો. સૂચનો મગાવ્યા પછી તેનો કાયદો બનાવીને તેને અમલમાં મૂકો. આ સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે એવું પહેલી વખત નથી થયું. ૧૯૯૪માં નેશનલ કમિશન ફૉર વુમન, રાષ્ટ્રીય મહિલા આયોગે ૧૯૯૪માં કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યો પણ મહિલા આયોગો જે ભલામણ કરે એ ભલામણો તો માત્ર ઘોળીને પી જવાની હોય છે. મહિલાઓના હિતની ચિંતા કયારેય કોઈ કરતું જ નથી. કેન્દ્રની બંધારણની કલમ-૪૪ શું કહે છે? બંધારણની કલમ-૪૪ એક જ વાત કરે છે કે યુનિફૉર્મ લો હોવો જોઈએ. આ દેશમાં રહેતા દરેક નાગરિક માટે એક જ કાયદો. તેના માટે કાયદામાં કોઈ ડીસ્ક્રીમીનેશન ન આવવું જોઈએ. મહિલા માટે કયારેય કોઈ ચિંતા ન કરી. આ બિલ લાવવાથી મહિલાઓને અધિકારિતા મળશે. બાળકોની સુરક્ષા થશે. આમાં સાંપ્રદાયિકતા કયાં આવી? મહિલાઓને એમ્પાવરમેન્ટ આપવાનું હોય ત્યાં સાંપ્રદાયિકતા આવી જ કયાં? પરંતુ દુ:ખ સાથે કહેવું પડે છે કે આ બિલ લાવવામાં અમારા કોંગ્રેસના મિત્રોને આમાં પણ સાંપ્રદાયિકતા દેખાય છે એ ખરેખર દુ:ખનો વિષય છે. લગ્ન સંબંધ એ પવિત્રતા જાળવવા અને અનેક અવાંચ્છિત બાબતોને ડામવા માટે આ બિલ ખૂબ ઉપયોગી થવાનું છે. હું આ ૧૯૫૩નો જે કાયદો છે તેની માત્ર સાર્થકતા ન હોવાના આંકડા આપીશ. અત્યારે કાયદો પ્રવર્તમાન છે. અમદાવાદ શહેર શિક્ષિત શહેર છે અને ત્યાં ૮૦ ટકા સાક્ષરતા હોવા છતાં ૭ ઝોનમાં નોંધણી માટેના રજિસ્ટ્રાર હોવા છતાં હું આંકડા આપું છું કે ૨૦૦૦ની સાલમાં ૧૦,૪૭૮ લગ્ન નોંધાયા, ૨૦૦૧ની સાલમાં ૧૪,૧૯૯ લગ્ન નોંધાયા, ૨૦૦૨ની સાલમાં ૧૨,૭૧૫ લગ્ન નોંધાયા, ૨૦૦૩ની સાલમાં ૧૩,૭૩૨ લગ્ન નોંધાયા, ૨૦૦૪ની સાલમાં ૧૪,૧૦૭ લગ્ન નોંધાયા. ૨૦૦૫ની સાલમાં ૧૪,૩૩૪ લગ્ન નોંધાયા. આ અમદાવાદ શહેરના આંકડા મેં કહ્યા. થયેલા લગ્નના માત્ર ૨૫ ટકા લગ્ન નોંધાય છે. તો ગામડાંની પરિસ્થિતિ શું હશે? આ ઉદાસીનતા કેમ? જો અમદાવાદના નાગરિકો આટલા ઉદાસીન હશે તો ગામડાંના નાગરિકો, આપણે સમજી શકીએ છીએ. અહીં બેઠેલા ધારાસભ્યો, સરકારમાં કામ કરતા અધિકારીઓ, કર્મચારીઓ, અર્ધ સરકારી અધિકારીઓ. આમાંથી અમારા લગ્નોની પણ કદાચ નોંધણી એ વખતે નહીં થઈ હોય. દુ:ખ સાથે કહેવું પડે છે. આપણાં આટલા જાગૃત લોકોના પુત્ર-પુત્રવધૂના લગ્ન નોંધણી નહીં થયેલા હોય. આપણાં જાગૃત લોકોના દીકરી-જમાઈના લગ્ન નોંધણી નહીં થયેલા હોય, કારણ કે તેની સાર્થકતા ખબર નહોતી. માત્ર પાસપોર્ટ જોઈતો હોય, વિદેશ જવું હોય. એટલે લગ્ન નોંધણી કરાવવાની બાકી હોય, લગ્ન નોંધણી કરાવવાની સાર્થકતા ન હોવાના કારણે એના શું શું પરિણામ આવી શકે? લગ્ન સર્ટિફિકેટ એક માત્ર કાગળનો ટૂકડો છે એવું જ માને છે. પરંતુ આ માત્ર કાગળનો ટૂકડો નથી, એક કિંમતી દસ્તાવેજ છે, એક સરકારી ડોકયુમેન્ટ છે. આના મૂલ્યની કોઈને ખબર નહોતી પડી. સાચા અર્થમાં આ કાગળનો ટૂકડો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બાળલગ્નને રોકવા માટે આ ખૂબ મહત્વનો કાયદો છે. કારણ કે, ફોર્મમાં ઉંમર લખવાની છે. ૧૮ વર્ષથી નાની દીકરીના લગ્ન થાય તો એ ગર્ભ ધારણ કે તો એના અંગ વિકસીત ન થયા હોય. એના કારણે મેટરનલ મોર્ટાલીટી રેઈટ ઘટાડી શકાશે. ઈન્ફન્ટ મોર્ટાલીટી રેઈટ ઘટાડી શકાશે. સગીર દીકરીને જો

બાળક થાય, એ ગર્ભ ધારણ કરે તો એનું બાળક પ્રિમેચ્યોર હોય, એનિમિક હોય, ઘણું બધું મેડીકલ કોન્સીકોન્સીસ થાય. એના કારણે મેટરનલ મોર્ટાલીટી રેઈટ ઘટાડાશે. એના કારણે ઈન્ફન્ટ મોર્ટાલીટી રેઈટ ઘટાડી શકાશે અને બાળ વિવાહ તો રોકી શકાશે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, રાષ્ટ્રીય વસ્તી નીતિ પ્રમાણે ૨૦૦૦માં પણ આ લગ્ન નોંધણી મહત્વનું પાસું ગણવામાં આવ્યું છે. આપણે બધા જાણીએ છીએ કે, આખા વિશ્વમાં ૧/૧૦ ભાગની જમીન આપણી પાસે છે. આખા વિશ્વની ૧૬મા ભાગની વસ્તી પણ આપણી પાસે છે. આપણે દાવાનળ ઉપર બેઠા છીએ. વસ્તી વધતી જશે. એવા સમયે જો લગ્ન નોંધણી થાય તો આ વસ્તી સ્ટેબીલાઈઝેશનમાં પણ ખૂબ મહત્વપૂર્ણ ભાગ ભજવવાનો છે. લગ્ન નોંધણી ન થવાના કારણે બાઈગામી અને પોલીગામીના પ્રોવિઝન હોવા છતાં પણ અસરકારકતા ન હોવાના કારણે પતિ અને પત્ની કોઈપણ બન્નેની હયાતિમાં બન્ને ગમે ત્યારે લગ્ન કરે એવા ઘણા બધા ઉદાહરણ બન્યા છે. ઈન્ડિયન પિનલ કોડમાં ૪૯૪ની કલમ છે, પતિની હયાતિમાં જો પત્ની લગ્ન કરે તો આઈ.પી.સી.ની કલમ-૪૯૪ પ્રમાણે એને સજા થાય.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની હમણાં એક દીકરી મારી પાસે આવી હતી. એણે લગ્ન કરેલ હતા. જલગાંવ બાજુની દીકરી લગ્ન કરીને અમદાવાદમાં આવી અને એનો પતિ ૬ મહિનાથી ગાયબ થઈ ગયો. એ મારી પાસે આવી અને કહેવા લાગી કે, મારો પતિ ૬ મહિનાથી ગાયબ થઈ ગયો છે અને હવે સમાચાર મળ્યા છે કે, એણે મધ્યપ્રદેશમાં જઈને બીજા લગ્ન કરી લીધા. મેં કહ્યું કે કોર્ટમાં જા. એ કોર્ટમાં ગઈ. પણ એની પાસે પુરાવાઓ ન હોવાના કારણે કોર્ટે પણ કહ્યું કે, તારા આ લગ્ન વેલિડ નથી. બીજા લગ્ન કર્યા હતા એ કોર્ટમાં રજિસ્ટ્રેશન કરાવેલા એટલે એ વેલિડ છે. આવા તો અનેક કિસ્સાઓ હશે. લગ્ન નોંધણી ન થવાના કારણે ઘણી બધી બહેનોને ભોગ બનવું પડયું હશે. આ ઓર્થેન્ટિક ડોકયુમેન્ટ મહિલાઓને સાચા અર્થમાં અધિકાર અપાવવાનો છે. આમાં કયાં સાંપ્રદાયિકતા આવી? લગ્નની વિધિ તો એની એ જ રહેવાની છે. મુસ્લિમો એની પોતાની વિધિ પ્રમાણે કરશે, પારસીઓ પોતાની વિધિ પ્રમાણે કરશે, હિન્દુઓ પોતાની વિધિ પ્રમાણે કરશે. પોત પોતાની વિધિ પ્રમાણે જ લગ્નો કરવાના છે. આમાં કયાં સાંપ્રદાયિકતા આવી? એ મને હજુ પણ સમજાતું નથી. માનનીય ગોરધનભાઈએ કહ્યું તેમ આનો સાચો લાભ તો મુસ્લિમ મહિલાઓને થવાનો છે. મુસ્લિમ મહિલાઓની પરિસ્થિતિ આજે પણ ચિંતાજનક છે. નિરક્ષરતાના કારણે અને તલાક, તલાક, તલાક એમ ત્રણ વખત બોલવાના કારણે જે એમની દશા થાય છે. એમાં આ આશીર્વાદરૂપ આ લગ્ન નોંધણીનો કાયદો થવાનો છે. સાચા અર્થમાં મુસ્લિમ મહિલાઓની પરિસ્થિતિમાં આનાથી સુધારો આવવાનો છે. ગેરકાયદેસર દીકરીઓને વેચી દેવામાં આવે છે, ઈલીગલ ટ્રાફીકીંગ થાય છે. આ બાબતમાં આ કાયદો ઉપયોગી થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાની ઉંમરમાં બહેનો વિધવા થઈ ગઈ તો એની સંપત્તિના હક્કો આપે નહીં. કારણ કે, લગ્ન નોંધણી ન થવાના કારણે, તારા લગ્ન નથી થવા એવી જાતના ઘણા કિસ્સાઓ બનતા હોય છે. તો વિધવા મહિલાઓને સંપત્તિના હક્કો અપાવવામાં, ત્યકતાને ભરણ-પોષણ ન આપે. કારણ કે, કોર્ટમાં એ બિચારી લગ્ન કરેલા છે એવું કશું રજૂ ન કરી શકે. ત્યકતાઓને ભરણ-પોષણ આપવામાં અને બાળકોને વાલીપણામાં વારસાઈના હક્કોમાં આ ઉપયોગી થવાનો છે. વિધવા બહેન થઈ ગઈ. બેંકમાં ડિપોઝિટ છે, એલ.આઈ.સી.ની પોલિસી છે. પરંતુ નોમિનેશન કરાવ્યા વગર, એના પતિનું અવસાન થયું ત્યારે શું? ત્યારે આ લગ્ન નોંધણી થઈ હોય તો એને બેંકમાંથી ડિપોઝિટ મળે, એલ.આઈ.સી.ની પોલિસીની એ વારસદાર બની શક્વાની છે. સાચા અર્થમાં આ ડેટાબેંક ઉભી થશે, અધિકૃત ડેટાબેંક ઉભી થશે. કેટલી વિધવા બહેનોએ ફરીથી લગ્ન કર્યા, કેટલા વિધુરોએ ફરીથી લગ્ન કર્યા આ બધી જ માહિતી હશે. કેટલા છૂટાછેડા થયેલા પતિ-પત્નીના ફરીથી લગ્ન થયા અને કેટલા લોકોને એક પત્ની છે અને બીજી પત્ની છે આ બધું ફોર્મમાં નોંધાયેલું હોવાને કારણે એમાંથી માહિતી મળી જવાની છે.

હું કોલમની જ્યારે ચર્ચા કરું તો કોલમ-૭માં પક્ષકારો, સાક્ષી અને વિધિ કરાવનારની સહીનો ઉલ્લેખ છે. મારે એટલા માટે કહેવું છે કે આમાં વિધિ કરાવનારની સહી છે તો વિધિ કરાવનાર એ ગોર મહારાજ, એ પ્રીસ્ટ હોય, એ પાદરી હોય, એ મૌલવી હોય એ બધાનું રજીસ્ટ્રેશન થવું જોઈએ. મારું એ સૂચન છે કે આ લોકોનું રજીસ્ટ્રેશન થવું જોઈએ કારણ કે સાચા અર્થમાં ગોર મહારાજ જો રજિસ્ટર થયેલા ન હોય તો એ લગ્ન કરાવી નાખે, આજે ડૉકટરોનું રજીસ્ટેશન ચાલે છે, એંજિનિયરોનું રજીસ્ટ્રેશન પણ થાય છે તો ગોર મહારાજનું પણ રજીસ્ટ્રેશન થાય અને રજિસ્ટર ગોર મહારાજ, રજિસ્ટર પાદરી એમ રજિસ્ટર હોય એમની પાસેથી જ લગ્ન કરાવાય. મારું બીજું સૂચન એ છે કે ફોર્મમાં ઉલ્લેખ હોવો જોઈએ કે થેલીસીમીયા માઈનોરનો ટેસ્ટ થયેલ છે કે કેમ? આ હું એટલા માટે કહુ છું કે ગોવા વિધાનસભામાં હમણાં કૅબિનૅટમાં એ લોકો આ બિલ પાસ કરવાના છે. એ નિર્ણય કર્યો છે કે ફોર્મમાં ઉલ્લેખ કરવામાં આવે કે જીનેટીકલ જેટલા પણ ડીસીસ છે સીકલ સેલ એનીમીયા હોય , થેલીસીમીયા મેજર હોય એનો ઉલ્લેખ કરવાનો અને એચ.આઈ.વી. એઈડસ પણ ગોવાની વિધાનસભાએ નિર્ણય કર્યો છે કે એચ.આઈ.વી. એઈડસ થયેલ વ્યકિત છે કે કેમ અને એચ.આઈ.વી.ને રોકવા માટે ફોર્મમાં ઉલ્લેખ કરવો પડશે આવું ગોવાની વિધાનસભામાં કૅબિનૅટે જ્યારે નક્કી કર્યુ છે તો આપણે પણ યોગ્ય કંઈ ક્રાંતિકારી પગલું ભરવું જોઈએ. હું એટલા માટે કહુ છું કે એચ.આઈ.વી. ખૂબ આગળ વધી રહ્યું છે

આજે સવારે જ માનનીય મંત્રીશ્રીએ આકડા આપ્યા તો એચ.આઈ.વી. રોકવા માટે આ લગ્ન નોંધણીના ફોર્મમાં જ જો એનો ઉલ્લેખ હોય તો એ ખૂબ ઉપયોગી થઈ શકવાનું છે.

બીજું કલમ-૧૧માં રજીસ્ટારે લગ્ન પક્ષકારોને જે નમૂના આપવાની વાત કરી છે એમાં કઈ ભાષામાં એમને લગ્નનું સર્ટિફિકેટ જોઈએ છે એનો ઉલ્લેખ કરવો જોઈએ. ઘણી વખત અંગ્રેજીમાં જોઈએ, ઘણી વખત હિન્દીમાં જોઈએ, ઘણી વખત ગુજરાતીમાં જોઈએ એટલે કઈ ભાષામાં એમને લગ્નનું સર્ટિફિકેટ જોઈશે એ અંગેનો એમાં સ્પષ્ટ ઉલ્લેખ હોવો જોઈએ અને માનનીય મંત્રીશ્રીને મારું એક નમ્ર સૂચન છે કે ફી જ્યારે નક્કી કરવામાં આવે ત્યારે ફી ખૂબ મીનીમમ રાખજો કારણ કે ગરીબ લોકો પણ લગ્ન નોંધણી કરાવે એના માટે ફીનું ધોરણ ઓછું હોવું જોઈએ. કોલમ-૮ એ ખૂબ મહત્ત્વની છે. જે રજીસ્ટાર છે એ ખાતરી કરશે અને લગ્ન કાયદેસરના છે કે કેમ એ ઓળખ નક્કી કર્યા પછી જો એને શંકા ઉભી થશે, રજીસ્ટારને તો એ રીજેકટ કરશે. આ ખૂબ મહત્ત્વપૂર્ણ જોગવાઈ કોલમ-૮માં માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે અને રજીસ્ટારને જો એમ લાગે કે આ શંકાસ્પદ લગ્ન થઈ રહ્યું છે તો તરત રોકશે, એટલા માટે કલમ-૮ એ ખૂબ મહત્વની છે. લગ્નની નોંધણી થતા જો લગ્નને અમાન્ય ગણવામાં આવે તો એ પોતે ડિસ્ટ્રિકટ કોર્ટમાં અપીલ કરી શકે આવી જાતની જે જોગવાઈ કરવામાં આવી છે એ ખૂબ આવકારદાયક છે. બીજું મારું એક સૂચન છે કે લગ્ન નોંધણી સર્ટિફિકેટ કયાં કયાં આવશ્યક રહેશે એનો ઉલ્લેખ હોવો જોઈએ. લગ્ન થયા પછી પત્નીનું નામ રાશનકાર્ડમાં લખાવવું હોય તો લગ્ન પ્રમાણપત્ર વગર પત્નીનું નામ રેશનકાર્ડમાં ન લખાવી શકાય તો એની સાર્થકતા આવે એટલે લગ્ન નોંધણી પ્રમાણપત્રની કયાં કયાં જરૂર છે એ સ્પષ્ટ નિયમો બનાવવામાં આવ્યા ત્યારે અને સરકારી અથવા અર્ધસરકારી કર્મચારી જ્યારે ઈન્ટરવ્યુ આપે, એના વિવાહિતનું કોલમ ભરે તો એ વખતે સરકારી નોકરીમાં ઈન્ટરવ્યુ આપવા આવતી વખતે લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર એનું તપાસવામાં આવે અને પછી જ એને ઈન્ટરવ્યુ માટે દાખલ કરવામાં આવે તો એની સાર્થકતા ગણાય. સાચા અર્થમાં પ્રદિપસિંહજીએ જે કહયું તેમ જો ફુલપ્રુફ સિસ્ટમ ન બનાવીએ તો ફરી એમાં એમેન્ડમેન્ટ લાવવા પડશે નહિ આવે તો આવી રીતે પાર્થિવ પટેલ જેવો દાખલો ન બને એના માટે ફુલપ્રુફ સિસ્ટમ અને નિયમો બનાવવામાં આવે એવું સૂચન છે. ખાસ મહત્ત્વની વાત આના માટે જાગૃત્તિ લાવવી પડશે. લોકોમાં, એન.જી.ઓ.માં, સરપંચ, તલાટી, તાલુકા પંચાયતના સદસ્યો, જિલ્લા પંચાયતના સદસ્યો, નગરપાલિકાના કોર્પોરેટર આ બધાને સામેલ કરીને દરેક જગ્યાએ જનજાગૃત્તિ લાવવાનું કામ કરવું પડશે એવું મને લાગે છે. ખૂબ સારું મહત્ત્વનું બિલ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું સમર્થન આપું છું અને આ બિલ પાસ થાય એ ક્રાંતિકારી પહેલ યુનિફોર્મ સિવિલ કોર્ડની આપણે કરી છે એવું કહેવાશે. અસ્તુ.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે સાચા અર્થમાં મારા આત્માનો અવાજ હું રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો સ્વભાવ હંમશાં સ્પષ્ટ અને સાચી વાત કહેવાવાળો રહ્યો છે પછી ચાહે કોઈપણ પરિણામ ભોગવવાં પડે. ભારતીય સંસ્કૃતિમાં ભારતીયતા, ભારતીયપણું એ અગત્યનું છે અને એ રીતે જે પ્રમાણે આ બિલ લઈને આવ્યા છે એમાં મને લાગે છે કે Men and women are equal partner in life. They are complimentary and supplementary. સાચા અર્થમાં આનું અમલીકરણ આજે થતું હોય એવી મને પ્રતીતિ થાય છે. પુરુષ પ્રધાન સમાજની જે જૂની પુરાણી વાત છે એનો ખરા અર્થમાં આજે છેદ ઉડાવવામાં આવ્યો છે. જે રીતે આપણા ભારતીય સંસ્કારમાં જ્યારે લગ્ન થાય ત્યારે એમ કહેવામાં આવે છે કે પ્રભૂતામાં પગલાં માંડ્યા. આપણે હંમેશા આવો શબ્દ વાપરીએ છીએ. પ્રભૂતામાં પગલાં માંડવા એ કેટલી ઉચ્ચ વસ્તુ છે? એ જ પ્રભૂતામાં પગલાં માંડ્યા પછી કાયદાની છટકબારીના લીધે મહિલાના લગ્ન જીવનના રક્ષણની જોગવાઈ ન હોવાના લીધે જે રીતે મહિલાઓની હાલત થતી હોય છે એ અમારા રોજબરોજના જીવનમાં આજે અમે જોઈએ છીએ, માત્ર ધારાસભ્ય તરીકે નહિ પરંતુ અખિલ કચ્છ ઉત્કર્ષ મહિલા મંડળમાં સંગઠનના પ્રમુખ તરીકે અમે કાઉન્સિલ સેન્ટર ચલાવીએ છીએ. ફેમિલી કાઉન્સિલ સેન્ટર ચલાવીએ છીએ. આજે ૧૫ વર્ષથી આ કાઉન્સિલ સેન્ટર ચલાવું છું એના અંદર રોજબરોજ એટલી બધી દુ:ખી મહિલાઓ આવે છે અને જ્યારે એની વાત સાંભળીએ, એની કાંખમાં છોકરું હોય અને ચોધાર આંસુએ બાઈ રડતી હોય. કારણ કે એના પતિએ એને કાઢી મૂકી હોય. એ પછી એના પાસે રક્ષણનું કોઈ હથિયાર નથી. એની આંખમાં આંસુ જોઈએ ત્યારે આપણી આંખ અશ્રુથી છલકાઈ જાય એવા વેદનાપૂર્ણ દ્રશ્યો અમે રોજબરોજના જીવનમાં આવા કાઉન્સિલ સેન્ટરમાં આવતા કિસ્સાઓમાં જોઈએ છીએ. એટલા માટે હું એ વાત કરું છું કે, Men and women are equal partner in life. They are complimentary and supplementary. એટલા માટે આજનું જે આ બિલ છે એ સાચા અર્થમાં મહિલા અત્યાચારોને રક્ષી એ સાચા અર્થમાં મહિલાઓને રક્ષણ આપશે. આ બિલ સાચા અર્થમાં મહિલાઓનું ગૌરવ અને સન્માન જળવાઈ રહે એ વાતને સિદ્ધ કરતું આ બિલ છે. એટલે આજે જે કાંઈ સૂચનો બિલમાં માયાબેને કહ્યાં એ ખરેખર ખૂબ જ જરૂરી છે. જે રીતે આ રજિસ્ટ્રેશન એ ખૂબ સરળતાથી થાય, ઓછા ચાર્જમાં થાય, ગમે તેવા સામાન્ય ગરીબ માણસને પોષાય એ રીતે થાય. અભણ માણસ પણ આ વસ્તુ સમજી શકે

અને રજિસ્ટ્રેશન કરાવી શકે એ જાતની વ્યવસ્થા, સરળ પ્રોસિજર હોય એવું મારું ખાસ સૂચન પણ કરું છું. આ બિલ માટે હૃદયપૂર્વક મારું સમર્થન આપું છું. ધન્યવાદ.

**શ્રી અશોક ભટ્ટ (કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ, આ વિધેયક જ્યારે લઈને આવ્યો ત્યારે આ સભાગૃહના હૃદયની અંદર અને આ રાજ્યની પ્રજાના મનની અંદર વર્ષોથી પડેલી એક ભાવનાને મૂર્તિમંત કરવા માટે આ બિલની અંદર જે વાત કહેવા માગું છું. જે હાર્દ લાવવામાં આવ્યું છે એ હાર્દ આઝાદી પછી પહેલીવાર આ દેશની પ્રજાને અનુભવ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક એવું રાજ્ય છે જેને સમગ્ર દેશ આજે ગુજરાત સમક્ષ જોઈ રહ્યું છે. સમગ્ર દેશ ગુજરાતના નેતૃત્વ તરફ નજર માંડીને બેઠું છે કે ગુજરાત વિકાસની કઈ દિશામાં પગલા ભરે છે. સમગ્ર દેશની ૧૦૦ કરોડની જનતાની આશાનો સૂરજ ગુજરાતમાં ઊગતો દેખાય છે અને એટલા માટે આસામ હોય કે હિન્દુસ્તાનના કોઈપણ ભાગની અંદર આ રાજયના મુખ્યમંત્રીશ્રી જાય છે ત્યારે એની પ્રજા જે ઉમળકાથી જૂએ છે એનું પાછળનું કારણ એ છે કે આ રાજ્યની સરકાર એ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને સાંસ્કૃત્તિક રાષ્ટ્રવાદની પ્રયોગ ભૂમિ બનાવી છે. ૨૧મી સદીના પહેલા દાયકાની અંદર જે રાજ વ્યવસ્થા ગુજરાતની અંદર ચાલે છે એ સાંસ્કૃત્તિક રાષ્ટ્રવાદની પ્રયોગ ભૂમિની રીતે ચાલી રહી છે અને જ્યારે સાંસ્કૃત્તિક રાષ્ટ્રવાદની પ્રયોગ ભૂમિ તરીકે કહેતા હોઈએ ત્યારે મારી પાસે હમણાંજ બીજું documents અમેરિકાથી આવ્યું છે એની અંદર એક human rights  અને women rights group ભારતની અંદર uniform civil code હોવો જોઈએ એની ચર્ચા કરી હતી. એ ડોક્યુમેન્ટસ મારી પાસે મોકલ્યો એના હાર્દની અંદર એણે કહ્યું કે અંગ્રેજ રાજ, બ્રિટિશ રાજ હતું ત્યારે એણે personal law જુદો રાખ્યો, હિન્દુ કાયદો જુદો, પારસીનો કાયદો જુદો, મુસલિમનો કાયદો જુદો અને ૧૮૭૨નો ક્રિશ્ચન મેરેજ એકટ જુદો રાજ્યના કાયદા મંત્રી તરીકે જ્યારે હું કાયદા વિભાગનો હવાલો સંભાળું છું ત્યારે મને સૌથી વધારે દુઃખ થયું કે હજુ આ દેશની અંદર અંગ્રેજ રાજ ચાલુ છે. અંગ્રેજોએ ધર્માંતરણનો જે કાયદો બનાવ્યો હતો એ કાયદો ભારત સરકારે લોકસભા દ્વારા બદલ્યા નથી એનો પુરાવો ૧૮૭૨ નો ક્રિશ્ચન મેરેજ એકટ છે. માનનીય અધ્યક્ષશ્રી, બહુ જ  ચોંકાવનારી વિગત મને તે વખતે ખબર પડી કે હમણાં જ વાત કરી ગોરમહારાજની નોંધણી થવી જોઈએ, મૌલવીની નોંધણી થવી જોઈએ પણ ૧૮૭૨નો ક્રિશ્ચન મેરેજ એકટ જોશો તો એ કાયદા નીચે ચર્ચમાંથી રાજ્યના કાયદા વિભાગને આજે કાગળ મળ્યો છે કે આ અમારો pastor છે. આ અમારા લગ્ન કરાવનાર છે અને રાજ્યના કાયદા વિભાગે  એની ૧૮૭૨ના કાયદા પ્રમાણે એને certificate આપીને લગ્ન કરાવવાની પ્રથાને આપવી પડે છે. એ ૧૮૭૨થી શરૂ કરીને ૨૦૦૬ સુધી એટલે કે આઝાદીના સાતમાં દાયકા પછી પણ અંગ્રેજો ગયા પછી પણ ભારતની અંદર કોંગ્રેસની એક એવી સરકાર આવી કે જેણે આવા કાયદા બદલ્યા નથી. એ કાયદા ના બદલ્યા એના કારણે ક્રિશ્ચન મેરેજ એકટ જુદો રહ્યો, ૧૯૩૬ નો મુસલિમ મેરેજ એકટ જુદો રહ્યો, પારસી મેરેજ એકટ જુદો રહ્યો, હિન્દું મેરેજ એકટ જુદો રહ્યો, મુંબઈ રાજ્યે Special Marriage Act કર્યો અને એના કારણે લગ્ન નોંધણી આપણે ત્યાં ફરજિયાત બનાવી હતી, પરંતુ આ માત્ર હિન્દુઓ માટે, માત્ર એક જ કોમના લગ્નો માટે અને સ્પેશિયલ મૅરેજ એકટ નીચે જો કોઈ લગ્ન કોર્ટમાં જઈને કરે તો એના માટે આ કાયદો હતો એટલા માટે રાજયની આ સરકારે નક્કી કર્યુ અને સુપ્રીમ કોર્ટે એને મંજૂરીની મહોર મારી પરંતુ જો ભા.જ.પ.ના સંકલ્પ પત્રમાં જોશો તો પણ આ સંકલ્પ પત્રમાં વાત કહી છે કે, અમે આ કરીશું, સત્તા ઉપર આવીશું ત્યારે સમાન કાયદાઓ કરીશું એની આ પરિપૂર્તિ થાય છે. જે બહેન નીમાબહેને વાત કરી, જે વાત માયાબહેને કરી, જે વાત માનનીય પ્રદિપસિંહજીએ કરી અને જે વાત આદરણીય ગોરધનભાઈએ કરી, આજે એકવીસમી સદીમાં નારીની સ્વતંત્રતા છે ખરી ? આજે એક નારીને પોતાના અધિકારો મળે છે ખરા ? રોજેરોજ ફરિયાદ થાય છે અને ત્યાર પછી ખબર પડે છે કે, આનું તો લગ્ન હતું જ નહીં, આનું લગ્ન થયું જ નથી, આ લગ્ન નહતું, એ ના પાડી દે છે અને એને પરિણામે એ સ્ત્રી ન હતો પરણેતર ગણાય છે કે ન હતો ત્યક્તા ગણાય. કોર્ટે ડાયવોર્સ ન આપ્યું હોય ત્યાં સુધી એની સ્થિતિ આવી થઈ જાય છે, એને જિંદગી જીવવાને બદલે એને ક્યાંક કૂવામાં જઈને પડવું પડે છે, એને ક્યાંક નદીમાં જઈને પડવું પડે છે અને આત્મહત્યા અને આપઘાતના બનાવો બનતા જાય છે એટલા માટે સમાજમાં રહેવા મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું કે આપણે સમાન સિવિલ કોડની માફક મૅરેજ નોંધણીને ફરજિયાત કરતો એક કાયદો લાવવો છે અને ત્યાર પછી અમે આ બીલ પહેલાં તૈયાર કર્યુ હતું અને ત્યાર પછી સુપ્રીમ કોર્ટે ૧૫મી ફેબ્રુઆરીએ જે ચુકાદો આપ્યો એ ચુકાદાએ આ બીલ લાવવાનું એક પરિબળ પૂરું પાડ્યું પરંતુ આ બીલ માત્ર ગુજરાત જ લાવે એવું નહીં, સુપ્રીમ કોર્ટ એમ કહે છે કે, ત્રણ મહિનામાં દેશની બધી સરકારો આ બીલ લાવે અને એનો કાયદો બનાવે. હંમેશા ગુજરાત શરૂઆત કરે છે એની આ શરૂઆત થઈ છે અને એટલા માટે આ બીલમાં જે જોગવાઈઓ કરવામાં આવી છે એ જોગવાઈઓ પ્રમાણે જો લગ્ન રજીસ્ટર્ડ ન કરાવે તો, લગ્ન રજીસ્ટર્ડ કરાવવાના જે નિયમો બનાવીશું, અત્યાર સુધી લગ્ન રજીસ્ટ્રેશન એ માત્ર જિલ્લા કચેરીઓમાં થતા હતા, હવે લગ્ન રજીસ્ટ્રેશન એ જન્મ-મરણની સાથે થશે એટલે ગામમાં તલાટી પાસે થઈ શકશે, નગરપાલિકાઓમાં થઈ શકશે, મહાનગરપાલિકાઓમાં, મ્યુનિસિપલ કોરપોરેશનોમાં થઈ જશે એટલે એનો વ્યાપ વધારી દેવામાં આવશે. જે રીતે આપણે ત્યાં ગામડાઓમાં જન્મ-મરણ પ્રમાણપત્ર એક સાથે મળી જાય છે એજ રીતે ગામડાઓમાં એ

લગ્ન નોંધાવશે ત્યારે એને કમ્પ્યુટરાઈઝ પોગ્રામ નીચે એને પ્રમાણપત્ર આપવામાં આવશે. લગ્ન થયા પછી ત્રીસ દિવસમાં એને આ કરાવવું ફરજિયાત રહેશે. લગ્ન નોંધણી ફી છે એ સરકાર નક્કી કરશે પરંતુ રજીસ્ટ્રારોની સૌથી મોટી જવાબદારી રહેશે કે એમણે લગ્ન રજીસ્ટર્ડ કરતા પહેલાં એની સંપૂર્ણ ચકાસણી કરવાની રહેશે.

આજે હું મોટો પ્રશ્ન આપણે ત્યાં બને છે અને એને કારણે કેટલીય દીકરીઓને ઉપાડી જવાના બનાવો બને છે, કેટલીયને ફરજિયાત રીતે ઉપાડી જઈને માફિયાવૃત્તિ કરીને એનું ધર્માંતરણ કરાવવામાં આવે છે અને એ નિકાહ પઢી ગયા એટલે એનું લગ્ન થઈ ગયું, એણે ક્યાંક લઈ જઈ, લગ્નના ફેરા ફર્યા હોય કે ના ફર્યા હોય એનું લગ્ન થઈ ગયું, આના કારણે આવી પ્રવૃત્તિ કરનારાઓ ઉપર ખૂબ મોટો અંકુશ આવશે અને આ અંકુશ આવે એ કેટલાક લોકોને નહતું ગમતું કે આવી રીતે થાય, અને એટલા માટે એમણે આ સભાગૃહમાંથી વોક આઉટ કર્યો હશે. કોંગ્રેસની સામે અમારી લડાઈ જ નથી, આ રાજયમાં ભા.જ.પ.ની લડાઈ કેટલાક કટ્ટરવાદીઓ સામે છે અને કટ્ટરવાદીઓના જે ટેકેદારો છે એને અમારા એકે એક પગલાની સામે, એમને ડર આ કાયદાના અમલથી લાગે છે કે, સમાજ એક થઈ જશે તો ? માનનીય અધ્યક્ષશ્રી, જે સભ્યશ્રી નીમાબહેને અને માયાબહેને કહ્યું એ વાત તદન સાચી છે કે સૌથી વધારે જો કોઈ સલામત બનશે તો મારી મુસ્લિમ બહેનો બનવાની છે, સૌથી મોટી સલામતી એમના માટે ઊભી થવાની છે. કારણ કે, ત્યાં એના છૂટાછેડા થઈ જશે એના કુરાનમાં કયાંય એવું લખ્યું જ નથી, હું જે ડોક્યુમેન્ટસ મારી પાસે અમૅરિકાથી આવ્યું કે કયાંય કુરાનમાં ચાર પત્નીની વાત કરવામાં આવી નથી. અહીં આગળ ચાલ્યુ આવ્યું છે. ૧૯૩૯નો મુસ્લિમ કાયદો અંગ્રેજોએ બનાવ્યો હતો આપણાથી જુદા રાખવાના હેતુથી એ કાયદા હેઠળ લગ્ન કરી શકે. શેરીયતના કાયદામાં એવું કયાંય નથી. પરંતુ એક વાત ચોકકસ છે કે મૌલવીએ લગ્ન કરાવ્યા. લગ્ન નોંધણી વખતે ચાર કરતાં પાંચમા લગ્ન ઉપર સહી કરે તો એ પણ જવાબદાર ગણાશે. લગ્ન કરાવનાર પણ ગુનેગાર બનશે. આ નાની વસ્તુ નથી. જેમ જેમ આ વસ્તુ બહાર આવતી જશે એમ મને ચોકકસ લાગે છે કે સમાજમાંથી એને મોટો આવકાર મળશે. મુસ્લિમ સમાજની શિક્ષિત બહેનો, મુસ્લિમ સમાજની અંદર જે ગુલામીવાદ ૮મી કે ૧૨મી સદીનો કાળ હજી પણ ચાલી રહ્યો છે એને કારણે મુસ્લિમ મહિલાને અસલામતી સામે રક્ષણ આપવાનું કામ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે એને કારણે તેઓ હંમેશા કહેતા આવ્યા છે કે પાંચ કરોડની જનતાની અંદર રહેલી દીકરી હિન્દુ હોય, મુસલમાન હોય, ક્રિશ્ચિયન હોય કે પારસી હોય આ ચારેય દીકરી મારી દીકરી છે. એવી આ રાજયના મુખ્યમંત્રીશ્રીના હ્રદયની અંદર ભાવના છે અને ચારેયની સલામતીની જવાબદારી મારી છે એ ભાવથી આ વિધેયક આ રાજયની સરકાર લાવી છે. રજિસ્ટ્રેશનમાં કોઈપણ ગરબડ કરશે અને નોંધણી કરાવવાની ના પાડશે તો એને એક વર્ષની સજા અને ૫૦૦૦ રૂપિયાનો દંડ થશે. પહેલી વાર ૩૦ દિવસની અંદર લગ્નની નોંધણી ન કરાવનારને ૧૦૦૦ રૂપિયાના દંડની જોગવાઈ કરતું આ બીલ છે. મને લાગે છે કે આ મહિલાને માનવ અધિકારની વાત કરનારાઓ માટે રાજયની અંદર અને રાજયની સામે જ બિનસાંપ્રદાયિકતાની વાત કરનારા, હ્યુમન રાઈટની વાત કરનારા માટે આ બીલ એક પડકારરૂપ બન્યું છે કે ગુજરાત સરકાર જ આ કરી શકે ગુજરાત સરકાર જ મહિલાને અધિકાર અપાવી શકે. ગુજરાત સરકાર જ એવી છે કે જયાં મહિલા અને માનવ અધિકારનો સુરજ ઉગી શકે તેમ છે.

સમગ્ર દેશમાં ગુજરાતની અંદર દિશા બતાવનારું આ બીલ બનશે. એટલું જનહીં પરંતુ સમગ્ર દેશમાં મહિલાઓને નિરાધાર સ્થિતિમાંથી મહિલાઓનું શોષણ કરનારને લપડાક મારીને સલામતી આપનારું આ બીલ બનશે. મને ચોકકસ ખાતરી છે કે કેટલાક કટ્ટરવાદીઓ સામે આવવાના છે. કેટલાક એમ કહેશે કે આ અમારો અધિકાર છે, તમારી પાસે કયાંથી આવ્યો? એના ટેકેદારો સામે છે એમણે શરૂઆત કરી. એમને એમ કે આને કારણે અમારા વોટ તો નહીં જતા રહેને? આને કારણે આ તો નહીં થાયને? એટલા માટે કે બીલ મુકતી વખતે કહ્યું હતું કે કોંગ્રેસે કરેલા વોકઆઉટમાં એમનો શૈક્ષણિક ટ્રિબ્યુનલના બીલનો વિરોધ નહોતો. ગુજકોક બીલ આવ્યું ત્યારે પણ વોક આઉટ. આ સભાગૃહમાં ગુજકોક બીલ કેન્દ્ર સરકારને મોકલવું જોઈએ એવી વાત કરવાની હતી ત્યારે પણ વોક આઉટ અને આજે મુસ્લિમ કટ્ટરવાદીઓને કદાચ પસંદ ન પડે એવું એક વિધેયક લઈને સુપ્રીમ કોર્ટના આદેશ પછી સૌ મહિલાને સમાન હક્ક અને સલામતીના એક વિધેયક સાથે સ્વર્ગીય પંડિત દીનદયાળ ઉપાધ્યાય, સરદાર વલ્લભભાઈ પટેલ, શ્યામાપ્રસાદ મુખરજીએ આ દેશની આઝાદી વખતે જે સ્વપ્ન જોયું હતું અને બંધારણના ઘડનાર પૂ. બાબાસાહેબ આંબેડકરે સ્વપ્ન જોયું હતું એ સ્વપ્ન સાર્થક કરનારું બીલ ગુજરાતમાં પહેલી વખત આવ્યું છે અને સમગ્ર દેશની અંદર સમાન સિવિલ કોડનું આ પહેલું કદમ ઊપડે છે એના બારણા ખુલે છે એ રીતે ગર્વ સાથે આ બીલ મંજૂર કરી, પસાર કરવા માટે સૌનું સમર્થન મળે એવી મારી અભિલાષા સાથે આ રાજયની એકેએક મહિલાની સલામતીની ચિંતા કરી છે. માત્ર શબ્દમાં નહીં પરંતુ એને કાનૂની સ્વરૂપ આપવાનો જે પ્રયત્ન કર્યો છે. મને લાગે છે કે દેશના કાનૂનના ઈતિહાસમાં દેશના સંસદીય અને વૈધાનિક ઈતિહાસની અંદર ગુજરાતે આજે એક નવું ઐતિહાસિક અને સુવર્ણ પ્રકરણ ઉમેર્યું છે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૦૬નું ગુજરાત લગ્ન નોંધણી વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૨૫, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૦૬નું ગુજરાત લગ્ન નોંધણી વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૦૬નું ગુજરાત લગ્ન નોંધણી વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૮**

# ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર (રદ કરવા બાબત) વિધેયક, ૨૦૦૬

### ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર અધિનિયમ, ૧૯૯૫ રદ કરવા બાબત વિધેયક

**શ્રી <સૌરભ પટેલ> (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૦૬નું ગુજરાતનું સુખસુવિધા ચીજવસ્તુ કર (રદ કરવા બાબત) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૦૬નું ગુજરાતનું સુખસુવિધા ચીજવસ્તુ કર (રદ કરવા બાબત) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સિગારેટ, સિગાર, ચિરૂટ, સ્મોકિંગ મિક્ચર, આવે છે, એના ઉપર લક્ઝ્યુરિયસ ટેક્સ લગાવવામાં આવતો હતો. સુપ્રીમ કોર્ટનું જજમેંન્ટ આવ્યું કે આ ગુડ્સમાં ગણાય. આ એન્ટરટેઈન્મેન્ટની વસ્તુ નથી, એને લક્ઝ્યુરિયસ ટેક્સ લગાડવો ન જોઈએ. એના આધારે તા. ૨૦-૧-૨૦૦૫ થી લક્ઝ્યુરિયસ ટેક્સ લેવાનો બંધ કર્યો છે. સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે લક્ઝ્યુરિયસ એક્ટમાં ડિક્લેર કર્યુ છે કે અલ્ટ્રાવાયર્સ છે, ગેરકાયદેસર છે અને એના માટે આ એક્ટ આપણે રિપીલ કરવા માગીએ છીએ.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૮નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૮નું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક:૧૮નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૦**

# ગુજરાત માળખાકીય વિકાસ (સુધારા)વિધેયક,૨૦૦૬

### ગુજરાત માળખાકીય વિકાસ અધિનિયમ, ૧૯૯૯ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૦૬નું ગુજરાત માળખાકીય વિકાસ (સુધારા) વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૦૬નું ગુજરાત માળખાકીય વિકાસ (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

---

* વિધેયક તા. ૨૨મી માર્ચ ૨૦૦૬ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.
* વિધેયક તા.૨૩મી માર્ચ,૨૦૦૬ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાષ્ટ્રની વસતિના પાંચ ટકા વસતિ ધરાવતું રાજય અને દેશના મૂડી રોકાણના ૧૮.૫ ટકા ફાળો ધરાવતું અને ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૬ ટકા અને નિકાસ માટે આર્થિક વિકાસમાં જયારે ૨૦ ટકા હિસ્સો છે ત્યારે આ રાજય જે આર્થિક વિકાસ માટે, સર્વાંગી વિકાસની પ્રગતિ કરે છે તેનું શ્રેય શ્રેષ્ઠ માળખાકીય સુવિધાઓને લીધે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી જયારે દેશના પ્રથમ કક્ષાના રાજય તરીકે જ નહીં પરંતુ વિશ્વની એક સૌથી શ્રેષ્ઠ વિસ્તાર તરીકે, રાજય તરીકે વિકસાવવા માટેની પ્રતિબદ્ધતા સાથે આ રાજયને દોરવણી આપતા હોય ત્યારે આ રાજયનો આર્થિક વિકાસ, સર્વાંગી વિકાસ થાય તેના કારણે આ રાજયમાં કોઈ બેકાર અને કોઈ બેરોજગાર ન રહે તેના માટે આર્થિક વિકાસની પાયાની સુવિધા છે તે આંતર માળખાકીય સુવિધા ઉભી કરવાની છે. આપણે ત્યાં ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે આપણો જે વિસ્તાર છે તેમાં એક લાખ કિલોમીટર કરતાં વધારે રસ્તાઓ છે, આપણે ત્યાં ટર્મિનલ બંદરોના વિકાસ માટેની ક્ષમતા છે, રેલવે લાઈન રાજયમાં પાંચ હજાર કિલોમીટરની છે, ખાનગી ભાગીદારી દ્વારા રેલવેની માળખાકીય સુવિધાઓ સુધારવા માટેની મોકળાશ છે, આપણા દેશની અંદર સૌથી વધારે એરપોર્ટ તે આપણા રાજયમાં છે, આપણા રાજયમાં ૧૧ ડોમેસ્ટિક એરપોર્ટ અને એક ઇન્ટરનૅશનલ એરપોર્ટ છે ત્યારે આંતર માળખાકીય સુવિધાઓ છે તે વર્લ્ડ કલાસ, વૈશ્વિક કક્ષામાં આપણી આંતર માળખાકીય સુવિધા બને તેના માટે આપણી પાસે ગુજરાત ઈન્ફ્રાસ્ટકચર એકટ જે ૧૯૯૯ છે તેમાં જે ત્રૃટિઓ છે તે ત્રૃટિઓ સુધારવા માટે આ વિધેયક લઈને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ફરમેશન ટેકનોલોજીના ક્ષેત્રે જીસ્વાન, ગેસ ગ્રિડ સિસ્ટમ, પાણીની પાઈપલાઈન, મેટ્રો રેલ અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે કરવા માગીએ છીએ, રેપીડ બસ ટ્રાન્સિટ સિસ્ટમ અને આપણે ૧૩ જેટલા સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન ઉભા કરવા માગીએ છીએ. એ રીતે અનેકવિધ ક્ષેત્રોમાં રાજય હરણફાળ પ્રગતિ કરીને જે દેશના વિઝનમ આપણા રાજયના ૨૦૨૦માં આંતર માળખાકીય વિકાસ પાછળ અંદાજે ૩ લાખ ૫૦ હજાર કરોડ જેટલું મૂડી રોકાણ આવતા પંદર વર્ષમાં કરવાનું જે આયોજન છે, આ આયોજનને પરિપૂર્ણ કરી જેમણે વિદેશનો પ્રવાસ કર્યો છે એમને ખબર છે કે ઈન્ફ્રાસ્ટ્રકચરનો વિકાસ એટલે શું? જેમણે વિદેશી મૂડી જોયા છે એમને ખબર છે કે આંતર માળખાકીય વિકાસ કરવા માટે રાજયે કેટલી ઝડપી પ્રગતિ કરવી પડશે, આ ઝડપી જો પ્રગતિ કરવી હોય તો માત્ર સરકારી સાધનોથી આ કામગીરી ન થઈ શકે ત્યારે એમાં ખાનગી ભાગીદારીને કેવી રીતે ઉત્તેજન આપી શકાય અને વિશ્વ કક્ષાની નાણાકીય સંસ્થાઓ અને અન્ય કંપનીઓ આપણા આ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજૅકટમાં કેવી રીતે ભાગીદાર બને અને ભાગીદાર બનાવવા માટે એમને પ્રોત્સાહન આપી શકાય, એમને લઘુતમ વળતર આપી શકાય એ માટે જરૂરી સુવિધાઓ જે છે એને માટે થઈને આ વિધેયક આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લઈને હું આવ્યો છું, એના જે મેઈન સુધારાઓ છે એ સુધારાઓ દા. ત. જે માત્ર સામાજિક સેવાના ઉદ્દેશથી કોઈ વ્યકિત કાર્યક્રમ કરવા માગતી હોય, જેમકે આરોગ્ય, શિક્ષણ, કોમ્યુનિટી સૅન્ટર, હેલ્થ સૅન્ટર, યાત્રા ધામ, પ્રવાસન ધામનો વિકાસ, આ બધા માટે આ પ્રકારના ખાનગી વિકાસકાર સાથે વાટાઘાટો કરી અને યોજનાઓ એમને આપી શકાય અને મોટા મૂડી રોકાણ વાળી યોજનાઓ હોય તેની અંદર પણ જે કંપનીઓ હાથ ધરવા માગતી હોય એને આપણે આના નિયમો નીચે એમને કન્સેશનલ એગ્રીમૅન્ટ કરી શકીએ, વિશ્વમાં કેટલીક એવી કંપનીઓ છે જેમની પાસે માલિકીપણાનો પ્રોપાયટરી ટેકનોલોજી હોય છે, જેમકે ડિઝની વર્લ્ડ, તો ડિઝની વર્લ્ડ કરવું હોય તો આપણે બીજી કોઈ કંપનીઓ પાસે ન કરાવી શકીએ, આવી કંપનીઓ સાથે કરારબદ્ધ બનવું પડશે અને એટલા માટે જે આપણે ફેક્સિબિલિટી જોઈએ, એકટની જોગવાઈઓમાં એ ફેક્સિબિલિટી લાવવાની દૃષ્ટિથી આ સુધારા વિધેયક લઈને આવ્યો છું મને આશા છે કે સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓ આ વિધેયકને પસાર કરી રાજયના માળખાકીય વિકાસ માટેની નવી ક્ષિતિજો ખોલીને ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે ગુજરાતનો ડબલ ડિજિટનો વિકાસ દર જે છે એ વિકાસ દરના પગલે રાજયને વિશ્વનું એક શ્રેષ્ઠ રાજય બનાવવા માટેના દિશાના દ્વાર ખુલ્લા કરશે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)**: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ સમગ્ર દેશમાં ઔદ્યોગિક રીતે પ્રગતિશીલ રાજય છે, જ્યારે ૧૯૯૯માં આ બિલ આવ્યું હતું ત્યારે ઈન્ફ્રાસ્ટ્રકચર રિલેટેડ પ્રોજૅકટમાં પ્રાઈવેટ એન્ટરપ્રેન્યોરના સિલેક્શનમાં ટ્રાન્સ્પેરેન્સી આવે અને ઈન્વેસ્ટરે પોતે કરેલા ઈન્વેસ્ટમેન્ટ સેફટી અંગે કોઈ પ્રશ્ન ન રહે અને તે ગવર્નમૅન્ટ તરફથી કોઓપરેશન અને ફાસ્ટ ડીસીસન લઈ શકાય એને અનુલક્ષીને જે તે વખતે બિલ બનાવ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે એકવીસમી સદીમાં રાજય સરકાર અનેક યોજનાઓ સાથે સંકળાયેલું છે તેવા સંજોગોમાં ઈન્ફ્રાસ્ટ્રકચર રિલેટેડ વર્ક ફિલ્ડ કે એડમીનીસ્ટ્રેશન કે તેના મેઈન્ટેનન્સ જો રાજય કરે તો એના ઈમ્પલિમેન્ટેશન અઘરું બને તેના માટે પ્રાઈવેટ એન્ટરપ્રેન્યોરના કારણે અને પ્રાઈવેટ એન્ટરપ્રેન્યોરને એટ્રેકટ અને એને મોટિવેશન કરવાની દીર્ઘદૃષ્ટિથી જે તે વખતે આ બિલ બનાવ્યું હતું, આ બિલમાં ૧૯૯૯ના બિલમાં કોમ્પિટેટિવ બીડ પ્રાઈવેટ એન્ટરપ્રેન્યોર્સ દ્વારા પ્રાઈવેટ ઈન્ટરપ્રીનીયોર દ્વારા કોમ્પીટીટીવ બીડ અને સ્ટેટ ગવર્નમેન્ટના કો-ઓપરેશનની એની અંદર યોગ્યતા હતી એમાં યુઝર ચાર્જીસની પણ જોગવાઈ હતી. છેલ્લા પાંચ વર્ષમાં જોઈએ તો ૩૫ પ્રોજેકટો આમાં થયા છે. એટલે એજપર એકસ્પ્લનેશન

કાયદાની મર્યાદાના કારણે આપણે સ્પીડપ નથી થઈ શકયા. એટલે એની અંદર મોડિફિકેશન અને એમેન્ડમેન્ટ કરીને આ નવું બિલ લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પાસે ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે અને રાજય સરકાર દ્વારા બેસ્ટ પ્રાઈવેટ પોર્ટ પોલિસી છે અને આ ગ્લોબલાઈઝેશનના કારણે આવનારા દિવસોમાં એક્સ્પોર્ટ અને ઈમ્પોર્ટની બલ્ક એકિટવિટી થવાની છે ત્યારે આ બિલમાં જે ૩૫ વર્ષ પુરતો સમય આપ્યો છે એ અપુરતો છે એટલે આ ૩૫ વર્ષમાં એણે કરેલા ઈન્વેસ્ટમેન્ટનો પ્રોપર આઈ.આર.આર. પણ ન મળે એવી સંભાવનાને કારણે આ સમય-મર્યાદામાં વધારો સૂચવ્યો છે. આ  પ્રાઈવેટ ઈન્ટરપ્રીનીયોરને એ બિડિંગની પ્રોસેસમાં માઈનોર એમેન્ડમેન્ટ હોય તો પણ આપણે વિધાનસભાના હાઉસ સમક્ષ આવવું પડતું જેના કારણે આ આખી પ્રક્રિયા ડિલે થતી. તેથી આ પ્રકારની ડિલે ન થાય અને ઈન્ટરપ્રીનીયોર બહું ઝડપથી પોતે ઈન્વેસ્ટ કરી શકે એવો પણ આમાં સુધારો સૂચવ્યો છે રાજય સરકાર દ્વારા પ્રાઈવેટ ઈન્ટરપ્રીનીયોર માટે હાલના કાયદા પ્રમાણે ૧૫ ટકા સબસીડી હતી એમાં સુધારો કરીને ૨૦ ટકાનું કન્સેશન કેસ ઓર કાઈન્ડની અંદર ચૂકવવાથી ઈન્ડસ્ટ્રીયાલીસ્ટને વધુ સુગમતાથી આ કામમાં રોકાણ કરી શકે અને જેના કારણે આપણા સૌની કલ્પના પ્રમાણે ગુજરાત રાજયનો ઔદ્યોગિક વિકાસ કરી શકાય. રાજય સરકારના ઘણાં એવા પ્રોજેકટો છે કે જે સરકારે થોડું કામ કર્યું છે અને પ્રાઈવેટ ઈન્ટરપ્રીનીયોર એમાં ઈન્ટરેસ્ટ દાખવે તો એવા કામમાં આપણે એને અનુમતિ આપતા ન હતા એના લીધે નવા સાહસિકો આવતા ન હતા એટલે હવે ખાનગી મૂડી-રોકાણ વિલંબમાં ન પડે એટલે ઈન્ટરપ્રીનીયોરને આમાં સીધે સીધુ આ જ કામ આપણે આપી શકીશું. ઘણા પ્રોજેકટ માટે કોઈ ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ પાસે ઈન્ટરનેશનલ રાઈટ હોય છે એટલા માટે એ લોકો કોમ્પિટિટિવ બિડિંગમાં પાર્ટિસિપેટ કરતા નથી જેનાથી આવા ઈન્ટરનેશનલ રાઈટ ધરાવતા લોકો આ કોમ્પિટિટિવ બિડિંગમાં પાર્ટિસિપેટ ન થવાના કારણે આપણા રાજયને ઘણું મોટું નુકસાન જાય છે. તો આ શરત પણ આમાં કાઢી નાંખવામાં આવી છે. આમાં ૨૦ ટકા નાણાંનો સહયોગ અને ૩૫ વર્ષ ઉપરાંતનો પિરિયડ છે જેના કારણે રાજયમાં ઔદ્યોગિક મૂડી-રોકાણ વધશે. એવા કેટલાક એરિયા નકકી કરવામાં આવ્યા છે કે, જેની અંદર ઈન્ટરપ્રીનીયોર સાથે રાજય સરકાર સીધે સીધી વાત કરીને એ પ્રોજેકટમાં આ ઉદ્યોગકારને જો રસ હોય તો એ પ્રોજેકટના અમલીકરણની દિશામાં એની કામગીરી સોંપી શકે. જેમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ કોઈ કોમ્યુનિટી સેન્ટર હોય, આપણે સૌ જાણીએ છીએ કે આપણા રાજયના ગામડાંને જોડતા રોડ હોય, ટુરિઝમ હોય, કોઈ રિલિઝિયસ પ્લેસ હોય અથવા કોઈ ગામડાંની અંદર ડ્રેનેજ સિસ્ટમમાં કોઈએ સોશિયલ સર્વિસીસમાં કામ કરવું છે એ તમામ સર્વિસીસમાં એમના માટે મુકત દ્વાર કર્યા છે. કોમ્પિટિટિવ બિડિંગમાં ઘણાં કેસોમાં એવું જોવા મળે છે કે, આપણને પ્રોપર પાર્ટી નથી મળતી અને પ્રોપર પાર્ટી નહીં મળવાના કારણે કેટલા પ્રોજેકટો આપણે આજ દિવસ સુધી ફાઈનલ નથી કરી શકયા. તો એવા સંજોગોમાં રાજય સરકારને જે સક્ષમ લાગે એવી પાર્ટી સાથે સીધી વાત કરીને એવા ઈન્ફ્રાસ્ટ્રકચરના પ્રોજેકટો આપી શકાય એવું પણ આમાં આયોજન છે. ઘણાં મોટા રોકાણવાળી યોજનામાં મોટું રોકાણ ઉદ્યોગકારોએ કર્યું હશે પણ એજ ઉદ્યોગકારોએ એની પોતાની ઉદ્યોગની જગ્યા છે એ જગ્યા સાથે સાંકળતા રસ્તા હોય, તેની જ જગ્યામાં કોઈ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક બનાવવાનો હોય, તેની જ જગ્યામાં જો કોઈ ટાઉનશીપ બનાવવાની હોય તો આવા કેસની અંદર પણ સીધી વાત દ્વારા.. આ કાયદા દ્વારા એમને આપણે આમંત્રી શકીએ છીએ.

ઇન્ટરનૅશનલ રાઈટ ધરાવતા ઇન્ડસ્ટ્રીઝ ગૃપ માટે બીડીંગના બદલે સીધી વાત કરીને એને પણ આ કામમાં સાંકળી શકાશે.  આના કારણે રાજયનો આર્થિક વિકાસ, ખાનગી મૂડીરોકાણ અને ગુજરાત એ ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રેસરનું રાજય બનશે, એમાંથી પણ આપણે પ્રગતિ કરી શકીશું. ગયા વર્ષમાં ગુજરાતના આર્થિક વિકાસનો દર ૧૫ ટકા અને ગુજરાત રાજયનું ઘરગથ્થું ઉત્પાદન,  રાષ્ટ્રના ઘરગથ્થુ ઉત્પાદનની અંદર ૨૫ ટકા જેટલું હતું, આપણું કુલ મૂડીરોકાણ ૧૮.૫ ટકા, સમગ્ર દેશમાં આપણું ઔદ્યોગિક ઉત્પાદન ૧૬ ટકા અને સમગ્ર દેશની અંદર આપણો નિકાસ દર ૨૦ ટકા છે. કદાચ દેશની અંદર સંખ્યાની દૃષ્ટિએ આપણે પાંચ ટકા છીએ પણ રાષ્ટ્રના વિકાસના દરમાં ગુજરાતનો અગ્રેસર ફાળો છે. વીજ ઉત્પાદન ક્ષમતામાં આપણે ૧૩ હજાર મેગાવોટસ છે પણ વીજ વપરાશની અંદર સમગ્ર દેશની અંદર આપણે પ્રથમ છીએ. હવે જ્યોતિ ગ્રામ દ્વારા ગુજરાતના ગામેગામ જ્યોતિ ગ્રામના માધ્યમથી જ્યારે જ્યોતિ ગ્રામ બન્યા છે ત્યારે કોટેજ ઇન્ડસ્ટ્રીઝ માટે પણ ગુજરાત સ્વર્ગ બનવાનું છે. આપણો ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો, ૪૦ સરકારના બંદરો અને એક કેન્દ્ર સરકારનું બંદર એમ ૪૧ બંદરોથી ૫૧૦ મિલિયન ટન કાર્ગો આપણે અત્યારે હૅન્ડલ કરીએ છીએ જે દેશના કુલ હૅન્ડલ કાર્ગો થાય છે એના ૨૫ ટકા જેટલો છે.  આપણી પાસે બે એલ.એન.જી. ટર્મિનલ દહેજ અને હજીરા પાસે છે આખા દેશમાં સૌથી વધારે સારામાં સારી રોડ કનેક્ટિવિટી આપણી પાસે છે, રેલ કનેક્ટિવિટી આપણી પાસે છે, ટેલી કનેક્ટિવિટી આપણી પાસે છે, એર કનેક્ટિવિટી આપણી પાસે છે જ્યારે આપણી પાસે આટલી બેસ્ટ કનેક્ટિવિટી હોય ત્યારે ઉદ્યોગના વિકાસને વધુ સારી રીતે થઈ શકે એ માટે ૧૩ જેટલા એસ.ઈ.ઝેડ ની જ્યારે રાજય સરકારના ગંભીર પ્રયત્નોના કારણે કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે ત્યારે આગામી દિવસોમાં નવી પાંચ લાખ જેટલી રોજગારીઓનું નિર્માણ થવાનું છે ત્યારે આપણો ૨૦20ના ઈન્ફ્રાસ્ટ્રકચર પ્લાન પ્રમાણે વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલીટીથી રાજયનો ઈકોનૉમિક ગ્રોથ અને પ્રોસ્પારિટિ લાવવા માટે અને સાથે સાથે ૨૦૨૦

સુધીમાં ૩ લાખ ૫૦ હજાર કરોડની યોજનાના પ્રોજેકટો આપણે હાથ ધરવાના છીએ ત્યારે આ હાથ ધરવાના પ્રોજેકટોના આયોજન માટે ક્યાંક ક્યાંક કાયદાની ક્ષતિ હતી એ ક્ષતિને દૂર કરીને ગુજરાતને માત્ર દેશમાં નહિ પણ વિશ્વની અંદર અગ્રિમ હરોળમાં મૂકવાવાળુ આ વિધેયક છે જેને હું સમર્થન આપું છું.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના સિનિયર સભ્યશ્રી પ્રદિપસિંહજીએ ખૂબ સુંદર રીતે આ વિધેયકને સમર્થન આપ્યું છે એ બદલ હું એમનો આભાર માનું છું. આ વિધેયકને પસાર કરવાથી હું ગુજરાતની પ્રજાને વિશ્વાસ આપવા માગું છું કે, આ વિધેયક પસાર થવાના કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં જે સુધારા થશે એને કારણે ગુજરાતની પ્રજાની જે જીવનની ગુણવત્તા કવોલિટિ ઑફ લાઈફ, એમાં મોટું પરિવર્તન આવશે અને જે પ્રકારનો આર્થિક વિકાસ થશે એ આર્થિક વિકાસના કારણે આવતી પેઢીના બાળકોને રોજગારી માટે ભટકવું નહિ પડે અને ગુજરાતની અંદર જ એને જરૂરી રોજગારી અને પોતાના વ્યકિતત્વ વિકાસ અને આર્થિક વિકાસની તકો એને સાંપડી રહેશે ત્યારે હું આદરણીય સભાગૃહને આ વિધેયકને પસાર કરવા માટે વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૨૦નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૧૪, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકિંટગ ફોર્મ્યૂલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૨૦નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી:** સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૨૦નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૩

## ગુજરાત વ્યવસાયી બાંધકામ ઈજનેર વિધેયક, ૨૦૦૬

**વ્યવસાયી બાંધકામ ઈજનેરોના રજીસ્ટ્રેશન અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી,હું *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક: ૨૩, સન ૨૦૦૬નું ગુજરાત વ્યવસાયી બાંધકામ ઈજનેર વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક: ૨૩, સન ૨૦૦૬નું ગુજરાત વ્યવસાયી બાંધકામ ઈજનેર વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, એક ઐતિહાસિક બિલ આજે આ સન્માનીય ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે. કદાચ દેશમાં પહેલી વખત આ પ્રકારે પ્રોફેશનલ સિવિલ એન્જિનિયર્સ કાઉન્સિલ બનાવવા માટેનો એક વિચાર રાજય સરકારે કર્યો છે. ગુજરાતમાં દર ત્રણ વર્ષે કોઈને કોઈ આફતો અતિવૃષ્ટિ, દુષ્કાળ, વાવાઝોડું, કોઈક સમયે ભૂકંપ વગેરે બાબતો ઉદ્‌ભવે છે. છેલ્લે જ્યારે ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ રાજયમાં ૬.૯ સ્કેલનો ભૂકંપ આવ્યો ત્યારે અનેક પ્રકારની ખાના-ખરાબી ઉદ્‌ભવી છે. જિલ્લાના ૧૮૧ તાલુકા, ૭૬૩૩ ગામો અને શહેરો ૨.૮ કરોડ લોકોને આની અસર થયેલી છે, લગભગ ૧૩૮૦૫ માણસોના જાન આ ભૂકંપ સમયે ગયેલાં છે અને ૧,૬૭,૭૦૦ માણસોને ઈજા આ ભૂકંપને કારણે થયેલી. દશ હજારથી વધુ નાની મોટી ઇન્ડસ્ટ્રીને નુકસાન થયું. ૩૦૦થી વધુ હૉસ્પિટલોને નુકસાન થયું. ૨.૧૫ લાખ મકાનો ધ્વંસ્ત થયા અને ૯.૨૮ લાખ મકાનોને મોટું નુકસાન થયું. આ પ્રકારની ભૂકંપ સમયે અનેક પ્રકારની મુશ્કેલીઓ આપણે વેઠેલી છે. ૨૦૦૧ના ભૂકંપના લીધે રાજયમાં રૂપિયા ૯,૯૦૦ કરોડ જેટલું પ્રત્યક્ષનું અને અંદાજે ૧૩ હજાર કરોડ જેટલું પરોક્ષ નુકસાન આપણે સૌએ વેઠવું પડ્યું છે. આ ૨૦૦૧ના ભૂકંપ પછી ભવિષ્યની ચિંતાઓને નજર સમક્ષ રાખી થયેલ ભૂકંપ પુન: બાંધકામ ભૂકંપ પ્રતિરોધક બને તેની ખાસ કાળજી જેવી કે લોક જાગૃતિ અને શિક્ષણ ઈજનેરોને વિશિષ્ટ તાલીમ, કડિયાઓને તાલીમ, બાંધકામની થર્ડ પાર્ટી દ્વારા ચકાસણી વગેરેની સાથે

* વિધેયક તારીખ ૨૪મી માર્ચ, ૨૦૦૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે..

સાથે તમામ પ્રકારની આપત્તિઓનો સામનો કરવા અન્ય સંખ્યાબધ્ધ ક્રમિક ઉપાયો પ્રયોજ્યા છે. ભવિષ્યના બચાવ કાર્ય જે સક્ષમ, ઝડપી અને અસરકારક બને તે પ્રકારની કાર્યવાહી પણ હાથ ધરાણી. કેન્દ્ર સરકારે જે પ્રકારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટેની રચના કરવાનો વિચાર કર્યો તે ડિઝાસ્ટર મેનેજમેન્ટની રચનામાં ગુજરાતે કરેલા કામોને એને એક આગવા સ્વરૂપ સાથે પોતાની કાર્યપ્રણાલી માટે લીધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં જી.એસ.ડી.એમ.એ.ની સ્થાપના થઈ. હેઝાર્ડ વર્લનારેબિલિટી એટલાસની રચના કરવામાં આવી. આપત્તિ અનુરૂપ બચાવ સામગ્રી, માનવ સંસાધનની જિલ્લાવાર યાદી બનાવવામાં આવી. અસરકારક સંદેશા વ્યવહારની પદ્ધતિ ગોઠવવામાં આવી. હયાત મકાનોને રીટ્રોફીટીંગ દ્વારા ભૂકંપ પ્રતિરોધક બનાવવાની લાંબા ગાળાની અને ટૂંકા ગાળાની યોજના હાથ ધરવામાં આવી. ડિઝાસ્ટર મેનેજમેન્ટ પોલિસી તથા કાયદાનો ભૂકંપ ગતિવિધિ વૈજ્ઞાનિક ઢબે મોનીટર કરવા માટે માપણી યંત્રકો લગાવવા અને રીસર્ચ સંસ્થાની સ્થાપના કરવાની. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટની સ્થાપના કરવી. વિવિધ બાંધકામોના નિયમોમાં જી.ડી.સી.આર.માં સુધારા કરવા. આ બધી જ બાબતોને લાંબા ગાળાના આયોજન તરીકે આ રાજયે સ્વીકારેલ છે. જે પ્રકારની સ્થિતિ ઉદ્‌ભવી, એના કારણે રાજયના વિકાસની સાથોસાથ શહેરીકરણની માત્રા પણ વધી રહી છે અને એવા સ્વરૂપમાં એક વિશિષ્ટ આયોજન હાથ ધરવાનો આ સરકારે નિર્ણય કર્યો છે. વિકાસની આ માંગને લીધે ઉંચા મકાનો બનવા, વધુ ગીચતા ધરાવતા મકાનો બનવા, જટીલ સંસ્થાપન ધરાવતા મકાનો વિગેરેની સંખ્યા વધી છે, ત્યારે પ્રજાની સુરક્ષા અને અસ્કયામતોનું નુકસાન એ આ રાજય સરકારની અને આપણા સૌની અગ્ર ચિંતા રહેલી છે. એ ચિંતાને નિવારવા માટે જરૂરી હતા ત્યાં જી.ડી.સી.આર.માં સુધારણાના કામો આપણે હાથ ધર્યા. સાથોસાથ મકાનોના આલેખન માત્ર ગુણવત્તા ધરાવતા એન્જીનીયરો મારફતે થાય, તે નિયત કરવું આજના તબકકે અતિ આવશ્યક બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશમાં ડોકટરો માટે, ચાર્ટડ એકાઉન્ટન્ટો માટે, વકીલો માટે પ્રોફેશનના કાયદા અસ્તિત્વ ધરાવે છે. સંસ્થાકીય બોડીના રેગ્યુલેશન માટે પણ કાયદો અસ્તિત્વમાં રહેલો છે. પરંતુ આવા કાયદા પ્રોફેશનલ સિવિલ એન્જીનીયર્સ કે સ્ટ્રકચરલ એન્જીનીયર્સ માટે અમલમાં નથી. સામાન્ય પ્રજાજનો માટે કેવળ એન્જીનીયર સમક્ષ એન્જીનીયર છે કે કેમ? તે જાણવા માટે કાર્ય પદ્ધતિ નથી. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને અમારી સરકારે ગુજરાત પ્રોફેશનલ સિવિલ એન્જીનીયર્સ કાઉન્સિલનું બિલ ગૃહમાં લાવવાનું નકકી કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દ્વારા ૨૭/૧૧/૨૦૦૨ના રોજ એક સેમિનાર યોજવામાં આવ્યો. આ અંગે જુદા જુદા મેનેજમેન્ટ એસોસિએશન અને લાયસન્સિંગ ઓથોરિટીની સાથોસાથ સ્ટ્રકચરલ એન્જીનીયર્સ, આ બધી જ બાબતો અંગે વર્કશોપ યોજવામાં આવ્યો. આ વર્કશોપમાં જુદી જુદી વિચારણાના અંતે તે સિવાયની અન્ય ચર્ચાઓના અનુસંધાને કેટલાક નિષ્કર્ષો બહાર આવ્યા. આ જટિલ વિષય છે. પરંતુ તેમાં યોગ્ય પ્રક્રિયાની શરૂઆત કરવી જોઈએ એવો સર્વેનો મત પ્રાપ્ત થયો. ગુજરાત સ્ટ્રકચરલ એન્જીનીયર્સ માટે પરવાનો ધરાવવો, એ સરકારના પ્રતિનિધિ, પ્રોફેશનલ અને શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓની બનેલી ઓટોનોમસ બોડી દ્વારા કામગીરી કરે એ પ્રકારનો વિચાર વ્યકત કરાયો. આવા અનેક વિચારોના નિષ્કર્ષ દ્વારા વિવિધ તજજ્ઞો સાથે પણ ચર્ચા હાથ ધરાઈ અને આ બધા પછી ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દ્વારા આ વિધેયક તૈયાર કરવામાં આવ્યું. શહેરી વિકાસ વિભાગ સાથે પણ વિવિધ બાબતોનો પરામર્શ કરવામાં આવ્યો. આ વિધેયક ગુજરાત કાઉન્સિલ ઓફ પ્રોફેશનલ સિવિલ એન્જીનીયર્સની સ્થાપના કરવામાં આવશે. આ વિધેયક દ્વારા કાઉન્સિલ એન્જીનીયર્સની પાત્રતાના ધોરણો ધ્યાને રાખીને ઈજનેરોની નોંધણી કરીને પ્રોફેશનલ ઈજનેર તરીકે પ્રેકટીસ કરવા માટે પરવાનો આપવામાં આવશે. જે વ્યકિત માટે પ્રેકટીસ કરવા માટે કાઉન્સિલનું પ્રમાણપત્ર નહીં હોય તે પ્રોફેશનલ સિવિલ એન્જીનીયર તરીકેની પ્રેકટીસ કરવા માટે આ રાજયમાં હવે પછી આ કાયદાના અમલ પછી હકકદાર બનશે નહીં. પ્રમાણપત્ર ન ધરાવતા વ્યકિત પ્રોફેશનલ સિવિલ એન્જીનીયર તરીકે પ્રેકટીસ કરશે તો તે બિનકાયદેસર ગણાશે. આ વિધેયક ઉપર અનેક પ્રકારના આ મુજબના હેતુઓ મેળવવામાં આવ્યા છે. આ વિધેયકથી સામાન્ય આમજનતાને હાડમારી ન ભોગવવી પડે તેને પણ નજર સમક્ષ રાખીને નાના તથા ઓછી ઉંચાઈ ધરાવતા લોડ બેરીંગ પ્રકારના પાકા મકાનો કે જે ભૂકંપ દરમ્યાન સામાન્ય રીતે પડી જતા હોતા નથી, તેવા મકાનો માટે એન્જીનીયર દ્વારા આલેખન સર્ટિફાઈ કરાવવાની જરૂરિયાતમાંથી એને બાકાત રાખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સદરહુ વિધેયકના માળખામાં જે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે એ બાબતો અહીંયા સભાગૃહ સમક્ષ મૂકવામાં આવી છે, પરંતુ કેટલીક ધ્યાનાકર્ષક બાબતો જે છે એ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓને હું જણાવવા માગું છું. આ વિધેયક પસાર થયાના બે વર્ષ બાદ રાજય સરકાર કે તેની કોઈ કચેરી, સ્થાનિક સંસ્થા કે તેની કોઈ કચેરી, એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી કે તેની કોઈ કચેરી, અર્બન એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી કે તેની કોઈ કચેરી, પ્રોફેશનલ સિવિલ એન્જીનીયર્સ દ્વારા મકાનોનું આલેખન સર્ટિફાઈડ થયેલ ન હોય તો તેવા બાંધકામને મંજૂરી આપી શકાશે નહીં. પ્રોફેશનલ સિવિલ એન્જિનિયર દ્વારા સર્ટિફાય કરાવવું જરૂરી છે તે, ૧૪૦ ચો.મિ.થી વધુ પ્લીંથ એરિયા ધરાવતું મકાન, બે માળ (ભોંયતળિયું વત્તા પ્રથમમાળ)

ધરાવતા મકાનની સામાન્ય ઉંચાઈથી વધુ ઉંચાઈવાળું મકાન, લોડ બેરિંગ મેશનરી માળખું ન હોય તેવું મકાન, પ્લીંથ એરિયા ૧૪૦ ચો.મિ. કે તેથી ઓછો હોય તે મોટા પ્રોજેકટનો ભાગ હોય.

કોઈપણ એન્જિનિયરને પ્રોફેશનલ સિવિલ એન્જિનિયર (પી.સી.ઈ.) તરીકેની નોંધણી, તેની પરીક્ષા અને તે પી.સી.ઈ. તરીકે પ્રેકિટસ કરવા સક્ષમ છે તે મુજબનું સર્ટિફિકેટ ઈસ્યુ કરવા વગેરેની કાર્યવાહી માટે આ વિધેયક નીચે પ્રોફેશનલ સિવિલ એન્જિનિયરોની ગુજરાત કાઉન્સિલની રચના કરવામાં આવશે. આ કાઉન્સિલમાં કુલ ૧૨ સભ્યો રહેશે, જે પૈકી પાંચ સભ્યો સરકાર દ્વારા નોમિનેટ થયેલ હશે, પાંચ સભ્યો પી.સી.ઈ. તેમના પૈકીનાને ચૂંટી નક્કી કરશે અને પી.સી.ઈ. પૈકી બે સભ્યો કો-ઓપ્ટેડ સભ્યો તરીકે કાઉન્સિલ નીમશે. સરકાર દ્વારા નોમિનેટ થયેલ પાંચ સભ્યોમાં (૧) શહેરી વિકાસ વિભાગ નીચે મ્યુનિસિપલ કોરપોરેશનમાં દશ વર્ષથી વધુ કામ કરતા એન્જિનિયર (૨) મા.મ. વિભાગના મકાનોનું કામ સંભાળતા મુખ્ય ઈજનેર કક્ષાના ઈજનેર (૩) નર્મદા, જળસંપત્તિ તથા પાણી પુરવઠા વિભાગના મુખ્ય ઈજનેર કક્ષાના ઈજનેર (૪) ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન દ્વારા યુનિવર્સિટી સાથે સંકળાયેલ તથા સિવિલ એન્જિનિયરનું જ્ઞાન પ્રદાન કરતી કોલેજના સિવિલ/એપ્લાઈડ મિકેનીકસ વિભાગના કોઈ પ્રોફેસર- પ્રથમ કાઉન્સિલના સભ્યો દ્વાર નોમિનેટ થશે. ચૂંટાયેલા કે કો-ઓપ્ટેડ સભ્યો તેમની મુદત બાદ પુન:કાઉન્સ્લિ સભ્ય બની શકશે. કો-ઓપ્ટેડ સભ્યોને વોટિંગનો અધિકાર રહેશે નહીં.

કાઉન્સિલના નિયમો/રેગ્યુલેશન બનાવી આ વિધેયકના હેતુઓ પાર પાડવાની તમામ કાર્યવાહી કરશે જેવી કે (૧) ફીના ધોરણ નકકી કરવા (૨) એન્જિનિયરની નોંધણી પાત્રતાની ખરાઈ (૩) પ્રેકિટસીંગ સર્ટિફિકેટ માટે જરૂરી લાગે તેવી પરીક્ષા (૪) પ્રેકિટસિંગ સર્ટિફિકેટ ઈસ્યુ કરવા (૫) નોંધણી થયેલ એન્જિનિયરનું રજીસ્ટર જાળવવું (૬) ફરિયાદના પગલે એન્જિનિયર સામે ઈન્કવાયરી નીમવી (૭) એન્જિનિયરને રજીસ્ટર પરથી હંગામી/કાયમી ધોરણે દૂર કરવા(૮) કાઉન્સિલની આંતરિક કામગીરી.

કાઉન્સિલ તેની કામગીરી માટે રજીસ્ટાર તથા અન્ય કર્મચારી નીમશે. આ રજીસ્ટાર તથા કર્મચારીની નિમણૂકની શરતો, પગાર વગેરે રાજય સરકારની પૂર્વમંજૂરીથી નક્કી થશે. આ સ્ટાફ કાઉન્સિલનો સ્ટાફ ગણાશે. પ્રથમ ત્રણ વર્ષ માટે રજીસ્ટાર તરીકે રાજય સરકાર કોઈ અધિકારીની નિમણૂક કરશે.

કાઉન્સિલ ફંડ એસ્ટાબ્લીશ કરશે, જેમાં રાજય સરકારે આપેલા નાણા ઉપરાંત રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી તથા વાર્ષિક ફી વગેરેનો સમાવેશ થશે. જે એન્જિનિયર નીચેની ગુણવત્તા ધરાવે તે ઈજનેર પી.સી.ઈ. તરીકેની નોંધણીપાત્ર ગણાશે.

(૧) સિવિલ એન્જિનિયરિંગમાં માસ્ટરની ડીગ્રી વત્તા ૩ વર્ષનો અનુભવ.
(૨) સિવિલ એન્જિનિયરંગમાં બેચલરની ડીગ્રી વત્તા ૪ વર્ષનો અનુભવ
(૩) ડિપ્લોમા સિવિલ એન્જિનિયરિંગ વત્તા ૬ વર્ષનો અનુભવ.

અન્ય સંસ્થા દ્વારા અપાતી શૈક્ષણિક લાયકાત ઉપરોકત લાયકાત સમક્ષ ગણવા બાબત કાઉન્સિલ નિશ્ચિત કરશે.

નોંઘણીપાત્ર એન્જિનિયર કાઉન્સિલ ઠરાવે તે પરીક્ષામાં જરૂરી ફી ભરી શકે. પરીક્ષા ફી ભરી ઉર્ત્તિણ થયા બાદ કાઉન્સિલ દ્વારા પ્રેકિટસ કરવા સર્ટિફિકેટ ઈસ્યુ કરવામાં આવશે.

આ બિલના અમલથી બે વર્ષ દરમ્યાન એવા સિવિલ એન્જિનિયરો કે જેમને ૧૫ વર્ષ સિવિલ એન્જિનિયર તરીકેનો અનુભવ છે તે તમામ રજીસ્ટર પર નોંધણીપાત્ર ગણાશે.

બિલના કોઈ કલોઝ હેઠળ રાજય સરકાર પર ખર્ચની જવાબદારી આવતી નથી, પરંતુ રાજય સરકારે થોડાક વર્ષો સુધી કાઉન્સિલને તેની સ્થાપના તથા સંચાલન માટે નાણા આપવાના રહેશે. આ માટે રૂા. ૫ લાખનો અનાવૃત ખર્ચ પ્રથમ વર્ષે તથા રૂા..૧૫ લાખનો આવૃત્ત ખર્ચ પ્રતિવર્ષ માટે અંદાજેલ છે.

પ્રોફેશનલ સિવિલ એન્જિનિયરની નોંધણી માટે જરૂરી જોગવાઈ દર્શાવતું આ વિધેયક ભવિષ્યમાં આવનાર આપત્તિઓનો યોગ્ય પ્રતિકાર કરવામાં ઘણું મદદરૂપ નિવડશે અને આ બિલ મંજૂર થવાથી મકાન બાંધકામ તેમજ ડિઝાઈન અંગેની પ્રવર્તમાન વ્યવસથાઓ વધુ સુદ્રઢ બનશે. દેશના મધ્ય પશ્ચિમ રાજયો પૈકી માત્ર ગુજરાત રાજયમાં આ વિધેયક પસાર કરાવડાવી પ્રજા અને અસ્કયામતોની સુરક્ષા પ્રદાન કરવામાં અમારી સરકારે પહેલ કરી છે તેને બહાલી આપી પ્રજાસુખાકારીમાં વધારો કરવા આપણે સૌ ભાગીદાર બનીએ.

મારા આ બિલને આ ગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓ બહાલી આપે અને પ્રજાની સુખાકારીમાં વધારો કરવાનું આ કાર્ય છે અને એ પ્રમાણેનું આ બિલ લઈને હું આવ્યો છું એને મંજૂર કરે એવી હું ગૃહને વિનંતી કરું છું.

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી ધી ગુજરાત પ્રોફેશનલ સિવિલ એન્જિનિયર બિલ, ૨૦૦૬ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા વર્ષો પહેલાં ૧૯૭૨ ના વર્ષમાં આ જ વિષયમાં સેન્ટ્રલ પાર્લામેન્ટમાં એક કાયદો પસાર થયો હતો એ સિવિલ એન્જિનિયર સંદર્ભમાં નહોતો, કાઉન્સિલ ઓફ આર્કિટેકટની રચના થઈ, એ

૧૯૭૨ ની સાલમાં થઈ હતી અને તે દિવસે પીલુ મોદી ગૃહમાં બિરાજમાન હતા જે વ્યવસાયે પણ આર્કિટેકટ હતા. ત્યારથી માંડીને ધીરે ધીરે આપણે ત્યાં સ્થાપત્યમાં, આપણે ત્યાં સ્ટ્રકચરમાં, આપણે ત્યાં મકાનોમાં એ આ દેશમાં, આ રાજયમાં અને બીજા રાજયોમાં વિશિષ્ટ પ્રકારના મકાનો એમાં બાંધણી એ વર્ષોથી થતું રહે છે, અમદાવાદમાં ઝૂલતા મિનારા જોઈએ, સીદી સૈયદની જાળી જોઈએ, દિલ્હીનો કુત્તુબ મિનારો જોઈએ કે અમદાવાદનું અક્ષરધામ કે દિલ્હીનું અક્ષરધામ જોઈએ, હમણાનું બાંધકામ અને આની પહેલાનું બાંધકામ, આ બધામાં સતત એક ધ્યાન દોરે છે કે કયા પ્રકારની કુશળતા, કયા પ્રકારની નીપૂણતા આ દેશમાં હતી. આની પહેલા, આર.સી.સી. સ્ટ્રક્ચર આવ્યા પહેલા પણ આ દેશમાં અને આ રાજ્યમાં, દેશ આખાની વાત ન કરીએ, પણ આ રાજ્યમાં પણ અનેક જગ્યાએ પુલો હશે, જે ઈંટોની ગોઠવણીથી થયા હશે, જે આજે પણ એના એ સંદર્ભમાં કામ લાગી રહ્યા છે. એ જમાનામાં પણ રોડ થયા હશે. અમારે ત્યાં ગવર્નમેન્ટ સર ટી. હોસ્પિટલ સ્ટેટના વખતની બનેલી છે, આખા ગુજરાતમાં સ્ટેટે બનાવેલી આવી હોસ્પિટલ શકય નહીં હોય, આજે પણ તેની ઊંચાઈ, હાઈટ, આજે પણ તેના બારણા તેના મિજાગરા, તેની નકલ પણ શક્ય નથી. તેની બાંધણી, તેના પત્થરોની બાંધણી, અમારે ત્યાંનો દરબારી કોઠાર એવું ક્યાંક ક્યાંક સ્ટેટના સમયમાં બાંધકામ થયેલું હશે. અને જે તે સમયનું આ બાંધકામ, આપણે જેનો ઉલ્લેખ કરીએ છીએ, ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧નો ભૂકંપ આવ્યો, આ ભૂકંપમાં આમાંની એક પણ ઈમારતને કંઈ થયું નથી. આ એક ઘટના છે. બીજું આર.સી.સી.નું સ્ટ્રક્ચર આવ્યા પછી બીજી ઘટના છે. આ દેશમાં દૂર ન જોઈએ પણ આપણા ગુજરાતે સૌથી મોટો ભૂકંપ, વાવાઝોડા, ઘણી આફતો, ડિઝાસ્ટર વેઠેલા છે. અને એમાંથી બહાર કેમ નીકળાય તેની કાર્યવાહી પણ કરી છે. અને બહાર નીકળીને તેના એવોર્ડ પણ મેળવ્યા છે, માનનીય મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો છે એટલે તેનું પુનરાવર્તન નથી કરતો, પણ સાસાકાવા થી માંડીને દુનિયાભરના એવોર્ડઝ પ્રાપ્ત કર્યા છે. પણ એવોર્ડ પહેલા આ ગુજરાતે આપત્તિઓ એવી નજીકથી જોઈ છે અને હું એવું માનું છું કે આ સન્માનનીય ગૃહના ઘણાં બધા સભ્યો એ વખતે, કોઈ જામનગરમાં, કોઈ સુરેન્દ્રનગરમાં કામ કરતા હશે, અને સૌથી વધારે લોકો કચ્છમાં કામ કરવા ગયા હશે, અને એ ભૂજની ગલીઓમાં પત્તાના મહેલની માફક પડી ગયેલા મકાનો, ફ્લૅટોની સ્કીમો, તેના ટાવરો તે એમણે જોયા હશે. અને એટલે કદાચ આ રાજ્ય પહેલું બનતું હશે આ પ્રકારની કાઉન્સિલ બનાવવામાં. આપણે આ જોયું છે, જોયું છે એટલું જ નહીં પણ એ દરમિયાનમાં જે કાર્યો થયાં છે આ ગુજરાતમાં, એ બીજા બધા વિષયોમાં થયા છે પણ આપણે ત્યાં સૌથી મોટો દાખલો એ વખતે કચ્છમાં જવાનો સૂરજબારીનો પુલ ૨૬મી જાન્યુઆરીએ બંધ થઈ ગયો, અને લોકોને મદદ લઈને જવું હોય તો અને બહાર જવાનું પણ શક્ય નહોતું રહ્યું, અને મદદ માટે જવું હોય તો દૂર ફરીને ત્યાં ગાંધીધામ, ભુજ-કચ્છમાં જવું પડતું હતું. એ વખતે આજે એ કહેવાની મને ફરજ પડે છે કે આ રાજ્યના એન્જિનિયરોએ, એ કક્ષાએ સૂરજબારીનો પુલ બંધ થયો ત્યારે આખો પુલ એ વખતે ખસી ગયેલો, દોઢ થી બે ફૂટ ખસી ગયો હતો અને આખો પુલ બંધ થઈ ગયો હતો. તે પુલને રાતો રાત, એમાં હું અભિનંદન આપીશ માર્ગ અને મકાન વિભાગને, કારણ કે આજના એમના સચિવ, એમની નાદૂરસ્ત તબિયત હોવા છતાં તે વખતે સૂરજબારી પુલ ઉપર ઊભા રહ્યા હતા અને ૨૪-૪૮ કલાકમાં અશકય લાગે તે રીતનું કામ તે દિવસે કરી અને આ આર. એન્ડ બી. વિભાગે પૂરું કર્યુ હતું. અને એટલે આ રાજ્યે જે વેઠ્યું છે, અને એમાંથી પસાર થયું છે, બહાર નીકળ્યું છે અને ત્યારે આ રાજ્ય આનો પહેલી વખત વિચાર કરે તો એમાં કશું જ ખોટું નથી. એટલા માટે કે એક જમાનો હતો કે કન્સ્ટ્રક્શન એટલે ઈંટ, રેતી અને ચૂનાનો મિશ્રણ. હવે એમાંથી બહાર નીકળવાને કારણે જે જમાનાની ઝડપ આવી છે એ આર.સી.સી. સ્ટ્રકચરમાં અને એનાથી આગળ વધીને હાઉસીંગથી માંડીને કોમર્શિયલ પ્રોજેકટો એ આખાય રાજયમાં શહેરોના સંદર્ભમાં હાઉસીંગના સંદર્ભમાં, કોમર્શિયલના સંદર્ભમાં હોય એજ્યુકેશનના સંદર્ભમાં હોય, એજ્યુકેશન ઈન્સ્ટિટયુશનો બનાવવાના હોય, આરોગ્ય માટે હોસ્પિટલો થતી હોય કે કોર્ટના બિલ્ડિંગો થતા હોય તથા સરકારી બિલ્ડિંગો થતી હોય એમાં અમારી સર ટી. હોસ્પિટલ સામે સરકારે નવું ઓ.પી.ડી. માટેનું મકાન બનાવ્યું છે જે નમૂનારૂપ બન્યું છે. જે જૂનું છે એવું એકેય આખા ગુજરાતમાં નથી. એમાં નિપુણ નિષ્ણાંત લોકો છે એ લોકો આવે અને એ લોકો આવે જેનાથી આ રાજયમાં હવે નવા બાંધકામો થવાના છે એ કન્સ્ટ્રકશનમાં પૂરતું સલામતીનું ધ્યાન રહેશે.

માનનીય મંત્રીશ્રી આ બિલ લઈને આવ્યા છે એમાં ખાસ કરીને કલોઝ ૨૬ જેને લાગુ પડે છે એ કલોઝ કોના માટે છે? સામાન્ય લો બેરીંગ માટે આ સિવિલ એન્જિનિયર એના કાઉન્સિલમાં મેમ્બર થવાની જરૂર નથી, રજિસ્ટ્રેશનની જરૂર નથી. કયા પ્રકારના આ રાજયમાં નાનાથી માંડીને સરકાર સુધી કે કોર્પોરેટ સુધી જેણે મકાનો બનાવવા હશે એમણે નિયમોનું પાલન કરવું પડશે. એમના ઉપર નિયંત્રણ રહેશે. પેલો તો એન્જિનિયર બનવાનો છે એ પ્રોફેશનલી તૈયાર હોવો જોઈએ. રાજયના લોકોની સલામતીની કેર કરે તેવો હોવો જોઈએ. એટલે એવા એન્જિનિયરો અને એવા બિલ્ડિંગો માટે લાગુ પડશે જેનો મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો A building having plinth area exceeding ૧૪૦ sq.mtrs. ૧૪૦ ચોરસ મીટર કરતાં વધારે પ્લીન્થ એરિયા ધરાવતું બિલ્ડિંગ, The buiding height of which exceed the normal height of the building having ground floor and first floor. બે માળના મકાનથી ઉપર જાય તેવા મકાનોના સંદર્ભમાં લાગુ પડશે. એનાથી નાના જેનું બેઠા ઘાટનું મકાન બનાવવું હશે એને ચિંતાનો વિષય નથી. નાના અને મધ્યમ વર્ગના માટે

ચિંતાનો વિષય નથી રહેવાનો. એની સાથે સાથે A building which does not have load bearing masonary structure - load bearing આર.સી.સી. સ્ટ્રકચર હોય તેને લાગું પડશે. અને A building which is part of the housing project not less than ૩ buildings notwithstanding the plinth area of the said building is ૧૪૦ sq.mtrs. or less than ૧૪૦ sq.mtrs. કયા પ્રકારના બિલ્ડિંગને કયા પ્રકારના કન્સ્ટ્રકશનને, કયા પ્રકારના સ્ટ્રકચરને લાગું પડવાનું છે. હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરીશ કે Section ૨૬ (B) એમાં A building which is part of the housing project comprising not less than ૩ buildings, મોટા હાઉસીંગ પ્રોજેકટ હોય એમાં ૧૪૦ ચોરસ મીટર હોય કે નાનું હોય તો પણ લાગું પડશે. થોડું કલેરિફિકેશન મળે કે હાઉસીંગ પ્રોજેકટનો પ્લીન્થ એરિયા ૧૦૦ ચો.મીટર હોય કે એક હજાર ચોરસ મીટર હોય કે એક લાખ ચોરસ મીટર હોય પરંતુ મૂળ બિલ્ડિંગ બેઠા ઘાટનું હોય અને સો-બસ્સો કે ચારસો બિલ્ડિંગ હોય નાના નાના મકાનો બનાવતા હોય એને લાગું પડશે કે કેમ? અહીંયા એવો અર્થ ફલિત થાય છે કે એમને પણ મોટા હાઉસીંગ પ્રોજેકટ હોય એને આ લાગું પડશે એ હોય તો એની પુન: વિચારણા આવશ્યક છે. નાનું થવાનું છે, બે માળથી મોટુ નથી થવાનું મોટા હાઉસીંગ પ્રોજેકટનો ભાગ છે. Larger housing project, may be commercial building, એમાંથી ટાવર હોય અને એનાથી અલગ નાની નાની પ્લીન્થના મકાનો હોય જેમાં યુનિટ એક ગણતા હશે, કન્સ્ટ્રકશન પ્લાન એક મંજૂર થતો હશે તેમ છતાં અલગ હોય એને લેવા દેવા ન હોય એને મુકત રાખવા માગો છો કે કેમ એટલું કલેરિફિકેશન થાય, એના વિશે વિચારણા ન થઈ હોય તો કરવામાં આવે તેવી વિનંતી કરું છું.

ચેપ્ટર-૨ જે રીતે મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો છે. આ રાજયના શ્રેષ્ઠ એન્જિનિયરોના ટીમની કાઉન્સિલ બનવાની છે. એ ચેપ્ટર-૨માં સેકશન-૩(સી) તેના પાંચ સિવિલ એન્જિનિયર સિલૅક્ટ થશે. તેની સાથે સાથે સ્ટેટ ગવર્નમૅન્ટના જુદા જુદા ડિપાર્ટમૅન્ટના પાંચ, એ આર.એન્ડ બી. પણ હશે, એ નર્મદા જળ સંપત્તિ પણ હશે. એ પણ લેવાના છે. તેના ચીફ એન્જિનિયરથી નીચેની કક્ષાના નહીં. આજે મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં એન્જિનિયર તરીકે કામ કરે છે. તેમાંથી પણ એન્જિનિયર તેમાં લેવાના છે. તો એવા ૧૨ લોકો મળીને જ્યારે આ પ્રકારના કામ કરવાના છે, જ્યારે આ કાઉન્સિલ બનવાની છે, મને લાગે છે કે તેમની પાસેથી આ રાજયની જેમની નિયમો બનાવવાની જવાબદારી છે, આ રાજયમાં ડી.સી.પી. બનતા હશે કે બીજું કંઈ બનતું હશે તો તેમની આ જવાબદારી છે. આવા લોકો જ્યારે અંદર બેસશે ત્યારે વધારે કુશળતાથી વધારે નિપૂણતાપૂર્વક આ કામ થઈ શકશે. તેની સાથોસાથ જે ચેપ્ટર-૩ છે તેનો કલોઝ-૧૪ છે, કયા પ્રકારના લોકો એપ્લાય થવાને પાત્ર થશે, કયા પ્રકારના લોકો અહીં રજિસ્ટ્રેશન અને એકઝામ આપવાને પાત્ર થશે તેનો ઉલ્લેખ ચેપ્ટર-૩માં કલમ-૧૪માં કરવામાં આવ્યો છે. તેમાં માસ્ટર ડિગ્રી અને સિવિલ એન્જિનિયર અને તેની સાથે તેનો અનુભવ નોટ લેસ ધેન થ્રી ઈયર્સ માગવામાં આવ્યો છે. સિવિલ એન્જિનિયરની અનુસ્નાતક પદવી, પી.જી. થાય તેને પણ ત્રણ વર્ષનો અનુભવ ફરજિયાત છે. તેની સાથોસાથ ૧૪-૧ (બી) છે જે સિવિલ એન્જિનિયરની બેચલર ડિગ્રી લેવાના છે એ લોકોનો પણ ચાર વર્ષનો અનુભવ ફરજિયાત રહેશે. બેચલર ડિગ્રી પ્લસ ચાર વર્ષનો અનુભવ. તેની જેમ સિવિલ એન્જિનિયરની ડિપ્લોમાની ડિગ્રી લેવાના છે તે પછી તેનો છ વર્ષનો અનુભવ લેવો પડશે. એ જુદી વાત છે કે નાના બિલ્ડીંગો માટે આ આવશ્યક નથી એટલે કદાચ એ કામ કરી શકશે. બીજાંની સાથે રહીને એ કામ કરી શકશે. અહીં પણ એકઝામ તો લેવાની છે. તો આ દેશમાં, આ રાજયમાં ઘણાં બધા પ્રકારની કાઉન્સિલ જે રીતે મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો છે તે પ્રમાણે ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે તેમાં પી-૧, પી-૨ અને ફાયનલ એકઝામ છે. બી.કોમ. હોય તેણે પી-૧ નહીં આપવાની. પી-૨ બી.કોમ. થયા પછી એક વર્ષ પછી આપી શકાય અને ફાયનલ તેના પછી ત્રણ વર્ષની આર્ટીકલશીપ થયા પછી આપી શકાય. પણ ફાયનલ આપ્યા પછી, સી.એ. બન્યા પછી તેને પ્રોફેશનલ સી.એ. તરીકે જવા માટે બીજું કોઈ બંધન નથી. તેનું સી.એ.નું સર્ટિફિકેટ હાથમાં આવશે તેની સાથે સાથે ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તેને રજિસ્ટર કરશે અને એ કામ શરૂ કરી શકશે. એ કામ કરશે ત્યારે તેને કોઈ બંધન નથી કે એક લાખ કે પાંચ લાખની પેઢીનું જ ઑડિટ કરી શકશે. એ ૫૦ લાખ કે ૫૦ કરોડ કે ૫૦૦ કરોડની કંપની હશે તો તેનું પણ ઑડિટ કરી શકશે. તેને બંધન નથી. હું જે ક્ષેત્રમાંથી આવું છું એ બાર કાઉન્સિલ ઑફ ગુજરાત અને બાર કાઉન્સિલ ઑફ ઈન્ડિયા, એમાં પણ એલ.એલ.બી. થયા પછી એ જુદી વાત છે કે બે વર્ષ લો ગ્રૅજ્યુએટના છે. એક વર્ષ સ્પેશ્યલ એલ.એલ.બી.નું છે. પણ એ ગ્રેજયુએશન કમ્પ્લીટ કર્યા પછી અને સ્પેશ્યલ એલ.એલ.બી. પૂરું થયા પછી જે વખતે સનદ હાથમાં આવશે, સર્ટિફિકેટ હાથમાં આવશે એના બીજા દિવસે એ સનદ માટે એપ્લાય કરી શકશે. બાર કાઉન્સિલ ઑફ ગુજરાતની પહેલી મિટિંગમાં તેને સનદ ઈસ્યુ થશે. તેના માટે તેને ફરી કોઈ પ્રૅક્ટિસ, એ નેચરલ કોર્સમાં તેની પાસે કેસ આવવા માટે લોકો જોશે કે આને કેટલો અનુભવ છે એ જુદી વાત છે. પણ પાંચ-દસ વર્ષની પ્રૅક્ટિસ થાય પછી તેને લોયર તરીકેનું સર્ટિફિકેટ મળે એવું તો નથી. તેની સાથોસાથ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિવિલ એન્જિનિયર્સ, તેની સાથોસાથ મૅડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા છે, એમ.બી.બી.એસ., એમ.ડી., એમ.એસ., એમ.સી.એચ. આ બધી ડિગ્રી ડૉકટર પ્રાપ્ત કરતા હશે પણ ઈન્ટર્નશીપ લીધા પછી એમ.બી.બી.એસ.નું સર્ટિફિકેટ હાથમાં આવ્યા પછી તે પ્રૅક્ટિસ કરવા જાય છે ત્યારે તેને ગરીબ માણસને એક ઇન્જૅકશન આપવાનું છે અને

કરોડપતિને ઇન્જૅકશન આપવાનું છે. તેમાં કોઈ ભેદભાવ છે? કોઈ માણસને તાવ આવ્યો છે કે એ સિરિયસ છે, તેની સારવાર તેણે કરવાની છે. તો એમ.બી.બી.એસ. કાલે થયો. કોઈને તાવ આવતો હોય અને એ તાવ ઉપર પ્રૅક્ટિસ કરી શકશે અને સિરિયસને એ નહીં કરી શકે. એવી કોઈ જોગવાઈ ત્યાં નથી. આની અંદર ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, એની અંદર જે વર્ષે એને સર્ટિફિકેટ આપ્યું છે એના બીજા દિવસે એ કામ કરી શકે. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને આમાં પણ થોડાક કલેરીફીકેશન થાય યા ભવિષ્યમાં એમાં સુધારો કરવાની વિનંતી કરીશ. એટલા માટે કે, એક સિવિલ ઈજનેર થયો એના પછી એને ચાર વર્ષ રાહ જોવાની, અનુસ્નાતક થયા પછી ૪ વર્ષ રાહ જોવાની, ડિપ્લોમા થયા પછી ૬ વર્ષ એણે રાહ જોવાની, એટલે માણસની ઉંમર, કમ્પ્યુટરથી માંડીને આઈ.ટી.ના જમાનામાં એક સ્ટાન્ડર્ડ, માણસનું એક જમાનામાં જે સ્ટાન્ડર્ડ હતું, અભ્યાસનું સ્ટાન્ડર્ડ હતું, લેવલ હતું એ નાની ઉંમરમાં લેવલ પ્રાપ્ત કરી શકે છે, સ્ટાન્ડર્ડ પ્રાપ્ત કરી શકે છે. અને તેથી હું એવું કહીશ કે, ભૂતકાળમાં સ્ટેટના બંધાયેલા મકાનોમાંથી જેમની પાસે ડીગ્રી નહોતી એ લોકોએ કરેલા છે એ આજે યથાવત ઊભા છે અને એને ભૂકંપમાં પણ અસર નથી થઈ. સૌથી મહત્ત્વનો પ્રશ્ન એની દાનત છે અને એની દાનત સચવાઈ શકે છે, એની એકઝામ લેવાની છે. એને શિક્ષા થઈ શકે છે. એમને રજિસ્ટરમાંથી રીમુવ કરી શકીશું, એને સસ્પૅન્ડ કરી શકીશું. (અંતરાય) દંડકશ્રી, પૂરું જ કરું છું. કાંઈ વાંધો નહીં, હવે બીજું નહીં બોલું, એટલે મારી વિનંતી છે કે, એવા ચેક આની અંદર પડ્યા છે, જેની લોકોને બીક લાગશે, એની દાનતને ઠીક રાખવા માટે, એની કુશળતાને ઠીક રાખવા માટે, એને રીમુવ કરી શકાશે, એને રીજેકટ કરી શકાશે, એને સસ્પૅન્ડ કરી શકાશે, એને ઠપકો આપી શકાશે. એવા ચેક પડ્યા છે ત્યારે નહીં તો એક શક્યતા એવી પણ છે કે, એક ભય એવો પણ છે કે, નહીંતર બેકાર ઈજનેરોની ફોજ ઊભી થશે. જે તૈયાર થઈને બહાર આવશે, એ અમુક કામ કરી શકશે અને અમુક કામ નહીં કરી શકે એવું ડિસ્ક્રીમીનેશન ન રહે એ માટે જરૂર પડે તો એ પ્રમાણે સુધારણાની પણ વિચારણા કરીએ. માનનીય મંત્રીશ્રી આ બિલ લઈને આવ્યા છે ત્યારે એને ટેકો આપું છું. એટલા માટે કે, આ રાજયના હવે પછીના જે કન્સ્ટ્રકશન થશે એ વધુ સલામત, વધુ સેઈફ અને આ રાજયની સમૃદ્ધિ અને વિકાસને બળ આપનાર થશે. એના માટે આ બિલને ટેકો આપીને, અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ (એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સવારે ૧૧ વાગ્યાથી શરૂ કરીને અત્યારે ૬-૩૦ વાગ્યા સુધીમાં ઘણી બધી ચર્ચા અનેક વિધેયકો ઉપર થઈ છે અને અહીંયાં બેઠાં બેઠાં મેં એ પણ જોયું છે કે, જ્યારે વક્તા ચર્ચા કરતા હોય ત્યારે ઘણીવાર વચમાં તાળીઓ પણ પડતી હોય છે. તાળીઓ બે પ્રકારે પડતી હોય છે. એટલે મારામાં તાળીઓ ન પડે એવું હું ઇચ્છું છું.

**અધ્યક્ષશ્રી** : તમને ખબર છે એટલું પૂરતું છે.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ** : જે લોકોને ખબર ન હોય એનું ધ્યાન દોરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત વ્યવસાયી સિવિલ ઈજનેર વિધેયક ૨૦૦૬ લઈને આવ્યા છે એને હું અનુમોદન આપવા માટે ઊભો થયો છું. આમ તો ૨૦ પાનાના બિલમાં માનનીય મંત્રીશ્રીએ અને માનનીય સુનિલભાઈએ ખૂબ જ સારી ચર્ચા અને ઘણા બધા મુદ્દાઓ ટાંક્યા છે. પરંતુ હું થોડીક અલગ વાત ૨ મિનિટ માટે કરવા માગું છું. બિલમાં જે પ્રમાણે વાત કરવામાં આવી છે, એ પ્રમાણે આ જે બિલ લાવવામાં આવ્યું છે એના કારણે થઈને ટૅક્નીકલ સમ ન હોય તેવા લોકો દ્વારા કન્સ્ટ્રકશન થતું હતું અને સમાજ માટે નુકસાનકારક હતું એ કન્સ્ટ્રકશન ઉપર બાન આવવાનો છે.

અત્યારે સિવિલ એન્જિનિયરના ફિલ્ડમાં સિવિલ એન્જિનિયરની ડીગ્રી પ્રાપ્ત કરી હોય તેવા લોકો કરતા બીજા લોકો જે લોકો આ ટાઈપનું કંસ્ટ્રકશન કરવા માટેની અનેક સુવિધાઓ ધરાવતા હોય છે એ લોકો પૈસે ટકે સુખી હોય છે, જે લોકો આ દિશામાં કંઈ વિચારી શકતા હોય એવા લોકો વધારે પ્રવૃત્ત હતા અને એમને ત્યાં આવા સિવિલ એન્જિનિયર સર્વિસ કરતા હતા એની ઉપર આમાં બાન આવવાની પૂરેપૂરી શકયતા છે અને જેના કારણે સિવિલ એન્જિનિયરની ડિમાન્ડ વધશે અને આપણને કવોલીટી વર્ક મળવાનું છે. અહીં આગળ એક ચૌદ નંબરના પાનામાં જે ઉદ્દેશો અને કારણો દર્શાવ્યા છે એમાં જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે બાંધકામની પ્રવૃત્તિ સાથે લાયકાત ન ધરાવતી વ્યકિતઓ મકાનની ડિઝાઇન અને મકાનના બાંધકામનું કામ હાથ ધરે છે તે ઘણી વખત અસુરક્ષીત હોય છે. તા. ૨૬મી જાન્યુઆરીની જે વાત કરવામાં આવી છે, હું બિલકુલ આ બાબત સાથે સહમત છું કે જે વ્યકિતઓ આ કાર્યમાં નિપુણ ન હોય એવી વ્યકિતઓ દ્વારા જો કોઈપણ પ્રકારનું ખરાબ બાંધકામ થતું હોય તો એને અટકાવવું જોઈએ પરંતુ સાથેસાથે હું આપને, આ સમગ્ર સભાગૃહને પણ એ કહેવા માગુ છું કે જયાં આ ધરતીકંપની સૌથી વધારે અસર થઈ છે એવા કચ્છ અને એની આજુબાજુના વિસ્તારના જે મકાનો છે એ મકાનો જે ધરાશય થયેલા મકાનો છે એ મકાનોમાં શું બધા જ કંસ્ટ્રકશનો એ કોઈ નોન ટેકનિકલ માણસે કર્યા હતા? કહેવાનો મારો આશય એ છે કે માત્ર કવોલીફાઈડ એંજિનિયરે કરેલા બાંધકામો જ સારા હોઈ શકે અને નોન કવોલીફાઈડ એન્જિનિયરે કરેલા બાંધકામો ખરાબ હોઈ શકે? એ કહેવાનો જે આશય અને જે ઉદ્દેશ અહીં લઈને આવ્યા છે એ ઉદ્દેશ માટે હું એક પ્રકાશ પાડવા માગું છું. હું એમ કહેવા માગું છું કે ઘણી વખત તમે ગુજરાતનો સરવે કરાવો છો, ધરતીકંપ વખતે જે મકાનો પડયા છે એ મકાનોમાંથી કેટલાક મકાનો

અને કેટલાકના નામ મને યાદ છે કે જેમાં સારામાં સારા સ્ટ્રક્ચર એન્જિનિયરો, સારામાં સારા આર્કીટેકટો અને સારામાં સારા સિવિલ એન્જિનિયરો કામ કરતા હતા એવા બિલ્ડીંગો પણ પડયા છે એટલે ધરતીકંપની જે વાતો અહીં ટાંકવામાં આવી છે જેના કારણે સિવિલ એન્જિનિયરોને એમ કહી શકાય કે ખોટી રીતે ચીતરવામાં આવ્યા છે. એ બાબત સામે હું આપનું ધ્યાન દોરવા માગુ છું કે આમાં ઘણા બધા ફેકટરો કામ કરતા હોવાને કારણે માત્ર આ કામમાં સિવિલ એન્જિનિયરોનો જ દોષ કાઢવો એ યોગ્ય નથી. અહીં ઘણીબધી વાતો કરવામાં આવી છે. અત્યારની પરિસ્થિતિમાં જે પ્રમાણે વાત કરી કે મૅડિકલ ફીલ્ડ હોય, લીગલ ફિલ્ડ હોય, લો ફીલ્ડ હોય જે પ્રમાણેના રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યા છે એ રજીસ્ટ્રેશનને કારણે જે પ્રમાણે પ્રતિભાવો આપણને મળ્યા છે એના કારણે જ આ બિલ લાવવામાં આવ્યું છે એ બિલમાં પણ ચોક્કસ આપણને સારા પ્રતિભાવો મળવાના છે. ૧૫ વર્ષ કે તેથી વધારે વર્ષના લોકો માટે કોઈ પરીક્ષા આપવાની જરૂર નથી. માત્ર તરત જ રજીસ્ટ્રેશન થવાનું છે એ એક સારું પાસુ છે પરંતુ એમાં મારે કેટલાક સૂચનો કરવાનાં છે. સૂચનોમાં એક સૂચન એવું છે કે બિલમાં એવું લખ્યું છે કે રજીસ્ટ્રેશન ફી ૨૦હજારથી વધુ ન હોવી જોઈએ, મારું એ સૂચન છે કે આ બિલ લાવવાનો ઉદ્દેશ અને એનું કારણ એ છે કે જે તે અધિકારી, જે તે એન્જિનિયર એની પોતાની જવાબદારી બને. એ માત્ર આ બિલનો ઉદ્દેશ હોવાનું કારણ હોઈ આ બિલ માટેની રજીસ્ટ્રેશન ફી એ ખૂબ જ ઓછી રાખવામાં આવે, કારણ કે ઘણા સિવિલ એન્જિનિયરના પગાર અત્યારે ૨૦૦૦-૨૫૦૦ છે તો એની રજીસ્ટ્રેશન ફી વધારે રાખવામાં આવશે તો એ લોકો આ સહન નહીં કરી શકે એટલા માટે નાનામાં નાના લોકોને ફી થાય અને કોઈ ઉદ્દેશ અલગ છે પૈસા ઉઘરાવવાનો ઉદ્દેશ નથી માટે એની ફી ઓછામાં ઓછી રાખવામાં આવે, હજી આ કાયદાને વધારે કડક બનાવવાની એટલા માટે જરૂર છે કારણ કે પ્રેકટીકલી આ બિલનો ઉપયોગ સંપૂર્ણ રીતે થઈ શકે એવી આ બિલમાં જોગવાઈઓ થોડીક ઓછી છે. દા.ત. દવાની દુકાન ચલાવવા માટે બી.ફાર્મ હોવું કમ્પલસરી છે પરંતુ કેટલીક દવાની દુકાનો એવી છે કે જે બી.ફાર્મ ના પ્રમાણપત્રવાળા લોકોને સર્વિસ આપી અને બીજા લોકો દુકાન ચલાવતા હોય છે. એ જ પ્રમાણે આ ધંધામાં આ બધું થવાની શકયતાઓ વધારે છે એટલા માટે આમાં આનાથી પણ વધારે કડક જોગવાઈ કરવાની વધારે જરૂર છે. સાથોસાથ હું એક ભયસ્થાન તરફ પણ આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. હમણાં જે પ્રમાણે વાત થઈ એ પ્રમાણે આ બિલથી ઘણી બધી સત્તાઓ રાજ્ય સરકારને મળવાની છે. કારણ કે ભારતીય વ્યવસાયિક ચૂંટાયેલા ઈજનેરોની સંખ્યા ૫ છે જ્યારે સરકાર દ્વારા મુકાનારા વ્યવસાયિક ઈજનેરો ૫ અને કો-ઓપ્ટ કરેલા ઈજનેરોની સંખ્યા ૨ છે. તેમ તેના રજિસ્ટ્રાર પણ સરકારશ્રી દ્વારા નિયુક્ત કરવાના છે ત્યારે આ ઉદ્યોગ ઉપર એકચક્રી શાસન સરકારનું રહેવાનું છે. હું કહેવા એ માગું છું કે જ્યારે આ સમગ્ર ઉદ્યોગ ઉપર એકચક્રી શાસન આ સરકારનું રહેવાનું હોય ત્યારે આ સરકાર ખૂબ પોઝિટીવ વ્યુમાં જઈને આ ઉદ્યોગનો વિકાસ થાય એ પ્રકારનો વિચાર કરશે એની મને ચોક્કસ ખાતરી છે. પરંતુ ભવિષ્યમાં પણ ક્યારેય કોઈ સરકાર પોતાને મળેલી સત્તાનો દુરુપયોગ ન કરી જાય એ પણ એટલું જ વિચારવું જરૂરી છે. [*] * (XXXX) પણ

**અધ્યક્ષશ્રી** : * (XXX) પ્લીઝ.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ** : હું એ શબ્દો પાછા ખેંચી લઉં છું.

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય સભ્યશ્રી દ્વારા બોલાયેલા * (XXXX) શબ્દો પણ પાછા ખેંચાવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો રેકર્ડમાંથી રદ કરીએ છીએ.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત પ્રોફેશનલ એન્જિનિયર બિલ ૨૦૦૬ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું બોલવા માટે ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આ બિલ લાવવા માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું કચ્છ જિલ્લામાંથી આવું છું અને જે જિલ્લાએ સૌથી વધારે આમાં ભોગવ્યું છે અને આ બિલ શા માટે જરૂરી છે, જેની એકે એક ક્ષણનો હું સાક્ષી છું. મારી નજર સામે હજારો બિલ્ડીંગો ધરાશાયી થતી મેં પોતે જોઈ છે. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના દિવસે હજારો માનવોને આ આપત્તિમાં મોતના મુખમાં જતા મેં મારી નજરે જોયા છે. ૨૦૦૧નો ભૂકંપ અને એ ભૂકંપની કામગીરી મહિનાઓ સુધી ચાલી હતી. એ ડીઝાસ્ટર મેનેજમેન્ટની કામગીરી આપત્તિમાંથી લોકોને કાઢવાની કામગીરી મારી નજર સમક્ષ જોઈ છે. આ બિલ એટલા માટે જરૂરી છે. જે કામગીરી ડીઝાસ્ટર મેનેજમેન્ટની ૨૦૦૬ના ડીઝાસ્ટરમાં થઈ છે તેને સમગ્ર વિશ્વે વખાણી છે એટલી બધી અદ્‌ભુત કામગીરી થઈ, રાજ્ય સરકાર તરફથી આ સન્માનનીય સભાગૃહના ધારાસભ્યોને આ ડીઝાસ્ટર મેનેજમેન્ટની કોન્ફરન્સમાં મોકલ્યા હતા, એમાં હું પણ એક હતો. જીનીવામાં અમે લોકોએ ડબલ્યુ.એચ.ઓ., ડબલ્યુ.એમ.ઓ., રેસકોર્સ, અલગ અલગ જગ્યાએ અલગ અલગ કોન્ફરન્સમાં અમે ભાગ લીધો છે. ત્યારે એ કોન્ફરન્સની અંદર પણ જે ચર્ચાઓ થઈ છે એની અંદર આપત્તિની કામગીરી માટે સમગ્ર વિશ્વએ આ ગુજરાતની કામગીરીને વખાણી છે.

---

[*] * (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ છે એન્જિનિયરો માટેનું એટલા માટે અત્યારે જે રીતે કચ્છની અંદર જે બાંધકામો થઈ રહ્યાં છે અને એની અંદર એ ભૂકંપપ્રૂફ આપણા એન્જિનિયરો દ્વારા જે કામો થઈ રહ્યાં છે. થોડા દિવસ પહેલા જ જો આપને વાત કરું તો ૫.૨નો આંચકો આવ્યો ત્યારે લોકો ભયભીત થઈને પોતાના ઘરમાંથી બહાર નીકળી ગયા હતા ત્યારે એક પણ મકાનને નાની સરખી તીરાડ પણ નથી પડી તો આના માટેની જે વ્યવસ્થા આ રાજ્ય સરકાર બિલ દ્વારા કરવા માગે છે એના માટે હું રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ પ્રકારના અગર બિલ્ડિંગો કોઈને જોવા હોય, આ પ્રક્રિયાની અંદર એવા નિષ્ણાંત એન્જિનિયરો ઊભો કરવામાં આવે અને એના માટે આજે આપત્તિઓ જે કોઈ પણ આવે છે, ખાલી એક ભૂકંપ આઠ પોઈન્ટની વાત નથી કરતો. અનેક આપત્તિઓ આ ગુજરાતની અંદર આવે છે એ પછી પૂરની આપત્તિ હોય, વાવાઝોડાની હોય તો એ આપત્તિની સામે આપણે કાઉન્સિલની અંદર એન્જિનિયરો ઊભા કરી અને ગમે તેવી આપત્તિની અંદરથી આપણે રાજ્યને બહાર લાવી શકીએ એવી આની અંદર બધી વ્યવસ્થા વિચારી બધાને આગળ કરવાના જ્યારે આપણે આ બિલ લાવી રહ્યાં છીએ ત્યારે એની અંદર રેસ્ક્યુની કામગીરીને પણ આની અંદર જો સાથે જોડવામાં આવે એ અતિ જરૂરી છે. એટલું મારું સૂચન છે. આની અંદર રેસ્ક્યુની કામગીરીને પણ જોડવામાં આવે, ક્યારેય પણ કોઈ આપત્તિ આવે ત્યારે એ આપત્તિની અંદર રેસ્ક્યુની કોઈ ટીમ રાજ્યમાં તૈયાર થવી જોઈએ અને એ રેસ્ક્યુ કામગીરી ઝડપી બને મને ખ્યાલ છે કે ભૂકંપ વખતે રેસ્ક્યુની ટીમાએ ૧૧ દિવસ પછી પણ જીવતા માનવીને મલબામાંથી બહાર કાઢ્યા છે તો આ તમામ પાસાનો આની અંદર વિચાર કરવામાં આવે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :એક મિનિટ, બિલમાં જેને બોલવું હશે તે બોલી શકશે. પ્લીઝ, જેને બોલવું હોય તે બિલમાં બોલી શકશે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, બિલમાં બોલવું એ જરૂરી છે. બિલથી એક ધારો બનાવીએ છીએ જે આવતી કાલે લાગુ પડવાનો છે એના ઉપર આટલી ચર્ચા થતી હોય એવું હું પણ ચોક્કસપણે માનું છું. એટલા માટે જે મારું સૂચન ક્હ્યું એ સૂચન પણ આપણે ધ્યાનમાં લઈએ. ભાઈશ્રી સુનિલભાઈએ પણ બહુ સારી વાત કરી છે. ભાવિનભાઈએ પણ સારી વાત કરી છે. મારા એક સૂચન સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ આ બિલ ઉપર એમના વિચારો વ્યકત કર્યા છે. બે-ત્રણ બાબતોની સ્પષ્ટતા ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓને માહિતી માટે મારે કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૪૦ ચો.મીટરથી મોટા પ્રોજેકટ માટેના જે સુનિલભાઈએ વિચારો વ્યકત કર્યા એમાં ૧૪૦ ચો.મીટર સુધી તો મુકિત આપવામાં આવેલ છે. પરંતુ કોઈ પ્રોજેકટ ભવિષ્યમાં મોટો થવાનો હોય એના પ્લાન મોટા પ્રોજેકટ તરીકે મંજૂર થયા હોય અને ૧૪૦ ચો.મીટર સુધીના જે હાલમાં કામ કરવાના હોય, તો એવા પ્રોજૅકટોને આ સર્ટિફિકેશન માટેની જરૂરિયાત રહેશે એ પ્રકારનો મૂળ આશય રહેલો છે. ઈજનેરોના અનુભવ માટેનો વિચાર છે ત્યાં સુધી તજજ્ઞોએ એના માટે ખૂબ ગહન ચર્ચા કરી છે. જેમ સભ્યશ્રીએ ઉલ્લેખ કર્યો એ મુજબ મૅડિકલમાં મૅડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા પણ ડૉકટરો માટેની ઈન્ટર્નશિપ ચાલતી હોય છે, લૉ અને સી.એ.ને કોઈ ફિલ્ડ ઉપરનું વર્ક કાંઈ રહેતું નથી, જ્યારે સિવિલ ઈજનેરોને પોતાના એજ્યુકેશન દરમિયાન આ પ્રકારનો અનુભવ સીધો ફિલ્ડ ઉપરનો પ્રાપ્ત થતો નથી એટલા માટે આ અનુભવ રાખ્યો છે પરંતુ એની સાથોસાથ હું સ્પષ્ટતા એ કરી દઉં કે એના કારણે બેકારી વધવાની નથી, કોઈ ફર્મ રજીસ્ટ્રેશન કરે કોઈ ઈજનેર રજીસ્ટ્રેશન થયેલ હોય સવાલ એટલો છે કે, આપત્તિ વ્યવસ્થાપન તંત્રે ભૂકંપ પછી અનેક પ્રકારની કાળજી લઈને જુદા જુદા સુધારા વધારા કરીને સમગ્ર ગુજરાત માટે અનેક પ્રકારની બાબતો નિશ્ચિત કરી છે. એજ રીતે આ પ્રકારે ગુજરાતમાં કોઈપણ બાંધકામ થતું હોય તો એની જવાબદારી નિશ્ચિત થાય. ભાઈશ્રી ભાવીનભાઈએ ઉલ્લેખ કર્યો એ મુજબ બધા જ સિવિલ ઈજનેરો ખોટા છે એવો કયારેય સરકારનો ભાવ હોઈ શકે નહીં, કોઈનો પણ ભાવ હોઈ શકે નહીં પરંતુ કોઈને કોઈ સ્ક્રૂટીની દાખલ થાય અને એક જવાબદારી નિશ્ચિત થાય. અમદાવાદમાં મકનો પડ્યા અને પછી જે કોર્ટ મેટરો બની એ પછીની સ્થિતિ આપણે સૌ કોઈ જાણીએ છીએ, અત્યાર સુધી કોઈની પણ જવાબદારી નિશ્ચિત કરવી હોય તો અનેક પ્રકારની તકલીફો રહેલી છે એના કારણે કોઈ સરકારી મકાન એ ચાહે કોઈ સરકારી ઈજનેરે બાંધ્યું હશે કે કોઈ પ્રાયવેટ વ્યકિતએ પ્રાયવેટ મકાન બાંધ્યું હશે, આમાં સરકારી ઈજનેરો પણ આવી જાય છે. માર્ગ અને મકાનમાં કામ કરતા કે અન્ય કોઈ વિભાગોમાં કામ કરતા ઈજનેરો હોય એ બધાનું રજીસ્ટ્રેશન ફરજિયાત છે. એવા સ્વરૂપમાં કોઈપણ મકાન હશે કે કોઈપણ મકાન માટેની કાર્યવાહી હશે એ ડિઝાઇનને એના યોગ્ય સ્વરૂપમાં બાંધકામ કરવાનું, એની નિશ્ચિત ડિઝાઇન કરવા માટે સંપૂર્ણપણે જવાબદારી એમની રહેવાની છે અને એટલા માટે ઈજનેરોનો અનુભવ રાખ્યો છે જે છ વર્ષ, ચાર વર્ષ, ત્રણ વર્ષ અને નીચેના જે કોઈ લોકો છે જુદી જુદી ફર્મમાં જ કામ કરી શકશે. કોઈ રજીસ્ટર્ડ કરાયેલ વ્યકિત છે એની સાથે કામ કરી શકશે અને એનો અનુભવ પછી આગળ ઉપર એને ઉપયોગી બનવાનો છે. ટૅક્નીકલ માણસોની જવાબદારી ફક્ત નક્કી કરવી એટલું નથી પરંતુ એની સાથોસાથ જે પ્રકારની મકાનો માટેની, આપણે જે પ્રકારની રચના કરવા માગીએ છીએ આવતા વર્ષોમાં પણ તંત્ર જે પ્રકારની ભવિષ્ય માટે

કાળજી લેવા માગે છે એના માટે પણ ટૅક્નીકલ માણસો પણ આ પ્રકારની જવાબદારી સાથે વહન કરે એ પ્રકારનો મુખ્ય આશય રહ્યો છે આ એટલા માટે કર્યુ છે. ફી માટેની જે વાત કરી છે રૂલ્સ જ્યારે પણ બનશે ત્યારે એમાં ફી માટેની છણાવટ થશે પણ વધારેમાં વધારે ૨૦,૦૦૦/- રૂપિયા એ કરાય, એ કદાચ એક રૂપિયાથી પણ શરૂ થઈ શકે અને સો રૂપિયાથી પણ શરૂ થઈ શકે, જેને કાઉન્સિલ પોતે રચના કરશે અને કાઉન્સિલ પોતે નક્કી કરશે. એક વાતની હું સ્પષ્ટતા કરવી જરૂરી સમજું છું કે, રાજય સરકાર કોઈપણ પ્રકારની આવી સત્તા લઈ લેવા માગતી નથી. રાજય સરકાર કાઉન્સિલની રચના કરવાની છે એમાં જુદા જુદા સિવિલ ઈજનેરો રજીસ્ટર્ડ થયેલા હશે એમાંથી પાંચ પ્રતિનિધિઓ ચૂંટાઈને આવવાના છે બે મિત્રો તજજ્ઞો હોવાના છે અને સરકારના વિવિધ વિભાગોમાંથી પાંચ આવવાના છે, જે ચેરમેનની રચના કરવાના છે અને કાઉન્સિલ પોતે સ્વતંત્રપણે આ કાર્યવાહી હાથ ધરવાની છે અને ફક્ત ને ફક્ત એટલા પૂરતું કે આ પ્રકારની એક વ્યવસ્થા ઊભી થાય જેના કારણે આપણી જે જવાબદારીઓ છે એને આપણે યોગ્ય સ્વરૂપે નિભાવી શકીએ. ઈજનેરોને પણ અનેક ફાયદાઓ થવાના છે જેમ કે એક જગ્યાએ રજીસ્ટ્રેશન હોય, અમદાવાદમાં એક વખત રજીસ્ટ્રેશન કરે તો આખા ગુજરાતના માટે એક જ રજીસ્ટ્રેશન રહેશે એટલે કાઉન્સિલ પાસે જેણે પણ રજીસ્ટ્રેશન કરેલું હશે, કોરપોરેશન, નગરપાલિકા હશે કે અન્ય ઓથોરિટી હશે કે સરકાર હશે એ બધામાં પોતાના રજીસ્ટ્રેશન સાથે કામ કરી શકવાના છે. મૂળ આશય એ રહેલો છે કે, આ પ્રકારની જવાબદારી નિશ્ચિત કરીને મકાન બાંધકામની સ્થિતિમાં આગામી દિવસોમાં નિશ્ચિત જવાબદારી સાથે આપણે કાર્યવાહી કરીએ અને આ કાર્યવાહી ફક્ત કોઈ વ્યકિતઓ માટે નહીં કે કોઈ અમુક સિવિલ ઈજનેરો માટે નિશ્ચિત થાય છે એવું નથી, સિવિલ ઈજનેરની સંસ્થાના લોકોએ પણ આ પ્રકારની ટ્રિટમૅન્ટ કરવી પડશે. ગેરકાયદેસર બાંધકામ થઈ ગયા પછી અનેક પ્રકારની આપણે ફરિયાદો કરીએ છીએ, અનેક પ્રકારની તકલીફો સહન કરીએ છીએ પણ ગેરકાયદેસર બાંધકામ કોણે કર્યુ છે એ પણ આ બધી બાબતોથી જવાબદારી નિશ્ચિત થશે આવા બહુહેતુક ફાયદાઓ થવાના છે અને બહુહેતુક ફાયદા આગામી દિવસોમાં જે પ્રકારે ગુજરાતે અનેક બાબતોમાં પહેલ કરી છે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની રચનાથી લઈને, બાકીની આપત્તિ વ્યવસ્થાપનની અનેક બાબતોમાં પહેલ કરી છે એમ સમગ્ર દેશમાં ગુજરાત પ્રોફેશનલ સિવિલ એન્જિનિયર્સ કાઉન્સિલની રચના અને એનું રજીસ્ટ્રેશન માટેની એક પહેલ કરશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૩ નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૩૫, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન -૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૩ નું ત્રીજું વાંચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી . :** સન-૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૩ નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૨

## ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, ૨૦૦૬

### ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી સી.ડી. પટેલ (રાજય કક્ષાના કૃષિ અને સહકાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજયપત્રમા અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૨ સન-૨૦૦૬નું ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૨ સન-૨૦૦૬નું ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સી.ડી. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીના વિકાસશીલ વીઝન અને સાચા અર્થમાં ગામડાંમાં રહેતા ખેડૂતની ચિંતા અને ચિંતન કરવા માટે તમામ વિભાગો તરફથી સતત પ્રયત્નો થઈ રહ્યા છે. એ પ્રયત્નના ભાગરૂપે ગુજરાતનો કિસાન સરકાર જે રીતે માર્ગદર્શન આપી રહી છે એ

* વિધેયક તા.૨૪મી માર્ચ,૨૦૦૬ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝ્રટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

રીતે બીજી હરિયાળી ક્રાંતિ તરફ આગળ વધી રહ્યો છે. ગામડાંનો ખેડૂત સાચા અર્થમાં જગતનો તાત બને, એ પોતે જાતે સરકાર તરફથી મળતું માર્ગદર્શન, સરકાર તરફથી મળતી માહિતી, ઈમ્પુટ, એ બધાનો આધાર લઈને સ્વયંભુ મહેનત કરી મજબૂત બને, ગામડાં મજબૂત બને, તાલુકાનું ખેત તંત્ર મજબૂત બને, ગુજરાત રાજયે કૃષિ આધારિત ચીજવસ્તુ, એની પેદાશનો આધાર લઈને સમગ્ર રીતે વિકાસની દિશા તરફ આગળ વધે એના માટે જયારે પ્રયત્નો થઈ રહ્યા છે ત્યારે ખેત ઉત્પન્ન બજાર સુધારા અધિનિયમ ૧૯૬૩માં જે તે સમયે ચિંતા અને ચિંતન કરવામાં આવી હતી તે મુજબ તે સમય ખેત ઉત્પન્ન બજાર સમિતિ સાથે અન્ય બાબતોને પણ જોડવામાં આવી હતી. આજે જયારે સ્વયં સ્પષ્ટ છે કે પશુપાલન અને એની પ્રવૃત્તિ માટે ગ્રામ્યકક્ષાએ સ્થાનિક એકમ, દુધ ઉત્પાદક સહકારી મંડળી, જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ અને રાજય કક્ષાના ફેડરેશન સ્વતંત્ર રીતે કામ કરી રહ્યા છે અને ઉત્પાદકો આ ક્ષેત્રમાં પૂરો રસ લઈને આ સંસ્થાને મજબૂત બનાવવા માટે પૂરતો પ્રયત્ન કરી રહ્યા છે ત્યારે આ પરિસ્થિતિમાં ખેડૂત પોતે જમીનમાંથી ઉત્પન્ન થતી ખેતી આધારિત પેદાશ છે એનું બજાર, એનું અર્થકરણ મજબૂત બને એની ચિંતા સૌએ સાથે મળીને કરવી જોઈએ. એના ભાગરૂપે ખેત પેદાશો જે જમીનમાંથી ઉત્પન્ન થતી હોય એ ખેડૂતો આ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં સીધેસીધું પોતાનું વહીવટી યોગદાન આપી શકે એનો આધાર લઈને આ સુધારા બીલ લાવ્યા છે. આ ગૃહના સભ્યશ્રીઓ, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને ગુજરાતના કૃષિ સહકાર મંત્રીશ્રીનું ધ્યેય છે.

ખેડૂતો મજબૂત બને, ખેતી મજબૂત બને, ગામડાનો વિકાસ થાય અને પાયમાંથી ટોચ સુધી સમગ્ર અર્થતંત્ર કૃષિ આધારિત મજબૂત બને એ માટે થઈને સુધારો લાવ્યા છીએ. સૌ સભ્યશ્રીઓને આ સાથે વિનંતી કરું છું કે એમાં યોગ્ય પ્રતિભાવ આપી પસાર કરવામાં મદદરૂપ થાય.

**શ્રી બાબુભાઈ જ. પટેલ (દસક્રોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૬ ખેત ઉત્પન્ન બજાર સુધારા વિધેયક લઈને મંત્રીશ્રી આવ્યા છે, એને મારું અનુમોદન આપું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હિંમતપૂર્વક વિવિધ પગલાં તથા માર્ગદર્શનથી સરકારશ્રીના તમામ વિભાગો દ્વારા થયેલ પ્રયત્નોના ભાગરૂપે જુદી જુદી યોજનાના લાભો થકી જળસંચય દ્વારા, જળક્રાંતિ, નર્મદા યોજના, સર્વ શિક્ષા અભિયાન, રસ્તાઓનું આધુનીકરણ, ઊર્જા ક્ષેત્રે થયેલ ક્રાંતિ, જ્યોતિ ગ્રામ યોજના, કિસાનોને મળેલ સોઈલ હેલ્થ કાર્ડ, કૃષિલક્ષી ઓજારો, જુદી જુદી જાતના આધુનિક બિયારણો, ડ્રીપ-સ્પ્રિંક્લર જેવી સિંચાઈ પદ્ધતિઓ દ્વારા ગામડાના ખેડૂતોના હૃદયમાં સ્થાન મેળવેલ છે. આ તમામ યોજનાઓ સરકારના સહિયારા પ્રયાસોથી ગામડે ગામડે પહોંચેલ છે. આ સરકારનો મુખ્ય ધ્યેય ગુજરાતનાં તમામ ગામોને આવરી લઈ ખેડૂતોના ખેતરમાં ખેત, ખાતર અને પાણી પુષ્કળ પ્રમાણમાં પૂરા પાડી બીજી હરિયાળી ક્રાંતિ લાવવી અને ખેડૂતોને આધુનિક બનાવી તેમની આવકો વધારી સમૃદ્ધ ખેડૂત બનાવવા સરકાર દ્વારા સઘન પ્રયાસ હાથ ધરવામાં આવી રહેલ છે. જેવા કે : કૃષિ ધિરાણમાં ૩૦ ટકા વધારો કરી લગભગ ૨૯૦૦ કરોડનું ખેડૂતાને ધિરાણ પૂરું પાડેલ છે. એક જ વર્ષમાં ૧,૨૦,૦૦૦ જેટલા ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા. જે ક્રેડિટ કાર્ડ સિવાય ખેડૂતો ગમે ત્યાં રખડતા હતા, ધિરાણ મળતું નહોતું. એની અંદર એ દસ્તાવેજી પુરાવા થયા છે. ૧૫૦૦ જેટલી ખેત પિયત સહકારી મંડળીઓની રચના કરવામાં આવી. જેનાથી નર્મદાના પાણીની વહેંચણીની પદ્ધતિ ખેડૂતો પાસે રહેશે.

ખેતવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ દ્વારા કૃષિ શિબિરો તથા કૃષિ મેળાનું આયોજન કરી, આધુનિક ખેતી પાક સંરક્ષણ અંગેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે. ૨૦૨ ખેત બજાર ઉત્પન્ન સમિતિ દ્વારા કૃષિ ઉત્પાદનના લગભગ ૯,૦૦૦ કરોડનું ટર્નઓવર છે. ૨૩ લાખ દૂધ મંડળી દ્વારા ૩૫૦૦ કરોડનું ટર્નઓવર છે. કિસાનોને મરી, મસાલા, જીરું, ઈસબગુલ, ફળ ફળાદી, શાકભાજી તથા બાગાયાત પાક દ્વારા વિશ્વ બજારમાં ઊભા રહી, મહત્તમ લાભો ખેડૂતોને મળે તે માટે કૃષિ ક્ષેત્રે આધુનિક બજારો સ્થાપવામાં ચાલુ વર્ષે ૫ કરોડની સહાય સરકારે પૂરી પાડેલી છે. કિસાનોને સીધા વેચાણ માટે અપની મંડી, આધુનિક બજાર, પ્રાઈવેટ માર્કેટ, ડાયરેક્ટ માર્કેટ સ્થાપવા તરફ સઘન પ્રયાસો થઈ રહ્યા છે. ખેડૂતો ગુજરાતમાં પોતાની પેદાશો વધુ સારી કિંમતે વેચી શકે, આધુનિક ખેતી માટે જરૂરી માર્ગદર્શન અને ઈનપુટ મળે તે માટે કરાર આધારિત ખેતી દાખલ કરવામાં આવેલ છે, એને હું પણ અભિનંદન આપું છું. શેરડી પકવતા ૪ લાખ જેટલા ખેડૂતોને વ્યાજબી ભાવ અને વિકાસ લક્ષી તકો મળે તે માટે એન.સી.ડી.સી. સમક્ષ રાજ્ય સરકારે સિંચાઈ સહાય, ટેકાના ભાવ અને ઈથોનોન અને કો-.જનરેશન ક્ષેત્રે આડ પેદાશો દ્વારા ખાંડ સહકારી ઉદ્યોગ અને કિસાનોને મજબૂત બનાવવા માટે પૂરા પ્રયત્ન કરવામાં આવ્યા છે. ખાંડ ઉદ્યોગ ક્ષેત્રે ૧૯૦૦ કરોડ ૩૫૦ મેગાવોટ વીજ ઉત્પાદનના પ્રોજેક્ટના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. મારે એ બાબતનું ધ્યાન દોરવું છે કે ૧૯૯૮ સુધી ગુજરાત રાજયમાં ખેડૂતો પોતાના ખેત ઉત્પાદનના વેચાણમાં ઉતરાઈ, તોલાઈ, કમિશન વગેરે પ્રકારના દર ખેડૂત ઉપર કપાતા હતા. ૧૯૯૮માં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આ સરકારે તમામ દર ખેડૂત ઉપરથી, માલ વેચનાર ઉપરથી દૂર કરી વેપારીઓ ઉપર નાંખી બહું સારું અને મજબૂત કામ કર્યુ છે. તેનાથી ગુજરાત રાજયની અંદર ખેડૂતો જે દસ કરોડ રૂપિયાનું વેચાણ કરતા હતા તેના ઉપર સાહેબ પાંચ ટકા એવરેજ લેવાય તો ૫૦૦ કરોડ રૂપિયા ખેડૂતોના જતા હતા તેને કમી કરવાનું કામ કર્યુ છે. આ દર વેપારીઓના માથે નાંખીને ૫૦૦ કરોડ રૂપિયાનો ખેડૂતોનો બોજો ઓછો કર્યો છે. આ તબક્કે મારે ભારતીય જનતા પાર્ટીની સરકારને

અભિનંદન પાઠવવા છે. મારે કહેવું છે કે મારી બાજુમાં મહારાષ્ટ્ર સરકારમાં હજુ સુધી સરકાર આ બોજો ખેડૂતો ઉપરથી દૂર કરી શકી નથી. કોંગ્રેસના મિત્રો હોત તો કહેતો કે કેન્દ્રમાં કૃષિ મંત્રી શરદ પવારજી હોવા છતાં પોતાના રાજયમાં આ બોજો દૂર કરી શક્યા નથી આ તબક્કે હું દુઃખની લાગણી અનુભવું છું.

અમદાવાદ ખેત ઉત્પન્ન બજાર સમિતિની વાત કરીને મારી વાત પૂરી કરું છું. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમદાવાદ ખાતે શાકભાજી, ફળફળાદિના વેચાણમાં સમગ્ર ભારત દેશમાં સૌ પ્રથમ સ્થાન ધરાવે છે અને તેના ચેરમેન તરીકે હું વાત કરું તો ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમદાવાદનું વાર્ષિક ટન ઓવર ૬૫૦ થી ૭૦૦ કરોડનું થાય છે. બીજા રાજયોના માર્કેટયાર્ડના ચેરમેનો અને માર્કેટીંગ બોર્ડના ચેરમેનો તથા અધિકારીઓ આ વ્યવસ્થા જોવા આવે છે અને કહે છે કે તમે બહું સારું કામ કર્યુ છે અને આનંદની લાગણી અનુભવે છે. બીજું સાહેબ હું આનંદની લાગણી એ વાતની અનુભવું છું કે અમદાવાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ તાજેતરમાં નેશનલ હાઈવે નંબર-૮ ઉપર જેતલપુર મુકામે ૧૮ કરોડ રૂપિયાના ખર્ચે નવું અનાજનું બજાર બનાવી રહ્યા છીએ. જેનું બાંધકામ હાલમાં ચાલું છે. આખા ગુજરાતમાં ન હોય તેવું માર્કેટ બનાવી રહ્યા છીએ. આ માર્કેટની અંદર એક કલાકે ૪૦ ટન અનાજના કલીનીંગ, ગ્રેડીંગ અને પેકીંગની કેપેસીટીના અદ્યતન મશીનો સાથેના પ્લાન્ટનું આયોજન છે અને ખેડૂતો તથા વેપારીઓ ૫૦-૫૦ કિલોની બેગ તેમના માર્કાથી તૈયાર કરીને માર્કેટમાં અથવા ડાયરેકટ ગ્રાહકોને વેચી શકશે. જેથી ઉત્પાદક-ગ્રાહક ઉભયપક્ષે ખૂબ જ ફાયદો થશે. આ રીતે આ માર્કેટયાર્ડ મોર્ડન માર્કેટ યાર્ડ તરીકે ગુજરાત રાજયમાં તેમજ દેશના બીજા રાજયોના માર્કેટયાર્ડો માટે દિવાદાંડીરૂપ બનશે માટે આ રાજય સરકારને અને અને ભૂપેન્દ્રસિંહને અભિનંદન આપું છું. ભૂપેન્દ્રસિંહને અભિનંદન એટલા માટે આપું છું કે આ માર્કેટની અંદર ૨.૫ કરોડની સબસીડી આપી છે. તે માટે અભિનંદન આપું છું. બીજું કે મારા વિસ્તારના ખેડૂતો ફૂલ બજારમાં વેચવા જતા હતા તેના ઉપર ૧૪ અને ૧૫ ટકા વેપારીઓ ખેડૂતો પાસે લેતા હતા અને ૨૩ કિલો માલ હોય તો ૨૦ કિલો ગણતા અને તેના પૈસા પણ પંદર દિવસ પછી આપતા હતા. આમ, આ બજારને અમદાવાદ ખેત ઉત્પન્ન બજાર સમિતિમાં લઈ અને તેનું નિયંત્રણ અને કબજો લીધા પછી ખેડૂતોને મુક્ત કર્યા છે તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને ભૂપેન્દ્રસિંહજી તેમજ સહકાર મંત્રીશ્રીને અભિનંદન આપું છું. બધાને ઉતાવળ છે એટલે મારી છેલ્લી વાત કરી મારી વાત પૂરી કરીશ.

**અધ્યક્ષશ્રી .** : તમે આજે સમજયા છો. વિરોધપક્ષ છે નહીં. આપણા જ મિત્રો છે અને ટાઈમ પણ છે.

**શ્રીબાબુભાઈ જ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે સીમાન્ત ખેડૂતો અને નાના ખેડૂતો માટે 'અપની મંડળી' એટલે કે ખેડૂતો સીધો વેપાર કરે, વચેટિયા સિવાય, માનો કે ખેડૂત પાસે બે મણ શાકભાજી હોય, કોઈપણ ફળફૂલ હોય એ લઈને બજારમાં વેચે અને એ જ વસ્તુ લારી-ગલ્લાવાળા ૧૦ રૂપિયે કિલો વેચે તો એ ખેડૂત જાતે પાંચ રૂપિયે કિલો વેચી શકશે, એ ઓછા ભાવે વેચશે એટલે પ્રજાને પણ ફાયદો થવાનો છે અને ખેડૂતને પણ ફાયદો થવાનો છે, એટલે આ જે 'અપની મંડળી'નો વિચાર લાવ્યા છે એ માટે હું માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય કૃષિ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને અભિનંદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક લઈને આવ્યા છે તેના સમર્થનમાં બોલવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ દેશનો વિકાસ દર હંમેશાં ખેતી આધારિત હોય ત્યારે કોઈપણ ધંધા કે ઉદ્યોગ જો ખેતી સમૃદ્ધ હશે તો જ એ ધંધા ઉદ્યોગો ચાલવાના અને એનાથી વિકાસ દર વધવાનો, આપણા માનનીય કેન્દ્રીય મંત્રીશ્રી શરદ પવાર અને આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એ બંનેની વિચારસરણી કેવી રીતે ખેડૂતો સધ્ધર થાય અને ખેડૂતો નવી ટૅક્નૉલૉજી કેમ અપનાવે એ માટેની છે. નવા- નવા માર્કેટ, મૉડલ માર્કેટ કેમ સારા બને અને સીધો ખેડૂતો અને ગ્રાહકો ઉપર જ ડીપેન્ડ કેમ થાય એના માટે બેંગ્લોરમાં એક ૨૦૦ એકરનું એક મોર્ડન માર્કેટ બનાવવામાં આવ્યું છે અને એ સફળતાપૂર્વક ચાલી રહ્યું છે. મધ્યપ્રદેશમાં શિહોરીમાં પણ એવું માર્કેટ અને એક માર્કેટ નાસિકમાં અદ્યતન આકાર પામી રહ્યું છે એને કારણે નવી ટૅક્નૉલૉજી મુજબ આપણી ખેતી દિનપ્રતિદિન વધે, પછી એમાં કેટલાક અવરોધો આવતાં હંમેશા આ માળખું ખેતીવાડી બજાર સમિતિના માળખામાં સેવા સહકારી મંડળીઓ એમાં માધ્યમ હતી પણ એકાંતરે જેમ જેમ કાયદો ઘણો જૂનો હતો એને મોડિફીકેશન કરવાની જરૂર હતી, આ કલમ બજાર સમિતિમાં અગત્ય ધરાવતી આજે લઈને આવ્યા છે અને એ ખૂબ જ અગત્ય ધરાવતી કલમ છે. કલમના અનુસંધાને સરકારી અધિકારીઓ મનને ગમે તેવો નિર્ણય (અંતરાય) લઈને ચૂંટણીમાં હારજીતમાં મહત્ત્વનો ફાળો આપતા હતા. દૂધ સહકારી મંડળીઓ બજાર સમિતિની મતદાર યાદીમાં સમાવિષ્ટ કરવી કે નહીં તે મતલબના અલગ અલગ જજમૅન્ટ હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટ સુધી આવેલા, સરકાર અનેક પરિપત્રો આ બાબતે બહાર પાડી ચૂકી છે, પરંતુ સ્પષ્ટીકરણ જરૂરી હતું, જેનાથી મતોનું રાજકારણ દૂર રહી નિષ્પક્ષ ચૂંટણીઓ થશે, આ કાયદો આવવાથી નિષ્પક્ષ ચૂંટણીઓ થશે. દૂધ સહકારી મંડળીઓ માટે અલગ અલગ જિલ્લા સહકારી સંઘ છે, અલગ વ્યવસ્થા છે, બજાર સમિતિમાં તેની કોઈ આવક નથી. સેશ ભરતા નહીં છતાં મતદાર યાદીમાં કલમની અસ્પષ્ટતાના કારણે સમાવેશ કરાવી ચૂંટણીઓમાં ખેલ ખેલતા હતા તો આ સુધારાથી આવી પ્રવૃત્તિઓનો અંત આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, સુધારો ખૂબ આવકારદાયક છે, હું સહકાર મંત્રીશ્રીને અભિનંદન આપું છું, બજાર સમિતિની ચૂંટણીમાં વકીલોના ફીનો ખર્ચ ઘટશે અને ચૂંટણી પ્રક્રિયા સરળ બનશે, કલમ અનુસાર માત્ર સેવા સહકારી મંડળીઓ, ધીરાણ કરતી મંડળીઓનો સમાવેશ કરી સાચા ખેડૂત પ્રતિનિધિને ચૂંટવાની સરળતા કરવા બદલ સહકાર મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન. સહકાર મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ખેત બજાર સમિતિમાં અનુસૂચિ નં.૯ પશુ-પાલન પેદાશોમાં ગણાતા ઈંડા, મરઘા, બતકા, ઘેટા, ઢોર, બકરા, ઉન, માખણ, ઘી, દૂધ પણ ઉપરોકત પૈકી માખણ, ઘી, દૂધ ૨૦૦૨ના એમેન્ડમેન્ટથી દૂર કરવામાં આવ્યા છે અને એ વખતે જયારે સરકારે ધાર્યું હોત તો આ આજે કાયદો લાવવાની જરૂર પડત નહીં. પણ મોડે મોડે પણ આપણા કૃષિ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા આ એક અગત્યનું બિલ લાવ્યા છે કે જે બાબતમાં દરેક વખતે કોર્ટ મેટર થાય છે, અંદરો અંદર પારસ્પારિક ઝગડા થાય છે એ વિવાદ ટાળવા માટે આજે આ સુધારા વિધેયક લાવ્યા છે એને હૃદયપૂર્વક આવકારું છું અને એને સમર્થન આપું છું. 'જયહિંદ-જયભારત'

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સભ્ય મુરબ્બી નારાયણભાઈ પટેલ અને મુરબ્બી શ્રી બાબુભાઈએ આજે આ ખેત ઉત્પન્ન બજાર સમિતિ સુધારા વિધેયક ઉપર ચર્ચા કરી છે. સરકારનો હેતુ બહુ સ્પષ્ટ છે અને બિલનો ધ્યેય પણ સ્પષ્ટ છે કે ખેડૂત સાચા અર્થમાં પોતાની સંસ્થામાં દીર્ઘદષ્ટિ્ર વાપરી ખેડ્રતને સાથે લઈ ખેડૂતની ચિંતા કરે અને સરકારે જે દિશામાં ખેતલક્ષી ઉત્પાદન વધારવા માટે, ખેડૂતોની સવલતો વધારવા માટે, કૃષિ મેળા, ખેડૂત શિબિરો દ્વારા ખેડૂતોને પગભર કરવા માટે અને રાજયની આવકમાં વધારો કરવા માટે કૃષિ, આવકમાં વધારો કરવા માટે અને આ રાજય કૃષિ આવક વધારવા સાથે દેશના વિકાસનું એન્જિન બને એ દિશા તરફ જે આગળ વધી રહ્યું છે એના માટે ફરીથી આજે અધિનિયમમાં સુધારો કરેલ છે. એમાં જે મિત્રોએ સમર્થન આપ્યું છે એ સૌનો આભાર માનુ છું અને સન્માનીય ગૃહના સૌ સભ્યશ્રીઓને મારું આ બિલ પસાર કરે એવી વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૦૬નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**કલમ ૨ થી ૪, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની**

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૦૬નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૦૬નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૧

## મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) (ગુજરાત રદ કરવા બાબત) વિધેયક, ૨૦૦૬
## ગુજરાત રાજયને લાગુ પડતો હોય તેટલા પૂરતો, મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ રદ કરવા બાબત વિધેયક.

**શ્રી મુળુભાઈ હ. બેરા (રાજય કક્ષાના શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૦૬નું મુંબઈ રાહત અંડરટેકિંગ (ખાસ જોગવાઈ) (ગુજરાત રદ કરવા બાબત) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** :.વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૦૬નું મુંબઈ રાહત અંડરટેકિંગ (ખાસ જોગવાઈ) (ગુજરાત રદ કરવા બાબત) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

---

• વિધેયક તા.૨૪મી માર્ચ, ૨૦૦૬ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી મુળુભાઈ હ. બેરા :** માનનીય અધ્યક્ષશ્રી, મુંબઇ રાહત અંડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ બૃહદ મુંબઇ રાજયના સમયથી અમલમાં છે. આ અધિનિયમ દેશના બે જ રાજયોમાં અમલમાં છે એક મહારાષ્ટ્ર અને બીજું ગુજરાત. આ અધિનિયમ રદ કરવા માટેની દરખાસ્ત છે. એમાં એક તો આ જ પ્રકારનો કેન્દ્ર સરકારનો સીક ઇન્ડસ્ટ્રીયલ કંપની ખાસ જોગવાઈ એકટ, ૧૯૮૫ એ ભારત સરકાર દ્વારા નવો કાયદો અમલમાં આવેલ છે આ જ પ્રકારે ઔદ્યોગિક એકમોને ચોક્કસ રાહતો આપવા માટેની બાયફરની જોગવાઈ છે જ. માંદા ઔદ્યોગિક એકમો સામે કાનૂની કાર્યવાહી જવાબદારી સ્થગિત કરવા માટે આ જે બાયફર છે એમાં પણ એ એકટમાં કલમ-૨૨ માં જોગવાઈ છે જ. આ જે મુંબઇ રાહત એકમ ખાસ જોગવાઈ અધિનિયમ, ૧૯૫૮નો જે કાયદો હતો એમાં એના મુખ્ય ઉદ્દેશોમાં જે એકમો માંદા ઉદ્યોગ તરીકે એને રાહત આપવાની જોગવાઈ હતી અને એ માંદા ઉદ્યોગ તરીકે રાહત એકમ તરીકે જ્યારે લાભ આપવામાં આવતો હતો ત્યારે બૅન્કોના, સરકારી બધા લેણાં છે એ સ્થગિત થતા હતા અને આ કાયદામાં ૧૦ વર્ષ સુધી રાહત એકમ તરીકેની જોગવાઈ કરવામાં આવેલ હતી જે રીતે જે જવાબદારી સ્થગિત થતી હતી નાણાં બૅન્કોના અને રાજય સરકારના કે જાહેર સાહસોના એના પ્રમાણમાં જે માંદા ઉદ્યોગો હોય છે એને એમાં જે કામ કરતા કામદારો છે એની રોજગારી જળવાઈ રહે એટલા માટેનો આ કાયદો છે આ જે તે વખતે લઈ આવવામાં આવ્યો હશે પણ જે જવાબદારી છે એના પ્રમાણમાં રોજગારી જે એને મળી રહેતી હતી એ એકદમ નગણ્ય હતી અને અત્યારે આ જ પ્રકારનો બીજો કેન્દ્ર સરકારનો ૧૯૮૫નો કાયદો સીક ઇન્ડસ્ટ્રીયલ કંપની ખાસ જોગવાઈ એકટ છે બાયફર એ આજે અમલી છે એટલે આ કાયદાને રદ કરવા માટેની આ દરખાસ્ત છે

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૨૧નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકિંટગ ફોર્મ્યૂલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૨૧નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી . :** સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૨૧નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

# બિન સરકારી વિધેયકો

## દાખલ કરવા માટેનું બિન સરકારી વિધેયક
## સન ૨૦૦૬નું મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયક
## મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ ૧૯૪૮ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) :**માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬નું મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ટપુભાઈ લીંબાસિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૬નું મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી . : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

### પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના વિધેયકો

**સચિવશ્રી :** સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક:૧૫, સન ૨૦૦૫નું મુંબઈ ભાડા, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક. માનનીય સભ્યશ્રી ધનસુખભાઈ પટેલ..... (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**સચિવશ્રી :** સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૨૯, સન ૨૦૦૪નું ગુજરાત (રાજય સેવક દ્વારા) લોકતિરાસ્કર નિવારણ વિધેયક.માનનીય સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાલા..... (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**સભાગૃહનું કામકાજ સાંજના ૭-૨૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૨૯મી માર્ચ, ૨૦૦૬ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર તા. ૨૯મી માર્ચ, ૨૦૦૬**
**ચૈત્ર ૮, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી :** આજે બધા મિત્રો મળ્યા અને ઘણા મિત્રોએ લાગણી વ્યકત કરી કે સાહેબ આજે ગૃહનો છેલ્લો દિવસ છે. આજના દિવસે આક્ષેપ પ્રતિઆક્ષેપ ન થાય અને છેલ્લા દિવસે સૌહાર્દપૂર્ણ રીતે સુખ શાંતિથી જૂદા પડીએ એ ભાવ જો જળવાઈ રહે તો વધારે સારું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે તો પહેલા દિવસથી એવું ઈચ્છતા હતા પણ એવું ન થયું.

**અધ્યક્ષશ્રી :** છેલ્લા દિવસે પણ આપણે ઈચ્છીએ. હવે આજે બધા કંટ્રોલ રાખે પ્લીઝ.

# તારાંકિત પ્રશ્નો

## રાજયના હાઈવેને નેશનલ હાઈવેમાં ફેરવવા બાબત

*** ૧૮૧૮૬ શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેર કોટડા)** : માનનીય **માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજયના કયા કયા હાઈવેને રાષ્ટ્રીય હાઈવેમાં બદલવાની દરખાસ્ત કેન્દ્ર સરકારમાં કેટલા સમયથી પડતર છે,
(૨) રાજય સરકાર દ્વારા આ દરખાસ્તને વહેલાસર મંજૂરી મળે તે માટે ક્યારે ક્યારે શા પ્રયત્નો કરવામાં આવ્યા, અને
(૩) કેન્દ્ર સરકારે તે અન્વયે શો પ્રતિભાવ આપ્યો?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) સરકારશ્રી દ્વારા તા:૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં સાથેના પત્રક-૧માં દર્શાવ્યા મુજબ ૨૩ રસ્તાઓને નેશનલ હાઈવેમાં બદલવાની કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવી છે. આ એક સતત ચાલતી પ્રક્રિયા છે.
(૨) છેલ્લા ૨ વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રી તથા માન. મંત્રીશ્રી (મા.મ.) દ્વારા તા:૭-૧-૨૦૦૪, તા:૨૪-૮-૨૦૦૪, તા:૨૭-૮-૨૦૦૪, તા:૪-૫-૨૦૦૫ અને તા: ૧૯-૭-૨૦૦૫ના પત્રોથી ભારત સરકારમાં રજૂઆતો કરવામાં આવેલ છે.
(૩) કેન્દ્ર સરકાર તરફથી તા:૩૧-૧૦-૦૫માં છેલ્લે પ્રતિભાવ મળેલ છે કે, જયારે ભારત સરકાર હયાત રાષ્ટ્રીય ધોરીમાર્ગના નેટવર્કને વધારવાની પરિસ્થિતિમાં હશે ત્યારે ગુજરાતની માંગણીઓ, અન્ય રાજયોની માંગણીઓની સાથે જરૂરીયાત તેમજ ભલામણ અનુસાર નાણાંની ઉપલબ્ધિને ધ્યાને લઈ તેમજ અન્ય અગ્રિમતાઓને ધ્યાને લઈ યોગ્ય વિચારણામાં લેવામાં આવશે.

**પત્રક-૧**

| અનુ ક્રમ | રોડનું નામ | કી.મી. |
|---|---|---|
| ૧ | સરખેજ-સાણંદ-વીરમગામ-માલવણ-ધાંગધ્રા-હળવદ-માળીયા સ્ટેટ હાઈવે નં.૭ અને ૧૭ને જોડતા નેશનલ હાઈવે નં.૮ | ૧૮૬ |
| ૨ | હિમતનગર-મહેસાણા-ચાણસ્મા-રાધનપુર સ્ટેટ હાઈવે | ૧૬૫ |
| ૩ | વડોદરા-પોર-સીનોર-નેત્રંગ-વ્યારા-આહવા-સાપુતરા-નાસિક રોડ, ને.હા.નં.૮નું જોડાણ ને.હા. નં.૬ સાથે | ૨૪૫ |
| ૪ | અમદાવાદ-ધોળકા-વટામણ | ૮૦ |
| ૫ | નડીયાદ-કપડવંજ-મોડાસા ને.હા.ને. ૮ને જોડાણ | ૧૩૫ |
| ૬ | શામળાજી-મોડાસા-ગોધરા-હાલોલ-રાજપીપળા વાપી સ્ટેટ હાઈવે નં.૫ | ૫૦૫ |
| ૭ | વડોદરા-ડભોઈ-છોટા ઉદેપુરથી મધ્યપ્રદેશ બોર્ડર(અલી રાજપુર તરફ) | ૧૨૫ |

| | | |
|---|---|---|
| ૮ | ભરુચ-અંકલેશ્વર-વાલીયા-નેત્રડ-ડેડીયાપાડા-સાગબારા થી મહારમાષ્ટ્ર બોર્ડર | ૯૦ |
| ૯ | હિંમતનગર-ઈડર-ખેડબ્રહમા-અંબાજીથી મા.આબુ રોડ બોર્ડર સુધી | ૧૩૦ |
| ૧૦ | જાફરાબાદ-રાજુલા-સાવરકુંડલા-અમરેલી-બાબરા-જસદણ-વીંછીયા-સલાયા-સુરેન્દ્રનગર-પાટડી-સમી-રાધનપુર | ૪૪૦ |
| ૧૧ | ગણદેવી-માણેકપુર-વાંસદા-વઘઈ-આહવા-ચીચીથી મહારાષ્ટ્ર બોર્ડર | ૧૨૦ |
| ૧૨ | વલસાડ-પારડી-કપરાડા-મહારાષ્ટ્ર બોર્ડર( નાસિક સુધી) | ૬૦ |
| ૧૩ | ગાંધીનગર-દહેગામ-બાયડ-લેણાવાડા-સંતરામપુર-ઝાલોદ થી રાજસ્થાન બોર્ડર | ૨૦૦ |
| ૧૪ | ગાંધીનગર-ગોઝારીયા-વીસનગર-વડનગર-ખેરાલુ-દાંતા-અંબાજી-આબુરોડ | ૧૭૦ |
| ૧૫ | ભચાઉ-ભૂજ-પાંન્ધ્રો રોડ | ૨૨૦ |
| ૧૬ | બગોદરા-ધંધુકા-વલ્લભીપુર-ઢસા-અમરેલી-સાવરકુંડલા-જાફરાબાદ | ૨૬૫ |
| ૧૭ | બગોદરા-ધંધુકા-ભાવનગર | ૧૩૦ |
| ૧૮ | ભાવનગર-વટામણ-પાદરાથી કરજણ | ૨૦૦ |
| ૧૯ | માળીયા-જામનગર-ઓખા દ્વારકા | ૩૪૦ |
| ૨૦ | ભૂજ-ખાવડા-ઈન્ડીયા બ્રીજ-ધર્મશાળા થી ઈન્ડીયા બોર્ડર રોડ | ૧૭૦ |
| ૨૧ | ઉના-દેલવાડા-એહમદપુર-માંડવી રોડ | ૧૧ |
| ૨૨ | વાપી-મોટા પાન્ડા રોડ | ૯ |
| ૨૩ | વાપી-સેલવાસ રોડ | ૧૧.૮૦ |

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયમાં હાલમાં કેટલા કિલોમિટરના નેશનલ હાઈવે છે અને કેટલા રસ્તાઓ છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એ મુજબ જૂદાજૂદા રસ્તાઓની કેન્દ્ર સરકાર પાસે નેશનલ હાઈવેમાં તબદીલ કરવા માટેની દરખાસ્ત મોકલેલી છે. એની કાર્યવાહી ચાલુ છે. સભ્યશ્રી વિશેષમાં જાણવા માગે છે એ મુજબ રાજયમાં હાલ ૨૮૭૪ કિલોમિટરના નેશનલ હાઈવે છે અને ૧૩ રસ્તાઓ છે. એકસપ્રેસ વે સહિત કે જે નેશનલ હાઈવેમાં અત્યારે રાજયમાં હયાત છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગુ છું કે રાજય સરકાર દ્વારા નેશનલ હાઈવેમાં ફેરવવા માટેનો મુદ્દો સંસદસભ્યોની મીટીંગમાં ચર્ચાવામાં આવ્યો કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સંસદસભ્યોની મીટીંગ બોલાવતા હોય છે ત્યારે એક પુસ્તિકા આપવામાં આવે છે અને પુસ્તિકામાં નેશનલ હાઈવે માટેની દરખાસ્તો હોય, અન્ય કેન્દ્ર સરકાર પાસેની બાબતો હોય, રેલવે માટેની પડતર બાબતો હોય એ બધી જ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. ચર્ચા થાય કે ન થાય પરંતુ સતત રજૂઆતો અહીંયા સંસદસભ્યશ્રીઓની મીટીંગમાં માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા, વિભાગ દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ પણ થતી હોય છે અને જે તે સંસદસભ્યો પણ આ માટેનો પત્ર લખીને નકલ અહીં મોકલાવતા હોય છે. કેટલાક સંસદસભ્યશ્રીઓએ આ માટે કેન્દ્રમાં રજૂઆત કરેલી છે અને જે દર વર્ષે છપાયેલ છે બુક એમાં અને સંસદસભ્યોને આપવાની માહિતીમાં આનો સમાવેશ થયેલ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે ક્રમ નંબર-૨૧ ઉપર ઉના-દેલવાડા-એહમદપુર-માંડવી રોડની ૧૧ કિલોમિટરની પણ દરખાસ્ત કરવામાં આવી છે તો ખરેખર આ દરખાસ્ત કઈ તારીખે કરવામાં આવી છે ભારત સરકારને?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫ ફેબ્રુઆરી ૨૦૦૨થી લઈને ૧૮ ફેબ્રુઆરી ૨૦૦૬ સુધીમાં ૧૧ વખત કેન્દ્ર સરકારને આ ત્રેવીસે ત્રેવીસ રસ્તાઓની દરખાસ્ત કરવામાં આવી છે. વારંવાર

રીમાઈન્ડર પણ કરવામાં આવ્યો છે અને આ સંપૂર્ણપણે ૧૧વખત કેન્દ્ર સરકારને માનનીય મુખ્યમંત્રીશ્રીના લેવલે અને મારા લેવલે અને વિભાગના લેવલે વારંવાર એની દરખાસ્ત અને રજૂઆત કરવામાં આવી છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ દરખાસ્ત કયારે કરવામાં આવી એ હું જાણવા માગું છું?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કોઈ સ્પેશીયલ દરખાસ્ત માટેની અત્યારે મારી પાસે વિગત નથી પણ ટેબલ પર મૂકી દઈશ.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમદાવાદથી દિલ્હી વાયા મહેસાણા-ઉંઝા સ્ટેટ હાઈ વેને નેશનલ હાઈ વે કરવા માટે કઈ તારીખે દરખાસ્ત મોકલી અને એની શું કાર્યવાહી થઈ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ૨૩ રસ્તાઓનું લિસ્ટ આમાં જણાવેલ છે અને એ બધા જ રસ્તાઓની મેં કહ્યું એ મુજબ આ બધી જ અલગ અલગ તારીખોએ આપણે દરખાસ્તો કરીને અવાર-નવાર રજૂઆતો પણ કરેલ છે. પર્ટીક્યુલર એ રસ્તા માટેની દરખાસ્તની વિગતો એમને જોઈતી હશે તો પહોંચાડી દઈશ.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : દાંડી માર્ગને નેશનલ માર્ગ જાહેર કર્યા પછી માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા કેટલા રૂપિયા મળ્યા છે અને આ કામ કેટલે સુધી આવ્યું છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : દાંડી માર્ગને નેશનલ માર્ગ જાહેર કર્યો નથી પણ વડાપ્રધાનશ્રીએ હેરિટેઝ માર્ગ તરીકે એ રૂટને જાહેર કરેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જ્યારે દાંડીની યાત્રા અહીંયા ગુજરાતમાંથી પસાર થઈ હતી ત્યારે યાત્રા પહેલા કેટલીક બાબતોના સૂચનો અને રજૂઆતો કેન્દ્ર સરકાર પાસે કરેલ હતી અને એ રજૂઆતોના અનુસંધાને વડાપ્રધાનશ્રીએ તા. ૬-૪-૨૦૦૪ના રોજ દાંડી માર્ગને હેરિટેઝ રૂટ તરીકે જાહેર કરેલ અને સાબરમતીથી દાંડી માર્ગના રસ્તાને આ રૂટ તરીકે એમણે જાહેર કરેલ. એ અંગેની કેન્દ્ર સરકારે આપણી પાસે દરખાસ્ત માગી છે એ રૂપિયા ૩૪૪ કરોડની દરખાસ્ત આપણે પહોંચાડેલ છે અને તા. ૫-૪-૨૦૦૫, ૬-૪-૨૦૦૫, ૨૦-૪-૦૫ અને ૨૧-૨-૨૦૦૬ના રોજ કેન્દ્ર સરકારને ઝડપથી આની મંજૂરી આપવા અને કાર્યવાહી હાથ ધરવા જણાવેલ છે. પરંતુ આજ દિન સુધી કોઈ કાર્યવાહી થઈ શકી નથી અને આજ દિન સુધી એક રૂપિયાનો ખર્ચ થયેલ નથી અને એક રૂપિયો કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ફાળવવામાં આવ્યો પણ નથી.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે તા. ૭-૧-૨૦૦૪થી અવાર નવાર આ રજૂઆતો થયા પછી તા. ૩૧-૧૦-૦૫ ના રોજ આનો પ્રતિભાવ મળેલો એ વાતને પણ પાંચ મહિના થઈ ગયા. કોઈપણ રસ્તાનો વિકાસ એ રાજ્યના વિકાસ સાથે જોડાયેલ છે. એમણે દરેક પ્રશ્નમાં જવાબ આપ્યો કે છેલ્લા એક વર્ષથી હેરિટેઝ માર્ગનો પ્રશ્ન પડતર છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ પછી કોઈ પત્ર વ્યવહાર કરી પ્રતિપક્ષના મિત્રોનો સહયોગ આમાં લેવા માગે છે કે કેમ અને પ્રતિપક્ષના મિત્રોએ આમાં સહયોગ આપવાની તૈયારી બતાવી છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** :આ રાજ્યના તમામ સંસદસભ્યશ્રીઓ કે જે બન્ને પક્ષના હોય છે એમના દ્વારા આ બધી રજૂઆતો કરતા હોઈએ છીએ. માનનીય સભ્યશ્રીનું આ સૂચન છે એ મુજબ બધા જ સંસદસભ્યશ્રીઓને હું જાતે પત્ર લખીને આ રજૂઆત કરવા વિનંતી કરીશ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : આ દાંડી રૂટ જે ઐતિહાસિક રૂટ છે એની જાહેરાત માનનીય વડાપ્રધાનશ્રી અને સોનિયા ગાંધીએ દાંડી ખાતે કરી હતી અને એના માટે જાહેરાત કર્યા પછી નાણાકીય જોગવાઈ કરી જાહેરાત કરવી જરૂરી છે. એના માટે માનનીય મંત્રીશ્રીએ રજૂઆતો કરી એની વાત કરી પરંતુ કેન્દ્ર સરકારે પ્રાઈ મિનિસ્ટર લેવલે આની અનેક મિટિંગો પણ થઈ છે, સચિવ કક્ષાએ અનેક મિટિંગો થઈ છે. માનનીય મંત્રીશ્રીને પોતાને ખબર છે કે છેલ્લા એક મહિના પહેલા આપણા અધિકારીને બોલાવી એના કન્સલ્ટન્ટ નીમવાની કાર્યવાહી થઈ છે. આ બાબતની નોંધ પ્રાઈ મિનિસ્ટર ઓફિસમાં રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પૃથ્વીરાજ ચૌહાણ બેસે છે એમની નોંધ પણ અહીંયા આવી છે. આ વાત પણ માનનીય મંત્રીશ્રીએ અહીં કરવી જોઈએ. એક વર્ષમાં આ રૂટ જાહેર કરી એની નાણાકીય જોગવાઈ કરે અને કામ શરૂ થઈ જાય એવું કોઈ જગ્યાએ બનતું નથી. આખા રૂટને હેરિટેઝ રૂટ અને વચ્ચે આવતા સ્થળોને પણ ઐતિહાસિક સ્થળો જાહેર કરવાના અને દાંડી ખાતે જેટલા દાંડી યાત્રીઓ છે એ તમામના સ્ટેચ્યુ મૂકવા, કન્સલ્ટન્ટ નીમવા આ બધી જ જવાબદારી રાજ્ય સરકાર પર મૂકી છે. કન્સલ્ટન્ટ નહિ નીમવાના કારણે કામ આગળ વધ્યું નથી અને એનો રિપોર્ટ નહિ આવવાના કારણે આ થયું નથી. માનનીય મંત્રીશ્રી આ બધું જાણે છે. મારી વિનંતી છે કે બીજા કોઈ ઓબ્ઝર્વેશન નથી કરતો પણ હકીકત હોય એ સર્વેનો જવાબ આપે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે સૂચન કર્યુ એટલે મારે કોઈ નેગેટિવ જવાબ નથી દેવો. હેરીટેઝ રૂટને રાજ્ય સરકારે પણ આવકારેલ છે અને આ મુજબ કરવાનું હતું. પરંતુ માનનીય વિપક્ષના નેતાની વાત બિલકુલ વજુદ વગરની છે એ એટલા માટે કે તા.૨૧/૪/૨૦૦૫ નાં રોજ કેન્દ્ર સરકાર પહેલા જ્યારે વડાપ્રધાનશ્રી આવવાના હતા, હૅરીટેઝ રૂટની જાહેરાત નહોતી થયેલી તે પહેલા પ્રપોઝલ પ્રાયમરી

સ્ટેજ પર મંગાવી. આપણે મોકલી આપી. એ પછી એમણે સંપૂર્ણ દરખાત મંગાવી. આપણે તાત્કાલિક રાજ્ય સરકારે તૈયાર કરાવી આ રૂટ પર આવતા રાજ્ય અને પંચાયતના રસ્તાની સુધારણા, નર્મદા, મહી અને તાપી નદી પર પૂલોના બાંધકામ તથા બાકીના જે ૪૧ કિલોમીટરના બાંધકામ અને બાકી સંપૂર્ણ માહિતી તા.૨૧/૪/૨૦૦૫ ના રોજ આપી છે. કોઈ પણ Consultants નીમવા માટેની માગણી હજુ સુધી કરેલ નથી. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૦૬ ના રોજ મેં પણ દાંડીમાર્ચ રૂટને હેરિટઝ રૂટ તરીકે જાહેર કરવા જાહેરનામું બહાર પાડવા, સાહેબ પહેલા તો એ કરવું પડશે કે કેન્દ્ર સરકાર આને હેરિટેઝ રૂટ જાહેર કરવા જાહેરનામું બહાર પડશે પછી એની નાણાકીય ફાળવણી કરવી પડશે અને પછી એની કાર્યવાહી કરવા ચાહે કેન્દ્ર સરકારની નેશનલ હાઈવે ઓથોરિટી કરે કે રાજ્ય સરકાર કરે બંને સંમત છે જે કરે તે. પરંતુ આજ સુધી આમાં કોઈ પણ પ્રકારનો રાજ્ય સરકારને કારણે એક પણ મિનિટનો વિલંબ થયેલ નથી અને સંપૂર્ણ કેન્દ્ર સરકાર કહે છે એમ માહિતી અમે તુરત જ બીજા દિવસે પહોંચાડી છે. હજુ એનું જાહેરનામું બહાર પડવું જોઈએ એ આજ દિન સુધી જાહેરનામું બહાર પડ્યું નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : મારી પાસે Prime Ministerની નોટ છે, આપના સચિવશ્રી પણ ત્યાં ગયા હતા. એક વિભાગ નહિ બે-બે, ત્રણ-ત્રણ વિભાગના સચિવો ત્યાં ગયા હતા તેની નોટસ્ મારી પાસે છે, માનનીય મંત્રીશ્રી ઈચ્છે તો એક કલાક પછી હું આપને આપી શકું છું.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ મુજબ આની ચર્ચા અલગ અલગ સ્તરે થઈ છે. અમે દરખાસ્ત લઈને રૂબરૂ પણ ગયા છીએ. દરખાસ્ત માટે અમારા વિભાગના સચિવશ્રી અને બીજા અધિકારી પણ ત્યાં વારંવાર ત્યાં ગયા છે એ બધી જ વાત તમારી સાચી, ફકત સવાલ એટલો જ છે કે જે જાહેરનામું હૅરીટેઝ રૂટ તરીકે જાહેર થવું જોઈએ એ એક વર્ષ કરતાં વધારે સમય થયો હોવા છતાં આજ સુધી જાહેર થયું નથી અને હજુ કોઈ પણ નાણાની ફાળવણી થયેલ નથી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે આ રાજ્યના સ્ટેટ રસ્તાને નેશનલ હાઈવેમાં upgradation કરવા માટે ૬ નંબર પર સૌથી લાંબો શામળાજીથી વાપી સુધીનો ૫૦૫ કિલોમિટરનો રોડ છે તેને તમે પ્રથમ પ્રાયોરિટી આપવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન, એ ટ્રાયબલ વિસ્તારમાંથી પસાર થાય છે તો તેને પ્રથમ પ્રાયોરિટી આપીને નેશનલ હાઈવે ઉપર અવરજવરનું ભારણ છે એ વાપીથી શામળાજી સુધીનો રોડ upgradation કરવાથી નેશનલ હાઈવે નંબર-૮નું ભારણ ઘટશે એવી મારી વિનંતી છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની લાગણી સાચી છે અને આ રાજ્ય સરકાર આદિવાસી વિસ્તારમાં વાપીથી શામળાજી સુધીનો લગભગ ૫૦૦ કિલોમીટરથી વધારે રસ્તાને જુદીજુદી યોજના હેઠળ હાલમાં સંપૂર્ણપણે સરસ રસ્તો બનાવેલ છે જેનો ગૃહના સભ્યશ્રીઓને પણ ખ્યાલ હશે. એમની લાગણી છે તેની જુદીજુદી તારીખોએ ૧૦-૧૨ વખત રજૂઆત કરી છે. આપણી અપેક્ષા પણ છે કે જો નોર્થ ઈન્ડિયાને મુંબઈ સુધી જોડવાનું કરવામાં આવે તો આ રૂટ સારામાં સારો છે અને આ નેશનલ હાઈવેને પ્રથમ પ્રાયોરિટી આપવી યોગ્ય છે.

### કચ્છ જિલ્લાને નર્મદાનાં પૂરનું પાણી આપવા બાબત

**<# M/*૧૭૪૭૦ શ્રી છબીલભાઈ ના. પટેલ (માંડવી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) કચ્છ જિલ્લાને નર્મદાના પૂરનાં એમ.એ.એફ. પાણી આપવાનું શું આયોજન છે,
(૨) આ આયોજન હેઠળ કયા કયા જળાશયોમાં પાણી ભરવામાં આવશે, અને
(૩) આ આયોજન હેઠળ કઈ કઈ નદીઓમાં પાણી નાખવાનું આયોજન છે?

**જળ સંપત્તિ મંત્રીશ્રી :**

(૧) કચ્છ જિલ્લાને નર્મદા પૂરના ૧ એમ.એ.એફ. પાણી આપવાનું આયોજન છે, જે અનુસંધાને કચ્છ શાખા નહેરની ક્ષમતા વધારવામાં આવેલ છે. પાણી સંગ્રહ અને વિતરણ કરવાનું વિગતવાર આયોજન વિચારણા હેઠળ છે.
(૨) અને (૩) : પૂરના વધારાના ૧ એમ.એ.એફ. પાણીમાંથી મહત્તમ ડેમોમાં પાણી ભરવાનું તથા નદીઓમાં નાખવાનું આયોજન છે.

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં ૧ મિલિયન એકર ફીટ પાણી આપવાની જે જાહેરાત થાય છે એની અંદર જે પ્રાથમિક મંજૂરી લેવાની હોય છે કે સરકાર એક મિલિયન એકર ફીટ પાણી આપવા માગે છે તો એની પ્રાથમિક મંજૂરી લીધેલ છે કે કેમ? બીજું, આ જે મંજૂરી લીધી હોય તો એ કચ્છમાં કઈ જગ્યા પર આ એકર ફીટ પાણી રાખવા માગે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છને નર્મદાના પાણી આપવા માટે એક મિલિયન એક ફીટની જે ફાળવણી કરવામાં આવી છે એના માટે સરદાર સરોવર નર્મદા નિગમે નર્મદાના પૂરનું ત્યાં વધારાનું પાણી આપવા માટેનું આયોજન છે એના માટે આ જે ત્રણ મિલિયન એક ફીટ પાણીની ફાળવણી કરી

છે પૂરના વધારાના પાણીમાં એ પૈકી કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનો ભાગ છે. કચ્છને પણ એક એકર મિલિયન ફીટ પાણીની ફાળવણી કરવાનો સૈધ્ધાંતિક નિર્ણય કરવામાં આવ્યો છે.

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની પ્રાથમિક મંજૂરી લીધી છે કે કેમ? જેમ અહીં ઉત્તર ગુજરાતની એક મિલિયન એકર ફીટ પાણીની મંજૂરી લીધી છે, સૌરાષ્ટ્રની પણ કદાચ લીધી છે કે નહિ, પણ કચ્છની લીધી છે કે નહિ એ મારો પ્રશ્ન છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનું regularisation થઈ ગયું છે અને કચ્છની ફાઈલ ચાલે છે એ આખરી પ્રક્રિયામાં છે અને મારા મિત્રને મારે જણાવવું છે કે આની બાબતમાં હાઈ કોર્ટમાં પણ એફિડેવિટ કરી છે અને એનું લૅન્ડ માર્ક છે કે, હાઈ કોર્ટમાં પણ સરદાર સરોવર નર્મદા નિગમે એક એમ.એ.એફ. પાણી કચ્છને આપવા માટેની એફિડેવિટ પણ કરી છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય મંત્રીશ્રીએ જવાબમાં એમ જણાવ્યું છે કે, કચ્છ શાખા નહેરની ક્ષમતા વધારવામાં આવેલ છે અને પાણી સંગ્રહ અને વિતરણ કરવાનું વિગતવાર આયોજન વિચારણા હેઠળ છે તો માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, જ્યારે પ્રથમ વખત નહેરનું નક્કી કરવામાં આવ્યું ત્યારે કેટલી ક્ષમતા હતી અને ત્યાર પછી પાછળથી કેટલી ક્ષમતા વધારવાનો નિર્ણય કર્યો છે? બીજું કે, પાણીનું સંગ્રહ અને વિતરણ કરવાનું વિગતવાર આયોજન વિચારણા હેઠળ છે તો આજની તારીખ સુધીમાં કયા કયા પ્રકારની વિચારણા કરવામાં આવી છે અને આ ફાઈનલ વિચારણા કરી આખરી તબક્કામાં ક્યારે લઈ જવામાં આવશે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : કચ્છની આ બાબતની હિસ્ટ્રી જાણવી જોઈએ કારણ કે, ઓરિજીનલ કચ્છ જિલ્લાને પાણી આપવાનું હતું નર્મદા જળ વિવાદ પંચના ચુકાદા પ્રમાણે એ પણ જાણવું જોઈએ કે ૪૨,૮૦૦ હેકટર માટે જે ફાળવણી કરી હતી, નર્મદા આયોજન જુથ દ્વારા પાછળથી અભ્યાસ કરીને ૫૭,૩૦૦ હેકટર એનું રિવાઈઝેશન કર્યુ હતું. કચ્છ જિલ્લાના પ્રતિનિધિઓનું ખૂબ દબાણ હતું, બાબુભાઈ આપનો પણ જવાબ આમાં આવરી જ જવાનો, એના કારણે ૧,૧૨,૭૭૮ હેકટર માટે ૨૦૦૦ના વર્ષમાં અમારી સરકારે નિર્ણય કર્યો હતો આ ઉપરાંત કચ્છની ધરતી ઉપર ખૂબ મોટી જમીન ખેતી માટે ઉપલબ્ધ છે તો અમારી સરકારે નર્મદાના વહી જતા પાણીને ૩ એમ.એ.એફ. વાપકોસે જે રિપોર્ટ તૈયાર કર્યો એમાં એક લાખ મિલિયન એકર ફૂટ હતું, આ સરકારે બે લાખ મિલિયન એકર ફૂટ સિંચાઈ થઈ શકે એવી વ્યવસ્થા પણ આ સરકારે કરી છે. એમનો પ્રશ્ન છે કે પહેલા શું હતું, તો ૧૭૭ કયુબિક સાઈઝની કેનાલ હતી એમાંથી ૧૨૦ કયુબિકની કેનાલ બનાવવામાં આવી ત્યાર પછી એક એમ.એ.એફ. પાણી કચ્છમાં લઈ જવા માટેનો વિસ્તાર પણ એજ વિસ્તારમાં હોવાના કારણે ૨૨૦ કયુબિકની આ કેનાલની સાઈઝ કરવામાં આવી છે અને આ આગળ કચ્છમાં જતું પાણી જે અલગ અલગ કેનાલોમાંથી પસાર થવાનું, અલગ અલગ જળાશયોમાં ભરવા, એ જળાશયો ભરવા માટેની જે કેનાલો છે એને પણ રિવાઈવેશન કર્યુ છે અને સરદાર સરોવર નર્મદા નિગમે વિવિધ કેનાલની સાઈઝો બદલી છે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ ૧ એમ.એ.એફ. પાણી જે કચ્છને આપવાનું છે એના માટે આયોજન અંગે સરકારે શું વિચાર્યુ છે અને એ બાબતમાં કોઈ કન્સલ્ટન્ટ નીમી એનું આયોજન અને આ પાણીનો સંગ્રહ આપણે કચ્છમાં કઈ રીતે અને કઈ કઈ જગ્યાએ કરવાના છીએ એના માટે વિગતવાર જવાબ માનનીય મંત્રીશ્રી આ સભાગૃહમાં આપે, તે સિવાય કે હમણાં છબીલભાઈએ કહ્યું તેમ ઉત્તર ગુજરાતને ૧ એમ.એ.એફ., સૌરાષ્ટ્રને ૧ એમ.એ.એફ. પાણી આપવાનું છે, કચ્છને જે પાણી આપવાનું છે ઉત્તર ગુજરાત માટે જી.આર. થઈ ગયો છે તો કચ્છ માટે આ અંગેનો જી.આર. રાજય સરકાર ક્યારે કરવા માગે છે ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : સરકારનો નિર્ણય છે કે, શકય એટલું વહેલું, કચ્છમાં હયાત કેનાલો દ્વારા પાણી પહોંચાડવાના પ્રયત્નો કરવામાં આવે છે પણ સામાન્ય રીતે પુરના વહી જતા પાણીને સ્ટોરેજ કરવું પડે છે, કારણ કે, સો દિવસ જે આપણે કાઉન્ટમાં લઈએ છીએ એ સો દિવસ પમ્પિંગ કરીને કે ગ્રેવિટિથી પાણી લઈ જઈને અલગ અલગ જગ્યાએ સ્ટોરેજ કરવું પડે છે, કચ્છની બાબતને સંબંધ છે ત્યાં સુધી સભ્યશ્રીએ પૂછયું, કચ્છની બ્રાંચ કેનાલોની પથરેખા ૩૮૫ કિલોમીટરની જે બનાસકાંઠામાંથી પસાર થાય છે, ૪૬૦ કિલોમીટર સુધી લંબાવીને ૪૬૦ કિલોમીટર પૈકી ૩૮૫ કિલોમીટરની સાંકળ ઉપરથી કચ્છની કેનાલ નીકળે છે એના રસ્તામાં આવતી કચ્છ બ્રાન્ચ કેનાલની પથરેખામાં આવતા જે તળાવો છે, જળાશયો છે, એને ભરવા માટેનું આયોજન છે. જળાશયો છે એને ભરવા માટેનું આયોજન છે. અભ્યાસ મુજબ ટપ્પર ગામ પાસે રાતા સિંચાઈ યોજનામાં કચ્છ જિલ્લાના હયાત જળાશય કાંસમતી, રુદ્રમાતા, કેલા, નિરૂણા, ભુખી, મથલ, નારા, ગણેતસર વિજયસાગર, મીટી, ગજોડ, ખારોડ, કંકાવટી, બેરચીયા, જંગારીયા, સાનન્ધ્રો વગેરે ભરવાનું આયોજન છે. એમાં એક મીલીયન એક ફીટ પાણી પૈકી ફકત પોઈન્ટ અગિયાર મીલીયન એકર ફીટ પાણી ભરી શકે એવી સ્થિતિ છે. કચ્છ જિલ્લાના બનાસકાંઠાના સાંતલપુર તાલુકાનું કોરડ ગામ છે ત્યાં નીચાણવાળો ભાગ આવે છે એ નીચાણવાળા ભાગમાં પણ સરોવર બનાવીને પોઈન્ટ ૨૭ મીલીયન એકર ફીટ પાણી ભરવાની વ્યવસ્થા કરવામાં આવશે. ૪૦ કયુસેકની કેપેસીટીની કેનાલ બનાવવામાં આવશે. ૨૨ કિલોમીટર લંબાઈનો ફીડર કેનાલ બનશે અને ૨૧.૬ મીટર મહત્તમ ઊંચાઈનો પાળો બનાવીને એનું સરોવર બનાવવામાં આવશે. એના આધારે પોઈન્ટ ૨૭ મીલીયન એકર ફીટ દીઠ પાણીનું સ્ટોરેજ થઈ શકશે. ફતેહગઢ, રાપર વિસ્તારમાં એમાં નવા વધારાના વિસ્તારમાં પાણી સંગ્રહ

કરવાનું આયોજન છે. હયાત ફતેહગઢ યોજનાનું કુદરતી નીચાણવાળા વિસ્તારમાં ૬ થી ૭ મીટરની ઊંચાઈવાળો પાળો બનાવવામાં આવશે. પોઈન્ટ બે મીલીયન એકર ફીટ પાણી રાપર વિસ્તારમાં ફતેહગઢ યોજનામાં સંગ્રહ કરવાનું આયોજન છે. કચ્છ બ્રાન્ચ કેનાલ લંબાવવાની છે. જે હયાત કેનાલ છે નર્મદાની એ કેનાલ ૧૫૦ કિલોમીટર લંબાવીને ૬૦૦૦૦ હેકટર વધારે સિંચાઈ કરવાનું આયોજન છે. બન્ની વિસ્તાર જે છે છબીલભાઈ મને વારંવાર રજૂઆત કરે છે. બન્ની વિસ્તારમાં પણ પોઈન્ટ ૨૭ મીલીયન એકર ફીટ પાણી બન્ની વિસ્તાર છે ત્યાં ૬ થી ૭ મીટર ડિપ્રેશન છે અને એ વિસ્તારને આપણે ઊંચો પાળો બનાવીને સરોવર બનાવવાનું છે. કચ્છના અમે બંધારા બનાવ્યા છે. ૪૪ નદી ઉપર બંધારા બાંધ્યા છે. વચ્ચે ચેકડેમ બનાવ્યો છે. ત્યાં સ્ટોરેજ કરવાનું આયોજન છે. હજી જાણકારી જોઈતી હોય તો પૂછી શકે છે.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે કચ્છ જિલ્લાને નર્મદાના પુરના પાણી આપવા માટે નર્મદા યોજના કચ્છ શાખા નહેરની ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જી.હા. મેં કહ્યું એ મુજબ ૨૨૦ કયુમેકની કેનાલ બની છે એની તબકકાવાર અલગ અલગ સાઈઝ છે એની વિગતો હું એમને આપીશ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જવાબ ઉપરથી કેટલીક બાબતોમાં ગુજરાત સરકારની જે દાનત છે એ છતી થાય છે. ૩ મીલીયન એકર ફુટ વધારાનું પાણી કચ્છનું હતું (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ગૃહને મેં જયારે વિનંતી કરી ત્યારે આપ હાજર નહોતા આજે આક્ષેપ અને પ્રતિ આક્ષેપ કર્યા સિવાય સુમેળથી જુદા પડવાનું છે. એટલે પ્લીઝ આજે આવું ન આવે એવી વિનંતી કરું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એની કાળજી રાખીશું પણ અમારી વિટંબણા, વ્યથા આપના મારફત રજૂ નહીં કરીએ તો કયાં કરીશું?

**અધ્યક્ષશ્રી** .: આક્ષેપ નહીં કરીએ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ મીલીયન એકર ફુટમાંથી એક મીલીયન એકર ફુટ ઉત્તર ગુજરાતને આપવાની શરૂઆત થઈ ગઈ છે. ૨૩૦૦કરોડની ઉત્તર ગુજરાતની યોજનાનો અમલ થાય અને કચ્છની અંદર આ પાણી આપવા માટે થઈને અને જે જવાબ આપવામાં આવ્યો છે. ૪૪ બંધારા બાંધવામાં આવ્યા છે અને પાણી એક માત્ર એક મીલીયન ફુટમાંથી માત્ર પોઈન્ટ અગિયાર જ સાચવી શકાય તેમ છે અને બાકી વધારાનું પાણી સાચવવાની એમની તૈયારી છે. એમના માટે આજ દિન સુધી આયોજન માટે, પ્લાનીંગ કે નકશા દોરવા માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? અને ૪૪ બંધારા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, એનો જવાબ મંત્રીશ્રી આપે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : એક તો કોઈપણ આયોજન થાય, થોડો સમય ટાઈમ કન્ઝયુમિંગ હોય છે. કચ્છની અંદર નર્મદાનું પાણી જે કેનાલ દ્વારા પહોંચશે, એના માટેના આયોજન માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરવાની વ્યવસ્થા કરી દીધી છે. આ વર્ષે પ્લાનિંગ અને આયોજન વગેરે તમામ કામો હાથ ઉપર લેવામાં આવશે, એના માટેની પૂરી વ્યવસ્થા કરી છે. ૪૪ બંધારા છે, એનું ૧૬૫ કરોડ રૂપિયાનું આયોજન છે અને એનું કામ શરૂ થયું છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : કેટલો ખર્ચ કયો? બંધારા બાંધવામાં આવ્યા છે એમ કહ્યું છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ગઈ સાલ કહ્યું હતું કે ૪૪ બંધારા બાંધવાનું સુજલામ સુફલામ યોજના આધારીત કામ હાથમાં લીધું છે. સોઈલ ટેસ્ટમાં વધુ સમય જવાના કારણે એ થયું નથી, પરંતુ તે પૈકીના મોટાભાગના ૪૪ બંધારા માટેના ટેન્ડર પાસ થયા છે, એનો ખર્ચ આ સાલ થશે.

### પાલનપુર તાલુકામાં ટ્રાયબલ સબ પ્લાનના રસ્તાઓ

***૧૭૨૨૦ શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) પાલનપુર તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ટ્રાયબલ સબ પ્લાનમાં કેટલા રસ્તા મંજૂર થયેલ છે?

(૨) મંજૂર થયેલ રસ્તાઓમાં કેટલા રસ્તા પૂર્ણ થયેલ છે અને કેટલા બાકી છે, અને

(૩) બાકી રહેલ રસ્તાઓનાં કામ પૂર્ણ ક્યારે થશે?

**માર્ગ મકાન મંત્રીશ્રી :**

(૧) પાલનપુર તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ બે રસ્તાનાં કામો મંજૂર થયેલ છે.

(૨) (૨) અને (૩) : મંજૂર બન્ને કામો પૂર્ણ થયેલ છે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : મંત્રીશ્રીનો આભાર માનું છું કેમ કે બે રસ્તા ટ્રાયબલના કારણે અટવાયા હતા, જે પૂરા થયા તે બદલ આભાર. મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જૂનો પાલનપુર તાલુકો હતો, એમાં

ટ્રાયબલનાં ઘણાં બધાં ગામો આવે છે. બજેટની અંદર અમુક રસ્તાઓનો સમાવેશ કર્યો હતો, પણ ટ્રાયબલના કારણે ૧૯૮૦ નો કાયદો આવ્યા પછી ટ્રાયબલના કારણે રસ્તાનાં ઘણાં બધાં કામો અટવાયા પડેલ છે. અમીરગઢ તાબેલા, અમરીગઢ અંબાજી વાળો રસ્તો ૧૪ કિ.મી.માં અત્યારે અંબાજી પહોંચી જવાય અને આમ ૪૦ કિ.મી. થાય. આવા રસ્તાઓ માટે ટ્રાયબલ અંગેની વિશેષ પ્રકારની મીટિંગનું આયોજન કરી વહેલામાં વહેલી તકે રસ્તો પૂરો થાય એ માટેનું આયોજન છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : પાલનપુર તાલુકામાં ટ્રાયબલ સબ પ્લાનમાં ૩ વર્ષમાં કેટલા રસ્તાઓ મંજૂર થયા એ પ્રશ્ન પૂછ્યો છે તો બે રસ્તા થયા. સભ્યશ્રીની વાત સાચી છે કે પાલનપુર જૂનો તાલુકો હતો અને અમીરગઢ તાલુકો જુદો થયા પછી પાલનપુર તાલુકામાં સબ પ્લાનની ગ્રાન્ટ ૪ ટકા જ વાપરવાની રહી છે, પરંતુ અમીરગઢ તાલુકામાં ૨૦૦૩-૦૪-૦૫-૦૬ ટ્રાયબલ સબ પ્લાન હેઠળ કુલ ૧૪ કામો થયેલ છે. ૧૪ કામોમાં ૨૮.૭૪ લાખના ખર્ચનો અંદાજ છે. ૧૪-૧૪ કામો પૂર્ણ થયાં છે. એના રસ્તાઓ માટેની વિગતો માગી છે. પૂર્ણ વિગતો અન્ય રસ્તાઓની આપું તો ઘણો સમય જાય. ધારાસભ્યશ્રીના મત વિસ્તારમાં ૩ વર્ષમાં ૩૧૮૨.૪૪ લાખના કુલ રસ્તાઓનું કામ શરૂ થયું છે અને પ્રગતિમાં છે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એમણે પાલનપુર તાલુકાના અમીરગઢ તાલુકાનાં રસ્તાઓનાં કામ કેટલીક જગ્યાએ એમણે કહ્યું કે શરૂ થયાં છે, પરંતુ કેટલીક જગ્યાએ વન વિભાગ દ્વારા આ રસ્તામાં અટકાયત ઉભી કરવામાં આવે છે, એના માટે રાજ્ય સરકાર દરખાસ્ત કરી આવાં રસ્તાઓનાં કામ વન વિભાગમાંથી મંજૂરી મેળવવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આ વન વિભાગના રસ્તાઓની વારંવાર રજૂઆત કરતા હોઈએ છીએ અને દરખાસ્ત કરીએ તો જ રસ્તાઓ થાયને.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : દરખાસ્ત સમયસર નહિ થવાના કારણે વન વિભાગ મંજૂરી આપતી નથી, એવા પણ જવાબ આપ્યા છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ભૂતકાળમાં કોંગ્રસના શાસનમાં આપ્યો હશે. ટ્રાયબલ સબ પ્લાનના રસ્તાઓ અંગે મેં મારા બજેટ ડિમાન્ડ સમયે કહ્યું હતું કે કેટલાક રસ્તાઓ ૧૮૦૦૦ ગામોમાં ૯૮.૮ ટકા કનેક્ટિવિટી રહી છે. બાકી રહેતાં ગામોમાં સંપૂર્ણપણે કરવા માગીએ છીએ અને જે જે જંગલ વિસ્તારના રસ્તાઓ રહેતા હશે, તો એમાં પર્સનલી રસ લઈ કાર્યવાહી કરવા માગીએ છીએ અને રસ્તા પૂર્ણ કરવા માગીએ છીએ.

## અમદાવાદ શહેરમાંથી પસાર થતી ખારીકટ કેનાલનું રિપેરિંગ કામ

***૧૭૭૯૮ ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) અમદાવાદ શહેરમાંથી પસાર થતી ખારીકટ કેનાલનું રિપેરિંગ કામ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) આ કાર્ય ક્યારે શરૂ થયું, કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) અધુરું કામ ક્યારે શરૂ કરવામાં આવશે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) ખારીકટ નહેરનું મરામત કામ હાઈડ્રોલિક જરૂરિયાતને અનુલક્ષીને પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨)

| કામગીરી શરૂ થયાની તારીખ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| ૧-૧૦-૧૯૯૯ | ૨૦૭૬ |

(૩) આનુસાંગિક અન્ય સિવિલ કામો અંગે બાકીનાં નાણાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફાળવી આવેથી હાથ ધરવામાં આવશે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, ખારીકટ કેનાલ અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાંથી પસાર થાય છે અને ૧૧૦ વર્ષ જૂની અંગ્રેજોના સમયની આ કેનાલ છે. જ્યારે જ્યારે વરસાદ આવે છે ત્યારે આજુબાજુના વિસ્તારોમાં પૂરનાં પાણી ભરાઈ જતાં ખૂબ તકલીફ ઉભી થાય છે. આ તકલીફને ધ્યાને લઈ ૧૯૯૯માં રીમોડલીંગનો ૩૫ કરોડનો પ્રોજૅક્ટ શરૂ કર્યો હતો. ૩૫ કરોડના ખર્ચનો પ્રોજૅક્ટ હતો. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે તે પ્રમાણે તેમાં ૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ થઈ ગયો છે. તો બાકીનો ખર્ચ કૉર્પોરેશને કરવાનો કે સરકારે કરવાનો આ વિવાદમાં આ કામ ઝોલાં ખાય છે. કામ થતું નથી. હવે કૉર્પોરેશન

સાથે ફરીથી વિવાદ કે સંવાદ શરૂ કરી આ કામ પૂરું કરવા માગો છો કે કેમ? બીજું કે ગત ચોમાસા દરમ્યાન નરોડાના પાર્શ્વનાથ વિસ્તારમાં ખૂબ જ પાણી ભરાઈ ગયું હતું. આ વખતે અધિકારીઓ સાથે રાઉન્ડ લેતાં તેમણે ૭૧ લાખના કામો કરવા પડશે અને આ કેનાલમાં નવા દસ એનલેક મૂકવા પડશે અને ૩ ફૂટઓવર બનાવવા પડશે તેવો કલેક્ટર સંકલન સમિતિનો લેખિત જવાબ આપ્યો છે. તો આ ૭૧ લાખનો અંદાજ આપ્યો છે તે કામ કરાવવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું તે વાત સાચી છે. આ ૧૧૦ વર્ષ પહેલાંની કેનાલ છે. આની અંદર આ કેનાલ જે વિસ્તારમાંથી પસાર થાય છે તે પૂર્વ વિસ્તારમાં વરસાદ આવે છે ત્યારે પાણી ભરાઈ જાય છે. પહેલાં તો પાણી ભરાતાં તેનો ખ્યાલ આવતો નહીં. પરંતુ તમામ વિસ્તારોમાં ઉદ્યોગો અને રેસીડેન્સ વિસ્તારો ઉભા થવાના કારણે ત્યાં પાણીના નિકાલનો પ્રશ્ન ઉભો થયો છે. અહીં સાહેબ કેનાલનું લેવલ ઉંચુ છે અને રહેઠાણના વિસ્તારોનું લેવલ નીચું છે તેના કારણે પાણી નીકળી શકતું નથી. આના ઉકેલ માટે આપણે ડો.સી.સી.પટેલના અધ્યક્ષપણા નીચે એક મીટિંગ કરવામાં આવી હતી અને નિર્ણય પૂર્વ મુખ્યમંત્રી હતા તે વખતે કરવામાં આવ્યો હતો. તે વખતે ૨૬ કરોડના પ્રોજૅક્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી સાથે બેસીને આ નિર્ણય કર્યો હતો. આમાં ૧૬ કરોડ રૂપિયાની ફાળવણી ગુજરાત સરકારના જળસંપત્તિ વિભાગ દ્વારા અને દસ કરોડ રૂપિયા અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને આપવાના હતા. આમ આ બંનેનું સંકલન કરીને ૨૬ કરોડનું આયોજન કર્યુ હતું. તે પૈકીના ઘણા કામ પાણીના નિકાલના કામો હાથ પર લેવામાં આવ્યા હતા અને લગભગ પૂરા કર્યા છે. ૧૬ કિ.મલ. લાંબી લાઈનીંગવાળી કેનાલ ૮૬૦ ક્યુસૅક કેપીસીટીની હતી તેમાંથી અઢી હજાર કયુસેકની કેનાલ બનાવી લાઈનીંગ કર્યા પછી એનલેક બનાવ્યા છે. આ બધું કરવા છતાં તેના ઉપર અમૂક કામો બાકી રહ્યા છે. તેના ઉપર રસ્તો બનાવવાનું કામ અને બે કિ.મી. લાંબી કેનાલ કરવાનું કામ બાકી રહયું છે. આમાં ગુજરાત સરકારે ૨૦ કરોડનો ખર્ચ કર્યો છે પણ કૉર્પોરેશન દ્વારા પૂરતું ફંડ નથી મળ્યું. ૧૦ કરોડમાંથી ૨ કરોડ રૂપિયા, સાહેબ પ્રશ્નનો જવાબ જ આપું છું. ૨ કરોડ રૂપિયા કૉર્પોરેશનને આપ્યા છે. આપની સરકાર વખતે આપના કૉર્પોરેશન સાથે સતત દબાણપૂર્વક કહ્યું છે કે આપને જણાવું ચંદ્રિકાબેન આપની કૉર્પોરેશન હતી ત્યારે ફંડ માગવામાં આવ્યું અને ફંડ નહીં મળ્યું તેના લીધે કામો થતા નથી. આપ દબાવવા માગો છો તે ન ચાલે. જવાબ તો સાંભળવો પડે. અત્યારે કૉર્પોરેશનના કમિશ્નર સાથે સંકલન કર્યુ છે તે આજે જવાબ આપવાના છે એટલે હવે પછી કામો હાથ પર લેવામાં આવશે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન એટલા માટે હસીને લઈ જવા જેવો નથી. ૧૪ કિ.મી.ના વિસ્તારમાં

**અધ્યક્ષશ્રી** : આખું ગૃહ ગંભીર જ છે. એવું નથી.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે પૈસા આ કામ માટે રોડની બંને સાઈડના કામો માટે આપવાના હતા તે કૉંગ્રેસની કૉર્પોરેશને આપ્યા નથી. હવે મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આ લાઈનીંગનું કામ ક્યારે પૂરું કરવા માગો છો અન અંગે કૉર્પોરેશનને તાકીદ કરીને કેટલા સમયમાં પૂર્ણ કરવા માગો છો ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બાકી રહેલ કામો પૈકી અગત્યનું હાઈડ્રોલીંગનું કામ કરવાનું જરૂરી છે. એટલા માટે જે કામ છે તેમાં કૉર્પોરેશન સાથે સંકલન કરવામાં આવી રહ્યું છે. ગઈકાલે પણ મારી વાતચીત થઈ છે અને શકય હોય તો બધાની સાથે બેસીને એનો નિકાલ કરીને કામો શકય એટલાં વહેલાં પૂરાં કરવામાં આવશે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને જળ સંપત્તિ નિગમના ચેરમેન અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું અને એમનો આભાર માનું છું, આભાર એટલા માટે માનું છું કે, આ ખારીકટ કેનાલ સો વર્ષ જૂની હતી અને એમાં બાવળિયા ઊગ્યા હતા એ બાવળિયા આ સરકારે કાપ્યા છે અને માનનીય અધ્યક્ષશ્રી, આ નર્મદા કેનાલ એરિયા બહાર હોવા છતાં મારા ૮૦ ગામોને પાણી મળ્યું છે અને મારો વિસ્તાર આ ખારીકટ કેનાલથી નંદનવન બન્યો છે, મારા વિસ્તારને નંદનવન કર્યો છે, બે વાર પાણી આપીને, ઉનાળુ સીજન અને રવિ પાક મળ્યો છે પરંતુ મારી બીજી વાત એ છે કે, આ કેનાલ સીજન પહેલાં રિપેર થાય એવી મારી લાગણી છે, સીજન પહેલાં રિપેર થાય તો રવિ પાક- નવા પાકમાં પાણી મળે, (અંતરાય) લોકફાળો અમે આપીએ છે તો એ લોકફાળો આપી રિપેર થાય તેવી મારી અપેક્ષા છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જે લાગણી છે એ લાગણી તરફ પૂરતું ધ્યાન આપવામાં આવશે.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવું છે કે, ભૂતકાળમાં અમદાવાદ મ્યુનિસિપાલિટીએ આ ખારીકટ કેનાલ રીપેરીંગ કરવા માટે કોઈ ગ્રાન્ટ ફાળવી હતી કે નહીં? અને જો હતી તો એમાં કેટલાં કામો થયાં?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે વીસ કરોડ રૂપિયા ખર્ચ થયો છે એની પૂરેપૂરી ચૂકવણી કરવામાં આવી છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપની માફરત જાણવા માગું છું કે, આ યોજનાને સાત- સાત વર્ષ થઈ ગયાં અને માનનીય સભ્યશ્રી માયાબેનનો આ ગંભીર પ્રશ્ન છે, તો કોરપોરેશન પૈસા ન આપે તો બીજી કોઈ વ્યવસ્થા છે કે કેમ? આ યોજનામાં આટલા પૈસા વાપરી નાખ્યા હોય તો (અંતરાય) કોરપોરેશન પૈસા ન આપે તો શું કરવા માગો છો ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અલગ અલગ વિભાગોની અલગ- અલગ જવાબદારીઓ હોય છે, એ જવાબદારીઓનું સંકલન કરીને કામ કરવું પડતું હોય છે, જ્યારે અમે શહેરી વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા છીએ ત્યારે શહેરી વિસ્તારની જે જવાબદારી હોય એ જવાબદારી શહેરી વિસ્તારને ઉપાડવાની હોય એ માટે એ વિભાગના માનનીય મંત્રીશ્રી પાસે બેસીને જે કોઈ યોગ્ય કરવાનું હશે એ સરકાર અને કોરપોરેશન કરશે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખારીકટ કેનાલને મોર્ડેનાઈઝેશન કરવાથી નર્મદા થકી સિંચાઈના કેટલા વિસ્તારને લાભ મળ્યો છે ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રિમોડલીંગ કરવાને કારણે પહેલાં લગભગ ૨૦૦૩-૦૪માં ૩૯૨૨ હેકટર સિંચાઈ થતી હતી એના બદલે આજની તારીખે ૮૭૫૩ હેકટર જમીનમાં સિંચાઈ થાય છે, અને એના કારણે હવે લોકોને કોઈ તકલીફ નથી.

**રાજયમાં નવી નગરપાલિકાઓ બનાવવા બાબત**

***૧૭૫૦૯ શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સરકારે તા. ૩૧-૧-૦૬ સુધીમાં ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં કેટલી નવી નગરપાલિકાઓ બનાવવાની જાહેરાત કરેલ છે,

(૨) તે પૈકી સુરત જિલ્લાની કેટલી, અને

(૩) સુરત શહેરમાં કેટલી નગરપાલિકાઓનો સમાવેશ કરવામાં આવેલ છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) ૬૨ ( બાસઠ).

(૨) ૧૨ (બાર).

(૩) ૮ (આઠ).

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, ગુજરાતમાં જે ૬૨ જેટલી નવી નગરપાલિકાઓ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે, એ માટે રાજય સરકારના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને માનનીય મંત્રીશ્રી આઈ. કે. જાડેજા અને અમારા માનનીય પ્રભારી મંત્રીશ્રીને હૃદયપૂર્વક અભિનંદન આપું છું અને માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરત શહેરની આજુબાજુ જે ગામડાં આવેલાં છે એ સુરત શહેર છે કે ગામડું છે એનો ખ્યાલ આવતો નથી, આવા ગામડાંમાં વસતિ વધારો પણ થયો છે તો તેવા ગામોને સુરત શહેરમાં સમાવેશ કરવા માગે છે કે કેમ, અને કંસાર નગરપાલિકાને પણ સમાવવા માગે છે કે કેમ ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, જે નવી નગરપાલિકાઓ જાહેર થઈ એમાં સુરત જિલ્લામાં બાર નવી નગરપાલિકાઓ થયેલી છે, એમાં આઠ નગરપાલિકાઓને મહાનગરપાલિકામાં ભેળવેલ છે, જે ચાર બાકી રહી છે એમને નગરપાલિકાનો દરજ્જો રહેવાનો છે, એમાં ત્રણ નગરપાલિકાઓ રહેશે અને એક સચિન નોટિફાઈડ એરિયા તરીકે ડિકલેર થયેલ છે. જે કનકપુર-કંસાર ગામો છે એ બંને ગામોને ભેગા કરીને એને નગરપાલિકાનો દરજ્જો આપેલ છે અને એ નગરપાલિકા તરીકે રહેશે.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું આપના દ્વારા પૂછવા માગું છું કે, સુરત જિલ્લામાં ૧૨ નગરપાલિકાઓ છે અને ૨૦૦૪, ૨૦૦૫ અને ૨૦૦૬ના નાણાકીય વર્ષમાં સુરત જિલ્લાની કઈ કઈ નગપાલિકાને ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં યોજનાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, નવી નગરપાલિકાઓ જે છે એ નવી નગરપાલિકાઓને પંચાયત ધારા હેઠળ ગ્રાન્ટ મળતી હતી એ બધી ચાલુ રાખી છે અને જે તે ગ્રાન્ટ પંચાયત વિભાગ દ્વારા આપવામાં આવશે.

**ડૉ. અતુલ કે.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક નગરપાલિકાઓની આર્થિક પરિસ્થિતિ ખૂબ ખરાબ છે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : નહીં, નહીં. એ પ્રશ્ન આમાં નહીં આવે.

**ડૉ. અતુલ કે.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ નગરપાલિકાઓ માટેનો ખૂબ અગત્યનો પ્રશ્ન છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં. નેકસ્ટ.

**શ્રી બાલુભાઈ તંતી** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે નવી ૬૨ નગરપાલિકાઓ કન્વર્ડ કરી એ બદલ સરકારને અભિનંદન આપું છું. શહેરોના વિકાસમાં સારો ફાળો આપી શકાશે. પરંતુ માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, જે નગરપાલિકાઓ આપણે બનાવી હતી એમાંથી ૬ નગરપાલિકાઓ એવી હતી કે એમને ફરીથી ગ્રામ પંચાયતમાં કન્વર્ટ કરવામાં આવેલ હતી એમાં કોઈ કારણો હશે, વસતિનું ધોરણ ઘટતું હશે કે એવા કોઈ કારણો હશે. પરંતુ હવે આવી ગ્રામ પંચાયતોનું વસતિનું ધોરણ વધારવામાં બાજુની ગ્રામ પંચાયતો સાથે મળી અને નગરપાલિકાનો દરજ્જો હાસલ કરે છે ત્યારે આવી ગ્રામ પંચાયતોને ફરીથી નગરપાલિકામાં કન્વર્ટ કરવા માગો છો કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રનો જે ૭૪મો બંધારયણીય સુધારો આવ્યો એ મુજબ જે કોઈ ગ્રામ પંચાયતની વસતિ ૧૫ હજારથી વધારે હોય એ આપોઆપ નગરપાલિકામાં ફેરવવાની થતી હોય છે. જે ૬ નગરપાલિકાઓની માનનીય સભ્યશ્રી વાત કરે છે એ કન્વર્ટ ન થઈ, એ ૧૫ હજારથી ઓછી વસતિના કારણે નથી થઈ, જેની પણ ૧૫ હજારથી વધારે વસતિ થાય એ નગરપાલિકામાં કન્વર્ટ થતી જાય છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, રાજય સરકાર દ્વારા વસતિના કારણે આ ગ્રામ પંચાયત બરો જેને નગરપાલિકામાં કન્વર્ટ કરવામાં આવી છે એવી ૬૨ નગરપાલિકાઓ છે, સામાન્ય રીતે આ નગરપાલિકાઓની આર્થિક સ્થિતિ સારી નથી હોતી, એ નવી નગરપાલિકાઓ તરીકે જાહેર કર્યા બાદ રાજય સરકાર દ્વારા આના માટે આર્થિક મદદ કરવાનું તાકીદનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કુલ ૬૨ નગરપાલિકાઓ બનાવવાની થતી હતી અને માનનીય સભ્યશ્રીએ જે લાગણી વ્યકત કરી એ મુજબ નગરપાલિકાઓની નાણાકીય સધ્ધરતા યોગ્ય સ્વરૂપમાં રહે, નગરપાલિકાઓનો વહીવટ સુચારુ રીતે ચાલે એના માટે થઈને ૬૨ માંથી ૧૭ નગરપાલિકાઓ એવી હતી જેને મહાનગરપાલિકામાં ભેળવી અને ૧૧ નવી થતી નગરપાલિકાઓને નાની નગરપાલિકા બાજુમાં હતી એની સાથે ભેળવીને એક નગરપાલિકા બનાવી અને ૩૧ જે નગરપાલિકાઓ બાકી રહે છે એના માટે પણ આગામી વર્ષમાં બજેટમાં યોગ્ય આયોજન કર્યું છે. રાજય સરકારે ૧૭૨ નગરપાલિકાઓ વહીવટી રીતે યોગ્ય આર્થિક સક્ષમતા પ્રાપ્ત કરે એ પ્રકારનું આયોજન શહેરી વિકાસ વર્ષમાં કર્યું છે. અને યોગ્ય દિશામાં આપણે ચાલી રહ્યા છીએ.

**મહુડી, વાસન મહાદેવ અને રૂપાલના વરદાયિની મંદિરને પવિત્ર યાત્રાધામમાં સમાવવા બાબત**

***૧૮૧૯૪ ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) મહુડી, વાસન મહાદેવ અને રૂપાલના વરદાયિની મંદિરને પવિત્ર યાત્રાધામમાં સમાવવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કયારે?

**યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે આ વર્ષને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કર્યું છે. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં પાટનગર ગાંધીનગર જિલ્લાનું વાસણ મહાદેવ, જૈનોનું પવિત્ર યાત્રધામ મહુડી અને મહરાજ સિદ્ધરાજ જયસિંહને પ્રસન્ન થયાં હતાં એ માતા વરદાયિની કે જયાં પવિત્ર પલ્લીનો વિશ્વ વિખ્યાત મેળો ભરાય છે આ ત્રણ સ્થળોને પવિત્ર યાત્રાધામ તરીકે વિકાસસા માટે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવ્યા નથી પણ પ્રવાસન વર્ષ નિમિતે આનો વિકાસ કરવાનું સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન સ્પષ્ટ છે અને જવાબ પણ સ્પષ્ટ છે. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં સરકાર દ્વારા અંબાજી, ડાકોર, જૂનાગઢ, સોમનાથ, દ્વારકા અને પાલિતાણા આ ૬ સ્થાનોને સમાવ્યા છે. એના વિકાસની કામગીરી આ વર્ષ દરમ્યાન સતત ચાલુ છે. સૌ પ્રથમ જે જાહેર કરેલ પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા એ સ્થાનોના સંપૂર્ણ વિકાસની રૂપરેખા કંડારીને આગળ વધીએ છીએ.

બીજો પ્રશ્ન શ્રી સી.જે. ચાવડાજીનો એ છે કે આ પ્રવાસન વર્ષ દરમ્યાન આ દેવસ્થાનોમાં ત્યાં કામગીરી કરવા માગીએ છીએ કે કેમ? રૂપાલ એ દેવસ્થાન વિભાગમાં દેવસ્થાન ટ્રસ્ટમાં આવે છે, રૂપાલમાં વરદાયિની માતાનું જે આખું મહત્ત્વનું સ્થાન છે એને ધ્યાનમાં રાખીને ત્યાંના દેવસ્થાન ટ્રસ્ટ અને સરકારશ્રીનો દેવસ્થાન વિભાગ એ બન્ને સાથે મળીને ૧૦ વર્ષ માટેનો એમણે એકશન પ્લાન બનાવ્યો છે અને એના વિકાસની કામગીરીમાં જન ભાગીદારીથી પાંચ કરોડ રૂપિયા જેટલી રકમ આ ટ્રસ્ટ મેળવશે એવો એકશન પ્લાન છે. એટલે લોક ભાગીદારી અને સરકારના સંયુક્ત પ્રયત્નોથી રૂપાલ ખાતે વરદાયિની માતાના મંદિરનો આખો કાર્યક્રમ છે, એની વિગતો ખૂબ લાંબી છે કારણકે ૨૩ કરોડ રૂપિયાનો પ્લાન છે.

**પ્રવાસન વર્ષ નિમિત્તે જુનાગઢ તથા પોરબંદર જિલ્લામાં પ્રવાસન સ્થળોને વિકસાવવા બાબત**

***૧૮૧૪૩ શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે,

(૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ નિમિત્તે જુનાગઢ તથા પોરબંદર જિલ્લામાં કયા કયા પ્રવાસન તથા યાત્રાધામ સ્થળને કઈ રીતે વિકસાવવાનું આયોજન છે, અને

(૨) તે માટે અંદાજે કેટલી રકમનો ખર્ચ થનાર છે?

**પ્રવાસન મંત્રીશ્રી**

(૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ની કાર્ય યોજના અનુસાર નીચે પ્રમાણે વિકાસ કામો માટે આયોજન છે.

૧. સોમનાથ - યાત્રી સુવિધા સંકુલ
- હિરણ ગોલોક યોજના

૨. ગિરનાર
- દામોદર કુંડ રિઝુવેશન ફેઝ
- ભવનાથ મંદિર વિકાસ
- વાઘેશ્વરી વિકાસ

પ્રવાસન વર્ષ, ૨૦૦૬ નિમિત્તે જુનાગઢ તથા પોરબંદર જિલ્લાના કલેકટરશ્રી દ્વારા નીચે મુજબના પ્રવાસન તથા યાત્રાધામ સ્થળોના વિકાસ માટે દરખાસ્ત મળેલ છે.

**પત્રક (૧) જુનાગઢ જિલ્લો :-**

| | | | |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ શહેર | ૧૧ | ગુપ્તપ્રયાગ |
| ૨ | સાસણગીર | ૧૨ | ચોરવાડ |
| ૩ | સોમનાથ | ૧૩ | લોયેજ મંદિર |
| ૪ | વેરાવળ | ૧૪ | અક્ષયગઢ |
| ૫ | કંનાડા હીલ | ૧૫ | પાંચ પીપળવા-બરડા બાંધરા |
| ૬ | માધુપરુ જંબુર | ૧૬ | વ્હેલસાર્ક સાઈટીંગ સ્પોર્ટ (કોડીનાર) |
| ૭ | કનકાઈ પેમ્પલ | ૧૭ | ચરખડી, છારા અને વેલાણ ગામે લાયન સફારી |
| ૮ | સાણવાકીયા | ૧૮ | ફાર્મ ટુરીઝમ-રમરેચી ગામ, તા. તલાલા |
| ૯ | તુલસીશ્યામ | ૧૯ | મધુવંતી લેક તા.મેંદરડા |
| ૧૦ | એહમદપુર માંડવી | | |

**(૨) પોરબંદર જિલ્લો :-**

| | | | |
|---|---|---|---|
| ૧ | પોરબંદર શહેર | ૬ | બગવદર |
| ૨ | માધવપુર | ૭ | આદિત્યાણા |
| ૩ | કુછડી | ૮ | બિલેશ્વર |
| ૪ | વીસાવાડા-મુળ દ્વારકા | ૯ | ગોકરણ |
| ૫ | મીયાંણી | ૧૦ | જાબુવંતી ગુફા |

ઉપરોક્ત પ્રવાસન સ્થળોએ જુદી જુદી આંતર માળખાકીય સુવિધાઓ તથા પ્રવાસન સવલતો ઊભી કરવાની દરખાસ્ત છે.

**(૧) જુનાગઢ જિલ્લો :-**

(૨) (અ) પ્રવાસન વર્ષ ૨૦૦૬ની કાર્યયોજના મુજબ નીચે પ્રમાણે ખર્ચ થશે.

૧. **સોમનાથ**

| | |
|---|---|
| - યાત્રી સુવિધા માહિતી સંકુલ | - રૂા.૩૨.૦૦ લાખ |
| - હિરણ ગોલોક યોજના | - રૂા.૬૮.૦૦ લાખ |
| કુલ : | -રૂા.૧૦૦-૦૦લાખ |

૨. **ગીરનાર**

| | |
|---|---|
| - દામોદર કુંડ રીજુવેશન ફેઝ | -રૂા.૧૪-૭૨ લાખ |
| - ભવનાથ મંદિર વિકાસ | - રૂા.૮૩.૮૨ લાખ |
| - વાઘેશ્વરી વિકાસ | - રૂા. ૫.૨૦ લાખ |
| કુલ : | - રૂા.૧૦૩.૭૪લાખ |

(બ) જિલ્લા કલેકટરશ્રી જૂનાગઢ તથા પોરબંદરની દરખાસ્તો નીચે પ્રમાણે અંદાજ છે. તે મુજબ.

| | |
|---|---|
| - જૂનાગઢ જિલ્લો | - રૂા. ૧૬૨૮.૦૦ લાખ |
| - પોરબંદર જિલ્લો | - રૂા. ૧૫૯૬.૫૦ લાખ |

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મને જે જવાબ આપવામાં આવ્યો છે, એ જવાબની અંદર પ્રવાસન વર્ષ ૨૦૦૬ની કાર્ય યોજના અનુસાર રાજય સરકારનું જે આયોજન છે એમાં સોમનાથમાં યાત્રી સુવિધા સંકુલ અને હીરણની અંદર ગોલોક યોજના અને ગિરનારની અંદર દામોદર કુંડ રિજુવેશન ફેઝ, ભવનાથ મંદિરનો વિકાસ અને વાઘેશ્વરી મંદિરનો વિકાસ, એમાં બતાવેલા આંકડા પ્રમાણે લગભગ બે કરોડ રૂપિયા જેટલો ખર્ચ થવાની સંભાવના છે એ જ રીતે જુનાગઢ અને પોરબંદરના પ્રવાસન ક્ષેત્રો જે લગભગ ૨૫ જેટલા થવા જાય છે એમાં સવા બત્રીસ કરોડ રૂપિયા જેટલો ખર્ચ થવાની સંભાવના છે આ બધીજ બાબતોને પહોંચી વળવા માટે રાજય સરકારનું જે આયોજન છે એમાં સવા બે કરોડ અને કલેકટરશ્રીએ હૅરીટેજ કે પ્રવાસન સ્થળોને વિકસાવવા માટે જે દરખાસ્ત કરેલ છે એવા લગભગ ૩૨ કરોડ રૂપિયા એ પૈકીની ચાલુ વર્ષના બજૅટની અંદર કોઈ જોગવાઈ છે કે કેમ અગર નથી તો આ બધીજ બાબતોને આ પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટેના ખર્ચ અંગેનું આયોજન રાજય સરકારે કર્યુ છે કે કેમ અને એની આ બધીજ બાબતોને પહોંચી વળવામાં કયાં સુધીનું આયોજન છે અને ત્રીજી બાબત એ છે કે આપ જાણો છો એ પ્રમાણે સૌરાષ્ટ્ર અને એમાં પણ સોમનાથ, શાસન, ગિરનાર અને ચોરવાડ, એ ખાસ મહત્ત્વના પ્રવાસન કેન્દ્રો છે, ગિરનારની રોપ વે અંગેની પણ એક બાબત હતી, શાસનના સિંહોના પર્યટન સ્થળનો વિકાસ થાય એના માટે.. હું એમ પૂછવા માગું છું કે એના માટે વિકાસની આપણી કાર્ય યોજના કયા પ્રકારની છે એ જ રીતે ભૂતકાળની અંદર જે ચોરવાડનું વિહારધામ છે જે જૂનો નવાબનો બંગલો છે એને વેચવા માટેની પણ રાજય સરકારે હરરાજી કરી હતી આપણી એ ચોરવાડને આયુર્વેદિક હેલ્થ ટુરીઝમ તરીકે ડેવલપ કરવાની યોજના છે કે કેમ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના અનેક પ્રશ્નો છે, પ્રશ્નોના જવાબમાં સોમનાથ અને ગિરનારના વિકાસની રૂપરેખા અને એની પાછળ થનાર ખર્ચ એ સ્પષ્ટ રીતે આપેલા છે, જુનાગઢ જિલ્લા અને પોરબંદર જિલ્લા પૈકી જુનાગઢ જિલ્લામાં ૧૬૨૮.૦૦ લાખની એ કલેક્ટરશ્રીની દરખાસ્ત છે એવી જ રીતે પોરબંદર જિલ્લામાં ૧૫૯૬.૫૦ લાખની એ પણ કલેકટરશ્રીની દરખાસ્ત છે. પ્રવાસન વર્ષ દરમ્યાન આ સ્થાનિક વિકાસની કામગીરી સરકારના સૌ વિભાગો દ્વારા પણ થાય અને પ્રવાસન વિભાગ દ્વારા થાય એના માટે થઈને એમણે જે પ્રશ્ન કર્યો છે એ માનનીય સભ્યશ્રીના પ્રશ્ન મુજબ ૨૦૦૬-૦૭ના વર્ષના આયોજનમાં આંતર માળખાકીય સુવિધા અને પ્રવાસન સવલતો અંગે જિલ્લાને સહાય પેટે ૬૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરેલી છે. મેળા ઉત્સવના આયોજન માટે ૧૪ કરોડ રૂપિયા આ પ્રવાસન ૨૦૦૬-૦૭ની ઉજવણી પેટે ૧૦ કરોડ રૂપિયા, તેના પ્રચાર, પ્રસાર, પ્રમોશન અને માર્કેટીંગ માટે આખરે તો આપણે પ્રમોટ કરીએ છીએ તો તેને માટે થઈને ૧૦ કરોડ રૂપિયા આના માટે લોકોમાં જાગૃતિ લાવવા માટે પ્રદર્શન, સેમિનાર અને તેના દ્વારા સમગ્ર લોકોને આની માહિતી પહોંચે અને તેમાં ભાગ લે તેના માટે થઈને દોઢ કરોડ રૂપિયા તે પ્રવાસન માહિતી કેન્દ્ર તો સોમનાથ અને જુનાગઢમાં પણ પોરબંદરના બસ સ્ટૅન્ડ ઉપર અને જુનાગઢમાં પણ બસ સ્ટૅન્ડ ઉપર સરકારશ્રીએ પ્રવાસન માહિતી કેન્દ્ર ચાલુ કર્યા છે અને તેની પણ પૂરેપૂરી ચિંતા કરવામાં આવી છે. સમગ્ર ગુજરાતને ૧ કરોડ ૧૦ લાખ રૂપિયા જેટલા આ પ્રવાસી માહિતી કેન્દ્ર, લોક જાગૃતિ કેન્દ્ર માટે ફાળવવામાં આવ્યા છે. ભારત સરકારની જે પરિયોજના છે આ વર્ષ નિમિત્તે તેના વિકાસમાં સરકારનો શેરફાળો ૨ કરોડ ૫૦ લાખ રૂપિયા જેટલો થવા જાય છે તેની પણ જોગવાઈ કરી છે. આના માટે તાલીમ આપવી પડે, ગાઈડો ઉભા કરવા પડે અને

લોકોની જાગૃતિ તેને માટે વધે તેને માટે થઈને ૩૦ લાખ રૂપિયા માર્કેટ રીસર્સ અને મોનીટરીંગ માટે ૩૦ લાખ રૂપિયા ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન તેને માટે ૨૫ કરોડ રૂપિયા અને ટુરીસ્ટ કાઉન્સિલ સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાન નીચે ચાલુ વર્ષને પ્રવાસન વર્ષને પ્રમોટ કરવા માટે પૂરેપૂરી ચિંતા કરી છે અને સહકારી પ્રમોશન માટે ગુજરાત ટુરીઝમ કાઉન્સિલની રચના કરી છે. પહેલીવાર રચના કરી છે અને તેમાં પણ ૫ લાખ રૂપિયા જેવી માતબર રકમ ફાળવવામાં આવી છે એટલે માનનીય સભ્યશ્રીને મને લાગે છે કે આનાથી સંતોષ છે. સૌનો આભાર માનું છું.

**શ્રી ગોવિંદભાઈ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવાસન વર્ષ દરમિયાન મારા વિસ્તારમાં સાસણ, માધુપુર અને રમરેશીમાં આ ત્રણ સ્થળોનો સમાવેશ કર્યો છે પણ આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મારા વિસ્તારની અંદર પ્રાંચી માધવરાયની જગ્યા આવેલી છે અને આપણાંમાં કહેવત છે કે સોવાર કાશી અને એકવાર પ્રાંચી. આ જગ્યામાં લાખો લોકો (અંતરાય) ચંદ્રિકાબેન તમને પણ ખબર છે એટલે મને મદદ કરો, રક્ષણ આપો. પહેલી વખત ઉભો થયો છું. આ જગ્યામાં ચૈત્ર મહિનામાં લાખો લોકો પિતૃ તર્પણ અર્થે આવે છે. તો સરકારશ્રી આ સ્થળને પર્યટન વિકાસમાં સમાવેશ કરવા માગે છે કે કેમ ? અને આ અંગેની સરકારશ્રીમાં કોઈ રજૂઆતો મળેલી છે કે કેમ ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા જ મને આ રજૂઆત તેમના પત્ર દ્વારા મળી છે. વિભાગને ત્યાં આ પ્રવાસનની શક્યતા તપાસવા માટે પણ મોકલી આપી છે અને એટલું સરસ સ્થાન હોય જ્યાં સ્વયંભૂ લોકો જતાં હોય તેને જાહેર કરવાનું ના હોય તે તો જાહેર થઈ ગયેલું છે અને જ્યારે થયેલી જે જગ્યા હોય ત્યાં લોકો સ્વયંભૂ જતાં હોય છે. સરકાર ત્યાં બાકીની સવલતો કરવાની હશે તે કલેકટરશ્રીની દરખાસ્તને આધારે કરશે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે વર્ષ ૨૦૦૬-૦૭ને પ્રવાસન વર્ષ તરીકે ઉજવીએ છીએ ત્યારે તેમાં કેટલાં પ્રવાસન સ્થાનોને સાંસ્કૃતિક સ્થાનોને અને પ્રાકૃતિક સ્થાનોને આપણે આ વર્ષની અંદર કેટલાંક કાર્યક્રમો કરીને ખૂબ વિશ્વના અને રાષ્ટ્રના લોકો આકર્ષાય એવા કાર્યક્રમો કર્યા છે ત્યારે આ સ્થાનો વિશે જે ટુરીસ્ટો આવે તેને સઘળું માર્ગદર્શન મળી રહે એટલા માટે કોઈ ઉત્તમ કક્ષાના ગાઈડો તૈયાર કરી અને સઘન તાલીમ આપી અને વિશ્વના લોકોને આ ધ્યાનમાં આવે આપણા ગુજરાત ટુરીઝમ કૉર્પોરેશનની જે વેબસાઈટ છે આ વેબસાઈટ ઉપર તેમના નામ મૂકી અને લોકોને વિગતો મળી રહે એવું કંઈક કરવા માગે છે કે કેમ ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ જ સારી ચિંતા છે. આ વર્ષ દરમિયાન આ વિવિધ મહત્ત્વના સ્થળો ઉપર ટુરીસ્ટ ગાઈડ તૈયાર થાય અને તેમાં પણ તે વિસ્તારના સ્થાનિક લોકો આ ક્ષેત્રનો અભ્યાસ કરે અને આવનાર ટુરીસ્ટને ગુજરાતી, હિંદી અને અંગ્રેજી તેમાં પણ સારી રીતે તેની ભાષામાં તેની લોકભોગ્ય ભાષામાં પણ સમજાવી શકે તેની ચિંતા સરકારે કરી છે અને તેના ભાગરૂપે ૫૬૧ જેટલાં સમગ્ર ગુજરાતમાંથી ગાઈડ તૈયાર કરવામાં આવ્યા છે.

શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા, વન વિભાગ દ્વારા પણ આમાં મહેનત થઈ છે. આમ તમામ વિભાગો સાથે રહીને ઈકો ટુરીઝમ, તો એની વિશિષ્ટ માહિતી એને આપી શકે અને આપસૌ સભ્યોને પણ કહું છું કે કેવડિયા જાય છે, તો અનુભવ્યું હશે કે ત્યાંના વિસ્તારના ગાઈડ એટલા સરસ રીતે સમજાવે છે કે આપણે ભૂલા પડયા હોઈએ તો સમજાવે કે તારીખ, વિગત સાથે સમજાવે છે. અને આ ચિંતા સર્વ ક્ષેત્રમાં થઈ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : જિલ્લા કલેકટરશ્રી, જુનાગઢ દ્વારા ૧૯ યાત્રાધામોને વિકસાવવા માટે ૧૬૨૮ લાખની દરખાસ્ત કરવામાં આવી છે તો એ ૧૬૨૮ લાખની દરખાસ્ત પૈકી કેટલી રકમ કયા યાત્રાધામમાં મંજૂર કરવામાં આવી છે, અને જો હોય તો...

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, જવાબ તો વાંચો, પછી તમે આવા પ્રશ્નો પૂછો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : મારો અધિકાર છે, સાહેબ. ૧૬૨૮ લાખની દરખાસ્ત કરી છે, એમાંથી કેટલી રકમ મંજૂર કરી છે અને કેટલી રકમ ફાળવવામાં આવી છે? અને કયાં સુધીમાં તમે ફાળવવા માગો છો?

**અધ્યક્ષશ્રી** : આપ તો સિનિયર સભ્ય છો.

**શ્રી સી.ડી. પટેલ** : ૨૦૦૬ના વર્ષનું પૂછયું છે. એમને પૂરી વિગતો જોઈતી હોય તો પણ હું આપું છું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : ફકત એટલી જ માહિતી જોઈએ છે કે જૂનાગઢ કલેકટરશ્રીએ ૧૬૨૮ લાખના જે અંદાજની દરખાસ્ત કરી છે, એમાંથી તમે કેટલી રકમ મંજૂર કરી છે અને ફાળવી છે?

**શ્રી સી.ડી. પટેલ** : હું જે કહેવા માગું છું તે સ્પષ્ટ છે કે દરખાસ્ત કરેલી છે, એના આધારે ૨૦૦૬-૦૭ના પ્રવાસન વર્ષમાં મેં આગળ વિગતવાર જણાવ્યું તેમ ત્યાં જે જુદી જુદી માળખાકીય સુવિધાઓ થવાની છે, ટુરિસ્ટોને બેસવાની વ્યવસ્થા મળે, પાણીની વ્યવસ્થા મળે એના માટે સમગ્ર ગુજરાતમાં થઈને ૧૦૦ કરોડ રૂપિયા જેટલી રકમનું આયોજન કરવામાં આવ્યું છે.

**શ્રી કરશનભાઈ દુ. ઓડેદરા** : પોરબંદરનો યાત્રાધામોમાં સમાવેશ કરવામાં આવ્યો છે, એના માટે હું આભાર માનું છું. ૧૫ કરોડ ૯૬ લાખની જોગવાઈ કરવામાં આવી છે, એમાં નિગમ કામ કરવાનું છે કે કલેકટરશ્રી મારફતે પૈસા વાપરવાના છે?

**શ્રી સી.ડી. પટેલ** : દરખાસ્ત વિચારણા માટે છે. માનનીય સભ્યશ્રી કાળુભાઈનો પ્રશ્ન પણ આ જ છે. ૨૦૦૬-૦૭ના વર્ષમાં દરખાસ્તનો અભ્યાસ કરીને દરખાસ્તના આધારે વિકાસના કામો થશે. આ ચાલુ વર્ષની દરખાસ્ત છે. કરસનભાઈ અને પુંજાભાઈ વંશના બેઉના પ્રશ્નો એકસરખા છે અને દરખાસ્તના આધારે ત્યાં આગળ સરકાર ખર્ચ કરશે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : મંત્રીશ્રી લાંબા લાંબા જવાબો આપે, એના કરતા સીધા જવાબ આપવાના હોય. આ રીતે મંત્રીશ્રીઓ તૈયાર થઈને ના આવે, એ ન ચાલે,

### લીંબડી-સુરેન્દ્રનગર વચ્ચે કેરાળા ગામ પાસે નવા પુલનું કામ

***૧૭૫૮૫ શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) લીંબડી સુરેન્દ્રનગર વચ્ચે કેરાળા ગામ પાસે નવા પુલનું બાંધકામ તા. ૩૧-૧-૨૦૦૬ના રોજ કયા તબકકે છે?

(૨) આ પુલ નથી બન્યો તે કારણે ડાયવર્ઝન આપેલ રસ્તો કેટલા સમયથી છે અને તેના માટે કેટલો ખર્ચ થયો છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી**

(૧) ચારગાળાના પુલમાં ત્રણ પીયર તથા બે એબટમેન્ટનું કામ પૂર્ણ કરેલ છે.

(૨) ડાયવર્ઝન ૧૯૯૯ થી છે અને તેની પાછળ ૯.૯૧ લાખનો ખર્ચ થયેલ છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : લીંબડી સુરેન્દ્રનગર વચ્ચે કેરાળા ગામ પાસે નવો પુલ બંધાય છે. છેલ્લા ૬ વર્ષથી કામ પડી રહ્યું છે. ૧૦ લાખ રૂપિયા ડાયવર્ઝનમાં ખર્ચ થયો છે. તો કયારે એ ડાયવર્ઝન બંધ થશે અને પુલનું કામ થશે તે મારે જાણવું છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પુલ જૂન ૨૦૦૬ પહેલા પૂરો કરવાનો નિર્ધાર છે અને એ પહેલા પુર્ણ કરીશું. ૨૦૦૪-૦૫માં આ પુલમાં ૧૯૯૯-૨૦૦૦માં થોડી ક્ષતિ ઉભી થઈ. ૨૦૦૪-૦૫માં અંદાજો આપીને મંજૂર કરવામાં આવ્યો છે અને હાલમાં કામ ચાલે છે. રાજય સરકારે અઢી કરોડ રૂપિયા ફાળવ્યા છે, એટલે આવતા ચોમાસા પહેલા વાહનવ્યવહાર યોગ્ય બને એવી અપેક્ષા છે.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : આ કામનો વર્કઓર્ડર કયારે આપ્યો અને પુલ પૂરો કરવાની ટાઈમ લિમિટ શું હતી? ૬ મહિનાથી કામ બંધ છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે, હું પાંચમી અને છઠ્ઠી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### આણંદ જિલ્લામાં કાંસ બનાવવા બાબત

૧૮૧૫૫ **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલા કી.મી. કાંસ આવેલ છે, | (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કુલ ૧૧૧૧.૨૨ કી. મી. લંબાઈના કાંસ આવેલ છે. |
| (૨) છેલ્લા ૨ વર્ષમાં કેટલા કી.મી. કાંસ નવા બનાવવામાં આવ્યા તેમજ સુધારણા કરવામાં આવી અને કેટલી રકમ ખર્ચ થયેલ છે, | (૨) નવા કાંસ બનાવવામાં આવેલ નથી. કાંસની સુધારણા (મરામત અને જાળવણી) પાછળ બે વર્ષમાં રૂા. ૧૦૫.૩૯ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જિલ્લાના કાંસ વિભાગ ધ્વારા કેટલી રકમની દરખાસ્તો થયેલ છે, | (૩) કાંસ સુધારણા માટે રૂા. ૮૧૦.૯૧ લાખની દરખાસ્તો થયેલ છે જે પેકી અગ્રીમતાના કામો પેટે |

કેટલી દરખાસ્તો મંજૂર થયેલ છે, અને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

રૂા. ૩૧૭ લાખના કામોની દરખાસ્તને મંજૂરી આપેલ છે. છેલ્લા બે વર્ષમાં રૂા. ૧૦૫.૩૯ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૪) ઘણા વર્ષોથી કાંસ સફાઈ સુધારણા ન થવાથી અતિવૃષ્ટિમાં મોટું નુકસાન થયેલ છે તે હકીક્ત સાચી છે?

(૪) ના, જી.

-------------

**ફાગવેલ ગામનો પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવા બાબત**

૧૭૫૯૧ **શ્રી રાકેશ રાવ (માતર):માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના ફાગવેલ મુકામે આવેલ ભાથીજી મહારાજના મંદિરનો પવિત્ર યાત્રાધામ તરીકે રાજ્ય સરકારે સમાવેશ કરેલ છે કે કેમ, અને

(૨) આ સ્થાનના વિકાસ માટે સરકારે શાં પગલાં ભરેલ છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**શબરી કુંભ વિસ્તારમાં ખાનગી જમીનો સંપાદન કરી રસ્તા બનાવવા બાબત**

૧૮૧૩૦**શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં ડાંગ જિલ્લામાં શબરી કુંભ વિસ્તારમાં ખાનગી જમીનો ઉપર રસ્તા બનાવવા માટે કેટલી જમીન સંપાદન કરી કેટલા રસ્તાના કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : માર્ગ અને મકાન વિભાગ દ્વારા શૂન્ય.

-------------

**મોટી નદીઓ ઉપર ચેકડેમો બાંધવા બાબત**

૧૭૫૮૮ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નાણાંકીય વર્ષ ૨૦૦૨-૨૦૦૩, ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ દરમ્યાન જળસંપત્તિ વિભાગ ધ્વારા મોટી નદીઓ પર વર્ષવાર કુલ કેટલા ચેકડેમો બાંધવામાં આવ્યા,

(૨) આ ચેકડેમો કઈ યોજના હેઠળ મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) આગામી વર્ષ ૨૦૦૬-૦૭માં કુલ કેટલા ચેકડેમો મોટી નદી પર બાંધવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૦૨-૨૦૦૩, ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ દરમ્યાન જળસંપતિ વિભાગ દ્વારા મોટી નદીઓ પર વર્ષવાર થયેલા ચેકડેમોની વિગતો બિડાણ -૧ મુજબ છે.

(૨) આ ચેકડેમો જે યોજના હેઠળ મંજુર કરવામાં આવ્યા તેની વિગતો બિડાણ - ૧ મુજબ છે.

(૩) આગામી વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં મોટી નદી પર બાંધવાનું આયોજન બિડાણ - ૨ મુજબ છે.

**બિડાણ : ૧**

**નાણાકીય વર્ષ ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં મોટી નદીઓ પર થયેલ ચેકડેમોની માહિતિ**

| **યોજનાનું નામ** | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | કુલ |
|---|---|---|---|---|
| સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના | ૧૨ | ૪૩ | ૧૨૯ | ૧૮૪ |
| ક્ષાર પ્રવેશ નિવારણ યોજના | ૦ | ૧ | ૧ | ૨ |
| સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના | ૦ | ૧ | ૦ | ૧ |
| રાષ્ટ્રીય શ્રમ વિકાસ યોજના | ૦ | ૦ | ૬ | ૬ |
| ન્યુ ગુજરાત પેટર્ન | ૫ | ૪ | ૪ | ૧૩ |

| | | | | |
|---|---|---|---|---|
| આદિજાતિ વિકાસ | ૨ | ૧ | | ૩ |
| જિલ્લા આયોજન મંડળની યોજના | ૩ | | | ૩ |
| ૧૧ મા નાણાપંચ | ૨ | ૧ | ૯ | ૧૨ |
| અન્ય નાની સિંચાઈ યોજનાઓ | ૫ | ૧ | ૨ | ૮ |
| કુલ સરવાળો | ૨૯ | ૫૨ | ૧૫૧ | ૨૩૨ |

## બિડાણ : ૨

## વર્ષ ૨૦૦૬-૦૭ માટે નદીઓ પરના ચેકડેમોનું આયોજન

| **યોજનાનું નામ** | **કુલ** |
|---|---|
| સુજલામ સુફલામ યોજના | ૩૬૮ |
| સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના | ૧૮૨ |
| પૂરના ૧ મીલીયન એકરફૂટ પાણીનો સૌરાષ્ટ્રમાં સંગ્રહ કરવાના આયોજનના ભાગરૂપે | ૩૫ |
| ક્ષાર પ્રવેશ નિવારણ યોજના | ૧૩ |
| રાષ્ટ્રીય શ્રમ વિકાસ યોજના | ૩૪ |
| ન્યુ ગુજરાત પેટર્ન | ૩૫ |
| કુલ સરવાળો | ૬૬૭ |

-------------

## સાબરકાંઠા જિલ્લાના યાત્રાધામોનો વિકાસ કરવા બાબત

૧૭૯૬૪**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર(મેઘરજ) માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ક્યા ક્યા સ્થળોને પવિત્ર યાત્રાધામ વિકાસ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે, અને

(૨) આ દરેક સ્થળના વિકાસ માટે કેટલો ખર્ચ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના કોઈ સ્થળનો પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## પ્રવાસન સ્થળ તરીકે રફાડીયા મહાદેવને જાહેર કરવા બાબત

૧૮૦૫૧**શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૬ના વર્ષને રાજ્ય સરકારે પ્રવાસન વર્ષ જાહેર કરેલ હોવાથી પ્રવાસના, સ્થળ તરીકે મોરબી તાલુકાના રફાડીયા ગામમાં એક હેરીટેજ ટાઈપનું રફાડીયા મહાદેવનું ૨૦૦ વર્ષ જુનું મંદિર છે તો તેને સરકાર પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવા માંગે છે કે કેમ, અને ?

(૨) તેને રીપેરીંગ કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨) : પ્રવાસન સ્થળ જાહેર કરવાની કોઈ જોગવાઈ નથી. પરંતુ પ્રવાસન વર્ષ : ૨૦૦૬ માટે કલેક્ટરશ્રી રાજકોટ તરફથી તેયાર કરવામાં આવેલ દરખાસ્તમાં આ સ્થળના વિકાસ માટે રૂા. ૪.૦૦ લાખનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.

-------------

## કાકરાપાર સિંચાઈ યોજનામાં મુખ્ય નહેર તથા શાખા નહેરોની મરામતની કામગીરીનાં નાણાનું ચૂકવણું કરવા બાબત

૧૮૧૭૫ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ લાંબા સમયથી કાંકરાપાર સિંચાઈ યોજનાનાં ડાબા કાંઠાની મુખ્ય નહેર તથા શાખા નહેરોના મરામત-આધુનિકરણના થયેલ કામો અંગે કોન્ટ્રાકટરોને પૂરા ચુકવણા થયા નથી તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ક્યા ક્યા કોન્ટ્રાકટરને કામ મર્યાદીત સમયમાં પૂરું કરેલ હોય તેમ છતાં કઈ-કઈ તારીખની સમય મર્યાદા પછી કેટલી રકમના ચુકવણા બાકી છે, અને

(૨) કાકરાપાર ડાબા કાંઠા નહેરના પુનઃ સ્થાપનનાં કામો પૂર્ણ કરવાની સમયમર્યાદા ૩૧-૧-૨૦૦૧ની હતી. ઉપરોક્ત કામોમાં થયેલ વધારાના જથ્થાનું તથા વધારાની આઈટમનું નીચેની વિગતો પ્રમાણેના કોન્ટ્રાકટરને ચુકવણું કરવાનું બાકી રહે છે.

| અ.નં. | કોન્ટ્રાકટરનું નામ | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | મેસર્સ ભાઈલાલભાઈ એ. પટેલ | ૫૧.૨૨ |
| ૨ | સદ્ભાવ એન્જીનીયરીંગ લીમીટેડ | ૪૩૩.૬૫ |
| ૩ | મે.ધોરાજીઆ કન્સ્ટ્રક્શન કંપની | ૧૦૮.૨૧ |
| ૪ | શાહ એન્જીનીયરીંગ કંપની | ૨૧૩.૩૯ |
| ૫ | જે.એસ.આર. કન્સ્ટ્રક્શન પ્રા.લી. | ૩૩.૮૯ |
| ૬ | બી.પટેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી. | ૬.૯૦ |
| ૭ | બેકબોન પ્રોજેક્ટ લીમીટેડ | ૨૪૨.૬૬ |
| ૮ | શ્રી કે. કે. ભલાલા | ૩.૨૬ |
| ૯ | કોન્ટીનેન્ટલ કન્સ્ટ્રક્શન લી. | ૪૨.૬૨ |
| ૧૦ | મે.શશીન કન્સ્ટ્રક્શન કંપની | ૩૬.૧૪ |
| ૧૧ | મે. જી. પી. પટેલ | ૭૯.૬૧ |
| ૧૨ | મે. એમ. પટેલ | ૫૪.૦૭ |
| ૧૩ | રઘુવીર કન્સ્ટ્રક્શન કંપની | ૨.૩૭ |
| ૧૪ | મે. જી. એચ. વિજાપુરા એન્ડ કંપની | ૦.૭૯ |

(૩) જો ના, તો સંબંધિત કામ અંગેના કેટલી રકમનાં ચુકવણા તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ક્યારે ક્યારે થયાં ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## માંગરોળના મોચા બગસરા રસ્તાનું અધુરું કામ

૧૮૦૨૮ ડૉ. **ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના માંગરોળના મોચા બગસરા રસ્તાનું કામ અધુરું રાખવામાં આવેલ છે તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ કામ અધુરું રાખવાના કારણો શા છે અને તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૯ કી.મી. લંબાઈ પૈકી ૮.૩૦ કી.મી.માં ડામર કામ પૂર્ણ થયેલ છે. ૦.૭૦૦ કી.મી. લંબાઈમાં ડામર કામ બાકી છે.

(૨) જમીન સંપાદન કરવાની હોવાથી, જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયે જેમ બને તેમ જલ્દીથી.

-------------

## ભૂજ વિસ્તાર વિકાસ સત્તામંડળ હસ્તકની ટાઉન પ્લાનીંગ સ્કીમ

૧૮૦૨૯ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂજ વિસ્તાર વિકાસ સત્તામંડળ હસ્તકની ટાઉન પ્લાનીંગ યોજનામાં ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ ક્યા ક્યા રસ્તાઓ ચાર માર્ગી તેમજ પહોળા કરવાનું આયોજન બાકી છે,

(૨) આ આયોજન ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) આ કામગીરી પૂર્ણ થવામાં વિલંબ થવાના શાં કારણો છે ?

**જવાબ**

(૧) ભૂજ વિસ્તાર વિકાસ સત્તામંડળ હસ્તકની ટાઉન પ્લાનીંગ યોજનામાં ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ રસ્તાઓ ચાર માર્ગી તેમજ પહોળા કરવાનું આયોજન પૂર્ણ થયેલ છે,

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## કેલાસ માનસરોવરની યાત્રા કરવા બાબત

૧૭૮૦૬ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાંથી કેટલા યાત્રીઓએ કેલાસ માનસરોવરની યાત્રા કરી, અને

(૨) રાજ્ય સરકારની જાહેરાત મુજબ વર્ષવાર કેટલા યાત્રાળુઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) નીચે મુજબ

| વર્ષ | યાત્રીઓ |
|---|---|
| ૨૦૦૨-૦૩ | ૧૪૩ |
| ૨૦૦૩-૦૪ | ૧૪૨ |
| ૨૦૦૪-૦૫ | ૧૯૮ |
| **કુલ :** | **૪૮૩** |

(૨) પ્રત્યેક યાત્રીને રૂા. ૨૦ હજાર લેખે.

| **વર્ષ** | **યાત્રીઓ** | **કુલ રકમ** |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૧૪૩ | રૂા. ૨૮.૬૦ લાખ |
| ૨૦૦૩-૦૪ | ૧૪૨ | રૂા. ૨૮.૪૦ લાખ |
| ૨૦૦૪-૦૫ | ૧૯૮ | રૂા. ૩૯.૦૦ લાખ |
| | **કુલ :** | **રૂા. ૯૬.૦૦ લાખ** |

-------------

## સંખેડા તાલુકાની ૬૧ ગામ જૂથ પાણી પુરવઠા યોજના

૧૮૧૨૮ **શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સંખેડા તાલુકાની ૬૧ ગામ જૂથ પાણી પુરવઠા યોજના હજી પણ પૂર્ણ થઇ નથી, તો આ યોજના ક્યારે મંજૂર થઇ અને તે ક્યારે પૂર્ણ કરવાની હતી,

(૨) આ યોજના ક્યા તબક્કે છે, અને

(૩) આ યોજના ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) માહે સપ્ટેમ્બર-૨૦૦૨માં મંજૂર થયેલ હતી અને માર્ચ - ૨૦૦૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હતું.

(૨) સમાવિષ્ઠ ૬૧ ગામ/પરામાંથી ૨૦ ગામ/પરાને પાણી પુરવઠો ચાલુ કરેલ છે ૧૪ ગામોને એપ્રિલ-૦૬ સુધીમાં પાણી પુરવઠો શરૂ કરવાનું આયોજન છે અને અન્ય ગામોના કામો પ્રગતિ હેઠળ છે.

(૩) અછાલી હેડવર્કસ વન વિભાગ હસ્તકની જમીનમાં કરવાનું હોવાથી વન વિભાગની મંજૂરી મળ્યેથી અને રાઈઝીંગ મેઈન તથા વિતરણ લાઈન

નાખવા માટે નર્મદા કેનાલ ક્રોસીંગ આવે છે જેની મંજૂરી મળ્યેથી બે માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**સુરત મહાનગરપાલિકામાં આસપાસના ગામોનો સમાવેશ કરવા બાબત**

૧૮૦૨૩ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરત શહેરની આસપાસના ૮ ગામોનો સમાવેશ શહેરમાં કરવામાં આવ્યો છે તે હકીક્ત ખરી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ ૮ ગામોની વસ્તી કરતા પણ વધારે વસ્તીની ગીચતાવાળા ગામો રહી જવા પામ્યા છે તેવા કેટલા ગામો બાકી છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ ગામોનો સમાવેશ ક્યારે કરવાનું આયોજન છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ વધારે વસ્તીની ગીચતાવાળા ગામોને શહેરમાં ક્યારે સમાવેશ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**મહુવા તાલુકાના ભેંસલા હનુમાન તરેડી એપ્રોચ રોડ બિસ્માર હોવા બાબત**

૧૭૫૭૭**ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકાના તરેડી ગામનો ભેંસલા હનુમાન તરેડી એપ્રોચ રોડ અત્યંત બિસ્માર હાલતમાં છે તે હકીક્ત સાચી છે, | (૧) રસ્તો વાહનવ્યવહાર યોગ્ય છે. |
| (૨) જો હા, તો આ રસ્તાનું પેવર કામ કરવા માટે સરકારનું શું આયોજન છે, અને<br>(૩) તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) અને (૩) : રસ્તાનું રીસરફેસીંગ કરવાનું હાલ કોઈ આયોજન નથી. |

-------------

**મહેસાણા અને પાટણ જિલ્લાના રાજ્ય હસ્તકના પુલો નબળા હોવા બાબત**

૧૭૯૬૬ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લાના રાજ્ય હસ્તકના કેટલા માર્ગો પરના પુલો નબળી હાલતમાં છે, અને<br>(૨) સદર નબળા પુલોના મરામત માટે સરકાર શું આયોજન કરવા માંગે છે ? | (૧) અને (૨) : સદર જિલ્લામાં રાજ્ય વિભાગ હસ્તક કોઈપણ પુલ નબળી હાલતમાં નથી. |

-------------

**રાજપીપળા નગરપાલિકાના નગરજનોને ક્ષાર યુક્ત પાણીથી ચામડીના રોગ થવા બાબત**

૧૮૨૨૦**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજપીપળા શહેરના નગરજનોને ક્ષાર યુક્ત પાણી પીવાથી ચામડીના દર્દોથી પીડાય છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. ક્ષારયુક્ત પાણી પીવાથી ચામડીના રોગો થતાં નથી. |
| (૨) સરકારે રાજપીપળા તાલુકામાં તા.૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્ષારયુક્ત પીવાના પાણીના પરિક્ષણ કરવામાં આવેલ છે તેના આધારે | (૨) ના, જી. |

સરકાર કોઇ પાણી શુધ્ધીકરણનો પ્લાન્ટ નાંખવાનું કોઇ આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો તેનું આયોજન શું છે અને જો ના તો સરકાર આ બાબતે કોઇ તાત્કાલિક પાણી શુધ્ધિકરણ માટેના પ્લાન્ટનું આયોજન કરવા માંગે છે કે કેમ ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**અમરેલી જિલ્લામાં નર્મદા આધારિત સિંચાઇનું પાણી આપવા બાબત**

૧૭૫૯૮**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં નર્મદા આધારિત સિંચાઇનું પાણી ક્યા ક્યા વિસ્તારને આપવાનું આયોજન છે,

(૨) આ આયોજન તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) સિંચાઇનું પાણી ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) નર્મદા આધારિત સિંચાઈનું પાણી અમરેલી જિલ્લામાં આપવા આયોજન નથી પુરના વધારાના એક મીલીયન એકર ફુટ પાણી લીંક નહેર દ્વારા અમરેલી જિલ્લાના ચાર જળાશયોમાં ભરી રાજુલા, ખાંભા, તથા જાફરાબાદ તાલુકાના વિસ્તારને પાણી આપવાનું આયોજન વિચારણા હેઠળ છે.

(૨) સૂચિત લીંક નહેરની પથરેખા નક્કી કરવાની પ્રાથમિક સર્વેક્ષણની કામગીરી કરવામાં આવેલ છે. વિગતવાર સર્વેક્ષણની તથા આયોજનની કામગીરી ટુંક સમયમાં હાથ પર લેવામાં આવનાર છે.

(૩) સુચિત આયોજનના આર્થિક અને તાંત્રિક પાસાઓનો અભ્યાસ કરી યોજના પોષણક્ષમ જણાયે નાણાંકિય ઉપલબ્ધિ ધ્યાને લઈ કામો પૂર્ણ થયેથી પૂરના પાણી આપવામા આવશે.

-------------

**ભરૂચ જિલ્લામાં તાલુકાવાર હેન્ડપંપોની સંખ્યા**

૧૮૧૭૦ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા હેન્ડ પંપોની સંખ્યા છે,

(૨) તે પૈકી કેટલા હેન્ડ પંપો કેટલા સમયથી બંધ હાલતમાં છે, અને

**જવાબ**

(૧) નીચેની વિગતે

| તાલુકો | કુલ હેન્ડપંપોની સંખ્યા | તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બેસાડેલ હેન્ડપંપની સંખ્યા |
|---|---|---|
| ભરૂચ | ૨૪૫ | ૧૨ |
| અંકલેશ્વર | ૧૩૯ | ૧ |
| વાગરા | ૪૮ | ૪ |
| આમોદ | ૧૩૬ | ૫ |
| જંબુસર | ૨૧૫ | ૧ |
| ઝગડીયા | ૧૩૦૩ | ૧૩૬ |
| વાલીયા | ૧૪૧૮ | ૧૨૩ |
| હાંસોટ | ૦ | ૦ |
| **કુલ :** | **૩૫૦૪** | **૨૮૨** |

(૨) છેલ્લા ત્રણ વર્ષથી ૨૮ હેન્ડપંપ કાયમી ધોરણે બંધ પડેલ છે. જ્યારે ૧૭ હેન્ડપંપો રિપેરીંગ થઈ શકે તેવી બંધ હાલતમાં હતા તે રીપેરીંગ થાય બાદ આજે ચાલુ સ્થિતિમાં છે.

(૩) કેટલા હેન્ડ પંપોમાં પાણીના તળ નીચે જવાથી ઉપયોગમાં લઇ શકાતા નથી ?

(૩) એક પણ નહી પરંતુ ગત ઉનાળાના સમયમાં પાણીના તળ નીચે જવાથી ૫૧ હેન્ડપંપ હંગામી ધોરણે બંધ હાલતમાં હતા.

-------------

**ઉમરગામ તાલુકામાં પ્રવાસન માટે ફાળવેલ રકમ**

૧૭૯૬૭**શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ):માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રવાસન વર્ષ અન્વયે વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં પ્રવાસન ક્ષેત્રે કેટલી રકમ તા.૩૧-૧-૦૬ સુધીમાં ફાળવવામાં આવી, અને

(૨) ક્યા ક્યા કામો પાછળ કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) કોઈ રકમ ફાળવવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**દહેગામ તાલુકામાં મેશ્વો, ખારી અને વાત્રક નદીઓમાં ચેકડેમો બાંધવા બાબત**

૧૮૨૦૨ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દહેગામ તાલુકામાં મેશ્વો-ખારી અને વાત્રક નદીઓમાં કેલેન્ડર વર્ષ ૨૦૦૫ માં કેટલા ચેકડેમો બનાવવાની માંગણીઓ આવી,

(૨) કેટલા સ્થળોનો સર્વે કરી દરખાસ્તો મંજૂર કરી પ્લાન એસ્ટીમેંટ કરી ટેન્ડર બહાર પાડીને કેટલા કામો આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) અને (૨) કોઈ માંગણી આવેલ નથી, પરંતુ સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ દહેગામ તાલુકામાં સ્થળ પસંદગી કરી નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી.

| નદીનું નામ | નકશા અંદાજો તેયાર ક્ર્યા | મંજુર અંદાજોની સંખ્યા | મંગાવેલ ટેન્ડરની સંખ્યા | મંજુર કરેલ ટેન્ડરની સંખ્યા | સોપવામાં આવેલ કામની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ખારી | ૫ | ૫ | ૫ | ૫ | ૩ |
| મેશ્વો | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૭ |
| વાત્રક | ૦૨ | ૦૨ | ૦૨ | ૦૨ | ૦૦ |
| કુલ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૧૦ |

(૩) કેટલા કામો પૂર્ણ થયા છે, અને

(૩) મેશ્વો નદી પર ચાર ચેકડેમોની કામગીરી પૂર્ણ કરેલ છે.

(૪) બાકી કામો સરકાર ક્યારે પૂરા કરવા માંગે છે?

(૪) બાકીના મંજૂર થયેલ છ કામો તા.૩૧-૧૨-૦૭ સુધીમાં પૂર્ણ કરવા આયોજન છે.

-------------

**વિકાસ પથ યોજના હેઠળ વઢવાણ શહેરનો મંજૂર થયેલ રસ્તો**

૧૭૪૫૦ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિકાસ પથ યોજના હેઠળ વઢવાણ શહેરનો મંજૂર થયેલ રોડ પેકી બાકી રહેતા (શિયાણીની પોળથી આર્ય સમાજ મંદિર સુધી) રોડની નાણાકીય વહીવટી મંજૂરી આપવાની બાકી છે કે કેમ, અને

(૨) જો હા, તો સરકાર ક્યારે વહીવટી મંજૂરી આપવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આયોજન આખરી થયેથી.

------------

## ગોધરા શહેર માટે શહેરી વિકાસ વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ બાબત

૧૮૨૧૧ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગોધરા શહેર માટે શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) રૂા. ૨૭૨.૫૪ લાખ |
| (૨) જે કાર્યો પૂરા ન થયા હોય તે પૂરા કરવા સરકારનું શું આયોજન છે ? | (૨) આવા કામો સત્વરે પૂરા કરાવવાનું આયોજન છે. |

-------------

## બનાસ અને સાબર નદી ઉપર બનેલા ચેક ડેમો

૧૮૦૪૯ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ઉત્તર ગુજરાતમાં બનાસ અને સાબર નદી ઉપર છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ચેક ડેમો બંધાયા તે પૈકી કેટલા તૂટી ગયા, | (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ઉત્તર ગુજરાતમાં સાબરમતી નદી ઉપર ત્રણ ચેક ડેમો બાંધવામાં આવેલ જે પૈકી એક ચેકડેમ અંશતઃ તુટી ગયેલ છે. જ્યારે બનાસ નદી ઉપર એક પણ ચેકડેમ બાંધવામાં આવેલ નથી. |
| (૨) ચેક ડેમો તૂટી જવા માટે કોની જવાબદારી નક્કી કરવામાં આવી, અને | (૨) ક્ષતિગ્રસ્ત થયેલ ચેકડેમ બાબતે તપાસની કાર્યવાહી સરકારશ્રી કક્ષાએ ચાલુ છે. હાલમાં કોઈની જવાબદારી નક્કી કરવામાં આવેલ નથી. |
| (૩) ચેકડેમો પાછળ કુલ કેટલો ખર્ચ થયો અને હવે રીપેરીંગ માટે કેટલો ખર્ચ કરવો પડશે ? | (૩) પુર્ણ થયેલ ચેકડેમો પાછળ કુલ રૂા. ૮૪.૮૮ લાખનો ખર્ચ થયેલ છે, અને ક્ષતિગ્રસ્ત ચેકડેમોની મરામત માટે રૂા. ૭.૭૫ લાખનો ખર્ચ કરવો પડશે.<br>સાબરમતી નદી ઉપર કુલ ૧૦ ચેકડેમોના કામો પ્રગતિ હેઠળ છે. જે માટે રૂા. ૪૦૧.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. આ પૈકી પ્રગતિ હેઠળના પાંચ ચેકડેમોને નુકશાન થયેલ છે જેની મરામત પાછળ રૂા. ૧૫૪ લાખનો ખર્ચ થશે. |

-------------

## સાબરકાંઠા જિલ્લામાં ચેકડેમ અને તળાવો ઊંડા કરવા બાબત

૧૮૧૯૬**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ તાલુકા પ્રમાણે કેટલા ચેકડેમ અને તળાવો ઊંડા કરવાની અરજીઓ આવી,<br>(૨) કેટલા તળાવો ઊંડા કર્યા અને ચેકડેમ બાંધવાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને<br>(૩) તાલુકા પ્રમાણે કેટલો ખર્ચ થયો ? | (૧), (૨) અને (૩) સામેલ પત્રક મુજબ |

**પ ત્ર ક**

### સાબરકાંઠા જિલ્લામાં લોકભાગીદારીથી ચેકડેમ અને તળાવો ઉંડા કરવા તાલુકાવાર મળેલ, મંજૂર કરેલ અરજીઓ અને થયેલ ખર્ચની વિગતો દર્શાવતું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | ચેકડેમની મળેલ અરજી | ચેકડેમની મંજૂર અરજી | પૂર્ણ કરેલ ચેકડેમ | તળાવ ઊંડા કરવા મળેલ અરજી | ઊંડા કરેલ તળાવો | ચેકડેમનો ખર્ચ (રૂા. લાખમાં) | તળાવનો ખર્ચ (રૂા. લાખમાં) | કુલ ખર્ચ રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨૩૩૦ | ૧૪૭૩ | ૧૨૧૫ | ૨૦ | ૦ | ૨૯૬૮.૧૦ | ૦.૦૦ | **૨૯૬૮.૧૦** |
| ૨ | ઇડર | ૧૬૦૦ | ૮૫૧ | ૭૪૪ | ૪૮ | ૧ | ૨૩૯૭.૭૭ | ૧.૬૮ | **૨૩૯૯.૪૫** |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | વડાલી | ૧૨૧૦ | ૭૪૬ | ૬૬૪ | ૨૪ | ૧ | ૧૪૮૨.૫૦ | ૧.૩૨ | **૧૪૮૩.૮૨** |
| ૪ | પ્રાંતિજ | ૪૪૯ | ૨૨૩ | ૧૯૬ | ૧૩ | ૦ | ૬૬૧.૯૫ | ૦.૦૦ | **૬૬૧.૯૫** |
| ૫ | મોડાસા | ૯૪૫ | ૫૪૩ | ૩૮૦ | ૪૬ | ૧૭ | ૮૦૨.૯૦ | ૧૩.૭૮ | **૮૧૬.૬૮** |
| ૬ | ખેડબ્રહ્મા | ૭૧૬ | ૩૮૫ | ૨૭૪ | ૬૮ | ૧૦ | ૫૭૨.૨૪ | ૪.૮૨ | **૫૭૭.૦૬** |
| ૭ | તલોદ | ૫૬૫ | ૩૧૮ | ૨૮૫ | ૮ | ૧ | ૧૦૨૮.૯૨ | ૪.૯૦ | **૧૦૩૩.૮૨** |
| ૮ | વિજયનગર | ૨૫૭ | ૧૨૧ | ૯૩ | ૩૦ | ૨ | ૨૨૯.૬૮ | ૮.૦૨ | **૨૩૭.૭૦** |
| ૯ | ભિલોડા | ૧૦૧૧ | ૬૪૭ | ૫૦૨ | ૮ | ૬ | ૧૬૧૧.૬૫ | ૧૫.૮૫ | **૧૬૨૭.૫૦** |
| ૧૦ | બાયડ | ૫૪૮ | ૩૫૮ | ૨૯૬ | ૧૫ | ૪ | ૭૭૦.૦૬ | ૧૨.૩૯ | **૭૮૨.૪૫** |
| ૧૧ | મેઘરજ | ૬૦૯ | ૨૮૭ | ૧૬૩ | ૦ | ૦ | ૫૦૪.૬૫ | ૦.૦૦ | **૫૦૪.૬૫** |
| ૧૨ | માલપુર | ૪૫૫ | ૨૫૦ | ૧૦૩ | ૦ | ૦ | ૨૫૨.૩૧ | ૦.૦૦ | **૨૫૨.૩૧** |
| ૧૩ | ધનસુરા | ૩૬૨ | ૧૯૮ | ૧૬૬ | ૧૭ | ૨ | ૪૯૭.૨૮ | ૮.૧૫ | **૫૦૫.૪૩** |
| | **કુલ....** | **૧૧૦૫૭** | **૬૪૦૦** | **૫૦૮૧** | **૨૯૭** | **૪૪** | **૧૩૭૮૦.૦૧** | **૭૦.૯૧** | **૧૩૮૫૦.૯૨** |

-------------

**દેવગઢ તાલુકાના ગોલ્લાવ જૂથ પાણી પુરવઠા યોજના મંજૂર કરવા બાબત**

૧૮૧૭૭**શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકામાં ગોલ્લાવ જૂથ પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) તેમાં કેટલો ખર્ચ થનાર છે,

(૩) તે યોજના ક્યારે શરુ કરવામાં આવશે અને ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૪) તેમાં કેટલાં અને ક્યા ક્યા ગામડાનો સમાવેશ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રાથમિક અંદાજ રૂા.૯૯૭.૦૦ લાખનો છે.

(૩) યોજના પ્રાથમિક તબક્કામાં હોઇ વિગતવાર મંજૂરી મળ્યેથી શક્ય તેટલી વહેલી પૂર્ણ કરવાનું.

(૪) નીચેની વિગતે ૧૭ ગામડાઓનો સમાવેશ કરવાનું આયોજન છે.

(૧) પીપલોદ (૨) રેબારી (૩) નાનીમરી (૪) ડાંગરીયા (૫) ચેનપુર (૬) રાતડીયા (૭) રાનીપુરા (૮) અભલોડ (૯) ઉંચવાન (૧૦)મેન્દ્રા (૧૧) ભુવાલ (૧૨) ભડભા (૧૩) સાગારામા (૧૪) કાલી ડુંગરી (૧૫) સીંગોર (૧૬) સીંગોડી (૧૭)જુનાબારીયા.

-------------

**સુજલામ્ સુફ્લામ્ યોજનાની સ્પેડીંગ કેનાલમાંથી બાલાશિનોર અને વિરપુર તાલુકાના તળાવો, નદીઓ ભરવા બાબત**

૧૮૧૪૧**શ્રી રાજેશભાઈ પાઠક (બાલાસિનોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુજલામ્ સુફ્લામ્ યોજનાની સ્પેડીંગ કેનાલમાંથી બાલાશિનોર અને વિરપુર તાલુકાના તળાવો, નદીઓ અને વહેરાઓ, ભરવાની રાજ્ય સરકારની યોજના છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યાં સુધીમાં કાર્યવાહી શરુ થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હાલ આલેખન તથા સર્વેક્ષણની કાર્યવાહી ચાલુ છે.

-------------

**કડી બાવલુ ચંદ્રાસણ રોડને મરામત કરવા બાબત**

૧૮૧૯૦**શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કડી બાવલુ ચંદ્રાસણ રોડને જરુરી મરામત કરી પેવર કામ ક્યારે કરવામાં આવશે, અને

(૨) આ રોડ માટે નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) નવી એજન્સી નક્કી થયા બાદ ૧૧ માસમાં પેવર કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) હા, જી.

-------------

**પાલીતાણા શહેરમાં માંસ, મચ્છી, મરઘી, ઇંડાનું વેચાણ બંધ કરાવવા બાબત**

૧૮૧૮૧ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પાલીતાણા જૈન તીર્થમાં યાત્રાધામ વિકાસ અંતર્ગત આ શહેરમાં માંસ, મચ્છી, ઇંડા વગેરેનું વેચાણ કે પ્રદર્શન ન થાય તે માટે રાજ્ય સરકારે ક્યારે નિર્ણય કર્યો છે ? | તા. ૩૧-૮-૯૯થી નિર્ણય કરેલ છે. |

**જામનગર જિલ્લાના ગામોમાં પીવાનું પાણી આપવા બાબત**

૧૭૮૪૨ **ડૉ. દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં કુલ કેટલા ગામોમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ પીવા લાયક પાણી મળતું નથી, | (૧) ૬૯ ગામોમાં પીવા લાયક પાણી મળતું નથી. જો કે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. |
| (૨) કેટલા ગામોમાં ફ્લોરાઇડ, નાઇટ્રેટ અને ક્ષારનું પ્રદુષણ ભૂતળના પાણીમાં છે, | (૨) ૩૩ ગામોમાં ફ્લોરાઇડ, ૪ ગામોમાં નાઇટ્રેટ અને ૧૨૮ ગામોમાં દ્રાવ્યક્ષાર નિયત માત્રા કરતાં વધુ માલુમ પડેલ છે. |
| (૩) આ બાબતે સરકારે શી કાર્યવાહી કરી, અને | (૩) અને (૪) : આ ગામોને સ્થાનિક ડેમો/નર્મદા પાઇપ લાઇન આધારીત ગ્રુપ યોજનામાં આવરી લઇ પીવા લાયક પાણી ક્રમશઃ જૂન-૨૦૦૭ સુધીમાં આપવાનું આયોજન છે. |
| (૪) આ ગામોને શુધ્ધ આરોગ્યપ્રદ પાણી ક્યારથી ઉપલબ્ધ કરવામાં આવશે ? | |

-------------

**મંત્રીશ્રીઓના નિવાસસ્થાન તથા કાર્યાલય પાછળ થયેલ રીપેરીંગ ખર્ચ**

૧૮૧૬૨ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન દરેક મંત્રીશ્રીઓના નિવાસસ્થાન તેમજ તેમના કાર્યાલય માટે રીપેરીંગ ખર્ચ કેટલો કરવામાં આવ્યો ? | જાહેર સવલતો સહિત રૂા. ૨૪,૮૮,૯૫૩.૦૦. |

-------------

**નર્મદાનું પાણી શેત્રુંજય નદીમાં નાખવા બાબત**

૧૭૯૬૨ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા):માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદાનું પાણી શેત્રુંજય નદીમાં નાખવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તા.૩૧મી જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? | (૨) સૂચિત લીંક કેનાલની પથરેખા નક્કી કરવાની પ્રાથમિક સર્વેક્ષણની કામગીરી કરવામાં આવેલ છે અને વિગતવાર સર્વેક્ષણની કામગીરી પ્રગતિમાં છે. |

------------

**ઉમરાળા તાલુકામાં કાળુભાર ડેમ-લીંબાળી ડેમ અને માલપરા ડેમની કેનાલોમાં રીપેરીંગ કામ**
૧૭૬૦૦ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના ગઢડા, ઉમરાળા તાલુકાનાં કાળુભાર ડેમ-લીંબાળી ડેમ માલપરા ડેમની કેનાલોના રીપેરીંગ કરવા પાછળ છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કોઇ ખર્ચ કરવામાં આવેલ નથી. |
| (૨) આ મરામત કામગીરી કોને સોંપવામાં આવેલ છે ? | (૨) લીંબાળી તથા માલપરા ડેમમાં મરામતની કામગીરીનું આયોજન નથી. ફક્ત કાળુભાર ડેમમાં કેનાલ રીપેરીંગના ચાર કામો લોકજૂથ તથા ત્રણ કામો એજન્સી મારફત હાથ ધરવામાં આવેલ છે. |

-------------

**ઉમરગામ તાલુકામાં દરિયાના પાણીથી ધોવાણ થવા બાબત**
૧૭૯૫૪ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં દરિયાના પાણીથી કિનારાના વિસ્તારમાં ભારે ધોવાણ થઇ રહયું છે જે સરકાર જાણે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા વિસ્તારમાં દરિયાનું પાણી ઘરોમાં ઘૂસી જાય છે, અને | (૨) ઉમરગામના માંગેલવાડા વિસ્તારમાં દરિયા કિનારાનાં ઘરોમાં પાણી ઘૂસી જાય છે. |
| (૩) આ સંદર્ભે અહીં કિનારા બચાવ સમિતિ દ્વારા સરકારમાં કોઇ ફરીયાદ થઇ છે કે કેમ ? | (૩) હા, જી. તાજેતરમાં ઉમરગામ નાગરિક સમિતિને નામે રજૂઆત થયેલી છે. |

-------------

**નગર આયોજન અને મૂલ્યાંકન ખાતાની કચેરીમાં એકજ જગ્યાએ ત્રણ વર્ષની નોકરી પૂરી ન કરી હોવા છતાં બદલી થવા બાબત**
૧૭૪૭૫ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી):માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) એક જ જગ્યાએ સળંગ પાંચ વર્ષથી વધુ સમયની નોકરી પૂરી કરી હોય તેવા કર્મચારીઓની બદલી કરવાનાં સરકારી ધોરણો છે તેમ છતાં નગર આયોજન અને મૂલ્યાંકન ખાતાની કચેરીમાં કે જે કર્મચારીઓની એક જ જગ્યાએ ત્રણ વર્ષની પણ નોકરી પૂરી ન થઈ હોય તેવા કર્મચારીઓની બદલી કરવામાં આવી છે, તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આવી બદલીઓ કરવાનાં શાં કારણો છે, અને | (૨) વહીવટી કારણોસર. |
| (૩) જે કર્મચારીઓની તા. ૩૧/૧૨/૨૦૦૫ની સ્થિતિએ પાંચ વર્ષથી વધુ નોકરી થઈ હોય તેવા કર્મચારીઓની બદલી ક્યાં સુધીમાં કરવાનું સરકારનું આયોજન છે? | (૩) વહીવટી અનુકુળતા મુજબ. |

-------------

## ભાવનગર, જામનગર, પોરબંદર, રાજકોટ, ભૂજ, જૂનાગઢ, અમરેલી અને સુરેન્દ્રનગર જિલ્લામાં જળસંપત્તિ વિકાસ નિગમની કચેરીઓ

૧૭૮૩૫ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ભાવનગર, જામનગર, પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી અને સુરેન્દ્રનગર તથા ભૂજમાં જળસંપત્તિ વિકાસ નિગમ હસ્તક તાલુકાવાર કેટલી ક્યેરી આવેલી છે, અને

(૨) આ ક્યેરીમાં કેટલો સ્ટાફ તાંત્રિક વિભાગનો છે ?

**જવાબ**

(૧) તાલુકા દીઠ કોઇ ક્યેરી આવેલ નથી જિલ્લાના મુખ્ય મથકે જ આવેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ક્યેરીની સંખ્યા |
|---|---|---|
| ૧. | ભાવનગર | ૩ |
| ૨. | જામનગર | ૨ |
| ૩. | પોરબંદર | ૧ |
| ૪. | રાજકોટ | ૪ |
| ૫. | જૂનાગઢ | ૨ |
| ૬. | અમરેલી | ૨ |
| ૭. | સુરેન્દ્રનગર | ૦ |
| ૮. | ભૂજ | ૧ |

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ તાંત્રિક સ્ટાફ |
|---|---|---|
| ૧. | ભાવનગર | ૨૭ |
| ૨. | જામનગર | ૧૭ |
| ૩. | પોરબંદર | ૩ |
| ૪. | રાજકોટ | ૫૩ |
| ૫. | જૂનાગઢ | ૧૫ |
| ૬. | અમરેલી | ૬ |
| ૭. | સુરેન્દ્રનગર | ૦ |
| ૮. | ભૂજ | ૧૪ |

-------------

## કુંડલા સ્ટેટ હાઈવેના રોડ ઉપર શેલ નદી ઉપર પુલ બાંધવા બાબત

૧૮૧૩૬ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં કુંડલા જતા સ્ટેટ હાઈવેના રોડ ઉપર શેલ નદી ઉપર બ્રીજ બાંધવા સરકારે કોઈ આયોજન કરેલ છે, અને

(૨) જો હા, તો તા. ૩૧/૧૨/૦૫ સુધીમાં શેલ નદી ઉપર બ્રીજ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં કોની કોની તરફથી માગણી આવેલ છે ?

**જવાબ**

(૧) હાલ આયોજન નથી.

(૨) મા. ધારાસભ્યશ્રી કાળુભાઈ વિરાણી (સાવરકુંડલા) ની બે માંગણી આવેલ છે.

## જૂનાગઢ ખાતે ગીરનાર પર્વત ઉપર રોપવે બનાવવા બાબત

૧૮૨૦૪**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ ખાતે આવેલ ગીરનાર પર્વત ઉપર રોપવે બનાવવાની કાર્યવાહી તા. ૩૧/૧૨/૨૦૦૫ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, અને

**જવાબ**

(૧) ગુજરાત પ્રવાસન નિગમ લી. એ આ હેતુ માટે કુલ : ૭૨,૮૭૧ ચો.મી. જમીન વન વિભાગ પાસેથી મેળવી છે.

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે? — (૨) રૂા. ૫૫ કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.

-------------

**નર્મદા યોજનાનું વધારાનું પાણી કચ્છને આપવાની જાહેરાત**

૧૮૨૦૮ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્ય સરકારની જાહેરાત પ્રમાણે નર્મદા યોજનાના વધારાના પાણીમાંથી ૧ મીલીયન એકર ફીટ પાણીમાંથી કચ્છના જળાશયો ભરવામાં આવશે તો આ વધારાના પાણીમાંથી કચ્છના જળાશયો ભરવાનું રાજ્ય સરકારે શું આયોજન વિચારેલ છે ? | આયોજન વિચારણા હેઠળ છે. |

-------------

**શિહોર તાલુકાના સણોસરા-ધોળા રસ્તાને રાજ્ય હસ્તક લેવા બાબત**

૧૮૧૭૪ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| શિહોર તાલુકાના સણોસરા-ધોળા રસ્તાને રાજ્ય હસ્તક સોંપવા માટેની કામગીરી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | આ રસ્તાને રાજ્ય હસ્તક લેવા હુકમો કરેલ છે. |

-------------

**હાલોલ તાલુકામાં ગેઈલ કંપનીની પાઈપ લાઈનથી પાકા રસ્તાઓ તૂટવા બાબત**

૧૭૮૪૧**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) હાલોલ તાલુકામાં ગેઈલ કંપની દ્વારા પાકા રસ્તાઓ તોડીને પાઈપ લાઈન પસાર કરેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ તૂટેલ રસ્તાઓ ક્યાં સુધીમાં રીપેર કરવામાં આવશે ? | (૨) આ રસ્તાઓ રીપેર કરી વાહન વ્યવહાર લાયક બનાવેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**આંતરસુબાથી અરાલ વાયા ખડાલ રોડનું કામ બંધ હોવા બાબત**

૧૭૯૫૭**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કપડવંજ તાલુકાના આંતરસુબાથી અરાલ વાયા ખડાલ રોડનું કામ મંજુર થયે ઘણો સમય થયો છે થોડું મેટલ ડામરનું કામ થયેલ છે. અને રોડનું કામ બંધ કરેલ છે તેના કારણો શું છે, | (૧) ભુકંપ બાદની નાણાંકીય પરિસ્થિતિને કારણે ઇજારદારશ્રી દ્વારા કામ અધુરુ છોડવામાં આવેલ છે. |
| (૨) આ રોડ પાછળ કેટલો ખર્ચ કરેલ છે, અને | (૨) રૂા. ૫૦.૧૨ લાખ. |
| (૩) ક્યારે આ રોડનું કામ પુરુ કરવા સરકાર વિચારે છે? | (૩) નિયમોનુસાર ઇજારદારશ્રીને કરારમુક્ત કરી, નવી એજન્સી મારફતે બનતી ત્વરાએ. |

-----------

**ચોટીલા અને સાયલા તાલુકામાં રસ્તાના કામોને આપેલ જોબ નંબર**

૧૮૧૩૧**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં ક્યા ક્યા રસ્તાના કામોને તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જોબ નંબર આપી કામો ચાલુ કર્યા,

(૨) તે પેકી ક્યા ક્યા કામો પૂરા થયાં, અને

(૩) બાકી કામો કેટલા સમયમાં પૂરા કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ પરિશિષ્ટ-૧ મુજબ ૩૮ રસ્તાના કામોના જોબ નંબર આપી ૨૧ કામો ચાલુ કરી ૧૮ કામો પૂર્ણ કરેલ.

(૩) રૂપાવટી એપ્રોચ રોડનું કામ જમીન સંપાદન થયે જ્યારે બાકીના કામો વર્ષ ૨૦૦૬-૦૭ માં પૂર્ણ કરવાનું આયોજન છે.

**પરિશિષ્ટ-૧**

ચોટીલા અને સાયલા તાલુકામાં રસ્તાઓના કામને આપેલ જોબ નંબર

| અ.નં. | તાલુકાનું નામ | રસ્તાનું નામ | પરિસ્થિતિ | નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ચોટીલા | ચોટીલા-આણંદપુર રોડ કી.મી. ૧૫/૦ થી ૨૦/૦ | કામ પૂર્ણ | આ ૩૮ કામો પેકી અ.નં. ૧ થી ૧૧ અને ૨૬ થી ૩૨ કામો પૂર્ણ થયેલ છે. |
| ૨ | ,, | ચોટીલા-થાન-આણંદપુર રોડ કી.મી. ૫૯/૦ થી ૬૫/૦ | ,, | |
| ૩ | ,, | ચોટીલા સીટી લીમીટ કી.મી. ૦/૦ થી ૨/૮ | ,, | |
| ૪ | ,, | ચોટીલા-આણંદપુર રોડ કી.મી. ૨૦/૦ થી ૨૬/૦ | ,, | |
| ૫ | ,, | ચોટીલા-થાન-તરણેતર-સરા કી.મી. ૫૫/૦ થી ૫૮/૦ | ,, | |
| ૬ | ,, | ચોટીલા-થાન-સરા કી.મી. ૭૭/૦ થી ૮૨/૦ | ,, | |
| ૭ | ,, | મોરથરા-મનડાસર રોડ પર કોઝવે મરામત | ,, | |
| ૮ | ,, | દેવપરા એપ્રોચ રોડ ઉપર કોઝવે મરામત | ,, | |
| ૯ | ,, | ભેટ સુડા-એપ્રોચ રોડ પર કોઝવે મરામત | ,, | |
| ૧૦ | ,, | થાન-મનડાસર રોડ પર કોઝવે મરામત | ,, | |
| ૧૧ | ,, | રાજપરા-કાબરણ-મહીદડ રોડ પર કોઝવે | ,, | |
| ૧૨ | ,, | ચોટીલા-થાન-તરણેતર-સરા રોડ કી.મી. ૩૭/૦ થી ૫૧/૦ | ડીપોઝીટ ભરવાની બાકી | |
| ૧૩ | ,, | ચોટીલા-આણંદપુર કી.મી. ૨૪/૦ થી ૨૭/૦ | પ્રગતિમાં | |
| ૧૪ | ,, | ચોટીલા-થાન-સરા કી.મી. ૭૧/૫ થી ૭૭/૬ અને ૮૦/૦ થી ૮૨/૦ | ટેન્ડર મંજૂરી હેઠળ | |
| ૧૫ | ,, | રૂપાવટી એપ્રોચ | જમીન સંપાદનની કામગીરી હેઠળ | |
| ૧૬ | ,, | ધારાઈ-કડુકા રોડ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ | |
| ૧૭ | ,, | પાપનાસણા એપ્રોચ રોડ | ,, | |
| ૧૮ | ,, | મહીદડ-ભોજપરી-ભોજપરા-કાબરણ રોડ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ | |
| ૧૯ | ,, | રાજપરા-કાબરણ રોડ | ,, | |
| ૨૦ | ,, | સાલખડા-બેલડા રોડ | ,, | |
| ૨૧ | ,, | લાખામાચી રામપરા-સરોડી રોડ પર કોઝવેનું કામ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ | |
| ૨૨ | ,, | પીપળીયા એપ્રોચ રોડ ઉપર કોઝવે મરામતનું કામ | પ્રગતિ હેઠળ | |
| ૨૩ | ,, | મોરથરા એપ્રોચ રોડ પર કોઝવે મરામતનું કામ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ | |
| ૨૪ | ,, | મોરથરા-કાછીયાગાળા રોડ પર કોઝવે મરામતનું કામ | ,, | |
| ૨૫ | ,, | રૂપાવટી એપ્રોચ પર કોઝવે મરામતનું કામ | ,, | |
| ૨૬ | સાયલા | સાયલા-સુદામડા-પાળીયાદ કી.મી. ૧૦/૦ થી ૧૫/૦ | પૂર્ણ | |
| ૨૭ | ,, | નાના માત્રા- કેશવાળી રોડ કી.મી. ૦/૦ થી ૩/૭૦ | ,, | |
| ૨૮ | ,, | સુદામડા-ધાંધલપુર રોડને જોડતો ધજાળા એપ્રોચ | ,, | |
| ૨૯ | ,, | આયા-ખાનપર-ચોરવી રોડ | ,, | |
| ૩૦ | ,, | ગંગાજળ-નાનામાત્રા રોડ પર કોઝવેનું કામ | ,, | |
| ૩૧ | | સુદામડા-ધાંધલપુર રોડ પર સ્લેબ ડ્રેઈનનું પુનઃ બાંધકામ તથા સ્લેબ ડ્રેઈનનું મરામત | ,, | |
| ૩૨ | ,, | કાશીપર-સોમાસર રોડ પર પ્રોટેક્ટીવ વોલ મરામતનું કામ | ,, | |
| ૩૩ | ,, | નાગડકા-લોયા રોડ પર નાળા કોઝવેનું કામ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ | |
| ૩૪ | ,, | સાયલા-મોટા કેરાળા-વડીયા રોડ પર કોઝવેનું પુનઃ બાંધકામ | ,, | |
| ૩૫ | ,, | ધજાળા-લીબાળા રોડ પર કોઝવે મરામતનું કામ | પ્રગતિ હેઠળ | |
| ૩૬ | ,, | ધજાળા-ખીટલા રોડ પર નાળા મરામતનું કામ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ | |

| અ.નં. | તાલુકાનું નામ | રસ્તાનું નામ | પરિસ્થિતિ | નોંધ |
|---|---|---|---|---|
| ૩૭ | ,, | સુદામડા-ધાંધલપુર રોડ પર નાળાનું પુનઃ બાંધકામ | ,, | |
| ૩૮ | ,, | સાંખડા એપ્રોચ રોડ પર નાળાનું પુનઃ બાંધકામ | ,, | |

**વ્યારા તાલુકાનો ધામણદેવી સરાકેવડી રોડ બિસ્માર હોવા બાબત**

૧૭૯૭૦**શ્રી પુનાભાઈ ઢે. ગામીત (વ્યારા):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના વ્યારા તાલુકાનો ધામણદેવી સરાકેવડી રોડ બિસ્માર હાલતમાં છે તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ બિસ્માર રસ્તા માટે મરામત કામગીરી ક્યારે હાથ ધરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : ચાલુ મરામતની કામગીરી કરી રસ્તો વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે.

-------------

**૫૧**

**સાબરમતી સરસ્વતી લીન્ક કેનાલનું કામ**

૧૭૭૧૭ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર):માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ સાબરમતી સરસ્વતી લીન્ક કેનાલનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે, | (૧) હા, જી. |
| (૨) કેટલું કામ બાકીમાં છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૩) ઉપર મુજબ. |
| (૪) નાણાકીય વર્ષ-૨૦૦૫-૦૬માં આ માટે તારીખ ૩૧મી જાન્યુઆરી-૦૬ સુધી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૪) લીન્ક કેનાલની મરામત સુધારણાની તથા પૂર્ણવહન ક્ષમતાએ વહેવડાવવા અંગેની કામગીરી રૂા. ૪૮.૫૫ લાખના અંદાજે હાલમાં પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૦૫-૦૬માં રૂા. ૬.૯૭ લાખના નાણાં ચુકવાયેલ છે. |

-------------

**ક્વાંટ અને નસવાડી તાલુકામાં પાકા રસ્તાથી વંચિત ગામો**

૧૮૧૬૫**શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ (નસવાડી):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નસવાડી અને ક્વાંટ તાલુકાના પાકા રસ્તાથી વંચિત ગામોને રસ્તાઓથી જોડવાની યોજના સરકારે વિચારેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા ગામોને આ યોજનાનો લાભ મળશે ?

**જવાબ**

(૧) અને (૨) એક મહેસુલી ગામને જમીન ઉપલબ્ધ થયાથી કામ હાથ ધરવાનું આયોજન વિચારેલ છે.

-------------

**મહી આધારિત પીવાના પાણી માટેની ઉના તાલુકાની બેડીયા મચ્છુન્દ્રી ગ્રુપ પાણી પુરવઠા યોજના**

૧૮૧૪૬ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહી આધારિત પીવાના પાણી માટે ઉના તાલુકાના બેડીયા-મચ્છુન્દ્રી ગ્રુપ યોજના મંજૂર કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ યોજના ક્યારે મંજૂર કરવામાં આવી, ક્યા ક્યા ગામોનો સમાવેશ થાય છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) આ યોજના પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો છે,

(૪) આ યોજનાનું કામ ક્યારે શરૂ કરવાનું છે, અને

(૫) કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) અને (૫) નાણાંકીય જોગવાઇ અનુસાર.

-------------

## વડોદરા જિલ્લામાં યાત્રાધામનો વિકાસ

૧૭૫૯૪**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વડોદરા જિલ્લામાં ક્યા ક્યા યાત્રાધામોના વિકાસનું આયોજન હાથ ધરાનાર છે ?

**જવાબ**

વડોદરા જિલ્લામાં એકપણ સ્થળ/મંદિરને પવિત્ર યાત્રાધામ તરીકે સરકારશ્રીએ જાહેર કરેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરે મ્યુનિસિપલ બોર્ડ કરેલા ઠરાવો રદ કરવા બાબત

૧૭૮૩૮**શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ મ્યુનિ. કમિશનરે નવેમ્બર ડીસેમ્બર-૨૦૦૫ તેમજ જાન્યુઆરી અને ૨૦મી ફેબ્રુઆરી ૨૦૦૬ સુધીમાં મ્યુનિસિપલ બોર્ડ કરેલા ક્યા ઠરાવો રદ કરવા સરકારમાં દરખાસ્ત કરી છે,

(૨) આવા ઠરાવો મેગાસીટીના વિકાસ રસ્તાઓના વિકાસમાં અવરોધ પેદા કરતા હોવાથી સરકાર તાકીદે કેવા પગલાં લેવા માગે છે, અને

(૩) અમદાવાદ શહેરના ઝડપી અને સમતોલ વિકાસ માટે મ્યુનિ. કમિશ્નરશ્રીની રજૂઆતોનો કેટલા સમયમાં નિકાલ કરવા માંગે છે ?

**જવાબ**

(૧)

| | કમિશ્નરશ્રીની દરખાસ્તની તારીખ | જનરલ બોર્ડ ઠરાવ નંબર અને તારીખ |
|---|---|---|
| (૧) | તા. ૧૨-૧૨-૨૦૦૫ | ઠરાવ નંબર-૯૯૭, તા. ૨૯-૩-૧૯૯૭ |
| (૨) | તા. ૨૨-૧૨-૨૦૦૫ | ઠરાવ નંબર-૩૨૮, તા. ૨૯-૬-૨૦૦૦ |
| (૩) | તા. ૫-૧-૨૦૦૬ | ઠરાવ નંબર-૩૪૬, તા. ૨૬-૭-૨૦૦૫ |
| (૪) | તા. ૧૩-૨-૨૦૦૬ | ઠરાવ નંબર-૯૬૩, તા. ૨૭-૧૨-૨૦૦૫ |
| (૫) | તા. ૧૪-૨-૨૦૦૬ | ઠરાવ નંબર-૯૬૧, તા. ૨૭-૧૨-૨૦૦૫. |

(૨) અને (૩) કાયદાકીય સહિતના સમગ્ર પાસાઓના સંદર્ભમાં આ બાબતની વિચારણા ર્ક્યા બાદ યોગ્ય નિર્ણય કરી શકાશે.

-------------

## અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓને ફાળવેલ ગ્રાન્ટ

૧૭૯૫૦**શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં અમદાવાદ જિલ્લાની કઈ કઈ નગરપાલિકાઓને તા.

**જવાબ**

વર્ષ ૨૦૦૪-૦૫ અને વર્ષ ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં અમદાવાદ જિલ્લાની ૧૫

૩૧/૧/૦૬ સુધીમાં યોજનાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે ?

નગરપાલિકાઓને ૨૫ યોજનાઓમાં વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં ૨૨.૧૩ ક્રોડ અને વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં તા. ૩૧-૧-૨૦૦૬ની પરિસ્થિતિએ ૩૮.૪૮ ક્રોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. યોજનાવાર ગ્રાન્ટની માહિતી આ સાથેના પત્રક-અ અને પત્રક-બ માં દર્શાવેલ છે.

-------------

**પત્રક-અ**

**અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓને ચુકવેલ ગ્રાન્ટની રકમ વર્ષ ૨૦૦૪-૦૫**

| ક્રમ (૧) | નગરપાલિકાનું નામ (૨) | મનોરંજન કર (૩) | શહેરી ગરીબ યોજના (૪) | વ્યવસાય વેરા ગ્રાન્ટ (૫) | કેબલ ટી. વી. ગ્રાન્ટ (૬) | વાજપાઇ નગર વિકાસ યોજના (૭) | યુરીફ (૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બાવળા | ૭૬૫૩૩૧ | ૧૧૨૯૬૧ | ૪૪૫૧૩ | ૬૮૭૧૫ | ૧૮૦૨૮૮૬ | 300000 |
| ૨ | ચાંદલોડીયા | ૬૫૩૪૧૯ | ૧૫૪૨૩૦ | ૪૪૪૮ | ૫૮૬૬૮ | ૨૪૬૧૫૨૮ | 300000 |
| ૩ | ધંધુકા | ૧૦૫૮૫૩૬ | ૧૨૩૫૯૪ | ૨૫૫૮૯ | ૯૫૦૪૦ | ૧૯૭૨૫૮૮ | 300000 |
| ૪ | ધોળકા | ૭૩૫૫૪૯ | ૨૨૧૮૨૧ | ૨૮૮૮૨ | ૬૬૦૪૧ | ૩૫૪૦૩૦૬ | 300000 |
| ૫ | ઘાટલોડીયા | ૯૬૨૦૬૫ | ૨૭૬૯૩૪ | ૨૩૩૯૧ | ૮૬૩૭૯ | ૩૯૬૫૯૩૩ | ૫00000 |
| ૬ | જોધપુર | ૧૧૪૧૪૯૨ | ૧૧૪૩૫૮ | ૭૨૪૨૪ | ૧૦૨૪૮૮ | ૧૮૨૫૧૮૨ | 300000 |
| ૭ | કાળી | ૪૬૪૩૯૯ | ૧૩૩૨૪૪ | ૩૬૬૩ | ૪૧૬૯૬ | ૨૧૨૬૫૯૭ | 300000 |
| ૮ | મેમનગર | ૬૯૭૨૮૨ | ૧૦૪૬૨૯ | ૬૧૭૭૪ | ૬૨૬૨૮ | ૨૦૬૧૯૫૨ | ૨૫0000 |
| ૯ | રામોલ | ૪૨૧૦૯૫ | ૭૬૩૨૯ | ૫૪૪૫૫ | ૩૭૮૨૧ | ૧૫૦૪૨૪૯ | ૨૫0000 |
| ૧૦ | રાણીપ | ૯૧૮૧૪૬ | ૨૬૯૩૨૩ | ૩૪૦૬૧ | ૮૨૪૩૬ | ૩૮૫૬૯૨૨ | ૫00000 |
| ૧૧ | સાણંદ | ૯૫૭૮૬૭ | ૧૧૪૨૨૦ | ૫૪૯૭૯ | ૮૬૦૦૩ | ૧૮૨૨૯૮૧ | 300000 |
**નર્મદા નદીના પૂરથી સોરાષ્ટ્રની નદીઓ અને જળાશયો ભરવા બાબત**

૧૮૧૪૭ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા નદીના પૂરના પાણીથી સોરાષ્ટ્ર વિસ્તારની ૧૭ નદીઓ અને જળાશયો ભરવા અંદાજીત રૂા. ૧.૫૧૫ ક્રોડના ખર્ચવાળી યોજનાને સેધ્ધાંતિક મંજૂરી આપી છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો સોરાષ્ટ્રની કઈ કઈ નદીઓનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે, અને

(૩) આ યોજના તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે અને ૨૦૦૫-૨૦૦૬ના વર્ષના બજેટમાં કેટલા રૂપીયાંની જોગવાઈ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧૦ પ્રથમ તબક્કામાં રૂા. ૫૧૫ ક્રોડના ખર્ચવાળી યોજનાને તા. ૧૬-૧-૨૦૦૪થી સેધ્ધાંતીક મંજૂરી આપવામાં આવી છે.

(૨) સોરાષ્ટ્ર વિસ્તારની નીચે મુજબની નદીઓનો સમાવેશ કરેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | કાળુભાર | ૧૬. | ખળખળીયો |
| ૨. | રંઘોળા | ૧૭. | વેગડ |
| ૩. | રજાવળ | ૧૮. | ઘેલો |
| ૪. | ખારો | ૧૯. | પાડલીયો |
| ૫. | શેત્રુંજી | ૨૦. | મચ્છુ |
| ૬. | બગડ | ૨૧. | ઘોડાધ્રોઈ |
| ૭. | માલણ | ૨૨. | બ્રાહમણી |
| ૮. | રોજકી | ૨૩. | કંકાવટી-ખારી |
| ૯. | ભાદ્રોડી | ૨૪. | ગોદરા |
| ૧૦. | સુરજવડી | ૨૫. | ફલકુ |
| ૧૧. | ધાતરવડી | ૨૬. | ઉખઈ |
| ૧૨. | ચાયડી | ૨૭. | વઢવાણ ભોગાવો |
| ૧૩. | સુખભાદર | ૨૮. | લીંબડી ભોગાવો |
| ૧૪. | ઉતાવળી | | |
| ૧૫. | કેરી | | |

(૩) તા૩૧-૧-૦૬ની સ્થિતિએ નર્મદા યોજનાની પ્રશાખા નહેરોને છેદતી નદીઓની નીચવાસમાં સુરેન્દ્રનગર જિલ્લાની મોટી નદીઓ ૫ર સુજલામ સુફલામ યોજના અંતગર્ત નર્મદા ક્માન્ડના ૫૮ ચેકડેમોના ટેન્ડરો મંજૂર કરેલ છે. જે પેકી ૪૩ મોટા ચેકડેમોના કામો પ્રગતી હેઠળ છે તેમજ મચ્છુ-૨ થી ફુલઝર-૨ જળાશય સુધીની લીંક કેનાલના સર્વેક્ષણનું કામ પ્રગતી હેઠળ છે તથા કાળુભાર જળાશયથી ચાયડી જળાશયની સુચિત લીંક કેનાલની પથરેખા નક્કી કરવાની પ્રાથમિક સર્વેક્ષણની કામગીરી પૂર્ણ થઇ છે તથા વિગતવાર સર્વેક્ષણની કામગીરી પ્રગતિમાં છે. ૨૦૦૫-૦૬ના બજેટમાં રૂા. ૪૩૬૫.૬૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

-------------

**વડોદરા તાલુકાના રસ્તાઓને જોબનંબર આપવા બાબત**

૧૭૫૯૬ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા તાલુકાના કેટલા રસ્તાઓ માટે જોબ નંબર ફાળવવામાં આવ્યા, | (૧) ૩૯ રસ્તાના કામોના જોબનંબર ફાળવેલ છે. |
| (૨) તે પૈકી રસ્તાના કેટલા કામ પૂર્ણ થયા, અને | (૨) આ પૈકી ૧૮ કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) બાકી રસ્તાના કામ ક્યારે પૂર્ણ થશે? | (૩) જેમ બને તેમ જલ્દીથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં ઉનાળામાં પીવાના પાણી માટેનો માસ્ટર પ્લાન**

૧૭૮૪૦**શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં આગામી ઉનાળાના સમયગાળામાં પીવાના પાણીની તંગી ઉપસ્થિત ન થાય તે માટે કેવો માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે, | (૧) પીવાના પાણીની તંગી નિવારવા આયોજન કરવામાં આવેલ છે. |
| (૨) કેટલા ખર્ચની વ્યવસ્થા કરવામાં આવી છે, અને | (૨) જરૂરિયાત અનુસાર નાણાકિય જોગવાઈ કરવામાં આવશે. |
| (૩) પીવાના પાણીમાં ફ્લોરાઈડનું પ્રમાણ કેટલું છે અને તે ઘટાડવા કેવાં ઉપાયો લેવાનું વિચાર્યુ છે ? | (૩) નિયત માત્રા કરતાં વધારે ફ્લોરાઇડ ધરાવતાં ગામો માટે જૂથ યોજનાના કામોનું આયોજન કરવામાં આવ્યુ છે. બાકી રહી જતા ગામો માટે પણ નાણાંકિય જોગવાઈ અનુસાર આયોજન કરવામાં આવશે. |

-------------

**બરવાળા તાલુકાના સાળંગપુરને યાત્રાધામ તરીકે વિકસાવવા બાબત**

૧૭૯૫૧ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બરવાળા તાલુકામાં આવેલ સાળંગપુરને યાત્રાધામ તરીકે સરકાર વિકસાવવા માગે છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો યાત્રાધામ તરીકે સાળંગપુરને શું શું સુવિધા આપવા માંગે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ગાંધીનગરમાં સરકારી આવાસો ખાલી હોવા બાબત**

૧૭૭૨૧**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર પાટનગર શહેરમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ વિવિધ પ્રકારના કેટલા સરકારી આવાસો ખાલી પડેલા છે, | (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નીચે મુજબના આવાસો ખાલી છે. |

| કક્ષા | ખાલી આવાસની સંખ્યા |
|---|---|
| જ(૧) | ૭૪૨ |

| | |
|---|---|
| જ(૨) | ૯૮૮ |
| જ | ૮૪ |
| છ | ૯૫ |
| ચ(૧) | ૧૦૬ |
| ચ | ૧૭૪ |
| ઘ(૧) | ૧૪ |
| ઘ | ૬૨ |
| ગ(૧) | ૧૮ |
| **કુલ** | **૨૨૮૪** |

(૨) આ રહેણાંક આવાસો પાછળ સને ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં મેઈન્ટેનન્સ પાછળ કેટલો ખર્ચ થયો છે,

(૨) ખાલી મકાનોના મેઈન્ટેનન્સ ખર્ચ અલગથી રાખવામાં આવતો નથી.

(૩) ખાલી પડેલા આવાસોનો ઉપયોગ થાય તે માટે સરકાર કેવાં પગલાં લેવા માગે છે ?

(૩) ખાલી રહેલા આવાસો, બોર્ડ, નિગમ, કેન્દ્ર સરકાર, એરફોર્સ, આર્મી, અર્ધ લશ્કરીદળો, સહકારી સંસ્થાઓ બેંકો, ખાનગી સ્કુલો વગેરેના કર્મચારીઓને રહેણાંક માટે તથા સરકારી કચેરી માટે માંગણી આવેથી ફાળવવામાં આવે છે.

ઉપરાંત ગાંધીનગર ખાતે ખાલી રહેલ રહેણાંકના મકાનોના નિકાલ ઉપયોગ કરવા બાબતે નીતિ ઘડવા તા.૮-૭-૨૦૦૫ના ઠરાવથી સમિતિની રચના કરવામાં આવી છે.

-------------

## અમદાવાદ મહાનગરપાલિકામાં નવા વિસ્તાર ઉમેરાવા બાબત

૧૮૧૮૯ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકામાં કેટલા નવા વિસ્તાર ઉમેરાયા છે, અને ભવિષ્યમાં ક્યા ક્યા નવા વિસ્તાર ઉમેરવામાં આવનાર છે, અને

(૨) આ વિસ્તારના જોડાણથી શહેરીજનોને ક્યા પ્રકારના લાભ થશે?

**જવાબ**

(૧) બોડકદેવ, મકરબા, નવા ઓઢવ, નિકોલ, વસ્ત્રાપુર, નવા નરોડા, અને થલતેજ મળીને સાત નગરપાલિકાના વિસ્તારો ઉમેરવામાં આવ્યાં છે અન્ય નવા વિસ્તાર ઉમેરવા બાબતે આખરી નિર્ણય થયેલ નથી.

(૨) વિસ્તારના નાગરિકોને વધુ સારી માળખાકીય અને પાયાની સુવિધાઓ પ્રાપ્ત થશે. તેમજ વિસ્તારનો સર્વાંગી વિકાસ થશે.

-------------

## રાજ્યના અતિથિગૃહોના મેનેજરો સામે ફરિયાદો

૧૭૪૭૨**શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યનાં અતિથિ ગૃહના મેનેજરોની ગેરશિસ્ત/ગેરવર્તણૂંકની કેટલી ફરિયાદો છેલ્લા એક વર્ષમાં મળી, ફરિયાદ મુજબ શાં પગલાં ભરવામાં આવ્યા, અને

(૨) કેટલા કિસ્સામાં તપાસ શરૂ કરવામાં આવી નથી?

**જવાબ**

(૧) અને (૨)

કુલ-૯ ફરિયાદો મળેલ છે. જે અન્વયે કાર્યવાહી કરવામાં આવી.

-------------

## સુરત જિલ્લામાં તળાવો ઊંડા કરવા બાબત

૧૭૫૮૩ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) :માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં તળાવ ઊંડા કરવા કેટલા ગામોની અરજી આવેલ હતી, | (૧) એક ગામની એક તળાવ માટે અરજી આવેલ હતી. |
| (૨) તે પૈકી કેટલા ગામોનાં તળાવો ઊંડા કરવામાં આવેલ છે, અને | (૨) તે તળાવ ઉંડું કરવામાં આવેલ નથી. |
| (૩) કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## ચુડા ગામમાં પાણીની ટાંકીની ઊંચાઈ વધારવા બાબત

૧૭૫૮૭ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લીંબડી તાલુકાના ચુડા ગામમાં ૫૦૦ લાખ લીટરની પાણીની ટાંકી ૧૫ મીટર જેટલી જ ઊંચી છે, આ નીચી ઉંચાઈને કારણે ઘણાં સ્થળોએ પાણી પહોંચતું નથી, આ ટાંકીની ઊંચાઈ વધારવા તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી અરજીઓ મળી છે, અને | (૧) ૫૦૦ લાખ નહી પરંતુ ૫.૦૦ લાખ લીટરની ટાંકીની ઉંચાઈ વધારવા અરજી મળેલ નથી પરંતુ, બીજી નવી ટાંકી બનાવવા માટે ત્રણ રજૂઆત મળેલ છે. |
| (૨) આ અંગે શી કાર્યવાહી થઈ છે ? | (૨) સ્થાનિક સંસ્થા દ્વારા સેકટર રીફોર્મ (સ્ટેટ) હેઠળ વિધિવત દરખાસ્ત રજૂ થયે મંજૂરી મળ્યેથી નાણાંકીય જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરી શકાશે. |

-------------

## પરીએજ તળાવનો વિકાસ કરવા બાબત

૧૭૫૯૩ **શ્રી રાકેશ રાવ (માતર)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૬ને પ્રવાસન વર્ષ જાહેર ક્ર્યા પછી માતર તાલુકાના પરીએજ તળાવના વિકાસ, સગવડ અને પ્રવાસીઓની અગવડો દૂર કરવા સરકાર દ્વારા શાં પગલાં ભરવામાં આવેલ છે, અને | (૧) પરીએજ તળાવનો પ્રોજેક્ટ બનાવી નાયબ વન સંરક્ષકશ્રી, વન્ય પ્રાણી, વડોદરાને મોકલવામાં આવેલ છે.<br>(અ) હાલમાં વન કુટીર બનાવવાની કામગીરી ચાલુ છે.<br>(બ) તળાવ સુધીના રસ્તા માટે વન કેડી બનાવવામાં આવેલ છે.<br>(ક) સને : ૨૦૦૫-૦૬માં પર્યાવરણ વાવેતર હેઠળ ૮૦૦ રોપા વાવેલ છે. જ્યારે ૨૦૦૬-૦૭ના વર્ષમાં ફોરશોર હેઠળ ૬૦૦૦ રોપા હે. ૩માં વાવેલ છે.<br>(ડ) સને : ૨૦૦૬-૦૭ના વર્ષમાં અનકલ્ચરલ લેન્ડ ડેવલોપમેન્ટ હેઠળ હે.૫માં ૧૩૯૦ રોપા વાવેતર માટેની આગોતરા કામગીરી કરવામાં આવેલ છે. જેનું વાવેતર ૨૦૦૬ના ચોમાસામાં પૂર્ણ કરવામાં આવશે.<br>(ઈ) બોર્ડ બનાવવાની તેમજ મૂકવાની કામગીરી ચાલુ છે. |
| (૨) પરીએજ તળાવ ઉપર સગવડો ઉભી કરવા તથા પ્રવાસીઓને જરૂરી મદદરૂપ થવા માટે જિલ્લા વહીવટી તંત્રે સ્થાનિક આગોવાનો તથા ગામના આગોવાનો સાથે ક્યારે ક્યારે બેઠકો કરવામાં આવેલ છે? | (૨) જિલ્લા કક્ષાએ મીટીંગ કરી જરૂરી સૂચનો મેળવેલ છે.<br>તા. ૪-૧૦-૨૦૦૫ના રોજ કરેલ શિબીરમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો, ઉપરાંત તા. ૧૬-૧૨-૨૦૦૫થી તા. ૩૧-૧૨-૨૦૦૫ દરમ્યાન કુલ ૧૪ શિબીરો જેમાં ૫ - નેચર એજ્યુકેશન કેમ્પ અને |

૧ -વાઈલ્ડ લાઈફ શિબીર કરવામાં આવેલ હતો, જેમાં ૭૪૫ શિબીરાર્થીઓએ ભાગ લીધેલ હતો.

-------------

## પ્રવાસન વર્ષમાં કચ્છ જિલ્લાના હડપ્પન સંસ્કૃતિ અને ધોળાવીરા માટે આયોજન

૧૮૦૩૧**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સન ૨૦૦૬ના પ્રવાસન વર્ષમાં કચ્છ જિલ્લાના બેનમૂન હડપ્પન સંસ્કૃતિના નગર ધોળાવીરા, રણ, સમુદ્ર, રમણીય પર્વતો તેમજ વિશ્વ વિખ્યાત હસ્તકલા કારીગરીને પ્રોત્સાહિત કરવા સરકારે શું વિશિષ્ટ આયોજન કર્યુ છે, | (૧) (અ) પ્રવાસન વર્ષ ૨૦૦૬ની કાર્યયોજના પ્રમાણે.<br>(૧) નારાયણ સરોવર ખાતે ટુરીસ્ટ કોમ્પ્લેક્ષનું કામ માર્ચ-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.<br>(૨) માંડવી ખાતે મંજુર થયેલ રૂા. ૪.૨૮ કરોડનો સુવિધાઓ વધારતો પ્રવાસન પ્રોજેક્ટ પ્રવાસન વર્ષ દરમ્યાન પૂર્ણ કરવામાં આવશે.<br>(બ) જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નીચે મુજબ કાર્ય આયોજન છે.<br>૧. નારાયણ સરોવર જાગીર<br>૨. શ્રી કોટેશ્વર જાગીર<br>૩. અજેપાલ જાગીર (અંજાર)<br>૪. શ્રી ધીણોધર જાગીર<br>૫. નાના લાયજા (તા. માંડવી)<br>૬. હાજીપીર (તા. ભુજ)<br>૭. માંડવીનો વિકાસ<br>૮. હેરીટેજ વિલેજ તેરાનો વિકાસ.<br>૯. હોડકાનો ગ્રામ્ય પ્રવાસન તરીકે વિકાસ<br>૧૦. કચ્છ સ્થાનિક હસ્તકળા કારીગરોને પ્રોત્સાહિત કરવા માટે શરદ ઉત્સવનું ઓકટોબર-૦૬માં આયોજન કરવામાં આવનાર છે.<br>ધોળાવીરા ખાતે પ્રાથમિક સુવિધા તરીકે-વીજળી, ટેલિફોનની સુવિધા, ચા-પાણી નાસ્તાની સગવડ અને સોવેનિયર શોપની વ્યવસ્થા કરવામાં આવી છે, નર્મદાની પાણી-પાઈપલાઈન નાંખવાની કામગીરી ચાલુ છે, રાપરથી ધોળાવીરાના રસ્તાનું રીપેરીંગ કામ ચાલે છે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ગુજરાત પ્રવાસન નિગમ લી. ની હોટલ ચાલુ કરવામાં આવેલ છે.<br>કચ્છ જિલ્લાના યુવકોને ટુરીસ્ટ ગાઈડ તરીકેની તાલીમ આપવામાં આવે છે. |
| (૨) આ વિશિષ્ટ આયોજન પૂર્ણ કરવા ક્યા ઉચ્ચ અધિકારીને નિમવામાં આવ્યા છે, અને | (૨) જીલ્લા કલેકટરશ્રીને નિમવામાં આવેલ છે. |
| (૩) સરકાર ક્યા ક્યા ખાસ વિશિષ્ટ કાર્યક્રમો રાખી કચ્છની પ્રજાને લાભ આપવા માંગે છે? | (૩) કલેકટરશ્રી, કચ્છ ધ્વારા ઓકટોબર-૨૦૦૬ દરમ્યાન શરદોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. |

-------------

## અમરેલી શહેરની ફરતે રીંગરોડ બનાવવા બાબત

૧૮૦૨૫ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) અમરેલી શહેરની ફરતે રીંગરોડ બનાવવાનું કોઈ આયોજન છે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે અને ક્યારે શરૂ કરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) ના, જી.

-------------

## મહુવા તાલુકામાં રસ્તાઓને ડામરકામ કરવા બાબત

૧૭૫૭૯**ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકામાં ડિસેમ્બર ૨૦૦૫ની સ્થિતિએ જે રસ્તાઓને ડામર સપાટીનું કામ કર્યે દશ વર્ષથી વધારે સમય થયો હોઈ તેવા રસ્તા ક્યા ક્યા છે,

(૨) આવા રસ્તાઓને પુનઃડામર સપાટીનું કામ કરવા શું આયોજન છે, અને

(૩) આ કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) પરિશિષ્ટ-૧ મુજબ

(૨) અને (૩) : ૧૩ રસ્તાના કામો મંજૂર કરેલ છે. જે વર્ષ ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે અન્ય એક રસ્તાનું આયોજન કરેલ છે. બાકીનું હાલ આયોજન નથી.

### પરિશિષ્ટ-૧

| અનુ. | રસ્તાનું નામ |
|---|---|
| ૧. | અઓથા બગદાણા રોડ |
| ૨. | તાતણીયા એ. રોડ |
| ૩. | તરેડ બેલમપર રોડ |
| ૪. | મહુવા ખરેડ ગઢડા રોડ |
| ૫. | લાંગડી લોયંગા ગુંદરણા રોડ |
| ૬. | માઢીયા પઢીયારકા ડોળીયા રોડ |
| ૭. | તાવીડા એ. રોડ |
| ૮. | દુધેરી ગુજરડા રોડ |
| ૯. | નેપ નિકોલ રોડ |
| ૧૦. | મહુવા કાજળી તરેડ રોડ |
| ૧૧. | મહુવા ક્તપર ભવાની રોડ |
| ૧૨. | ગુંદરણી એપ્રોચ રોડ |
| ૧૩. | રાજાવદર એપ્રોચ રોડ |
| ૧૪. | ભાણવડીયા બેડા રોડ |
| ૧૫. | કંટાસર છાપરી રોડ |
| ૧૬. | તરેડી કાકીડી રાજાવદર રોડ |
| ૧૭. | ભેસલા તરેડી રોડ |
| ૧૮. | તરેડ તલગાજરડા રોડ |
| ૧૯. | સેંદરડા ભાણવડીયા રોડ |
| ૨૦. | બીલડી નાનામોટા પીપળવા કણકોટ રોડ |
| ૨૧. | ભાદરા લુસડી રોડ |
| ૨૨. | નીચા કોટડા ભાટકડા દાઠા રોડ |
| ૨૩. | જાંબુડા એ. રોડ |
| ૨૪. | ભગુડા એ. રોડ |
| ૨૫. | ભાવનગર-તળાજા મહુવા રસ્તાના કી.મી. ૯૭/૦ થી ૯૯/૦ |
| ૨૬. | મહુવાથી મહુવા પોર્ટ અને લાઈટ હાઉસ રોડ કી.મી. ૦/૦ થી ૮/૦ |
| ૨૭. | પાલીતાણા જેસર રોડ કી.મી. ૩૬/૦ થી ૪૪/૦ |

-------------

**ગાંધીનગર શહેરમાં સુએજ પ્લાન્ટ બંધ હોવા બાબત**

૧૮૧૫૪ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ગાંધીનગર શહેરમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષથી સુએઝ પ્લાન્ટ બંધ હોવાથી મચ્છરોનો ત્રાસ વધુ છે તે વાત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સરકારશ્રીએ શાં પગલાં લીધા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ પ્લાન્ટ કેટલા સમયમાં ચાલુ કરવામાં આવશે ? | (૩) પ્લાન્ટ ચાલુ સ્થિતિમાં છે. |

-------------

**નર્મદા જિલ્લાના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત**

૧૮૨૧૯**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) નર્મદા જિલ્લાના ક્યા ક્યા સ્થળોને પ્રવાસન સ્થળો તરીકે વિકસાવવા પસંદ કરવામાં આવ્યા છે, | (૧) (અ) કલેકટરશ્રી નર્મદા (રાજપીપળા) જિલ્લા તરફથી નીચેના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે દરખાસ્ત મળેલ છે.<br>૧. દેવમોગરા<br>૨. ગોરા<br>૩. માલસામોટ<br>૪. રાજપીપળા<br>૫. ભાદરવા<br>૬. જીતગઢ<br>જ્યારે,<br>(બ) નર્મદા વિભાગ દ્વારા કેવડિયા કોલોની ખાતે સર્વાંગી પ્રવાસન પ્લાન બનાવી પ્રવાસનના વિકાસ માટેનું આયોજન કરેલ છે. |
| (૨) આ સ્થળોને વિકસાવવા માટે શું આયોજન કરવામાં આવ્યું છે, અને | (૨) આ સ્થળોએ આંતરમાળખાકીય સુવિધા તથા પ્રવાસન સવલતો ઉભી કરવાની દરખાસ્ત છે. |
| (૩) આ સ્થળોના વિકાસ માટે સરકારે કોઈ ખાસ પ્રોત્સાહક યોજના જાહેર કરી છે કે કેમ અને જો હા, તો તેની વિગત શી છે ? | (૩) રાજ્ય સરકારે જિલ્લા કક્ષાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે સમગ્ર રાજ્ય માટે રૂા.૬૦.૦૦ ક્રોડની જોગવાઇ વર્ષ ૨૦૦૬-૦૭ માં સુચવેલ છે, જેમાંથી નર્મદા જિલ્લા માટેની રકમની ફાળવણી હવે પછી નક્કી કરવામાં આવશે. |

-------------

**વઢવાણ શહેરમાં વિકાસપથ યોજના હેઠળ મંજૂર થયેલ શિયાણીની પોળથી આર્યસમાજ મંદિર સુધીના રસ્તાનું કામ**

૧૭૮૩૪ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વઢવાણ શહેરમાં વિકાસપથ યોજના હેઠળ મંજૂર થયેલ શિયાણીની પોળથી આર્યસમાજ મંદિર સુધીના રસ્તાનું કામ અધુરુ છે તેમજ કામગીરી બંધ છે તે હકીક્ત સાચી છે, | (૧), (૨) અને (૩) : સદર કામ મંજૂર થયેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો આ કામ બંધ રહેવાના કારણો | |

શાં છે, અને

(૩) સરકાર બાકીની કામગીરી ક્યારે પૂર્ણ કરવા માંગે છે ?

-------------

**અંબાજી અને બેચરાજી મંદિરમાંથી સરકારને થયેલ આવક**

૧૮૧૯૨ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી):માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે અંબાજી અને બેચરાજી મંદિરમાંથી કેટલી આવક મેળવી, | (૧) આ આવક અંબાજી અને બેચરાજી ટેમ્પલ ટ્રસ્ટને થાય છે. જે ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં નીચે મુજબ છે.<br>અંબાજી : રૂા.૧૬,૯૭,૩૭,૫૧૬/-<br>બેચરાજીઃ રૂા.૧,૬૩,૧૪,૭૪૮.૬૫ પેસા |
| (૨) આ મંદિરોમાંથી મળેલ આવકમાંથી જે તે મંદિરના વિકાસ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) મંદિર ટ્રસ્ટને મળેલ આવકમાંથી નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવેલ છે.<br>અંબાજી : રૂા.૧,૯૪,૭૩,૭૬૦.૦૦<br>બેચરાજીઃ રૂા.૧,૯૪,૩૧,૨૬૦.૦૦ |
| (૩) આ મંદિરના પૂજારીઓના પગાર ભથ્થાં પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને આ પૂજારીઓને પગાર વધારવા માગો છો કે કેમ ? | (૩) તા.૧-૪-૦૫ થી ૩૧-૧-૦૬ સુધીનો ખર્ચ<br>અંબાજી : રૂા.૨૪,૬૦,૨૪૪.૦૦<br>બેચરાજીઃ રૂા.૨,૭૭,૮૬૨.૦૦<br>સરકારશ્રીની નીતિ અને નિયમો મુજબ પગાર ચૂકવવામાં આવે છે. તેથી પગાર વધારવાનો પ્રશ્ન નથી. |

-------------

**ભાવનગર શહેરના વિક્સી રહેલ કાળવીબીડ વસાહતના લે-આઉટ મંજૂર કરવા બાબત**

૧૮૧૮૩ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર શહેરની વિક્સી ગયેલ કાળવીબીડ (રામનગર) વસાહતના લે-આઉટ મંજૂર કરવાની કામગીરી તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેટલે પહોંચી છે, અને | (૧) કાળવીબીડ (રામનગર) વસાહતના રજૂ થયેલ લે-આઉટ પ્લાન ભાવનગર વિકાસ વિસ્તારના સમુચિત સત્તામંડળ પાસે તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ મંજૂરી માટે બાકીમાં નથી. |
| (૨) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ થવાની ધારણા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ભાવનગરથી પાલીતાણા બાયપાસ રોડ મંજૂર કરવા બાબત**

૧૭૬૦૨ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ(ગઢડા):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર થી પાલીતાણા બાયપાસ રોડ ક્યારે મંજૂર કરવામાં આવ્યો, | (૧) બે ભાગમાં અનુક્રમે તા.૨૯-૪-૯૨ અને ૨૨-૧-૯૬ |
| (૨) તેની કાર્યવાહી તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) અને (૩) : એક ભાગમાં ૧.૧૫ કી.મી. લંબાઇમાં ડામરકામ સહિતની કામગીરી પૂર્ણ થયેલ છે. જ્યારે અન્ય ભાગમાં પથરેખા પર બાંધકામો, તથા જંગલ વિસ્તારના કારણે વૈકલ્પિક પથરેખા નક્કી કરવાના તબક્કામાં છે. આ કામો જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ ક્યાં બાદ તબક્કાવાર હાથ ધરવાનું આયોજન છે. |
| (૩) તે કેટલા સમયમાં પૂર્ણ થશે ? | |

-------------

**બારડોલી તાલુકાનું વાઘેચા ગામનું વાઘેશ્વર મહાદેવના મંદિરનો પવિત્ર યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરવા બાબત**

૧૭૮૩૭ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકાનું વાઘેચા ગામનું વાઘેશ્વર મહાદેવ મંદિરને યાત્રાધામ તરીકે વિકસાવવાનું આયોજન છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ પૌરાણિક પ્રાચીન યુગનું વાઘેશ્વર મંદિરને સરકારે યાત્રાધામ તરીકે વિકસાવવા માટે શું આયોજન કર્યુ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**સાવરકુંડલા તાલુકામાં પીવાનું પાણી આપવાનું આયોજન**

૧૮૧૩૮**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકાનાં ગામોને પીવાનું પાણી પૂરું પાડવા માટે મહી પરીએજ યોજના નીચે સમાવવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સાવરકુંડલા તાલુકાના કેટલા ગામોને તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં પીવાનું પાણી પૂરું પાડવામાં આવેલ છે અને બાકી રહેલ ગામોને ક્યારે પીવાનું પાણી આપવા સરકારનું આયોજન છે ? | (૨) ૫૦ ગામોને પીવાનું પાણી આપવામાં આવેલ છે. બાકી રહેતા ૩૧ ગામોને ક્રમશ : મે-૨૦૦૬ સુધીમાં પીવાનું પાણી આપવાનું આયોજન છે. |

-------------

**પવિત્ર યાત્રાધામોમાં દારુ ઈંડા, માંસ-મરઘીના વેચાણ ઉપર પ્રતિબંધ મૂકવા બાબત**

૧૮૨૦૬ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના પવિત્ર યાત્રાધામોમાં દારુ ઈંડા, માંસ, મરઘીના વેચાણ પરના પ્રતિબંધ માટે કોઈ વિચારણા ચાલુ છે, | (૧), (૨) અને (૩) : રાજ્યએ જાહેર કરેલ છ પવિત્રયાત્રા ધામો પૈકી આ પ્રતિબંધ (૧) પાલીતાણા ખાતે તા.૩૧-૮-૯૯ થી (૨) ડાકોર ખાતે તા.૬-૩-૦૬ થી (૩) ગીરનાર ખાતે તા.૭-૩-૦૬ થી (૪) સોમનાથ તા.૭-૩-૦૬ થી (૫) અંબાજી ખાતે તા.૭-૩-૦૬ થી અને (૬) દ્વારકા ખાતે તા.૨૨-૩-૦૬ થી આ માટેના પ્રતિબંધો અમલમાં છે. |
| (૨) જો હા, તો તે ક્યા તબક્કે છે, અને | |
| (૩) પ્રતિબંધ લગાવવાનો અમલ ક્યારથી કરવામાં આવશે ? | |

-------------

**અબડાસા તાલુકાની હીરાવિરી ડેમની મંજૂરી આપવાની દરખાસ્ત**

૧૮૨૧૦**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ અબડાસા તાલુકાના હીરાવિરી ડેમની મંજૂરી માટેની કોઈ દરખાસ્ત આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |

| | |
|---|---|
| (૨) જો હા, તો આ ડેમને ક્યારે મંજૂરી મળશે ? | (૨) યોજના તાંત્રિક રીતે શક્ય જણાય તો બજેટ ઉપલબ્ધિ અનુસાર શક્ય તેટલી વહેલી મંજૂરી અપાશે. |

-------------

**કપડવંજ તાલુકાના પમિ વિભાગના ગામડા માટે પીવાના પાણીની યોજના મંજૂર થવા બાબત**

૧૭૯૫૯ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કપડવંજ તાલુકાના પમિ વિભાગના ગામડાને પીવાના પાણીની યોજના તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) મંજૂર થયેલ હોય તો કામ શરુ ન કરવાના કારણો શાં છે, અને | (૨) અને (૩) : પાણી અનામત રાખવાની દરખાસ્તને મંજૂરી મળ્યેથી યોજનાના કામો હાથ ધર્યા બાદ ૧૨ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | |

-------------

**ચોટીલા અને સાયલા તાલુકામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનાં કામ**

૧૮૧૩૩ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે ક્યા ક્યા રસ્તાઓ મંજૂર ર્ક્યા, | (૧) નીચે જણાવેલ ૨ કામ મંજૂર થયેલ છે.<br>(અ) ધાંધલપુર ક્રાડી ધજાળા રોડ<br>તાલુકો :- સાયલા<br>(બ) એસ.એચ. થી વાંટાવચ્છ એપ્રોચ રોડ<br>તાલુકો :- સાયલા |
| (૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા, અને | (૨) એક |
| (૩) ક્યાં ક્યાં કામો બાકી અને અધૂરા છે, તે કેટલા સમયમાં પૂરા કરવામાં આવશે ? | (૩) એસ.એચ.થી વાંટાવચ્છ એપ્રોચ રોડના કામના ટેન્ડર મંજૂરી હેઠળ છે. જે વર્ષ ૨૦૦૬-૦૭ માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**સચિવાલયના અધિકારી / કર્મચારીઓને રાહત દરે રહેણાંક્ના પ્લોટ આપવા બાબત**

૧૮૧૬૧**શ્રી પુનાભાઈ ઢે. ગામીત (વ્યારા):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૨૮-૨-૦૬ની સ્થિતિએ પાંચ વર્ષની નિયમિત નોકરી પૂરી કરી હોય તેવા કેટલા બિનબદલીપાત્ર સચિવાલયના અધિકારી તથા કર્મચારીઓને રાહત દરના રહેણાંક્ના પ્લોટ આપવાની માંગણી પાસે બાકીમાં છે, અને | (૧) અને (૨) : ગાંધીનગર શહેરમાં તા.૨૮-૨-૦૬ ની સ્થિતિએ પાંચ વર્ષની નિયમિત નોકરી પુરી કરી હોય તેવા સચિવાલયના બીન બદલીપાત્ર અધિકારી તથા કર્મચારીઓને રાહતદરના રહેણાંક્ના પ્લોટ આપવાની સરકારશ્રીની કોઇ નીતિ નથી. તેથી આવી માંગણી બાકી રહેવાનો પ્રશ્ન નથી. |
| (૨) તેઓને ક્યાં સુધીમાં રાહત દરના પ્લોટ આપવામાં આવશે ? | |

-------------

**નસવાડી તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેરના જમણાં કાંઠાના બીન પિયત વિસ્તાર ઉર્ધ્વ પરિવહન યોજના**

૧૮૧૬૭ **શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ (નસવાડી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નસવાડી તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેરનાં જમણાં કાંઠાના બીન પિયત વિસ્તાર માટે ઉર્ધ્વ પરિવહન યોજના (લીફ્ટ ઈરીગેશન સ્કીમ) ધ્વારા પીયતની સગવડ સરકાર આપવા માંગે છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે અંગેનું આયોજન શું છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ઉના શહેરમાં હેવી ટ્રાફીક**

૧૮૧૪૮ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉના શહેરમાં ૨૪ કલાક હેવી ટ્રાફીક રહે છે તે હકીક્તથી સરકાર વાકેફ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ટ્રાફીક્ની સમસ્યાના ઉકેલ માટે બાયપાસ રોડ બનાવવાની વિચારણા કરવામાં આવી હતી તે હકીક્ત સાચી છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આ કાર્યવાહી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) સવાલવાળા બાયપાસ માટે અલગ અલગ ત્રણ વૈકલ્પિક પથરેખા માટે પ્રાથમિક શક્યતા તપાસી, નક્કી કરી, જરૂરી પ્રાથમિક સર્વે સહિતનો ઇન્વેન્ટરાઇઝેશન તથા શક્યતાદર્શી અહેવાલ ભારત સરકારશ્રીમાં મંજૂરી અર્થે સાદર કરેલ છે. |

-------------

**ધંધુકા, ધોલેરા રોડનું રીપેરીંગ કામ**

૧૭૯૫૨ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધંધુકા-ધોલેરા રોડના રીપેરીંગ કે નવીની કરણ માટે સરકારે આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કામ ક્યારે શરુ થશે અને ક્યારે પૂર્ણ થશે ? | (૨) સદર કામ પ્રગતિમાં છે. જે તા.૩૧-૧૦-૦૬ સુધીમાં પૂર્ણ કરવા આયોજન છે. |

-------------

# પાંચમી અતારાંક્તિ યાદી

**વિભાગમાં માહિતી અધિકાર હેઠળ મળેલ અરજીઓ**

અતારાંક્તિઃ ૪૦૪૦ (૧૨-૧-૨૦૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦મી નવેમ્બર, ૦૫ની સ્થિતિએ જુદા જુદા વિષયોના સંબંધમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી મેળવવા માટે કુલ કેટલી અરજીઓ મળી,

(૨) આ અરજીઓમાંથી કેટલી અરજીઓમાં માહિતી આપવામાં આવી,

(૩) કેટલી અરજીઓમાં ક્યા કારણોસર માહિતી આપી નથી, અને

(૪) આ કાયદા હેઠળની કુલ કેટલી આવક રાજ્ય સરકારને પ્રાપ્ત થઈ ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ વિભાગ) : (૨૧/૨/૦૬)

(૧) ૨૦

(૨) ૧૫

(૩) ૦૫, અરજદારો દ્વારા નિયત રકમ સરકારમાં જમા કરાવેલ ન હોવાને કારણે.

(૪) કુલ રૂા. ૨૫૩૨/-

-----------

**કચ્છ જિલ્લામાં ફળઝાડના રોપાઓનું વિતરણ**

અતારાંક્તિઃ ૪૧૧૫ (૨૧-૧-૨૦૦૬)**શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને વર્ષવાર ફળઝાડના વાવેતર માટે ક્યા પ્રકારની અને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે, અને

(૨) આ ફળઝાડના રોપાઓનું ક્યા ક્યા સરકારી - અર્ધસરકારી ફાર્મમાંથી કેટલી કિંમતે વિતરણ કરવામાં આવેલ છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૬/૩/૦૬)

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ફળઝાડના વાવેતર માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓ હેઠળ જુદા જુદા પાકો પ્રમાણે હેકટરે રૂા. ૨૫૦૦/- થી ૭૦,૦૦૦/- સુધીના સહાયના ધોરણો અનુસાર મળવાપાત્ર થતી સહાય નીચે મુજબ ૫૦૯ ખેડૂતોને કુલ રૂા. ૪૦,૭૭,૨૫૫/- સહાય ચૂકવવામાં આવેલ છે.

**પત્રક**

| અ. નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૪-૦૫ તા. ૧-૧-૦૫થી તા. ૩૧-૩-૦૫ સુધી | | વર્ષ ૨૦૦૫-૦૬ તા. ૧-૪-૦૫થી તા. ૩૧-૧૨-૦૫ સુધી | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ચૂકવેલ સહાય | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય | લાભાર્થીની સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | અંજાર | ૬૪૯૯૮૫ | ૮૭ | - | - | ૬૪૯૯૮૫ | ૮૭ |
| ૨. | અબડાસા | - | - | - | - | - | - |
| ૩. | ભુજ | ૬૫૭૫૯૫ | ૭૫ | - | - | ૬૫૭૫૯૫ | ૭૫ |
| ૪. | ભચાઉ | ૧૧૧૨૦૦ | ૧૩ | - | - | ૧૧૧૨૦૦ | ૧૩ |
| ૫. | મુન્દ્રા | ૫૬૪૩૦૦ | ૩૦ | ૮૭૯૦૦ | ૧૦ | ૬૫૨૨૦૦ | ૪૦ |
| ૬. | માંડવી | ૧૦૯૩૭૨૫ | ૧૭૮ | ૬૩૬૦૦ | ૫ | ૧૧૫૭૩૨૫ | ૧૮૩ |
| ૭. | નખત્રાણા | ૮૪૫૪૫૦ | ૧૧૦ | - | - | ૮૪૫૪૫૦ | ૧૧૦ |
| ૮. | રાપર | ૩૫૦૦ | ૧ | - | - | ૩૫૦૦ | ૧ |
| ૯. | લખપત | - | - | - | - | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦. | ગાંધીધામ | - | - | - | - | - | - |
| | કુલ : | ૩૯૨૫૭૫૫ | ૪૯૪ | ૧૫૧૫૦૦ | ૧૫ | ૪૦,૭૭,૨૫૫ | ૫૦૯ |

(૨) આ ફળઝાડ રોપાઓનું કચ્છ જિલ્લાના મુન્દ્રા ખાતેની સરકારી નર્સરી ઉપરથી નીચે મુજબની કિંમતે કલમ / રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે.

| અ. નં. | કલમ/રોપાનું નામ | એક કલમ/ રોપાની કિંમત રૂા. |
|---|---|---|
| ૧. | આંબા (કલમ) | ૫૦.૦૦ |
| ૨. | ચિકુ (કલમ) | ૩૫.૦૦ |
| ૩. | ખારેક (રોપા) | ૧.૦૦ |
| ૪. | દાડમ (કલમ) | ૮.૦૦ |
| ૫. | નાળીયેર (દેશી) | ૧૨.૦૦ |
| ૬. | નાળીયેર (હાઈ.) | ૨૫.૦૦ |
| ૭. | આમળા (રોપા) | ૫.૦૦ |
| ૮. | જામફળ (રોપા) | ૫.૦૦ |
| ૯. | કાળા જાંબુ (રોપા) | ૫.૦૦ |
| ૧૦. | બદામ (રોપા) | ૫.૦૦ |
| ૧૧. | સીતાફળ | ૫.૦૦ |
| ૧૨. | સરગવો | ૫.૦૦ |
| ૧૩. | શોભાના રોપા | ૧૦.૦૦ |

-------------

## રાજ્યના દેવામાં થયેલ વધારો

અતારાંક્તિઃ ૪૦૨૩ (૧૨-૧-૨૦૦૬)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ડિસે. ૦૫ની સ્થિતિએ રાજ્ય સરકારનું આંતરિક દેવુ કુલ કેટલી રકમનું હતુ,

(૨) આ દેવુ કઈ કઈ એજન્સીનું અને ક્યા ક્યા હેડ હેઠળ તેમજ કેટલા વ્યાજદર વાળું હતું. વ્યાજ ચૂકવવામાં આવી,

(૩) આ દેવુ ઘટાડવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે શું શું પ્રયત્ન ક્યાં, ક્યારે, અને

(૪) રાજ્ય સરકારના આંતરિક દેવામાં ઘટાડો થયો કે કેમ, જો હા તો કેટલી રકમનો ?

**મુખ્ય મંત્રીશ્રી** (નાણા) : (૧૮/૨/૦૬)

(૧) તારીખ ૩૧-૧૨-૦૫ની સ્થિતીએ રાજ્ય સરકારનું આંતરિક દેવું રૂપિયા ૫૨૭૦૭.૧૮૪૮ કરોડ છે.

(૨) મુખ્ય સદર : ૬૦૦૩ હેઠળ નાણાકીય સંસ્થાઓ, જાહેર બજારની લોનો તેમજ નેશનલ સ્મોલ સેવિંગ્ઝ ફંડમાંથી લોનો લેવામાં આવી છે. આ લોનોના વ્યાજનો દર ૫.૬૦ ટકાથી ૧૪.૫૦ ટકા સુધીનો છે. તા. ૧-૪-૨૦૦૫થી તા. ૩૧-૧૨-૨૦૦૫ના સમયગાળા દરમ્યાન અંદાજે રૂપિયા ૩૫૦૪.૩૪ કરોડ વ્યાજની ચૂકવણી કરવામાં આવી છે.

(૩) અને (૪) રાજ્ય સરકાર દ્વારા આવકમાં વધારો, નાણાકીય સંસ્થાઓની ઉંચા વ્યાજ દરવાળી લોનોનું પ્રી-પેમેન્ટ તેમજ ડેબ્ટ-સ્વેપ્પ દ્વારા ઉંચા વ્યાજ દરની નીચા દરની લોનોમાં રૂપાંતર કરવામાં આવેલ છે.

-----------

## રાજ્ય સરકાર હસ્તકના નિગમોની ખોટ અને લીધેલ પગલાં

અતારાંક્તિઃ ૪૦૩૦ (૧૯-૧-૨૦૦૬)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ડિસે. ૦૫ની સ્થિતિએ રાજ્ય સરકારના ક્યા ક્યા જાહેર સાહસો ખોટમાં ચાલતા હતા,

(૨) નિગમોની ખોટ માર્ચ ૨૦૦૫ને અંતે કેટલી હતી,

(૩) આ નિગમોમાં રોકાણ પ્રતિ વળતર રેશિયો કેટલો હતો, અને

(૪) આ નિગમોની ખોટ ઘટાડવા માટે રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં શું શું પગલાં લીધા ?

**મુખ્ય મંત્રીશ્રી** (નાણા) : (૪/૩/૦૬)

(૧) નીચે દર્શાવેલ જાહેર સાહસો ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ ખોટમાં ચાલતા હતાં

(૨)

| ક્રમ | ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ ખોટ કરતા જાહેર સાહસો |
|---|---|
| (૧) | ગુજરાત રાજ્ય વાહન માર્ગ વાહન વ્યવહાર નિગમ |
| (૨) | ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ |
| (૩) | ગુજરાત હાથશાળ અને હસ્તકલા નિગમ |
| (૪) | ગુજરાત પ્રવાસન નિગમ |
| (૫) | ગુજરાત ઓધોગિક મૂડી રોકાણ નિગમ |
| (૬) | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ |
| (૭) | ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ |
| (૮) | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ |
| (૯) | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ |
| (૧૦) | ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ |
| (૧૧) | ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ |
| (૧૨) | ગુજરાત હાઉસીંગ બોર્ડ |
| (૧૩) | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ |
| (૧૪) | ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ |
| | |

(૨) વર્ષ ૨૦૦૪-૨૦૦૫ ના અંતે નિગમોની ખોટ રૂા. ૧૨૦૮૭૪.૪૯/- લાખ હતી.

(૩) ખોટ કરતાં નિગમોને મૂડી પર વળતર મળતું ન હોઈ, રોકાણ પ્રતિ રેશિયો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ખોટ કરતાં નિગમોની ખોટ ઘટાડવા રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લીધેલ છે.

(૧) વહીવટી/મહેકમ ખર્ચમાં કાપ મૂકવામાં આવેલ છે.

(૨) નિગમોની માલિકીના વાહનોનો ઘટાડો કરવામાં આવેલ છે.

(૩) વ્યાજ ભારણ ઘટાડવા ઉંચા વ્યાજવાળા દેવા ચૂકવી દેવા નિગમોને જણાવવામાં આવેલ છે.

(૪) વસૂલાત કામગીરી સઘન બનાવવા તથા કરકસરયુક્ત વહીવટ થાય તે માટે શક્ય હોય તેવા તમામ પગલાં રાજ્ય સરકારે લીધાં છે.

(૫) ખોટ કરતા નિગમો પૈકી જી.એસ.એફ.સી., જી.આઈ.આઈ.સી તથા ઘેટા અને ઉન વિકાસ નિગમનો તલસ્પર્શી અભ્યાસ કરવા માટે તજજ્ઞ સમિતિને કામગીરી સોંપવામાં આવી છે.

-----------

**રાજ્યમાં ટેક્ષ માફ કરવામાં આવેલ ઉદ્યોગો**

અતારાંક્તિઃ ૪૦૯૭ (૧-૨-૨૦૦૬)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦ લાખથી ઉપર સેલ્સટેક્સ માફ ક્યાં હોય તેવા કેટલા ઉદ્યોગો છે અને ક્યા ક્યા,

(૨) સેલ્સટેક્સ માફ કરવાના મુખ્ય કારણો શાં હતા, અને

(૩) ક્યા ઉદ્યોગોનો કેટલો સેલ્સટેક્સ માફ કરવામાં આવેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (નાણા) : (૨૧/૨/૦૬)

(૧) રાજ્યમાં તારીખ ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રૂા. ૧૦ લાખથી ઉપર સેલ્સટેક્સ માફ ક્યાં હોય એવો એક પણ ઉદ્યોગ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**વિભાગમાં માહિતી અધિકાર હેઠળ મળેલ અરજીઓ**

અતારાંક્તિઃ ૪૦૭૩ (૭-૧-૨૦૦૬)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) નવેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગમાં જુદા જુદા વિષયોના સંબંધમાં માહિતી અધિકાર હેઠળ માહિતી મેળવવા માટે કુલ કેટલી અરજીઓ મળી,

(૨) આ અરજીઓમાંથી કેટલી અરજીઓમાં માહિતી આપવામાં આવી,

(૩) કેટલી અરજીઓમાં માહિતી ક્યા કારણોસર આપી નથી, અને

(૪) આ કાયદા હેઠળની કુલ કેટલી આવક રાજ્ય સરકારને પ્રાપ્ત થઈ ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) : (૧૮/૨/૦૬)

(૧) ૧ (એક)

(૨) ૧ (એક)

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) રૂા. ૨૦/- ફી મળેલ છે.

-----------

**રાજ્યમાં ભારે વરસાદથી રોગચાળો ડામવા આરોગ્ય વિષયક દવાઓની ખરીદી**

અતારાંક્તિઃ ૩૮૪૧ (૨૬-૮-૨૦૦૫) **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં તાજેતરમાં આવેલ ભારે વરસાદ તથા પૂરના કારણે રોગચાળો ફાટી ન નીકળે તે માટે રાજ્ય સરકારે દવા છંટકાવ તથા આરોગ્ય વિષયક દવાઓ પૂરી પાડવા માટે કેટ કેટલો જથ્થો, કઈ કઈ કંપનીઓ પાસેથી શા ભાવે ખરીદેલ છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** : (૨૨/૨/૦૬)

(૧) રાજ્ય સરકારે દવા છંટકાવ તથા આરોગ્ય વિષયક દવાઓની કરેલ ખરીદી, જથ્થો તથા કંપનીઓની વિગત દર્શાવતું પત્રક - ક આ સાથે રાખેલ છે.

**પત્રક-ક**

**રાજ્યમાં ભારે વરસાદથી રોગચારો ડામવા છંટકાવ માટે/આરોગ્ય વિષયક દવાઓની ખરીદી કર્યા અંગેની વિગતો દર્શાવતું પત્રક-ક**

| અ. નં. | દવાનું નામ | જથ્થો | કોની પાસેથી ખરીદવામાં આવી | શા ભાવે ખરીદવામાં આવી | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | |
| | | | | ભાવ રૂા. (સી.એસ.ટી. સાથે) | પેકીંગ |
| ૧. | ડેલ્ટામેથ્રીન ૨.૫% ડબલ્યુ પી.વીથ આઈ. એસ.આઈ. માર્ક | ૪૫ મે. ટન + (૫૭૯ કિ. ગ્રામ ફ્રી ઓફ કોસ્ટ) | મે. ઘરડા કેમીકલ્સ લી. મુંબઈ | ૧,૭૩,૦૦૦.૦૦ | મે. ટન |
| ૨. | રીંગર લેક્ટેટ ઈન્જેક્શન ૫૦૦ એમ. એલ. | ૩૫૦૦૦ બોટલ | ક્લેરીસ લાઈફ સાયન્સ લી., અમદાવાદ | ૯.૭૫ | બોટલ |
| ૩. | ડેક્ષટ્રોઝ લેક્ટેટ ઈન્જેક્શન ૫% ૫૦૦ એમ. એલ. | ૨૮૦૦૦ બોટલ | ઉપર મુજબ | ૯.૨૫ | બોટલ |
| ૪. | રીંગર લેક્ટેટ ઈન્જેક્શન ૫૦૦ એમ. એલ. | ૧૫૦૦૦ બોટલ | મર્ક પેરેન્ટ્રલ્સ (ઈન્ડીયા) લી.,અમદાવાદ | ૯.૭૫ | બોટલ |
| ૫. | સોડીયમ ક્લોરાઈડ ઈન્જેક્શન ૫૦૦ એમ. એલ. | ૬૦૦૦ બોટલ | ઉપર મુજબ | ૯.૨૫ | બોટલ |
| ૬. | સલ્ફાસીટામાઈડ આઈ ડ્રોપ્સ ૨૦% | ૫૬૦૦૦ વાયલ્સ | જેક્સન લેબોરેટરીઝ | ૪.૫૮ | વાયલ |
| ૭. | ક્લોક્ષાસીલીન સોડીયમ ઈન્જેક્શન ૫૦૦ મી. ગ્રા. | ૬૦૦૦ વાયલ્સ | ઉપર મુજબ | ૨.૯૧ | વાયલ |
| ૮. | સીપ્રોફ્લોક્ષાસીન | ૯૦૦૦ વાયલ્સ | ઉપર મુજબ | ૩.૬૯ | વાયલ |

| અ. નં. | દવાનું નામ | જથ્થો | કોની પાસેથી ખરીદવામાં આવી | શા ભાવે ખરીદવામાં આવી | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | |
| | ઓપ્થલ્મીક સોલ્યુસન ૫ એમ. એલ. | | | | |
| ૯. | ઈરીથ્રોમાયસીન સ્ટીઅરેટ સસ્પેન્શન ૬૦ એમ. એલ. | ૧૦૫૦૦ બોટલ | ઉપર મુજબ | ૧૨.૧૦ | બોટલ |
| ૧૦. | જેન્ટામાયસીન આઈ ડ્રોપ્સ ૩ એમ. એલ. | ૪૫૦૦ વાયલ્સ | ઉપર મુજબ | ૩.૧૮ | વાયલ |
| ૧૧. | એસ્પીરીન ટેબલેટ ૩૦૦ મી. ગ્રા. | ૧૦૦૦૦૦૦ ટેબલેટ | ઈન્ફીનીટીવ ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રીઝ, ડીસા. | ૧૨.૨૫ | ૧૦૦ ટેબલેટ |
| ૧૨. | ટીનીડાઝોલ ટેબલેટ ૩૦૦ મી. ગ્રા. | ૨૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૨૩૯.૨૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૧૩. | કો -ટ્રાયમોક્ષઝોલ ટેબલેટ | ૨૫૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૨૮૨.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૧૪. | મેટ્રોનીડાઝોલ ટેબલેટ ૨૦૦ મી. ગ્રા. | ૩૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૧૪૯.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૧૫. | અલ્બેન્ડાઝોલ ટેબલેટ ૪૦૦ મી. ગ્રા. | ૧૪૦૦૦૦ ટેબલેટ | કેન્ટ્રેક લેબોરેટરીઝ પ્રા. લી., અમદાવાદ | ૪૭૪.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૧૬. | એમોક્ષીસીલીન કેપ્સ્યુલ ૫૦૦ મી. ગ્રા. | ૫૦૦૦૦૦ કેપ્સ્યુલ | ઉપર મુજબ | ૧૧૪.૯૦ | ૧૦૦ કેપ્સ્યુલ |
| ૧૭. | એમોક્ષીસીલીન ડીસ્પરસીબલ ટેબલેટ ૧૨૫ મી. ગ્રા. | ૭૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૩૦૪.૦૦ | ૧૦૦ ટેબલેટ |
| ૧૮. | એમ્પીસીલીન કેપ્સ્યુલ ૫૦૦ મી. ગ્રા. | ૭૦૦૦૦૦ કેપ્સ્યુલ | કેન્ટ્રેક લેબોરેટરીઝ પ્રા. લી., અમદાવાદ | ૧૦૪.૦૦ | ૧૦૦ કેપ્સ્યુલ |
| ૧૯. | સીફાડ્રોક્ષીલ કેપ્સ્યુલ ૫૦૦ મી. ગ્રા. | ૬૦૦૦૦ કેપ્સ્યુલ | ઉપર મુજબ | ૧૮૯.૪૦ | ૧૦૦ કેપ્સ્યુલ |
| ૨૦. | નોરફ્લોક્ષાસીન ટેબલેટ ૪૦૦ મી. ગ્રા. | ૩૫૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૪૯૪.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૨૧. | અલ્બેન્ડાઝોલ ટેબલેટ ૪૦૦ મી. ગ્રા. | ૬૦૦૦૦ ટેબલેટ | દીપ ફાર્મા, ધોળકા | ૪૭૪.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૨૨. | એસ્કોબીક એસીડ ટેબલેટ ૫૦૦ મી. ગ્રા. | ૧૫૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૩૧૦.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૨૩. | ક્લોરોક્વીન ટેબલેટ ૨૫૦ મી. ગ્રા. | ૭૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૨૩૯.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૨૪. | સી. પી. એમ. ટેબલેટ ૪ મી. ગ્રા. | ૭૦૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૨૬.૫૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૨૫. | ડાયક્લોફેનેક સોડીયમ ટેબલેટ ૫૦ મી. ગ્રા. | ૨૧૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૭૫.૪૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૨૬. | ડાયસાયક્લોમીન ટેબલેટ ૨૦ મી. ગ્રા. | ૧૪૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૭૧.૧૪ | ૧૦૦૦ ટેબલેટ |
| ૨૭. | ફેમોટીડીન ટેબલેટ ૨૦ મી. ગ્રા. | ૨૮૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૭૨.૮૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૨૮. | મેગાલ્ડ્રેટ ટેબલેટ ૮૦૦ મી. ગ્રા. | ૨૦૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૧૫૮.૪૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૨૯. | એમોક્ષીસીલીન કેપ્સ્યુલ ૫૦૦ એમ. જી. | ૫૦૦૦૦૦ કેપ્સ્યુલ | નેસ્ટર ફાર્માસ્યુટીક્લ્સ લી., ન્યુ દિલ્હી. | ૧૧૪.૯૦ | ૧૦૦ કેપ્સ્યુલ |
| ૩૦. | એમોક્ષીસીલીન કેપ્સુયુલ ૨૫૦ એમ. જી. | ૪૫૦૦૦૦ કેપ્સ્યુલ | ઉપર મુજબ | ૬૦.૯૬ | ૧૦૦ કેપ્સ્યુલ |
| ૩૧. | બેન્ઝાઈલ પેનીસીલીન ઈન્જેક્શન ૫ લાખ યુનિટ | ૧૦૦૦૦૦ વાયલ્સ | ઉપર મુજબ | ૨૭.૪૬ | ૧૦ વાયલ્સ |
| ૩૨. | એમોક્ષીસીલીન કેપ્સ્યુલ ૨૫૦ એમ. જી. | ૧૦૫૦૦૦૦ કેપ્સ્યુલ | ભારત પેરેન્ટ્રલ્સ લી. | ૬૦.૯૬ | ૧૦૦ કેપ્સ્યુલ |
| ૩૩. | એમીક્રાસીન સલ્ફેટ ઈન્જેક્શન ૫૦૦ મી. ગ્રા. | ૧૦૦૦૦ વાયલ્સ | ઉપર મુજબ | ૪૯.૯૨ | ૧૦ વાયલ |
| ૩૪. | સીફોટેક્ષીન ઈન્જેક્શન ૨૫૦ મી. ગ્રા. | ૧૦૦૦૦ વાયલ્સ | ઉપર મુજબ | ૪૫.૦૦ | ૧૦ વાયલ્સ |
| ૩૫. | એમોક્ષીસીલીન ડીસ્પરસીબલ ટેબલેટ ૧૨૫ મી. ગ્રા. | ૩૦૦૦૦૦ ટેબલેટ | એન્ડોલેબ્સ લી. અમદાવાદ | ૩૦૪.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૩૬. | નોરફ્લોક્ષાસીન કીડ | ૧૦૦૦૦૦ | ઉપર મુજબ | ૨૧૮.૦૦ | ૧૦૦૦ |

| અ. નં. | દવાનું નામ | જથ્થો | કોની પાસેથી ખરીદવામાં આવી | શા ભાવે ખરીદવામાં આવી | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | |
| | ટેબલેટ ૧૦૦ મી. ગ્રા. | ટેબલેટ | | | ટેબલેટ |
| ૩૭. | પોલીવીટીમીન ટેબલેટ (પ્રોફીલેકટીક) | ૬૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૧૬૫.૫૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૩૮. | ઓ. આર. એસ. પાવડર | ૨૫૦૦૦૦ સેકેટસ | ઉપર મુજબ | ૧.૫૪ | સેચેટસ |
| ૩૯. | બ્લીચીંગ પાવડર ગ્રેડ-૨ | ૫૦૦૦ બેગ | ઉર્વશી કેમીકલ્સ પ્રા. લી., અંકલેશ્વર | ૩૬૨.૦૦ | ૨૫ કી. ગ્રા. |
| ૪૦. | એમ્પીસીલીન કેપ્સ્યુલ ૫૦૦ એમ. જી. | ૩૦૦૦૦૦ કેપ્સ્યુલ | માન ફાર્માસ્યુટીકલ્સ લી., અમદાવાદ | ૧૦૪.૦૦ | ૧૦૦ કેપ્સ્યુલ |
| ૪૧. | સીપ્રોફ્લોક્ષાસીન ટેબલેટ ૫૦૦ મી. ગ્રા. | ૩૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૭૬૯.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૪૨. | આઈબ્રુપ્રોફેન ટેબલેટ ૪૦૦ મી. ગ્રા. | ૨૮૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૨૩૪.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૪૩. | મેટ્રાનીડાઝોલ ટેબલેટ ૪૦૦ મી. ગ્રા. | ૬૦૦૦૦૦ ટેબલેટ | માન. ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લી., અમદાવાદ | ૨૬૯.૯૧ | ૧૦૦૦ ટેબલેટ |
| ૪૪. | નોરફ્લોક્ષાસીન ટેબલેટ ૪૦૦ મી. ગ્રા. | ૧૫૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૪૯૪.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૪૫. | એસ્કોર્બીક એસીડ ટેબલેટ ૫૦૦ મી. ગ્રા. | ૩૫૦૦૦૦ ટેબલેટ | ફીનીક્સ ફાર્માસ્યુટીકલ્સ., અમદાવાદ | ૩૧૦.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૪૬. | પોલીવીટામીન ટેબલેટ | ૧૪૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૧૬૫.૫૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૪૭. | સીફાડ્રોક્ષીલ કેપ્સ્યુલ ૫૦૦ મી. ગ્રા. | ૧૪૦૦૦૦ કેપ્સ્યુલ | મોનોકેમ લેબોરેટરીઝ., અમદાવાદ. | ૧૮૯.૪૦ | ૧૦૦૦ કેપ્સ્યુલ |
| ૪૮. | ક્લોરીન ટેબલેટ આઈ.એસ. આઈ. માર્ક | ૧૬૦૦૦૦૦૦ ટેબલેટ | પ્રીસાઈઝ ફોર્મ્યુલેશન | ૨૭.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૪૯. | ક્લોરોક્વીન ટેબલેટ ૨૫૦ મી. ગ્રા. | ૩૦૦૦૦૦ ટેબલેટ | સેલ્વોક ફાર્માસ્યુટીકલ્સ કાં. બીલીમોરા | ૨૩૯.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૫૦. | અલ્બેન્ડાઝોલ સસ્પેન્શન ૧૦ એમ. એલ. | ૧૦૦૦૦ બોટલ | ઉપર મુજબ | ૩.૧૫ | બોટલ |
| ૫૧. | ક્લોરોક્વીન સીરપ ૬૦ એમ. એલ. | ૧૦૦૦૦ બોટલ | ઉપર મુજબ | ૪.૩૮ | બોટલ |
| ૫૨. | મેટ્રાનીડાઝોલ ઓરલ સસ્પેન્શન ૬૦ એમ. એલ. | ૧૫૦૦૦ બોટલ | ઉપર મુજબ | ૪.૪૯ | બોટલ |
| ૫૩. | ટ્રાઈમેથોપ્રીમ એન્ડ સલ્ફા. ઓરલ સસ્પેન્શન ૫૦ એમ. એલ. | ૧૪૦૦૦ બોટલ | ઉપર મુજબ | ૪.૨૯ | બોટલ |
| ૫૪. | સી. પી. એમ. ટેબલેટ ૪ મી. ગ્રા. | ૩૦૦૦૦૦૦ ટેબલેટ | એડ્રોઈટ ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લી. અમદાવાદ | ૨૬.૫૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૫૫. | ડોક્ષીસાયક્લીન કેપ્સ્યુલ ૧૦૦ મી. ગ્રા. | ૨૪૦૦૦૦ કેપ્સ્યુલ | ઉપર મુજબ | ૩૯.૦૦ | ૧૦૦ કેપ્સ્યુલ |
| ૫૬. | વીટામીન બી કોમ્પ્લેક્ષ ટેબલેટ | ૩૦૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૯૧.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૫૭. | પેરાસીટામોલ સીરપ ૬૦ એમ. એલ. | ૨૫૦૦૦ બોટલ | ઉપર મુજબ | ૩.૯૦ | બોટલ |
| ૫૮. | ટ્રાઈમેથોપ્રીમ સલ્ફા. ઓરલ સસ્પેન્શન ૫૦ એમ. એલ. | ૬૦૦૦ બોટલ | ઉપર મુજબ | ૪.૨૯ | બોટલ |
| ૫૯. | સીપ્રોફ્લોક્ષાસીન ટેબલેટ ૫૦૦ મી. ગ્રા. | ૭૦૦૦૦૦ ટેબલેટ | સુનીઝ ફાર્મા પ્રા. લી. અમદાવાદ | ૭૬૯.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૬૦. | ઓફ્લોક્ષાસીન ટેબલેટ ૨૦૦ મી. ગ્રા. | ૭૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૬૮.૯૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૬૧. | ડાયક્લોફેનેક સોડીયમ ટેબલેટ ૫૦ મી. ગ્રા. | ૪૯૦૦૦૦૦ ટેબલેટ | વેસ્ટ કોસ્ટ ફાર્માસ્યુટીકલ્સ વર્કસ., અમદાવાદ | ૭૫.૪૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૬૨. | ડીલોક્ષાનાઈડ ફ્યુરેટ ટેબલેટ ૫૦૦ મી. ગ્રા. | ૧૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૪૬૮.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૬૩. | ઈટીઓ ફાયલીન | ૧૪૦૦૦૦૦ | ઉપર મુજબ | ૯૪.૦૦ | ૧૦૦૦ |

| અ. નં. | દવાનું નામ | જથ્થો | ક્રાની પાસેથી ખરીદવામાં આવી | શા ભાવે ખરીદવામાં આવી | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | |
| | વીથ થીયોફાયલીન ટેબલેટ | ટેબલેટ | | | ટેબલેટ |
| ૬૪. | ડાયસાયક્લોમીન હાઈડ્રોક્લોરાઈડ ટેબલેટ ૨૦ મી. ગ્રા. | ૬૦૦૦૦૦ ટેબલેટ | યુરોકેમ લેબોરેટરીઝ પ્રા. લી. ચેન્નાઈ | ૭૧.૧૪ | ૧૦૦૦ ટેબલેટ |
| ૬૫. | ટેટ્રાસાયક્લીન હાઈડ્રોક્લોરાઈડ કેપ્સ્યુલ ૨૫૦ મી. ગ્રા. | ૪૫૦૦૦૦ કેપ્સ્યુલ | ઉપર મુજબ | ૩૨.૭૫ | ૧૦૦ કેપ્સ્યુલ |
| ૬૬. | ઈટીઓ ફાયલીન વીથ થીઓફાયલીન ટેબલેટ | ૬૦૦૦૦૦ ટેબલેટ | ઉપર મુજબ | ૯૪.૦૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૬૭. | ડોમપેરીડોન ટેબલેટ ૧૦ મી. ગ્રા. | ૩૦૦૦૦૦ ટેબલેટ | જયવીન રેમેડીઝ પ્રા. લી. અમદાવાદ. | ૧૧૭.૯૯ | ૧૦૦૦ ટેબલેટ |
| ૬૮. | ઈરીથ્રોમાયસીન ટેબલેટ ૨૫૦ મી. ગ્રા. | ૩૫૦૦૦૦ ટેબલેટ | લીક્ન ફાર્માસ્યુટીક્લ્સ લી. અમદાવાદ. | ૯૦૧.૮૧ | ૧૦૦૦ ટેબલેટ |
| ૬૯. | ઈરીથ્રોમાયસીન ટેબલેટ ૨૫૦ મી. ગ્રા. | ૧૫૦૦૦૦ ટેબલેટ | સ્ટેલીઓન લેબોરેટરીઝ પ્રા. લી. અમદાવાદ | ૯૦૧.૮૧ | ૧૦૦૦ ટેબલેટ |
| ૭૦. | ફેમોટીડીન ટેબલેટ ૨૦ મી. ગ્રા. | ૧૨૦૦૦૦૦ ટેબલેટ | યાક્ર ફાર્માસ્યુટીક્લ્સ પ્રા. લી. બુલંદેશ્વર | ૭૨.૮૦ | ૧૦૦૦ ટેબલેટ |
| ૭૧. | એમીક્રાસીન સલ્ફેટ ઈન્જેક્શન ૫૦૦ મી. ગ્રા. | ૨૦૦૦૦ વાયલ્સ | હેલ્સીઓન ફાર્માસ્યુટીક્લ્સ લી. | ૪૯.૯૨ | ૧૦ વાયલ |
| ૭૨. | એમ્પીસીલીન સોડીયમ ઈન્જેક્શન ૫૦૦ મી. ગ્રા. | ૫૦૦૦૦ વાયલ્સ | ઉપર મુજબ | ૨૯.૧૬ | ૧૦ વાયલ |
| ૭૩. | ક્લોક્ષાસીલીન સોડીયમ ઈન્જેક્શન ૫૦૦ મી. ગ્રા. | ૧૪૦૦૦ વાયલ્સ | ઉપર મુજબ | ૨૯.૧૨ | ૧૦ વાયલ |
| ૭૪. | જેન્ટામાયસીન ઈન્જેક્શન ૮૦ મી. ગ્રા. ૨ એમ. એલ. | ૫૦૦૦૦ વાયલ્સ | ઉપર મુજબ | ૧૮.૦૦ | ૧૦ વાયલ |
| ૭૫. | સ્ટરાઈલ વોટર ફોર ઈન્જેક્શન ૫ એમ. એલ. | ૧૭૫૦૦૦ એમ્પ્યુલ્સ | ઉપર મુજબ | ૧૪.૦૪ | ૨૫ એમ્પ્યુલ |
| ૭૬. | એમીક્રાસીન ઈન્જેક્શન ૫૦૦ એમ. જી. | ૧૦૦૦૦ વાયલ્સ | અન્ઠીલ પેરેન્ટ્રલ્સ પ્રા. લી. | ૪૯.૯૨ | ૧૦ વાયલ |
| ૭૭. | એમીક્રાસીન ઈન્જેક્શન ૧૦૦ એમ. જી. | ૫૦૦૦ વાયલ્સ | ઉપર મુજબ | ૨૩.૯૬ | ૧૦ વાયલ |
| ૭૮. | એમ્પીસીલ સોડીયમ ઈન્જેક્શન ૫૦૦ મી. ગ્રા. | ૫૦૦૦૦ વાયલ્સ | ઉપર મુજબ | ૨૯.૧૬ | ૧૦ વાયલ |
| ૭૯. | ક્લોરોક્વીન ફોસ્ફેટ ઈન્જેક્શન ૫ એમ. એલ. | ૨૫૦૦૦ એમ્પ્યુલ્સ | ઉપર મુજબ | ૩૮.૪૮ | ૨૫ એમ્પ્યુલ |
| ૮૦. | ડાયક્લોફેનેક સોડીયમ ઈન્જેક્શન ૩ એમ. એલ. | ૮૭૫૦૦ એમ્પ્યુલ્સ | ઉપર મુજબ | ૨૩.૦૦ | ૨૫ એમ્પ્યુલ |
| ૮૧. | જેન્ટામાયસીન ઈન્જેક્શન ૮૦ મી. ગ્રા. ૨ એમ. એલ. | ૫૦૦૦૦ વાયલ્સ | ઉપર મુજબ | ૧૮.૦૦ | ૧૦ વાયલ |
| ૮૨. | મેટોક્લોપ્રોમાઈડ ઈન્જેક્શન ૨ એમ. એલ. | ૨૫૦૦૦ એમ્પ્યુલ્સ | ઉપર મુજબ | ૧૯.૬૦ | ૨૫ એમ્પ્યુલ્સ |
| ૮૩. | સીપ્રોફ્લોક્ષાસીન ઓપ્થલ્મીક સોલ્યુશન ૫ એમ. એલ. | ૨૧૦૦૦૦ વાયલ્સ | ઉપર મુજબ | ૩.૬૯ | વાયલ |
| ૮૪. | જેન્ટામાયસીન આઈ. ડ્રોપ્સ ૩ એમ. એલ. | ૧૦૫૦૦ વાયલ્સ | ઉપર મુજબ | ૩.૧૮ | વાયલ |
| ૮૫. | સીફોટેક્ષીમ સોડીયમ ઈન્જેક્શન ૧ ગ્રામ | ૭૦૦૦૦ વાયલ્સ | ફીનીઝ ફાર્માસ્યુટીક્લ્સ પ્રા. લી. અમદાવાદ | ૧૩૪.૦૦ | ૧૦ વાયલ |
| ૮૬. | સીફોટેક્ષીમ સોડીયમ ઈન્જેક્શન ૧ ગ્રામ | ૩૦૦૦૦ વાયલ્સ | મેક્યોર લેબોરેટરીઝ લી. દહેગામ | ૧૩૪.૦૦ | ૧૦ વાયલ |
| ૮૭. | સી. પી. એમ. ઈન્જેક્શન ૧ એમ. એલ. | ૨૫૦૦૦ એમ્પ્યુલ્સ | રાઠી લેબોરેટરીઝ પ્રા. લી. પટણા | ૨૬.૦૦ | ૨૫ એમ્પ્યુલ્સ |
| ૮૮. | ડાયક્લોફેનેક સોડીયમ ઈન્જેક્શન ૩ એમ. એલ. | ૩૭૫૦૦ એમ્પ્યુલ્સ | રાઠી લેબોરેટરીઝ પ્રા. લી. પટણા | ૨૩.૦૦ | ૨૫ એમ્પ્યુલ્સ |

| અ. નં. | દવાનું નામ | જથ્થો | કોની પાસેથી ખરીદવામાં આવી | શા ભાવે ખરીદવામાં આવી | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | |
| ૮૯. | ડાયસાયક્લોમીન સોડીયમ ઈન્જેક્શન ૨ એમ. એલ. | ૨૫૦૦૦ એમ્પ્યુલ્સ | ઉપર મુજબ | ૨૪.૫૬ | ૨૫ એમ્પ્યુલ્સ |
| ૯૦. | સીપ્રોફ્લોક્ષાસીન ઈન્જેક્શન ૧૦૦ એમ. એલ. | ૫૦૦૦૦ બોટલ | જે. બી. કેમીકલ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ લી. અંકલેશ્વર. | ૭.૧૫ | બોટલ |
| ૯૧. | ડેક્ષટ્રોઝ ઈન્જેક્શન ૨૫ % ૨૫ એમ. એલ. | ૨૫૦૦૦ એમ્પ્યુલ્સ | હિન્દુસ્તાન ફાર્માસ્યુટીકલ્સ, અમદાવાદ | ૮૧.૭૪ | ૨૫ એમ્પ્યુલ્સ |
| ૯૨. | સ્ટરાઈલ વોટર ફોર ઈન્જેક્શન ૫ એમ. એલ. | ૭૫૦૦૦ એમ્પ્યુલ્સ | ઉપર મુજબ | ૧૪.૦૪ | ૨૫ એમ્પ્યુલ્સ |
| ૯૩. | ડેક્ષટ્રોઝ ઈન્જેક્શન ૫ % ૫૦૦ એમ. એલ. | ૧૨૦૦૦ બોટલ | બેક્ષટર ઈન્ડીયા પ્રા. લી. સુરત | ૯.૨૫ | બોટલ |
| ૯૪. | એન્ટી સ્નેક વેનમ સીરમ ૧૦ એમ. એલ. | ૩૫૦૦ વાયલ્સ | વીન્સ બાયોપ્રોડક્ટ લી. હૈદ્રાબાદ | ૨૦૫.૯૨ | વાયલ |
| ૯૫. | એન્ટી સ્નેક વેનમ સીરમ ૧૦ એમ. એલ. | ૧૫૦૦ વાયલ્સ | ભારત સીરમ એન્ડ વેક્સીન લી. મુંબઈ | ૨૦૫.૯૨ | વાયલ |
| ૯૬. | સોડીયમ ક્લોરાઈડ ઈન્જેક્શન ૫૦૦ એમ. એલ. | ૧૪૦૦૦ બોટલ | હિન્દુસ્તાન એન્ટીબાયોટીક્સ લી. અમદાવાદ | ૯.૨૫ | બોટલ |
| ૯૭. | ડીસ્પોઝેબલ નીડલ ૨૩x૧"" | ૩૫૦૦૦૦ નીડલ | આલ્બર્ટ ડેવીડ લી. અમદાવાદ | ૪૫.૬૦ | ૧૦૦ નંગ |
| ૯૮. | ડીસ્પોઝેબલ સીરીજ ૨ એમ. એલ. | ૩૦૦૦૦૦ સીરીજ | ઉપર મુજબ | ૮૨.૫૦ | ૧૦૦ નંગ |
| ૯૯. | ડીસ્પોઝેબલ સીરીજ ૫ એમ. એલ. | ૪૨૦૦૦૦ સીરીજ | ઉપર મુજબ | ૯૩.૦૦ | ૧૦૦ નંગ |
| ૧૦૦. | ડીસ્પોઝેબલ નીડલ ૨૩ x ૧"" | ૧૫૦૦૦૦ નીડલ | ઈસ્કોન સર્જીકલ લી. જોધપુર | ૪૫.૬૦ | ૧૦૦ નંગ |
| ૧૦૧. | ડીસ્પોઝેબલ નીડલ ૨૪ x ૧"" | ૩૫૦૦૦૦ નીડલ | ઉપર મુજબ | ૫૦.૯૬ | ૧૦૦ નંગ |
| ૧૦૨. | ડીસ્પોઝેબલ નીડલ ૨૪ x ૧"" | ૧૫૦૦૦૦ નીડલ | હિન્દુસ્તાન સીરીઝીસ મેડિકલ ડિવાઈસીઝ લી. | ૫૦.૯૬ | ૧૦૦ નંગ |
| ૧૦૩. | ઈન્ફ્યુઝન સેટ | ૭૭૦૦૦ સેટ | એસ. કે. ટ્રેડીંગ કં., અમદાવાદ | ૩.૦૭ | સેટ |
| ૧૦૪. | ઈન્ફ્યુઝન સેટ | ૩૩૦૦૦ સેટ | મેસ્કો સર્જીકલ, અણદાવાદ | ૩.૦૭ | સેટ |
| ૧૦૫. | સ્ટરાઈલ હાઈપોડર્મીક સીરીજ ૫ એમ. એલ. | ૧૮૦૦૦૦ સીરીજ | મેકા ઈન્ડસ્ટ્રીઝ, કલોલ | ૯૩.૦૦ | ૧૦૦ નંગ |
| ૧૦૬. | પોવીડોન આયોડીન સોલ્યુશન ૫ % ૧ લીટર | ૨૧૦૦ બોટલ | શેલત બ્રધર્સ, અમદાવાદ | ૫૩.૧૦ | બોટલ |
| ૧૦૭. | બ્લેક ડીસઈન્ફેક્ટન્ટ ફ્લુડ ગ્રેડ -૩૫ લીટર | ૭૦૦ જાર | સીવા પ્રોડક્ટ્સ, લુણાવાડા | ૧૨૪.૮૦ | જાર |
| ૧૦૮. | બ્લેક ડીસઈન્ફેક્ટન્ટ ફ્લુડ ગ્રેડ -૩૫ લીટર | ૩૦૦ જાર | આર. એન્ડ જે કેમીકલ્સ ઈન્દોર | ૧૨૪.૮૦ | જાર |
| ૧૦૯. | ક્લોટ્રાઈમોઝોલ ક્રીમ ૧૫ ગ્રામ | ૧૦૦૦૦ ટ્યુબ | ગુજરાત ફાર્માલેબોરેટરીઝ પ્રા. લી. અમદાવાદ | ૩.૨૪ | ટ્યુબ |
| ૧૧૦. | ઈરીથ્રોમાઈસીન ઓરલ સસ્પેન્શન ૬૦ એમ. એલ | ૪૫૦૦ બોટલ | મેડીપોલ ફાર્માસ્યુટીકલ્સ ઇન્ડીયા પ્રા. લી. | ૧૨.૧૦ | બોટલ |
| ૧૧૧. | ફ્રામાયસીન સલ્ફેટ આઈ ડ્રોપ્સ | ૧૫૦૦૦ વાયલ્સ | અવન્તીસ ફાર્મા. લી. અમદાવાદ | ૭.૦૬ | વાયલ |
| ૧૧૨. | લીક્વીડ એન્ટસેપ્ટીક ૧ લીટર | ૧૪૦૦ જાર | જે. એન. કેમીકલ્સ, અમદાવાદ. | ૭૯.૨૦ | જાર |
| ૧૧૩. | એમએલઓ | ૨૦૦૦૦લીટર | યુનિવર્સલ ઓર્ગેનાઈઝેશન મુંબઈ | ૪૫.૦૦ | લીટર |
| ૧૧૪. | ચુનો | ૨૦ મેટ્રીક ટન | લકી લાઈન સ્ટોર | ૧૯૫૦.૦૦ | મેટ્રીક ટન |
| ૧૧૫. | મેલેથીઓન ૫ ટકા | ૧૫ મેટ્રીક ટન | ગુજરાત એગ્રો ઈન્ડસ્ટીઝ લી. | ૧૩૦૫૦.૨૦ | મેટ્રીક ટન |
| ૧૧૬. | ઈન્જેક્શન ડેક્ષટ્રોઝ | ૮૫૦૦ વાયલ | ક્લેરીશ લાઈફ સાયન્સ લી. | ૯.૨૫ | વાયલ |
| ૧૧૭. | ડી. એન. એસ. | ૯૦૦૦ વાયલ | ક્લેરીશ લાઈફ સાયન્સ લી. | ૯.૨૫ | વાયલ |
| ૧૧૮. | ફેઈસીંગ ઈન્જેક્શન | ૫૦૦ વાયલ | સિધ્ધાર્થ મેડિકલ | ૮૭.૯૦ | વાયલ |
| ૧૧૯. | એમોક્ષીસીલીન | ૨૦૦૦૦૦૦ | ભારત પેરેન્ટ્રલ્સ લી. | ૬૦.૯૦ | ૧૦૦ |

| અ. નં. | દવાનું નામ | જથ્થો | કોની પાસેથી ખરીદવામાં આવી | શા ભાવે ખરીદવામાં આવી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | ટેબલેટ | કેપ્સ્યુલ્સ | | કેપ્સ્યુલ |

* સી. એમ. એસ. ઓ. દ્વારા કરાયેલ દવાઓની ખરીદી ભાવકરાર અન્વયે કરવામાં આવેલ છે.

* સરકારશ્રીના ઠરાવ મુજબ ભાવકરાર કરતી વખતે ગુજરાત રાજ્યનો સેલ્સ ટેક્ષ ધ્યાને લેવાનો રહેતો નથી તે મુજબ ભાવ કરાર કરવામાં આવે છે.

-----------

**રાજ્યની હોસ્પિટલમાં હેમોડાયાલીસીસના બંધ મશીનો અંગે**

અતારાંક્તિઃ ૩૮૯૨ (૧૦-૧૦-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) એપ્રિલ-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ સરકારી હોસ્પિટલો ખાતે હેમોડાયાલીસીસ મશીન આવેલ છે,

(૨) તે પૈકી કઈ હોસ્પિટલ ખાતે કેટલા મશીન કાર્યરત છે, અને

(૩) કેટલા બંધ છે, અને ક્યારથી ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** : (૨૨/૨/૦૬)

(૧) એપ્રિલ-૨૦૦૫ની સ્થિતિએ નીચે મુજબની હોસ્પિટલો ખાતે હેમોડાયાલીસીસ મશીન આવેલ છે.

(૧) **તબીબી વિભાગ હેઠળ**

**જનરલ હોસ્પિટલ, અમરેલી -૧**

**જનરલ હોસ્પિટલ, ગાંધીનગર -૧**

**જનરલ હોસ્પિટલ, ગોધરા -૧**

**જનરલ હોસ્પિટલ, હિંમતનગર -૧**

**જનરલ હોસ્પિટલ, જુનાગઢ -૨**

**જનરલ હોસ્પિટલ, નવસારી -૧**

**જનરલ હોસ્પિટલ, પાલનપુર -૧**

**જનરલ હોસ્પિટલ, વલસાડ -૧**

**તબીબી શિક્ષણ હેઠળ**

**પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટ -૨**

**નવી સિવિલ હોસ્પિટલ, સુરત -૫**

**જી. જી. હોસ્પિટલ, જામનગર -૪**

**સર ટી. હોસ્પિટલ, ભાવનગર -૬**

**એસ.એસ. જી. હોસ્પિટલ, વડોદરા -૩**

**કુલ .. ૨૯**

(૨) **તે પૈકી નીચેની હોસ્પિટલો ખાતે મશીન કાર્યરત છે.**

**તબીબી વિભાગ :**

**જનરલ હોસ્પિટલ, હિંમતનગર -૧**

**જનરલ હોસ્પિટલ, જુનાગઢ -૨**

**જનરલ હોસ્પિટલ, નવસારી -૧**

**જનરલ હોસ્પિટલ, વલસાડ -૧**

**જનરલ હોસ્પિટલ અમરેલી, પાલનપુર, ગાંધીનગર ખાતેના મશીનો કીડની હોસ્પિટલ, અમદાવાદ તથા જનરલ હોસ્પિટલ ગોધરાનું મશીન ન્યુ સિવિલ હોસ્પિટલ સુરતને લોન ઉપર આપેલ છે.**

**તબીબી શિક્ષણ હેઠળ**

**પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટ -૧**
**નવી સિવિલ હોસ્પિટલ, સુરત -૩**
**જી. જી. હોસ્પિટલ, જામનગર -૨**
**સર ટી. હોસ્પિટલ, ભાવનગર -૫**

(૩) **તે પેકી નીચે મુજબના ૮ હેમોડાયાલીસીસ મશીનો બંધ છે.**

**૧. નવી સિવિલ હોસ્પિટલ, સુરત**
**૧ મશીન તા. ૪/૧૧/૦૫ થી**
**૧ મશીન તા. ૧૨/૮/૦૫ થી**
**૨. એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા.**
**૧ મશીન તા. ૪/૭/૦૫ થી**
**૨ મશીન તા. ૧૫/૧૦/૦૩ થી**
**૩. સર ટી. હોસ્પિટલ, ભાવનગર.**
**૧ મશીન તા. ૧૧/૧૦/૦૪ થી**
**૪. જી. જી. હોસ્પિટલ, જામનગર.**
**૧ મશીન તા. ૬/૧૦/૯૯ થી**
**૧ મશીન તા. ૨૫/૧૦/૦૪ થી**

-------------

**રાજ્યમાં જિલ્લાવાર હોસ્પિટલોમાં સ્ટાફનર્સની ખાલી જગ્યાઓ.**

અતારાંક્તિઃ ૩૯૦૨ (૧૯-૧૦-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) એપ્રિલ-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કઈ હોસ્પિટલોમાં કેટલી સ્ટાફનર્સની જ્ગ્યાઓ ખાલી છે,

(૨) ખાલી જ્ગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૩) ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૨/૨/૦૬) :

(૧) રાજ્યમાં એપ્રિલ-૨૦૦૫ની સ્થિતિએ જનરલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, તેમજ જીલ્લા ક્ષય કેન્દ્રમાં ૫૧૬ સ્ટાફનર્સની જ્ગ્યાઓ ખાલી છે. જે અંગેની જીલ્લાવાર વિગતો પરિશિષ્ટ-અ મુજબ છે.

(૨) કાર્યવાહી ગતિમાં છે.

(૩) બનતી ત્વરાએ.

**પરિશિષ્ટ--અ**

| | | | |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | સીવીલ હોસ્પિટલ, અમદાવાદ-- | ૩ |
| | | સામુહિક આરોગ્ય કેન્દ્ર | ધંધુકા -- ૨ |
| | | "" | સાણંદ -- ૧ |
| | | "" | ધોળકા -- ૧ |
| | | | કુલ............૭ |
| ૨. | ખેડા | સામુહિક આરોગ્ય કેન્દ્ર | બાલાશિનોર -- ૧ |
| | | "" | માતર -- ૧ |
| | | "" | હલદરવાસ-- ૧ |
| | | "" | વિરપુર -- ૨ |
| | | "" | મહુધા -- ૨ |
| | | "" | જ. હો. ખેડા -- ૧ |
| | | | કુલ............૮ |
| ૩. | આણંદ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | આંક્લાવ-- ૨ |
| | | જીલ્લા ક્ષય કેન્દ્ર, પેટલાદ-- | ૫ |
| | | | કુલ............૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪. | સુરેન્દ્રનગર | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | ચોટીલા -- ૪ |
| | | "" | | મૂળી -- ૫ |
| | | "" | | સાયલા-- ૩ |
| | | "" | | હળવદ -- ૩ |
| | | "" | | પાટડી -- ૧ |
| | | "" | | રાજસીતાપુર -- ૧ |
| | | "" | | ચુડ -- ૪ |
| | | "" | | લખતર -- ૧ |
| | | જનરલ હોસ્પિટલ | | લીંબડી -- ૧૧ |
| | | જનરલ હોસ્પિટલ | | ધ્રાંગધ્રા -- ૪ |
| | | જીલ્લા ક્ષય કેન્દ્ર, | | લીંબડી -- ૨ |
| | | | | કુલ...........૩૯ |
| ૫. | ગાંધીનગર | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | નારદીપુર -- ૧ |
| | | "" | | ચરાડા -- ૧ |
| | | "" | જ. હો. | ગાંધીનગર-- ૧ |
| | | "" | ક્ષય કેન્દ્ર | માણસા -- ૩ |
| | | "" | જિલ્લા ક્ષય કેન્દ્ર | ગાંધીનગર -- ૩ |
| | | | | કુલ...........૯ |
| ૬. | સાબરકાંઠા | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | મેઢાસણ -- ૧ |
| | | "" | | ચોરીવાડ -- ૧ |
| | | "" | | ખેડબ્રહમા-- ૧ |
| | | "" | | માલપુર -- ૧ |
| | | "" | | વિજયનગર -- ૩ |
| | | "" | | શામળાજી -- ૧ |
| | | | | કુલ...........૮ |
| ૭. | મહેસાણા | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | કોલવડા -- ૨ |
| | | "" | | થોલ -- ૧ |
| | | "" | | કહોડા-- ૧ |
| | | "" | | સતલાસણા -- ૨ |
| | | "" | જિલ્લા ક્ષય કેન્દ્ર | મહેસાણા -- ૧ |
| | | | | કુલ...........૭ |
| ૮. | પાટણ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | હારીજ -- ૧ |
| | | "" | | સંડેર -- ૧ |
| | | "" | | રાધનપુર-- ૪ |
| | | "" | | સાંતલપુર -- ૩ |
| | | "" | | સિધ્ધપુર -- ૩ |
| | | "" | જ. હો. | પાટણ -- ૫ |
| | | | | કુલ...........૧૭ |
| ૯. | બનાસકાંઠા | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | દાંતા -- ૧ |
| | | "" | | ધાનેરા -- ૩ |
| | | "" | | દીયોદર-- ૪ |
| | | "" | | થરાદ -- ૫ |
| | | "" | | વાવ -- ૫ |
| | | "" | | અમીરગઢ-- ૨ |
| | | | | ભાભર-- ૩ |
| | | "" | | વડગામ-- ૬ |
| | | "" | | શિહોરી-- ૩ |
| | | જ. હોસ્પિટલ | | પાલનપુર -- ૪ |
| | | "" | | ડીસા -- ૩ |
| | | "" | જિલ્લા ક્ષય કેન્દ્ર | પાલનપુર -- ૧ |
| | | | | કુલ...........૪૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦. | વડોદરા | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | છોટાઉદેપુર -- ૩ |
| | | "" | | પાવી-જેતપુર -- ૨ |
| | | "" | | જાંબુગામ-- ૧ |
| | | "" | | કરજણ -- ૪ |
| | | "" | | ક્વાંટ -- ૪ |
| | | "" | | પાદરા -- ૧ |
| | | "" | | સાવલી -- ૧ |
| | | "" | | સંખેડા -- ૧ |
| | | "" | | ઝાંજ -- ૫ |
| | | એસ.એસ.જી.હો. | | વડોદરા -- ૧ |
| | | આઈ. ડી. હો. | | વડોદરા -- ૧ |
| | | એસ.પી. સેનેટોરીયમ | | વડોદરા -- ૧ |
| | | અનસુયા લેપ્રસી હો. | | વડોદરા -- ૩ |
| | | | | કુલ...........૨૮ |
| ૧૧. | ભરૂચ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | જંબુસર -- ૧ |
| | | "" | | વાગરા -- ૧ |
| | | "" | | ઉમલ્લા-- ૧ |
| | | "" | | હાંસોટ -- ૨ |
| | | "" | | પાલેજ-- ૧ |
| | | "" | જ. હો. | ભરૂચ -- ૧ |
| | | | | કુલ...........૭ |
| ૧૨. | નર્મદા | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | ડેડીયાપાડા -- ૨ |
| | | "" | | સાગબારા -- ૧ |
(૧) ઉત્તર ગુજરાતમાં ઓદ્યોગિક વિકાસને વેગવંતો બનાવવા સરકાર દ્વારા ઓદ્યોગિક નીતિમાં નિર્દેશ ક્ર્યા મુજબ પાલનપુર, મહેસાણા, વડોદરા, કોરીડોરના અભ્યાસની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આ અંગે અલગ માસ્ટર પ્લાન તેયાર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## નવી ઓદ્યોગિક નીતિ અન્વયે ઉત્તર ગુજરાતના વિકાસ અંગ `

અતારાંક્તિ: ૪૦૩૫ (૧૨-૧-૨૦૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્ય સરકારની નવી ઓદ્યોગિક નીતિમાં ઉત્તર ગુજરાતમાં ઓદ્યોગિક વિકાસ માટે કોઇ જોગવાઇઓ કરવામાં આવી છે ખરી,

(૨) જો હા, તો કઇ કઇ,

(૩) આ નીતિ વિષયક બાબતોના અમલીકરણ માટે રાજ્ય સરકારે ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા પગલાં હાથ ધર્યા, કેટલા ખર્ચે, અને

(૪) ક્યા ક્યા પગલાંઓ હાથ ધરવાના બાકી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) : (૨૭-૨-૨૦૦૬)

(૧) રાજ્ય સરકારની નવી ઓદ્યોગિક નીતિ સમગ્ર રાજ્યના ઓદ્યોગિક વિકાસ માટેની નીતિ છે. જેમાં ઉત્તર ગુજરાતનો સમાવેશ થઇ જાય છે. તે ઉપરાંત ઉત્તર ગુજરાતના સર્વાંગી વિકાસ માટે પાલનપુર, મહેસાણા, વડોદરા કોરીડોરના અભ્યાસની કાર્યવાહી પણ હાથ ધરેલ છે.

(૨) રાજ્યનો નવી ઓદ્યોગિક નીતિ-૨૦૦૩ અંતર્ગત યોજનાઓ જેવી કે, ગુણવત્તા સુધારણા યોજના હેઠળ સહાય, વ્યાજ સહાય યોજના, (એસએમઇ એકમો માટે), ટેક્નોલોજી અપગ્રેડેશન યોજના હેઠળ વ્યાજ સહાય તેમજ પેટન્ટ માટેની સહાય યોજનાનો સમાવેશ થાય છે.

(૩) આ નીતિ વિષયક બાબતોના અમલીકરણ માટે સેમીનાર આયોજીત કર્યા છે અને બહોળી પ્રસિધ્ધિ આપવામાં આવી છે. આયોજીત યોજનાઓ માટે રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ ખર્ચ નીચે મુજબ છે.

| વર્ષ | ખર્ચ (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૨-૦૩ | ૮૧.૨૧ |
| ૨૦૦૩-૦૪ | ૭૭.૯૮ |
| ૨૦૦૪-૦૫ | ૧૨૩.૩૮ |

(૪) નથી.

-------------

**માહિતી અધિકાર અધિનિયમ હેઠળ મળેલ અરજીઓ અને થયેલ આવક**

અતારાંક્તિઃ ૪૦૩૮ (૧૨-૧-૨૦૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ વિભાગમાં જુદા-જુદા વિષયોનાં સંબંધમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી મેળવવા માટે કુલ કેટલી અરજીઓ મળી,

(૨) આ અરજીઓમાંથી કેટલી અરજીઓમાં માહિતી આપવામાં આવી,

(૩) કેટલી અરજીઓમાં માહિતી આપી નથી, ક્યા કારણોસર અને,

(૪) આ કાયદા હેઠળની કુલ કેટલી આવક રાજ્ય સરકારને પ્રાપ્ત થઇ ?

**મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) **:** (૨૮-૨-૨૦૦૬)

(૧) ૨૦ (વીસ)

(૨) ૧૯ (ઓગણીસ)

(૩) ૧ (એક).

માહિતી અધિકારીએ માહિતી આપી શકાય તેમ નથી તેવો જવાબ અરજદારને આપેલ. પરંતુ માહિતી અધિકારીના જવાબ સામે અરજદારે એપલેટ અધિકારી સમક્ષ અપીલ કરતાં અપીલ ગ્રાહ્ય રાખીને માહિતી આપવા કરેલ હુકમ અંતર્ગત આહિતી આપવાની કાર્યવાહી ચાલુ છે.

(૪) કુલ રૂા. ૧૦૩૦/-.

-------------

**શ્રમ અને રોજગાર વિભાગમાં માહિતી અધિકાર હેઠળ મળેલ અરજીઓ**

અતારાંક્તિઃ ૪૦૫૯ (૧૨-૧-૨૦૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-**

(૧) નવેમ્બર-૦૫ની સ્થિતિએ શ્રમ અને રોજગાર વિભાગમાં જુદા જુદા વિષયોના સંબંધમાં માહિતી અધિકાર હેઠળ માહિતી મેળવવા માટે કુલ કેટલી અરજીઓ મળી,

(૨) આ અરજીઓમાંથી કેટલી અરજીઓમાં માહિતી આપવામાં આવી,

(૩) કેટલી અરજીઓમાં ક્યા કારણોસર માહિતી આપી નથી, અને,

(૪) આ કાયદા હેઠળની કુલ કેટલી આવક રાજ્ય સરકારને પ્રાપ્ત થઇ ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા)**:** (૧૭-૨-૨૦૦૬)

(૧) નવેમ્બર-૦૫ની સ્થિતિએ શ્રમ અને રોજગાર વિભાગમાં જુદા જુદા વિષયોના સંબંધમાં માહિતી અધિકાર હેઠળ માહિતી મેળવવા માટે કુલ ૬૮ અરજીઓ મળી,

(૨) આ અરજીઓમાં ૬૩ અરજીઓમાં માહિતી આપવામાં આવી,

(૩) ૫ અરજીઓમાં નીચેના કારણોસર માહિતી આપી નથી.

૧. સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૪-૧૧-૦૫ના પરિપત્રાનુસાર માહિતી આપવાની થતી ન હોવાથી.

૨. જરૂરી ફી ના નાણાં ભરેલ ન હોવાથી.

૩. નિયત નમુનામાં અરજી કરેલ ન હોવાથી તથા નિયત ફી ભરેલ ન હોવાથી.

૪. વધારાની માહિતી માટેની ફી ભરેલ ન હોવાથી.

૫. ૨૦ વર્ષથી વધુ સમયની માહિતી હોઈ આપી શકાય તેમ ન હોવાથી.

(૪) આ કાયદા હેઠળની કુલ રૂા. ૧૯૫૬/- ની આવક રાજ્ય સરકારને પ્રાપ્ત થઇ.

-------------

**રાજ્યમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સરકારી વકીલોની નિમણૂક**

અતારાંક્તિઃ ૩૮૬૭ (૧૭-૧૦-૨૦૦૫) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) :માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૫-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કુલ કેટલા સરકારી વકીલોની જ્ગ્યાઓ ભરવાપાત્ર બાકીમાં છે,

(૨) તા. ૧-૪-૨૦૦૪ થી તા. ૧-૫-૨૦૦૫ સુધીમાં થયેલ સરકારી વકીલોની ભરતીમાં આ વર્ગની કેટલી જ્ગાઓ ભરાઈ છે,

(૩) આ જ્ગાઓ ઓછી ભરવાના શા કારણો છે, અને

(૪) આ જ્ગાઓ હવે ક્યારે ભરવામાં આવશે ?

એચબી-૧૦૫૬-૪

**કાયદા મંત્રીશ્રી** : (૧૬-૨-૨૦૦૬)

(૧) અનુસૂચિત જાતિની ૨ (બે) અને અનુસૂચિત જનજાતિની ૭ (સાત).

(૨) તા. ૧-૪-૨૦૦૪ થી તા. ૧-૫-૨૦૦૫ સુધી કોઇ ભરતી પ્રસંગ યોજાયેલ નથી.

(૩) આ સંવર્ગની જ્ગ્યાઓ પહેલાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા માત્ર મૌખિક ઈન્ટરવ્યુ લઇ ભરવામાં આવતી હતી. પરંતુ સરકારશ્રીએ પરીક્ષા અને ભરતીના નિયમોમાં ફેરફાર કરવાનું નક્કી કરતાં હવે સદર જ્ગ્યા કોમ્પ્યુટરના જ્ઞાનવાળા, લેખિત અને મૌખિક પરીક્ષામાં ઉતીર્ણ થાય તેવા ઉમેદવારોથી ભરવાની હોવાથી આ નિયમો સુધારણા હેઠળ છે.

(૪) આનુસાંગિક તમામ કાર્યવાહી પૂર્ણ થયેથી.

---------

**ઉત્તર ગુજરાત માટે મંજુર કરેલ પાણી પુરવઠા યોજનાઓ**

અતારાંક્તિઃ ૪૦૦૫ (૧-૧૧-૨૦૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્ય સરકાર દ્વારા ઓકટો. ૦૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉત્તર ગુજરાત માટે કુલ કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજુર કરી,

(૨) આ યોજનાઓ કઇ કઇ, કરેલા ખર્ચવાળી અને ક્યા ક્યા જિલ્લા/તાલુકા માટે મંજુર કરવામાં આવી છે,

(૩) આ અંગે ઓકટો.-૦૫ સુધીમાં રાજ્ય સરકારે કુલ કેટલું ખર્ચ કર્યુ, અને

(૪) આ કામો રાજ્ય સરકાર દ્વારા ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** : (૨૪-૨-૨૦૦૬)

(૧) ૧૩૩૯ યોજનાઓ.

(૨) વિગતો સાથે જોડેલ પરિશિષ્ટ-૧* અને ૨* મુજબ છે.

(૩) રૂા. ૪૧૩.૨૯ કરોડ.

(૪) નીચેની વિગતે તબક્કાવાર કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

| અ. નં. | જિલ્લો | માસ |
|---|---|---|
| ૧. | મહેસાણા | ૧૦/૦૬ |
| ૨. | સાબરકાંઠા | ૧૨/૦૮ |
| ૩. | બનાસકાંઠા | ૧૨/૦૮ |
| ૪. | પાટણ | ૧૨/૦૬ |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**ઉત્તર ગુજરાતમાં નર્મદાનું પાણી પહોંચાડવામાં વિલંબ**

અતારાંક્તિઃ ૪૦૦૬ (૨૨-૧૧-૨૦૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સપ્ટે. ૦૫ની સ્થિતિએ સુજલામ સુફલામ યોજના હેઠળ નર્મદાના પાણીથી ઉત્તર ગુજરાતના જળાશયો અને તળાવો ભરવાની યોજના રાજય સરકારે કરેલ છે, આ યોજનાનો લાભ મુખ્યત્વે ક્યા ક્યા જળાશયો અને તળાવોને મળનાર છે,

(૨) આ દરેક જળાશયો અને તળાવોમાં કુલ કેટલું પાણી ભરવામાં આવશે, અને આ વિસ્તારોમાં પાણીના તળો કેટલા ઉંચા લાવવાનું આયોજન છે,

(૩) આ અંગે રાજય સરકાર દ્વારા સપ્ટે.-૦૫ સુધીમાં કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું, અને

(૪) આ દરેક યોજના અંગે કુલ કેટલા ખર્ચના અંદાજો રાખવામાં આવ્યા છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** : (૨૩-૨-૨૦૦૬)

(૧) અને (૨) સપ્ટે. ૦૫ની સ્થિતિએ આ યોજના હેઠળ કુલ * પત્રક -અ મુજબની માહિતી છે.

(૩) આ અંગે સપ્ટે.-૦૫ સુધીમાં કુલ રૂા. ૫૭૨.૭૩ કરોડ ખર્ચ કરવામાં આવેલ છે.

(૪) આ દરેક યોજના અંગે કુલ રૂા. ૩૫૩૬.૨૯ કરોડના ખર્ચના અંદાજ રાખવામાં આવેલ છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**મહી નદીથી બનાસ નદી સુધીની સ્પ્રેડીંગ નહેર યોજનાના ટેન્ડરો બહાર પાડવા અંગે**

અતારાંક્તિઃ ૪૦૦૭ (૨૨-૧૧-૨૦૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) મહી નદીથી બનાસ નદી સુધીની સાંકળ ૨૮૦ કીમી. લંબાઇની સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ નહેર યોજના માટે રાજય સરકારનું આયોજન શું છે,

(૨) આ પાઇપ લાઇન અંગેના કેટલી કિંમતના ટેન્ડરો ક્યારે બહાર પાડવામાં આવ્યા,

(૩) આ કોન્ટ્રાકટરો દવારા આ યોજનાના કામો ઓકટોબર-૦૫ની સ્થિતિએ ચાલુ કરવામાં આવ્યા છે કે કેમ, અને

(૪) જો ના, તો આ કામો ક્યા કારણસર ચાલુ કરાયા નથી ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** : (૧૭-૨-૨૦૦૬)

(૧) કડાણા બંધની ઉપરથી પુરના વધારાના વહી જતા પાણીને વાળવા માટે સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ નહેરનું આયોજન છે જે અંદાજે ૩૩૭ કિ.મી. લાંબી છે. જે કડાણા ડેમથી બનાસકાંઠામાં રેલ નદી સુધી ગ્રેવટી દ્વારા લઇ જવાનું આયોજન છે.

(૨) સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ નહેર પાઇપ લાઇન નથી. પરંતુ ખુલ્લી નહેર દ્વારા પાણી વહન કરવાનું છે જેના ટેન્ડરો વર્ષ ૨૦૦૪-૦૫માં બહાર પાડવામાં આવેલ છે.

(૩) આ કોન્ટ્રાકટરો દ્વારા આ યોજનાના કામો ઓકટોબર-૨૦૦૫ની સ્થિતિએ ચાલુ છે અને મહદ અંશે માટીકામની કામગીરી પૂર્ણતાના આરે પ્રગતિમાં છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ઉત્તર ગુજરાતમાં પીવાના પાણીની પાઇપ લાઇન નાંખવાનું આયોજન**

અતારાંક્તિઃ ૪૦૦૯ (૩-૧૨-૨૦૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સપ્ટેમ્બર-૦૫ની સ્થિતિએ ઉત્તર ગુજરાતના ક્યા ક્યા જિલ્લામાં પીવાના પાણી માટે બલ્ક લાઇન અને ડીસ્ટ્રીબ્યુશન પાઇપ લાઇન નાખવાનું આયોજન કરેલ છે,

(૨) આ પાઇપ લાઇન કેટલી લાંબી અને કેટલા ખર્ચે નાખવામાં આવનાર છે,

(૩) આ આયોજનને ક્યારે પૂર્ણ કરવામાં આવશે,

(૪) સપ્ટેમ્બર-૦૫ની સ્થિતિએ આ કામ અંગે દરેક જિલ્લાઓમાં કેટલી પ્રગતિ થઇ,

(૫) આ અંગે રાજ્ય સરકારે સર્વે અને પ્લાન ડોક્યુમેન્ટ બનાવેલ છે કે કેમ, અને

(૬) જો હા, તો આની નકલ ધારાસભ્યશ્રીને આપવામાં આવેલ છે કે કેમ ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** : (૨૭-૨-૨૦૦૬)

(૧) સપ્ટેમ્બર-૦૫ની સ્થિતિએ ઉત્તર ગુજરાતના મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા તથા પાટણ જિલ્લાઓમાં.

(૨) નીચેની વિગતે.

(અ) બલ્ક પાઇપ લાઇન - ૨૩.૫૦ કી.મી. લાંબી રૂા. ૩૦.૦૦ કરોડના ખર્ચે.

(બ) ડીસ્ટ્રીબ્યુશન પાઇપ લાઇન નીચેની વિગતે નાંખવામાં આવનાર છે.

| અ.નં. | જીલ્લો | ડીસ્ટ્રીબ્યુશન પાઇપ લાઇનની કુલ લંબાઇ (કી.મી. માં) | અંદાજીત ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૨૨૮.૭૬ | ૧૯૨૨૭.૪૬ |
| ૨ | સાબરકાંઠા | ૨૬૦૧.૧૫ | ૩૩૨૬૦.૮૫ |
| ૩ | બનાસકાંઠા | ૧૨૯૬.૮૮ | ૨૪૭૮૪.૩૨ |
| ૪ | પાટણ | ૨૩૮.૬૭ | ૭૬૮૪.૬૭ |
| | કુલ | ૫૩૬૫.૪૬ | ૮૪૯૫૭.૩૦ |

(૩) (અ) બલ્ક પાઇપ લાઇન પૂર્ણ થયેલ છે.

(બ) ડીસ્ટ્રીબ્યુશન પાઇપ લાઇન નીચેની વિગતે પૂર્ણ કરવાનું આયોજન છે.

(૧) મહેસાણા જિલ્લામાં - જુન ૦૬ માં

(૨) સાબરકાંઠા, બનાસકાંઠા તથા પાટણ જિલ્લામાં - ડીસેમ્બર ૦૭માં.

(૪) (અ) બલ્ક પાઇપ લાઇન પૂર્ણ થયેલ છે.

(બ) ડીસ્ટ્રીબ્યુશન પાઇપ લાઇનના કામોની જિલ્લાવાર પ્રગતિ સામેલ પત્રક મુજબ છે.

(૫) હા, જી. અગ્રતા મુજબ બનાવવામાં આવેલ છે.

(૬) ના, જી.

## ઉત્તર ગુજરાતમાં પીવાના પાણીની પાઈપ લાઈન નાખવાનું આયોજન

| અ.નં. | જિલ્લો | બલ્ક લાઇન ડીસ્ટ્રીબ્યુશન ગૃપનું નામ | યોજનામાં સમાવિષ્ટ | | અંદાજીત કિંમત (રૂા. લાખમાં) | યોજનાની મંજુરીની વિગત | યોજના મંજુર ન થયેલ હોય તો યોજનાની હાલની પરિસ્થિતિ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ગામ | શહેર | | | | |
| ૧ | મહેસાણા | નર્મદા કેનાલ આધારીત એમ-૧ પાર્ટ-૧ જુથ યોજના | ૧૧૯ ગામ/ ૧૮ પરા | ૧ શહેર | ૫૫૫૫.૧૬ | ૨/૨૦૦૩ | | પ્રગતીમાં (૭૫ ટકા) |
| ૨ | મહેસાણા | નર્મદા કેનાલ આધારીત એમ-૨ જુથ યોજના | ૨૨૬ ગામ/ ૪૧ પરા | ૩ શહેર | ૧૧૪૫૦.૦૦ | ૨/૨૦૦૩ | | પ્રગતીમાં (૭૦ ટકા) |
| ૩ | મહેસાણા | વિજાપુર કાંઠા વિસ્તાર ભાગ-૧ અને ભાગ-૨ સુધારણા જુથ યોજના | ૭૭ ગામ/ ૩૧ પરા | -- | ૨૨૨૨.૩૦ | ૬/૨૦૦૨ | | પ્રગતીમાં (૨૦ ટકા) |
| | | **કુલ..** | | | **૧૯૨૨૭.૪૬** | | | |
| ૪ | સાબરકાંઠ | એસ. કે. ૧ | ૨૭૧ | ૩ | ૧૦૬૨૦.૧૩ | બોર્ડ બેઠક ૨૦૯ તા. ૧૨/૭/૦૫ | | યોજનાના કામો પ્રગતીમાં છે. |
| ૫ | સાબરકાંઠ | એસ. કે. ૨ | ૩૦૫ | ૧ | ૧૦૪૨૫.૮૨ | | યોજનાને તાંત્રિક ચકાસણી સમિતિમાં મંજુરી મળેલ છે. વહીવટી મંજુરી અપેક્ષિત છે. | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | સાબરકાંઠ | એસ. કે. ૩ | ૧૯૭ | ૨ | ૬૪૩૧.૧૬ | | યોજનાને તાંત્રિક ચકાસણી સમિતિમાં મંજુરી મળેલ છે. વહીવટી મંજુરી અપેક્ષિત છે. | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૭ | સાબરકાંઠ | એસ. કે. ૪ | ૧૮૩ | ૦ | ૫૭૮૩.૦૪ | | યોજનાને તાંત્રિક ચકાસણી સમિતિમાં મંજુરી મળેલ છે. વહીવટી મંજુરી અપેક્ષિત છે. | |
| | | **કુલ..** | | | **૩૩૨૬૦.૮૫૫** | | | |
| ૮ | બનાસકાં | રીમોડલીંગ ચાર જુથ યોજના | ૯૩ | | ૧૯૧૬.૨૦ | જાન્યુ. ૨૦૦૩ | -- | પ્રગતીમાં ૩/૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| ૯ | બનાસકાં | પાલનપુર તાલુકા જુથ | ૩૮ | ૧ | ૧૨૭૬.૭૩ | સપ્ટે.૨૦૦૩ | -- | પૂર્ણ |
| ૧૦ | બનાસકાં | લક્ષ્મીપુરા જુથ | ૨ | | ૧૬૫.૩૯ | ઓગષ્ટ-૨૦૦૩ | -- | પૂર્ણ |
| ૧૧ | બનાસકાં | પાલનપુર-વડગામ જુથ | ૪૯ | | ૧૭૫૩.૭૨ | જુલાઇ-૨૦૦૩ | -- | પ્રગતીમાં ૧/૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| ૧૨ | બનાસકાં | વિરમગામ જુથ | ૨૪ | | ૫૩૭.૪૧ | જુલાઇ-૨૦૦૩ | -- | પ્રગતીમાં ૧/૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| ૧૩ | બનાસકાં | માલવણ જુથ | ૧૯ | | ૪૯૩.૧૫ | સપ્ટેમ્બર-૨૦૦૩ | -- | પ્રગતીમાં ૧/૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| ૧૪ | બનાસકાં | વડગામ-મુક્તેશ્વર જુથ | ૩૨ | | ૯૪૧.૫૭ | સપ્ટેમ્બર-૨૦૦૩ | -- | પ્રગતીમાં ૬/૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| ૧૫ | બનાસકાં | દાંતીવાડા જુથ યોજના (પાલનપુર તાલુકાના ગામો માટે) | ૨૭ | | ૧૯૯૭.૫૩ | મંજુરી બાકી | -- | યોજના પૂર્તતા તળે છે. |
| ૧૬ | બનાસકાં | નર્મદા જુથ આધારીત ભાભર-દિયોદર તાલુકાની યોજના (કીકે.૫) ભાભર-૫૩ દિયોદર-૩૪ | ૮૭ | | ૩૫૨૮.૦૮ | મંજુરી બાકી | યોજના ચકાસણી હેઠળ છે. | |
| ૧૭ | બનાસકાં | નર્મદા જુથ આધારીત ભાભર-દિયોદર તાલુકાની યોજના (કીકે.૫) ભાભર-૫૩ દિયોદર-૩૪ | ૧૨૧ | | ૬૫૪૫.૧ | | યોજના ચકાસણી હેઠળ છે. | |
| ૧૮ | બનાસકાં | સુજલામ-સુફલામ બીકે ૪ પેકેજ તળે આઠ જુથ તાકીદના પાણી પુરવઠા યોજના | ૨૦૦ | | ૨૭૩૬.૨૧ | બોર્ડ દ્વારા મંજુરી આપવાની બાકી | | યોજનાના કામો પ્રગતિમાં છે. |
| ૧૯ | બનાસકાં | સુજલામ-સુફલામ બીકે ૫ પેકેજ તળે ડીસા તાલુકાના ૩૬ ગામની યોજના | ૩૬ | | ૨૦૧૮.૪૭ | મંજુરી બાકી | | યોજના પૂર્તતાના તળે છે. |
| ૨૦ | બનાસકાં | સુજલામ-સુફલામ બીકે ૫ પેકેજ તળે દાંતીવાડા તાલુકાના ૩૧ ગામની યોજના | ૩૧ | | ૮૭૪.૭૬ | મંજુરી બાકી | | યોજના પૂર્તતાના તળે છે. |
| | | **કુલ..** | | | **૨૪૭૮૪.૩૨** | | | |
| ૨૧ | પાટણ | સુજલામ-સુફલામ પી-૧ | ૨૫૬ | ૨ | ૫૧૧૨.૯૭ | મુ.ઇ.શ્રી. ઝોન-૨, અમદાવાદ ક્ચેરીના પત્ર નં. ૫૧૪૨ તા. ૨૮-૯-૦૪ | | યોજનાના કામો પ્રગતિમાં છે જે ૯/૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | પાટણ | સુજલામ-સુફલામ પી-૧ | ૧૪૪ | ૧ | ૨૫૭૧.૭ | બાકી | યોજના ચકાસણી હેઠળ છે. | બી.કે.૪ તથા પી.૨ પેકેજ માટે ઓફ ટેક એક્જ હોઇ યોજના એક બનાવેલ છે. જીલ્લા અલગ થતા હોઇ અંદાજના બે ભાગ પાડેલ છે.<br>બી.કે.૪<br>રૂા. ૪૩૭૩.૪૦<br>પી.૨<br>રૂા. ૨૧૭૫.૭૦<br>સમગ્ર કુલ<br>રૂા. ૬૪૫૫.૧૦ |
| | | **કુલ..** | | | **૭૬૮૪.૬૭** | | | |

-----------

### સિધ્ધપુર તાલુકામાં સિંચાઇ તળાવોની મરામત માટે ફાળવેલ રકમ

અતારાંક્તિ: ૪૦૬૩ (૭-૧-૨૦૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૧-૦૨, ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ માં સિધ્ધપુર તાલુકામાં આવેલ સિંચાઇ તળાવોની મરામત માટે કેટલી રકમો ફાળવેલ છે,

(૨) ક્યા ક્યા તળાવો પાછળ કેટલી રકમો તા. ૩૦-૯-૦૫ સુધીમાં વાપરવામાં આવેલ,

(૩) ક્યા ક્યા સિંચાઇ તળાવના કામો સપ્ટે. ૨૦૦૫ની સ્થિતિએ બાકી છે,

(૪) આ કામો ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૫) લક્ષ્યાંક પ્રમાણે આ કામો બાકી રહેવાના કારણો ક્યા છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** : (૨૮-૨-૨૦૦૬)

(૧) સિધ્ધપુર તાલુકાના સિંચાઇ તળાવો નથી પરંતુ પંચાયતના અનુશ્રવણ તળાવો છે. જેમાં વર્ષ ૨૦૦૧-૦૨, ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ માં સિધ્ધપુર તાલુકાના સિંચાઇ તળાવોની મરામત માટે રકમ ફાળવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સિધ્ધપુર તાલુકાનું હિસોટ તળાવને મંજુરી આપેલ છે. પરંતુ શરુ કરેલ નથી.

(૪) અને (૫) આ કામ આગામી વર્ષમાં શરૂ કરવામાં આવશે.

-----------

### વિભાગમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ મળેલ અરજીઓ

અતારાંક્તિ: ૪૦૬૫ (૧૦-૧-૨૦૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦મી નવેમ્બર-૦૫ની સ્થિતિએ વિભાગમાં જુદા જુદા વિષયોના સંબંધમાં માહિતી અધિકાર અધિનિયમો હેઠળ માહિતી મેળવવા માટે કુલ કેટલી અરજીઓ મળી,

(૨) આ અરજીઓમાંથી કેટલી અરજીઓમાં માહિતી આપવામાં આવી,

(૩) કેટલી અરજીઓમાં માહિતી ક્યા કારણોસર આપી નથી, અને

(૪) આ કાયદા હેઠળની કુલ કેટલી આવક રાજ્ય સરકાર પ્રાપ્ત થઇ ?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** : (૧૭-૨-૨૦૦૬)

(૧) તા. ૩૦મી નવેમ્બર-૦૫ની સ્થિતિએ વિભાગમાં જુદા જુદા વિષયોના સંબંધમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી મેળવવા કુલ-૧૬ અરજીઓ મળેલ છે. મળેલ અરજીઓની પ્રભાગવાર માહિતી નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. જળસંપત્તિ પ્રભાગ | - | ૧૪ |
| ૨. નર્મદા પ્રભાગ | - | ૦૨ |
| ૩. પાણી પુરવઠા પ્રભાગ | - | શૂન્ય |
| ૪. કલ્પસર પ્રભાગ | - | શૂન્ય |
| ૫. પુનઃ વસવાટ પ્રભાગ | - | શૂન્ય |

(૨) આ અરજીઓમાંથી ૭ (સાત) અરજીઓમાં માહિતી આપવામાં આવી,

(૩) મળેલ અરજીઓના સંદર્ભમાં વસુલ કરવાના નકલ ચાર્જીસ અરજદાર તરફથી ન ચુકવાયેલ હોઇ તથા કાયદાની જોગવાઇ અનુસાર માહિીત આપી શકાય તેમ ન હોઇ, ૯ (નવ) અરજીઓમાં માહિતી આપી નથી.

(૪) રાજ્ય સરકારને કુલ રૂપિયા ૧,૬૪૨/-ની આવક પ્રાપ્ત થઇ છે.

-----------

### રાજ્યના પંચાયત વિભાગમાં રહેમરાહે આશ્રિતોની નોકરી આપવાનું આયોજન

અતારાંક્તિ : ૩૬૬૮ (૩-૮-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૬-૦૫ની સ્થિતિએ રાજ્યના પંચાયત વિભાગમાં જિલ્લાવાર રહેમરાહે આશ્રિતોને નોકરી આપવાના કુલ કેટલા કેસો રજુ થયા,

(૨) તે પૈકી કેટલા આશ્રિતોને નોકરી આપવામાં આવી અને કેટલાને બાકી છે, અને

(૩) બાકી રહેવાના કારણો શા છે અને ક્યાં સુધીમાં નોકરી આપવાનું સરકારનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** : (૨૪-૨-૨૦૦૬)

(૧) સામેલ પત્રક મુજબ કુલ ૬૩૫૫ કેસો રજૂ થયા.

(૨) તે પૈકી કુલ-૩૮૨૮ આશ્રિતોને નોકરી આપવામાં આવી અને ૫૧૮ કેસો પડતર છે.

(૩) વહીવટી કારણોસર બાકી કેસોનો નિકાલ વહેલી તકે કરવાનું આયોજન છે.

**રહેમરાહે આશ્રીતના કેસોની તા. ૩૦-૬-૦૫ની સ્થિતિ દર્શાવતું પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ દરખાસ્ત | સ્વીકાર | અસ્વીકાર | પડતર |
|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૨૩૩ | ૧૪૧ | ૮૮ | ૪ |
| ૨ | પાટણ | ૧૦૪ | ૫૩ | ૩૩ | ૧૮ |
| ૩ | નવસારી | ૪૮ | ૩૨ | ૭ | ૯ |
| ૪ | મહેસાણા | ૪૪૪ | ૨૪૧ | ૧૮૨ | ૨૧ |
| ૫ | અમરેલી | ૩૦૯ | ૨૧૧ | ૮૦ | ૧૮ |
| ૬ | જુનાગઢ | ૩૬૪ | ૨૮૬ | ૬૩ | ૧૫ |
| ૭ | જામનગર | ૨૧૭ | ૧૩૬ | ૬૨ | ૧૯ |
| ૮ | પોરબંદર | ૨૬ | ૧૪ | ૪ | ૮ |
| ૯ | ખેડા-નડિયાદ | ૧૪૧ | ૯૫ | ૧૧ | ૩૫ |
| ૧૦ | રાજકોટ | ૩૯૪ | ૨૪૨ | ૧૪૨ | ૧૦ |
| ૧૧ | ભાવનગર | ૪૩૯ | ૨૭૧ | ૧૪૨ | ૨૬ |
| ૧૨ | બનાસકાંઠા | ૬૭૧ | ૪૩૪ | ૧૯૭ | ૪૦ |
| ૧૩ | ડાંગ-આહવા | ૨૯ | ૮ | ૪ | ૧૭ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૨૮૪ | ૧૯૫ | ૬૨ | ૨૭ |
| ૧૫ | નર્મદા | ૪૭ | ૨૬ | ૧૩ | ૮ |
| ૧૬ | દાહોદ | ૮૪ | ૪૫ | ૧૨ | ૨૭ |
| ૧૭ | વડોદરા | ૨૩૧ | ૧૫૪ | ૩૩ | ૪૪ |
| ૧૮ | અમદાવાદ | ૩૫૮ | ૨૧૩ | ૧૨૨ | ૨૩ |
| ૧૯ | સાબરકાંઠા | ૧૩૨ | ૯૭ | ૧૨ | ૨૩ |
| ૨૦ | કચ્છ-ભૂજ | ૪૨૧ | ૨૧૯ | ૧૯૦ | ૧૨ |
| ૨૧ | સુરત | ૩૪૯ | ૨૫૧ | ૭૯ | ૧૯ |
| ૨૨ | ભરૂચ | ૨૯૩ | ૧૬૫ | ૧૧૧ | ૧૭ |
| ૨૩ | આણંદ | ૧૦૩ | ૬૨ | ૧૦ | ૩૧ |
| ૨૪ | ગાંધીનગર | ૫૯ | ૪૩ | ૭ | ૯ |
| ૨૫ | પંચમહાલ | ૫૭૫ | ૧૯૪ | ૩૪૩ | ૩૮ |
| | **કુલ** | **૬૩૫૫** | **૩૮૨૮** | **૨૦૦૯** | **૫૧૮** |

-----------

## રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા

અતારાંક્તિઃ ૩૭૨૩ (૩-૮-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૬-૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા કેટલી છે, અને

(૨) ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને સરકાર દ્વારા કઇ કઇ સુવિધાઓ આપવામાં આવે છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** :(૧૬-૨-૨૦૦૬)

(૧) તા. ૩૦-૬-૦૫ની સ્થિતિએ રાજ્યમાં જે તે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની જિલ્લાવાર સંખ્યા નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

| અ.નં. | જિલ્લાનું નામ | ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૭૮૭૨૨ |
| ૨ | અમરેલી | ૫૦૭૬૧ |
| ૩ | કચ્છ | ૭૩૨૨૫ |
| ૪ | ખેડા | ૧૦૮૫૮૬ |
| ૫ | આણંદ | ૭૩૬૪૧ |
| ૬ | ગાંધીનગર | ૩૫૪૫૭ |
| ૭ | જામનગર | ૭૯૬૭૧ |
| ૮ | જુનાગઢ | ૭૫૮૧૯ |
| ૯ | પોરબંદર | ૧૭૫૮૧ |

| | | |
|---|---|---|
| ૧૦ | ડાંગ | ૩૩૯૬૮ |
| ૧૧ | પંચમહાલ | ૨૨૨૪૯૩ |
| ૧૨ | દાહોદ | ૧૯૨૯૨૦ |
| ૧૩ | બનાસકાંઠા | ૧૩૫૬૧૫ |
| ૧૪ | ભરૂચ | ૧૦૯૫૯૩ |
| ૧૫ | નર્મદા | ૭૩૪૯૪ |
| ૧૬ | ભાવનગર | ૭૨૪૪૪ |
| ૧૭ | મહેસાણા | ૪૬૫૧૯ |
| ૧૮ | પાટણ | ૫૬૨૨૮ |
| ૧૯ | રાજકોટ | ૭૮૩૭૬ |
| ૨૦ | વડોદરા | ૧૩૨૦૫૩ |
| ૨૧ | વલસાડ | ૮૫૨૬૯ |
| ૨૨ | નવસારી | ૭૫૫૧૨ |
| ૨૩ | સાબરકાંઠા | ૧૪૬૪૫૫ |
| ૨૪ | સુરત | ૧૯૫૭૬૧ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૭૯૨૧૫ |
| | **કુલ** | ૨૩૨૯૩૭૮ |

(૨) ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને ગ્રામ વિકાસની નીચે દર્શાવેલ યોજનાઓ/કાર્યક્રમો હેઠળ આવરી લઇ વિવિધ લાભો આપવામાં આવે છે.

૧. સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના (એસજીએસવાય)
૨. ખાસ રોજગાર કાર્યક્રમ (શ્રમયોગી)
૩. સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના (એસજીઆરવાય)
૪. ઇન્દિરા આવાસ યોજના
૫. વોટર શેડ કાર્યક્રમ
૬. ડી. પી. એ. પી. કાર્યક્રમ (અનાવૃષ્ટિ શક્યતા વિસ્તાર કાર્યક્રમ)
૭. રાષ્ટ્રિય સમ વિકાસ યોજના
૮. ગ્રામિણ સ્વચ્છતા કાર્યક્રમ

-----------

**રાજ્યમાં સંકલિત પડતર ભૂમિ વિકાસ કાર્યક્રમ હેઠળ ફાળવેલ ગ્રાન્ટમાંથી કરેલ ખર્ચ**

અતારાંક્તિઃ ૩૭૮૫ (૧૧-૮-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦/૬/૦૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન સંકલિત પડતર ભૂમિ વિકાસ કાર્યક્રમ હેઠળ જિલ્લાવાર ક્યા અને કેવા કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ યોજના હેઠળ કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા ચાલુ છે અને ચાલુ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** : (રાજ્યકક્ષા) (૧૬-૨-૨૦૦૬)

(૧) તા. ૩૦/૬/૦૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન સંકલિત પડતર ભૂમિ વિકાસ હેઠળ જિલ્લાવાર મંજૂર કરવામાં આવેલ કામો (પ્રોજેકટો)ની વિગત પરિશિષ્ટ-૧માં સામેલ છે.

(૨) આ યોજના હેઠળ પ્રોજેકટની સમય-મર્યાદા ૫ વર્ષની નક્કી કરેલ છે તેના આધારે મંજૂર થયેલ કામો વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**રાજ્યમાં સંકલિત પડતર ભૂમિ વિકાસ કાર્યક્રમ હેઠળ છેલ્લા બે વર્ષ દરમ્યાન જિલ્લાવાર મંજૂર કરવામાં આવેલ કામો (પ્રોજેકટો)ની વિગત દર્શાવતું પત્રક**

**પરિશિષ્ટ-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | ફાળવેલ વોટર શેડ પ્રોજેક્ટો | | | | કુલ ફાળવેલ પ્રોજેક્ટો |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૩-૦૪ | | ૨૦૦૪-૦૫ | | |
| | | તાલુકો | ફાળવેલ પ્રોજેક્ટ | તાલુકો | ફાળવેલ પ્રોજેક્ટ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | જામનગર | કાલાવાડ | ૨ | -- | -- | ૨ |
| ૨ | ભાવનગર | મહુવા | ૧ | ઉમરાળા | ૧ | ૨ |
| ૩ | પોરબંદર | કુતીયાણા | ૧ | -- | -- | ૧ |
| ૪ | બનાસકાંઠા | અમીરગઢ | ૧ | વડગામ | ૧ | ૨ |
| ૫ | ગાંધીનગર | દહેગામ | ૧ | -- | -- | ૧ |
| ૬ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૧ | વિજયનગર | ૧ | ૨ |
| ૭ | સુરત | ઉચ્છલ | ૧ | -- | -- | ૧ |
| ૮ | નવસારી | ચીખલી | ૧ | -- | -- | ૧ |
| ૯ | વડોદરા | જેતપુર-પાવી | ૧ | -- | -- | ૧ |
| ૧૦ | મહેસાણા | સતલાસણા | ૧ | બેચરાજી | ૧ | ૨ |
| ૧૧ | ખેડા | -- | -- | વિરપુર | ૧ | ૧ |
| ૧૨ | ભરુચ | -- | -- | હાંસોટ | ૧ | ૧ |
| ૧૩ | પાટણ | -- | -- | સિધ્ધપુર | ૧ | ૧ |
| ૧૪ | અમદાવાદ | -- | -- | ધોળકા-બાવળા | ૨ | ૨ |
| | કુલ | -- | ૧૧ | -- | ૯ | ૨૦ |

-----------

## રાજ્યમાં ડી. ડી. પી. યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ અને ખર્ચ કરેલ રકમ

અતારાંક્તિઃ ૩૭૯૧ (૧૬-૮-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦/૬/૦૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન વોટરશેડ ડી.ડી.પી. યોજનામાં જિલ્લાવાર કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા ચાલુ છે, ચાલુ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** : (રાજ્યકક્ષા) (૧૬-૨-૨૦૦૬)

(૧) તા. ૩૦/૬/૦૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન વોટરશેડ ડી.ડી.પી. યોજનામાં કુલ ૮૭૩ કામો (પ્રોજેક્ટો) મંજૂર કરવામાં આવેલ છે. જિલ્લાવાર મંજૂર કરવામાં આવેલ કામો (પ્રોજેક્ટો)ની વિગત પરિશિષ્ટ-૧માં દર્શાવેલ છે.

(૨) તમામ ૮૭૩ કામો (પ્રોજેક્ટો) ચાલુ છે. ચાલુ કામો (પ્રોજેક્ટો) તબક્કાવાર વર્ષ ૨૦૦૮-૦૯ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

**રાજ્યમાં ડી. ડી. પી. યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂર કરવામાં આવેલ વોટર શેડ પ્રોજેક્ટોની માહિતી**

**પરિશિષ્ટ-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | ફાળવેલ વોટરશેડ પ્રોજેક્ટો | | | કુલ ફાળવેલ પ્રોજેક્ટો |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | બનાસકાંઠા | ૪૪ | ૩૭ | ૩૭ | ૧૧૮ |
| ૨ | પાટણ | ૨૮ | ૨૪ | ૨૪ | ૭૬ |
| ૩ | જામનગર | ૬૦ | ૫૧ | ૫૧ | ૧૬૨ |
| ૪ | રાજકોટ | ૮૦ | ૬૮ | ૬૮ | ૨૧૬ |
| ૫ | સુરેન્દ્રનગર | ૬૫ | ૫૫ | ૫૫ | ૧૭૫ |
| ૬ | કચ્છ | ૦૦ | ૬૩ | ૬૩ | ૧૨૬ |
| | કુલ | ૨૭૭ | ૨૯૮ | ૨૯૮ | ૮૭૩ |

નોંધ :- સને ૨૦૦૫-૦૬માં તા. ૩૦/૬/૦૫ સુધીમાં ડી. ડી. પી. હેઠળ કોઈ નવા કામો (પ્રોજેક્ટો) મંજૂર કરવામાં આવેલ નથી.

-----------

## રાજ્યમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન હેઠળ પૂર્ણ કરેલ કામો

અતારાંક્તિઃ ૩૭૯૨ (૧૬-૮-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦/૬/૦૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન યોજના હેઠળ જિલ્લાવાર ક્યા અને કેવા પ્રકારના કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા અને ક્યા કામો પૂર્ણ થયા અને ચાલુ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** : (૧૬-૨-૨૦૦૬)

(૧) સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન યોજના હેઠળ રાજ્યના ૨૫ જિલ્લાઓના પ્રોજેક્ટોમાં ગરીબી રેખા હેઠળના કુટુંબો માટે ૧૮,૧૭,૪૨૩ લાખ વ્યક્તિગત શૌચાલય, ૨૪૩૩૭ શાળા સ્વચ્છતા સંકુલો, ૨૦૮૭૩ આંગણવાડી શૌચાલયો તથા ૨૦૦૦ સામુદાયિક શૌચાલયોના સમાવેશ સાથે મંજૂર થયેલ છે.

(૨) તા. ૩૦/૬/૦૫ની સ્થિતિએ ગરીબી રેખા હેઠળના કુટુંબો માટે ૨૫૨૪ વ્યક્તિગત શૌચાલય, ૨૧૩૯ શાળા, સ્વચ્છતા સંકુલોની કામગીરી પૂર્ણ થયેલ છે. આ યોજના ગત વર્ષથી આખા રાજ્યમાં અમલી બનાવવાનું નક્કી થયેલ છે અને તે પ્રમાણે વર્ષ ૨૦૦૮-૦૯ સુધીમાં તમામ કામગીરી તબક્કાવાર પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

-----------

## રાજ્યમાં તલાટી-કમ મંત્રીનું મહેકમ

અતારાંક્તિઃ ૩૮૭૮ (૧-૧૦-૨૦૦૫) **શ્રી અમીત ચાવડા(બોરસદ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧/૭/૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર તલાટી-કમ મંત્રીઓનું મહેકમ કુલ કેટ કેટલું છે,

(૨) તે પૈકી આણંદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧/૭/૨૦૦૫ની સ્થિતિએ કેટલી ખાલી જ્ગ્યાઓ છે, અને

(૩) આ જ્ગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** : (૧૭-૨-૨૦૦૬)

(૧) રાજ્યમાં તલાટી-કમ મંત્રીનું મહેકમ ૧૧૯૫૧નું છે. (પત્રક સામેલ છે)

**તા. ૩૧/૭/૦૫ની અંતિત તલાટી-કમ મંત્રીઓની ખાલી જ્ગ્યાઓની માહિતી**

| ક્રમ | જીલ્લાનું નામ | મંજૂર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૫૧૯ | ૪૦૭ | ૧૧૨ |
| ૨ | અમરેલી | ૫૨૦ | ૩૮૮ | ૧૩૨ |
| ૩ | આણંદ | ૩૮૫ | ૩૦૭ | ૭૮ |
| ૪ | બનાસકાંઠા | ૭૩૩ | ૫૯૧ | ૧૪૨ |
| ૫ | ભાવનગર | ૬૩૧ | ૫૩૪ | ૯૭ |
| ૬ | ભરૂચ | ૫૯૯ | ૪૮૧ | ૧૧૮ |
| ૭ | દાહોદ | ૨૭૦ | ૨૪૨ | ૨૮ |
| ૮ | ડાંગ | ૪૬ | ૩૪ | ૧૨ |
| ૯ | ગાંધીનગર | ૨૪૭ | ૨૦૨ | ૪૫ |
| ૧૦ | જામનગર | ૫૯૩ | ૪૫૭ | ૧૩૬ |
| ૧૧ | જૂનાગઢ | ૭૧૬ | ૬૦૩ | ૧૧૩ |
| ૧૨ | ખેડા | ૪૨૩ | ૩૭૭ | ૪૬ |
| ૧૩ | કચ્છ | ૫૩૯ | ૩૬૮ | ૧૭૧ |
| ૧૪ | મહેસાણા | ૪૮૫ | ૩૮૯ | ૯૬ |
| ૧૫ | નર્મદા | ૨૩૨ | ૧૯૯ | ૩૩ |
| ૧૬ | નવસારી | ૨૭૯ | ૨૪૩ | ૩૬ |
| ૧૭ | પંચમહાલ | ૫૩૩ | ૪૭૨ | ૬૧ |
| ૧૮ | પાટણ | ૩૬૨ | ૨૯૮ | ૬૪ |
| ૧૯ | પોરબંદર | ૧૫૦ | ૧૧૬ | ૩૪ |
| ૨૦ | રાજકોટ | ૭૫૭ | ૬૨૩ | ૧૩૪ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૬૦૯ | ૪૬૪ | ૧૪૫ |
| ૨૨ | સાબરકાંઠા | ૫૯૧ | ૫૩૧ | ૬૦ |
| ૨૩ | સુરત | ૭૧૦ | ૫૮૧ | ૧૨૯ |
| ૨૪ | વડોદરા | ૭૮૧ | ૬૩૭ | ૧૪૪ |
| ૨૫ | વલસાડ | ૨૪૧ | ૨૦૮ | ૩૩ |
| | **કુલ :** | ૧૧૯૫૧ | ૯૭૫૨ | ૨૧૯૯ |

(૨) આણંદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૫ |
| ૨ | ઉમરેઠ | ૦૧ |
| ૩ | બોરસદ | ૧૩ |
| ૪ | આંકલાવ | ૦૬ |
| ૫ | પેટલાદ | ૧૩ |
| ૬ | સોજીત્રા | ૦૩ |
| ૭ | ખંભાત | ૨૦ |
| ૮ | તારાપુર | ૦૭ |
| | | ૭૮ |

(૩) જેમ બને તેમ જલ્દીથી.

-----------

**આણંદ જિલ્લામાં એસ. જી. આર. વાય. યોજના હેઠળ આપવામાં આવતો ઘઉંનો જથ્થો**

અતારાંકિતઃ ૩૮૮૨ (૧૭-૧૦-૨૦૦૫) **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) આણંદ જિલ્લામાં એસ.જી.આર.વાય. યોજના અંતર્ગત મંજૂરી સ્વરૂપે કેટલા સમયથી ઘઉંનો જથ્થો આપવામાં આવેલ નથી, તેના કારણો શાં છે,

(૨) આ યોજના હેઠળ મંજૂરી સ્વરૂપે ઘઉંનો જથ્થો મળી રહે તે માટે સરકારે શા પગલાં લીધેલ છે, અને

(૩) કસૂરદાર સામે શાં પગલાં લેવામાં આવેલ છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (રાજ્યકક્ષા) (૨૩-૨-૨૦૦૬)

(૧) -એપ્રિલ-૦૫થી તમામ તાલુકાના ૮૩ ગામોમાં અનાજનો જથ્થો ઈસ્યુ કરવામાં આવેલ નથી.

-કેન્દ્ર સરકાર પાસે માંગણી કરેલ વધારાના અનાજના જથ્થા સામે કેન્દ્ર સરકાર દ્વારા અનાજના જથ્થાની ઓછી ફાળવણી થતાં અનાજની ખાદ્યજનક પરિસ્થિતિ ઉભી થવાના કારણે ઘઉંનો જથ્થો આપી શકાયેલ નથી.

(૨) ઉપર દર્શાવ્યા મુજબ અનાજની ઉણપની પરિસ્થિતિ ઉભી થતાં તેના ઉપાય તરીકે યોજના અન્વયે શ્રમિકો/લાભાર્થીને સંપૂર્ણ વેતન અનાજને બદલે રોકડમાં ચુકવવા માટે રાજ્ય સરકાર ધ્વારા સૂચના આપવામાં આવેલ છે. અને તે મુજબ અનાજને બદલે રોકડમાં ચૂકવણાં કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) ઉપર દર્શાવ્યા મુજબ અનાજની ખાદ્યજનક પરિસ્થિતિ અન્વયેની બાબત હોઈ પગલાં લેવાનો પ્રશ્ન રહેતો નથી.

---------------

**રાજકોટ જિલ્લામાં તાલુકાવાર આયા બહેનોની ખાલી જગ્યાઓ**

અતારાંકિતઃ ૩૯૧૪ (૧૯-૧૦-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) એપ્રિલ-૨૦૦૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર આયા બહેનોની કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૨) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે, અને

(૩) તેના માટે નું શું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી :** (૧૬-૨-૨૦૦૬)

(૧) તાલુકાવાર ખાલી જગ્યાઓ સામેલ પત્રક મુજબ છે.

(૨) અને (૩) રોજગાર કચેરીમાંથી નામો મંગાવીને ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

**રાજકોટ જિલ્લામાં તાલુકાવાર આયા બહેનોની ખાલી જગ્યાઓ દર્શાવતું પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | પ્રા. આ. કેન્દ્રનું નામ | ક્યારથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | પડધરી | ખોડાપીર | ૧-૫-૯૮ |
| ૨ | વાંકાનેર | તીથવા | ૧૭-૭-૯૫ |
| ૩ | વાંકાનેર | લુણસર | ૩૦-૪-૦૪ |
| ૪ | મોરબી | બગથળા | ૧૭-૯-૯૫ |
| ૫ | મોરબી | ખરેડા | ૧૭-૭-૯૫ |
| ૬ | મોરબી | જેતપુર (મ) | ૧૩-૧-૯૧ |
| ૭ | માળીયા (મીં) | ખાખરેચી | ૧૯૯૯થી ખાલી છે. |
| ૮ | માળીયા (મીં) | સરવડ | ૧-૬-૮૯ |
| ૯ | જસદણ | પીપરડી | ૧-૪-૯૭ |
| ૧૦ | જસદણ | આટકોટ | ૧-૪-૯૭ |
| ૧૧ | જસદણ | સાંણથલી | ૧૭-૭-૯૫ |
| ૧૨ | જસદણ | ભાડલા | ૧૭-૭-૯૫ |
| ૧૩ | કોટડા (સાં) | ચમોદ | ૧-૨-૯૨ |
| ૧૪ | ગોંડલ | ગોમટા | ૧૭-૭-૯૫ |
| ૧૫ | ગોંડલ | સુલતાનપુર | ૧૭-૭-૯૫ |
| ૧૬ | ગોંડલ | શિવરાજગઢ | ૧૭-૭-૯૫ |
| ૧૭ | ગોંડલ | મોવીયા | ૧૭-૭-૯૫ |
| ૧૮ | ગોંડલ | દેરડી (કું.) | ૧-૨-૮૮ |
| ૧૯ | જેતપુર | જેતલસર | ૧-૨-૮૮ |
| ૨૦ | જેતપુર | મેવાસા | ૧૫-૧-૨૦૦૦ |
| ૨૧ | જેતપુર | અમરનગર | ૧૭-૭-૯૫ |
| ૨૨ | જેતપુર | બોરડી (સ) | ૧-૨-૮૮ |
| ૨૩ | જામકંડોરણા | ચરડી | ૧૯૯૮ |
| ૨૪ | જામકંડોરણા | ચિત્રાવડ | ૧-૨-૮૮ |
| ૨૫ | ધોરાજી | પાટણવાવ | ૨૦-૨-૨૦૦૦ |
| ૨૬ | ઉપલેટા | કોલકી | ૧-૨-૮૮ |
| ૨૭ | ઉપલેટા | ઢાંક | ૧-૨-૮૮ |
| ૨૮ | ઉપલેટા | ભીમોરા | ૧૭-૭-૯૫ |

---------------

**રાજકોટ જિલ્લામાં લેબ ટેક્નીશીયનની ખાલી જ્ગ્યાઓ**

અતારાંક્તિઃ ૩૯૧૬ (૧૯-૧૦-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

એપ્રિલ-૨૦૦૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં લેબોરેટરી ટેક્નીશીયનની કેટલી જ્ગ્યાઓ ભરાયેલ છે, કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં લેબોરેટરી ટેક્નીશીયનની જ્ગ્યાઓ ખાલી છે અને ક્યારથી ?

**પંચાયત મંત્રીશ્રી** : (૧૬-૨-૨૦૦૫)

૩૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં લોબોરેટરી ટેક્નીશીયનની જ્ગ્યાઓ ભરાયેલ છે જ્યારે ૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં લેબોરેટરી ટેક્નીશીયનની ખાલી જ્ગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ | ક્યારથી ખાલી છે. |
|---|---|---|
| ૧ | વવાણીયા | તા. ૨૯-૬-૦૫ |
| ૨ | મેવાસા | તા. ૧-૪-૦૨ |
| ૩ | પાટણવાવ | તા. ૧૬-૧૨-૯૫ |
| ૪ | મોટી પાનેલી | તા. ૧૪-૧૦-૦૪ |
| ૫ | નેક્નામ | તા. ૧-૬-૦૫ |

---------------

**રાજકોટ જિલ્લામાં ફાર્માસીસ્ટની ખાલી જ્ગ્યાઓ**

અતારાંક્તિઃ ૩૯૧૮ (૧૯-૧૦-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) એપ્રિલ-૨૦૦૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કેટલી ફાર્માસીસ્ટની જ્ગ્યાઓ ભરાયેલ છે,

(૨) ક્યા ક્યા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જ્ગ્યાઓ ખાલી છે, અને ક્યારથી, અને

(૩) આ ખાલી જ્ગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** : (૧૭-૨-૨૦૦૬)

(૧) ૨૭

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી જ્ગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ. | કઈ તારીખથી જ્ગ્યા ખાલી છે ? તેની વિગતો. |
|---|---|---|
| ૧ | ખોડા પીપર | ૫-૧૨-૦૩ |
| ૨ | મેસરીયા | ૨૮-૨-૦૨ |
| ૩ | લુણસર | ૩-૫-૯૯ |
| ૪ | સિંધાવદર | ૩૧-૧૦-૦૫ |
| ૫ | વવાણીયા | ૧-૯-૦૪ |
| ૬ | ખાખરેચી | ૧૧-૬-૦૩ |
| ૭ | પીપરડી | ૩-૬-૦૧ |
| ૮ | ભડલી | ૨૦-૧૧-૨૦૦૦ |
| ૯ | ગોમટા | ૩૧-૧૦-૦૪ |
| ૧૦ | મેવાસા | ૨૪-૧૧-૨૦૦૦ |
| ૧૧ | અમરનગર | ૧-૮-૯૮ |
| ૧૨ | ચિત્રાવડ | ૨૮-૨-૦૪ |
| ૧૩ | પાટણવાવ | ૧-૭-૦૪ |
| ૧૪ | ભિમોરા | ૨૫-૩-૯૯ |
| ૧૫ | ઢાંક | ૩૦-૧૧-૦૩ |
| ૧૬ | સરધાર | ૩૦-૬-૦૫ |

(૩) યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તથા ખાલી જ્ગ્યાઓ ભરવાની સરકારની પ્રવર્તમાન નીતિને ધ્યાને લઈને ભરવાનું આયોજન છે.

---------------

**રાજકોટ જિલ્લામાં એમ્બ્યુલન્સના ડ્રાઈવરોની ખાલી જ્ગ્યા બાબત**

અતારાંક્તિઃ ૩૯૨૦ (૧૯-૧૦-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) એપ્રિલ-૨૦૦૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં જીપ કે એમ્બ્યુલન્સના ડ્રાઈવરોની કેટલી જ્ગ્યાઓ ક્યારથી ભરાયેલ છે,

(૨) કેટલી જ્ગ્યા ખાલી છે,

(૩) ડ્રાઈવરોને પાંચ વર્ષથી વધારે સમયગાળો થયા છતાં બદલવામાં આવતા નથી, તે વાત સાચી છે, અને

(૪) જો હા, તો તેના શું કારણો છે ?

**પંચાયત મંત્રીશ્રી** : (૧૬-૨-૨૦૦૬)

(૧) અને (૨) એપ્રિલ-૨૦૦૫ની સ્થિતિએ ડ્રાઈવરોની ભરાયેલ અને ખાલી જ્ગ્યાની વિગત સામેલ પત્રક-અ અને બ મુજબ છે.

(૩) અંશતઃ સાચી છે.

(૪) જુજ ડ્રાઈવરો પાંચ વર્ષ ઉપરાંત સમયથી ફરજ બજાવે છે તેમની સંતોષકારક સેવા અને વહીવટી જરૂરિયાત જોતા તેમની બદલી કરાયેલ નથી.

**એપ્રિલ-૨૦૦૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં જીપ કે એમ્બ્યુલન્સના ડ્રાઈવરોની ભરાયેલ જ્ગ્યાની માહિતી પત્રક-અ અને ખાલી જ્ગ્યાઓની માહિતી પત્રક-બ મુજબ છે.**

**પત્રક-અ**

| ક્રમ | પ્રા. આ. કેન્દ્રનું નામ | ભરાયેલ જ્ગ્યાની સંખ્યા | જ્ગ્યા ભરાયાની તારીખ |
|---|---|---|---|
| ૧. | પાટણવાવ | ૧ | ૧૭-૫-૦૫ |
| ૨. | સુપેડી | ૧ | ૧૫-૭-૦૫ |
| ૩. | ગોમટા | ૧ | ૨૫-૫-૯૫ |
| ૪. | સુલતાનપુર | ૧ | ૧૭-૫-૦૫ |
| ૫. | શીવરાજગઢ | ૧ | ૧૭-૫-૦૫ |
| ૬. | મોવિયા | ૧ | ૧૭-૫-૦૫ |
| ૭. | દેરડીકુંભાજી | ૧ | ૧૭-૫-૦૫ |
| ૮. | પીપરડી | ૧ | ૨૪-૧૨-૯૮ |
| ૯. | આરકોટ | ૧ | ૧૭-૨-૦૫ |
| ૧૦. | સાણથલી | ૧ | ૧-૧૧-૦૪ |
| ૧૧. | ભાડલા | ૧ | ૧૫-૭-૦૫ |
| ૧૨. | ભડલી | ૧ | ૧૫-૭-૦૫ |
| ૧૩. | જેતલસર | ૧ | ૨૯-૧-૯૧ |
| ૧૪. | અમરનગર | ૧ | ૧૫-૭-૦૫ |
| ૧૫. | બો. સમઢીયાળા | ૧ | ૧૮-૧૧-૦૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૬. | ચચડી | ૧ | ૧-૮-૨૦૦૦ |
| ૧૭. | ચિત્રાવડ | ૧ | ૨૦-૧૦-૯૨ |
| ૧૮. | નવી મેંગણી | ૧ | ૨૮-૭-૨૦૦૦ |
| ૧૯. | સમોદ | ૧ | ૧-૬-૯૮ |
| ૨૦. | ખીરસરા | ૧ | ૧૫-૭-૦૫ |
| ૨૧. | ખાખરેચી | ૧ | ૧૭-૫-૦૫ |
| ૨૨. | વવાણીયા | ૧ | ૧૭-૫-૦૫ |
| ૨૩. | બગથળા | ૧ | ૧૭-૫-૦૫ |
| ૨૪. | રાજપર | ૧ | ૧૪-૩-૦૫ |
| ૨૫. | જેતપર | ૧ | ૭-૧૧-૯૮ |
| ૨૬. | ખરેડા | ૧ | ૧૫-૭-૦૫ |
| ૨૭. | નેક્નામ | ૧ | ૨૬-૪-૦૪ |
| ૨૮. | કોલકી | ૧ | ૧-૩-૯૬ |
| ૨૯. | મોટી પાનેલી | ૧ | ૮-૯-૯૮ |
| ૩૦. | ઢાંક | ૧ | ૧૫-૭-૦૫ |
| ૩૧. | ભીમોરા | ૧ | ૧૫-૭-૦૫ |
| ૩૨. | સીંધાવદર | ૧ | ૧૪-૩-૦૫ |
| ૩૩. | તીથવા | ૧ | ૧-૭-૯૯ |
| ૩૪. | લુણસર | ૧ | ૧૭-૫-૦૫ |
| ૩૫. | મેસરીયા | ૧ | ૧૭-૫-૦૫ |
| ૩૬. | સરપદડ | ૧ | ૧૭-૫-૦૫ |
| ૩૭. | કુવાડવા | ૧ | ૧૭-૧૧-૦૩ |
| ૩૮. | સરધાર | ૧ | ૧૧-૨-૦૪ |
| ૩૯. | સણોસર | વાહન નથી. | |
| ૪૦. | ગઢકા | વાહન નથી. | |

**પત્રક-બ**

| ક્રમ | પ્રા. કેન્દ્રનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી જગ્યા ખાલી છે તેની તારીખ |
|---|---|---|---|
| ૧. | મેવાસા | ૧ | ૧૬-૨-૦૫ |
| ૨. | સરવડ | ૧ | ૧-૫-૦૫ |
| ૩. | ખોડાપીપળ | ૧ | ૧૭-૨-૦૫ |

-----------------

## આણંદ જિલ્લામાં એસ. જી. આર. યોજના હેઠળ થયેલ ખર્ચ

અતારાંકિતઃ ૩૯૪૯ (૧-૧૦-૨૦૦૫) **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) આણંદ જિલ્લામાં એસ. જી. આર. યોજના અંતર્ગત તાલુકાવાર તા. ૩૧-૮-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કામ થયા, કેટલો ખર્ચ થયો,

(૨) આ યોજનામાં વળતર સ્વરૂપે અપાતા ઘઉં ન મળવાની ફરિયાદો સરકારને મળેલ છે, કે કેમ,

(૩) જો હા તો તાલુકાવાર ક્યા ક્યા ગામે કામના બદલામાં ઘઉં કેટલા સમયથી આપવામાં આવ્યા નથી,

(૪) તેના શાં કારણો છે, અને

(૫) સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) : (૨૩/૨/૨૦૦૬)

(૧) સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના હેઠળ આણંદ જિલ્લામાં તા. ૩૧-૮-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ : ૪૮૦૮ કામો હાથ ધરવામાં આવેલ છે. અને રૂા. ૯૦૮.૩૪ લાખનો ખર્ચ થયેલ છે. તાલુકાવાર વિગતો પરિશિષ્ટ-૧ માં સામેલ છે.

(૨) હા, જી.

(૩) તમામ તાલુકાના કુલ-૮૩ ગામોમાં કામના બદલામાં અનાજ (ઘઉં) એપ્રિલ ૨૦૦૫થી આપવામાં આવેલ નથી. તેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | એપ્રિલ-૦૫થી અનાજ આપવામાં આવેલ ન હોય તેવા ગામોની સંખ્યા. |
|---|---|---|
| ૧. | આણંદ | ૫ |
| ૨. | ઉમરેઠ | ૧ |
| ૩. | બોરસદ | ૨૨ |
| ૪. | આંકલાવ | ૧૫ |
| ૫. | પેટલાદ | ૨૧ |
| ૬. | સોજીત્રા | ૦૪ |
| ૭. | ખંભાત | ૧૦ |

| | | |
|---|---|---|
| ૮. | તારાપુર | ૦૫ |
| | કુલ : | ૮૩ |

તાલુકાવાર ગામોની વિગતો સામેલ પરિશિષ્ટ-(૨) મુજબ છે.

(૪) કેન્દ્ર સરકાર પાસે માંગણી કરેલ વધારાના અનાજના જથ્થા સામે કેન્દ્ર સરકાર દ્વારા અનાજના જથ્થાની ઓછી ફાળવણી થતાં અનાજની ખાદ્યજનક પરિસ્થિતિ ઉભી થવાના કારણે ઘઉંનો જથ્થો આપી શકાયેલ નથી.

(૫) ઉપર દર્શાવ્યા મુજબ અનાજની ઉણપની પરિસ્થિતિ ઉભી થતાં તેના ઉપાય તરીકે યોજના અન્વયે શ્રમિકો/લાભાર્થીને સંપૂર્ણ વેતન અનાજને બદલે રોકડમાં ચૂકવવા માટે રાજ્ય સરકાર દ્વારા સૂચના આપવામાં આવેલ છે. અને તે મુજબ અનાજને બદલે રોકડમાં ચૂકવણાં કરવાની કાર્યવાહી ચાલું છે.

## પરિશિષ્ટ-(૧)

**એસ.જી.આર.વાય. યોજના હેઠળ થયેલ કામો અને આણંદ જિલ્લામાં તાલુકાવાર થયેલ ખર્ચની વિગતો દર્શાવતું પત્રક**

| અ. નં. | તાલુકો | વર્ષવાર હાથ ધરેલ કામોની સંખ્યા | | | કુલ કામો | વર્ષવાર થયેલ ખર્ચ (રૂા. લાખમાં ) | | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ (૩૧-૮-૦૫ અંતિત) | | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ (૩૧-૮-૦૫ અંતિત) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | આણંદ | ૭૨ | ૭૬ | ૭૯ | ૨૨૭ | ૪૧.૦૩ | ૬૦.૯૦ | ૧૧.૭૦ | ૧૧૩.૬૩ |
| ૨ | ઉમરેઠ | ૨૩૦ | ૨૫૫ | ૪૫ | ૫૩૦ | ૧૫.૮૧ | ૨૪.૯૬ | ૨.૮૪ | ૪૩.૬૧ |
| ૩ | બોરસદ | ૨૬૨ | ૨૯૦ | ૧૩૯ | ૬૯૧ | ૫૬.૩૨ | ૫૯.૪૪ | ૧૫.૬૬ | ૧૩૧.૪૨ |
| ૪ | આંકલાવ | ૯૭ | ૧૬૯ | ૮૫ | ૩૫૧ | ૧૭.૩૬ | ૨૭.૮૫ | ૪.૯૭ | ૫૦.૧૮ |
| ૫ | પેટલાદ | ૨૮૫ | ૪૦૪ | ૨૬૧ | ૯૫૦ | ૪૮.૪૧ | ૬૫.૦૮ | ૬.૦૪ | ૧૧૯.૫૩ |
| ૬ | સોજીત્રા | ૧૪૨ | ૧૭૬ | ૨૦ | ૩૩૮ | ૧૭.૮૯ | ૨૪.૮૧ | ૩.૫૪ | ૪૬.૨૪ |
| ૭ | ખંભાત | ૩૧૭ | ૨૩૦ | ૨૨૦ | ૭૬૭ | ૩૭.૭૦ | ૪૬.૧૬ | ૭.૮૦ | ૯૧.૬૬ |
| ૮ | તારાપુર | ૧૧૫ | ૧૪૯ | ૪૩ | ૩૦૭ | ૧૬.૨૧ | ૩૪.૨૮ | ૫.૭૯ | ૫૬.૨૮ |
| ૯ | જિલ્લાકક્ષા | ૨૩૬ | ૨૬૭ | ૧૪૪ | ૬૪૭ | ૯૨.૦૩ | ૯૭.૯૩ | ૬૫.૮૩ | ૨૫૫.૭૯ |
| | કુલ : | ૧૭૫૬ | ૨૦૧૬ | ૧૦૩૬ | ૪૮૦૮ | ૩૪૨.૭૬ | ૪૪૧.૪૧ | ૧૨૪.૧૭ | ૯૦૮.૩૪ |

## પરિશિષ્ટ-(૨)

આણંદ જિલ્લામાં તાલુકાવાર કામના બદલમાં અનાજ (ઘઉં) એપ્રિલ-૦૫થી આપવામાં આવેલ નથી તેવા ગામોની વિગતો.

| ક્રમ | તાલુકો | ગામ |
|---|---|---|
| ૧. | આણંદ | મોગર, સામરખા, સુંદણ, વહેરાખાડી, નાપાડ વાંટા |
| ૨. | ઉમરેઠ | શીલી |
| ૩. | બોરસદ | નામણ, ધનાવશી, કાલુ, ડાલી, કઠાણા, ડભાસી, ભાદરણીયા, નાપા (ત), હરખાપુરા, બોચાસણ, કંકાપુરા, જંત્રાલ, વાલવોડ, દહેવાણ, ગોરેલ, વીરસદ, નાપા વાંટા, દેદરડા, કાંધરોટી, દાવોલ, ઉનેલી, સારોલ. |
| ૪. | આંકલાવ | આસોદર, ઉમેટા, બીલપાડ, જોષીકુવા, ભેટાસી (બા), નારપુરા, દેવાપુરા, નવાખલ, કોસીન્દ્રા, ચમારા, આમરોલ ભેટાસી (ત), ભેટાસી (વાંટ), બામણગામ, કહાનવાડી. |
| ૫. | પેટલાદ | આશી, અરડી, મહુડીયાપુરા, વડદલા, ઘુંટેલી, ચાંગા, દંતેલી, બામરોલી, બોરીયા, ધૈર્યપુરા, ફાગણી, મહેળાવ, મોરડ, પાડગોલ, પાળજ, પંડોળી, પોરડા, સીલવાઈ, સુણાવ, સુંદરણા. |
| ૬. | સોજીત્રા | રૂણ, દેવા તળપદ, વિરોલ, પલોલ. |
| ૭. | ખંભાત | ખડોધી, હરિપુરા, ઉંદેલ, રાલેજ, ટીંબા, કાણીસા, તડા તલાવ જલસણ, વેણજ, શક્કરપુર |
| ૮. | તારાપુર | મહીયારી, દુગારી, ચિખલીયા સાંઠ, તારાપુર. |

--------------

## રાજકોટ જિલ્લામાં દબાણો નિયમિત કરવા અંગે

અતારાંકિતઃ ૩૭૦૬ (૪-૮-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર દબાણો નિયમિત કરવાના કેટલા કેસો રજૂ થયા,

(૨) તે પૈકી વર્ષવાર કેટલા કેસોના નિકાલ કરી દબાણો નિયમિત કરવામાં આવ્યા, અને

(૩) બાકી કેસોમાં દબાણો નિયમિત ન કરવા પાછળના કારણો શું છે ?

એચબી-૧૦૫૬-૮

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૭/૨/૦૬)

(૧) અને (૨) સામેલ પત્રક મુજબ.

(૩) દબાણદાર ખેડૂત ખાતેદાર ન હોવાથી, જમીન ગોચર તરીકે નીમ થયેલ હોવાથી, રૂડા વિસ્તારની કિંમતી જમીન હોવાથી જાહેર હરાજીથી નિકાલ કરવાપાત્ર થતી હોવાથી, ઈરાદાપૂર્વક્નું દબાણ હોવાથી, રોડ રસ્તામાં નડતરરૂપ હોવાથી, પ્રવર્તમાન બજાર કિમત ભરવા દબાણદાર સંમત ન હોવાથી, ગ્રામ પંચાયત સંમત ન હોવાથી, દબાણદાર પોષણક્ષમ ખાતાથી વધારે જમીન ધારણ કરતા હોવાથી વિગેરે કારણોસર દબાણો નિયમિત કરવાની માંગણીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

નિર્ણય અર્થે બાકી રહેલ કેસોમાં જીલ્લા/તાલુકા કક્ષાએ માહિતીની પુર્તતા અર્થે કિંમતના મૂલ્યાંક્ન અર્થે, સ્થળ તપાસ કરી સાધનિક કાગળો તૈયાર કરવા અર્થે પડતર રહેલ છે.

**પત્રક**

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૧-૪-૦૨થી તા. ૩૧-૩-૦૫ સુધીમાં દબાણ નિયમિત કરવા માટે રજુ થયેલ કેસોની સંખ્યા | દબાણ નિયમિત કરેલ કેસોની સંખ્યા | | | દબાણ ના મંજૂર કરેલ કેસોની સંખ્યા | દબાણમાં પડતર રહેલ કેસોની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | રાજકોટ તાલુકો | ૧૧૯ | ૦ | ૦ | ૦ | ૧૧૯ | ૦ | |
| ૨ | જસદણ | ૨૮ | ૦ | ૦ | ૩ | ૧૪ | ૧૧ | |
| ૩ | લોધીકા | ૪ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | |
| ૪ | કોટડા સાંગાણી | ૫ | ૦ | ૦ | ૦ | ૩ | ૨ | |
| ૫ | ગોંડલ | ૩ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | |
| ૬ | જેતપુર | ૫ | ૦ | ૦ | ૦ | ૨ | ૩ | |
| ૭ | ધોરાજી | ૭ | ૦ | ૦ | ૦ | ૬ | ૧ | |
| ૮ | ઉપલેટા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| ૯ | જામકંડોરણા | ૫૪ | ૦ | ૦ | ૪૪ | ૮ | ૨ | |
| ૧૦ | વાંકાનેર | ૪ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | |
| ૧૧ | માળીયા(મ) | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | |
| ૧૨ | ટંકારા | ૧૨ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૨ | |
| ૧૩ | મોરબી | ૮ | ૦ | ૦ | ૩ | ૪ | ૧ | |
| ૧૪ | પડધરી | ૩૨ | ૦ | ૦ | ૦ | ૩૨ | ૦ | |
| | **કુલ :** | **૨૮૩** | **૦** | **૦** | **૫૦** | **૨૦૯** | **૨૪** | |

---------------

## રાજ્યમાં જમીન વિહોણા ખેત મજૂરોને ખેડવા માટે પડતર જમીન

અતારાંક્તિ: ૩૭૦૭ (૩-૧૦-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૦૩-૦૫ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર જમીન વિહોણા ખેતમજૂરોને પાંચ એકર પડતર જમીન ખેડવા માટેની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી રહેતી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવાનું સરકારનું આયોજન છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** :(૧૭-૨-૨૦૦૬)

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૦૩-૨૦૦૫ની સ્થિતિએ જમીન વિહોણા ખેતમજૂરોને પાંચ એકર પડતર જમીન ખેડવા માટેની રાજ્યમાં અમદાવાદ જિલ્લામાં ૭૧, અમરેલી જિલ્લામાં -૫૨૩, બનાસકાંઠા જિલ્લામાં -૭૬, ભરૂચ જિલ્લામાં -૪૯૦, કચ્છ જિલ્લામાં -૧૦૬૫, રાજકોટ જિલ્લામાં -૧૫, સુરેન્દ્રનગર જિલ્લામાં-૩૧૫૬, તથા વડોદરા જિલ્લામાં -૨૨ અરજીઓ મળી છે. બાકીના જિલ્લાઓમાં કોઈ અરજી મળી નથી.

(૨) તે પૈકી અમરેલી જિલ્લાની -૧૫૩, ભરૂચ જિલ્લાની-૧૦૪, સુરેન્દ્રનગર જિલ્લાની-૫૨૮ અરજીઓ મંજુર કરવામાં આવી.

(૩) બાકી રહેતી અરજીઓની ચકાસણી કાર્યવાહી પૂર્ણ થયે બનતી ત્વરાએ નિકાલ કરવાનું આયોજન છે.

-----------

**રાજ્યમાં માર્ગ વિસ્તારોના વિકાસ માટે કેન્દ્રીય સહાય**

અતારાંક્તિઃ ૪૦૧૨ (૩-૧૨-૨૦૦૫)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમા સપ્ટેમ્બર- ૦૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ક્યા ક્યા માર્ગ વિસ્તારોના વિકાસ માટે છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્રીય સહાય માંગવામાં આવી હતી, ક્યારે

(૨) આ પૈકી ક્યા ક્યા માર્ગ માટેની સહાય ક્યારે અને કેટલી રકમની મંજૂર કરવામાં આવી, અને

(૩) મંજૂર થયેલી સહાય પૈકી કેટલી રકમો ક્યા માર્ગ માટે ખર્ચવામાં આવી ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** : (૧૮/૧૨/૦૫)

(૧) વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં પત્રકમાં દર્શાવેલ હયાત માર્ગોનાં ૧૯૦ કામોની દરખાસ્ત કેન્દ્રીય માર્ગ નિધી હેઠળ કરવામાં આવેલ.

(૨) કેન્દ્રીય માર્ગ નિધી હેઠળની મંજૂર કામોના ખર્ચ સામે છેલ્લા ત્રણ વર્ષમાં નીચે દર્શાવ્યા મુજબ સહાય મંજૂર કરવામાં આવી.

| વર્ષ | રકમ (રૂા. કરોડમાં) | તારીખ |
|---|---|---|
| ૨૦૦૩-૨૦૦૪ | રૂા. ૫૯.૮૨ | તા. ૦૬-૬-૦૩ અને તા. ૦૩-૩-૦૪ |
| ૨૦૦૪-૨૦૦૫ | રૂા. ૫૫.૨૧ | તા. ૩૧-૫-૦૪ અને તા. ૨૮-૧-૦૫ |
| ૨૦૦૫-૨૦૦૬ | રૂા. ૬૯.૨૮ | તા. ૨-૬-૦૫ |

(૩) * પત્રક મુજબ (પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**વિભાગમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ મળેલ અરજીઓ**

અતારાંક્તિઃ ૪૦૬૭ (૧૦-૧-૨૦૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ૩૦મી નવેમ્બર ૦૫ની સ્થિતિએ વિભાગમાં જુદા જુદા વિષયોના સંબંધમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી મેળવવા માટે કુલ કેટલી અરજીઓ મળી,

(૨) આ અરજીઓમાંથી કેટલી અરજીઓમાં માહિતી આપવામાં આવી,

(૩) કેટલી અરજીઓમાં માહિતી ક્યા કારણોસર આપી નથી, અને

(૪) આ કાયદા હેઠળની કુલ કેટલી આવક રાજ્ય સરકારને પ્રાપ્ત થઈ ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** : (૨૭/૨/૦૬)

(૧) તા. ૩૦મી નવેમ્બર -૦૫ની સ્થિતિએ વિભાગમાં કુલ -૨૦ અરજીઓ મળી, તે પૈકી ૮ જિલ્લા કક્ષાને સંબંધિત હોઈ તબદીલ કરેલ છે.

(૨) કુલ -૯ અરજીઓમાં માહિતી આપવામાં આવી અને ૩ અરજીઓમાં નિયમોનુસાર આપવાપાત્ર અંશતઃ માહિતી આપી છે.

(૩) કાયદા અનુસારની માંગણી નહી હોવાથી નહિ આપવાપાત્ર માહિતી અંગે જાણ કરી છે.

(૪) રૂા. ૬૧૦/-

-----------

**પાટણ જિલ્લા પંચાયત હસ્તકના રસ્તાઓની મરામત માટે ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંક્તિ: ૪૦૬૮ (૫-૧-૨૦૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) પાટણ જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓની મરામત કરવા તાલુકાવાર નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪ અને
૨૦૦૪-૦૫ માં કુલ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવી,

(૨) ફાળવેલ ગ્રાન્ટ પેકી ડિસેમ્બર-૦૫ સુધીમાં તાલુકાવાર ક્યા ક્યા રસ્તાઓની મરામત કરાવવામાં આવી, અને

(૩) ડિસેમ્બર ૦૫ની સ્થિતિએ કુલ કેટલા કામો ક્યા કારણોસર બાકી છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** : (૨૦/૨/૦૬)

(૧) રસ્તાઓની મરામત માટે તાલુકાવાર ગ્રાંટ ફાળવવામાં આવતી નથી. પરંતુ જિલ્લાને નીચે મુજબ વર્ષવાર નીચે મુજબ ગ્રાંટ ફાળવેલ છે.

(રૂા. લાખમાં)

| વર્ષ | ખાસ મરામત | ચાલુ મરામત | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૩-૨૦૦૪ | ૧૮૦.૬૪ | ૪૫.૧૬ | ૨૨૫.૮૦ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૩૨૪.૮૦ | ૮૧.૨૦ | ૪૦૬.૦ |

(૨) ચાલુ મરામતની કામગીરી સતત ચાલતી પ્રક્રિયા છે જ્યારે ખાસ મરામત હેઠળ સામેલ યાદી મુજબના કામોની મરામત કરવામાં આવેલ છે.

(૩) કામો બાકી નથી.

**પરિશિષ્ટ-૧**

**ફાળવેલ ગ્રાન્ટ પેકી માહે ડીસેમ્બર-૦૫ સુધીમાં તાલુકાવાર રસ્તાઓની ખાસ મરામત સદરે મરામત કરેલ રસ્તાઓની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | તાલુકો | કામનું નામ |
|---|---|---|
| ૧ | પાટણ | સંડેર-માતપુર રોડ |
| ૨ | | નોરતા-તળપદ રોડ |
| ૩ | | રૂવાવી- ડાભડી રોડ |
| ૪ | | રણુંજ એપ્રોચ રોડ |
| ૫ | | અજીમણા-જાળેશ્વર પાલડી રોડ |
| ૬ | | કુણઘેર ભલગામડા રોડ |
| ૭ | | વાઘી એપ્રોચ રોડ |
| ૮ | | બાલીસણા બબારાણા રોડ |
| ૯ | | ગદોસણ-પારવીયાવીર રોડ |
| ૧૦ | | કણી-ટુંડાવ રોડ |
| ૧૧ | | સેલાવી મણુંદ રોડ |
| ૧૨ | | મના-ભાટવાણ રોડ |
| ૧૩ | | કાંસા-સરીયદ-ઉંદરા રોડ |
| ૧૪ | | લણવા-સંખારી રોડ |
| ૧૫ | પાટણ | ખીમીયાણા એપ્રોચ રોડ |
| ૧૬ | | હરીહર મહાદેવ રોડ |
| ૧૭ | ચાણસ્મા | ધીણોજ પલાસર રોડ |
| ૧૮ | | ઝીલીયા ગંગેટ રોડ |
| ૧૯ | | દાંતકરોડી વસાઈપુરા રોડ |
| ૨૦ | | દેલમાલ- મંડાલી રોડ |
| ૨૧ | | લણવા-પૂંઢારપુરા રોડ |
| ૨૨ | | મણીપુર-ટાકોદી રોડ |
| ૨૩ | | ભાટસર ઈટોદા રોડ |

| ક્રમ | તાલુકો | કામનું નામ |
|---|---|---|
| ૨૪ | | ગોખરવા એપ્રોચ રોડ |
| ૨૫ | | લણવા એપ્રોચ રોડ |
| ૨૬ | | વડાવલી છમીછા રોડ |
| ૨૭ | સિધ્ધપુર | બીલીયા કામલી ઉંઝા રોડ |
| ૨૮ | | બીલીયા લાલપુર રોડ |
| ૨૯ | | ઉમરૂ કાકોશી રોડ |
| ૩૦ | | રસુલપુરા એપ્રોચ રોડ |
| ૩૧ | | વનાસણ એપ્રોચ રોડ |
| ૩૨ | હારીજ | નાણાં એપ્રોચ રોડ |
| ૩૩ | | રવિન્દ્રા એપ્રોચ રોડ |
| ૩૪ | | નવરંગપુરા એપ્રોચ રોડ |
| ૩૫ | સમી | સમી ગુજરવાડા રોડ |
| ૩૬ | | બીલીયા ટુવડ ધનોરા રોડ |
| ૩૭ | | મુજપુર કુંવારદ રોડ |
| ૩૮ | | બાસ્પા-ભદ્રાડા રોડ |
| ૩૯ | | સમી એપ્રોચ રોડ |
| ૪૦ | | સજ્જુપુરા માત્રોટા રોડ |
| ૪૧ | રાધનપુર | રાધનપુર ભીલોટ રોડ |
| ૪૨ | સાંતલપુર | વારાહી ગોતરકા રોડ |
| ૪૩ | | હમીરપુરા એપ્રોચ રોડ |

-----------

## સિધ્ધપુર તાલુકામાં બિસ્માર રસ્તાઓનું મરામત કામ

અતારાંક્તિઃ ૪૦૬૯ (૫-૧-૨૦૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના ગામવાર ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલાં રસ્તાઓ બિસ્માર હાલતમાં હતા, તે પૈકી રસ્તાઓનું મરામત કામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) બાકી રહેલ બિસ્માર રસ્તાઓનું મરામત કામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** : (૧૬/૨/૦૬)

(૧) રસ્તાઓની જરૂરી મરામત કરી વાહનવ્યવહાર લાયક સ્થિતિમાં રાખેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

## વિભાગમાં માહિતી અધિકાર હેઠળ મળેલ અરજીઓ

અતારાંક્તિઃ ૪૦૮૮ (૫-૧-૨૦૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦મી નવેમ્બર, ૦૫ ની સ્થિતિએ વિભાગમાં જુદા જુદા વિષયોના સંબંધમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી મેળવવા માટે કુલ કેટલી અરજીઓ મળી,

(૨) આ અરજીઓમાંથી કેટલી અરજીઓમાં માહિતી આપવામાં આવી,

(૩) કેટલી અરજીઓમાં ક્યા કારણોસર માહિતી આપી નથી, અને

(૪) આ કાયદા હેઠળની કુલ કેટલી આવક રાજ્ય સરકારને પ્રાપ્ત થઈ ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૨૦/૨/૦૬)

(૧) એક

(૨) એક

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) મળેલ એક અરજી ગરીબી રેખા હેઠળના અરજદારની હોવાથી ફી લેવામાં આવેલ નથી.

----------------

## માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં માનવગરીમા યોજના હેઠળ ચૂકવેલ સહાય

અતારાંક્તિઃ ૪૧૧૦ (૩૦-૧-૨૦૦૬) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં છેલ્લા એક વર્ષમાં માનવ ગરીમા યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૨૪/૨/૦૬)

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ તાલુકાવાર નીચે પ્રમાણે અરજીઓ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | માંડવી | ૭૭ |
| ૨. | નખત્રાણા | ૩૯ |
| ૩. | અબડાસા | ૦૮ |
| ૪. | લખપત | ૦૭ |
| | કુલ : | ૧૩૧ |

(૨) તે પૈકી તાલુકાવાર નીચે પ્રમાણે અરજીઓ મંજૂર કરવામાં આવી.

| | | |
|---|---|---|
| ૧. | માંડવી | ૭૧ |
| ૨. | નખત્રાણા | ૨૭ |
| ૩. | અબડાસા | ૦૮ |
| ૪. | લખપત | ૦૭ |
| | **કુલ :** | **૧૧૩** |

-------------

### કચ્છ જિલ્લામાં કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ મળેલ અરજીઓ

અતારાંક્તિ: ૪૧૧૧ (૨૧-૧-૨૦૦૬) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના અંગેની જાતિવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, તેના કારણો શાં છે, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે, તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૯/૩/૦૬)

(૧) નીચે પ્રમાણે કુલ ૨૫૫ અરજીઓ આવી

| | |
|---|---|
| ૧. અનુસૂચિત જાતિ | **૧૭૧** |
| ૨. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | **૫૦** |
| ૩.આર્થિક રીતે પછાતવર્ગ | **૩૪** |
| | --------- |
| **કુલ :** | **૨૫૫** |

(૨) તે પૈકી ૧૨૨ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૧૦૪ અરજીઓ યોજનાના નિયત માપદંડો સાથે સુસંગત ન હોવાના કારણોસર ના મંજૂર કરવામાં આવી.

(૩) ૨૯ અરજીઓ પડતર છે. અરજદારો તરફથી ક્ષતિ પૂર્તતા થયેથી સત્વરે તેનો નિકાલ કરવામાં આવશે.

------------

### વિભાગમાં માહિતી અધિકાર નિયમ હેઠળ મળેલ અરજીઓ

અતારાંક્તિ: ૪૦૭૦ (૧૦-૧-૨૦૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦મી નવેમ્બર ૦૫ની સ્થિતિએ જુદા જુદા વિષયોના સંબંધમાં માહિતી અધિકાર નિયમ હેઠળ કુલ કેટલી અરજીઓ મળી,

(૨) આ અરજીઓમાંથી કુલ કેટલી અરજીઓમાં માહિતી આપવામાં આવી,

(૩) કેટલી અરજીઓમાં માહિતી ક્યા કારણોસર આપી નથી, અને

(૪) આ કાયદા હેઠળની કેટલી આવક રાજ્ય સરકારને પ્રાપ્ત થઈ ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** : (૧૬/૨/૦૬)

(૧) કુલ ૭ (સાત).

(૨) ૫ (પાંચ).

(૩) ૨ (બે) આ બે અરજીઓ અન્ય જાહેર સત્તાધિકારી સંબંધીત હોઈ તેઓને તબદીલ કરવામાં આવેલ છે.

(૪) રૂા. ૧૫૦/- (અંકે રૂપિયા એક્સો પચાસ પુરા).

-----------

**રાજ્યમાં જ્યોતિગ્રામના ઉદ્દઘાટન કાર્યક્રમોમાં થયેલ ખર્ચ**

અતારાંક્તિઃ ૪૧૦૧ (૧૯-૧-૨૦૦૫) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૧-૧-૨૦૦૨ થી ૧-૧૦-૨૦૦૫ સુધીમાં રાજ્યના કુલ કેટલા જિલ્લા અને તાલુકા મથકો ઉપર જ્યોતિગ્રામના ઉદ્દઘાટન કાર્યક્રમો થયા,

(૨) આ ઉદ્દઘાટન કાર્યક્રમોમાં સ્ટેજ મંડપ (સમીયાણા) કુલ કેટલો ખર્ચ થયો છે, અને

(૩) કાર્યક્રમોમાં મંડપ કોન્ટ્રાકટ અલગ અલગ કંપનીઓ (ઠેકેદારો) ને આપવામાં આવેલ હતો કે તમામ કાર્યક્રમોમાં મંડપ કોન્ટ્રાકટર એક જ વ્યક્તિ હતા ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) : (૯/૩/૦૬)

(૧) ૬ જિલ્લા અને તાલુકા મથકો ઉપર કાર્યક્રમ થયા.

(૨) રૂપિયા પેસા
૮૩,૧૦,૦૪૦-૭૫

(૩) ત્રણ અલગ કોન્ટ્રકટરોને આપવામાં આવેલ.

--------------

**અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | નંબર | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૩૯૮૬, ૪૦૩૯, ૪૦૪૪ | ૩ |
| ૨ | કૃષિ અને સહાકાર વિભાગ | ૩૮૭૧, ૪૦૮૭ | ૨ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૩૬૫૭, ૩૯૫૪, ૪૦૭૪ | ૩ |
| ૪ | નાણા વિભાગ | ૪૦૨૪ | ૧ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૮૯૭ | ૧ |
| ૬ | ગૃહ વિભાગ | ૪૦૨૦, ૪૦૨૧, ૪૦૨૨, ૪૦૫૪, ૪૦૫૬, ૪૧૦૨ | ૬ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૦૩૪, ૪૦૩૫ | ૨ |
| ૮ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૪૦૩૮ | ૧ |
| ૯ | શ્રમ અને રોજગાર વિબાગ | ૪૦૫૯ | ૧ |
| ૧૦ | કાયદા વિભાગ | ૩૮૬૭ | ૧ |
| ૧૧ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૪૦૦૫, ૪૦૦૬, ૪૦૦૭, ૪૦૦૯, ૪૦૬૨, ૪૦૬૫. | ૬ |
| ૧૨ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૬૬૮, ૩૭૨૩, ૩૭૮૫, ૩૭૯૧, ૩૭૯૨, ૩૮૭૮, ૩૮૮૨, ૩૯૧૪, ૩૯૧૬, ૩૯૧૮, ૩૯૨૦, ૩૯૪૯ | ૧૨ |
| ૧૩ | મહેસૂલ વિભાગ | ૩૭૦૬, ૩૭૦૭ | ૨ |
| ૧૪ | માર્ગ અને મકાન વિભાગ | ૪૦૧૨, ૪૦૬૭, ૪૦૬૮, ૪૦૬૯ | ૪ |
| ૧૫ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૦૮૮, ૪૧૧૦, ૪૧૧૧ | ૩ |
| ૧૬ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૪૦૭૦ | ૧ |
| ૧૭ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૪૧૦૧ | ૧ |
| | | **કુલ :** | **૫૦** |

--------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### ખેડા અને આણંદ જિલ્લાના ખેડૂતોને ઉનાળુ સિંચાઈ માટે પાણી આપવા અંગે

**શ્રી રાકેશ રાવ (માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય જળસંપત્તિ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધે નિવેદન કરવાની વિનંતી કરું છું.

"ખેડા અને આણંદ જિલ્લાના ખેડૂતોએ હજારો એકર જમીનમાં મોંઘાદાટ બિયારણો અને ખાતરો પાછળ લખલૂટ ખર્ચ કરી ડાંગરના પાકની રોપણી કર્યા બાદ સિંચાઈના પાણીની તંગીના કારણે ખેડૂતોનો ઉભો પાક સૂકાઈ રહયો છે જેને સૂકાતો બચાવવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપતિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મહી જમણા કાંઠા નહેર યોજના દ્વારા ખેડા અને આણંદ જિલ્લામાં વાર્ષિક અંદાજે ૨.૭૩ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઈનું આયોજન કરેલ છે. મહી નદી પર ઉપરવાસમાં આવેલ કડાણા જળાશયમાં ઉપલબ્ધ પાણીના જથ્થાના આધારે ખરીફ, રવી અને ઉનાળુ મોસમનું આયોજન કરવામાં આવે છે. સામાન્ય રીતે ખરીફ અને રવી ઋતુમાં અંદાજે ૧.૭૫ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઈ કરવામાં આવે છે. જયારે જે તે વર્ષના કડાણા જળાશયમાં ઉપલબ્ધ પાણીના જથ્થાને આધારે ઉનાળુ મોસમનું સિંચાઈનું આયોજન હાથ ધરવામાં આવે છે. ખેડા અને આણંદ જિલ્લામાં અનુક્રમે ૭ અને ૮ તાલુકાને સિંચાઈનો લાભ મળે છે. ખરીફ અને રવી ઋતુમાં ખાતેદારની માંગણી અનુસાર પાણી આપવામાં આવે છે.

ચાલુ વર્ષે ખરીફ મોસમમાં ૧.૦૨ લાખ અને રવી મોસમમાં ૦.૭૨ લાખ હેકટર સાથે કુલ ૧.૭૪ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઈ કરાવવામાં આવેલ છે. ગત વર્ષે તા. ૧૯-૧૧-૦૫ ના રોજ રવી ઋતુ માટે સિંચાઈ સલાહકાર સમિતિની બેઠક યોજવામાં આવેલ હતી. જેમાં આગેવાન ખેડૂતો અને માનનીય ધારાસભ્યશ્રીઓ હાજર રહેલ હતા. આ બેઠકમાં રવી મોસમ માટે જ સિંચાઈ આયોજન અંગે ચર્ચા કરી હતી અને તે આયોજન મુજબ રવી ઋતુમાં સંતોષકારક રીતે પાણી સિંચાઈ માટે પૂરું પાડવામાં આવેલ હતું.

ચાલુ વર્ષે રવી મોસમમાં માર્ચ-૨૦૦૬ ના પ્રથમ અઠવાડિયા સુધી રવી સિંચાઈ માટે નહેરોમાં પાણી ચાલુ રાખવામાં આવેલ હતું. ઉનાળુ ઋતુમાં પાણી આપવા માટે સિંચાઈ ખાતા તરફથી કોઈ જાહેરાત કરવામાં આવેલ ન હતી.

કડાણા જળાશય યોજનાના ડાબા કાંઠા પિયત વિસ્તારમાં ચાલુ વર્ષે મુખ્ય નહેરનું લાઈનિંગ કામ હાથ ધરેલ હોવાથી રવી અને ઉનાળુ ઋતુમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવેલ નથી. આથી, આગામી ચોમાસામાં વરસાદ સમયસર ન આવે તો કડાણા જળાશયમાંથી ડાબા કાંઠા પિયત વિસ્તારને પાણી આપવાનું થાય. જે ધ્યાને લેતાં અને કડાણા જળાશય યોજનામાં પાણીનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ ન હોવાને કારણ મહી પિયત વિસ્તારમાં ઉનાળુ વાવેતર માટે કોઈ આગોતરી જાહેરાત કરેલ ન હતી.

પરંતુ, પિયત વિસતારમાં કેટલાક ભાગોમાં ડાંગરનું વાવેતર ખેડૂતો દ્વારા કરવામાં અવેલ છે. ખાસ કરીને, માતર, લીંબાસી, સોજીત્રા, તારાપુર, નડીયાદ અને બોરસદ વિસ્તારના કેટલાક ભાગમાં ડાંગરનું વાવેતર થયેલ જોવા મળે છે. કેટલાક વિસ્તારોમાં ખાતેદારો ખાનગી કૂવા થકી પિયત માટેની વૈકલ્પિક વ્યવસ્થા ધરાવે છે. જેથી ઉનાળુ ડાંગરનું વાવેતર કરતા હોય છે. જયારે કેટલાક ભાગોમાં ખાતેદારો પાસે કોઈ વૈકલ્પિક પિયતની વ્યવસ્થા નથી. તેમ છતાં ઉનાળું ડાંગરનું વાવેતર કરેલ છે. આથી કેટલાક વિસ્તારમાં સ્થાનિક ખેડૂતો તથા માનનીય ધારાસભ્યશ્રીઓ દ્વારા ઉનાળુ ડાંગર માટે પાણી આપવાની રજૂઆત થતાં સરકારશ્રી કક્ષાએ સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવામાં આવી અને ડાંગરના પાકને બચાવવા માટે તા. ૨૩-૩-૦૬ ના રોજથી મહી નહેરમાં પાણી છોડવામાં આવેલ છે. મહી કમાન્ડમાં હાલમાં આશરે ૧૦,૦૦૦ હેકટરનો ઉનાળુ ડાંગરનો પાક હોવાનો અંદાજ છે.

ઉપરોક્ત તમામ વિગતો જોતાં જણાય છે કે મહી કમાન્ડમાં ખેડૂતોની રજૂઆતના સંદર્ભમાં ડાંગરના પાકને બચાવવા માટે પાણી આપવા માટે સરકાર કટિબધ્ધ છે અને ખેડૂતોને ડાંગરના પાક માટે જરૂરિયાત મુજબ પાણી આપવામાં આવશે. માનનીય ધારાસચ્યશ્રી(માતર) ની ચિંતા અસ્થાને છે.

**શ્રી રાકેશ રાવ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું ખાસ માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો હૃદયપૂવૃકનો આભાર માનું છું કે અમારા ખેડા અને આણંદ જિલ્લામાં ખૂબ મોટા પ્રમાણમાં કેળ, ઉનાળુ ડાંગર, બાજરી અને શાકભાજીના પાકોનું વાવેતર થયું છે અને પાણી ન મળી શકવાના કારણે આ પાક સૂકાઈ જતો હતો અને તમામ ભાજપના અને કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ સમક્ષ આ બાબતે આ વિસ્તારની રજૂઆતો આવતાં માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યુ અને તેમણે અમારી માગણી સ્વીકારીને અમને પાણી આપ્યું એ માટે ખેડા અને આણંદ જિલ્લાના ખેડૂતો વતી હું માનનીય મંત્રીશ્રીનો આભાર વ્યકત કરું છું, પરંતુ માનનીય મંત્રીશ્રીને મારી માગણી છે કે આ સમયસર પાણી નહીં આપી શકવાની વ્યવસ્થાને કારણે પાક કર્યા પછી અનેક વખત રજૂઆત કરવી પડી છે. તો મંત્રીશ્રી આના માટેનું કોઈ ટાઈમટેબલ બનાવવા માગે છે કે કેમ? જેથી ખેડૂતોને કયા સમયે કેટલા પાકોનું વાવેતર કરવું એનો ખ્યાલ આવે અને બીજી અગત્યની બાબત એ છે કે વિભાગે પાણી આપવાનું હોય છે, વ્યવસ્થા પણ હોય છે, પરંતુ સ્થિતિ શું થાય છે કે ફોર્મ ન ભરાવાને કારણે કેટલું પાણી આપવું એનો વિભાગને ખ્યાલ આવતો નથી. તો મારી વિનંતી છે કે સિંચાઈ વિભાગના તલાટી જે તે ગામના સેજા ઉપર હાજર નહીં હોવાના કારણે આ ફોર્મ ભરી શકાતા નથી તો સિંચાઈના તલાટી નિયમિત સ્થળ ઉપર હાજર રહે એ માટે શું વ્યવસ્થા ગોઠવવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જયારે આ પ્રશ્ન લઈને અમારી પાસે આવ્યા ત્યારે ખેડૂતો ડાંગરનો પાક વાવી ચૂકયા હતા અને તેમની રજૂઆત પ્રમાણે પાક સૂકાતો હતો. આ વર્ષે જે અમારી સલાહકાર સમિતિ જે હોય છે એની મારફતે નિર્ણય કરવામાં આવેલ હતો કે ખરીફ અને રવી પાક માટે મહીમાંથી પાણી આપવું. કારણ એ હતું કે ગયા વર્ષે પણ પૂર આવવાને કારણે કેનાલોમાં ઘણું નુકસાન થયું હતું એને રિપેર કરવાની જરૂર હતી. ગુજરાતભરમાં અતિવૃષ્ટિના કારણે ઘણી કેનાલો કેટલીક તૂટક તૂટક જગ્યાએ પણ રિપેર કરવાની હતી અને એ આયોજન સરકારે હાથમાં લીધું છે. એટલે આ વર્ષે પણ ઈરાદાપૂર્વક નકકી કર્યુ હતું કે આ વર્ષે ઉનાળુ કોઈએ ડાંગર વાવવી નહીં છતાં પણ ઘણા ખેડૂતોએ સરકારની મંજૂરી વિના અથવા તો જાહેરાત કર્યા સિવાય પણ થોડાંક ફોર્મ ભરીને તલાટીઓને આપ્યા હતા અને અમારી જાણ પ્રમાણે તલાટીઓએ પણ કેટલાક ફોર્મ ભેગા કર્યા હતા અને અમે જો જાહેરાત કરી હોત તો ૫૦ થી ૬૦ હજાર હેકટરમાં વાવેતર થઈ ગયું હોત, પરંતુ સીમીત ૧૦ હજાર હેકટર ઉપર કૂવાના પાણી ઉપર ખેતી કરવાનું શરૂ કર્યુ હતું અને હવે પરિસ્થિતિ એવી આવી કે પાક સૂકાતો હતો અને માનનીય સભ્યશ્રીએ આવીને અમને કહયું કે પાક સૂકાય છે અને અમને પાણીની સ્થિતિનો હિસાબ કિતાબ કરતાં લાગ્યું કે ૧૦ હજાર હેકટર જેટલો પાક બચાવી શકાય તેમ છે એટલે એ કારણે ત્રણ ચાર પાણ આપીને ૮ થી ૧૦ કરોડ રૂપિયાના પાકનું નુકસાન બચાવી શકાય તેમ હતું. એટલે સરકારે લાગણીપૂર્વક કામ હાથ ઉપર લઈને ડાંગરનો પાક બચાવી લીધો છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, અતિવૃષ્ટિને કારણે જમીન ધોવાઈ જવાના કારણે નહેર અને કાંસ તૂટવાના કારણે કરોડો રૂપિયાનું નુકસાન થયું હતું. અને ઘાસ તૈયાર નહોતું થયું. ખેડૂતોએ એમ વિચાર્યુ

કે સરકાર પાણી આપશે તો એમાંથી ડાંગર, જુવાર અથવા ઘાસ તૈયાર કરીને જાનવરોને બચાવી શકાશે, જીવન નિર્વાહ કરી શકાશે, આપે આવો ખ્યાલ રાખીને પાણી આપ્યું તે બદલ ધન્યવાદ. પરંતુ જ્યાં સુધી આ પાક પૂર્ણ રીતે પાકે નહીં ત્યાં સુધી પાણી આપવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : દસ હજાર હેકટરને સિંચાઈ કરીને આ ડાંગરના પાકને પૂરેપૂરો બચાવવામાં આવશે.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## પ્રશ્નની ચર્ચાને સમય ફાળવવા અંગે

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૯ તરફ હું આપનું અને આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. પ્રશ્નોત્તરીના સમય દરમિયાન "કોઈપણ તારાંકિત પ્રશ્નનો જવાબ આપવામાં આવ્યા પછી, કોઈપણ સભ્ય, અધ્યક્ષ તેનું નામ પોકારે ત્યારે, અપાઈ ચૂકેલા જવાબમાંની કોઈપણ હકીકત પરત્વે વધુ સ્પષ્ટતા મેળવવા સારુ પૂરક પ્રશ્ન પૂછી શકશે. પરંતુ અધ્યક્ષને એમ લાગે કે, કોઈ પૂરક પ્રશ્નનું સ્વરૂપ ઉલટ તપાસ જેવું છે અથવા પ્રશ્નોને લગતા નિયમોનું ઉલ્લંઘન કરે છે તો, અધ્યક્ષ તે નામંજૂર કરી શકે, વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યું છે કે અધ્યક્ષ કોઈપણ પ્રશ્ન ઉપર પાંચ મિનિટ કરતાં વધુ સમય માટે પૂરક પ્રશ્નો પૂછવા દેશે નહીં." માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નોત્તરીના સમય દરમિયાન પ્રથમ ક્રમ નંબર એક અને બે એમ બે પ્રશ્નો અડધો કલાક જેવો સમય ગૃહમાં ચર્ચાયા, એના કારણે, માનનીય મંત્રીશ્રીઓ લાંબા લાંબા જવાબો આપે, વિગતો લાંબી આપે, અને તેના કારણે પાછળના બીજા જે સભ્યોનો અધિકાર છે કે જે અગત્યના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવનાર છે તે ચર્ચામાં આવતા પ્રશ્નોને અન્યાય થાય છે. ભૂતકાળમાં માનનીય અધ્યક્ષશ્રીઓએ વારંવાર આ પ્રકારના રૂલિંગ આપેલા છે, આજની પ્રશ્નોત્તરીના સમયમાં આ પ્રકારના લાંબા જવાબો આપી અને પાછળના પ્રશ્નો ચર્ચાયા નથી, ત્યારે આ બાબતે હું વિનંતી કરું છું કે આપના તરફથી સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવે.

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, એ વાત સાચી છે કે આજની પ્રશ્નોત્તરીમાં પાંચ મિનિટ કરતાં વધારે સમય થયો હતો. પ્રશ્ન જે સભ્યશ્રીએ વિગતવાર પૂછયો હતો અને કચ્છને પાણી આપવા બાબતનો અગત્યનો પ્રશ્ન હતો. એટલે પાંચના બદલે સાત મિનિટ જેવો સમય થયો છે. પરંતુ ટૂંકા પ્રશ્નો હોય તો ટૂંકા જવાબો આવે. પણ જે પ્રશ્નમાં કોઈ સભ્યશ્રીનો વિસ્તૃત માહિતી માગતો પ્રશ્ન હોય તો મંત્રીશ્રીએ તેમને વિસ્તૃત માહિતી આપવી એ મંત્રીશ્રી માટે અનિવાર્ય બની જાય છે. અને તેવા સંજોગોમાં તે આપનો અધિકાર રહેલો હોય છે કે પાંચ મિનિટ આપવી કે બે મિનિટ આપવી, કે ત્રણ મિનિટ આપવી. એટલે તે માનનીય અધ્યક્ષશ્રીનો અધિકાર છે તે પ્રમાણે આપે જે સમય આપ્યો છે તે પૂરતો છે. તેવું મને લાગે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈએ વાત કરી કે કોઈ પ્રશ્નમાં કદાચ એકાદ મિનિટ વધારે થાય, પણ જે પ્રશ્ન છે એ પ્રશ્નના પેટા પ્રશ્નમાં કોઈ ઉપસ્થિત થતી બાબત હોય તેના માટે માહિતી આપવાની હોય તો એ વાત બરાબર છે, પણ માનનીય સભ્યશ્રીએ વાત કરી તે પ્રમાણે માત્ર સ્પેસિફિક પ્રશ્ન હોય કે, એક મિલિયન એકર ફીટ પાણી માટે શું આયોજન કર્યુ છે? કર્યુ છે કે નથી કર્યુ, તેના બદલે આખી યોજનાની વિગતો તેની અંદર અપાઈ જાય, અને જે મૂળ પ્રશ્ન છે તે મૂળ પ્રશ્નનો જવાબ જ ન અપાય. અહીં પણ માત્ર બીજો જે પેટા પ્રશ્ન માનનીય મંત્રીશ્રીને પૂછયો એમાં પણ વાત એટલી જ હતી કે આ જુનાગઢ, પોરબંદર જિલ્લાના યાત્રાધામો છે તેના માટે આ દરખાસ્ત છે અને તેમાં વધારેમાં વધારે દરખાસ્તમાં કયા સ્થળો છે તેની વાત કરી શકાય, પણ તેના બદલે આખી પ્રવાસન નીતિ અને તેના ઉપરના જવાબો અપાય, અને બિન જરૂરી રીતે ગૃહનો સમય બરબાદ થાય તે બરાબર નથી. દર વખતે માનનીય મંત્રીશ્રી આ પ્રકારના જવાબો આપે, અને સભ્યનો જે મૂળ પ્રશ્ન છે તેનો જવાબ અપાતો નથી. આજે પણ પ્રયાસ કરી જોયો કે આ પ્રવાસન અંગેની દરખાસ્ત છે એમાંથી કેટલો ખર્ચ થયો? છેલ્લે સુધી તેનો જવાબ અપાયો નહીં, એટલા માટે કે દરખાસ્ત થઈ ખર્ચ નહોતો થયો. વૃત્તિ એવી હોવી જોઈએ કે મૂળ પ્રશ્નનો સંતોષકારક જવાબ મળે તેના બદલે સમય પસાર કરવા અને આ ગૃહના ફલોર ઉપર અમુક પ્રકારના પ્રશ્નો ન આવે અને તેની ચર્ચા ન થાય તેવા પ્રકારની ગોઠવણ કરીને આવે છે તે બરાબર નથી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ વાત કરતાં કહ્યું કે આપનો અધિકાર છે, કોઈ પ્રશ્નની અંદર થોડો સમય લંબાય આપનો અબાધિત અધિકાર છે. પરંતુ કોઈ ગંભીર પ્રકારનો પ્રશ્ન હોય, વધુ માહિતી મેળવવાની આવશ્યકતા લાગતી હોય તો ૨-૩ મિનિટ આપ વધુ આપી શકો પરંતુ આજની પ્રશ્નોત્તરીની અંદર પ્રશ્ન નંબર એક અને બેમાં અડધો કલાક જેવો સમય ગયો છે. ત્યારે સંસદીય બાબતોના મંત્રીશ્રીએ એમ કહ્યું કે આટલો સમય આપે આપ્યો છે એ યોગ્ય છે એવું કહેવું કોઈપણ સંજોગોમાં વાજબી નથી. તેથી માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ વાત સાથે સંમત ન થઈ શકાય એટલા માટે પ્રશ્નોના વધુમાં વધુ લાંબા જવાબો આપ્યા છે. એ આપનો અધિકાર છે પણ મંત્રીશ્રીઓ લાંબા જવાબો ન આપે એને રોકવાની જવાબદારી આપની છે ત્યારે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ વાત કરી એ વાત સાથે સંમત થઈ શકાય નહિ.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનો પ્રશ્ન ગંભીર હતો એ ગંભીર ન લાગતો હોય તો જુદો પ્રશ્ન છે. આખી પ્રશ્નોત્તરી દરમિયાન માનનીય સભ્યશ્રી પુંજાભાઈ વંશ કહે છે એ પ્રમાણે અડધો કલાક એક પ્રશ્ન ઉપર લેવાયો નથી એ હકીકત રેકર્ડ ઉપરથી જોઈ શકાશે. કોઈપણ પ્રશ્ન લાંબો પુછાય એની વિગતો આપવાની આવે ત્યારે આ સભાગૃહના બધા સભ્યશ્રીઓ અને ખાસ કરીને જેમણે તારાંકિત પ્રશ્ન પૂછયો હોય એને જાહેર હિતની અંદર લાગતો હોય ત્યારે પૂરી વિગતો આપવાનો અમારા મંત્રીમંડળના સભ્યોનો અભિગમ રહ્યો છે. ત્રીજી વાત માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું કે આ બધા પ્રશ્નો છે એના પૂરતા જવાબ આપવામાં આવતા નથી. આપણે ત્યાં જો પૂરતા પ્રશ્નોના જવાબ ન મળે તો નિયમ-૯૨ નીચે અડધા કલાકની ચર્ચા માગી શકાય છે. તેથી એ નિયમની જાણકારી મેળવી લે તો સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો હોય એનો મંત્રીશ્રી તરફથી જવાબ બરાબર નથી મળ્યો એવું સભ્યશ્રીને લાગતું હોય તો એના માટે નિયમમાં જોગવાઈ છે જ. એટલે મારી આપના દ્વારા વિનંતી છે કે આ મંત્રીમંડળના બધા સભ્યશ્રીઓ તરફથી પૂરતા જવાબો આપીને સભ્યશ્રીઓને સંતોષ થાય એ અમારો અભિગમ રહ્યો છે. અહીંયા સમય બગાડવાનો અભિગમ રહ્યો છે એવી વાત કહેવામાં આવી, એમાં મારે કહેવાનું કે આ સભાગૃહમાં રાજય સરકારે કરેલ કાર્યવાહી લોકો સુધી પહોંચાડવા માટે પૂર્ણ વિગતો સાથે જવાબ અપાય છે અને એ અમારી જવાબદારી છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય સભ્યશ્રી પુંજાભાઈએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો અને સંસદીય બાબતોના મંત્રીશ્રીએ વાત કરી. જાહેર હિતમાં પ્રશ્ન પુછાય એની સંપૂર્ણ માહિતી આપે એ વાત યોગ્ય છે. પરંતુ માગણીઓ ઉપરની ચર્ચામાં જાહેરાત આપણે કરીએ છીએ. માગણીઓ ઉપરની ચર્ચામાં માનનીય મંત્રીશ્રીઓ ઈન્ટરવિન થાય છે. માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રીએ બહુ જ સ્પષ્ટ જવાબ આપ્યા છે. જ્યારે સિંચાઈ વિભાગના મંત્રીશ્રી તથા ટુરિઝમ વિભાગના મંત્રીશ્રીની વાત છે એમાં એકથી શરૂ કરીને દસ સુધીની વાત કરી પરંતુ એમાં મુખ્ય જવાબ તો હોતો જ નથી. પાછળના પ્રશ્નો મહત્ત્વના હોય છે, અમારી લાગણી એવી છે, અમારી માગણી એવી છે. માનનીય મંત્રીશ્રીઓ મહત્ત્વના પ્રશ્નો જેમાં તકલીફ ઊભી થાય ત્યારે પ્રશ્નો

માટે સરકાર ઇરાદાપૂર્વક લાંબા જવાબો આપે ત્યારે આપનું સ્પષ્ટ રૂલિંગ જોઈએ છે. પ્રશ્ન પૂછનાર ટૂંકો પ્રશ્ન પૂછે અને જવાબ પણ ટૂંકો મળે તેવી વિનંતી છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચા ઉપસ્થિત કરવામાં આવી છે, આજે છેલ્લો દિવસ છે ત્યારે કહેવાનું મન થાય છે. એક મનહર ઉધાસની ગજલ છે. "એમણે જરાક પૂછયું કે કેમ છો ત્યાં આખી કહાણી સુણાવી દીધી. પ્રશ્ન પૂછનાર ઉપર પ્રેમ હોય ત્યારે આખી કહાણી સુણાવી દીધી."

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પુંજાભાઈ વંશ નિયમોના નિયમ ૮૯ નીચે પૉઈન્ટ ઑફ ઑર્ડર સભાગૃહ સમક્ષ લાવ્યા છે. સંસદીય પ્રણાલિમાં ટૂંકા પ્રશ્નોની ચર્ચા થાય તે માટે થઈને તારાંકિત પ્રશ્નોત્તરી રાખવામાં આવે છે. તેનો વિગતવાર જવાબ પ્રાપ્ત કરવાની જ્યારે અપેક્ષાઓ હોય ત્યારે અતારાંકિત પ્રશ્નોત્તરી નીચે તેના જવાબો માગી શકાય છે. ચાલુ સત્ર દરમ્યાન તારાંકિત પ્રશ્નોત્તરીના એક જ કલાકના મર્યાદિત સમયમાં વારંવાર આવો અહેસાસ થયો છે કે પાછળના કોઈ પ્રશ્નો કે જેની અંદર સરકારની જવાબદારીઓ નક્કી થવાની હોય તેનો યોગ્ય જવાબ ન આપી શકવાના હોય, પારદર્શકતા ઉપર પ્રશ્નાર્થ ઉભા થતા હોય ત્યારે પાછળના પ્રશ્નોના જવાબ નહીં આપવાના આશયથી એક કરતા વધુ સભ્યો પાસે સરકારની ટ્રેઝરી બેંચ દ્વારા પ્રશ્નો પૂછાવીને તેના લંબાણપૂર્વક જવાબો આપીને પાછળના પ્રશ્નોને ન્યાય આપવામાં આવતો નથી. આજે ૧૩૦ જેટલા પ્રશ્નો તારાંકિત પ્રશ્નોત્તરીમાં પૂછાયા છે. તેમાંથી ૯મા ક્રમાંક સુધીના પ્રશ્નો આપણે પ્રશ્નોત્તરીમાં ચર્ચામાં લાવી શક્યા. તેમાં પણ એક સભ્યશ્રી ગેરહાજર હતા એટલે માત્ર આઠ પ્રશ્નો ચર્ચામાં આવ્યા. આ સંસદીય પ્રણાલિ માટે બહુ ગંભીર બાબત છે. આજે ૧૨ નંબરનો પ્રશ્ન હતો તે ચર્ચામાં ન આવે માટે આ ત્રણ પ્રશ્નોની અંદર વિગતવાર જવાબમાં સમય વ્યતિત થયો એટલે આપના દ્વારા સ્પષ્ટ માર્ગદર્શન માગું છું કે વિધાનસભાના નિયમોના નિયમ ૮૯ નીચે કોઈ એક પ્રશ્નની પૂરક પ્રશ્નોત્તરી માટે થઈને પાંચ મિનિટ કરતાં વધુ સમય ન ફાળવવો એવી આ સભાગૃહની પ્રસ્થાપિત પ્રણાલિ અને નિયમોમાં જોગવાઈ કરી છે. તો આનું ચુસ્તપણે પાલન થાય તે રીતે સરકાર અને પ્રશ્નોત્તરી કરનાર સભ્યશ્રી અંગે માર્ગદર્શન આપો.

**શ્રી અશોક ભટ્ટ** : પહેલી વસ્તુ એ કે આગળના પ્રશ્નો અને પાછળના પ્રશ્નો, આ પ્રશ્નોત્તરીનો આખી બુક અને પ્રશ્નોત્તરીનો ક્રમાંક એ વિધાનસભાના કાર્યાલયમાંથી તૈયાર થાય છે અને ડ્રૉ દ્વારા કરવામાં આવે છે. એટલે કયા પ્રશ્નો આગળ આવે છે અને કયા પ્રશ્નો પાછળ આવે છે એ (અંતરાય) ચંદ્રિકાબેન, જરા સાંભળો. તેમણે આગળનો પ્રશ્ન અને પાછળનો પ્રશ્ન કહ્યું છે તેનો હું જવાબ આપું છું. પાછળ જે પ્રશ્ન આવે છે તેમાં મંત્રી મંડળના કોઈ સભ્યની કે ટ્રેઝરી બેંચની જવાબદારી નથી. વિધાનસભા કાર્યાલયની જવાબદારી છે. પાંચ મિનિટથી વધારે સમય થયો, કેટલો થયો એ આપનો અધિકાર છે અને આ અધિકારની પાછળ એમ કહેવું અને ત્રીજી વાત એવી છે કે સભ્યશ્રીનો જવાબ મેળવવાનો અધિકાર છે. જો તેમનો ક્રમ આગળ આવ્યો હોય તો તેને પોતાના પ્રશ્નો પૂછવાનો અધિકાર છે. માત્ર પેલી પાટલીના સભ્યોનો અધિકાર છે એવું નથી. આ પાટલીના સભ્યોનો પણ અધિકાર છે. એટલા માટે કચ્છનો અગત્યનો સવાલ હતો. નર્મદાનો અગત્યનો સવાલ હતો તેના માટે પાંચ મિનિટથી વધારે સમય આપે આપ્યો એ આ સભાગૃહની અંદર આપે એ પ્રશ્નની ચર્ચાની ગંભીરતા જોઈને આપેલો છે. તેના પછી આ રીતે પૉઈન્ટ ઑફ ઑર્ડર દ્વારા આ સભાગૃહની અંદર અધ્યક્ષશ્રીએ જે પોતાની જવાબદારી બજાવી છે એ જવાબદારી ઉપર આક્ષેપો કરવા એ યોગ્ય નથી. (અંતરાય)

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પુંજાભાઈના પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર તેમણે જે નિયમ-૮૯ ટાંક્યો છે તો હું માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો તરફ આપનું ધ્યાન દોરું છું. પાના નં. ૨૫૬ અને નિર્ણય-૩૭૪. તેમાં એમ જણાવ્યું છે કે ચર્ચાની અવકાશમાં પણ માનનીય અધ્યક્ષશ્રીએ અગાઉ સમય વધારી આપ્યાના પણ કેટલાક ઉદાહરણ છે. ૩૭૫નો નિર્ણય છે કે સભાગૃહ સંમત થાય તો જેટલો સમય શપથવિધિમાં ગયો હતો એટલો સમય એ વખતે અધ્યક્ષશ્રીએ ૧૦ મિનિટ વધાર્યા હતા અને બીજાં જ્યારે પૂરક પ્રશ્નો..

**અધ્યક્ષશ્રી** : એ જુદું છે. તેમાં ટોટલ સમયનો સવાલ છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : પ્રશ્ન સાથેનો પૂરક પ્રશ્ન એ કહેવા માગું છું કે પ્રશ્ન જ્યારે પૂછયો છે ત્યારે એક પ્રશ્ન અંગે પૂરક પ્રશ્ન પૂછવા માટે પાંચ મિનિટની સમય મર્યાદા નિયમથી ઠરાવેલી છે. તે અધ્યક્ષના નિર્ણયમાં છે પરંતુ એ જ રીતે અનેક પ્રશ્નો પૂરક પ્રશ્નો પૂછાયા હોય તો એકત્રિત કરીને સાથે લેવામાં આવે. તો પણ ઉક્ત નિયમ તેને લાગુ પડવો જોઈએ. એટલા માટે કે એક કરતાં વધારે પૂરક પ્રશ્ન પૂછ્યા હોય ત્યારે આ ૫ મિનિટની મર્યાદા રહે છે કે કેમ એ વિશે પણ આમાં નિર્ણય આપેલો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** મેં એમને કહ્યું એ અલગ છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગોરધનભાઈએ કહ્યું એમાં પણ અધ્યક્ષશ્રીનો નિર્ણય એવો છે કે, એકત્રિત પ્રશ્નો માટે પણ પાંચ મિનિટથી વધારે સમય હોવો જોઈએ નહીં.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નો, નો, પ્લીઝ બેસી જાઓ. આ રેકર્ડ ઉપર મૂકવાની બધાને બહુ અપેક્ષા છે. નથી કંઈ નથી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જે કહ્યું છે, પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો છે. એ માનનીય અધ્યક્ષશ્રી ઉપર આક્ષેપો કરવાની વાત કરી છે એ યોગ્ય નથી. આપના ઉપર મેં કોઈપણ પ્રકારનો આક્ષેપ મૂક્યો નથી. મેં આક્ષેપ મૂક્યો છે એ ટ્રેઝરી બૅન્ચ ઉપર મૂક્યો છે, મંત્રીશ્રી ઉપર મૂક્યો છે. આપનો અબાધિત અધિકાર છે અને નિયમોમાં સ્પષ્ટ જોગવાઈ છે કેમ પાંચ મિનિટથી વધુ સમય આપવો નહીં. અધ્યક્ષશ્રીને લાગે તો એ ૨-૩ મિનિટ વધારે આપી શકે છે.

**અધ્યક્ષશ્રી** : આ અંગેનો મારો નિર્ણય જાહેર કરું છું. કોઈપણ પ્રશ્નનું સ્વરૂપ, પૂરક પ્રશ્ન તથા પ્રશ્નની જાહેર અગત્યની બાબત વગેરે બાબતોને ધ્યાનમાં લઈને પ્રશ્નની પાછળ અંદાજે પાંચ મિનિટનો સમય ફાળવવામાં આવે છે. આ નિયમોથી અપેક્ષિત હોવા છતાં દરેક પ્રશ્નને પાંચ મિનિટનો સમય આપવાનો પ્રયત્ન મેં કર્યો છે અને પ્રયત્ન થાય છે, પરંતુ ભૂતકાળમાં પણ અગત્યના પ્રશ્નો ઉપર ૧૦ મિનિટ કે તે કરતાં વધુ સમય અપાયાના પ્રસંગો છે. અહીં પ્રશ્નનું સ્વરૂપ, એની વિશાળતા અને અગત્યતા ધ્યાને લઈને જે સમય અપાયો છે તે યોગ્ય છે. આ બાબતમાં સૌને મેં ગૃહમાં અવાર-નવાર ટકોર કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, નિયમોનું મહદ્અંશે પાલન કરવા માટે પ્રયત્નો કર્યા છે. ગૃહમાં પણ પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી પણ ટૂંકા પ્રશ્નો યોગ્ય રીતે પૂછે અને માનનીય મંત્રીશ્રી પણ પ્રશ્નનું જે સ્વરૂપ હોય એ પ્રમાણેના જવાબો આપે. (અંતરાય) પૉઈન્ટ ઑફ ઑર્ડર છે જ નહીં, આવી ગયું. મેં નિર્ણય આપ્યો છે. નેક્સ્ટ.

# ગૃહ(જેલ) મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

## બાયોમેટ્રીક આઈડેન્ટીફિકેશન સિસ્ટમ અમદાવાદ મધ્યસ્થ જેલ તથા વડોદરા મધ્યસ્થ જેલે સ્થાપિત કરવા અંગે

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના જેલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના ઈન્ફોર્મેશન ટૅક્નૉલૉજી ડિપાર્ટમૅન્ટના નેશનલ ઈન્ફોર્મેટીક્સ સૅન્ટર, નવી દિલ્હી દ્વારા દેશના તમામ રાજયોની જેલોના વડાઓનું તા.૨૪-૭-૨૦૦૪ના રોજ એક દિવસીય સંમેલન યોજવામાં આવેલ હતું. આ સંમેલન દરમિયાન જેલોની સલામતીની બાબતને ટોચ અગ્રતા આપી અત્યાધુનિક ટૅક્નૉલૉજીથી સજજ કરવા નવીન શોધો અને સાધનોની જાણકારી આપેલ. જેમાં કેદીઓની ઓળખ માટેની તદ્દન આધુનિક એવી બાયોમેટ્રીક સિસ્ટમ વિશેની જાણકારી તેમજ દિલ્હીની તિહાર જેલ ખાતે મશીન લગાવી તેનું નિદર્શન યોજવામાં આવેલ. બાયોમેટ્રીક સિસ્ટમથી કેદીઓની ઓળખ અંગેની પૂરતી ચોકસાઈ વૈજ્ઞાનિક ઢબે મેળવી શકાય છે. આ સિસ્ટમ દ્વારા કોઈપણ વ્યકિતની લાળ, આંખની કીકી, ફિંગર પ્રિન્ટ અને શરીરના અન્ય અવયવો કે જેનાથી વ્યકિતની ઓળખ અલગ તારવી શકાય તથા તેની વૈજ્ઞાનિક ઢબે ખાતરી કરી શકાય તેને આ મશીનમાં સંગ્રહી શકાશે તથા તેના દ્વારા વ્યકિતની ભવિષ્યમાં હંમેશાં સાચી ઓળખ મેળવી શકાય છે. આ નિદર્શનથી સાધનની ઉપયોગિતાની આવશ્યકતા ધ્યાને રાખી જેલોના ઈન્સ્પૅક્ટર જનરલની દરખાસ્ત તથા રાજય સરકારના જેલ વહીવટના આધુનિકરણના દ્રઢ સંકલ્પને કાર્યાન્વિત કરવાના હેતુસર આ બાયોમેટ્રીક સિસ્ટમ રાજયની અગત્યની એવી અમદાવાદ અને વડોદરા મધ્યસ્થ જેલ ખાતે

ભારત સરકારના સહયોગથી સ્થાપિત કરવા માટેની એક દરખાસ્ત કેન્દ્ર સરકારના ઈન્ફોર્મેશન ટૅક્નૉલૉજી ડિપાર્ટમૅન્ટને તા:૪-૨-૨૦૦૫ના રોજ રજૂ કરવામાં આવેલ. આ દરખાસ્ત મુજબ આ પ્રોજૅકટ પાછળ કુલ ખર્ચ પૈકી રુપિયા ૨૦/- લાખ રાજય સરકાર વહન કરશે તથા રૂા. ૨૬ લાખ ભારત સરકાર તરફથી આપવા વિનંતી કરવામાં આવેલ. રાજય સરકારના પ્રયાસોને પરિણામે ભારત સરકારના તા: ૧૬-૩-૨૦૦૬ના પત્રથી આ પ્રોજૅકટ NICના નિરીક્ષણ હેઠળ NICSI. ( National Informatics centre Service Inc.) મારફત આ સિસ્ટમ સ્થાપવા વહિવટી મંજૂરી આપવામાં આવેલ છે તેમજ આ હેતુ માટે રૂા. ૨૬.૦૦ લાખ મંજૂર કરવામાં આવ્યા હોવાનું તેમજ તેના પ્રથમ હપ્તા તરીકે રૂા. ૧૬.૦૦ લાખ છૂટા કર્યાની રાજય સરકારને જાણ કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા પણ આ માટેના રૂા. ૨૦.૦૦ લાખ NICSI. ના હવાલે મૂકવામાં આવી રહેલ છે.

આ સીસ્ટમ લાગુ થતાં ગુજરાત એ દિલ્હી બાદ દેશનું માત્ર બીજુ અત્યાધુનિક બાયોમેટ્રીક સીસ્ટમ ટેકનોલોજી ધરાવતું રાજય બનશે. આ સિસ્ટમ ચાલુ થવાથી જેલ ખાતાને નીચે મુજબના ફાયદાઓ થશે.

(૧) દરેક સ્ટાફ / કેદી / મુલાકાતીઓની ફિંગરપ્રિન્ટ, લાળ, આંખની કીકી તેમજ ફોટોગ્રાફ પણ મશીનમાં સમાવી લેવાશે. જેથી અનઅધિકૃત વ્યકિતઓ જેલમાં દાખલ થવાનો પ્રશ્ન નિવારી શકાશે.
(૨) જેલમાંથી કેદીઓ જેલ મુકત થતી વખતે ભળતા કેદી છૂટી જવાના પ્રશ્ન રહેશે નહીં.
(૩) વિઝિટર્સ અંગે પણ રેકર્ડ રહેશે.
(૪) તમામ કેદીઓના ફોટોગ્રાફ સહિતનું રેકર્ડ રહેવાના કારણે ગુનાઓ માટે કેદીઓનું રેકર્ડ સંગ્રહ કરી શકાશે.
(૫) તેના કારણે જેલોની શિસ્ત અને સલામતી વધુ સુદ્રઢ બનશે.

# શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ -૪૪)

### ગુજરાત હાઉસિંગ બોર્ડ માટેની પેકેજ યોજના

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ગુજરાત હાઉસીંગ બોર્ડના ૬૫,૨૫૪ મકાન ધારકો પાસે આશરે ૩૦૦ કરોડની લ્હેણી રકમ નીકળતી હતી જેમાંથી ૪૭,૪૭૪ લાભાર્થીઓ દ્વારા વિવિધ યોજનાઓ સાથે અત્યાર સુધીમાં ૧૪૮ કરોડ રૂા. ત્રણ વર્ષમાં વસુલ કરેલ છે. ૮૦૦૦ જેટલા મકાનોનાં બાકી દસ્તાવેજ કરી આપેલ છે.

ગુજરાત હાઉસીંગ બોર્ડે મૂકેલ વિવિધ યોજનાઓ, વહિવટી ખર્ચમાં કરકસર, કાર્યક્ષમતા અને હાઉસીંગ બોર્ડના સ્ટાફનું રેશનલાઈઝેશન કરીને બોર્ડની આર્થિક પરિસ્થિતિ સુધારેલ છે. હાઉસીંગ બોર્ડે વિવિધ સંસ્થાઓના લોન પેટે લીધેલ રૂા. ૧૧૮.૪૪ કરોડ બાકી રહેતા હતા જે ચુકવીને પ્રથમ વખત હાઉસીંગ બોર્ડ સંપૂર્ણપણે દેવા મુકત બન્યું છે.

બોર્ડના ૧૧૪૯૩ મકાનો વેચાયા વગરના હતા તેમાંથી ૪૧૦૧ મકાનોનું વેચાણ કરીને રૂા. ૬૧ કરોડ પ્રાપ્ત થયેલ છે. ગુજરાત હાઉસીંગ બોર્ડમાં સામાન્ય મધ્યમવર્ગ અને ગરીબ વર્ગના લોકો રહે છે તે ધ્યાને લઈને બોર્ડે બાકીની વસૂલાત માટે અને ખાલી મકાનોના નિકાલ માટે પુનઃ: તાઃ ૩૧-૧૨-૨૦૦૬ સુધીના સમય માટે તેમજ જનભાગીદારી દ્વારા જાહેર હિત-સુખાકારી માટે એક પૅકૅજ મુકવાનો નિર્ણય કર્યો છે.

૧. બાકી વસૂલાતની પેકેજ યોજનાઃ-

(૧) ભાડેદાર બોર્ડના ચડત હપ્તાની રકમ ભરપાઈ કરે તો દંડનીય વ્યાજમાંથી સંપૂર્ણ મુકિત આપવામાં આવશે.

(૨) બાકી હપ્તાની ૧૦૦% રકમ ભરનાર લાભાર્થીને ભાડાખરીદ કિંમતમાં ઈડબલ્યુએસમાં ૨૫%, એલ.આઈ.જી.માં ૧૫% એમ.આઈ.જી.માં ૧૨% અને એચ.આઈ.જી.માં ૧૦% મુળકિંમતમાં રાહત આપવામાં આવશે.

(૩) એક સાથે રકમ ભરવા માટે યોજનામાં જોડાવવા માટે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે તેમજ પેકેજમાં દર્શાવેલ સમયમાં પુરી રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૪) યોગ્ય કિસ્સામાં રકમ ભરવાની મુદત ૧૦% વ્યાજ સાથે તાઃ૩૧/૩/૨૦૦૭ સુધી આપવામાં આવશે.

(૫) આ સમય દરમ્યાન રકમ ભરાશે નહીં તો યોજનાનો લાભ આપોઆપ દર ગણાશે.

(૬) પાવર ઓફ એટર્નીથી મકાનનો કબજો ધરાવનાર વ્યકિતઓ ટ્રાન્સફર અંગેના વિનિયમોની લાયકાત ધરાવતા હોય તો નિયત ટ્રાન્સફર ફી તેમજ નિયત કરારભંગની રકમ અલગ રીતે પૅકૅજના સમય દરમ્યાન ભરપાઈ કરવાની રહેશે, આ રકમ ભરાયા પછી જ પેકેજનો લાભ મળશે.

૨. **ખાલી મકાનોના વેચાણ માટેની પેકેજ યોજના**

(૧) ૧૦૦ ટકા રકમ ભરનાર લાભાર્થીઓ માટે,

- એક વર્ષથી વધુ અને ત્રણ વર્ષથી ઓછા સમયમાં ફાળવણી શરુ કરેલ યોજનાના ખાલી મકાનોની કિંમતમાં...

- ઈડબલ્યુએસ માટે ૩૫%એલઆઈજી માટે ૩૦% , એમ.આઈ.જી. માટે ૨૫% અને એચ.આઈ.જી. માટે ૨૦% રાહત આપવામાં આવશે.

- તેમજ ત્રણ વર્ષથી વધુ સમયમાં ફાળવણી શરુ કરેલ યોજનાના ખાલી મકાનોની કિંમતમાં .. .

ઈડબલ્યુએસ માટે ૪૫%, એલ.આઈ.જી. માટે ૩૫%, એમ.આઈજી માટે ૩૦% અને એચઆઈજી માટે ૨૫% રાહત આપવામાં આવશે.

(૨) આર્થિક રીતે નબળા વર્ગના અરજદાર મકાનની ઘટાડેલી કિંમતના ૨૫% રકમ ભરે તો બાકીની રકમના ૩૬ માસિક સરખા હપ્તા ૧૦% વ્યાજ સાથે ભરવાના રહેશે.

(૩) આર્થિક રીતે નબળા વર્ગના અરજદાર પેકેજ મુજબની ઘટાડેલી કિંમતની પૂરેપૂરી રકમ એકસાથે ભરે તો તેઓએ ૨૫% ડીપોઝીટ સાથે અરજી કરવાની રહેશે તથા બાકીની ૭૫% રકમ એક સાથે ભરે તો તેઓને બાકીની રકમ ઉપર ૧૦% રોકડ વળતર આપવામાં આવશે.

૩. **હાઉસીંગ બોર્ડની વસાહતોમાં જનભાગીદારી સાથે જાહેર હિત અને સુખાકારીના કામોની યોજના**

" બોર્ડની વસાહતોમાં ભાડેદારો દ્વારા માર્જીનલ જમીન ઉપર કરવામાં આવતા અનધિકૃત બાંધકામ / દબાણ તેમજ વસવાટ માટે વસૂલ કરવામાં આવતી દંડની રકમ અને આવા મકાનોનાં ટ્રાન્સફર ફીની રકમના ૫૦ ટકા હિસ્સો જે વસાહતોની ૯૦ ટકા બાકી વસૂલાત આવી ગયેલ હોય તેઓના માન્ય એસોસિએશનને વસાહતમાં જાહેર હિત અને સુખાકારીના કામો માટે આપવામાં આવશે."

# નાણા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

## ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ એક્ટ, ૨૦૦૩ હેઠળ બહાર પાડવાના થતાં નોટિફિકેશન બાબત

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી,

૧. ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ એક્ટ, ૨૦૦૩માં સુધારા કરતા વિધેયકને, આ સભાગૃહે પસાર કર્યા બાદ તા. ૨-૩-૨૦૦૬ના ગેઝેટથી વેટ એક્ટમાં જરૂરી સુધારા કરવામાં આવ્યા છે.

૨. ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ એક્ટ, ૨૦૦૩ની સેકશન-૯૮ હેઠળ રાજ્ય સરકારને વેટના રૂલ્સ ઘડવાની મળેલી સત્તા અન્વયે રાજ્ય સરકારે ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ રૂલ્સ, ૨૦૦૬ને તા. ૨૨-૩-૨૦૦૬ના ગેઝેટથી બહાર પાડેલા છે.

૩. ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ એક્ટ, ૨૦૦૩માં કરવામાં આવેલી જુદી જુદી જોગવાઈઓ અંગે હવે સરકારે જરૂરી નોટિફિકેશન / હુકમો બહાર પાડવાના થાય છે. આ અંગે સરકારે લીધેલા અગત્યના નિર્ણયોથી આ સભાગૃહના સભ્યોને વાકેફ કરવા આ નિવેદન કરું છું.

૪. સરકારે લીધેલા અગત્યના નિર્ણયો આ મુજબ છે.

(૧) ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ એક્ટ, ૨૦૦૩ની કલમ ૧૪(૨) મુજબ ઉચ્ચક વેરાનો દર નક્કી કરવાનો થાય છે. કુલ ૫૦ લાખથી ઓછું ટર્ન ઓવર ધરાવતાં વેપારીઓના કિસ્સામાં ઉચ્ચક વેરાનો દર ૦.૫ ટકા (અડધો ટકો) રાખવાનો નિર્ણય કરેલ છે. નાના વેપારીઓને આથી ખૂબ જ રાહત રહેશે.

(૨) સેકશન-૧૪ હેઠળ ખાસ પ્રકારના ઉત્પાદકો જાહેર કરી, તેઓ માટેના ઉચ્ચક વેરાના દર નક્કી કરવાના મુદ્દા બાબતે સરકારે નિર્ણય કરેલ છે કે નીચે દર્શાવેલ ઉત્પાદકોને ખાસ પ્રકારના ઉત્પાદકો જાહેર કરી તેમને માટેનો ઉચ્ચક વેરાનો દર નીચે દર્શાવ્યા મુજબ નક્કી કરવો.

| ક્રમ | ખાસ પ્રકારના ઉત્પાદકો | ઉચ્ચક વેરાનો દર |
|---|---|---|
| (અ) | હોટલ અને રેસ્ટોરન્ટ | ૪ ટકા |
| (બ) | બેકરી ઉદ્યોગ | ૨ ટકા |
| (ક) | ઈંટ ઉત્પાદકો | ૨ ટકા |

(૩) **વર્કસ કોન્ટ્રાક્ટ** અંગેના ઉચ્ચક વેરાના દર બાબતે સેકશન-૧૪-એ માં કરવામાં આવેલ જોગવાઈ અન્વયે સરકારે બધા જ પ્રકારના વર્કસ કોન્ટ્રાક્ટ માટે ૨ ટકાનો ઉચ્ચક વેરો લેવાનો નિર્ણય કરેલ છે.

(૪) **કાપડ, તમાકુ, ખાંડ**

વેટના કાયદામાં કાપડ, તમાકુ, અને ખાંડ માટે વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ મુજબ ભારત સરકાર દ્વારા જો વધારાની આબકારી જકાત લેવામાં આવતી ન હોય તો વેટના કાયદા મુજબ વેરાની જવાબદારી ઉપસ્થિત થાય. આમ છતાં, આ અંગેની હાલની કાયદાકીય સ્થિતિ એમ્પાવર્ડ કમિટીનો નિર્ણય, રાજ્યમાં વેટનો અમલ તા. ૧-૪-૨૦૦૬થી કરવામાં આવી રહેલ છે તે પરિબળો તથા કાપડ, તમાકુ તથા ખાંડના વેપારીઓને મુશ્કેલી ન પડે તે હેતુથી ગુજરાતના વેટ એક્ટ હેઠળ આ ત્રણ ચીજ વસ્તુઓને (આયાત કરેલ હોય તે સિવાય) એક વર્ષ માટે વેરામુક્તિ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**(૫) ચીજ વસ્તુઓના વેરાના દરમાં રાહત**

વિવિધ વેપારીવર્ગ દ્વારા ચીજ વસ્તુઓના દરો ઘટાડવા / માફ કરવા સરકારને અનેક રજૂઆતો મળી છે. આ રજૂઆતોને ધ્યાનમાં લઈ, સર્વગ્રાહી વિચારણા કરી આ ચીજ વસ્તુઓને લાગુ પડતા દરોને બદલે હવે નીચે મુજબના દર લાગુ પાડવાનો નિર્ણય કરેલ છે.

(અ) ડાયમન્ડ ૧ ટકાને બદલે વેરા માફી.
(બ) જરી ૪ ટકાને બદલે વેરા માફી.
(ક) સ્વદેશી બિયારણ ૪ ટકાને બદલે વેરા માફી.
(ડ) કપચી, બ્લેકટ્રેપ, રબલ અને રેતી ૧૨.૫ ટકાને બદલે ૪ ટકા.

(૬) આ ઉપરાંત, વેટ એક્ટની અનુસૂચિઓની કેટલીક ચીજ વસ્તુઓની એન્ટ્રીમાં કોનો કોનો સમાવેશ થશે તે અંગે પણ નિર્ણય લેવાનો થાય છે. તદ્નુસાર સરકારે ફરસાણ, ખાદ્યચીજોની વસ્તુઓ,

હસ્તકલાની ચીજ વસ્તુઓ, પેકીંગની ચીજ વસ્તુઓ, ઈન્ડસ્ટ્રીયલ ઈનપુટ, એગ્રીકલ્ચર ઈન્પુટ અંગેની ચીજ વસ્તુઓમાં કઈ કઈ ચીજોનો સમાવેશ થાય છે તે અંગે પણ નિર્ણય કરેલ છે. આ અંગેના નોટિફિકેશનો અલગ રીતે બહાર પાડવામાં આવશે.

**(૭) એન્ટ્રી ટેક્સ**

એન્ટ્રી ટેક્સના કાયદા અન્વયે સરકારને મળેલી રજૂઆતોને અંતે મારબલ, ગ્રેનાઈટ અને કોટા સ્ટોન પર એન્ટ્રી ટેક્સના કાયદાની અનુસૂચિ મુજબ ભરવાપાત્ર થતો એન્ટ્રી ટેક્સ ભરવામાંથી મુક્તિ આપવાનો નિર્ણય સરકારે લીધેલો છે.

વેટના કાયદાનો અમલ ગુજરાતમાં તા. ૧-૪-૨૦૦૬થી શરૂ થાય અને તેમાં વેપારીઓ, ઉદ્યોગો તથા આમ જનતાને અગવડ ન પડે અને શક્ય તેટલી સરળતા થાય તેવા અભિગમને ધ્યાને લઈ ઉપર મુજબના નિર્ણયો લેવામાં આવ્યા છે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ અન્વયે નિવેદન

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી હું, ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ અન્વયેના રાજય સરકારની રાજવિત્તીય સ્થિતિને લગતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## અધ્યક્ષશ્રીનો નિર્ણય
## તાકીદની બાબતમાં સભ્યશ્રીની ગેરહાજરીના પોઈન્ટ ઓફ ઓર્ડર અંગે

**અધ્યક્ષશ્રી** : શુક્રવાર તા. ૨૪મી માર્ચ, ૨૦૦૬ના રોજ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા બાદ નિયમ-૧૧૬ અન્વયેની "શાકભાજીની ટ્રકો લઈને અમદાવાદ આવતા ખેડૂતો પર પોલીસે કરેલા લાઠી ચાર્જ અને અનુચિત વર્તાવ" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત કોલ આઉટ કરતાં સૂચનાના પ્રભારી સભ્યશ્રી દિપસિંહ રાઠોડ તથા શ્રી રણજીતસિંહ ચાવડા સભાગૃહમાં હાજર જણાયા ન હતા. આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉઠાવી એવું જણાવ્યું હતું કે, ભૂતકાળમાં વખતોવખત એવું રૂલિંગ આપવામાં આવ્યું છે કે, જ્યારે કોઈ સભ્યશ્રી નોટિસ આપે ત્યારે તેમણે હાજર રહેવું જોઈએ અને જ્યારે તાકીદની જાહેર અગત્યની બાબત હોય અને ખેડૂતોને લગતી હોય ત્યારે અન્ય તાકીદની જાહેર અગત્યની બાબતોની નિયમ-૧૧૬ અન્વયેની સૂચનાઓ પૈકી કોઈ એક બાબતને પ્રાયારિટી આપી હોય ત્યારે તે રાજયનો સૌથી તાકીદનો અને અગત્યનો પ્રશ્ન બને છે. જ્યારે સભ્યશ્રી આ રીતે ગેરહાજર રહે તેને કારણે આવો તાકીદનો પ્રશ્ન સભાગૃહમાં હાથ ધરી શકાતો નથી. તેથી ભૂતકાળમાં તત્કાલિન અધ્યક્ષશ્રીઓએ આપેલા રૂલિંગ ધ્યાનમાં રાખી મને એવી વિનંતી કરવામાં આવી હતી કે, હું પણ ગેરહાજર રહેનાર સભ્યશ્રીઓને તાકીદ કરું. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ આ તબક્કે એવો મત વ્યકત કર્યો હતો કે અગાઉ આપેલા આ અંગેના રૂલિંગો બહુ સ્પષ્ટ છે અને સભ્યશ્રીએ હાજર રહેવું જોઈએ તે અનિવાર્ય છે. પરંતુ જે તાકીદની બાબત સભ્યશ્રીએ રજૂ કરેલ તે સભ્યશ્રી પોતાના અંગત કારણોસર સભાગૃહમાં હાજર ન રહે તેમ પણ બને અને આ અંગેના અગાઉના રૂલિંગ ખૂબ સ્પષ્ટ હોઈ નવું રૂલિંગ આપવાની જરૂર જણાતી નથી. આ તબક્કે મેં કહ્યું હતું કે, હું આ પોઈન્ટ ઓફ ઓર્ડર સ્વીકારતો નથી કારણ કે આ અંગે અગાઉ નિર્ણય આપવામાં આવેલા છે અને તેથી હવે આમાં કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. આ બાબતમાં મારો વિગતવાર નિર્ણય પછીથી જાહેર કરીશ એમ તે સમયે મે જણાવ્યું હતું. તદનુસાર હું મારો નિર્ણય આપું છું.

આ સંબંધમાં મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓએ આ અંગે આપેલા નિર્ણયોનો અભ્યાસ હું કરી ગયો છું. મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓએ આ અંગે એવા નિર્ણય આપેલા છે કે, સભ્યશ્રીઓએ સૂચના આપી હોય અને તેની અગત્યતાને ધ્યાનમાં લઈ તેને દાખલ કરવામાં આવી હોય તથા જે તે દિવસના કામકાજની યાદીમાં તેને દર્શાવવામાં આવી હોય તો પ્રભારી સભ્યશ્રીએ જે તે બાબત હાથ ધરવામાં આવે ત્યારે સભાગૃહમાં ઉપસ્થિત

રહેવું જોઈએ અને તેમ કરી સભાગૃહ પ્રત્યે આદર દર્શાવવો જોઈએ. વળી, તાકીદની જાહેર અગત્યની બાબત ગણીને જ્યારે દાખલ કરવામાં આવી હોય તેવી સૂચનાના પ્રભારી સભ્યશ્રીની નૈતિક ફરજ છે કે તેમણે બાબત હાથ ધરવાના સમયે સભાગૃહમાં હાજર રહેવું જોઈએ.

આ કિસ્સામાં પણ જાહેર અગત્યની બાબતો પૈકી જે કોઈ તાકીદની અને જાહેર અગત્યની બાબત જણાઈ હતી તેવા વિષય ઉપરની સભ્યશ્રી દપિસિંહ રાઠોડ અને સભ્યશ્રી રણજીતસિંહ ચાવડાની નિયમ-૧૧૬ અન્વયેની સૂચના દાખલ કરવામાં આવી હતી અને તેને દિવસના કામકાજની યાદીમાં દર્શાવવામાં આવી હતી જ્યારે સરકારે સખત પરિશ્રમ અને સમયનો ભોગ આપીને બાબત અંગેની માહિતી એકઠી કરી હોય અને માનનીય મંત્રીશ્રી સઘ ળી વિગત સાથે સભાગૃહને સુવિદિત કરવા ઉપસ્થિત રહ્યા હોય ત્યારે સૂચનાના પ્રભારી સભ્યશ્રીની એ નૈતિક ફરજ છે કે તેમણે બાબત સભાગૃહમાં હાથ ધરવાના સમયે, જો તેઓ અનિવાર્ય અને આકસ્મિક સંજોગોને આધીન ન હોય તો તેમણે સભાગૃહમાં હાજર રહેવું જોઈએ. હું માનું છું કે, હવે પછી આ બાબતે સભ્યશ્રીઓ જરૂરથી કાળજી લેશે. આ બાબતે મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓએ નિર્ણય આપેલા છે. પરંતુ વિધાનસભાના નિયમોમાં સૂચનાના પ્રભારી સભ્યશ્રીઓને હાજર રહેવા ફરજ પાડવાના કોઈ નિયમો અસ્તિત્વમાં ન હોઈ સર્વે સભ્યશ્રીઓ પોતાની નૈતિક જવાબદારી સભાનપણે નિભાવશે તેવી હું આશા રાખું છું. અગાઉ આવા રૂલિંગ આવી ગયા હોઈ નવું કોઈ રૂલિંગ આપવાની  મને જરૂર જણાઈ ન હતી અને મેં તા.૨૪-૩-૨૦૦૬ના રોજ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઉપસ્થિત કરેલા પોઈન્ટ ઓફ ઓર્ડરને ગ્રાહ્ય રાખ્યો ન હતો.

## ભારતના બંધારણના પરિશિષ્ટ-પના ફકરા-૪ અન્વયેનો પ્રસ્તાવ

### ગુજરાત રાજય આદિજાતિ સલાહકાર પરિષદની ખાલી પડેલ જગ્યાએ સભ્ય ચૂંટવા અંગે

**શ્રી મંગુભાઈ છ. પટેલ (આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, "ભારતના બંધારણના પરિશિષ્ટ-પના ફકરા-૪ હેઠળ રાજયની વિધાનસભામાં આદિજાતિના પ્રતિનિધિઓમાંથી સભ્યોને પસંદ કરી રાજય આદિજાતિ સલાહકાર પરિષદની રચના કરવાની રહે છે.

સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગના જાહેરનામા ક્રમાંક ટીએસી-૧૨૬૦-ગ, તા.૧૯-૮-૬૦ અન્વયે ગુજરાત રાજયની ૧૧મી વિધાનસભા દ્વારા ૧૫ ( પંદર) સભ્યો ચૂંટાયેલા જાહેર કરેલ, જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા ( આદિજાતિ વિકાસ ) વિભાગના તા. ૧૫-૧૦-૨૦૦૩ના જાહેરનામાથી ગુજરાત રાજય આદિજાતિ સલાહકાર પરિષદની પુનઃરચના કરવામાં આવેલ, તે સભ્યો પૈકી માનનીય ધારાસભ્યશ્રી અમરસિંહ બી. ચૌધરીનું અવસાન થતાં તેઓશ્રીની ખાલી પડેલ જગ્યાએ એક સભ્ય ચૂંટવાનું કામ સભાગૃહ હાથ ધરે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### ગુજરાત રાજય આદિજાતિ સલાહકાર પરિષદની ખાલી પડેલ જગ્યાએ સભ્યની ચૂંટણી અંગે

**અધ્યક્ષશ્રી** : ગુજરાત રાજય આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર ગુજરાત વિધાનસભાના એક પ્રતિનિધિની ચૂંટણી માટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

૧. નામ-નિર્દેશનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય, શુક્રવાર, તા.૭-૪-૨૦૦૬, સાંજના ૬-૦૦ વાગ્યા સુધી
૨. નામ-નિર્દેશન પત્રો ચકાસણીની તારીખ,સમય અને સ્થળ, સોમવાર, તા.૧૦-૪-૨૦૦૬ સાંજના ૫-૩૦ વાગે નાયબ સચિવશ્રી મહેન્દ્ર જે. પરમારની ચેમ્બરમાં
૩. નામ-નિર્દેશનપત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ અને સમય, સોમવાર, તા.૧૭-૪-૨૦૦૬, સાંજના ૫-૦૦ વાગ્યા સુધી
૪. મતદાન, જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ, પાછળથી જાહેર કરવામાં આવશે.

આ ચૂંટણી માટેના નામ નિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલી સમિતિ શાખા-૧માંથી મળી શકશે.

# સરકારી વિધેયકો

## સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૫

# ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક,૨૦૦૬

### ગુજરાત રાજય વ્યવસાય, વેપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૫-સન-૨૦૦૬નું ગુજરાત વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૨૫-સન-૨૦૦૬ના ગુજરાત વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રોફેશનલ ટેક્સના કાયદામાં સુધારા આ બીલ દ્વારા લાવવામાં આવ્યા છે. આજની તારીખમાં જે પ્રોફેશનલ ટેક્સ છે એ સેલેરી હોલ્ડર અને પ્રોફેશનલ ભરે છે, જુદા જુદા દરો હોય છે. ૩૦૦૦ રૂપિયા સુધીની સેલેરી હોય એને નીલ સુધી છે, ૩૦૦૦ થી ૬૦૦૦ માસિક માટે ૨૦ રૂપિયા, ૬૦૦૦ થી ૯૦૦૦ માસિક માટે ૪૦ રૂપિયા, ૯૦૦૦ થી ૧૨૦૦૦ માસિક માટે ૬૦ રૂપિયા અને ૧૨૦૦૦ ઉપર માસિક ૮૦ રૂપિયા ભરવામાં આવે છે. સૌથી વધારે ૨૫૦૦ વધુમાં વધુ જે છે તે પ્રમાણે લેવામાં આવે છે. એડ્વોકેટ, ડૉક્ટર, એંજિનિયર, આર્કિટૅક્ટ, કોન્ટ્રાકટર અને કંપનીઓ છે આ બધા પ્રોફેશનલ ટેક્સ ભરતા હોય છે. રાજય સરકારને વાર્ષિક આવક સો કરોડથી ઉપરની થતી હોય છે, જે અત્યારે પ્રોફેશનલ ટેક્સ લેવાય છે એ સેલ્સ ટેક્સ વિભાગના ૧૦૩ ફિલ્ડ ઑફિસરો દ્વારા આ ટેક્સ કલેકટ કરવામાં આવતો હોય છે. આના અંદર જે સુધારો લાવ્યો છું એ સુધારો ખૂબ અગત્યનો છે. રાજય સરકારની જે લોકલ ઓથોરિટીસ છે એણે ટેક્સ લેવો અને સરકારના વતી કલેક્ટ કરવાની સત્તા આપવામાં આવેલ છે. જયારે કલેકટ કરવામાં આવશે એ કલેકટીંગ એજન્સી થશે અને સરકારને આવક પહેલા જે સરકારનું કોન્સોલિડેટેડ ફંડ ઓફ ધ સ્ટેટ છે એમાં જમા કરાવવામાં આવશે અને પછી સરકાર જે કોર્પોરેશન છે, નગરપાલિકા છે કે પંચાયત છે એ પંચાયતને જે કલેકટ કરે છે એના એ વખતે જે ટકા નકકી કરવામાં આવે એ ટકા સંપૂર્ણપણે પાછા આપવામાં આવશે. આના ખૂબ લાભો છે. સૌથી પહેલો ઓકટ્રોય નાબૂદી થયા પછી આ સંસ્થાઓની આવકનો સ્ત્રોત જતો રહ્યો હતો આને કારણે એક મોટો મેજર સોર્સ ઓફ રેવન્યુ ઊભો થશે. પ્રોફેશનલ ટેકસ દ્વારા અને બીજું આને કારણે છેક ગ્રામ પંચાયત સુધી પ્રોફશનલ ટેકસ જો પંચાયતને સત્તા આપવામાં આવે તો એ લોકો પણ ઊભો કરશે. બીજું, સેલ્સ ટેકસ ડિપાર્ટમેન્ટ આજે માત્ર ૫૧ તાલુકામાં કામ કરે છે જયારે આના કારણે ૨૦૯ જગ્યાએથી વેરો ઉઘરાવવાનું કામ ચાલુ થશે. વેરાની ઉઘરાણી ખૂબ વધશે. જેથી નગરપાલિકાને ખૂબ મોટો લાભ થવાનો છે. આ પહેલી વખત નગરપાલિકા અને ગ્રામ પંચાયતને લાભ થાય એવું બીલ રજૂ કરવામાં આવ્યું છે. બીજું, કે નાના થોડા સુધારા આ બીલમાં આવ્યા છે જેમાં પંચાયતની ડેફીનેશન હતી. જિલ્લા પંચાયત હતી એની જગ્યાએ પંચાયત સબસ્ટીટયૂટ કરીએ છીએ. જેથી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત આવે. બીજું, સેકશન-૩માં બે ટકા છે એની જગ્યાએ રેટ ઓફ ઈન્ટરેસ્ટ ૧.૫ ટકા કર્યો છે. એટલે ૨૪ થી ૧૮ટકા થાય એનો સમાવેશ થાય છે એટલે મારી સભ્યશ્રીઓને વિનંતી છે કે આ રાજયએ લોકલ બોડીને નાણા વધારે કેમ મળે એના માટે જે સુધારા લાવ્યા છીએ તે સર્વાનુમતે પસાર કરે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બીલ લઈને આવ્યા છે એ બીલ ઉપર મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું. આ બીલ માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી બજેટ પ્રવચનના ભાગ-ખમાં પાન-૮ ઉપર રાજય સરકાર વ્યવસાય વેરો, ધંધા રોજગાર વેરો ૧૯૭૬ ના કાયદા પ્રમાણે વિભાગમાં લેવામાં આવતો હતો.આનો જે ટેકસ ઉઘરાવતા હતા એ વેચાણવેરા વિભાગ ઉઘરાવતો હતો.હવે પછી આ વેરો જયારે નગરપાલિકા, પંચાયત અને ખાસ કરીને વિધેયકનો મેઈન હેતુ આ પ્રમાણે છે. મંત્રીશ્રીએ જે પ્રમાણે કહ્યું કે આવક સો કરોડથી વધારે આ વિધેયકમાં આજ દિન સુધી થતી હતી, પરંતુ આ વિધેયકમાં છેલ્લા બે વર્ષમાં એટલે કે ૨૦૦૨માં ૬૭૦૦ એમાં નોંધાયેલ હતા. ૨૦૦૩માં ૬૪૦૦ થયા એટલે ૨૦૦૨ પછી દિનપ્રતિદિન ઘટતો જાય છે. આમાં ખાસ કરીને જો આ પ્રમાણે ૨૦૦૫-૦૬માં જયારે આ બીલ

* વિધેયક તા.૨૮મી માર્ચ, ૨૦૦૬ના ગુજરાત ગવર્નમેન્ટના ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

લાવ્યા છે. કામદાર અને અન્ય વર્ગના વેપારીઓ જોડાશે તો આની સંખ્યા ૯ લાખથી વધારે થવાની છે.એ પ્રમાણે જે નગરપાલિકા, ગ્રામ પંચાયત જે ઉઘરાવશે. ચોકકસ નગરપાલિકાની આર્થિક સ્થિતિ સુધરશે. આને કારણે નગરપાલિકાનો બોજ, સ્ટાફનો અને બીજો એની અંદર જોડાશે પણ મંત્રીશ્રીએ કહ્યું કે આ આવક આવશે એ આવક અમે પછી નકકી કરીશું તો ગૂંચવણ જેવી પરિસ્થિતિ થવાની છે. કાયદો જયારે આપણે બનાવતા હોઈએ ત્યારે સ્પષ્ટ કહેવું જોઈએ જે પ્રમાણે ટકાવારીની વાત કરે છે ત્યારે કેટલા ટકા ઉઘરાણી આવશે એ નકકી કરવામાં આવે. મારે ખાસ કરીને એ સૂચન કરવાનું કે વર્ગ-૧ કક્ષાની નગરપાલિકા છે જે નગરપાલિકાની આર્થિક સ્થિતિ આજે પણ પાણીનું કે લાઈટનું બીલ ભરવાના પૈસા નથી હોતા. પાંચ નગરપાલિકાઓના પગાર ચડયા હોય અને નગરપાલિકાની આર્થિક સ્થિતિ સારી ન હોય ત્યારે મારે ખાસ કરીને સૂચન કરવું છે કે ૨૫ ટકા રકમ અત્યારથી સરકારે ફિક્સ કરીને નક્કી કરી દેવી જોઈએ અને આમાંથી જે રકમ આવશે એમાં નગરપાલિકાનો ઉત્સાહ રહેશે. નગરપાલિકાઓની સ્થિતિ ગુજરાતની અંદર સારી નથી, તો એમને થશે કે આ વેરો ઉઘરાવીએ અને સરકારશ્રીને પહોંચાડીએ તો ચોક્કસ પણે એમાં સારું થશે. કલમ-૯ માં જણાવ્યું કે ૨ ટકા વ્યાજ છે, એ ૨ ટકાને બદલીને ૧.૫ ટકા કરવામાં આવ્યો છે, એને હું આવકારું છું, આજની તારીખમાં ૧૮ ટકા વ્યાજ ઘણું મોટું વ્યાજ છે. આજે એકવીસમી સદીમાં દેશ જઈ રહ્યો હોય, જ્યારે વિશ્વમાં ૩-૪ ટકા વ્યાજ ચાલતું હોય અને આજે ૧૮ ટકા વ્યાજ આમાં રાખીએ તો મને લાગે છે કે વધારે પડતું વ્યાજ છે. આ વ્યાજ બાબતે ૯ ટકા આવું કઈક થાય એવું મારું સૂચન છે અને ખાસ કરીને આ જ્યારે બિલ લઈને આવ્યા છે, ત્યારે જે પ્રમાણે વેચાણ વેરાના વ્યાજના દર અંગે સમાધાન યોજના લઈને આવ્યા, તે જ રીતે આમાં ડિસેમ્બર-૦૫ ની સ્થિતિએ ૧૨૫ કરોડ રૂપિયાથી વધારે રકમ આ બિલની અંદર બાકી છે, તો સરકારે આ પ્રકારની કોઈ સમાધાન યોજના લઈને આવે. જે પ્રમાણે વેચાણ વેરામાં લઈને આવ્યા એ પ્રમાણેની યોજના લઈને આવ્યા હોત તો લાગત કે બિલ લાવવા પાછળનો હેતુ અને એની અંદર ફાયદો થાત. કેટલાક લોકોના પૈસા કેટલાક ટાઈમથી બાકી છે. આ યોજનાનો લાભ એ લોકોને મળે એના માટે સરકારે આ બાબત વિચારવી જોઈએ. જે બિલ લઈને આવ્યા છે, એમાં સમાધાન યોજનાના રૂપમાં ૧૨૫ કરોડ રૂપિયા આની અંદર નીકળી જાય. આ બિલનો જે હેતુ છે, એ હેતુ પ્રમાણે રાજ્ય સરકાર નગરપાલિકાઓને, ગ્રામ પંચાયતોને જે આપવાની બાબતમાં ઉદાર હાથ રાખી અને ટકાવારી નક્કી થાય તો મને લાગે છે કે ચોક્કસ ફાયદો થાય. બધાં મારાં સૂચનો એ આ બિલમાં લે એવી મારી અપેક્ષા છે.

**શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ)** : માનનીય મંત્રીશ્રી જે વ્યવસાય વેરાનું સુધારા બિલ લાવ્યા છે એને હું આવકારું છું અને એમાં ખાસ કરીને જે કઈ બાબતો આવે છે, એમાં નગરપાલિકાઓને જે ઑક્ટ્રોય જતા કર્મચારીઓ ફ્રી પડ્યા. આ લોકોને ઑક્ટ્રોય જતા નગરપાલિકાની આર્થિક હાલત છે, એને સુધારવા માટે સરકારશ્રીએ જે ઉમદા પગલાં લીધાં છે એને હું આવકારું છું. ખાસ કરીને આ જે વેરો ઉઘરાવવાનો છે, એમાં ખરેખર માનનીય મંત્રીશ્રીને એક સૂચન કરવાનું છે કે આ નગરપાલિકાઓને પહોંચે, ચેક એ રીતે એકાઉન્ટમાં જમા થશે કે સરકારશ્રીના સીધા રેવન્યુ એકાઉન્ટમાં જમા થશે, કે જેથી કરીને નગરપાલિકાના વહીવટના કારણે એ જ્યારે શિક્ષણ ઉપકર ઉઘરાવતી હોય અને ઘણી વખત નગરપાલિકાનું ફંડ છે, એ એમની હાલતના કારણે વાપરી નાખતી હોય છે અને પછી ઉઘરાવવા માટે ઘણી વખત નગરપાલિકા સાથે ઘણું મોટું ઘર્ષણ કરવું પડતું હોય છે. તો આ જે સરકારનો વ્યવસાય વેરો છે એ એકાઉન્ટમાં જાય પછી સરકાર પોતે નક્કી કરે. ખરેખર નગરપાલિકાની હાલત સુધારવા માટેની વાત છે, એમાં નગરપાલિકઓને ઉત્સાહ રહે. નગરપાલિકાને યોગ્ય વળતર મળે તે વાત છે. ખાસ કરીને વ્યાજની વાત છે. વ્યાજનો દર ઘટાડ્યો છે. એ પણ મંત્રીશ્રીએ કહ્યું, પરંતુ ખરેખર અત્યારે બૅન્કની અંદર જે પ્રાઈવેટ બૅન્કો છે. એચ.ડી.એફ.સી., આઈ.સી.આઈ.સી.આઈ., યુ.ટી.આઈ. બૅન્કો છે, નેશનલાઈઝ બૅન્કો છે, તેના દર ધિરાણ લેનાર વેપારી માટે ૧૨ ટકા છે, તો આ ૧૨ ટકા રાખે કારણ કે હવે ગ્લોબલાઈઝેશન થવાથી વ્યાજના દર ખૂબ ઘટ્યા છે. ૧૨ ટકાના રાખે તો આવકારદાયક છે. આ એક સુધારો થાય અને જે બિલ લાવ્યા છે, તેને હું આવકારું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજય કક્ષાના નાણાં મંત્રીશ્રી જે ગુજરાત વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આને આપણે પ્રોફેશનલ ટેક્સ તરીકે ગણીએ છીએ. આ પ્રોફેશાલ ટેક્સ નહીં માત્ર વ્યાપારી વર્ગ પણ ફીકસ પગાર અને સરકારી કર્મચારીઓને આની અંદર આવરી લેવામાં આવ્યા છે. એટલા માટે કે મારા વખતે મેં એક હજાર રૂપિયાનો પગાર મેળવતા કર્મચારીઓને મુકિત આપી હતી અને ત્રણ હજાર રૂપિયાના ધોરણે લઈ ગયેલા ત્યારે વ્યાપારી પેઢીઓ ઉપર દર વધે તેની રજૂઆત કરવા માટે તે વખતે માનનીય અશોકભાઈ ભટ્ટ સાહેબ મારી પાસે આવેલા હતા. વેરો નહિવત છે તેમ છતાં આ વેરાને કારણે કેટલીક આડખીલી ઉભી થાય છે અને વેટ આવવાને કારણે સેલ્સ ટેકસમાં રાજયમાં ૧૧ હજાર કરોડનો આવકમાં વધારો થવાનો છે ત્યારે આ જે વેરાઓ છે તે ગ્રામ્ય કક્ષાએ અડચણો ઉભી કરશે. કારણકે એમાં જિલ્લા પંચાયતને બદલે પંચાયત શબ્દનો ઉમેરો કરવામાં આવ્યો છે. આડેધડ અઢી લાખ રૂપિયામાંથી પાંચ લાખ રૂપિયા સુધીનું ટર્ન

ઓવરવાળાને વર્ષે ૨૫૦ રૂપિયા ભરવાના આવશે. જ્યારે આપણે વેટની અંદર તો પાંચ લાખ રૂપિયા સુધી મુકિત આપી છે અને ૨.૫ લાખથી ૫ લાખનો સમાવેશ કરવાની શી જરૂર છે? વેટનો અમલ કરતી વખતે આડેધડરીતે મંત્રીશ્રી તરફથી જાહેરાત કરવામાં આવેલી એ અસ્પષ્ટ જાહેરાતો છે. ખાવાપીવાના ગૃહ ઉદ્યોગ, રેવડી, ચિક્કીવાળાનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી. ડાયમંડની ચિંતા કરી છે, ડાયમંડના વેપારીઓની ચિંતા કરી છે. જરીવાળાને મુક્તિ આપી છે. આ બધી દ્વીધામાં નાના ઉત્પાદકો, વેપારીઓ રોજીરોટી રળનારો તેમના માટે સ્પષ્ટતા શા માટે આ ગૃહમાં કરવામાં નથી આવતી? આ પ્રોફેશ્નલ ટેકસનું જે સુધારાનું બિલ છે તેમાં વ્યાજનો દર ૨૪ ટકાથી ૧૮ ટકાનો કરવામાં આવે છે. આમાં સાહેબ વ્યાજ કરતાં, વસૂલાત કરતાં જે કનડગત છે તે ખૂબ મોટી છે સાહેબ. તેનું રજીસ્ટ્રેશન કરાવવું પડે, જે કંઈ પ્રોફેશ્નલ હોય તેનું, તેના ફોર્મ વગેરે ભરવા પડે આ બધી અડચણોમાંથી મુક્તિ આપવામાં આવી હોય તો આવકારતા. તેની અંદર તો સરકાર કોઈપણ બાબતોની અંદર જે વેપારી વર્ગ છે તે ખૂબ સારા વખાણ કરે, તેમના એસોસિએશનો આવે ત્યારે સારી વાતો કરે, પણ નાના વેપારીઓ માટે કોઈપણ પ્રકારની અડચણમાંથી મુક્ત કરવાની ઇચ્છા નથી, ઈરાદો સરકારનો નથી તે આ બિલ પરથી ફલિત થાય છે. ગામડાની અંદર ગ્રામ પંચાયતોમાં તલાટી મંત્રીની એક તો સંખ્યા પૂરતી નથી તો વ્યાપારીઓ કયાં જશે, વેપાર કેટલો છે તેનું ચેકીંગ કોણ કરશે? આની અંદર સ્લેબ આપવામાં આવેલ છે. અઢી લાખથી પાંચ લાખ, પાંચ લાખથી દસ લાખ અને દસ લાખથી ઉપર આ બધાના સ્લેબ આપવામાં આવેલ છે. તો મારી વિનંતી છે કે આ પ્રોફેશ્નલ ટેકસની અંદર જે વેપારીઓની મુક્તિ આપવાની રજૂઆત આવેલ છે તેના ઉપર વિચાર કરે. રાજયની આવકો ઘટે નહીં તેની ચિંતા નાણામંત્રીશ્રીએ કરવાની હોય છે. પણ તેની સાથે સાથે અડચણો ઓછી કરવાનો વિચાર પણ કરવો જોઈએ. મેં કહ્યું તેમ રાજયની સેલ્સ ટેકસ અને બીજી ટેકસેબલ બાબતોમાં આવકો મોટા પ્રમાણમાં વધી રહી છે તેવા વખતે આવી નાની બાબતો છે તેને કદાચ નાબૂદ કરવી પડે તો નાબૂદ કરવાનો પણ અને એક ક્રાંતિકારી ગુજરાત રાજય કહેવાય છે કે રિફોર્મની અંદર પણ હંમેશાં આગળ પડતું રાજય છે. તેની અંદર પણ આ બાબતોનો ખૂબ વિચાર કરે તે જરૂરી છે. વેટની બાબતોમાં આ રાજયની અંદર બે દિવસ પછી અમલ શરૂ થયાનો છે ત્યારે તેના માટે તંત્ર દ્વારા પ્રચારાત્મક રીતે જાહેરાતો ખૂબ મોટા પ્રમાણમાં આવે છે. પણ સીધેસીધી વેપારીઓને સમજ પડે તે રીતે પુસ્તિકાનું, માર્ગદર્શિકાનો અભાવ છે તેવું જાણવા મળ્યું છે, સાંભળવા મળ્યું છે અને વાંચવા મળ્યું છે ત્યારે આ વેટ ખૂબ ઉમદા અને આવકાર્ય છે તેનો અધકચરો અમલ ન થાય તે જોવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. સભાગૃહ ૧૧.૦૦ કલાકે ફરી મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ ૧૦.૩૦ થી ૧૧.૦૦**

**સભાપતિશ્રી મહેન્દ્ર મશરુ અધ્યક્ષસ્થાને**

**શ્રી બાબુભાઈ મે. શાહ (ક્રમશઃ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે પ્રોફેશનલ ટેક્સ અંગેના વિધેયક ઉપર બોલતો હતો ત્યારે આ બિલ જે છે એ જે વ્યવસાયિક વેરો સેલ્સ ટેક્સ હતો એની જગ્યાએ મૂલ્ય આધારિત, મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ આવ્યું છે એના કારણે આ બિલ લઈને આવ્યા છે પરંતુ એમાં જે વસૂલાત એજન્સી છે એની અંદર અધિકારીના સ્થાને અથવા કર્મચારી એટલે કે ગામડાંનો તલાટી છે એ પૈસા ઉઘરાવીને રાજયના એકત્રિત ફંડમાં પૈસા એ ભરશે એવી એમને જવાબદારી આપવામાં આવેલી છે, વસૂલાતના જે કામો કરવાં એ નાના નાના ગામોમાં મુશ્કેલ હોય છે અને નાના નાના વેપારીઓ હોય છે એમને ભવિષ્યમાં કોઈ કનડગત ન થાય એ માટે ખૂબ જરૂરી છે, વેટના કારણે માનનીય મંત્રીશ્રીએ આજે ગૃહમાં જાહેરાત કરી એટલે અધકચરી રીતે, કોઈ અગાઉ જે સૂચનો કરેલા એનો કોઈ ઉલ્લેખ નહીં કર્યો,

આજે સંસ્કૃતિની રખેવાળ પોતાની જાતને ગણનારી આ ભાજપની સરકારે એમના વેટના નામે મૂર્તિઓ ઉપર, ભગવાનના ચિત્રો ઉપર, પુજાના સામાન ઉપર, ધુપદીપના મટિરિયલ્સ ઉપર સાડા બાર ટકા ટેક્સ નાખ્યો છે તો એમાં કોઈ રાહત આપવાની સ્પષ્ટતા નથી અને જે સ્પષ્ટતા કરી જે વસ્તુઓની એમાં પણ ઉલ્લેખ નથી કર્યો, બિલમાં વિસ્તૃત વાતો આવતી હોય છે અને બિલ આવ્યું છે ત્યારે બિલમાં ચર્ચા કરી શકીએ, એના વિષયની બહાર ન જવાય, અને વિસ્તૃતમાં આની અંદર માનનીય નાણા મંત્રીશ્રીએ આજે જયારે નિયમ ૪૪ હેઠળ ગૃહમાં જાહેરાત કરી ત્યારે ખૂબ અપેક્ષાઓ હતી તો બિલનો જવાબ આપતી વખતે એનો ઉલ્લેખ કરે અને આ પ્રોફેશનલ ટેક્સમાંથી જે વેપારીઓની મારફતે આવક થવાની છે અને એ આવક જેમને ઉઘરાવવાની છે એમાં એમણે એમ કહ્યું કે, આ આવકને કારણે સંસ્થાઓને લાભ થશે, આની અંદર તો બહુ સ્પષ્ટ કરેલ છે કે આ રકમ ઉઘરાવીને એકત્રિત ફંડમાં ભરવાની છે અને પછી સંસ્થાઓને ગ્રાન્ટ તરીકે આપશો તો એ રકમ સંસ્થાઓ સીધેસીધી રાખે તેવો ઉલ્લેખ કેમ નથી કરતા? જે પંચાયતોની જે આવકો હોય એ આવકો સીધેસીધી એમના નગરપાલિકાઓને આવક સીધેસીધી રાખી લેવાની હોય છે ત્યારે રાજયના એકત્રિત ફંડમાં જાય અને

પછી એમાંથી રકમ ફાળવવામાં આવે છે, આ પ્રકારનો ઉલ્લેખ આ બિલમાં કર્યો છે એટલે માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં એની સ્પષ્ટતા કરે એવી એમની પાસેથી હું અપેક્ષા રાખું છું,

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા, પહેલું કારણ એ કે કનેકટીવીટી એજન્સી તરીકે આ સંસ્થાઓ છે. કોન્સોલિડેટડ ફંડમાં આપણે આગ્રહ એટલે રાખ્યો છે કે કાયદા વિભાગના સૂચન પ્રમાણે બંધારણીય તકલીફ ઊભી થાય એવું છે, એ લોકો સીધેસીધું રાખી ન શકે અને એને કારણે કોન્સોલિડેટડ ફંડમાં લઈને પછી એ સોએ સો ટકા પાછા એ લોકોને આપી શકીએ, એ પ્રમાણે આમાં જોગવાઈ છે. (અંતરાય) સો ટકા આપી શકીએ (અંતરાય) પછી સાંભળો તો ખરા, એવી સંપૂર્ણપણે જોગવાઈ કરી છે, બીજું અત્યારે આપણે એમ નથી કહેતા કે ૫૦ ટકા આપીશું કે ૭૦ ટકા આપીશું કે ૧૦૦ ટકા આપીશું, એનું મુળભૂત કારણ એ છે કે, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એક ઈન્સેન્ટીવ સ્કીમ તરીકે એ નગરપાલિકાઓને મદદ કરવા માગીએ છીએ, અને આપણે સૌ જાણીએ છીએ કે એક નગરપાલિકાની અંદર દા.ત. પ્રોફેશનલ ટેક્સની વાર્ષિક પચાસ હજાર રૂપિયા હાલની તારીખે ઉઘરાણી થતી હોય એ બહુ સરળતાથી અત્યારે સેલ્સટેક્સ ડિપાર્ટમેન્ટ ઉઘરાવે છે. ત્યારે નગરપાલિકાઓને કનેકટીવીટી એજન્સીને આપવામાં આવે છે તો જો નગરપાલિકાઓ મહેનત કરીને ૫૦ હજાર આવક, એક લાખ આવક નહીં પણ એનાથી વધારે આવક થઈ શકે એવો આખો એક સ્કોપ છે એટલા માટે નગરપાલિકાઓ મહેનત કરે એટલા માટે રાજય સરકાર એક એવી યોજના બનાવવા માગે છે કે એ લોકો ઉત્સાહપૂર્વક કામ કરે અને વધારેને વધારે ટેક્સ કલેકશન કરે એ માટે આવતા દિવસોમાં આપણે આ બહાર લાવીશું, અત્યારે આની અંદર આપણે ફીકસ પરસન્ટેઝ નથી રાખતા, કારણ કે ફીકસ પરસેન્ટેઝ રાખીએ તો કાયમ માટે એ થઈ જાય પણ આપણી ઇચ્છા બહુ જ ચોખ્ખી છે કે, પ્રોફેશનલ ટેક્સની આવક રાજય સરકાર પોતાની પાસે રાખવા ઈચ્છતી નથી પણ એક ઈન્સેન્ટીવ રૂપે નગરપાલિકાઓ આનાથી વધારે ઉઘરાણી કરે એ પ્રમાણેનું આયોજન છે.

બીજી જે વેટ વિશે વાત કરી એટલે મારે એમાં અત્યારે ચર્ચા કરવી નથી. કેમ કે, એની આવતા દિવસોમાં જે કોઈ થોડી સ્પષ્ટતા માગી છે એ મેં કહ્યું તેમ નોટિફિકેશન દ્વારા એ સ્પષ્ટતાઓ આવતી જશે. આજની તારીખમાં આ બિલ લાવ્યો છું એમાં સભ્યશ્રીઓને કહું કે નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતોને ખૂબ મોટો ફાયદો થશે. તો સર્વ સંમતિથી આને પસાર કરે એવી મારી વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૦૬નું ગુજરાત વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**કલમ ૨ થી ૮, અનુસૂચિ કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૦૬નું ગુજરાત વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**સભાપતિશ્રી** : સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૦૬નું ગુજરાત વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

# નિયમ-૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ

### ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહવા અંગે

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, "આર્થિક રીતે પગભર થવાના હેતુસર વધુ અને સારો પાક મેળવવા માટે રાજયના ખેડૂતો મોંઘા ભાવનું ખાતર, જંતુનાશક દવાઓ, બિયારણો વગેરે વાપરી વર્ષ દરમ્યાન મહેનત કરે છે. ચાલુ વર્ષે અનાજ તથા મગફળી, કઠોળ અને કપાસ જેવા રોકડિયા પાકનું મબલખ ઉત્પાદન થયેલ છે. પરંતુ સંગ્રહશકિતના અભાવે સિઝન દરમ્યાન સઘળા ખેડૂતો માર્કેટયાર્ડમાં પોતાની ખેત પેદાશો એક સાથે વેચવા જાય છે ત્યારે દલાલો અને વચેટિયાઓ ખેડૂતોની આ મજબૂરીનો ગેરલાભ ઉઠાવે છે અને ખેડૂતોને તેમની ઉપજના વાજબી ભાવ મળતા નથી. કેટલાક કિસ્સામાં તો ઉપજ પાછળ કરેલ ખર્ચ પણ મજરે મળતો નથી.

આ સંજોગોમાં ખેડૂતોને તેમની ખેત પેદાશોના વાજબી અને પોષણક્ષમ ભાવ મળી રહે તેવું આગોતરું આયોજન કરવા સરકાર જરૂરી પગલાં ભરે તેવો અનુરોધ આ સભાગૃહ રાજય સરકારને કરે છે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે પ્રસ્તાવ હું લાવ્યો છું એમાં સમગ્ર ભારતમાં ૬૫ થી ૭૦ ટકા લોકો જયારે ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હોય, આપણા ગુજરાતમાં પણ એટલી જ મોટી સંખ્યામાં ખેડૂતો આ વ્યવસાય સાથે સંકળાયેલા હોય ત્યારે આપણે ખેતીના ઉત્પાદનમાં છેલ્લા કેટલાક સમયથી દિન પ્રતિદિન ખેડૂતો કાળી મજૂરી કરે છતાં એની ખેત પેદાશોના એને પોષણક્ષમ ભાવો મળતા નથી. આજે દિન-પ્રતિદિન ખેડૂત ભીંસાતો જાય છે આજે આપણે જોઈ શકીએ છીએ કે સમગ્ર જગ્યાએ ખેડૂતો બૂમરાણ કરે છે. ખેડૂતોની અગાઉ જે સ્થિતિ હતી એમાં આજે સ્થિતિ જુદી ટાઈપની પેદા થઈ છે "૨૦મી સદીનું ગુજરાત" એ એક પૂસ્તક મેં જોયું તો એમાં જે બાબત છે એના આધારે એના જે તારણો કાઢયા છે એમાં એ સમયે જે પ્રમાણે નિર્માણ થયું છે એના આધારે ૨૦મી સદીમાં ખેડૂતોની શું પરિસ્થિતિ હતી અને આજે ૨૧મી સદીમાં ખેડૂતોની જે પરિસ્થિતિ છે એ હું આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

ગુજરાતની વાત કરું તો ગુજરાતનો જે ભૌગોલિક વિસ્તાર છે ૧ કરોડ ૯૬ લાખ હેકટર જમીન છે. એની અંદર પચાસ ટકા ભાગ તો આપણો એવો છે, એમાંથી ૯૭ લાખ હેકટર જમીન એવી છે કે, જે આપણા ઉપયોગ વગરની છે. માત્ર પચાસ ટકા જમીનમાં જ્યારે આ ઉત્પાદન થતું હોય એમાં પિયત હેઠળ વિસ્તાર છે એ ૩૬ લાખ હેકટર એટલે ૩૮ ટકા છે, કુલ વાવેતરનો જે વિસ્તાર છે એ ૧૦૭ લાખ હેકટરનો છે એટલે એક કરતાં વધારે વાવેતર ૨૨ લાખ એમાં ૨૪ ટકા છે, આજની સ્થિતિએ આપણી પાસે આટલી મોટી જમીન હોય, એકવીસમી સદીની વાત જ્યારે થતી હોય અને જે ખેડૂતોની આપણી સંખ્યા છે એ સંખ્યામાં સીમાંત ખેડૂતો છે આજની તારીખે, એની જે ટકાવારી છે એ ૨૯ ટકા, નાના ખેડૂતો ૨૮ ટકા, મધ્યમ, અર્ધ મધ્યમ ખેડૂતો ૨૫.૫૫ ટકા, મધ્યમ ખેડૂતો ૧૬.૭૫ ટકા, મોટા ખેડૂતો ૨.૪૧ ટકા એટલે કુલ ૪૯ લાખ ખેડૂતો આપણે ત્યાં છે અને છતાંયે કોઈપણ દેશ કોઈપણ રાજયમાં એના ખેડૂતોની સંખ્યા વધે, કમભાગે ૧૯૯૦-૯૧ની સરખામણીમાં ૧૯૯૫-૯૬ના જે આંકડા છે એમાં સીમાંત ખેડૂતોમાં આજે ૧.૧૦ લાખનો ઘટાડો થયો છે, નાના ખેડૂતોની સંખ્યામાં ૧.૪૨ લાખનો ઘટાડો આજે થયો છે. અર્ધ મધ્યમ ખેડૂતોની સંખ્યામાં ૭૬ હજારનો ઘટાડો થયો છે એમ મોટા ખેડૂતોની સંખ્યામાં પણ ૨૭ હજારનો ઘટાડો થયો છે. આ ઘટાડો થવા પાછળનું માત્ર કોઈ કારણ હોય તો એ જ કે ખેડૂતોને પોષણક્ષમ ભાવો ના મળે એટલે સ્વાભાવિક રીતે જમીન એ વેચી નાંખવાના અને એને એમ થાય કે આટલા વરસોથી હું વાવું છું છતાં મને એનું કંઈ મળતર નથી, માટે ચોક્કસ એ વેચવાનું કરે પણ ઉત્પાદન આપણું વધ્યે જાય છે. મારે એ કહેવું છે કે રાજયની અંદર આપણે આટલું બધું ઉત્પાદન કરીએ છીએ, અન્ય પાકોમાં ૨૯ લાખ ટન છે. આપણું ઉત્પાદન ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪માં આટલું વધ્યું, બાજરીનું ૬ લાખ ટન વધ્યું, મગફળીમાં ૩૩ લાખ ટન વધ્યું છે અને કપાસનું ૨૩ લાખ ટન વધ્યું છે. એટલે મારે એ કહેવું છે કે એક બાજુ આપણો ઉત્પાદનનો રેશિયો વધ્યે જાય છે અને બીજી બાજુ છતાં યે ખેડૂતોને આજે પોષણક્ષમ ભાવો મળતા નથી અને જે ટેકાના ભાવો છે એ પણ એવા છે કે ઘઉંના ૬૧૦ રૂપિયા ટેકાનો ભાવ છે અને એનું ઉત્પાદન ખર્ચ ૪૮૦ રૂપિયા આવતું હોય છે, ડાંગરનો ટેકાનો ભાવ ૫૬૦ રૂપિયા હોય તો એનું ઉત્પાદન ખર્ચ ૪૭૨ રૂપિયા આવતું હોય છે, ચણાનો ટેકાનો ભાવ ૧૧૦૦ રૂપિયા હોય અને ૧૦૬૦ એનું ઉત્પાદન ખર્ચ આવતું હોય છે, કપાસમાં પણ એ જ છે, દરેકના ટેકાના ભાવની એવી પરિસ્થિતિ છે, સૂર્યમુખી તો ૧૧૮૫ રૂપિયાનો ટેકાનો ભાવ હોય અને ઉત્પાદન ખર્ચ ૧૨૮૩ આવતો હોય છે. ખાસ કરીને મારે મગફળીની વાત કરવી છે. એના ટેકાના ભાવ ૧૩૪૦ રૂપિયા અને ૧૨૫૬ આજે એનું ઉત્પાદન ખર્ચ આવતું હોય છે આ બધી પરિસ્થિતિમાં કહેવાય ટેકાના સરકારના ભાવ જે છે એ પણ ખેડૂતોને જે પ્રમાણસર આ ઉત્પાદન ખર્ચ જે આવતું હોય એ પ્રકારના ભાવો મળતા હોય તો પણ એમ થાય ખેડૂતોને કે કંઈકને કંઈક કરીને આગળ આવવાની કોશિશ કરે. આ બધાનું કારણ શું છે કે ખેડૂતો માટે આજે સિંચાઇનું પાણી મોંઘુ થયું છે, જમીનની ફળદ્રુપતા ઘ ટી છે, વીજળી મોંઘી થઈ છે, નકલી બિયારણો આવ્યા, બિયારણો મોંઘા થયા છે, ખાતર મોંઘું થયું છે, જંતુનાશક દવાઓ મોંઘી થઈ છે, ખેત મજૂરીના ભાવો પણ મોંઘા થયાં છે, ખેતીના પાકના જોખમમાં વધારો થયો છે, ટ્રેક્ટર પર વેચાણવેરો લાગ્યો છે ખેતીની કામગીરી મોંઘી થઈ છે, ડિઝલ મોંઘુ થયું છે, પાક વીમા મળે નહિ, કૃષિ પેદાશ માટેની કૃષિ વિજ્ઞાનની ઑફિસમાં જે પ્રમાણેનું ડૅવલપમેન્ટ ખરેખર વિશ્વની કદમ સાથે થવું જોઈએ એ આજે ના થવાના કારણે આ બધી સ્થિતિ થઈ છે. મારે ખાસ એ કહેવું છે કે આપણા ગુજરાતની જે પરિસ્થિતિ છે એમાં હું નંબર આપવા માટે નહિ પણ મારો જે હાર્દ છે, મારે એ કહેવું છે કે ડાંગર છે એમાં ગુજરાત ૧૯માં નંબરે છે, પંજાબ પહેલા નંબરે છે, ઘઉંમાં આપણે છઠ્ઠા નંબરે પંજાબ પહેલા નંબરે છે અન્ય પાકોમાં આપણે પંદરમા નંબરે પંજાબ પહેલા નંબરે છે મગફળીમાં આપણે છઠ્ઠા નંબરે તામિલનાડુ પહેલા નંબરે છે અને અન્ય કઠોળ પાકોમાં આપણો વીસમો નંબર છે મિઝોરમ એમાં પહેલા નંબરે છે. કપાસની અંદર આપણો અગિયારમો, પંજાબ પહેલા નંબરે છે. આ બધી પરિસ્થિતિમાં એટલા માટે ચિંતન કરવાનું થાય કે આજની સ્થિતિ જે વિશ્વની માર્કેટની છે આપણે તેના આંકડા જોઈએ તો આપણને એમ થાય કે આપણો ખેડૂત ગુજરાતનો હોય કે ભારતનો હોય તે કઈ પરિસ્થિતિમાં નભશે તે બહુ મહત્ત્વનું છે. જેટલાં વિકાસશીલ દેશો છે અમૅરિકા હોય, ઈરાક કન્ટ્રી હોય કોઈકને મારા આંકડા જોઈને એવુ લાગતું હશે કે આ બળવંતસિંહ, ખરેખર રોજની જેટલા વિકાસશીલ દેશો છે તે રોજની માનનીય મંત્રીશ્રીને એટલા માટે હું કહું છું રોજની જે સબસીડી

આપે છે ૪૫ હજાર કરોડ એક દિવસની સબસીડી જો ખેડૂતોને મળતી હોય તેને આપણે સામે નભવાનું છે. ઈંગ્લેન્ડ સરકાર ખેડૂતોના ઉત્પાદનના દર હેકટર દીઠ ૨૦ હજાર રૂપિયાની રોકડ સહાય આજે પણ આપે છે. યુરોપ જે દેશો છે તેની અંદર દૂધ ઉત્પાદન એક્સ્પોર્ટ કરવા માખણના, ઘીના આશરે ૧ લાખ અને ૪૦ હજારની સબસીડી આજે અપાય છે. વિશ્વના માર્કેટની મૂળ બજારની જે કિંમત છે તેના કરતાં પણ વધારે છે અને એનું પ્રોડક્શનની પડતર છે તે ૪૦ ટકા દરે વિશ્વના બજારમાં વેંચે છે. આટલી મોટી સબસીડી મળતી હોય અમૅરિકા કપાસના ઉત્પાદનમાં સરેરાશ ૩૭ પર કિલોએ એટલે ખેડૂત સરકારની સબસીડીની મદદ વિશ્વના માર્કેટમાં ૧૭ રૂપિયા પ્રમાણે વહેંચે એટલે ગરીબ દેશોને જબરજસ્ત નુકસાન થાય છે. આવું મોટી મોટી કન્ટ્રીઓમાં એકવીસમી સદીમાં થતું હોય ત્યાં આગળ આપણે માત્ર સરકાર કપાસ ઉપર ૧૬૦૦ કરોડની સબસીડી આપણને જુદી જુદી રીતે મળે છે અને મારે એ વાત કરવી છે જ્યારે ભારત કૃષિ ઉત્પાદનમાં ટેક્સ નાખે અંદરો અંદર ખેડૂત આંતરરાષ્ટ્રીય ભાવનો કપાસ આજે પણ ઓછો મળે છે અને ખાસ કરીને મારે એ આંકડા કહેવા છે કે બીજાની સબસીડીઓમાં આપણાં લોકોને કેટલાં કરોડ રૂપિયાનું ભારતના લોકોને નુકસાન થયું તો ચોખાની અંદર ૧૯૯૭-૯૮માં વિશ્વના માર્કેટમાં મારી પાસે ખોટના આંકડા છે તેમાં ૩૦ હજાર કરોડ રૂપિયા ઘઉંની અંદર, ૪૦ હજાર કરોડ રૂપિયા મગફળીમાં, ૯ હજાર કરોડ રૂપિયા કપાસમાં, ૧૦ હજાર કરોડ રૂપિયા જુવારની અંદર ૧૬ હજાર કરોડ રૂપિયા આ પ્રમાણે આપણા ખેડૂતોને વર્ષ દરમિયાન આટલા કરોડો રૂપિયા સામાન્ય દેશની અંદર સબસીડીઓ મળવાને કારણે આપણે આજે નુકસાન થઈ રહ્યું છે અને આમ જોઈએ આંતરરાષ્ટ્રીય બજારમાં ૧ લાખ કરોડથી વધારે આજે તે લોકોને ફાયદો થાય છે અને આપણને આને નુકસાન થાય છે. ખાસ કરીને મારે તે વાત ઉપર આવવું છે કે ડબલ્યુટીના કરાર જ્યારે થઈ ગયા છે ત્યારે એવી સ્થિતિની અંદર આજે આપણો ખેડૂત પક્ષાપક્ષી સિવાય ભૂલીને જો ખેડૂત સધ્ધર હશે તો ગુજરાત સધ્ધર હશે, રાજય સધ્ધર હશે, આપણો એકે એક માણસ સધ્ધર થઈ શકશે. આજે ડબલ્યુટીના કરાર ૨૦૦૬-૦૭ની અંદર જે રીતે થયા છે આપણી પાસે એવો કોઈ દંડો નથી કે આપણે અમૅરિકામાં જઈને એમ કહી શકીશું કે તમે તમારી સબસીડી ઘટાડો પણ તે લોકો પ્રમાણેનું કંઈક અને કંઈક આયોજન આપણે કરીએ તો જ તે લોકો તરફ આપણે કંઈક અને કંઈક આકર્ષાય. આજની સ્થિતિમાં આપણે શું કરી શકાય તેના મારી પાસે સૂચનો છે કે દેશના ખેડૂતોનો દર જે લોનનો છે તે ઓછાં દરની લોન તેમને મળવી જોઈએ. જે ગણતરી મુજબ ખેડૂતનો એક કિલો ઘઉં પકવવાનો આશરે ૧૮ થી ૨૦ પૈસા વ્યાજ ચૂકવે છે અને અમૅરિકાનો માત્ર પાંચ પૈસા વ્યાજ ચૂકવે છે. ૧૫ પૈસાનો જ્યારે ફરક પડતો હોય ત્યારે આપણે તે પણ ધ્યાન રાખવું જોઈએ અને ગુજરાતના ખેડૂતનો એક કિલો ઘઉં ઉત્પાદન ૬૭ પૈસાનું બિયારણ જાય છે ત્યારે અમૅરિકાની અંદર ૨૭ થી ૨૮ પૈસા તે લોકોને સબસીડી વગરની પડતર આવે છે. તેમાં ખાસ કરીને જે ટેક્સો નાંખવામાં આવે છે ઓજાર ઉપર, કસ્ટમ એકસાઈઝ, સેલટેક્ષ તે ના નાખવા જોઈએ અને કવોલિટી સુધારવા માટેની સબસીડી આજની એકવીસમી સદીમાં કવોલિટી એક મહત્ત્વની વસ્તુ બની જવાની છે અને કવોલિટી નહીં હોય, કોઈપણ વસ્તુની ગુણવત્તા નહીં હોય તો ગુણવત્તા વગર આપણે બીજાની હરીફાઈ આપણે કરી શકવાના નથી. એટલે કવોલિટી સુધારવા માટે પણ તેને સબસીડી આપી અને બીજાની હરોળમાં જે વસ્તુ થાય છે તે આપણી હરોળમાં થાય તે પણ આપણા માટે બહુ જરૂરી છે. ખાસ કરીને વિજ્ઞાન પ્રથામાં એટલા માટે આવ્યું છે આપણી ઈસરો જે કંપની છે. ચોક્કસ મંત્રીશ્રી જે કહેતા હતા હેલ્થ કાર્ડ તેને હું સો ટકા આવકારું છું. આજના પ્રમાણે ખરેખર જરૂરી છે અને આજની વિશ્વની પરિસ્થિતિ જ એવી છે કે ૨૦૦૮ની અંદર વરસાદ શું પડવાનો છે, ૨૦૦૮ની અંદર કયા પ્રકારના, કેટલા ઈંચ, કયાં આગળ, શું વરસાદ પડશે તેનું ઉત્પાદન શું થવાનું છે. એનો વેપાર શું થશે, એના આંકડા તૈયાર કરવાના છે, ત્યારે આપણે સોફ્ટવેર ઉભું કરીને તમામ પ્રકારની વસ્તુઓને આવરી લઈએ, કે કયા ખેડૂતે ૨૦૦૭માં શું વાવવું જોઈએ, ૨૦૦૮માં શું વાવવું જોઈએ ૨૦૦૯માં શું વાવવું જોઈએ, એના પ્રમાણેની ડેટા સીસ્ટમ તૈયાર થાય અને ભાવ શું મળશે. એ જયાં સુધી ભારતમાં અને ગુજરાતમાં તૈયાર નહીં કરી શકાય, તો આપણે બીજાની હરોળમાં પહોંચી નહીં શકીએ. આની વ્યવસ્થા છે. આની સંપુર્ણપણે વ્યવસ્થા છે. એ વ્યવસ્થાનો કેવી રીતે ઉપયોગ કરી શકાય એ મહત્વનું છે. ખેડૂતોની આજે જે પરિસ્થિતિ છે. (અંતરાય) ૩ મિનિટમાં પૂરું કરી દઉં છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : એક કલાકમાં પૂરું કરવાનું છે. બંને બાજુથી ૩, ૩ મિત્રો બોલવાના છે, મારે બોલવાનું છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : હું સીધી જ વાત કરું છું, કે ૩ મિનિટમાં પૂરું કરું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સમય લંબાવીએ અને જેટલું બોલવું હોય એટલું બોલે. આ વિષય એવો છે કે હું અધ્યક્ષશ્રીને વિનંતી કરું કે ૨ કલાક સુધી આની ચર્ચા થાય. રાજય સરકારને એમાં રસ છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : મારે એટલી જ વિનંતી કરવાની છે કે ટેકનોલોજીનો ઉપયોગ કરીને બીજાની હરોળમાં જઈને, ફરીથી અભ્યાસ કરીને ખેડૂતોને કયા પ્રકારનો ફાયદો થાય એ પ્રકારનું રાજય સરકાર આયોજન કરે અને ખાસ કરીને ખેડૂતોને જે આજની તારીખમાં જે લોકો ખરેખર ભાવ લઈ જાય છે, જેમ કેન્દ્રની સરકાર જે પ્રમાણે આજે ખરીદીમાં આવે અને ટેકાના ભાવે ઘણીવાર ખરીદી કરે છે એ રીતે રાજય સરકારે પણ આ બાબતમાં ખરીદી કરવી જોઈએ. રાજયના ખેડૂતોને કઈ રીતે મહત્વનો ભાગ રહે એ પ્રમાણે

જરૂરી છે. તો મંત્રીશ્રીને એટલી જ વિનંતી કરવી છે કે બધા જ ખેડૂતોને લાભ થાય, તો જ આપણે ગુજરાત અને ભારતની અંદર આપણો ખેડૂત જયાં સુધી મજબૂત નહીં થાય, ત્યાં સુધી આપણે મજબૂત થઈ શકીએ એવી સ્થિતિમાં નહીં રહીએ.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી (લાઠી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહ રાજપૂત નિયમ-૧૦૧ અન્વયે જે પ્રસ્તાવ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પ્રથમ તો આ ગૃહ સમક્ષ માનનીય નાણામંત્રીશ્રીએ જે સ્વદેશી બિયારણ અને હીરા ઉપરનો વેરો માફ કરવાની જાહેરાત કરી છે. રાજયના ખેડૂત તરીકે માનનીય નાણામંત્રીશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય કૃષિમંત્રીશ્રીનો હું હૃદયપુર્વક આભાર માનું છું અને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત અને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવો તથા એને આર્થિક રક્ષણ મળી રહે તે માટે રાજયમાં ત્રણ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. એ પૈકીની પહેલી યોજના ટેકાના ભાવથી ખરીદી કરવાની યોજના. પાક પેદાશો ખર્ચ અને અન્નના અંદાજીત ભાવને લઈને આ યોજનાનો અમલ થઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર રાજય સાથે પરામર્શ કરીને આ ટેકાના ભાવો દર વર્ષે જાહેર કરે છે. એના અનુસંધાને આ રાજયમાં જયારે આવી જરૂરિયાત પડે ત્યારે એની ખરીદી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહજી હમણાં વાત કરતા હતા, એના અનુસંધાને હું આ સન્માનનીય ગૃહ સમક્ષ એક હકીકત રજૂ કરું છું કે ૨૦૦૧-૦૨ના વર્ષમાં બજારમાં ૨૦.૬૦ કરોડ રૂપિયાની ટેકાના ભાવે ખરીદી થઈ છે. મકાઈમાં ૩.૫૫ કરોડ, કપાસમાં ૧.૮૬.૯૭, મગફળીમાં ૧૫૫.૬૩, રાયડો ૧૯ કરોડ, અડદ ૫.૨૮ કરોડ ૨૦૦૩-૦૪માં ૨૭.૧૩ કરોડ, મકાઈમાં .૩૫, ચણામાં ૫.૩૬, કપાસમાં ૫૫ કરોડ, રાયડામાં ૩૧૯.૯૪, કપાસમાં ૨૭૨.૦૦ કરોડ અને રાયડામાં .૦૭ કરોડની ખરીદી રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે અને ૨૦૦૫-૦૬ દરમ્યાન કપાસ અને રાયડા બંને ખરીદવાની પ્રથા ચાલે છે. મારે આ સન્માનનીય ગૃહના સર્વે સભ્યશ્રીઓને જણાવવાનું છે કે ૨૦૦૫-૦૬ના ટેકાના ભાવે કપાસની ખરીદીના ૫૪ કેન્દ્રો જાહેર કરવામાં આવેલા છે અને ૨૩/૩/૨૦૦૬ સુધીમાં ૨૭૨.૦૨ કરોડના મૂલ્યનો કપાસ જથ્થો ૧૩.૮૬ કિવન્ટલ ખરીદ કરવામાં આવેલો છે. ચાલુ વર્ષે રાયડાના ભાવ ટેકાના ભાવ કરતાં નીચા જતાં તા. ૨૨-૩-૨૦૦૬ થી રાયડાની ખરીદી પણ ચાલુ કરવામાં આવેલ છ. આ સન્માનનીય સભ્યશ્રીઓ દ્વારા માનનીય કૃષિ મંતીશ્રીને આ રાયડાના ટેકાના ભાવે ખરીદી કરવા માટેની રજૂઆત કરી તો ૨૭ કેન્દ્રો ઉપરથી ખરીદી શરૂ કરવામાં આવી અને એમાં મહેસાણાના સેન્ટર ઉપરથી રૂા. ૩.૨૮ લાખની કિંમતના ૪૨૫ કિવન્ટલ રાયડાની ખરીદી કરવામાં આવી છે. તો રાજય સરકારના આ એક અદ્દ્ભૂત પ્રકારનું આગોતરું આયોજનના કારણે જયારે આ ખરીદી શરૂ થઈ છે ત્યારે હું માનનીય કૃષિમંત્રીશ્રીને આ ખરીદી કરવા બાબતે હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે યોજના છે એ માર્કેટ ઈન્ટરવેન્શનની યોજના છે એમાં ટેકાના ભાવ કરતાં જયારે ભાવ નીચે જાય અથવા તો જો માલ બગડી જાય દા.ત. ડુંગળી, ઈસબગુલ, જીરૂ, લસણ, વરીયાળી અને ચીકોડી જેવા પાકો બહુ લાંબા સમય સુધી ટકી શકતા નથી એવા સંજોગોમાં એના ઉત્પાદન ખર્ચનો અભ્યાસ કરીને વળતરરૂપ ભાવો ભારત સરકારના સહયોગથી રાજય સહકારી સંસ્થાઓ દ્વારા ખેડૂતોની પાસેથી ખરીદી કરવામાં આવે છે એમાં કેન્દ્ર સરકારનો ૫૦ ટકા હિસ્સો અને રાજય સરકારનો ૫૦ ટકા હિસ્સો હોવાના કારણે અગાઉથી આ યોજનામાં કેન્દ્ર સરકારની અનુમતિ લેવી પડતી હોય છે. ખેડૂતોને આર્થિક રક્ષણ આપવાની યોજના બાબતમાં આપણા રાજયમાં (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ઉલ્લેખ થયો એ પ્રમાણે કૃષિ રથ અને સોઈલ હેલ્થ કાર્ડ એ બહુ મહત્વની બાબત છે. આના આધારે સમગ્ર રાજયમાં પાકોનું વાવેતર થાય છે. ડીમાન્ડ અને સપ્લાય ઉપર ભાવો આધારિત હોય ત્યારે કેટલાક વિસ્તારમાં કેવી રીતે વાવેતર કરવું એના માટેનું આયોજન કરવા માટે આ રાજય સરકાર અને એના કૃષિ વિભાગે જે કૃષિ રથ માટેનું આયોજન કર્યુ છે અને એની મારફતે આ ગુજરાતના ખેડૂતોને સંપૂર્ણપણે માર્ગદર્શન આપવામાં આવશે અને આ ખૂબ જરૂરી પણ છે અને એના કારણે હું માનું છું ત્યાં સુધી ભાવ મેળવવામાં કોઈ તકલીફ નહીં રહે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે બાગાયતી પાક, ફળફળાદી પાક અને ઔષધીય પાકો આ એક જ પાકોનું વાવેતર દા.ત. જુદા જુદા પાકોનું વાવેતર કરીને આ રાજયના ખેડૂતને પોષણક્ષમ ભાવો મળી રહે એના માટેનું રાજય સરકારે વ્યવસ્થિત આયોજન કર્યુ છે એના માટે હું અભિનંદન પાઠવીને મારું વકતવ્ય પૂરું કરું છું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ખેતી એ દિનપ્રતિદિન ખર્ચાળ થતી જાય છે. નાના સીમાંત ખેડૂત હોય કે મોટા ખેડૂત હોય માંડ ૧૦ થી ૧૫ ટકા ખેડૂતો કે એમના કોઈ પુત્રોનો કોઈ બીઝનેશ હશે, બાકી ૯૦ ટકા ખેડૂતો તો પોતાના ખેતીના વ્યવસાય સાથે પોતાના કુટુંબનું ગુજરાત ચલાવે છે અને સંપૂર્ણપણે ખેતી ઉપર નિર્ભર છે. તો જયારે આ ખેતી ખર્ચાળ થઈ છે ત્યારે જે ઉત્પાદન થાય છે એના પૂરતા પ્રમાણમાં ભાવો મળે, વાજબી ભાવો મળે તો જ આ ખેડૂત બેહાલભરી પરિસ્થિતિમાંથી બચી શકે તેમ છે. ખેડૂત આજે એનો જે માલ ઉત્પાદન કરે એ માર્કેટ યાર્ડમાં લાવે છે, પરંતુ એમાં વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે ખેડૂત આ જે પાક વાવે છે એ એનો

ઉછેર કરીને એની પાછળ ખૂબ મહેનત અને ખર્ચ કરીને એ પાક તૈયાર કરતો હોય છે અને એની પાસે આ તૈયાર થયેલ પાકને સંગ્રહ કરવા માટે પોતાની પાસે કોઈ સાધનો નહીં હોવાના કારણે એ ખેડૂતને ખેતરમાં તૈયાર થયેલ પાકને સીધેસીધો વેપારીને આપી દેવો પડે એવી પરિસ્થિતિ નિર્માણ થાય છે અને ત્યારે એમને ભાવો મળતા નથી ત્યારે માર્કેટ યાર્ડમાં આ ખેડૂતો માલ લઈ જાય એ પહેલાં ખેડૂતોને ખેતરમાંથી જ સીધેસીધો માલ વેચવો પડે એવી પરિસ્થિતિ નિર્માણ થઈ છે. તેના કારણે ખેડૂતોને સહન કરવાનું આવે છે. ખાસ કરીને અત્યારે જે પરિસ્થિતિ સૌરાષ્ટ્રમાં છે એમાં ડુંગળીની પરિસ્થિતિ છે તેના કારણે ખેડૂતો બેહાલ થયા છે. ડુંગળીનું વાવેતર થયું છે પણ માલ માર્કેટ યાર્ડમાં ગયા પછી એવા પ્રસંગો બન્યા છે કે ચાર ચાર કે પાંચ પાંચ દિવસ સુધી એ ખેડૂતો માર્કેટ યાર્ડમાં ધ્રુસકે ધ્રુસકે રડતા હોય તેવા પ્રકારની પરિસ્થિતિ મહુવા માર્કેટ યાર્ડમાં ખેડૂતોએ નજરે નજર જોઈ છે. એટલે રાજય સરકારને અને માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ડુંગળીનું ઉત્પાદન થયું છે અને ખેડૂતો ઉત્પાદક છે અને તેનું ઉત્પાદન વધ્યું છે તેના કારણે આ ખેડૂતોને જો વાજબી ભાવો આપવામાં ન આવે તો આવનારા પાંચ વર્ષમાં આ ખેડૂતો બેઠા થઈ શકે તેવા સંજોગો નથી. ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે આપના મારફત વિનંતી કરવાની છે કે ખેડૂતો જે ડુંગળી પકવે છે એ ખેડૂતોને ડુંગળીના ભાવો પૂરતા પ્રમાણમાં અને વાજબી પ્રમાણમાં મળે તેવી રાજય સરકારને આ ખેડૂતો વતી હું હૃદયપૂર્વક અને નમ્રતાપૂર્વક વિનંતી કરું છું. સાથો સાથ ઘઉંના ઉત્પાદનમાં પણ પાક તૈયાર થઈ અને બજારમાં આવવાનો શરૂ થયો છે. ત્યારે ઘઉંના ભાવો પણ આ ખેડૂતોને પૂરતા પ્રમાણમાં અને વાજબી પ્રમાણમાં મળે તેવી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. અને આ ખેડૂતો દ્વારા ઉત્પન્ન થયેલો માલ માર્કેટ યાર્ડમાં આવે ત્યારે બારોબાર વેપારીઓ અને માર્કેટ યાર્ડ બન્નેની સિન્ડિકેટના કારણે વાજબી ભાવો આ ખેડૂતોને માર્કેટ યાર્ડમાં જે મળવા જોઈએ તે મળતા નથી. એટલે આવા માર્કેટ યાર્ડમાં સંપૂર્ણ પણે વ્યવસ્થિત રીતે તંત્રની ગોઠવણ કરી અને સંગીન અમલીકરણ દ્વારા માર્કેટ યાર્ડમાં ખેડૂતોનું શોષણ ન થાય તે અંગે માનનીય મંત્રીશ્રી વ્યવસ્થિત રીતે પ્લાનિંગપૂર્વક આયોજન કરે અને ખેડૂતોને મદદરૂપ થાય તેવી આપના મારફત વિનંતી કરું છું, વાજબી ભાવો મળે અને ખેડૂતો બેહાલ થતા અટકે અને ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળે તે પ્રકારનું આયોજન રાજય સરકારે કરે તેવો આપના મારફત અનુરોધ કરું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બળવંતસિંહ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળવા જોઈએ તેના માટે આ ગૃહ અને રાજય સરકાર પણ સંમત છે. પણ જો પૂરા પ્રમાણમાં ઉત્પાદન ન આવે અને ભાવો વધે તેનાથી ખેડૂતો સધ્ધર થવાના નથી. એટલે રાજય સરકારે આ ખેડૂતોને સધ્ધર કરવા માટે અને ઉત્પાદન કઈ રીતે વધે અને ખેડૂતો કઈ રીતે સુખી થાય તેના માટે લાંબાગાળાનું આયોજન કર્યુ છે. ગયા વર્ષની અંદર આ રાજય સરકારે કૃષિ રથ કાઢ્યા, અને તેના કારણે ખેડૂતોને પૂરતું માર્ગદર્શન આપવામાં આવ્યું કે ખેડૂતોએ કયા પ્રકારનું વાવેતર કરવું, કયા પ્રકારનું ખાતર નાખવું, અને કયા પ્રકારની દવાનો છંટકાવ કરવો તેનાથી રાજય સરકારે ખેડૂતોને વધુ ઉત્પાદન થાય તેના માટે માર્ગદર્શન આપ્યું. ગામડાંમાં એવું હોય કે એક ગામમાં એક વર્ષે વધારેમાં વધારે કોઈ પણ વસ્તુનું વાવેતર થાય અને તેના ભાવો નીચા જાય તો બીજા વર્ષે ખેડૂતો તે વસ્તુ વાવતા જ નથી. બીજા વર્ષે ઉત્પાદન ઓછું થાય અને તેના કારણે ભાવો ઊંચા મળે. આ રાજય સરકારે દરેક જગ્યાએ જે વાવેતર થાય છે એમાં શાકભાજીનું વાવેતર થાય, ફળફળાદિનું વાવેતર થાય, ઘઉંનું વાવેતર થાય, આમ કયા વિસ્તારમાં કયા પાકનું વાવેતર કરવું, કયાં કપાસનું વાવેતર કરવું, આ રીતે સપ્રમાણ ખેતી થાય તો સો ટકા ભાવો મળે છે. હમણાં માનનીય સભ્યશ્રી પુંજાભાઈ ઘઉંના ભાવો અંગે વાત કરતા હતા, તો ખરા અર્થમાં કેન્દ્ર સરકાર દ્વારા, ઘઉંનું આટલું બધું ઉત્પાદન ગુજરાતમાં થતું હોવા છતા જો ઘઉંની આયાત કરવામાં આવે તો તેના કારણે ઘઉંના ભાવો નીચા જતા હોય છે. તેથી ભાવોનું કન્ટ્રોલિંગ ખરા અર્થમાં કેન્દ્ર સરકાર પાસે છે. કપાસના ભાવો નીચા હોય તો કેન્દ્ર સરકારે રૂ ની આયાત ઉપર વધારે ડ્યૂટી નાખવી જોઈએ તો કપાસના ભાવો ઊંચા જાય, તેલિબિયામાં પણ વધારેમાં વધારે નિકાસ કરવામાં આવે તો તેલિબિયાંના ભાવો પણ ઊંચા જતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલા આપણે ત્યાં નવ હજાર કરોડનું ઉત્પાદન થતું હતું એ આ ત્રીજા વરસે ૨૫ હજાર કરોડ રૂપિયે પહોંચાડયું છે. ૮૫ લાખ હેકટરમાં ખરીફ પાકનું વાવેતર થયું. ૨૭ હજાર હેકટરમાં રવિ પાકનું આયોજન થયું અને એમાં ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન ૬૨.૭૬ મેટ્રિકટન થયું. તેલીબિયામાં ૫૦ હજાર મેટ્રિકટન થયું જ્યારે રૂમાં ૭૫ લાખથી વધારે ગાંસડીઓનું ઉત્પાદન થયું છે. મને યાદ છે કે ૧૫ વર્ષ પહેલા ગામડાંની અંદર હીરા ઉદ્યોગમાં કોઈ ગયું નહોતું એ સમયે આ ગામડાંની પરિસ્થિતિ એવી હતી કે આપણે વાવેતર ન કરવું હોય તો વેપારી પાસે ખેડાણનામું મંડાવતા હતા. માર્કેટ યાર્ડમાં માલ નહોતો જતો. ઉત્પાદન થાય એ પહેલા ખળાવાડમાંથી વેપારી પાસે માલ જતો હતો. ખેડૂતો ત્યારે લૂંટાતા હતા. અત્યારે ખેડૂતોના માલનું ઉત્પાદન થયા પછી માલને તૈયાર કરી એના ઘરની અંદર રાખે અને માર્કેટમાં સારા ભાવ લાગે ત્યારે પોતાનો માલ લઈને જાય અને વેચે છે. આ જમાનામાં આપણે ખરેખર કોંગ્રેસી મિત્રો જાણે છે કે ૧૫ વર્ષ પહેલા ખેડૂતોની અવદશા કેવી હતી, ખેડૂતોની સ્થિતિ કેવી હતી. આપણા આતાના ચોયણા ઉપર થીગડા માર્યા

હોય તો જૂનું કપડું અને નવું કપડું કયું એની ખબર ન પડે એવી સ્થિતિમાં ગામડાંના ખેડૂતો હતા એમાંથી આજે બહાર આવીને ખેડૂત હોન્ડા ફેરવતો થયો છે. લિફ્ટ ઈરિગેશન દ્વારા પિયત કરતો થયો છે. ઘેર ઘેર ખેડૂતોએ ટ્રેકટરો વસાવ્યા છે. ઘઉં કટરથી કાપવામાં આવે છે. આપણે ઘઉં લઈએ પછી એમાં ફૂટ ભાંઠા રહી જાય એને લોકો બાળી દેતા હતા. એના બદલે હવે એના માટે આધુનિક ટ્રેકટર પડધરી તાલુકાના નારાયણકાકાને બનાવ્યું છે એ ટ્રેકટર દ્વારા ભાંઠાના નાના નાના ટુકડા કરીને ખેતરમાં રહી જાય છે પછી એની ઉપર ખેતી થઈ જાય છે અને આવતા વરસે એનું ખાતર થાય અને એના લીધે વધારે ઉત્પાદન થાય. એ જ રીતે કપાસની સાંઠી છે એના બાળી નાખવામાં આવતી હતી. એને પણ આ કટર મશીનથી જીણી જીણી કટકીઓ કરી નાખવામાં આવે એ પછી જમીનમાં ભળી જાય એના ઉપર ખેડ પણ થઈ જાય અને પછીના વરસે એનું ખાતર બની જાય.

આ રાજય સરકારે ખેડૂતોને ખેતરમાં પિયત કરવું હોય, ખાતર નાખવું હોય, પોતાના ઘરમાં પૈસા ન હોય તો કિસાન ક્રેડિટ કાર્ડ આપવાથી આ રાજયના ખેડૂતો ઉન્નત મસ્તકે શહેરમાં જઈ શકે છે. બેંકમાંથી પૈસા ઉપાડીને ખાતર કે બિયારણ લાવી શકે છે. આ રીતે રાજય સરકારે લાંબા ગાળાનું આયોજન કરી ખેડૂતો કેમ સદ્ધર થાય એના માટેનો વિચાર કર્યો છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને સમર્થન કરવા ઊભો થયો છું.

ખેડૂતોની વાત છે અને પોષણક્ષમ ભાવની વાત છે એમાં અમારા મિત્ર બેચરભાઈ વાત કરતા હતા, માનનીય મોહનભાઈ વાત કરતા હતા. માત્ર આ વાત કરવાથી પોષણક્ષમ ભાવ મળતા નથી. માનનીય મોહનભાઈએ ભારત સરકારની પણ વાત કરી. મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે ભારત સરકારે આજની તારીખે પણ રાયડાનો ટેકાનો ભાવ ૩૪૪ ભાવ જાહેર કરેલો છે. ગુજરાતની અંદર એક પણ તાલુકામાં એક પણ ગામમાં એક પણ જિલ્લામાં આનો અમલ થતો નથી. તો એનો અમલ કરાવવાની જવાબદારી કોની? અમલ કરાવવાની જવાબદારી કેન્દ્રની છે? કેન્દ્રે તો ભાવ બાંધી આપ્યા કે ૩૪૪ રૂપિયે રાયડાની ખરીદી કરવી. તો કેમ ખરીદતા નથી? આપણે એ ખરીદનાર લોકોને લાઈસન્સ આપીએ છીએ, બીજી અનેક સુવિધાઓ રાજય સરકાર આપે છે, એના ઉપર રાજય સરકારનો કન્ટ્રોલ છે. ભાવ કેન્દ્રમાંથી નક્કી થયા એટલે ખેડૂતોને એ ભાવ અપાવવા એને અમલમાં મુકાવવાની જવાબદારી ગુજરાત સરકારની છે. આજે એ નથી થતું એનો પ્રત્યક્ષ દાખલો રાયડાનો છે. આજે ૨૮૦ના ભાવે રાયડો વેચાય છે જ્યારે ભારત સરકારનો ટેકાનો ભાવ ૩૪૪ છે છતાં પણ આજે ગુજરાત સરકારમાં એનો અમલ નથી થતો એ દુ:ખની વાત છે. ટેકાના ભાવ સાથે અમારા પ્રસ્તાવની અંદર માનનીય બલવંતસિંહભાઈએ કહ્યું છે કે એનું આગવું આયોજન શું થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં ફરિયાદ પણ કરી છે. આમાં ગેરરીતિઓ પણ થાય છે. મંત્રીશ્રીને અને બધાને ફરિયાદ આપી છે. એ રોકવાની જવાબદારી આપણાં સૌની છે. સરકારની છે. ગમે તે ચમરબંધી ખેડૂત સાથે ઠગાઈ કરે તેને પૂરેપૂરી શિક્ષા કરો. અમે લેખિત આપ્યું છે. સાથે સાથે અત્યારે બધા જ વાતો કરે છે. ટેકાના ભાવે માર્કેટ વેચે છે. પરંતુ નર્મદાનું પાણી બે વર્ષમાં આખા ગુજરાતમાં મળવાનું છે. જ્યારે આજના કરતા ૨૦૦ ગણો પાક વધવાનો છે. આજે માલ આવે છે તેની માર્કેટયાર્ડમાં ક્ષમતા નથી. તો જ્યારે બે જ વર્ષમાં ૨૦૦ ગણો માલ વધશે, ૨૦૦ ગણી આવક વધશે તે દિવસે ખેડૂતનો માલ રોડ ઉપર મૂકવો, ખેતરમાં વેચવો કે કયાં લઈ જવો એ પરિસ્થિતિ ઉભી થશે. તેના માટે આગવું આયોજન કરવાની જરૂર છે. આ પ્રસ્તાવનો હેતુ એ છે કે તમે આગવું આયોજન શું કરવાના છો કે તેના ભાવ ટકી રહે. બે વર્ષ પછી ખેડૂતને તેના ખેતરમાં જે ભાવ આવે તે ભાવે વેચવું પડશે. કારણ કે કયાંય જગ્યા જ નહીં હોય. આજની તારીખે નથી તો ૨૦૦ ગણું ઉત્પાદન વધી જશે તે દિવસે આ માલ કયાં જશે? તેના માટે કોઈ માલ વેચવા માટે એકસપોર્ટ કરવા માટે, બીજાં રાજયમાં મૂકવા માટે રાજય સરકારે તેની ખરીદી માટે કોઈ આયોજન કરેલ છે? આટલો અઢળક પાક પાકશે તે દિવસે લેવાવાળો વેપારી નહીં હોય. માલ મૂકવો કયાં? મિલોની કેપેસિટી એટલી જ છે કે જ્યારે ૨૦૦ ગણો માલ આવે ત્યારે મિલો કયાંથી લાવશો? એ માલ બીજાં રાજયમાં કે બીજાં દેશમાં મૂકવા માટેનું આયોજન કરવાની જવાબદારી સરકારની છે કે બે વર્ષ પછી ખેડૂતનો મબલખ પાક વધવાનો છે તો તેને કયાં મૂકવો? તેનું પણ આયોજન આજથી કરશો ત્યારે બે કે ત્રણ વર્ષે ઠેકાણું પડશે. બાકી ખેડૂત આજે તો બરબાદ છે. પણ એ દિવસે તો બિલકૂલ કંગાળ થઈ જશે. પાક ઢોરોને ખવડાવવો પડશે. ઢોર પણ નહીં ખાય એ હાલત થશે. તેના માટે આગવું આયોજન આજથી લઈને આજથી નવા માર્કેટયાર્ડ માલ બહાર એકસપોર્ટ કરે. બીજાં દેશની અંદર મંત્રીશ્રી જઈ આવે. અમે રજા આપીએ છીએ કે સરકાર તરફથી બાજુના તમામ દેશોમાં ફરીને ગુજરાતનો પાક વધારે થાય છે તે અહીંથી એકસપોર્ટ થાય અને ખેડૂતોને તેનો લાભ મળે એ પણ આજથી કરે તો ત્રણ વર્ષે પૂરું થશે. બાકી જે દિવસે આવશે તે દિવસે કરશો તો આ એક દિવસનું કામ નથી. માર્કેટયાર્ડ ઉભા કરવા એમાં બે-ત્રણ વર્ષ લાગશે. કારણ કે તેની જમીન મળતા જ બાર મહિના બે વર્ષ લાગે છે. તો પછી તેનું બાંધકામ થતાં વાર લાગશે. બાંધકામ થશે તો માલ લેવાવાળો નહીં હોય. માટે તેનું આયોજન આ વાતને ખૂબ ગંભીરતાથી લઈને કરવું જરૂરી છે. કારણ કે તે દિવસે ખેડૂત બિલકૂલ કંગાળ થઈ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, બિયારણ માટે પણ કંઈ નવું સંશોધન કરો. આપણે કયાં સુધી હૈદરાબાદનું બિયારણ, બહારનું બિયારણ કર્યા કરીશું? આપણે પણ કંઈક સંશોધન કરો. આપણી યુનિવર્સિટીમાં કોઈ જોગવાઈ કરી છે કે નવા નવા સંશોધન કરીને ખેડૂતોને આપી શકાય અને ખેડૂતો તેમાંથી અઢળક માલ લઈ શકે એવું આયોજન કરો એવી વિનંતી છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બલવંતસિંહ જે ટેકાના ભાવ અંગેનો પ્રસ્તાવ લાવ્યા છે તેમાં તેના હાર્દ સાથે સંમત થવાય, પણ અમારી સરકારે જે કર્યું છે એ હું આ સભાગૃહ સમક્ષ કહેવા માગું છું. પહેલાં કોઈ માર્કેટયાર્ડો નહોતા (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પુંજાભાઈ, પ્લીઝ. ગોવાભાઈ, પ્લીઝ બેસી જાવ.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : મારી વાત સાંભળો, તમે જે કહ્યું તે મેં સાંભળ્યું. પહેલાં સીમિત માર્કેટયાર્ડ હતા. પણ આ સરકાર આવ્યા પછી તાલુકાદીઠ માર્કેટયાર્ડ કરવાની પરવાનગી આપી અને માર્કેટયાર્ડ થવાને કારણે પોષણક્ષમ ભાવો આપણને મળતા ગયા છે. પહેલાં વેપારી લૂંટતો હતો. તેને લૂંટતો બચાવવાનું કામ જો કોઈ સરકારે કર્યું હોય તો તે આ સરકારે કર્યું છે. તાલુકાવાઈઝ માર્કેટયાર્ડની પરવાનગી આપીને ૩૦૦ માર્કેટયાર્ડ કર્યા છે. તેના પછી મોર્ડન માર્કેટયાર્ડ જે અદ્યતન માર્કેટયાર્ડ બીજાં દેશોમાં છે એવા માર્કેટયાર્ડ તૈયાર કરીને ખેડૂત સીધો ખરીદદાર પાસે જાય, વચેટીયો ન રહે અને તેને પોષણક્ષમ ભાવો મળે તેના માટે પણ સરકાર તૈયારી કરી રહી છે.એમાં બેંગ્લોર, નાસિક, મધ્યપ્રદેશમાં શિહોરીમાં એવા મોર્ડન માર્કેટ યાર્ડ શરૂ થઈ ગયા છે. ગુજરાતમાં ટૂંક સમયમાં એ આકાર લેશે. આપણે કુદરત ઉપર હોઈએ છીએ. જ્યારે સારો વરસાદ આવે છે ત્યારે વિપુલ પાક થતો હોય છે અને આ પ્રશ્ન દરેકને મૂંઝવતો હોય છે અને એ વખતે સરકાર ટેકાના ભાવથી ખરીદી કરતી હોય છે. ગોવાભાઈએ રાયડો ૨૮૦ના ભાવે વેચાય છે. પણ એને નાફેડ અને ગુજકોમાસોલ દ્વારા ખરીદી થાય છે. એના ચેરમેન નટુભાઈ છે. એ ખરીદી ન કરે તો બીજા શું કરે. એમણે ગઈ વખતે ગોટાળા કર્યા એટલે આ વખતે ગભરાય છે અને આ વખતે ખરીદી કેન્દ્રો શરૂ ન કરતા હોય તો એમાં આપણે કરીએ શું? થોડા દિવસ પહેલાં મેં આ ગૃહમાં રજૂઆત કરી હતી કે, જીરુ અને ઇસબગૂલના ભાવ ૫ વર્ષથી તળિયે બેસી ગયા છે અને તળિયાના ભાવે પણ કોઈ ખરીદનાર નથી. ત્યારે કેન્દ્રમાં કૃષિ મંત્રીશ્રી શરદ પવારને મળ્યા હતા, અહીં કૃષિ મંત્રીશ્રીને મળ્યા હતા, મુખ્યમંત્રીશ્રીને મળ્યા હતા. એમણે મિટીંગ પણ યોજી. પણ ટેકાના ભાવથી ખરીદવાની પરવાનગી આપતા નથી અને આજે પણ વિનંતી કરું છું કે, ખેડૂતોને બચાવવા હોય તો કેન્દ્રના કૃષિ મંત્રીને મળીને આ એક પ્રયત્ન કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર ખેડૂત વિરોધી હોતી નથી. લાઈટમાં પણ સબસિડી આપે છે. પણ ઉત્પાદન ખર્ચ એટલો બધો છે. જેના કારણે એને પહોંચી વળી શકાતું નથી. પણ જે સરકારની નીતિ છે જે નવી નવી પદ્ધતિ અપનાવે છે જેના કારણે પાક વિપુલ થશે એ પ્રમાણે વેરહાઉસીંગ ઊભા કરવા પડશે, સૅન્ટર ઊભા કરવા પડશે અને સરકાર આ અંગે સખત ચિંતિત છે અને કૃષિ મંત્રી ખેડૂત પુત્ર છે અને એ વર્ષોથી જ્યારે જ્યારે સત્તાસ્થાને હોય છે ત્યારે કૃષિ ખાતુ સંભાળતા હોય છે. ત્યારે એમના હ્રદયમાં ખેડૂતોની ભાવના હોય એ સ્વાભાવિક છે. દરેક ખેડૂત સક્ષમ હોતો નથી. એને વ્યવહાર કરવો હોય ત્યારે એકી સાથે લાવતો હોય છે. આપણે આ મોર્ડન માર્કેટ યાર્ડમાં ઈન્ટરનેટ દ્વારા ભાવોની સરખામણી કરવાના છીએ. એટલે ધીરે ધીરે જેમ ઉત્પાદન વધશે એમ નવી નવી પદ્ધતિઓથી આપણને પોષણક્ષમ ભાવો આપવાનું સરકાર કરતી આવી છે અને કરશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ભાઈશ્રી બળવંતસિંહ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એ ગુજરાતની ૬૦-૬૫ ટકા પ્રજા જે ગામડાઓમાં રહે છે અને ખેતી સાથે સંકળાયેલ છે એમના જીવનને એ અસર કરે છે. આપણા વડવાઓએ ભૂતકાળની અંદર જે ગ્રીન રીવોલ્યુશનની કલ્પના કરી હતી અને એ કલ્પના સાકાર એટલા માટે થઈ કે, ખેડૂતોને નવી નવી ટૅક્નૉલૉજી આપી, પ્રોત્સાહન આપ્યું અને પોષણક્ષમ ભાવો મળ્યા અને એના કારણે આજે દેશ છે એ અનાજના ક્ષેત્રમાં સ્વાવલંબી બની શક્યો છે. હવે એનાથી આગળનું પગલું ભરવાનું છે. ટૅક્નૉલૉજીનો ઉપયોગ થાય પણ એમને પોષણક્ષમ ભાવો નહીં મળે તો ખેડૂત હતાશ થવાનો છે અને જે ગતિ કરે છે એ ગતિમાંથી પાછા ફરવા જેવું પગલું આ બને એ ખૂબ ચિંતાનો વિષય છે કે, વર્ષ દરમિયાન ૨૫-૩૦ પાકનું વાવેતર થતું હોય એમાં જે મુખ્ય પાક હોય એના પોષણક્ષમ ભાવ મળતા નથી. અહીંયાં ગેરસમજ એ નથી કરવાની કે, તળિયાના ભાવની વાત છે, તળિયાના ભાવ તો છે જ. પણ ગુજરાતના ખેડૂતો માટે મોટા ભાગે સિંચાઈની વ્યવસ્થા છે એ એ પ્રકારની છે કે જેમાં વીજળીનો ઉપયોગ કરવાનો છે, એણે મોંઘી વીજળી વાપરવાની છે. અને એની પાછળ જે ખર્ચ થવાનો છે એ ખર્ચ વધારે છે એના કારણે ગુજરાતના ખેડૂતોને પાક મોંઘો પડે છે અને એના કારણે વારંવાર ભૂતકાળની સરકારોએ આ જે ખેડૂતોને એના પોષણક્ષમ ભાવથી તળીયાના ભાવ જ્યારે જ્યારે નીચે ગયા હોય ત્યારે ત્યારે સરકારે એમને મદદ કરી છે. અગાઉની ચીમનભાઈની સરકાર હતી એમણે પણ અમૂક પાકોના જ્યારે ભાવ નીચે ગયા ત્યારે ૧૦૦ કરોડ

રૂપિયા ખરીદી કરવા માટે આપ્યા હતા. આજ રીતે કપાસના ભાવ નીચે ગયા ત્યારે પણ શંકરસિંહ વાઘેલાની સરકારે ખરીદ કરવા માટે ગુજકોટને ૧૦૦ કરોડ રૂપિયા આપ્યા હતા અને આજે પણ મહારાષ્ટ્રની અંદર જે કપાસની મોનોપોલી ખરીદીની છે એમાં દર વર્ષે જે ટેકાના ભાવો છે એના કરતા વધારે ભાવ ખેડૂતોને મળે એટલા માટે દર વર્ષે ૮૦૦ થી ૧૦૦૦ કરોડ રૂપિયા મહારાષ્ટ્રની સરકાર ખેડૂતોને વધારે પૈસા આપે છે. જ્યારે આપણી સરકાર છે એ ભગવાન ભરોસે છોડી દે છે. કપાસની સ્થિતિ આ વખતે સારી છે. આજે ગુજરાતની અંદર કપાસના ખેડૂતોની સ્થિતિ ખૂબ સારી છે. (અંતરાય) મહારાષ્ટ્રના નહીં આખી દુનિયાના લોકો અહીં કપાસની ખરીદી કરવા માટે આવે છે. આભાર માનવો હોય તો યુ.પી.એ.ની સરકારનો માનવો જોઈએ કે એણે એવી નીતિ ઉભી કરી કે આજે દુનિયાના ખેડૂતો, દુનિયાના વેપારીઓ ગુજરાતની અંદર, દેશની અંદર ખરીદી કરવા માટે આવે છે પણ કપાસ કરતા અત્યારે ચિંતા છે જે સૌરાષ્ટ્રના લોકો છે એમને ખબર છે કે આખા સૌરાષ્ટ્રની ઈકોનોમી, આર્થિક સ્થિતિ છે એનો મગફળીના ઉત્પાદન ઉપર આધાર છે.

મોહનભાઈ હમણાં બોલતા હતા, કૃષિરથની વાત કરી, માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્રોને એવો ભ્રમ છે કે કોઈ રથ કાઢીએ એટલે એના પ્રશ્નનું નિરાકરણ આવી જાય. આરોગ્ય રથ કાઢીએ એટલે રોગોની કોઈ દિવસ અસર ન થાય. એકતા રથ કાઢીએ એટલે એકતા થઈ જાય. કૃષિરથ કાઢીએ એટલે એના ભાવ પણ મળી જાય, ચિંતા નહીં કરવાની. અમારા એક ધારાસભ્ય છે એ એમ કહે છે કે કોઈ ખેડૂત એમ કહે કે વીજળી નથી આવતી તો શું કરવું? તો કહે કે જયશ્રી રામ બોલવું એટલે વીજળી આવી જાય. આ ભ્રમમાંથી બહાર નીકળી જવાની જરૂર છે. ખેડૂતોને ખરા અર્થમાં મદદ કરવી જોઈએ એ થતી નથી. આજે મગફળીના ભાવ એ ૪ મહીનાની અંદર ૪૧૫માંથી ઘટીને ૩૧૫ રૂપિયા થાય છે અને એ ૩૧૫ રૂપિયાથી કોઈ લેવાવાળું નથી. ડુંગળી ઉત્પાદક છે એ ડુંગળીનો ઉત્પાદક આજે રડે છે અને એને આશ્વાસન આપવાવાળું કોઈ નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ સ્થિતિ છે, ખેડૂતોની ડુંગળીના ઉત્પાદકોની મગફળીના ઉત્પાદકોની, મારી આપના મારફત વિનંતી છે કે જે સૌરાષ્ટ્રની અંદર સૌરાષ્ટ્ર ઑઈલ મીલ એસોસીએશન છે જે સોમાના નામથી ઓળખાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રીનું એમણે સન્માન કર્યુ હતું એના પછી આ ભાવ ઘટયા છે એટલે બંન્ને વચ્ચે શું રંધાયું કે આજે જે ખેડૂતો છે મગફળીના ઉત્પાદક ખેડૂતને, ડુંગળીના ઉત્પાદક ખેડૂત અને બીજા જે ઉત્પાદકો છે એ ઉત્પાદકોને આજે કોઈ લેવાલ નથી અને માનનીય કૃષિ મંત્રીશ્રીને વિનંતી છે કે આ ખેડૂતો છે એમને રાતે પાણીએ રોવાનો વખત આવ્યો છે. એમને મદદરૂપ થઈ શકાય એવી કોઈ જાહેરાત કરે, જેથી કરીને ખેડૂતોને રાહતરુપ થઈ શકે અને ખેડૂતો છે એના બાળકોને ભણાવવા માટે, એના રક્ષણ કરવા માટે કોઈ જાહેરાત કરે એવી આપના મારફત વિનંતી છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બલવંતસિંહ ખેડૂતો માટેની ચિંતા કરતો પ્રસ્તાવ લઈને આવ્યા છે. એમના હાર્દ સાથે સ્વાભાવિક રીતે જ બધા સહમત થઈએ. એમના પ્રસ્તાવમાં ચાલુ વર્ષની ચિંતા કરી છે અને આવતા બધા જ વર્ષો માટેના ખેડૂતોના પ્રશ્નોનો ઉકેલ શું હોઈ શકે એની ચિંતા કરી છે. બધાએ ચિંતા વ્યક્ત કરી એનું કારણ શું? એટલા માટે કે ભૂતકાળમાં ભવિષ્યનું આયોજન ન થયું અને એટલા માટે આ પરિસ્થિતિ પેદા થઈ છે. ભૂતકાળમાં જો પ્લાનીંગ થયું હોત, ભૂતકાળમાં જો માર્ગદર્શન આપવાની વ્યવસ્થા કરી હોત તો આ પરિસ્થિતિ પેદા ન થાત. ખેડૂતોએ વર્ષો સુધી ચીલાચાલું ખેતી કરી. (અંતરાય) બધાને રસ હોય તો શાંતિથી સાંભળો, અંદરોઅંદર વાત ન કરીએ, સમય સીમિત છે. ભૂતકાળમાં માર્ગદર્શનનું આયોજન ન થયું, ચીલાચાલું ખેતીમાંથી ખેડૂત પોષણક્ષમ ભાવ કેમ નથી મેળવતો એના કારણોમાં જવાની કોઈ ચિંતા ન કરી એટલા માટે આ પરિસ્થિતિ ઊભી થઈ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપની પણ ૧૫ મિનિટની સમયની અવધિ છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે આ વિષયને ધ્યાનમાં રાખીને એના ઉકેલ માટે ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળે એટલા માટે આ વિષયના જાણકાર નિષ્ણાંતો, તજજ્ઞોની સાથે વિભાગના અધિકારીઓને બેસાડ્યા છે. આઈ.આઈ.એમ.ના તજજ્ઞો સાથે પરામર્શ માટે બે-ત્રણ વાર આખા દિવસ માટે કૃષિ મંત્રી તરીકે હું પણ બેઠો છું. આજે સરકારને એના ઉકેલ માટેની ચિંતા છે. અત્યાર સુધી કદાચ ખેડૂતોને મદદ થઈ હશે પણ ક્યારેય માર્ગદર્શન તો મળ્યું જ નથી. આ કૃષિ રથની ઠેકડી ઉડાવો છો પણ રાજ્ય સરકારના કૃષિ વિભાગનું કોઈ એક કામ થયું હોય તો એ માત્રને માત્ર આટલા વર્ષોમાં દેશમાં અને રાજ્યમાં માત્ર કૃષિ રથ દ્વારા પહેલીવાર થયું છે. આ કૃષિ મહોત્સવ દરમિયાન કૃષિ વિભાગની પ્રાથમિક કામગીરી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જો આમ જ ચાલવાનું હોય તો પછી મને લાગે છે કે પ્રસ્તાવ ગંભીરતાથી નથી લાવ્યા. ખેડૂત માટે તમે જે ભાવથી ભાષણો કર્યા છે, હું ગંભીરતાથી એ ભાવથી જવાબ આપું છું. તમારે પણ જવાબ એ ભાવથી સાંભળવો પડે.

કૃષિ વિભાગની પ્રાથમિક ફરજ છે કે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની કામગીરી કરવી. આટલા વર્ષોમાં આ ત્રણેય કામગીરી થઈ છે ખરી? પહેલીવાર આ રાજ્ય સરકારે આ કૃષિ મહોત્સવ દરમિયાન અને કૃષિ રથના માધ્યમથી આ કામગીરી કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ લેબ ટુ લેન્ડનું સૂત્ર આપ્યું એ પહેલીવાર. માર્ગદર્શન એ જ ઉપાય છે. મદદ એ હંગામી ઉપાય છે જ્યારે માર્ગદર્શન એ કાયમી ઉપાય છે. માર્ગદર્શનની સાથે

સાથે આ રાજ્ય સરકાર મદદ આપવા માગે છે. ખેડૂત એ અન્ય વ્યવસાયોની સરખામણીએ વધારે પરિશ્રમ કરે છે, જોખમ ઉઠાવે છે એ વાત સાથે આપણે સૌ સંમત છીએ અને એમાંથી એને પૂરતું વળતર ન મળે તો એ હતાશ થાય છે, નિરાશ થાય છે. છેલ્લા ૫૦ વર્ષમાં આ પરિશ્રમ અને જોખમની કિંમત સમજ્યા વિના કોઈ આયોજનના અભાવે મદદના થીગડાં કદાચ મારવામાં આવ્યાં હશે, પરંતુ આ સમસ્યાનો કાયમી ઉકેલ શું છે એમાં ઊંડા ઊતરીને એનો ઉકેલ ક્યારેય શોધવામાં આવ્યો નથી. એ ઉકેલ શોધીને વિસ્તરણની કામગીરી દ્વારા કૃષિ રથના માધ્યમ દ્વારા આનો ઉપાય વૈજ્ઞાનિકોના માધ્યમથી ગામડે ગામડે અને ખેતરે ખેતરે ખેડૂત સુધી જઈને એને આપ્યો છે કે તમે જે રીતે વાવેતર કરો છો, જેટલું વાવેતર કરો છો એમાં એને માર્ગદર્શન નથી મળ્યું એટલા માટે આ પરિસ્થિતિ ઊભી થઈ છે.

ડુંગળી અને કપાસની ચિંતા અહીં વ્યક્ત કરવામાં આવી. ખેડૂતોને જો ખબર હોય કે રાજ્યમાં અને દેશમાં કેટલી ડુંગળીની જરૂરિયાત છે, કેટલું વાવેતર થાય છે તો મારે એ વાવેતર કરવું કે કેમ? હું જો આ વાવેતર કરીશ તો મને ભાવ મળશે કે કેમ? હું આ સભાગૃહને પૂછવા માગું છું કે આપના દ્વારા કે આ માર્ગદર્શન ભૂતકાળમાં ક્યારેય આપવામાં આવ્યું હોય તો મને કોઈ કહે? આ રાજ્ય સરકારે આ કૃષિરથના માધ્યમથી આ માર્ગદર્શન રાજ્યના તમામે તમામ ગામડાંને ઘેર બેઠા ગુજરાત કૃષિનેટના માધ્યમથી આ તમામે તમામ માહિતી, પાક પ્રમાણે માહિતી આ તમામ ખેડૂતોને આપવા માગે છે અને બધા જ નિષ્ણાંતો, તજજ્ઞો અને જાણકારોનું કહેવું છે કે આ જ ઉપાય છે અને આ ઉપાય ચાલ્યો છે ત્યારે અમે જે રીતે કૃષિ મહોત્સવ દરમિયાન માર્ગદર્શન આપ્યું અને માર્ગદર્શન આપ્યા પછીના પરિણામો એ પણ હું તમારી સમક્ષ મૂકવા માગું છું અને આ પરિણામો આપણને બધાને ખૂબ આશ્ચર્યજનક રીતે એને અનુસરવા માટેની આમાંથી પ્રેરણા મળે. ખેડૂતો જ્યારે ચીલાચાલુ ખેતી કરે અને એક વિઘે ૩૦ થી ૪૦ કિલોનું મગફળીનું વાવેતર કરતો હતો. આ માર્ગદર્શન પછી એમને ૧૫ થી ૧૭ કિલો બિયારણ વાપરવાનું કહેવામાં આવ્યું. એક વિઘે જો ૧૫ કિલો બિયારણ બચે. પોષણક્ષમ ભાવ મળવા માટેનો એક માત્ર ઉપાય હોય તો આ જ ઉપાય છે કે સાચું માર્ગદર્શન મળ્યું, ઉત્પાદનમાં કોઈ ફેરફાર ના થયો, ઉત્પાદનમાં વધારો થયો, ઘટાડો નહિ થયો. પરંતુ જે ૧૫ કિલો બિયારણ એનું બચ્યું એ ૧૫ કિલો બિયારણની જે કિંમત એના નફામાં વધારો કરે કે ના કરે? અત્યાર સુધી આ પ્રકારનું કોઈ માર્ગદર્શન ના મળવાના કારણે એટલો ખર્ચ એનો વધતો જાય. વીજળી મોંઘી કોના કારણે થઈ એ મેં મારી માગણીઓમાં કહ્યું હતું કે આ રાજ્યનો ખેડૂત કોશથી ખેતી કરતો હતો. કયા કારણોસર આજે ખેડૂતને હજારો ફૂટ નીચે જવું પડ્યું? (અંતરાય) કુદરતી નથી, એનું કારણ તમે છો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એમને ૧૦૦ ફૂટથી પાણી આયોજનના અભાવે વીજળી ખર્ચ કેમ વધ્યું? આ જળસંચયનું પરિણામ આવ્યું એ અમે નથી કહેતા આખો દેશ અને દુનિયા કહે છે કે જળસંચયના સારા પરિણામો આવ્યાં છે અને જે ખડૂત ૧૦૦ હોર્સ પાવરની મોટર વાપરતો હતો એ આજે ૫૦ હોર્સ પાવરની મોટર વાપરે છે. જેમ બિયારણનો ખર્ચ બચ્યો એવી રીતે ૫૦ હોર્સ પાવરનો ખર્ચ બચ્યો એના ખર્ચમાં ઘટાડો થયો એ સીધો ઘટાડો છે. રાસાયણિક ખર્ચમાં આંકડા બોલું છું. સૌરાષ્ટ્રમાં આ માર્ગદર્શન પછી ૪૦,૦૦૦ મે.ટન રાસાયણિક ખાતરમાં ઘટાડો થયો છે. ચીલાચાલુ ખાતર જે વાપરતો હતો અને આ ૪૦,૦૦૦ રાસાયણિક ખાતરનો ખર્ચ કોણ ભોગવતું હતું? આ માર્ગદર્શન વગરનો ખેડૂત ભોગવતો હતો અને હવે જ્યારે માર્ગદર્શન મળ્યું એના પરિણામે ખાતરનો વપરાશ ઘટ્યો એ વધારાનું વાપરતો હતો એટલા માટે એની જમીન બગડતી હતી, ઉત્પાદન ઘટતું હતું અને ઉત્પાદન ખર્ચ વધતો હતો. આ બધું જ દ ટયું. દવામાં, રાસાયણિક દવામાં ખરીફ ૨૦૦૫માં ૭૫ લાખ રૂપિયાનો ભાવમાં ઘટાડો થયો છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ડુંગળીમાં (અંતરાય) રાયડાની ખરીદી શરૂ થઈ ગઈ છે, ગોવાભાઈને ખબર નથી, એમને ખબર નથી અને ડુંગળીના ભાવ મળે એટલે વાવેતર વધે, એને માર્ગદર્શન મળવું જોઈએ કે અત્યારે આટલી ડુંગળીનું વાવેતર કરવાનું છે, બાકી બીજા પાકનું વાવેતર કરે તો તેને ડુંગળીના ભાવ પણ મળશે અને બીજા પાકના ભાવ પણ મળશે. અને જે તમે તો આ વર્ષની જ ચિંતા કરો છો અમે કાયમની ચિંતા કરી છે અને આ કૃષિ ઉત્પાદન પછી જે આંકડાકીય માહિતી મને મળી છે, બિયારણના ખર્ચમાં, મગફળીમાં જે માસનો પહેલા ૬૦૫૦નો ખર્ચ થતો હતો એ માસનો પછી ૩૦૭૫નો ખર્ચ થાય છે, દવાના ખર્ચમાં, ખાતરમાં ૨૨૫૦નો ખર્ચ થતો હતો હવે એ ઘટીને ૧૭૦૦નો ખર્ચ થાય છે, પાણીમાં ૮૫૦નો ખર્ચ થતો હતો માસનો પછી ૨૫૦નો ખર્ચ થાય છે અને એના કારણે ઉત્પાદન એક હેકટરે મગફળીમાં ૪૧૨૫ રૂપિયાનો ઘટાડો થયો છે. આ આખી પ્રક્રિયા આ સેમ્પલ સરવેની પ્રક્રિયા છે, આ સેમ્પલ સરવેની પ્રક્રિયાના આધારે આખા રાજયમાં જો ખેડૂતો આને અપનાવે તો ફ્લોર ઉપર દાવા સાથે મારે કહેવું છે કે, કૃર્ષિ મહોત્સવ દરમિયાન આપવામાં આવતી, કૃષિ રથ દ્વારા આપવામાં આવતી, અમારા વૈજ્ઞાનિકો દ્વારા જે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે એનો ઉપયોગ જો ખેડૂતો બરાબર કરે તો, આ જે ખેડૂતોએ એનો અમલ કર્યો છે એના પરિણામો આવ્યા છે કે, ઉત્પાદન ખર્ચમાં દ ટાડો થયો છે અને ઉત્પાદન વધ્યું છે અને એના આધારે આગામી દિવસોમાં ખેડૂતને પોષણક્ષમ ભાવ મળે એની વ્યવસ્થા કરવામાં આવશે અને થઈ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, બલવંતસિંહ કયાંથી આંકડા લઈ આવે છે ? કપાસમાં અગિયારમા સ્થાને છે એવું એમણે કહ્યું. આજે કેન્દ્ર સરકાર એમ કહે છે કે, ગુજરાત એ પહેલા નંબરે છે ( અંતરાય ) તમે કયા વર્ષના આંકડા કહો છો ? ( અંતરાય ) ૨૦૦૧-૨૦૦૨માં કપાસમાં આપણે ત્રીજા

નંબરે હતા ( અંતરાય) પણ આ રાજયસરકારના પ્રયત્નોના આધારે આ કપાસમાં આજે આપણે પહેલા નંબરે આવ્યા છીએ. બાજરીમાં ૧૯૯૮-૯૯માં આપણે ત્રીજા સ્થાને હતા, આજે બીજા સ્થાને આવ્યા છીએ. મગફળી અને કપાસમાં આપણે પ્રગતિ કરી છે. ૮૫મું સ્થાન આજે નથી, આજે આપણી ઉત્પાદકતા અને ઉત્પાદનમાં વધારો થયો છે. આગામી દિવસોમાં મેં મારી માગણીઓના જવાબમાં મેં સક્રિય વિચારણા હેઠળ છે એમ વાત કરી હતી, સંગ્રહ શકિત માટે રાજય સરકાર પાસે પૂરતી વ્યવસ્થા છે અને આગામી દિવસોમાં જરૂર પ્રમાણે નર્મદાનું પાણી આવશે અને જો ઉત્પાદન વધશે, ખેતીની પૂરતા પ્રમાણમાં એની વ્યવસ્થા પણ રાજય સરકાર પાસે છે, ભવિષ્યમાં ક્યાંક તકલીફ ન પડે એની વ્યવસ્થા છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : ડુંગળીના ભાવ માટે કહો.

**અધ્યક્ષશ્રી** : પ્રવચનમાં સમાવી લો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : ડુંગળીની સંગ્રહ શકિત માટે કોઈ વ્યવસ્થા નથી અને એના કારણે આજે ખેડૂત ચિંતામાં છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ચાલુ વર્ષની ૧૩ ખરીફ પાકોમાં ટેકાના ભાવો કરતાં બજાર ભાવ ઊંચા રહ્યા છે, આ વખતે પહેલીવાર બન્યું છે કે, ટેકાના ભાગો કરતાં બજાર ભાવો ઊંચા એ પહેલીવાર થયું છે અને બળવંતસિંહ કહે કે, સબસીડી, સબસીડી. આપણે સબસીડી આપી શકીએ એમ છીએ? આપણે અમેરિકા અને ઈંગ્લેન્ડનો દાખલો લઈએ છીએ, ગઈ વખતે મેં ટેકાના ભાવો માટે ૧૯૬૦ રૂપિયા કપાસનો ક્વિન્ટલનો ભાવ હતો, મેં કેન્દ્ર સરકાર પાસે ટેકાના ભાવની માગણી કરી હતી ૨૪૦૦ રૂપિયાની. ૧૯૬૦માં વધારો કેટલો થયો, ૨૫ રૂપિયાનો. હું સમજું છું કે કોઈપણ સરકાર ટેકાના ભાવ આટલા ઊંચા ન આપી શકે. તો એનો ઉકેલ શું રહ્યો? માત્ર ભાષણો, માત્ર માગણીઓ ? આ સરકાર માત્ર ભાષણો અને માગણીઓ નહીં પરંતુ એના ઉપાયોમાં રસ ધરાવે છે અને આ રાજય સરકારે એના ઉપાયો કર્યા છે એની સાબિતી હું આજે આ સભાગૃહમાં મૂકું છું અને આવતા દિવસોમાં આજ રીતે કૃષિ મહોત્સવના માધ્યમથી આ રાજયના ખેડૂતો જો પોષણક્ષમ ભાવ એ ઉત્પાદન ખર્ચ ઘટાડી ઉત્પાદકતામાં વધારો કરે અને છેલ્લે (સમય સૂચક ઘંટડી) (અંતરાય)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, ડુંગળીના ભાવમાં ખેડૂતોની અત્યારે બેહાલી થઈ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પુંજાભાઈ બેસો, બલવંતસિંહભાઈ,

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રસ્તાવમાં ઘણા બધા માનનીય સભ્યશ્રીઓએ મારા હાર્દ સાથે હાર્દ મિલાવી, સૂર પૂરાવી, સારા સૂચનો કર્યા છે. ખાસ કરીને મારો આ પ્રસ્તાવ લાવવાનો હેતુ હતો જેમને જે યોગ્ય લાગ્યું તે બોલ્યા. પરંતુ વાસ્તવિકતા એ હતી કે ખેડૂતને પોષણક્ષમ ભાવ મળે એના માટે સરકાર આગોતરું આયોજન કરે પછી વિશ્વના કદમ સાથે કદમ એટલા માટે મિલાવવાની વાત કરતો હતો કે ત્યાંથી અહીં માલ આવવાનો છે અને અહીંથી માલ ત્યાં જવાનો છે. ચોકકસપણે આવું કોઈ આયોજન થાય એ માટે ચોકકસ ખાતરી, મગફળી અને ડુંગળીના ભાવ માટેની ખાતરી મળે તો હું મારો પ્રસ્તાવ પાછો ખેંચી લેવા તૈયાર છું.

**અધ્યક્ષશ્રી** : ચર્ચા પૂરી થાય છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવે છે.

# છેલ્લા દિવસનો પ્રસ્તાવ ( નિયમ-૧૦૨)

## આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી પડતર જમીનનો ઉપયોગ કરવા બાબત

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૦૨ અન્વયે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કરું છું.

"રાજય સરકારે તેના તા.૧૭-૫-૦૫ના ઠરાવથી આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ૨૫.૯૯લાખ હેકટર બિન ખેડાણ લાયક સરકારી પડતર જમીનને ખેતી લાયક બનાવવા સરકારી પડતર જમીન મોટા ઔદ્યોગિક ગૃહો અને વ્યકિતગત સક્ષમ ખેડૂતોને ૨૦૦૦ એકરની મર્યાદામાં ૨૦ વર્ષના ભાડા પટ્ટે મામૂલી દરથી આપવાનું ઠરાવેલ છે. તા.૧૭-૫-૦૫ના ઠરાવથી જમીન ધારણ કરનારા મોટા ઔદ્યોગિક ગૃહો ખેડૂતની વ્યાખ્યામાં આવતા નથી તેવું ઠરાવ્યું છે. પરંતુ આડકતરી રીતે ફકત મોટા ઔદ્યોગિક ગૃહો અને સક્ષમ ખેડૂતોને જમીન આપવાથી ગામના નાના સીમાંત ખેડૂતો, ખેતમજૂરો, સહકારી મંડળીઓ, પછાત વર્ગો અને આદિવાસીઓનો સરકારી પડતર જમીન પર ખેતી કરવાનો હકક છીનવી લેવાયો છે. આ સંજોગોમાં સમાજના નબળા વર્ગોના જીવન નિર્વાહ માટે તા.૧૭-૫-૦૫ ના ઠરાવમાં ફેરફાર કરી આવી સરકારી પડતર જમીન જે તે ગામના જ નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો, જમીન વિહોણા ખેડૂતો, ખેતમજૂરો, પછાત વર્ગો અને આદિવાસીઓને વધુમાં વધુ પાંચ એકરની મર્યાદામાં ફાળવવા વિચારણા કરવામાં આવે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૧૮૮લાખ હેકટર જેટલી જમીન ઉપર ગુજરાત વિસ્તરેલું છે. એમાં ૨૫.૯૯લાખ હેકટર સરકારી પડતર જમીન છે. જે ખેડાણ લાયક નથી અને ૧૯.૮૪લાખ સરકારી પડતર જમીન ખેડાણ લાયક છે. સરકારનો ઈરાદો છે કે આ જમીનનો મોટાભાગનો વિસ્તાર વાવેતર હેઠળ લાવવામાં આવે. એના માટે તા.૧૭-૫-૦૫નો ઠરાવ લાવ્યા છે. એમાં સરકારે નકકી કર્યું છે કે આ જમીન ફકત મોટા ઉદ્યોગગૃહો અને સક્ષમ ખેડૂતોને જ આપવી. સરકારનો ઈરાદો છે આ જમીન વાવેતર હેઠળ લાવવાનો. તો આ મોટા ઉદ્યોગગૃહો અને સક્ષમ ખેડૂતોને શા માટે આપવાનું વિચારે છે. સરકારે એમાં એમ પણ કહ્યું છે કે આ જમીન આપવાથી ખેતમજૂર, કુશળ કામદારોને રોજગારીની તક મળશે. સરકારે સાથેસાથે એ પણ કહ્યું છે કે આ જમીનને વાવેતર હેઠળ લાવવા માટે યાંત્રિક સાધનોનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખ્યો છે. ખેતીના વાવેતર માટે યાંત્રીકરણ થવાનું છે માનવ શ્રમનો ઉપયોગ બહુ ઓછો થવાનો છે. સરકારની આ વાત ખોખલી દેખાઈ રહી છે. સાથેસાથે સરકારે જે જમીન આપી છે એ જમીનના દર ખૂબ ઓછા છે. શરૂઆતના પાંચ વર્ષ માટે કોઈ દર લેવાના નથી. પછીના ૬ થી ૧૦ વર્ષ માટે એકરના ૪૦ રૂપિયા અને પછીના ૧૧ થી ૨૦ વર્ષ માટે ફક્ત ૧૦૦ રૂપિયા. સાહેબ આ ફક્ત મામૂલી દર છે. આ મામૂલી દરથી ઘણા બધા ગામડાના ખેડૂતો આ જમીન લેવા તૈયાર છે, ગામડાના ખેતમજૂરોને જમીન આપવામાં આવતી નથી. એ લોકો જમીનની માગણી કરે છે, ત્યારે એમનો અત્યાર સુધી કેટલા વર્ષનો કબજો છે અને અત્યારે માર્કેટ રેટ શું છે, એ પ્રમાણેનું બિલ રજૂ કરવામાં આવે છે અને એટલો દર આ ખેડૂતો પાસેથી લેવામાં આવે છે, ત્યારે મારી વિનંતી છે કે મંત્રીશ્રીને આટલા ઉદ્યોગગૃહોને આપતા હોય તો આવા ખેતમજૂરોને આવી જમીન આપવી જોઈએ. સરકાર મોટા મોટા ઔદ્યોગિક ગૃહોને અદાણી ગૃપ જેવાને સાવ મામૂલી ભાવે ૧૦ રૂપિયા મીટરના ભાવે જમીન આપે છે. આવી જમીનો ઉદ્યોગોને આપતા હોય ત્યારે નાના ખેડૂતોને માટે વિચાર કરવો જોઈએ. સરકાર સાથે સાથે એમ પણ કહે છે કે આ જમીન ગીરવે મૂકી શકશો. આ જમીન છે એ સરકારી છે, એના ઉપર પોતાની માલિકીનો હક્ક નથી, છતાં પણ હક્ક વગર ગીરવે કેવી રીતે મૂકી શકાશે? સાથે એમ પણ સરકાર કહે છે કે ખેત ઉત્પાદનની આનુષાંગિક પ્રવૃત્તિ માટે બીન ખેતીની મંજૂરી મેળવવાની રહેશે નહીં. બીજું કઈ પણ બાંધકામ કરવું હોય ત્યારે બાંધકામ માટે એની પરવાનગી લેવાતી હોય છે. બીનખેતીમાં રૂપાંતરિત કરવી પડતી હોય છે. ત્યારે આ ઉદ્યોગ ગૃહો માટે સરકાર આવું કેમ વિચારે છે એનો ખ્યાલ આવતો નથી. સાથે સાથે સરકાર એમ કહે છે કે ખેડૂતોનો દરજ્જો આ ઔદ્યોગિક ગૃહોને મળતો નથી, પરંતુ જ્યારે ૨૦ વર્ષના ભાડા પટ્ટે જમીન આપી હોય અને બાંધકામ સાથે સાથે કરતા હોય ત્યારે એના જીવનનો મોટા ભાગનો પીરિયેડ તો પૂરો થઈ જાય છે. આ જમીન તો આખા એના જીવન દરમ્યાન આપી હોય તેવું દેખાઈ રહ્યું છે. આ પ્રમાણે ખેતમજૂરોની સંખ્યામાં દિવસેને દિવસે વધારો થતો જાય છે. આજે ગામડામાં ૫૦ લાખથી વધારે ખેતમજૂરો છે. નાના અને સીમાંત ખેડૂતો હતા એ પણ જમીન ગુમાવતા ગયા અને ભૂમિહીન ખેતમજૂરો થતા ગયા. આટલી મોટી સંખ્યામાં ખેતમજૂરોમાં વધારો થયો છે, ત્યારે આવા ખેતમજૂરોને આવી જમીન આપવી જોઈએ.

શહેરીકરણમાં વધારો થતો ગયો છે. ગામડામાંથી ખેતમજૂર શહેરોમાં આવે છે અને શહેરમાં આવીને એ ઝૂંપડપટ્ટીમાં રહે છે અને એને કારણે ઝૂંપડપટ્ટીમાં વધારો થતો જાય છે, ત્યારે આ શહેરીકરણ તરફ અટકાવવા હશે તો ગામડામાં કોઈને કોઈ રોજગારી ઊભી કરવી પડશે. જમીન વિહોણો ખેતમજૂર છે, તે પશુઓ ઉપર આધાર રાખે છે. આ પશુઓ જે છે એ પશુઓ ઉપર એની પોતાની આજીવિકા હોય છે, ત્યારે આવા જમીન વિહોણા માણસને જમીન ન આપીને સરકાર ખૂબ મોટું નુકસાન કરી રહી છે.

સરકારે જમીનનું દફતરીકરણ, કોમ્પ્યૂટરાઈઝેશન કર્યુ. એ સારી વાત છે અને કરવું જોઈએ, પણ એનાથી પરિસ્થિતિ એ પેદા થઈ કે જે નાના ખેડૂતો હતા, એની સામે જે લાગુ જમીન હતી અને જે સરકારી પડતરમાં વર્ષોથી કમાતાં હતાં, એ જમીન ઝૂંટવાઈ ગઈ. સરકારે કેટલીક જમીનો આખા ગુજરાતમાં છે, એના ઉપર કબજો કર્યો, એના આધારે સરકાર લૅન્ડ બૅન્ક બનાવવા જઈ રહી છે. એના આધારે મોટા ઉદ્યોગ ગૃહોને જમીન આપવાનું સરકાર વિચારે છે. સરકારનો હેતુ એ છે કે આ જમીન વાવેતર હેઠળ લાવવી છે, તો સરકાર એમ કેમ વિચારતી નથી કે ઉદ્યોગ ગૃહોને બદલે સાથે સાથે ખેડૂતોને આપે તો ઉદ્યોગોનો વિકાસ થાય, પણ સાથે આ ખેડૂતો જે કૃષિ વિકાસમાં પાયાનું કામ કરે છે, એમાં ખેતમજૂર છે એ પાયાનો માણસ છે, ત્યારે ખેતમજૂરોને આ જમીન આપવી જોઈએ. અત્યારે પરિસ્થિતિ એ પેદા થઈ છે કે ગામડાનાં લોકોનું એકમાત્ર આજીવિકાનું સાધન ઝૂંટવાઈ રહ્યું છે, જેના લીધે ગામડાનો માણસ અસામાજિક પ્રવૃત્તિ તરફ ઢળતો જાય છે, હિંસા તરફ ઢળતો જાય છે. સાથે સાથે આદિવાસી જંગલની જમીન વર્ષો સુધી ખેડતો હતો. એમની પાસે કોઈ આધાર પુરાવો નહોતો, એના લીધે જમીન ઝૂંટવાઈ છે. જમીન મળી શકતી નથી અને એના લીધે આવા માણસો અમુક વિસ્તારમાં નક્સલવાદી પ્રવૃત્તિ તરફ ધકેલાતો જાય છે અને એ તરફ ન જાય એટલા માટે એનું આજીવિકાનું સાધન ઊભું રહે, એના માટે સરકારે આવી જમીન આપવી જોઈએ. મેં કહ્યું તેમ સરકાર પાસે ૧૯.૪૮ લાખ હેક્ટર જમીન ખેડાણ લાયક છે. ઉત્પાદન થઈ શકે તેમ છે અને હવે તો નર્મદાના પાણી આવવાના છે, ત્યારે આવી જમીન વહેલામાં વહેલી તકે આવા ખેતમજૂરોને, નાના સીમાંત ખેડૂતોને ફાળવવી જોઈએ, જેથી કૃષિનું ઉત્પાદન વધશે. હમણાં જ ચીફ સેક્રેટરીએ ગઈ સાલ તા. ૧૬-૩-૨૦૦૫ ના રોજ દરેક કલેક્ટરને પરિપત્ર કર્યો

હતો કે આવી જમીનો ગરીબ ખેડૂતોને આપવી જોઈએ અને તા. ૧-૧-૧૯૮૭ ના પરિપત્ર પ્રમાણે આવી જમીનની બધાને જાણ કરે, તેમ છતાં આગળ વધતા નથી. સરકાર પાસે જે ૨૫.૯૯ લાખ હેક્ટર બીનખેડાણ લાયક જમીન છે. તે માટે સરકારે સાધનો આપવા જોઈએ. બીજું સાથે સાથે સાહેબ રાજય સરકારે જે ૧૮૦૦ કરોડ રૂપિયાની સિંચાઈની યોજનાઓ કરી છે તે યોજનાઓમાંથી સ્પેશ્યલ જોગવાઈ કરીને સિંચાઈની સગવડો પૂરી કરવી જોઈએ. બીજું કે બેન્કમાંથી જે લોન લેવાની વાત કરે છે, તારણમાં જમીન મૂકીને લોન લેવાની વાત કરી છે તો આવી જમીનો તારણમાં મૂકીને લોનની સગવડો પણ પૂરી કરવી જોઈએ. આ બધું કરવામાં આવે તો જ આ ગરીબ માણસની જમીનનો વિકાસ થઈ શકે, તે રોજીરોટી મેળવીશ કરશે અને સાહેબ ગામડાનો ખેતમજૂર હોંશિયાર છે. જમીન લેવલીંગ જરૂરી છે. એટલે આવી સગવડો સરકારે આપવી જોઈએ. સાથે સાથે સરકાર કહી રહી છે કે વંચિતોનો વિકાસ કરવો છે. ખૂબ મોટા મોટા સૂત્રો સાથે આવ્યા હતા. વંચિતોનો વિકાસ કરવો છે અને નિરાધારનો આધાર બનવું છે. નિરાધારનો આધાર બનવું હોય તો આ જમીન, સરકારી પડતર જમીનો ઉદ્યોગોને આપવા માટે જઈ રહયા છો તેમાં વિચાર કરી ગરીબ ખેતમજૂરોને આ જમીન આપો તો લેખે લાગશે. ખૂબ મોટું ગરીબોનું કાર્ય કર્યુ જણાશે અને તમારું સૂત્ર લેખે લાગશે. તેઓને રામભરોસે છોડતા નહીં. નિરાધારનો આધાર બનજો. એટલા માટે સાહેબ હું આ છેલ્લા દિવસનો પ્રસ્તાવ સભાગૃહની અંદર ચર્ચા માટે લાવ્યો છું. અહીં તો સાહેબ મોટા ભાગના સભ્યશ્રીઓ ગામડામાંથી આવે છે. મારા આ પ્રસ્તાવને સૌ અનુમોદન આપે તેવી વિનંતી કરી મારી વાત પૂરી કરું છું.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ડો. અનિલભાઈ જોષીયારાએ જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ આ સભાગૃહમાં રજૂ કર્યો છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય કૃષિમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ગૃહ સમક્ષ જે વિગતો આપી રહ્યા હતા ચોકકસપણે અનિલભાઈની જે ચિંતા છે તે એક દૃષ્ટિએ આપણને સૌને મનન અને ચિંતન કરવા પ્રેરે છે તેવો આ પ્રસ્તાવ છે અને હું પણ જાણું છું કે બિનસરકારી સભ્યનો આ છેલ્લા દિવસનો પ્રસ્તાવ છે. સરકારી પરિપત્ર મુજબ જે જોગવાઈ કરવામાં આવી છે તે લાખો હેકટર જમીન વર્ષોથી, સદીઓથી જે પડતર રહી હતી, બિનઉપજાઉ રહી હતી અને આપણે હંમેશાં કહેતા આવ્યા છીએ કે આપણે આ ધરતીમાં ખેતી કરીએ છીએ અને આ ધરતીના દીકરા છીએ. અમે પણ ગામડામાંથી જ આવીએ છીએ એટલે આમાં આપ સૌને ચિંતા કરવા માટે ખૂબ મહત્ત્વનો વિષય રજૂ કર્યો છે. પરંતુ કેટલી જોગવાઈઓ તેમાં રજૂ કરી છે તેમાં કોઈ વાવનાર અથવા ઉપયોગ કરનાર ઉદ્યોગગૃહ, સક્ષમ ખેડૂત ક્યાંક ખેડૂતની વ્યાખ્યામાં ન આવે. એક ચિંતા એમની હોય કે નાના અને સીમાંત ખેડૂતની કોઈ જમીન લઈ લેશે અને આ ઉદ્યોગગૃહ સક્ષમ ખેડૂત આવો ખેડૂત બની શકશે. આપણને આમાંથી ખાતરી મળી શકે છે. આપણે બધા જાણીએ છીએ કે ભારત ખેતી પ્રધાન દેશ આજે છે અને ભૂતકાળમાં હતો. એવું નથી કે આજે પ્રગતિશીલ ખેડૂત બન્યો છે.

ભારત ખેતીપ્રધાન દેશ છે, પૃથ્વીના પ્રાદુર્ભાવથી અહીંયાં ખેડૂત મહેનત કરી ખેતી કરી, ખેત મજૂરી કરીને પરસેવો પાડીને જીવન જીવવાની પદ્ધતિ સદીઓથી છે. અહીંયાં બહારના લોકો જ્યારે આવ્યા, વેપાર કરવા માટે આવ્યા, અંગ્રેજો, મોગલો આવ્યા ત્યારે અહીંયાં કોઠાસૂઝથી આપબળે અહીં લોકો ખેતી કરતા હતા. મારે એટલું જ કહેવું છે કે જયારે ૪૦ થી ૪૫ લાખ હેકટર જમીન એમની એમ પડી રહે અને તેને ઉપજાવી બજાવી હેકટરે પાંચ હજારનું ઉત્પાદન લાવી શકીએ તો કરોડો રૂપિયાનું ઉત્પાદન આવે. પણ એક હું આ સભાગૃહ સમક્ષ ચિંતા વ્યકત કરું છું. ચિંતા એ છે કે, સમગ્ર દેશમાં એગ્રિકલચરલ ઈકોનોમી માઈનસ આઠ ટકા છે એટલે ખેડૂત પોતાની મિનિમમ વેઈજીસ એકટ તરીકે એના આખા કુટુંબનો હિસાબ ગણે તો આઠ ટકા માઈનસ ભારત દેશ આજે છે અને એવા સમયે ઉદ્યોગગૃહો છે એ આવે એની આપણને ઉપયોગિતા છે અને એ ઉદ્યોગગૃહોની ટૅક્નૉલૉજીની ઉપયોગિતા પણ છે, પણ આ ટૅક્નૉલૉજીના ઉપયોગમાં એનું વિપુલ પ્રકારનું ઉત્પાદન કદાચ ભાવોને પોતાના કન્ટ્રોલમાં ન રાખે તો તેની પણ થોડીક જોગવાઈ કરવાની આવશ્યકતા છે, ખેડૂત છે એને વરસાદની સામે, દુષ્કાળની સામે બધાની સામે બાથ ભીડવાની હોય છે, એક આખા કુટુંબે કામ કરવાનું અને એવા સમયે માનનીય અનિલભાઈની ચિંતા છે એમાં હું ચોક્કસ એમ કહી શકું કે, તેમની ચિંતા એક તબક્કે સાચી હશે, પણ આ પ્રકારના ઉદ્યોગોની સામે નાના નાના ખેડૂત અને સીમાન્ત ખેડૂતો છે એ ટકશે ખરા? આપણને સૌને એ ચિંતા થાય છે કે ઉદ્યોગગૃહો જો આનું ઇન્ડસ્ટ્રીયલાઈઝેશન જો એગ્રીકલ્ચરલ ઈકોનોમીનું થશે તો માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય નાના ખેડૂતો એની સામે કોમ્પીટેશનમાં ટકશે કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, ૫૦૦ રૂપિયા પહેલાં ડિપોઝિટ કરવાના અને ફરજિયાત જો ડ્રીપ ઈરીગેશન હોય તો એમની આપણને ચિંતા થાય પણ પહેલાં અભિનંદન એટલા માટે આપું છું કે આ અમારી સરકારને વિચાર આવ્યો કે આ જમીન કમસેકમ પડતર હતી અને પડી રહી છે તો એનો ઉપયોગ કરવો જોઈએ, પણ માનનીય અનિલભાઈ, હવે મારું સૂચન છે કે , આમાં કેટલાક સુધારા કરી શકાય, બાજુની લગત જમીન ખેડૂત વાવતા હોય તો એને એક એકર, બે એકર, પાંચ એકર પડતર જમીન આપી શકાય તો એવી એમાં જોગવાઈ કરવામાં કોઈ વાંધો ન હોઈ શકે અને આવી વીસ વર્ષના પટ્ટે જમીન બીજાને આપે છે એમ નાના ખેડૂતને પણ આપી શકાય પણ ૫૦૦ રૂપિયાની જોગવાઈ છે એમાં સરકાર જો કોઈ

વિચાર કરે તો નાના ખેડૂતો મહેનત કરીને એમાં અનાજ ઉગાડી શકે, આ જો થાય તો ૪૦ લાખ હેકટરમાં, એક હેકટરમાં જો પાંચ માણસ કામ કરે તો બે કરોડ લોકોનું ભરણપોષણ થાય એટલી આમાં જોગવાઈ છે અને એટલે આ જે બિન ઉપજાઉ જમીન સદીઓથી પડી રહી હતી, માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ અમારી ટીકા કરે એનો અમને કોઈ વાંધો નથી પણ આવો વિચાર કોંગ્રેસને કેમ આવ્યો નહીં અને હું પક્ષાપક્ષથી પર રહીને આજે ચર્ચા એટલા માટે કરી રહ્યો છું કે અમે પણ ખેડૂતના દીકરા છીએ અને અમે બહાર ભણવા જતા હતા ત્યારે વ્યાજે રૂપિયા લાવીને અમારા અભણ મા-બાપ અમને કેવી રીતે ભણાવ્યા હતા એ અમને ખબર છે અને એટલા માટે મારી ચિંતા નાના ખેડૂતોની અને બધા ખેડૂતોની એટલા માટે રહી છે કે irrespective of political boundaries ની હું વાત કરું છું ત્યારે કોઈપણ ખેડૂત જ્યારે પણ જમીન માગે આ રાજયમાં ત્યારે એને જમીન મળવી જોઈએ, એમાં માત્ર ઉદ્યોગગૃહો, નાના ખેડૂતો નહીં પણ તમામ ખેડૂતોને મળવી જોઈએ અને બધા જ પ્રકારના પ્રોત્સાહન માટેની જોગવાઈ કરવી જોઈએ, આ મારું સૂચન છે અને ખાસ એટલા માટે જોગવાઈ કરવી જોઈએ કે industrialisation of agriculture economy ન થાય, ન થાય અને ન થાય અને જે દિવસે આનું જો એગ્રીકલ્ચરલનું industrialisation થશે તો market economy will be led by those Houses. અને એટલા માટે મારી ચિંતા છે કે એ ન થાય, અને ખેડૂતના દીકરાઓ આજે પણ બધાય સુખી થઈ ગયા છે એવું નહી અમે પાણી આપીને સુખી કર્યા છે, કદાચ ક્યાંક એને ભાવ ઓછા મળ્યા હશે, પાણી આપવાનો સોનેરી અક્ષરે ઈતિહાસ ભાજપના ઈતિહાસના ખાતામાં જાય છે, દશ વર્ષના ઈતિહાસમાં અમે ક્રાંતિ કરી છે. (અંતરાય) હું આ ફ્લોર ઉપરથી કહેવા માગું છું, કે અમને અમારી ટીકા કરતાંય આવડે છે અને ખામી શોધતાંય અમને આવડે છે, તમારે ખામી શોધી નથી આપવી પડતી અને એ પણ આ ભારતીય જનતા પાર્ટી છે અને એટલા માટે કહું છું કે, માનનીય અનિલભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એ પ્રસ્તાવ ખૂબ સારો છે અને ખૂબ સારો એટલે જ છે કે બધા જ ખેડૂતો, ગરીબ, મધ્યમ અને દરેકને આ લાભ મળે અને ન મળતો હોય તો કેવી રીતે મળી શકે એનો ઉપાય પણ સરકાર શોધે.

આપણે તો ઇચ્છીએ છીએ કે, "હર હાથકો મિલે કામ, હર ખેતકો પાની, ઔર કામ કે મિલે પૂરે દામ." અહીંયા તો કરોડો હાથો બેકાર છે, કરોડો ખેત મજૂરો બેકાર છે. ઘણી વાર કહે છે કે ગામડાંઓ ભાંગી રહ્યાં છે ગામડાંઓ ભાંગી રહ્યાં છે, શહેરો તરફ દોડી રહ્યાં છે. મીસ્ત્રી કામ બંધ થઈ ગયા છે કેમ કે કારખાનાના હળ શરૂ થઈ ગયા છે. વાણંદની દુકાને-ઘરે બેસીને ખાટલે વાળ કાપતા હતા એ હવે સલૂન બની ગયા છે. માટીના વાસણોમાંથી હવે વાસણોની અદ્યતન ટેકનોલોજી આવી છે ત્યારે આ કુંભારનું/પ્રજાપતિઓનું કોણ થાશે? અને એટલા માટે ખેત-મજૂરોનો પણ આ ગુજરાતના વિકાસમાં બહુ મોટી ભૂમિકા છે અને એટલા માટે આપ સૌ અને માનનીય મંત્રીશ્રીને પણ હું વિનંતી કરું છું કે જે ખેત-મજૂરોને, નાના ખેડૂતોને ગામડામાં રાખવા હશે તો ઈન્ડસ્ટ્રીયલ હાઉસની સાથે સાથે સિમાંત ખેડૂતો, નાના ખેડૂતો, આદિવાસી ખેડૂતો અને ખેત-મજૂરો પણ ત્યાં જીવે એના માટે આ પડતર જમીનના એટલા જ હકકો પ્રોત્સાહક જોગવાઈ સાથે આપણે પૂરા કરવા જોઈએ એવી વિનંતી સાથે વિરમું છું.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, ડો. જોષિયારા છેલ્લા દિવસનો જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપવા અને તા.૧૭-૫-૦૫નો ઠરાવ આ સરકાર પાછો ખેંચી લે એવી વિનંતી કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશ આઝાદ થયો ત્યારે દેશના મંત્રીઓ પુ.મહાત્મા ગાંધીજી પાસે ગયા અને મહાત્મા ગાંધીજીને કહ્યું કે, બાપુ, અમને કોઈ માર્ગદર્શન આપો. એમણે એક વાકય કહ્યું હતું એ વાકય આજે હું આ હાઉસ સમક્ષ મૂકવા માગું છું. એમણે એમ કહ્યું હતું કે, " તમારી કલમ ઉપાડો અને તમે સહી કરો, તમારા જીવનમાં ગરીબમાં ગરીબ જે માણસ જોયો હોય એને નજર સમક્ષ રાખીને તમે તમારી કલમ ચલાવજો, તમે તમારી સહી કરજો." આ મહાત્મા ગાંધીજીના શબ્દો એ વખતના શાસકો માટે હતા એ આજે પણ એ લાગુ પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે બે-બે હજાર એકર જમીન ઉદ્યોગગૃહોને આપવી, ઉદ્યોગગૃહોને ટેકસ માફી આપવી, ઉદ્યોગગૃહોને ટેકસ વસૂલાત બાકી રાખવી આ બધા મોટા મોટા ગંજાવર આંકડા વાચીએ છીએ ત્યારે દ ણું એમ થાય છે કે, આ સરકાર પૈસા નથી અડતી, આ સરકાર પૈસાદરને અડે છે એ વાત હું આ હાઉસને કહેવા માગું છું. ખાસ કરીને જમીનના પ્રશ્નમાંથી જે ક્રાંતિ થઈ એ પહેલી ક્રાંતિ થઈ ફ્રાન્સમાં, અને ફ્રાન્સની ક્રાંતિમાં બેકાર કામદારો, ભૂખ્યા ખેડૂતોએ રાજા, અમિરો અને ધર્મગુરૂઓની સત્તાનો સ્વીકાર ન કર્યો. બીજી ક્રાંતિ થઈ જમીનને કારણે એ રશિયન ક્રાંતિ થઈ અને એમાં જાગીરદારોનો વધ થયો અને એ રશિયન ક્રાંતિમાંથી સામ્યવાદ શાસન વ્યવસ્થા આગળ આવી. એનાથી આગળ વધીને કહું તો ચિનમાં માઓના નેતૃત્વ નીચે ક્રાંતિ થઈ જમીનની એમાં લાલ સેના નાના ખેડૂતોની પેદા થઈ એમાંથી ચિનની ક્રાંતિ થઈ. આ જ વિચાર ઉપરથી આધ્યગુરૂ શંકરાચાર્ય પછી આ દેશમાં એક એવા ઋષિપુરુષ પાકયા શ્રી વિનોબાજી ભાવે જેમને એક વિચાર આવ્યો,

આંધ્રમાં તેલંગણા જિલ્લામાં નકશલવાદીઓનું તોફાન થયું, જમીનદારોના ખૂન થયા ત્યારે વિનોબાજી ભાવે ત્યાં ગયા અને એ વિચાર એમને ઉદભવ્યો ૧૮મી એપ્રિલ ૧૯૫૧માં, આ સંત પુરુષે એ દિવસે વિચાર કર્યો કે આ અન્યાયના મૂળ છે એ જમીનમાં સમાયેલા છે. જમીનની સમાન વેચણી થાય અને મજૂરી કરનારા મજૂરને જીવન નિર્વાહનો જો આધાર આપવામાં આવે, એનો એક જ ઉપાય છે એ જમીનનો ટૂકડો છે. અને એટલા માટે આ ઋષિ પુરુષે ૧૭ વર્ષ સુધી સમગ્ર દેશમાં પદયાત્રા કરી અને ૭૦ હજાર કિલોમીટર પોતે ચાલ્યા. આવા સંત પુરુષે જે વાત કરી છે એમાંથી ૪૩ લાખ એકર જમીન ભૂદાનમાં મળી.

પૂજ્ય રવિશંકર મહારાજ, બબલભાઈ, જુગતરામ દવેના સહયોગથી ગુજરાતની અંદર પણ મોટા પ્રમાણમાં ભૂદાનમાં જમીનો મળી. આ દેશની અંદર ત્રાસવાદ, આતંક વાદ, નકસલવાદનો જે રીતે પ્રસાર થઈ રહ્યો છે એની સામે ગરીબી, નિરક્ષરતા, સરકાર દ્વારા મૂળભૂત અધિકારોની ઉપેક્ષા, બેરોજગારી, અપમાનજનક સ્થિતિ, સફેદ અપરાધો જે રાજ અને ધનિકોના સહયોગથી થાય છે આ વસ્તુથી આપણે ગરીબ લોકોને આજે હિંસા તરફ ધકેલી રહ્યા છીએ. ગઈકાલે જાહેર છાપાની અંદર બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાના ગરીબીની રેખા નીચે જીવતા લોકોના આંકડા બહાર પડ્યા છે એ જોઈ જવા જેવા છે. આ રાજયની અંદર ૪૫ લાખ હેકટર જમીન ૨૦ વર્ષના પટ્ટે ઉદ્યોગગૃહો અને સીમાંત ખેડૂતોને આપવા માટે જે જાતનું આ આયોજન થઈ રહ્યું છે એ આયોજનના કારણે મને એમ લાગે છે કે ગુજરાતની અંદર ગરીબોનો આક્રોશ પેદા થશે અને એમાંથી હિંસા મય વાતાવરણ પેદા થશે. ૧૯૯૫માં શ્રી મોહન ધારિયાના પ્રમુખ સ્થાને એક કમિટી રાજમાં નિમાયેલી. દેશમાં ૧૩ જાતની જમીનોના પ્રકારોમાંથી એની વ્યાખ્યાઓ કરીને વિકાસનો આખો પથ નક્કી થયો હતો એની સામે આજે ગુજરાતના ૬૨ ટકા લોકો ગ્રામીણ વિસ્તારમાં જીવે છે. પંચાવન લાખ ખેતમજૂરો, ૧૦ લાખ સીમાંત ખેડૂતો, ૧૧ લાખ નાના ખેડૂતો અને ગ્રામીણ આદિવાસીઓ, આ બધાને નજર અંદાજ કરતા ગ્રામીણ પ્રજામાં આક્રોશ ઊભો થશે. ગુજરાતની અંદર જે જમીનો છે એ જમીનો જે પડતર જમીનો છે, ખારાશવાળી જમીનો છે એ ઘાસચારા માટે, પ્લાન્ટેશન માટે અને ગરીબ લોકોને ઉપજાઉ કરી શકાય એવી સ્થિતિ છે ત્યારે એક જમાનામાં એવું સુત્ર હતું કે, "ધન ઓર ધરતી બાંટ કે રહેગા, ભૂખી જનતા અબ ન સહેગી" એ સ્થિતિ આ દેશમાં જો પેદા થશે અને હવે એક બીજું સુત્ર આવી રહ્યું છે આ દેશ સમક્ષ "જલ, જમીન, જંગલ ગાંવકે લોગોંને આધીન" આ સ્થિતિમાં આપણે જો આનો સ્વીકાર કરીશું માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરવા માગું છું કે તમે આ ગામડાના ગરીબ લોકોને ક્યાં જઈને મૂકવા માગો છો? એના હાથમાં જે થોડુંક આવકનું સાધન છે એ નાનું બળતણ લઈ આવે છે, પોતાની ગાય કે બકરી કે ભેંસ જે થોડું ચારે છે એ લોકો લેન્ડ લેસ છે જમીન વિહોણા છે જે પોતાની શ્રમની રોજી ઉપર જીવી શકે છે એવા લોકોની પાસે જે ટુકડો છે એ ટુકડો પણ તમે પાછો ખેંચી લેવા માગો છો? આનાથી એ સ્થિતિ પેદા થશે આ ગુજરાતની અંદર કે મને લાગે છે કે રાજ પોતે આ ગ્રામ્ય પ્રજાના યુવાનોને હિંસા તરફ ધકેલી રહી છે એમ કહેતા સહેજ પણ હું અચકાતો નથી. આજે પણ આ જમીન આપવા માટેના અનેક ઠરાવો અને નિયમો થયેલા છે છતાંયે એનું પાલન થતું નથી, ગરીબ લોકોને, હરિજનોને આપેલી જમીનો પણ આજે શરત ભંગના નિમિત્તે કેટલાક કલેકટરો પાછી ખેંચી રહ્યા છે આજે પણ આ ગુજરાતમાં બની રહ્યું છે તો મારે એમને કહેવું છે કે આ બાબતની અંદર નિયમિતતા કરીને આ ગરીબોને તમે આપો આ એને જીવવાનું કવચ આપો એને મહેનત કરવી છે અને જો તમે નહિ કરવા દો તો સ્લમ વધશે, સ્લમ વધશે એના કારણે અનેક પ્રશ્નો વધશે અને દેશમાં મોટામાં મોટી કોઈ સ્લમ્સનો કોઈ આદર્શ નમૂનો હોય તો તમે મુંબઇની ધારાવીની સ્લમ્સ જોઈ શકો છો એ તમે ગુજરાતમાં કરવા માગો છો? એટલે મારી વિનંતી છે કે હું જોષીયારાજીના ઠરાવને મારું પૂરું સમર્થન આપું છું અને વિનંતી કરું છું માનનીય મહેસૂલ મંત્રીશ્રીને કે તમે તમારો આ જે ઠરાવ તારીખ ૧૭-૫-૨૦૦૫નો છે એ નમ્રતાપૂર્વક કહીશ કે તમે જો નહિ વિચારો તો મને લાગે છે કે સરકાર જે રીતે આ દેશની આઝાદી આપણે લાવ્યા એ માટે જે બલિદાનો અપાયા એ ગરીબ લોકો માટે નહિ અને આ દેશના અમીરો માટે આ દેશના સુખી સંપન્ન લોકો માટે એના લોકો માટે કામ કરી રહી છે એવું તમે સાબિત કરશો આ મારી લાગણી તમારા હૃદયને ઢંઢોળે અને ગરીબ લોકોના વિકાસમાં તમારો પંથ આગળ વધે એવી હું અપેક્ષા રાખું છું.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા (હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ડો.જોષીયારાજી જે છેલ્લા દિવસનો ૧૦૨નો જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના સંદર્ભમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. મારા અગાઉના મિત્રોએ જે વાત કરી તે સાથે અને સાથો સાથ ડો.જોષીયારાજી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તે પ્રસ્તાવના હાર્દ સાથે મને લાગે છે કે બધાજ સભ્યશ્રીઓ સંમત હોય તેમાં બેમત હોઈ શકે જ નહીં. કારણકે આ કલ્યાણકારી વાત છે. આપણે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ કોઈ પણ પક્ષની સરકાર હોય તે શાના માટે આપણે ચૂંટાઈએ? પ્રજાના ખાસ કરીને સમાજનો જે ગરીબ વર્ગ છે, જે સમાજનો વંચિત વર્ગ છે તેના કલ્યાણ માટેની યોજનાઓ થાય, તે સમાજ સુખી થાય, સમૃદ્ધ થાય તેને માટેની યોજનાઓ બનાવીને તેને આર્થિક રીતે સધ્ધર કરવા માટેનો આપણો બધાનો પ્રયાસ છે અને એટલા માટે મારે એક વાત કહેવી છે માનનીય મુરબ્બીશ્રી આપણા વડીલ જે વાત કરી રહ્યા હતા તેમણે જે વાત કરી ભૂતકાળમાં કોંગ્રેસની સરકારોએ સારા કાર્યો કર્યા છે. ગુજરાતમાં ટેનન્સી એકટ આવ્યો. આઝાદી આવ્યા પછી જે ટેનન્સી એકટ આવ્યો, સિલિંગ એકટ આવ્યો,

જાગીરદારી એબોલીશન એકટ, બાર્કલે એકટ આવ્યો અને આવા અનેક જે કાયદાઓ આવ્યા જે સમાજના આવા ગરીબ માણસોના ફાયદા માટેના જે કાયદાઓ હતા અને તેના થકી સમાજના લાખો લોકોને, લાખો ખેડૂતોને, સમાજના ગરીબ માણસોને અનેક એવા લાભો મળ્યા છે તેના આંકડામાં હું જવા માગતો નથી. મારી પાસે આંકડા છે પણ તેને કારણે મને લાગે છે કે આ વાત સરકારી પડતર જમીન અને સરકારી બિન ખેડાણ પડતર જમીન આ બેને બાયફરકેટ જો તમે કરી નાખશો આ જે વાત છે રાજય સરકારે જે ૧૭-૫-૨૦૦૦નો જે ઠરાવ છે તેને માનનીય ડો.જોષીયારાજી જે લાવ્યા છે તેને પડતર જમીન અંગેની આખી વાત કરી આ વાત જે છે તે સરકારી જમીન ખેતી લાયક જે બિન ખેડાણ છે હજારો વર્ષથી વાત કરી કે આ આપણે આઝાદી આવ્યા તે પહેલાંથી હજારો વર્ષથી જે જમીન કોતરોવાળી છે જેમાં ખેતી થઈ શકે એવી નથી. અગાઉ વાત થઈ તેમ સમાજના નબળા વર્ગને તે જમીન આજે પણ આપવામાં આવે તો તેની સક્ષમતા નથી. તેને બૅન્કમાં જઈને લોન અપાવીએ તો પણ તે જમીન ખેડવા લાયક બનાવી શકે તેમ નથી એવી જમીનો આ રાજય સરકારે મારી દ્રષ્ટિએ એક ક્રાંતિકારી પગલું લીધું છે. અગાઉ વાત થઈ અનેક ક્રાંતિઓ થઈ, ખેતીમાં, ગ્રીન ક્રાંતિ શ્વેત ક્રાંતિની વાત થઈ તેમ મારી દ્રષ્ટિએ આ લેન્ડ રિફોર્મમાં એક રિવોલ્યુશન લાવવાની દ્રષ્ટિએ આ રાજય સરકાર આ જે ૧૭-૫-૨૦૦૫નો જે ઠરાવ છે તે એટલા માટે લાવે છે અને એટલા માટે હું આપને આંકડાથી વાત કરીશ કે આપણો આખો ગુજરાતનો કુલ વિસ્તાર જો જોવા જઈએ તો ૧૮૮ લાખ હેકટર વિસ્તારમાં આખું ગુજરાત પ્રસરેલું છે તે પૈકી ૧૮.૬૫ લાખ હેકટર વન વિસ્તાર છે અને ૨૫.૯૯ લાખ હેકટર જમીન બિન ખેડાણ પડતર જમીન છે. તે પડતર જે બિન ખેડાણ જે છે તે  કલ્ટીવેબલ કેવી રીતે બનાવવી. તે અત્યારે અગાઉ વાત થઈ તે મુજબ અત્યાર સુધી કોઈએ વિચાર્યુ નહોતું અને તે માટે રાજય સરકારે જે પગલાં લીધાં છે (અંતરાય) તમને ખબર નથી ભૂતકાળમાં આપણે ફળ ઝાડ માટે જમીન આપતા હતા. ભૂતકાળમાં ખેડૂતોને જમીન આપતા હતા તે અંગે કેટલાં કૌભાંડો થયા અને શું થયું તેમાં પડવા માગતો નથી. આજે તેની દશા શું છે તેમાં પણ હું જવા માગતો નથી પણ તે દ્રષ્ટિએ આ એક નવી આખેઆખી પૉલિસી નીતિ આખી જે રાજય સરકાર લાવી છે અને તેણે વાત કરી કે મોટા ઉદ્યોગો તેના આમુખમાં અને તેનો જે હેતુ છે તે હેતુ આપે વાંચ્યો હોત તો મને લાગે છે તમારે આમાં પડવાની જરૂર ના હોત. માઈક્રો ઈરીગેશન તેમાં શેમાં દાખલ કરી છે. મોટા ઉદ્યોગ ગૃહોને આ રાજયને તેની ચોક્કસ શરતો સાથે આ જમીન આપવાની છે ત્યારે મારા મુરબ્બી મિત્રશ્રીએ જે તેમનો ભય દર્શાવ્યો છે તે મને લાગે છે અસ્થાને છે. ભય એટલા મોટે હું અસ્થાને ગણું છું કે ભૂતકાળમાં આ જમીન સામાન્ય રીતે ભાઈએ વાત કરી.

શ્રીગોરધનભાઈએ વાત કરી કે એની બાજુની પડતર જમીન એ ખેડૂતને કલ્ટીવેશનમાં આપી શકે તેમ હોય તો નજીકની હોય તો ચોકકસ આપવી જોઈએ અને એ માટે હું માનું છું કે રાજય સરકારનું મન ખુલ્લું છે. પણ આ એવી જમીન છે કે અત્યારસુધી બીજા હેતુઓ માટે લેન્ડ એકવીઝીશનમાં ઘણી જમીન આપી છે. સૈનિકોને જમીન અત્યારે આપવામાં આવે છે. ભૂતકાળમાં હરિજનભાઈઓને પણ આપી હશે. શરત ભંગ કરતા હશે એને પુનઃ વસન કરીને ઉદાર બનાવે એનો વાંધો નહીં. પણ આ વાત મીકસ કરશો તો સો, બસો કે પાંચસો વર્ષ સુધી  As it is પડતર રહેશે. હજુ આપણે સો વર્ષ કાઢવા છે? એ સો વર્ષ ન જાય અને કલ્ટીવેશન લેન્ડને ઉપયોગમાં લઈ શકાય અને એ કોણ લઈ શકે? સમાજના સુખી ગણાતા ખેડૂત જ આ જમીન લે, એમની શકિત મુજબ ઈન્વેસ્ટ કરીને, એટલા માટે હું આ વાત કરું છું. આખા ગુજરાતની બધી જમીનની વાત નથી. પ્રાયોગિક ધોરણે અત્યારે ૬ જિલ્લા લેવામાં આવ્યા છે અને એમાં ગામો આઈડેન્ટિફાઈ કરવામાં આવ્યા છે.

હું મારી વાત કરીશ. સાબરકાંઠા જિલ્લામાં જોષીયારાજી જે લાવ્યા છે કે સાબરકાંઠા જિલ્લામાં ૭ તાલુકાના ૧૭ ગામો આઈડેન્ટિફાઈ થયા કે આવી જમીનને આપણે ખર્ચ કરી શકીએ, એવા કુલ ૧૩૦૦, ૧૪૦૦ ગામોમાંથી ૧૭ ગામો, એટલે તમે વિચાર કરો. ૬ જિલ્લામાં કુલ આઈડેન્ટિફાઈ થયેલા ૧૩૫ ગામોમાં આપણા ગુજરાતના ૧૮૦૦૦ ગામડા પૈકી. અને આમાં બીજા હજુ ૨૦૦ કે ૫૦૦ ગામો એમાં ઉમેરાશે. ૫૦૦, ૬૦૦ ગામોની જમીન હજારો વર્ષોથી પડેલી છે, એને લાવવા માટે નવી નીતિ જયારે સરકાર લાવતી હોય તો એને વધાવવી જોઈએ, એને બદલે તમારી વાત સાચી છે કે અમદાવાદમાં પાછળથી એક જિલ્લો જાહેર કર્યો, એમાં ધંધુકાના ૭ અને બરવાળાના ૧ મળી કુલ ૮ ગામો મળી કુલ ૧૩૫ ગામોની જમીન અત્યારસુધીમાં આ હેતુ માટે આપવાની છે. ત્યારે આ સરકાર ઉદ્યોગપતિઓને જમીન આપી દેશે, એ વાત કરવી મારી દૃષ્ટિએ ઉચિત નથી. આજે પણ તમે આ ગામોમાંથી કોઈપણ ગરીબ માણસ ખેતી કરવા માટે લોકો હોય અને ઈચ્છા ધરાવતા હોય તો છૂટછાટ મૂકવાની રજૂઆત કરી શકાય. એ દૃષ્ટિએ હું માનનીય અધ્યક્ષશ્રી, આ જે ૨૦૦૫ નો ઠરાવ છે, એ ક્રાંતિકારી પગલું લેવાશે. ગુજરાતની કલ્ટીવેટેડ લેન્ડનો વધારો થશે અને એના થકી વર્ષોથી બિન ખેતીની જમીન પડી છે, એને વાવેતર હેઠળ લાવવાથી અનેક લોકોને ફાયદો થશે. રાજયની આર્થિક સમૃદ્ધિ પણ વધશે. આ દિશામાં રાજય સરકાર જે કાર્યવાહી કરી રહી છે એને હું સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ**: સાહેબ, ૨૦ મિનિટ મારે જોઈશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : તમે ૨૦ મિનિટ નહીં, બે કલાકમાં પણ જવાબ નહીં આપી શકો.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : એટલા બધા મુદ્દા છે?

**શ્રી બાબુભાઈ મે. શાહ** : હા.

**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ડો. અનિલભાઈ જોષીયારા છેલ્લા દિવસનો પ્રસ્તાવ, એટલે કે આ વિધાનસભાનું સત્ર બીજી વખત મળે ત્યાં સુધી આ પ્રસંગ યાદ રહે અને માનનીય અધ્યક્ષશ્રી, આ પડતર જમીન જે આઈડેન્ટિફાઈ થઈ છે, તે કયાં થઈ છે? આ પડતર જમીનો જે આઈડેન્ટિફાઈ થઈ છે, તે પાટણ જિલ્લો અને કચ્છમાં મોટા ભાગની જમીનો થઈ છે. આ જમીનો લેવા માટે થઈ જુદી જુદી ટૂકડીઓ કચ્છની અંદર જઈ આવી છે અને કયાં કયાં કોને કોને જમીન મળે, એનો કારસો પણ રચાઈ ગયો છે. આ દેશની અંદર લેન્ડ રીફોર્મ માટે બંધારણનો ૯ મો સુધારો વી.પી.સીંઘની સરકાર વખતે લોકસભામાં રજૂ કરેલો છે. આ દેશની અંદર દલિતો, આદિવાસીઓની જમીન કોઈ લઈ ન જાય અને જમીનદારોને પાછલા બારણેથી આપે નહીં, એને માટેની કાળજી લેવાઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં જમીન ટોચ મર્યાદા ધારો આવ્યો એ સૌને વિદિત છે, જમીન ટોચ મર્યાદા ધારો જે છે અને એના કારણે જમીનદારશાહીનું દૂષણ હતું એ આઝાદી આવ્યા પછી દૂર કરવામાં આવ્યું છે. આ પધ્ધતિ જે છે  એનો વાંક હતો. આજે છેલ્લે જે નોટિફિકેશન દ્વારા સૌરાષ્ટ્રના સાત જિલ્લામાં રહેણાંકનાં મકાનોની જે જમીનો હતી એ સૌરાષ્ટ્રમાં ઋણ રાહતધારો આવ્યો તેમછતાં આ જેમની માલિકીની જમીનો હતી એ હજુપણ એનું રિફોર્મ નહોતું આવ્યું અને આજે છાપામાં સ્પષ્ટતા વાંચી, પરંતુ અહીં તો જે મે મહિનામાં રાજય સરકારે ૨ હજાર એકર સુધીની જમીન જુદા જુદા ઔદ્યોગિક ગૃહોને આપવા માટેની વાત કરી છે. આ દેશના પરંપરાગત ખેડૂતો એ સાવ નકામા છે અને આ ઉદ્યોગપતિઓ જ માત્ર ખેતી કરી શકે છે એવું આના દ્વારા આ સરકાર પ્રસ્થાપિત કરવા માગે છે? આ દેશમાં ૭૦ ટકા ખેતી આધારિત ખેડૂત લોકો અને ખેતમજૂરો હોય છે અને આ સરકાર આ કરીને આ જાહેરાત કરીને એમની હાંસી ઉડાવવા માગે છે? ઉજળું એટલું દૂધ હોતું નથી. આજે કોઈ મોટા ઔદ્યોગિક ગૃહ કેલીફોર્નિયાથી કેરીના છોડ લાવીને વાવેતર કરીને કેરી વિકસાવવા માગે છે અને આની પહેલાંનો પ્રસ્તાવ કૃષિ મંત્રીશ્રીને લગતો હતો અને આ પ્રસ્તાવ કદાચ મહેસૂલ વિભાગનો છે, પરંતુ મહેસૂલ ખાતાની જમીનોની લહાણી કઈ રીતે થાય છે એની વાત કરું તો કોઈકે હમણાં કહયું કે ૧૦ રૂપિયા વાર નહીં, પરંતુ ૫૦ પૈસે વાર લેખે અબડાસાના ગોયલા ગામની સીમમાં ઔદ્યોગિક ગૃહને ૨ હજારની સાલમાં  જમીન આપવામાં આવેલ છે અને સામાન્ય રીતે ૨ વર્ષમાં એનો ઉપયોગ કરવાનો હોય છે અને શરતભંગના મુદ્દા નીચે એ જમીન આપણે પાછી લઈ લઈએ છીએ.૫૦ પૈસાની એટલે કે ૨ હજાર રૂપિયા  એકરના ભાવે સરહદી જિલ્લાના વિસ્તારમાં આ જમીનો અપાયેલ છે અને એવી જમીન ઓછી નહીં, પરંતુ એક હજાર એકર જમીન છે એ કચ્છના અબડાસાના ગોયલા ગામની સીમમાં આ જમીન અપાયેલી છે અને આજે છ વર્ષ સુધી જે હેતુ માટે આ જમીન આપવામાં આવેલ છે એનો ઉપયોગ થતો નથી. જમીનનું રેવન્યુ આપણને આપે છે ખરું અને આ જે જમીનો આપવા માટેની વાત છે એમાં આ જે પડતર જમીનો વર્ષોથી હોય અને એ જમીનની માગણી જયારે જમીન વિહોણા કોઈ ખેતમજૂરો કરતા હોય ત્યારે લેન્ડ કચેરી નિયમિત રીતે ભરીને આપવા માટેની આપણી પરંપરા છે તો આ લેન્ડ કચેરી કેટલા સમયથી ભરાઈ નથી? એક જમીન એક સન્માનનીય આગેવાન શ્રી ઝીણાભાઈ દરજી જયારે ૨૦ મુદ્દાની સમિતિમાં હતા અને તેમની પાસે ત્યાં ગયા અને માગણી આવી તો આવી ૧૦-૧૦ એકર જમીન ૨૩ લોકોને આપવાનું નકકી કર્યુ હતું અને મામલતદારને સૂચના આપી કારણ કે તે વખતે મામલતદારને આપવા માટેના રાજય સરકારે અધિકાર આપેલા હતા, પરંતુ એમણે કયાંય પણ એના માટેની લેન્ડ કચેરી ભરીને આપવાની વાત કરી નહીં અને આ ૨૩ એકર જમીનો ૨૩૦ એકર જમીનો કે જેનો ૨૦ વર્ષથી જે ખેડૂતો એનો ભોગવટો કરતા હતા એના ઉપર તેમણે ખર્ચ કરેલો હતો એ જમીનો લેન્ડ કચેરી નહીં ભરવાના  કારણે એ જમીનો તેમને આપવામાં આવેલ તે છતાં પણ એ જમીનો જતી રહી, કોઈ મોટા ઔદ્યોગિક ગૃહની પાસે એ જમીનો જતી રહી. મુંદ્રાની બાજુની જમીનની વાત છે, ૧૦ એકર જમીન જો ના આપી શકતા હોય અને ૨ હજાર એકર જમીન એક ઔદ્યોગિક ગૃહને આપવાની અને આના દ્વારા કોઈ માનનીય સભ્યશ્રીએ કહયું કે કેટલાક લોકોની એમાંથી રોજગારી ઉભી થવાની છે. તો રોજગારી ઉભી થવાની વાત તો બાજુએ રહી, પરંતુ એક મોટા ઔદ્યોગિક ગૃહની મુલાકાતે હું જામનગર ગયો હતો તો ફાર્મિંગ ત્યાં અમને બતાવવામાં આવ્યું અને એમાં જેટલી રોજગારી આપવામાં આવી છે એના કરતાં તો ૧૦ ગણી રોજગારી આ ગ્રામકક્ષાએ ખેતી આધારિત ખેતી હોય છે એમાંથી મળતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ખેતમજૂરો આ દેશના નાગરિકો છે. એમના અધિકારો છે અને એમને જ્યારે અવગણવામાં આવે ત્યારે તેલંગણાની લોક ચળવળ અને નક્સલાઈઝ પ્રવૃત્તિને જે પશ્ચિમબંગાળમાં વેગ મળ્યો અને આજે ભૂમિહારો અને ભૂમિહિનો વચ્ચે જે લડાઈ બિહાર અને બીજા રાજયોમાં ચાલે છે તે તમારે ગુજરાતમાં લાવવાની છે? કોઈપણ સંજોગોમાં આ જમીન એ ટોચ મર્યાદા કરતાં કોઈને પણ વધુ ન અપાય તેનું પાલન કરવું જરૂરી છે. માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે કોણે કર્યો, આ ટોચ મર્યાદાનો કાયદો નીકળી ગયો છે? હું પૂછવા માગું છું. ટોચ મર્યાદાના કાયદામાં સરપ્લસ થયેલ જમીન આજે જેમને આપી છે તે જમીન પરત આવવાની છે? ટોચ મર્યાદાનો કાયદો અમલમાં છે, વધુમાં વધુ બાવન એકર કરતા વધુ જમીન ખેતીમાં રાખી શકાતી નથી. અને સિંચાઈની જમીનની પણ મર્યાદા છે. ત્યારે આજે નર્મદાનું પાણી દરેક જિલ્લામાં જવાનું છે

તેવા વખતે મોકાની જમીન છે તેના ઉપર જે ગૃહોનો ડોળો હોય તેમને આપના મારફત આ ગૃહમાં અમે ચેતવણી આપીએ છીએ કે મહેરબાની કરીને આ જમીન ઉપર તમે દરેક ક્ષેત્રમાં તમારી મોનોપોલી સ્થાપવા માગતા હો તો આ જમીન એ ધરતી માતા છે તેના ઉપર નજર નહીં બગાડતા. ધરતી માતા ઉપર જ્યારે નજર બગડશે ત્યારે અનેક અનર્થો થવાના છે. સત્યની શોધ પુસ્તકમાં મેઘાણીજીએ એક પિડિતોનું કાવ્ય આપ્યું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, એક મિનિટ પ્લીઝ, બાબુભાઈ, હું તમને વિનંતી કરું છું પણ તમે જુદું સમજો છો એટલે તમારો રોષ વધતો જાય છે. બેલેન્સ રાખવું પડે, શું વાત ચાલે છે તે બાબતે, પછી પાછા પોઈન્ટ ઑફ ઓર્ડર ઉઠાવશો, એટલા માટે.

**સભાગૃહનો સમય લંબાવવા બાબત**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ છેલ્લા દિવસના પ્રસ્તાવ ઉપર ચર્ચા પૂરી થાય અને મંત્રીશ્રી તેનો જવાબ આપે અને આઠ નંબરની આઈટેમ લેવાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી હું વિનંતી કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, એટલી જ વિનંતી....

**અધ્યક્ષશ્રી** : આજના એજન્ડાનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે. તમને એવું લાગે છે કે માનનીય સભ્યશ્રીઓને અધ્યક્ષે રક્ષણ આપવું પડે, પણ હવે એવો સમય આવ્યો છે કે તમારે મને રક્ષણ આપવું પડશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એ પિડિતોને જ્યારે શોષણખોરોનો ભોગ બનવું પડે ત્યારે સ્વયંભૂ લોક જુવાળ ઉમળતો હોય છે. તે કાર્લ માર્કસની ચળવળ હોય કે ભૂમિહારો અને ભૂમિહિનો વચ્ચેનો સંઘ ર્ષ હોય એ બધું જમીનમાંથી ઉદ્ભવે છે, પોતાના હક્કો જ્યારે છીનવાઈ જાય ત્યારે પિડિતની આંતરડીનો આર્તનાદ હોય છે અને તેની હાઈ ગમે તેવા ચમરબંધી, મહાસત્તાને પણ ખાઈ જાય છે, શ્રમજીવીઓને જેમણે રંજાડ્યા છે એમનું નામ ઈતિહાસમાંથી ભૂંસાઈ ગયું છે. તે વાત યાદ રાખવામાં આવે. અને આ જમીન જરૂરિયાતમંદો, ખેતમજૂરોને આપવા માટેની પ્રાયોરીટી નક્કી કરવામાં આવે તેનો નિર્ધારિત સમય નક્કી કરવામાં આવે અને તેને જે ઠેકાણે જમીનની માગણી હોય તેમને આપવા માટે થઈને લેન્ડ કચેરીઓ બેસાડવામાં આવે અને ત્યાંસુધી આ જમીન કોઈને ન અપાય એવી માનનીય મંત્રીશ્રી ખાતરી આપે એટલું હું ઈચ્છું છું.

**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અનિલભાઈ જોષીયારા છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઈને આવ્યા છે એના સંદર્ભમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

ગુજરાત રાજય અસ્તિત્વમાં આવ્યું એને આજે ૪૫ વર્ષના વહાણા વાયા છે. ૪૫ વર્ષ દરમિયાન રાજયમાં જુદી જુદી સરકારોએ સમાજના નબળા વર્ગોના અનુસૂચિત જાતિઓ, જન જાતિઓ અને ખેત મજૂરોને આપવા પાત્ર ખેતી લાયક જમીનો સાથણીના કાર્યક્રમો કરીને જ્યાં જ્યાં ગૌચર કરતાં વધારાની ફાજલ જમીનો હતી એવી જમીનો ફાઈનાલિસ્ટમાં દાખલ કરીને ભૂમિહીનો, ખેત મજૂરો, આદિવાસીઓ, લશ્કરમાંથી નિવૃત્ત થયેલ જવાનોને તથા અપંગ લોકોને આપવા માટેનું કાર્ય કર્યુ છે. લાંબા સમય પછીથી સરકારના ધ્યાન ઉપર આવ્યું કે ગુજરાત રાજયની અંદર આજે પણ જે જમીન પર ખેડવાણ થઈ શકે તેમ નથી, જે જમીન બિન ઉપજાવું છે, જ્યાં ઘાસ પણ થઈ શકતું નથી. જે જમીનમાં ઢોર ચરવા માટે ઉપયોગ કરી શકે તેમ નથી એવી હજારો એકર જમીન લાખો એકર જમીન ગુજરાતમાં અત્યારે પણ બિલકુલ પડતર પડી છે. જેનો ઉપયોગ નથી તો માનવ હિતમાં થતો, નથી એનો ઉપયોગ પશુ હિતમાં થતો. આવી જમીનોને નવસાધ્ય કરીને ખેતી લાયક બનાવવી, ક્ષારવાળી જમીન, કોતરોવાળી જમીન, ખાડા ટેકરાવાળી જમીન, પથ્થરાળ જમીનને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગથી મોટું આર્થિક મૂડીરોકાણ કરીને ખેતી લાયક બનાવવા માટે રાજય સરકારે ૧૭-૫-૨૦૦૫નો એક અભૂતપૂર્વ નિર્ણય લઈને હજારો એકર જમીન લાખો એકર જમીન ખેતી લાયક બનાવીને ગુજરાતનું ખેત ઉત્પાદન વધારવું. જે જમીનની અંદર કશું જ થતું નથી એ જમીન નવ સાધ્ય કરવી એનો નિર્ણય કર્યો છે એના માટે રાજય સરકારને અભિનંદન આપીશ અને જે લોકો વસ્તુ સ્થિતિ ન સમજતાં હોય, આ ગુજરાતમાં કાળા કાયદા હતા એક ગામથી બીજા ગામે જમીન ખરીદી શકાતી નહોતી. કોઈ ખેડૂત ખાતેદાર હોય અને પોતાની જમીન વેચીને તરત જ બીજી જમીન ઉપભોક્તા તરીકે ઉપયોગ ન કરે તો એનું નામ ખેડૂત તરીકે રદ થઈ જતું હતું. કોઈની જમીન, પોતાની જમીન ડેવલપ કરવી હોય તો એ બેંકમાં ગીરો ન મૂકી શકે એવી નવી શરતની જમીન હતી એ નવી શરતની જમીનને જૂની શરતમાં ફેરવવાનો કાયદો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે.

ગુજરાતમાં ખેડૂતોના હિતની વાત કરવા માટે, કિસાનોની વાત કરવા માટે, ખેતમજૂરોની વાત કરવા માટે, શ્રમિકોની વાત કરવા માટે, વંચિતોની વેદનાને વાચા આપવા માટેનું કામ કોઈએ પણ કર્યું હોય તો અમારી સરકારે કર્યું છે. ઠીક છે, આ પ્રસ્તાવમાં ભાઈશ્રી જોષીયારાજીએ ગરીબો, સીમાન્ત ખેડૂતો, નાના ખેડૂતોના નામે વાતો કરી છે અને રાજય સરકારને અનુરોધ કર્યો છે.

હું રાજય સરકારના નિર્ણયને આવકારીને એક-બે સૂચનો કરવા માગું છું કે રાજય સરકારે જ્યારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે ત્યારે તેમાં જે ગલતફેમી કેટલાક લોકો કરે છે કે રાજય સરકાર ભૂમિહીનો, ખેતમજૂરો, દલિતો, આદિવાસીઓને આપવાપાત્ર જમીન ઉદ્યોગગૃહોને આપવા જઈ રહી છે. એ મુદ્દાનું બરાબર ખંડન થાય તે માટે સંબંધિત જિલ્લાઓમાં આવી કોતરવાળી જમીનો, બિન ઉપજાઉ જમીનોને આઈડેન્ટીફાઈ કરે. તેની જાહેરાત ત્યાંના વર્તમાનપત્રોમાં કરે અને આવી જમીન જે તે ઉદ્યોગગૃહો આગળ આવશે તેને રાજય સરકાર આપશે અને કોઈ નાના કે સીમાન્ત ખેડૂત પણ પોતાની માગણી લઈને આવશે તો તેના માટે પણ રાજય સરકાર પ્રયાસ કરશે. એક મારું સૂચન આ છે. બીજું સૂચન એ છે કે જ્યારે આપણો દેશ બેરોજગાર લોકોથી પીડિત દેશ છે, ખેતીપ્રધાન દેશ છે. આપણાં દેશના હજારો લોકો રોજગારી ઝંખી રહ્યા છે ત્યારે દેશમાં મોટા ઉદ્યોગગૃહોને પડતર જમીન નવસાધ્ય કરવા માટે આપીએ છીએ. ત્યારે તેમાં એક પ્રાવધાન એવું પણ કરે કે જે ગામની જમીન હોય એ ગામના ખેતમજૂરો, એ ગામના શ્રમિકોને એ ઉદ્યોગગૃહો ફરજિયાત રીતે રોજીનું પણ પ્રાવધાન રાજય સરકાર કરશે તો આ નિર્ણય વધુ શ્રેયકર બની રહેશે. આ નિર્ણયના કારણે રાજયની લાખો એકર જામીન નવસાધ્ય કરવાનું શ્રેય આ રાજય સરકારને પ્રાપ્ત થશે અને આગામી દિવસોમાં ૨૦ વર્ષનો પટ્ટો પૂરો થયા પછીથી એ જમીન ફરીથી રાજયસાત થયા પછી રાજય સરકાર બીજા લોકોપયોગી હેતુ માટે પણ ઉપયોગ કરી શકશે. એ દિશામાં રાજય સરકાર નિર્ણય કરશે તો ગુજરાત માટે લાભદાયી અને ગુજરાતના હિતમાં બની રહેશે એટલી વાત સાથે વિરમું છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ડો. અનિલભાઈ જોષીયારા જે પ્રસ્તાવ લઈને આવ્યા છે અને ઘણાં સભ્યશ્રીઓએ સરકારની આ નીતિ બાબતે જે ચિંતા વ્યક્ત કરી છે તે ચિંતામાં હું સૂર પુરાવવા ઉભો થયો છું.

ભૂમિક્રાંતિ કેવી રીતે થઈ શકે તેનું ઉદાહરણ જો કોઈ હોય તો એ ગુજરાત પોતે છે. મને એમ હતું કે રાજનીતિથી પર રહીને બધા જ મિત્રો આમાં પોતાના વિચારો વ્યક્ત કરશે. પરંતુ છતાંય આમાં ક્યાંક ક્યાંક આવું નિરીક્ષણ આવ્યું છે. રણજીતસિંહભાઈ બોલતા હતા, ગોરધનભાઈ બોલતા હતા, એક વાત સ્વીકારી કે ૧૯૪૭ પહેલાં ગુજરાતનો ખેડૂત વેઠ કરતો હતો. એક ઈંચ જમીનનો માલિક નહોતો અને જે ૭૦૦ રજવાડા હતા તેમાંથી ૨૨૫ જેટલા રજવાડાઓ ગુજરાતમાં હતા. ભૂમિક્રાંતિ ભારતમાં થઈ હોય તો એ સૌરાષ્ટ્રમાં થઈ. જે તે વખતના સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી ઢેબરભાઈ ખેડે તેની જમીનનો કાયદો લઈ આવ્યા અને આજે તે જમીનના માલિક બનાવ્યા. જો આ ન થયું હોત તો આજે જે દશા બિહારની છે, જે દશા રાજસ્થાનના લોકોની છે, જે દશા મધ્યપ્રદેશના લોકોની છે એવી જ દશા આજે થઈ હોત. એક એક જમીનદાર પાંચ-પાંચ, દસ-દસ હજાર વીઘા જમીનનો માલિક છે. જ્યારે ગુજરાતમાં આ સ્થિતિ આજે પણ સંભવિત નથી. એટલા માટે કે જે તે વખતની સરકારોએ તેની ચિંતા કરી છે. એનાથી આગળ જઈને એની ચિંતા થઈ કે ભૂમિહીન લોકોને પણ જમીન આપવી જોઈએ, સાંથણી મારફત ભૂમિહીન લોકોને, નાના ખેડૂતોને જમીનો આપી. એટલું જ નહીં પણ દેશની સરહદે, દેશની ચોકી કરતા હતા એ સૈનિકો, નિરાધાર લોકોને જમીન આપવાનું કામ ભૂતકાળની સરકારોએ કર્યું છે. આ જે ભારતની ભૂમિની ક્રાંતિ છે એ આદર્શ ક્રાંતિ હતી એનું અનુકરણ આજે દક્ષિણ આફ્રિકા કરી રહેલ છે. ૪૦૦ વર્ષ પહેલાં જે અંગ્રેજોએ દક્ષિણ આફ્રિકામાં ટુકડો જોડવાનો કાયદો લાવીને જે લોકોને ભૂમિહીન બનાવ્યા હતા એ લોકોને ટુકડા ધારો રિપીટ કરી ૪૦૦ વર્ષ પહેલાંનો ટુકડા ધારો લાવીને એમણે જમીનોના માલિક બનાવ્યા છે, જે લોકો ભૂમિની ક્રાંતિ ચૂકી ગયા એનો ઉત્તમ દાખલો હોય તો એ ઝાંમ્બિયા છે. રૉબર્ટ મુગાબે રાજકીય ક્રાંતિ કરી પણ અંગ્રેજોના હાથમાંથી, જમીનદારોના હાથમાંથી એ જમીન ન લાવી શક્યો. આજે એનું પરિણામ એનો દેશ ભોગવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને દુ:ખ એ વાતનું છે કે, આ પડતર જમીનનો ઉપયોગ થવો જોઈએ. પણ અગાઉની સરકારોએ જે રીતે સાંથણી કરી અને નાના ખેડૂતોને જમીન આપી હતી અને જે રીતે માજી સૈનિકોને આપી હતી એ રીતે થઈને એને આપી હોત તો, અમે જરૂરથી ટેકો આપ્યો હોત. (અંતરાય) જયંતિભાઈ, તમારે તો ટેકો આપવો જોઈએ તમે અને હું એના કારણ છીએ. આ નીતિ આવી એના કારણે આપણે ભૂમિના માલિકો બન્યા.

**અધ્યક્ષશ્રી** : બેસો પ્લીઝ, બેસો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : જયંતિભાઈ, આપણે વેઠિયા હતા, એમને જમીનોના માલિક બનાવ્યા છે. મારે દુ:ખ સાથે કહેવું છે કે અત્યારે પણ જે નવી શરતમાંથી જૂની શરતમાં જે જમીન અપાય છે અને જે જમીન ગુમાવે છે એ જમીન ગુમાવનાર માણસો પણ ગરીબ હોય છે અને (અંતરાય) નરોત્તમકાકા થાકી તો જવાય, પણ સાંભળવું પડે.

**અધ્યક્ષશ્રી** : નરોત્તમભાઈ સાંભળવું પડે. પ્લીઝ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એનો બેનીફીટ કોઈ દિવસ લીધો નથી એટલે.

**અધ્યક્ષશ્રી** : નરોત્તમભાઈ, પ્લીઝ. બેસો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : નરોત્તમભાઈ એની પીડા કદાચ તમે નહીં ભોગવી હોય, સૌરાષ્ટ્રમાં અમે ભોગવી છે. જે જમીનો નવી શરતમાંથી જૂની શરતમાં થાય એ દલિતો અને નાના ખેડૂતોને, ખેત મજૂરોને એના નામો જોશો તો જણાશે. એ ગુમાવનાર લોકો પણ આ જ હતા. એક વખત આજ ગૃહમાં મેં કહ્યું હતું કે, કમાન્ડ એરિયાની જમીનોની અંદર આજે પણ આ કચ્છ હોય, સુરેન્દ્રનગર હોય કે અમદાવાદ હોય, એની જમીનો પણ આજે બહારના માલેતુજાર લોકો, બિલ્ડરો આવી નફાખોરી કરી અને જ્યારે પાણી આવશે ત્યારે આ જમીનોના માલિક છે એ જમીનોના માલિક પોતાના ખેતરમાં મજૂરીએ જતા હશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર જે કાયદો લાવી છે એ નવા જમીનદારો ઊભા કરનારો કાયદો છે અને એના જ હાથમાં રહેવાની છે અને આજે ગામડાની અંદર રોજીરોટી ઘટી છે. એને ખેતીની અંદર પોતાનું પેટિયું રળવું છે પણ એને જમીન અપાતી નથી. આજે મારે પૂછવું છે કે, આ જે સાંથણી થઈ નથી. કારણ કે સાંથણી કરવી નથી પણ ઉદ્યોગપતિઓને જમીન આપવી છે અને ખેડૂત છે, ખેત મજૂર છે એની જમીન સાંકડી થતી જાય છે, ખેત મજૂરો વધે છે. એના માટે કોઈ રોજગારીનું સાધન નથી અને એટલા માટે એ બહાર નોકરી શોધવા જાય છે પણ એના માટે કયાંય નોકરીઓ નથી. ક્યાંક સરકારી નોકરીઓની જાહેરાતો આવે છે. પણ એ સરકારી નોકરીઓની જાહેરાતની અંદર મેં અગાઉ કહ્યું એમ એવી ગોઠવણ કરી રાખી હોય છે કે, પોતાના મળતિયા લોકો આવી જાય. હમણાંજ પોલીસ લોકરક્ષકના ઈન્ટરવ્યુ ચાલુ છે અને બધાયને રોજગારીનો પ્રશ્ન છે અને એની અંદર પણ ગામડાનો માણસ એટલા માટે અહીં આવે છે કે, ભણીને લાયકાત ઉપર એને નોકરીઓ મળે. પણ ત્યાં એવું પૂછે છે.,* * (xxxxx) (xxxxx) (xxxxx) અને એની ઓળખ કરવામાં આવે (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી** : બેસો બેસો પ્લીઝ . . . બેસો પ્લીઝ..

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દિવસનો પ્રસ્તાવ બહુ મર્યાદિત હેતુવાળો છે. એમાં (xxxxx) આપના દ્વારા વિરોધપક્ષના નેતાને જરા કહો કે વિષય બહાર જાય નહીં સાહેબ, વિષય બહાર ન જાય (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી** : આમાં જે આપણો છેલ્લા દિવસનો પ્રસ્તાવ છે એમાં વિષય બહારની વસ્તુ નહીં આવવી જોઈએ. આ બંને શબ્દ દૂર કરી નાખવામાં આવે છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, સવારે આપે આવીને જે શિખામણ આપી હતી એ ઝાંપા સુધી ગઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, વિષય બહારની નથી. વિષય અંદરની વાત કરતો હતો અને મને તો એવું હતું કે બધા ચિંતા કરી અને મારા સાથી મિત્રો એવી ખાતરી આપશે કે લોકરક્ષકની અંદર જે ઈન્ટરર્વ્યુ લેવાય છે એમાં લાયકાતવાળા પ્રશ્નો પૂછશે. સિલેબસના પ્રશ્નો પૂછશે.(સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નો, નો આમાં નહીં આવે પ્લીઝ. . . પ્લીઝ . .

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** :અને આ ગીતની (અંતરાય) ઓળખ આપવાની ન હોય (અંતરાય) આ ૩ લાખ યુવાનોનો પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી .** : જે ચર્ચા ચાલતી હોય એના આનુષાંગિક બાબત હોવી જોઈએ. નો ..નો .. .. ઈરીલેવન્ટ નહીં આવવું જોઈએ. પ્લીઝ નો. નો. . આ (xxxxx) એ વાતનો ઉલ્લેખ નહીં થવો જોઈએ. (અંતરાય)

વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા " બેરોજગારોને જમીન આપો, ગરીબોને જમીન આપો,ખેતમજૂરોને જમીન આપો" ના સતત સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ .. પ્લીઝ... નો નો એ વાત અહીં નહીં આવે, ઈરીલેવન્ટ બાબત છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ટરર્વ્યુની અંદર પૂછાયેલા પ્રશ્નની મેં વાત કરી છે અને એમાં ગામડાનો જે ખેતમજૂરનો દીકરો છે એને અન્યાય થાય છે એટલે વાત કરી છે ... ..અંતરાય

**અધ્યક્ષશ્રી** : ઈરીલેવન્ટ વાત નહીં આવે પ્લીઝ..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : અને એને પૂછવું હોય તો ભણેલો શું છે એમાંથી પૂછવું જોઈએ અને ખાતરી આપવી જોઈએ અને એના બદલે રૅકૉર્ડમાંથી દૂર કરે, દૂર કરવા હોય તો આવા ઈન્ટરર્વ્યુ લેનારને દૂર કરવા જોઈએ.

સતત સૂત્રોચ્ચાર

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ. (સતત સૂત્રોચ્ચાર) નો, નો, પ્લીઝ (સતત અંતરાય) પછી મારે આ ચર્ચા પૂરી થયેલી જાહેર કરવી પડશે. (અંતરાય) પ્લીઝ,હવે હું ૧૦૨ અન્વયે (અંતરાય) માનનીય મંત્રીશ્રી આપ જવાબ આપો. (સતત સૂત્રોચ્ચાર)

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્ય ર્ડા. અનિલભાઈ જોષીયારા જે પ્રસ્તાવ લઈને આવ્યા છે ( સતત અંતરાય) (સતત સૂત્રોચ્ચાર )

---

* **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો /વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ જવાબ આપવાનું ચાલુ રાખો.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે સવારે જ આપે આ ગૃહને વિનંતી કરી હતી કે સારા વાતાવરણની અંદર રાજયના હિતની અંદર તંદુરસ્ત ચર્ચા થાય એવી આપે વિનંતી કરી હતી. (સતત સૂત્રોચ્ચાર) વિરોધપક્ષના સૌ સભ્યશ્રીઓ આ તમારી વિનંતીનો દુરુપયોગ કરે છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ.. પ્લીઝ પૂરું કરી નાખો.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : એમને સાંભળવું નથી (સતત સૂત્રોચ્ચાર )

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ..પ્લીઝ.. આ છેલ્લો દિવસ છે. પ્લીઝ આપને હું વિનંતી કરુ છું. નહીંતર મારે એકશન લેવા પડશે. પ્લીઝ, પ્લીઝ, પરેશભાઈ પ્લીઝ ..પ્લીઝ.. હું પરેશભાઈને કલમ-૫૧ મુજબ આજના દિવસના કામકાજમાંથી સભાગૃહમાંથી બહાર જવા માટે આદેશ આપું છું. સાર્જન્ટ એમને બહાર લઈ જાવ.

(સતત અંતરાય)

(માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર માનનીય સભ્યશ્રી પરેશભાઈ ધાનાણીને સલામતી દળના સભ્યો દ્વારા સભાગૃહમાંથી બહાર લઈ જવામાં આવ્યા) (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** :માનનીય અર્જુનભાઈ, આપ વિરોધ પક્ષના નેતા છો એટલે આપના રિસ્પેક્ટ માટે હું કાળજી રાખું છું. પ્લીઝ.

(આ તબક્કે "ખેડૂત વિરોધી આ સરકાર નહિ ચલેગી, નહિ ચલેગી" અને "ખેત મજૂર વિરોધી આ સરકાર નહિ ચલેગી, નહિ ચલેગી" ના સૂત્રોચ્ચાર સાથે સભાગૃહમાં હાજર વિરોધ પક્ષના નેતાશ્રી સહિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની અંદર વિરોધ પક્ષના નેતા સહિતના...

**અધ્યક્ષશ્રી** : માનનીય અશોકભાઈ, બીજી વાત ન મૂકશો. જવા દો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપર રહે એટલા માટે જણાવીશ કે, રાજ્ય સરકાર મેરિટ ઉપર પસંદગી કરે છે. આર.એસ.એસ. કે નોન આર.એસ.એસ. છો એવી કોઈપણ પ્રકારની પૃચ્છા ક્યારેય કરવામાં આવતી નથી. સવારે આપે જે સૌજન્યતા દાખવી એનો વિરોધ પક્ષના લોકોએ ગેરલાભ ઉઠાવ્યો છે.

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ એના નિયમો પ્રમાણે ચાલે છે, આ સભાગૃહ પ્રણાલિકાઓ પ્રમાણે ચાલે છે. વિરોધ પક્ષની પણ શાસક પક્ષ જેટલી આ સભાગૃહના સંસદીય સંસ્કારો જાળવવા માટેની જવાબદારી છે. આપે આજે સવારે કહ્યું અને બન્ને પક્ષોએ તે વખતે સંમતિ બતાવી હતી. પરંતુ આજે એમ લાગે છે કે કેટલીક શિખામણ, •(xxxxx) હોય એ પ્રકારનો વહેવાર આજે વિરોધ પક્ષે કર્યો છે. પૂરેપૂરો જવાબ આપવાની પરિસ્થિતિ પેદા થાય છે ત્યારે વાતને આડા માર્ગે લઈ જવાનો પ્રયત્ન થાય. આ ખેડૂતોનો પ્રશ્ન છે, જમીનની વહેંચણીનો પ્રશ્ન હતો. જમીનની ઉપયોગિતા માટેનો એક વિચાર હતો અને અનિલભાઈ જોષીયારાનો પ્રસ્તાવ બહુ સ્પષ્ટ પ્રસ્તાવ છે. (xxxxx) ભરતી કે બેરોજગારીની વાત નથી આવતી. વિરોધ પક્ષના નેતા બેજવાબદારી પૂર્વક વર્તીને ૧૯૬૦માં રચાયેલી વિધાનસભામાં આ પહેલી ઘટના બની છે. આ ઘટના વિરોધ પક્ષના નેતા માટે નહિ પરંતુ વિધાનસભાના સંસદીય સંસ્કાર માટે આજના દિવસમાં વિરોધ પક્ષના નેતાએ જે કાર્ય કર્યું છે એ મને લાગે છે કે આ ગુજરાતનું એક કલંકિત પ્રકરણ ઉમેરીને ચાલ્યા ગયા છે. વોક-આઉટ કરે એ એમનો અધિકાર છે એટલે એમાં કોઈ વાંધો નથી પણ ચર્ચાને ઊંધા માર્ગે લઈ જઈને દાદાગીરી બતાવી, માનનીય મંત્રીશ્રી જવાબ આપતા હોય ત્યારે એને બોલવા ન દેવા એ દાદાગીરી ન કહેવાય? સરકાર પોતાનો જવાબ આપવા માગતી હતી. એમના સૂચનો હતા એ વિશે શું કરી શકાય એનો આખરી વિચાર હતો. છેલ્લા દિવસે વિરોધ પક્ષના નેતાએ અને સમગ્ર વિરોધ પક્ષે ગુજરાતની સંસદીય પ્રણાલિકાના સંસ્કાર ઉપર પાણી ફેરવ્યું છે અને આપે સવારે શિખામણ પણ આપેલી, પણ (xxxxx)

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના સૌ સભ્યશ્રીઓએ એમની કામ કરવાની પદ્ધત્તિ મુજબ ગઈ વખતે પણ મને બરાબર યાદ છે, ખેડૂતોનો પ્રશ્ન આવે ત્યારે આ હાઉસમાં ખોટી રજૂઆતો કરવી, ખેડૂતોને ગુમરાહ કરવા. રાજ્ય સરકાર ખેડૂતો માટે ખેતીના ઉત્પાદન માટે જે કાંઈ કામગીરી કરે છે, આંકડાકીય માહિતી સાથે જ્યારે કેન્દ્ર સરકારમાંથી પણ એને અનુમોદન મળતું હોય ત્યારે એમનાથી આ રાજ્યની પ્રગતિ દેખી શકાતી નથી, આ વારંવાર કરે છે. ગયા વખતે પણ મને બરાબર યાદ છે, આ જ પ્રશ્ન હતો અને વોકઆઉટ કરી ગયા છે. આ ગૃહની ગરિમા તોડવા માગે છે, સમગ્ર ગુજરાતની પ્રજાને ગુમરાહ કરવા માગે છે. આ સ્વયંસ્પષ્ટ પ્રગતિશીલ સરકારના પ્રગતિશીલ મુખ્યમંત્રીશ્રી આ નિર્ણય લઈ શકે. આ બીજા કોઈપણ ના લઈ શકે. આ ગુજરાતના હિતનો નિર્ણય છે. બીજા કોઈપણ આ દેશની અંદર ના લઈ શકે. એક જી.આર.માં જોગવાઈ છે. એ જી.આર.ની જોગવાઈનું અર્થઘટન ઊંધુ કરીને અનુસૂચિત જાતિના લોકો, જનજાતિના લોકોને, ખેતમજૂરોને આ બધાને જમીન આપી, આદિવાસીઓને જમીન આપી. એનો જવાબ હું

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

પહેલા આપવા માગું છું. આટલા વર્ષો સુધી તમે રાજ કર્યુ, તમે કેટલા આદિવાસીઓને અને અનુસૂચિત જાતિના લોકોને, ખેતમજૂરોને કેટલી જમીન આપી? આંકડા સાથે હું પહેલો જવાબ એમને આપીશ. આ રાજ્ય સરકાર જે કોઈ નિર્ણય લે એ રાજ્યના હિતમાં, પ્રજાની સુખાકારીના હિતમાં લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ચાર વર્ષમાં ભારત સરકારનો ૨૦ મુદ્દાનો કાર્યક્રમ છે. સમગ્ર દેશની અંદર સતત ચાર વર્ષ આ કાર્યક્રમ નીચે જો કોઈ પણ રાજ્યે વધુમાં વધુ જો ફાજલ જમીનોની વહેંચણી કરી હોય તો આ ગુજરાત રાજ્ય છે. બીજા કોઈ રાજ્યમાં થઈ નથી. એમને કાંઈ બોલવાનો અધિકાર નથી એનાં હું આંકડા આપું. ભારત સરકાર જે લક્ષ્યાંક આપે છે એ લક્ષ્યાંક ૧૧૦ ટકાથી ૧૫૫ ટકા સુધી ચાર વર્ષની અંદર કુલ ૩૫,૬૪૩ લાભાર્થીઓને ૧,૫૬,૮૩૭ એકર ફાજલ જમીન, જે ઠેકેદારોની વાત કરે છે, સામાન્ય માણસને જગ્યા આપતા નથી. આ સામાન્ય માણસને આપેલ જગ્યાની હું વાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાથણીની વાત કરે છે. અહીંયા તમારા સમયની અંદર કેટલા લોકોને તમે સાથણીમાં જમીન આપી છે. આ રાજ્ય સરકારના વહીવટની અંદર ૨૦૦૨ થી ૨૦૦૫ સુધી ૧,૮૭,૬૮,૩૬૫ ચો.મીટર જમીન સાથણીની આપી છે. જે નાના માણસોને, માજી સૈનિકોની વાત કરે છે. એમને ચાર વર્ષમાં જમીન આપેલ છે. એ ક્યા મોઢે વાત કરે છે કે નાના માણસને, મજૂરને જમીન આપતા નથી? આ રાજ્યની અંદર આખા દેશમાં પહેલીવાર આઝાદી પછી બનાવ બન્યો એ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. સુરેન્દ્રનગરની અંદર એક દિવસમાં જે સાથણીની વાત કરી છે. સાથણીની વાત, ઠેકો લેવાની એ વાત કરે છે. સુરેન્દ્રનગરમાં લીંબડીની અંદર એક દિવસમાં ૨૪૨૫ એકર જમીન સાધારણ, નાના માણસને આપી છે. આ રાજ્ય સરકારે અને એની તારીખ ૨૦૦૫ એપ્રિલની અંદર ગઈ સાલ આખા દેશમાં નથી બન્યો એવો બનાવ, આ સરકાર સામાન્ય માણસની ચિંતા કરવાવાળી સરકાર છે.

આ જી.આર. જે અમે ક્ર્યો છે ૨૦૦૫ની અંદર એ પ્રગતિશીલ નિર્ણય છે એ કોણ લઈ શકે? આ પ્રગતિશીલ સરકારના મુખ્યમંત્રીશ્રી જ કરી શકે. કેવી જમીન અમે આપવાના છીએ. ગુમરાહ કરે છે આ લોકોને જમીન નથી આપવાના, સરકાર પડતર જમીન આપે છે. જે છેલ્લા ૨૦૦ વર્ષોથી કદાચ એનાથી પણ વધારે ક્યારેય પણ એની ઉપર એકેય પાંદડું ઊગ્યું નથી, રણ હોય, કોતર હોય એવી જમીન આપવાની છે. આ પ્રગતિશીલ રાજ્યે લગભગ ૨૫ લાખ હેકટર જેટલી જમીન આવી બિનઉપજાઉ પડી છે. આટલા વર્ષો દરમિયાન, ૧૦૦ - ૨૦૦ વર્ષ દરમિયાન આવું કયા મુખ્યમંત્રીશ્રી, કઈ સરકાર આવું ચલાવી લે?. આ ઉત્પાદનમાં લાવવા માટે આ કર્યુ છે, એને આપવાની નથી, એને લીઝ પર આપવાની છે, જમીન વેચી નથી. માત્ર ભાડાપટ્ટે આપી છે. આવી જમીન એવી છે કે જેમાં જમીનમાં ખેતી પણ કરવી હોય તો કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડે ત્યારે આવી ખેતી થઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ ગૃહો માટે નથી, ૨૦૦૦ એકરની વાત કરી, એમાં ૨૦૦૦ એકર સુધી આ જમીનની જે પદ્ધતિ છે, આપના ભૂતકાળમાં જે એમણે નીતિ કરી હતીને, ૧૯૮૭ની ફળ-ઝાડ ઉગાડવાની નીતિ છે, આજે જઈને સરકાર એનું સંશોધન કરી રહી છે, આવા જે લોકો સરકાર પાસેથી જમીન લઈ ગયા છે ફળ-ઝાડના બહાને એને પણ આ સરકાર છોડવાની નથી. સો એકર જમીન, સો એકર જમીન લઈ ગયા છે ફળઝાડ ઉછેરના નામે માલેતુજાર લોકો લઈ ગયા છે, કોઈ ખેત મજૂરને જમીન આપી નથી.

આપણે આ યોજનામાં કોઈ પણ ભવિષ્યમાં રાજય સરકારના નિયમોનું ઉલ્લંઘન ના કરી જાય એટલા માટે એક એવી ફ્રેમ વર્ક બનાવી છે એની જે કાંઈ જોગવાઈઓ છે એનું આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓને અને સમગ્ર ગુજરાતની પ્રજાને એક પછી એક ધ્યાન દોરવા માગું છું. એનો જે હેતુ છે આધુનિક ટૅક્નૉલૉજીનો ઉપયોય કરી રાજયની સરકાર બિનખેડાણ લાયક જમીનનો મોટો વિસ્તાર વાવેતર હેઠળ લાવવાની છે. ઉદ્યોગો અને વ્યકિતગત સક્ષમ ખેડૂતોને, જે ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરી જમીનને ખેતી લાયક બનાવવા પ્રોત્સાહન આપવાનું છે, આ જમીન ખેતી આધારિત જૈવિક બળતણના વૃક્ષોના ઉપયોગને ઉત્તેજન આપવા તેમજ મૂલ્ય વૃદ્ધિ આધારિત પ્રોજૅકટોને પણ પ્રોત્સાહન આપીને ખેત મજૂર અને બિનકુશળ કામદારો માટે રોજગારીની તકો ઊભી કરવી પડશે એ અમે આ જોગવાઈમાં કર્યુ છે. અમે રોજગારી ઊભી કરવાનો એમનો મુદ્દો ધ્યાને લીધો જ છે પણ એ ગુમરાહ કરે છે એ વાત કરતા નથી અને એ યોજનાનો ખાસ અગત્યનો મુદ્દો છે. પ્રોજૅકટોથી જળ વ્યવસ્થાપન, જેવી કે, સૂક્ષ્મ સિંચાઈની ટૅક્નૉલૉજીવાળી ટપક કે ફુવારાવાળી પદ્ધતિ કે અન્ય જળ અનુસ્ત્રાવ કરવાનું રહેશે. આવી જમીન જેને આપવામાં આવશે એણે ફરજિયાત માઈક્રો ઈરીગેશન કરવું પડશે. વિરોધપક્ષના નેતા અહીંયા વાત કરતા હતા, જ્યારે કૃષિ મંત્રીશ્રી પ્રવચન કરતા હતા ત્યારે કે ટૅક્નૉલૉજી લાવો ખેતીમાં, અમૅરિકા જાઓ, ઈઝરાયલ જાઓ અને સારી સારી ટૅક્નૉલૉજી લાવો, હું ટૅક્નૉલૉજી લઈ આવ્યો છું ત્યારે એ લોકો બહાર જતા રહ્યા. હું ટૅક્નૉલૉજીની વાત લઈને આવ્યો છું. ઈઝરાયલની ટપક પદ્ધતિની આમાં જોગવાઈ કરી છે જે જમીન આપવામાં આવશે એમાં એણે ટપક પદ્ધતિથી જ કરવી પડશે. રાજય સરકારે ૧૫૦૦ કરોડ રૂપિયાની ખેતીની જમીન છે ખેડૂતોની રાજય સરકારે યોજના જાહેર કરી છે કેટલા ખેડૂતો લઈ શકે છે ? એમાં ૫૦ ટકા ખેડૂતે આપવાના છે ૫૦ ટકા સબસીડી આપીએ છીએ તો પણ ખેડૂતો આ યોજનામાંથી લાભ નથી લઈ શકતા, તો આમાં તો તમામ ખર્ચ જમીનદારે પોતે પોતાનો કરવાનો છે તો આ ખર્ચાળ ખેતી છે,

અહીંયા એને ખેતીમાં લાવવા માટે કેટલો બધો પરિશ્રમ કરવો પડે એવી જમીન, જેના ઉપર વર્ષોથી કંઈ થયું નથી એ જમીન આપવાની વાત છે. એમાં એક જોગવાઈ કરી છે કે, શહેરી ઘન કચરાનો ખાતર તરીકે ઉપયોગ કરવાનું આયોજન ફરજિયાત છે. શહેરી વિસ્તારમાં જે ઘન કચરો થાય છે એ ઘન કચરાનું ખાતર બને, કેટલું બધું આ સ્કીમમાં છે, આ યોજનાના કેટલા બધા લાભો છે એની અમે વાતો કરી છે. એ જમીનના એમની પાસે જી.આર. છે એમાં સ્પષ્ટ વાત છે કે, શહેરી વિસ્તારના ઘન કચરાનો ખાતર તરીકે ઉપયોગ કરવો પડે છે આ યોજના જો સફળ થાય તો આ ગુજરાત રાજયનું ખેત ઉત્પાદન કયાં જઈને અટકશે એનો આ એક પુરાવો છે. પ્રોજૅકટોમાં સ્થાનિક મજૂરોને સમાજ સુરક્ષા ખાતા સાથે રોજગારી પુરી કરવાની રહેશે, આ રોજગારીની વાત કરે છે અમે આમાં જોગવાઈ કરી છે કે સ્થાનિક સામાજિક સમરસતા રાખીને ત્યાં રોજગારીની જોગવાઈ ઊભી કરવાની રહેશે. આ નીતિમાં વ્યાખ્યા થયા મુજબ ખેડી ન શકાય તેવી પડતર જમીન, રણની જમીન વગેરેનો સમાવેશ થાય છે. અતિશય ખર્ચ કર્યા સિવાય આવી જમીન ખેતી હેઠળ ન લાવી શકાય તેવી જમીન ખેતી લાયક બનાવવાનો હેતુ છે. વીસ વર્ષના ભાડાપટ્ટે આ જમીન આપવાની છે. આ જમીન જેને પણ આપવાની થશે પછી એ સક્ષમ વ્યકિતગત ખેડૂત હોય, આ ઉદ્યોગ ગૃહો માટે નથી કોઈપણ ગુજરાત રાજયનો બી.એસ.સી. એગ્રી પણ જો અરજી કરે અને એની પાસે આમાં ખેતી કરવા માટે પૂરતું ભંડોળ હોય એની પાસે ટૅક્નૉલૉજી હોય અને જોગવાઈ ફૂલફીલ કરવાની જો એની તૈયારી હોય તો ગુજરાતની કોઈપણ વ્યકિતને આપવાની છે ફક્ત ઉદ્યોગ ગૃહોને જ આપવાની નથી, એમાં ૨૦૦૦ એકર સુધી, બાબુભાઈ વાત કરતા હતા, એ તો એકરોમાં જ રચ્યા-પચ્યા રહે છે, ૨૦૦૦ એકર સુધી આ જમીન આવી રીતે આપવાની છે જે અગત્યનો મુદ્દો છે આપના દ્વારા આ ગૃહના સભ્યોનું ધ્યાન દોરવા માગું છું કે, આ જમીન અરજદારો માગે એ જમીન અમે આપવાના નથી. પણ રાજય સરકારે નકકી કરવાનું છે કે આ જમીન બીન ખેડાણ લાયક જમીન છે. આ જમીન ઉપર ૨૦૦ વર્ષથી કાંઈ થતું નથી. એ અમે તમને આપવા માગીએ છીએ. જેને લેવી હોય એ આવો એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. એ માગે એ અમે નથી આપવાના. અમે કેવી રીતે એ જમીન આઈડેન્ટીફાઈ કરી છે એ એકદમ સાયન્ટીફીક રીતે ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે. એના આધારે કહી શકયા છીએ કે આ જમીનમાં ૨૦૦ વર્ષથી કાંઈ થઈ શકતું નથી. કદાચ ભૂતકાળમાં કોઈએ પ્રયત્ન કર્યો હશે તો પણ કાંઈ થઈ શકયું નથી. એ ટાઈપની જમીન છે. એ ટેકનીકલ કારણથી અમે વાત કરીએ છીએ. ઠરાવની મૂળ જોગવાઈમાં મુકરર કરવાની બાબત અન્વયે કઈ જમીન મુકરર કરવી એ સુનિશ્ચિત કરવા માટે લેન્ડ રેકર્ડ ઈન્ફર્મેશન સિસ્ટમ અન્વયે આ પ્રકારની જમીનો ગામવાર સુનિશ્ચિત કરી સેટેલાઈટ ઈમેજમાં સુપર ઈમ્પોઝ કરી ગામવાર અલગ તારવવામાં આવે છે. અને સેટેલાઈટનો ઉપયોગ કર્યો એ જમીન સેટેલાઈટ દ્વારા અમે આઈડેન્ટીફાઈ કરી છે કે આ જમીન ઉપર અતિશય ખર્ચ કર્યા સિવાય કોઈપણ ખેતી નહીં કરી શકે એવું અમે આઈડેન્ટીફાઈ કર્યું છે. એ અમે આપવાના છીએ. અરજદાર માગે એ આપવાના નથી. જમીનની તારવણી કરી છે. એમાં ગોચરની જમીનનો સમાવેશ થતો નથી, ગામની નજીકની જમીનનો સમાવેશ થતો નથી. રોડ ટચ જમીનનો સમાવેશ થતો નથી, વોટર બોડીનો સમાવેશ થતો નથી. ખેતીલાયક જમીન બાકાત રાખવામાં આવી છે. જી.આર.માં સ્પષ્ટ લખ્યું છે કે જે ખેતીલાયક જમીન છે એ કૃષિ વિભાગ આઈડેન્ટીફાઈ કરે છે કે કઈ ખેતીલાયક છે અને કઈ ખેતીલાયક નથી. જે કૃષિ વિભાગે નકકી કર્યું હોય કે આ ખેતી લાયક નથી એ જમીન અમે આપવાના છીએ. ખેતી લાયક જમીન પણ અમે બાકાત રાખી છે. બનાસકાંઠા, પાટણ, કચ્છ, ભરૂચ, સુરેન્દ્રનગર અને સાબરકાંઠા જિલ્લામાં અત્યારે આવી જમીન આઈડેન્ટીફાઈ કરી છે. ૨૦૦૦ એકર સુધી એ પણ હું ચોખવટ કરવા માગું છું આપના દ્વારા સેટેલાઈટ સિસ્ટમ દ્વારા માની લો કે સુરેન્દ્રનગર જિલ્લાના એક ગામમાં આવી ૨૦૦ વર્ષ જૂની બીન ખેડાણ લાયક જમીન છે એવી ૨૫ એકર હોય તો ૨૫ એકર જ આપવાની છે. કયાંક ૫૦ એકર હોય તો ૫૦ એકર જમીન આપવાની છે. સરકાર નકકી કરશે જે જમીન પડી છે એ લેવી હોય તો લો. ૨૦૦૦ એકર આપવાની છે એવું નથી કયાંક ૨૫, ૫૦ કે કયાંક ૭૦૦ એકર પણ હોય. નાના માણસની વાત કરે છે. ઉદ્યોગ ગૃહોને આપવાની વાત નથી પણ ગુજરાતનો કોઈપણ પ્રગતિશીલ ખેડૂત હોય કે ન હોય કારણકે આમાં ખેડૂત બનવાનો નથી. બીક રાખવાની જરૂર નથી કોંગ્રેસ પાર્ટીના લોકોએ. અમે આમાં કોઈને ખેડૂત બનાવવાના નથી. કોઈપણ પ્રગતિશીલ લોકો જેની પાસે ખેતીનું જ્ઞાન હોય, પૈસા હોય, ડ્રીપ ઈરીગેશન કરી શકે, ટેકનોલોજી વાપરી શકે એવી કોઈપણ વ્યકિત આમાં અરજી કરી શકે છે. પણ સરકારે આઈડેન્ટીફાઈ કરેલી જમીનમાં એણે અરજી કરવાની રહેશે. આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું. જમીનની ફાળવણી પ્રોજેકટ બેઝ છે. પ્રોજેકટ બનાવવો પડશે. પ્રોજેકટ બનાવીને જિલ્લા કક્ષાએ તાંત્રિક સમિતિની કમિટિ છે. કલેકટરના અધ્યક્ષસ્થાને એમાં તાંત્રિક લોકો, પાંચ તાંત્રિક લોકો બેસવાના છે. એ પ્રોજેકટની ચકાસણી કરશે અને વાયેબલ હશે તો રાજય સરકારમાં મોકલશે અને રાજય સરકારમાં અગ્રસચિવ લેવલના, ઉચ્ચ ખાતાના પદાધિકારીઓની કમિટિ, એમાં રાજય લેવલના મંત્રીશ્રી પણ હશે. જિલ્લામાંથી તાંત્રિક રજૂઆત થયા પછી ત્યાંથી અરજી પાસ થઈ સરકાર પાસે રાજયમાં આવશે અને રાજયમાંથી અરજીનો નિકાલ કરવાની એવી જોગવાઈ છે કે સામાન્ય રીતે આવી જમીનના વિકાસ માટે આધુનિક સાધનો, વધુ પડતા નાણાકીય ખર્ચની જરૂરિયાત રહે છે. તે સિવાય આવી જમીન ખેતી લાયક બની શકે તેમ નથી. આથી મોટું મૂડીરોકાણ કરી શકે અને આધુનિક ટેકનોલોજી લાવી શકે તેવા ઉદ્યોગ ગૃહો કે સક્ષમ ખેડૂતો પાસે જે ક્ષમતા

હોય એ સામાન્ય ખેડૂત પાસે ન હોય એ બની શકે. ડ્રીપ ઈરીગેશનની જાહેરાત કરી. રાજય સરકારે ૫૦ ટકા સબસીડી આપી છે છતાં પણ ગુજરાતના ખેડૂતો ૫૦ ટકા પૈસા નથી કાઢી શકતા. આ એવી જમીન છે જે ટેકનોલોજીનો ઉપયોગ કરી શકતો હોય એ કોઈપણ આવી શકે છે. ઉદ્યોગ ગૃહોની વારંવાર વાત કરે છે, હું વારંવાર જવાબ આપું છું કે ગુજરાતનો કોઈપણ પ્રગતિશીલ વ્યકિત, ખેતીનું જ્ઞાન હોય, રૂપિયા વાપરી શકતો હોય એ અરજી કરી શકે છે. ૨૦ વર્ષના ભાડા પટ્ટે આપવાની વાત કરી છે. શરૂઆતના પાંચ વર્ષમાં એને જે પ્રોજેકટ આપ્યો હોય એ પૂરો કરવાનો રહેશે. પ્રોજેકટ પૂરો નહીં કરે તો એના માટે પહેલેથી એડવાન્સ એકરદીઠ ૫૦૦ રૂપિયા વગર વ્યાજની ડિપોઝીટ લેવાના છીએ. આ વાત અમારા સાથી સભ્યો નથી કરતા. ૫૦૦ રૂપિયા એકર દીઠ લેવાય છે, વગર વ્યાજના કે તમારા ૫ વર્ષમાં આ જે જમીન લીધી છે, તે પ્રોડક્શનમાં આવવી જોઈએ અને જો ના કરી શકે તો એના ડિપોઝિટના પૈસા પણ જાય અને જમીન પણ પરત લઈ લેવામાં આવે, આવી પણ આખરી જોગવાઈ ભૂતકાળમાં એમના વખતમાં થતી હતી. જમીન આપવામાં અને કોણે કોણે જમીન લીધી છે, એ તો સમય આવે બતાવીશ. અમારો વિભાગ એના ઉપર શોધખોળ કરી રહ્યો છે. આ પ્રોજૅકટ રિપૉર્ટ ડિસ્ટ્રિક્ટ લેવલે, રાજ્ય લેવલે થાય, પછી એની અહીથી પરમીશન આપવામાં આવે છે. મે કહ્યું તેમ ૫ વર્ષમાં જો પ્રોજૅકટ રિપૉર્ટ, પ્લાનિંગ ન કરે તો જમીન પાછી લઈ લેવામાં આવે, ડિપોઝિટની રકમ પાછી લઈ લેવામાં આવે, નામદાર હાઈકોર્ટમાં પણ પિટિશન થઈ હતી. જાહેર હિતની અરજી થઈ હતી. તા. ૨૨-૮-૨૦૦૫ ના રોજ ગુજરાતમાંથી નામદાર હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી થયેલી. આ અપીલ આ જી.આર. નો નામદાર હાઈકોર્ટે અભ્યાસ કરીને તા. ૨૨-૮-૨૦૦૫ ના રોજ જાહેર અપીલ કૅન્સલ કરી છે. ન્યાયની અરજમાંથી એમને પાછા આવવું પડ્યું છે. આ રાજ્ય સરકારે વર્ષો જૂની જેમાં ખેતી થઈ જ નથી, ખેતી કરવી હોય તો ઘણો મોટો ખર્ચ કરવો પડે, ટેક્નૉલૉજી વાપરવી પડે. આ બધું કરી શકે એવા લોકોને અને રાજ્ય સરકારે એની ચિંતા કરી છે, પણ ભૂતકાળમાં જે રીતે ભૂતકાળની સરકારમાં જમીન અપાતી હતી, એમાં કોઈપણ વ્યક્તિ આવી જમીન લઈને ખેત ઉત્પાદનમાં ન જાય તો કડકમાં કડક પગલાં લેવાનું આ જી.આર.માં આયોજન કર્યુ છે. આપના દ્વારા સમગ્ર વિધાનસભા ગૃહના સૌ સભ્યશ્રીઓને પણ રાજ્ય સરકારે એક પ્રગતિશીલ નિર્ણય અને ઘણા બધા પ્રગતિશીલ નિર્ણય આ ગુજરાત સરકાર કરે છે, એમાનો આ નિર્ણય અને રાજ્યના બીજા લોકોએ જેને અનુમોદન આપ્યું છે અને બીજાં રાજ્યના લોકોએ આ નીતિની કોપી મંગાવી છે, જે વર્ષોથી જમીન પડી રહી છે અને ઉત્પાદનમાં ન આવે તેમાં રાજ્ય સરકારની ફરજ છે કે નેશનલ લોસ થાય છે, એ ન થવો જોઈએ. એવો જી.આર., એવી નીતિ લઈ જે ધારાસભ્યશ્રીઓ બાબુભાઈ અહિયા છે નહિ, અનિલભાઈએ પ્રસ્તાવ મૂક્યો, પણ બાબુભાઈ નથી, પણ તેઓ જે સરકારમાં મંત્રી છે ને એમનો દોઢ વર્ષનો નિર્ણય જો લાવીએ તો બાબુભાઈ અહીયા બેસી ન શકે. દોઢ વર્ષમાં એ જે સરકારમાં મંત્રી હતા, એ વખતના એમણે જે નિર્ણયો લીધા છે તે કેવળને કેવળ ગુજરાતને બરબાદ કરવાના નિર્ણયો લીધા છે. આ સરકારની અંદર ગુજરાતના વિકાસને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાય છે. એ વાત બાબુભાઈને જ્યાં હોય ત્યાં પહોંચાડું છું અને છેલ્લે વિરોધપક્ષની બે મોઢાની વાત. ભુપેન્દ્રસિંહનો પ્રસ્તાવ આવ્યો ત્યારે ટેક્નૉલૉજી લાવો, વધારે ઉત્પાદન કરો, આવી પબ્લિસિટી લેવા મંડ્યા. અમે પબ્લિસિટી લાવ્યા, વધારે ઉત્પાદનની વાત કરી, ટેક્નૉલૉજીની વાત કરી. જે જમીનો ૨૦૦ વર્ષની પડી રહી છે અને એની અંદર ઉત્પાદન નથી અને એની વાત કરીએ છીએ તો એનો પણ વિરોધ કરવાનો? આવી બે મોઢાની વાત કરવાવાળા વિરોધ પક્ષ પણ જ્યારે જ્યારે એમના ઉદ્દેશો બર નથી આવતા. એમને કઈક કરવાનું હોય, ટીકા કરવાની હોય, ત્યારે એમનો છેવટનો રસ્તો વોક આઉટ કરી જવાનો. હું તો મજાકમાં પણ કહું તો વોક આઉટ નંબર-૧ અર્જુનભાઈ મોઢવાડિયા. દરેક બાબતમાં વોક આઉટ કરી જવો. આપના દ્વારા ગૃહ સમક્ષ આ વાત મૂકી છે.

**અધ્યક્ષશ્રી** : ચર્ચા પૂરી થાય છે.

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમ્યાન મળ્યા છે અને સમયના અભાવે માનનીય સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી, તેવા ૫૧ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭-ક અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

# અતારાંકિત પ્રશ્નો

**નિયમ-૮૭-ક અન્વયે અતારાંકિત પશ્નો અને તેના જવાબો**
**ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭ (ક) અન્વયે તા. ૨૯મી માર્ચ, ૨૦૦૬ના રોજ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવેલ અતારાંક્તિ પ્રશ્નો અને તેના જવાબોની યાદી**

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક |
|---|---|---|
| ૧ | શ્રી અમિતભાઈ ચાવડા | ૪૧૧૨ |
| ૨ | શ્રી કુંવરજીભાઈ બાવળીયા | ૩૯૧૩ |
| ૩ | ડૉ. સી. જે. ચાવડા | ૪૩૧૦ |
| ૪ | શ્રી છબીલભાઈ પટેલ | ૪૧૧૮, ૪૧૧૯ |
| ૫ | શ્રી જ્યંતિલાલ ક્વાડીયા | ૪૩૧૮ |
| ૬ | શ્રી બલવંતસિંહ રાજપૂત | ૩૭૬૮, ૪૦૩૧, ૪૦૩૨, ૪૦૫૫, ૪૦૭૨, ૪૦૭૫ |
| ૭ | શ્રી બળદેવજી ઠાકોર | ૪૩૧૭ |
| ૮ | શ્રી બાવકુભાઈ ઉંધાડ | ૪૧૦૭, ૪૧૨૦, ૪૧૨૧, ૪૧૨૩, ૪૧૨૫, ૪૧૨૬, ૪૧૨૭, ૪૧૨૮, ૪૧૨૯, ૪૧૩૦, ૪૧૩૩, ૪૧૩૪, ૪૧૩૫, ૪૧૩૭, ૪૧૩૮, ૪૧૩૯, ૪૧૪૦, ૪૧૮૪, ૪૧૮૫, ૪૧૯૧, ૪૧૯૫, ૪૧૯૬, ૪૧૯૭, ૪૧૯૮, ૪૧૯૯, ૪૨૦૦, ૪૨૩૬, ૪૨૩૭, ૪૨૩૮, ૪૨૩૯, ૪૨૪૦, ૪૨૪૧ |
| ૯ | શ્રી મુકેશભાઈ ગઢવી | ૪૩૩૦ |
| ૧૦ | શ્રીમતી રમીલાબેન દેસાઈ | ૪૩૦૭ |
| ૧૧ | શ્રી સિધ્ધાર્થ પરમાર | ૪૦૯૨, ૪૦૯૩, ૪૦૯૮, ૪૧૦૩ |

-----------

**સોગંદનામા સાથેની ફરિયાદો હોવા છતાં સબંધિત અધિકારીઓ સામે પગલાં નહીં લેવા અંગે**

અતારાંક્તિ : ૪૩૩૦ (૧૩-૩-૦૬) **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે-

(૧) ફરિયાદ કરનારના સોગંદનામા સાથેની સરકારી અધિકારીઓ સામે ફરિયાદો આવે તેવા કિસ્સાઓમાં સબંધિત અધિકારીઓ વિરુધ્ધ કોઇ પગલાં નહીં લેવા સરકારશ્રીએ સૂચનાઓ આપેલ છે તે હકીકત ખરી,

(૨) જો હા, તો તેના શું કારણો છે, અને

(૩) જો ના, તો કેવા પગલાં લેવામાં આવે છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૧૭-૩-૦૬) :

(૧) ના જી,

(૨) લાગુ પડતું નથી,

(૩) સા.વ.વિ.ના તા. ૨૪-૮-૯૮ ના ઠરાવ ક્ર.સીડીઆર-૧૦૯૬-૬૩૬-ત.એ.ની સૂચનાઓ મુજબ ફરિયાદ અરજીઓ સબંધમાં કાર્યવાહી કરવાની પધ્ધતિ નિયત કરવામાં આવેલ છે. (નકલ સામેલ છે)

**નામી/અનામી (નનામી) બેનામી ફરિયાદ અરજીઓસંબંધમાં કરવાની કાર્યવાહી અંગે પધ્ધતિ નિયત કરવા બાબત**

તા. ૨૯મી માર્ચ, ૨૦૦૬
અતારાંકિત પ્રશ્નો

**ગુજરાત સરકાર**
**સામાન્ય વહીવટ વિભાગ**

ઠરાવ ક્રમાંક : સીડીઆર-૧૦૯૬-૬૩૬-ત. એ.,
સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૮.

વંચાણે લીધો : (૧) સા. વ. વિ.નો તા. ૩૧-૧-૯૭ નો ઠરાવ ક્રમાંક : ખતપ-૧૦૯૬-૧૨૨૮/તપાસ એક્મ.
(૨) સા. વ. વિ.નો તા. ૪-૧૧-૯૭ નો પરિપત્ર ક્રમાંક : ખતપ-૧૦૯૬-૧૨૨૮/તપાસ એક્મ.

**આમુખ**

રાજ્ય સરકારના અધિકારીઓ /કર્મચારીઓ સામે લાંચ રૂશ્વત, ભ્રષ્ટાચાર, અપ્રમાણિક્તા, સત્તાનો દુરુપયોગ, ગેરરીતિ, ગેરવર્તાવ તથા અનિયમિતતાને લગતી નામી, અનામી, બેનામી, ફરિયાદો વ્યાપક પ્રમાણમાં થતી જોવા મળે છે. આ પ્રકારની મોટા ભાગની ફરિયાદોમાં સામાન્ય પણે કંઈ તથ્ય હોતું નથી, તેમ છતાં તેવા કિસ્સામાં તપાસ કરાવવાથી નાણાં, સમય અને શક્તિનો વ્યય થાય છે. પ્રમાણિક અને નિષ્ઠાવાન અધિકારી/કર્મચારી કામકાજમાં હતોત્સાહ થાય છે, તેમને માનસિક વ્યથા ભોગવવી પડે છે અને તેની અસર તેમના મનોબળ પર થતી જોવા મળે છે.

સરકારના પ્રમાણિક અને નિષ્ઠાવાન અધિકારીઓને રક્ષણ મળે, ઉત્સાહી અધિકારીઓ નિરાશ ન થાય અથવા તેમના સન્માન અને સ્વમાનને અવળી અસર નહીં થાય તેમજ સત્તાનો દુરુપયોગ કરનાર અથવા ગંભીર અનિયમિતતા આચરનાર ભ્રષ્ટ અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી ઝડપથી હાથ ધરી શકાય તે હેતુથી સરકારને મળતી, નામી, અનામી, બેનામી, ફરિયાદો / અરજીઓ સંબંધે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા અંગેના ચોક્કસ ધોરણો નક્કી કરી, તે એક પધ્ધતિના રૂપમાં અમલમાં મૂક્વાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

૧. આ બાબતે સંપૂર્ણ વિચારણાના અંતે નામી, અનામી, (નનામી), બેનામી, અરજીઓ / ફરિયાદો અંગે તપાલ કરવા અને/અથવા દફતરે કરવાનો નિર્ણય લેવા સંબંધમાં સરકારના તમામ અધિકારી/કર્મચારી અંગે હવે પછી નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવાનું ઠરાવવામાં આવે છે :-

(ક) નામી એટલે સાચાં નામ-સરનામાવાળી અરજીઓ અનામી (Annonymous) એટલે કે નામ-સરનામાં કે સહી વગરની અરજીઓ અને બેનામી (Pscudonymous) એટલે કે ખોટાં નામ-સરનામાં કે સહીવાળી અરજીઓ/ફરિયાદોમાં કરવામાં આવેલ આક્ષેપોમાં પ્રથમ દર્શનીય રીતે કંઈ તથ્ય જણાતું ન હોય તેમજ દ્વેષવૃત્તિથી કોઇ ફરિયાદ કરવામાં આવેલ જણાય તો આ પ્રકારની ફરિયાદો કોઇપણ તપાસ વગર દફતરે કરવા વિભાગના સચિવશ્રી/ખાતાના વડા/નિમણૂંક અધિકારી/સમિતિ નિર્ણય લઇ શકશે.

(ખ) નામી/બેનામી અરજી/ફરિયાદ બાબતે સ્પષ્ટતા કરવાની કે આવી અરજી/ફરિયાદ, સાચા નામ-સરનામાવાળી છે કે બેનામી છે તે અંગે શંકા ઉપસ્થિત થાય તો અરજીમાં દર્શાવેલ સરનામા પર ફરિયાદીને યુ.સી.પી. (Under Certificate of Posting) થી લખાણ કરી, અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પુરાવા રજૂ કરવા જણાવવાનું ધોરણ રાખવું. આ રીતે કોઇ અરજી બેનામી છે કે કેમ તે પણ નક્કી કરી શકાશે. અરજી ઉપરના સરનામે અરજદારને આ રીતે રજૂઆત કરવાની યોગ્ય તક આપ્યા પછી, તેઓ હાજર નહીં થાય અથવા આક્ષેપોના સમર્થનમાં વાજબી પુરાવા/વિગતો રજૂ કરવામાં નિષ્ફળ જાય તો તેવા પ્રસંગે વિભાગના સચિવશ્રી/ખાતાના વડા/નિમણૂક અધિકારી/સમિતિ ઉપલબ્ધ વિગતોના આધારે ફરિયાદની પ્રાથમિક ખરાઇ કરી યોગ્ય નિર્ણય કરશે.

(ગ) કોઇપણ ફરિયાદ અરજીમાં ચોક્કસ વિગત દર્શાવેલ હોય અથવા જે વિગત દર્શાવેલ હોય તે વાંચતા કોઇપણ એક અથવા એક કરતાં વધુ મુદ્દાઓ પર, વધુ વિગત એકત્ર કરવાની જણાય તો, તે મુદ્દા/મુદ્દાઓ પુરતી જ વધુ વિગત એકત્ર કરવા/તપાસ કરવા પણ વિભાગના સચિવશ્રી/ખાતાના વડા/નિમણૂક અધિકારી/સમિતિ નિર્ણય લઇ શકશે અને તે પછી જરૂરી વિગતો તપાસી, ફરિયાદ અરજી દફતરે કરવી કે કેમ અથવા કોઈ ચોકક્સ મુદ્દા ઉપર આગળ ખાતાકીય તપાસ માટે ભલામણ કરવી કે કેમ તે અંગે આખરી નિર્ણય લેશે અથવા જરૂર જણાય તો વધુ તપાસ એ.સી.બી. વિગેરે એજન્સીઓ મારફતે કરાવવા પણ સત્તાનુસાર નિર્ણય લઇ શકશે. આમ કરતાં પહેલાં આક્ષેપિત અધિકારી/કર્મચારીને પૃચ્છા કરી તેની પાસેથી વિગતો મેળવવાની રહેશે. ત્યારબાદ વિભાગના સચિવશ્રી/ખાતાના વડા/નિમણૂક અધિકારી/સમિતિને યોગ્ય જણાય તો આક્ષેપિત અધિકારીના મુદ્દાવાર જવાબના આધારે ફરિયાદ દફતરે કરવા પણ નિર્ણય લઇ શકશે.

(ઘ) ખાસ સંજોગોમાં તેમજ કોઇ મહાનુભાવોની ફરિયાદ અરજી સંદર્ભમાં, તેમનો સંપર્ક સાધી આક્ષેપોના સમર્થનમાં વધુ વિગત તેમના પાસેથી મેળવવી યોગ્ય અથવા શક્ય નહિ હોય તો, તેવા સંજોગોમાં

આક્ષેપિત અધિકારીનો મુદ્દાવાર જવાબ અને અન્ય વિગતો તપાસી ફરિયાદ અરજીમાં જણાવેલ દરેક મુદ્દા બાબતે યોગ્ય આખરી નિર્ણય સંબંધિત સચિવશ્રી/ખાતાના વડા/નિમણૂક અધિકારી/સમિતિ લઇ શકશે.

(ચ) હવે નિયમોમાં સુધારો થવાથી "ઠપકો" એ ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ હેઠળની શિક્ષા રહી નથી. તેથી કોઇપણ બાબત અથવા મુદ્દા અંગે આક્ષેપિત અધિકારીના પક્ષે સામાન્ય પ્રકારની ક્ષતિ અથવા ક્સૂર સંબંધિત સક્ષમ અધિકારી અથવા સમિતિને જણાય તો તે મુદ્દા/બાબત પુરતું ક્સૂરદાર અધિકારીને "ચેતવણી" આપી અથવા "ભવિષ્યમાં કાળજી રાખવાની સૂચના" સાથે ફરિયાદ અંગેનું તપાસ પ્રકરણ બંધ કરવા પણ સંબંધિત વિભાગના સચિવશ્રી/ખાતાના વડા/નિમણૂક અધિકારી અથવા સમિતિ નિર્ણય લઇ શકશે.

૨. કોઇપણ અરજી અંગે પ્રાથમિક તપાસ હાથ ધરતા પહેલાં અથવા પ્રાથમિક તપાસ અહેવાલ મળ્યા પછી આગળની કાર્યવાહી અંગે આખરી નિર્ણય લેતી વખતે, આક્ષેપિત અધિકારીની પ્રમાણિકતા/અપ્રમાણિકતા, ફરજ પ્રત્યે નિષ્ઠા/નિષ્ઠાનો અભાવ તેમજ અનિયમિતતા તથા ગેરવર્તણૂંક્ની ગંભીરતા વગેરે બાબતો ખાસ ધ્યાને લેવાની રહેશે અને કોઇપણ પ્રમાણિક અને નિષ્ઠાવાન અધિકારી, શુધ્ધબુધ્ધિથી કરેલ કૃત્ય માટે, બિન જરૂરી રીતે હેરાન પરેશાન નહિ થાય, કામમાં હતોત્સાહ થાય નહીં તેમજ દ્વેષ-બુધ્ધિથી, ખોટી રીતે બિન-પાયાદાર ફરિયાદ કરનારને ઉત્તેજન ન મળે તે બાબતો ધ્યાનમાં રાખી, યોગ્ય આખરી નિર્ણય લેવાનો રહેશે.

૩. ફરિયાદ અરજીમાં જણાવેલ કોઇ બાબત અંગે આક્ષેપિત સામે ખાતાકીય તપાસ હાથ ધરવાનો વિભાગના સચિવશ્રી/ખાતાના વડા/ સમિતિનો/નિમણૂક અધિકારીનો અભિપ્રાય થાય, ત્યારે સંબંધિત વહીવટી વિભાગ/ખાતાના વડાએ તે અંગે યોગ્ય કક્ષાએથી ખાતાકીય તપાસ માટે "શિસ્ત અધિકારી" ના આદેશો મેળવી તે પછી આગળની કાર્યવાહી કરવાની રહેશે અને તે સિવાય ખાતાકીય તપાસની કાર્યવાહી શરૂ કરી શકાશે નહિ.

૪. કોઇપણ આક્ષેપ અંગે ફરિયાદ અરજીમાં લખેલ વિગત જૂની પુરાણી હોય, ઓડીટ અહેવાલ અથવા તપાસણી અહેવાલમાં અગાઉ ઉલ્લેખાયેલ હોય તેવી બાબતો અંગે પાછળથી ભ્રષ્ટાચાર, ગેરરીતિ અથવા અનિયમિતતા વિગેરે બાબતે આક્ષેપો થાય તો, સામાન્ય રીતે ચોક્કસ કારણો સિવાય, તેમાં વધુ તપાસ કરવાની જરૂર નથી. આ પ્રકારની ફરિયાદ / અરજી અંગેનો નિર્ણય સંબંધિત વિભાગના સચિવશ્રી/ખાતાના વડા/નિમણૂંક અધિકારી/સમિતિએ સ્વવિવેકાનુસાર લેવાનો રહેશે.

૫. નામી, અનામી, બેનામી અરજીઓ/ફરિયાદો અંગે ઉપર પ્રમાણેની કાર્યવાહી કરી વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓના કેસોમાં વિભાગના સચિવશ્રી તથા વર્ગ-૩ના કર્મચારીઓના કેસોમાં ખાતાના વડા અથવા નિમણૂંક અધિકારી સત્તાનુસાર યોગ્ય નિર્ણય લેશે અથવા તેઓને જરૂર જણાય તેવા કેસો સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૧-૧-૯૭ના ઠરાવમાં ઉલ્લેખ કરેલ "સમિતિ" સમક્ષ મૂકી યોગ્ય આખરી નિર્ણય લેશે. વર્ગ-૪ના કર્મચારીઓના કેસોમાં વર્ગ-૧ થી નીચલી કક્ષાના ન હોય તેવા વહીવટી વિભાગ કે ક્ચેરીના વડા અથવા વિભાગીય ( Regional) ક્ચેરીના વડા ઉપર મુજબ કાર્યવાહી કરી યોગ્ય આખરી નિર્ણય લેશે.

૬. ધ્યાન પર આવેલ પ્રચાર માધ્યમોમાં પ્રસિધ્ધ થયેલ અધિકારી/કર્મચારી સામેના આક્ષેપાત્મક સમાચાર / અહેવાલ(e i Repots) અંગે પણ ઉપર જણાવેલ ફરિયાદ અરજીઓ સંબંધે તપાસની જે કાર્યવાહી નક્કી થયેલ છે તેવી જ કાર્યવાહી સંબંધિત વિભાગ / ખાતાએ કરી, યોગ્ય આખરી નિર્ણય લેવનો રહેશે.

૭. જે કિસ્સામાં વર્તમાન માન. મુખ્ય મંત્રીશ્રી અથવા ખાતાના સંબંધિત માનનીય મંત્રીશ્રીએ કોઇ અધિકારી/કર્મચારી સામે કોઇ બાબતે તપાસ કરવા સૂચના આપી હોય તેવા કિસ્સામાં વિભાગના સંબંધિત સચિવશ્રીને યોગ્ય લાગે તે રીતે ફરિયાદ બાબતે તપાસ કરાવી તે પછી પોતાના સ્પષ્ટ અભિપ્રાય સાથે માન. મુખ્ય મંત્રીશ્રી/માન. મંત્રીશ્રી સમક્ષ તપાસ અહેવાલ રજૂ કરવાનો રહેશે અને તે પછી જરૂર જણાય તો ચોક્કસ મુદ્દા ઉપર આક્ષેપિત સામે ખાતાકીય તપાસ હાથ ધરવા શિસ્ત અધિકારીના હુકમો મેળવવાના રહેશે.

૮. તકેદારી આયોગને બારોબાર, મળેલી ફરિયાદ અરજી ઉપર આયોગે જ વિભાગ અથવા ખાતાના વડાને તપાસ સોંપી અહેવાલ મંગાવેલ હોય તેવી ફરિયાદ અરજી અંગેનો પ્રાથમિક તપાસ અહેવાલ, વિભાગના સચિવશ્રી/ખાતાના વડાએ પોતાના મુદ્દાવાર અભિપ્રાય સહિત તકેદારી આયોગને મોકલી આયોગની સલાહ મેળવવાની રહેશે અને તે પછી ઘટતી કાર્યવાહી સંબંધિત વિભાગે કરવાની રહેશે.

૯. કોઇપણ ફરિયાદ/અરજી અંગે ફોજદારી કેસ દાખલ કરવો કે પોલીસ તપાસ કરાવવી તે અંગે સરકારની પ્રવર્તમાન સૂચનાઓ યથાવત રહેશે.

૧૦. કોઇપણ ફરિયાદ અરજી ઉપર પેરા-૫ (પાંચ) માં જણાવેલ ફરિયાદ અરજી અંગે યોગ્ય નિર્ણય લેવા સક્ષમ એવા અધિકારી/વિભાગ/ખાતાના વડા સિવાય અન્ય કોઇ ક્ચેરીમાં મળે તો તે ક્ચેરીના વડાએ ફરિયાદ અરજી સંબંધે પ્રાથમિક તપાસની કોઇપણ કાર્યવાહી કર્યા સિવાય ઉપર પેરા-૫ (પાંચ) માં જણાવેલ સંબંધિત વિભાગ/ખાતાના વડાને સત્તાનુસાર ઘટતી કાર્યવાહી કરી યોગ્ય નિર્ણય લેવા મોકલી આપવાની રહેશે.

૧૧. કોઇપણ ફરિયાદ અરજીમાં એક કરતાં વધુ વિભાગોને સ્પર્શતી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવેલ હશે તો, જે વિભાગ અથવા ક્ચેરીમાં અરજી મળેલ હશે તે વિભાગ/ક્ચેરીએ અન્ય વિભાગ/ખાતાને સ્પર્શતી બાબતોનો ખપ પૂરતો જ ઉતારો (Relevant extracts) અરજદારના નામ સરનામાં અને અન્ય આનુષાંગિક વિગત સાથે જે તે વિભાગ અથવા ખાતાના વડાને મોક્લી આપવાનો રહેશે. જેના આધારે તે વિભાગ/ખાતાના વડાએ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૧૨. તપાસ અંગેની આ સૂચનાઓ કોઇપણ કાયદાની સ્પષ્ટ જોગવાઇ હેઠળ સરકાર અથવા કોઇ અધિકારીએ હુકમ કરી સોંપેલ તપાસ અથવા તે તપાસના સંદર્ભમાં મળેલ તપાસ અહેવાલોને લાગુ થશે નહીં. આ પ્રકારના અહેવાલ સંબંધે (દા.ત. મેજેસ્ટરીયલ ઇન્ક્વાયરી રીપોર્ટ) સંબંધિત વિભાગે કાયદાની જોગવાઇ અને પ્રવર્તમાન નીતિ અનુસાર યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.

૧૩. આ ઠરાવમાં જ્યાં જ્યાં "સમિતિ" શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે સમિતિ એટલે કે સામાન્ય વહીવટ વિભાગના
તા. ૩૧-૧-૯૭ના ઠરાવમાં ઉલ્લેખ કરેલ "સમિતિ" તેમજ ઠરાવમાં જ્યાં જ્યાં "સચિવ" શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમાં અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવનો પણ સમાવેશ થાય છે.

૧૪. ઉપર દર્શાવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા સચિવાલયના સર્વે વિભાગો અને ખાતાના વડા/ક્ચેરીના વડાને જણાવવામાં આવે છે.
૧૫. ઉપર દર્શાવેલ સૂચનાઓને અનુલક્ષીને ક્ચેરી કાર્યપધ્ધતિ તેમજ સામાન્ય વહીવટ વિભાગ તથા ગૃહ વિભાગના પ્રવર્તમાન ઠરાવો/પરિપત્રમાં જરૂરી સુધારા હવે પછી કરવામાં આવશે.
૧૬. આ સૂચનાઓ આ વિભાગની સમાનાંકી ફાઈલ પર ગૃહ વિભાગના તારીખ ૨૩/૭/૯૮ના રોજ અનુમતિ મેળવીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
**વિ. એ. સાઠે,**
સંયુક્ત સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

*મા. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
મા. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સર્વે. મા. કેબિનેટ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
*સચિવશ્રી, ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે ખાતાના વડાઓ/સર્વે ક્ચેરીના વડાઓ.
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ,
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ,
વિશિષ્ટ ફાઈલ.
*પત્ર દ્વારા.

------------

## રાજ્યમાં કૃષિ રથયાત્રા દરમ્યાન કરેલ ખર્ચ

અતારાંક્તિ : ૩૭૬૮ (૩-૮-૦૫) : **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં આયોજન કરેલ કૃષિ રથયાત્રા માટે ક્યા હેતુ માટે કેટલું ખર્ચ કરવામાં આવ્યું,

(૨) આ યાત્રાને કારણે જિલ્લાવાર કુલ કેટલા ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ થયું ? કેટલા પ્રશ્નો જિલ્લાવાર ઉકેલવાના બાકી છે,

(૩) આ યાત્રા મારફતે જિલ્લાવાર કુલ ક્યા ક્યા પાકોના બિયારણની ઈન્સેકટીસાઈડ પેસ્ટીસાઈડની કિટસ, ખાતરની કિટસ તેમજ અન્ય વસ્તુઓ કેટલા ખેડૂતોને આપવામાં આવી, અને

(૪) આ માટે જિલ્લાવાર કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યુ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૮-૩-૦૬) :

(૧) લોકચેતના જાગૃત કરીને લોકભાગીદારીથી કૃષિ અને સંલગ્ન કાર્યક્રમો કિસાનો સુધી પહોંચે તેવા શુભ ઉદ્દેશથી રાજ્ય સરકારશ્રી દ્વારા આયોજન કરેલ કૃષિ મહોત્સવ-૦૫ દરમ્યાન કૃષિ રથ, પ્રચાર-પ્રસાર, કૃષિ સાહિત્ય, પોસ્ટર, સી.ડી., ખેડૂત કૃષિ માર્ગદર્શિકા ગામ/તાલુકા પાક આયોજન મેન્યુઅલ તેમજ ૪ કૃષિ સંમેલન કાર્યક્રમ માટે થયેલ ખર્ચ પેટે રૂા. ૭૯૬.૫૭ લાખ ફાળવવામાં આવેલ જે પૈકી આશરે રૂા. ૭૩૭.૫૧ લાખ ખર્ચ થયેલ છે.

(૨) કૃષિ મહોત્સવ-૦૫ ની રથયાત્રા દરમ્યાન કૃષિ સંબંધીત ૮૭૬૬૪૭ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ છે. જીલ્લાવાર પત્રક-૧ સામેલ છે.

(૩) આ યાત્રા દરમ્યાન કૃષિ, બાગાયત અને પશુપાલન ખાતાઓની ચાલુ યોજના અંતગર્ત નીચે પ્રમાણેના કીટસ આપવામાં આવેલ જેનું જીલ્લાવાર પત્રક અનુક્રમે ૨-૩-૪ અલગથી સામેલ રાખેલ છે.

(અ) ખેતીવાડી ખાતા તરફથી દેશી કપાસ, હાઈબ્રીડ કપાસ, ડાંગર, મકાઈ, બાજરી, મગ, તલ, અડદ, દિવેલા, મગફળી જેવા પાકો પૈકી જે તે વિસ્તારને અનુરૂપ પાકનું બિયારણ, રાસાયણિક ખાતર જેવા કે, ડી.એ.પી., યુરીયા અને પાક સંરક્ષણ દવા જેવી કે મોનોક્રોટોફોસ, ફોસ્ફામીડોન તેમજ હેન્ડ સ્પ્રેયર પંપનો સમાવેશ કરી રાજ્યના કુલ ૯૧૪૬૫ બી.પી.એલ/નાના ખેડૂતોને આપેલ છે.

(બ) બાગાયતી કિટસમાં શાકભાજી/મસાલા પાકના બિયારણ તેમજ રાસાયણિક ખાતર તથા જંતુનાશક દવા આપવામાં આવેલ. બીજા તબક્કામાં કલમ/રોપા મળી કુલ ૯૧૫૮૦ ખેડૂતોને કિટસ આપવામાં આવેલ છે.

(ક) પશુપાલન ખાતા મારફતે બી.પી.એલ. યાદી હેઠળના/નાના, સિમાંત ગરીબ પશુધારકોને/કિસાનોને ઘ ાાસચારા પાક જેવા કે જુવાર સ્વીટ સુદાન, મકાઈ આફ્રીકનટોલ અને રજકા બાજરીના ઈનપુટસ કિટસ કુલ ૧૦૦૦૦૦ વિતરણ કરવામાં આવેલ છે. આમ

| | |
|---|---|
| ખેતવાડી ખાતાના | ૯૧૪૬૫ |
| બાગાયત ખાતાના | ૯૧૫૮૦ |
| પશુપાલન ખાતાના | ૧૦૦૦૦૦ |
| કુલ : | ૨,૮૩,૦૪૫ કિટોનું વિતરણ કરવામાં આવેલ છે. |

(૪) આ માટે કૃષિ બાગાયત અને પશુપાલન ખાતાની ચાલુ યોજના હેઠળ કિટસ માટે નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવેલ છે, જેનો સમાવેશ પ્રશ્ન ખંડ (૧) માં કરવાપાત્ર થતો નથી.

| | | |
|---|---|---|
| અ. | ખેતીવાડી ખાતાનો ખર્ચ | ૧૨,૫૦,૮૫,૬૫૦/- |
| બ. | બાગાયત ખાતાનો ખર્ચ | ૮,૫૮,૬૭,૫૧૯/- |
| ક. | પશુપાલન ખાતાનો ખર્ચ | ૭૯,૮૫,૦૦૦/- |
| | કુલ રૂા. | ૨૧,૮૯,૩૮,૧૬૯/- |

જીલ્લાવાર માહિતી પત્રક-૨,૩,૪ માં દર્શાવેલ છે.

**પત્રક--૧**

## કૃષિ મહોત્સવ-૨૦૦૫ દરમ્યાન ખેડૂતોના પ્રશ્નો અંગેની માહિતી.

| અ.નં. | જિલ્લાનું નામ | નિરાકરણ લાવેલ પ્રશ્નોની સંખ્યા | ઉકેલવાના બાકી પ્રશ્નો | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૬૮૪૧ | - | - |
| ૨ | અમરેલી | ૩૭૬૨ | - | - |
| ૩ | આણંદ | ૩૭૦૦ | - | - |
| ૪ | બનાસકાંઠા | ૧૭૧૮૬૨ | - | - |
| ૫ | ભરૂચ | ૨૭૦૦ | - | - |
| ૬ | ભાવનગર | ૩૨૮૩ | - | - |
| ૭ | દાહોદ | ૩૨૮૩ | - | - |
| ૮ | ડાંગ | ૧૨૭૫૯ | - | - |
| ૯ | ગાંધીનગર | ૧૪૪૭૬ | - | - |
| ૧૦ | જામનગર | ૩૮૦૦ | - | - |
| ૧૧ | જુનાગઢ | ૪૧૦૦ | - | - |
| ૧૨ | કચ્છ | ૬૨૮૮ | - | - |
| ૧૩ | ખેડા | ૧૩૦૦ | - | - |
| ૧૪ | મહેસાણા | ૩૭૧ | - | - |
| ૧૫ | નર્મદા | ૫૫૦૦ | - | - |
| ૧૬ | નવસારી | ૬૮૬૮ | - | - |
| ૧૭ | પંચમહાલ | ૧૭૬૧૦૬ | - | - |
| ૧૮ | પાટણ | ૨૦૭૭ | - | - |
| ૧૯ | પોરબંદર | ૩૫૭૫ | - | - |
| ૨૦ | રાજકોટ | ૧૦૩૧૧૦ | - | - |
| ૨૧ | સાબરકાંઠા | ૧૨૩૬૬૪ | - | - |
| ૨૨ | સુરત | ૫૨૩૬૧ | - | - |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૦૧૮૫૦ | - | - |
| ૨૪ | વડોદરા | ૧૬૦૫૯ | - | - |
| ૨૫ | વલસાડ | ૧૨૧૧૫ | - | - |
|  | **કુલ** | ૮૭૬૬૪૭ | - | - |

**પત્રક--૨**

## જિલ્લાવાર પાકવાર કૃષિકિટસના વિતરણની માહિતી દર્શાવતું પત્રક (કૃષિ મહોત્સવ-૨૦૦૫)

| અ.નં. | જિલ્લો | કીટસની સંખ્યા | પાક-સંખ્યા (ભાવ) | કિંમત | કુલ ખર્ચ | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | અમદાવાદ | ૨૮૮૦ | દે. કપાસ- ૧૨૩૫(૪૬૦)<br>દે. ડાંગર- ૭૬૦(૫૨૦)<br>દીવેલા- ૫૪૫(૫૬૫)<br>તલ- ૩૪૦(૪૪૫)<br>પંપ- ૮૧૯(૨૮૮૦) | ૫૬૮૧૦૦<br>૩૯૫૨૦૦<br>૩૦૭૯૨૫<br>૧૫૧૩૦૦<br>૧૪૨૨૫૨૫<br>૨૩૫૮૭૨૦ | ૩૭૮૧૨૪૫ |  |
| ૨ | ગાંધીનગર | ૧૪૮૫ | બાજરી- ૭૧૦(૪૨૫)<br>દીવેલા- ૭૭૫(૫૬૫)<br>પંપ- ૧૪૮૫(૮૧૯) | ૩૦૧૭૫૦<br>૪૩૭૮૭૫<br>૭૩૯૬૨૫<br>૧૨૧૬૨૧૫ | ૧૯૫૫૮૪૦ |  |
| ૩ | ખેડા | ૩૨૪૦ | ડાંગર- ૧૫૮૫ (૫૨૦)<br>બાજરી- ૧૦૧૫ (૪૨૫)<br>મગ- ૬૪૦ (૫૯૦)<br>પંપ- ૩૨૪૦ (૮૧૯) | ૮૨૪૨૦૦<br>૪૩૧૩૭૫<br>૩૭૭૬૦૦<br>૧૬૩૩૧૭૫<br>૨૬૫૩૫૬૦ | ૪૨૮૬૭૩૫ |  |
| ૪ | આણંદ | ૧૮૪૫ | ડાંગર- ૧૫૧૫ (૫૨૦)<br>બાજરી- ૩૩૦ (૪૨૫)<br>પંપ- ૧૮૪૫ (૮૧૯) | ૭૮૭૮૦૦<br>૧૪૦૨૫૦<br>૯૨૮૦૫૦<br>૧૫૧૧૦૫૫ | ૨૪૪૨૧૦૫ |  |

| અ.નં. | જિલ્લો | કીટસની સંખ્યા | પાક-સંખ્યા (ભાવ) | કિંમત | કુલ ખર્ચ | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫ | વડોદરા | ૭૭૬૦ | હા. કપાસ- ૪૬૫૬ (૬૫૦)<br>અડદ- ૩૧૦૪ (૫૧૫)<br>પંપ- ૭૭૬૦ (૮૧૯) | ૩૦૨૬૪૦૦<br>૧૫૯૮૫૬૦<br>૪૬૨૪૯૬૦<br>૬૩૫૫૪૪૦ | ૧૦૯૮૦૪૦૦ | |
| ૬ | ભરૂચ | ૩૨૬૫ | હા. કપાસ-૧૯૫૯ (૬૫૦)<br>ડાંગર- ૨૧૨ (૫૨૦)<br>તલ- ૧૬૪ (૪૪૫)<br>મગ- ૫૧૪ (૫૯૦)<br>અડદ- ૪૧૬ (૫૧૫)<br>પંપ- ૩૨૬૫ (૮૧૯) | ૧૨૭૩૩૫૦<br>૧૧૦૨૪૦<br>૭૨૯૮૦<br>૩૦૩૨૬૦<br>૨૧૪૨૪૦<br>૧૯૭૪૦૭૦<br>૨૬૭૪૦૩૫ | ૪૬૪૮૧૦૫ | |
| ૭ | નર્મદા | ૨૭૫૦ | હા.કપાસ- ૧૭૪૭ (૬૫૦)<br>ડાંગર- ૧૦૦૩ (૫૨૦)<br>પંપ- ૨૭૫૦ (૮૧૯) | ૧૧૩૫૫૫૦<br>૫૨૧૫૬૦<br>૧૬૫૭૧૧૦<br>૨૨૫૨૨૫૦ | ૩૯૦૯૩૬૦ | |
| ૮ | ગોધરા | ૬૦૧૦ | મકાઇ- ૧૦૫૪ (૫૫૫)<br>મગ- ૨૫૫૨ (૫૯૦)<br>અડદ- ૨૪૦૪ (૫૧૫)<br>પંપ- ૬૦૧૦ (૮૧૯) | ૫૮૪૯૭૦<br>૧૫૦૫૬૮૦<br>૧૨૩૮૦૬૦<br>૩૩૨૮૭૧૦<br>૪૯૨૨૧૯૦ | ૮૨૫૦૯૦૦ | |
| ૯ | દાહોદ | ૩૪૮૦ | ડાંગર- ૧૩૯૨ (૫૨૦)<br>મકાઇ- ૨૦૮૮ (૫૫૫)<br>પંપ- ૩૪૮૦ (૮૧૯) | ૭૨૩૮૪૦<br>૧૧૫૮૮૪૦<br>૧૮૮૨૬૮૦<br>૨૮૫૦૧૨૦ | ૪૭૩૨૮૦૦ | |
| ૧૦ | મહેસાણા | ૩૦૫૦ | બાજરી- ૧૩૯૫ (૪૨૫)<br>દિવેલા- ૧૬૫૫ (૫૬૫)<br>પંપ- ૩૦૫૦ (૮૧૯) | ૫૯૨૮૭૫<br>૯૩૫૦૭૫<br>૧૫૨૭૯૫૦<br>૨૪૯૭૯૫૦ | ૪૦૨૫૯૦૦ | |
| ૧૧ | પાટણ | ૨૬૧૦ | બાજરી- ૧૨૭૦ (૪૨૫)<br>દિવેલા- ૮૮૦ (૫૬૫)<br>મગ- ૪૬૦ (૫૯૦)<br>પંપ- ૨૬૧૦ (૮૧૯) | ૫૩૯૭૫૦<br>૪૯૭૨૦૦<br>૨૭૧૪૦૦<br>૧૩૦૮૩૫૦<br>૨૧૩૭૫૯૦ | ૩૪૪૫૯૪૦ | |
| ૧૨ | સાબરકાંઠા | ૭૦૨૦ | દિવેલા- ૩૪૦ (૫૬૫)<br>મગ- ૬૬૮૦ (૫૯૦)<br>પંપ- ૭૦૨૦ (૮૧૯) | ૦૧૯૨૧૦૦<br>૩૯૪૧૨૦૦<br>૪૧૩૩૩૦૦<br>૫૭૪૯૩૮૦ | ૯૮૮૨૬૮૦ | |
| ૧૩ | બનાસકાંઠા | ૬૨૩૦ | બાજરી- ૩૧૨૦ (૪૨૫)<br>દિવેલા- ૩૧૧૦ (૫૬૫)<br>પંપ- ૬૨૩૦ (૮૧૯) | ૧૩૨૬૦૦૦<br>૧૭૫૭૧૫૦<br>૩૦૮૩૧૫૦<br>૫૧૦૨૩૭૦ | ૮૧૮૫૫૨૦ | |
| ૧૪ | સુરત | ૬૩૨૫ | ડાંગર- ૬૩૨૫ (૫૨૦)<br>પંપ- ૬૩૨૫ (૮૧૯) | ૩૨૮૯૦૦૦<br>૫૧૮૦૧૭૫ | ૮૪૬૯૧૭૫ | |
| ૧૫ | નવસારી | ૧૯૨૫ | ડાંગર- ૧૯૨૫ (૫૨૦)<br>પંપ- ૧૯૨૫ (૮૧૯) | ૧૦૦૧૦૦૦<br>૧૫૭૬૫૭૫ | ૨૫૭૭૫૭૫ | |
| ૧૬ | વલસાડ | ૨૩૪૫ | ડાંગર- ૨૩૪૫ (૫૨૦)<br>પંપ- ૨૩૪૫ (૮૧૯) | ૧૨૧૯૪૦૦<br>૧૯૨૦૫૫૫ | ૩૧૩૯૯૫૫ | |
| ૧૭ | ડાંગ | ૧૫૫૦ | ડાંગર- ૧૫૫૦ (૫૨૦)<br>પંપ- ૧૫૫૦ (૮૧૯) | ૮૦૬૦૦૦<br>૧૨૬૯૪૫૦ | ૨૦૭૫૪૫૦ | |
| ૧૮ | રાજકોટ | ૪૩૧૦ | મગફળી- ૩૪૪૮ (૫૬૦)<br>તલ- ૮૬૨ (૪૪૫)<br>પંપ-<br>૪૩૧૦ (૮૧૯) | ૧૯૩૦૮૮૦<br>૩૮૩૫૯૦<br>૨૩૧૪૪૭૦<br>૩૫૨૯૮૯૦ | ૫૮૪૪૩૬૦ | |
| ૧૯ | જામનગર | ૩૪૧૫ | મગફળી- ૨૭૩૨ (૫૬૦)<br>દિવેલા- ૬૮૩ (૫૬૫)<br>પંપ- ૩૪૧૫ (૮૧૯) | ૧૫૨૯૯૨૦<br>૩૮૫૮૯૫<br>૧૯૧૫૮૧૫<br>૨૭૯૬૮૮૫ | ૪૭૧૨૭૦૦ | |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૩૩૦૦ | હા. કપાસ-૧૩૩૦ (૬૫૦)<br>બાજરી- ૧૯૭૦ (૪૨૫) | ૮૬૪૫૦૦<br>૮૩૭૨૫૦ | ૪૪૦૪૪૫૦ | |

| અ.નં. | જિલ્લો | કીટસની સંખ્યા | પાક-સંખ્યા (ભાવ) | કિંમત | કુલ ખર્ચ | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | પંપ- ૩૩૦૦ (૮૧૯) | ૧૭૦૧૭૫૦<br>૨૩૦૨૭૦૦ | | |
| ૨૧ | કચ્છ | ૪૪૨૦ | દિવેલા- ૧૩૦૦ (૫૬૫)<br>મગ- ૩૧૨૦ (૫૯૦)<br>પંપ- ૪૪૨૦ (૮૧૯) | ૭૩૪૫૦૦<br>૧૮૪૦૮૦૦<br>૨૫૭૫૩૦૦<br>૩૬૧૯૯૮૦ | ૬૧૯૫૨૮૦ | |
| ૨૨ | ભાવનગર | ૪૦૬૦ | મગફળી- ૨૮૨૦ (૫૬૦)<br>હા. કપાસ-૧૨૪૦ (૬૫૦)<br>પંપ- ૪૦૬૦ (૮૧૯) | ૧૫૭૯૨૦૦<br>૮૦૬૦૦૦૦<br>૨૩૮૫૨૦૦<br>૩૩૨૫૧૪૦ | ૫૭૧૦૩૪૦ | |
| ૨૩ | જૂનાગઢ | ૪૩૦૫ | મગફળી- ૩૭૮૦ (૫૬૦)<br>હા. કપાસ-૫૨૫ (૬૫૦)<br>પંપ- ૪૩૦૫ (૮૧૯) | ૨૧૧૬૮૦૦<br>૩૪૧૨૫૦<br>૨૪૫૮૦૫૦<br>૩૫૨૫૭૯૫ | ૫૯૮૩૮૪૫ | |
| ૨૪ | પોરબંદર | ૭૫૦ | મગફળી- ૪૩૦ (૫૬૦)<br>હા.કપાસ- ૩૨૦ (૬૫૦)<br>પંપ- ૭૫૦ (૮૧૯) | ૨૪૦૮૦૦<br>૨૦૮૦૦૦<br>૪૪૮૮૦૦<br>૬૧૪૨૫૦ | ૧૦૬૩૦૫૦ | |
| ૨૫ | અમરેલી | ૩૧૩૫ | મગફળી- ૧૫૫૭ (૫૬૦)<br>હા.કપાસ- ૧૧૨૫ (૬૫૦)<br>બાજરી- ૩૫ (૪૨૫)<br>દિવેલા- ૧૧૧ (૫૬૫)<br>તલ- ૩૦૭ (૪૪૫)<br>પંપ- ૩૧૩૫ (૮૧૯) | ૮૭૧૯૨૦<br>૭૩૧૨૫૦<br>૧૪૮૭૫<br>૬૨૭૧૫<br>૧૩૬૬૧૫<br>૧૮૧૭૩૭૫<br>૨૫૬૭૫૬૫ | ૪૩૮૪૯૪૦ | |
| ૨૬ | | | કિટસ- ૯૧૪૬૫<br>પંપ- ,, | ૫૦૧૭૫૮૧૫<br>૭૪૯૦૯૮૩૫ | ૧૨૫૦૮૫૬૫૦ | |

**પત્રક - ૩**

**બાગાયત**

કૃષિ મહોત્સવ - ૨૦૦૫ દરમ્યાન ખાતા દ્વારા વિતરણ કરવામાં આવેલ કીટસ અને તે અંગે થયેલ ખર્ચની વિગતો.

| અ. નં. | જિલ્લાનું નામ | કુલ કીટસની સંખ્યા | ઇનપુટ કિટસનું થયેલ ખર્ચ રૂપિયા | રીમાર્ક્સ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૨૮૮૦ | ૨૬૦૪૦૮-૦૦ | |
| ૨ | અમરેલી | ૩૧૨૫ | ૩૦૨૬૪૩૭-૦૦ | |
| ૩ | આણંદ | ૧૮૪૫ | ૧૭૪૮૭૮૯-૭૦ | |
| ૪ | કચ્છ | ૪૪૨૦ | ૪૨૫૦૧૬૮-૦૦ | |
| ૫ | ખેડા | ૩૧૧૫ | ૨૯૬૨૧૨૭-૦૦ | |
| ૬ | ગાંધીનગર | ૧૪૮૫ | ૧૩૨૭૦૦૫-૦૦ | |
| ૭ | જામનગર | ૩૪૧૫ | ૩૩૪૦૫૯૯-૫૧ | |
| ૮ | જુનાગઢ | ૪૩૦૫ | ૪૧૦૩૭૦૮-૩૬ | |
| ૯ | ડાંગ | ૧૫૫૫ | ૧૫૦૪૯૧૪-૮૨ | |
| ૧૦ | દાહોદ | ૩૪૮૦ | ૩૩૭૬૫૦૬-૦૦ | |
| ૧૧ | નર્મદા | ૨૭૫૦ | ૨૬૩૪૧૨૬-૦૦ | |
| ૧૨ | નવસારી | ૧૯૨૫ | ૧૮૩૧૭૩૮-૫૦ | |
| ૧૩ | પંચમહાલ | ૬૦૧૦ | ૫૫૩૧૮૮૮-૫૦ | |
| ૧૪ | પાટણ | ૨૬૧૦ | ૨૨૧૯૯૩૦-૧૦ | |
| ૧૫ | પોરબંદર | ૭૫૦ | ૭૨૧૫૨૨-૦૦ | |
| ૧૬ | બનાસકાંઠા | ૬૨૩૦ | ૫૬૬૯૭૫૧-૪૦ | |
| ૧૭ | ભરૂચ | ૩૨૬૫ | ૩૧૮૩૪૭૭-૦૦ | |
| ૧૮ | ભાવનગર | ૪૦૬૦ | ૩૮૨૫૮૨૮-૦૦ | |
| ૧૯ | મહેસાણા | ૩૦૩૫ | ૨૮૬૨૯૩૮-૧૦ | |
| ૨૦ | રાજકોટ | ૪૩૧૦ | ૪૨૦૯૩૦૨-૪૯ | |
| ૨૧ | વડોદરા | ૭૭૬૦ | ૭૬૭૯૯૪૬-૦૦ | |
| [illegible] | [illegible] | ૨૩૪૫ | ૨૨૭૭૬૫૮-૫૦ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩ | સાબરકાંઠા | ૭૦૨૦ | ૫૭૬૯૪૦૯-૮૦ | |
| ૨૪ | સુરત | ૬૫૮૫ | ૬૧૯૨૪૬૮-૧૨ | |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૩૩૦૦ | ૩૨૫૬૮૭૧-૦૦ | |
| | કુલ : | ૯૧૫૮૦ | ૮૫૮૬૭૫૧૮-૯૦<br>i. e. ૮૫૮૬૭૫૧૯-૦૦ | |

**પત્રક - ૪**

કૃષિ મહોત્સવ દરમ્યાન પશુપાલન ખાતા દ્વારા જિલ્લાવાર, પાક્વાર ફાળવેલ ઘાસચારા બિયારણનાં ઈનપુટ કીટ મેળવનાર ખેડૂતોની સંખ્યા તથા ખર્ચની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ નં. | જિલ્લાનું નામ | ખેડૂતોને ફાળવેલ ઈનપુટ કીટસની સંખ્યા | | | ઈનપુટ કીટનો કુલ ખર્ચ રૂા. પૈ. | ઈનપુટ કીટનાં બિયારણની જાત/પાક | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | કૃષિ રથયાત્રા દરમ્યાન ફાળવેલ | અન્ય વધારાનાં ફાળવેલ | કુલ | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અમદાવાદ | ૨૮૭૫ | ૨૪૦ | ૩૧૧૫ | ૩,૨૧,૬૨૩-૭૫ | મકાઇ આફ્રીક્ન ટોલ | |
| ૨ | ગાંધીનગર | ૧૪૮૫ | ૩૫૫ | ૧૮૪૦ | ૧,૮૯,૯૮૦-૦૦ | મકાઇ આફ્રીક્ન ટોલ | |
| ૩ | મહેસાણા | ૩૨૦૭ | ૧૪૩ | ૩૩૫૦ | ૨,૭૯,૭૨૫-૦૦ | જુવાર સ્વીટ સુદાન | |
| ૪ | પાટણ | ૨૬૧૦ | ૩૬૦ | ૨૯૭૦ | ૨,૪૭,૯૫૫-૦૦ | જુવાર સ્વીટ સુદાન | |
| ૫ | નડીયાદ (ખેડા) | ૩૧૨૫ | ૩૨૦ | ૩૪૪૫ | ૩,૫૫,૬૯૬-૨૫ | મકાઇ આફ્રીક્ન ટોલ | |
| ૬ | આણંદ | ૧૮૩૫ | ૩૦૦ | ૨૧૩૫ | ૨,૨૦,૪૩૮-૦૦ | મકાઇ આફ્રીક્ન ટોલ | |
| ૭ | પાલનપુર | ૬૧૭૫ | ૪૩૦ | ૬૬૦૫ | ૬,૮૧,૯૬૬-૨૫ | મકાઇ આફ્રીક્ન ટોલ | |
| ૮ | હિંમતનગર | ૬૮૨૯ | ૪૧૬ | ૭૨૪૫ | ૭,૪૮,૦૪૬-૨૫ | મકાઇ આફ્રીક્ન ટોલ | |
| ૯ | ગોધરા | ૬૦૩૫ | ૩૫૫ | ૬૩૯૦ | ૬,૫૯,૭૬૭-૫૦ | મકાઇ આફ્રીક્ન ટોલ | |
| ૧૦ | દાહોદ | ૩૪૯૦ | ૩૬૦ | ૩૮૫૦ | ૩,૯૭,૫૧૨-૫૦ | મકાઇ આફ્રીક્ન ટોલ | |
| ૧૧ | વડોદરા | ૭૭૦૧ | ૪૬૯ | ૮૧૭૦ | ૨,૮૫,૯૫૦-૦૦ | રજકા - બાજરી | |
| ૧૨ | ભરૂચ | ૩૨૭૯ | ૩૯૧ | ૩૬૭૦ | ૩,૪૬,૧૪૨-૫૦ | મકાઇ આફ્રીક્ન ટોલ અને જુવાર સ્વીટ સુદાન | |
| ૧૩ | સુરત | ૬૦૮૯ | ૧૩૧ | ૬૨૨૦ | ૩,૧૦,૮૬૧-૨૫ | મકાઇ આફ્રીક્ન ટોલ અને રજકા - બાજરી | |
| ૧૪ | નર્મદા | ૨૭૩૯ | ૪૦૬ | ૩૧૪૫ | ૧,૧૦,૦૭૫-૦૦ | રજકા - બાજરી | |
| ૧૫ | નવસારી | ૧૯૧૦ | ૩૪૫ | ૨૨૫૫ | ૭૮,૯૨૫-૦૦ | રજકા - બાજરી | |
| ૧૬ | વલસાડ | ૨૩૪૫ | ૨૯૦ | ૨૬૩૫ | ૯૨,૨૨૫-૦૦ | રજકા - બાજરી | |
| ૧૭ | આહવા-ડાંગ | ૧૫૫૦ | ૩૯૦ | ૧૯૪૦ | ૬૭,૯૦૦-૦૦ | રજકા - બાજરી | |
| ૧૮ | રાજકોટ | ૪૩૧૦ | ૨૯૫ | ૪૬૦૫ | ૩,૮૪,૫૧૭-૫૦ | જુવાર સ્વીટ સુદાન | |
| ૧૯ | જુનાગઢ | ૪૨૦૮ | ૭૯૨ | ૫૦૦૦ | ૪,૧૭,૫૦૦-૦૦ | જુવાર સ્વીટ સુદાન | |
| ૨૦ | પોરબંદર | ૭૬૧ | ૫૩૪ | ૧૨૯૫ | ૧,૦૮,૧૩૨-૫૦ | જુવાર સ્વીટ સુદાન | |
| ૨૧ | જામનગર | ૩૩૯૪ | ૪૮૧ | ૩૮૭૫ | ૩,૨૩,૫૬૨-૫૦ | જુવાર સ્વીટ સુદાન | |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૩૨૯૫ | ૩૪૦ | ૩૬૩૫ | ૩,૦૩,૫૨૨-૫૦ | જુવાર સ્વીટ સુદાન | |
| ૨૩ | ભાવનગર | ૩૯૯૦ | ૩૪૫ | ૪૩૩૫ | ૩,૬૧,૯૭૨-૫૦ | જુવાર સ્વીટ સુદાન | |
| ૨૪ | અમરેલી | ૩૦૯૦ | ૩૭૦ | ૩૪૬૦ | ૨,૮૮,૯૧૦-૦૦ | જુવાર સ્વીટ સુદાન | |
| ૨૫ | કચ્છ-ભૂજ | ૪૨૦૬ | ૬૦૯ | ૪૮૧૫ | ૪,૦૨,૦૫૨-૦૦ | જુવાર સ્વીટ સુદાન | |
| | | ૯૦૫૩૩ | ૯,૪૬૭ | ૧,૦૦,૦૦૦ | ૭૯,૮૫,૦૦૦-૦૦ | | |

------------

**કચ્છ જિલ્લામાં ભૂમિ સંરક્ષણના કામો પાછળ કરેલ ખર્ચ**

અતારાંકિત : ૪૧૧૮ (૨૧-૧-૦૬) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર ભૂમિ સંરક્ષણના ક્યા ક્યા અને કેટલા કામો હાથ ધરવામાં આવ્યા, કામવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) આ કામો ક્યા ક્યા હતા, અને

(૩) કુલ કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૭-૨-૦૬) :

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લાના ૧૧ તાલુકાઓમાં ૨૭૩.૧૭ હેક્ટરમાં રૂા. ૨૭.૧૪ લાખનો ખર્ચ, લેન્ડ લેવલીંગની કામગીરી માટે કરવામાં આવ્યો છે જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે :

| અ. નં. | તાલુકો | કામનો પ્રકાર | ભૌતિક પ્રગતિ વિસ્તાર હેક્ટરમાં | કામનો ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ભચાઉ | લેન્ડ લેવલીંગ | ૨૧.૩૦ | ૧.૬૬ |
| ૨ | અંજાર | લેન્ડ લેવલીંગ | ૮૨.૭૯ | ૮.૨૪ |
| ૩ | મુન્દ્રા | લેન્ડ લેવલીંગ | ૨૦.૪૫ | ૧.૪૨ |
| ૪ | નખત્રાણા | લેન્ડ લેવલીંગ | ૩૦.૦૩ | ૩.૨૦ |
| ૫ | કોઠારા | લેન્ડ લેવલીંગ | ૬૦.૦૦ | ૭.૦૭ |
| ૬ | રાપર | લેન્ડ લેવલીંગ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૭ | ભૂજ | લેન્ડ લેવલીંગ | ૪.૦૦ | ૦.૪૮ |
| ૮ | અબડાસા | લેન્ડ લેવલીંગ | ૩૫.૩૯ | ૩.૪૦ |
| ૯ | માંડવી | લેન્ડ લેવલીંગ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | ગાંધીધામ | લેન્ડ લેવલીંગ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૧ | લખપત | લેન્ડ લેવલીંગ | ૧૯.૨૧ | ૧.૬૭ |
| | કુલ : | લેન્ડ લેવલીંગ | ૨૭૩.૧૭ | ૨૭.૧૪ |

(૨) લેન્ડ લેવલીંગના

(૩) રૂા. ૩૪.૦૦ લાખ.

-------------

## કચ્છ જીલ્લામાં બોર્ડ ઓફ નોમીનીઝના પડતર કેસો

અતારાંક્તિ : ૪૧૧૯ (૩૦-૧-૦૬) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી)** : **માનનીય મંત્રીશ્રી** (સહકાર) જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જીલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, તાલુકાદીઠ કેટલા કેસો બોર્ડ ઓફ નોમીનીઝમાં પડતર છે,

(૨) આ પડતર કેસોના નિકાલ માટે સરકારે શી વ્યવસ્થા કરી છે, અને

(૩) વર્ષવાર આવા કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો ?

**મંત્રીશ્રી** (સહકાર) (૮-૩-૦૬) :

(૧)

| તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૦૩ની સ્થિતિએ પડતર કેસો | તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ પડતર કેસો | તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ પડતર કેસો |
|---|---|---|---|
| ગાંધીધામ | ૦૮ | -- | ૮૨ |
| ભૂજ | ૦૪ | -- | ૪૮ |
| અંજાર | -- | ૦૧ | ૦૨ |
| નખત્રાણા | -- | -- | ૦૨ |
| મુન્દ્રા | -- | -- | -- |
| માંડવી | -- | -- | -- |
| નલીયા | -- | -- | -- |
| ભચાઉ | -- | -- | -- |
| રાપર | -- | -- | -- |
| અબડાસા | -- | -- | -- |
| કુલ : | ૧૨ | ૦૧ | ૧૩૪ |

(૨) પડતર કેસોના નિકાલ માટે બોર્ડ ઓફ નોમીનીઝ રાજકોટ વિભાગમાં બે કોર્ટ કાર્યરત છે. જુના દાવાઓના નિકાલ માટે ટૂંકી મુદત રાખી શકાય તેટલો ઝડપી નિકાલ કરવામાં આવે છે. તેમજ વડી કચેરી કક્ષાએથી નોમીનીઝશ્રીઓની ત્રિમાસિક બેઠક યોજી વખતો વખત પડતર કેસોની સમીક્ષા કરવામાં આવે છે.

(૩) તા. ૩૧-૧૨-૦૩ ના વર્ષમાં - ૪૩૭
તા. ૩૧-૧૨-૦૪ ના વર્ષમાં - ૧૮૬
તા. ૩૧-૧૨-૦૫ ના વર્ષમાં - ૨૬૩ કેસોનો નિકાલ કરવામાં આવ્યો.

-----------

**દાહોદ જિલ્લામાં સાક્ષરતા અભિયાન અને તેની પાછળ કરેલ ખર્ચ**

અતારાંક્તિ : ૪૧૮૪ (૨-૨-૦૬) **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) દાહોદ જીલ્લામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫, અને ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

(૨) આ અભિયાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવેલ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૦૬) :

(૧)

| વર્ષ | આવરી લેવાયેલ વ્યક્તિઓ |
|---|---|
| ૨૦૦૩-૦૪ | શૂન્ય |
| ૨૦૦૪-૦૫ | ૧૨૭૪૩૮ |
| ૨૦૦૫-૦૬ | ૧૭૩૨૯૫ |

(૨) રૂા. ૧,૫૮,૭૦,૪૧૫/-

(૩) જિલ્લા સાક્ષરતા સમિતિ નિરંતર શિક્ષણ કેન્દ્રો અને નોડલ શિક્ષણ કેન્દ્રોના પ્રેરક/મદદનીશ પ્રેરકો તથા ગ્રામ સાક્ષરતા સમિતિના સહયોગથી કરવામાં આવેલ છે.

-----------

**પંચમહાલ જિલ્લામાં સાક્ષરતા અભિયાન અને તેની પાછળ કરેલ ખર્ચ**

અતારાંક્તિ : ૪૧૮૫ (૨-૨-૦૬)**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) પંચમહાલ જિલ્લામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

(૨) આ અભિયાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવેલ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૦૬) :

(૧)

| વર્ષ | આવરી લેવાયેલ વ્યક્તિઓ |
|---|---|
| ૨૦૦૩-૦૪ | શૂન્ય |
| ૨૦૦૪-૦૫ | ૧૦૭૪૯૮ |
| ૨૦૦૫-૦૬ | ૯૭૨૧૫ |

(૨) રૂા. ૧,૬૭,૫૪,૩૬૧/-

(૩) રાજ્ય સાક્ષરતા મીશન ઓથોરીટી, જિલ્લા સાક્ષરતા સમિતિ, નિરંતર શિક્ષણના પ્રેરકો/મદદનીશ પ્રેરકો, પી.ટી.સી., બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ, કોલેજના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ અને પ્રાથમિક શિક્ષકો મારફતે.

-----------

**નર્મદા જિલ્લામાં સાક્ષરતા અભિયાન અને તેની પાછળ કરેલ ખર્ચ**

અતારાંક્તિ : ૪૧૯૧ (૨-૨-૦૬)**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નર્મદા જીલ્લામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫, અને ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સાક્ષરતા અભીયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

(૨) આ અભિયાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવેલ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૦૬) :

(૧) વર્ષ આવરી લેવાયેલ વ્યક્તિઓ

| | |
|---|---|
| ૨૦૦૩-૦૪ | શૂન્ય |
| ૨૦૦૪-૦૫ | ૧૯૪૫૨ |
| ૨૦૦૫-૦૬ | ૨૧૫૩૬ |

(૨) રૂા. ૬૦,૯૫,૪૦૮/-

(૩) જિલ્લા સાક્ષરતા સમિતિ, જી.બી.ટી.સી., સી.પી.એડ. પી.ટી.સી., બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા.

-----------

**બનાસકાંઠા જિલ્લામાં સાક્ષરતા અભિયાન અને તેની પાછળ કરેલ ખર્ચ**

અતારાંક્તિ : ૪૧૯૫ (૨-૨-૦૬) **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) બનાસકાંઠા જીલ્લામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫, અને ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સાક્ષરતા અભીયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

(૨) આ અભિયાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવેલ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૦૬) :

(૧)

| વર્ષ | આવરી લેવાયેલ વ્યક્તિઓ |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૫૪૦૪૫ |
| ૨૦૦૪-૦૫ | ૯૪૧૬૦ |
| ૨૦૦૫-૦૬ | ૧૩૫૦૦૫ |

(૨) રૂા. ૩,૭૫,૬૦,૭૨૫/-

(૩) રાજ્ય સાક્ષરતા મીશન ઓથોરીટી, જિલ્લા સાક્ષરતા સમિતિ, પ્રાથમિક શાળાના શિક્ષકો, માધ્યમિક શાળાના શિક્ષકો, પી.ટી.સી. અને બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ, નોડલ નિરંતર કેન્દ્રના પ્રેરકો મારફતે કરવામાં આવેલ છે.

-----------

**ડાંગ જિલ્લામાં સાક્ષરતા અભિયાન અને તેની પાછળ કરેલ ખર્ચ**

અતારાંક્તિ : ૪૧૯૬ (૨-૨-૦૬) **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ડાંગ જીલ્લામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫, અને ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

એચબી-૧૨-૪

(૨) આ અભિયાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવેલ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૦૬) :

(૧)

| વર્ષ | આવરી લેવાયેલ વ્યક્તિઓ |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૧૫૨૦ |
| ૨૦૦૪-૦૫ | ૫૧૦૨ |
| ૨૦૦૫-૦૬ | ૩૭૬૬ |

(૨) રૂા. ૧૦,૪૩,૩૫૫/-

(૩) રાજ્ય સાક્ષરતા મીશન ઓથારીટી, જિલ્લા સાક્ષરતા સમિતિ, નિરંતર શિક્ષણના પ્રેરકો/મદદનીશ પ્રેરકો, પી.ટી.સી., બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા.

-----------

**પોરબંદર જિલ્લામાં સાક્ષરતા અભિયાન અને તેની પાછળ કરેલ ખર્ચ**

અતારાંક્તિ : ૪૧૯૭ (૨-૨-૦૬)**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પોરબંદર જીલ્લામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

(૨) આ અભિયાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવેલ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૦૬) :

(૧) વર્ષ આવરી લેવાયેલ વ્યક્તિઓ

| | |
|---|---|
| ૨૦૦૩-૦૪ | શૂન્ય |
| ૨૦૦૪-૦૫ | ૪૪૭૫ |
| ૨૦૦૫-૦૬ | ૧૦૦૦ |

(૨) રૂા. ૬૨,૩૯,૦૭૨/-

(૩) રાજ્ય સાક્ષરતા મીશન ઓથોરીટી, જિલ્લા સાક્ષરતા સમિતિ, નિરંતર શિક્ષણના પ્રેરકો/મદદનીશ પ્રેરકો, પી.ટી.સી., બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા.

----------------

**જામનગર જિલ્લામાં સાક્ષરતા અભિયાન અને તેની પાછળ કરેલ ખર્ચ**

અતારાંકિત : ૪૧૯૮ (૨-૨-૦૬)**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જીલ્લામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

(૨) આ અભિયાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવેલ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૦૬) :

(૧) વર્ષ આવરી લેવાયેલ વ્યક્તિઓ

| | |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૬૧૭૮ |
| ૨૦૦૪-૦૫ | ૭૦૨૬૬ |
| ૨૦૦૫-૦૬ | ૭૩૨૫૭ |

(૨) રૂા. ૪૪,૬૧,૦૨૭/-

(૩) રાજ્ય સાક્ષરતા મીશન ઓથોરીટી, જિલ્લા સાક્ષરતા સમિતિ, નિરંતર શિક્ષણના પ્રેરકો/મદદનીશ પ્રેરકો, પી.ટી.સી., બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા.

---------------

**જૂનાગઢ જિલ્લામાં સાક્ષરતા અભિયાન અને તેની પાછળ કરેલ ખર્ચ**

અતારાંકિત : ૪૧૯૯ (૨-૨-૦૬) **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂનાગઢ જીલ્લામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

(૨) આ અભિયાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવેલ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૦૬) :

(૧) વર્ષ આવરી લેવાયેલ વ્યક્તિઓ

| | |
|---|---|
| ૨૦૦૩-૦૪ | શૂન્ય |
| ૨૦૦૪-૦૫ | ૧૫૦૯૮૭ |

| | |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૩૬૨૩૭ |

(૨) રૂા. ૪,૮૬,૯૭,૭૨૧/-

(૩) રાજ્ય સાક્ષરતા મીશન ઓથોરીટી, જિલ્લા સાક્ષરતા સમિતિ, નિરંતર શિક્ષણના પ્રેરકો/મદદનીશ પ્રેરકો, પી.ટી.સી., બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ અને વિદ્યાસહાયકો દ્વારા.

---------------

**ભાવનગર જિલ્લામાં સાક્ષરતા અભિયાન અને તેની પાછળ કરેલ ખર્ચ**

અતારાંક્તિ : ૪૨૦૦ (૨-૨-૦૬)**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાવનગર જીલ્લામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

(૨) આ અભિયાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફ્તે કરવામાં આવેલ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૦૬) :

(૧)

| વર્ષ | આવરી લેવાયેલ વ્યક્તિઓ |
|---|---|
| ૨૦૦૩-૦૪ | શૂન્ય |
| ૨૦૦૪-૦૫ | ૨૯૧૦૪ |
| ૨૦૦૫-૦૬ | ૧૯૮૭૪ |

(૨) રૂા. ૨,૨૧,૪૭,૦૮૦/-

(૩) પી.ટી.સી., એ.ટી.ડી., સી.પી.એડ,. બી. એડ.ના તાલીમાર્થીઓ, પ્રાથમિક શાળાના શિક્ષકો, આચાર્યો, એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ, આંગણવાડી કાર્યકરો, મધ્યાહન ભોજન યોજનાના સંચાલકો, ગ્રામસેવકો, નિરંતર શિક્ષણ કેન્દ્રના પ્રેરકો અને ગામના શિક્ષિત આગેવાનો મારફ્ત કરવામાં આવેલ છે.

---------------

**રાજકોટ જિલ્લામાં સાક્ષરતા અભિયાન અને તેની પાછળ કરેલ ખર્ચ**

અતારાંક્તિ : ૪૨૩૬ (૨-૨-૦૬) **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જીલ્લામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

(૨) આ અભિયાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફ્તે કરવામાં આવેલ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૦૬) :

(૧)

| વર્ષ | આવરી લેવાયેલ વ્યક્તિઓ |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૨૫૨૨૮ |
| ૨૦૦૪-૦૫ | ૪૮૦૨૩ |
| ૨૦૦૫-૦૬ | ૫૮૭૩૫ |

(૨) રૂા. ૨,૬૧,૨૮,૪૬૬/-

(૩) જિલ્લા સાક્ષરતા સમિતિ, તાલુકા સાક્ષરતા સમિતિ, ગ્રામ સાક્ષરતા સમિતિ, પી.ટી.સી., બી.એડ.ના તાલીમાર્થીઓ અને પ્રેરક /મદદનીશ પ્રેરક દ્વારા.

----------------

**અમરેલી જિલ્લામાં સાક્ષરતા અભિયાન અને તેની પાછળ કરેલ ખર્ચ**

અતારાંકિત : ૪૨૩૭ (૨-૨-૦૬) **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમરેલી જીલ્લામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

(૨) આ અભિયાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવેલ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૦૬) :

(૧)

| વર્ષ | આવરી લેવાયેલ વ્યક્તિઓ |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૭૦૬૪ |
| ૨૦૦૪-૦૫ | ૧૨૩૪૦ |
| ૨૦૦૫-૦૬ | ૧૦૬૮૧ |

(૨) રૂા. ૧૪૮૭૦/-

(૩) રાજ્ય સાક્ષરતા મીશન ઓથોરીટી, જિલ્લા સાક્ષરતા સમિતિ, નિરંતર શિક્ષણના પ્રેરકો/મદદનીશ પ્રેરકો, પી.ટી.સી., બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા.

---------------

**વડોદરા જિલ્લામાં સાક્ષરતા અભિયાન અને તેની પાછળ કરેલ ખર્ચ**

અતારાંકિત : ૪૨૩૮ (૨-૨-૦૬)**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વડોદરા જીલ્લામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

(૨) આ અભિયાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવેલ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૦૬) :

(૧)

| વર્ષ | આવરી લેવાયેલ વ્યક્તિઓ |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૧૪૨૬૪ |
| ૨૦૦૪-૦૫ | ૧૨૩૯૬૧ |
| ૨૦૦૫-૦૬ | ૩૪૧૭૨ |

(૨) રૂા. ૧,૫૪,૫૩,૮૦૪/-

(૩) રાજ્ય સાક્ષરતા મીશન ઓથોરીટી, જિલ્લા સાક્ષરતા સમિતિ, નિરંતર શિક્ષણના પ્રેરકો/મદદનીશ પ્રેરકો, પી.ટી.સી., બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા.

---------------

**ખેડા જિલ્લામાં સાક્ષરતા અભિયાન અને તેની પાછળ કરેલ ખર્ચ**

અતારાંકિત : ૪૨૩૯ (૨-૨-૦૬)**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જીલ્લામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

(૨) આ અભિયાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૦૬) :

(૧) વર્ષ આવરી લેવાયેલ વ્યક્તિઓ

| | |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૧૧૦૭૦ |
| ૨૦૦૪-૦૫ | ૩૨૭૨૮ |
| ૨૦૦૫-૦૬ | ૨૫૪૪૮ |

(૨) રૂા. ૫૩,૦૬૬/-

(૩) જિલ્લા સાક્ષરતા સમિતિ, તાલુકા સાક્ષરતા સમિતિ, ગ્રામ સાક્ષરતા સમિતિ, અને નિરંતર શિક્ષણ કેન્દ્રના પ્રેરક /મદદનીશ પ્રેરક દ્વારા.

---------------

**પાટણ જિલ્લામાં સાક્ષરતા અભિયાન અને તેની પાછળ કરેલ ખર્ચ**

અતારાંક્તિ : ૪૨૪૦ (૨-૨-૦૬)**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પાટણ જીલ્લામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

(૨) આ અભિયાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૦૬) :

(૧) વર્ષ આવરી લેવાયેલ વ્યક્તિઓ

| | |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૧૨૭૯૨ |
| ૨૦૦૪-૦૫ | ૪૬૪૫૪ |
| ૨૦૦૫-૦૬ | ૩૭૪૫૦ |

એચબી-૧૨-૫

(૨) રૂા. ૭૩,૫૯,૨૭૦/-

(૩) જિલ્લા સાક્ષરતા સમિતિ, પ્રાથમિક શિક્ષકો, માધ્યમિક શિક્ષકો, પી.ટી.સી., સી.પી.એડ,. બી. એડ. ના તાલીમાર્થીઓ, એન. એસ. એસ.ના સ્વયંસેવકો, નોડલ મદદનીશ પ્રેરકો, નિરંતર મદદનીશ પ્રેરકો, એન. જી.ઓ. (ભગીની સમાજ પાટણ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા.

---------------

**આણંદ જિલ્લામાં સાક્ષરતા અભિયાન અને તેની પાછળ કરેલ ખર્ચ**

અતારાંક્તિ : ૪૨૪૧ (૨-૨-૦૬)**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) આણંદ જીલ્લામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યક્તિઓને આવરી લીધી,

(૨) આ અભિયાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવેલ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૦૬) :

(૧) વર્ષ આવરી લેવાયેલ વ્યક્તિઓ

| | |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૬૪૬૦ |
| ૨૦૦૪-૦૫ | ૪૩૩૪૦ |
| ૨૦૦૫-૦૬ | ૩૧૮૫૨ |

(૨) રૂા. ૨,૩૩,૫૦,૮૬૨/-

(૩) રાજ્ય સાક્ષરતા મીશન ઓથોરીટી, જિલ્લા સાક્ષરતા સમિતિ, નિરંતર શિક્ષણના પ્રેરકો/મદદનીશ પ્રેરકો, પી.ટી.સી., સી.પી.એડ,. ડી.પી.એડ. બી.પી.એડ. બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ, તથા વિદ્યાસહાયકો દ્વારા.

---------------

**અમરેલી જિલ્લામાં વેચારવેરાની બાકી વસુલાત**

અતારાંક્તિ : ૪૧૨૦ (૧૫-૨-૦૬)**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના નાણાંકીય વર્ષ દરમ્યાનની અમરેલી જીલ્લામાં વેચાણવેરાની કુલ કેટલી રકમ વસુલ કરવાની બાકી છે,

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં કેટલી વેચાણવેરાની રકમ વસુલ કરવામાં આવી,

(૩) ત્રણ લાખથી વધુ રકમ અને બે વર્ષ જુની કઈ પાર્ટી પાસેથી વસુલ કરવાની બાકી છે, અને

(૪) બાકી રહેતી વેચાણવેરાની રકમ વસુલ કરવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (નાણાં) (૮-૩-૦૬)

(૧) સને ૨૦૦૩-૦૪ની રૂા. ૬.૦૩ કરોડ અને ૨૦૦૪-૦૫ની રૂા. ૨૩.૭૧ કરોડ.

(૨) રૂા. ૦.૪૧ કરોડ.

(૩) પત્રક મુજબ

(૪) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસુલ કાયદા હેઠળ પગલાં લેવામાં આવ્યા છે.

**પત્રક**

| ક્રમ | એકમનું નામ |
|---|---|
| ૧ | ખોડીયાર ટ્રેડર્સ |
| ૨ | ગુજરાત હાઈટેક ઈન્ડસ્ટ્રીઝ |
| ૩ | ગજ અંબુજા સીમેન્ટ |
| ૪ | હરીકૃષ્ણ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ |
| ૫ | નેશનલ જીનીંગ એન્ડ પ્રોસેસીંગ |
| ૬ | લાર્સન એન્ડ ટુબ્રો લી. |
| ૭ | સાગર કોટન ઈન્ડસ્ટ્રીઝ |
| ૮ | હાઈનેસ કોટન ઈન્ડસ્ટ્રીઝ |
| ૯ | દેવભુમિ કો. ઓ. જીનીંગ એન્ડ પ્રોસેસીંગ પ્રા. લી. |
| ૧૦ | સોરાષ્ટ્ર ફુડ પ્રા. લી. |

---------------

**વડોદરા જિલ્લામાં વેચાણવેરાની બાકી વસુલાત**

અતારાંક્તિ : ૪૧૨૧ (૧૫-૨-૦૬) : **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ના નાણાંકીય વર્ષ દરમ્યાનની વડોદરા જિલ્લામાં વેચાણવેરાની કુલ કેટલી રકમ વસુલ કરવાની બાકી છે,

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં કેટલી વેચાણવેરાની રકમ વસુલ કરવામાં આવી,

(૩) ત્રણ લાખથી વધુ રકમ અને બે વર્ષ જુની કઇ પાર્ટી પાસેથી વસુલ કરવાની બાકી છે, અને

(૪) બાકી રહેતી વેચાણવેરાની રકમ વસુલ કરવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (નાણા) (૮-૩-૦૬) :

(૧) સને ૨૦૦૩-૦૪ની રૂ. ૯૮.૪૨ કરોડ અને ૨૦૦૪-૦૫ની રૂ. ૧૧૫.૩૯ કરોડ.

(૨) રૂ. ૩૭.૫૨ કરોડ.

(૩) પત્રક મુજબ.

(૪) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસુલ કાયદા હેઠળ પગલાં લેવામાં આવ્યા છે.

**પત્રક**

તા. ૨૯મી માર્ચ, ૨૦૦૬
અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | એકમનું નામ | ક્રમ | એકમનું નામ |
|---|---|---|---|
| ૧ | ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લી. | ૧૩ | વ્હાઇટ વે પ્રોડક્ટસ |
| ૨ | સેન્ટ્રલ રોડ ફ્યુઅલ સપ્લાયર્સ | ૧૪ | બાયર એ.બી.એસ.લી. |
| ૩ | કુંક્લ વાગનર ઇ. પ્રા. લી. | ૧૫ | સીન બાયોટીક્સ લી. |
| ૪ | પુંજ લોઇડ લી. | ૧૬ | જીવન પ્રોડક્ટસ |
| ૫ | ટ્રેડ ટેક કોર્પોરેશન | ૧૭ | પેટ્રોફીલ્સ કો.ઓ.લી. |
| ૬ | રેમન જીલેટીન | ૧૮ | એલ. એન્ડ ટી. નીરો લી. |
| ૭ | ગુજરાત કાર્બન ઇન્ડ. લી. | ૧૯ | રીયુનીયન એન્જી. કું. લી. |
| ૮ | કે. ટી. ઓટોમેશન | ૨૦ | કેમસ્ટાર ઓર્ગેનીક્સ પ્રા. લી. |
| ૯ | ભલ્લા એન્ડ સન્સ | ૨૧ | નિરંજન શીપીંગ એજન્સી |
| ૧૦ | ઇન્ડો નીપ્પોન કેમીકલ | ૨૨ | જગદીશ ડીઝલ્સ |
| ૧૧ | લીબર્ટી ફોસ્ફેટ | ૨૩ | સ્ટાર પ્રીસીસન ઇલેક્ટ્રોનીક્સ (ઇ) લી. |
| ૧૨ | બીલ મેટલ ઇન્ડ. | ૨૪ | યુનીટોમ એન્જી. પ્રા. લી. |
| ૨૫ | અંજલી કોટીંગ પ્રા. લી. | ૬૩ | આત્મીય કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ |
| ૨૬ | ઇલેક્ટ્રીકલ પ્રોસેસીંગ | ૬૪ | સરદાર કો. ઓ. સુગર ઇન્ડ. લી. |
| ૨૭ | બાંકો એલ્યુમીનીયમ | ૬૫ | ટાઇગર સ્ટીલ એન્જી. પ્રા. લી. |
| ૨૮ | ઓટોએશન સીસ્ટમ | ૬૬ | બરોડા ઇલેક્ટ્રીક એન્જી. પ્રા. લી. |
| ૨૯ | કીલબર્ન એન્જી. | ૬૭ | અક્ષર ફાર્મા |
| ૩૦ | નીમા એન્જી. | ૬૮ | મોટોરોલા સ્પેશ્યાલીટી |
| ૩૧ | જયંત ઓઇલ મીલ | ૬૯ | ફાઇન ગ્રાફીક્સ |
| ૩૨ | એશીયા બ્રાઉન બેવરેજીસ | ૭૦ | બાયર ડાયગોસ્ટીક |
| ૩૩ | ડક ટાર્પોલીન્સ | ૭૧ | આઇ.પી.સી.એલ. |
| ૩૪ | સોલારસન ઇન્ડ. | ૭૨ | ગાંધી પારેખ |
| ૩૫ | અક્ષર પ્લાસ્ટ પ્રોફાઇલ | ૭૩ | એપેક્ષ ઇલેક્ટ્રીકલ્સ |
| ૩૬ | ઇનકોપોરટીવ એન્જી. લી. | ૭૪ | એલેમ્બીક ગ્લાસ ઇન્ડ. લી. |
| ૩૭ | ક્રોમ્પટન ગ્રીવ્ઝ લી. | ૭૫ | સ્પેક્ટમ્સ |
| ૩૮ | સિલ્વરકેમ ઇન્ડ. પ્રા. લી. | ૭૬ | એન્ટ્રેક ઇન્ડિયા લી. |
| ૩૯ | મોટોરોલા ઇન્ડીયા | ૭૭ | આયુલેબ હર્બલ પ્રા. લી. |
| ૪૦ | મહેશ ટ્રેડીગ કું. | ૭૮ | મેઘાવી રેસ્ટોરન્ટ |
| ૪૧ | જોર્ડ એન્જી. | ૭૯ | એડવાન્સ કેમીકલ પ્રા. લી. |
| ૪૨ | રેકવીના એન્જી. | ૮૦ | શ્રીજી સેલ્સ એજન્સી |
| ૪૩ | ફાર્મા પ્લાસ્ટીક પ્રા. લી. | ૮૧ | પૂર્વી એન્ટરપ્રાઇઝ |
| ૪૪ | એપીટેક મેટલ | ૮૨ | આકાર કન્સ્ટ્રક્શન |
| ૪૫ | ઇનોવેટીવ પોલીપ્લાસ્ટ | ૮૩ | જી. સી. શાહ એન્ડ કું. |
| ૪૬ | અરિહંત કોરૂગેટેડ | ૮૪ | રીલાયન્સ એજન્સી |
| ૪૭ | સ્કવેરડીલ એન્જી. | ૮૫ | જ્યુપીટર ઇન્ટરનેશનલ |
| ૪૮ | એરોમેકો ઇન્ડિયા | ૮૬ | સ્વીચ ગીયર્સ ઇન્ડીયા |
| ૪૯ | વડોદરા ડી.કો.ઓ. સુગરકેન ગ્રોઅર્સ યુનિયન લી. | ૮૭ | ફુજીકોન બરોડા પ્રા. લી. |
| ૫૦ | હલ્દીન ગ્લાસ લી. | ૮૮ | સુજાતા કેમીકલ |
| ૫૧ | બી. એસ. કોર્પો. | ૮૯ | આર્ટશન એન્જી. |
| ૫૨ | મહાકાળી સિમેન્ટ વર્કસ | ૯૦ | યુનીટોપ એન્જી. પ્રા. લી. |
| ૫૩ | બદરીનાથ પ્લાસ્ટોપેક પ્રા. લી. | ૯૧ | ઓ.એન.જી.સી. |
| ૫૪ | સદભાવ ક્વોરી વર્કસ પ્રા. લી. | ૯૨ | જ્યોતિ વિનાયલ |
| ૫૫ | સુપર પ્લાસ્ટ કન્ટેનર્સ | ૯૩ | શ્યામ ઇન્ડસ્ટ્રીઝ |
| ૫૬ | ૨૦-માઇક્રોન્સ | ૯૪ | હરીશ એક્સ્ટ્રુઝન |
| ૫૭ | મારુતિ કેમીકલ ઇન્ડ. | ૯૫ | બંડી ઇન્ડિયા |
| ૫૮ | સુપરસ્ટાર વેલ્ડીંગ પ્રા. લી. | ૯૬ | નિખિલ એન્જી. |
| ૫૯ | ડાયમંડ કેબલ્સ | ૯૭ | વિનલ ઇન્ડસ્ટ્રીઝ |
| ૬૦ | મયુર ડાયકેમ ઇન્ટરમીડીયેટસ લી. | ૯૮ | દ્વારકાદાસ વેલજીભાઇ |
| ૬૧ | શ્રીજી બેરલ્સ | ૯૯ | વાયકોમ |
| ૬૨ | બેઝ મેટલ કેમીકલ લી. | ૧૦૦ | સુસવુડ પેકર્સ પ્રા. લી. |
| ૧૦૧ | સોના પ્લાસ્ટીક | ૧૧૧ | આરતી પાઇપ્સ |
| ૧૦૨ | સુશીલ કાસ્ટીઝ | ૧૧૨ | કીકેન્સ પેટ્રોકેમીકલ્સ |
| ૧૦૩ | મારુતિ ઇન્ડસ્ટ્રીઝ | ૧૧૩ | વેલ માઇક્રોન્સ પ્રા. લી. |

| | | | |
|---|---|---|---|
| ૧૦૪ | ટેક્નોવેગ સીસ્ટમ પ્રા. લી. | ૧૧૪ | ચિશ્તીયા ગેસ સર્વીસ |
| ૧૦૫ | મેંગલોર રીફાઇનરી એન્ડ પેટ્રોકેમીકલ લી. | ૧૧૫ | પ્રસાદ લેમીનેટસ |
| ૧૦૬ | પુજા ઇન્ડસ્ટ્રીઝ | ૧૧૬ | ગુજરાત વોટરપ્રુફ પ્રા. લી. |
| ૧૦૭ | યશ પોલીમર્શ | ૧૧૭ | પટેલ ઓઇલ એન્ડ સીમેન્ટ વર્કસ |
| ૧૦૮ | ઓનેસ્ટ પેકેજીંગ પ્રા. લી. | ૧૧૮ | શિવમ સ્પન પાઇપ વર્કસ |
| ૧૦૯ | શ્રીનાથ ખાંડસરી ઉદ્યોગ | ૧૧૯ | ડોલ્ફીન એમ્યુઝમેન્ટ ઇન્ડ. |
| ૧૧૦ | જય ખાંડસરી એન્ડ એલાઇડ પ્રોડક્ટસ લી. | | |

--------------

## ખેડા જિલ્લામાં વેચાણવેરાની બાકી વસુલાત

અતારાંક્તિ : ૪૧૩૯ (૧૫-૨-૦૬) : **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ના નાણાંકીય વર્ષ દરમ્યાનની ખેડા જિલ્લામાં વેચાણવેરાની કુલ કેટલી રક્મ વસુલ કરવાની બાકી છે,

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં કેટલી વેચાણવેરાની રક્મ વસુલ કરવામાં આવી,

(૩) ત્રણ લાખથી વધુ રક્મ અને બે વર્ષ જુની કઇ પાર્ટી પાસેથી વસુલ કરવાની બાકી છે, અને

(૪) બાકી રહેતી વેચાણવેરાની રક્મ વસુલ કરવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (નાણા) (૧૪-૩-૦૬) :

(૧) સને ૨૦૦૩-૦૪ની રૂ. ૯.૬૨ ક્રોડ અને ૨૦૦૪-૦૫ની રૂ. ૯૭.૨૦ ક્રોડ.

(૨) રૂ. ૭.૫૩ ક્રોડ.

(૩) પત્રક મુજબ.

(૪) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસુલ કાયદા હેઠળ પગલાં લેવામાં આવ્યા છે.

**પત્રક**

| ક્રમ | એકમનું નામ |
|---|---|
| ૧ | ગીરીરાજ એગ્રો ઓઇલ એન્ડ ઇન્ડ. |
| ૨ | જી. ઇ. લાઇટીંગ લી. |
| ૩ | હિંદુસ્તાન કોકાકોલા બેવરેજીસ પ્રા. લી. |
| ૪ | મારૂતી ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ |
| ૫ | લાબેકા ઇન્ડસ્ટ્રીઝ |

----------------

## પાટણ જિલ્લામાં વેચાણવેરાની બાકી વસુલાત

અતારાંક્તિ : ૪૧૪૦ (૧૫-૨-૦૬) : **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે

(૧) સને ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ના નાણાંકીય વર્ષ દરમ્યાનની પાટણ જિલ્લામાં વેચાણવેરાની કુલ કેટલી રક્મ વસુલ કરવાની બાકી છે,

એચબી-૧૨-૬

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં કેટલી વેચાણવેરાની રક્મ વસુલ કરવામાં આવી,

(૩) ત્રણ લાખથી વધુ રક્મ અને બે વર્ષ જુની કઇ પાર્ટી પાસેથી વસુલ કરવાની બાકી છે, અને

(૪) બાકી રહેતી વેચાણવેરાની રક્મ વસુલ કરવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (નાણા) (૧૪-૩-૦૬) :

(૧) સને ૨૦૦૩-૦૪ની રૂ. ૧.૩૦ ક્રોડ અને ૨૦૦૪-૦૫ની રૂ. ૧.૨૨ ક્રોડ.

(૨) રૂ. ૧.૪૯ ક્રોડ.

(૩) પત્રક મુજબ.

(૪) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસુલ કાયદા હેઠળ પગલાં લેવામાં આવ્યા છે.

**પત્રક**

| ક્રમ | એકમનું નામ |
|---|---|
| ૧ | પેટ પાર્થ પ્રા. લી. |
| ૨ | શ્રી હારીજ સમી સહકારી જીનીંગ સ્પીનીંગ લી. |
| ૩ | રાજશ્રી સેલ કોર્પોરેશન |
| ૪ | અલકા ટ્રેડર્સ |
| ૫ | રાજેન્દ્ર ટ્રેડીંગ કું. હારીજ |
| ૬ | રાજેન્દ્ર ટ્રેડીંગ કું. પાટણ |
| ૭ | મયુર ટ્રેડીંગ કું. |
| ૮ | ગોકુલ રીફાઇલ્સ એન્ડ સોલવન્ટ |

----------------

## ઉદ્યોગગૃહોનો બાકી વેચાણવેરો

અતારાંક્તિ : ૪૩૦૭ (૧૫-૨-૦૬) **શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ(ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યમાં જુદા જુદા ઉદ્યોગગૃહો પાસે વેચાણવેરાની કેટલી રકમ બાકી છે,

(૨) આમાં વિલંબિત કરચૂકવણીની બાકી રકમ ક્યા ક્યા ઉદ્યોગગૃહો પાસે કેટલી બાકી છે, અને

(૩) આ વેચાણવેરાની વસુલાત તા. ૩૧-૩-૦૬ સુધીમાં કરવા માટે સરકાર શાં પગલાં ભરવા માંગે છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (નાણા) (૧૪-૩-૦૬) :

(૧) રૂા. ૩૬૮૫.૪૯ કરોડ.

(૨)

| ક્રમ | ઉદ્યોગગૃહનું નામ | વિલંબીત કર ચૂકવણીની બાકી રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ડાયમંડ કેબલ્સ | ૭.૪૩ |
| ૨ | અલ્ટ્રાટેક સીમેન્ટ લી. | ૬૭.૪૬ |
| ૩ | ગુજરાત અંબુજા સીમેન્ટ લી. | ૧.૬૫ |
| ૪ | ગજ અંબુજા સીમેન્ટ લી. | ૯.૫૭ |
| ૫ | સોરાષ્ટ્ર સીમેન્ટ લી. | ૦.૮૮ |
| ૬ | ગુજરાત હિમાલયા સીમેન્ટ | ૦.૪૦ |
| ૭ | મરડીયા કેમીક્લ્સ | ૦.૬૨ |
| ૮ | ટાટા કેમીક્લ્સ | ૫.૧૯ |
| | કુલ : | ૯૩.૨૦ |

(૩) આ બાકી રકમ પેકી મોટા ભાગની રકમ મનાઇહુકમ અને વિલંબીત કર ચૂકવણીમાં સંડાવાયેલી છે. કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

---------------

## રાજ્યમાં જિલ્લાવાર કેરોસીનની ફાળવણી

અતારાંક્તિ : ૪૩૧૭ (૨૩-૨-૦૬) : **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

(૧) જાન્યુઆરી-૦૬ દરમિયાન રાજ્યમાં જિલ્લાવાર કેટલા જથ્થાની કેરોસીનની ફાળવણી કરવામાં આવી,

(૨) મહેસાણા જિલ્લામાં ફેરીયાઓને ફાળવવામાં આવતા જથ્થામાં કાપ મુકવાના કારણો શું છે, અને

(૩) કેરોસીનનો ગેરકાયદેસર વેપાર અને વપરાશ કરતા કેટલા ઇસમો સામે પગલાં ભરવામાં આવ્યા ?

**અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૮-૩-૦૬) :

(૧) પત્રક-૧ મુજબ.

(૨) મહેસાણા જિલ્લામાં ફેરીયાઓને ફાળવવામાં આવતા જથ્થામાં કાપ મુક્વાના કારણો નીચે પ્રમાણે છે.

(અ) રાજ્યની કેરોસીનની જરૂરીયાત સામે કેન્દ્ર સરકાર તરફથી કેરોસીનની ફાળવણી ઓછી થવાના કારણે.

(બ) સબસીડીડાઈજ કેરોસીનનું વિતરણ હાલમાં સરકાર માન્ય વાજબી ભાવની દુકાન, છુટક વિક્રેતા તથા ફેરીયા દ્વારા ગેસ વગરના કાર્ડ ધારકોને કરવામાં આવે છે. તેથી પરવાનેદારની સંખ્યાના પ્રમાણમાં કેરોસીનનો જથ્થો મર્યાદીત હોવાને કારણે.

(ક) સરકાર માન્ય વાજબી ભાવની દુકાનોએથી સબંધિત પાત્ર કાર્ડધારકો રાહત દરના ઘઉં, ચોખા કે ખાંડ જેવી ચીજવસ્તુઓની સાથે કેરોસીન પણ મેળવી શકે છે. જ્યારે ફેરીયાઓ કેરોસીનના વિતરણકાર્યમાં નિયમિતતા જાળવી શક્તા નથી અને તેથી કાર્ડ ધારકોને મુશ્કેલીઓ પડે છે. અને વધુ પ્રમાણમાં ફરીયાદો થતી હોય છે અને ફેરીયાઓ દ્વારા ઘણી ગેરરીતિ થવાનો અવકાશ રહે છે.

(૩) માહે જાન્યુઆરી-૨૦૦૬ માસમાં રાજ્યમાં ૨ (બે) ઈસમો સામે પોલીસ કેસ દાખલ કરવામાં આવેલ છે.

---------------

**પત્રક-૧**

માહે જાન્યુઆરી-૨૦૦૬ની જિલ્લાવાર કેરોસીનની ફાળવણી

(આંકડા કિ.લી.માં)

| અ.નં. | જિલ્લાનું નામ | જા. વિ.યો. કેરોસીનની ફાળવણી | ફીશરીઝ ફાળવણી | કુલ કરેલ ફાળવણી |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૬૭૩૦ | - | ૬૭૩૦ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૩૫૯૯ | - | ૩૫૯૯ |
| ૩ | અમરેલી | ૨૬૬૩ | ૭ | ૨૬૭૦ |
| ૪ | આણંદ | ૨૩૨૭ | - | ૨૩૨૭ |
| ૫ | બનાસકાંઠા | ૩૮૨૫ | - | ૩૮૨૫ |
| ૬ | ભાવનગર | ૪૦૮૨ | - | ૪૦૮૨ |
| ૭ | ભરૂચ | ૧૮૫૪ | - | ૧૮૫૪ |
| ૮ | દાહોદ | ૧૬૬૨ | - | ૧૬૬૨ |
| ૯ | ડાંગ | ૩૧૩ | - | ૩૧૩ |
| ૧૦ | ગાંધીનગર | ૧૬૬૧ | - | ૧૬૬૧ |
| ૧૧ | જામનગર | ૩૩૦૮ | ૨૮૫ | ૩૫૯૩ |
| ૧૨ | જુનાગઢ | ૪૦૩૩ | ૫૭૫ | ૪૬૦૮ |
| ૧૩ | ખેડા | ૨૯૦૬ | - | ૨૯૦૬ |
| ૧૪ | કચ્છ | ૨૭૦૮ | ૭ | ૨૭૧૫ |
| ૧૫ | મહેસાણા | ૨૪૮૭ | - | ૨૪૮૭ |
| ૧૬ | નવસારી | ૧૬૮૭ | - | ૧૬૮૭ |
| ૧૭ | નર્મદા | ૭૧૪ | - | ૭૧૪ |
| ૧૮ | પંચમહાલ | ૨૭૧૫ | - | ૨૭૧૫ |
| ૧૯ | પાટણ | ૧૯૬૩ | - | ૧૯૬૩ |
| ૨૦ | પોરબંદર | ૯૩૬ | ૩૨૬ | ૧૨૬૨ |
| ૨૧ | રાજકોટ | ૬૦૩૧ | - | ૬૦૩૧ |
| ૨૨ | સાબરકાંઠા | ૩૩૮૩ | - | ૩૩૮૩ |
| ૨૩ | સુરત | ૬૪૪૩ | - | ૬૪૪૩ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૨૮૪૧ | - | ૨૮૪૧ |
| ૨૫ | વડોદરા | ૫૭૭૩ | - | ૫૭૭૩ |
| ૨૬ | વલસાડ | ૧૮૦૦ | - | ૧૮૦૦ |
| | **કુલ..** | **૭૮૪૪૪** | **૧૨૦૦** | **૭૯૬૪૪** |

---------------

## પાટણ જિલ્લામાં પોલીસ ખાતાનું મહેકમ

અતારાંક્તિ : ૪૧૨૩ (૧૫-૨-૦૬) **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

